# પરમાત્મ વૈભવ

ભાગ ૭

પરમાત્મપ્રકાશ પ્રવચનો



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૭)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૮૦

વીર સંવત ૨૫૫૦

ઈ. સન ૨૦૨૪

પ્રકાશન
શ્રી આદિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, સોનગઢ, તા. ૨૫-૧-૨૦૨૪

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

ૐ
સહજ ચિદાનંદ.

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મપ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મપ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવક્ષાથી આત્મા-બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મપ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત

જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ

શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ

અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૮૧ | ૨૭–૦૭–૧૯૬૫ | ગાથા–૧૬૨ | ૦૦૧ |
| ૧૮૨ | ૨૯–૦૭–૧૯૬૫ | ગાથા–૧૬૩–૧૬૪ | ૦૧૮ |
| ૧૮૩ | ૩૦–૦૭–૧૯૬૫ | ગાથા–૧૬૪–૧૬૫ | ૦૩૪ |
| ૧૮૪ | ૩૧–૦૭–૧૯૬૫ | ગાથા–૧૬૬–૧૬૭ | ૦૫૨ |
| ૧૮૫ | ૦૧–૦૮–૧૯૬૫ | ગાથા–૧૬૬ થી ૧૬૯ | ૦૬૭ |
| ૧૮૬ | ૦૨–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૦ | ૦૮૨ |
| ૧૮૭ | ૦૩–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૧–૧૭૨ | ૦૯૫ |
| ૧૮૮ | ૦૫–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૨ | ૧૧૦ |
| ૧૮૯ | ૦૬–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૩–૧૭૪ | ૧૨૬ |
| ૧૯૧ | ૦૮–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૫ | ૧૪૩ |
| ૧૯૨ | ૦૯–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૫–૧૭૬ | ૧૬૦ |
| ૧૯૩ | ૧૦–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૭ થી ૧૮૧ | ૧૭૬ |
| ૧૯૪ | ૧૨–૦૮–૧૯૬૫ | ગાથા–૧૭૮ થી ૧૮૨ | ૧૯૨ |
| ૧૯૫ | ૧૩–૦૮–૧૯૬૫ | ગાથા–૧૮૩–૧૮૪ | ૨૦૯ |
| ૧૯૬ | ૧૪–૦૮–૧૯૬૫ | ગાથા–૧૮૪ થી ૧૮૬ | ૨૨૫ |
| ૧૯૭ | ૧૫–૦૮–૧૯૬૫ | ગાથા–૧૮૭ | ૨૪૨ |
| ૧૯૮ | ૧૬–૦૮–૧૯૬૫ | ગાથા–૧૮૮ | ૨૫૪ |
| ૧૯૯ | ૧૭–૦૮–૧૯૬૫ | ગાથા–૧૮૮ | ૨૬૯ |
| ૨૦૦ | ૧૮–૦૮–૧૯૬૫ | ગાથા–૧૮૯ | ૨૮૬ |
| ૨૦૧ | ૧૯–૦૮–૧૯૬૫ | ગાથા–૧૯૦ | ૩૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૨ | ૨૦–૦૮–૧૯૬૫ | ગાથા–૧૯૧ | ૩૧૮ |
| ૨૦૩ | ૦૧–૦૯–૧૯૬૫ | ગાથા–૧૯૩–૧૯૪ | ૩૩૪ |
| ૨૦૪ | ૦૨–૦૯–૧૯૬૫ | ગાથા–૧૯૪–૧૯૫ | ૩૫૦ |
| ૨૦૫ | ૦૩–૦૯–૧૯૬૫ | ગાથા–૧૯૬ | ૩૬૫ |
| ૨૦૬ | ૦૪–૦૯–૧૯૬૫ | ગાથા–૧૯૬–૧૯૭ | ૩૮૨ |
| ૨૦૭ | ૦૫–૦૯–૧૯૬૫ | ગાથા–૧૯૮–૧૯૯ | ૩૯૮ |
| ૨૦૮ | ૦૭–૦૯–૧૯૬૫ | ગાથા–૧૯૯ થી ૨૦૧ | ૪૧૩ |
| ૨૦૯ | ૦૮–૦૯–૧૯૬૫ | ગાથા–૨૦૧ | ૪૩૦ |
| ૨૧૦ | ૦૯–૦૯–૧૯૬૫ | ગાથા–૨૦૧–૨૦૨ | ૪૪૮ |
| ૨૧૧ | ૧૧–૦૯–૧૯૬૫ | ગાથા–૨૦૨ થી ૨૦૪ | ૪૬૩ |
| ૨૧૨ | ૧૨–૦૯–૧૯૬૫ | ગાથા–૨૦૫ થી ૨૦૭ | ૪૭૭ |
| ૨૧૩ | ૧૩–૦૯–૧૯૬૫ | ગાથા–૨૦૮–૨૦૯ | ૪૯૧ |
| ૨૧૪ | ૧૪–૦૯–૧૯૬૫ | ગાથા–૨૧૦–૨૧૧ | ૫૦૬ |
| ૨૧૫ | ૧૫–૦૯–૧૯૬૫ | ગાથા–૨૧૨–૨૧૩ | ૫૨૨ |
| ૨૧૬ | ૧૬–૦૯–૧૯૬૫ | ગાથા–૨૧૪ | ૫૩૬ |

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

**(ભાગ-૭)**

**(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)**

**અષાઢ વદ ૧૪, મંગળવાર, તા. ૨૭-૦૭-૧૯૬૫**
**ગાથા-૧૬૨, પ્રવચન-૧૮૧**

૧૬૨ ગાથા, પરમાત્મપ્રકાશ. શિષ્યે ૧૬૧માં પ્રશ્ન કર્યો હતો. મહારાજ! બીજી બધી વાત મૂકીને મને તો મોહનો નાશ થાય એવો ઉપદેશ આપો. પરમાત્મા પોતે આત્માનું સ્વરૂપ છે એ પરમાત્મા પ્રગટ થઈ જાય અને મોહનો નાશ થાય એવો ટૂંકામાં સાર ઉપદેશ આપો એમ કહ્યું. એનો ઉત્તર અહીંયાં ૧૬૨માં આપે છે.

૨૯૩) णास-विणिग्गउ सासडा अंबरि जेत्थु विलाइ।
तुट्टइ मोहु तडत्ति तहिँ मणु अत्थवणहँ जाइ।।१६२।।

એ જરી અન્યમતમાં જે શબ્દ છેને, એ શૈલીથી વાત કરી છે.

**'નાકસે નિકલા જો શ્વાસ વહ જિસ નિર્વિકલ્પસમાધિમેં મિલ જાવે,...'** એટલે શું? કે આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાત્મ શુદ્ધ સ્વરૂપ છે, એની અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ શાંતિ એટલે મોહ—દર્શનમોહ પણ નહિ અને ચારિત્રમોહના વિકલ્પ પણ નહિ. નિર્વિકલ્પ આત્માના સ્વભાવની સમીપમાં રાગરહિત શાંતિની સમાધિ એને અહીંયાં અંબર નામ આકાશ કહેવામાં આવ્યું છે. આકાશ એટલે ઓલું આકાશ નહિ, આત્માની પર્યાય-

નિર્વિકલ્પ પર્યાય—નિર્વિકલ્પ સમાધિ. ભગવાન આત્મા તો નિર્વિકલ્પસ્વરૂપ જ શુદ્ધ ચૈતન્ય છે. પરમાત્મા જ છે વસ્તુ-દ્રવ્ય સ્વભાવે. એને પુણ્ય-પાપ અને મિથ્યા પરિણામરહિત સ્વરૂપની અંતર દૃષ્ટિએ ચૈતન્ય અરીસાને અંતર જોવો, એમાં લીન થવું, એને અહીંયાં નિર્વિકલ્પ શાંતિ અથવા સમાધિ કહેવામાં આવે છે. એને અહીંયાં અંબર શબ્દે નિર્વિકલ્પ સમાધિ વર્ણવી છે. સમાધિ આ અન્યમતિ કરે એની વાત નથી હોં!

મુમુક્ષુ :- જૈનમતિ કરે એની વાત છે.

ઉત્તર :- આ તો વસ્તુના સ્વરૂપની. જૈનમતિ વળી શું? શેઠી! આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત તે સમાધિ. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદ, પણ એની વાત... એવો મોટો આત્મા પરમાત્મા જ સાક્ષાત્ દ્રવ્ય સ્વરૂપે છે. એ વાત એને અનંતકાળમાં રુચિમાં, વિશ્વાસમાં આવી નથી. એકલું શક્તિનું સત્ત્વ, જ્ઞાન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર, સ્વચ્છતા, પ્રભુતા આદિ શક્તિઓનું સત્ તે સત્ત્વ. સત્ દ્રવ્ય તે આખું એનું સત્ત્વ. સમજાણું કાંઈ? એ ભગવાન દ્રવ્ય સ્વરૂપે તો પૂર્ણ પરમાત્મા જ છે. બાબુલાલજી! આહા..હા..! આમ જેમ એક અરીસો હોય અરીસો સ્વચ્છ અને એમાં આમ નજર માંડતા જાણે કે અરીસામાં શું દેખાશે? એમ ભગવાન આત્મા એકલો ચૈતન્યસ્વભાવ અરીસો છે. આ વાત એને હજી લક્ષમાં લઈને રુચિ કરીને... અહીં તો ઉત્કૃષ્ટ વાત કહે છેને. શુદ્ધ ઉપયોગની વાત કહેવા માગે છે.

મુમુક્ષુ :- જંતર મંતર કરીને...

ઉત્તર :- જંતર-મંતર આ છે જંતર-મંતર. જંતર-મંતર બીજું કોઈ નીકળે એવું નથી.

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ એટલે ચારિત્ર, શ્રદ્ધા પૂર્ણ શ્રદ્ધા હોં ગુણ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા આદિ કર્તા, કર્મ, કરણ આદિ શુદ્ધ, શુદ્ધ શક્તિનું એકલું સત્ત્વ છે. એમાં એકાગ્ર થાય એટલે શક્તિમાંથી પ્રગટ થાય એવી દશાને પરમાત્મા કહે છે. વસ્તુ તો પરમાત્મા જ છે, પણ પર્યાયમાં—અવસ્થામાં પરમાત્મા પ્રગટ કરવો એ કેમ થાય એની વાત ચાલે છે.

મુમુક્ષુ :- દખલ શું છે?

ઉત્તર :- આ દખલ. એનું માહાત્મ્ય એને નથી આવતું. દખલ કાંઈ નથી. દખલ શું દખલ હોય? જેમ એક નવી ચીજ આવે અને આમ બરાબર નજર ટગટગે જોવે છે કે નહિ? કોઈ દાગીનો હોય તો આમ જોવે કે ઓહો..હો..! કેવી આ તો ભારે ભાઈ! આમ છે... આમ છે... ચારે કોર ફેરવે. એક કેરી હોય સુગંધી તો આમ એનો આકાર ને એની સુંગધ ને એનું આમ, એનો રસ અને એની ચામડી, ચામડી એટલે છાલ. એમ એનું માહાત્મ્ય છે, (પણ) આ ભગવાન એક સમયમાં પૂર્ણ આનંદનું એને માહાત્મ્ય નથી. માહાત્મ્ય લૂંટાઈ ગયું છે, પુણ્ય-

પાપ ને નિમિત્તે લૂંટી લીધું છે. લૂટ્યું એટલે પોતે ત્યાં લૂંટાઈ ગયો છે.

અહીં તો એવી શુદ્ધ ઉપયોગની વાત કરશે. શિષ્યે પૂછ્યું છે કે મહારાજ! હવે ઝટ એવી વાત કહો કે અમને મોહ તૂટીને એકલો આત્મા પ્રાપ્ત થાય. આખિરની ગાથા છેને. તો કહે છે કે ભાઈ! એ શ્વાસ ચાલે છે એ તું નિર્વિકલ્પ સમાધિ શુદ્ધ... આમ તો લોગસ્સમાં એ શબ્દ નથી આવતો? લોગસ્સમાં એ આવે છે 'સમાહિવર મુત્તમ દિંતુ.' આ લોકો શ્વેતાંબરમાં તો બહુ સામાયિકમાં એ પાઠ આવે. આપણામાં પણ આવે છે, સામાયિકમાં પાઠ આવે છે. સામાયિક છેને એ પુસ્તક. એમાં આ લોગસ્સનો પાઠ આવે છે. શેઠી! ખબર છે? એ રિવાજ છે એનો. આ લોકોમાં સામાયિક રિવાજ પાઠ છેને. આપણે અહીં છે. પાઠ છપાયેલો છે. છે? જુઓને. એ પુસ્તક ક્યાં છે? પડિક્કમણાનું પુસ્તક છે. સામાયિક. છપાયેલું છે આપણા દિગંબર તરફથી હોં. થોડા શબ્દો ફેર છે. પણ આ શબ્દ એમાં છે. કારણ કે આ તો શ્વેતાંબરમાં એ આવે છે. લોગસ્સ આવે છેને? ચોવીસ તીર્થંકરની સ્તુતિ. એની અંદર એ આવે છે કે લોગસ્સ ઉજ્જોયગરે.. -લોકના ઉદ્યોતના કરનાર. એમાં આવે છે કે સમાહિવર મુત્તમ દિંત્તુ. સમાધિવર. હે પ્રભુ! અમને સમાધિનું ફળ આપો. ઉત્તમ સમાધિ આપો. અમારે બીજું કાંઈ જોઈતું નથી. એવું લોગસ્સમાં આવે છે આ લોકો સ્થાનકવાસીમાં. શ્વેતાંબરમાં પણ આવે છે. આવે છે? અર્થની ખબર નહિ હોય.

મુમુક્ષુ :- લોગસ્સ બોલી જવાનો.

ઉત્તર :- બોલી જવું બસ એટલું. અર્થની ખબર નહિ. એ જૂના માણસ છે.

મુમુક્ષુ :- મહારાજ સાહેબ માટે કાંઈક બાકી રાખવાનુંને.

ઉત્તર :- બાકી, આત્મા માટે શું બાકી રાખે? છેને જુઓ. પ્રતિક્રમણ ગ્રંથ છેને? ગૌતમચંદ કોઠારી છે. એમાં ક્યાંક છે. પાછું કાઢે ત્યારે થાશેને. લોગસ્સમાં હોં. ચિહ્ન કર્યા હશે બધે. વાંચેલું તો બધું હોય. લોગસ્સમાં ક્યાંક ચિહ્ન કર્યા છે જુઓને ક્યાંક. ... એ બધું એમાં છે. આપણે ગૌતમચંદ કોણ છે, કોક મોતીચંદ દિગંબર છે. એમના તરફથી છપાયેલું છે. એ થોડા શબ્દ ફેર છે, બાકી લોગસ્સમાં છે. બધું છે અંદર. ૩૩ બોલ છે. એક બોલથી ૩૩ બોલ સુધી અમુક બોલ છે. જોયું હતું એક ફેરી. કીધું આમાં શું છે. આપણા દિગંબર તરફથી પુસ્તક છપાણું છે.

કહે છે,... એમાં એવું આવે છે ભગવાન તીર્થંકરની સ્તુતિમાં. સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન છ આવશ્યક આવે છેને, છ આવશ્યક આતે હૈ. એમાં બીજું આવશ્યક ચોવિસંથો. ચોવીસ તીર્થંકરનું સ્તવન. એમાં એ આવે છે. એમાં છે, એમાં શબ્દ નીકળશે. ચોવિસંથો છે ક્યાંક જુઓ. સમાહિવર મુત્તમ દિંત્તુ એવા શબ્દ પડ્યા હશે અંદર. એ લાલ ચિહ્ન પણ કર્યું હશે. બીજામાં હશે ક્યાંક. ઘણે ઠેકાણે આવે છે. ચોવીસ તીર્થંકરની સ્તુતિ જુઓ.

એ સામાયિક. સામાયિકનો પાઠ છે હોં. કોના તરફથી છપાણું છે? એ પહેલું આ જ છપાણું છે. આ તો કોણે છાપ્યું એ જોવાનું છે. દશ ભક્તિ. બધા શબ્દો છે આમાં. જુઓ! આ ચોવીસ તીર્થંકરનું આવ્યું. એ શબ્દ જ છે હોં આમાં. 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા, ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. કિત્તિયવંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા.' શબ્દ આટલો ફેર. ઓલામાં 'આરોગબોહિલાભં' શબ્દ છે શ્વેતાંબરમાં. અહીં ... પાંચમી ગાથા, સાતમી ગાથા છે. સમાહિ. જુઓ, સમાધિ શબ્દ પડ્યો છે. દિંત્તુસમાહિ. એમાં એવું આવે છે, સમાહિવર મુત્તમ દિંતુ. મને સમાધિ આપો. શ્વેતાંબરમાં એવો શબ્દ આવે છે. આમાં આ શબ્દ આવ્યો. 'આરોગ્ગ ણાણં લાહં દિંત્તુ સમાહિત્મેવ'. હે ભગવાન! ચોવીસ તીર્થંકરની સ્તુતિ છે. આરોગ્ગ-આ જ્ઞાનની આરોગ્યતા હોં. શરીરની આરોગ્યતાની વાત નથી. જ્ઞાનની આરોગ્યતા એમાં કોઈપણ રોગ ન રહે અને મને દિંતુ સમાહિ—મને સમાધિ આપો. 'વંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા.' એ બધા સિદ્ધ ભગવાનોને હું... એ તો વાંચ્યુંને. ઓલામાં પણ હશે સમાહિ. ક્યાંક ચોવિસંથો હશેને એમાં હશે. શબ્દ છે. એ વાંચેલુંને એક ફેરી. એક ફેરી ખ્યાલ રહી ગયો હોય અને ત્યાં લખી લીધું હોય. વારંવાર ક્યાં વંચાય? છેલ્લી લીટી છેને સાતમી? એ. સમાધિ. હા એ છે. અહીં તો સમાધિ તે પણ સળંગ રહેજો. દર્શન-જ્ઞાન-ચારિત્ર ઠેઠ પ્રાપ્તિ થાય તેમ રહેજો. એવો પાઠ છે. પણ આ લોકોને બહુ પરિચયમાં નથી. આ લોકોને સામાયિક બહુ પાઠ શ્વેતાંબરમાં પરિચય બહુ. સામાયિકનો પાઠ, પડિક્કમણાનો પાઠ બહુ પરિચય. અને આ લોકો સવાર-સાંજ સામાયિક કરવાનું કહેને. અમિતગતિ આચાર્યનું કરતા હોય.

આપણે તો અહીં સમાધિ શબ્દ કાઢવો હતો એટલો. બસ, એ. ઓલામાં શ્લોકમાં એ આવે છે .. પણ આ તો સામાયિકના... અહીંયાં તો ખાસ ચોવિસંથામાં આવ્યું. ભગવાનની સ્તુતિ કરતા (કહે છે) કે હે પરમાત્મા! આ તો નિમિત્તથી કહે. ક્યાં પરમાત્મા દ્યે છે? પણ મારે તો જ્ઞાન, નિરોગ, સમ્યગ્દર્શન અને સમાધિ અને બોધિ એ મારે (જોઈએ). સમાધિ એટલે ઓલા અન્યમતિ બાવા કહે એવી સમાધિ નહિ. અહીં જુઓ આવ્યું અહીંયાં. નિર્વિકલ્પ સમાધિ એ ટીકામાં ખુલાસો આવશે.

એ '**મિલ જાવે,...**' ભગવાન આત્મા પોતાનું જેવું સ્વરૂપ છે એવું હોં. આમ અન્યમતિ જે કહે છે થોથા એ વાત અહીં નથી. એ કહેશે નીચે. પાતંજલિમાં યોગ સાધે છેને? ખોટી ધારણા. એ કહેશે અહીં અંદરમાં. એમાં એ નથી. વસ્તુસ્વરૂપ શું છે? એવો આત્મા પહેલો જાણી અને એ આત્માની દૃષ્ટિ કરીને એને ધ્યેયમાં લઈને ઠરવું એનું નામ સમાધિ નિર્વિકલ્પ કહેવામાં આવે છે. અથવા એને શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. એ નિર્વિકલ્પ સમાધિ કહો

કે શુદ્ધ ઉપયોગ કહો. શેઠી! એ દ્રવ્યસંગ્રહમાં ભાઈ! આવે છેને નામ પાછળ? ઘણાં નામ આવે છે. શુદ્ધ ઉપયોગ કહો, નિર્વિકલ્પ સમાધિ કહો, મોક્ષમાર્ગ કહો. એ બધા નામ આવે છે કેટલાય. ૬૫ નામ એવા આવે છે. દ્રવ્યસંગ્રહ. લાવો એ પુસ્તક. એમાં ક્યાંક છે. નીકળ્યું? 'લોગસ્સ ઉજ્જોયગરે..' શબ્દ છે. એમાં છેને એ? 'ધમ્મતિત્થયરે જિણે, અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. ઉસભમજિઅં ચ વંદે...' ઈ શબ્દ છે. છેને? આ જુઓ. 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા'. પ્રક્ષીણ કર્યા છે જરા-મરણ જેણે. 'વિહુયરયમલા.' વિહુય નામ વિધુઈ-વિશેષે ટાળ્યા છે રજ. આઠ કર્મના રજકણો અને મળ એટલે વિકારી પરિણામ બેય. ભાવકર્મ અને દ્રવ્યકર્મ, એમ. આ બધા શબ્દાર્થ છે એના. વિહુયરયમલા.

આ સમજ્યા વિના કેટલીક વાર ઓલા દશા-વિસાને તકરાર થઈ હતી ભાઈ. દશાશ્રીમાળી અને વિસાશ્રીમાળી. પછી ઓલા દશાશ્રીમાળી કહે, એમાં આ શબ્દ બોલ્યા કે વિસા રોઈ મળ્યા. વિસાની નાત નથી થાતી? નાત સમજે? ક્યા કહતે હૈ? જ્ઞાતિ. તો દશા અને વિસાની દોકી તકરાર થી. તો ઓલો દશાશ્રીમાળી આ બોલે, વિહુયરયમળા. વિસા રોઈ મળ્યા. પણ આ લોગસ્સમાં આ વિસા રોઈ મળ્યા ક્યાંથી આવ્યું? શેઠી! અહીં તો વિહુય રયમલા. વિધુઈ-વિશેષે ધુઈ ટાળ્યા છે રજ નામ આઠ કર્મની ધૂળ અને મળ નામ વિકારી પરિણામ. બેય. ભાવકર્મ અને દ્રવ્યકર્મ. રજને દ્રવ્ય કર્મ લીધું, મળને ભાવકર્મ. એ ઘણી વાર અર્થ થઈ ગયા છે. અમારે સંપ્રદાયમાં મેં તો એ અર્થ કર્યા હતા. લોકોમાં કર્યા હતા સંપ્રદાયમાં હોં! કે ભાઈ આ વાત છે. પણ કોણ એને કાંઈ દરકાર ન હોય લોકોને. લ્યો, આરુગ્ગ લીધું છેને? 'આરોગણાણ લાહં દિંતુ સમાહિં ચ બોહિ'. 'આ લોકકે વિષે ઉત્તમ પ્રસિદ્ધિમેં...' ... 'જ્ઞાનકા લાભ સમાધિ રત્નત્રયકી પ્રાપ્તિ દ્યો.' એ સમાધિ છે. એ સમાધિ આ અન્યમતિની સમાધિની વાત નથી.

આ તો વસ્તુ સ્વરૂપ એકલો શાંતરસનું ઢીમ-ઢીમ પડ્યું છે આમ. ઢીમ સમજે? ઢીમ ક્યા કહતે હૈ? ઢેલા. એ શરીર પ્રમાણે એકલો અનંત ગુણનો શાંતરસ, એકલો આનંદરસ. શાંતરસ એ ચારિત્ર, આનંદરસ એ સુખ. એવા અનંતગુણનો એકલો કંદ પડ્યો છે. અરૂપી એટલે? અરૂપી એટલે કાંઈ રૂપ નથી, પણ વસ્તુનું દળ નથી? વસ્તુનું દળ છે, એનું ક્ષેત્ર છે, એનો સ્વભાવભાવ છે. ક્ષેત્ર પણ છે કે નહિ એને? અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર છે. પહોળાઈ એટલી છે. એના અંદરમાં અનંત જ્ઞાન બેહદ શક્તિનું આખું સત્ત્વ એના તરફની નિર્વિકલ્પ શાંતિ એને નિર્વિકલ્પ સમાધિ કહે છે. બીજી ભાષાએ શુદ્ધ ઉપયોગ કહે છે. આ શુદ્ધ ઉપયોગનું કથન છે. શિષ્યને ઉત્તર આપ્યો કે જો તારે આત્મા જોતો હોય તો આત્માનો પહેલો જેવો સ્વભાવ (છે) તેવી બરાબર શ્રદ્ધા-જ્ઞાન કરીને, પછી શુદ્ધ ઉપયોગ દ્વારા અંતરમાં ઠર તો પરમાત્મપદ તને પ્રાપ્ત થશે. આ ઈ કહેવું છે અહીં છેલ્લું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. શેની વાત ચાલે છે આ?

**'મિલ જાવે, ઉસી જગહ મોહ શીઘ્ર નષ્ટ હો જાતા હૈ,...'** ભગવાન આત્મા. પણ એ આમ, જેમ આમ સુંદર કોઈ ચીજને જોવાને ત્રાટક કરે છેને ત્રાટક. ત્રાટક સમજ્યા? ટગટગી લગાકર દેખના વો ત્રાટક. ટગટગી. કોઈ દૂસરી ચીજ નહીં. એમ અહીંયાં એક અગ્ર, એક અગ્ર, એક મુખ્ય સામાન્ય અનંત ગુણનો પિંડ પ્રભુ અભેદ ચૈતન્ય વસ્તુ, જ્ઞાયક વસ્તુ. અભેદ તો પરમાણુ પણ છે, પણ આ તો જ્ઞાયક અનંતગુણનો પિંડ એક વસ્તુ એના ઉપર શુદ્ધ ઉપયોગ દ્વારા, અશુદ્ધ ઉપયોગ પુણ્ય-પાપ એ નહિ, પાપના પરિણામ એ અશુભ ઉપયોગ છે, દયા, દાન, વ્રતના પરિણામ એ અશુદ્ધ શુભ ઉપયોગ છે, અશુદ્ધ શુભ ઉપયોગ છે અને આ એકલો શુદ્ધ ઉપયોગ છે. શિષ્યે પૂછ્યું એનો ઉત્તર એકદમ સીધો આપ્યો છે, કે ભાઈ! ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે પૂર્ણ શાંત, અનાકુળ નિર્વિકલ્પ સમાધિનો જ એ પિંડ છે. એને પર્યાયમાં નિર્વિકલ્પ સમાધિ દ્વારા એટલે કે શુદ્ધ ઉપયોગ દ્વારા **'મિલ જાવે,...'** તો એ શ્વાસ એની મેળાએ ગતિ રોકાઈ જાય છે. અહીં તો નાશ પામે છે એ અપેક્ષાથી વાત કરી છે. **'મોહ શીઘ્ર નષ્ટ હો જાતા હૈ, ઔર મન સ્થિર હો જાતા હૈ.'** મન સ્થિર થઈ જાય. કરવું પડતું નથી એમ કહે છે.

**'ભાવાર્થ :- નાસિકાસે નિકલે જો શ્વાસોચ્છવાસ હૈ, વે અંબર અર્થાત્ આકાશકે સમાન નિર્મલ...'** કોણ? **'મિથ્યાત્વ-વિકલ્પ-જાલ રહિત શુદ્ધ ભાવોંમેં વિલિન હો જાતે હૈં,...'** ત્યારે એ શ્વાસ ગતિ એની મેળાએ ત્યાં અમુક ભાગથી નીકળી જાય છે એમ કહે છે. કહેશે હમણાં. સમજાણું કાંઈ? લોકો એમ કહે છેને કે અંબર છેને એ મહાવ્યાપક છે. આકાશ છેને એ મહાવ્યાપક છે. તેથી મહાવ્યાપક છે અને એને મેલ હોતો નથી. ગમે તેવા વાદળા હોય. વાદળા કહતે હૈ ન આ? પણ એ વાદળાનો રંગ એને અડતો નથી. મહાવ્યાપક પદાર્થ અને રંગ ગમે તેટલા વાદળા હોય ઘેરાયેલા અષાઢ મહિનાના. અત્યારે આ અષાઢ મહિનો ચાલે છેને જુઓને. ઘોર અંધારું રાતના મહા વાદળા, પણ એ આકાશને કાંઈ થાતું નથી. એમ મહાવ્યાપક ક્ષેત્રથી છે એ. આ ભાવથી મહાવ્યાપક આત્મા છે. એટલો ફેર છે. મહાવ્યાપક એક-એક ગુણમાં અનંત-અનંત સામર્થ્યવાળું. એ સ્વક્ષેત્રે અસંખ્ય પ્રદેશમાં એક-એક ગુણ મહાવ્યાપક છે. એવા અનંત ગુણનું મહાવ્યાપક તત્ત્વ એને અહીંયાં અંબર—આકાશ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહાવ્યાપક એટલે?

ઉત્તર :- મહાવ્યાપક એટલે કીધુંને પ્રસરેલું અંદર. આમ બહારમાં કોણે કીધું? એ તો અંબર

આકાશમાંથી ઉઠાવી નીખ્યું. આકાશ આમ વ્યાપક છે. અંદર ભાવ અંતર વ્યાપક એટલે મહાસામર્થ્યથી અનંત સામર્થ્યપણે બિરાજમાન છે. એક સમયમાં એક-એક ગુણ. એક-એક ગુણ અનંત સામર્થ્યથી વ્યાપક પ્રસરેલ છે સારા આત્મામાં. વિભુ નામનો એક ગુણ છે, વિભુ નામનો આત્મામાં એક ગુણ અનાદિ-અનંત છે. જેથી અનંતા ગુણો અનંતમાં વ્યાપક. વિભુનો અર્થ કર્યો વળી સાંભળો. આ વ્યાપક પૂછ્યું એટલે. ૪૭ શક્તિમાં આપણે અર્થ આવી ગયો છે. ૪૭ શક્તિમાં. ભાઈ! ૪૭ શક્તિમાં આવી ગયું છે. ૪૭ શક્તિમાં એય..! વ્યાપક આમ નહિ. એ બધા અર્થો આવી ગયા છે આપણે. વિભુત્વશક્તિ. પ્રભુત્વ, વિભુત્વ. એમાં એ અર્થ છે. આચાર્યે તો એકે એક વાત બહુ સ્પષ્ટ કરી નાખી છે. ઓહો..હો..!

વિભુ. જુઓ! '**સર્વ ભાવોમાં વ્યાપક એવા એકભાવરૂપ વિભુત્વશક્તિ. જેમકે જ્ઞાનરૂપી એક ભાવ સર્વભાવોમાં વ્યાપે છે.**' એમ વ્યાપક એમ લેવું. અંબર એટલે આમ વ્યાપક ન લેવું. ભગવાન આત્મા ભાવથી અધિક છે. લોકોને ક્ષેત્ર વ્યંજનપર્યાય મોટું એટલે એ મોટો છે એમ લાગે છે. એમ નથી. એની અર્થપર્યાયથી મોટો એક આ ભાવથી. અસંખ્ય પ્રદેશ ભલે ક્ષેત્ર નાનું, પણ એક-એક ગુણમાં અનંત ગુણો વ્યાપીને આમ રહેલા છે. વ્યાપક-વ્યાપક. ભાવવ્યાપક. ક્ષેત્ર વ્યાપકનું અહીં કામ નથી. એવો એનામાં ગુણ છે અનાદિ-અનંત. વસ્તુ ભગવાન સમ્યક્જ્ઞાનમાં અનંતગુણ વ્યાપ્યા છે. સમ્યક્ આનંદમાં અનંત ગુણ વ્યાપ્યા છે. જુઓ, એક ગુણ સર્વ ભાવોમાં વ્યાપક એક ભાવ. બધામાં વ્યાપક એક વિભુ નામનો અંદર ગુણ છે. વિભુ એટલે આમ વ્યાપક એમ નહિ. ગુણોમાં એક ગુણ અનંત ગુણમાં વ્યાપક છે એવો વિભુ નામનો એનામાં ગુણ છે. એને અહીંયાં અંબર તરીકે કહેવામાં આવે છે. આચાર્યે બીજી રીતે ઉતારીને વાત કરી છે. કહો, સમજાણું કાંઈ?

'**આકાશકે સમાન નિર્મલ...**' ઓલું ક્ષેત્રથી મોટું, વાદળાનો મેલ નહિ. અહીં ભાવથી મોટો, રાગનો મેલ નહિ. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એમાં એકાકાર થતાં શું થાય? કહે છે. '**મિથ્યાત્વ-વિકલ્પ-જાલ રહિત...**' ભ્રમણારહિત. પુણ્યમાં ધર્મ, પાપમાં મજા, બાહ્યમાં લઈ-મૂકું (શકું), હું મારા જ્ઞાન દ્વારા બીજી ચીજને લઈ મૂકું, એના દ્વારા મારામાં કાંઈક થાય એવી ભ્રમણા જે અનાદિની એ ભ્રમણા છોડીને ભગવાન-ભગવાન, ભ્રમણા છોડે તેને ભગવાન પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? જુઓને મિથ્યાત્વ લીધું છે. સમજાણું? '**વિકલ્પ-જાલ રહિત શુદ્ધ ભાવોંમેં વિલિન હો જાતે હૈં,...**' કોણ? ઓલો શ્વાસ રોકાઈ જાય છે એની મેળાએ હોં. રોકવો પડતો નથી. શુદ્ધ ઉપયોગ થાય એટલે શ્વાસની ગતિ ઘણી મંદ થઈ જાય અને એને ગતિ... એ કહેશે હમણા.

'**અર્થાત્ તત્ત્વસ્વરૂપ પરમાનંદકર પૂર્ણ...**' તત્ત્વસ્વરૂપ પરમાનંદકર પૂર્ણ '**નિર્વિકલ્પસમાધિમેં**

**સ્થિર ચિત્ત હો જાતા હૈ.**' શુદ્ધ ઉપયોગમાં ચિત્ત સ્થિર થઈ જાય ત્યારે તેને પરમાત્માના ધ્યેયમાં પહોંચ્યો ઉપયોગ તે પરમાત્માને અલ્પ કાળમાં પ્રાપ્ત કરશે. એમ અહીં છેલ્લામાં છેલ્લી... બહુ પૂછ્યું, મહારાજ! મને એક ... બીજા દેવ-બેવનું હવે મારે કામ નથી, બીજી વાતુંનું કામ નથી. આવો ભગવાન સ્વભાવ, ભગવાન સ્વભાવ મહિમાવંત પ્રભાવ જેનો સ્વભાવ એવો પ્રભુ, એમાં દૃષ્ટિપૂર્વક શુદ્ધ ઉપયોગને દે. શુદ્ધ ઉપયોગ તેને અહીંયાં સમાધિ કહેવામાં આવે છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના વિકલ્પ રહિત સમાધિ એટલે શુદ્ધ ઉપયોગ.

'**સ્થિર ચિત્ત હો જાતા હૈ, તબ શ્વોસોચ્છવાસરૂપ પવન રૂક જાતી હૈ,...**' એની મેળાએ રોકાય. ઓલા મહેનત કરે છેને અન્યમતિઓ કે આમ રોકવું, આમ કરું. એ તો જડની ક્રિયાનું અભિમાન મિથ્યાત્વ છે એ તો. શ્વાસની ક્રિયા તો એની ક્રિયા છે એને હું રોકું, હવે જડની પર્યાયને રોકું એ દૃષ્ટિ મિથ્યા ભ્રમ છે. સમજાણું કાંઈ? એ આવશે થોડું આમાં. પણ એ તો કુંભક-રેચક કહેશે થોડું. જ્ઞાનાર્ણવમાં કહ્યું છેને? પણ એ તો જરી મન સ્થિર થવાનો વિકલ્પ છે જરી. બહુ અશુભ ભાવ હોય એનાથી હઠીને મનને વિકલ્પમાં વાયુ આદિ ધારણાની વિકલ્પ છે એવો, પણ એનું લક્ષ પછી સ્વરૂપમાં ઠરી જવું એ છે. આમથી અશુભથી ખસી અને શુભ વિકલ્પમાં આવ્યો છે પણ એનું લક્ષ ત્યાંથી ખસીને પરમાનંદ પ્રભુ એમાં જામી જવું એવું જેનું ધ્યેય છે. એવું અજ્ઞાની અન્યમતિમાં એ વાત હોતી નથી. થોથાની વાતું કરે. બસ, નિર્વિકલ્પ થઈ જવું, વિકલ્પથી (શૂન્ય થઈ જવું), પણ વસ્તુ શું? વસ્તુ માહાત્મ્ય પદાર્થ કેવો? કેટલા ક્ષેત્રમાં? કેવા ભાવવાળો અને કેવો વ્યાપક? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સદા ઉપયોગી...

ઉત્તર :- હા, એ તો જ્ઞાનદર્શન ઉપયોગ સદા એ. આ તો શુદ્ધ ઉપયોગની વાત છે. ઓલો જાણવા-દેખવાનો ઉપયોગ સદાય છે ઈ.

'**નાસિકાકે દ્વારકો છોડકર તાલુવા રંધ્રરૂપી દશવેં દ્વારમેં હોકે નિકલે, તબ મોહ ટૂટતા હૈ,...**' દેખો, સ્વરૂપ શુદ્ધ ઉપયોગમાં એટલો જામે, સૂક્ષ્મ શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગમાં જામી જાય અને મોહ ટૂટી જાય છે એમ કહે છે. મોહ પછી ઉભો રહેતો નથી. કારણ કે મોહરહિત એવો સ્વભાવ, ભગવાન આત્માનો મોહરહિત એવો સ્વભાવ, એવા સ્વભાવની સાવધાનીમાં ઉપયોગ તત્પર થયો એટલે મોહનો ઉત્પાદ થતો નથી, એ મોહનો વિલય થઈ જાય છે. બસ, એ તો સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? બીજી ક્રિયાકાંડથી આ મોહ નાશ ન થાય એમ કહે છે. એ સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગ લગાવવાથી મોહનો નાશ થાય. બસ, બાકી કોઈ ક્રિયાથી નાશ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી.

'**ઉસી સમય મોહકે ઉદયકર ઉત્પન્ન હુએ રાગાદિ વિકલ્પ-જાલ નાશ હો જાતે**

हैं,...' મિથ્યાત્વનો નાશ થઈ અને અસ્થિરતાના વિકલ્પો પણ શુદ્ધ સ્વરૂપને દૃષ્ટિમાં ધ્યેયને લઈને, ત્રાટક અંદર માંડી એકાકાર થતાં એને રાગ-દ્વેષના વિકલ્પની જાળ પણ નાશ થઈ જાય છે. '**बाह्य ज्ञानसे शून्य...**' મન જ્યાં મરી ગયું એટલે બાહ્ય જ્ઞાન રહ્યું નથી. આ ફલાણું ને આ ફલાણું એવું કાંઈ રહેતું નથી. આ ભગવાન આવા હતા અને ભગવાને આમ કહ્યું હતું એ બધું બાહ્ય જ્ઞાન. એ ત્યાં રહેતું નથી. આહા..હા..!

પદ્મનંદીમાં લીધું છેને સ્તુતિ કરતા, ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતા. ભગવાન! આ મનને બીક લાગે છે બહુ કે જો હું ઠરીશને, અંદર જઈશને તો મારી નાખશે મને. માટે ભટકવા દે બહાર. એક અલંકાર સ્તુતિ કરી છે. હે નાથ! શું કરું આ મન મારું ભટક્યા કરે છે. કારણ કે એને જીવવું છે. અને જો અંદરમાં જાય તો મન રહે નહિ, માટે બિચારું બહાર ભમ્યા કરે છે, પણ પ્રભુ! તારા શરણે એ આવે એ મર્યા વિના રહે નહિ. મરી જવા દે મનને. મન સમજાણું? બહારના જ્ઞાનવાળું મન, બહારના વિચારવાળું અટકતું, રોકાતું મન. એ અંદરમાં એકાગ્ર થતાં તે મન રહેતું નથી. મરી જાય છે મન.

'**बाह्य ज्ञानसे शून्य निर्विकल्पसमाधिमें विकल्पोंका आधारभूत...**' દેખો, શું કીધું? એ પુણ્ય-પાપના વિકલ્પનો આધાર તો મન છે. કારણ કે પરસન્મુખ ઉપર લક્ષ જાય છે મન ઉપર, ત્યારે એ બધા વિકલ્પો ઉત્પન્ન થાય છે. અસંગતત્ત્વ ભગવાન આત્મા એના લક્ષે જાય તો વિકલ્પ ઉત્પન્ન થાય નહિ. એટલે શુભ અને અશુભ જે રાગ એનો ઉત્પન્ન આધાર મન છે અને નિર્વિકલ્પ ઉત્પન્નનો આધાર દ્રવ્ય આત્મા છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગની પરિણતિનો આધાર ભગવાન, આશ્રય દ્રવ્ય છે ભગવાન પોતે. અને વિકલ્પનો આધાર મન છે. એને લક્ષે જાય એટલે વિકલ્પ મનને સંગે વિકલ્પો જ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

'**मन वह अस्त हो जाता है, अर्थात् निजस्वभावमें मनकी चंचलता नहीं रहती.**' જોયું! '**निर्विकल्पसमाधिमें विकल्पोंका आधारभूत जो मन...**' જ્યાં અંતર શુદ્ધ ઉપયોગની લગની લાગી ચૈતન્યમાં ત્યારે વિકલ્પનો આધાર જે મન હતું એ પહેલું જ મર્યું, ઉત્પન્ન થયું નહિ. વિકલ્પ જ ઉત્પન્ન ન થયા. '**मन अस्त हो जाता है, अर्थात् निजस्वभावमें मनकी चंचलता नहीं रहती.**' પર અનેક પદાર્થોના લક્ષમાં જતું મનમાં વિકલ્પ ઉત્પન્ન થાય, પણ એકરૂપ ભગવાન આત્માના લક્ષે, દૃષ્ટિ ધ્યેયે જતાં એ વિકલ્પો ઉત્પન્ન થતાં નથી. માટે વિકલ્પનો આધાર મન પણ મરી જાય છે. આહા..હા..! આ બહુ ટૂંકી વાત કરે છે. ઓલાએ પૂછ્યું શિષ્યે કે મહારાજ! ઝટ કહોને હવે. ઘણી ગાથાઓ થઈ ગઈ.

મુમુક્ષુ :- ઝટ કહ રહે હૈ?

ઉત્તર :- ઝટ કહ રહે હૈ. ભાઈ! તારો ભગવાન તો પૂર્ણ છે હોં તારી પાસે. પૂરો ભગવાન

તું ભાઈ! તારા ભગવાનમાં અને પૂર્ણ ભગવાનમાં કાંઈ ફેર નથી. પર્યાયમાં ફેર છે, વસ્તુમાં ફેર નથી. આહા..હા..! જેની એક શુદ્ધ ઉપયોગની પર્યાય પણ જ્યાં અલ્પ કાળની છે. વસ્તુ તો ત્રિકાળ વસ્તુ છે, ત્રિકાળ વસ્તુ છે. સમજાણું? પણ પર્યાય દ્વારા તેની પ્રાપ્તિ થાય છેને, કાંઈ દ્રવ્ય-ગુણ દ્વારા પ્રાપ્તિ નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ એકરૂપ સ્વભાવ શુદ્ધ એમ ને એમ પડ્યો છે. પર્યાય દ્વારા પ્રાપ્તિ (થાય છે). પર્યાય અંદર લગાવે. શુદ્ધ ઉપયોગ પર્યાય છે. શુદ્ધ ઉપયોગ પરિણામ પર્યાય છે. શુભ અને અશુભ પરિણામ એ પણ વિકારી પર્યાય છે અને શુદ્ધ એટલે પુણ્ય-પાપના વિકલ્પ રહિત (એ પણ પર્યાય છે). અહીં તો એ કહેવું છેને શુભાશુભ પરિણામ મનને આધારે છે, બહાર સંગે. અંદરમાં વસ્તુના સ્વરૂપમાં ભાઈ! તારી તલ્લીનતા થાય તો તલ્લીનતામાં મનનો સંગ રહે નહિ એથી વિકલ્પ નાશ થઈ જાય છે. અને શુદ્ધ પરિણતિ એવો શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થાય છે. એ શુદ્ધ ઉપયોગને આધારે જ, એને આધારે જ કેવળજ્ઞાન થાય છે, બીજા આધારે નહિ. પછી ભલે આ દ્રવ્યને આધારે થાય, પણ શુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન થાય છે. વ્યવહારથી એમ છે. સમજાણું?

શુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન થાય છે એમ કહેવાય. કારણ કે ઓલા શુભ-અશુભથી નથી થાતું એ અપેક્ષાએ. બાકી કેવળજ્ઞાન છે એનો આધાર તો દ્રવ્ય છે. અને શુદ્ધ ઉપયોગ પરિણતિ શુદ્ધ ઉપયોગ જેટલો ધ્યાન છે એ ધ્યાનનો વ્યય થઈ જાય છે. ધ્યાનનો પણ વ્યય થઈ જાય છે શુક્લધ્યાનનો પણ. અને એકલા દ્રવ્યને આધારે કેવળજ્ઞાન અંદરમાંથી પ્રગટ થાય છે. ક્યા કીધા? આ ધર્મધ્યાન કે શુક્લધ્યાન તો પર્યાય છે અને એ પર્યાયનો વ્યય થતાં કેવળજ્ઞાન થાય. ત્યારે કેવળજ્ઞાન કાંઈ વ્યયમાંથી આવે છે? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શક્તિનું આખું સત્ત્વ, એની એકાગ્રતામાંથી, એમાંથી પ્રવાહ કેવળજ્ઞાન આવે છે. પૂર્વની પર્યાયમાંથી ઉત્પન્ન થતો નથી. ઝીણું બહુ પણ માણસને લાગે. એટલે બિચારા (ઉંધે રસ્તે ચડી જાય). ભાઈ! તારા માર્ગ બહુ સાંકડા ભાઈ! સાંકડા અને બહુ લાભવાળા છે. આહા..હા..!

એક મોટી ખાઈ હોય બે બાજુ. ખાઈ-ખાઈ. અને એક ખડ્ડાને મોટા ખડ્ડા. અને એમાં એક વચ્ચે જરીક એક પગ મૂકે એટલી કેડી હોય. પગ મૂકે એટલી જ કેડી હોં! પગ. પગ સમજ્યાને? પગદંડી. હવે એને બે બાજુ જોવે તો મોટી ખાઈ. રસ્તો બીજો ન મળે. ઘોડો-બોડો ચાલે નહિ ત્યાં. જરીક ચૂકે ત્યાં આમ ને આમ. કેટલી સાવધાની એની હશે. આ નવનીતભાઈનો જુઓને છોકરો નહોતો એક ફેરી? નવનીતભાઈ આપણે આ પ્રમુખ નહિ? એનો દીકરો હતો. ઘોડા ઉપર ચડીને ફરવા જતા ડુંગરે ક્યાંક. ક્યા ડુંગર? કાશ્મીર. ડુંગરે જતા હતા એમાં ઘોડાનો પગ લપસ્યો. એ ઘોડો અને છોકરો ખાડમાં. ત્યાં ને ત્યાં મરી ગયા. ત્યાં કોણ જાય ગોતવા? ઊંડી ખાડ મોટી. ઘોડાનો પગ જરીક આમ થઈ ગયો. ઘોડો અને છોકરો. આ

નવનીતભાઈનો છોકરો. લ્યો રૂપિયા ભલે ૫૦ લાખ હોય, ૬૦ લાખ કે ધૂળ લાખ. શું ત્યાં કામ આવે? નીચે ખાડ. જોયું બધાએ કે પડ્યો. પણ ત્યાં જાય કોણ? ક્યાંય પત્તો ન મળે, ક્યાંય રસ્તો ન મળે. એમ ને એમ ઘોડો અને છોકરો ત્યાં ને ત્યાં સુકાઈ ગયા હશે હેઠે. આહા..હા..! એ ગૃહસ્થનો દીકરો, એની સાથે ઘોડો અને એ પણ ઓલા બે પગ ભરાવ્યા હશે ઓલામાં પેગડામાં. પેગડા સમજ્યા? પેગડા કહતે હૈ? પેગડા. હાથમાં ઓલું ઝાલ્યું હોય અને હેઠે બે બાજુ હોયને એમાં પગ નાખ્યા હોય. હાથમાં લગામ હોય. ઓલા પગ નાખે એને શું કહે? હા એ. પગ એમાં હોય. હવે એમ ને એમ પડ્યો. હવે શી રીતે થયું હશે? આહા..હા..! આવા પણ અનંતા મરણ આત્માના ભાન વિના એણે કર્યા છે. એને એમ લાગે છે કે આના. અરે.. ભાઈ! તું પણ એવો જ આત્મા શું ચીજ છે એના માહાત્મ્ય વિના આવા અનંત વાર થઈ ગયા. હવે એ એમ ને એમ સુકાઈ ગયો હશે લ્યો. પાણી ન મળે, આહાર ન મળે. અહીં સુંવાળા ગાદલામાં સૂતેલા એ ત્યાં બાવળના કાંટા નીચે. ઉપરથી પડ્યો હશે. ઘોડો સાથે, પગ ઓલામાં ગરી ગયેલા. હવે એમ ને એમ ઊંધો. ક્યાં શું થયું માથા... હાય... હાય...! અરે! આવા વૈરાગ્યના દૃશ્યો! આવા વૈરાગ્યના પ્રસંગો જોઈને પણ એને વૈરાગ્ય ન થાય. બાબુલાલજી! આહા..હા..!

આવે છેને શ્રીમદ્‌માં આવે છેને. ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ થતાં ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે. શબ્દ છે એનો શ્રીમદ્‌નો. ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ વિચાર આવતા ધર્માત્મા જીવને ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃ વેગ, ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃ વેગ, સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે. આહા..હા..! જુઓ, એ ટૂકડો છે. એવા ટૂકડા છે. એવા પ્રસંગને જોઈને પણ ઉજ્જ્વળ આત્માઓનો વેગ અંતરમાં વૈરાગ્યમાં જાય છે. કોની કરું સંભાળ? કોની પાસેથી લઉં? જે છે તે મારી પાસે પૂર્ણ છે. જેટલો હું એકાગ્ર થાઉં તેટલી શક્તિની વ્યક્તતા પ્રગટ થવાનો પુરુષાર્થ મારી પાસે જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**નિજસ્વભાવમેં મનકી ચંચલતા નહીં રહતી. જબ યહ જીવ રાગાદિ પરભાવોંસે શૂન્ય નિર્વિકલ્પસમાધિમેં હોતા હૈ,...**' એમ. પર્યાય લેવી છેને અહીં. શુદ્ધ ઉપયોગ લેવો છે મૂળ તો. એકદમ કહે છે કે જો ભાઈ! અને આ પ્રવચનસારમાં આવે છેને. ભાઈ! એ બધા આચાર્યોએ બધા સમયસારમાં જે છેને એના બીજડા બધે છે. એ આવે છેને પંડિતજી! એ પ્રવચનસારમાં '**सुद्धस य सामण्णं**'. આખિરમી ગાથા ચરણાનુયોગની. છેલ્લી પાંચ. છેલ્લી પાંચ. કલગી સમાન. પંચરત્ન. આ '**सुद्धस य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।**' એ બધો શુદ્ધ ઉપયોગ લીધો છે ત્યાં. સમજાણું? એ આ શૈલી આવી જ રીતે બીજી ઢબે

પણ સમજાવાની વાત કરી છે. આ ઓલા શુભવાળાને કાંઈ થાતું નથી એમ કહેવા માગે ત્યાં. પાંચ કલગી છેને કલગી? કલગી સમાન પાંચ શું કહેવાય? રત્ન. સમજાણું? મોક્ષતત્ત્વનું સાધન. આ આવ્યું જુઓ, ૨૭૪.

सुद्धस य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।
सुद्धस्य य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।।२७४।।

આહા..હા..! જુઓ, આ શૈલી અહીં વર્ણવી છે. શુદ્ધ ઉપયોગીને. અર્થમાં એ છે જુઓ, સમજાણું? '**યુગપદપણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે શુદ્ધને જ હોય છે;...**' સાધુપણું શુદ્ધને જ હોય છે. જુઓ, ભાઈ! આમાં એમ છે. આહા..હા..! હવે અહીં તો એકલા શુભભાવની વાત કરે છે.

મુમુક્ષુ :- એમાં થોડી શુદ્ધતા રહે છે.

ઉત્તર :- ક્યાં શુદ્ધતા? ધૂળમાંય નથી.

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદપણારૂપે...**' જુઓ, સંસ્કૃત છે. '**પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે શુદ્ધને જ હોય છે; સમસ્ત ભૂત-વર્તમાન-ભાવિ વ્યતિરેકો સાથે મિલિત, અનંત વસ્તુઓના અન્વયાત્મક જે વિશ્વ તેના (૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ જે (૧) દર્શન અને (૨) જ્ઞાન, તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' એ વાત અહીં કરે છે. શિષ્યે એકદમ પૂછ્યું કે છેલ્લું પ્રભુ આપો. આમ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડમાં ઢગલા ભર્યા છે એક-એક ગાથાએ... જુઓ, '**सुद्धस य सामण्णं भणियं**' ત્રણ લોકના નાથ તીર્થંકર એમ કહે છે, એમ આચાર્ય પોતે '**भणियं**' કહીને એમ કહે છે જુઓ, પોતે હું કહું છું એમ કહી શકે છે, પણ '**सुद्धस य सामण्णं भणियं**' ત્રણ લોકના નાથ કેવળીએ શુદ્ધ ઉપયોગીવાળાને સાધુ કહ્યા છે અને '**सुद्धस्स दंसणं णाणं।**' '**भणियं**' એમ લઈ લેવું. '**सुद्धस्य य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।।**' એ શુદ્ધ ઉપયોગીને સિદ્ધપદ જ .. છે. સમજાણું કાંઈ?

જુઓ, અર્થમાં લખ્યું છે આપણે હોં ભાઈએ. '**સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો દિવ્ય જેનો સ્વભાવ છે એવું જે નિર્વાણ, તે શુદ્ધને જ હોય છે; ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવની ઉપલબ્ધિથી ગંભીર એવા જે ભગવાન સિદ્ધ, તે શુદ્ધ જ હોય છે (અર્થાત્ શુદ્ધોપયોગથી જ સિદ્ધ થાય છે). વચનવિસ્તારથી બસ થાઓ; સર્વ મનોરથના સ્થાનભૂત, મોક્ષતત્ત્વના સાધનરૂપ...**' મોક્ષતત્ત્વના સાધનરૂપ '**શુદ્ધને, જેમાંથી પરસ્પર અંગ-અંગીપણે પરિણમેલા ભાવક-ભાવ્યપણાને લીધે સ્વપરનો**

**વિભાગ અસ્ત થયો છે એવો ભાવનમસ્કાર હો.'** અમૃતચંદ્રાચાર્ય. જુઓ, એ કહે છે. અહીં શિષ્યે પૂછ્યું એટલે એનો ઉત્તર યોગીન્દ્રદેવ આપે છે. મહારાજ! એવો ઉપાય કહો કે અમારો મોહ ઝટ ટળે અને અમે પરમાત્મા થઈ જઈએ.

અહીં કહે છે કે **'सुद्धस्य य णिव्वाणं' 'सुद्धस य सामण्णं'** શુદ્ધ જ્ઞાન-દર્શન. શુભ-અશુભ ઉપયોગથી દર્શન, જ્ઞાન અને ચારિત્ર કાંઈ ન થાય એમ કહે છે. એય..! પ્રકાશચંદજી! આ તો હજી ચોથા આરાની વાત હશે. અરે ભગવાન! આ પાંચમા આરાના મુનિઓ પાંચમા આરાના જીવને તો કહે છે. શું કરવું પણ ભગવાન! આત્મા પણ જ્યારે એવો કચરડી-મચરડીને શાસ્ત્રોના અર્થો પણ મરડવા માગે તો એ મરડી શકે છેને. આહા..હા..! આ કુંદકુંદાચાર્ય કોને માટે કહે છે? ચોથા આરા માટે કહે છે? **'सुद्धस्य य णिव्वाणं' 'सुद्धस य सामण्णं'** ત્યારે ઓલો કહે નહિ, શુદ્ધ ઉપયોગ અત્યારે હોય જ નહિ. અરે ભગવાન! શુદ્ધ ઉપયોગ નિરંતર ધારાવાહી રહે એવો ન હોય, પણ શુદ્ધ ઉપયોગ બિલકુલ ન હોય તો ધર્મ જ હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ ભગવાન અહીંયાં યોગીન્દ્રદેવ એવી વાત કરી રહ્યા છે હોં. બીજી ભાષા કરી છે. નિર્વિકલ્પ સમાધિ શબ્દ વાપર્યો છે, ત્યાં શુદ્ધ ઉપયોગ વાપર્યો છે. સમજાણું?

થોડું પણ સત્યને કસદાર સમજે તો એનું કલ્યાણ થાય. લાંબુ-લાંબુ ઘણું, પણ વસ્તુ સમજ્યા વિના (કલ્યાણ થાય નહિ). થોડું પણ કસદાર સત્ય એ વાત એના જ્ઞાન અને પ્રતીતમાં, અનુભવમાં આવે તો એનું કલ્યાણ થાય. લાંબી-લાંબી ઘણી વાતું હોય પણ એનો મૂળ સાર ન લે (તો). શું થાય? તો કાંઈ ચૈતન્યનો પત્તો ખાય એવું નથી. ચૈતન્યનો પત્તો ખાય એવું નથી અને મુક્તિનો પત્તો ખાય એવું નથી. સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કસવાળું ગોતે. કસવાળું ગોતે, કષ્ટવાળું ન ગોતે. એમ આ કસ-કસ. કસ કહતે હૈ? તુમ્હારે ક્યા કહતે હૈ? કસવાળું. ક્યા કહતે હૈં? કસ-કસ. એમ ભગવાન આત્મા કસોટીએ કસી, શુદ્ધ ઉપયોગની સમાધિએ અંદર રમે તો પરમાત્મા પ્રગટ્યા વિના રહે નહિ એમ કહે છે જુઓ. સમજાણું? એની ઓળખાણ તો કરે, પ્રતીત તો કરે, શુદ્ધ ઉપયોગ તો ભલે એને ન હોય, પણ શુદ્ધ ઉપયોગ દ્વારા જ એની મુક્તિ છે, બાકી ત્રણ કાળમાં છે નહિ-એમ દર્શનશુદ્ધિ, જ્ઞાનશુદ્ધિમાં એણે નિર્ણય અનુભવમાં કરવો જોઈએ. સમજાણું?

**'તબ યહ શ્વાસોચ્છાવાસરૂપ પવન નાસિકાકે દોનોં છિદ્રોંકો છોડકર સ્વયમેવ અવાંછીક વૃત્તિસે તાલુવાકે બાલકી અનીકે આઠવે ભાગ પ્રમાણ અતિ સૂક્ષ્મ છિદ્રમેં (દશવે દ્વારમેં) હોકર નિકલતી હૈ.'** સમજાણું? દસમે દ્વારે ... 'હોકર...' બારિક નિકલતી હૈ એમ લખ્યું છેને? બારિક-બહુ ઝીણી. આ બારિક. બારિક, બારિક, બહુ સૂક્ષ્મ. **'નાસાકે**

છેદકો છોડકર તાલુરંધ્રમેં હોકર નિકલતી હૈ. ઔર પાતંજલિમતવાલે વાયુધારણારૂપ શ્વોસોચ્છવાસ માનતે હૈં, વહ ઠીક નહીં હૈં,...' એ તો એકલા શ્વાસને આમ કરો.. આમ કરો.. એ તો ક્રિયા જડરૂપની વાત છે. 'ક્યોંકિ વાયુધારણા વાંછાપૂર્વક હોતી હૈ,...' એ તો ઇચ્છા થઈ, ઇચ્છા તો મોહ થયો. 'ઔર વાંછા હૈ, વહ મોહસે ઉત્પન્ન વિકલ્પરૂપ હૈ,...' દેખો, ઇચ્છાનું અહીં કામ નથી. અહીં તો શુદ્ધ ઉપયોગ સ્વરૂપમાં રમે એનું કામ છે. સમજાણું કાંઈ? 'વાંછાકા કારણ મોહ હૈ. વહ સંયમીકો વાયુકા નિરોધ વાંછાપૂર્વક નહીં હોતા હૈ, સ્વાભાવિક હી હોતા હૈ.' એનો કર્તા આત્મા નથી. એમ સિદ્ધ કરવું છે અહીંયાં. એ વાયુની ક્રિયા રોકું અને કાઢું એ તો જડનો કર્તા થઈ જાય છે. એ છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપયોગ એના ઉપર, આમ લક્ષ કરે રાગ. બીજું શું કરે? શું કરતું હતું ધૂળ? એ જાણે કે આમ કરું ને આમ કરું. એકાગ્ર લાગેને એને? ... થોડુંક લે.

કહે છે જુઓ, 'વાયુકા નિરોધ વાંછાપૂર્વક નહીં હોતા હૈ,...' સંતોને, ધર્માત્માને અંદર ઉપયોગ શુદ્ધ રમતા એ વાયુ સહજે દસમે દ્વારથી અગ્રથી નીકળે. એને કાઢું ને રોકું એવું એને હોતું નથી. 'સ્વાભાવિક હી હોતા હૈ. જિનશાસનમેં ઐસા કહા હૈ, કિ કુંભક (પવનકો ખેંચના) પૂરક (પવનકો થાંભના) રેચક (પવનકો નિકાલના) યે તીન ભેદ પ્રાણાયામકે હૈં,...' પ્રાણાયામ. જ્ઞાનાર્ણવમાં આવ્યું છે. આવે, વિકલ્પ હોય એટલે એ કર્તા નથી થતો. વિકલ્પ શુભ થવા માટે એ જાતનો ભાવ પહેલો હોય છે.

મુમુક્ષુ :- યે રાજયોગ હૈ?

ઉત્તર :- આ રાજયોગ હૈ. પણ સાથમાં પહેલો મનને સ્થિર થવા આવું જરી હોય છે. વિકલ્પ શુભ એટલી વાત હોં. પણ એનું લક્ષ શુભ ઉપયોગ ઉપર નથી. એનું લક્ષ શુદ્ધ દ્રવ્ય ઉપર છે. ત્યાં જઈને ઠરું એ માટે અહીં અશુભમાંથી નીકળે છે, શુભમાં આવે છે એ અંતર જવા માટે આવે છે. ત્યાં રોકવા માટે અને ત્યાંથી લાભ થાય માટે આવે છે એમ છે નહિ. અને અન્યમતમાં તો બસ એ જ કલ્પના કે આ થયું. આ દેખાય. કાંઈક દેખાય, દેખાય. અંદર બહુ ધારણ કરે ને, કહેશે હમણા. એવું દેખાય અંદરથી. બહુ બરાબર એકાગ્ર થાય, પરના લક્ષે ઘણું બધું અંદર દેખાય. એને એમ થઈ જાય કે આહા..હા..! આ તે શું દેખાય છે આ! પણ એમાં કાંઈ થોથા છે. પુણ્યબંધના કારણે એવું કાંઈક થાય.

મુમુક્ષુ :- રાજયોગ...

ઉત્તર :- રાજયોગ એટલે શુદ્ધ ઉપયોગ. આત્મામાં શુદ્ધ ઉપયોગે રમવું એનું નામ રાજયોગ.

રાજતિ ઈતિ શોભતિ ઈતિ યોગઃ. જે ઉપયોગ પોતાના સ્વરૂપમાં રમે તેને રાજતે શોભતે કહેવામાં આવે. બાકી બધું થોથા છે.

**'ઈસીકો વાયુધારણા કહતે હૈં. યહ ક્ષણમાત્ર હોતી હૈ, પરંતુ અભ્યાસકે વશસે ઘડી, પહર, દિવસ, આદિ તક ભી હોતી હૈ.'** .. થઈ જાય, ઘણો અભ્યાસ થઈ જાય તો થઈ જાય એમાં શું છે? **'ઉસ વાયુધારણાકા ફલ ઐસા કહા હૈ, કિ દેહ આરોગ્ય હોતી હૈ,...'** દેહ આરોગ્ય હો જાયે. એમાં એને શું? એવા શાતાનો ઉદય હોય તો એવું થાય. એમાં આત્મા નિરોગ ક્યાં થયો? **'દેહકે સબ રોગ મિટ જાતે હૈં,...'** આ બધા એમાં ચમત્કારમાં પડ્યા છેને ઘણા? આમ કરવું ને તેમ કરવું, ફલાણું કરું. હઠયોગ છે. હવે શાતાનો ઉદય હોય તો એમ થઈ જાય કદાચિત્, એમાં શું છે? **'શરીર હલકા હો જાતા હૈ, પરંતુ મુક્તિ ઈસ વાયુધારણાસે નહીં હોતી,...'** ઓલા કરેને, ઈંગળા ને પીંગળા આવે છેને. આ બધું જોયેલું. એક જણો કરતો હતો હોં!

**'मोक्षो किं न भवतीति'** અને છેલ્લે પણ છેને. મોક્ષકારણ ન ભવતિ. છેલ્લો શબ્દ છે. **'मोक्षो किं न भवतीति'** જો અત્યારે વાયુધારણાથી કાંઈક થાતું હોય તો વાયુધારણા તો ઘણા કરે છે અત્યારે. એમ લખ્યું છે અંદર છેલ્લું. છેલ્લું લખ્યું છે. **'वायुधारणाकारकाणामिदानीन्तनपुरुषाणां'** ઘણા પુરુષો છે. **'मोक्षो किं न भवतीति'** માટે એનાથી મોક્ષ થતો નથી. એ ક્યાં બંધ? એ તો શરીરમાં કોઈ ફેરફાર થાય છે. બસ, એમાં આત્માને કાંઈ ન મળે. એ લખ્યું છે. જુઓ, આવશે જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા, ભાવમાં ફેર.

**'મુક્તિ ઈસ વાયુધારણાસે નહીં હોતી,...'** અર્થમાં બહુ સરસ લખ્યું છે. **'મુક્તિ ઈસ વાયુધારણાસે નહીં હોતી, ક્યોંકિ વાયુધારણા શરીરકા ધર્મ હૈ, આત્માકા સ્વભાવ નહીં હૈ.'** એ આત્માના સ્વભાવ વિના મુક્તો કેવો? શરીરનું આ કર્યું ને આ કર્યું એવા તો ઘણા અત્યારે છે હોં બાવા-જોગી છે અત્યારે. વાયુધારણામાં પડ્યા રહે. ઓલા ગિરનારમાં ને બીજે ક્યાંક એવા હોય છે. પંદર-પંદર દિ' સુધી એક-એક રૂપિયાભાર ખાય કંદમૂળ, જડીબુટ્ટી. એક રૂપિયાભાર ખાય. પંદર દિ' સુધી કાંઈ ન જરૂર પડે. પછી એય..! આમ પડ્યા રહે અંદરમાં. એમાં શું થયું? જડ જડ છે.

**'શુદ્ધોપયોગિયોંકે સહજ હી બિના યત્નકે મન ભી રુક જાતા હૈ,...'** દેખો, એ નિર્વિકલ્પ સમાધિનો અર્થ કર્યો અહીંયાં. શુદ્ધ ઉપયોગી. શુદ્ધ ઉપયોગ પણ જેવો સ્વભાવ છે એવી દૃષ્ટિ કરી હોય એને શુદ્ધ ઉપયોગ થાય. બીજાને શુદ્ધ ઉપયોગ ન થાય. એ વાયુ-

બાયુ ધારણાથી શું થાતું હતું? ધૂળ થાતું હતું? કહે છે. **'શુદ્ધોપયોગિયોંકે સહજ હી બિના યત્નકે...'** યત્ન શું રાખવો પડે એને? શ્વાસ આમ કાઢવો એમ હોય? એ તો કર્તાબુદ્ધિ છે. **'મન ભી રુક જાતા હૈ, ઔર શ્વાસ ભી સ્થિર હો જાતે હૈં. શુભોપયોગિયોંકે મનકે રોકનેકે લિયે પ્રાણાયામકા અભ્યાસ હૈ,...'** કોઈ સહજ વિકલ્પ એવો આવે. આવે છે, જ્ઞાનાર્ણવમાં આવે છે. મન.. કહે છેને વાયુધારણા, જળધારણા, પૃથ્વીધારણા બહુ આવે છે. જ્ઞાનાર્ણવમેં. વાયુધારણા, જળધારણા (આવે છે). કમળને વિચારે ચોવીસ પાંખડી. ચોવીસમાં તીર્થંકર બિરાજમાન કરે. હું સાંભળું છું, એ ૐકાર કરે છે અને સાંભળતા મારા જ્ઞાનમાં પરિણમી જાય છે અને કર્મની રાખ થઈને ઉડી જાય છે. અગ્નિધારણામાં એવું આવે. અગ્નિ જાણે બાળીને કર્મને રાખ કરી નાખે એમ ચિંતવવું એવો વિકલ્પ જરી અશુભથી હટીને આવે પણ એ હેતુ-ધ્યેય એ નથી. ધ્યેય તો અંતર્મુખ આનંદકંદમાં જે દૃષ્ટિ કરી છે ત્યાં ઉપયોગને લગાવી દેવો છે, પણ વચ્ચે અશુભથી ટળવા માટે જરી એવું આવે. ઘણા બોલો છે. જ્ઞાનાર્ણવમાં ઘણા બોલો છે.

**'મનકે અચલ હોનેપર કુછ પ્રયોજન નહીં હૈ. જો આત્મસ્વરૂપ હૈ, વહ કેવલ ચેતનામયી જ્ઞાનદર્શનસ્વરૂપ હૈ,...'** શું કીધું? એ કાંઈ વાયુની ધારણા કુંભક ને રેચક એ સ્વરૂપે આત્મા નથી કાંઈ, કે જેથી એ ક્રિયાથી આત્મા સ્થિર થાય. સમજાણું? **'આત્મસ્વરૂપ હૈ, વહ કેવલ ચેતનામયી જ્ઞાનદર્શનસ્વરૂપ હૈ,...'** એકલો ચેતના સ્વરૂપ છે, જ્ઞાનદર્શનસ્વરૂપ છે. એની પરિણતિ, તેની પર્યાય તે આત્માને મુક્તિનું કારણ થાય. વાયુધારણા અને જડની ક્રિયાના કર્તા આમ રોકવું.. આ રોકવું (એની) કર્તાબુદ્ધિ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. **'સો શુદ્ધોપયોગી તો સ્વરૂપમેં અતિલીન હૈં,...'** શુદ્ધોપયોગી. સ્વભાવ પરમાનંદ. અહીં તો એકલા પરમાત્માના ગાણા છે. પરમાત્મપ્રકાશ છેને. પરમાત્માના ગાણા એને કહીએ કે શુદ્ધ ઉપયોગમાં લીન થાય એ જ એનો મુક્તિનો ઉપાય છે. એ જ પરમાત્માને પહોંચી શકે છે.

**'ઔર શુભોપયોગી કુછ એક મનકી ચપલતાસે આનંદઘનમેં અડોલ અવસ્થાકોં નહીં પાતે,...'** દેખો, જરી શુભોપયોગમાં એમાં સ્થિર ન થાય જ્યાં સુધી **'તબ તક મનકે વશ કરનેકે લિયે શ્રી પંચપરમેષ્ઠીકા ધ્યાન સ્મરણ કરતે હૈં,...'** ણમો અરિહંતાણં... એમ કરીને ઓલો વિકલ્પ અશુભમાં બહુ ડામાડોળ હોય ક્યાંય અસ્થિર (તો) એને આમાં લાવે છે. બસ, પંચપરમેષ્ઠીનું ધ્યાન **'ઓંકારાદિ મંત્રો...'** દ્રવ્યસંગ્રહમાં આવે છેને. ઘણા મંત્રો. દ્રવ્યસંગ્રહની છેલ્લી ગાથાઓમાં. એક, બે, પાત્રીસ અક્ષર વગેરે પાઠ આવે છે દ્રવ્યસંગ્રહમાં. **'ધ્યાન કરતે હૈં, ઔર પ્રાણાયામકા અભ્યાસ કર મનકો રોક કે ચિદ્રૂપમેં લગાતે હૈં,...'** પછી લગાવી દે ત્યાં. હેતુ તો ત્યાં છે. જરી મનને વિકલ્પ સ્થિર કરવા આવે.

**'જબ વહ લગ ગયા, તબ મન ઔર પવન સબ સ્થિર હો જાતે હૈં.'** લ્યો! ત્યારે એને સ્થિર કરવું પડતું નથી. એ રોકાઈ જાય મન અને શ્વાસ. ભગવાન આત્મામાં જ્યાં ઉપયોગ જામ્યો એટલે બધું અટકી જાય છે. **'શુદ્ધોપયોગિયોંકી દષ્ટિ એક શુદ્ધોપયોગપર હો,...'** જુઓ, શુભ ઉપયોગ ભલે આવ્યો, પણ એની દષ્ટિ ક્યાં છે? શુદ્ધોપયોગમાં જામી જાવું એમ છે. શુભ ઉપયોગમાં રહેવું એકલું એ તો દષ્ટિ મિથ્યા છે. રાગની મંદતાવાળાની દૃષ્ટિ, કહે, શુદ્ધ ઉપયોગમાં લઈ જવું એમ હોય છે, ત્યાં રહેવું એમ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જરીએ કામ નથી. શુભ ઉપયોગીની દૃષ્ટિ એક શુદ્ધ ઉપયોગરૂપ હૈ, એમ એટલી વાત છે. અંદર ઓલો અશુભ હોય એટલે જરી વિકલ્પ ભગવાનનું સ્મરણ કરે, પછી ભગવાનનો કહેલો આત્મા આવો એમ ઉપયોગ ત્યાં લઈ જાય. સમજાણું કાંઈ? ભાઈ! આ તો અંતરની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વરૂપમાં ઠરવા માટે પ્રયત્ન.

**'પાતંજલિમતકી તરહ થોથી વાયુધારણા નહીં હૈ.'** જોયું! સમજાણું? થોથી-ખાલી શૂન્ય છે. એમાં શું છે?

મુમુક્ષુ :- ...ઉપર લક્ષ છે.

ઉત્તર :- એને લક્ષ આ કરવું... આ કરવું... શ્વાસ આ કરું. પ્રાણાયામ કરતો હતો એક જણો રાજકોટમાં. જીવનભાઈ હતા અમારે એક વકીલ હતા ઉમરાળાના. એ પછી રાજકોટ દર્શન કરવા આવેલા. હતા વૈષ્ણવ. પછી સાંજે ધ્યાન કરતા. આમ કરે ને આમ કરે ને આમ કરે. શું કરો છો? કીધું. પ્રાણાયામ કરું છું. શું પણ વસ્તુ સમજ્યા વિના શેના પ્રાણાયામ? ભાન તો ન મળે કે આત્મા શું? એની શક્તિ શું? એ દશા કેમ પ્રગટે? એવા બધા આખી જિંદગી કરેલા પાપ, હવે એ જાણે થોડામાં જો મળી જાયને આમ. આમ-આમ કરીએ ને આમ કરીએ.

મુમુક્ષુ :- પ્રાણાયામ, પ્રાણ-આયામ...

ઉત્તર :- આયામ લંબા. લંબે હો જાયે. ઠીક કહે છે.

**'દૃષ્ટિ એક શુદ્ધોપયોગપર હો, પાતંજલિમતકી તરહ થોથી વાયુધારણા નહી હૈ. જો વાયુધારણાસે હી શક્તિ હોવે, તો વાયુધારણા કરનેવાલોંકો ઉસ દુષમકાલમેં મોક્ષ ક્યોં ન હોવે?'** ઘણા છે અત્યારે એવા બાવા તો, વાયુને આમ-આમ કરે. ઘણા એવા બાવા જંગલમાં પડ્યા હોય. થોથા છે, મૂઢ છે બધા. જે આત્મા સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો એવો ગુણવાળો,

એવી પર્યાયવાળો, દ્રવ્ય શું છે, એની દૃષ્ટિની ખબર નથી ત્યાં વળી ઉપયોગ ક્યાંથી આવે એને? **'कभी नहीं होता. मोक्ष तो केवल स्वभावमयी है.'** દેખો, એ તો એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એની એકાગ્રતા શુદ્ધ ઉપયોગ પણ એનો સ્વભાવ અને એની મુક્તિ પણ એકલા સ્વભાવની પર્યાય.. પરને કારણે મુક્તિ મળતી નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧, ગુરુવાર, તા. ૨૯-૦૭-૧૯૬૫**
**ગાથા-૧૬૩-૧૬૪, પ્રવચન-૧૮૨**

પરમાત્મપ્રકાશ, ૧૬૩ ગાથા. ૧૬૨ થઈ ગઈ. **'आगे फिर परमसमाधिका कथन करते हैं—'** જુઓ! પહેલા આત્માનું સર્વજ્ઞ સ્વરૂપ જે છે એની અંતર એકાગ્રતા થવાથી સર્વજ્ઞપદની પ્રાપ્તિ થાય છે એવો અહીંયાં અધિકાર વર્ણવવામાં આવે છે. અહીંયાં મુનિની પ્રધાનતાએ વ્યાખ્યા છે, પણ શ્રદ્ધાવંતને મુનિની ઉગ્ર સંવર-નિર્જરાની દશામાં કેવી સ્વભાવની સમાધિ એકાગ્રતા હોય અને એના ફળ તરીકે કેવળજ્ઞાન કેવું હોય-એવું એણે પ્રથમ શ્રદ્ધામાં લાવવું જોઈએ. સમજાણું કાંઈ? મૂળ તો સાત તત્ત્વની શ્રદ્ધા કીધીને સાત તત્ત્વ? તો સંવર-નિર્જરાની ઉત્કૃષ્ટ દશાવંત મુનિ એની પણ એને શ્રદ્ધા હોવી જોઈએ અને એ ઉત્કૃષ્ટ સંવર-નિર્જરાના ફળરૂપે કેવળજ્ઞાન દેવ પદવી એની પણ એને પ્રતીત (હોવી જોઈએ). કાર્યની અને કારણની, એ કારણ સેવનારા કેવા હોય છે એવું એને પ્રથમ શ્રદ્ધા, જ્ઞાનમાં એ વાતને લેવી જોઈએ. એ માટે અહીંયાં મુનિઓ કેવી સમાધિ દ્વારા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે એનું વર્ણન કર્યું છે. ૧૬૩.

૨૯૪) **मोहु विलिज्जइ मणु मरइ तुट्टइ सासु-णिसासु।**
**केवल-णाणु वि परिणमइ अंबरि जाहँ णिवासु।।१६३।।**

જોયું? ક્યાંયથી લાવવું નથી કેવળજ્ઞાન.

શું કહે છે? **'जिन मुनिश्वरोंका...'** જુઓ, પ્રથમ તો સમ્યગ્દર્શનમાં સ્વભાવની પૂર્ણતા શક્તિરૂપ છે તેની એકાગ્રતા દ્વારા સમ્યગ્દર્શન થાય છે. પછી વિશેષ એકાગ્રતા દ્વારા ચારિત્ર

થાય છે અને ચારિત્રવંત પણ વિશેષ એકાગ્રતા દ્વારા કેવળજ્ઞાનને પામે છે. સમજાણું કાંઈ? એ વાતનું અહીંયાં વર્ણન કરે છે. કોઈ કહે કે આવી ઊંચી વાત! પણ ઊંચી વાત નવ તત્ત્વમાં, સાત તત્ત્વમાં શ્રદ્ધામાં આવે છે કે નહિ? કેવળજ્ઞાન મોક્ષતત્ત્વ શ્રદ્ધામાં નથી આવતું? ન આવે તો શ્રદ્ધા શેની? અને સંવર-નિર્જરાની પણ ઉત્કૃષ્ટ દશા મુનિને કેવી હોય એ એને શ્રદ્ધામાં ન આવે તો મુનિપણું એટલે સંવર-નિર્જરા ઉત્કૃષ્ટની એને શ્રદ્ધા નથી. એ સંવર-નિર્જરાની શરૂઆત એટલે કે ધર્મની શરૂઆત...

સવારમાં એક વાક્ય શરૂઆતમાં ભાઈ આવ્યું. આ શ્રીમદ્‌નું છેને, સર્વજ્ઞદેવ પરમગુરુ. એવો એક મંત્ર છે. ... જાતનું એક વાક્ય છે. સર્વજ્ઞદેવ પરમગુરુ. એમ એક છેને એમાં? અને ઘણે ઠેકાણે, સર્વજ્ઞ છે નક્કી કરો, સર્વજ્ઞપદને નક્કી કરો, સર્વજ્ઞપદ છે એમ નક્કી કરો. બહુ ઠેકાણે આવે છે. એમાં ૩૦માં વર્ષ પછી તો સર્વજ્ઞ ૐ સર્વજ્ઞાય નમઃ ત્યાંથી શરૂ ..વિશેષ કરે છે પાછળથી.

અહીં કહે છે કે આત્મા. જુઓ, અહીં કેવળજ્ઞાન પરિણમઈ છેને? સર્વજ્ઞ થયુંને? **'केवल-णाणु वि परिणमइ'** કેવળજ્ઞાનરૂપે આત્મા પરિણમે છે. કેવળજ્ઞાનરૂપ દશા ક્યાંય બહારથી આવતી નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞપર્યાય ક્યાંય બહારથી નથી આવતી. સર્વજ્ઞપર્યાય કહો કે કેવળજ્ઞાન કહો, એ ક્યાંય બહારથી આવતી નથી. એ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપી જ સ્વરૂપ છે એનું. સર્વજ્ઞસ્વરૂપ એનું શક્તિ સત્ત્વરૂપ. એમાં પ્રતીતરૂપે એકાગ્રતા થાય ત્યારે સમ્યગ્દર્શન કહેવાય કે આ સર્વજ્ઞસ્વરૂપ જ એટલે જ્ઞાતા સ્વરૂપ જ છે, જ્ઞાયક સ્વરૂપ જ છે. એમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધ આદિ કાંઈ છે જ નહિ. એવા સ્વરૂપની અંદરમાં નિર્વિકલ્પ, રાગમિશ્રિત બુદ્ધિ છૂટીને નિર્વિકલ્પ પ્રતીત થવી એને સમ્યગ્દર્શન કહે છે. એમાં એ સર્વજ્ઞ સ્વભાવની જ પ્રતીત આવી. સમજાણું કાંઈ? અને ચારિત્ર થયું ત્યારે એ સર્વજ્ઞસ્વભાવમાં વિશેષ લીનતા થઈ ત્યારે ચારિત્ર થયું. બરાબર હૈ? અને સર્વજ્ઞસ્વભાવી ભગવાન એમાં એકાકારની સમાધિ થઈ તો એ આત્મા કેવળજ્ઞાનપણે પરિણમી જાય છે. એટલે મોક્ષતત્ત્વપણે પરિણમી જાય છે. સંવર-નિર્જરાની ઉત્કૃષ્ટ દશા દ્વારા કેવળજ્ઞાનરૂપી મોક્ષની પર્યાયરૂપ આત્મા જ પરિણમે છે. એમાં બીજા રાગ, વિકલ્પ, નિમિત્તની સહાય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જિન મુનિશ્વરોંકા...'** **'अंबरे'** નામ **'પરમસમાધિમેં...'** **'अंबरे'**નો અર્થ જ પરમસમાધિ. ભગવાન આત્મા ઓહો..! વર્તમાન અલ્પજ્ઞતા છતાં પૂર્ણ સર્વજ્ઞની ભાવનાવાળો જીવ, અલ્પજ્ઞ કાળમાં પણ સર્વજ્ઞસ્વભાવી આત્માની પ્રતીત નિર્વિકલ્પ અનુભવમાં કરે છે. સમજાણું કાંઈ? એટલે કે પરમસમાધિ. ભગવાન આત્મા વસ્તુ નિર્મળ પૂર્ણ નિર્મળ-મળ વિનાની (છે) એટલે એકલો જ્ઞાનસ્વભાવી ભગવાન એમાં લીનતા તેને પરમસમાધિ કહે છે. ઉત્કૃષ્ટ લીનતાની વાત

છેને. એમાં '**નિવાસ હૈ ઉનકા...**' (જે) ભગવાન આત્મામાં પરમસમાધિ દ્વારા વસ્યો છે, નિવાસ કર્યો છે. આહા..હા..! પુણ્ય આદિ વિકલ્પમાંથી ખસી ગયો છે, હઠી ગયો છે. ભગવાન આત્માના પૂર્ણ સ્વભાવ તરફ નિર્વિકલ્પ શાંતિ, સમાધિ એટલે સમ્યગ્દર્શન-પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન-પૂર્ણ જ્ઞાનનું જ્ઞાન, ચારિત્ર-પૂર્ણ જ્ઞાનમાં સ્થિરતા એવો જેણે નિવાસ પરમસમાધિએ આત્મામાં કર્યો છે. ઓહો..હો..! અનાદિથી આમ બહાર નિવાસ કરતો હતો, સંયોગમાં લક્ષ કરીને, રાગમાં લક્ષ કરીને, પુણ્યનું લક્ષ કરીને એમાં ટકતો હતો એ તો સંસાર છે.

ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ સર્વજ્ઞસ્વરૂપી. સર્વજ્ઞ પ્રગટશે એ તો પર્યાયે. સર્વજ્ઞસ્વરૂપી ભગવાન આત્મામાં જે નિવાસ એના તરફની પરમસમાધિ દ્વારા કરે છે. '**ઉનકા મોહ નાશકો પ્રાપ્ત હો જાતા હૈ,...**' એને વ્યયથી લીધું. એનો પર તરફનો સાવધાનનો જે વિકલ્પ છે એ વ્યય થઈ જાય છે. અને '**મન મર જાતા હૈ,...**' એ વિકલ્પ ગયો એટલે મન મરી ગયું એમ. '**શ્વાસોચ્છવાસ રુક જાતા હૈ,...**' એને કારણે હોં. '**ઔર...**' આપ. આપ છેને? '**अपि**'? છૂટી ગયો શબ્દ. '**णाणु वि अपि**' '**ઔર કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ.**' ઓહો..! જુઓ, સમજાણું આજ? આજ સમજાણું એટલે? અત્યારે આ કહ્યુંને. સવારમાં ઉઠતા જ પહેલા સર્વજ્ઞ યાદ આવ્યા. સર્વજ્ઞ સ્વભાવ ભગવાન અરીસો ચૈતન્યમૂર્તિ. જેનું જ્ઞાન પૂર્ણપણાને પર્યાયમાં પ્રાપ્ત થયું એને જ આત્મા, ખરેખર એને જ જ્ઞાન કહીએ. એમ કહ્યુંને પ્રવચનસારમાં? ચાર જ્ઞાનને જ્ઞાન નહિ... નહિ... નહિ... એને કોણ કહે? દિવ્યજ્ઞાન-દિવ્યજ્ઞાન તેને જ્ઞાન (કહીએ).

હા, એ વિશ્વાસ અંતરમાં પૂર્ણ જ્ઞાનનો દરિયો આત્મા. જેમાં કેવળજ્ઞાનના રત્ન જેની એકાગ્રતાથી પાકે, એવો ભગવાન જ્ઞાનસ્વભાવ આત્મા એમાં લીન થવાથી '**કેવળજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ.**' '**परिणमति**'નો અર્થ કર્યો. સમજાણું? એને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. લ્યો! '**केवलज्ञानमपि परिणमति समुत्पद्यते**' બે શબ્દ લીધા છે. એટલે? કેવળજ્ઞાનરૂપે પરિણમન એટલે મોક્ષદશારૂપે પરિણમન. એટલે કે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટરૂપે નહોતી તે ઉત્પન્ન થઈ. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ કહ્યા. ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપી એ ધ્રુવ, એની નિર્વિકલ્પ શાંતિ દ્વારા મોહનો વ્યય થયો એ વ્યય-નાશ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ તે ઉત્પાદ. કહો, સમજાણું આમાં? '**परिणमइ**' '**ઉત્પન્ન હોતા હૈ.**' એ પરિણમતિનો અર્થ '**समुत्पद्यते**' કર્યો છે ખરોને એનો સંસ્કૃતમાં.

**ભાવાર્થ :-** કહે છે, અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છેને? છેલ્લા શ્લોકો છે. ભગવાન પહેલો દર્શનમોહનો નાશ કરે છે આત્મા, પછી ચારિત્રમોહનો નાશ કઈ રીતે થાય છે એની અહીં વાત કહેવામાં આવે છે. '**દર્શનમોહ ઔર ચારિત્રમોહ આદિ કલ્પના-જાલ...**' એ પણ શબ્દ છે 'વિકલ્પજાળ' પાઠમાં. એનો કલ્પના અર્થ કર્યો છે. પાઠમાં 'વિકલ્પજાળ' છે ટીકામાં. કલ્પના...

કલ્પના... કલ્પના... એટલે કલ્પના કેમ કહ્યું? કે એ કલ્પનાની વૃત્તિઓ ઉઠે છે મૂળ. વસ્તુ સ્વરૂપમાં નથી. પાછું શું કહ્યું? એ '**દર્શનમોહ ઔર ચારિત્રમોહ આદિ કલ્પના...**' એટલે પરિણતિ-એની વિકારી પરિણતિ લીધી છે. સમજાણું કાંઈ? દર્શનમોહ અને ચારિત્રમોહ કર્મ નથી લીધું. પોતાની પરિણતિ, પર્યાય લીધી છે. ભગવાન આત્મામાં જે મિથ્યા ભ્રાંતિની કલ્પનાના વિકલ્પો અને ચારિત્રમોહના રાગ-દ્વેષ, વિષય-વાસના આદિ કે અસ્થિરતા પુણ્ય આદિના વિકલ્પો એ રૂપે વિકલ્પજાળ '**સબ વિલય હો જાતે હૈં,...**' ઓહો..! ભગવાનના શરણે આત્મા જાય, પૂર્ણ રીતે શરણમાં જાય તો એ વિકલ્પ કેમ ટકી શકે? એમ કહે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પોતે નિજ સ્વરૂપ એને શરણે જાય ત્યાં આ આવી ચીજ ટકી કેમ શકે? વિકલ્પો પામર... પામર... કલ્પનાઓ એ પ્રભુને શરણે પ્રતીત, જ્ઞાન અને સ્થિરતા ગઈ, પ્રભુને શરણે શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા ગઈ એટલે એનો મોહ નાશ થઈ જાય છે.

અને '**ઈસ લોક પરલોક આદિકી વાંછા આદિ વિકલ્પરૂપ મન સ્થિર હો જાતા હૈ,...**' મનની વ્યાખ્યા કરી. મન કેવું છે? કે આ લોક અને પરલોકની વાંછારૂપી વિકલ્પજાળ તેને મન કહેવું. એ મન પણ ત્યાં સ્થિર થઈ જાય. ભગવાન આત્માને અવલંબે પૂર્ણાનંદ પ્રભુ જે કોઈ દિ' સ્વને અવલંબ્યો નથી, અનાદિથી પરના આલંબન લીધા છે અને એમાં ધર્મ આદિ માન્યો છે એ ભ્રાંતિમાં પડેલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને વલણે ગયો આત્મા, પોતે પોતાના સ્વભાવને (આશ્રયે ગયો). અરે! આ ભારે ભાઈ! એનું મન મરી જાય છે કહે છે. એટલે સંકલ્પ-વિકલ્પવાળું મન, સંકલ્પ-વિકલ્પ વિનાની જે ચીજ પૂર્ણાનંદ પ્રભુ, એના તરફની એકાગ્રતાની ઉગ્રતાથી (મન મરી જાય છે). એકાગ્રતાની ઉગ્રતા એને અહીંયાં નિર્વિકલ્પ સમાધિ કીધી છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉગ્રતા.

'**ઔર શ્વાસોચ્છ્વાસ વાયુ રુક જાતી હૈ,...**' રોકાઈ જાય છે હોં, રોકે છે એમ કાંઈ નથી. શ્વાસની ક્રિયા ઘણી મંદ થઈ જાય, મંદ થઈ જાય. '**શ્વાસોચ્છ્વાસ અવાંછીકપનેસે નાસિકાકે દ્વારકો છોડકર...**' જેમ આ નાસિકાને દ્વારે શ્વાસ ચાલે છે એ ભગવાન આત્મા પોતાની એકાગ્રતામાં હોય છે ત્યારે '**તાલુછિદ્રમેં હોકર નિકલતે હૈં,...**' એ ત્યાંથી શ્વાસ નીકળે છે એની મેળાએ. એનો એવો સ્વભાવ. સમજાણું? '**તથા કુછ દેરકે બાદ નાસિકાસે નિકલતે હૈં.**' કોઈવાર વળી નાસિકાથી પણ નીકળે. '**ઈસપ્રકાર શ્વોસાચ્છ્વાસરૂપ પવન વશ હો જાતા હૈ. ચાહે જિસ દ્વારસે નિકાલો.**' એમ લેવું. '**કેવલજ્ઞાન ભી શીઘ્ર હી ઉન ધ્યાની મુનિયોંકે ઉત્પન્ન હોતા હૈ,...**' કેવળજ્ઞાન આ રીતે પમાય છે. કેટલા અપવાસ કરીને કેવળજ્ઞાન પમાય? નહિ?

અહીં કહે છે કે, ભાઈ! પ્રભુ! તારા સમીપમાં વસવાથી કેવળજ્ઞાન પમાય છે. ઉપ નામ

સમીપ, વાસ નામ વસવું. ભગવાન! પણ એ આત્મા મહાન પદાર્થ છે ઈ કેમ એને વિશ્વાસમાં-પ્રતીતમાં આવતો નથી. આ મહાન કોઈ પદાર્થ તે ત્રણ લોકનો નાથ, જેની એક પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક પરની સામું જોયા વિના પર્યાય પરિણમી જાય એવું એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એવું માન, બહુમાન થતાં, ભગવાન આત્માનું ઉગ્રપણે બહુમાનમાં અંદર પેસતા **'શીઘ્ર હી...'** '**કેવલજ્ઞાન ભી શીઘ્ર હી ઉન ધ્યાની મુનિયોંકે ઉત્પન્ન હોતા હૈ,...**' એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત થવા માટે એને લાંબો કાળ હોય નહિ. એકદમ અંદરથી પરિણમી જાય કેવળજ્ઞાન. એ અંતરમાં સ્થિરતાને દ્વારે કેવળજ્ઞાન પમાય છે. એ અહીંયા શ્રદ્ધા કરાવે છે. ભાઈ! કેવળજ્ઞાન કેમ થાતું હશે? સમજાણું કાંઈ?

'**કિ જિન મુનિયોંકા રાગ-દ્વેષ-મોહરૂપ વિકલ્પજાલસે રહિત શુદ્ધાત્માકા...**' જુઓ, જે ધર્માત્મા સંતોની દશા નિર્વિકલ્પ પ્રતીતપૂર્વક, સ્વસંવેદનજ્ઞાનપૂર્વક, સ્વરૂપની રમણતાની ઉગ્રતા દ્વારા. કેવા? કે '**રાગ-દ્વેષ-મોહરૂપ વિકલ્પજાલસે રહિત શુદ્ધાત્માકા...**' એટલે ત્રિકાળી સ્વરૂપ. '**સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિર્વિકલ્પ ત્રિગુપ્તિમયી પરમસમાધિમેં નિવાસ હૈ.**' સમજાણું? જેમાંથી લાભ મળે એમાંથી કેમ ખસે? ભગવાન આત્મા શુદ્ધાત્મા પૂર્ણાનંદ પ્રભુ પરમ બ્રહ્માનંદ સ્વરૂપ એકલો કેવળજ્ઞાનનો સૂર્ય પ્રભુ એવો શુદ્ધાત્મા, એની સમ્યક્ શ્રદ્ધા, એવા શુદ્ધ સ્વભાવની સાચી શ્રદ્ધા-સત્ય શ્રદ્ધા એ નિર્વિકલ્પ શ્રદ્ધા. વસ્તુ છે તેવી અંતર શ્રદ્ધા રાગના વિકલ્પ તૂટ્યા વિના થાય નહિ. કારણ કે તેથી પહેલું કહ્યું કે એ રાગ-દ્વેષ-મોહરૂપ વિકલ્પજાળથી રહિત છે. રહિત છે તો રાગના સહિતથી એની શ્રદ્ધા થાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ઝીણી!

માણસને આ અંતર રહસ્યની તત્ત્વ વાત જરી એવી લાગે, લુખ્ખી જેવી લાગે, પણ માલ જ આમાં છે. માલ જ એમાં ભર્યો છે. બાકી બધી ઘણી વાતું સંસારની આવે, પુણ્ય-પાપની આવે, ઘણી આવે ચરણાનુયોગમાં, કથાનુયોગમાં વાત આવે. પણ એનો સાર શું? સમજાણું કાંઈ? એનો સાર વીતરાગભાવ પ્રગટ ન થાય તો ચારેય અનુયોગનો સાર તો કાંઈ આવ્યો નહિ. વીતરાગભાવ ક્યારે પ્રગટ થાય? કે શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધાન (થાય ત્યારે). અરે! હું એક પરમાત્મા છું. એટલે કે પરમ આત્મ એટલે કે પરમસ્વરૂપ જ હું છું એક. મારા પરમસ્વરૂપ આગળ બધા સ્વરૂપ અપરમ છે.

મુમુક્ષુ :- બધા એટલે?

ઉત્તર :- આ પર્યાય, રાગાદિ બધાય. એક સમયની પર્યાય પણ અપરમપદ છે, અપરમભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યું છેને, નિયમસારમાં આવે છે. પારિણામિકભાવ તે પરમભાવ છે, ચાર

ભાવ તે અપરમભાવ છે. વળી અહીં અત્યારે એમ યાદ આવી ગયું. કહો, સમજાણું કાંઈ? એ ક્ષાયિકભાવ પણ અપરમભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પરદ્રવ્ય કહી દીધું. ભગવાન પરમભાવ... પરમભાવ... અરે..! એ તે વસ્તુ! એ પરમભાવ ભગવાન પરમભાવનો પિંડલો એકલો છે. આહા..હા..! એની સમ્યક્ શ્રદ્ધાન. એ તો રાગ વિનાની ચીજ છે તો રાગ વિનાની સમ્યક્શ્રદ્ધાન. એનું સમ્યગ્જ્ઞાન. સમ્યક્ શબ્દ લાગુ પડ્યોને ત્રણેને? એ પરમભાવ એવો શુદ્ધાત્મભાવ. પરમભાવ તો પરમાણુને પરમભાવ હોય છે દ્રવ્ય તરીકે, પણ આ તો જ્ઞાયકરૂપ પરમભાવ, શુદ્ધ પરમભાવ. એનું સમ્યગ્જ્ઞાન, એના અંતરમાં એનું જ્ઞાન, એનું બહુમાન થઈને વેદન, જ્ઞાનનું જ્ઞાનથી વેદન એને સમ્યગ્જ્ઞાન કહીએ.

**'આચરણરૂપ...'** લ્યો આચરણ. એવા શુદ્ધાત્મા ભગવાન એમાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનસહિત એનું આચરણ. સ્વભાવનું આચરણ, શુદ્ધાત્માનું આચરણ, શુદ્ધાત્માનું ચારિત્ર, શુદ્ધાત્માની રમણતા, શુદ્ધાત્માની વર્તના એવું ચારિત્ર. **'નિર્વિકલ્પ...'** એ વિકલ્પ વિનાનું છે. અભેદ. **'ત્રિગુપ્તિમયી...'** મન, વચન અને કાયાથી ગુપ્ત છે. **'પરમસમાધિમેં...'** એવી પરમ શાંતિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમ શાંતિ છે. ત્રણે શાંતિ છે હોં. સમ્યગ્દર્શન પણ શાંતિ છે, સમ્યગ્જ્ઞાન પણ શાંતિ છે અને સમ્યક્ચારિત્ર પણ શાંતિ છે. એવા **'પરમસમાધિમેં...'** કારણ કે અહીં ઉત્કૃષ્ટ વાત લેવી છેને. **'નિવાસ હૈ.'** એને પહેલી પ્રતીતમાં તો લેવું પડશેને કે આવો જ્યાં નિવાસ થાય તેને કેવળજ્ઞાન થાય. એ સિવાય કેવળજ્ઞાન કોઈ આટલા અપવાસ કરે અને આટલો કાળ થાય ને... સમજાણું કાંઈ? જુઓ, આઠ વર્ષે મુનિ થાય અને કરોડ પૂર્વ સુધી ચારિત્ર પાળે, પણ જ્યારે અંદરમાં એકાગ્ર વિશેષ થાય ત્યારે પરમસમાધિમાં સ્થિર થાય ત્યારે કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ?

**'પરમસમાધિમેં નિવાસ હૈ.'** સ્થિરતા ચારિત્રની તો ઘણો કાળ રહે, અબજો વર્ષ રહે, પણ એવી અંદરમાં નિવાસ લીનતા (થાય) કે જે ધારાએ અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન થાય. એ વાત બતાવે છે. કોઈને આઠ વર્ષે ચારિત્ર થાય અને અંતર્મુહૂર્તે કેવળ થાય, કોઈને આઠ વર્ષે ચારિત્ર થાય, ... કરોડ પૂર્વે કેવળ થાય. એ કહે છે કે અંદર જે એકાગ્રતાની ઉગ્રતા વિના, એ ક્ષણ આવ્યા વિના કેવળજ્ઞાન થાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉગ્રતા કેવી હોય?

ઉત્તર :- ઉગ્રતા સ્વભાવ તરફ વળી. કેવી શું? વસ્તુ તરફનો પ્રયત્ન ઉગ્ર. ચારિત્ર તો હતું, અબજો વર્ષથી હતું. પણ જ્યારે એની લીનતા જામી, વસ્તુ તરફની બિલકુલ સ્થિરતાની ઉગ્રતા થઈ એને અહીં સમાધિ કીધી છે, શાંતિ કીધી છે. એથી અલ્પકાળમાં, લ્યો નિવાસ.

'**યહાં અંબર નામ આકાશકા અર્થ નહીં સમજના,...**' અહીંયાં અંબર નામ આકાશ નહિ સમજવું. '**કિંતુ સમસ્ત વિષય-કષાયરૂપ વિકલ્પજાલોંસે શૂન્ય પરમસમાધિ લેના.**' એ નિર્વિકલ્પ શાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉગ્રતા તે સમાધિ લેવી. .. સમ્યગ્દર્શનમાં અંદર નાખી દીધું. ઓલા ગપ્પા મારેને આત્મામાં આમ સમાધિ લાગી ગઈ છે. પંદર દિ' સુધી બોલતા નથી અને સમાધિ લાગી ગઈ. હવે એ સમાધો ક્યાં હતો? કેટલાક હોય છેને અત્યારે. હોય છે. દાટે અંદર, પંદર દિ' સુધી પડ્યા રહે. વાળ વધે નહિ હોં એને. હોય મૂઢ મિથ્યાદૃષ્ટિ અભવિ. ખાડા ગાળે છેને. ઉપર ધૂળ નાખી દે, માથે પાટીયા નાખે, ઉપર ધૂળ નાખે. પંદર દિ' રહે અંદર. નીકળે ત્યારે જેવા પહેલેથી વાળ હતા એટલા ને એટલા. વાળ વધે નહિ, નખ વધે નહિ, વાળ વધે નહિ. અજ્ઞાની હોય છતાં. ધર્મ-બર્મ નથી જરીએ. સમજાણું કાંઈ? આ તો કહે છે '**વિષય-કષાયરૂપ વિકલ્પ-જાલોંસે શૂન્ય પરમસમાધિ લેના.**' ઓલો આમ કરીને બેસી જાય અંદરથી સમાધિ થઈ ગઈ છે. ઘણા બાવાને એ કરે છેને. અત્યારે ઘણા કરે છે હોં. હા. ઘણા એવા દાટે. ઓહો..હો...હો..! લોકોમાં ચમત્કાર લાગે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ જ કહું છું. આ ઉપરથી તો સિદ્ધાંત સિદ્ધ થાય છે કે ભગવાનને કેવળજ્ઞાન થતાં પછી વાળ અને નખ વધે નહિ. આને પણ વધતા નથી હોં અજ્ઞાની-મૂઢ. એક જણો પરસ્ત્રીનો લંપટી હતો અને આ કરતો આવું. ખબર છેને અમને તો. રામજીભાઈને મળ્યો હતો એ. મેં જોયો નહોતો. અહીં આવ્યો હતો. ઓલા ગુરુકુળમાં આવ્યો હતો. પણ પંદર-પંદર દિ' હોં અંદર રહે. ખાડો ગાળીને રહે, માથે પાટીયા અને માથે ધૂળ. નીકળે ત્યારે એવો ને એવો. એ ત્રાટક એવું. એને પૂછ્યું હતું કે તમે ભગવાનનું સ્મરણ કરીને રહી શકો? ના. અમે તો જે સાધ્યું હોય એમાં લક્ષ કરીને પડ્યા રહીએ. એ વસ્તુ નથી. લોકોને એમાં ચમત્કાર આવી જાય છે. આહા..હા..! એ માટે અહીં ખુલાસો કર્યો છે કે એવા કંઈક હોય. આમ કરીને શ્વાસ કાઢ્યો અને ઢીંકણું કરીને પછી આમ રહી જાય. એ માલ વિનાની (વાત છે).

વસ્તુ એક સમયનો ભગવાન પૂર્ણાનંદ. અનંતગુણની રાશી એવું ચૈતન્ય તત્ત્વ ઝળહળતી જ્યોત એવી પૂર્ણની પ્રતીત, જ્ઞાન અને રમણતા સિવાયની સમાધિ હોઈ શકે નહિ. થોથા એ બધા થોથા. લોકોને વિસ્મય લાગે. એમાંથી તો અનુમાન એમ થાય કે પંદર દિ' સુધી રહે છતાં શ્વાસ મંદ થઈ જાય અને નખ અને વાળ વધે નહિ. તો સર્વજ્ઞદશા થાય એને શું થાય? નખ અને વાળ વધે જ શેના? એવું. ઓહો..હો..! આઠ વર્ષે કેવળ થાય. શરીર વધે જરી. અંદરની સ્થિતિ મર્યાદાએ રહે. સમજાણું? આવા અજ્ઞાનીને આવું થાય છે તો સર્વજ્ઞનું શું કહેવું! સમજાણું? એ અતિશયોક્તિ નથી. હવે કેટલાક એમ કહે કે ભગવાનના આમ અતિશય.

છતાથી છત.. આ તો અત્યારે અજ્ઞાનીને થાય છે, પછી એમાં પ્રશ્ન શું તને રહ્યો? શરીર સ્ફટિક જેવું થઈ જાય.

એક બાઈ હતી હમણા ચીનમાં બાઈ એક. એને આમ બધું દેખાય એકે એક શરીર આખું. શરીર પણ એનું એવું હતું કાચની પૂતળી જેવું. આમ બહાર બધું દેખાય અંદર શું છે એ એક એક દેખાય. ચામડાની સ્થિતિ એવી પરિણમેલી. અજ્ઞાની. ભગવાનને કેવળજ્ઞાન થતાં શરીરના રજકણો સ્ફટિક જેવા થાય એમાં વિશેષ શું છે?

મુમુક્ષુ :- એમાં કાંઈ નથી. એ તો અજ્ઞાનદશામાં.

ઉત્તર :- અજ્ઞાનદશામાં આ વાત છે હોં એક. હમણા ઘણા વર્ષ પહેલા આવી હતી. એ બાઈ હમણા આવી હતી. અમે તો અમારે કાને પડી હોયને વાત. લોકો કહેને. આમ શરીર કેવું હોય! બાઈનું શરીર. ધ્યાનથી જોવે તો અંદરમાં લોહી ફરતું હોય એમ બધું દેખાય. કાચમાં જેમ દેખાય એ બધું દેખાય શરીરમાં. અહીં આ ગયો, અહીંથી ઉતર્યો, અહીંથી આમ થાય એ બધું દેખાય શરીરમાં. એવા રજકણોનું પરિણમન. એ કાંઈ વસ્તુ નથી. એવા પુદ્ગલોનું એવું પરિણમન એવી દશા. એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ હતા. આ તો સર્વજ્ઞદેવ પરમાત્મા પૂર્ણાનંદની જ્યાં દશા (પરિણમી), કેવળજ્ઞાન થયું, સ્ફટિક જેવું શરીર. સમજાણું? અને તેને ધ્યેય ભગવાન પૂર્ણાનંદ છે અંતર. એની સમાધિ લેવી, બીજાની શૂન્ય સમાધિ ન લેવી.

**'વાયુ શબ્દસે કુંભક પૂરક રેચકાદિરૂપ વાંછાપૂર્વક વાયુ નિરોધ ન લેના,...'** ઈચ્છાપૂર્વક આમ વાયુને રોકવો અને ખેંચવો એવું કાંઈ જ્ઞાનીને હોતું નથી. એની મેળાએ શ્વાસ રોકાઈ જાય. **'કિંતુ સ્વયમેવ અવાંછિક વૃત્તિ પર નિર્વિકલ્પસમાધિકે બલસે બ્રહ્મદ્વાર નામા સૂક્ષ્મ છિદ્ર જિસકો તાલુવેકા રંધ્ર કહતે હૈં, ઉસકે દ્વારા અવાંછિક વૃત્તિસે પવન નિકલતા હૈ,...'** આ બધું શું કરવા નાખ્યું છે? અન્યમતિની આવી કોઈ ક્રિયા દેખીને તું મૂંઝાઈ ન જાઈશ. અંદરના દૃષ્ટિના ધ્યેય વિના જે આવું થાતું હોય એ બધા થોથા છે. ભ્રમણામાં ન જઈશ. આ બાવો આવો થઈ ગયો, આ બાવો આવો છે. **'ધ્યાની મુનિયોંકે પવન રોકનેકા યત્ન નહીં હોતા હૈ,...'** ત્યાં ક્યાં રોકે? એ તો જડની કર્તાબુદ્ધિ થઈ. પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં એકાકાર દૃષ્ટિ લગાવી દીધી છે. શુદ્ધ સ્વરૂપમાં લગાવી છે દૃષ્ટિ જેણે. અસ્તિ તત્ત્વ મહાન ભગવાન એમાં લગાવ્યું એમાં એને પવન રોકવાનો યત્ન હોતો નથી. **'બિના હી યત્નકે સહજ હી પવન રુક જાતા હૈ,...'** પવન રોકાઈ જાય એની જે સ્થિતિ હોય છે એ પ્રમાણે. **'મન ભી અચલ હો જાતા હૈ,...'** વિકલ્પ પછી રહે જ ક્યાં? મન એટલે વિકલ્પ અંદર. **'ઐસા સમાધિકા પ્રભાવ હૈ.'** અંતર સમાધિ હોં. આ દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં લઈને ઠરે એ સમાધિ. બીજાની વાત નથી. એ શ્લોક પણ આવશે હમણા. એ પંડિતજી બોલ્યાને,

**'दुक्खक्खओ...'** એ હમણા શ્લોક આવશે ક્યાંક. એ ક્યાંક છે આમાં શ્લોક છે ક્યાંક. એ આવે. વાત છેને. ક્યાંક છે ખરું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા, હોય છેને. એ વસ્તુ છેને એમાં. ક્યાં નથી? એ આવશે આમાં. અહીં છે ક્યાંક. આવેને વસ્તુ તો હોય છે. આપણે સમાધિ તો સામાયિકમાંથી કાઢી હતી. સામાયિકના પાઠમાંથી. આ શબ્દ તો છે જ. આ રહ્યું જુઓ. ૧૮૮ ગાથામાં છે. ૧૮૮ ગાથા છેને. **''दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो सुगईगमणं समाहिमरणं जिणगुणसंपत्ती होइ मज्झं''** આ કુંદકુંદાચાર્ય કૃત, પ્રાકૃત સિદ્ધભક્તિ. એવું લખ્યું છે તે દિ' ગોતીને. ક્યાંનો શ્લોક છે એ. બસ, ૩૨૮ પાને છે. ૩૨૮. ૧૮૮ ગાથામાં અંદર છે. જુઓ, **'ચતુર્ગતિકે દુઃખોંકા ક્ષય હો, અષ્ટ કર્મોંકા ક્ષય હો, જ્ઞાનકા લાભ હો, પંચમગતિમેં ગમન હો, સમાધિ મરણ હો, ઔર જિનરાજકે ગુણોંકી સંપત્તિ મુજકો હો.'** લ્યો! **'યહ ભાવના ચૌથે, પાંચવે, છઠ્ઠે ગુણસ્થાનમેં કરને યોગ્ય હૈ,...'** એવું લખ્યું છે નીચે, એમાં ને એમાં અર્થ લખ્યો છે હોં. ૧૮૮માં. ભાવ આવેને. ભાવ હોય. **'दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो'** સમાધિ. કહો, સમજાણું કાંઈ?

**'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જો મૂઢ હૈ, વે તો અંબરકા અર્થ આકાશકો જાનતે હૈં,...'** આકાશમાં ધ્યાન કરવું. આકાશ શું છે? આકાશ તો જડ છે. **'ઔર જો જ્ઞાનીજન હૈં, વે અંબરકા અર્થ પરમસમાધિરૂપ નિર્વિકલ્પ જાનતે હૈં.'** જુઓ, સમજાણું? **'तुट्टइ मोहजालु जइ जाणहि।।'** **'जाणहि'** જાણવું અંદરમાં એનું નામ સમાધિ છે. થોથી સમાધિ શું કામની? કહે છે. **'ઔર જો જ્ઞાનીજન હૈં, વે અંબરકા અર્થ પરમસમાધિરૂપ નિર્વિકલ્પ જાનતે હૈં. સો નિર્વિકલ્પ ધ્યાનમેં મન મર જાતા હૈ, પવનકા સહજ હી નિરોધ હોતા હૈ,...'** નિરોધ જોઈએ ત્યાં. શબ્દ ભૂલ છે. **'નિરોધ હોતા હૈ, ઔર સબ અંગ તીન ભુવનકે સમાન હો જાતા હૈ.'** એમ પોતે છૂટો નિર્મળ અનુભવ થયો એટલે લોક જ જાણે ત્રણ લોક અહીં જ છે દેહ આદિ.

**'જો પરમસમાધિકો જાને, તો મોહ ટૂટ જાવે.'** એ પરમસમાધિને જાણે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞસ્વભાવી આત્મા મહાન પદ એનું ધ્યાન, એની લીનતા, એવી સમાધિને જે જાણે એના **'મોહ ટૂટ જાવે.'** ગુણ સમાધિ ઉત્પન્ન થઈ, મોહનો નાશ થયો. ઉત્પાદ-વ્યય થઈ ગયો. **'મનકે વિકલ્પોંકા મિટના વહી મનકા મરના હૈ,...'** લ્યો! બીજું મરવું શું મનનું? મનનો વિકલ્પ અસ્થિરતા છૂટી જવી એ મનનું (મરવું છે), એનું નામ મનનું મરવું છે. **'ઔર વહી શ્વાસકા રૂકના હૈ,...'** શ્વાસ પણ એની મેળાએ એમ રોકાઈ જાય છે.

**'જો કિ સબ દ્વારોંસે રૂકકર દશવેં દ્વારમેંસે હોકર નિકલે. તીન લોકકા પ્રકાશક આત્માકો...'** ત્રણ લોકના પ્રકાશક ભગવાન આત્મા. આહા..હા..! જુઓને, આચાર્યને એના વખાણ કરતા પણ શબ્દો ઓછા પડે છે! ત્રણ લોકનો પ્રકાશક, ત્રણ લોકમાં કોઈનો કર્તા નહિ. ઓલા કહે છેને કે કર્તા છે ઈશ્વર અને આ કર્યું. અરે! કર્તા હોય તો સર્વજ્ઞ ક્યાં રહ્યો? સર્વજ્ઞ રહ્યો નહિ. કર્તા હોય તો ભૂતકાળનો તો જાણનાર રહ્યો નહિ. એક વર્તમાન અને ભવિષ્યનો જાણનાર રહ્યો, તો વર્તમાનમાં તો કરે છે. એનો જાણનાર ન રહ્યો, કર્તા રહ્યો. ભવિષ્યનો જાણનાર રહ્યો. સર્વજ્ઞ જ્યારે કહો ત્રિકાળ જ્ઞાન, ત્રિકાળ જ્ઞાન. ત્યારે તો વસ્તુ ત્રિકાળ હતી એનું જ્ઞાન એણે કર્યું. કર્તા રહ્યો ક્યાં? સર્વજ્ઞને જ્યાં કબુલ કરવા જાય,... કોઈ કાળે સર્વજ્ઞનો વિષય નહોતો એમ ક્યાં રહ્યું? સર્વજ્ઞનો વિષય બનાવ્યો. એમણે પહેલું ઈશ્વરે આ બનાવ્યું અને પછી જાણ્યું. એ તો ભૂતકાળમાં તો કર્તા રહ્યો, ત્રણ કાળનો જ્ઞાની રહ્યો નહિ. એમ ન હોઈ શકે. જ્ઞાન તો વર્તમાનમાં અલ્પજ્ઞાનીને પણ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જ્ઞાન દેખાય છે. ખબર નથી પડતી કે આજે ગુરુવાર છે, કાલે બુધ હતો, કાલે શુક્ર આવશે. ખબર નથી? એટલું અહીંયાં પણ સામાન્ય ખ્યાલમાં આવે છે. મહિના પછી આ મહિનો આવશે, આ મહિનો ગયો. એવું નથી ખ્યાલ આવતું? જે સર્વજ્ઞ હોય એને ત્રણ કાળનું જ્ઞાન (હોય). એમાં આ કાળનો કર્તા અને આ કાળનો જ્ઞાતા એમ રહે છે ક્યાં? વસ્તુ જ એવી રીતે છે. સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે ઓહો..હો..! **'તીન લોકકા પ્રકાશક...'** ત્રણ લોકનો કર્તા નહિ ક્યાંય. **'આત્માકો નિર્વિકલ્પ સમાધિમેં સ્થાપિત કરતા હૈ.'** ભગવાન તો ત્રણ લોકનો જાણનાર આત્મા છે. કહો, એમાં રાગાદિ જાણનાર, પુણ્યાદિ જાણનાર, નિમિત્ત, મન આદિનો એકલો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... ભગવાન એકલો છે. એવા જાણનારમાં ત્રણ લોકનો જાણનાર પ્રભુમાં સ્થિર થાય, મનને **'સ્થાપિત કરતા હૈ. અંતરાલ શબ્દકા અર્થ રાગાદિ ભાવોંસે શૂન્યદશા લેના...'** અંતરાલ શબ્દ છેને? 'मूढा अंतरालु परियाणहि।' અંતરાલ મૂઢ આકાશને કહે છે. અહીં એમ ન લેવું. **'આકાશકે જાનનેસે મોહ-જાલ નહીં મિટતા, આત્મસ્વરૂપકે જાનનેસે મોહ-જાલ મિટતા હૈ.'** જેમાં જે નથી તેને આશ્રયે તે તૂટી જાય છે. રાગ અને દ્વેષ સ્વરૂપમાં નથી એટલે સ્વરૂપને આશ્રયે રાગ-દ્વેષ તૂટી જાય છે. એ સિવાય કોઈ તૂટવાનો, નાશ થવાનો ઉપાય છે નહિ. સમજાણું?

**'જો પાતંજલિ આદિ પરસમયમેં શૂન્યરૂપ સમાધિ કહી હૈ,...'** અસ્તિત્વ આખી ચીજ કોણ છે એની દૃષ્ટિની ખબર નથી. બસ, શું કહેવાય? ચિત્ત નિરોધો આવે છેને? ચિત્તનો નિરોધ કરવું એટલું જ આવે છે. એ લોકો પાતંજલિ. આપણે તો એકાગ્ર ચિત્ત નિરોધો. એક અગ્ર એક વસ્તુ દૃષ્ટિમાં લઈને નિરોધ થાય, અસ્તિમાં લઈને નાસ્તિ થાય. ઓલો ચિત્ત નિરોધો.

પણ ચિત્ત નિરોધો કોની સામે જોઈને. આખી વસ્તુ તો, વસ્તુની તો ખબર નથી. એટલે કે '**પાતંજલિ આદિ પરસમયમેં શૂન્યરૂપ સમાધિ કહી હૈ,...**' એ નહિ લેવી અહીંયાં. એ અભિપ્રાય નહીં લેના. અહીં તો પરમપદાર્થ દૃષ્ટિમાં લીધો. અસ્તિ મહાન પરમપદ જેને સમાધિના ધ્યેયમાં લીધું છે. એકલી વિકલ્પરહિત શૂન્યતા થઈ જાય.

'**ક્યોંકિ જબ વિભાવોંકી શૂન્યતા હો જાવેગી તબ વસ્તુકા હી અભાવ હો જાયેગા.**' તો તો વસ્તુ જ નહિ રહે. જો એકલો એકલો વિકલ્પ રહ્યો તો વસ્તુ છે એમ તો રહેશે નહિ. વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેણે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રના ધ્યેયમાં લીધો છે એના વિકલ્પ તૂટતા આખી વસ્તુ નિર્વિકલ્પપણે રહી જાય છે. સમજાણું કાંઈ? છે આ ઝીણું. આ તો પરમાત્મપ્રકાશની વાત છેને. છેલ્લી ગાથાઓ આચાર્ય શરૂઆત કરતાં-કરતાં પહેલા અધ્યાયમાં બહુ સરસ ટૂંકામાં શરૂઆત કરી છે. આ તો હવે છેલ્લે વાત લઈ જાય છેને એકદમ. કેવળજ્ઞાન. પણ ભગવાન! અત્યારે નથીને આ વાત શેની કરો છો? હવે સાંભળને. અત્યારે કેવળજ્ઞાન નથી અને આ માંડી તમે? હવે સાંભળવું છે કે નહિ, તારે શું કરવું છે? આ કાળે સાત તત્ત્વની શ્રદ્ધા નથી? તો મોક્ષની શ્રદ્ધા નથી? તો મોક્ષ કેવો હોય એની શ્રદ્ધા તને હોવી જોઈએ કે નહિ? સમજાણું કાંઈ? અને કેમ પ્રગટે? કેવળજ્ઞાન કેમ પ્રગટે એની શ્રદ્ધા ન હોય? કેવળજ્ઞાન કેવું હોય એની શ્રદ્ધા ન હોય? તો એ તો છે કે નહિ? સાંભળને! નકાર શું કરવા કરે છે?

ત્યારે વળી કેટલાક એમ કહે કે જુઓ, ભગવાનને તો કેવળજ્ઞાન કહ્યું છે આ ભવમાં. આ અત્યારે ના પાડી નથી એમ કહે છે કેટલાક. આવું દેખીને... હીરાલાલ છેને હીરાલાલ? એ કહે છે. આ ધવલના કર્યા નથી? ધવલના અર્થ. પ્રોફેસર. અહીં આવ્યા હતા બે દિ'. એણે લખ્યું છે છાપામાં કે આ ભવમાં કેવળજ્ઞાન ન થાય એવું આચાર્યે કહ્યું નથી. ક્ષય કીધો. ક્ષય કીધો છેને?

મુમુક્ષુ :- કર્મનો ક્ષય કીધો છે બધે.

ઉત્તર :- આઠ કર્મનો ક્ષય થાય. પણ એ તો સ્વરૂપ બતાવ્યું છે. એવું કહે છે એ. એટલે માણસો ક્યાં-ક્યાં... અહીં કેવળજ્ઞાન પરિણમે એમ કીધું એટલે કેવળજ્ઞાન છે અત્યારે એમ કહેવું છે? આ દશા દ્વારા કેવળજ્ઞાન થાય છે અને એવી જ ભાવના લઈને જીવ સ્વર્ગમાં ભલે જાય, પણ ત્યાંથી નીકળીને આ ભાવથી કેવળજ્ઞાન પામશે, એમ કહે છે. આ છેલ્લી ગાથાઓ છેને. ખબર છે. નથી ખબર મુનિને કે અમારો ભવ છે હજી? અમે આ ભવમાં બધું... પદ્મનંદિ આચાર્યની શૈલીમાં બધી શૈલી એવી જ આવે છે. અહીંથી સ્વર્ગમાં (જાવાનું છે). પ્રભુ! અમારે સ્વર્ગ જોતું નથી હોં, અમારે ભવ જોતો નથી. એમ કરતાં-કરતાં જ જાય છે. શ્લોકો એવા લખ્યા છે. અમારે ભવ જોતો નથી. ભવ નહિ, અમારે તો આત્મા જોવે છે. ખબર છે કે

ભવ તો થાશે. પંચમ આરાના મુનિ છીએ. ખબર છે કે પંચમ આરાના મુનિને કેવળજ્ઞાન (થાય નહિ છતાં) નકાર કરતા જાય છે કે એ ભવ નહિ... એ ભવ નહિ... એ ભવ નહિ. આહા..! ત્યાં એ વાત રહેવાની નીકળશે તો પૂરું થઈ જશે. બધી શૈલી એવી છે. અષ્ટપાહુડમાં પણ એવી શૈલી છે. પાછળની ગાથાઓમાં એવી મૂકી છે શૈલી. સમજ્યાને? આહા..હા..!

સમયસારમાં આવ્યું નહિ? દેહ નથી, આહાર નથી. છેલ્લી ગાથાઓ એ આવી છે કુંદકુંદાચાર્યની. પંડિતજી! આહાર નથી. શુદ્ધાત્માને આહાર કેવો? આહાર નથી તો શરીર કેવું? ઉડાવ. બધી વાત ઉડાવી દીધી. છેને અત્યારે? સાંભળને નથી અમે તો કહીએ છીએ. દૃષ્ટિમાં નથી, સ્થિરતામાં નથી. થોડો રહ્યો છે એ ઉડી જવાનો છે. એ અમને ખબર નથી કે સ્વર્ગમાં જવાનો છે અને એકાદ દેહ મનુષ્યનો થવાનો છે? પણ નકાર કરતા જાય. દેહ અને આહાર અમે નથી. છેલ્લી વાતું એ લીધી છે. લિંગ-બિંગ અમે નથી. છેલ્લી ગાથાઓ લેવાનો હેતુ એ છે. આ કાંઈક છે એ અમે નથી, જાશું ત્યાં પણ અમે એ નથી. અમે તો અમારા સ્વભાવમાં છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ લોકનું રાજ મળે તો અમારે નથી જોઈતું. વિકલ્પ ઉઠે અને એવું મળે .. એ અમારે જોતું નથી એમ કહેતા જાય છે. વિકલ્પ કોઈ આવ્યો અને ચક્રવર્તીપદ બંધાણું એમાં આવ્યું. અમારે જોતું નથી, અમારે નહિ, અમારે તો આ જોઈએ છે—એવા ભાવે જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અંદરમાં ઘોળાય છેને, એ એની ભાવના અને એ એના સ્વપ્ના હોય. સ્વપ્નું પણ એવું જ આવે. જાવ, થઈ ગયા, મોક્ષ થઈ ગયો.

મુમુક્ષુ :- મોટાની બધી વાતું મોટી જ હોયને.

ઉત્તર :- વાતું ભાઈ મોટી. વસ્તુ તો એવી જ છેને.

કહે છે, પાતંજલિ જે થોથાની વાતું કરે છે શૂન્યની એવી નહિ લેવી અહીંયાં. નહિતર તો વસ્તુનો અભાવ થઈ જશે. વસ્તુની દૃષ્ટિ અને વસ્તુની સ્થિરતા સહિત વિકલ્પની શૂન્યતા થઈ જાય છે એવી સમાધિ લેવી. સમજાણું કાંઈ? જુઓ, આ તો પાછું બધું અન્યમતિના ઓલા વાતું કરે મોટા-મોટા બાવા આદિ. એવા હોય આમ ધારણા. બાર-બાર મહિના સુધી આહાર ન લે, પાણી ન લે, શ્વાસ રોકે જાણે ઓહો..હો..હો..! ધૂળમાંય નથી. ભગવાન પૂર્ણાનંદની જ્યાં અંદર દૃષ્ટિમાં આવ્યો નથી ત્યાં સુધી મરી જાય એવા બાર-બાર મહિને આમ-આમ સુકાઈ જાય. એ કાંઈ નથી લ્યો!

એક બાવો હતો. અમારે પાલેજ આવ્યો હતો. પાલેજ દુકાનમાં. બાર વર્ષ સુધી ઉભો-ઉભો ખાતો અને ઉભો-ઉભો પેશાબ કરતો. બાર વર્ષથી. મેં જોયેલો. એ તો ઓલામાં રહેતો હતો, ધોરાજી. ધોરાજીમાં એક મુસલમાન હતો પંડિતજી! નાની ઉંમરમાંથી કોણ જાણે એવું .. નગ્ન રહે. અને એના ઘરનું પાણીયારું હોયને પાણીયારું. ગોખલો હોયને પાણી ભરવાનો?

બસ ત્યાં નગ્ન પડ્યો રહે. ઘરના બાયડી-છોકરા સાથે બોલે નહિ. બહાર આવ્યો તો પીર કહેવાતો પીર. ઘરમાં નાગા પીર. બોલે નહિ કાંઈ. ખાય, પીવે અને નાગો પડ્યો રહે. ઓલું પાણીયારું હોયને. પાણીયારાને શું કહે છે? આ પાણી ભરવું. પનિહારા. તો પનિહારામાં નીચે ખાડો હોયને ગોખલો. બસ ત્યાં પડ્યો રહે. દિશાએ જાવું હોય ત્યારે ફળિયામાં જઈ આવે. નાગો. કાંઈ નહિ. વિકાર-બિકાર કાંઈ નહિ. મોટી ઉંમર હતી. જુવાન હતો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળ્યું હતુંને અમે. એવી કોઈ પ્રકૃતિ. પ્રકૃતિને લઈને (આવેલો). નહોતું કાલે આવ્યું? એવી પ્રકૃતિ મંદ લઈને આવેલ એટલે લાગે. નગ્ન હોં તદ્દન પીર. નાગા પીર કહેવાય. માનતા હતી એની જીવતા. લોકોને તો એમ જ લાગેને. પણ વસ્તુ વિના? એ તો પ્રકૃતિના ચાળા. મંદ પ્રકૃતિ અને નગ્નપણે રહે અને લોકો માને. એમાં શરમ-બરમ નહિ પછી બીજી કાંઈ. એમ ને એમ ફળિયામાં જંગલ જાય. લોકો પીર માને એને ઘરના કુટુંબી બધા. પીર છે નાગા પીર. પણ એમાં શું થયું? સમજાણું? એના પહેલા દાખલો કહ્યો હતોને આપણે. હમણા બીજો દાખલો કહેતા હતા. એના પહેલા નહિ? એવા ઘણા હોય છેને.

મુમુક્ષુ :- પાલેજનો બાવો.

ઉત્તર :- હા, પાલેજનો બાવો. મેં જોયેલો. બાર વર્ષ સુધી આમ ઉભો રહે. પગ ઓલા થઈ ગયેલા સોજા. અને ઉભો થાય તો એક આમ બાંધે દોરડું. એટલે આમ હાથ નાખીને બસ પડ્યો રહે. આમ દોરડું દોરી બાંધી અને આમ હીંચકા જેવું, બસ આમ નાખીને ઉભો રહે. કારણ કે ચોવીસ કલાક આમ ઉભા ન રહી શકેને એટલે ઓલા હાથ નાખીને ઉભો રહે બસ. પેશાબ કરો તો ઉભા, ખાવું તો ઉભા, દિશાએ જાવું તો ઉભા, ન્હાવું તો ઉભા. બધું.

મુમુક્ષુ :- ત્યાંથી આઘો-પાછો જાયને.

ઉત્તર :- ત્યાંથી તો જાયને આઘો-પાછો. પણ ઉભા-ઉભા બધું. બાર વર્ષ. ત્યાં આવ્યો હતોને. બહારથી આવ્યો હતો. બહાર ધર્મશાળા છે ત્યાં ઉભો હતો. મેં જોયો હતો. બધા .. એ હઠવાદીઓ. ભાન ન મળે કાંઈ. .. કોઈ રાગ-બાગ કાંઈ શુભ આવી જાય પરિણામ પુણ્ય બાંધે તો ભૂતડા-બુતડા થાય. ભૂતડા એટલે વ્યંતર. એમાં કાંઈ આત્મા-ફાત્મા છે નહિ. એ સમજાવવા માટે આ વાત કરે છે. અન્યમતિમાં બાવા અને આવા યોગી કોઈ છે નહિ, સમજજે.

મુમુક્ષુ :- માનતા માનવા જાતો હતો.

ઉત્તર :- હા, માનતા માનવા જાય કે આવા છે ને આવા છે. ધૂળમાંય નથી સાંભળને. તારો પરમેશ્વર અહીં પડ્યો છે મોટો. 'મેરો પરમેશ્વર...' શું કીધું નહિ? મેરો ધણી હૈ મેરી પાસ, કીધું. 'મોહીમેં હૈ મોહી સુજત નીકે' એ બનારસીદાસે કહ્યુંને? બનારસીદાસ છે. એ આવે

છે. મેરો ધણી ક્યાંક આવ્યું છે. એ જીવમાં જ ક્યાંક છેને? બંધ અધિકારમાં. 'મેરો ધણી મે...' બનારસીદાસમાં છે. 'કેઈ ઉદાસ રહે પ્રભુ કારણ, કેઈ કહે ઉઠ જાહી કહીંકે કેઈ પ્રનામ કરે ગઢી મૂરતી, કેઈ પ્રહાર ચઢે ચઢિ છીંકે.' આ છીકું કહેવાયને ડોળી-ડોળી. ડોળી. 'કેઈ કહે અસમાન કે ઉપર, કેઈ કહે પ્રભુ હેઠ જમીં કે, મેરો ધણી નહિ દૂર દિસાંતર મોહીમેં હૈ મોહી સુજત નીકે.' શેઠી! લ્યો! ૪૮મો છે, બંધ અધિકાર. 'મેરો ધણી નહિ દૂર દિસંતર, મોહીમેં હૈ મોહી સુજત નીકે.' મારો ધણી મારી પાસે છે. બહાર ક્યાંય, ઉપર, નીચે, ક્યાંય ..બહાર પર્વત ઉપર નથી ભગવાન ક્યાંય. સમ્મેદશિખરમાં નથી ભગવાન.

મુમુક્ષુ :- રાડું પાડે છે ..

ઉત્તર :- રાડું શું પાડે? એ તો ભક્તિનો ભાવ હોય તો આવે શુભ. ભગવાન ત્યાં છે? ભગવાન તો અહીં છે. 'મેરો ધણી નહિ દૂર દેસંતર, મોહીમેં હે મોહી સુજત નીકે.' આહા..હા..! લ્યો! આ બનારસીદાસ ગૃહસ્થાશ્રમમાં રહેલા. એકાંતી છે (એમ કહે છે). હવે સાંભળને. સમ્યક્ એકાંત છે એ વસ્તુ છે. શુભરાગ આવે છે, આવે છે, વ્યવહાર હોય છે. નથી એમ નહિ. હોય છે પણ તું એમ માન કે એ વડે આત્માની એકાગ્રતા થાય એ વાતમાં માલ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ ઓલા ભક્તિવાળા એમ લગાવી દે. ભક્તિ કરો ભગવાનની, જાવ મુક્તિ થશે. કાલે આવ્યું નહોતું તમારે? સજ્ઝાયમાં આવ્યું હતું. ભક્તિ-મુક્તિકી. મારે ભક્તિ તો મુક્તિથી વિશેષ છે.

મુમુક્ષુ :- એ તો લોહચુંબકની ઘોડે મુક્તિ લાવવાની.

ઉત્તર :- લાવવાની. એ તો ભક્તિમાં એવા ગાણા ભક્તો ગાય. બાકી અંદરમાં તો ખબર છે કે હું અંદરમાં એકાગ્ર થઈશ ત્યારે મુક્તિ થાશે. ભગવાન તો નિમિત્ત છે. ભગવાન ક્યાં આપી દે એમ છે? એની સામું જોયા કરે કેવળજ્ઞાન થતા હશે?

મુમુક્ષુ :- એ લોહચુંબકની ઘોડે લાવશે.

ઉત્તર :- એ લોહચુંબકથી લાવશે એટલે કે ભક્તિનો વિકલ્પ છે એ તોડીને સ્થિરતા હું કરીશ અને કેવળજ્ઞાન થાશે. એમ. આહા..હા..! એ શ્લોકમાં લખ્યું છે હોં. એ ભક્તિના નિમિત્તથી કથન કર્યું છે કે હે નાથ! તારી ભક્તિ કરીએ અને અમને મુક્તિ ન મળે એમ બને? પણ તારી ભક્તિનો અર્થ નિશ્ચય સ્વની ભક્તિ છે. ત્યારે એની ભક્તિ વ્યવહારે છે એમ કહેવામાં આવે. નિશ્ચય સ્વની ભક્તિ વિના ..ની ભક્તિ કેવી? કહો, સમજમેં આયા? શેઠી! ૧૬૩.

મુમુક્ષુ :- ભગવાનનું માહાત્મ્ય વધે છે.

ઉત્તર :- ભગવાનનું આ માહાત્મ્ય વધે છે. એ કહે છે કે આમાં ભગવાનનું માહાત્મ્ય વધી જાય છે કે ઘટે છે? એમાં ભગવાનનું માહાત્મ્ય વધે છે. ભગવાને એમ કહ્યું છે કે તારા

ભગવાન સામું જો તો તારું કલ્યાણ થશે. એમ ભગવાને કહ્યું છે. એટલે ભગવાનનું માહાત્મ્ય ત્યારે વધે છે. ત્રણ લોકના નાથની વાણીમાં એમ આવ્યું, અમારા સન્મુખનો વિકલ્પ છોડ, સ્વભાવ તરફમાં જા તો તને કેવળ થશે. બાકી નહિ થાય. એમ ભગવાનનું માહાત્મ્ય વધે છે. એમ કે આ માહાત્મ્ય ઘટી નહિ જાતું હોયને? એય..! ન્યાલભાઈ! ઈ દલાલ છેને. આહા..હા..!

ભાઈ! ભગવાન... ભગવાન... ભગવાન... બાપા! તારો ભગવાન આત્મા એ ભગવાનને અંદર અવગ્રહ, ઈહા, અવાય, ધારણા દ્વારા અનુભવ કર્યા વિના ભગવાન આત્માનો અવગ્રહ, એની વિચારણા, એની અવાય-નિર્ણય અને એમાં એકાકાર અનુભવ થઈને ધારણા રહેવી. ધારણા તો કાંઈ અવગ્રહ, ઈહા, અવાય થયા પછી ધારણા હોતી હશે કે નહિ? નહિતર આત્માની ધારણા શી રીતે રહે? ઓલા કહે છેને, પ્રાણાયામ અને ધારણા ને આવે છેને એમાં? આઠ બોલમાં આવે છે. એ બીજું. આ તો આત્માની ધારણા ક્યારે રહે? આ ભગવાન આત્મા આવો છે (એમ) વિચાર અને નિર્ણય દ્વારા નિર્વિકલ્પથી પ્રતીતમાં લીધો, એ અનુભવમાં લીધો પછી ધારણા થઈ ગઈ. ધારણા થઈ કે આત્મા આવો શુદ્ધ છે બસ. એ ધારણાને આત્માની ધારણા કહે છે. સમજાણું કાંઈ?

**'આગે ફિર નિર્વિકલ્પસમાધિકા કથન કરતે હૈ :—'**

૨૯૫) जो आयासइ मणु धरइ लोयालोय-पमाणु।
तुट्टइ मोहु तडत्ति तसु पावइ परहँ पवाणु।।१६४।।

જે કોઈ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં ધ્યાનમાં જામી જાય છે. **'જો ધ્યાની પુરુષ નિર્વિકલ્પસમાધિમેં...'** આકાશનો અર્થ એ કર્યો જુઓ, **'आयासइ'** એ જ નિર્વિકલ્પ સમાધિ જ આકાશ છે. આકાશમાં જેમ રંગ, ગંધ નથી એમ ભગવાન નિર્વિકલ્પ સમાધિમાં રાગ રંગ નથી. શાંતિ ભગવાન આત્મા તરફની એકાગ્રતામાં રાગ રંગ નથી. આકાશને જેમ રાગ રંગ નથી, એમ એમાં નથી. માટે આકાશ એટલે ભગવાન નિર્વિકલ્પ સમાધિ. સમજાણું કાંઈ? એમાં **'મન સ્થિર કરતા હૈ, ઉસીકા મોહ શીઘ્ર...'** **'झटिति'** **'ટૂટ જાતા હૈ,...'** એટલે કે તરત તૂટી જાય છે. એમ. સ્વભાવ સન્મુખની એકાગ્રતા થાય અને અસન્મુખતાનો વિકલ્પ રહે એ બને નહિ. નાશ થઈ જાય.

**'જ્ઞાન કરકે...'** **'परस्य प्रमाणम्'** **'લોકાલોકપ્રમાણ આત્માકો પ્રાપ્ત હો જાતા હૈ.'** લ્યો! વ્યવહારથી કહ્યું છે. વ્યવહારથી લોકાલોકને જાણી લે છે એમ. લોકાલોકને જાણે છે. ઓલા કહે છેને... એ ... જ્ઞાન થઈ જાયને એટલે સર્વગતમાં-અનંતમાં ભળી જાય આત્મા. અહીંથી મુક્તિ થાય એટલે અનંતમાં ભળી જાય. એમ નથી. અનંતને જાણી લે એ અપેક્ષાએ અનંતમાં સર્વગત થયો એમ કહેવામાં આવે છે. ભળે શું? સત્તા કે દિ' ભળતી હતી? સંસારમાં

સત્તા જુદી રહે અને મોક્ષ થાય તો સત્તાનો અભાવ થાય અને મુક્તિ થઈ? સત્તાનો અભાવ એનું નામ મુક્તિ? સત્યાનાશ થઈ ગયો. સત્તાનો અભાવ એટલે સત્યાનાશ એમ. સત્યાનાશ થઈ ગયો તો. મોક્ષનો નાશ તો સત્યાનાશ થઈ ગયો. એમ હોય? સત્તા ખીલી ગઈ છે. જે પોતાની સ્વભાવ સત્તા પૂર્ણ ખીલી ગઈ એનું નામ મોક્ષ છે. સત્તાનો નાશ થઈ જાય? સત્યાનાશ થઈ ગયો? આહા..હા..!

મહાન સત્તા ચૈતન્યસૂર્ય એની તે નિર્મળતા પ્રગટ થઈને ખીલી જાય ત્યારે સત્તા રહી કહેવાય? કે સત્તા ભળી જાય? ત્યારે બીજા ઓલા કહે છે, એકમાં ભળી જાય, જ્યોતમાં જ્યોત મિલાયે. સિદ્ધ થાયને તો એક સિદ્ધમાં બીજો સિદ્ધ મળી જાય. તારા આત્માનો નાશ થઈ ગયો છે? તો શું ચીજ મળી જાય? એક જૈન પૂછતો હતો હોં. જ્યોતમાં જ્યોતમાં મિલાયે આપણે આવે છેને. કીધું એમ નહિ. ચૈતન્યની પરિણતિ જ્યોતિ ચૈતન્યમાં ભળી ગઈ. એમ જ્યોતમાં જ્યોત મિલાયે. એક જ્યોત હતી એમાં બીજી ગઈ તો સત્તા ક્યાં ગઈ? ઓલો હતોને ભાઈ ઓલો મણિયાર ચંદુ. .. એ બહુ ગાતો. દેરાવાસીના બહુ ભજન ગાય. પછી વ્યાખ્યાનમાં આવતો. કહે, જ્યોતમાં જ્યોત મિલાયે આવે છેને. ત્યાં સિદ્ધ ગયા પછી વળી જુદી સત્તાના ઓટલા રહે? કીધું હા. એક-એક સિદ્ધનો ઓટલો જુદો? સત્તા. કીધું, એક-એકનો જુદો ઓટલો. પૂર્ણાનંદ ભગવાન પોતાની પૂર્ણ સત્તાની પર્યાયને અનુભવે છે. પરમાં ક્યાંય ભળતા નથી. એનું નામ સિદ્ધ કહેવાય. લ્યો! જ્યોતમાં જ્યોત, અહીંથી જાય તો દીવામાં દીવો ભળી જાય. એમ સિદ્ધ બળે છે ત્યાં ઝળહળ જ્યોતિ, અહીં મોક્ષ થાય એટલે એમાં ભળી જાય. નાશ થઈ ગયો, પંડિતજીએ કહ્યું એમ સત્યનાશ થઈ ગયો. સત્‌નું સત્ એટલે સત્તા, એનો નાશ થઈ ગયો. અરે ભગવાન! ભાઈ! તને સત્તાની ખબર નથી, બાપુ! શાશ્વત ચૈતન્ય જ્યોત છે. આહા..હા..! શાશ્વત વસ્તુ... શાશ્વત વસ્તુ...

કાલે એક છોકરો પૂછતું હતું કોક. છોકરા સાંજે ભણે છેને. કહે, આ ક્યારનો હશે આત્મા? એમ કહેતો હતો. ક્યારે આ થયો હશે? આ થાય કે દિ'? કીધું. છે, છે અને છે એ થાય કે દિ'? છે કે નહિ? તો છે એ કે દિ' નહોતો? છે એ કે દિ' નહોતો? છે, છે, છે જ. ક્યારે આવ્યો હશે? એ નાના છોકરા બે પૂછતા હતા. તારો નાનો છેને અતુલ? અતુલને? એ પણ પૂછતો હતો. અને આ .. કેવો? એ પૂછતો હતો. આ આવ્યો ક્યાંથી? ક્યાં આવે? એમ ને એમ છે અનાદિનો. આવે એનો અર્થ નવો થયો એમ. અનાદિ-અનંત ભગવાન આત્મા છે જુઓ, એની એકાગ્રતા થતાં રાગ રહેતો નથી અને લોકાલોકનું જ્ઞાન એને થઈ જાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૨, શુક્રવાર, તા. ૩૦-૦૭-૧૯૬૫**
**ગાથા-૧૬૪-૧૬૫, પ્રવચન-૧૮૩**

ભાવાર્થ. ૧૬૪નો ભાવાર્થ. આકાશની વ્યાખ્યા સાથે અહીંયાં આત્મા કહ્યો છે. '**વીતરાગ ચિદાનંદ સ્વભાવ અનંત ગુણરૂપ...**' ભગવાન આત્મા કેવો છે? કે રાગરહિત એકલો જ્ઞાનાનંદ સ્વરૂપ, સ્વભાવ એવો એનો અનાદિ અનંત ગુણરૂપ, એવા અનંતા ગુણોના સ્વરૂપે આત્મા કેવો છે? કે '**મિથ્યાત્વ રાગાદિ પરભાવ રહિત...**' ભ્રમણા અને વિકલ્પોની જાળ એવા પરભાવ રહિત '**સ્વરૂપ નિર્વિકલ્પસમાધિ યહાં સમજના.**' આકાશ એટલે આ. આત્માની શાંતિ. આત્મદ્રવ્ય પણ નહિ, અહીં સમાધિ લેવી છે. '**નિર્વિકલ્પસમાધિ યહાં સમજના.**' ભગવાન આત્મા અનંત ગુણસ્વરૂપ જે શુદ્ધ વસ્તુ એના તરફની નિર્વિકલ્પ શાંતિ રાગ રહિત ભ્રમણા અને કલ્પના રહિત શાંતિ, સમાધિ, સ્થિરતા એને અહીંયાં આત્માની સમાધિને આકાશ કહેવામાં આવે છે. અહીં તો પરમાત્માના ગાણા છે.

'**જૈસે આકાશદ્રવ્ય સબ દ્રવ્યોંસેં ભરા હુઆ હૈ,...**' જેમ આકાશ નામનો પદાર્થ બધા દ્રવ્યથી ભરેલો છે. '**પરંતુ સબસે શૂન્ય...**' જોયું! ભરેલો છતાં '**સબસે શૂન્ય અપને સ્વરૂપ હૈ,...**' આકાશ તો પોતાના સ્વરૂપમાં છે. બીજા બધા પદાર્થ એનામાં હોવા છતાં બીજા પદાર્થ પણ પોતાના સ્વરૂપમાં છે. કાંઈ બીજા પદાર્થ કાંઈ આકાશ સ્વરૂપે થયા નથી, તેમ આકાશ પરપદાર્થ સ્વરૂપે થયા નથી. બે ભિન્ન-ભિન્ન પદાર્થ છે. '**ઉસી પ્રકાર...**' એ તો દૃષ્ટાંત થયો. '**ચિદ્રૂપ આત્મા...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા '**રાગાદિ ઉપાધિયોંસે રહિત હૈ,...**' રાગાદિ વિકલ્પ આદિથી રહિત છે. એનું સ્વરૂપ તો એ છે વસ્તુ અખંડ. શૂન્યરૂપે—વિકલ્પ અને રાગ અને મિથ્યાત્વથી શૂન્ય છે. '**ઈસલિયે આકાશ શબ્દકા અર્થ યહાં શુદ્ધાત્મસ્વરૂપ લેના.**' ભગવાન શુદ્ધસ્વરૂપ એકલો પરમ આનંદસ્વરૂપ જેમાં બિલકુલ વિકલ્પની ગંધ નથી. ગંધ નથી હોં! એવું આવે છે. અષ્ટપાહુડમાં આવે છે. એ શબ્દ અષ્ટપાહુડમાં મૂળ પાઠમાં આવે છે. ગંધ-ગંધ એવો શબ્દ પડ્યો છે. વાસના—અંદરમાં રાગાદિની ગંધ નથી. શુદ્ધસ્વરૂપ ચિદાનંદમૂર્તિ એકલો વસ્તુ સ્વભાવ એને અહીંયાં આકાશ કહેવામાં આવ્યો છે

'**વ્યવહારનયકર જ્ઞાન લોકાલોકકા પ્રકાશક હૈ,...**' એટલે આમ કહ્યું, ભરેલું કીધુંને ભરેલું? આ જ્ઞાન વ્યવહારથી લોકાલોકને જાણે ભરેલો હોય, લોકાલોકમાં વ્યાપી ગયો હોય. 'લોકાલોકકા

**પ્રકાશક હૈ,...'** વ્યવહાર કેમ કહ્યો? કે લોકાલોકને જાણતા કાંઈ તેની સાથે તન્મય થતો નથી. તન્મય થતો નથી. નારકીના દુઃખ જાણે કાંઈ નારકીના દુઃખ સાથે તન્મય થાય છે? તો તો એનું દુઃખ એને વેદવું પડે. ભગવાન સર્વજ્ઞનું જ્ઞાન લોકાલોકને જાણે છે એને વ્યવહાર કહ્યો એટલે કે એમાં તન્મય નથી. પોતાના જ્ઞાનને પોતે જાણે છે એનું નામ તન્મય-તન્મય, તદ્મય-તે રૂપે છે. માટે તેને નિશ્ચય કહ્યો અને પરને જાણવું એને વ્યવહાર કહ્યો. જાણવું એનું અંદરમાં આવ્યું છે એ વાત નથી એમ નહિ, પણ પરમાં તન્મય થઈને જાણતા નથી માટે વ્યવહારથી લોકાલોકને ભગવાન જાણે છે.

**'નિશ્ચયનયકર અપને સ્વરૂપકા પ્રકાશક હૈ.'** સ્વાશ્રિત નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર. એકલો પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનું પરિણમન પૂર્ણ થઈ ગયું એને એ પોતે પ્રકાશે છે. પોતાની પૂર્ણ પર્યાયને પ્રકાશે છે એ એનું સ્વરૂપ છે. પરને પ્રકાશે છે એમ કહેવું તે વ્યવહાર છે. **'અપને સ્વરૂપકા પ્રકાશક હૈ.'** ભગવાન દ્રવ્ય-ગુણપણે તો પૂર્ણ શુદ્ધ છે, પણ પર્યાયમાં જે પ્રગટ સર્વજ્ઞપદ કેવળજ્ઞાન થયું એને એ નિશ્ચયથી તો જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? કેમકે તે પર્યાય સાથે એકરૂપ તન્મય છે માટે. **'આત્માકા કેવલજ્ઞાન લોકાલોકકો જાનતા હૈ,...'** ઓહો..હો..! ઠેકઠેકાણે જ્ઞાનની વાત. એ વાત જગતને બેસવી એવી કઠણ પડે છે. આહા..હા..!

કેવળજ્ઞાન છે આખી વસ્તુ એ બધાને જાણે. ત્રણ કાળ, ત્રણ લોકના જેટલા દ્રવ્ય, ગુણ અને પર્યાયો એક સમયમાં એને જાણે કહેવું એ વ્યવહાર, પોતાની પર્યાયમાં એવું પૂર્ણ પરિણમન થઈ ગયું છે એને જાણે તે નિશ્ચય. પણ જાણે છે કે નહિ? લોકાલોક સમય જ્યાં જ્યાં જે પર્યાય જે કાળે જ્યાં થશે જે નિમિત્ત છે, જે સંયોગે, જે ક્ષેત્ર એ બધું ભગવાનના જ્ઞાનમાં આવી ગયું, બાકી કાંઈ છે નહિ.

**'કેવલજ્ઞાન લોકાલોકકો જાનતા હૈ, ઈસી કારણ જ્ઞાનકી અપેક્ષા લોકાલોકપ્રમાણ કહા જાતા હૈ,...'** જ્ઞાનની અપેક્ષા, જાણવાની અપેક્ષા હોં, જ્ઞાન કાંઈ વ્યાપી જાય છે એમ નહિ. **'પ્રદેશોંકી અપેક્ષા લોકાલોકપ્રમાણ નહીં હૈ.'** અસંખ્ય પ્રદેશમાં ભગવાન જાણે છે, કાંઈ અસંખ્ય પ્રદેશમાંથી ખસીને પરપ્રદેશમાં એનું જ્ઞાન ગયું નથી. કહો, **'જ્ઞાનગુણ લોકાલોકમેં વ્યાપ્ત હૈં;...'** જુઓ, આવ્યું. વ્યાપ્તનો અર્થ આ. જાણે છેને એ અપેક્ષાએ વ્યવહારે વ્યાપ્ત એમ કહેવામાં આવે છે. સમજાણું? **'પરંતુ પરદ્રવ્યોંસે ભિન્ન હૈ.'** ભગવાનની કેવળજ્ઞાનની પર્યાય પરદ્રવ્યથી તો બિલકુલ નિરાળી છે. જાણવા છતાં તેનાથી એકમેક છે એવું ત્રણ કાળમાં નથી. એકલો ચૈતન્યગોળો જ્ઞાનનું પરિણમન પૂર્ણ થઈને પોતે પરિણમી રહ્યા છે. પરરૂપે કોઈ દિ' થયા નથી.

**'પરવસ્તુ જો તન્મયી હો જાવે, તો વસ્તુકા અભાવ હો જાવે.'** પોતાનો અભાવ થઈ જાય એમ કહે છે. પોતે જો પરમાં જાય તો પરરૂપે થયું એટલે પોતા રૂપે રહે નહિ. કેવળજ્ઞાન એક સમયનો પર્યાય લોકાલોકને જાણતા લોકાલોકરૂપ થાય તો પોતાની ભિન્નતા, અવસ્થાનું સ્વરૂપ તેનો અભાવ થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી. અહીં તો યહાંસે સિદ્ધ કરના હૈ. અહીંયાં તો આત્માસે સિદ્ધ કરના હૈ ન? કે આત્મા ત્યાં જો જાય તો પોતાની પર્યાય ત્યાં ગઈ એટલે અહીં અભાવ થઈ ગયો. એ વળી પછી વાત. અહીં તો આત્માને સિદ્ધ કરવો છેને. આત્મા પરને વ્યવહારથી જાણે છે, નિશ્ચયથી નહિ એમ સિદ્ધ કરવું છે. વ્યવહારથી જાણે છે એનો અર્થ કે તન્મય થયા વિના ભિન્ન રહીને જાણે છે, પણ પોતામાં તન્મય થઈને જાણે છે. જો એ પર્યાય ત્યાં જઈને જાણે તો તો આનો અભાવ થઈ જાય, વસ્તુનો અભાવ થઈ જાય. આહા..હા..! એ વળી અહીંયા આવી જાય તો એનો અભાવ થઈ જાય એ પછી. અહીં તો પોતાનો પર્યાયધર્મ પૂર્ણ છે એની વ્યાખ્યા સ્પષ્ટ કરે છે.

પર્યાયધર્મ કેવળજ્ઞાનનો પૂર્ણ છે એ બધાને જાણે છે એ વાત બરાબર છે, પણ બધાને જાણતા ત્યાં વ્યાપીને જાણે છે (એમ નથી). ત્યાં વ્યાપીને જાણે તો તો અહીંયાં પર્યાયનો અભાવ થઈ ગયો, ત્યાં વ્યાપી ગયું. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં વ્યાપીને પોતે જાણે છે ત્રણ કાળ, ત્રણ લોક જાણતા. આહા..હા..! આ આત્માની મહિમા! શું કેવળી! એકલો સ્વભાવ છે ચૈતન્ય એટલે. એનો પર્યાય જ્યાં એકલો રહ્યો એને પછી વિઘ્ન ક્યાં? અલ્પતા ક્યાં? વિકારતા ક્યાં? અપૂર્ણતા ક્યાં?

મુમુક્ષુ :- એમાં પુરુષાર્થ...

ઉત્તર :- શેમાં પુરુષાર્થ નથી રહેતો? કેવળજ્ઞાનીએ જોયું માટે પુરુષાર્થ નથી રહેતો?

મુમુક્ષુ :- કઈ તારીખે .. થાશે

ઉત્તર :- ભગવાનને બધી સમય સમયની ખબર છે. પ્રત્યેક ભિન્ન-ભિન્ન જીવ-જીવ દ્રવ્યને પ્રત્યેકને ભિન્ન-ભિન્ન જાણે. નથી આવતું? ઓલા તત્ત્વાર્થસારમાં તો એક શ્લોક છે પહેલો ક્યાંક જીવના અધિકારમાં. ભગવાન એક-એક જીવને ભિન્ન-ભિન્ન જાણે છે.

મુમુક્ષુ :- એ સામાન્યપણે જાણે છેને.

ઉત્તર :- સામાન્ય હોય? એક-એકને ભિન્ન-ભિન્ન વિશેષપણે (જાણે છે). પ્રવચનસારમાં ન આવ્યું? વિશેષતઃ. એ પ્રવચનસારમાં છે એક શબ્દ. વ્યાપ્તિસે ન જાણે. પોતાની વ્યાપ્તિમાં રહીને જાણે. પરમાં વ્યાપીને ન જાણે. સામાન્ય એટલે શું કે ઓઘે જાણે બધું છે એટલું.

આ સમયની આ પર્યાય એમ ન જાણે, એમ.

મુમુક્ષુ :- આ જાતનો વિકાર એવું ન જાણે.

ઉત્તર :- એમ ન જાણે એમ કહે છે. એમ કહે છે. આ સમયની આ પર્યાય આ ઠેકાણે આ થશે એમ એ ન જાણે.

મુમુક્ષુ :- આવી જાતનો વિકાર કરે એમ પણ ન જાણે.

ઉત્તર :- એમ ન જાણે. એ તત્ત્વાર્થસારમાં એક શબ્દ પડ્યો છે હોં ક્યાંક. જીવનો અધિકાર લીધોને. પ્રત્યેક જીવને ભિન્ન-ભિન્ન ભગવાન જાણે છે. એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક-એક પર્યાયનો વિભાગ પ્રત્યેક ભિન્ન-ભિન્ન જાણે છે.

મુમુક્ષુ :- ...એ ક્યાં ખબર છે.

ઉત્તર :- આ જ નિમિત્ત હોય અને આ જ પર્યાય હોય, બધું ભગવાનના જ્ઞાનમાં નિશ્ચિત થઈ ગયેલું છે.

મુમુક્ષુ :- પછી પુરુષાર્થ નથી રહેતો.

ઉત્તર :- પુરુષાર્થ રહે છે. ક્યાં નથી? એવું કેવળજ્ઞાન. આહા..હા..! જેવી પર્યાયની સામર્થ્યતા. જે જ્ઞાનનો વર્તમાન મારો આ પર્યાય ઝીલે, એનું સામર્થ્ય કબુલ કરે ત્યારે એ સામર્થ્ય પર્યાયનું, એ પર્યાયનું સામર્થ્ય આ પર્યાયમાં ક્યારે કબુલાત થાય? કે આ પર્યાય દ્રવ્યનું જ્ઞાન કરે ત્યારે પર્યાયમાં સામર્થ્યનું જ્ઞાન થાય. એનું નામ પુરુષાર્થ છે. એ પૂર્ણ પર્યાય પરની. હવે પરનું જ્ઞાન ક્યારે થાય? કે સ્વનું જ્ઞાન થાય ત્યારે. સ્વ વિના પરનું ન થાય. હવે સ્વની પર્યાયનું, અહીં તો આપણે હજી પર્યાયનું લેવું છે. પરની પર્યાયનું જ્ઞાન સ્વની પર્યાયનું જ્ઞાન થાય ત્યારે થાય. હવે સ્વપર્યાયનું જ્ઞાન ક્યારે થાય? કે દ્રવ્યનું જ્ઞાન થાય ત્યારે પર્યાયનું જ્ઞાન થાય. એટલે દ્રવ્ય જે છે એ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ સર્વજ્ઞસ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ એટલે પર્યાયનું જ્ઞાન થયું અને પર્યાયમાં સર્વજ્ઞપર્યાય આવી હતી એ પ્રતીત થઈ ગઈ. સમજાણું કાંઈ? આ તો ભાઈ વિષય એવો છે, અંતરનો વિષય છે. એકલો ચૈતન્ય અરીસો દેખાય આમ. ચૈતન્યના અરીસામાં... સમજાણું?

મુમુક્ષુ :- અરીસામાં તો થોડુંક દેખાય.

ઉત્તર :- અરે! આ અરીસો તો ત્રણ કાળ, ત્રણ લોકને જોવે. આહા..હા..! છે? શું છે? છેને એક શ્લોક છે. જીવ-જીવનો છે. જીવમાં પહેલો છે. છે. ક્યાં? શ્લોક છે માથે. 'जीवानाम्' હા, ઈ. 'अनन्तानन्त जीवानामेकैकस्य प्ररूपकान्।' 'एकैकस्य' 'प्रणिपत्य जिनान्मूर्ध्ना जीवतत्त्वं प्ररूप्यते।।१।।' જીવતત્ત્વની વ્યાખ્યા કરે છે. એના પહેલા. 'अनन्तानन्त जीवानामेकैकस्य प्ररूपकान्।' આટલું તો ખુલ્લું કર્યું છે. ઓલા અજ્ઞાની કહે કે અનંત જીવ

એક છે કે બધું છે એમ નહિ. અને એક સામાન્ય રીતે અનંત જાણે (એમ નહિ). એક-એક જીવની વાત અનંતજ્ઞાની ભગવાને જોઈ તેની એક-એક જીવની વાત હું કરીશ. એક-એક જીવની વાત હું કરીશ. એક-એક જીવના અનંતગુણની, અનંતગુણના અનંત પર્યાયની, અનંતી પર્યાયમાં એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદની, એક અવિભાગ પ્રતિચ્છેદમાં અનંતી સપ્તભંગી ઉઠે એની.

મુમુક્ષુ :- નિમિત્તની વાત ન આવી.

ઉત્તર :- એ સામી ચીજ એમાં ન આવી? સામી ચીજમાં એ આવી ગયું. શેઠી! એક-એક અવિભાગ પ્રતિચ્છેદ એની સપ્તભંગી અનંતી ઉઠે. સપ્તભંગી. સ્વથી છે, પરથી નથી એવી એક અંશમાં હોં. બીજા અંશ સાથે, ત્રીજા અંશ સાથે, અનંત અંશ સાથે, ગુણ સાથે, દ્રવ્ય સાથે. અનંતા-અનંત છે. વસ્તુ કોને કહે, ભાઈ! આ સ્વભાવ વસ્તુ છે, એકલો સ્વભાવ. ભગવાન '**लोगसहावं सुणंताणं**' પંચાસ્તિકાયમાં આવે છે. લોકના સ્વભાવને સાંભળનારાને ભગવાને આમ કહ્યું છે. સાંભળનારાઓને.. વહ આતા હૈ ન પંડિતજી! પંચાસ્તિકાયમાં. '**लोगसहावं सुणंताणं**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશકી બાત ચલી ન? ત્યાં એમ કે આકાશ ગતિમેં નિમિત્ત નહીં હૈ. ક્યાં છે? એઈ..! '**लोगसहावं सुणंताणं**' ઓલા ધર્માસ્તિને સિદ્ધ કર્યું ત્યાં. કેટલામું? ૯૫મું છે? ૯૫ છે ઘણું કરીને.

**तम्हा धम्मा-धम्मा गमणट्ठिदिकारणाणि णागासं।**
**इदि जिणवरेहिं भणिदं लोगसहावं सुणंताणं।।९५।।**

લોકના સ્વભાવ સાંભળનારા શ્રોતા સમવસરણમાં બેઠા હતા એને ભગવાને આવો સ્વભાવ સંભળાવ્યો હતો. ૯૫માં છે હોં! '**धम्मा-धम्मा गमणट्ठिदिकारणाणि णागासं।**' '**णागासं**' આ જ કારણ છે. આકાશ (કારણ) હોય તો ગતિ આમ થઈ જાય. એ તો બહુ પહેલું આવી ગયું છે. લોકાલોકનો ભેદ પાડનાર ધર્માસ્તિ-અધર્માસ્તિ બે છે. '**इदि जिणवरेहिं भणिदं**' આચાર્ય પોતે ફરમાવે છે. ઓહો..! '**लोगसहावं सुणंताणं**' પોતે ગયા હતાને, ભગવાન પાસે સાંભળ્યું છેને? પોતે '**इदि जिणवरेहिं भणिदं लोगसहावं सुणंताणं**' સમવસરણમાં સુણનારાઓને ભગવાન લોકનો સ્વભાવ આવો સંભળાવતા હતા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ૯૫-૯૫ છે. આમાં એ આવ્યું, એક એક. ઓલા વિશેષથી નથી આવતું? પ્રવચનસારમાં. શબ્દ એક. કઈ ગાથામાં? કાંઈ બધું યાદ રહે છે? વિશેષ વિશેષથી જાણે છે. નહિ? વિશેષ કામ એવો શબ્દ છે. જ્ઞાન. દરેકનું વિશેષ-વિશેષપણે ભગવાને કહ્યું છે.

મુમુક્ષુ :- કોઈને બાકી રાખ્યા વગર બધું.

ઉત્તર :- હા, વિશેષપણે બધું એવો શબ્દ છે ક્યાંક હવે, કાઢજો. પહેલામાં છે. જ્ઞાન અધિકારમાં

છે. વિશેષપણે બધાની વાત હોય, પણ વિશેષને.. જ્ઞાન શું કામ કરે? પરિચ્છિન-પરિચ્છિન.

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

'**सर्वभावान्तरच्छिदे**' પોતા સિવાયના બધા પદાર્થને છેદે. એટલે જાણે છે એમ. છેદવું છે ક્યાં? એ જાણે છે. એક-એક વાત ને એક-એક પર્યાય ભગવાનના જ્ઞાનમાં આવી ગઈ છે. તો પછી એમ થઈ જાય કે ભગવાને જાણ્યું એ પ્રમાણે થાય તો પછી પુરુષાર્થ શું? બધા રાડું પાડે છે અમારે ૭૧ની સાલથી, ૭૨ની સાલથી આ પ્રશ્ન ઉઠ્યો છે પહેલેથી. આહા..હા..! ઓલો .. હતોને .. ગાંધી રાજકોટમાં. એ બધું વાંચતો બહુને બધું ઠેકાણા વિનાનું. એ બહુ પ્રશ્ન કરતો આવા. ભાઈ! બાપુ! અરે! સર્વજ્ઞપર્યાય જેને બેસે ભાઈ! એણે જાણ્યું એમ જેને બેસે, એને તો આત્મા અંતર રુચિમાં આવી જાય, આત્મસ્વભાવ, બાપુ! એ જ પુરુષાર્થ છે. સર્વજ્ઞ જેમ ત્રણ કાળ, ત્રણ લોકને એક સમય જાણે છે. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનના વિકાસની યોગ્યતા પ્રમાણે રાગને જે યોગ્ય છે એને સ્વસહિત પરને જાણે, બસ એટલું જ છે. એમાં કર્તાપણાની બુદ્ધિ ઉડી જાય છે, અકર્તાપણું એટલે જ્ઞાતાપણું થઈ જાય છે. એ જ એનો પુરુષાર્થ છે મોક્ષતત્ત્વની શ્રદ્ધાનો. મોક્ષતત્ત્વની કહો કે કેવળજ્ઞાનની શ્રદ્ધાનો કહો. સમજાણું કાંઈ? પણ જરી વાત અટપટી જેવું લાગે એવું છે.

મોક્ષતત્ત્વ કેવળજ્ઞાનનું લક્ષણ.. એ મોક્ષનું લક્ષણ કેવળજ્ઞાન છે અને કેવળજ્ઞાનની જ્યાં પ્રતીતિ આવી કે એણે દીઠું તે પ્રમાણે થાય, એ પ્રમાણે થાય એટલે એને કારણે થાય એમ નહિ, થાય તો એને કારણે. પણ ત્યાં ત્યાં એનો સમય ત્રણ કાળ અનંત સમય, જે દ્રવ્ય છે તેની અનંત પર્યાય ત્રણ કાળના સમય જેટલી. ત્રણ કાળના સમય તેટલી પર્યાય. હવે ત્રણ કાળ જાણ્યા તો પર્યાય જાણી. પર્યાય એટલી છે એક-એક પર્યાય આ સમયે... આ સમયે... આ સમયે... ક્રમસર જે છે અને ક્રમસરનું સામે નિમિત્ત પણ છે જેવું. બધું એમ ને એમ જાણ્યું છે ત્રણ કાળ, ત્રણ લોકને. એવા કેવળજ્ઞાનની પ્રતીત કરનાર. આહા..! મોક્ષની પ્રતીત કરી એણે. મોક્ષની પ્રતીત કરનાર દ્રવ્યની પ્રતીત કર્યા વિના મોક્ષની પ્રતીત થઈ શકે નહિ. પર્યાયની પ્રતીત, દ્રવ્યની પ્રતીત વિના થઈ શકે નહિ. સમજાણું કાંઈ? વાત આવી છે, બાપુ! લાખ વાતું કરે જગત. ગમે તે પણ શાસ્ત્રનો ટોટલ-મર્મ તો આ છે. સમજાણું કાંઈ?

તેથી ભગવાને પ્રવચનસારમાં કહ્યુંને કુંદકુંદાચાર્યે. ઓહો..! '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' એમ ન કહ્યું કે ભગવાનના પર્યાય જાણે એણે શું કરવાનું રહ્યું? કાંઈ ન રહ્યું એમ નથી કહ્યું. આવું જાણે '**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं**' આહા..હા..! જુઓ તો એક ગાથા! ૮૦. એમ નથી કહ્યું ભગવાનનું જ્ઞાન જાણે એને

એમ થાશે, થઈ રહ્યું, જેવું દેખ્યું એમ થાશે માટે પુરુષાર્થ ક્યાં રહ્યો? એમ ભગવાને કહ્યું નથી, એમ કુંદકુંદાચાર્યે કહ્યું નથી. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं' 'पज्जयत्तेहिं'** આપણે પર્યાય ઉપર જોર છે અત્યારે. કેવળજ્ઞાન પર્યાય છેને. ભગવાનની કેવળજ્ઞાનની પર્યાય જે જાણે. **'जाणदि अप्पाणं'** એ આત્માને જાણે જ. ઓહો..! આવી તાકાત! પછી આત્માની પર્યાયને જાણે એમ નથી લીધું, ભાઈ! આત્માને જાણે. કારણ કે એ પર્યાય આવડી છે એમ જાણવા જાય છે ત્યાં પર્યાય દ્રવ્ય ઉપર ગયા વિના એને સર્વજ્ઞની પ્રતીત, એને આ સર્વજ્ઞ સ્વભાવની પ્રતીત થયા વિના સર્વજ્ઞની પર્યાયની પ્રતીત આવતી જ નથી. આહા..હા..! સમજાણું? એમ નથી કહ્યું ભગવાન કુંદકુંદાચાર્યે કે ભગવાનનું કેવળજ્ઞાન આવું જો નક્કી કરશે, તો પછી એને પુરુષાર્થ નહિ રહે. પણ એ નક્કી કરશે એને આત્મા જણાયા વિના રહેશે જ નહિ. છેને શબ્દ? છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. કેટલામી છે? ૫૩ ગાથા? ૩૭. મૂળનું મારે તો કહેવું છે. જુઓ, વિશેષ એ કહેવું હતું. જુઓ, વિશેષ શબ્દ પડ્યો છે.

**तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं।**
**वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।**

આ વિશેષ .. શબ્દ ઉપર છે. મૂળ પાઠ. વિશેષ. અરે ભગવાન! જ્ઞાન તો વિશેષ જાણવાનો સ્વભાવ છે. દર્શનમાં સામાન્યપણે (દેખે), જ્ઞાન વિશેષ (જાણે). પાઠ લીધો વિશેષ. એનો ખુલાસો કર્યો. જુઓ, **'પર્યાયોનાં વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જણાય...'** જુઓ, **'પર્યાયોની માફક, અત્યંત મિશ્રિત હોવા છતાં સૌ પર્યાયોનાં વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જણાય એ રીતે, એક ક્ષણે જ, જ્ઞાનમહેલમાં સ્થિતિ પામે છે.'** બધી પર્યાયો આમ જ્ઞાનમહેલમાં આવી જાય છે. આવી જાય એટલે જ્ઞાન આવી જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! એ જ મોક્ષતત્ત્વની પર્યાયની પ્રતીત કરવી એ જ આખું સ્વરૂપ છે. મૂકાયેલી રાગ વિના નિરૂપાધી પર્યાય, એવો જેનો સ્વભાવ એવી પ્રતીત કરવી એને આત્માની પ્રતીત થાય છે. **'अप्पाणं'** લીધું છે આચાર્યે. અરિહંતની પર્યાય જાણનાર **'सो जाणदि अप्पाणं'** એમ લીધું છે. એમ નથી લીધું એ જાણે પર્યાય પોતાની. એમ પણ નથી લીધું. વાતનો મર્મ છે એમાં. ભાઈ! આમ અરિહંતની આ પર્યાય આવડી મોટી એક સમયમાં (બધું જાણે), એ પર્યાયને જ્યાં કબુલ કરવા જાય છે (કે) પોતાની પર્યાય આવડી, એ પર્યાયની કબુલાત ક્યારે થાય? કે દ્રવ્ય ઉપર જાય ત્યારે. એટલે આત્માને જાણે ત્યારે અરિહંતની પર્યાય જાણી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો આચાર્યે તો બહુ વાત મૂકી છે ઓહો..હો..! કેવળજ્ઞાનના વિરહ ભૂલાવી નાખે એવી વાત

છે. કાંઈ બાકી નથી આ શાસ્ત્રોમાં. એટલું લખ્યું એટલું. બાકી તો અનંતું હોય એ જુદી વાત છે. કહો, સમજાણું કાંઈ?

**'પરવસ્તુસે જો તન્મયી હો જાવે, તો વસ્તુકા અભાવ હો જાવે.'** શું કહ્યું? ભગવાન આત્માનું કેવળજ્ઞાન પરમાં જાય, વ્યાપી જાય, તન્મય થાય તો પોતાની પર્યાય રહેતી નથી. પર્યાય રહેતી નથી એટલે પછી દ્રવ્ય પણ રહેતું નથી. **'पज्जय विजुत्तं दव्वं'**. પર્યાય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ. આહા..હા..! એ પાઠ આવે છેને. **'पज्जय विजुत्तं दव्वं, 'दव्वं विजुत्तं पज्जय'**. અરસ-પરસ બેય વાત છે. આહા..હા..! બહુ ટૂંકી શૈલી. આચાર્યોએ કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા છે. આહા..હા..!

આમાં ઝઘડા ક્યાં છે? વાદવિવાદ ક્યાં છે? આવા તકરાર કરે. પંડિતજી હમણા કહેતા હતા કે એકબીજાને .. કરવું એ જ ગોત્યા કરે. એવું હોય? એવું કોઈ વ્યક્તિ પ્રત્યે... સખ ન આવે. હમણા પંડિતજી કહેતા હતા. આવો શબ્દ કે અરે! પંડિતને જનાજામાં નાખો? અરે ભગવાન! એટલો બધો .. કોઈ વ્યક્તિ પ્રત્યે,... અને બધા આત્માઓ છે. ભૂલ કરે તોપણ એની મગજમાં ઓલી હોવી જોઈએ. અરરર! એક તો ભૂલ કરે છે એનું દુઃખ, એને વળી માથે તું આમ પોટલો નાખે છે અંદર. આહા..હા..! એ કેવળજ્ઞાન બેસવું બાપુ! એ તે કાંઈ વાત છે? એ કેવળજ્ઞાન થવાની તૈયારીવાળાને બેસે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- આત્માને જાણ્યો..

ઉત્તર :- આત્મા જાણ્યો એને કેવળજ્ઞાન થયે જ છૂટકો. જાય ક્યાં કેવળજ્ઞાન? કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ છે ત્યાંથી આવે છે કે બહારથી આવે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સબકો જાનતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન કિયા. અપને કિયા તો જ્ઞાનાકાર હુઆ ન આત્મા. ના, ના, આ કોઈ સાધારણ વાત છે? જ્ઞેયાકાર એ જ્ઞાનાકાર અને જ્ઞાનાકાર એ આત્મા થયો પછી. એ તો એ જ છેને. આત્મા છેને. એ તો આત્માથી હુઆ ન? સવં જાણે એ તો આવ્યું છેને. એ ૪૮-૪૯માં એ જ આવ્યું છે. ૪૮-૪૯માં સામાન્ય જે આત્મા છે તે જ વિશેષપણે પરિણમે છે. એ વિશેષનું નિમિત્ત આ લોકાલોક છે. એમ ત્યાં આવ્યું છેને બધું. પોતે વિશેષ આકારે પરિણમી જાય છે એમાં આ નિમિત્ત છે. વસ્તુ પોતે પોતાને કારણે પરિણમી જાય છે. એમાં આખું ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન આવી જાય છે.

એવા એકને જાણે. અરે..! પણ એ ત્રણ કાળનો પોતાનો પર્યાય ત્રિકાળનો છે અનાદિ-

અનંત એવી પર્યાયને જાણે તો ત્રણ કાળનું દ્રવ્ય જણાઈ ગયું. અનાદિ-અનંત પર્યાયવાળું દ્રવ્ય છેને પોતાનું પણ. એ અનંતી પર્યાયોને જાણે ત્યારે અનંતી પર્યાયમાં આખું દ્રવ્ય આવી ગયું. એક પર્યાયનું, તેમાં ત્રિકાળ પર્યાયમાં કોઈ પર્યાય પણ કેવળજ્ઞાનની થવાની છે એ પર્યાય પણ એમાં આવી ગઈ છે. શું કીધું? એક દ્રવ્યને જાણવું એટલે એની ત્રણ કાળની પર્યાયને જાણવી. તો ત્રણ કાળની પર્યાયમાં અનાદિ-સાંત પર્યાય થઈ જવાની છે આ. અને સાદિ-અનંત કેવળજ્ઞાન થઈ જવાનું છે. એવું થવાનું છે એને આ દ્રવ્ય જણાય છે એમ કહે છે અહીં તો. એને આખું દ્રવ્ય આમ ત્રણ કાળની પર્યાયસહિતનું કેવળજ્ઞાન સાદિ-અનંત અને આ અનાદિ-સાંત અલ્પજ્ઞાનનું એ બધું જાણે ત્યારે દ્રવ્યને જાણ્યું કહેવાય. તો આખું પૂર્ણ ન જાણે તો તો એણે આત્માને જાણ્યો નથી. સમજાણું કહું છું એ? આહા..હા..! પરની સાથે અહીં સંબંધ વાત જ નથી.

પોતાનો આત્મા પણ અનાદિ સાંતરૂપ પર્યાય અને કેવળજ્ઞાનની સાદિ-અનંત પર્યાય અને વચમાં સાધક સ્વભાવની ભલે પર્યાય, પણ એ બધી પર્યાયોનું આખું રૂપ ન જાણે ત્યાં સુધી દ્રવ્ય ક્યાં જાણ્યું છે? તો બધી પર્યાયને જાણે ત્યાં દ્રવ્ય જણાઈ ગયું છે અને બધી પર્યાયમાં કેવળજ્ઞાનનો પર્યાય સાદિ-અનંતનો પણ એમાં આવી જાય અને સાદિ-અનંતવાળી, અનાદિ આમ આટલી અનંતગુણની પર્યાયને જાણતા આત્મદ્રવ્ય એમાં જણાઈ જાય છે. એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં આત્મા જણાય ત્યારે એ બધી પર્યાયનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ઝીણું, પણ બાપુ! એના ઘરની છે ભાઈ! એ તો એને જરી બેસાડવા માગે તો બેસી શકે એમ છે. આ કાંઈ કોઈ ઘરની નથી ચીજ એને મનાવવી હોય એમ નથી. છે એને મનાવવું છે, છે એને મનાવવું છે એટલે સત્ છે એને મનાવવું છે.

જોયું! **'વસ્તુકા અભાવ હો જાવે.'** ભગવાન આત્માની પર્યાય ભલે પરને જાણે, પરના જ્ઞેયાકારરૂપે પરિણમે. પણ પરિણમ્યું છે પોતાની પર્યાય કે પરને કારણે? અને એ પર્યાયપણે પરિણમેલું જ્ઞાન પોતાના આત્માનું છે અને એવા અનંતગુણનું રૂપ તે આત્મદ્રવ્ય છે. એવો ભગવાન આત્મા પરને જાણતા પરમાં વ્યાપ્તપણે થતો નથી, જો થાય તો અભાવ થઈ જાય છે. **'ઈસલિયે યહ નિશ્ચય હુઆ, કિ જ્ઞાન ગુણકર લોકાલોકપ્રમાણ જો આત્મા...'** જોયું! **'જ્ઞાન ગુણકર લોકાલોકપ્રમાણ જો આત્મા ઉસે આકાશ ભી કહતે હૈં, ઉસમેં જો મન લગાવે,...'** હવે આવ્યું. ઓલો મનનો અર્થ હતો એ. એવા આત્મામાં જે મન લગાવે. પાઠમાં એમ છેને? **'आयासइ मणु धरइ' 'आयासइ मणु धरइ'** આકાશ શબ્દે આવો આત્મા એમાં જે મનને લગાવે **'તબ જગતસે મોહ દૂર હો ઔર પરમાત્માકો પાવે.' 'मोहु तुट्टइ परहँ पवाणु' 'परहँ'** એટલે પ્રધાન એવો ભગવાન આત્મા એને પામી જાય. જુઓ! **'परहँ'**નો અર્થ એ કર્યો. સમજાણું? લોકાલોકપ્રમાણ આત્મા. છેને? આહા..હા..!

શું કહ્યું? કે જ્ઞાનગુણથી આત્મા લોકાલોકને જાણનાર છે એથી તે લોકાલોકને જાણનાર અપેક્ષાએ તેને આકાશ કહ્યો ઓલા જ્ઞાનને. '**ઉસમે જો મન લગાવે,...**' એવા જ્ઞાનમાં— લોકાલોકને જાણનારું જ્ઞાન એમાં જે મન લગાવે, એટલે ત્રિકાળ જ્ઞાનનો સ્વભાવ છે એની પર્યાય વર્તમાન તો લોકાલોકને જાણવાની ... એનો અર્થ કે લોકાલોકને જાણનાર છે એવો જે આત્મા એના ઉપર મન લગાવે '**તબ જગતસે મોહ દૂર હો જાતા હૈ.**' રાગનો અભાવ થઈ ભગવાન પરમાત્મા પોતે છે તે પ્રકાશમાં આવે છે અથવા એને પામે છે. પાઠમાં એમ છેને. '**परहँ पवाणु**' પરને પામે. પર એટલે આ પ્રધાન આત્મા એમ.

'**વ્યવહારનયકર આત્મા જ્ઞાનકર સબકો જાનતા હૈ, ઈસલિયે સબ જગતમેં હૈં.**' એમ કહેવામાં આવે છે. ભગવાન સર્વ જગતમાં છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. '**જૈસે વ્યવહારનયકર નેત્ર...**' દાખલો આપ્યો. નેત્રનો દાખલો છેને પ્રવચનસારમાં. '**વ્યવહારનયકર નેત્ર રૂપી પદાર્થકો જાનતા હૈ; પરંતુ ઉન પદાર્થોંસે ભિન્ન હૈ.**' નેત્ર-આંખ અગ્નિને દેખે તો અગ્નિમય નેત્ર થઈ ગયું? તો તો આંખ બળી જાય. આમ આંખ દેખે છે, અગ્નિને દેખે છે, પણ આંખમાં રહીને અગ્નિને દેખે છે. '**જો નિશ્ચયકર સર્વગત હોવે,...**' લ્યો, હવે આવ્યું. નિશ્ચયથી પરમાં વયો જાય '**તો પરપદાર્થોંસે તન્મયી હો જાવે,...**' કહો, સમજાય છે કે નહિ? ધર્મચંદજી! આ બધા માણસોએ એવા બધા કાળ ગાળ્યા છેને. દરકાર નહિ દરકાર અંદર. ઉપર-ઉપર વાત. પણ અંદર તત્ત્વ શું છે? અંદર ભગવાન આત્મા. આહા..હા..!

અહીં તો એકલા પરમાત્માના જ ગાણા છે. ભગવાનની દીકરી પરણે છે. ત્યારે નથી કહેતા લોકો? એમ અહીંયાં ભગવાનની પરિણતિની વાત છે. લોકોમાં અમારે અહીં કહેવાય છે. બહુ ખર્ચ હોતા હૈ ન પૈસા-બૈસા ખર્ચ, ક્યા કહતે હૈં? ખર્ચા બહુત હોતા હૈ તો ભાઈ! અહીં તો ભગવાનની દીકરી પરણે છે, અહીં ક્યાં તૂટો છે? ઐસા કહનેમેં આતા હૈ. હિન્દુસ્તાનમેં હૈ કુછ? બીજી ભાષા હોગી ખરી. સબ જગહ હોય. ચૂલામાં તો રાખ જ હોયને બધે. કાંઈ કસ્તુરી હોય? બધે કહેવત એવી જ હોય. અહીં ભગવાનની દીકરી પરણે છે. અહીંયાં ક્યાં તૂટો છે? ભાઈ આવો.. આવો.. સબ આવો.. સબ ખાયે જાઓ.. સબ ખાયે જાઓ. સમજાણું?

આ ઉત્તમચંદભાઈએ કર્યું હતુંને ભાઈ! વડીયામાં, વડીયામાં. આ વડીયા છે. એનું ગામ વડીયા. ત્યાં આઠ હજાર માણસની વસ્તી. આઠ હજાર માણસની વસ્તી. પછી ભગવાનની પ્રતિમા પધરાવી હતી. પોતે ઘરે મંદિર બનાવ્યું અને સાત-આઠ હજારનું (ગામ). ઘરનું પોતાનું (મંદિર). બે-ત્રણ ઘર. પોતે બનાવ્યું ઘરનું અને ભગવાનને પધરાવવા. એટલે માણસને કહ્યું કે ભાઈ મારે ભગવાનને પધરાવવા છે. મહારાજ આવ્યા છે. આ ગામ ધુમાડોબંધ કરવો છે. ગામ ધુમાડો સમજ્યા? સારા ગાંવકો જિમાના હૈ. સારા ગાંવકો ભોજન દેના હૈ. ભગવાનકો

પધરાના હૈ તો સારા ગાંવકો ભોજન કરાના હૈ. તો ઓલા કહે ભોજન દેના હૈ તો તમારે... આ કહે જુઓ, તમે સારા માણસ છો. અમે તમને શોભા આપીએ, અમને સાથ આપો. હું એકલો માણસ આઠ હજાર માણસને શી રીતે જમાડું? ત્યારે ઓલો કહે એમ નહિ. અમારા સાધુને પગે લાગો. અમારા સાધુને પગે લાગો. ભાઈ! હું કાંઈ કહેતો નથી કે અમારા મહારાજ આવે તો તમે પગે લાગો. હું તો શોભા માટે કહું છું. મારા ભગવાનનો આજે પધરાવાનો દિવસ મારે ઘરે છે. અમે ગરીબ માણસ છીએ સાધારણ અને અમે સાત-આઠ હજારનું મંદિર બનાવ્યું છે. તે દિ' પૈસા નહોતા એની પાસે હોં. પણ પછી પૈસા થઈ ગયા કોણ જાણે? કુદરતે શું થાય છે? તે દિ' નહોતા પછી એકદમ. ઓલાએ માન્યું નહિ પછી ગામમાં ઢોલ પીટાવ્યો. ઢોલ સમજો છો? દાંડી. ગામમાં કોઈપણ ભગત, ભિખારી, વાઘરી, છોકરા, છોડીયું, .. બધા મારે ઘરે આવીને લાડવા-ગાંઠીયા ખાઈ જજો. લોકોએ ન માન્યું. આઠ હજાર માણસ કહે નહિ, અમારા મહારાજને પગે લાગો તો આવીએ. આ મહારાજ કહે છે ઈ એક જ ધર્મ માનીએ છીએ. અમે બીજો ધર્મ માનતા નથી. અમારે બીજા પ્રત્યે દ્વેષ નથી. ઉત્તમચંદ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઉત્તમચંદભાઈએ કહ્યું, ભાઈ જુઓ, અમે પગે લાગતા નથી. અમે તો આ દિગંબર ધર્મ સનાતન સત્ય આ માનનારા છીએ. અમે તો બીજું માનતા નથી. ત્યારે મદદ નહિ કરીએ તમને. તો હું એકલો શી રીતે કરી શકું? પછી બધા ગામના .. બે હજાર રૂપિયા ખર્ચીને બધાને જમાડ્યા. લાડવા અને ગાંઠીયા. ગામમાં ઢોલ પીટાવ્યો. જે કોઈ માણસ મારે ઘરે આવે એ થાળી ઉપર બેસી લાડવા અને ગાંઠીયા ખાઈ જજો. મારે ઘરે ભગવાન આજે પધારે છે. નહિતર સાધારણ માણસ છે. કાંઈ લાખોપતિ માણસ નહિ. પણ મારે ઘરે પધરાવવાનો દિ' આહા..હા..! અને મહારાજ આવ્યા છે. બે દિ' રહેવાના છે. આવું કે દિ'! આખું ગામ જમો. ધુમાડાબંધ કરો. પણ માન્યું નહિ એ લોકોએ. એકલો માણસ શી રીતે કરે? પછી આ રીતે બે હજાર રૂપિયા ખર્ચ્યા. શેઠી!

અહીં તો ભગવાનની દીકરી પરણે છે કહે છે. આવો રે આવો, આ માલને અનુભવો. '**मज्जन्तु**' આવે છેને એ? '**मज्जन्तु निर्भरममी सममेव लोका**'. પહેલા (અધિકારમાં, ૩૨ શ્લોકમાં) આવે છે. હે જીવો! આવો રે આવો. સાગમટે નોતરા. અરે! આવો આવા કેવળજ્ઞાનના દરિયામાં પેસી જાવ અંદર. આહા..હા..! આચાર્ય મહારાજે પણ એવા શ્લોકો બનાવ્યા છે હોં, જીવ અધિકારને પૂરો કરતા. '**मज्जन्तु निर्भरममी सममेव लोका**'. આવો ઉપશમરસમાં આવી જાવ. આવો ભગવાન છે, ભાઈ! બધાને મારે આમંત્રણ છે. આખા લોકને આમંત્રણ છે. ન

આવે તો એને.. કોઈ રોગ હોય ને ન આવે, કોઈ વિધવા હોય તો ન આવે એ.. પણ અમારું આમંત્રણ તો બધાને માટે છે કહે. કોઈ અભવિ ન આવે તો એ એને ઘરે રહ્યા. આમંત્રણ સાગમટે આપણે કહે છે કે નહિ? સાગમટે કહે છે અમારે. બધા જમી જાઓ. એમ આચાર્ય મહારાજ (કહે છે), બધા આવી જાઓ અહીંયાં. કોઈ બાકી ન રહેજો. આત્માઓ છો તમે. આહા..હા..! આત્મામાં બાકી કેમ રહેશે? આવો ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ બિરાજે છે. આવો રે આવો સ્નાન કરો, ઉપશમરસમાં ઝુલો અંદર. તમારું કલ્યાણ થઈ જશે, જાઓ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જો ઉસે તન્મયી હોવે તો નેત્રોંકો અગ્નિકા દાહ હોના ચાહિયે,...**' આંખ અગ્નિને દેખે. તો દેખે તો કાંઈ આંખ બળે છે? '**ઈસ કારણ તન્મયી નહીં હૈ. ઉસી પ્રકાર આત્મા જો પદાર્થોંકો તન્મયી હોકે જાને, તો પરકે સુખ-દુઃખસે તન્મય હોનેસે ઈસકો ભી દૂસરેકા સુખ-દુઃખ માલૂમ હોના ચાહિયે,...**' ઈન્દ્રોના સુખ વિષયના અને નારકીના દુઃખ દુઃખના. ભગવાન તો જાણનાર છે, બાપા! જાણે એમાં વેદવું છે ક્યાં એને? તન્મય ક્યાં છે? તન્મય નથી એ અપેક્ષાએ વ્યવહાર કહ્યું છે. બાકી એનું જ્ઞાન પોતામાં નથી થયું એવું કાંઈ છે નહિ.

'**ઈસલિયે નિશ્ચયસે આત્મા અસર્વગત હૈ,...**' બધે વ્યાપ્યો નથી. '**ઔર વ્યવહારનયસે સર્વગત હૈ,...**' વ્યવહારનો અર્થ બધાને જાણવાની અપેક્ષાએ સર્વગત કહેવામાં આવે છે. અપેક્ષાની વાત છેને. '**પ્રદેશોંકી અપેક્ષા નિશ્ચયસે લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી હૈ, ઔર વ્યવહારનયકર પાત્રમેં રખે હુએ દીપકકી તરહ દેહપ્રમાણ હૈ,...**' દેહપ્રમાણે ભગવાન બિરાજે છે અહીંયાં. '**જૈસા શરીર ધારણ કરે, વૈસા પ્રદેશોંકા સંકોચ વિસ્તાર હો જાતા હૈ.**' એ તો પોતાની યોગ્યતા પ્રમાણે થાય છે. ભગવાન પોતાના સ્વરૂપમાં બિરાજે છે, કાંઈ શરીરમાં બિરાજતો નથી.

'**આગે ફિર પ્રશ્ન કરતા હૈ—**' લ્યો! પ્રભાકરભટ્ટ.

**૨૯૬) देहि वसंतु वि णवि मुणिउ अप्पा देउ अणंतु।**
**अंबरि समरसि मणु धरिवि सामिय णट्ठु णिभंतु।।१६५।।**

આ શું કહે છે? જોર આપે છે. અરે ભગવાન! આખો જાણનારો હું! એને મેં જાણ્યો નહિ? આ શું કર્યું આ તે મેં?

હે ભગવાન! '**હે સ્વામી, વ્યવહારનયકર દેહમેં રહતા હુઆ...**' વ્યવહાનયકર એટલે શું? છે ભિન્ન-ભિન્ન. પરસ્પર નિમિત્ત છે માટે એને વ્યવહારનય. બાકી બેય તત્ત્વ પોતપોતામાં છે. '**આરાધને યોગ્ય આત્મા...**' આ સાર લીધો લ્યો. ઓહો..! સેવવાયોગ્ય, આરાધવા

યોગ્ય તો ભગવાન આત્મા છે. નિમિત્ત પણ આરાધવાયોગ્ય નથી, વિકલ્પ આરાધવા યોગ્ય નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... કોઈ ભગવાનને પગે નહિ લાગે.

ઉત્તર :- અરે..! એને ભાવ આવ્યા વિના રહેશે નહિ. જેને આત્માનું સાચું જ્ઞાન થાય એને ભગવાન અને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ ભાવ આવ્યા વિના રહે જ નહિ. નિશ્ચય હોય ત્યાં વ્યવહારનું બહુમાન આવ્યા વિના રહે નહિ. એવો સ્વભાવ છે. એને જ ખરો વ્યવહાર હોય છે. ભક્તિમાં નથી કહ્યું પંચાસ્તિકાયમાં? સમકિતીને જ સાચી ભક્તિ છે. મિથ્યાદષ્ટિને સાચી ભક્તિ હોતી જ નથી. આવે છેને? અમૃતચંદ્રાચાર્યની ટીકામાં આવે છે. સ્થૂળ ભક્તિ લોકની. ખરી ભક્તિ તો મુનિ, સમકિતીને જ હોય છે. કારણ કે નિશ્ચયનું જ્યાં ભાન છે ત્યાં એને યથાર્થ પૂર્ણ દશા જ્યાં પામ્યા એના ઉપર બહુમાનનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. ... તો શું છે? કે જેને આત્માનું યથાર્થ ભાન થયું એનું જ્ઞાન સમ્યક્‌પણે પરિણમ્યું. સમ્યક્‌પણે પરિણમ્યું એ પ્રમાણ છે અને એ પ્રમાણનો અવયવ તે નય છે અને નયનો વિષય તે નિક્ષેપ છે. ત્યારે જ એને નિક્ષેપનું બહુમાન આવે છે. અજ્ઞાનીને ખરેખર નય નથી એટલે નય નથી તો નયનો વિષય નિક્ષેપ એને યથાર્થપણે લાગુ પડતો જ નથી. એવી વાત છે.

ભગવાન આત્મા આમ શુદ્ધ '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' સમ્યગ્દષ્ટિને તો શ્રુતજ્ઞાન પ્રમાણરૂપે પરિણમ્યું આખું. દ્રવ્ય અને પર્યાય બેયને જાણે. એના અવયવ એટલે ભાગ નિશ્ચય અને વ્યવહાર બે અવયવ છે. હવે એ જ્ઞાન નયરૂપે, અહીં પ્રમાણરૂપે પરિણમ્યો એનો નય નિક્ષેપ ઉપર લક્ષ કરે છે એ વિષય છે. યથાર્થપણે સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ કે નામનિક્ષેપ એને ઓળખનારું નય યથાર્થ જ્ઞાન હોય તે જ ઓળખી શકે છે. નય જ્ઞાનના ભેદ છે, નિક્ષેપ જ્ઞેયના ભેદ છે. તો અહીં જેને યથાર્થ જ્ઞાન થયું એને નિક્ષેપ યથાર્થ ભગવાનનો નિક્ષેપ છે, એને બહુમાન આવ્યા વિના રહે નહિ. વ્યવહાર એને સાચો આવે એમ કહે છે. ઝીણી વાત! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ક્યાં... રાગમાં પડ્યો એ તો નહિ નમે. કીધું નહોતું? ગ્રંથિ સત્તા, હે ભગવાન! આપને નહિ નમે. આવ્યુંને સમંતભદ્ર. હે ભગવાન! મહાવીર ભગવાનની સ્તુતિમાં. સંમતભદ્ર (સ્વામી કહે છે), હે નાથ! ગ્રંથિ સત્તા. રાગને એકત્વ માનનારા જીવો નહિ નમે આપને.

મુમુક્ષુ :- રાગને નમે તો પછી ભગવાનને ક્યાં..

ઉત્તર :- આચાર્યે સમંતભદ્રે આમ સ્તુતિને વહાવી છે, આમ સમુદ્ર વહાવ્યા છે. આહા..હા..! ચોવીસ સ્તવનમાં તો શાસ્ત્રો ગોઠવી દીધા છે. ભક્તિ છે એટલે હે નાથ! ગ્રંથિ સત્તા. રાગની

ગાંઠવાળા અને એને એકત્વ માનનારા, પ્રભુ! આપે ગાંઠ છોડી નાખી એને નહિ નમે ઈ. આહા..હા..! જુઓને, આમ સ્તુતિ કરે તોપણ એમ કહે છે. ઉભા રહો, ઉભા રહો ભગવાન. કાંડું ઝાલીને સ્તુતિ કરી છે કે નહિ? તમને અમે કાંઈ બહારના પુણ્યથી નથી માનતા હોં, ધ્યાન રાખજો. ૩૪ અતિશય, આવું પરમ ઔદારિક શરીર એમ નથી માનતા અમે. તમને વીતરાગભાવ પ્રગટ્યો છે એને અમે માનીએ છીએ. આહા..હા..! અમે ઓળખીએ છીએ હોં! તમે કોણ એને ઓળખીએ છીએ. પુણ્ય અને અતિશય એ તમે નથી, મને ખબર છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ભગવાનપણું નથી. ચોત્રીસ અતિશય, ઔદારિક શરીર અને રોગ ન થવો, ક્ષુધા ન થવી એ કાંઈ મૂળ વસ્તુ નથી. તમારો આત્મા જે છે દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો એ આત્માને અમે વીતરાગ માનીએ છીએ. આહા..હા..! જુઓને એ. ગુફામાંથી જેમ નીકળતા (કહે કે) ઉભા રહો ભગવાન! શું છે? એવું લખ્યું છે હોં. અર્થમાં લખ્યું છે. અર્થમાં લખ્યું છે, શ્રીમદ્દે લખ્યું છે એવું. ઉભા રહેજો ભગવાન! ઉભા રહો. શું છે? ભાઈસાહેબ! અમે તમને તીર્થંકર માનીએ છીએ એમ નથી માનતા હોં ધ્યાન રાખજો. ચોત્રીસ અતિશય, પુણ્યશાળી, આહાર નથી કરતા, શરીર ઔદારિક એમ નથી માનતા અમે તમને. હેં! એ બોલચાલનો તર્ક ઉઠાવ્યો છે. શ્રીમદ્દે ઉઠાવ્યો છે. આમ ગુફામાંથી જેમ ભગવાન નીકળતા હોય અને ભક્ત ઉભો હોય, ઉભા રહો ભગવાન! શું છે? તમે કોણ છો? અમને ખબર છે હોં પ્રભુ! તમને ઓળખીએ છીએ અમે. વીતરાગી પર્યાય પ્રગટી, સર્વજ્ઞ પર્યાય પ્રગટી એને અમે માનીએ છીએ. તમારા કોઈ શરીર ઔદારિક થઈ ગયું, પુણ્ય ફળ્યા, સિંહાસન મળ્યા, આ દેવ ચામર ઢાળે એમ નહિ. એવું તો દેવના જીવને આવું હોય છે. દેવ પણ એવો કોઈ વૈક્રિયક કરે તો સમવસરણ આદિ બનાવે. ભગવાન! એને અમે માનતા નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે માટે માને છે?

ઉત્તર :- નહિ, શાસ્ત્ર નહિ. અમારા આત્મામાં તમારી વીતરાગતા કેવી છે અમે જાણીએ છીએ. એ રીતે તમને માનીએ છીએ. શાસ્ત્ર શું કરે? શાસ્ત્રો તો બહાર રહી ગયા.

મુમુક્ષુ :- .. એની ભક્તિ સ્વીકારે છે ભગવાન.

ઉત્તર :- હા, એવી ભક્તિ કરે એને ભક્તિ સાચી હોય. જેને વીતરાગપણે જાણ્યા છે. આહા..હા..! અને એનો આ નિક્ષેપ છે, એનો આ નિક્ષેપ છે. ભગવાનનો નિક્ષેપ છે આ. વાસ્તવિક વસ્તુ તો ભગવાન પાસે રહી, પણ આ જાણે છે, ઓહો! પ્રભુ! 'જિન પ્રતિમા જિન સારખી.' એ આવે છે કે નહિ? બનારસીદાસમાં આવે છે. બનારસીવિલાસમાં છે. બનારસીવિલાસમાં 'જિન પ્રતિમા જિન સારખી.' સારખી છે. અમે વ્યવહારથી જાણીએ છીએ.

નિશ્ચય તો જે છે ઈ છે. ઓલા ઉડાવે છે એ પણ ખોટું છે અને પાછું એના ભક્તિ કરતા કલ્યાણ અને સંવર નિર્જરા થઈ જાય (એ પણ ખોટું છે). એ વાતમાં આખો ફેરફાર લોકો ખેંચાતાણ કરી કરીને.. દેવચંદજી એમ કહે, ભગવાનની મદદ કરે તો 'આસ્રવ ચાલ ઘટે સંવર વધે..' ભાઈ! બાપા! સંવર તો સ્વને આશ્રયે વધે. એ પરને લક્ષે વિકલ્પ હોય ખરો, ભાવ હોય ખરો, પણ એની મર્યાદા કષાયની મંદ ગતિ છે, પ્રભુ! એથી લાંબી વાત લઈ જાય તો છે નહિ, ખેંચાતાણ થઈ જશે. કહો, સમજાણું કાંઈ?

સર્વજ્ઞ-સર્વજ્ઞ છેને? **'હે સ્વામી,...' 'આરાધને યોગ્ય આત્મા...'** આહા..હા..! પ્રભુ! પણ હું ક્યાં ગયો? તીર્થંકર આરાધનેયોગ્ય ન રહ્યા ક્યાંય? ન્યાલચંદભાઈ! આ શું પણ? ભક્તો આવી ગાંડી... આહા..હા..! પહેલા કહેતા અમારે ત્યાં શીખતાને ભાઈ! ભજન કરવા જાતા ત્યાં. નાની ઉંમરમાં. 'જગતડા કહે છે રે ભગતડા ઘેલા છે, પણ ઘેલા ન જાણશો રે પ્રભુને ત્યાં એ પહેલા છે.' ભક્તિ કરતાને અમે પાલેજમાં. 'જગતડા કહે છે રે ભગતડા.' જગત કહે છે કે આ ભક્તો ગાંડા જેવા છે ધર્મી. ગાંડા સમજ્યાને? પાગલ. જગતડા કહે છે.. આ જગત એમ કહે છે કે ભગત એટલે ધર્મી જીવો એ ગાંડા જેવા, પાગલ જેવા. કાંઈ ભાન છે એને લૌકિકની? 'પણ ગાંડા ન જાણશો રે..' ઘેલા ન (જાણશો). ઘેલા એટલે ગાંડા-પાગલ. 'ઘેલા ન જાણશો રે પ્રભુને ત્યાં એ પહેલા છે.' એ પ્રભુ પાસે પહેલા-નજીકમાં જવાના છે ઈ. તમે જેને ગાંડા ગણો એ ગાંડા ઘેલા નથી. ધ્યાન રાખજો. સમજાણું કાંઈ? આ માને તો નિર્વિકલ્પનો આનંદ માને દૃષ્ટિ, વળી આવા પથરા પાસે જઈને ભક્તિ કરે. અરે..! સાંભળને. એ ગાંડા નથી, મૂર્ખ નથી. તને ભાન નથી. લ્યો! એક કોર કહે એક વિકલ્પ આત્માને બંધનું કારણ. નિર્વિકલ્પ ... એક કોર આવી મૂર્તિ પત્થરની હે નાથ! આમ કરે. ગાંડા નથી સાંભળને. એ શુભ વિકલ્પ આવે એટલે એવું બહુમાન આવ્યા વિના રહેતું નથી. એ ભગવાનને ઘરે પહેલા જવાના છે કેવળજ્ઞાનમાં. ...લાલજી! 'જગતડા કહે છે રે ભગતડા કાલા છે.' કાલા કહે છેને? કાલા સમજે? આ કાલા નથી હોતા? મૂર્ખ કહે. પણ અમારા આપણે કાલાનો અર્થ એવો થાય છે ઓલું કાલુ હોય છેને આ રૂનું. કપાસનું કાલું આમ ફાટેલું રહે. એમ ફાટેલું. એ કાલા બોલે.

મુમુક્ષુ :- .. માલ વગરના છે એમ.

ઉત્તર :- હા, એમ. 'જગતડા કહે છે રે આ ભગતડા કાલા, એ કાલા ન જાણશો રે પ્રભુને એ વ્હાલા છે.' ભગવાનના જ્ઞાનમાં એની પ્રશંસા છે. સમજાણું કાંઈ? ઓલો એક કહેતો હતો એક જણો. સાધુ સાંભળી ગયો હતોને ચાર મહિના, નહિ ભાઈ? બ્રાહ્મણ ઓલો. ચાર મહિના. કુમુદવિજય. મહારાજ આ વાતું આવી કરે છે કે એક વિકલ્પ પણ બંધનું કારણ છે.

વળી પાછા કહે વસ્ત્ર આવે તો મુનિ નહિ. આ ક્યાં મેળ ખાય છે આને? ચાર મહિના સાંભળ્યું. શ્વેતાંબર સાધુ હતા. ચાર મહિના સાંભળવા આવતા અહીં. ચોમાસુ ત્યાં ઓલા મકાનમાં, ઓલી કોરના શ્વેતાંબરના. પણ સાંભળવા આવતા. એને અંદરથી તો બહુ લાગી વાત સોએ સો ટકા સાચી. પણ શું કરવું? કે અમે કોઈને કહેતા નથી કે શું કરવું? અમારે માથે કોઈ જવાબદારી નથી. કહે કે આ તમે સાધુનો વેશ છોડી દયો. ફલાણું (કરો કે) કાંઈ નહિ. અમે તો તત્ત્વની વાતું કરીએ. બેસે એને બેસાડો. પછી અહીં બે વાર પૂછ્યું મને કે શું કરું? કીધું, અમે કાંઈ કહેતા નથી. એટલે પછી બહાર આવીને.. આ તો રાખવાના કામી નથી. અહીં કોણ ભેગા કરે? બહાર જઈને પછી લખ્યો લેખ. પૂરું થયું. ઓલા સંપ્રદાયમાં જાવુંને એટલે એમાં લેખ લખ્યો કે ભાઈ ત્યાં આવી વાતું કરે છે નિર્વિકલ્પની સૂક્ષ્મ આ અને વળી પાછું વસ્ત્ર હોય તો મુનિપણું નહિ, એમાં મેળ ક્યાં ખાય છે? એવો લેખ લખ્યો. ભાઈ! વસ્ત્રને લઈને નથી. ભાઈ! વસ્ત્ર છે એના ઉપર લક્ષ જાય છે મમતાનો રાગ, ત્યાં છઠ્ઠા ગુણસ્થાનની દશા હોતી નથી. એમ છે. વસ્ત્રને કારણે ક્યાં છે? એ તો રાગમાં નિમિત્ત છે. એટલે એ એમ બહાર નાખ્યું. લેખ લખ્યો હતો. હતો પંડિત. પણ બાપા! આ વાતને સમજવી.

એક કોર વાત એવી કરે કે નિર્વિકલ્પથી જ આત્માને લાભ થાય, એક કોર એમ કહે કે વસ્ત્ર રાખે તો મુનિપણું નહિ. આ મેળ ખાતો નથી. એવું એણે લખ્યું. બાપુ! મુનિપણું ત્રણ કાળમાં ન હોય, જ્યાં સુધી વસ્ત્ર છે અને એનું લક્ષ છે. વસ્ત્રને લઈને નહિ. એનું લક્ષ છે. મન, વચન અને કાયા, કરણ, કારણ, અનુમોદન નવ કોટીથી કરવું, કરાવવું, અનુમોદવાનું વસ્ત્ર અને પરિગ્રહનું ન છૂટે ત્યાં સુધી છઠ્ઠું ગુણસ્થાન આવી શકે જ નહિ. એ વસ્તુનો સ્વભાવ એવો છે. કરેલો કોણે છે? સંપ્રદાયની ક્યાં વાત છે આ? સમજાણું કાંઈ? એ વળી ખટકે. બાપા! આ તો ભગતના પ્યાલા છે ચૈતન્યના. એ વાતું પચવવી કઠણ છે. આહા..હા..!

**'આરાધને યોગ્ય આત્મા...'** કેવો છે ભગવાન? **'અનંત ગુણોંકા આધાર...'** એક અર્થ એ કર્યો. બે અર્થ કરશે. સંસ્કૃતમાં બે અર્થ કર્યા છે. એક તો કેવળજ્ઞાન આદિ અનંતગુણ આધાર અને બીજો **'अणंतु अनन्तपदार्थपरिच्छित्तिकारणत्वादविनश्वरत्वादनन्तः।'** છેને ભાઈ? અનંતના બે અર્થ કર્યા. એક તો ભગવાન આત્મા અનંતગુણનો આધાર એક છે. અનંતનો અર્થ એક કર્યો. બીજો અનંત. અનંત પદાર્થોને જાણવાની પરિચ્છિન્ન જ્ઞાનની શક્તિ રાખે છે માટે તેને અનંત કહેવામાં આવે છે. અવિનાશી. વિનાશ નથી ઈ. સમજાય છે કાંઈ? આહા..હા..! અનંત ગુણોનો આધાર ભગવાન. ગુણનો આધાર તે આત્મા છે કે ગુણનો આધાર તે રાગ અને પર છે? અનંત-અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ. અરે! એવા અનંત સ્વભાવ એનો આધાર તો આત્મા દ્રવ્ય છે. એ ગુણનો આધાર કોઈ પર્યાય, રાગ તે આધાર નથી. એવા ભગવાન

અનંતગુણનો આધાર આત્મા તે જ આરાધવાયોગ્ય છે. એની ખાણમાં કેવળજ્ઞાન પડ્યા છે, આનંદ પડ્યા છે. એની આરાધના અને સેવા કરવાની છે. તો શિષ્ય કહે છે '**मैने अज्ञानतासे नहीं जाना.**' નાથ! '**नैव मतः**' મેં આવા સ્વરૂપને અનંતકાળમાં જાણ્યું નહિ, જાણ્યું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- કર્મના ઉદયથી ન જાણ્યું.

ઉત્તર :- ના, ના, કર્મ-ફર્મની વાત પણ ક્યાં છે અહીંયાં? '**नैव मतः**' મેં અજ્ઞાનથી નહિ જાણ્યું એમ કહે છે. ત્યારે નિમિત્ત કહેવાય. તું કર તો કહેવાય કે ન કર તો ઓલો કરાવી દે? કરાવી દે તો નિમિત્ત રહ્યું ક્યાં? સમજાણું કાંઈ?

'**मैंने अज्ञानतासे नहीं जाना.**' સમજાણું? ત્યાં એનો અર્થ આવ્યો છે સંસ્કૃતમાં. '**णवि मुणिउ**' છેને શબ્દ? ન માન્યું એવો શબ્દ આવ્યો છે અર્થમાં? આ '**णवि मुणिउ नैव ज्ञातः**' '**नैव ज्ञातः**' છેને? '**णवि मुणिउ नैव ज्ञातः**' બસ, સંસ્કૃતમાં એટલું છે. '**नैव ज्ञातः**' બસ, મેં ન જાણ્યું, મેં ન જાણ્યું. જોયું! ભગવાન આત્માઓ અનંત કાળમાં, પ્રભુ! અનંત કાળ થયા પણ એનો નજીકનો પોતાનો સ્વભાવ આરાધવાયોગ્ય એને મેં જાણ્યો નહિ. '**क्या करके समान भावरूप...**' આ રીતે ન જાણ્યો એમ. સમભાવ કરીને. પુણ્ય-પાપના વિકલ્પો બધું બંધનું કારણ છે. સમભાવ તરીકે કરીને સમતાથી મેં આત્માને જાણ્યો નહિ. આહા..હા..!

'**निर्विकल्पसमाधिमें मन लगाकर.**' એમ. સમરસ કેવો? '**अंबरे**' નિર્વિકલ્પ શાંતિ. જેમાં વિકલ્પની જાળ નથી. એવી નિર્વિકલ્પ સમાધિથી '**मन लगा कर. ईसलिये अब तक निःसंदेह नष्ट हुआ.**' ભગવાન! હું તો નષ્ટ થઈ ગયો અત્યાર સુધી હોં! આ આત્માને આરાધ્યો નહિ માટે નષ્ટ. એનો અર્થ આખો મોટો લંબાણથી કરી નાખ્યો. મેં વિકલ્પ ને પુણ્ય ને નિમિત્તને આરાધી એકાકાર થઈ અને મારા આત્માને નષ્ટ કરી દીધો. સમજાણું કાંઈ? જુઓ, કેવા શબ્દો ભર્યા છે! '**मन लगाकर. ईसलिये अब तक...**' અત્યાર સુધી ન જાણ્યું માટે. એમ. '**मैंने अज्ञानतासे...**' અને મેં આ રીતે સમાધિમાં મન લગાકર ન જાણ્યું, એમ. અજ્ઞાનથી (ન જાણ્યું) અને પોતાના સ્વરૂપમાં સ્થિર કરીને જાણવું જોઈએ એમ કહ્યું. અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- प्रभाकरभट्ट पछताता हुआ श्री योगीन्द्रदेवसे बिनंती करता है,...**' '**पश्चात्तापमनुशयं**' શબ્દ પડ્યો છેને. સંસ્કૃતમાં છે. '**पश्चात्तापमनुशयं**' '**अनुशयं**' એટલે? પશ્ચાતાપ. પશ્ચાતાપની વ્યાખ્યા કરી. '**अनुशयं**'. '**अनुशयं**' શબ્દ છે ભાઈ! સંસ્કૃતમાં બીજી લીટી નીચેથી. '**पश्चात्तापमनुशयं कुर्वन्नाह।**' '**अनुशयं**' '**अनुशयं**' '**हे स्वामिन् मैंने अब तक रागादि विभाव रहित...**' પશ્ચાતાપ હુઆ, કહે છે. '**निर्विकल्पसमाधिमें मन लगाकर...**' મારું મન

આ બાજુ શાંતિમાં લગાવીને '**આત્મ-દેવ નહીં જાના,...**' બસ, અહીં તો પરમાત્મા ન જાણ્યો. એક વાત. તારા કારણે તું અટક્યો છે. બીજું કાંઈ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ અનંતવાર મળ્યા, સમવસરણમાં અનંતવાર ગયો, પણ તારા દેવને તેં જોયો નહિ. '**મન લગાકર આત્મ-દેવ નહીં જાના,...**' જે મહિમાવાળું નિજસ્વરૂપ તેટલી મહિમાથી તેને જાણ્યો નહિ. કાં તો રાગથી થાશે અને આનાથી થાશે અને વિકલ્પથી થાશે, સંયોગથી થાશે. એકાંતમાં ગિરીગુફામાં જઈએ જંગલમાં તો દેવ મળશે.

મુમુક્ષુ :- શુભભાવથી થાય ક્રમે-ક્રમે.

ઉત્તર :- ધૂળમાંય ન થાય શુભભાવથી. ગિરીગુફામાં જઈએ આમ ઝરણા વહેતા હોય, પાણીના ઝરણા વહેતા હોય અને આમ લીલુંછમ જેવું જગત દેખાય, ત્યાં ધ્યાન થાય. ત્યાં થાતા હશે? એ તો પર ઉપર ગયો રાગ. રાગ છે. અહીં અંદર ગિરીગુફા, ઈ કહે છે. છેને ૪૯ ગાથામાં છે. સમયસાર ૪૯ ગાથા, જયસેનાચાર્ય. એ અનુભૂતિરૂપી ગિરીગુફામાં પેસીને એમ કહ્યું છે. બહારની ગિરીગુફા શું કરતો હતો? એ તો બાહ્ય પદાર્થ છે. જંગલમાં રહીને આમ થાય, તેમ થાય. અહીં જંગલ જ છે, સાંભળને.

'**મૈને અબ તક રાગાદિ વિભાવ રહિત નિર્વિકલ્પસમાધિમેં મન લગાકર આત્મ-દેવ નહીં જાના, ઈસલિયે ઈતને કાલ તક...**' દેખો, એક જ વાત કરી. મેં મને ન જાણ્યો માટે આ રખડ્યો છું. બીજું કોઈ કારણ નહિ. જેમ આવ્યું ને?

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

બસ આ.. ઓહો..હો..! આ કારણે હું ભટક્યો છું. મારા ચૈતન્યદેવને મેં સેવ્યો નહિ, મારા આત્મદેવને મેં આરાધ્યો નહિ માટે પ્રભુ હું ભટક્યો હોં. '**નિજસ્વરૂપકી પ્રાપ્તિ કે બિના મૈં નષ્ટ હુઆ.**' આવ્યુંને છેલ્લો શબ્દ છેને? પાઠ છેને. '**णट्ठु णिभंतु**' નિર્ભ્રાંત કહું છું કે નષ્ટ થઈ ગયો ભગવાન. હવે મને મારા સ્વરૂપની આરાધનાની વાત કરો. એમ કરીને ઉગ્ર પુરુષાર્થની વાત કરે છે. ઉગ્ર પુરુષાર્થ કરવા માગે છે.

'**અબ ઐસા ઉપદેશ કરેં કિ જિસસે ભ્રમ મિટ જાવે.**' '**ઈસપ્રકાર પરમોદેશકે કથનકી મુખ્યતાસે દસ દોહે કહે હૈં.**' હવે બીજો ઉપદેશ એને આપશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત એ તો મને કહો હું ઉતરું ત્યારે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૩, શનિવાર, તા. ૩૧-૦૭-૧૯૬૫**
**ગાથા-૧૬૬-૧૬૭, પ્રવચન-૧૮૪**

પરમાત્મપ્રકાશ, બીજો ભાગ. '**આગે પરમોપદેશ ભાવ સહિત...**' છેને? એમાં જરી ફેર છે. ઉપદેશ શબ્દ છે. ઉપશમ જોઈએ. '**પરમ ઉપશમ ભાવ સહિત...**' સુધાર્યું નથી નવામાં? સુધારે નહિ. આ ગાથામાં એમ કહેશે કે પરમ ઉપશમભાવ—આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ એવો જે ઉપશમભાવ, સમભાવ. પુણ્ય-પાપના ભાવ એકરૂપ બંધન છે, સ્વભાવ તે અબંધસ્વરૂપ છે. એવું અંતરમાં અનુભવ આત્માનો કરી અને જેણે સમભાવ, ઉપશમભાવ પ્રગટ કર્યો છે એવા ઉપશમભાવ સહિત '**પરિગ્રહકા ત્યાગ કરનેસે સંસારકા વિચ્છેદ હોતા હૈ,...**' મુનિપણાની વાત અહીં ઉત્કૃષ્ટ દશા બતાવે છેને. ભગવાન આત્મા તદ્દન નિર્વિકલ્પ વસ્તુ એટલે સમસ્વભાવી વસ્તુ, એનો સમસ્વભાવ પર્યાયમાં પ્રગટ કરી એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ પ્રગટ કરી અને '**સબ પરિગ્રહકા ત્યાગ કરનેસે સંસારકા વિચ્છેદ હોતા હૈ,...**' એકલો સર્વ પરિગ્રહનો ત્યાગ કરે અને બાહ્ય નગ્ન મુનિ દિગંબર આદિ થઈ જાય (એને સંસારનો છેદ થાય એમ નથી કહ્યું).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કીધુંને. પરમભાવ સહિત કીધું છેને. પછી અંતરંગ કહેશે. પાઠ જ ઈ છે. 'परम उपशमभावसहितेन'.

ભગવાન આત્મા તદ્દન વિકલ્પરહિત એવું એનું સ્વરૂપ એવી અંતરમાં અનુભવની દૃષ્ટિ કરી અને પછી સર્વ પરિગ્રહના ત્યાગરૂપ ભાવને પ્રગટ કરી, સ્વરૂપની સ્થિરતા કરે એને સંસારનો નાશ થાય, બીજાને સંસારનો નાશ થતો નથી. પરમાત્મપ્રકાશ છેને.

> २९७) सयल वि संग ण मिल्लिया णवि किउ उवसम-भाऊ।
> सिव-पय-मग्गु वि मुणिउ णवि जहिं जोइहिँ अणुराउ।।१६६।।
> २९८) घोरु ण चिण्णउ तव-चरणु जं णिय-बोहहं सारु।
> पुण्णु वि पाउ वि दड्ढु णवि किमु छिज्जइ संसारु।।१६७।।

'सकला अपि संगाः' '**સબ પરિગ્રહ ભી નહીં છોડે,...**' જેણે સર્વ મમત્વ, દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ. એની વ્યાખ્યા આવશે હજી. એવો

ભાવ જેણે કર્યો નથી. એટલે કે દશ બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના (અભ્યંતર) પરિગ્રહનો ત્યાગરૂપી વીતરાગભાવ સમ્યગ્દર્શન સહિત કર્યો નથી. ઉત્કૃષ્ટ, ભાવના તો ઉત્કૃષ્ટ હોય કે નહિ? ઓહો..! એકલો પ્રભુ જેમાં એક રાગનો અવકાશ, વિકલ્પનો જ્યાં અવકાશ, મહાવ્રતનો વિકલ્પ છે એનો પણ અવકાશ સ્વરૂપમાં નથી. એવો ભગવાન આત્મા સારી દુનિયાથી ઉપેક્ષા કરી અને એક પોતાનો શુદ્ધ આનંદ જ્ઞાયક ચૈતન્ય સમસ્વભાવી પ્રભુ, એની અંતરમાં અનુભવ દૃષ્ટિપૂર્વક, સમભાવપૂર્વક, જેણે આવા પરિગ્રહનો ત્યાગ કર્યો નથી. એટલે કે '**સમભાવ ભી નહીં કિયા...**' એ ઉપશમભાવનો અર્થ સમભાવ—વીતરાગભાવ. દુનિયા આખી ડોલે પ્રતિકૂળ તો પણ જ્યાં રાગનો-દ્વેષનો અવકાશ નથી. સમજાય છે? એવો સમભાવ.

'**यत्र योगिनां अनुरागः**' ઓહો..! જ્યાં સંતોનો પ્રેમ છે. '**ઔર જહાં યોગીશ્વરોંકા પ્રેમ હૈ, ઐસા મોક્ષ-પદ ભી...**' '**शिवपदमार्गो**' છેને? જુઓ, અહીં શું કહે છે? કે ઓહો..હો..! મહાસંતોને તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ—એવા નિશ્ચય મોક્ષમાર્ગ ઉપર જ મહાસંતોનો પ્રેમ છે. પ્રેમ નામ એકાગ્રતા. અરે! એવો જેણે માર્ગ પ્રગટ કર્યો નથી એનો સંસાર પરિભ્રમણ કેમ છેદાય? એમ કહે છે. '**મોક્ષ-પદ ભી...**' શિવમાર્ગનો અર્થ કર્યો. '**નહીં જાના,...**' જે સંતોનો પ્રિય માર્ગ છે. આહા..હા..! યોગીશ્વરો (એટલે) સ્વરૂપમાં યોગ નામ જોડાણ કરનારમાં પણ ઈશ્વર એટલે ઉગ્ર પુરુષાર્થવાળા છે. યોગી ચોથે ગુણસ્થાને પણ અંશે કહેવાય છે. આ યોગીશ્વર. મહાસ્વરૂપની લીનતામાં જામ્યા. દુનિયા શું કરે છે અને કેમ કરે છે એની જેને ખબર નથી. ધર્મ ચાલશે કે અટકશે એવો પણ જ્યાં વિકલ્પ નથી. સમજાણું કાંઈ?

એથી '**उपशमभावः नैव कृतः**' અને મોક્ષમાર્ગનો આવો જેણે... સંતોના પ્રેમ જેમાં-આત્માના વીતરાગભાવમાં વળી ગયા છે પ્રેમ. શુભાશુભ પરિણામ, સંયોગ નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ પણ જ્યાં નથી. ન્યાલભાઈ! બહુ પણ આ... ભાઈ! સંતોના પ્રેમ તો શાંતસ્વરૂપ ભગવાન આત્મા એમાં અંદરના પ્રેમમાં પડ્યા છે. એવા માર્ગનું જેણે આરાધન કર્યું નથી એનો સંસાર કેમ નાશ થશે? એમ કહે છે. સમજાણું કાંઈ? '**घोरं तपश्चरणं**' '**મહા દુર્ધર તપ...**' જેણે '**न चीर्णं**' '**નહીં કિયા,...**' પણ કઈ રીતે? '**જો કિ...**' '**निजबोधेन सारम्**' '**આત્મજ્ઞાનકર શોભાયમાન હૈ,...**' કેવી તપસ્યા! એમાં ભગવાન આત્મા દૃષ્ટિમાં સમીપમાં, આત્મા જેની દૃષ્ટિમાં બિરાજે છે એવું આત્મજ્ઞાન. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિમાં આત્મા બિરાજે છે, સમીપપણે વર્તે છે, રાગાદિ બધા દૂર વર્તે છે એવું આત્મજ્ઞાન સાર-સાર. એવા આત્મજ્ઞાનસહિત જેણે ઘોર ઈચ્છાનો નિરોધ કરી તપસ્યા કરી નથી એનો સંસાર વિચ્છેદ કેમ થશે? સમજાણું કાંઈ?

'**આત્મજ્ઞાનકર શોભાયમાન હૈ,...**' ભગવાન આત્માનું અંતર જ્ઞાન એકલો ભગવાન જ્ઞાતા-

દૃષ્ટા જ છે. જેમાં કાંઈ વિકલ્પને ઉત્પન્ન થવાનો જ્યાં સ્વભાવમાં અવકાશ નથી. એવા આત્મજ્ઞાન સહિત જેણે તપસ્યાઓ એટલે કે મુનિપણું (આરાધે છે). ઘોર શબ્દ વાપર્યો છેને.

શ્રીમદ્‌માં આવે છેને, શ્રીમદ્‌માં. 'ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ, સરસ અન્ને મનને નહિ પ્રસન્ન ભાવ જો.' અપૂર્વ અવસર આવે છેને. 'ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,...' અરે! એવી દશા અમને ક્યારે આવે? એમ પુરુષાર્થથી ભાવના કરે છે હોં! કર્મ ખસશે તો અમને આમ થાશે એમ નહિ. અમારા પુરુષાર્થની જાગૃતિ... કર્મ તો બિચારા નિમિત્તરૂપે છે. એ અમને ક્યાં હેરાન કરે અને વિકાર કરાવે? અમારી દશામાં અમે ઉગ્ર પુરુષાર્થથી 'ઘોર તપસ્યામાં પણ મનને તાપ નહિ, સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો' બે મહિના, પાંચ મહિનાના અપવાસ કર્યા હોય. ભિક્ષા જતા આ કાંઈક દૂધપાક મળે છે, ખીર મળે છે. જેને સરસ અન્નમાં વિકલ્પની પ્રસન્નતા નથી. હો, જગતમાં એ પદાર્થ. સમજાણું? સાંભળો-સાંભળો.

'સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ...' એવા બાર-બાર મહિનાના અપવાસ હોય, ભિક્ષા જતા, આ ખીર મળે છે અને ખાંડ મળે છે (એમાં) પ્રસન્ન (ભાવ નથી). ખાડો પૂરવો હોય, કાંકરાથી પૂરાય અને કચરાથી પૂરાય અને સોનાથી પણ પૂરાય. ખાડો હોયને ખોડો? ક્યા કહતે હૈં? ખડ્ડા-ખડ્ડા. ઉસમેં કચરા-કૂડા હોય તોપણ ભરાય અને સોના હોય તોપણ ભરાય. એમ જ્યાં આહા..હા..! એટલો પ્રસન્ન ભાવ પણ આહારની અનુકૂળતાનો મને ન હો. 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની...' એક રજકણ પરમાણુથી માંડીને વૈમાનિકની ઋદ્ધિ 'સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.' એ બધા પુદ્‌ગલના સ્વભાવ છે. ભગવાન આત્માને એ કોઈ ચીજ અનુકૂળ-પ્રતિકૂળરૂપે કોઈ ચીજ હોઈ શકતી નથી. એવો સમભાવમાં ક્યારે જીવશું? એવી ભાવના સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં ભાવના કરે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, અરે! આત્મજ્ઞાનસહિત જેની શોભા ભગવાન આત્માનું ભાન આમ ચિદાનંદ જ્ઞાનમાં તરવરે છે, જેની દૃષ્ટિમાં એકલો પરમાનંદ ભગવાન આત્મા જેમાં દૃષ્ટિનો વિષય થઈને દૃષ્ટિમાં સમીપપણે વસે છે, એવા ભાન સહિતને ઘોર તપસ્યા કર્યા વિના સંસારનો નાશ કેમ થશે? સમજાણું કાંઈ?

**'पुण्यमपि पापमपि'** **'और पुण्य तथा पाप ये दोनों...'** **'नैव दग्धं'** અરે! પુણ્ય અને પાપને બાળ્યા નથી. એ સ્વરૂપની ઉગ્ર અગ્નિ દ્વારા ભગવાન આત્માની જ્વાળા એકાકાર કરીને એ પુણ્ય-પાપને બાળ્યા નથી તો એને સંસારનો અભાવ શી રીતે થશે? આહા..હા..! સમજાણું કાંઈ? **'नहीं भस्म किये, तो संसार कैसे छूट सकता है?'** ઉદયભાવરૂપી સંસાર કેમ નાશ થશે? ઉદયભાવ એ સંસાર છે. ભગવાન આત્માના સમ્યગ્જ્ઞાનની શોભા સહિત ઘોર તપસ્યાથી એટલે ઇચ્છાના નિરોધથી આનંદના અમૃતના.. અમૃતના આનંદના ઉભરા-ઉછાળાથી જેણે શુભ-

અશુભ પાપને બાળ્યા નથી એનો સંસાર ઉદય કેમ અભાવ થશે? મોહનલાલજી! લડ્ડુ ખાના અને મોક્ષ જાના એમ નથી એમ કહે છે. ભગવાન આત્મા, આનંદના લડ્ડુ ખાતે-ખાતે મોક્ષ જવાય એમ કહે છે. ચિદાનંદ પ્રભુ એવા સહિત જેણે શાંતરસને સેવ્યો નથી, વીતરાગભાવને પ્રગટ કર્યો નથી, ઉપશમભાવ જેણે આદર્યો નથી, અરે! એને સંસાર કેમ જાશે? ચોર્યાશીના અવતારમાં પરિભ્રમણ એના કેમ ટળશે?

'**ભાવાર્થ :- મિથ્યાત્વ, (અતત્ત્વ શ્રદ્ધાન)...**' અરે! સાત તત્ત્વો છેને. એમાં મિથ્યાત્વની અતત્ત્વ શ્રદ્ધા, અજીવથી આસ્રવ, આસ્રવથી સંવર, સંવરથી મુક્તિ (એ) અતત્ત્વ શ્રદ્ધા થઈ. દરેક તત્ત્વની. અજીવ કર્માદિ એની પર્યાય, એનાથી આસ્રવ એટલે પુણ્ય-પાપ પરિણામ. એટલે અજીવથી આસ્રવ. પુણ્ય પરિણામ. પુણ્ય પરિણામ એ વ્યવહાર, વ્યવહારથી નિશ્ચય મોક્ષમાર્ગ. એનાથી આત્માની મુક્તિ એટલે વ્યવહારથી સંવર. અતત્ત્વશ્રદ્ધા થઈ દરેકની. અજીવને અજીવપણે ન રાખ્યું, આસ્રવના ભાવને ભિન્ન અજીવથી અને સ્વભાવથી ભિન્ન એમ તત્ત્વ ન જાણ્યું અને એ આસ્રવથી સંવર જાણ્યું તો આસ્રવથી ભિન્ન સંવરતત્ત્વ સ્વભાવને આશ્રયે થાય તેમ ન જાણ્યું. આસ્રવથી સંવર થાય એટલે બધો અતત્ત્વશ્રદ્ધા સાતેયની થઈ ગઈ. સમજાણું કાંઈ?

પહેલો જ બોલ લીધો. '**મિથ્યાત્વ, (અતત્ત્વ શ્રદ્ધાન)...**' ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ, એને રાગવાળા ભાવથી લાભ માન્યો તો એ તત્ત્વની દૃષ્ટિ જ ખોટી થઈ. રાગથી સંવર માન્યો તો રાગના આસ્રવના તત્ત્વની શ્રદ્ધા વિપરીત થઈ, રાગાદિ થયા એ કર્મને લઈને થયા, અજીવને લઈને થયા તો એ રાગની શ્રદ્ધા જૂઠી થઈ. સમજાણું કાંઈ? સાત ભિન્ન-ભિન્ન છેને. સાતના કાર્યો ભિન્ન, સાતના માર્ગ ભિન્ન. પંચાસ્તિકાયમાં છેને? સાતનો માર્ગ જ જુદો છે. પંચાસ્તિકાયમાં શ્લોક છે. છેને પહેલો. મંગળાચરણમાં છે. એને એમ કે આચાર્ય મહારાજ આમાં કહેશે એમ કહેવા માગે છો હોં.

'**જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની—કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્ન-ભિન્ન પ્રકારના છે...**'

जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम्।
ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता।।५।।

એ પહેલો શ્લોક મૂક્યો છે. દરેકના જુદા માર્ગ છે. અજીવનો માર્ગ જુદો, આસ્રવનો જુદો, સંવરનો જુદો, ભગવાન આત્માનો જુદો, બંધનો જુદો અને નિર્જરાનો જુદો, મોક્ષનો જુદો. પંચાસ્તિકાયનો પાંચમો શ્લોક છે. પહેલા એ શ્લોક કહ્યોને 'जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम्।' એ માર્ગ છે. માર્ગનો અર્થ કાર્ય કહ્યો. 'ततो नवपदार्थानां' એ નવના માર્ગ જુદાં. તેની 'व्यवस्था प्रतिपादिता' તેની વ્યવસ્થા પંચાસ્તિમાં કહેશું. નવના માર્ગ, નવના

કાર્ય જુદા અને નવના માર્ગ જુદા. નહિતર નવ ક્યાંથી રહે? સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દોમાં આખા પંચાસ્તિકાયમાં નવના માર્ગ બતાવ્યા છે. નવેય તત્ત્વનો માર્ગ ભિન્ન-ભિન્ન નવ રહે તેમ બતાવશું. સમજાણું કાંઈ?

તો કહે છે '**(અતત્ત્વ શ્રદ્ધાન)...**' એક બોલ. જેને નવના નવપણે કાર્યની ખબર નથી અને એકનું કાર્ય બીજાથી અને બીજાનું કાર્ય ત્રીજાથી (થાય એમ માને છે) તો એને નવના કાર્યની ખબર નથી. નવના તત્ત્વમાં મોટી વિપરીત શ્રદ્ધા છે. પહેલો મોટો એ દોષ છે. બાબુલાલજી! એ પદાર્થની જ વ્યાખ્યા કરી અને એમાંથી જ ભાઈએ ટોડરમલે પંચાસ્તિકાયની શૈલીમાંથી જ ઉતાર્યું છે. નવ તત્ત્વનું આખું પંચાસ્તિની શૈલીમાંથી કાઢ્યું છે. પંચાસ્તિકાય. સમજાણું? છેને? પહેલું આવ્યુંને? '**मिथ्यात्वदिचतुर्दशभेदभिन्ना आभ्यन्तराः**' એના નામ આપ્યા. આહા..હા..! '**મિથ્યાત્વ, (અતત્ત્વ શ્રદ્ધાન) રાગ,...**' પહેલો મહાદોષ કે જે નવ તત્ત્વના નવ કાર્યને ભિન્ન-ભિન્ન માર્ગ છે એને ન માનતા ખીચડો નવનો કરે છે એ અતત્ત્વ શ્રદ્ધાન અને મિથ્યાત્વ છે. ભાષા સમજમેં આતી હૈ કિ નહિ? ભૈયા! થોડી-થોડી સમજની.

એમ કહતે હૈ કિ નવ તત્ત્વકા નવ કાર્ય ભિન્ન હૈ. નવ તત્ત્વ હૈ કિ નહીં? જીવ, અજીવ, પુણ્ય... અહીં તો નવ લિયા હૈ હોં. જીવ, અજીવ અહીંયાં નવ તત્ત્વ લિયા હૈ, નહિતર નવ પદાર્થ હૈ, પણ તત્ત્વ લિયા હૈ પંચાસ્તિકાયમાં. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ નવના નવ કાર્ય છે. નવના માર્ગ ભિન્ન ભિન્ન છે. અજીવનો માર્ગ અજીવની પર્યાયમાં એનું કાર્ય રહી ગયું. આસ્રવનું કાર્ય વિકારી પર્યાયમાં પોતાથી રહી ગયું. આસ્રવ જે અટક્યો એ બંધ કાર્ય બંધરૂપે રહ્યું. અહીંથી આમ આસ્રવતત્ત્વ અને અજીવ તત્ત્વનું લક્ષ છોડીને જ્ઞાયકતત્ત્વ(નું લક્ષ) કર્યું તો જ્ઞાયકતત્ત્વનો આશ્રય લીધો ત્યારે સંવર નિર્જરા થઈ. સંવરનું કાર્ય શુદ્ધની ઉત્પત્તિ અને નિર્જરાનું કાર્ય શુદ્ધિની વૃદ્ધિ અને મોક્ષનું કાર્ય પૂર્ણ શુદ્ધ. એટલે આસ્રવ, બંધ અશુદ્ધ. એમાં આસ્રવમાં પુણ્યનું કાર્ય શુભરૂપ, પાપનું અશુભરૂપ. બસ, એટલી મર્યાદા એની. એવા નવના માર્ગ નવ તરીકે જેણે શ્રદ્ધયા નથી અને અતત્ત્વ શ્રદ્ધાન છે, એને કોઈ રીતે ઉપશમભાવ પ્રગટ થતો નથી. અભ્યંતર પરિગ્રહ પડ્યો છે આ. અભ્યંતર પરિગ્રહની વાત છેને આ? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પ્રભાવ...

ઉત્તર :- પ્રભાવ-પ્રભાવ કિસકા કહના? પ્રભુ! કિસકા પ્રભાવ? યહાં તો ના પાડતે હૈ. કોઈ પ્રભાવ નહીં પડે, વિરોધ કરકે ભી ચલે જાતે હૈ ઔર ગાલિયાં ભી દેતે હૈ ખાનગી. ક્યા કરે? બહારમાં ન દે. બહારમાં તો કોઈ એવા કરે. આવો જવાબ ઘો. લાડનુમાં એક કોક હતો. કોણ હતું? રાજમલ કોઈક હતો. તમારે કુચામણનો. તમારું નામ આવી ગયું, કુચામણ.

કુચામણનો કોક હતો. જવાબ આપો. પણ ભાઈસાહેબ આ વ્યાખ્યાન ચાલે છે એમાં જવાબ? એમાં પછી ભાઈ ઉઠયા વચ્છરાજભાઈ હતાને. આ વચ્છરાજ ગંગવાલ. કેવા કહેવાય? શેઠ. આ વચ્છરાજજી. તોલારામના ભાઈ સાથે હતા. લાડનુથી આવ્યા હતા. ત્યાંથી અમે તમારા ગામમાં આવ્યા હતાને? સાંજે. ત્યાંથી આવ્યા ત્યાં. આ કડક માણસ વચ્છરાજજી. બેસી જા, કોણ છે તું? જવાબ આપો ત્યારે, તમારી બધી વાત ખોટી છે. ભાઈ વ્યાખ્યાન ચાલે છે એમાં... ભાઈ! શું થાય એમાં? કોઈ કાંઈ પ્રભાવ પાડી શકે છે? શું કરે એ?

મુમુક્ષુ :- પ્રભાવ...

ઉત્તર :- શેનો પ્રભાવ? સૌનો પ્રભાવ સૌમાં. પ્રભાવ-વિશેષે ભાવ પોતાની અવસ્થા પોતામાં. કહો, સમજાણું આમાં? ભાઈ! એ વાતું ભલે નિમિત્તથી હો, પણ વસ્તુ તો વસ્તુ છે.

એથી પહેલો બોલ અહીંયાં અભ્યંતર પક્કડ છે. અજીવથી પુણ્ય થાય, પુણ્યથી ધર્મ થાય એટલે વ્યવહારથી ધર્મ થાય એટલે ખરેખર તો અજીવથી મોક્ષનો માર્ગ થયો, ત્યાંથી શરૂ થયો. કારણ કે શુભભાવથી ધર્મ થાય, ત્યારે શુભભાવ છે એ આસ્રવ છે. એ કર્મને લઈને થાય. કર્મનો મંદ ઉદય આવે તો અહીં શુભભાવ થાય, એ સિવાય ન થાય. ત્યાંથી શરૂ થઈ ગયું. ત્યાંથી અજીવ, ઉદય, અહીંયાં મંદ ભાવ એનાથી નિશ્ચય માર્ગ, નિશ્ચય માર્ગ તે મોક્ષ. બધું અજીવથી શરૂ થઈ ગયું. ક્યાંથી થાય પણ? એ જ કહે છે પહેલેથી તો.

'**મિથ્યાત્વ, (અતત્ત્વ શ્રદ્ધાન) રાગ,...**' અહીં તો ચતુર્દશ ભેદ પરિગ્રહ લેવો છેને? અભ્યંતર એ પરિગ્રહ છે, પક્કડ છે. જ્ઞાતા-જ્ઞાતાપણે રહે, રાગને રાગ તરીકે જાણે, અજીવને અજીવ તરીકે જાણે, સંવર-નિર્જરાને સંવર-નિર્જરા તરીકે જાણે અને મોક્ષની પર્યાય પૂર્ણ શુદ્ધ નથી, પણ એના ખ્યાલમાં પૂર્ણ મોક્ષ પર્યાય તે આવી હોય એ કેવળજ્ઞાન છે. કાલે આવ્યું હતુંને? કે કેવળજ્ઞાન તો મોક્ષસ્વરૂપ છે આવ્યું હતુંને? ટોડરમલમાં. એ તો અનાદિમાં હોતું નથી. કેવળજ્ઞાન મોક્ષસ્વરૂપ છે. પરમ અવધિ અને સર્વ અવધિ મોક્ષમાર્ગમાં હોય છે એટલે અનાદિમાં એ હોતું નથી. અનાદિકાળમાં એ હોતું નથી. પરમ અવધિ અને સર્વ અવધિ. કેવળજ્ઞાન તો મોક્ષસ્વરૂપ છે એમ લખ્યું છે. કેવળદર્શન કહેતા મોક્ષસ્વરૂપ છે. એટલે એ અનાદિના માર્ગમાં છે નહિ. એટલે મોક્ષસ્વરૂપ જ કેવળજ્ઞાન છે. એ મોક્ષસ્વરૂપ કેવળજ્ઞાન એની પણ આમાં પ્રતીતનો વિરોધ છે અહીંયાં મિથ્યાત્વમાં. એટલે કે એક સમયનું કેવળજ્ઞાન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... આવું હોય અને ખરેખર તો એ દ્રવ્ય સ્વભાવના આશ્રયથી પ્રગટે છે. સંવર-નિર્જરાના કારણે પ્રગટે કહેવું એ પણ હજી ઉપચારનું કથન છે. સમજાણું કાંઈ? એ અજીવ અજીવપણે, પુણ્ય પુણ્યપણે, પાપ પાપપણે, એ બેય થઈને આસ્રવપણે, બે થઈને અટક્યો એટલે બંધપણે, સ્વભાવના આશ્રયે લઈને જે શુદ્ધિ અને નિર્મળતા પ્રગટી, શુદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ, શુદ્ધિની પૂર્ણતા એ ત્રણ

તત્ત્વ આવી ગયા. શુદ્ધિ સંવર, વૃદ્ધિ નિર્જરા, પૂર્ણ મોક્ષ. એ જેને ત્રણમાં શુદ્ધિમાં ગોટા છે અને પુણ્ય-પાપ, આસ્રવ-બંધ ચારમાં જેના ગોટા છે એને અતત્ત્વ શ્રદ્ધાન છે. બીજી વાત. એ મૂળ વાત છે આ. પછી 'રાગ, (પ્રીતિભાવ દોષ) દોષ,...' રાગ ગમે તેવો રાગ હોય પણ પ્રીતિભાવ એ અભ્યંતર પરિગ્રહ છે. રાગ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રાગ પ્રીતિભાવ છે. એ પણ અભ્યંતર પરિગ્રહ છે.

મુમુક્ષુ :- એના વિના મોક્ષ ન થાય.

ઉત્તર :- એના વિના મોક્ષ થતા હશે? એ તો અહીં કહે છે. અરે ભગવાન! એ રાગ છોડ્યા વિના પ્રભુ! તારી મુક્તિ શી રીતે થશે? તારા પ્રતીતમાં, શ્રદ્ધામાં પણ એ વાત પહેલી લાવતો નથી, તો તું એને મૂકવાનો પુરુષાર્થ શી રીતે કરીશ?

મુમુક્ષુ :- પણ એનાથી લાભ થાતો હશેને.

ઉત્તર :- લાભ શેનો? ધૂળમાંથી લાભ થાય છે? ધૂળમાંથી એટલે...

મુમુક્ષુ :- લાભ થાય એટલે ઓલું વયું જાય.

ઉત્તર :- વયું જાય. ધૂળમાં જાતું નથી. એ દાખલો આપે છે. એરડીયું નાખે. એરડીયું-એરંડીયું. એરંડીયું કહતે હૈ? ક્યા કહતે હૈ? એરંડીયા રેચ લેતે હૈ ન રેચ? એરંડીયું.

મુમુક્ષુ :- એ ડોક્ટર ના પાડે છે. કબજીયાત થઈ જાય.

ઉત્તર :- ના પાડે. પણ અમથા આપણે એવો રિવાજ આ લોકો બોલે કે ભાઈ એરંડીયું નાખે તો એરંડીયું નીકળી જાશે અને દિશા પણ નીકળી જશે. એમ પુણ્યભાવ કરશે તો પાપ પણ નીકળી જશે અને પુણ્ય પણ નીકળી જશે. એવો દાખલો આપે બહાર. અમારે તો ઘણા સાથે ચર્ચા થાયને. ભાઈ પુણ્ય નહિ નિષેધવું. પુણ્ય ધર્મ છે. પુણ્યનો... એ તો પુણ્ય પછી એરંડીયું નાખશું એટલે પેટનો કુચો પણ નીકળી જશે અને ભેગું એરંડીયું પણ નીકળી જશે. એમ પુણ્ય કરશું તો પાપ પણ નીકળી જશે અને પછી પુણ્ય પણ ભેગું નીકળી જશે.

મુમુક્ષુ :- પણ એરંડીયું નાખવું પડશેને ...

ઉત્તર :- એટલે પુણ્ય છે જ એમ કહે છે. કાઢી નાખવાનો માર્ગ... એમ ઘણા સાથે ચર્ચા. લોકોને એવો પ્રેમ છેને. શુભભાવનો એવો પ્રેમ છે.

અહીં તો કહે છે, મુનિઓને તો નિશ્ચય માર્ગનો પ્રેમ છે હોં ભાઈ! એ પ્રેમ જેણે કર્યા નથી એની મુક્તિ કેમ થાશે? સમજાણું કાંઈ? એ કાંઈ પોપાબાઈના રાજ નથી કે કોઈની કાંઈ સલાહ પોગે એમ છે? કે ભગવાન, તમે અહીં આવો, અમને મદદ કરો. ન ભગવાન મદદ કરે? પણ અમે તમારા ભગત છીએ અને અમારા મોક્ષમાં તમે મદદ ન કરો તો તમે ભગવાન

શેના? ભગવાન કહે છે કે પણ તારો ભગવાન એવો પડ્યો છે કે કોઈની મદદની જરૂર નથી એમ કહે છે. હું એમ કહું છું કે તારો ભગવાન એવો છે કે મારી પણ જેને જરૂર નથી. પછી કોને માનવા? તને માનવો છે કે મને માનવો છે? કહે. રાગ પ્રીતિભાવ. આહા..હા..! એક વિકલ્પ પણ ઉઠે છે, કહે છે, ભગવાન! બંધનું કારણ છે. એ પ્રીતિભાવ કેમ બંધનું કારણ ન હોય? એ અભ્યંતર પરિગ્રહ છે.

'**દ્વેષ,...**' દ્વેષ એ દોષ કહ્યો. હવે વેરભાવ. '**(વૈરભાવ)...**' કોઈ પ્રત્યે અણગમો વિકલ્પ છે એ પણ બંધનનું કારણ છે. એ બંધનનું કારણ રાખીને મુક્તિ કેમ થશે? સમજાય છે? ધર્મના વિરોધી હોય એના પ્રત્યે પણ દ્વેષ જો કરીશ તો દ્વેષ રાખીને મુક્તિ કેમ થશે? કોના પ્રત્યે તારે દ્વેષ કરવો છે? એય..! આ બધા ધર્મના ઓલા છે. કરો એનો વિરોધ. વિરોધ કરવા જેવો છે. એવો ભાવ, હે ભગવાન! આવો ભાવ રાખીને તારી મુક્તિ કેમ થશે? ભગવાન તો ચાલ્યા ગયા. અનંતા તીર્થંકરો દુનિયામાં વિરોધ દેખતા હતા. કાળાકેર વિરોધ કરતા હતા તોપણ સામું જોયું નથી. પોતામાં ઠરીને ચાલ્યા ગયા. મારો એ લોકોને, વિરોધ કરો. કારણ કે એની પાસે ઈન્દ્રો નહોતા. દ્વેષનો ભાવનો અંશ...

અહીં તો ત્યાં સુધી છે કે સત્ય માર્ગને સ્થાપન કરવું એમાં એ વિકલ્પ શુભ છે અને અસત્યનો નિષેધ કરવો એમાં એ જરી દ્વેષનો અંશ છે. સાચી વાતનો હોં. એકલો સમભાવ. છદ્મસ્થ છેને? એ સત્યને સ્થાપે કે આ આમ છે... આમ છે... આમ છે... તોપણ એ વિકલ્પ છે, રાગ છે. અને અસત્યને ઉથાપે કે આ નહિ, આ ન મળે, આમ ન હોય, આમ ન હોય. આ માર્ગ ખોટા છે. એટલો પણ અંદર દ્વેષનો અંશ છે. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! હોય ભલે પણ એ હોય એ છોડવા જેવો છે, એ આદરવા જેવો નથી.

મુમુક્ષુ :- એનાથી ધર્મ થાતો નથી.

ઉત્તર :- બિલકુલ નહિ. એથી તો કહે છે. તેથી તો યાદ આવ્યું મગજમાં. એ કહે છે એવા લોકો કેટલાક સમજ્યાને સાધુ. જે ધર્મના વિરોધીઓનો દ્વેષ કરવો અને દ્વેષ તે ધર્મનું કારણ છે. ટોડરમલે લખ્યું છે. ભાઈ! ભગવાનના વખતમાં તો ઈન્દ્રો એના ઓલામાં હતા. કેમ દ્વેષીઓને માર્યા નહિ? નિંદકોને કેમ માર્યા નહિ? આતા હૈ? પંડિતજી! વહ મોક્ષમાર્ગમેં આતા હૈ. છને ક્યાંક. પાંચમા અધ્યાયમાં છે. છેલ્લું છે પાંચમો અધ્યાય. લે એ જ આવ્યું. એ પાનું પણ એ જ આવ્યું કુદરતી જુઓ. એ પાનું. આ કહે છે જુઓ, 'વ્યવહાર ધર્મમાં પણ અનેક વિપરીતપણું કરે છે. નિંદકને મારવામાં પાપ નથી એમ કહે છે. હવે તીર્થંકર આદિના અસ્તિત્વમાં પણ અન્યમતિ નિંદકો થયા તેને ઈન્દ્રાદિકે માર્યા નહિ. જો પાપ ન થતું હોય તો તેમને ઈન્દ્રાદિકે કેમ ન માર્યા?' આ શ્વેતાંબરનું છેને. છેલ્લો બોલ, છેલ્લો બોલ. લોકોને

મારવા, ચક્રવર્તીની સેના છોડવી. ભાઈ! દ્વેષનો એક અંશ પણ આદરણીય નથી. એનાથી લાભ થાય છે તને? 'તીર્થંકર આદિના અસ્તિત્વમાં પણ અન્યમતિ નિંદકો થયા. તેમને ઈન્દ્રાદિકે માર્યા નહિ.' ઓહો..! 'જો પાપ ન થતું હોય તો તેમને ઈન્દ્રાદિકે કેમ ન માર્યા?' એ જ વાત આભરણ આદિ... ભગવાનની પ્રતિમાને આભરણ ચડાવે. સમજાણું કાંઈ? નિર્મળ શુદ્ધ સ્વભાવ એના પ્રેમ વિના કોઈ ચીજનો આદર છે નહિ. એને અભ્યંતર પરિગ્રહ કહ્યો છે.

'**વેદ (સ્ત્રી, પુરુષ, નપુંસક)**...'ની વાસના એ અભ્યંતર પરિગ્રહ છે. એની પક્કડ છે ત્યાં સુધી એમાંથી લાભ માને ત્યાં સુધી તો મિથ્યાત્વ છે, પણ એમાં અસ્થિરતાની પક્કડ છે ત્યાં સુધી મુક્તિ થશે નહિ. સમજાણું કાંઈ? વેદની વાસના ઉત્પન્ન થતાં એમાં મીઠાશ થાય અને મને ઠીક પડે છે એવી માન્યતા તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કારણ કે આસ્રવતત્ત્વને ઠીક માન્યું એણે સ્વભાવને ઠીક માન્યો નથી. વાસના સમ્યગ્દષ્ટિને હોય છે, પણ ઠીક માની નથી. મજા છે આમાં, ઠીક પડે છે મને, ભોગમાં મજા છે. મૂઢ છો. એ વૃત્તિને, રાગને આદરણીય માની, મજા માની, આત્મામાં સુખ છે એનો અનાદર કર્યો. આહા..હા..!

એમ તત્ત્વ તત્ત્વની શ્રદ્ધા વાતું કરે એમ ન હોય. દરેક તત્ત્વનો અંદર યથાર્થ ભાવ હોવો જોઈએ. આમ તો આ તત્ત્વ... આ તત્ત્વ.. એવું અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો તો નથી વાંચ્યું એણે? સાંભળ્યું નથી? અગિયાર અંગ મોઢે કર્યા હતા. નવ પૂર્વ મોઢે કર્યા હતા. નવ પૂર્વ. શું થયું પણ એમાં? કેટલા શાસ્ત્રો પાણીના પૂરની પેઠે ચાલતા હોય મોઢે. પાણીના પૂરની પેઠે હોં. પાણીનું પૂર ચાલ્યું જાય એમ. એવા નવ પૂર્વ હોં નવ પૂર્વ! ઓહો..હો..! પૂર્વ તે કોને કહે? એ તો ... ઉભો રાખ્યો હોય ને... કહે છેને? શાહી. લખે તો પાર ન આવે એક પૂર્વનું જ્ઞાન. લખાય નહિ, એવા નવ પૂર્વ. શું થયું પણ? તત્ત્વ અંદર જ્ઞાયક અને રાગ તત્ત્વ ભિન્ન અને સંયોગ ભિન્ન એના અંતરના વિવેકના જ્ઞાન વિના એના નવ પૂર્વના ભણતર પણ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. આહા..હા..! બરાબર હૈ કિ નહીં?

શ્રીમદ્માં આવે છે નહિ? 'નવ તત્ત્વ ભણેલ પણ જો આત્માને જાણ્યો નહિ.' 'હોય નવ પૂર્વ ભણેલ પણ જો આત્માને જાણ્યો નહિ.' ઈ આવે છે. શ્રીમદ્દે નાખ્યું છે તો ઘણું, પણ ઉકેલનારાઓએ ગડબડ કરી દીધી કે આપણે વળગો, શ્રીમદ્દને વળગો, એનો રાગ કરો, આપણી મુક્તિ થઈ જશે. ધૂળમાંય નથી. તાકાત છે. ત્રણ લોકના નાથ તીર્થંકરની તાકાત નથી તો વળી બીજાની કોની તાકાત હોય?

મુમુક્ષુ :- અક્ષરદેહ.

ઉત્તર :- અક્ષરદેહ છે બધા. નથી આ કુંદકુંદાચાર્યની વાણી પડી છે. ધ્વનિ ઉઠે છે અંદર. ના, ના એ છે, રામજીભાઈ કહે છે એમ. ખબર છે, બધી ખબર છે. એમના અક્ષરદેહ છે.

આચાર્યનો અક્ષરદેહ ક્યાં છે અત્યારે? આ વાણી તો પાછળથી થઈ છે. એમના પોતાના અક્ષરો ક્યાં છે? ઈ ક્યાં છે પણ અક્ષરો હવે? એ તો પરમાણુની પર્યાય એ વખતે બીજી રીતે પરિણમી હતી. એમના અક્ષર કે દિ' હતા? અને આ કુંદકુંદાચાર્યની ગાથા કહે તો નહિ .. વિકલ્પ ઉઠ્યો પણ એ અક્ષરની પરંપરા એની પર્યાય ચાલે છેને. ... '**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**' એ તો વિકલ્પ હતો. વાણી તો વાણીને કારણે પરિણમી, પણ ધ્વનિ ઉઠતો. '**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।**' જે પરમાણુની પર્યાયની જે શૈલી પરંપરામાં... ગાથા તો એ રહી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ પણ અક્ષરદેહ...

ઉત્તર :- એ અક્ષરદેહ જ છે. ભગવાનની વાણી છે એ બધી. ભગવાનની વાણી નથી આવ્યું? ભાઈ ટોડરમલે નથી લખ્યું? અમારે ભગવાનની વાણી પણ પૂજ્ય છે. એ ... આપ્ત પુરુષોએ કહેલી, સમકિતીઓએ કહેલી એ વાણી જિનવાણી છે. જેમાં વીતરાગતાનું પોષણ કર્યું હોય અને રાગ અને નિમિત્તનો નિષેધ કરી ઉપેક્ષા કરાવી હોય, એવી જે વાણી છે એમાં લૌકિક કાર્યનું પોષણ ન હોય અને રાગનું પોષણ ન હોય એ બે વાત લીધી છે. બે વાત લીધી છેને? બે વાત લીધી છે. જેમાં લૌકિક કાર્યનું પોષણ ન હોય, રાગનું પોષણ ન હોય. એવી વાણી પરીક્ષા કરીને કરો તો એ વાણી જિનવાણી છે, એ જાણે સમકિતી બોલે એ પણ જિનવાણી છે. એ જિનવાણી અમારે પૂજ્ય છે. વ્યવહારે પૂજ્ય છે ખરીને, બહુમાનથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ઓલા સ્ત્રીવેદ, પુરુષવેદ એ વાસનાની મીઠાશ એ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ ટળ્યા પછી વાસના રહેવી એ ચારિત્રદોષ છે. એનો નાશ થયે આત્માને મુક્તિ થાય. એમ બે વાત કરે છે. પહેલી વાસનાની મીઠાશનો ત્યાગ એ મિથ્યાત્વનો ત્યાગ. પછી વાસનાનો અભાવ એ સ્વભાવની સ્થિરતા થયે થાય છે. ત્યારે એની મુક્તિ થાય છે. એ વિના મુક્તિ થતી નથી.

'ક્રોધ...' લ્યો ક્રોધ... ક્રોધ... ક્રોધ. '**માન-માયા-લોભરૂપ ચાર કષાય,...**' શ્રીમદ્‌માં ન આવ્યું? 'બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ, બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ.' ગમે તેવા ખોટા ઉપસર્ગ કરે, કોઈ દોષ હોય થોડો અને એનો પણ ઉપસર્ગ કરે, 'બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો.' છ ખંડનો ધણી ચોર્યાશી લાખ હાથી લઈને નીકળ્યો અને રાણી જેની સાથે, શું કહેવાય મોટી રાણીને? પટરાણી. એને બીજું શું નામ છે? સ્ત્રી રત્ન. એવી સાથે હોય હાથીને હોદે બેઠો હોય. નીચે ઉતરીને નીચે મુનિ બેઠો બાવળ નીચે. પગે લાગે. 'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો.' કાંઈ ન મળે. એના ભાવમાં

ઠીક લાગે એ ભાવ છે. મારે માટે કાંઈ નથી. ‘દેહ જાય પણ માયા ન થાય રોમમાં, દેહ જાય પણ માયા ન થાય રોમમાં.’ રોમમાં માયા. અરે..! આટલું કાંઈક આટલું ઠીક હોય. રહેવું હોય એ રહે અને જાવું હોય એ જાય. ‘લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.’ એવી લબ્ધિ પ્રગટી હોય. આમ વચન નાખે ત્યાં આમ થઈ જાય. પણ કહે છે, એ લબ્ધિનો પણ લોભ નહિ. ‘લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ...’ સિદ્ધિ પ્રગટી છે કે નહિ એનો એણે વિચાર પણ કર્યો ન હોય. આહા..હા...!

એ આવે છે કે નહિ એ? વિષ્ણુકુમાર મુનિ. મુનિને ખબર નહોતી. કોક નહિ? ક્ષુલ્લક આવે છે. નહિ આ વિષ્ણુકુમારમાં? આતે હૈ ન કથામાં? મહારાજ! શું કરું? સાતસો મુનિને ... થયો છે. જાઓ મુનિ પાસે, એને લબ્ધિ પ્રગટી છે. વિષ્ણુકુમાર મુનિની જ વાત છે. હા એમને લબ્ધિ છે. વિક્રિયા લબ્ધિ એને થઈ છે. ત્યાં ગયા. સાહેબ! સાતસો સાધુને આમ છે. એક મુનિરાજે કહ્યું છે કે એમની પાસે લબ્ધિ છે. આપની પાસે શક્તિ છે. મને તો ખબર નથી શક્તિની. આહા..હા..! લબ્ધિ આપને થઈ છે એ બીજા મુનિ કહે છે. હેં! આમ સાતસો મુનિને આમ ધગધગતી જમીનમાં બેસાડ્યા છે. ચારે કોર ઉકરડા સળગાવ્યા છે, કૂચા સળગાવ્યા અને જમીન પર મુનિ ધ્યાનમાં બેઠા છે. મહા ઉપસર્ગ પ્રભુ! મોટો ઉપસર્ગ છે. મને આ દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ આવ્યો છે. પ્રભુ! કાંઈક આપ કરોને. પણ મારી પાસે કાંઈ શક્તિ નથી. સાહેબ! કાંઈક હાથ તો લાંબો કરો, ખબર પડે. આમ હાથ લાંબો કર્યો તો.. લબ્ધિ લાગે છે. લબ્ધિની ખબર નહોતી. આહા..હા..!

‘લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.’ જરૂર સિદ્ધિ પ્રગટી હોય અંદરમાં. એને ફોરવવાનો અવકાશ ક્યાં છે? એને હોય છે એનો લાભ લેવાની ઈચ્છા ક્યાં છે? આહા..હા..! લબ્ધિ તો ભગવાનની. આ જુઓને આ છેને, કેવા કહેવાય આ? પ્રદ્યુમનને? પ્રદ્યુમન. બહુ વિદ્યા સાધેલી. બહુ વિદ્યા સોળ વર્ષની ઉંમરે હોં. ઘણી વિદ્યા. મુનિ થવા માગે છે, મુનિ થાય છે. વિદ્યાઓ આવે છે. સાહેબ! તમે.. બસ, કોઈ વિદ્યાની મારે જરૂર નથી. કોઈ વિદ્યાની જરૂર નથી. પણ આ સાધી હતી તમે અને તમે અમને સાધીને અત્યાર સુધી? અટકી જાવ... એ વિદ્યા અને સાધના મારે જોઈતી નથી. પ્રદ્યુમન કામદેવ પુરુષ હતા. આહા..હા..! ઓલા સાધન કરવા મથે છે અને આ સાધેલી છે તો કહે છે, નહિ અટકી જાવ. પૂર્વના પુણ્યને લઈને ચક્રવર્તી પદ મળ્યા. છોડ... છોડ... છોડ... બળખા. આવી લબ્ધિયું સાધી હતીને? તે દિ' વિકલ્પ હતો. બસ છોડી દે છે. ત્યાગ. એને લોભનો ત્યાગ કહે છે. સમજાણું? નહિતર બીજો લોભ તે અંતર પરિગ્રહ છે. આહા..હા..!

અરે! વીતરાગમાર્ગ તે કાંઈ ઉપશમરસથી ઢાળા ઢળે એકલા ઠરેલ ઢાળા. ઉપશમમાં ઠરી

જાય ઠરી.

સ્તુતિમાં આવે છેને ભગવાનની. નહિ? હે પ્રભુ! સ્તુતિમાં આવે છે. આપે ધર્મ કહ્યો પણ પછી જૈનશાસનમાં એનું ફળ શું આવ્યું એ જોયું નહિ. જોવે શું? એ તો કેવળજ્ઞાની છે. આ મેં ઉપદેશ્યું એમાં કાંઈ ફળ આવ્યું કે નહિ આમાં? એ તો પહેલેથી વીતરાગ છે. આહા..હા..! એમ ઉપદેશકને એમ રહે કે આ કાંઈક કહું છું એમાં કાંઈક ફળ આવે છે અને એ જોવા જાશે તો એનો લોભ નહિ ટળે. એ તો એની યોગ્યતા હશે એમ થાશે. તારે શું છે? સમજાણું કાંઈ? એમાંથી .. બાપુ! એની યોગ્યતા હશે જેવી (એમ થાશે). 'હોંશીડા મત હોંશ કરજે.' એવી હોંશ કરીશ નહિ હોં. મેં આ જો કીધુંને, આ બધા કેટલા સમજી ગયા. પછી ન સમજે ત્યારે દ્વેષ કરવો છેને તારે અંદર? સમજે તો રાગ કરવો છે. એવી માથાકૂટમાં પડીશ નહિ. જાદવલાલજી! અરે! આવા રાગ અને દ્વેષના ત્યાગ વિના અંતર તારી મુક્તિ કેમ થશે? સંસારનો વિચ્છેદ કેમ થશે? તારી શ્રદ્ધા-જ્ઞાનની ભાવનામાં આવું ન આવે તો ત્યાં સુધી છૂટશે શી રીતે?

'**ઔર હાસ્ય,...**' ઠઠ્ઠા. '**રતિ,...**' ખુશી '**અરતિ,...**' દિલગીરી '**શોક,...**' પુત્રાદિનું મૃત્યુ થાય કે આબરૂ જાય. '**ભય,...**' શરીરમાં એમ કે શું થશે? આ રોગ આવ્યો. પહેલા પાંચ વર્ષ પહેલા આવ્યો હતો અને આ લક્ષણ એના દેખાય છે, એ જાતનો રોગ આવશે. હતાશ થઈ જાય અંદર. એમ હોતા હૈ ન, પંડિતજી! પાંચ વર્ષ પહેલા એવો રોગ આવ્યો હતો. આહા..હા..! બાર મહિના રહ્યો. ઈ જાતનું લક્ષણ લાગે છે. ભગવાન! થાવું એ થાય, તારે શું કરવા મફતની માંડી છે. એય..! મોતીરામજી! ભય એ પણ અભ્યંતર પરિગ્રહ છે કહે છે. સમજ્યાને? '**ગ્લાનિ-**-' દુગંછા. ગ્લાનિ નહિ. આખી દુનિયા ભલે જૈનશાસનના વૈરીઓ જાગીને જૈનશાસનનો વિરોધ કરતા હોય શું છે? તારે પણ શું છે? સમજાય છે? એક વિકલ્પ આવે નીચે છે એ દશામાં, પણ છતાં એની પક્કડ રાખે કે આવું મારે આવવું જોઈએ, તો પછી આવે તો છોડીને સ્થિરતા ક્યારે કરીશ તું?

'**યે ચૌદહ અંતરંગ પરિગ્રહ,...**' એમ તો આવ્યું છેને ભાઈ ઓલા સત્તાસ્વરૂપમાં. સત્ય વાત કહે છે જ્ઞાની, ત્યારે કોઈ સામે અસત્ય કહેતો હોય તો એને જો તલાક ન આવે અંદરમાં તો સમકિત નહિ રહે. એ બીજી વાત છે. એ સત્તાસ્વરૂપમાં આવે છે. ભૂમિકા ચોથા ગુણસ્થાનની પાંચમામાં છે અને ઓલો એકદમ અસત્ય વાતની પ્રરૂપણા કરે. ત્યારે એને પુણ્ય જો હોય તો તો એને પ્રરૂપણાથી વાત કરે, પણ નહિતર વિકલ્પ તો એવો આવવો જોઈએ. કારણ કે રાગની ભૂમિકા છે કે આ ખોટી વાત છે. એવો જો તલાક ન આવે... એવો પાઠ સત્તાસ્વરૂપમાં લીધું છે. છેલ્લા ભાગમાં. કેવા કહેવાય એ? ભાગચંદ છાજડ. બહુ સરસ બનાવ્યું છે. મોક્ષમાર્ગપ્રકાશકનું થોડું .. જેવું બનાવ્યું. એ સત્તાસ્વરૂપ બનાવ્યું. આપણે એના વ્યાખ્યાન થઈ

ગયા છે. એવી સત્ય વાત છે. સાંભળે છે, ખ્યાલમાં છે, પણ કષાયની ભૂમિકામાં છેને. જેમ પોતાના શરીર પ્રત્યે કે ઓલા માટે રાગ થાય છેને. તો એને આ રીતે ઉંધી વાત સાંભળીને એને વિકલ્પ એવો ન આવે કે આ ખોટી વાત છે. તો કહે છે, એને સમકિત નહિ રહે. પણ વાદ કરવા બેસી જાય એમ નથી ત્યાં. એ તો પુણ્ય જોવે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, સામાના પુણ્ય, મારા પુણ્ય કેવી રીતે છે? એમ જોઈને વાત કરે. શાસ્ત્રમાં વાદી ચાલ્યા છે. વાદી ચાલ્યા છે. વાદી નથી આવ્યા? વાદ કરે, પણ એની ભૂમિકા દેખે. પોતાનો વીતરાગભાવ જળવાઈ અને વિકલ્પની .. આવી અને જાણે કે પુણ્ય છે કે નહિ આમાં મારા, એના કેટલા પુણ્ય, એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ જોઈ જોઈને કરે. એમ ને એમ ભરાઈ પડે નહિ. એને વિવેક નથી. એવી વાત છે, ભાઈ! આ તો માર્ગ એવો છે કોઈ.

કહે છે, ગ્લાનિ ન કરે. અરર..ર...! આ થઈ ગયું. '**યે ચૌદહ અંતરંગ પરિગ્રહનો**' પક્કડ હોય નહિ. '**ક્ષેત્ર (ગ્રામાદિક) વાસ્તુ, (ગૃહાદિક)...**' સમજ્યાને? વાસ્તુ એટલે ગૃહાદિ, ઘર આદિ. '**હિરણ્ય, (રૂપિયા, પૈસા, મુહર આદિ) સુવર્ણ, (ગહને આદિ)...**'

મુમુક્ષુ :- નોટ નથી.

ઉત્તર :- એ નોટ આવી ગઈ એમાં ધનમાં.

'**(હાથી, ઘોડા આદિ)...**' એમાં નોટ આવી ગઈ. મોટર એમાં આવી ગઈ. હાથી, ઘોડામાં મોટર આવી ગઈ. હાથી, ઘોડા. મોટર તે દિ' ક્યાં હતી? તે દિ' વિમાનો હતા. ઉપરથી આમ વિમાનો જતાં. આવે છેને વિમાન આવે છેને શાસ્ત્રમાં. બેસીને આમ જાતા. વિમાનમાં ઉપરથી જાતા. ..વાળા વિમાનો આવે છે. આદિપુરાણમાં ઘણા આવે છે. ઉપરથી આમ જાતા.. વિમાનો હતા. નહોતા કે દિ'? આવા તો બધા કલ્પિત. ઓલા તો મયુરાસન. મોરના દેખાવ જેવા ને એવા બધા હોં. દેવ નહિ. આ તો એના ઊંચા એવા વિમાનો હતો. ચક્રવર્તી પાસે હતા, બળદેવ, વાસુદેવ. બધા શાસ્ત્રમાં આવે છે. સમજાણું? એનો પરિગ્રહ નહિ. પક્કડ નહિ, પક્કડ નહિ. આ ..ની આવે છેને.

'**ધાન્ય, (અન્નાદિ)...**' અન્નાદિ. અમારે ઘરે કોઠીયું ભરી છે. અમારે ઘરે કોઠીયું અનાજ ભરી છે. હવે મૂકને કોઠા તો બળશે તે દિ' સળગી જશે એક સાથે. પરિગ્રહની પક્કડ શી? સમજાય છે? બાર મહિનાનું અનાજ નથી ભેગું કરતા? બાર મહિના સુધી. આપણે એટલું ભેગું કરો કે બાર મહિના સુધી પહોંચે. પણ તું જીવીશ કે એ રહેશે એ તને શી ખબર છે? પહોંચશે શી રીતે? એ તો જડ છે, નાશવાન પદાર્થ છે. ક્યાં ગયા? કોઠાર ભર્યા છેને? કારણ કે માણસ પાંચસો-પાંચસો મહેમાન આવે એને આઠ દિ', દસ દિ' જમાડવું. કહે છે કે એવો વિકલ્પ હોય એની પક્કડ ન હોય. એ સારો છે એમ પહેલી દૃષ્ટિ ન હોય અને હોય તો

તેનો પછી પક્કડ કે આ કરવા જેવું છે એમ એને હોઈ શકે નહિ. આ વાત છે લ્યો. સમજાણું કાંઈ? પછી એને છોડે છૂટકો થાય એવું છે. છૂટકો એટલે મુક્તિ. એને રાખ્યે કોઈ દિ' મુક્તો થાય (એમ બને નહિ). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એની હુંફ કરેને.

ઉત્તર :- શેની? ધૂળની હુંફ. મફતનો અભિમાની છે. શેના હુંફ છે. માન. આહા..હા..! 'ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા, માન પ્રત્યે તો દીનપણાનું માન.' એવા અર્થ કર્યા છેને? દીનપણાનું માન. અમે તો દીન છીએ બાપુ! પરમાત્મદશા ક્યાં અને અમે તો ભિખારી-રંક. એ... તમે મોટા થયા. ક્યાં પરમાત્માદશા! ક્યાં કેવળદશા! ઓહો..હો..! જ્યાં કેવળજ્ઞાનના બાદશાહો બિરાજતા હોય સમવસરણમાં. ભગવાન બિરાજે ત્યાં કેવળીઓની ટોળી બિરાજે. આહા..હા..! અમે તો દીન છીએ, ભાઈ!

'**દાસી, દાસ, કુપ્ય (વસ્ત્ર તથા સુગંધાદિક), ભાંડ (બર્તન આદિ) યે દસ તરહકે બાહરકે પરિગ્રહ, ઈસપ્રકાર બાહ્ય અભ્યંતર પરિગ્રહકે ચૌબીસ ભેદ હુએ, ઈનકો નહીં છોડા.**' અરે! જેણે આને છોડ્યો નહિ. અથવા પહેલી આ છોડવાયોગ્ય વસ્તુ (અને) આદરવાયોગ્ય ચિદાનંદ એવી દૃષ્ટિ કરી નહિ, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નહિ કે આ જ આદરણીય ચિદાનંદ સ્વભાવ, આ એક વિકલ્પમાત્ર આદરણીય છે નહિ. એવી સમ્યગ્દૃષ્ટિ પ્રગટ કરી નહિ પછી સ્વરૂપની સ્થિરતા દ્વારા આને છોડ્યા નહિ તો મુક્તિ શી રીતે થશે? આમ બેય વાત લે છેને. સમજાણું કાંઈ? પહેલા દૃષ્ટિમાં એનો ત્યાગ ન થયો તો સમ્યગ્દર્શન કેમ થશે? પછી સ્થિરતા દ્વારા અસ્થિરતાનો ત્યાગ ન કર્યો તો મુક્તિ કેમ થશે? અહીં તો પરમાત્મસ્વરૂપ છેને એની દૃષ્ટિ કરીને પછી સ્થિરતા કરાવવાની વાત છે.

પછી '**જીવિત,...**' સમભાવની વ્યાખ્યા કરે છે. જીવતર હો કે મરણ હો. 'જીવિત કે મરણે નહિ ન્યુનાધિકતા.' આવે છેને એ? 'જીવતર કે મરણે નહિ ન્યુનાધિકતા.' ન્યૂન-અધિક. જીવતર એ પણ ઠીક અને મરણ એ ન્યુન. જે સ્થિતિ હો તે ભજો, હું તો શાશ્વત ચૈતન્ય તત્ત્વ છું. મારા શાશ્વત તત્ત્વમાં જીવન-મરણનો પ્રસંગ છે નહિ. '**જીવિત, મરણ,**'નો જેને સમભાવ છે. '**સુખ, દુઃખ,**'ના સયોંગમાં જેને સમભાવ છે. '**લાભ, અલાભાદિમેં...**' જેને સમભાવ છે. ભાવ સમાન ભાવ છે. એવો સમાન ભાવ જેણે કર્યો નથી. ઓહો...! આબરૂ, કીર્તિના ઢગલા આવે. કહે છે, પણ એમાં જેણે સમભાવ કર્યો નથી એને અણકીર્તિ અને અણઆબરૂ વખતે વિષમભાવ થયા વિના રહેશે નહિ. ખેદાઈ જશે. પ્રતિકૂળતાની અગ્નિમાં શેકાઈ જશે, અનુકૂળતાના બરફમાં ઠંડા થઈ જશે. જ્ઞાતા-દૃષ્ટા હું તો સમભાવી આત્મા છું. એવું જેણે ભાન કર્યું નથી એને સમભાવ વિના મુક્તિ કેમ થશે?

'**કલ્યાણરૂપ મોક્ષકા માર્ગ...**' હવે કહે છે જુઓ, '**કલ્યાણરૂપ મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ભી નહીં જાના.**' ઓહો..! ભગવાન આત્મા નિમિત્ત, રાગના રહિતનું તત્ત્વ એવા સ્વભાવનો અનુભવ કરીને પ્રતીત કરી નથી. એ કહે છે જુઓ, '**નિજસ્વરૂપકા શ્રદ્ધાન,...**' જુઓ, આમ પાધરી વાત જ લીધી છે. ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુ એને શ્રદ્ધામાં નિર્વિકલ્પ પ્રતીતપણે લીધો નથી એની મુક્તિ કેમ થશે? સમજાણું કાંઈ? '**નિજસ્વરૂપકા જ્ઞાન...**' ભગવાન આત્માનું જ્ઞાન. જુઓ, આમાં શાસ્ત્રનું આવું ભણતર કે આટલું એ વાત નથી. એ તો વ્યવહાર જાણવાયોગ્ય છે એમ આવે. જાણવાલાયકમાં આવે, આદરવાલાયકમાં નહિ. '**નિજસ્વરૂપકા જ્ઞાન ઔર નિજસ્વરૂપકા આચરણ...**' આહા..હા..! એવો જે '**નિશ્ચયરત્નત્રય...**' એ નિશ્ચયરત્નત્રય. સમજાય છે?

હવે '**નવ પદાર્થોંકા શ્રદ્ધાન,...**' એ વ્યવહાર વિકલ્પ સમ્યગ્દર્શન છે. નવ પદાર્થ છેને ભેદવાળી શ્રદ્ધા? '**નવ પદાર્થોંકા જ્ઞાન...**' એ વ્યવહારજ્ઞાન છે. વ્યવહારરત્નત્રય વિકલ્પ છેને. '**અશુભ ક્રિયાકે ત્યાગરૂપ...**' એ શુભ વિકલ્પ છે એ વ્યવહારચારિત્ર છે. ઓલું નિશ્ચય હોય ત્યાં, આવો હજી (પૂર્ણ) વીતરાગ ન હોય ત્યારે આવો વિકલ્પ હોય છે. જોયુંને! અશુભ ક્રિયાનો ત્યાગ? નિશ્ચયમાં તો શુભાશુભ પરિણામના ત્યાગરૂપ નિશ્ચયચારિત્ર. આમાં વ્યવહાર અશુભનો ત્યાગ અને શુભ વિકલ્પ પ્રવૃત્તિ, નિવૃત્તિ, અવ્રતનો ત્યાગ અને વ્રતનો વિકલ્પ. એવો જે '**ત્યાગરૂપ વ્યવહારરત્નત્રય—યે દોનોં હી મોક્ષકે માર્ગ હૈં,...**' કથનમાં તો બેય માર્ગ કહેવાય છેને. સમજાણું?

'**ઈન દોનોંમેંસે નિશ્ચયરત્નત્રય તો સાક્ષાત્ મોક્ષકા માર્ગ હૈ,...**' એટલે ખરો માર્ગ એ છે એમ. વ્યવહારરત્નત્રય પરંપરા એટલે રાગ છે એને છોડીને સ્વરૂપમાં ઠરશે એટલે એને પરંપરા કહેવામાં આવ્યો. '**યે દોનોં મૈંને કભી નહી જાને,...**' જાણ્યું નહિ જાણ્યું. એમ કહે છે. નિશ્ચય શું કહેવાય? વ્યવહાર શું કહેવાય? ઓહો..! '**સંસારકા હી માર્ગ જાના.**' ભગવાન! સંસરણ ઈતિ સંસારઃ આવે છેને? પ્રવચનસારમાં આવે છે ક્યાંક. કોઈ ગાથામાં આવે છે. સંસાર કોને કહેવો? સંસરણ. કુંદકુંદાચાર્યની ગાથામાં છે. એ સંસરણ સંસારઃ. આહા..હા..! છે એક ગાથામાં. એ સંસાર. સંસરણ (એટલે) વસ્તુસ્વરૂપથી ખસી ગયો. ખસી ગયો ખસી. જ્ઞાનાનંદ સ્વરૂપથી ખસી ગયો એનું નામ સંસાર. સમજાણું? એવા સંસારનો માર્ગ જાણ્યો, ભગવાન! પણ મેં આ જાણ્યું નહિ. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૪, રવિવાર, તા. ૧-૦૮-૧૯૬૫**
**ગાથા-૧૬૬ થી ૧૬૯, પ્રવચન-૧૮૫**

પરમાત્મપ્રકાશ, દૂસરા અધ્યાય ચલતા હૈ. ૧૬૬-૧૬૭ ગાથા ચલતી હૈ. દેખો, ક્યા કહતે હૈં? શિષ્ય કહતા હૈ કિ હે પ્રભુ! મૈંને અભી તક નિશ્ચયરત્નત્રયકા આરાધન કિયા નહીં. ઔર વ્યવહારરત્નત્રય જો પરંપરા કારણ હૈ ઉસકા ભી આરાધન કિયા નહીં. **'ઈન દોનોંમેંસે નિશ્ચયરત્નત્રય તો સાક્ષાત્ મોક્ષકા માર્ગ હૈ,...'** આત્માકા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ ઉસકી દૃષ્ટિ, જ્ઞાન ઔર લીનતા, ઉસ નિશ્ચયરત્નત્રયસે તો સાક્ષાત્ મોક્ષ હોતા હૈ. **'ઔર વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષકા માર્ગ હૈ.'** ક્યોંકિ નિશ્ચય હો વહાં વિકલ્પ ઐસા દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિકા રાગ, પંચ મહાવ્રતકા વિકલ્પ ઐસા વ્યવહારરત્નત્રયકા ભાવ આતા હૈ. વો પરંપરા કારણ હૈ. ક્યોંકિ ઉસકો છોડકર પીછે મુક્તિ હોગી. તો ઉસકો વ્યવહારકો પરંપરા કારણ કહનેમેં આયા હૈ. નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. કહો, સમજે? વહાં તક આયા હૈ.

**'યે દોનોં મૈંને કભી નહીં જાને,...'** શિષ્ય કહે છે, પ્રભુ! મૈં પરમાત્મસ્વરૂપ... પરમાત્મપ્રકાશ હૈ ન? અપના પરમાત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ ઉસકા આરાધન નિશ્ચય ઔર વ્યવહાર કભી મૈંને કિયા નહીં. **'સંસારકા હી માર્ગ જાના.'** મૈંને તો સંસારકા માર્ગ જાના. અનાદિકાલસે શુભ પરિણામ અને પાપના પરિણામ ઉસકો જાના. જાના નામ યથાર્થ જ્ઞાનકી બાત નહીં યહાં. વહી મૈંને કિયા ઔર ઉસમેં મેરી લીનતા હુઈ. ઉસસે મૈં ચૌરાસી લાખ (યોનિમેં) રુલતા હૂં. **'અનશનાદિ બારહ પ્રકારકા તપ નહીં કિયા,...'** ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતકા પિંડકી દૃષ્ટિ અનુભવ કરકે મૈં આહાર-પાનીકી ઈચ્છાકા ત્યાગ, પ્રતપન-આત્માકા આનંદકા પ્રતપન ઐસા અનંતકાલમેં કભી કિયા નહીં.

**'તથા બાઈસ પરીષહ નહીં સહન કી.'** સમ્યક્ અનુભવ બિના બાઈસ પ્રકારકા જો પરીષહ હૈ માર્ગને માટે, નિર્જરા કે લિયે જો સહન કરના ચાહિયે ઐસા મૈંને અનંતકાલમેં કભી એક સેકન્ડ ભી કિયા નહીં. પરિષહ સહન તો સમ્યગ્દૃષ્ટિકો હી હોતા હૈ. ક્યોંકિ માર્ગને માટે નિર્જરાને માટે પરિષહ ... આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને માટે અને નિર્જરા માટે પરિષહ કોઈ નિમિત્ત આતા હૈ ઉસમેં વિકલ્પ ન કરકે, સ્વભાવકા સાધન શાંતિકા કરના ઉસકા નામ પરિષહ કહનેમેં આતા હૈ. એ પરિષહ સહન ન કિયા. એક વાત. **'તથા પુણ્ય સુવર્ણકી**

બેડી,...' શુભભાવસે પુણ્ય બંધતે હૈ વહ સુવર્ણકી બેડી હૈ, સોનાકી બેડી હૈ, ઔર **'પાપ લોહેકી બેડી,...'** હૈ. **'યે દોનોં બંધન...'** હૈ. **'નિર્મલ આત્મધ્યાનરૂપી અગ્નિસે...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ ઉસકા અંતરમેં ધ્યાન, ધ્યાનાગ્નિ પ્રજ્વલકર ઐસા પુણ્ય-પાપ દોનોંકે બંધનકા નાશ મૈંને ન કિયા.

**'ઈન બાતોંકે બિના...'** યહ બાત કિયે બિના **'સંસારકા વિચ્છેદ નહીં હોતા, સંસારસે મુક્ત હોનેકે યે હી કારણ હૈં.'** નિશ્ચય સ્વભાવકા આરાધન કરના ઔર પુણ્ય-પાપકો સ્વરૂપકી અગ્નિસે ધ્યાન કરકે જલાના વહી મોક્ષકા ઉપાય હૈ. વહ કભી કિયા નહીં. **'ઐસા વ્યાખ્યાન જાનકર સદૈવ શુદ્ધાત્મસ્વરૂપકી ભાવના કરની ચાહિયે.'** આ સરવાળો. શુદ્ધાત્મ દ્રવ્ય ભાવના. નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ભાવના. આત્મા તો એક સમયકા પૂર્ણ પરમપારિણામિક પ્રભુ. જ્ઞાયકભાવ ત્રિકાલી શુદ્ધ દ્રવ્યસ્વભાવ, ઉસકી ભાવના નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી એકાગ્રતા ઉસકી ભાવના કહતે હૈ. શુદ્ધાત્મ સ્વરૂપકી ભાવના. ભગવાન પરમાનંદ પૂર્ણ પ્રભુ ધ્રુવ જ્ઞાયકભાવ અકેલા કારણપ્રભુ પૂર્ણ પરમાત્મા અપના હૈ, ઉસકે તરફકી એકાગ્રતા કરની ઔર રાગાદિકી એકાગ્રતા છોડની. ઐસા શાસ્ત્રકો સમજકર ઐસી ભાવના કરની ચાહિયે. લ્યો ચાહિયે તો આવે છે આમાં હોં. એ શ્લોક પૂરો થયો.

હવે ૧૬૮. શ્રાવકની વાત લેશે જુઓ. મૂળ પાઠમાં લેશે. અર્થ પોતે કર્યો છે અંદર લખનારે. **'अथ दानपूजापश्चपरमेष्ठिवन्दनादिरुपं परंपरया मुक्तिकारणं श्रावकधर्मं कथयति-'** શ્રાવકનો જે ધર્મ ચાર તીર્થો આદિ .. પાત્રદાન આદિ એ પરંપરા મુક્તિનું કારણ. નિશ્ચય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ઉસકી સાથ આ વ્યવહારકા વિકલ્પ આતે હૈ વહ પરંપરા મુક્તિકા કારણ હૈ ઉસકી બાત યહાં કહતે હૈ. જુઓ, પાઠમેં પડા હૈ હોં.

**२९९) दाणु ण दिण्णउ मुणिवरहँ ण वि पुज्जिउ जिण-णाहु।**
**पंच ण वंदिय परम-गुरु किमु होसइं सिव-लाहु।।१६८।।**

અહીં તો પાંચેયને પરમગુરુ કીધા. આહા..હા..! પાંચ પદ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. કેમ પ્રભુ મને શિવલાભ થાય? સમજાય છે? હવે એનો અર્થ.

**'દાન, પૂજા ઔર પંચપરમેષ્ઠીકા વંદના, આદિ...'** શુભભાવ હૈ વહ રાગકી મંદતાકા ભાવ હૈ વહ **'પરંપરા મુક્તિકા કારણ...'** કહનેમેં આતા હૈ. સાક્ષાત્ તો, પ્રભુ આત્મા પરસન્મુખકા વિકલ્પ છોડકર સ્વભાવ સન્મુખકી એકાગ્રતાકી આરાધના કરે તો ઉસસે વીતરાગ પર્યાયસે વીતરાગ પર્યાય પૂર્ણ પ્રગટ હોતી હૈ. કારણ ભી વીતરાગ ઔર કાર્ય ભી વીતરાગ. વાસ્તવમેં તો વહી માર્ગ હૈ. પરંતુ જબતક વીતરાગતા પૂર્ણ ન હો, તબતક ઐસા શુભભાવ ધર્મી શ્રાવકકો પંચમ ગુણસ્થાનમેં આયે બિના રહતા નહીં. વહ **'પરંપરા મુક્તિકા કારણ જો શ્રાવકધર્મ...'** શ્રાવકધર્મકી

વ્યાખ્યા ચલતી હૈ. સમજમેં આયા? વો કહતે હૈં, દેખો.

'**આહારાદિ દાન મુનિશ્વર આદિ પાત્રોંકો...**' આહાર. ચાર બોલ છેને. અભય, ઔષધ, શાસ્ત્ર. ભગવાન શ્રાવકે... એમ ભગવાન કહતે હૈં કિ પૂર્ણાનંદકી અંતર દૃષ્ટિપૂર્વક નિશ્ચય સ્વભાવકા સેવન અને આરાધનપૂર્વક ચાર તીર્થ જે નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રયના સેવક ચાર- સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. દેખો, ચારેયને નિશ્ચય અને વ્યવહારરત્નત્રય આરાધક કહે છે. વર્તમાન કહે છે કે ભાઈ શ્રાવક, શ્રાવિકાને અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન સુધી તો વ્યવહારરત્નત્રય હૈ, નિશ્ચય નહીં. એમ કહતે હૈ. યહાં કહતે હૈ, કહેંગે અભી પાઠમાં. '**निश्चयव्यवहाररत्नत्रयाराधकानां मुनिवरादिचतुर्विधसंघस्थितानां**' એ ચારકો પાત્ર ગિનનેમેં આયા હૈ. મુનિવર, સાચા ભાવલિંગી સંત, અર્જિકા પંચમ ગુણસ્થાનવાળી ઉત્કૃષ્ટ અને શ્રાવક-શ્રાવિકા. એવા પાત્રોને દાન નથી દીધું શ્રાવકે. દાન તેનું નામ કહેવાય કે નિશ્ચય સમ્યક્ સહિતના વિકલ્પનો ભાવ આવો હોય, એણે દાન વ્યવહારે દીધું એમ કહેવામાં આવે છે. જેને નિશ્ચયનું ભાન નથી એને તો વ્યવહાર પણ નિશ્ચય વિના હોઈ શકે નહિ. કહો, સમજમેં આયા?

'**જિનેન્દ્રભગવાનકો ભી નહીં પૂજા,...**' લ્યો, ભગવાનની કઈ પૂજા હશે આવી? અનંત વાર પૂજ્યાને વળી? આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના વાસ્તવિક જિનેન્દ્રની પૂજા વ્યવહારે પણ હો સકતી નહીં. ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ (હૈ) ઐસી દૃષ્ટિ રખકર જિનેન્દ્રકી પૂજા આઠ પ્રકારકી આદિ શુભભાવ, નિશ્ચય હો તો વ્યવહાર હોતા હૈ ઐસા કભી શ્રાવકને અનંતકાલમેં કિયા નહીં. તો શ્રાવકકો ઐસા કરના ઉસકી યહાં આજ્ઞા કરતે હૈ. '**पंच परमगुरवः**' દેખો, અર્હંત આદિ પાંચ પરમેષ્ઠી પરમગુરુ છે ઈ, પરમગુરુ છે. ન્યાલભાઈ! સર્વજ્ઞદેવ પરમગુરુ આવે છેને. શ્રીમદ્માં ભાઈ આવે છે. સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ એ ઉત્કૃષ્ટ પરમગુરુ. બાકી પાંચેય પરમેષ્ઠી પરમગુરુ છે. જેની ગુરુતા ગુણને લઈને છે. યે ગુરુતા ગુણકો લેકર હૈ. ગુણ એટલે સમ્યગ્દર્શન ચારિત્રની આરાધનાને કારણે ઉસકો પરમગુરુ કહનેમેં આતા હૈ. અરિહંત સિદ્ધકો તો પૂર્ણ દશા હો ગઈ. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભી નિશ્ચયરત્નત્રયકા ઉગ્રપણે આરાધક હૈ, સેવતે હૈ ઉસ કારણસે ઉસકો પરમગુરુ કહનેમેં આતા હૈ. ઓહો..હો..! અગિયારમી પડિમાધારીને પરમગુરુ ન કહેવાય. મુનિપદ પરમેષ્ઠીમાં ગયા. પરમેષ્ઠીમેં આયા. ણમો લોએ સવ્વ સાહુણં. આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ કહે છે કે પંચ પરમેષ્ઠી પરમગુરુ હૈ. અરે! એવા પરમગુરુની વંદના ન કરી.

'**પંચપરમેષ્ઠી ભી નહીં પૂજે,...**' '**न वंदिताः**'નો અર્થ કર્યોને? એને વંદન ન કર્યું, વંદન ન કર્યું. વંદન એને યથાર્થમેં ઉસકો કહતે હૈં કિ અપના સ્વભાવકા ભાવવંદન કરકે વ્યવહારકા વિકલ્પ વંદન કરતે હૈ તો ઉસકો વંદન કહનેમેં આતા હૈ. એકીલા આત્મજ્ઞાન બિના વંદનકો

યથાર્થ વંદન કહનેમેં આતા નહીં. **'शिवलाभः'** **'મોક્ષકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ?'** કહતે હૈ કિ એવા શ્રાવકે આ પ્રમાણે સમ્યગ્દર્શનપૂર્વક ન કર્યું તો ઉસકો મોક્ષકા લાભ કહાં સે હોગા?

હવે **'આહાર,'** દાન **'ઔષધ,'** દાન. **'શાસ્ત્ર'** કા દાન **'ઔર અભયદાન...'** લ્યો, એ ચાર દાન છે. **'યે ચાર પ્રકારકે દાન ભક્તિપૂર્વક...'** એમ શબ્દ છે. કરુણાથી નહિ. કરુણા તો જે દુઃખી પ્રાણી હોય એને કરુણાપૂર્વક દેનેમેં આતા હૈ. આ તો ભક્તિપૂર્વક. ઓહો..! ધન્ય અવતાર. મેરે ઘર ઐસા આહાર લેનેકા ઔર દેનેકા મુઝે યોગ બના, બહુત આનંદ, બહુત હરખમેં આતા હૈ. **'भक्तिपूर्वकं न दत्तम्।'** સમ્યગ્દર્શનપૂર્વક પંચ પરમેષ્ઠી અથવા ચાર આરાધક જીવો નિશ્ચય-વ્યવહારરત્નત્રયમેં આરાધક જીવ—સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ચારેયને નિશ્ચય અને વ્યવહારરત્નત્રયના આરાધક વર્તમાન-વર્તમાન ગિનનેમેં આયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ભક્તિપૂર્વક છે. .. સગા માટે નથી. સગા માટે છે? આ મારો સગો થાય છે માટે? ભક્તિપૂર્વકની અહીં વાત છે. સાધર્મી-સાધર્મીને જમાડે તો ભક્તિપૂર્વક હોય એમ કહતે હૈ. આહા..હા..! 'સાચું સગપણ સાધર્મીતણું રે લાલ. અવર સર્વે જંજાળ રે ભવિકજન, સાચું સગપણ સાધર્મીતણું રે લાલ.' વલ્લભદાસભાઈ! યશોવિજય કહે છે. એ યશોવિજયની કડી છે. સાધર્મી સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રાપ્ત અને ચારિત્રના અંશને કે પૂર્ણને પ્રાપ્ત એવા સાધર્મી જીવો કે શ્રાવક, શ્રાવિકા હો કે શ્રાવિકા સ્ત્રી હો એને શ્રાવક આપે. શ્રાવિકા સ્ત્રી હોય નિશ્ચય વ્યવહારરત્નત્રયની આરાધક, એને શ્રાવક ભક્તિપૂર્વક આહાર આપે. સમજાણું કાંઈ? જુઓ, કેટલો ખુલાસો કર્યો છે! આવા બોલ તો ઘણા છે. આખું એક પાનું ભર્યું છેને. આ પાનું લખ્યું છે. અહીંથી લઈ ગયા હતા પણ લખ્યું નથીને આ? છેને પાનું ક્યાં ગયું? અહીં છે. આખું પાનું ભર્યું છે. પ્રવચનસાર, પરમાત્મપ્રકાશ, દ્રવ્યસંગ્રહ સમજ્યાને? એવા ઘણા બોલ લીધા છે. એમાં ક્યાં બધા ભેદાભેદારત્નત્રયના આરાધક છે, શ્રાવક-શ્રાવિકા છે એને પણ આમ છે એ લખ્યું છે. સમયસારમાં ક્યાંક બધું ઘણું લખી નાખ્યું છે. તે દિ' લખ્યું હતું વળી જોતાં-જોતાં. આ બધા ગડબડ કરે છેને, જરી આધાર હોય તો માણસને ઠીક પડે કે લ્યો ભાઈ આ આધાર છે, આ આધાર છે ભાઈ! સમજાણું કાંઈ? ક્યા કહતે હૈં? શાસ્ત્રકા આધાર હો તો ઉસકો ઠીક પડે.

યહાં કહતે હૈં, ચાર પ્રકારકા દાન જિસકે. જિસકો જિસકી યોગ્યતા પ્રમાણે હોં. મુનિકો અભયદાન ચાહિયે. ... યહ આયા ન અધિકાર? આત્માનુશાસનમેં આતા હૈ. સિંહ આદિ આયા, મુનિકો મારતે હૈ તો શ્રાવક બચાનેકો, મુનિકો બચાનેકો ઐસા કરતે હૈં હોં. સિંહકો મારનેકા ભાવ નહીં હૈ, પણ મુનિકો બચાનેકા ભાવ હૈ. મુનિ ધ્યાનમેં હૈ ઉસકો બચાનેકા ભાવ હૈ.

તો કદાચિત ઐસેમેં સિંહ મર જાયે ઔર વહ સિંહ ઉસકો માર દે તો સિંહ જાય નરકમાં અને શ્રાવક જાય સ્વર્ગમાં. આત્માનુશાસનમાં છે પંડિતજી! એ શ્લોક હૈ ન આત્માનુશાસનમેં? એ શ્લોક હૈ. આપણને શ્લોક કાંઈ યાદ રહે છે બધા? ભાવનો ખ્યાલ હોય. શ્લોક એમાં છે. આત્માનુશાસન.

મુનિ ધ્યાનમાં હોય, હજી આયુષ્ય લાંબુ છે ઔર કોઈ મારવા આવ્યો, સિંહ આદિ મારનેકો આયા તો શ્રાવક બચાતે હૈ. ભાવ બચાનેકા હૈ, સિંહકો મારનેકા નહીં. સિંહ ખસી જાય તો મારવા જાય? જો સિંહ વહાંસે દૂર હટ જાયે તો મારનેકો જાતે નહીં. મારનેકા ભાવ નહીં હૈ, મુનિકો બચાનેકા ભાવ હૈ. ઉસને ઉસકો ઐસા મારા, વહાં ઉસને ઉસકા ગલા પકડા. દોનોં મર જાતે હૈ ઐસા આવે. શ્રાવકકા ભાવ સમ્યગ્દર્શનસહિત ભક્તિકા ભાવ હૈ, મુનિકા સાધકસ્વભાવ જીવન રહો, સાધકસ્વભાવકા જીવન રહો, સાધકસ્વભાવકા જીવન રહો, બાધકસ્વભાવકા નાશ હો. ઐસી જિસકી ભાવના છે. ઉસ સમય કદાચિત્ સિંહ મર જાવે તોપણ વહ પુણ્યબંધ કરકે સ્વર્ગમેં ચલા જાયેગા ઔર વહ મરકરકે નરકમેં જાયેગા. સિંહ હેઠે જશે. સમજમેં આયા? ભાવપ્રધાન વાત છે. ઉસકા ક્યા હેતુ હૈ?

તો કહતે હૈ કિ '**આહાર, ઔષધ, શાસ્ત્ર ઔર અભયદાન—યે ચાર પ્રકારકે દાન ભક્તિપૂર્વક પાત્રોંકો નહીં દિયે, અર્થાત્ નિશ્ચય વ્યવહારરત્નત્રયકે આરાધક...**' આ વ્યાખ્યા કરી. નિશ્ચય-વ્યવહારરત્નત્રયના આરાધક. '**યતી આદિ ચાર પ્રકાર સંઘ...**' જુઓ, આમાં તો આટલો ખુલાસો છે. નિશ્ચય આઠમે થાય, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે વ્યવહાર રહે એ આરાધક કહેવાય? નયનું આરાધન તો નય તો વર્તમાન એક સાથે હોય. એક સાથમેં નય હૈ. એકલા વ્યવહાર હોય નિશ્ચય વિના તો એ એકાંત છે અને એકલો નિશ્ચય હોય અને નિશ્ચય-વ્યવહાર ન જ હોય તો પણ એકાંત હૈ. નિશ્ચય-વ્યવહાર બેય બરાબર હૈ. આરાધકનું સેવનનું ફળ નિશ્ચયનું મુક્તિ, વ્યવહારનું ફળ બંધ, પણ બે ભાવ છે. સમજમેં આયા? ... કહ્યું ચારમાં. એમ કહેવાય છે હોં. શાસ્ત્રમાં નથી કીધું? જગત. આમ આવે છેને. આ શબ્દ આવે છેને. જગત-જગત. જગતમાં રહેનારા જીવ એનો અર્થ આવે છે. યાદ નથી. એક કળશમાં આવે છે. આવે છેને જગત. પાઠ છે ... કહો, સમજમેં આયા?

ક્યા કહતે હૈં? એ સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. આઠ વર્ષકી શ્રાવિકા કી લડકી ઔર સ્વયં શ્રાવિકા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા અંશકો સેવતે હૈ, સાથમેં વ્યવહારરત્નત્રયકા વિકલ્પ ભી આઠ વર્ષકી લડકી શ્રાવિકા હો પંચમ ગુણસ્થાન તો ઉસકો નિશ્ચય-વ્યવહાર દોનોંકા આરાધક કહનેમેં આયા હૈ. લાલચંદભાઈ! એમ નહિ કે બાલિકા એકલી છે. અહીં તો બેયને કહ્યું છે. ઔર નિયમસારમાં પણ લખ્યું છેને નિયમસાર? આ નિયમસાર છેને? શું છે આ?

આ નિયમસાર છે. ભક્તિ અધિકાર છે. બેય કીધું છે એમાં ભક્તિ. પરમ આવશ્યક. આવશ્યક પહેલા છેને ભક્તિ? **'सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।'**. કુંદકુંદાચાર્ય મહારાજ સ્વયં શ્લોકમાં (—૧૩૪ ગાથામેં) કહતે હૈ. જો કોઈ **'सम्मत्तणाणचरणे'**. સમ્યક્ કેવા? અર્થમાં લખ્યું શુદ્ધ રત્નત્રય પરિણામ. શુદ્ધ રત્નત્રય પરિણામ. આહા..હા..! શ્રાવિકાને શુદ્ધ રત્નત્રય પરિણામ. આઠ વર્ષની બાલિકા પંચમ ગુણસ્થાન પ્રાપ્ત શુદ્ધ રત્નત્રય પરિણામ, સ્વભાવ રત્નત્રય પરિણામ, અભ્યંતર રત્નત્રય પરિણામ, નિશ્ચય રત્નત્રય પરિણામ. એવા બોલથી નિશ્ચયને ભિન્ન-ભિન્ન પ્રકારે દ્રવ્યસંગ્રહ આદિમાં પણ કહેવામાં આવ્યું છે.

અહીં કહે છે ભગવાન, **'सम्मत्तणाणचरणे'**. અર્થમાં, ટીકામાં કર્યું કે શુદ્ધ રત્નત્રય પરિણામોનું જે ભજન. એટલે? નિજ પરમાત્મતત્ત્વ ભગવાન આત્મા, નિમિત્ત નહિ, રાગ નહિ, એક સમયનો પર્યાય નહિ, એ પર્યાય ત્રિકાળ જ્ઞાયક પરમાત્મતત્ત્વમાં સમ્યક્ શ્રદ્ધાન. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ અંતર્મુખ, પૂર્ણ સ્વરૂપ અંતર્મુખ શ્રદ્ધા દ્વારા નિશ્ચય શ્રદ્ધા સ્વભાવ સન્મુખ, પરમાત્માની સન્મુખ થઈ. પરમાત્મા એટલે પોતે. સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ અવબોધ. એવા ભગવાન આત્માનું અંતર્મુખ સ્વભાવનું જ્ઞાન, પરમાત્માનું જ્ઞાન અને પરમાત્મામાં આચરણ એ રૂપે. જુઓ, સ્વરૂપ ભગવાન પરમાત્મતત્ત્વના આચરણસ્વરૂપ. શુદ્ધ રત્નત્રયપરિણામનું ભજન તે ભક્તિ છે. સંસ્કૃત શબ્દ એ પડ્યા છે. સમજાણું કાંઈ? **'शुद्धरत्नत्रयपरिणामेषु भजनं भक्तिराराधनेत्यर्थः।'** આહા..હા..!

શ્રાવક-શ્રાવિકા દેહ છે તો ભલે હો, પણ એ અંતર દૃષ્ટિ સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુ, એક સમયનો આખો ભગવાન પૂર્ણ-પૂર્ણ પ્રભુ, ઊણો એક અંશ નહિ એવો પરમાત્મ દ્રવ્યસ્વભાવ ચૈતન્ય રત્નાકર, બપોરે આવશેને, એમાં અંતર સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન નિશ્ચય હોં આ. વ્યવહાર નહિ. એનું નિશ્ચય આચરણરૂપ શુદ્ધરત્નત્રય પરિણામનું ભજન તે ભજન, ભક્તિ. આરાધના એવો તેનો અર્થ છે. **'અને એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે, મધ્યમ ત્રણ અને ઉત્તમ બે છે.'** એના અર્થ કર્યા પાછા. એ બધાય રત્નત્રયના આરાધક છે. જઘન્ય પડિમા હો, વિકલ્પ છે એની વાત નથી. અંદર સ્વભાવ શુદ્ધ ચિદાનંદ પરમાત્મા અખંડ જ્ઞાયકસ્વરૂપ વિકલ્પ-રાગ વિનાનું તત્ત્વ એની અંતરની શ્રદ્ધા, એનું જ્ઞાન અને ઉસકા આચરણ, એને શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે જુઓ, **'આ બધા...'** આ બધા. આ બધા સમજે ન? ગુજરાતી છેને આ તો? **'આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** જુઓ, **'एकादशपदेषु श्रावकेषु जघन्याः षट्, मध्यमास्त्रयः, उत्तमौ द्वौ च, एते सर्वे शुद्धरत्नत्रयभक्तिं कुर्वन्ति।'** બાપુ! શ્રાવકનું, શ્રાવિકાનું પદ પણ કાંઈ નાનું નથી. સમજાય છે કાંઈ? શુદ્ધરત્નત્રયકી સર્વે ભક્તિ કરતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધુંને ભજન. અંદર સ્વરૂપની દષ્ટિ, સ્વભાવની શ્રદ્ધા, સ્વભાવ ત્રિકાળ પરમાત્માનું જ્ઞાન અને ત્રિકાળ પરમાત્માનું આચરણ એ ભક્તિ. શુદ્ધનયનો અર્થ એ કર્યો છે. શુદ્ધ રત્નત્રય પરિણામોનું ભજન તે ભક્તિ. પરમાત્મા પોતે પોતાનો સ્વભાવ પૂર્ણ પ્રભુ લઈને પડ્યો છે. એવો કારણપરમાત્મા, એવું કારણજીવતત્ત્વ, એવો કારણસમયસાર ત્રિકાળ એની શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને આચરણરૂપ શુદ્ધ રત્નત્રયનું આરાધન સાધુ ભી કરતે હૈં, અર્જિકા ભી કરતે હૈ, શ્રાવક અને શ્રાવિકા ભી કરતે હૈં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જરી વિશેષ નિર્વિકલ્પ.. એ તો સમયસારમાં પણ આવે છે. વિશેષ નિર્વિકલ્પ ઉપયોગ માટે ... એમ. વિશેષ નિર્વિકલ્પ ઉપયોગ માટે. ભાઈ! ન સમજે તો શું થાય એમાં? નિર્વિકલ્પ ઉપયોગ અમુક વખતે ન આવે તો એ ગુણસ્થાન રહે નહિ. એ આધાર બધા સમજ્યા વિનાના (આપે). એણે અર્થ સમજવો પડશે કે નહિ? આ કાળે અહીં કયે ઠેકાણે ક્યો પ્રસંગ છે? ક્યા પ્રસંગનો આશય છે? હાર્દ સમજવો પડશે કે નહિ? ચોથા ગુણસ્થાન એટલે કે નિર્વિકલ્પ દષ્ટિ થયા પછી પણ નિર્વિકલ્પ ઉપયોગ અમુક કાળે આવ્યા રહે નહિ, નહિતર ગુણસ્થાન ચોથું રહી શકે નહિ. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાન કોને કહે? આહા..હા..! નિશ્ચય રત્નત્રય, સમ્યક્ પરિણતિ પ્રગટી છે, ઉપયોગ પણ કોઈ વખતે પંચમ અને ચોથે પણ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. સમજાય છે? એ વિના પંચમ અને ચોથું રહી શકે નહિ. અને છઠ્ઠા ગુણસ્થાનવાળાને તો એક ક્ષણમાં સાતમું (આવે). ઓહો..હો..! એને તીન કષાયકા અભાવ. એક ક્ષણમેં શુદ્ધોપયોગ, બીજે ક્ષણે વિકલ્પ, ત્રીજે ક્ષણે શુદ્ધ ઉપયોગ.. એની દશા શું, અહીં પરમેશ્વરપદમેં કહતે હૈ. અહીં તો આચાર્યને કુંદકુંદાચાર્યને કહેવું છે એ બધે આચાર્યોએ એ જ વાત કરી હૈ. સમજાય છે કાંઈ?

અહીં પણ આચાર્ય જુઓ યોગીન્દ્રદેવને મૂલ પાઠમેં '**मुणिवरहँ**' લિયા ઉસકા અર્થ બ્રહ્મદેવને ખુલાસા કરકે લિયા ક્યોંકિ શ્રાવકકા ધર્મકી બાત હૈ. તો શ્રાવક ચારકો દાન દેતે હૈ. તો ચાર કૈસા હૈ? નિશ્ચય-વ્યવહારરત્નત્રયકા સેવક હૈ. સમજાય છે કાંઈ? આહા..હા..! '**યતી આદિક ચાર પ્રકાર સંઘ...**' સાધુ-સંત, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. '**ઉનકો ચાર પ્રકારકા દાન ભક્તિ કરકે નહીં દિયા,...**' તેરા ક્યા અવતાર હુઆ? એમ કહતે હૈ. આહા..હા..! સમજાણું કાંઈ? ઐસા '**ચાર પ્રકારકા દાન ભક્તિ કરકે નહીં દિયા, ઔર...**' પીછે કરુણાની વાત લીધી છે. સમજાણું? એમાંથી ખુલાસો થોડો કાઢ્યો.

'**ભૂખે જીવોંકો કરૂણાભાવસે દાન નહીં દિયા.**' એટલું ભક્તિમાંથી થોડું કાઢ્યું. એણે ભક્તિપૂર્વક ન દીધું અને આને જરી .. દુઃખી પ્રાણીને કરૂણાપૂર્વક, કરૂણાભાવથી ઉપરથી કાઢી

નાખ્યું. **'કરૂણાભાવસે દાન નહીં દિયા.'** સ્વભાવકા ભાન સેવનપૂર્વક, ચિદાનંદના સેવનપૂર્વક. ઓહો..હો..! સેવ્ય પણ ભગવાન અને સેવક પણ પર્યાય. આહા..હા..! સેવ્ય પોતે આત્મા પોતાનો નિજાનંદ પ્રભુ. અપના પૂર્ણ સ્વભાવી સેવ્ય—સેવને લાયક અને નિર્વિકલ્પ પર્યાય એ સેવક. ઐસી ક્રિયા અનંત કાલમેં કભી નહીં કિયા તો તેરા સંસાર કૈસે નાશ હોગા? એમ કહે છે. શિવકા લાભ કૈસે મિલેગા? શિવ નામ મોક્ષકા લાભ તુઝે મિલેગા નહિ, ઉસકે બિના મિલેગા નહીં. સમજમેં આયા? એકીલા વ્યવહાર-વ્યવહારકી બાત યહાં નહીં. નિશ્ચયપૂર્વક વ્યવહાર. ઐસા વ્યવહારકો વ્યવહાર જાનનેવાલા જાગૃત હુઆ તો વ્યવહારકો વ્યવહારકા બરાબર આરોપ કહનેમેં આયા. વ્યવહાર મોક્ષમાર્ગ કહનેમેં આતા હૈ ઉસકો નિમિત્ત દેખકર.

**'ઉનકો ચાર પ્રકારકા દાન ભક્તિકર નહીં દિયા, ઔર ભૂખે જીવોંકો કરૂણાભાવસે દાન નહીં દિયા.'** પીછે. **'ઈન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર આદિકર પૂજ્ય કેવલજ્ઞાનાદિ અનંતગુણોકર પૂર્ણ જિનનાથકી પૂજા નહીં કીં;...'** પાઠમેં હૈ ન વહ? **'ण वि पुज्जिउ जिण-णाहु।'** ઓહો..! જેની એકલી વીતરાગ પર્યાય. વિજ્ઞાનઘન, જ્ઞાનઘન, તરળપણું, અસ્થિરપણું છૂટીને ઘન થઈ ગયું છે. એકલો કેવળજ્ઞાનઘન, વીતરાગ જિનનાથ જિનનાથ. એ વીતરાગ પર્યાયના સ્વામી પરમાત્મા એની જેણે પૂજા ન કરી. એની પૂજાનો અર્થ એને ઓળખ્યો અને આત્માને ઓળખ્યો ત્યારે ઉસકો પહચાના અને પૂજા કી ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહા..! એને પ્રતીતમાં બેસે. અનંત કેવળજ્ઞાનાદિ જિનકા નાથ પ્રભુ. અનંત કેવલજ્ઞાન લિયાન? ક્યા હૈ દેખો.

**'કેવલજ્ઞાનાદિ અનંતગુણોકર...'** જેને અનંત-અનંત ગુણ પ્રગટ... પ્રગટ... પ્રગટ... પર્યાયમાં-અવસ્થામાં, વીતરાગ પર્યાયમાં અનંત ગુણો પ્રગટ નિર્મલ હો ગયા. ઐસા ભગવાનની પૂજા. વો પર્યાયકી પ્રતીત કિયા તો અપની પર્યાયકી પ્રતીત હોતી હૈ તબ ઉસકી પ્રતીત હુઈ. એ અપની પર્યાયકી પ્રતીત તબ હોતી હૈ કિ દ્રવ્યકી પ્રતીતિ હોતી હૈ ઔર પર્યાયકી પ્રતીત હોતી હૈ. તો અપના દ્રવ્યકા અનુભવકી પ્રતીત કિયા, વો પૂર્વક ભગવાનકી પૂજા કી ઉસકો પૂજા કહનેમેં આતા હૈ. આહા..હા..! ભૈયા! સમજતે હૈ કિ નહીં? યે થોડા હિન્દી ચલા આજ? હિન્દી-હિન્દી કહતે થે ન. હિન્દીમેં સમજતે હૈ. ભાવ તો કહાં સે આયે દૂસરા? ભાવ તો હૈ વહ હૈ. હિન્દી હો કે ગુજરાતી.

ઓહો..! ભગવાન! કહતે હૈં, **'ઈન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર...'** ઈન્દ્ર ઉપર, નાગેન્દ્ર નીચે, નરેન્દ્ર વચલા. **'ઈન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર,...'** ઊર્ધ્વ, અધો, મધ્ય. આહા..હા..! એવા ત્રણ લોકના જે મહા ઈન્દ્રો એનાથી જે ભગવાન પૂજ્ય છે. પૂજ્ય કેમ છે? **'કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકર પૂર્ણ જિનનાથકી...'** જિનનાથ. આહા..હા..! વીતરાગ સ્વભાવ પૂર્ણ... પૂર્ણ...

પૂર્ણ... એવા અનંત પરમાત્મા, ઉસકી હયાતી સ્વીકાર કરકે અપને સ્વભાવકા સ્વીકાર અંદરમેં કિયા ઐસા ભગવાન આત્મા, ઐસા ભગવાનકી પૂજા કરે ઔર મુક્તિ ન હો, તીનકાલમેં બને નહીં. કહે છે કે ઐસી (પૂજા) કભી કિયા નહીં. એ તો આવી ગયું નહિ? પહેલું આવી ગયું છે. 'ભવે ભવે જિન પૂજીયો' એ આવી ગયું છે પહેલું. પહેલા આવી ગયું છેને ભાઈ! શ્લોકમાં આવી ગયું છે. 'ભવે ભવે જિન પૂજીયો.' તમે કહો છો કે પૂજા નથી કરી? પણ આત્માના ભાનપૂર્વક કરી નથી, માટે ભવે ભવે પૂજા કરી એ બધી ખોટી છે. એક વખત આવ્યું હતું પહેલા. આમાંને? 'ભવે ભવે પુજીયો' આ રહ્યું. આવ્યું. 'ભવે ભવે જિન પુજીયો વંદીયો ઐસા શાસ્ત્રકા વચન હૈ તો .. વંદે' પરંતુ તુમ કહતે હૈ કિ યહ જીવને .. જિનરાજ સ્વામી નહીં મિલા. સમાધાન-ભાવભક્તિ ઉસકો કભી નહીં હુઈ. આહા..હા..! સમજમેં આયા? ભાવભક્તિ તો સમ્યગ્દષ્ટિકો હી હોતી હૈ. બાહ્ય લૌકિક ભક્તિ ઉસકે સંસારકે પ્રયોજનકે લિયે વહ ગિનતીમેં નહીં. ઉપરકી સબ બાતેં નિઃસાર હોતી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યે લિખા હૈ ન, ક્યા લિખા હૈ દેખો! એ સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામેં એક ઠેકાણે લખી છે. નિશ્ચય-વ્યવહારમેં વ્યવહાર થોથા હૈ. નિશ્ચય બિનાકા વ્યવહાર થોથા હૈ. જયચંદ્ર પંડિતને લિખા હૈ. શ્લોક છે. સમજમેં આયા?

ભગવાન આત્મા નિર્લેપ પ્રભુ એવો વીતરાગ અપના નિજ સ્વરૂપ પૂર્ણાનંદ ઉસકી સાવધાનીસે દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતા બિના ભગવાનકી ભક્તિ સચ્ચી હોતી નહીં. સમજમેં આયા? એ એમાં આવી ગયું છે. એક ન્યાયસે નિશ્ચયકા નામ વીતરાગ, વ્યવહારકા નામ સરાગ હૈ. દેખો! એ એમાં લખ્યું છે બધું. અરે ભગવાન! એને ક્યાં... હજી કબુલાત કરનેમેં પસીના નિકલતા હૈ. અપની રાગાદિકી વૃત્તિ હો, પણ ઉસસે નિરાલા ભગવાન (હૈ) ઉસકી અંદરમેં અનુભવમેં પ્રતીત કરના વહી યથાર્થ પ્રતીત હૈ. ઉસકા નામ ભક્તિ ઔર ઉસકા નામ પ્રતીત હૈ. ઐસી પ્રતીતસહિત ભગવાનકી પૂજા કભી નહીં કિયા. ભગવાનકી પૂજા કિયા હી નહીં તુને. સમજમેં આયા?

એક પ્રશ્ન કિયા થા અભી, કોઈ છાપામેં આયા થા. ભાઈ! ઐસી ચીજ અભી ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર આદિકી ચર્ચા બહુત હોતી હૈ તો આપણા પરદાદા, દાદા ઐસી કોઈ બાત .. નહીં. એય..! પ્રકાશચંદજી! તો આપ પૂજા-બુજા કરતે હો ઉસસે ધર્મ હોતા હૈ કિ ... હુઆ હૈ કિ નહીં? ઐસા પ્રશ્ન હુઆ થા. છાપામાં આયા થા. સબ છાપામાં આયા હૈ. હમ દેખતે થેને. દેખ લેતે હૈં, ક્યા કરતે હૈં. આપણે તો કોઈ પ્રત્યે ઐસા નહીં હોતા. હો તો હો. વો ઐસા પ્રશ્ન કિયા કિ અપને પરદાદા, દાદા આદિ... પરદાદા કહતે હૈ ન?

બાપકા બાપકો? વો કુછ સમજતે નહીં થે કિ ઉપાદાન આ હૈ, નિમિત્ત આ હૈ, નિશ્ચય આ હૈ, વ્યવહાર આ હૈ. અભી ચર્ચા ઈતની હુઈ. તો આપણા બાપ-દાદા પૂજા, ભક્તિ કરતે થે તો ધર્મ હોતા થા કિ નહીં? હોતા હૈ. ક્યોં નહીં હોતા હૈ? ભગવાનકો માનતે થે ન. ભગવાન હૈ ઐસા માનતે થે. ઠીક! એ ભગવાન. આહા..હા..! અરે ભગવાન! શું થયું? એ ભગવાન ઐસે માનતે થે ન. ભગવાન માનકર પૂજા કરતે થે ન. ભગવાન સ્થાપના માન્યા વિના કોઈ પૂજા કરતે થે? એ ભગવાન માનતે થે એમ કહતે થે, સંવર-નિર્જરા હોતી થી કહે છે. આહા..હા..!

અરે! ભગવાન! ક્યા આત્મા ક્યા ચીજ હૈ? ઉપાદાન અપના શુદ્ધ ઉપાદાન, શુદ્ધ ઉપાદાન. અશુદ્ધ ઉપાદાન પર્યાયમેં વિકલ્પ હોતા હૈ ઉસ વિકાર. શુદ્ધ ઉપાદાન ત્રિકાળ ઉસકા આશ્રય કરકે જો નિર્મલ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર હોતા હૈ ઉસ પૂર્વક ભગવાનની પૂજા કરે તો શુભભાવ હોતા હૈ. ઉસકો નિશ્ચય ઔર વ્યવહારકા આરાધક કહનેમેં આતા હૈ. સમજમેં આયા? હજી વસ્તુ ક્યા હૈ? તત્ત્વ ક્યા હૈ? તત્ત્વકી વિપરીતતા ક્યા માનતે હૈ? ઉસકી ખબર નહીં ઔર ભગવાનકી પૂજામેં (ધર્મ) હો ગયા. વલ્લભદાસભાઈ! તમારા બાપને આવી બધી ખબર નહોતી. શેની શ્રદ્ધા? આંધળી શ્રદ્ધા કે દેખતી? ક્યા હૈ? ક્યા ચીજ જ્ઞાયકમૂર્તિ હૈ ઔર ક્યા વિકલ્પ ઉઠતે હૈ અને ક્યા સામે વિકલ્પ હૈ, નિમિત્ત ક્યા પ્રગટ હૈ? ઐસા વિવેકી ભેદજ્ઞાન બિના વ્યવહાર કૈસા ઔર નિશ્ચય કૈસા? કહો, સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમે જાણો. શું થયું ઈ. એના ભાવ હતા એ પ્રમાણે મળ્યું. કહો, સમજમેં આયા? આહા..હા..!

અરે ભગવાન! જ્યાં આત્મા પરસે પૃથક્ ઔર... કલ કહા નહીં થા? પંચાસ્તિકાયકી ગાથા. નવ પદાર્થકા ભિન્ન-ભિન્ન કાર્ય, ભિન્ન-ભિન્ન માર્ગ. નવના ભિન્ન-ભિન્ન રસ્તા. પંચાસ્તિકાયકી પાંચવી ગાથા આવે છેને ભાઈ! ઓહો..! સ્વતંત્ર ભગવાન આત્મા. નવ પદાર્થકા સ્વતંત્ર ભિન્ન-ભિન્ન કાર્ય. ભગવાન આત્મા ભી અનંત, ઉસકા ભી ભિન્ન કાર્ય. અનંત પરમાણુ, વો ભી અજીવમેં આતે હૈ ન? તો અનંત અજીવ હૈ ઐસા માને તો અજીવકો માના અને અનંત અનંત આત્માકા ઉસકા કાર્ય ભિન્ન-ભિન્ન સબકા હૈ. સમજમેં આયા? નહિતર અનંત જીવકા કાર્ય, ઐસે અનંત સમૂહકા કાર્ય ઉસકી દૃષ્ટિ, પ્રતીતમેં આયા નહીં. સમજમેં આયા? એમ અનંત આત્માકા ભિન્ન-ભિન્ન કાર્ય. રાગકા ભિન્ન કાર્ય, પાપકા ભિન્ન કાર્ય, પુણ્યકા ભિન્ન કાર્ય, સંવર-નિર્જરાકા ભિન્ન કાર્ય, મોક્ષકા માર્ગ ભિન્ન કાર્ય. ઐસે યથાર્થ ભાન બિના સમ્યગ્દર્શન કહાંસે આયા? સમજમેં આયા?

કહતે હૈ, ઓહો..! ઐસે જિન ભગવાનકી પૂજા નહીં કી. અનંતગુણસંપન્ન મૈં હૂં. મૈં અનંતગુણ

સંપન્ન ભગવાન. વહ તો કહા થા ન ૩૧મી ગાથામેં. પ્રભુ! ત્યારે કેવલીકી સ્તુતિ નહીં. કેવલીકી સ્તુતિ કિસકો કહતે હૈં? કેવલીકા ગુણકી સ્તુતિ. (દૂસરેકી) ના પાડતે હૈ. શરીરકી સ્તુતિ, ઐસી સ્તુતિકી ના પાડતે હૈ. તો કેવલીકે ગુણકી સ્તુતિ કિસકો કહતે હૈ? તો ભગવાન ઉત્તર દેતે હૈ કેવલીકે ગુણકી સ્તુતિ ઈસકો કહતે હૈ હમ. ઈસ આત્માકા અનંતગુણકા અંદરમેં સ્વાવલંબન લેકર એકાકાર હો જાયે ઉસકા નામ કેવલીકે ગુણકી સ્તુતિ કહતે હૈ. ભગવાન! પૂછતે હૈ કેવલીકા ગુણકી સ્તુતિ અને નાખી તમે નિશ્ચયમાં? ક્યા તુમ કહતે હો? શિષ્યને શંકા નહીં કી પીછે.

હમ તો પૂછતે હૈ કેવલીકે ગુણકી સ્તુતિ. આતા હૈ કિ નહીં વો? પહલે કહા, યે સ્તુતિ નહીં, યે સ્તુતિ નહીં. '**હવે (તીર્થંકર કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો...**' સમજ્યા? '**આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તોપણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.**' ત્યારે કહ્યું, કેવળીના ગુણની સ્તુતિ કિસકો કહતે હૈ? ત્યારે કહ્યું કે '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' જે કોઈ અપના ભગવાન આત્માકા રાગ, ભેદ અને નિમિત્તસે અધિક-ભિન્ન અપને સ્વભાવકી ભક્તિસે અનુભવ-પ્રતીત કરતે હૈ વહી કેવલીકી સ્તુતિ કરતે હૈ એમ કહનેમેં આતા હૈ. ઐસા લિયા દેખો. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं**' ભિન્ન... ભિન્ન... ભિન્ન... અધિક—ભિન્ન. '**मुणदि आदं। तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।**' નિશ્ચયના જાણનારા સંતોએ આમ કેવળીની સ્તુતિ કહી છે. કહો, સમજમેં આયા?

અહીં પણ એ કહતે હૈ. '**કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકર પૂર્ણ જિનનાથકી પૂજા નહીં કીં; જલ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધુપ, ફલસે પૂજા નહીં કી;...**' આઠ પ્રકારકી પૂજા હૈ ન? પૂજા હૈ. સમજમેં આયા? '**ઔર તીન લોકકર વંદને યોગ્ય ઐસે અરહંત,...**' આ પરમગુરુની વ્યાખ્યા ચાલે છે. વચ્ચે પૂજા નાખી. દાન ન દિયા, પૂજા ન કીયા. '**તીન લોકકર વંદને યોગ્ય...**' જોયું! ત્રણ લોક કહ્યાને? ઈન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર. તીન લોકકે વંદનીય ભગવાન. ત્રણ લોકકે જીવો સબ ઉસકો વંદન કરતે હૈં? યે ક્યા કહતે હૈ? સાંભળને. હવે સાધારણ પ્રાણી ઈન્દ્રોકો માને, ઈન્દ્ર ભગવાનકો માને તો સબ આ ગયા. અહીં તો ભગવાન ત્રણ લોકના નાથ, ત્રણ લોકકી .. પણ અભવિ છેને. હવે .. નાખી દેને એ બધા. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ લોક... તુમ ક્યા કહતે હો? પણ સબ પ્રાણી ઈન્દ્રકી પદવીકો અધિક ઔર ઉત્કૃષ્ટ માનતે હૈ, ઐસા જબ ઉત્કૃષ્ટ પદકા ધણી ભગવાનકો પૂજતે હૈ તો ત્રણ લોકકા જીવકા નાથ પૂજનિક હૈ ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..!

**'તીન લોકકર વંદને યોગ્ય...'** વિરોધ કરવો હોય તો શબ્દે-શબ્દે વિરોધ થાય. આ ત્રણ લોકના પૂજનિક ક્યાંથી કર્યા? ઘણા અમારા ભગવાનના વિરોધી જગતમાં છે. એ લોકોને બાદ કરીને કહો, ત્રણ લોકવાળાને ન કહો. પંડિતજી! વિરોધ કરવો હોય તો. એ વંદને લાયક વહ વંદન હૈ. એ જાણે એને ક્યાં છે? પણ આ ત્રણ લોક આવી ગયા. મહાપુરુષો આવ્યા તો... નથી કહેતા લ્યો હમણા ન કીધું? આ રાજકોટ આવ્યું. એમ મહાપુરુષો ઈન્દ્રો, નરેન્દ્રો, નાગેન્દ્રો. બસ! ત્રણ લોકથી એ પૂજનિક છે. ત્રણ લોકથી પૂજ્ય છે, સાંભળને. એમાં ત્રણ લોકના અધિપતિ આવી ગયા.

**'ઐસે અરહંત,...'** પણ બધા સાધુ એવા? સમજાય છે? **'તીન લોકકર વંદને યોગ્ય...'** જુઓ, સાધુ હોં! **'पंच ण वंदिय परम-गुरु'** આહા..હા..! **'તીન લોકકર વંદને યોગ્ય ઐસે અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઈન પાંચ પરમેષ્ઠિયોંકી આરાધના નહીં કી.'** પંચ પરમેષ્ઠી. ત્રણ લોકકે વંદનીક હૈ. ત્રણ લોકકી આરાધના, ત્રણ લોકકો આદર કરનેલાયક. કહો, સમજાણું? સમજમેં આયા? ઐસા પંચ પરમેષ્ઠી. ઉસકો યહાં પરમગુરુ કહા હૈ પાઠમેં. પરમગુરુ. સાધુ ભી પરમગુરુ. પંચ પરમગુરુ લિખા હૈ ન? દેખો ન. પરમગુરુ. **'पंच ण वंदिय परम-गुरु'** પરમગુરુ. ઓહો..હો..! સમજમેં આયા? ઐસા **'પંચ પરમેષ્ઠિયોંકી આરાધના નહીં કી. સો હે જીવ, ઈન કાર્યોંકે બિના તુજે મુક્તિકા લાભ કૈસે હોગા?'** ઐસા નિશ્ચય-વ્યવહાર બિના તુઝે મુક્તિકા લાભ કૈસે હોગા? **'ક્યોંકિ મોક્ષકી પ્રાપ્તિકે યે હી ઉપાય હૈ.'** ભગવાન પંચ પરમેષ્ઠીને કહી આજ્ઞા, ભાવ ઉસકા સેવન કરના વહી ભગવાનકી આજ્ઞાકા આરાધન હૈ. સમજમેં આયા? ભગવાન તો ઐસા કહતે હૈ કિ તુમ્હારી સમીપકર તુમ્હારા આરાધન કરો, હમારા આરાધન ઉસમેં આ જાતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

**'સો હે જીવ, ઈન કાર્યોંકે બિના તુજે મુક્તિકા લાભ કૈસે હોગા? ક્યોંકિ મોક્ષકી પ્રાપ્તિકે યે હી ઉપાય હૈ. જિનપૂજા, પંચપરમેષ્ઠીકી વંદના, ઔર ચાર સંઘકો ચાર પ્રકારકા દાન,...'** સરવાળો કરે છે. **'ઈન બિના મુક્તિ નહીં હો સકતી. ઐસા વ્યાખ્યાન જાનકર સાતવેં ઉપાસકાધ્યયન અંગમેં કહી ગયી...'** શ્રાવકની વ્યાખ્યા છેને. દાન, પૂજા, વંદન વહી કરને યોગ્ય હૈ. નિશ્ચય કરના યોગ્ય હૈ, વ્યવહાર ભી કરના યોગ્ય ઐસા વ્યવહારનયસે કથન આયે બિના રહતા નહીં. કરનેયોગ્ય હી ઐસા હૈ, બાકી વ્યવહાર વિકલ્પ ઉઠતે હૈ ઐસી કર્તૃત્વબુદ્ધિ નહીં, પરંતુ કરનેયોગ્ય હૈ ઐસા વ્યવહારનયમેં ઉપદેશ આતા હૈ. સમજમેં આયા?

**'શુભ વિધિસે ન્યાયકર ઉપાર્જન કિયા અચ્છા દ્રવ્ય...'** જુઓ, ન્યાયકર કીધી છેને. **'શુભ વિધિસે ન્યાયકર...'** અન્યાયસે કિયા. આહા..હા..! આ કાળાબજાર બહુ વધી ગયા છે. બહુ વધી ગયા છેને. સાંભળીએ છીએ આપણે ક્યાં... લોકો કહે ચારે કોર દગા, ફટકા,

કાળાબજાર. એનાથી પૈસા મળ્યા એમ ના પાડે છે. એવા પૈસા નહીં. એય..! છોટાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ સે વહાં તત્ત્વ ફિર જાતા હૈ? 'એક હોય તીન કાલમેં પરમાર્થકા પંથ.' અહીં તો કહે છે, સુબુદ્ધિસે, ન્યાયસે ઉપાર્જન કિયા. સમજમેં આયા? નીતિમેં અન્યાય કરકે ઐસા... કાલાબજારમાં કેટલા લૂંટફાટ ચોરીયું કરે, સરકારની ચોરીયું બધી ઘણી રીતે. ઘણી ભાઈ આપણે તો ક્યાં .. ઉકરડો .. જાય તો બધા થોથા છે. એક જણો બિચારો કહેતો હતો હોં. કે જો બહુ ચોખ્ખી રીતે કરવા જઈએ સરકાર પાસે તો દશ લાખ પેદા કર્યા હોય તો બે લાખ રહે એવું છે. દશ લાખ પૈદા કિયા હો તો બે લાખ રહે ઘરમેં. ખાનગી રાખીએ તો પૈસા થાય, નહિતર પૈસા થાય એવું નથી એમ કહેતો હતો બિચારો હોં. સમજમેં આયા? આ કામદાર.. કામદાર છેને? સાડા બાર લાખ પેદા કર્યા તો મેં તો સરકારને સોંપી દીધું. .. થઈ. આટલા પેદા થયા. .. અઢી લાખ આવ્યા. દશ લાખ સરકાર લે ગયા. લઈ જાઓ પણ અમે નિશ્ચિંત સૂઈશું, અમારે કોઈ માથે.. જાદવજીભાઈ! કાલીદાસ કામદાર છેને બોટાદવાળા એ લોઢાવાળા. સાડા બાર લાખ પેદા કર્યા. સરકારને લખી સહી કરી દીધું. આ કામના આ પૈસા પેદા થયા છે. તમારો જે હક હોય એ લઈ લ્યો. બીજો અમને આપી દો. ખાનગી-બાનગી કાંઈ નથી જોતા. અઢી લાખ આવ્યા અને દશ લાખ ગયા. હવે મૂકને પણ અઢી લાખ પણ, નિશ્ચિંત તો છે. બિચારા કહેતા હતા કે સીધી રીતે આ ઢગલા પચ્ચીસ-પચાસ લાખ થઈ જાય અત્યારે... આહા..હા..! શું કામ છે પણ? રોટલા મળતા હોય અને રોટલી મળતી હોય પછી ક્યા કામ હૈ પૈસાકા?

અહીં તો જરી ખુલાસા કરતે હૈ, જુઓ, સમજાણું? પાઠમાં છે હોં બધું જુઓ, **'उपासकाध्ययनशास्त्रकथितमार्गेण विधि'** વિધિ શબ્દ પડ્યો છેને ઈ? તત્ત્વાર્થસૂત્રમેં આતા હૈ. આ વિધિ **'विधिद्रव्यदातृपात्रलक्षणविधानेन दानं दातव्यं'** ઉસમેં સે નિકાલા. વિધિ જોઈએ. અન્યાયસે ઐસા નહીં. **'વિધિસે ન્યાયકર ઉપાર્જન કિયા અચ્છા દ્રવ્ય...'** દ્રવ્ય તો હૈ વહી હૈ, પરંતુ ઉસમેં અન્યાય ન મિલા ઉસ અપેક્ષાસે. **'દાતારકે અચ્છે ગુણોંકર...'** પાછા દાતારના અચ્છા **'ગુણોંકો ધારણકર વિધિસે પાત્રકો દેના,...'** પાછા વહ ભી પાત્ર. ન્યાયવંત જીવ, વિધિસે મિલા, પાત્રકો દેના. આહા..હા..! માર્ગ તે ભાઈ...! **'જિનરાજકી પૂજા કરના, ઔર પંચપરમેષ્ઠીકી વંદના કરના, યે હી વ્યવહારનયકર કલ્યાણકે ઉપાય હૈં.'** લ્યો ખુલાસો. વ્યવહારનય એ. નિશ્ચયનય તો અંદર આરાધન છે ઈ છે. સ્વભાવકા શુદ્ધ ચૈતન્ય ભગવાનકા (આરાધન). ત્યાં એમ ન કહે કે ભાઈ અમારે કોઈ રાગ, કર્મ નડતે હૈ તો હમ ક્યા કરે? સ્વભાવ તરફ ક્યોં જાવે? સમજમેં આયા? સ્વભાવ સન્મુખ જા તો કર્મકા નિમિત્ત

છૂટ જાયેગા તુઝે ઈતના. ભગવાન આત્મા સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ભજન ભક્તિ પ્રભુકી. પરમાત્મા... પરમાત્મા... પરમાત્મા... પૂર્ણ. ઐસી જ્યાં લગની અંદર લાગી, ઉસમેં કર્મ ઉસકો રોકે ઔર અંદર સ્વભાવમેં જાને ન દે ઐસા હૈ નહીં. કહો, રતિભાઈ! લોઢા-બોઢામાં બહુ એવું નહિ થાતું હોય નહિ? ગડબડ તો હશે બધે. ... કાળ પણ એવો. ઓલા તો ઐસા કાળ આહા..હા..! ત્રિલોકનાથ બિરાજતે થે. ગણધરો, સંતો, એના રાજા-મહારાજા મોટા. આહારદાન અહો! આહાર નિર્દોષ. અને બોલે તો ઐસા બોલે મહારાજ! તિષ્ઠ... તિષ્ઠ... આહાર શુદ્ધિ, મન શુદ્ધિ, વચનશુદ્ધિ, .. શુદ્ધિ. હવે અહીં તો ઉસકે માટે બનાના ઔર આહાર શુદ્ધિ, મન શુદ્ધિ, વચન શુદ્ધિ, ... જૂઠા બોલના. .. જૂઠું શુદ્ધ છે એમ. માર્ગ વીતરાગકા તો ભાઈ ઐસા હૈ. એક પણ અંદરમાં વિરોધ નહીં. આંખમાં જેમ મેલ ન સમાય. .. તો મેલ સમાય પણ ખરો, ભગવાનકે માર્ગમેં તો એક કણ ભી વિપરીતતા ચલે નહીં. ઐસા માર્ગ પ્રભુકા હૈ. નિર્મલ નિરાલંબ. આહા..હા..!

**'ઐસે વ્યવહારનયકર કલ્યાણકે ઉપાય હૈં.'** નિશ્ચયનયકર તો અપના સ્વભાવકા સાધન કરના વહી મોક્ષકા ઉપાય હૈ. પણ શાસ્ત્રમેં ઐસા વ્યવહાર નિમિત્ત, ઉપચારસે ઐસા કહતે હૈ. આયે બિના રહતા નહીં. કહો, સમજમેં આયા? લ્યો! કેટલી સ્પષ્ટ વાત! આ તો શ્રાવકના જ અધિકારની વાત આવી આજે. સમજમેં આયા? સચ્ચા શ્રાવક, સચ્ચા તીર્થો, આર્જિકા, ભગવાનકી પૂજા.

હવે પાછું ધ્યાનમાં ઉતારે છે. વ્યવહાર લિયા થોડા, હવે પાછું ધ્યાન (લ્યે છે). **'આગે નિશ્ચયસે ચિંતા રહિત ધ્યાન હી મુક્તિકા કારણ હૈ, ઐસા કહતે હૈં—'** એક જ વાત. ખરેખર તો એ વિકલ્પસે રહિત આત્માકા એકાકાર ધ્યાન યહી મુક્તિકા કારણ હૈ. સમજમેં આયા? વ્યવહારસે કહા સહી, જ્ઞાન કરાયા, પણ નિશ્ચયસે... હૈ? **'निश्चयेन चिन्तारहितध्यानमेव मुक्तिकारणमिति प्रतिपादयति'**

**३००) अद्धुम्मीलिय-लोयणिहिँ जोउ कि झंपियएहिँ।**
**एमुइ लव्भइ परम-गइ णिच्चिंतिं ठियएहिँ।।१६९।।**

**'આધે ઉઘડે હુએ નેત્રોંસે અથવા બંદ હુએ નેત્રોંસે ક્યા ધ્યાનકી સિદ્ધિ હોતી હૈ,...'** આંખ આમ બંધ કરી દે અને આમ કરે, તેમ કરે એનાથી ધ્યાનની સિદ્ધિ થાય છે? વહ તો બાહ્ય જડકી ક્રિયા હૈ. સમજમેં આયા? વહ તો જડકી ક્રિયા હુઈ. વહ તો જડસે હુઈ, આત્માસે ભી નહીં. કિસકી ક્રિયા હૈ યહ? આત્મા કર સકતા હૈ ઐસા? કર સકતા નહીં તીન કાલમેં. વ્યવહારસે ક્યા કરે? બોલનેમેં આતા હૈ કિ ઐસા કિયા. વ્યવહારસે બોલનેસે માન લે તો દૃષ્ટિ વિપરીત હૈ. **'બંદ હુએ નેત્રોંસે ક્યા ધ્યાનકી સિદ્ધિ હોતી હૈ, કભી નહીં.**

**જો ચિંતા રહિત એકાગ્રમેં સ્થિત હૈં, ઉનકો ઈસી તરહ સ્વયમેવ પરમગતિ (મોક્ષ) મિલતી હૈ.'** લ્યો! અંતર ભગવાનમેં ચિંતાકા રુક જાના ઔર સ્વભાવ સન્મુખમેં લીનતા હો જાની. એ લીનતાનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત ધ્યાનની જ વાત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં ધ્યાનકી પર્યાય એકાગ્રતા હૈ ન. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધસ્વભાવ પરમાત્મ કારણ પરમાત્મા પરમભાવ. કારણ પરિણામિક ત્રિકાળ સ્વભાવભાવ, ધ્રુવભાવ ઉસમેં લીનતા. વિકલ્પસે .. નિમિત્તકી બાત ચલી થી. લીનતા વહી એક મોક્ષકા માર્ગ હૈ, દૂસરા નહીં. **'સ્વયમેવ પરમગતિ મિલતી હૈ.'** દેખો, **'लभ्यते परमगतिः'** સમજમેં આયા?

**'ભાવાર્થ :- ખ્યાતિ (બડાઈ) પૂજા (અપની પ્રતિષ્ઠા) ઔર લાભ ઈનકો આદિ લેકર સમસ્ત ચિંતાઓસે...'** બહારની ચીજનો કોઈ લાભ. ઐસા મિલેગા, મૈં બડા હોઉંગા. એસા માનેગા, સબ કલ્પના જાલ. **'ખ્યાતિ (બડાઈ)...'** એ જાતની પ્રતિષ્ઠા. ઈતની યહ પ્રતિષ્ઠા જળવાઈ રહેને. જિતનેમેં જાનપના હૈ ન જિતના હમકો ઉતની હમારી પ્રતિષ્ઠા રહે તો જિના સફલ હૈ. તો જિના સફલ હૈ. જાણનાર એમ કહે છે અરે! હાય! હાય! હવે મરી.. બહારનું શું કામ છે તારે? એમ કહતે હૈ. દૂસરા કામ ક્યા હૈ તેરે? ઐસી ચિંતા છોડ દે. ભગવાન આત્મા ઐસી ચિંતા છોડકર દુનિયાકા વિકલ્પ ઐસા હોગા ન વૈસા હોગા, ફેસા હોગા, ક્યારે હૈ તેરે? મરણ ટાણે ઐસા સબ હોગા ફિર ક્યા કરેગા તુ? .. ક્યા કરે? અરે આ તો .. હાય હાય. .. ટાઢ લાગતી નથી હોં ઉસકો. રાતે વાતું કરે મારા. ટાઢ લાગતી નથી. યે કિયા તો અભી તક ક્યા કિયા? અંદર તો ગડબડ લગતી હૈ બરાબર. દુઃખ હોતા હૈ, .. હોતા હૈ. ત્યાં ક્યા કરેગા? અપને આનંદસ્વરૂપકી દૃષ્ટિ ઔર લીનતા હુએ બિના તેરી શાંતિ મરણકે વક્ત નહીં રહેગી. પરકે કારણે નહીં રહેગી. છોડ ચિંતા. ચિંતા છોડકર .. સમજે?

**'સમસ્ત ચિંતાઓંસે રહિત જો નિશ્ચિંત પુરુષ હૈં,...'** દેખો, આ ભાષા એમ લેવી છે ચિંતા રહિત? નિશ્ચિંત પુરુષો. ... આવે છેને. કળશમાં આવે છે. એ બધું સમયસારની શૈલીમાં બધું ઘણું લઈ લીધું છે. **'વે હી શુદ્ધાત્મસ્વરૂપમેં સ્થિરતા પાતે હૈં, ઈન્હીંકે ધ્યાકી સિદ્ધિ હોતી હૈ, ઔર વે હી પરમગતિકે પાત્ર હૈં.'** વિશેષ કહેંગે લો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૬, સોમવાર, તા. ૦૨-૦૮-૧૯૬૫**
**ગાથા-૧૭૦, પ્રવચન-૧૮૬**

આ પરમાત્મપ્રકાશ, અધ્યાય દૂસરા હૈ. ઉસકી ૧૭૦વીં ગાથા. ૧૬૯ હો ગયી. ક્યા કહતે હૈં દેખો. પરમાત્મપ્રકાશ હૈ. યહ આત્મા પરમાત્મસ્વરૂપ હી આત્મા દ્રવ્યસ્વરૂપસે હૈ. પરમાત્મસ્વરૂપ હૈ વસ્તુ ઐસા અંતરમેં અનુભવ કરકે દૃષ્ટિપૂર્વક ઉસમેં શુદ્ધોપયોગસે સ્થિરતા હોકર પર્યાયમેં, પરમાત્મા જૈસા સ્વભાવમેં હૈ ઐસા પર્યાયમેં પ્રગટ હોતા હૈ. વહ બાત કરતે હૈં. સમજમેં આયા? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ પરમાત્મા તો પંચ પ્રકારનો સંસાર એનાથી રહિત સ્વરૂપ ભગવાન આત્માનું છે. આત્માકા સ્વરૂપ વો પંચ પ્રકાર સંસાર રહિત હૈ. સમજમેં આયા? ઐસી અંતર પહલી દૃષ્ટિ કરકે, પીછે શુદ્ધોપયોગ સ્વભાવ તરફ કરના વહી પ્રગટ પરમાત્મા હોનેકા ઉપાય હૈ. વહ બાત કહતે હૈં, દેખો ૧૭૦.

३०१) जोइय मिल्लहि चिन्त जइ तो तुट्टइ संसारु।
चिंतासत्तउ जिणवरु वि लहइ ण हंसाचारु।।१७०।।
योगिन् मुञ्चसि चिन्तां यदि ततः त्रुटयति संसारः।
चिन्तासक्तो जिनवरोऽपि लभते न हंसाचरम्।।१७०।।

ક્યા કહતે હૈ દેખો, હે આત્મા! હે ભગવાન આત્મા! યહાં 'યોગી' કહતે હૈં. અપના શુદ્ધ સ્વભાવ પુણ્ય, પાપ, રાગ, સંસાર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભવ-ભાવ ઉસસે રહિત અપના નિજસ્વરૂપ ઉસમેં જિસકા યોગ—દૃષ્ટિ લગાઈ હૈ ઉસકો યહાં યોગી કહનેમેં આતા હૈ. આહા..હા..! વો યોગીકો સંબોધન કરકે કહતે હૈં, **'હે યોગી, જો તૂ ચિંતાઓંકો છોડેગા...'** ચિંતા શબ્દે શુભ ચિંતા વિકલ્પકી ભી છોડેગા, અશુભ ચિંતા તો રાગ પાપ હૈ, પરંતુ શુભ ચિંતા દયા, દાન, વ્રત, ભક્તિકા, શાસન ધર્મકા ક્યા હોગા? શાસનકા કૈસે નભાવ હોગા? ઐસા જો વિકલ્પ શુભરાગ હૈ ઉસકો ભી છોડેગા **'તો સંસારકા ભ્રમણ છૂટ જાયેગા,...'** સમજમેં આયા? ભગવાન આત્મા ચિંતા, વિકલ્પ શુભાશુભ રહિત પ્રભુ આત્મા હૈ ઉસકી દૃષ્ટિ કરકે શુભ વિકલ્પકો ભી છોડેગા, શુભ વિકલ્પકી ચિંતા ભી છોડેગા તો સંસાર ભ્રમણ છૂટ જાયેગા. સમજમેં આયા?

**'ક્યોંકિ ચિંતામેં લગે હુએ છદ્મસ્થ અવસ્થાવાલે તીર્થંકરદેવ ભી...'** ભગવાન જિનવરદેવ તીન જ્ઞાન લેકર જન્મતે હૈં ઔર ઇન્દ્રોં જિસકા જન્માભિષેક આદિ કરતે હૈં ઐસે જિનવર

તીર્થંકર ત્રણ લોકકા નાથ ઉસે પરમાત્મપદ પ્રાપ્ત કરનેકા આખિરકા ભવ વહ ભી જબ શુભાદિ ચિંતા છોડેંગા તબ કેવલજ્ઞાન શુદ્ધ ઉપયોગ હોકર પાયેગા. સમજમેં આયા? તીર્થંકરદેવ જિસકો ધ્રુવ સિદ્ધિ ઉસી ભવમેં મુક્તિ નિશ્ચય હૈ. ધ્રુવ સિદ્ધિ કહા ન અષ્ટપાહુડમેં. અષ્ટપાહુડમેં હૈ. જિસકો ધ્રુવ સિદ્ધિ હૈ કિ આ ભવમેં મુક્તિ હૈ. વહ ભી ચિંતા છોડેંગા તબ ઉસકો શુદ્ધ ઉપયોગ હોગા અને શુદ્ધ ઉપયોગ હોગા તબ ઉસકો મુક્તિ, કેવલજ્ઞાન હોગા. ધ્રુવ સિદ્ધિ તીર્થંકરો ઐસા એક શ્લોક હૈ. મોક્ષપાહુડમેં હોગા. ધ્રુવ સિદ્ધિ તીર્થંકરો ઐસા શબ્દ લિયા. જિસકી મુક્તિ ઉસ ભવમેં ચોક્કસ હૈ. ધ્રુવ એવો શબ્દ છે. સમજે? ઉસકો ભી ચિંતા શુભ વિકલ્પકી છોડેંગા ઔર શુદ્ધ ઉપયોગમેં રમેગા તબ ઉસકા સંસારકા અભાવ હોકર કેવલજ્ઞાન પાયેગા. તો દૂસરેકી તો ક્યા બાત? એમ કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા? એ ઘણીવાર કહેવાણો છે આ શ્લોક.

જિનવર તીર્થંકરદેવ '**जिनवरोडपि**'. જુઓ, જિનવર કહેવા. એ પણ શુભ વિકલ્પકી ચિંતા છોડેંગા ઔર શુદ્ધ ઉપયોગ અપના સ્વરૂપકા ઉગ્ર અવલંબનકા શુદ્ધ ઉપયોગ પ્રગટ કરેગા તબ ઉસકો કેવલજ્ઞાન હોગા. ઉસકે સિવાય હોગા નહીં. ૩૦૪ છેને? પરમાત્માકા આચરણરૂપ. હંસ નામ પરમાત્મા ઉસકા આચરણ. ભગવાન પરમાત્મા ઉસકા આચરણ તો શુભ વિકલ્પસે રહિત વો પરમાત્મા હંસકા આચરણ કહનેમેં આતા હૈ. શુભ વિકલ્પ ભી, અશુભ વિકલ્પ તો નહીં શુભ વિકલ્પ હંસાચાર નહીં. એ હંસ નામ પરમાત્માકા આચરણ નહીં. સમજમેં આયા? ભગવાન આત્મા હંસ નામ વિકલ્પ-નિર્વિકલ્પ ચીજકા ભેદ કરકે-ભિન્ન કરકે, સ્વરૂપમેં ઠરનેકા પ્રયત્ન શુદ્ધ ઉપયોગ કરતા હૈ, વહી હંસ નામ પરમાત્માકા આચરણ હૈ. આહા..હા..! પંચ મહાવ્રત આદિકા વિકલ્પ વહ ભી પરમાત્મસ્વરૂપ હંસકા આચરણ નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં કિ '**શુદ્ધ ભાવોંકો નહીં પાતે.**' જિનવરદેવ ભી જબતક ચિંતા શુભ વિકલ્પમેં પડે હૈં તબ તક '**हंसाचरम् न लभते**'. હંસ નામ ભગવાન આત્મા શુદ્ધ નિર્મલાનંદ પ્રભુ ઉસકા આચરણ શુદ્ધ ઉપયોગ, જબ તક ચિંતા વિકલ્પકી હૈ તબ તક જિનવર ભી શુદ્ધોપયોગ પાતા નહીં. યે તો પરમાત્મપ્રકાશક હૈ. એમાં આખિરકી ગાથાઓ છે. એકદમ મુનિની મુખ્યતાએ ભગવાન હંસકા આચરણ ક્યા હૈ વહ બતાતે હૈ. ઓહો..હો..!

'**ભાવાર્થ :- હે યોગી, નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મપદાર્થસે...**' આત્મા. ભગવાન આત્મા કર્મ, શરીર, વાણી જો અજીવતત્ત્વ હૈ, ઉસસે તો રહિત હૈ, પણ શુભાશુભ વિકલ્પકી ચિંતા, આસ્રવતત્ત્વ ઉસસે ભી રહિત હૈ. સહિત ક્યા? વહ તો રહિત કહા. સહિત ક્યા? વહ તો નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવ સહિત હૈ. ભગવાન આત્મા ત્રિકાલ શુદ્ધ દર્શન જ્ઞાન નિર્મલ ઐસા પરમાત્મપદાર્થ હૈ. પર્યાયકી બાત નહીં હૈ, ત્રિકાલ (કી બાત હૈ). નિર્મલ ત્રિકાળ

દર્શન, નિર્મલ ત્રિકાળ જ્ઞાન સ્વભાવ, ઐસા સ્વભાવવાન ભગવાન પરમાત્મપદાર્થ. ઉસસે '**પરાઙ્મુખ...**' ઉસસે ઉલટી '**જો ચિંતાજાલ...**' સંસારની ચિંતાજાળ તો નહિ, પણ ધર્મને માટે વ્યવહારકી ચિંતા, નાશ યહ કહતે હૈ. ક્યા શાસનમેં હુઆ? યે સાધુ ક્યા કરતે હૈ? કૈસા પ્રાયશ્ચિત લેના, કૈસે બરાબર સંભાલ કરતે હૈ? યે છોડ ચિંતા. ૬૦ મોક્ષપાહુડ છેને. દેખો,

**धुवसिद्धी तित्थयरो चउणाणजुदो करेइ तवयरणं।**
**णाऊण धुवं कुज्जा तवयरणं णाणजुत्तो वि।।६०।।**

ઓહો..! '**આચાર્ય કહતે હૈં કિ દેખો જિસકો નિયમ સે મોક્ષ હોના હૈ...**' ધ્રુવ સિદ્ધિ. '**આચાર્ય કહતે હૈં કિ દેખો જિસકો નિયમ સે મોક્ષ હોના હૈ...**' ઉસ ભવમેં. '**ઔર જો ચાર જ્ઞાન - મતિ, શ્રુત, અવધિ ઔર મનઃપર્યય ઈનસે યુક્ત હૈ ઐસા તીર્થંકર ભી તપશ્ચરણ કરતા હૈ,...**' વહ ભી અપને સ્વરૂપમેં ધ્યાન કરતે હૈં. આહા..હા..! '**धुवसिद्धी तित्थयरो**' ૬૦વીં ગાથા હૈ, મોક્ષપાહુડ. સમજમેં આયા? જિસકો ઓહો..! કેવલજ્ઞાન મુક્તદશા ઈસ ભવમેં ચોક્કસ હૈ, ચોક્કસ હૈ. ઈન્દ્રોંકો ભી ખબર હૈ ઔર ભગવાનકો અપનેકો ભી ખબર હૈ કિ મેરી મુક્તિ ઈસ ભવમેં હૈ, કેવલજ્ઞાન ઈસ ભવમેં હોગા. વહ ભી અપને શુદ્ધ સ્વરૂપકી રમણતા ઐસી જો તપસ્યા શુદ્ધ સ્વરૂપમેં રમણતા લીન... લીન... લીન... અમૃતકા અતીન્દ્રિય આનંદ અમૃતકા સ્વાદમેં મશગુલ ગમ-ગમ અંદર ગુમ હો ગયા. આહા..હા..! ઐસે ભગવાન ભી તપશ્ચરણ કરતે હૈં. '**નિશ્ચય સે જાનકર જ્ઞાનયુક્ત હોને પર ભી તપ કરના યોગ્ય હૈ.**' સમ્યગ્દર્શન-જ્ઞાન હોતે છતે ઈતનેસે મુક્તિ હોતી નહીં એમ કહતે હૈ.

મુમુક્ષુ :- ચારિત્ર...

ઉત્તર :- ચારિત્ર હી મુક્તિકા કારણ મુખ્ય હૈ, પણ વહ ચારિત્ર સમ્યગ્જ્ઞદર્શન-જ્ઞાનસહિત. ચારિત્ર હી મુક્તિકા કારણ (હૈ).. સ્વરૂપ શુદ્ધ ચરના-ચરના, રમના-લીન-જમના અતીન્દ્રિય આનંદમેં ગુમ હોકર અતીન્દ્રિય આનંદ મંથર. મંથર શબ્દ આવે છેને. ૪૯ ગાથામેં આતા હૈ. જેમ બ્રાહ્મણ હોતા હૈ ન? લડુ ખાકર માંડ માંડ ચલ સકે. .. લિયા હૈ શાસ્ત્રમેં બહુત ઠેકાણે. વહાં ભી લિયા હૈ ઔર દૂસરે ભી લિયા હૈ. મંથર આવે છે બધે. આ શાસ્ત્રના શબ્દો છે એનું આ મગજમાં આવી જાય છે. બ્રાહ્મણ હોતા હૈ તો ઐસા લડુ ખાકર માંડ માંડ ચાલે. એમ કહતે હૈ કિ ધર્માત્મા ઐસા શુદ્ધ સ્વરૂપમેં લીન હો ગયા હૈ કિ બાહર નિકલનેકો આલસી હૈ. ઐસા ગુમ હો ગયા અંદરમેં. ઐસી ચિંતા છોડે બિના, શુદ્ધ ઉપયોગ હુએ બિના કભી કેવલજ્ઞાન યા ક્ષપકશ્રેણીકી ધારા હોગી નહીં. સમજમેં આયા?

જુઓ, તીર્થંકર મતિ-શ્રુતિ-અવધિ તીન જ્ઞાનસહિત તો જન્મે હૈં. ઔર દીક્ષા લેતે હી મનઃપર્યય જ્ઞાન ઉપજે હૈ ઔર મોક્ષ જાકે નિયમ કરી. જુઓ, બહુરી-બહુરી તો આમાં પણ છે ભાઈ

હોં. આ જયચંદ્ર પંડિત. ત્યાંના છે ને જયપુર અને ટોડરમલમેં બહુરી બહુત આતા હૈ, ઉસમેં બહુરી આતા હૈ. બહુરી મોક્ષ જાકર નિયમકરી હોની હૈ. તપ કરે હૈ તાતે ઐસા જાને જ્ઞાન હોતે ભી એકીલા સમ્યગ્જ્ઞાન હુઆ, સમ્યગ્દર્શન હુઆ તો મોક્ષ હો જાયેગા ઐસા નહીં. સમ્યગ્દર્શનમેં ઐસા પ્રતીત અનુભવમેં આ ગયા હૈ કિ મૈં સ્વરૂપમાં લીન હોઉંગા તભી મેરા કેવલજ્ઞાન હોગા. સમજમેં આયા? ઐસા એકલા સમ્યગ્દર્શન-જ્ઞાન હો વહ તો અલૌકિક બાત હૈ, પણ ઈતને માત્રસે મુક્તિ હો જાયેગી ઐસા નહીં.

ચારિત્ર નામ ચરના... ચરના... ચરના... સ્વરૂપે ચરણં ચારિત્રં. વહ પ્રવચનસારમેં હૈ. ... વહાં ટીકામાં હૈ. સ્વરૂપે ચરણં ચારિત્ર. સ્વરૂપ ભગવાન આત્માકા પુણ્ય-પાપ વિકલ્પ, નિમિત્તસે રહિત ઐસા અનુભવકી દૃષ્ટિ હુઈ વહ તો પહલી ચીજ હૈ ઔર ઉસકા સ્વસંવેદનજ્ઞાન હુઆ વહ ભી પહલી ચીજ હૈ, પણ ઈતને માત્રસે આત્માકી મુક્તિ હોગી ઐસા નહીં. તીર્થંકર ભી સમ્યગ્જ્ઞાન લેકર આતે હૈ, વહ ભી સ્વરૂપમેં લીનતાકા ચારિત્ર અંગીકાર કરતે હૈં, તબ ઉસકો કેવલજ્ઞાન (હોતા હૈ), ધ્રુવ સિદ્ધિ હૈ તો ભી. સમજમેં આયા?

ઉસકી દૃષ્ટિમેં, શ્રદ્ધામેં, સમ્યગ્દર્શનમેં ઐસા આના ચાહિયે કિ મૈં શુદ્ધ ચિદાનંદ નિર્વિકલ્પ સ્વરૂપ હૂં ઐસી પ્રતીત, દૃષ્ટિમેં સ્વભાવકા અનુભવ કરકે આની ચાહિયે ઔર સ્વરૂપકા જ્ઞાન હોના ચાહિયે. દૂસરા શાસ્ત્ર આદિકા જ્ઞાન હો, ન હો ઉસકે સાથ સંબંધ નહીં. ઔર સ્વરૂપમેં, મૈં પૂર્ણ શુદ્ધ સ્થિરતા જબ કરુંગા તબ મૈં સિદ્ધ હોઉંગા ઐસી સમ્યગ્દર્શનમેં પ્રતીત પહલી હોની ચાહિયે. સમજમેં આયા?

.. કહતે હૈ યહાં. ઓહો..! ભગવાન આત્મા..! યે તો એકીલા પરમાત્મપ્રકાશકી બાત હૈ ન. તો દ્રવ્યસ્વભાવ પરમાત્મા હૈ તો પર્યાયમાં પરમાત્મા કેમ પ્રગટ કરના વહી બાત હૈ. શક્તિકી વ્યક્તિ, શક્તિકી વ્યક્તિ કૈસે કરના? વ્યક્તિ નામ પ્રગટતા. શક્તિ તો હૈ પરમાત્મા નિજસ્વરૂપ. ઐસી જબ અનુભવમેં પ્રતીત હુઆ સમ્યગ્દર્શનમેં તબ તો નક્કી હો ગયા કિ મૈં પરમાત્મા હી હૂં વસ્તુસે. અપ્પા સો પરમઅપ્પા. અપ્પા સો પરમઅપ્પા. મૈં હી આત્મા ઔર મૈં હી પરમાત્મા. પણ ઐસી દૃષ્ટિ, જ્ઞાન હોતે છતે,... હોતે છતેનો અર્થ શું હતો? ભાઈ! હોનેપર ભી. એની ભાષા બીજી. હોનેપર ભી એમ કહતે હૈ હિન્દીમાં. અહીં તો હોતે છતે લગાવી દઈએ. હોનેપર ભી એમ કહીએ કે ભાઈ અમારે પંડિતજી થોડી થોડી ભૂલ કાઢતે હૈ હિન્દીમેં. કહો, સમજમેં આયા?

નિર્મલ જ્ઞાન, દર્શન સ્વભાવ ઐસા પરમાત્મપદાર્થ ઉસસે પરાઙ્મુખ. ભગવાન એકીલા અખંડાનંદ આનંદકા-આનંદકા એક ઢેલા. આનંદ અતીન્દ્રિયકા ઢગલા-પુંજ. ઉસસે જો પુણ્ય-પાપકા વિકલ્પ વ્યવહારમાત્ર હોં સબ. વ્યવહાર પીછે લેગા. ૭૧મેં. સબ વ્યવહારકા વિકલ્પ વહ ચિંતાજાલ

**'ઉસે છોડેગા, તભી ચિંતાકે અભાવસે સંસાર ભ્રમણ ટૂટેગા.'** તબ ઉદયભાવ મિટેગા. સમજમેં આયા? લડ્ડુ ખાના ઔર મોક્ષ જાના ઐસા નહીં હૈ, ઐસા કહતે હૈ.

મુમુક્ષુ :- ખા સકતે તો...

ઉત્તર :- ખા સકતે નહીં, પાની પી સકતે નહીં. વહ તો જડકી ક્રિયા હૈ. આનંદ-આનંદ કરકે મુક્તિ પાતે વહ બરાબર હૈ. આનંદકા લડ્ડુ. સમજમેં આયા? છહ ઢાલામેં આતા હૈ ન કિ... શું કહેવાય? વૈરાગ્ય ને ત્યાગ ને દુઃખમાં ને કષ્ટદાનમેં આતા હૈ ન? ઐસે નહીં. વહ તો મૂઢ હૈ. રાગકા અભાવ ઐસા વૈરાગ્ય ઔર રાગકા ત્યાગ ઉસકો મૂઢ કષ્ટદાન માને વહ મૂઢ હૈ. વહ કહા થા કિ લડ્ડુ ખાના ઔર આનંદ કરના ઔર મુક્તિ જાના. અપના શુદ્ધ સ્વરૂપ ઉસકી દૃષ્ટિ, અનુભવ કરકે, આનંદકા, આનંદકા, શુદ્ધ ઉપયોગકા આચરણ કરતે-કરતે કેવલજ્ઞાન હોતા હૈ. દુઃખકો ભોગતે-ભોગતે કેવલજ્ઞાન હોતા હૈ? અણગમો થાય કે આહા..હા..! યે સહન કરના પડતા હૈ. ઐસા હૈ? વહ તો રાગ હૈ, વહ તો ક્લેશ હૈ, આર્તધ્યાન હૈ. આર્તધ્યાનસે ધર્મ હોતા હૈ? સમજમેં આયા? ચારિત્ર તો સુખ દેન હૈ, સુખ દેન હૈ, આનંદદાતા હૈ. ઉસકો ઐસા માનના ચારિત્ર બાપા! બડા કષ્ટદાયક ઓહો..હો..! અરરર! વહ તો ચારિત્રકો ગાલી દેના હૈ. તુઝે ચારિત્રકી ખબર નહીં.

વહ કહતે હૈ કિ ચારિત્ર અપના સ્વભાવમેં ચિંતાકો રોક કર સ્વરૂપમેં આનંદકા અનુભવ કરના ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? તીર્થંકર જૈસા છાપ મારકર આયા, કેવલજ્ઞાન લેના હૈ, વહ ભી જબ સ્વરૂપમેં રમણતા પૂરી કરેગા. સંસારકા વિકલ્પ છોડકર, મહાવ્રતકા વિકલ્પ આયા ઉસકો ભી છોડકર સ્વરૂપમેં લીન હોગા તબ કેવલજ્ઞાન હોગા. નક્કી હૈ તો કાંઈ પુરુષાર્થ અંતરમેં કિયે બિના કેવલજ્ઞાન હોગા ઐસા હૈ નહીં.

**'શુદ્ધાત્મદ્રવ્યસે વિમુખ,...'** પહલી બાત કરી ચિંતા. પરમપદાર્થ ભગવાન જ્ઞાન-દર્શનસ્વરૂપ ઉસસે વિમુખ કૌન? કિ ચિંતા. હવે દૂસરી બાત **'શુદ્ધાત્મદ્રવ્યસે વિમુખ,...'** સંસારકી વાત કરતે હૈ. ભગવાન આત્મા વહ તો પરમ પારિણામિક સ્વભાવભાવ ઉસકો આત્મા કહતે હૈ. ઉસમેં પુણ્ય-પાપ રાગ વહ તો ઉદયભાવ આસ્રવતત્ત્વ હૈ, કર્મ, શરીર અજીવતત્ત્વ હૈ. ભગવાન આત્મા એક સમયમેં પરમ પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, ચિદ્દ્ઘન, આનંદકંદ એકરૂપ સ્વભાવ ઐસા જો પરમાત્મા, ઐસા જો આત્મપદાર્થ ઉસસે વિમુખ, ઉસસે ઉલટા. **'દ્રવ્ય,...'** સંસાર **'ક્ષેત્ર,...'** સંસાર. જુઓ, પરમાણુમેં પલટન રહના, ક્ષેત્રમેં પરિભ્રમણ કરના, **'કાલ, ભવ,...'** સંસાર. યે ભવ. વહ શુદ્ધાત્મપદાર્થસે તો વિમુખ હૈ. સ્વર્ગનો ભવ હો કે આ તીર્થંકરનો છેલ્લો-આખિરકા ભવ હો ભવ, વહ આત્મપદાર્થસે વિમુખ ભવ હૈ. આહા..! કહો, સમજમેં આયા? તો ભવસે કલ્યાણ હોગા? ભાઈ! મનુષ્યકા ભવ મિલા હૈ લ્યો. કહતે

હૈ કિ વહ તો શુદ્ધાત્મપદાર્થસે વિમુખ હૈ. વિમુખ હૈ ઉસકે સન્મુખ હોગા? વહ ભવકે કારણ સન્મુખ હોગા? વિમુખસે સન્મુખ હોગા? સમજમેં આયા?

ભગવાન શુદ્ધાત્મ પ્રભુ ઉસસે પરાઙ્મુખ તો પહલે કહા થા. યહાં ફિર વિમુખ શબ્દ વાપરા. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવ. એ શુભ અને અશુભભાવ એ શુદ્ધાત્મ પદાર્થસે તદ્દન વિમુખ વિમુખ અર્થાત્ યે શુભભાવ ભી સ્વભાવસે વિમુખ જિસકી દિશા પર ઉપર લક્ષ હૈ. સમજમેં આયા? ભાવ શુભ, પંચ મહાવ્રતાદિકા શુભભાવ વહ સ્વભાવ સે વિમુખ હૈ. ક્યોંકિ ઉસકા લક્ષ પરમેં હૈ. ઉસ દશાકા ભાવ શુભકા પરદિશા તરફ હૈ. સ્વમુખસે વિરુદ્ધ હૈ. ભારે વાત ભાઈ! ભગવાન પરમપદાર્થ પ્રભુ ઐસા જબ દૃષ્ટિમેં, સમ્યગ્દર્શનમેં, અનુભવમેં લિયા, તો ઐસા આત્માસે વિમુખ પુણ્ય-પાપકા વિકલ્પ આદિ, જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી શુદ્ધાત્મ પદાર્થસે વિમુખ ભાવ હૈ. ઉસ ભાવસે કેવલજ્ઞાન નહીં આયેગા. ઉસસે વિમુખભાવ હૈ. વહ પંચ પ્રકારકા સંસાર હૈ. આહા..હા..! સમજમેં આયા? દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભવ અને ભાવ. પાંચ (પ્રકાર) સંસાર હૈ. તો ક્યા સંસારસે મુક્તિ હોતી હૈ? ભાવ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધા તો એમ કહતે હૈ કિ દેખ ભૈયા! ભાવ ઉસસે .. બંધા તો મુક્તિ હોગી, હોગી હી હોગી. ક્યા ઉસ ભાવસે હોગી? તીર્થંકરપ્રકૃતિ બંધી ઉસસે હોગી? ક્યોંકિ શુદ્ધાત્મ પદાર્થ ભગવાન જ્ઞાયકમૂર્તિ ઉસસે તો ભાવ વિમુખ હૈ. યે વિમુખ પ્રકાર સંસારસે તો મુક્ત હોગા, ઉસસે મુક્ત હોગા તો સંસારસે મુક્ત હોગા. ઉસ ભાવસે છૂટેગા તો મુક્ત હોગા. સમજમેં આયા? ભારે વાત! અંદરમેં... ઓલો શુભભાવ આવેને. શુભભાવમાં જરી એમાં કંઈક-કંઈક જાણે હશે અંદર. સંસાર છે. અહીં તો કહેશે કે એ સંસાર છે.

'**ભાવરૂપ પાંચ પ્રકારકે સંસારસે તૂ મુક્ત હોગા.**' ચિંતા છોડ તો મુક્ત હોગા. વહ ભાવ ભી ભગવાન તીર્થંકરદેવકો પૂર્વે જો શુભભાવ આયા, તીર્થંકરગોત્ર બંધા. વહ ભાવ છોડા તબ કેવલજ્ઞાન હુઆ. ઉસ ભાવકી સહાયતાસે કેવલજ્ઞાન હુઆ ઐસા હૈ નહીં. ઓહો..હો..! સમજમેં આયા? '**જબ તક ચિંતાવાન હૈ તબ તક નિર્વિકલ્પ ધ્યાનકી સિદ્ધિ નહીં હો સકતી.**' ભગવાન તો ચિંતા બિનાકી ચીજ હૈ. જબ તક ચિંતાકી જાલ રહેગી તબ તક ચિંતા રહિત અપને સ્વરૂપકી દૃષ્ટિ ઔર ધ્યાન કૈસે હોગા? અપને નિજસ્વરૂપકા એકાગ્ર ધ્યાન બિના તેરા કલ્યાણ કૈસે હોગા? સમજમેં આયા? આ તો મોટી વાત ભાઈ! એલ.એલ.બી. ને બી.એ.ની. હમેં પહલે ક્યા કરના? વહ બાત કરતે હૈ. પહલે શુદ્ધાત્મ પદાર્થકા અનુભવ દૃષ્ટિ કરના. સમજમેં આયા? ઔર પીછે ચિંતાકો છોડકર કેવલજ્ઞાન પાના વહી ઉસકા ઉપાય હૈ. દૂસરા કોઈ ઉપાય હૈ હી નહીં. સમજમેં આયા?

'**જબ તક ચિંતાવાન હૈ,...**' જબ તક કોઈપણ ચિંતા વિકલ્પ શાસ્ત્રકી, દેવ-ગુરુ-શાસ્ત્રકી,

શાસનકી કે ચતુર્વિધ સંઘકી ચિંતાકા વિકલ્પ જબ તક હૈ તબ તક... નિર્વિકલ્પ ભગવાન આત્મા વસ્તુ તો નિર્વિકલ્પ હૈ, પદાર્થમેં તો કલ્પના વિકલ્પ હૈ હી નહીં, ઐસી ચીજકા નિર્વિકલ્પ ધ્યાન વહ ચિંતાકા વિકલ્પકી મોજૂદગીમેં હોતા નહીં. ઓહો..હો..! '**દૂસરોંકી તો ક્યા બાત હૈ, જો તીર્થંકરદેવ ભી કેવલ અવસ્થાકે પહલે જબ તક કુછ શુભાશુભ ચિંતાકર સહિત હૈં,...**' ત્રણ લોકકે નાથ મુક્તિકી તૈયારી હો ગઈ, છેલ્લા આખિર ચરમદેહ. આહા..હા..! સમજમેં આયા? ભગવાનકી મુક્તિ હુઈ ઋષભદેવ ભગવાનકી. અષ્ટાપદ (પર્વત પરસે). ઔર ભરત ચક્રવર્તી ગયે. ભરતક્ષેત્રકા સૂર્ય આજ અસ્ત હો ગયા. ભરતક્ષેત્રકા તીર્થંકર સૂર્ય આજ અસ્ત હો ગયા. રોવે છે. ઈન્દ્ર કહે છે, ઈન્દ્ર છેને સાથમાં મહોત્સવમેં, નિર્વાણ મહોત્સવ. અરે ભરત! તુમ્હારા તો ચરમ શરીર હૈ ન રાજન! તુમકો ખબર હૈ કિ નહીં? ઈન્દ્ર! ... મેરા ચરમ શરીર હૈ, દેહ આખરી હૈ. ઈન્દ્ર કહતે હૈ કિ તુમ્હારા છેલ્લા-આખિરકા શરીર હૈ, હમારે હજી એક દેહ ધારણ કરના પડેગા. ઈન્દ્ર શક્રેન્દ્ર. હમારે યહ દેવકા દેહ હૈ. હમારે હજી એક મનુષ્ય દેહ ધારણ કરના પડેગા. તબ હમારે કેવલજ્ઞાન ચારિત્ર હોગા. તુમ્હારે તો ઈસ ભવમેં મુક્તિ હૈ. ક્યોં રુદન કરતે હો? ભગવાન આમ .. દેખેને આમ જ્યાં આત્મા વિનાનો દેહ. વિકલ્પ પ્રશસ્ત હૈ, ભાવ હૈ.

ઈન્દ્ર! ખબર હૈ, મૈં ઈસ ભવમેં મુક્તિ લેનેવાલા હૂં, પણ ભગવાનકે વિરહમેં ઐસા મેરે રાગ આતા હૈ તો રૂદન હોતા હૈ. આહા..હા..! એ ભવે મુક્તિ ચોક્કસ ખાત્રી (છે). ભગવાનને કહા હૈ, ઉસકો ખબર હૈ, ઈન્દ્રોકો ખબર હૈ. યહ દેહ છેલ્લા આખિરકા હૈ. પ્રશસ્ત પ્રેમ છેને. પરમાત્માકા આજ ભરતક્ષેત્રસે વિરહ હો ગયા. ઐસા વિકલ્પ ઉસકી દૃષ્ટિમેં હૈ વહ વિકલ્પ છોડુંગા તબ મેરે કેવલજ્ઞાન હોગા. .. ભૂમિકામેં ઐસા રાગ મેરી કમજોરીસે, પ્રેમસે આતા હૈ. મૈં ઈસ ભવમેં હી શ્રેણી લેકર કેવલજ્ઞાન લૂંગા. સમજમેં આયા? વો ચિંતાકા ભી ત્યાગ કરકે. વહ ચિંતાકો સાથમેં લેકર, દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિકી ચિંતા સાથમેં લેકર કેવલજ્ઞાન હોગા ઐસા હૈ નહીં.

ક્યા કહતે હૈં? '**જો તીર્થંકરદેવ ભી કેવલ અવસ્થાકે પહલે જબ તક કુછ શુભાશુભ ચિંતાકર સહિત હૈં, તબ તક વે ભી રાગાદિ રહિત શુદ્ધોપયોગ પરિણામોંકો નહીં પા સકતે.**' શુદ્ધ ઉપયોગ જો મુક્તિકા સાક્ષાત્ કારણ હૈ, સમ્યગ્દર્શન-જ્ઞાન પરંપરા કારણ હૈ, શુદ્ધ ઉપયોગ હી સાક્ષાત્ કારણ હૈ. ભૈયા! ઐસી બાત હૈ. વ્યવહારરત્નત્રય કહાં રહા? સમજમેં આયા? ભગવાન આત્મા ત્રણ લોકના નાથને પણ '**રાગાદિ રહિત શુદ્ધોપયોગ પરિણામોંકો નહીં પા સકતે.**' જબ તક ચિંતા વિકલ્પ હૈ તબ તક વહ શુદ્ધ ઉપયોગકા આચરણ ભગવાન તીર્થંકરકે આત્માકો ભી નહીં.

'**સંશય વિમોહ વિભ્રમ** રહિત...' જુઓ, એ લિયા. કૈસે હૈ ભગવાન આત્મા? કિ સંશય નહીં ઉસમેં કિ યહ પૂર્ણાનંદ પ્રભુ હૈ કિ સદોષ હૈ? વિકલ્પવાલા હૈ? આસ્રવવાલા હૈ? સંસારવાલા હૈ? કિ ..વાલા નહીં? સંશય નહીં. નિઃસંશય ભગવાન આત્મા એકીલા પૂર્ણાનંદ પરમાત્મા હી મૈં હૂં. ઐસી દૃષ્ટિ સંશયરહિત પહલે દૃષ્ટિ હોતી હૈ. '**વિમોહ...**' ક્યા હોગા? ખબર પડતી નથી. મૈં ઐસા પૂર્ણ પરમાત્મા! પૂર્ણ પરમાત્મા! પૂર્ણ-પૂર્ણ! તો પૂર્ણ હૈ તો ખ્યાલમેં ક્યોં નહીં આતા? તો કુછ હોગા ઐસા વિમોહ ભી જહાં નહીં. નિઃસંશય ચોક્કસ ભગવાન મૈં પૂર્ણાનંદ હૂં. ઐસી પહલી સમ્યગ્દૃષ્ટિ હોના ચાહિયે. પહલા.

'**સંશય વિમોહ...**' વિમોહ નામ અનધ્યવસાય. કંઈક હોગા... કંઈક હોગા... ક્યા હૈ? પૂર્ણાનંદ પ્રભુ હૈ. મેરા સ્વભાવ પૂર્ણ શુદ્ધ એકીલા ચૈતન્ય, ચૈતન્યકા ઢેલા, આનંદકી ગાંઠડી, આનંદકી ગાંઠડી. વહ લિયા હૈ હોં. અનુભવપ્રકાશમેં લિયા હૈ ન ભાઈ! ત્યાં રત્નની ગાંઠડી લીધી છે. ગાંઠડી હોતી હૈ ન? વહ લિયા હૈ અનુભવપ્રકાશમેં. ગઠરી ખોલે તો સબ રત્ન હી ભરા હૈ. તુમ્હારા રત્ન નહીં હોં! ...ના નહીં. નહીં? આ મહા આત્મા. અનુભવપ્રકાશમેં દીપચંદજીને લિયા હૈ કિ જૈસે મહામણિરત્નકી ગઠરી હો ગઠરી. ઐસે એક-એક ગુણ મણિરત્ન સમાન સારા અનંતગુણકી ગઠરી આત્મા હૈ. આહા..હા..! અરે! એની એને ખબર ન મળે. એની એટલે ઉસકી ઉસકો ખબર નહીં. ગુજરાતી થોડી આતી હૈ ન. અભી થોડા ગુજરાતી ચલા હૈ ન. સમજમેં આયા? ગાંઠડી ખોલે એટલે અંદરમાં એકલા રત્ન ભરા હૈ. રાગ ઔર સ્વભાવકી એકતાકી ગાંઠ પડી હૈ વહ ગાંઠ ખોલનેસે, રાગ અને સ્વભાવ ભિન્ન હૈ ઐસી ગાંઠ ખોલનેસે, જિસકો ગ્રંથિભેદ કહતે હૈ ન? રાગ અને સ્વભાવ એકત્વ ઉસકો ગાંઠ કહતે હૈ ઔર ઉસકો ગ્રંથિભેદ (અર્થાત્) રાગ અને સ્વભાવ તીન કાલમેં એક નહીં (હુએ). એકીલા ભગવાન રત્નકી ગાંઠડા હૈ. ઔર રાગ, વિભાવ, વિકાર, મલિન ઝેર હૈ. દોકા જબ વિવેક હો ગયા, અનંતગુણકી ગાંઠડી નજરમેં, પ્રતીતમેં, જ્ઞાનમેં આઈ. સમજમેં આયા?

ઘરમાં આવું રતન એક હોય તો જોવા માટે બધા ભેગા થાય. સુમનભાઈ! પાંચ લાખનું લાવ્યા હોય એક રત્ન. પાંચ-પચાસ કરોડના આસામી હોય. દશેય જણા ભેગા-એકઠા થાય. દેખનેકો ઈકટ્ઠા હો. યે ક્યા રત્ન હૈ? અરે..! કભી કુતુહલ કિયા નહીં. આચાર્ય તો એમ કહતે હૈ. આતા હૈ ન પંડિતજી વહ? કુતૂહલ. કુતૂહલ તો કર, કુતુહલ તો કર કિ યહ ક્યા હૈ? ક્યા હૈ યહ? ઈતની-ઈતની પ્રશંસા, ઈતના-ઈતના વખાણ! ક્યા હૈ? દૂસરી ચીજ દેખને કો કુતુહલ કરતે હૈ કિ નહીં? કુતૂહલ કરતે હૈ કિ ક્યા હૈ યહ? ક્યા હૈ?

ભગવાન સંશય, વિમોહ, અનધ્યવસાય, સંશય અને વિભ્રમ વિપરીતભાવ. બિલકુલ વિપરીત .... વહ બિલકુલ છૂટ ગયા હૈ. અંતર ભગવાન આત્મામેંસે પહલે સમ્યગ્દર્શનકે કાલમેં સંશય

(નષ્ટ હો જાતા હૈ). ઉસકો સંશય નહીં હૈ કિ મેરે ભાન હુઆ કિ નહીં? મુઝે ખબર હુઈ કિ નહીં? વહ તો સંશય રહા. સમજમેં આયા? મેરા અનંત સંસાર હોગા કિ નહીં? અરે..! અનંત સંસાર પરિભ્રમણ હોગા કિ નહીં? વિપરીત હુઆ. મિથ્યાત્વભાવ હૈ તો અનંત સંસાર હૈ વહ તો ખબર હૈ નહીં. વિભ્રમરહિત, વિમોહરહિત, સંશયરહિત .. કૈસા?

**'અનંત જ્ઞાનાદિ નિર્મલગુણ સહિત...'** આહા..હા..! દુનિયાને રાજી રહેવાની વાત ઉસમેં હૈ નહીં બહુત. રતિભાઈ! બહારની રતિ કરવાની વાત નથી કહે છે આમાં. અંદરની રતિની વાત છે. જુઓ, આહા..હા..! કહતે હૈં, **'સંશય વિમોહ વિભ્રમ રહિત...'** સમજમેં આયા? ઐસી બાત હો સકતી હૈ? વળી એક જણો ભાઈ એમ કહેતો હતો. એવું તે હોઈ શકે? ઠીક બાત. એ આવતાને લાભુભાઈના બાપ શું કહેવાય એ? નરભેરામભાઈ. .. મોટા ભાઈ નરભેરામના. એ કહેતા. લાભુભાઈના બાપ. ... એક ફેરી આવ્યા. તમે ઐસી બાત કરતે હો નિઃસંશય, નિઃસંશય આત્મા. શંકા બિનાકી કોઈ બાત હોતી નહીં. અભિમાની માણસને. કોઈએ કહ્યું કે મહારાજને પૂછો. ત્યારે વળી એમ કે મને હજી શંકા છે અને તમે બધા નિઃશંક થઈ ગયા? એમ. પાછું એટલું સહન ન થયું ઉસકો. મહારાજને કોઈ પૂછો. દૂસરા જાણે કે આ બધા સુધરેલ છે એટલે કાંઈ એને વાત બેસતી નથી એટલે પૂછો. ક્યા આપ તમે ઐસે કહતે હો કિ મેરે સંશય હૈ ઔર સબ નિઃસંશય હો ગયા તુમ? નિઃસંશય કોઈ હો સકતા હી નહીં.

મેરી એક બાત સુનની હૈ? કીધું સુનો. પ્રથમ લગ્ન કિયા હો સ્ત્રીકે સાથ-કન્યાકે સાથ. વહ તો અભી દેખતે હૈ. પહલે તો દેખતે નહીં, સ્ત્રીકો દેખને નહીં જાતે. ક્યા દુલ્હા કે વર. ઉસકે મા-બાપ હી લગન કરત દેતે થે. સમજે? અભી તો સબ ફિર ગયાને. પહલે તો ખબર હી નહીં કિ કન્યા કૈસી હૈ ઔર કૈસી નહીં. ૧૮ વર્ષકી કન્યાકા લગન આયા ઔર લગન હુઆ. મા-બાપને લગન કર દિયા. ઉસકો ખબર નહીં કૈસી હૈ. ઔર પહલે દિન જબ સ્ત્રીકા સંગ કિયા, ઉસકી શંકા તુમને કી કિ યહ મુઝે માર ડાલેગી કિ નહીં? .. પૂછતે હૈ. ક્યું? શંકા ક્યોં નહીં હોતી? પતિકો માર દે ઐસા હોતા હૈ કિ નહીં? તો તુમ્હે શંકા હુઈ થી? ના. ક્યોં નહીં હુઈ થી? પ્રેમ હૈ. પહલી ક્ષણમેં તુઝે સ્ત્રીકે સાથ સંગ કરનેકા પ્રસંગ આયા, શંકા થી તેરે કિ યહ દુશ્મન હૈ કિ માર ડાલેગા કોઈ માર દે ઔર કૈસી હોગી? ઐસી શંકા થી? નિઃશંક વિષયકા પ્રેમ હૈ તો નિઃશંકપણે ત્યાં વિષયકા ભાવ લેતે હૈ. શંકા-બંકા ઉસકો હોતી નહીં. યે માર ડાલેગી કિ મેરે નુકસાન કરેગી. શંકા થી? કીધું. ઐસા ક્યા બોલતે હો? કીધું. નિઃશંક ન હો સકે? સંસારકે વિષયમેં નિઃશંક હો સકતે હૈ, આત્મામેં નિઃશંક નહીં હો સકતે? ઐસા દૃષ્ટાંત દિયા, ક્યા કરે? એકદમ જોર દિયા. કોઈ નિઃસંશય હો સકતે નહીં. હમ શંકાવાલે ઔર તુમ સબ નિઃશંક હૈ. એમ પૂછતે હોના તો પૂછો તુમ. ક્યા કહતે હો યે? પ્રેમ વિષયકા હૈ

તો પત્ની માર ડાલેગી. બહુત-બહુતકો સ્ત્રી મારતી હૈ ઔર ઐસા કરતી હૈ. તો તુમ્હે શંકા (હુઈ થી)? ક્યોંકિ તુમને એકાકાર દૃષ્ટિ પ્રેમ કી હૈ. જહાં એકાકાર દૃષ્ટિ હૈ વહાં શંકા હોતી નહીં. નિઃશંક તુઝે હૈ કિ સ્ત્રી મેરી પત્ની હૈ બરાબર.

એમ ભગવાન આત્મા અખંડાનંદ આનંદકંદકી જહાં દૃષ્ટિ હુઈ, નિઃશંક યહ પરમાત્મા હૈ ઐસી નિઃશંક પ્રતીતિ સમ્યગ્દૃષ્ટિકો હોતી હૈ. સમજમેં આયા? સંશય ઐસા હોગા કિ ઐસા હોગા કિ ફૈસા હોગા ઐસા હૈ તુમ્હારે? સમજમેં આયા? લડ્ડુ ખાતે હૈ ન, દેખો. શંકા પડતી હૈ? યહ લડ્ડુ કહાં જાયેગા? કહીં શ્વાસ તો નહીં બંદ કર દેગા ન? નળી-નળી હૈ ન નળી? અંદર શ્વાસનળી હૈ કિ નહીં? ઈતના લડ્ડુ, બડા લડ્ડુ ફર્સ્ટ ક્લાસ મોટો આવડો. એ શંકા પડી? પછી ભલે કોઈને અંતરાળ જાયને એવું કાંઈક કહે છેને. ઓંતરાશ જાય. પણ પહેલા તો અહીં નાખ્યા ભેગો અંદર ગરી જશે ફટ દઈને. પણ અહીં જગ્યા કેટલી હૈ, ક્યા હૈ, પોલાણ ક્યા હૈ વહ દેખા હૈ તુમને? શેઠી! નિઃશંક હો જાતે હો તુમ કિ નહીં, વહ લડ્ડુ પડતે હૈ ... ઔર પાચન હો જાયેગા. ઔર ઉસમેં .. જાયેગા. બીચમેં કુછ નડેગા નહીં.

ભાઈ! તેરા અભ્યાસ જિસમેં હૈ ઉસમેં તુમ નિઃશંક હૈ. ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્ય ભાગમેં કૈસા હૈ? અનંત જ્ઞાનાદિ નિર્મલગુણસહિત. સંશય રહિત, વિમોહ રહિત, વિભ્રમરહિત. આહા..હા..! ...લાલજી! લોગોંકો ભગવાન નિજસ્વરૂપ ક્યા હૈ ઉસકી નિઃસંશય પ્રતીત નહીં હોતી. ઐસી-ઐસી બાત કરતે હૈ? ... ભગવાનકી બાત. ઐસા આત્મા તુમ કહતે હો ધોયેલ મૂળા જૈસા, ક્યોં હમકો દિખતા નહીં? લ્યો ઐસા કહતે થે. રામજીભાઈકા ભાઈબંધ થા. ઐસા આત્મા તુમ કહતે હો. પરંતુ તુમ નજર કર તો દિખે કે એની મેળાએ નજર (પડે)? આંખ ઐસા રખે, ક્યોં દિખતી નહીં? યહ ચીજ હાથમેં લિયા. ક્યોં દિખતી નહીં? પણ આમ નજર કર તો દેખાય કે આમ નજર કર તો દેખાય? યહ શીશપેન દિખતી નહીં હૈ, મેરેકો દિખતી નહીં હૈ, મેરેકો દિખતી નહીં હૈ. આમ-આમ હાથ કરતે હૈ. પણ દિખતી નહીં તો નજર યહાં રખકર દિખતી નહીં હૈ? એમ ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્ય ભાગમેં... ક્યા કહતે હૈ? '**સંશય વિમોહ વિભ્રમ રહિત...**' તીન દોષ રહિત હો જાતા હૈ સમ્યગ્દૃષ્ટિ. સમજમેં આયા? ઐસે નહીં કિ પૂછના પડે ભગવાનકો કિ ભગવાન! મુઝે સમ્યગ્દર્શન હુઆ કિ નહીં? તો શંકા હૈ તેરે, સંશય હૈ, તો જ્ઞાનમેં વિપરીત હૈ, વિપરીત જ્ઞાન મિથ્યાત્વ હૈ. ભગવાન ઐસા દેખતે હૈ તેરેકો. આહા..હા..! સમજમેં આયા?

'**સંશય વિમોહ વિભ્રમ રહિત અનંત જ્ઞાનાદિ નિર્મલગુણ સહિત...**' દેખો, અનેકાંત કરતે હૈ. દોષ રહિત, ગુણ સહિત ઐસા '**હંસકે સમાન ઉજ્જ્વલ પરમાત્માકે શુદ્ધ ભાવ હૈં,...**' અહીં તો એનો ભાવ લેવો છેને. સંશય, વિભ્રમ આદિ રહિત ત્રિકાળ ભગવાન નિર્મળાનંદ

પ્રભુ અનંતગુણકા સાગર ઉસકે '**હંસકે સમાન ઉજ્વલ પરમાત્માકે શુદ્ધ ભાવ હૈં,...**' અહીં તો ઓલું હંસકે સમાન શુદ્ધ આચરણ લેવું છેને? આચરણ લેના હૈ. શુદ્ધભાવ વહ આચરણ હૈ. ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ અનંતગુણકી ગાંઠડી, ઉસકી જહાં અંતરમેં પ્રતીત, સંશય રહિત નિઃસંશય, વિમોહ રહિત ચોક્કસ અને વિભ્રમ રહિત યથાર્થતા, ઐસી અંતરમેં દૃષ્ટિ હુઈ ઔર પીછે સ્વરૂપકે આચરણમેં હંસકે સમાન આચરણ જબ હુઆ '**પરમાત્માકે શુદ્ધ ભાવ હૈં, વે ચિંતાકે બિના છોડે નહીં હોતે.**' વહ શુદ્ધભાવ ચિંતા શુભકા વિકલ્પ છોડે બિના નહીં હોતી. આહા..હા..! સમજમેં આયા?

હજી તો .. સ્વરૂપ ક્યા હૈ? ઐસી નિઃશંક પ્રતીતિ અનુભવમેં આયે બિના ઉસમેં હી મેરે રહના હૈ ઐસી સ્થિરતા કહાં સે આયેગી? યહ આત્મા વહી શ્રદ્ધા કરકે શ્રદ્ધામેં આયા કિ વહી આચરણ કરનેલાયક હૈ, વહી આચરણ કરને લાયક હૈ. ઐસી દૃઢ પ્રતીતિ આયે બિના ઉસમેં આચરણ કરનેવાલા ઐસા ચારિત્ર કહાંસે આયેગા? સમજમેં આયા?

૧૭-૧૮માં આવ્યું છેને ભાઈ! ૧૭-૧૮. સમયસાર ૧૭-૧૮ ગાથા. ઉસમેં વહ આયા હૈ. ટીકા અમૃતચંદ્રાચાર્યકી. જબ તક આત્મા... સમજમેં આયા? છે કે નહિ? ... પ્રતીતિ જેનું લક્ષણ જુઓ, '**જબ આત્માકો, અનુભવમેં આનેવાલે અનેક પર્યાયરૂપ ભેદભાવોંકે સાથે મિશ્રિતતા હોને પર ભી સર્વ પ્રકારસે ભેદજ્ઞાનમેં પ્રવીણતાસે જો અનુભૂતિ હૈ સો હી મૈં હૂં...**' આ અનુભૂતિ-જ્ઞાનનો અનુભવ વહી મેરા સ્વરૂપ સારા પૂર્ણ હૈ. '**ઐસા આત્મજ્ઞાનસે પ્રાપ્ત હોનેવાલા, યહ આત્મા જૈસા જાના વૈસા હી હૈ ઈસપ્રકારકી પ્રતીતિ જિસકા લક્ષણ હૈ ઐસા, શ્રદ્ધાન ઉદિત હોતા હૈ તબ સમસ્ત અન્યભાવોંકા ભેદ હોનેસે નિઃશંક સ્થિર હોનેમેં સમર્થ હોનેસે...**' નિઃશંક સ્થિર હોનેમેં સમર્થ હોનેસે '**આત્માકા આચરણ ઉદય હુઆ...**' પહલે વહ લિયા થા કિ મૈં આત્મા ઐસા હૂં ઐસા **શ્રદ્ધાન નહીં હુઆ...** સમજમેં આયા? તબતક ઉસકા આચરણ ઉત્પન્ન હોતા નહીં. સમજમેં આયા?

યહાં ભગવાન આત્મા અપની નિજ ભૂમિકામેં શુદ્ધ સ્વભાવકી અંતર પ્રતીત, જ્ઞાન, રમણતા જ્ઞાન પ્રતીતમેં હુઆ તો નિઃશંકપણે ઉસમેં આચરણ કરના હૈ ઐસા ચારિત્ર ઉસકો પ્રગટ હોગા. સમજમેં આયા? પછી કહ્યું છેને. નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડા સમાન છે. ગધ્ધેકા સિંગ સમાન હૈ. ગધ્ધેકો સિંગ નહીં હૈ તો પ્રતીત કહાંસે આયી? એમ વસ્તુ ઐસી હૈ વિકલ્પ, પુણ્ય, પાપ, શરીર, વાણી, કર્મસે રહિત ઐસા અનુભવકી દૃષ્ટિમેં આયે બિના શ્રદ્ધાન પણ ઉદય થતું નથી. અને '**તબ સમસ્ત અન્યભાવોંકા ભેદ હોનેસે નિઃશંક સ્થિર હોનેમેં સમર્થ હોનેસે...**' શ્રદ્ધા નિઃશંક થઈ નહિ, ઠરવાનું અસમર્થપણું રહે છે એથી આત્માનું આચરણ પણ પ્રગટ તું નથી. '**ઐસે સાધ્ય આત્માકી સિદ્ધિકી ઈસપ્રકાર ઉપપત્તિ હૈ.**' ભગવાન

આત્મા પૂર્ણ શુદ્ધ અનંતગુણકા પિંડ પ્રભુ હૈ ઐસી નિઃસંશય વિભ્રમરહિત, વિમોહરહિત અંતર અનુભવ દૃષ્ટિ બિના ઉસમેં શુદ્ધ ઉપયોગકા આચરણ ઉત્પન્ન હોતા નહીં ઔર શુદ્ધ આચરણ ઉત્પન્ન હુએ બિના ઉસકી મુક્તિ હોતી નહીં.

**'તીર્થંકરદેવ ભી...'** દેખો! **'વે ચિંતાકે બિના છોડે નહીં હોતે. તીર્થંકરદેવ ભી મુનિ હોકે નિશ્ચિત વ્રત ધારણ કરતે હૈં,...'** નિશ્ચિત વ્રત ધારણ (કરતે હૈં). સ્વરૂપમેં લીન હોતે હૈં. આહા..હા..! દુનિયા ડોલાઈ જાવ, ગમે ત્યાં હો. મેરી ચિંતા મૈં કરું યા પરકી ચિંતા કરું? ચિંતા શબ્દે એકાગ્રતા. અપની એકાગ્રતા મૈં કરું. સમજમેં આયા? **'ધારણ કરતે હૈં, તભી પરમહંસ દશા પાતે હૈં,...'** દેખો, યહાં તો મૂલ આચરણકી બાત કરની હૈ ન? જબ તીર્થંકર તીનલોકકે નાથ, તીન જ્ઞાન લેકર આયે, ચાર જ્ઞાન પ્રાપ્ત કિયા મુનિપના, વે ભી સબ ચિંતા છોડકર નિશ્ચિત અંતરમેં ધ્યાનમેં લીન હોતે હૈં **'તભી પરમહંસ દશા પાતે હૈં,...'** તબ શુદ્ધ ઉપયોગ આચરણ વહ પરમહંસ. સમ્યગ્દૃષ્ટિ હંસ, શુદ્ધ ઉપયોગ પરમહંસ. અન્યમતિના પરમહંસની વાત નથી હોં આ. આ તો પૂર્ણાનંદ પ્રભુ આમ પૂર્ણ. ઐસી દૃષ્ટિ, જ્ઞાન ઔર નિશ્ચિત દૃષ્ટિ હુઈ સંશય, વિભ્રમ, વિમોહ રહિત પીછે ઉસમેં શુદ્ધ ઉપયોગ ચિંતારહિત ઠરતે હૈ તભી પરમહંસદશા પ્રાપ્ત હોતી હૈ. સમજમેં આયા?

આ વાત સાચી, પણ માણસ કહે છેને, ચારિત્ર બિના મુક્તિ નહીં. તો ચારિત્ર ક્યા? કિ આ પંચ મહાવ્રત ને આ લે લો વહ ચારિત્ર. ઉસકે બિના મુક્તિ નહીં હૈ. પણ ચારિત્ર બિના મુક્તિ નહીં, વહ ક્યા ચારિત્ર? લઈ લો ચારિત્ર. વ્રત લે લિયા, પડિમા લે લિયા વહ ચારિત્ર. કહાંસે ભગવાન! હજી મૂળ દૃષ્ટિ અંતરમેં ચીજકી દૃષ્ટિ હુઈ નહીં. ઉસમેં ઠરું તો નિઃશંક મેરે કેવલજ્ઞાન હોગા ઐસી ચીજ હી જ્ઞાનમેં આયી નહીં, ભાસનમેં આયી નહીં, ભાવભાસન હુઆ નહીં (તો) ઠરના કિસમેં? ક્યા રાગમેં ઠરના હૈ? નિમિત્તમેં ઠરના હૈ? વહાંસે તો ઉઠના હૈ, અંદર ઠરના હૈ. તો ચીજ ક્યા હૈ? ઐસી અંતર દૃષ્ટિ ઔર જ્ઞાનકે બિના અંતરકા આચરણ પ્રગટ હોતા નહીં ઔર અંતર આચરણ પ્રગટ હુએ બિના, આચરણ કહો યા શુદ્ધ ઉપયોગ કહો... સમજમેં આયા? મુક્તિ ભી હોગી નહીં.

યહાં ઐસી બાત ક્યોં કરતે હો? ભાઈ! પંચમ આરામેં મુક્તિ તો હોતી નહીં. વળી કેટલાક એમ કહે. વર્તમાન મુક્તિ નહીં હૈ. અરે.. સાંભળને, સુન તો સહી. અંતરમેં દૃષ્ટિ ઔર શુદ્ધ ઉપયોગમેં આયા તો ઉસ અપેક્ષાસે મુક્તિ હી હૈ. સમજમેં આયા? લ્યો અત્યારે મુક્તિ નથી માટે શુભ ઉપયોગ કરવો એમ. મુક્તિ અત્યારે મોક્ષ નથી. શુદ્ધ ઉપયોગનું ફળ મોક્ષ છે. મોક્ષ નથી માટે શુદ્ધ ઉપયોગ પણ નથી. અરે.. ભગવાન! અવળાઈ પણ એની કેટલી! અહીં તો આચાર્ય પોતે વર્તમાન મુનિઓને કહે છે. પોતે આચાર્ય છદ્મસ્થ મુનિ પંચમઆરાકે હૈ વે મુનિયોંકો

કહતે હૈં. ભાઈ! મુનિ! ચિંતા છોડી દેજે. શાસ્ત્ર કરના, ફલાણા કરના, ઢીંકણા કરના એ બધી ચિંતા છોડ તો .. થશે. પછી આમ કરશું અને આમ કરશું તો હમારે હોગા. કારણ કે દુનિયાકો બહુત લાભ હોગા તો હમેં લાભ હોગા. ધૂલમેં નહીં હોગા, સુન તો સહી.

મુમુક્ષુ :- કેમ દુનિયાને .. ન થાય?

ઉત્તર :- દુનિયાકો ઉસકે કારણસે લાભ હોતા હૈ ક્યા તેરે કારણસે હોતા હૈ? લાલચંદભાઈ! તેરા કાર્ય કરના હૈ કિ દૂસરેકા કરના હૈ? અને દૂસરાકા કાર્ય હોતા હૈ તો ઉસમેંસે થોડી દક્ષિણા મિલેગી? દક્ષિણા નહીં લેતે? ક્યા બ્રાહ્મણ લેતે હૈ કિ નહીં? તો વહ લાભ હોગા કિ નહીં? દુનિયા ધર્મ પામે, ઉસમેં થોડા દસવા ભાગ તો થોડા આતા હૈ કિ નહીં ઉપદેશકકો? અરે ભગવાન! યે બાત ઐસી ભગવાનકે માર્ગમેં હૈ નહીં. તુઝે વિકલ્પ આયા, શુભ પુણ્ય બંધેગા ઐસી બાત હૈ. વહ કોઈ સમજ જાયે ઉસસે તેરે થોડા લોભ હોગા, તીન કાલ, તીન લોકમેં વસ્તુકી મર્યાદામેં ઐસા હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા? તો કહતે હૈ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ ન સમજે તો બીજાને ગોતવા પડે એણે કે ભાઈ, સમજો, મારી મુક્તિ થાશે પછી. ગોતવા સમજે? ક્યા કહતે હૈ? શોધના પડે. બહુત સમજે તો મુઝે મુક્તિ હોગી, ભાઈ લાવો બુલાઓ, બુલાઓ, બધા માણસને, જાવ ઘરે ઘરે હું જાવ. આવો ચાલો. ન્યાલચંદભાઈ! ભગવાન! માર્ગ ઐસા નહીં હૈ. વહ સમજે તો ઉસકો લાભ, ન સમજે તો ઉસકો નુકસાન. વહ સમજે તો ઉસમેંસે તુઝે થોડા લાભ હોગા ઐસી બાત વીતરાગ માર્ગમેં હૈ નહીં, અન્યમેં તો ઐસી બાત હૈ હી નહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! વહ યહાં કહતે હૈ.

કહે છે, જબ તક તીર્થંકર બી ચિંતા-વિકલ્પ છોડકર શુદ્ધ ઉપયોગ ન ધારેગા, નિશ્ચિંત નહીં કરેગા તબ તક વીતરાગ નહીં હોગા ઔર '**તીર્થંકરદેવ ભી મુનિ હોકે નિશ્ચિંત વ્રત ધારણ કરતે હૈં, તભી પરમહંસ દશા પાતે હૈં, ઐસા વ્યાખ્યાન જાનકર...**' ઐસા વ્યાખ્યાન જાનકર. પાઠમેં હૈ ન. '**દેખે, સુને, ભોગે...**' જો કુછ દેખા હૈ, જો કુછ સુના હૈ, જો કોઈ ભોગનેમેં આયા હૈ, ઔર '**ભોગોંકી વાંછા આદિ સમસ્ત ચિંતા-જાલકો છોડકર...**' પહલે ઉસકે નિર્ણયમેં તો આના ચાહિયે ન કિ વિકલ્પ જબ છૂટેગા તબ શુદ્ધ ઉપયોગ હોગા. વિકલ્પકે સહારેસે (શુદ્ધ ઉપયોગ નહીં હોગા). સમજમેં આયા? બહુત કાલ પંચ મહાવ્રતકા પરિણામ હો તો ચારિત્ર સ્થિર હોતા હૈ ઐસા હૈ? કિ બહુત કાલ.. આઠ વર્ષમેં મુનિ હુઆ, પંચ મહાવ્રતકા વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... બહુત કાલ કિયા તો ચારિત્ર ઝટ આયેગા, શુક્લધ્યાન જલ્દી આયેગા ઐસા હૈ? યહાં આ બાજુમાં લીન હુઆ, મહાવ્રતકા વિકલ્પ આયા પહલે છૂટ ગયા ઔર સ્થિર હુઆ તો અંતમુર્હૂતમેં શુક્લ ધ્યાન હોકર કેવલ લે લેતે

હૈ. બહુત કાલ મહાવ્રત પાલતે હૈ તો શુક્લધ્યાન હોતા હૈ ઔર ચારિત્ર હોતા હૈ ઐસા હૈ નહીં. વહ બાત કહતે હૈં. બહુત કાલ વિકલ્પ અને મહાવ્રતકા પરિણામ રહા તો ચારિત્ર સ્થિર હોનેમેં અનુકૂલ હુઆ (ઐસા નહીં હૈ). સમજમેં આયા?

યે તો ભગવાન આત્મા જૈસા દૃષ્ટિમેં લિયા, જ્ઞાનમેં લિયા ઉસમેં શુદ્ધ ઉપયોગસે ઠરના ઔર વિકલ્પકો છોડકર ઐસી **'વાંછા આદિ સમસ્ત ચિંતા-જાલકો છોડકર પરમ નિશ્ચિંત હો,...'** ઓહો..હો..! **'શુદ્ધાત્માકી ભાવના કરના યોગ્ય હૈ.'** દેખો, શુદ્ધાત્માકી ભાવના. ભાવના શબ્દે એકાગ્રતા. ભગવાન શુદ્ધ આત્મા, પાંચ પ્રકારકે સંસારસે રહિત ઔર શુભાશુભ વિકલ્પકી ચિંતાસે રહિત ઐસા ભગવાન પરમાનંદ પ્રભુ ઉસમેં એકાગ્રતારૂપ ભાવના કરની ચાહિયે, કરનેકા હો તો વહી કરના હૈ. સમજમેં આયા?

**'શુદ્ધાત્માકી ભાવના...'** કહ્યુંને? નિયમસારમાં શું આવ્યું? **'णियमेण य जं कज्जं'** કુંદકુંદાચાર્ય કહતે હૈં **'णियमेण य जं कज्जं'** નિશ્ચયથી કરવાલાયક હોય તો તે નિશ્ચય સ્વરૂપકી સ્થિરતાકા ચારિત્ર. યહ કાર્ય કરનેલાયક હૈ. સમજમેં આયા? **'णियमेण य जं कज्जं'** નિયમથી જે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ આચરણરૂપ વહ નિયમસે કરનેલાયક હૈ. નિયમસાર હૈ ન? ઉસમેં નિયમ... સમજમેં આયા? તો **'શુદ્ધાત્માકી ભાવના કરના યોગ્ય હૈ.'** ઈસ કારણસે કેવલ ઔર મુક્તિ હોગી અથવા વહાં આગે પરમાત્મપદકી શક્તિકી વ્યક્તતા શુદ્ધ ઉપયોગકે આચરણસે હોતી હૈ, શુભરાગસે હોતી નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૭, મંગળવાર, તા. ૦૩-૦૮-૧૯૬૫
## ગાથા-૧૭૧-૧૭૨, પ્રવચન-૧૮૭

...ઔર કૈસે પ્રાપ્તિ હોતી હૈ ઉસકા ઉસમેં કથન હૈ. યહાં તો આત્માકી બાત ચલતી હૈ. તબ કહે કિ અણાત્માકી બાત? તો આત્માકા જ્ઞાન હો તો અણાત્માકા જ્ઞાન ઉસમેં આ જાતા હૈ. અણાત્માકા જ્ઞાન પહલે કરે અને પીછે આત્માકા જ્ઞાન કરે ઐસા નહીં હોતા. સમજમેં આયા? ભગવાન આત્મા... જિસકો હિત કરના હૈ, આત્માકા હિત કરના હૈ તો આત્મા ક્યા હૈ વહ જાને બિના હિત કિસમેં હોતા હૈ? કિસસે હોતા હૈ ઔર કિસમેં હોતા હૈ? ઐસે તો અનંતકાલ આત્માકે અંતર સ્વરૂપકી દૃષ્ટિ બિના અનંત બાર ઐસી ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ તો અનંતબાર

કિયા હૈ. જિસકો ધર્મ કરના હૈ ઉસકી બાત હૈ. સમજમેં આયા? બાકી તો અશુભ રાગ છોડકર શુભભાવ હો દયા, દાન, આદિ હોતા હૈ વહ પુણ્યબંધકા કારણ હૈ. પણ યહાં તો ધર્મ, જિસસે જન્મ-મરણકા ફેરા ટલે ઔર આકુલતા ગલે ઔર શાંતિ મિલે ઉસકા નામ ભગવાન ધર્મ કહતે હૈં. સમજમેં આયા? તો આત્માકી બાત... આત્મા કહો, પરમાત્મા કહો, પરમેશ્વર કહો. તો પરમેશ્વરકી હી બાત ચલે. ક્યા પામર, રાગ, વિકાર કે પરસે લાભ હો ઐસી ચલે? સમજમેં આયા?

તો યહાં કહતે હૈં. દેખો, ૧૭૧. સમુચ્ચય બાત હૈ ઔર ... શબ્દ પડા હૈ. '**શ્રીગુરુ મુનિયોંકો ઉપદેશ દેતે હૈં,...**' ગૌણપણે ગૃહસ્થાશ્રમમાં પણ આત્માકા કૈસે હિત હોતા હૈ વહ બાત ઉસમેં કહનેમેં આયી હૈ. '**મનકો મારકર પરમબ્રહ્મકા ધ્યાન કરો...**' મન નામ વિકલ્પાત્મક બુદ્ધિ જો શુભાશુભ પરિણામ ઉસમેં તો રુચિ અનંતકાલસે હૈ હી, વહ કોઈ અપૂર્વ, નયી બાત નહીં હૈ. નવી કહતે હૈ ન ક્યા કહતે હૈ? નયી-નયી. નવી નહિ નયી. વહ કુછ નયી બાત નહીં હૈ. ભગવાન આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિ છોડકર, ઉસકી રુચિ છોડકર શુભાશુભ પરિણામમેં રુચિ ઔર પરપદાર્થ મેરા ઉસમેં રુચિ, વહ તો અનંતબાર કરતે હૈં ઔર નિગોદાદિ પરિભ્રમણ કરતે હૈં. નિગોદ આદિમેં ઉસકે કારણસે જાના પડતા હૈ. મિથ્યાત્વકે કારણ. મિથ્યાત્વ, મહાન ચેતનસ્વરૂપકા અનાદર ઔર વિકલ્પ રાગ ઔર સંયોગકા અંતરમેં બહુમાનપૂર્વક આદર વહી મિથ્યાત્વભાવ હૈ ઔર વહી મિથ્યાત્વકે આરાધનસે નિગોદકા ફલ મિલતા હૈ.

તો યહાં તો આચાર્ય અરે! ત્યારે કોઈ કહે પંચમકાલમેં મુક્તિ નહીં હૈ. ભગવાન! મુક્તિ નહીં ક્યા? વહ તો પૂર્ણ કેવલજ્ઞાનકી દશા નહીં હૈ, પણ દ્રવ્યસ્વભાવ એક સમયમેં પૂર્ણ મુક્તસ્વરૂપ ઐસી દૃષ્ટિ ઈસ કાલમેં નહીં હૈ તો ધર્મ હૈ હી નહીં. સમજમેં આયા? વસ્તુ-વસ્તુ એક સમયમેં પરમાનંદ અનંતગુણકા પુંજ પ્રભુ વહ મુક્તસ્વરૂપ હી વસ્તુ હૈ. પર્યાયમેં મુક્તિ હોના વહ અવસ્થાકી મુક્તિ વહ દૂસરી ચીજ, પણ વસ્તુ હૈ વહ મુક્તસ્વરૂપ હૈ. રાગ, વિકલ્પ, શરીર, કર્મસે રહિત એકીલા અખંડાનંદ મુક્ત આનંદકંદ સ્વરૂપ હૈ. તો મુક્તસ્વરૂપકી દૃષ્ટિ નિર્વિકલ્પ કરના વો અપેક્ષાએ આત્મા મુક્ત હુઆ ઐસા દૃષ્ટિકી અપેક્ષાસે કહનેમેં આતા હૈ. વો દૃષ્ટિકી કિંમત નહીં, દૃષ્ટિકા ક્યા વિષય હૈ ઉસકા માહાત્મ્ય નહીં અને દૂસરી રીતે ધર્મ કરના ચાહે તો ધર્મ નહીં હોગા.

અહીં તેથી આચાર્ય પહલે કહતે હૈ દેખો, '**હે યોગી, તેરી ક્યા ખોટી બુદ્ધિ હૈ,...**' આહા..હા..! ઔર ક્યા દુર્મતિ હૈ તેરી? '**भवकारणे व्यवहारे**' જિતના શુભાશુભ મનકે સંયોગસે ઉત્પન્ન વિકલ્પ નામ રાગ, વહ સબ ભવકા કારણ હૈ. તેરી મતિ વહાં ક્યોં રુક ગઈ હૈ? દુર્મતિ! એમ કહા. ખોટી બુદ્ધિ હૈ તેરી. જહાં ચિદાનંદ પ્રભુ એક સમયમેં અખંડ આનંદકંદ નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધાત્મ જિસકો જ્ઞાયકભાવ પરમપારિણામિક સ્વભાવ (મૈં હૂં), ઐસે મતિ તેરી વહાં

ન ઝૂકી ઔર પુણ્ય અને પાપ વિકલ્પ આદિમેં તેરી મતિ અનાદિકાલસે ઝૂકી હૈ, અરે! તેરી ક્યા ખોટી બુદ્ધિ હૈ? ઓહો..!

'**જો તૂ...**' '**भवकारणे व्यवहारे**' '**સંસારકે કારણ ઉદ્યમરૂપ વ્યવહાર કરતા હૈ.**' ઉદયભાવ, પુણ્ય-પાપકે ભાવમેં તેરા ઉદ્યમ મતિ, દુર્મતિસે હો રહા હૈ. આહા..હા..! સમજમેં આયા? પરકા કામ તો કર સકતે નહીં, વો બાત તો હૈ નહીં. શરીર, વાણી, મન ઔર પરપદાર્થ તો સ્વતંત્ર અપની પર્યાયકે કાલમેં અપની પર્યાય અપનેસે ઉસમેં હો, ઉસમેં આત્મા ક્યા પરમેં કર સકતા હૈ? કરે તો અપના સ્વભાવ ભૂલકર અરે! બુદ્ધિ તેરી ક્યા હુઈ? આચાર્ય કરૂણાસે... કરૂણાસે (કહતે હૈં) અરે! તેરી બુદ્ધિ કહાં રુક ગઈ પુરુષાર્થમેં? શુભાશુભ વિકલ્પ રાગ ઉસમેં તેરી બુદ્ધિ ઉદ્યમ કરકે રુક ગઈ હે દુર્મતિ! દુર્બુદ્ધિ! '**અબ તૂ માયાજાલરૂપ પાખંડોસે રહિત...**' દેખો, '**प्रपंचैर्मायापाखण्डैः**' ભાઈ! એ માયા શુભાશુભ ભાવ ઉસસે રહિત ભગવાન (હૈ) તો જો શુભાશુભભાવ વહ માયા હૈ. ઉસકી રુચિ કરના વહ પાખંડ હૈ. આહા..હા..! ...લાલજી!

સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનકે વિષયકા માહાત્મ્ય ક્યા હૈ વહ અનંતકાલમેં પરિચય (કિયા નહીં). શ્રુતપરિચિત અનુભૂતા નહીં. કભી સુના નહીં, કભી આદત-ટેવ પાડી નહીં ઔર કભી અનુભવ કિયા નહીં. ભગવાન આત્મા એક સમયમેં પૂર્ણ, કહતે હૈ કિ અરે..! માયાજાલ. આહા..હા..! ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ ઉસકે આગે કોઈભી શુભ-અશુભરાગ વો તો માયાજાલ હૈ. અજ્ઞાની કહતે હૈ ઐસી માયા નહીં હોં! વહ કહતે હૈ કિ યા મા—એ નથી. એમ નહિ. એ છે પણ આત્મામાં નથી. સમજમેં આયા? વહ લોગ કહતે હૈં કિ માયા હૈ, સબ માયા હૈ, કુછ હૈ નહીં. કુછ હૈ નહીં એમ નહીં. હૈ, તેરે સ્વભાવમેં હૈ નહીં. ઉસ અપેક્ષાસે આચાર્યને '**मायापाखण्डैः**' શબ્દ વાપર્યો છે સંસ્કૃતમેં. સમજમેં આયા? પાઠમેં પ્રપંચ શબ્દ વાપર્યો છે-વાપરા હૈ ઔર ઉસકા અર્થમેં ભાઈ! તેરી દૃષ્ટિમેં તેરી અંતર દોલતકી દૃષ્ટિ ક્યોં ન હુઈ? ઔર જો ખાલી હૈ પુણ્ય-પાપકા વિકલ્પ જિસમેં તેરી દોલત-સંપદા બિલકુલ નહીં. તેરા પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ શુભાશુભ ઉસમેં તેરી સંપદા બિલકુલ નહીં. વહ માયાજાલ, પ્રપંચ વિકલ્પકી જાલ હૈ. આહા..હા..!

ઉસમેં '**પાખંડોસે રહિત...**' ઐસી માયા વિકલ્પકી જાલ ઈસસે રહિત '**यत् ब्रह्म**' ભગવાન આત્મા શુદ્ધાત્મા પ્રભુ ઉસમેં તેરી દૃષ્ટિ ક્યોં ન લગાયી? સમજમેં આયા? અને વો દૃષ્ટિ લગાયે બિના '**तत् ज्ञात्वा**' '**ઉસકો જાનકર...**' મૈં શુદ્ધાત્મા વિકલ્પકી જાલ શુભાશુભકા રાગ, ઉસસે (ભિન્ન) વીતરાગ વિજ્ઞાનઘન મેરી ચીજ ઉસકો વિકલ્પસે રહિત જાનકર '**मनो मारय**' '**વિકલ્પ-જાલરૂપી મનકો માર.**' પહેલી સમ્યગ્દૃષ્ટિકી બાત કરતે હૈં. પીછે વિકલ્પ જો હૈ અસ્થિરતાકા વહ સ્વરૂપમેં સ્થિર હોકર ઉસકો માર. સમજમેં આયા? આહા..હા..! કિયા ક્યા હૈ અભી તક ઉસને? અભી અપની જો પ્રગટ જ્ઞાન, દર્શન, વીર્યકી અવસ્થા ઉસકા ઝુકાવ વિકલ્પકી જાલમેં,

નિમિત્તકી જાલમેં રુકા હૈ. યે મિથ્યાદષ્ટિપના દુર્મતિ બુદ્ધિ અજ્ઞાનભાવ હૈ. યહી જ્ઞાનકી વર્તમાન પ્રગટ પર્યાયકો પરસન્મુખ હૈ ઉસકો યહાં દુર્મતિ કહા હૈ. આહા..હા..! વો પર્યાયકો સ્વસન્મુખ કરના ઉસકા નામ સુમતિ બુદ્ધિ હૈ. સમજમેં આયા? કરના ઈતના હૈ ઔર બડા-બડા સંસાર હો ગયા.

કહતે હૈં દેખો, 'तत् ज्ञात्वा' ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ. માયા, પાખંડ, વિકલ્પ પાખંડ હૈ, માયાજાલ હૈ, શુભાશુભ વિકલ્પ રાગ, ભગવાન વીતરાગ અને વો રાગ તો ઉસસે વિપરીત માયાજાલ હૈ. ઐસા માયાજાલ રહિત પ્રભુ આત્મા તેરા હૈ શુદ્ધસ્વરૂપ ઉસકો જાનકર, માયજાલ રહિત જાનકર, વિકલ્પસે રહિત ઐસા જ્ઞાન કર પીછે સ્થિર હો ઐસા કહતે હૈ. પહલે ઈસકા જ્ઞાન યથાર્થ દર્શન કરકે પીછે સ્વરૂપકી સ્થિરતા હોકર વિકલ્પકો માર તો તેરા કાર્ય હોગા, નહિતર આત્માકા કાર્ય હોગા નહીં. બહુ આકરી વાત માણસને. કેટલાક એ રાડ પાડે છે કે પહેલા અશુભ છોડાવો... અશુભ છોડાવો... ઓલું લખાણ આવ્યું છે કાલે મોટું. અરે ભગવાન! કૈલાસચંદજીકા લેખ હૈ બડા જૈન સંદેશમેં. વ્યવહારકી ઉપયોગિતા. ભગવાન! વ્યવહારકી ઉપયોગિતા ક્યા? ક્યા રાગકી મંદતા ઉસકી ઉપયોગિતા આત્માકે લિયે હૈં? વો તો અનાદિસે કોઈ સમ્યગ્દર્શન આદિ પા સકા નહીં તો આચાર્યોં સાધારણ પ્રાણીકો ઐસા ભી કહ દે, ભૈયા! .. માંસ છોડ દે પ્રભુ! .. ઐસા છોડ ફલાણા.. કોઈ ઐસા કહે. ઉસસે કોઈ ધર્મ હો ઔર મોક્ષમાર્ગ હૈ વહ?

મુમુક્ષુ :- દિશા બતાવીને?

ઉત્તર :- દિશા નથી બતાવી બિલકુલ. એ પ્રાણીની દશા સ્વભાવ તરફ સન્મુખ હોનેકી લાયકાત ન દેખી તો ઐસા આયા ઉપદેશ. કોણ ઉપદેશ કરે? ભાઈ! એ વાતું રમત જરી ઝીણી છે. એ ભાષા આને આમ કહું એવી ભાષાનો કર્તા આત્મા ક્યાં છે? આહા..હા..! અરે..! એ ચૈતન્ય ને એ વીતરાગ માર્ગની સ્થિતિ વ્યવસ્થા પદાર્થની જાણવી, મહાન વિવેક માગતે હૈ. ઐસા ઉપદેશ ઉસકો કરના, ઐસા કરના. ભગવાન! ઐસા વિકલ્પ આવે વહ ભી જહાં વિકલ્પ ભી વાસ્તવિક સંસાર... મુક્ત દૃષ્ટિ જિસકી હુઈ સમ્યક્, વો વિકલ્પકા કર્તા નહીં હૈ તો મૈં ઉસકો ઐસી વાણી કહું... ઐસી વાણી કહું... ભાઈ! સમજનેકી ચીજ જરી સૂક્ષ્મ હૈ. કોણ કહે ભાઈ! ઐસી ભાષા મૈં કરું, ઐસી ભાષા મૈં બનાવું તો ભાષાકા પર્યાય ક્યા આત્મા રચ સકતા હૈ? સમજમેં આયા? ક્યા જડકી પર્યાયકા આત્મા કર્તા હૈ ઉસકા? આહા..હા..! આ કાંઈ ઈશ્વર માર્ગ કરતે હૈ ઔર ઈશ્વરકી કૃપા હો જાયે અને મિલે ઐસા માર્ગ નહીં હૈ. સમજમેં આયા? કોઈ ઈશ્વર-ફીશ્વર ઐસા હૈ નહીં કિ ઉસકી કૃપાસે આત્માકો કલ્યાણ હો જાયે. પરમાત્મા સર્વજ્ઞ વીતરાગદેવ ઈશ્વર પરમેશ્વર હૈ. વો પરમેશ્વરકા હુકમ આયા, સો ઈન્દ્રકી ઉપસ્થિતિમેં હુકમ નિકલા વાણીકા. અરે ભગવાન! તું મેરી ચીજ જૈસા હી તૂ હૈ ઔર ઉસકો હી હમ

આત્મા કહતે હૈ ઔર વો આત્મા તરફકી દૃષ્ટિ કર ઔર વિકલ્પકી જાલકી દૃષ્ટિ છોડ દે. પહલે તો મિથ્યાત્વકા ત્યાગ પહલે કરાયા હૈ. સમજમેં આયા?

મોક્ષમાર્ગ (પ્રકાશક)મેં નહીં લિયા? કિ અરે! દ્રવ્યાનુયોગકા ઉપદેશ સભામેં ન હો, તો અધ્યાત્મમેં મોક્ષમાર્ગ તો કહા હી હૈ મુખ્ય અને એ ઉપદેશ ન હોય તો બહુત પ્રાણીકો મોક્ષમાર્ગકી તો પ્રાપ્તિ નહીં હોગી, બડા નુકસાન હૈ. સમજમેં આયા? તો લોકો કહે કિ નહિ, ભાઈ ઐસા કરો. યહ પ્રથમાનુયોગકી કથા કરો, ઐસા કરો. ભગવાન! વહ સબ હૈ, ઉસમેં ભી બાત હૈ, પણ તત્ત્વજ્ઞાનકી દૃષ્ટિ હોનેમેં દ્રવ્યાનુયોગકા જ્ઞાન યથાર્થ પહલે કરના ચાહિયે. ઉસકે બિના કઈ દૃષ્ટિસે ક્યા કથન હૈ ઉસકા ઉસકો ખયાલ આયેગા નહીં. કઈ દૃષ્ટિસે ક્યા કથન હૈ? કઈ અપેક્ષાસે ક્યા ચરણાનુયોગમેં, ક્યા કથાનુયોગમેં કે ક્યા કરણાનુયોગમેં ક્યા હૈ, વો સચ્ચી તત્ત્વ દૃષ્ટિ હુએ બિના વહ જ્ઞાનકા ઉકેલ ઉસકે પાસ આયેગા નહીં. ભાઈ! શું થાય? સમજમેં આયા?

આચાર્ય મહારાજ કહતે હૈ, અરે જીવ! યે વિકલ્પજાલરૂપી વિકલ્પકી રુચિ છોડ. પહલે રુચિ છોડ. ભગવાન શુદ્ધાત્મા આનંદ એની રુચિ કર, સમ્યક્ શ્રદ્ધા કર તો તેરે નિર્વિકલ્પ આનંદ અનુભવમેં આયેગા. સમજમેં આયા? આહા..હા..! આ તો પહેલી વાત પહેલામાં પહેલી વાત છે. પહેલીકો ક્યા કહતે હૈ? પહલી. સમજમેં આયા? ઓહો..!

'**ભાવાર્થ :- વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્માકો જાનકર...**' જુઓ, '**ज्ञात्वा**'ની વ્યાખ્યા કરી. '**तत् ज्ञात्वा**' હૈ ન? '**यत् ब्रह्म तत् ज्ञात्वा**' પહેલું તો '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્માકો જાનકર...**' લો, પહેલામાં પહેલી એ વાત છે, ધર્મ કરના હો તો. જન્મ-મરણકા અંત લાના હો તો, ભગવાન આત્માકા જૈસા સ્વરૂપ હૈ ઐસા જાનનેકી તન્મયતા, લીનતા, જિજ્ઞાસા હો તો. નહિતર સબ હૈ, દુનિયામેં હૈ. ક્યા નહીં હૈ? શુભભાવ કરતે હૈ, સ્વર્ગાદિ મિલે ઔર વહાંસે ઢોર આદિ પશુમેં જાયે તો ચાર ગતિમેં રુલા અનંત બૈર. 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' ત્યાં ક્યોં શુભભાવ ઐસા હુઆ અને પીછે શુદ્ધ ન હુઆ? એમ કે પહેલા અશુભ છુડાઓ, પીછે શુભરાગ ભી છોડ દેગા. પહલે આ તો કરો, પાધરા દૃષ્ટિ સમ્યગ્દર્શનની વાત? બધે અભૂતાર્થ-અભૂતાર્થ નાખો છો એમ કહતે હૈ. '**ववहारोऽभूदत्थो**' '**ववहारोऽभूदत्थो**' '**ववहारोऽभूदत्थो**'. સબ શાસ્ત્રમેં ઐસા નહીં લિખા હૈ. અરે ભગવાન! સબ શાસ્ત્રમેં ઐસા લિખા હૈ, ભાઈ! આહા..હા..! સમજમેં આયા?

ભગવાન આત્મા.. અહીં કહતે હૈ, '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્મા...**' જાનનેમેં આતા હૈ. લ્યો, યે ભૂતાર્થ આયા. રાગકે અવલંબનસે, નિમિત્તકે આશ્રયસે, ભેદકે આશ્રયસે ભગવાન આત્માકા અનુભવ સમ્યગ્જ્ઞાન હોતા નહીં. કહો, બરાબર હૈ? સીધા ઉપદેશ ઈતના ઉંચા! અરે ભગવાન! આહા..હા..! તેરા ધર્મકા પહલા પગથિયા-સોપાન વહી હૈ. પહલા સોપાન

वह है. आहा..हा..! शुं करे? कोण करी दे? अने कोना उपदेशसे वह सब हो? ऐसा आत्मा है नहीं. कोईका उपदेशका असर लग जाये उसको. समजमें आया? वह तो अपनी मिथ्या रुचिकी असर है, उसको वो फेरे तो असर फिरे. उसके सिवाय कोई तीन लोकका नाथ आवे अने उपदेस सुने और समवसरणमें जाये, ऐसा ने ऐसा पीछे समवसरणमेंसे निकल गया मिथ्यादृष्टि लेकर. समजमें आया?

कहते है कि अरे भगवान! तेरा आत्मा शुभाशुभ विकल्पसे रहित, रागरहित पहला चिदानंद ज्ञायकस्वरूप उसको रागका अवलंबन छोडकर, मनका अवलंबन छोडकर, शुभाशुभ विकल्पका लक्ष छोडकर वीतराग स्वसंवेदनज्ञान. 'स्वानुभूत्या चकासते।' ल्यो! पहेली ही कडीमें भगवान अमृतचंद्राचार्य महाराज (कहते हैं).

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

जुओ, एकली अस्तिनी वात करी. 'नमः समयसाराय' पहेली ज वात ए. 'नमः समयसाराय' 'साराय' द्रव्यकर्म, भावकर्म, नोकर्मरहित भगवान आत्मा शुद्ध आत्मा उसको मैं नमस्कार करता हूं. कैसा है आत्मा? 'भावाय' अस्तिरूप है-अस्तिरूप है. महान अस्ति सत्तास्वरूप है. 'चित्स्वभावाय' शक्ति क्या है? गुण क्या है? 'चित्स्वभावाय'.. वह द्रव्य आया 'भावाय'. 'चित्स्वभावाय' गुण आया. प्रगट कैसे होता है? 'स्वानुभूत्या चकासते' ये पर्याय आयी. द्रव्य-गुण-पर्याय लगा दिया एक श्लोकमें. भगवान आत्मा 'भावाय' वस्तु अस्ति, परथी नथी ए नास्ति. नहितर है उसमें नास्ति, परंतु वह लिया नहीं. 'भावाय' 'भावाय' आत्मा तो भावस्वरूप भी है और अभावस्वरूप भी है, परका अभावस्वरूप है, स्वका भावस्वरूप है, पण अस्तिसे एकीला बात किया 'भावाय' भगवान. 'चित्स्वभावाय' ज्ञानस्वभाव उसका गुण है. 'स्वानुभूत्या चकासते।' उसकी स्वरूपकी एकाग्रता द्वारा, अनुभूति द्वारा वह प्रकाशमें आता है. अंतरकी निर्मल पर्याय जे आ वीतराग स्वसंवेदनज्ञान कहा (उसके द्वारा अनुभवमें आता है), दूसरा कोई उपाय नहीं है. यह क्रिया कही.

'स्वानुभूत्या' वह क्रिया हुई. ज्ञप्ति क्रिया. ज्ञप्ति नाम ज्ञानकी क्रिया. रागकी क्रियाकी की तो वहां बात ही नहीं कही. यहां तो 'भावाय' कहा. अभाव परसे है वह बात नहीं की. नास्तिका ज्ञान उसमें (हो जाता है). 'भावाय' का ज्ञान करके उसमें दूसरी चीजका अभावका ज्ञान हो जाता है. 'चित्स्वभावाय' गुणका कहा. दूसरे गुणका उसमें अभाव है. दूसराका गुण हों. अपना गुण स्वभाव गुण है. 'स्वानुभूत्या' अपनी अनुभूति, यह कहा वह-वीतराग स्वसंवेदनज्ञान. रागरहित अपनी ज्ञानकी पर्याय द्वारा, अनुभूति द्वारा वह प्रकाशमें आता है.

આત્મખ્યાતિ હૈ ન ટીકાકા નામ? આત્મખ્યાતિ હૈ. તો આત્માકી પ્રસિદ્ધિ ક્યોં હોતી હૈ? '**स्वानुभूत्या चकासते**' પહલી એક કડીમેં કહા.

ભગવાન આત્મા... ભાઈ! આ ધીરાનું કામ છે. આ કાંઈ એકદમ લડ્ડુ ખાના, ઐસા ખાના, પાંચ-પાંચ અપવાસ કર દેના, ઐસા કર દેના... સમજમેં આયા? કિ શાસ્ત્ર પઢ ડાલા પીછે દુનિયાકો કહના વહ તો બાત સાધારણ હૈ. ઉસમેં ક્યા આયા? સમજમેં આયા? વહ કોઈ આત્મા નહીં. વાણી આયી વહ આત્મા નહીં, વિકલ્પ ઉઠા વહ ભી આત્મા નહીં. આહા..હા..! ભગવાન '**स्वानुभूत्या चकासते**' સ્વસંવેદન અંતર્મુખ જ્ઞાનકી પર્યાય સ્વાનુભૂતિ જ્ઞપ્તિક્રિયા દ્વારા આત્મા યહ હૈ, આનંદકી પર્યાયકા વેદન હુઆ, જ્ઞાનકા અંશ સમ્યક્ ...સે ભાન હુઆ તો વહ આત્મા સારા જ્ઞાનરૂપ અને સારા આનંદરૂપ હૈ ઐસી સ્વાનુભૂતિ ક્રિયા દ્વારા આત્માકી પ્રતીત હુઈ. સમજમેં આયા? વિકલ્પ દ્વારા, મન દ્વારા ઉસકી પ્રતીત આતી નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માકી બાત હૈ. મુનિયોંકી નહીં. વહ તો પહલે કહા. યહ તો મુનિકી બાત કહી કિ પહલે ઐસે વીતરાગી જ્ઞાન હોકર પીછે સ્વરૂપમેં સ્થિરતા કરના, વિકલ્પ છોડના વહ મુનિકી બાત હૈ. સમજમેં આયા? વો માથે લિખા હૈ. ઐસા શબ્દ લિખા હૈ ન?

ભાઈ! સમ્યક્દૃષ્ટિ તો મુનિકા ઔર ગૃહસ્થોંકા એક હી ચીજ હૈ, ઉસમેં કોઈ ફેર નહીં. મુનિયોંમેં સ્થિરતા ચારિત્રકી ઉગ્ર પુરુષાર્થ જિસમેં વિકલ્પકી બહુત કમી હોકર નિર્વિકલ્પ વીતરાગતાકા પ્રસિદ્ધ આનંદ બહુત સ્વસંવેદન પ્રચુર, પ્રચુર સ્વસંવેદન (પ્રગટ હુઆ હૈ) ઉસકા નામ મુનિપના. પણ થોડા સ્વસંવેદન ઉસકા નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. સમજમેં આયા? (વાત) આકરી લાગે, દુષ્કર લાગે, કઠણ લાગે, તોપણ માર્ગ તો આ છે, પ્રભુ! શું થાય? કોઈ કોઈકા કોઈ કર સકે, કોઈકા આશીર્વાદસે મિલ જાયે, પ્રભુ! ઐસી ચીજ નહીં હૈ હોં. અને દૂસરા કોઈ દૂસરા અવલંબનસે કહ દે, હમ સહેલા કરતે હૈ તુમકો. સહેલા ક્યા કહતે હૈ? આસાન. આસાન તુમકો મોક્ષમાર્ગ હૈ ઐસા હમ બતાતે હૈ. કૈસે? રાગ મંદ કરો, ક્રિયા કરો ઉસસે હો જાયેગા. ભગવાન! વહ આસાન નહીં હૈ. સમજમેં આયા? આહા..હા..!

કહતે હૈ, યોગીન્દ્રદેવ આચાર્ય હૈ, દિગંબર સંત હૈ, મહામુનિ હૈ. ગૃહસ્થાશ્રમકો છોડકર વીતરાગભાવમેં ઝૂલનેવાલા હૈ. જગતકી કરૂણાસે વિકલ્પ જરી આયા. અપની કમજોરીસે આયા તો કરૂણા દષ્ટિ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? અરે! આત્મા! તેરી દુર્મતિ ક્યોં હુઈ? આહા..હા..! અરે! તેરા જ્ઞાનાનંદ પૂર્ણાનંદ પ્રભુ પડા હૈ ન. ઉસ તરફ તેરી મતિકા ઝૂકાવ ન હુઆ અને વ્યવહાર વિકલ્પકા ઉદ્યમમેં તેરા ઝૂકાવ હુઆ, ભગવાન! તેરી મતિ દુર્મતિ હુઈ હૈ. સમજમેં આયા?

શ્રીમદ્‌નો એક પત્ર છે શ્રીમદ્‌માં. પ્રભુમેં ગુણ અનંત હૈ પણ ઉસમેં અપલક્ષણકા ભી પાર નહીં. અપલક્ષણકો ક્યા કહતે હૈ તુમ્હારે હિન્દીમેં? અપલક્ષણ નહીં કહતે હૈ? ઐસા એક પાઠ હૈ. હૈ? સમજાય છે? પ્રભુ સર્વગુણસંપન્ન હૈ, પણ ઉસમેં અપલક્ષણકા ભી પાર નહીં. ક્યા વાંચે? અરેરે! ભગવાનમેં ભી અપલક્ષણ કહતે હૈ શ્રીમદ્. એ ક્યાંક છે હોં. છે? વસ્તુ ન સમજી શકેને પીછે કહે, દેખો, યહ ઐસા કહતે હૈ. ઈ કહતે હૈ સુન તો સહી! હવે તેરે ખબર નહીં. ક્યા હૈ? સમજમેં આયા? ઐસા ક્યાંક હૈ સમજમેં આયા? ભગવાન એમ કે પરિપૂર્ણ ગુણસંપન્ન હૈ, પણ ઉસમેં અપલક્ષણકા ભી પાર નહીં હૈ ઐસી બાત હૈ. ભગવાન આત્મા પરિપૂર્ણ ગુણસંપન્ન હૈ. સમજમેં આયા? ઉસકી બાત હૈ. પણ પર્યાયમેં અપલક્ષણકા પાર નહીં ઐસા એક પાઠ હૈ કહીં. ઓલા કહે દેખો, ઐસા ભગવાનકા ભી દોષ નિકાલતે હૈ. ઐસા એક શબ્દ ક્યાંક છે. એ કાંઈ હાથ આવવું જોઈએને અંદર? અહીં છે ક્યાંક આ બાજુમાં. પ્રભુ ગુણસે પરિપૂર્ણ સંપન્ન હૈ, ઉસમેં અપલક્ષણકા પાર નહીં. તો વો કહતે હૈ કિ દેખો, ભગવાનકા ભી દોષ કાઢતે હૈ.

અહીં તો કહા કિ અરે પ્રભુ! તુમ તો અનંતગુણકા સંપન્ન પ્રભુ હૈ ન. પણ તેરા અપલક્ષણ, તેરી મતિ (વહ કિ), તેરી ચીજમેં ગતિ હોની ચાહિયે વહ ન કરકે પુણ્ય-પાપ વિકારકી મતિ કરતે હૈ, તેરા અપલક્ષણ ભી બહુત ઉલટા હૈ. ધન્નાલાલજી! બરાબર હૈ? પ્રભુકા અપલક્ષણ! ન્યાલભાઈ! ઐસા પાઠ હૈ. લોકો નિંદા કરતે હૈ. લોકો કહે, અરે ભગવાન! કઈ અપેક્ષાએ કહતે હૈ ભાઈ! અહીં કહતે હૈ ન. તુમ તો પ્રભુ હૈ ન પ્રભુ. યે પ્રભુકો ક્યા કહા? ક્યા દુર્મતિ? ક્યા તેરી મતિ દુર્મતિ હુઈ? કિ તેરી પદમેં ચીજ નહીં વહ પદમેં પ્રેમ અને રુચિ કર લિયા તુને, ક્યા તેરા અપલક્ષણ ઐસા હુઆ? સમજમેં આયા? આમાં ક્યાંક છે જુઓને. ક્યાંક પાઠ છે એટલામાં આ બાજુમાં. તરત જ થોડા પાનામાં છે. સમજાણું આમાં? કાંઈ બધું યાદ રહે છે? આ ઠેકાણે હોય એ. યાદ આવ્યું.

અહીં તો દુર્મતિ શબ્દ કહા ન ભગવાન યોગીન્દ્રદેવને. તો દુર્મતિ, ક્યા સમકિતીકો દુર્મતિ કહા હૈ? ભગવાન આત્મામેં વીતરાગ સ્વસંવેદન મતિજ્ઞાન દ્વારા શુદ્ધાત્માકા જ્ઞાન હોતા હૈ, તો ઐસા તો જ્ઞાન તુને કિયા નહીં ઔર પુણ્ય-પાપ કા વિકલ્પ ઔર નિમિત્તમેં રુક ગયા, ફંસ ગયા ઔર ઉસસે મેરા કલ્યાણ હોગા (ઐસા માના તો) તેરી મતિ દુર્મતિ હુઈ, પ્રભુ! સમજમેં આયા?

‘**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્માકો...**’ આ વીતરાગ શબ્દે કેવળી અને આઠવે ગુણસ્થાનકી બાત નહીં હૈ. ચોથા ગુણસ્થાનકી બાત હૈ. પહલે સમ્યગ્દર્શન પ્રગટ કર ઔર પહલે સ્વસંવેદનજ્ઞાનમેં આત્મા ક્યા હૈ ઉસકો જાન, પીછે તેરી ઉસમેં પ્રતીત હોગી. જાને બિનાકી

પ્રતીત ક્યા? ક્યા ચીજ હૈ ઉસકા ખ્યાલમેં આયા નહીં (તો) પ્રતીત કિસકી?

તો કહતે હૈ કિ પહલેમેં પહલે તુઝે કરના હો તો '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્માકો જાનકર...**' ઓહો..! '**શુભાશુભ વિકલ્પ-જાલરૂપ મનકો મારો.**' પીછે કહતે હૈ દેખો, પહલી દૃષ્ટિ જ્ઞાન કિયા ઉસમેં શુભાશુભ વિકલ્પસે રહિત તો જાના, પણ શુભાશુભ વિકલ્પ હજી પડા હૈ. હૈ કિ નહીં? પીછે કહા. વહ આત્માકી દૃષ્ટિ હુઈ, પીછે ઉસમેં સ્થિર હોકર મનકો માર દે. શુભાશુભ વિકલ્પકો છોડ દે. યે મુનિકી બાત ઉત્કૃષ્ટ હૈ. પહલા શુભાશુભ વિકલ્પસે નિર્વિકલ્પ અનુભવ કર વહ સમ્યગ્દૃષ્ટિકી બાત હૈ. સમજમેં આયા? શુભાશુભસે ભેદ હો ગયા, પણ શુભાશુભકા અભાવ ન હુઆ પર્યાયમેં ઉત્પત્તિકા. સ્વભાવમેં અભાવ હૈ. દૃષ્ટિ હુઈ કિ મૈં જ્ઞાયક હૂં. મેરી પર્યાયમેં ઔર સ્વભાવમેં શુભાશુભ હૈ હી નહીં. શુભાશુભ હૈ વહ પૃથક્ હૈ. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન નિશ્ચયસે વહ શુભાશુભ પૃથક્ હૈ, વ્યવહાર નિશ્ચયસે પૃથક્ હૈ ઐસા ભાન પહલે હુઆ, પીછે વ્યવહારકા જો પુરુષાર્થ હૈ વો સ્વરૂપકી સ્થિરતા હોકર માર દે. રાગ વિકલ્પકો છોડ દે ઐસા મુનિકો ઉપદેશ કરતે હૈ. પણ મુનિકી ઐસી દશા હૈ ઐસા પહલે જાનના તો પડેગા કિ નહીં? સમજમેં આયા? મુનિ કિસકો કહતે હૈ? સાત તત્ત્વકી શ્રદ્ધામેં સંવર-નિર્જરા નહીં આતી હૈ? તો ઉત્કૃષ્ટ સંવર-નિર્જરાકા સ્વરૂપ વહ ગુરુકા સ્વરૂપ હૈ, મોક્ષકા સ્વરૂપ હૈ વહ દેવકા સ્વરૂપ હૈ. સાતોં તત્ત્વમેં દેવ-ગુરુ-શાસ્ત્ર સબ આ જાતા હૈ ઉસમેં. સમજમેં આયા? શાસ્ત્રમેં જો અનેકાંત ધર્મ કહા હૈ વહી સંવર-નિર્જરામેં ઉસમેં આ જાતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. ઉત્કૃષ્ટ શબ્દ લિયા થા. તુમને સુના નહીં. ગુરુકે સ્વરૂપમેં ઉત્કૃષ્ટ સંવર-નિર્જરા અને ચોથા ગુણસ્થાનમેં ઉત્કૃષ્ટ સંવર-નિર્જરા નહીં, પણ સંવર-નિર્જરા જઘન્ય થોડા તો હૈ. ઐસે શબ્દ લિયા થા. સમજમેં આયા? આહા..હા..! જઘન્ય થોડા સંવર-નિર્જરા સમ્યગ્દર્શનકી પર્યાયમેં, જ્ઞાનમેં પંચમમે, ઉત્કૃષ્ટ સંવર-નિર્જરા મુનિકો ઔર પૂર્ણ મોક્ષ ઐસી સાત તત્ત્વકી શ્રદ્ધામેં સબ બાત આ જાતી હૈ. કહો, બરાબર હૈ? સાત તત્ત્વમેં સબ બાત આતી હૈ. ક્યા બાત ખાનગી હૈ સાત તત્ત્વમેં? હો, સાતમેં સબ અસ્તિ, જહાં આત્માકા ભાન હુઆ, ઉસમેં ભાન હુઆ સંવર-નિર્જરા અભેદ હો ગયા, આસ્રવ બંધ ભિન્ન પડ ગયા. લાવો. એ ઓલામાં હશે. એ શબ્દ તો ખ્યાલમાં છે. ચોવીસમાં વર્ષમાં હશે.

ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે, તથાપિ એમાં પણ અપલક્ષણ કાંઈ ઓછા નથી. પંડિતજી! પર્યાયકી... પર્યાયકી બાત કિયા હૈ. જુઓ, 'ભગવાન પરિપૂર્ણ સર્વગુણ સંપન્ન કહેવાય છે.' ભગવાન આત્મા સર્વ પરિપૂર્ણ સર્વગુણસંપન્ન છે. ચોવીસમાં વર્ષે કારતક સુદ પાંચમ. મુંબઈનો પત્ર છે. ૧૯૪૭ સોમવાર. આમાં છે. સમજાય છે? સોભાગભાઈ ઉપર લખ્યો છે

હોં. 'પરમ પૂજ્ય કેવળબીજસંપન્ન' એમ કરીને લખ્યું છે. 'સર્વોત્તમ ઉપકારી શ્રી સોભાગભાઈ, મોરબી' ઉપકાર બહુ માન્યો છે. ... 'આપના પ્રતાપે અત્ર આનંદવૃત્તિ છે. પ્રભુ પ્રતાપે ઉપાધિજન્ય વૃત્તિ છે.' પ્રભુ પ્રતાપે એટલે પ્રભુ પોતે હજી રાગમાં જોડાય છે અને અસ્થિરતામાં જોડાય છે. એટલી હજી ઉપાધિજન્ય વૃત્તિ છે. 'ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન...' બહુત ક્ષયોપશમ થા શ્રીમદ્‌કા, પણ ગૃહસ્થાશ્રમમેં રહ ગયે ઔર સ્ત્રી, કુટુંબ થા ઔર લાખોંકા વેપાર થા, લોગ પહચાન ન સકે, પહચાન ન સકે. અને જુવાન માણસ. પાઘડી બાંધે ઐસી ગૃહસ્થાશ્રમમેં. ઉસકા ભાન ઐસા થા અને ક્ષયોપશમ ઐસા, પણ ઉસ વક્ત કોઈ ઐસા પુરુષ ક્ષયોપશમવાલા હૈ ઐસા ખ્યાલમેં નહીં આતા. ઈતના ક્ષયોપશમ. લખાણ લખે તો શબ્દ ફરે નહિ લગભગ-લગભગ. 'ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે તથાપિ એમાં અપલક્ષણ કાંઈ ઓછા નથી.' એ પ્રભુની વાત કરી. પ્રભુ એટલે તું. અરે ભગવાન! આહા..હા..! તારું ઠેકાણું નથી સાંભળને. શું કહે છે એની ખબર વિના.

અહીં તો પ્રભુ ત્રણ લોકનો નાથ. આહા..હા..! જેના ગુણની અનંત સંખ્યા પાસે સંખ્યા કહેવી ક્રમે કોઈની તાકાત નથી. એના અનંતગુણની સંખ્યા ક્રમે એક આ... એક આ... એક આ... ગુણ એમ કહેવા, અનંત-અનંત કાળ ત્રણ કાળ ચાલ્યા જાય તોપણ એના અનંતગુણ ક્રમે એક-એક કહી શકાય નહિ એવો એ ભગવાન આત્મા છે. અહીં સર્વગુણસંપન્ન કહ્યું છેને? ત્રણ કાળના સમય જેટલા છે ઉસસે તો આકાશકા પ્રદેશ અનંતગુના હૈ. ક્યા? તીન કાલકા સમય હૈ ભૂત, ભવિષ્ય, વર્તમાન. કભી આદિ નહીં, અંત નહીં ઈતના ત્રિકાલ સમય હૈ, ઉસસે આકાશકા પ્રદેશ સર્વવ્યાપક ચારે દિશા અનંતગુણા હૈ. ઔર ઉસસે અનંતગુણા એક જીવમેં ગુણ હૈ. તો એક ગુણ એક સમયમેં કહે, દૂસરા દૂસરે સમયમેં કહે, તીન કાલકે સમયમેં કાલસે અનંતગુણા, આકાશ કે (પ્રદેશ), ઉસસે અનંતગુણા ગુણ તો ઉસ કાલમેં એક સમયમેં એક ગુણ કહે તો અનંતમાં અનંતમાં ભાગે કહ સકે. ઈતના આયુષ્ય તો કોઈકા હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા?

કહતે હૈ કિ સર્વગુણસંપન્ન. 'વિચિત્ર કરવું એ એની લીલા. ત્યાં અધિક શું કહેવું?' એમ કે દૃષ્ટિનું ભાન હોવા છતાં હજી રાગની અસ્થિરતા અને વિકલ્પનું વેપાર-ધંધાનું આ વિચિત્રપણું થવું આ તે એની લીલા વિકારની. જ્યાં સ્વરૂપમાં વિકલ્પનો અવકાશ નથી, રાગનો અવકાશ નથી એવું ભાન હોવા છતાં આ પર્યાયમાં વિકલ્પની ઉપાધિ ધંધા, વેપાર, ભોગ, અરે! લીલા કરવી એ જ એનું વિચિત્ર છે એમ કહે છે. એમ કરીને વ્યવહારનું જ્ઞાન કર્યું છે. સમજાય છે? 'સર્વ સમર્થ પુરુષો આપને પ્રાપ્ત થયેલા જ્ઞાનને જ ગાઈ ગયા છે. એ જ્ઞાનની દિન-પ્રતિદિન આ આત્માને વિશેષતા થતી જાય છે.' એમ કરીને... કહો, સમજાણું કાંઈ? આ આત્મા,

દરેક આત્મા. એમાં ભાન થયું છતાં ભગવાન... આહા..હા..! અરે..! આ આનંદકંદ સ્વસંવેદનથી જણાય એવો આત્મા આ હજી વિષય-વાસના, વેપાર-ધંધાની વિકલ્પની તૃષ્ણા એની છે, આ તે કોઈ લીલા ઈશ્વરની! આ ઈશ્વરની, પોતાના ઈશ્વરની લીલાની વાત છે હોં. બીજો ઈશ્વર કોઈ નથી. એમ કરીને એ વિકારની વૃત્તિઓને જાણનાર મૈં હૂં, મૈં જ્ઞાતા હૂં, મેરે છોડનેકી જરૂર હૈ ઐસા સ્વીકાર કરતે હૈં. ન્યાલભાઈ! સમજે નહિ અને ઉંધા અર્થ કરે લ્યો! કેટલા વર્ષ પહેલા એક જણો કહેતો હતો કે આ આમ.. ભાઈ! સાંભળને હવે. પ્રભુના અપલક્ષણ, તારા અપલક્ષણની વાત કરી છે.

અહીં કહતે હૈ કિ એને '**જાનકર શુભાશુભ વિકલ્પ-જાલરૂપ મનકો મારો.**' પહેલી દૃષ્ટિ નિર્વિકલ્પ કરકે મનકો માર ઔર સ્વરૂપકો જાન. પીછે સ્વરૂપમેં સ્થિરતા કરકે વિકલ્પકી ઉત્પત્તિ છૂટ જાયે ઉસે મનકો યથાર્થ મારા કહનેમેં આતા હૈ. કહો, ભૈયા! અહીં તો દોનોંકી બાત આઈ કિ નહીં? દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર. સમજમેં આયા? '**મનકે બિના વશ કિયે નિર્વિકલ્પધ્યાનકી સિદ્ધિ નહીં હોતી.**' પહલે સમ્યગ્દર્શન પણ મનકે વશ કરે બિના, વિકલ્પકા તરફકા જોર છૂટે બિના ઔર નિર્વિકલ્પ દૃષ્ટિ હુએ બિના પહલે આત્મજ્ઞાનકી દૃષ્ટિકા ધ્યાન ભી નહીં હોતા. સમજમેં આયા? આહા..હા..!

'**મનકે બિના વશ કિયે નિર્વિકલ્પધ્યાનકી સિદ્ધિ નહીં હોતી.**' ભાઈ, ધ્યાન તો બહુત બાત ઉંચી. પણ સુન તો સહી પ્રભુ! જ્ઞાતા સ્વરૂપમેં એકાકાર દૃષ્ટિ હુઆ વહી સમ્યગ્દર્શન-જ્ઞાનકા ધ્યાન હૈ. જૈસે અનાદિકાલકા પુણ્ય-પાપ વિકલ્પમેં એકાગ્ર હોકર આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરતે થે, પરલક્ષમેં ધ્યેય કરકે રૌદ્રધ્યાન, આર્તધ્યાન કરતે થે વહી ધ્યાનકી દિશા બદલ ગયી. દિશા પલટતા દશા પલટી ગઈ. મૈં આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાલ ઐસા રહા હૂં. લ્યો! આવે છેને ભાઈ! ૨૦૦ ગાથામાં નહિ? પ્રવચનસાર. હા, મૈં તો ઐસા ને ઐસા રહા હૂં. આવે છેને? અનધ્યવસાય હી દૂસરા હુઆ હૈ. ઐસા કહા હૈ. ૨૦૦ ગાથામેં હૈ. ઈતની બાત ભિન્ન-ભિન્ન રીતે સમા દિયા હૈ દેખો.

'**જો સહજ અનંતશક્તિવાલે જ્ઞાયકસ્વભાવકે દ્વારા એકરૂપતાકો નહીં** છોડતા,...' ઐસા મૈં આત્મા હૂં. '**જો અનાદિ સંસારસે ઈસી સ્થિતિમેં (જ્ઞાયક ભાવરૂપ હી)** રહા હૈ...' ૨૦૦ ગાથામેં હૈ, પ્રવચનસાર. અમૃતચંદ્રાચાર્યકી બાત હૈ. '**ઔર જો મોહકે દ્વારા દૂસરે રૂપમેં જાના-માના જાતા હૈ...**' બસ, એટલી વાત. એ મિથ્યા અભિપ્રાય વડે અનેરા નિર્ણય હોતા હૈ. વસ્તુ તો જ્ઞાયક તે જ્ઞાયક અનાદિકી હૈ. સમજમેં આયા? જુઓ, પાઠ હૈ મૂલ હોં. '**ज्ञायकस्वभावेनैक्यरूप्यमनुज्झन्तमासंसारमनयैव स्थित्या स्थितं मोहेनान्यथा-ध्यवस्यमानं**' મોહસે દૂસરા નિર્ણય કરતે હૈ અજ્ઞાની. ક્યા કહા સમજમેં આયા? વસ્તુ તો

જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ અનાદિ-અનંત જ્ઞાયકભાવ હૈ. હૈ ઐસા હી રહા હૈ. એમ કહ્યું. ફક્ત વિપરીત અધ્યવસાય નિર્ણયસે દૂસરા ભાસિત હોતા હૈ. આહા..હા..! કહો, સમજમેં આયા? કેટલી વાત કરી!

'**ઉસ શુદ્ધાત્માકો યહ મૈં મોહકો ઉખાડ ફેંકકર, અતિનિષ્કમ્પ રહતા હુઆ યથાસ્થિત હી પ્રાપ્ત કરતા હૂં.**' લ્યો! આ મુનિ પોતે કહે છે. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઉઠતા વખતે કહે છે. ભાન ન હો, હમકો ખબર ન પડે. અરે..! કાંઈ અંધા હૈ આત્મા? યહ મૈં મોહકો ઉખાડકર. સમજમેં આયા? '**सम्प्रतिपद्ये। यथास्थितमेवातिनिःप्रकम्पः मोहमुत्खाय**' '**मोहमुत्खाय**' ઉખાડકર. આહા..હા..! ક્યા ખબર નહીં પડતી અપનેકો? પંચમ આરાકા મુનિકો ખબર નહીં પડતી હૈ કિ મૈંને મુનિપણામેં ઐસા મોહકો ઉખેડ ડાલા હૈ. ભગવાનકો પૂછના પડેગા. સમજમેં આયા? નહીં. મૈં '**मोहेनान्यथाध्यवस्यमानं शुद्धात्मानमेष मोहमुत्खाय यथास्थितमेवातिनिःप्रकम्पः 'सम्प्रतिपद्ये।**' પ્રાપ્ત કરતા હૂં. જુઓ, આ મુનિની દશા. સમજમેં આયા? આ આચાર્ય અમૃતચંદ્રાચાર્ય હજી નવસો વર્ષ પહલે થયા. ભગવાન પીછે તો બહુત વર્ષ (હુઆ). સમજમેં આયા? અભી નવસો વર્ષ પહલે. ૨૫૦૦ વર્ષ થયાને ભગવાનને જુઓ, ૧૬૦૦ વર્ષ પીછે. ઓહો..હો..! ભરતક્ષેત્રમાં અમૃતચંદ્રાચાર્ય વિચરતા હશે.. મૈં મોહકો ઉખેડકર, મૈં જ્ઞાયક અનાદિકા જૈસા હૈ વૈસા રહા થા પણ, દૂસરી રીતે મૈં અધ્યવસિત કિયા થા વહ છોડ દેતા હૂં ઔર અનઅધ્યવસાય મેરે સ્વરૂપકી પ્રાપ્તિ કરતા હૂં. સમજમેં આયા? આ દિગંબર મુનિ સંત જંગલમેં રહનેવાલા, પરમેશ્વરકે સાથ બાત કરનેવાલે. ઐસી વાણી ન મળે દૂસરે સ્થાનમેં. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ ઔર સંતોકી વાણી હૈ. ઐસી વાણી ભરતક્ષેત્રમેં દૂસરે કહે અને ભગવાનકે નામ પર ચઢા દિયા. ઐસી બાત નિકલે કહાંસે? સમજમેં આયા?

તો કહતે હૈં, આચાર્ય કહતે હૈં દેખો, '**ઈસપ્રકાર દર્શનવિશુદ્ધિ જિસકા મૂલ હૈ ઐસી, સમ્યગ્જ્ઞાનમેં ઉપયુક્તતાકે કારણ અત્યંત અવ્યાબાધ (નિર્વિઘ્ન) લીનતા હોનેસે, સાધુ હોનેપર ભી સાક્ષાત્ સિદ્ધભૂત...**' છેને? '**ઐસા યહ નિજ આત્માકો તથા તથાભૂત પરમાત્માઓંકો, ઉસીમેં એકપરાયણતા જિસકા લક્ષણ હૈ ઐસા ભાવનમસ્કાર સદા હી સ્વયમેવ હો.**' આહા..હા..! સ્વરૂપકી નિર્વિકલ્પ અનુભવમેં સ્થિરતા દ્વારા ભાવનમસ્કાર હમારા હમકો હો. ભગવાનકો ભી નમસ્કાર હો. આહા..! જુઓ, આ જ્ઞેય અધિકાર પૂરા કિયા ૨૦૦ ગાથામેં. ઓહો..હો..! સમજમેં આયા?

વાત એ કે આત્મામેં તાકાત જ્ઞાનકી પર્યાયમેં ઈતની હૈ કિ પૂર્ણકો જાનકર પ્રતીત કરે, નિઃશંક આત્મા મૈં પરમાત્મા હૂં ઐસી દૃષ્ટિ ઉસકો હો જાતી હૈ. સમજમેં આયા? મૈં હી પરમાત્મા પૂર્ણ હૂં. મૈં હી અલ્પકાલમેં ઉસમેં સે કેવલજ્ઞાન નિકાલૂંગા. કહીંસે દૂસરે વિકલ્પસે, નિમિત્તમેં

સે, સંહનનમેંસે કાઢના નહીં હૈ. સમજમેં આયા? નિમિત્ત હૈ, પણ નિમિત્ત, યે હો તો ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ. ઐસે નિકાલા તો સંહનનકો, મનુષ્ય દેહકો નિમિત્ત કહા. નિકાલે બિના કિસકો નિમિત્ત કહના? અપના કાર્ય અપનેમેં હુએ બિના નિમિત્ત કિસકો કહના? સમજમેં આયા? આહા..હા..!

કહે છે, '**મનકે અનેક વિકલ્પ-જાલોંસે જો શુદ્ધ આત્મા ઉસમેં નિશ્ચલતા તભી હોતી હૈ, જબ કિ મનકો મારકે નિર્વિકલ્પ દશાકો પ્રાપ્ત હોવે.**' ઓહો..! ભગવાન! વહ નિર્ણયમેં તો પહલા લે, શ્રદ્ધામેં પહલે લે ઔર જ્ઞાનમેં ઐસા અવાય નિર્ણય કરે કિ મૈં વિકલ્પરહિત પૂર્ણાનંદ પ્રભુ હૂં ઉસકા અંતરમેં અનુભવ કરું તો હી મુજે સમ્યગ્દર્શન હોગા. ઐસા નિર્ણય કિયે બિના ઉસકો સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી નહીં. સમજમેં આયા? અને પીછે સ્વરૂપમેં સ્થિર હોઉં તો ચારિત્ર હોગા. દૂસરે કોઈ કારણસે, વિકલ્પસે, નિમિત્તસે ચારિત્ર નહીં હોગા. ઐસી સ્થિરતાકી ભી પ્રતીત પહલેસે લે લેતા હૈ. આહા..હા..! દિગંબર સંતોને તો કામ કિયા હૈ. ધર્મ ધુરંધર. ધર્મના ધોરી સંતો જેણે ઉભા રાખ્યા કેવળજ્ઞાન આમ હોં. કેવળજ્ઞાનનો આખો માર્ગ આ ઉભા અમે. એમ કહ્યું છેને? ચરણાનુયોગમેં. આ ઉભા. એના જાણનારા, મુનિપનેકો જાનનેવાલા, મુનિપણા અનુભવકી પર્યાયમેં કૈસી હૈ? ઉસ સ્થાનમેં વિકલ્પકી મર્યાદા પંચ મહાવ્રતાદિ કૈસી આતી હૈ? પહલે પંચ આચારકા વિકલ્પ કૈસા હૈ? વહ સબકા અનુભવ સાર મૈં યહાં હૂં. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહતે હૈ. ઓહો..હો..! સમજમેં આયા? ભગવાન કહતે હૈ ઐસા કહતા હૂં ઐસા નહીં. હમ કહતે હૈ હમારે અનુભવસે. આહા..હા..!

વો યહાં આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ કહતે હૈં કિ જબતક અપના વીતરાગ સ્વભાવ, વીતરાગી સ્વસંવેદનજ્ઞાનસે અનુભવમેં ન આવે તબતક સ્વરૂપકી રમણતા ઉસકો કભી નહીં હોતી. અને સ્વરૂપકી રમણતા બિના મનકા વિકલ્પકા નાશ હોતા નહીં અને વિકલ્પકા નાશ હુએ બિના શાંતિ નહીં અને શાંતિ બિના કેવલ નહીં. '**ઈસલિયે સકલ શુભાશુભ વ્યવહારકો છોડકે...**' દેખો, '**સકલ શુભાશુભ વ્યવહાર...**' સાધુમેં ઐસા કરના હૈ, સંઘમાં ઐસા કરના હૈ. છોડને વિકલ્પ માળા. જો હોના હોગા વહ હોગા. સમજમેં આયા? '**સકલ શુભાશુભ વ્યવહારકો છોડકે...**' વ્યવહાર હેય હૈ ઐસા પહલે બતાતે હૈ ભાઈ! આતા હૈ વ્યવહાર સમ્યગ્દૃષ્ટિકો, પણ હેય હૈ. હેય કરકે જો જાના આત્માકો ઔર વ્યવહારકો વહ સ્વરૂપકો ઉપાદેય સ્થિર હોકર ઉસકો છોડ દેતે હૈ. પણ પહલેસે ઉસકો ઉપાદેય માને વહ તો દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. '**ઈસલિયે સકલ શુભાશુભ વ્યવહારકો છોડકે શુદ્ધાત્માકો જાનો.**' ૧૭૧ હુઈ.

૧૭૨. '**આગે યહી કહતે હૈં, કિ સબ વિષયોંકો છોડકર આત્મદેવકો ધ્યાવો.**' એ ભગવાન આત્મા પરમાત્મા દેવ પોતે દેવાધિદેવ છે. આહા..હા..! બીડી વિના ચાલે નહિ,

તમાકુ વિના ચાલે નહિ, દાળ વિના ચાલે નહિ, એને કહે કે આ મોટો દેવ છો તું. ...ભાઈ! અહીં કહે છે કે ભગવાન! તેરા મહાદેવ તો તૂ હૈ હોં. મહાદેવ. મહાદેવ તો તૂ તેરા હૈ. સમજમેં આયા? વહ કહતે હૈ દેખો.

૨૦૩) सव्वहिँ रायहिँ छहिँ रसहिँ पंचहिँ रूवहिँ जंतु।
चित्तु णिवारिवि झाहि तुहुँ अप्पा देउ अणंतु।।१७२।।

જરી અર્થમાં ભૂલ થઈ ગઈ છે. રસ લખાઈ ગયો છે શબ્દાર્થમાં, રૂપ જોઈએ. આહા..હા..!

**'તૂ સબ શુભાશુભ રાગોંસે,...'** છૂટ જા. શુભાશુભ રાગ તેરી ચીજમેં નહીં ઔર વહ શુભાશુભ રાગ તેરા સ્વરૂપ નહીં. ઓહો..હો..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય વહ તેરા સ્વરૂપ નહીં અને તેરેમેં નહીં. રાડ નાખી જાયને. અરે ભગવાન! ભાઈ શુભાશુભભાવથી તીર્થંકરગોત્ર બંધાય તો કેવળ થઈ જાય. તીર્થંકરપ્રકૃતિ બાંધે તો કેવળ થઈ જાય. અરે! સાંભળને હવે. તીર્થંકરકે ભાવસે ભી કેવળજ્ઞાન નહીં હોતા તો વળી તીર્થંકરપ્રકૃતિસે કેવલજ્ઞાન કહાંસે હોતા હૈ? વો ભાવકો છોડકર. સમજમેં આયા? **'સબ શુભાશુભ રાગોંસે,...'** છોડ... છોડ... છોડ... **'છહ રસોંસે,...'** ઔર **'पंचहिँ रूवहिँ'** એમ જોઈએ ત્યાં. સમજે ન? શબ્દાર્થમેં. પાંચ રૂપ-રૂપ. અહીં તો રસ અને રૂપ લેવું છે હોં. ક્યા કહનેકો હૈ? આત્માકા આનંદકા રસ લેકર છહ રસોંકો છોડ દે. આત્માકા સ્વરૂપકા રૂપ દેખકર પંચેન્દ્રિયકા રૂપકો છોડ દે. સમજમેં આયા? શબ્દાર્થમેં જરી ફેર પડી ગયો છે. **'पंचहिँ रूवहिँ'** એમ જોઈએ. પછી તો આવેને પાઠમાં તો.

**'ચલાયમાન ચિત્તકો રોકકર...'** ભગવાન આત્મા સ્થિર... સ્થિર... ઉસકો ચલાયમાન ચીજ જો પુણ્ય-પાપમેં ચલાયમાન હોતા હૈ અથવા છ રસમેં ભગવાન આનંદકા રસ છોડકર છ રસમેં વિકલ્પમેં ચલાયમાન હોતા હૈ. અપના નિજસ્વરૂપકા અવલોકન છોડકર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જૈસા પંચ પ્રકારકા રૂપ હૈ ઉસકા અવલોકન કરતે હૈ, છોડ દે. તેરા રૂપ નિહાર. આહા..હા..! ભગવાનને રૂપ નથી ને તેરા રૂપ કહાંસે નિહાલે? ભાઈ! ભગવાન! એ તો અરૂપી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ઐસા નહીં. પણ સ્વરૂપ નહીં હૈ? સ્વરૂપ નહીં હૈ? ચૈતન્યસ્વરૂપરૂપ હૈ કિ નહીં? સ્વરૂપરૂપ હૈ કિ નહીં? સમજમેં આયા? અરે..! વહી મહાન પદાર્થ હૈ. આ તો ધૂળ રજકણ હૈ કિ નહીં? પલટે કિ નહીં? ઉસકા જ્ઞાન કરનેવાલા તો આત્મા હૈ. ઉસકો તો ખબર ભી નહીં ક્યા હૈ? કહાં હૈ? કૈસે હોતા હૈ?

મહાન સ્વરૂપ ભગવાન આત્મા આહા..હા..! ચૈતન્ય પરમેશ્વર મહાન સ્વરૂપ. કહતે હૈ કિ ભગવાન આત્માકા રસકા ખ્યાલ... એ ટીકામાં આવશે. **'છહોં રસોંસે, પાંચ રૂપોંસે ચલાયમાન ચિત્તકો રોકકર...'** **'अनंतम् आत्मानं देवम् ध्याय'** આહા..હા..! **'અનંતગુણવાલે...'** પાઠ

તો એમ છેને. પાઠ અને ટીકા છેને. સમજાણું કાંઈ? જુઓ, 'अणंतु' છેને? '**केवलज्ञानाघनन्तगुणाधारत्वादनन्तसुखास्पदत्वा**' બે અર્થ કર્યા છે. ભગવાન આત્મામાં અનંતગુણ છે. આહા..હા..! અનંતના અર્થ બે થાય છે—એક નાશ નહિ અને એક અનંત સંખ્યાએ. બે અર્થ કર્યા. એક તો સંખ્યાએ અનંત અવિનશ્વર-કોઈ દિ' નાશ થતું નથી. બે અર્થ ટીકામાં કર્યા છે. સમજમેં આયા? આહા..હા..! આ દુનિયામાં વખાણ નથી કરતા જેનો પ્રેમ હોય એને? કરતે હૈ કિ નહીં?

મુમુક્ષુ :- એ તો બધા ખોટા હોય.

ઉત્તર :- હા, પણ કરે છે કે નહિ? આ લગન કરે ત્યારે નથી કરતા? આ આપણે કાઠિયાવાડમાં તો ગાય છે. 'થાળ ભર્યો રે સગ મોતીએ રે' આવે છેને આ લગન કરે ત્યારે શું કહે છે? એકેય સાચું મોતી એને ઘરે ન હોય. તમારે હૈ? હિન્દુસ્તાનમેં નહીં હૈ? આ મોતીકા થાલ. આ બાયું નીકળેને જ્યારે ઓલું કાંઈક લેવા ઠીકરા ને ઠામ. ઠીકરાના ઠામ. ધૂળના ઠામ નીકળે. તોય બોલે, થાળ ભર્યા રે સગ મોતીએ પાછું. થાળ અને મોતી. બે-પાંચ-પચ્ચીસ નહિ. આમ સગ-સગ. છેક ટોચ સુધી મોતી ભર્યા. એકેય ઘરે તારે નથી. પણ જેની તૃષ્ણા તેની હદ હોઈ શકે નહિ. એમ જેની ભાવના તેના ગુણની હદ હોઈ શકે નહિ. આહા..હા..! ગાણા ગાય છે કે નહિ તમારે? છોડીયુંના લગન થાય, છોકરાના. મોટા-મોટા શું આ ગાંડીયું છે કીધું આ બધી. મલાવે વાતને. અહીં ભગવાન ત્રણ લોકના નાથ સંતો એના સેવકો આત્માને મલાવે છે. સમજ્યા? મલાવે કહતે હૈ ન? મિલાવે નહીં. મલાવે એટલે મહિમા કરતે હૈ. મલાવે ઐસી ભાષા નહીં હૈ? મલાવતા હૈ એટલે ઉસકી શોભા કરતે હૈ. ભાષા તમારી બરાબર નહીં હૈ. જૈસા હૈ ઉસકી અધિકતા બતાતે હૈ. આહા..હા..!

'**અનંતગુણવાલે...**' અરે.. ભગવાન! તારામાં ગુણ એટલા કે સંખ્યા ગણતરીએ ન ગણાય ઈતના. ઉસકી તો તેરે મહિમા નહીં અને આ ગણતરીએ ગણાય પાંચ-પચાસ લાખ મુડી ધૂળ આ પૈસા ગણતરીમેં હૈ. કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દશ કરોડ કેટલા? એય..! ગણતરીમેં હૈ કિ નહીં? તમારા પાંચ-પચ્ચીસ લાખ ગણતરીમેં હૈ કિ નહીં? ગણતરી હૈ ખબર હૈ કિ આપણે પચ્ચીસ લાખ હૈ. આ તો કહતે હૈ કિ અનંત ગુણવાળો ભગવાન એવા '**આત્મદેવકા ચિંતવન કર.**' પ્રભુ! તું તારે ચિંતવન, પ્રભુ! તું તેરા ચિંતવન કર. આહા..હા..! સમજમેં આયા? એ શબ્દાર્થકા અર્થ હુઆ. ઉસકા ભાવાર્થ કહેગા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૯, ગુરુવાર, તા. ૦૫-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૭૨, પ્રવચન-૧૮૮**

આ પરમાત્મપ્રકાશ, દૂસરા ભાગ હૈ. ૧૭૨વી ગાથા હૈ. જુઓ, ક્યા કહતે હૈં?

**૩૦૩) सव्वहिँ रायहिँ छहिँ रसहिँ पंचहिँ रूवहिँ जंतु।**
**चित्तु णिवारिवि झाहि तुहुँ अप्पा देउ अणंतु।।१७२।।**

યે પરમાત્મપ્રકાશ હૈ. પરમાત્મપ્રકાશ નામ ભગવાન આત્મા એક સમયમેં પરમાત્મસ્વરૂપ હી દ્રવ્ય હૈ. પુણ્ય-પાપકા વિકલ્પ, કર્મ, શરીરસે રહિત ઉસકો યહાં આત્મા કહતે હૈં. વહ આત્મા અપ્પા-આત્મા અને વહી પરમ અપ્પા. વહ આત્મા પરમાત્મા હૈ. એ પરમાત્માનું ધ્યાન કરવું એમ યહાં કહતે હૈ. જુઓ, થોડી ગુજરાતી આવી જાય છે. આવી જાયને અંદર. સમજમેં આયા? અપ્પા સો પરમઅપ્પા. આત્મા, ઉસને કભી એક સમય ભી અનંતકાલમેં આત્મા પૂર્ણ સ્વરૂપ... આ ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધકા વાંધા ઉઠતા હૈ કિ નહીં? પાંચ વાંધા હૈ. ક્યોં પ્રકાશચંદજી! ઉસકે ગામમેં બહુત ચલતી હૈ.

**ભાવાર્થ :-** યહાં કહતે હૈ દેખો એક શબ્દમેં કિ તુઝે ક્યા કરના? કિ '**વીતરાગ, પરમ આનંદ સુખમેં...**' ભગવાન આત્મા રાગરહિત પરમ આનંદ ઐસા સુખ અપનેમેં પડા હૈ. ઐસે '**ક્રીડા કરનેવાલે કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી શુદ્ધ આત્માકા...**' યહાં તો દ્રવ્યકી બાત કહી. ક્યા કહા? કિ ભગવાન આત્મા કૈસા હૈ? વસ્તુ-વસ્તુ પરમાત્મા અથવા આત્મા. નિજસ્વરૂપ જિસકો આત્મા કહતે હૈં વહ કૈસા હૈ? કિ વીતરાગ નામ રાગરહિત. '**પરમ આનંદ સુખમેં ક્રીડા કરનેવાલે...**' યે તો પરમ આનંદમેં ક્રીડા કરનેવાલા અનાદિ ચીજ હૈ અર્થાત્ અતીન્દ્રિય આનંદસે ભરા પડા હૈ.

મુમુક્ષુ :- કિતના?

ઉત્તર :- પૂરા. કિતના ક્યા? સમજમેં આયા?

ઔર '**કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે...**' કેવલજ્ઞાન એટલે વહ કેવલપર્યાય નહીં. એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એકરૂપ આનંદ ઐસા દ્રવ્ય-વસ્તુ, વસ્તુ. ઐસી વસ્તુ ઉસકો યહાં શુદ્ધ આત્મા કહા. વહ દ્રવ્યકી બાત કહી, દ્રવ્ય-દ્રવ્ય વસ્તુ. ઉસમેં '**એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કર.**' વહ પર્યાય કહી. અબ વહ પર્યાયમેં ક્યા હૈ દેખો. કિ જો ઉપાદાનસે લો તો અપના

શુદ્ધ ઉપાદાન વહ આત્મા હૈ, દ્રવ્ય તરીકે. વસ્તુ તરીકે અનંતગુણ આદિકા ભંડાર વહ ધ્રુવ ઉપાદાન, ધ્રુવ ઉપાદાન શુદ્ધ ઉપાદાન હૈ. ઔર ઉસકી પર્યાયમેં એકાગ્ર ચિત્ત કરના વહ શુદ્ધ ઉપાદાનકી પર્યાયમેં પુરુષાર્થ વહ શુદ્ધ ઉપાદાન પર્યાયકા હૈ. શેઠી! બરાબર ન આવ્યું. ક્યા કહતે હૈં દેખો.

યહાં વીતરાગ પરમાનંદમય... સારા સીખકર, સમજકર, બાર અંગ કે ચૌદ પૂર્વ કે નવ પઢકર, કરના ક્યા હૈ? વહ કહતે હૈ કિ વાસ્તવિકમેં યહ ઝઘડા ચલતા હૈ ન ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. એ તો ઉપાદાન કહો કિ નિશ્ચય કહો. નિમિત્ત કહો કે વ્યવહાર કહો, દોનોં એક હી ચીજ હૈ. સમજમેં આયા? અપના શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એક સમયમેં ઐસા પરિપૂર્ણ હૈ ઐસી દૃષ્ટિ કરના વહ શુદ્ધ ઉપાદાનમેંસે શુદ્ધ ઉપાદાનકી પર્યાય પ્રગટ હુઈ, તો સાથમેં જરી રાગ બાકી હૈ ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ. શુભરાગ. નિમિત્ત કહો, ઉસકો વ્યવહાર કહો, અથવા ઐસા ભગવાન પૂર્ણાનંદ અનંતગુણકા પિંડ પ્રભુ, ઉસકી જો સમયમેં જો પર્યાય પ્રગટ હોને લાયક હૈ વહ પ્રગટ હોગી વહ નિયત હૈ. ક્રમબદ્ધમેં વહ આતા હૈ. ખરેખર તો ઉપાદાન, નિશ્ચય અને ક્રમબદ્ધ ભાઈ! એ ત્રણે નિશ્ચયમાં આવી જાય છે. ઉપાદાન, નિશ્ચય અને ક્રમબદ્ધ એ ત્રણેય નિશ્ચયમાં આવી જાય છે. સમજમેં આયા?

ભગવાન આત્મા, ક્રમબદ્ધમેં જહાં જૈસી પર્યાય પ્રગટ હોનેવાલી હૈ ઐસી હોગી. ઉસકા લક્ષ કરનેવાલા, ઉસકા લક્ષ કરનેવાલા અકર્તા હોતા હૈ. અકર્તા અર્થાત્ જો વ્યવહારકા વિકલ્પ ઉઠતે હૈ, જિસકો નિમિત્ત કહનેમેં આયા હૈ, મોક્ષમાર્ગમેં નિમિત્ત, ઉસ રાગકા કર્તા મૈં નહીં. ક્યોંકિ જો સમયે જો હોનેવાલી હૈ વહ હોતી હૈ, ઐસા જ્ઞાનમેં ઉસકો જ્ઞેય કરના હૈ. તો મૈં જ્ઞાનસ્વરૂપ ઐસા હૂં. વીતરાગ પરમાનંદ શુદ્ધસ્વરૂપ જ્ઞાનમૂર્તિ મૈં હૂં. ઐસે નિર્ણયમેં રાગ જો નિમિત્ત કહા મોક્ષમાર્ગકા અથવા વ્યવહાર કહા ઉસકી કર્તૃત્વબુદ્ધિ ઉસમેં છૂટ જાતી હૈ. સમજમેં આયા? ફરીને હજી વાત કરીએ. એ કાંઈ એમ એક-બે વાતે નહિ જવા દઈએ. વધારે આવે છે વાત. એય..! પોપટભાઈ! પોપટભાઈ તો 'સમજાય છે' એવી જ વાત કરે એ તો.

ક્યા કહા? ફિરસે વિશેષ. અહીં તો આપણે શુદ્ધ આત્મા અને એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કરના, યે દો બોલ હૈ. એક દ્રવ્ય અને એક પર્યાય. ઉસમેં આપણે ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ પાંચ નિકાલના હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા, જબ ક્રમબદ્ધ લો તો રાગાદિ પરકા અકર્તા, તો વહ અકર્તા (માના) તબ ઉસકી દૃષ્ટિ જ્ઞાયક ઉપર હુઈ. મૈં જ્ઞાયક હૂં ઔર મૈં જ્ઞાયક હોનેસે રાગાદિ હો ઉસકા મૈં જાનને, દેખનેવાલા હૂં. કર્તા નહીં તબ ઉસને ક્રમબદ્ધકા તાત્પર્ય અકર્તાપના પ્રગટ કિયા. સમજમેં આયા? ફિરસે. વાત તો તીનોંમેં નિયત કહો યા નિશ્ચય કહો. ઉપાદાન નિશ્ચય છે, નિશ્ચય મોક્ષમાર્ગ નિશ્ચય હૈ ઔર યે જો

નિયત હૈ વહ પર્યાય જબ પ્રગટ હોનેવાલી વહ નિયત નામ નિશ્ચય હૈ તો વહ નિશ્ચયકા નિશ્ચય કરનેવાલા, નિશ્ચયકા નિશ્ચય કરનેવાલા, કહતે હૈ કિ યહાં દ્રવ્ય સ્વભાવ ઉપર ઉસકી દૃષ્ટિ જાતી હૈ. કર્તાપનાકી બુદ્ધિ, પર્યાયબુદ્ધિ, કર્તાબુદ્ધિ, સંયોગબુદ્ધિ છૂટકર, મૈં જ્ઞાતા-દૃષ્ટા હૂં ઐસા અપાર-અપાર અપૂર્વ પ્રયત્ન સ્વભાવ સન્મુખ હોતે, કર્તાપના મિટતે અકર્તાપના પ્રગટતા હૈ, જ્ઞાતા-દૃષ્ટાપના પ્રગટતા હૈ ઉસકા નામ ક્રમબદ્ધકા જ્ઞાતા-દૃષ્ટા કહનેમેં આયા હૈ. આહા..હા..! કહો, રાજમલજી! સમજમેં આતા હૈ કિ નહીં? બુદ્ધિવાળાએ ના કેમ પડાય? કહો, સમજમેં આયા? પણ સમજમેં આવે તો... દેવીલાલજી! આહા..હા..!

અરે ભગવાન! કેવી તકરાર! ભગવાન આત્મા... અહીં કહતે હૈ કિ પૂર્ણ શુદ્ધ. એક વાત. વીતરાગ પરમાનંદસે ભરા પડા અનંતગુણરૂપ. ઉસકા ધ્યાન કર ઉસકા અર્થ ક્યા? કિ ઉસકી દૃષ્ટિ કરો, ઉસકે સન્મુખ હો. ધ્યાનકા અર્થ યહ હૈ ન? સન્મુખ હો. જો પરકા ધ્યાન કરતે હૈ. યહાં તો રાગ, રસ અને રંગ યે તીનકા અભાવ કરનેકી બાત કરેંગે. રાગ, રસ અને રંગ. રંગ એટલે વર્ણ. વીતરાગ આત્મરસ અને આત્મરૂપ યે તીનોં તરફ કે ઝુકાવમેં તીન બાતોંકા લક્ષ્ય છોડ દે એમ કહનેમેં આતા હૈ યહાં ઈસ ગાથામેં. ક્યા કહતે હૈ? સુનો, કહતે હૈ યહાં. પહેલું આ લઈને પછી ઉસકી બાત કરેગા. વહ પાઠમેં હૈ ન? **'छहिँ रसहिँ'** પહેલા તો **'सव्वहिँ रायहि'** પછી **'छहिँ रसहिँ' 'पंचहिँ रुवहिँ'** ત્રણ બોલ છે.

તો ક્યા કહતે હૈ? ભગવાન આત્મા પ્રભુ આત્મા એક સેકન્ડકે અસંખ્ય ભાગમેં અનંત અનાકુળ વીતરાગ આનંદ આદિ કેવલજ્ઞાનાદિસે ભરા. કેવલ એટલે પૂર્ણ. ઐસા પૂર્ણ ભરા આત્મા ઉસકા ધ્યાન કર. ધ્યાન કર મેં ક્યા આયા? કિ તુમ રાગ ઔર નિમિત્તકા લક્ષ છોડકર, કર્તૃત્વબુદ્ધિ છોડકર તુમ્હારા જ્ઞાયક સ્વભાવ પડા હૈ ઉસકે ઉપર દૃષ્ટિ દે. તો ઉસમેં ક્રમબદ્ધ ભી આ ગયા. વજુભાઈ! આહા..હા..! ક્રમે-ક્રમે હોનેવાલા હૈ પણ કિસમેં? દ્રવ્યમેં. દ્રવ્ય કૈસા હૈ? કિ દ્રવ્ય ઐસા હૈ. ...લાલજી! જરી મગજને કેળવવું પડે એવું છે આમાં. યહાં તો એકદમ લડ્ડુકી બાત કીયા હૈ પરમાત્મપ્રકાશમેં. આડીઅવળી વાત નહીં. તૈયાર લડ્ડુ ખાના ઐસા.

ભગવાન પરમાત્મા.. અહીં પરમાત્મપ્રકાશ હૈ કિ નહીં? તો પરમાત્માકા પ્રકાશ કરના હૈ. પરમાત્મદ્રવ્ય હૈ, વસ્તુ હૈ, ઉસકા પ્રકાશ કરકે પર્યાયમેં પરમાત્મા લાના હૈ, દ્રવ્યમેં પરમાત્મા હૈ વહ પર્યાયમેં લાના હૈ. સમજમેં આયા? તો કહતે હૈં... ભૈયા! સમજમેં આતા હૈ? અરે ભગવાન! તકરારકા યહાં સ્થાન હી નહીં. ભગવાન આત્મા... કાળલબ્ધિ લો તો વહ હૈ. જિસ સમયમેં જો પર્યાય હોનેવાલી હોગી ઉસકા નામ કાળલબ્ધિ હૈ. પણ વહ પર્યાય હોનેવાલી હૈ કિસમેંસે?

મુમુક્ષુ :- દ્રવ્યમેંસે.

ઉત્તર :- દ્રવ્યમેંસે. તો દ્રવ્ય કૈસા હૈ? ઐસા દ્રવ્ય હૈ ઉસ ઉપર દૃષ્ટિ દેનેસે સબ નિકાલ હો જાતા હૈ. શુદ્ધ ઉપાદાનમેં દૃષ્ટિ દેનેસે શુદ્ધ ઉપાદાનકી નિર્મલ પર્યાય જો દૃષ્ટિ દી, ધ્યાન કિયા વહ નિર્મલ પર્યાય પ્રગટ હુઈ વહ ઉપાદાન-ક્ષણિક ઉપાદાન, ધ્રુવ ઉપાદાન ત્રિકાલી. વહ સાથમેં જરી રાગાદિ રહતે હૈ ઉસકો વ્યવહાર મોક્ષમાર્ગ કહો, નિમિત્ત કહો, વ્યવહાર કહો, ઉપચાર કહો, સહચર કહો. એક હી બાત હૈ. સમજમેં આયા? નિશ્ચય અને વ્યવહાર આ ગયા, ઉપાદાન-નિમિત્ત આ ગયા ઔર ક્રમબદ્ધ ભી આયા ઉસમેં. જો સમય જો પર્યાય જો હોનેવાલી હૈ ઉસકો નિયત કહતે હૈ. તો જો પર્યાય જો સમય હોનેવાલી હૈ નિર્મલ કે સમલ, ... વહી સમય હોનેવાલી હૈ. પ્રવચનસારમેં ઐસા લિયા હૈ ન, કેવા? ચિદ્‌વિલાસ. ચિદ્‌વિલાસમેં લિયા હૈ કિ જો સમય જો પર્યાય જૈસે જે પ્રકારે હોનેવાલી હૈ ઉસકો નિયત કહનેમેં, નિશ્ચય કહનેમેં આતા હૈ. તો વહ નિશ્ચય હુઆ. જે સમય જો હોનેવાલી હૈ (વહ હોગી ઐસા) નિશ્ચય કરનેવાલેકી દૃષ્ટિ કહાં હૈ? જ્ઞાયકસ્વરૂપ મૈં પરમાનંદ મૂર્તિ વીતરાગ (હૂં) ઐસી દૃષ્ટિ કરતે હૈ તો ઉસકો ક્રમબદ્ધમેં અકર્તાપણા રાગકા (હોતા હૈ), નિમિત્તકા મિલાના, છોડના, રાગ કરના કિ ટાલના ઐસી દૃષ્ટિમેં રહતા નહીં. કહો, સમજમેં આયા?

અમારે એક વેપારી છે. કોઈપણ વાત હો તો સમજમેં આવે ઐસી ઉસકી જિજ્ઞાસા રહતી હૈ. રાજેન્દ્રજી! બાબુલાલજી! ભગવાન! તેરા ઘરકી બાત હૈ ન, પ્રભુ! ઓહો..હો..! ઉસકી પ્રભુતા! કહતે હૈ કિ તેરી પ્રભુતામેં તેરી દૃષ્ટિ દે ઉસકા નામ ધ્યાન. તો વહ દૃષ્ટિ દેનેમેં તીનોંકા નિકાલ હો ગયા. રાગકા કર્તા, પરકા કર્તા, નિમિત્ત મિલાના, નિમિત્ત છોડના વહ ઉસમેં હૈ નહીં. ક્યોંકિ ઉસસે તો લક્ષ હટાના હૈ. ઔર પૂર્ણાનંદ ભગવાન વીતરાગ સ્વરૂપમેં દૃષ્ટિ લગાયા ઉસકા નામ ધ્યાન. ઉસકા ધ્યાન કિયા તો શુદ્ધ ઉપાદાનમેંસે શુદ્ધ પર્યાય નિશ્ચય મોક્ષમાર્ગકી પ્રગટી વહ નિશ્ચયમેં શુદ્ધ ઉપાદાનકી પ્રગટ પર્યાય. સાથમેં વ્યવહારરત્નત્રયકા વિકલ્પ હૈ વહ નિશ્ચયમેં નિમિત્ત કહનેમેં આતા હૈ. નિશ્ચયમેં ઉપાદાન તો વહ નિમિત્ત કહનેમેં આતા હૈ. યે નિશ્ચય, તો ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ ઔર ક્રમબદ્ધકા તો આ ગયા. કિ જિસમેંસે જો પર્યાય હોનેવાલી હૈ વહ હોતી હૈ. કાલલબ્ધિ ઐસી હૈ. જિસ સમય જો દ્રવ્યકી જો પર્યાય હોનેવાલી હૈ. તો વહ પર્યાય હોનેવાલી હૈ કિસમેંસે? તો ઉસકા દ્રવ્યમેં દૃષ્ટિ જાતી હૈ તબ કાલલબ્ધિકી પર્યાયકા જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? રાજેન્દ્રજી! આહા..હા..! ભારે વાત ભાઈ!

આ તો એકલી પરમાત્માની જ વાત કિયા હૈ યહાં તો. બીચમેં લક્કડ-ફક્કડ નહીં. લક્કડ-ફક્કડ કુછ હૈ નહીં. એવું કાલે લખાણ એક આવ્યું હતું. ઓલા છોકરાઓને મારી જાય છે, ભાઈ એવું આવ્યું હતું કાલે. લક્કડ બાબાનું માથે રૂપ કરી અને નાના-નાના છોકરાને ઉપાડી જાય છે. એટલે જાણે કોઈ ઢોર છે એમ દેખીને. છાપામાં કાલે આવ્યું હતું. હતો તો માણસ.

ઉપર એવું વાઘનો દેખાવ કરી અને નાના-નાના છોકરાને ઉપાડી જાય છે. ઉપાડી જાય સમજે? ક્યા કહતે હૈ? લે જાતે હૈ. ઔર ઉસકા લોહી બેચતે હૈ ઔર માંસ બેચતે હૈ દુકાનમેં. નાના નાના બચ્ચા. એટલે લોકો જાણે કોઈ પશુ હૈ. પશુ લે ગયા... લે ગયા... લે ગયા.. થઈ રહ્યું. પછી તો પકડ્યો ચારે કોર માણસે.. આ તો દૂસરી ચીજ! નિકલા માણસ અંદરસે. સબ ખુલાસા કર દિયા. કિ મૈં તો લોહી બેચનેકો યહ કરતા હૂં. માંસ બેચનેકા મેરા ધંધા હૈ. મેરે જૈસા સાત-નૌ માણસ હૈ. મેરા ધંધા હી ઐસા હૈ. લક્કડ બાબા એવું કાંઈક નામ આપ્યું છે.

યે આત્મા અનાદિ કાલસે રાગ અને નિમિત્તકો મિલાના અને રાગકો કરના ઐસી જો અજ્ઞાનદશામેં રુલ રહા હૈ તો હૈ ક્યા તુમ? વહ તો ઉપરકા ચમડા હૈ. વહ તેરા ખરા સ્વરૂપ હૈ નહીં. ક્યા હૈ તુમ? મૈં તો જ્ઞાયકસ્વરૂપ હૂં. મૈં ચિદાનંદ (હૂં). ક્યા? **'વીતરાગ પરમ આનંદ સુખમેં ક્રીડા કરનેવાલે...'** ભલે ક્રીડા શબ્દ લિયા હૈ, પણ આનંદમય હૈ એમ બતાના હૈ. આનંદમય હૈ આત્મા. સમજે? **'કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી શુદ્ધ આત્માકા...'** ઓહો..! **'એકાગ્ર ચિત્ત...'** ઉસમેં એકાગ્ર ચિત્ત હોકર **'ધ્યાન કર.'** યે મહાસિદ્ધાંત કિ તેરા લક્ષ, રાગ, નિમિત્તકો હટાના, જોડના, રાગકો કરના કિ લક્ષ કરના, ઉસસે મદદ હોતી હૈ, સબ છોડ દે.

જ્ઞાયક વીતરાગ પરમ આનંદમૂર્તિ પ્રભુ ઉસમેં દૃષ્ટિ લગા દે. તેરા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હુએ બિના રહેગા નહીં. વહી મોક્ષમાર્ગ હૈ. સાથમેં જરી રાગાદિ હૈ, નિમિત્તકા જ્ઞાન કરનેકો કહા વ્યવહાર મોક્ષમાર્ગ. ઐસે ઉપાદાનકે સાથ નિમિત્ત હૈ વહ ભી જ્ઞાન કરાનેકો કિ કૈસી ઉચિત નિમિત્તતા (હોતી હૈ) વહ જ્ઞાન કરાનેકી ચીજ હૈ. સમજમેં આયા? તો ઉસમેં તો પાંચે બોલકી ઝઘડાકી ચીજ સબ ઉસમેં સમાપ્ત હો જાતી હૈ. ઝઘડા કરના હો ઉસે ક્યા કરના? યહ ચીજ હી ઐસી હૈ. દૂસરી બાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ શુદ્ધ ઉપાદાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોતી હૈ. ક્યોં? કિ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેનેસે ઐસે. નહિતર તો શુદ્ધ પરિણમન હૈ હી નહીં.

મુમુક્ષુ :- ... સ્વભાવ.

ઉત્તર :- સ્વભાવ હૈ તો સ્વભાવ ઉપર દૃષ્ટિ દેનેસે શુદ્ધ પરિણતિ હોતી હૈ. ઐસે તો નિયત ઐસા નહીં. ઐસે તો અનાદિસે તો અશુદ્ધ પરિણતિ હૈ, પણ અશુદ્ધ પરિણતિ હૈ તો નિયત પણ ઉસકો ખબર નહીં.

મુમુક્ષુ :- અસદ્ભૂત...

ઉત્તર :- હા, તો પ્રતિબુદ્ધ જબ હોતા હૈ ત્યારે ઉસકા લક્ષ કહાં જાતા હૈ? કિ દ્રવ્ય પરમાનંદ મૂર્તિ વહાં જાતા હૈ. તો વહાં જાતા હૈ તો શુદ્ધ પરિણતિકા પ્રભાવ આતા હૈ. બસ, એટલે શુદ્ધ ઉપાદાન ક્ષણિક હો ગયા, ધ્રુવ ઉપાદાન હો ગયા, ઔર રાગાદિ વ્યવહારરત્નત્રયકા આતા હૈ વહ નિમિત્ત જ્ઞાન કરાનેકો રહ ગયા. ઉપાદાન કે સાથ નિમિત્ત રાગ જ્ઞાન કરાનેકો રહ ગયા, નિશ્ચયકે સાથ નિમિત્ત વ્યવહાર વહ ભી જ્ઞાન (કરાનેકો રહ ગયા). ક્યોંકિ જ્ઞાન સ્વપરપ્રકાશક હૈ. તો જ્ઞાન સ્વપરપ્રકાશમેં વહ નિમિત્ત હૈ ઐસા જ્ઞાન કરતે હૈ. યે વસ્તુકી સ્થિતિ સિવાય દૂસરી કોઈ સ્થિતિ હૈ નહીં.

દૂસરી બાત કહના હૈ કિ આત્માકા એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કરના તો પુરુષાર્થ બતાયા. ઐસા ક્યોં? કિ ઉસકો ઐસા હૈ કિ ભાઈ! મેરેકો કર્મ નડેગા. ઐસા કોઈ કર્મ આકરા (નડેગા). તો યહાં તો આચાર્ય કહતે હૈં કિ તેરા દ્રવ્ય સ્વભાવ ઐસા હૈ. લગા દે દૃષ્ટિ. તો તુમ સ્વતંત્ર હો. કર્મ તુઝે નડતે હૈ ઐસી દૃષ્ટિ હૈ તો તેરી વિપરીત દૃષ્ટિ હૈ. ઐસા ક્યોં કહા? કિ મહારાજ! ક્યા કરે તુમ આત્મા ઉપર દૃષ્ટિ લગાનેકો તો કહતે હો, પણ કર્મ કોઈ નિદ્ધત અને નિકાચિતકા પાક આનેવાલા હો તો હમારે ક્યા કરના? કહતે હૈ, સુન ન. કૌન કરતે હૈ કર્મ નિદ્ધત નિકાચિત? ઉસ ઉપર તેરા લક્ષ હૈ. હમ કહતે હૈં કિ આત્મા ઐસા હૈ. ઐસા આત્મા હૈ ઐસી દૃષ્ટિ કર ત્યાં પુરુષાર્થ તેરા સ્વભાવ ઉપર આ જાયેગા. કર્મ ત્યાં નિમિત્તરૂપે વિઘ્ન, નિમિત્તરૂપે યહ ભી નહીં રહેગા. પુરુષાર્થ આ બાજુ ઢલ ગયા તો કર્મકા જો નિમિત્ત થા વહ ભી ખિર ગયા. તેરે વિકારકા નિમિત્ત તો વિકાર કરતે થે તો નિમિત્ત કહનેમેં આતા થા, પણ ઈસ બાજુ ધ્યાન કર ઐસા કહા તો તુમ કર સકતે હો. ક્યોંકિ કર્તા હોકર કર સકતે હો. જૈસે રાગ ભી કર્તા હોકર અજ્ઞાનભાવસે કરતે થે ઐસે ભગવાન આત્મા.. આહા..હા..! લક્ષ દે. ધ્યાન કરના અર્થ ધ્યાન દે. એમાં ધ્યાન દે. આ નથી કહેતા કે ભાઈ આ વાતમાં ધ્યાન દે? એમ કહતે હૈ ન? ધ્યાન દઈને સાંભળ તો ખરો. એમ કહતે હૈ ન? સાંભળ તો ખરો, ધ્યાન તો દે. એમ કહતે હૈ કિ એકબાર દ્રવ્ય ઉપર ધ્યાન તો દે. એમ કહતે હૈ. ત્યારે કહતે હૈ કિ મહારાજ! પણ ધ્યાન દેનેકો કહતે હૈ પણ કર્મ નડે તો વહાં અમારા ધ્યાન ચલા જાતા હૈ. ક્યા કરના? ના પાડતે હૈ. ઐસા હૈ નહીં. તેરી દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર ઝુકી તો કર્મકા નિમિત્ત કા લક્ષ તુઝે છૂટ ગયા. તો વિકાર કરના થા ઉસમેં નિમિત્ત પડતા થા વહ ભી બાત રહી નહીં. સમજમેં આયા?

યહાં તો અશુદ્ધ પરિણમન ભી હૈ તો હોનેવાલા હૈ ઐસા હોતા હૈ, પણ હોનેવાલા હૈ ઐસા હોતા હૈ (ઐસા) ઉસકો નિશ્ચય નહીં હૈ, સ્વીકાર નહીં હૈ. અશુદ્ધ ઉપાદાન જો સમયમેં

હોનેવાલા વહી હોતા હૈ, પણ ઉસકા સ્વીકાર નહીં હૈ. ક્યોંકિ હોનેવાલા હૈ તો હોતા હૈ ઐસા સ્વીકાર જબ કરને જાતે હૈ તો દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ દેનેસે હોનેવાલા હૈ ઉસકા જ્ઞાતા-દૃષ્ટા રહ જાતા હૈ. ક્યા કહા? સમજમેં આયા? ફિરસે. હોનેવાલા હૈ તો વહી હોનેવાલા હૈ નિયત તો. પણ ઉસકો હોનેવાલાકા નિશ્ચય નહીં. મૈં કરું... મૈં કરું... મૈં કરું... મૈં બનાઉં... મૈં બનાઉં... મૈં રચું... મૈં કરું... ઐસી બુદ્ધિ હૈ. તો જબ હોનેવાલા, અશુદ્ધ ભી હોનેવાલા હૈ ઐસા જબ ઉસકે લક્ષમેં આતા હૈ તો લક્ષ ફિર જાતા હૈ. કિસમેં હોનેવાલા હોતા હૈ? કિ મૈં તો જ્ઞાયક હૂં. અનંતગુણકા પિંડ પ્રભુ હૂં. ઐસી દૃષ્ટિ હુએ બિના હોનેવાલા હોતા હૈ ઉસકા યથાર્થ જ્ઞાન ઉસકો હોતા નહીં. રાજેન્દ્રજી! આહા..હા..! બરાબર હૈ કિ નહીં? સમજમેં આતા હૈ કિ નહીં?

અરે ભગવાન! તેરી ચીજ તુઝે સમજમેં ન આવે ઐસા ક્યા હૈ? ઉસકા ભણકાર લગ જાયે ઉસકો કિ ભવ-ભવ હૈ નહીં હમારે. ભવ કૈસા? ભવ તો રાગ હૈ. રાગ હી હમારેમેં નહીં. રાગ હમારેમેં નહીં. હમ તો શુદ્ધ જ્ઞાયકમૂર્તિ હૂં. ઐસા કહતે હૈ કિ ઉસમેં ધ્યાન કર. ધ્યાન કરકે અંતર દૃષ્ટિ દે. ઉસે તીનોં ભલે લે. જ્ઞાન, ચારિત્ર અને દૃષ્ટિ લગા દે ઉસમેં. એક લગા દે. લગા દે ક્યોં કહા? મહારાજ! જબ હોનેવાલા હોગા તબ લગેગા. એમ કોઈ કહે તો? અરે..! સુન તો સહી. હોનેવાલા હૈ તો લગેગા, તેરી દૃષ્ટિ કહાં હૈ? દૃષ્ટિ પર્યાય ઉપર હૈ? તો પર્યાય ઉપર હોનેવાલા હોતા હૈ ઐસા તેરે નિર્ણય હૈ હી નહીં. હોનેવાલા હૈ ઉસકા નિર્ણય જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડનેસે હોનેવાલા હૈ, જ્ઞાનકી શુદ્ધ પર્યાય ઔર રાગકી અશુદ્ધ ઉસકા વહ જાનને-દેખનેવાલા હો જાતા હૈ. સમજમેં આયા? ક્યા કરે? કોઈકી ચીજ હૈ કિ કોઈ દે દે અંદરમેં? નિકાલે તો .... હૈ. પણ વહ બાત અંતર જચતી નહીં. રાગ હૈ, રાગ હૈ, યહ હૈ ન? યહ હૈ ન? યહ નિમિત્ત હૈ. ઉસકી અસ્તિકા સ્વીકાર કરતે હૈ. રાગ હૈ કિ નહીં? કર્મ હૈ કિ નહીં? નિમિત્ત હૈ કિ નહીં? ઉસકી સત્તાકા સ્વીકાર કરતે હૈ. યહ જ્ઞાયક ત્રિકાલ આનંદકંદ હૈ કિ નહીં?

મુમુક્ષુ :- પર્યાયકા સ્વીકાર, દ્રવ્યકા અસ્વીકાર.

ઉત્તર :- યહ સ્વીકાર નહીં. યહ સ્વીકાર કરના, ન કરના ઉસકે પુરુષાર્થકે આધીન હૈ. સમજમેં આયા? યહ હૈ. રાગ હૈ કિ નહીં? રાગ કરના પડતા હૈ કિ નહીં? ઠીક અચ્છા ભૈયા! નિમિત્ત હૈ કિ નહીં? નિમિત્ત અનુકૂલ મિલાના પડતા હૈ કિ નહીં? અચ્છા. વહ હૈ. તો સારા આત્મા એક સમયમેં પૂર્ણ આનંદ અવિનાશી ગુણકા આધાર વહ હૈ કિ નહીં? ઐસી સત્તા ભગવાનકી જહાં સ્વીકાર કરને જાતે હૈ (તો વહાં) શુદ્ધ પર્યાયકા પ્રવાહ વહતા હૈ. શુદ્ધ ઉપાદાનકી દૃષ્ટિ હોનેસે શુદ્ધ પર્યાય હોતી હૈ. થોડી અશુદ્ધ હોતી હૈ ઉસકા ભી જ્ઞાતા-દૃષ્ટા રહતે હૈ. ઉસકા નામ મોક્ષમાર્ગ નિશ્ચય અને વ્યવહાર ઓલો વિકલ્પ પર્યાય. એનું નામ ઉપાદાન અને નિમિત્ત.

ઉસકા નામ નિયતકા ફલ, અકર્તાપનેકા ફલ.

મુમુક્ષુ :- ઉસકા નામ દ્રવ્યદૃષ્ટિ.

ઉત્તર :- ઉસકા નામ દ્રવ્યદૃષ્ટિ, વહી તો અકર્તા હુઆ. આહા..હા..! ઝીણી વાતું નથી. છે તો એને પણ એને આમ જ્ઞાન ચૈતન્યજ્યોત છું એ વાત બેસતી નથી. એને તો આ રાગ છું, ઐસા હૂં, મૈં ઐસા બનાયા, ઐસા લાયા, ઐસા હટાયા, મૈં હૂં તો ઐસા હટતા હૈ, વહ હૈ તો મેરેમેં ઐસા .. હોતા હૈ. ઐસી દૃષ્ટિ પરમેં ઐસી અંશબુદ્ધિમેં ઔર કર્તૃત્વબુદ્ધિમેં રુક ગયી કિ જિસકો સારા ભગવાન આત્મા... ધ્યાન કર, કહતે હૈ ભગવાન. ત્રિલોકનાથકી વાણીમેં આયા કિ હમ અલ્પજ્ઞસે, રાગસે ઔર નિમિત્તસે ઉપેક્ષા કરકે, પૂર્ણાનંદ ભગવાનમેં હમને અપેક્ષા કરકે દૃષ્ટિ, જ્ઞાન ઔર સ્થિરતા લગાયી ઔર હમ વીતરાગ વિજ્ઞાનઘનકો પ્રાપ્ત હુઆ. ઐસી રીત તુમકો કહતે હૈ. '**तेण विधाणेण किच्चा**' વહ પંડિતજી આયા ન? ૮૨ ગાથા. પ્રવચનસાર.

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।**

ફિર ક્યા હૈ? એક શબ્દ હૈ કુછ. એક ગાથામેં તો ઓહો..હો..! શાસ્ત્ર કુંદકુંદાચાર્યકી એક ગાથા. જૈસે સર્વજ્ઞકે મુખમેંસે એક સાથે સબ બાતેં આતી હૈ વહ ધોધમાર આતી હૈ. ઔર કુંદકુંદાચાર્યકે મુખમેંસે થોડી બાતમેં ભી પૂરા ભર દેતે હૈ. '**सव्वे वि य अरहंता**' ત્રણ કાળના ભવિષ્ય. આમાં ભવિષ્યના લીધા છે ભાઈ અંદર. ભવિષ્યના અરિહંત. સમજાણું? એ માર્ગ... ઓલું બીજે ઠેકાણે આવે છેને કે આ પ્રમાણે માર્ગ કહ્યો અને ભવિષ્યના અરિહંતોએ આમ કર્યું. એ ૯૯માં આવે છે. એ ભવિષ્યમાં. પાઠ આવો છે, પણ એ તો ભવિષ્યના લઈ લીધા છે ત્યાં. જેટલા તીર્થંકરો પૂર્વે થયા, છે અને ભવિષ્યમાં થશે, બધા તીર્થંકરોંનો અન્ય પ્રકારકા માર્ગ દૂસરા હૈ હી નહીં. તીનોં કાલ તીર્થંકરકા માર્ગ દૂસરા હૈ નહીં ઐસા લિયા હૈ. અહીં પણ '**सव्वे वि य अरहंता**' લિયા હૈ.

ભગવાન આત્મા... અહીં તો યોગીન્દ્રદેવ આચાર્યે તો એકદમ મકખન નિકાલા હૈ બસ. ભગવાન! શુદ્ધ તેરા સ્વરૂપ હૈ કિ નહીં પૂર્ણાનંદ? ઉસકા જહાં સ્વીકાર, મહાસત્તાકા સ્વીકાર હૈ. અને અલ્પજ્ઞ પર્યાય અને રાગ અને નિમિત્તકો દૃષ્ટિમેં સે ગૌણ કર દિયા. હો ગયા. વ્યવહાર ગૌણ હો ગયા, નિશ્ચય પ્રધાન હો ગયા. તો ઉસ દૃષ્ટિમેં પુરુષાર્થ આયા, કાળલબ્ધિ પક ગયી તો ઉસકા જ્ઞાન ભી હુઆ, નિમિત્ત ભી જૈસા હૈ રાગાદિ ભૂમિકા પ્રમાણમેં ઉસકા ભી વ્યવહાર મોક્ષમાર્ગકા આરોપકા જ્ઞાન ભી હો ગયા ઔર ઉપાદાન-નિશ્ચય હૈ વહાં નિમિત્ત હૈ વ્યવહાર ઉસકા ભી જ્ઞાન હો ગયા. આમાં આવે છેને? 'ઉપાદાન જહાં તહાં નિમિત્ત વ્યવહાર' આ

બનારસીદાસમેં. બનારસીદાસના સાત દોહામેં આતા હૈ. ત્યાં નિમિત્ત-વ્યવહાર. ત્યાં નિમિત્ત કહો કે વ્યવહાર બેને એક નાખ્યું છે. એ તો નિમિત્ત કહો કે વ્યવહાર કહો, સમજમેં આયા? છે ત્યાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું છે? ત્યાં બસ એ. 'ઉપાદાન નિજ બલ જહાં તહાં નિમિત્ત વ્યવહાર.' એ શબ્દ બહુ... બનારસીદાસે તો, એ લોકોએ તો, પહેલાના ગૃહસ્થો જ્ઞાનીએ પણ કામ તો અદ્‌ભુત કર્યા છે! 'ઉપાદાન બલ જહાં તહાં, તહાં નિમિત્ત વ્યવહાર' ભાષા તો કેવી કરી! એમ જ્યાં ઉપાદાન શુદ્ધકી દૃષ્ટિ હુઈ, નિમિત્ત હો રાગકી મંદતા વહાં હૈ ઉસકો નિમિત્ત કહો, ઉસકો વ્યવહાર મોક્ષમાર્ગ કહો. જાનો, હૈ સહી ચીજ, નહીં ઐસા નહીં. પણ ઇતની હૈ નહીં. જબ પૂરા આનંદ સ્વભાવકા મહાસત્તાકા સ્વીકાર હુઆ, તો અલ્પસત્તા પર્યાયકી સત્તાકા સ્વીકાર સ્વપરપ્રકાશક જ્ઞાનમેં ઉસકા સ્વીકાર આ જાતા હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં, **'એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કર.'** પણ પ્રભુ! મેરી કાલલબ્ધિ પકી ન હો તો મુઝે ક્યા કરના? ઐસા કહા હૈ? ગુરુ ઐસા કહતે હૈ યહાં? સુન તો સહી. તેરી કાળલબ્ધિ પકી, તેરે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે તો કાળલબ્ધિ પક હી ગયી હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- પર્યાય હો ઉસકી કાળલબ્ધિ હૈ ન?

ઉત્તર :- પણ પર્યાય હુઈ તો જ્ઞાન હુઆ. દ્રવ્યકા જ્ઞાન હુઆ તો પર્યાય પ્રગટ હુઈ વહ જ્ઞાન હુઆ કિ પર્યાય ઇતની શુદ્ધ હુઈ ઇસ કાલમેં. તો વહ કાલ હૈ, વહી ભવિતવ્ય હૈ, વહી નિયત હૈ. સમજમેં આયા? વહી સમયમેં કર્મકા નિમિત્તકા ભી ઇતના તો અભાવ હૈ. પુરુષાર્થ તો સ્વભાવ સન્મુખ હૈ ઔર સ્વભાવ તો આત્માકા હૈ, યે કહા વહ. એક સમયમેં પાંચો આ જાતા હૈ. સમજમેં આયા? આહા..હા..! પણ એ મહાસત્તા પ્રભુનો સ્વીકાર (કેમ થાય)? અરે..! પણ એટલો બધો સ્વીકાર અમારે ક્યાં કરવો? આ રાગ છે. પણ રાગ હોતે વીતરાગકા સ્વભાવ અનંતગુણકા ભંડારકા સ્વીકાર (હોના) વહી પુરુષાર્થ અને વહી સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? રાગ હોતે છતે. હોતે છતે ક્યા કહતે હૈ? હોનેપર ભી. એ વખતે એક ફેરી અશોકનગરમેં કલ હુઆ થા. મેં કીધું, હોતે છતે. હોતે છતે તુમ્હારે ક્યા બોલતે હૈ? કિ હોને પર. વહ અશોકનગરમેં હુઆ થા. હોતે હુએ, હોતે હુએ. કહો, સમજમેં આયા?

નિમિત્ત હોતે હુએ, રાગ હોતે હુએ, બાહર સંયોગ હોતે હુએ ઇતના સ્વીકાર નહીં. મૈં તો પૂર્ણાનંદ (હૂં). આહા..હા..! એ તે કાંઈ દૃષ્ટિકા વિષય! એ મહાન પ્રયત્ન, મહાન પુરુષાર્થ પ્રભુકા ભેટા હૈ વહાં. સમજમેં આયા? વહ પુરુષાર્થસે હોતા હૈ. ઐસે લ્યો કાલલબ્ધિ તુમ્હારે ક્યા કરના હૈ? ક્યા કરના હૈ? ઐસા કલ આયા હૈ થોડા. રતનચંદજીએ લિખા હૈ. યહ કાલલબ્ધિ

માનનેવાલે, નિયત માનનેવાલે તો કોઈ વિચાર ભી નહીં સકે, પૂર્વભૂમિકા સમ્યક્ પહલેકી વહ ભી નહીં કર સકતે. ક્યોંકિ હોનહાર હોતા હૈ. અરે પ્રભુ! આહા..હા..! ભગવાન! પણ મારો મોટો ખરોને. દીપચંદજીને કહા હૈ હોં અનુભવપ્રકાશમેં. ભગવાન! તેરી શુદ્ધતા તો બડી... પંડિતજી! ઐસા કહા હૈ, પણ તેરી અશુદ્ધતા ભી બડી. ઐસા લિખા હૈ અનુભવપ્રકાશમેં. તીર્થંકર અનંત હો તો ભી તુમ માન નહી સકે ઐસી તેરી અશુદ્ધતા બડી હૈ અને જબ માને તો અનંત પ્રતિકૂલતા હો તો પણ કિસીસે હાર જાતે નહીં ઐસે તુમ બલવાન હો. ઐસા દીપચંદજીને લિખા હૈ હોં. આહા..હા..!

યહાં કહતે હૈ, એક '**વીતરાગ, પરમ આનંદ...**' યહાં રાગરહિત બતાયેગા, રસરહિત બતાયેગા, રંગરહિત બતાયેગા. ત્રણથી કહ્યું છેને. મૂળ ત્રણ. '**વીતરાગ, પરમ આનંદ સુખમેં ક્રીડા કરનેવાલે કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી શુદ્ધ આત્માકા...**' ઓહો..! યે શુદ્ધ આત્મા ઐસા જહાં એકાગ્ર નામ સ્વીકાર હુઆ. સ્વીકાર હુઆ તબ એકાગ્ર હુઆ, એકાગ્ર હુઆ તબ સ્વીકાર હુઆ. ઉસકા અર્થ કિ દ્રવ્ય ઉપાદેય હુઆ. ઉપાદેયકા અર્થ? એકાગ્ર હુઆ વહ ઉપાદેય હુઆ. સમજમેં આયા? યહ દ્રવ્ય ઉપાદેય હૈ ઐસા હૈ વહાં? જ્ઞાન કરું કિ યે દ્રવ્ય ઉપાદેય હૈ. ઉપાદેયકા અર્થ વહ કિ જો ઐસા દ્રવ્ય હૈ ઉસમેં એકાગ્ર હોના વહી ઉપાદેય હુઆ અને રાગાદિ હેય હૈ વહ હેય હુઆ. યહાંસે છૂટા પડા હૈ વહ હેય હુઆ. હેય કરું ઐસા નહીં હૈ વહાં. સમજમેં આયા?

ઐસા કહા કિ યહાં એકાગ્ર હુઆ તો ઉપાદેય (હુઆ). ભાઈ! ભગવાન આત્મા ઉપાદેય હૈ. તો ઉપાદેય ક્યા? યહ શુદ્ધ વસ્તુ એકરૂપ હૈ વહ ઉપાદેય. ઉપાદેય એટલે ક્યા રટના હૈ? કિ યહ ઉપાદેય હૈ? યહ રાગ હેય હૈ? ઉપાદેયકા અર્થ દ્રવ્યસ્વભાવમેં એકાગ્ર હોના વહ ઉપાદેય. અને એ સમયમેં રાગ રહા વહ હેયરૂપ રહ ગયા. નિશ્ચયસે વ્યવહાર મુક્ત, દો દશા ભિન્ન રહ ગયી. ભિન્ન રહ ગયી ઉસકા નામ હેય કહા. અભિન્ન પર્યાય હુઈ ઉસકા નામ ઉપાદેય કહા. આહા..હા..! વીતરાગ માર્ગ સંતોને તો સહેલા માર્ગ કર દિયા હૈ. સમજમેં આયા? અનુભવપ્રકાશમેં કહતે હૈ હોં! સંતોને, દિગંબર સંતો મહામુનિઓ કુંદકુંદાચાર્ય આદિ ભગવંત, સંત મહંત કેવલજ્ઞાનકી તૈયારી લેનેવાલા, માર્ગ સુલભ કર દિયા હૈ. સમજમેં આયા? તેરે પ્રાપ્ત કરનેકી પ્રયત્નકી જરૂર હૈ. ઐસી બાત હૈ. '**આત્માકા એકાગ્ર...**' યે એકાગ્રમેં કિતના આ ગયા!

મુમુક્ષુ :- એક અગ્ર એટલે બીજા ગૌણ થઈ ગયા.

ઉત્તર :- થઈ ગયું. એક અગ્ર મુખ્ય જહાં કિયા દૃષ્ટિમેં, ખલાસ હુઆ. શુદ્ધ ઉપાદાનકા આદર હો ગયા ઔર અશુદ્ધ ઉપાદાન જો રાગાદિ હૈ વહ જ્ઞાતાકા જ્ઞેય હો ગયા. ઔર બાહરકી

ક્રિયા આનેવાલી હો, ન આનેવાલી જો હૈ વહ જ્ઞાતાકા જ્ઞેય હો ગયા. લાનેવાલા હૂં, છોડનેવાલા હૂં ઐસા રહા નહીં કિ ઈતના મૈં આહાર છોડ દું. હૈ હી નહીં ઉસમેં. સમજમેં આયા? આહા..હા..!

**'શુદ્ધ આત્માકા એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કર.'** ભગવાન! તેરી દૃષ્ટિમેં ધ્યાન તો હૈ નિમિત્તકા, રાગકા. અહીં કહેશે. રાગકા, રસકા અને રંગકા. એ ત્રણની વાત લેશે. તુઝે ધ્યાન તો હૈ. રાગકા ધ્યાન, પરરસકા ધ્યાન અને પરરંગકા ધ્યાન. ભગવાન આત્મા રાગ બિનાકી ચીજકા ધ્યાન, છ રસ બિનાકા આત્મરસકા ધ્યાન, પાંચ રંગકા રંગ બિના અવર્ણીય રંગ બિનાકી ચીજ ભગવાન ઉસકા ધ્યાન. **'ક્યા કરકે?'** ક્યા કરકે કરના? **'વીતરાગ શુદ્ધાત્મદ્રવ્યસે વિમુખ...'** દેખો! યહાં સન્મુખ ઐસા કરના. કૈસે? કિ ઉસસે વિમુખ હોકર. તો કિસસે વિમુખ હોકર? કિ જો શુદ્ધાત્મ ભગવાન આત્મા હૈ ઉસસે **'વિમુખ જો સમસ્ત શુભાશુભ રાગ,...'** આયા પહલા શબ્દ. **'सव्वहिँ रायहिँ'** **'सव्वहिँ रायहिँ'**નો સમસ્ત શબ્દ પડ્યો. સર્વ રાગ એટલે કોઈપણ રાગ. જિસસે તીર્થંકરગોત્ર બંધ પડે કિ આહારક શરીરકા બંધ પડે. કોઈપણ રાગ હો કિ શુભાશુભ રાગ, એ ભગવાન જ્ઞાતા-દૃષ્ટાકી દૃષ્ટિકા અવલંબનસે તદ્દન વિમુખ હૈ. સમજમેં આયા? વિમુખ હૈ, લક્ષ છોડ દે. ભગવાન પૂર્ણાનંદ હૈ, સન્મુખ હો જા. યહાં સે વિમુખ, યહાંસે સન્મુખ.

મુમુક્ષુ :-

ઉત્તર :- ધ્યાનનો અર્થ? ધ્યાન તો આતા હૈ. અનાદિસે ધ્યાન કરતા હૈ. ફક્ત રાગકા, રસકા અને રંગકા ઈતની યહાં બાત લેતે હૈ. આમ રસ લાગ્યો છેને. આત્માકા રસ ક્યા ઉસકી ખબર નહીં. અનાકુળ વર્ણ, ગંધ, રસ, સ્પર્શકા ઉસકા રૂપ ક્યા હૈ રૂપ? રૂપ-સ્વરૂપ ઉસકી ખબર નહીં તો યહ રંગ પર લગા હૈ કાળા, લીલા, ધોળા, ધૂળ ને આ રંગ... આ રંગ... તીન બોલ આચાર્યને લિયા યહાં.

ભગવાન આત્મા.. સમજમેં આયા? **'વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય...'** માથે વીતરાગની અસ્તિ કહી હતી. હવે ઐસે આત્માસે વિમુખ, જિસમેંસે દૃષ્ટિ હટાના હૈ ઔર જિસમેં દૃષ્ટિ લગાના હૈ ઐસા વીતરાગ ભગવાન ઉસસે વિમુખ દૃષ્ટિ. જિસકો છોડના હૈ વહ વિમુખ ક્યા હૈ ચીજ? **'સમસ્ત શુભાશુભ રાગ,...'** શુભ હો કે અશુભ હો. દોનોં લિયા હૈ દેખો, હૈ? સમજમેં આયા? પાઠ હૈ ન? **'रायहिँ'** તો **'वीतरागात्स्वशुद्धात्मद्रव्याद्विलक्षणैः सर्वशुभाशुभरागैः।'** જુઓ, લીટી હૈ બીચમેં. બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત. સર્વ શુભાશુભ રાગ હૈ. સર્વ શુભાશુભ રાગ હૈ. સર્વ કહનેમેં... સર્વ હૈ ન. મૂળ પાઠ આ તો પાછો ખુલાસો. કિ સર્વ ક્યા શુભાશુભ? શુભમેં ક્યા આયા? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ, રાગ, વ્યવહાર જિસકો નિમિત્ત મોક્ષમાર્ગ કહા, નિમિત્ત મોક્ષમાર્ગ કહા, જિસકો વ્યવહાર કહનેમેં આયા, જિસકો ઉપાદાનકી શુદ્ધ પર્યાયમેં

બાહરકી ચીજ નિમિત્ત કહનેમેં આયી સંહનન આદિ. સબકા નિમિત્તકા લક્ષ, વહ સ્વભાવસે વિમુખ લક્ષ હૈ સબ. સમજમેં આયા? ઓહો..હો..!

'**વીતરાગ શુદ્ધાત્મદ્રવ્યસે વિમુખ જો સમસ્ત શુભાશુભ રાગ,...**' ક્યા બાકી રહ ગયા? બાકી રહા ઉસકા જ્ઞાન હો ગયા. યહાં જો સ્વભાવસે વિમુખ થા ઉસસે હટકર સ્વભાવ સન્મુખ હુઆ, જો રાગ બાકી રહ ગયા (ઉસકા) જ્ઞાન હો ગયા. સ્વકા જ્ઞાન હોનેસે ઉસકા ભી જ્ઞાન હો ગયા. જ્ઞાન નયા કરના પડતા નહીં. સ્વપરપ્રકાશક જ્ઞાનકા જહાં ભાન હુઆ, સન્મુખમેં સ્વપરપ્રકાશક જ્ઞાન હુઆ, રાગ વ્યવહાર હૈ ઉસકા જ્ઞાન કરનેમેં આયા. જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, ઐસા પાઠ બારહવીં ગાથામેં હૈ. ભગવાન અમૃતચંદ્રાચાર્ય. જાણેલો પ્રયોજનવાન અસ્તિ હૈ, પણ આ મહાન અસ્તિ આગળ અલ્પ અસ્તિ છે. પર્યાયકા જ્ઞાન કરનેકે લાયક હૈ. સમજમેં આયા? થોડા સૂક્ષ્મ પડે તોપણ સમજને લાયક ચીજ હૈ. આ જ મૂળ રકમ છે. આહા..હા..! પણ એણે કદી (દરકાર કરી નહિ). મરી ગયો કરી કરીને, બહારના અગિયાર ભણી-ભણીને, મહાવ્રત પાળીને. બેયને? મહાવ્રત પાળીને અને અગિયાર અંગ ભણીને. ક્રિયાનય અને એકાંત જ્ઞાનનય.

૭૨ ગાથામેં કહા ન? એકાંત જ્ઞાનનયકા ખંડન હુઆ, ક્રિયાનયકા ખંડન હુઆ. વહ આતા હૈ ન સબ? વહ ૭૨કી ગાથા આસ્રવ અધિકાર. હા, જ્ઞાનાંશ .. વહ. એકીલા જ્ઞાન-જ્ઞાન ક્ષયોપશમ ઈતના વહ જ્ઞાન નહીં. અને એકલા રાગ... રાગ... રાગ... રાગ... રાગ... વહ ભી નહીં. સ્વભાવ સન્મુખ હુઆ તો રાગસે પૃથક્ હુઆ તો ભેદજ્ઞાન હુઆ, તબ રાગ રહા ઉસકા જ્ઞાન રહ ગયા. સમજમેં આયા? એકલા જ્ઞાન-જ્ઞાન ક્ષયોપશમજ્ઞાન હૈ વહ જ્ઞાન નહીં. તો ઉસ જ્ઞાનકે અંશકા નિષેધ કર દિયા કિ આસ્રવસે યદિ દ્રવ્યસ્વભાવ વિરક્ત ન હો, તો તેરા જ્ઞાન હી નહીં. જ્ઞાન ઉસકો કહતે હૈ કિ આસ્રવકે વિકલ્પસે હટકર ભેદજ્ઞાન (અર્થાત્) સ્વભાવ તરફકા અભેદ હુઆ અને યહાંસે ભેદ હુઆ, તબ જો જ્ઞાન ઉત્પન્ન હુઆ વહ જ્ઞાન યથાર્થ હૈ. એકાંત જ્ઞાનકા અંશ એકલા જાનપના... જાનપના... જાનપના... જાનપના... અગિયાર અંગ ભણકે પઢકરકે જ્ઞાન હુઆ. વહ જ્ઞાન નહીં, વહ જ્ઞાન હૈ હી નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, જ્ઞાન હૈ. ઉસકા જ્ઞાન નહીં. શેઠી! 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન. ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' ધર્મદાસ ક્ષુલ્લક હો ગયાને સમ્યગ્જ્ઞાનદીપીકા કરનેવાલે. સ્વાત્માનુભવમનન કરનેવાલા. આ તો મસ્ત હોં. બહુ ક્ષયોપશમ થોડા. ક્ષયોપશમ થોડા થા. પુસ્તક ઐસા બનાયા કિ વિશેષ ક્ષયોપશમવાલે કો ઐસા લગે કિ યહ તો ... હૈ. ક્ષયોપશમ થોડા થા પરંતુ વસ્તુકી દૃષ્ટિ સ્પષ્ટ થી. સમજમેં આયા? વહ ધર્મદાસ ક્ષુલ્લક અભી હુએ હૈ

સંવત્ ૧૯૪૮. આ સંવત્ ૧૯૪૮. તો વહ કહતે હૈં કિ અરે! 'ભેદજ્ઞાન તે જ્ઞાન હૈ બાકી બૂરો અજ્ઞાન.' શાસ્ત્રકા અગિયાર અંગ પઢ ડાલ, નવ પૂર્વ પઢે વહ જ્ઞાનકા અંશ એકાંત હૈ, એકાંત હૈ. ઉસમેં રાગસે ભિન્ન પડા ભેદજ્ઞાન નહીં, તો વહ એકાંત જ્ઞાન અંશકા નિષેધ કર દિયા. ઔર રાગસે લાભ હોતા હૈ ઐસા માનનેવાલા ક્રિયાનય. રાગસે લાભ હોતા હૈ, રાગસે લાભ હોતા હૈ.. વહ ક્રિયાનયકા ખંડન કર દિયા. કિ રાગસે ભિન્ન પડકર સ્વરૂપમાં સ્થિરતા હોતી હૈ તો લાભ હોતા હૈ. રાગસે લાભ હોતા નહીં. એકાંત જ્ઞાન નહીં, એકાંત ક્રિયા નહીં. દોકા ખંડન કર દિયા હૈ ૭૨ ગાથામેં. સમજે?

શ્રીમદ્‌ને તો કહા. આવ્યુંને એમાં નહીં? એમાં નહિ.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને માર્ગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.

'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા.' રાગની ક્રિયા, દયાની ક્રિયા, વ્રતની ક્રિયા એ ક્રિયાજડ છો, રાગ એ અચેતન હૈ. ચેતનકા અંશ ઉસમેં નહીં હૈ. વહ ક્રિયાજડ હો ગયા. અને 'શુષ્કજ્ઞાનમાં કોઈ...' શુષ્ક બોલની વાત, ક્ષયોપશમજ્ઞાનની વાત, પણ રાગસે ભિન્ન ભેદજ્ઞાન કરના ઉસકા તો પતા હૈ નહીં. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા.' એ ૭૨કી ગાથાકા યહી અર્થ હૈ. 'શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.' કરૂણા ઉપજે છે. દૂસરા ઉસકો ખેદ કરનેકી ક્યા બાત હૈ? અરે ભગવાન! તુમ કહાં પડા? એકીલા ક્ષયોપશમ જ્ઞાનકા વિકાસ બહુત ખીલ ગયા, તો અભવિકો ભી નવ પૂર્વ ખીલતે હૈ. ઉસમેં આયા ક્યા? વહ જ્ઞાન નહીં. સમજમેં આયા? રાગકી મંદતા (કરકે) નવમી ગ્રૈવેયક તક ચલે જાતે હૈ, અભવિ ભી ચલે જાતે હૈ શુક્લલેશ્યા દ્વારા. યે શુક્લલેશ્યા હૈ, રાગકી મંદતા હૈ. શુક્લલેશ્યા તો ... મેં ભી હૈ. વહાંસે શુક્લલેશ્યા... શુક્લલેશ્યા... જાઓ નવમી ગ્રૈવેયક. વહ તો એકાંત ક્રિયાનય રાગકી હૈ. અને એકીલા ક્ષયોપશમ જ્ઞાન એકાંત જ્ઞાનનય હૈ. દોનોં મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? આહા..હા..!

ભગવાન આત્મા ઐસા સ્વીકાર કરના વહ કોઈ પ્રયત્ન અલ્પ હૈ? લોકો કહતે હૈ કિ અરે ઉસમેં પુરુષાર્થ ક્યા? અરે ભગવાન! સુન તો સહી પ્રભુ. મહાન પ્રયત્ન મહાન. પરમાત્માકા ઘરમેં પેસના યે તો કોઈ પુરુષાર્થકી કમી હૈ? સમજમેં આયા? એક મહારાજા ચક્રવર્તી બેઠો હોય અને એની પાસે જાવું હોય બલવાન તરીકે, તો પુરુષાર્થ ચાહિયે કિ નહીં એને? પુરુષાર્થ હૈ. સમજમેં આયા? એક રાજાની વાત આવે છેને ઓલા નહિ રાજકુમારની? એક રાજકુમાર હતા. આઠ વર્ષની ઉંમર થી છોટી ઉમ્ર. ઉસકા પિતાજી ગુજર ગયે તો રાજ તો સરકારને લે લિયા. લે લિયા નહીં પરંતુ ઉસકા નાખે શું કહેવાય? મેનેજમેન્ટ. આપણને બહુ એવી ભાષા... મેનેજમેન્ટ.. કર દિયા. પીછે રાજકા હુકમ આયા સરકારકા દિલ્હીસે. હુકમ આયા કિ

કુંવરસાહેબકો કહના કિ યહાં હમારે પાસ આયે. રાની થી ઉસકો જરી શંકા પડી ગઈ. તો ઉસકી ઉંમર દસ-બાર વર્ષકી, બારહ-તેરહ વર્ષકી હોગી રાજકુમારકી. તો બોલાયા ઉસને. રાનીસાહેબ સમજાતે હૈ ઉસકી માતાજી. બેટા! સરકાર ઐસા પૂછે તો ઐસા કહના, ઐસે પૂછે તો ઐસા કહના, ઐસે પૂછે તો ઐસા કહના.

અચ્છા માતાજી! તુમ કહતે હો ઐસા ન પૂછે અને દૂસરા પૂછે તો ક્યા કહના? માતા! આપ જો શિખામણ દેતે હૈ પરંતુ ઉસમેં સે ન પૂછે અને કોઈ દૂસરી બાત પૂછે તો મુઝે ક્યા કહના? કિ જાઓ બેટા જાઓ તુમ. દિલ્હીકે બાદશાહકે પાસ આયા. બાદશાહકે પાસ મિલનેકો આયે તો હાથ જોડકર ખડા રહા. પકડ લિયા હાથ બાદશાહને. ઐસા કરકે પકડ લિયા. ક્યા તુમ કર સકતે હો? હમને તુમ્હારા હાથ પકડ લિયા, તુમ ક્યા કર સકતે હો? અરે અન્નદાતા! સ્ત્રીકા એક હાથ પકડતે હૈ જિંદગીભર પાલતે હૈ. દો હાથ પકડે, ક્યા કહતે હો તુમ? ક્યા કહતે હો બાદશાહ! જાઓ હુકમ કર દો કિ ઉસકા રાજ સોંપ દો ઉસકો. રાજ સોંપ દો વહ તૈયાર હો ગયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બાત હૈ. કાંઈક જોઈ છે, આપણને કાંઈ ખબર નહિ. હશે હશે. કારણ કે એ તો પુણ્ય લઈને આવેલ છેને. ઈતના તો પુણ્ય લેકર આયા હૈ કિ નહીં? સરકારમેં ભી ઐસા હુઆ થા ભાઈ આ વડોદરા. સયાજીરાવ ગાદીએ બેઠા છેને. આ સયાજીરાવ, વડોદરા. તીન કરોડકી ઉપજ. સયાજીરાવ પહલે મલાવરાવ થા. તો મલાવરાવ જરી ઐસા ભ્રષ્ટાચાર હુઆ તો સરકારને ઉઠા દિયા થા. હવે રાજગાદી ચાહિયે. રાણી થી રાણી ઉસકી, મલાવરાવકી રાણી. તો રાણી તો ઉસે કુટુંબમેંસે ખોજા કોઈ માણસકો, કુટુંબમેંસે. તો યે સયાજીરાવ બકરા ચારતા થા. બકરા સમજે? ચારતા થા. ઔર ઉસકા એક ભાઈ થા. દો ભાઈ થે. બકરા ચારતા થા. રાણી તરફસે હુકમ હુઆ કિ આપણા કુટુંબમેંસે કોઈ રાજકુમાર... ગરીબ હો તો ભી અપને કુટુંબમેંસે લાઓ. .. ગયે સિપાહી. ચલો રાનીસાહેબ બુલાતે હૈ. ચલો. દોનોં આયે. રાણી સાહેબ કહતે હૈ, ક્યોં આયે હૈં? મોટા બે ભાઈ થા ન? કિ મોટા ક્યોં આયે? કિ યે સિપાહીને બુલાયા તો હમ આયે હૈ. દૂસરેકો પૂછા. સયાજીરાવ નામ થા. તુમ ક્યોં આયે હો? રાજ લેનેકો આયે હૈ. અચ્છા! રાજ લેનેકો આયા હૈ? હમારા રાજ હૈ. જાઓ ઉસકો પઢાઓ. એ પુણ્ય બોલાવે છે. ઐસે યહાં પુરુષાર્થ બુલાતા હૈ. વહ પુણ્યકી પ્રવૃત્તિ ઉસકો હૈ ન કિ મૈં રાજ લેનેકો આયા હૂં. ભવિષ્યકી પુણ્યકી પ્રતીતકા પડકાર હૈ. યહાં પુરુષાર્થકા પડકાર હૈ કિ મૈં સિદ્ધપદ લેનેકો આયા હૂં. હમેં કહાં જાતે હૈ? કિ હમ દ્રવ્યમેં જાતે હૈ, સિદ્ધપદ લેનેકો જાતે હૈ. હમારા સિદ્ધપદ લેના હૈ હમે. દૂસરા હૈ નહીં. કર્મ નડેગા? અરે! ચાલ.. ચાલ.. શેઠી! ...લાલજી! ઓલો બાળક

હોં! ક્યોં આયે હો? રાજ લેનેકો આયે હૈં. પણ બકરા ચારતે હો ન? ખબર હૈ કિ મલાવરાવ હમારે કુટુંબકા હૈ. મલાવરાવકો સરકારને પકડ લિયા. આપ જબ બુલાતે હો તો કુછ કારણ હૈ હમકો બુલાનેકા. હમ રાજ લેનેકો આયે હૈ. રાનીકો ખાતરી હો ગયી કિ યહ રાજકે લાયક હૈ. વહાં તો નરકમાં જાના હૈ. રાજ તો ઠીક. પણ પુણ્યકી પ્રકૃતિ, પુણ્યકી પ્રકૃતિકા પોકાર. એમ ભગવાન આત્મા સિદ્ધ હોનેકા પોકાર કરતા હૈ. રાગ, નિમિત્ત મૈં નહીં ઉસમેં. મૈં જિસમેં હૂં ઉસમેં રાગ નહીં અને જિસમેં હૂં ઉસમેં પરિપૂર્ણતામેં અપૂર્ણતા નહીં. આહા..હા..! સમજમેં આયા?

મેરા પરમાનંદસ્વરૂપ વીતરાગ જ્ઞાયકભાવ ઉસમેં અપૂર્ણતા નહીં, સંસાર નહીં, વિકલ્પકા અભાવ ત્રિકાલ ઉસમેં હૈ. ઐસા ધ્યાન લગાયા તો કહતે હૈં પોકાર કરતે હૈ કિ હમ સિદ્ધપદ લેનેકો તૈયાર હો ગયે હૈ અબ. હમારે સંસારપદ અને અલ્પપદ રહેગા નહીં. રાજેન્દ્રજી! તો ઉસકા પુરુષાર્થ પોકાર કરતા હૈ કિ નહીં? ઉસકે પુણ્યને પોકાર કિયા. યહાં પુરુષાર્થ પોકાર કરતા હૈ. ક્યા કિયા? ક્યા કરતે હો? હમ સિદ્ધપદ લેનેકો આત્મામેં પ્રવેશ કરતે હૈ. આહા..હા..! ધ્યાન કરતે હૈં. કિસકા છોડા? શુભાશુભ જો રાગ હૈ વહ ભગવાનસે વિમુખ હૈ. ભગવાન આત્માકે સ્વભાવસે વિમુખ હૈ. છોડ દે લક્ષ.

**'નિજરસસે વિપરીત...'** અબ દૂસરા બોલ. વહ રસ લેતે હૈ ન રસ? નિજ આત્મરસ જો આનંદરસ હૈ, સન્મુખ અંતર હોતે આનંદકે રસકી દૃષ્ટિ ઔર જ્ઞાન હોતા હૈ. ઉસસે **'વિપરીત જો દધિ, દુગ્ધ, તેલ, ઘી, લોંન,...'** લોંન એટલે આ મીઠું. મીઠા હમારે કહતે હૈ. **નમક**–નમક, લવણ ઔર **'મિસ્રી,...'** ... લિયા હૈ. જિસકો આત્મરસ લગા ઉસકો છ રસકી પ્રીતિ રહતી નહીં. જિસે છ રસકી એકતાકી પ્રીતિ હૈ ઉસકો આત્માકે રસકી પ્રીતિ નહીં ઔર જિસકો આત્માકે રસકી પ્રીતિ હૈ ઉસકો છ રસકી પ્રીતિ એકાગ્ર હોકર રહતી નહીં. ખાતે તો સમકિતી ખાતે હૈં તબ સબ લેતે હૈ. પ્રીતિ નહીં, છૂટ ગઈ હૈ, રસ લગા હૈ આત્માકા. સમજમેં આયા? અહીં તો થોડા જ્યાં રસ મીઠા કિ ઓહો..હો..! શું સ્વાદ! કેરી હોય સારી ફર્સ્ટ ક્લાસ શું કહેવાય? કેસરી કેરી કાંઈક આવે છે કે નહિ? કેસર–કેસર આમ. સવા શેર કેરી તો આમ રસ ભરીને. એમાં પૂરી હોય ઘઉંની ઘીમાં તળેલી. ઘીમેં-ઘીમેં. ક્યા હૈ? ઝેર હૈ. સુન તો સહી. ભગવાનકા રસ પડા હૈ અંદરમેં ચિદાનંદ ઉસકી દૃષ્ટિ છોડકર તું યે રસમેં પડા હૈ? તુઝે અંતરકે રસકી પ્રીતિ નહીં. જિસકો અંતરકી રસકી પ્રીતિ (હૈ ઉસે) અપને રસસે વિમુખ છ રસકી પ્રીતિ હોતી નહીં. એમ બતાતે હૈ. સમજમેં આયા? સ્વાદમેં બહુ લગા હૈ ન લોગ? યહાં દો ઈન્દ્રિય લિયા હૈ. જીભ સ્વાદમેં, રૂપમેં આંખ. દો લિયા હૈ. રૂપસે, સ્વાદમેં-સ્વાદમેં. અરે ભગવાન! તેરા આનંદ સ્વાદ આગે યહ સ્વાદ ક્યા? સમજમેં આયા? આહા..હા..!

'**મિસ્રી,...**' મીઠું, નિજ રસસે વિપરીત હૈ. એ છ રસ. સમજમેં આયા? '**ઈનમેં નિરંતર ચિત્ત જાતા હૈ,...**' એમ કહે છે છેલ્લે. શુભાશુભ રાગમેં તેરા ચિત્ત જાતા હૈ, છ રસમેં જાતા હૈ '**ઔર જો અરૂપ શુદ્ધાત્મદ્રવ્યસે ભિન્ન...**' ભગવાન આત્મા અરૂપી પ્રભુ ચૈતન્યરૂપ, અરૂપી પ્રભુ ચૈતન્યરૂપ સ્વરૂપ, ઉસસે ભિન્ન '**કાલે, સફેદ, પીલે, લાલ પાંચ તરહકે રૂપ...**' આમ રૂપ દેખીને... કે અરે! તેરા રૂપ અંદર યહાં હૈ. જહાં સુંદર રૂપ દેખે આમ... આહા..હા..! એક પૂતળી જરી સારા રંગની, આહા..હા..! આમ કરે સવારમાં જુઓને મોઢું કેવું જોવે જોયું? અરીસામાં. અરીસા કહતે હૈ ક્યા? શીશા. વાંદરો જોઈ લો સવારમાં જાણે. ઓલા હાથમાં રાખેને શું કહેવાય એ? દાંતીયોં, દાંતીયો. દાંતીયા હોય આમ. આમ સેંથીયા પાડે. ક્યા હૈ? એકાકારની વાત છે હોં. ધર્મીકો રાગ આતા હૈ થોડા અને ઉસ તરફ લક્ષ ભી જાતા હૈ, પરંતુ દૃષ્ટિ છોડકર લક્ષ નહીં જાતા. વહ બાત યહાં કહતે હૈ. સમજમેં આયા? વહ અસ્થિરતાકા થોડા દોષ હૈ. યહાં તો સારી દૃષ્ટિકા દોષ છુડાના હૈ. એકીલા રસમેં, રંગમેં તેરા ચિત્ત લગા હૈ, ભગવાનકા આનંદરસ ઔર ઉસકા અરૂપી અનાકુલરૂપ ઉસકી તેરી દૃષ્ટિ નહીં હૈ, ઉસસે તો વિમુખ હૈ. ઉસકી દૃષ્ટિસે તો તેરા સન્મુખપના ચલા જાતા હૈ. સમજમેં આયા? આહા..હા..!

જુઓ, ચક્રવર્તી તો બડે બત્રીસ કવલ લેતે હૈ. એક કવલ છન્નું કરોડ પાયદલ ન ખા સકે. અતીન્દ્રિય આનંદકા સ્વાદ આયા ઉસકો દૂસરેમેં કુછ સ્વાદ ભાસતા નહીં. આહા..હા..! વહ કહતે હૈ. સમ્યગ્દૃષ્ટિકો અપને નિજસ્વાદકા આસ્વાદન આયા હૈ. ચક્રવર્તીની રાણી છન્નું હજાર પદ્મણી જેવી, ઈન્દ્રને કરોડો અપ્સરા બનાવે એવી અપ્સરાઓ, રસ નહીં રે રસ નહીં. જ્યાં રસ લગા વહાંસે દૂર હટતે નહીં ઔર જહાં રસ નહીં વહાં ઉસકા પ્રેમ આતા નહીં. સમજમેં આયા?

'**ઈનમેં નિરંતર...**' જુઓ, ભાષા છેને. '**નિરંતર ચિત્ત જાતા હૈ,...**' સમજાણું કાંઈ? '**विपरीतैः गुडलवणदधिगुग्धतैलघृतषड्रसैः**' '**शुद्धात्मतत्त्वात्प्रतिपक्षभूतैः कृष्णनील**' એના ઉપર લક્ષ જે છે એને છોડ અને ભગવાનકા લક્ષ કર. તેરે આત્મામેં મહા આનંદ પડા હૈ, પ્રભુ! તેરા રૂપ તો કેવલી નિહાલતે હૈ. કેવલી અપને સ્વરૂપકો અવલોકતે હૈ ઐસી યહ ચીજ હૈ. આહા..હા..! કહતે હૈ '**ઈનમેં નિરંતર ચિત્ત જાતા હૈ, ઉસકો રોકકર આત્મદેવકી આરાધના કર.**' '**अप्पा देउ अणंतु**' પાઠ છેને ચોથું પદ? અનંતગુણકા ભગવાન આત્મા ઉસકો દેખ, ઉસકી દૃષ્ટિ અને રુચિ કર, ઉસકા પ્રેમ કર તો તેરી મુક્તિ હુએ બિના રહેગી નહીં. અલ્પમેં કહાં પ્રેમ લગા દિયા હૈ તુચ્છમેં? સમજમેં આયા? ૧૭૨ ગાથા.

'**આત્મદેવકી આરાધના કર.**' લ્યો! આપણે કાલે પણ આવ્યું હતુંને? અચિંત્યદેવ નહોતું આવ્યું? ચિંતામણિ. અચિંત્યદેવ તેરા દેવ હૈ. ... આત્મતયા. બાપુ! ભગવાન! તું તો દેવ હૈ

ન ભાઈ! યે દિવ્યતાકી મહિમા તુઝે નહિ અને પામરકી તુઝે મહિમા આતી હૈ. ક્યા હૈ? તુમ્હારા દેવપના લૂંટા જાતા હૈ. આહા..હા..! એક પામર સાધારણ વિકલ્પ હો ન, પણ ઉસકી એકાગ્રતા હોતી હૈ વહાં આત્માકી લૂંટ હોતા હૈ. વહ કહતે હૈ. હો દૂસરી બાત હૈ, પણ ભિન્ન હોકર રાગ આતા હૈ તો જાનનેવાલા રહતા હૈ. પણ એકાકાર હોકર સ્વભાવકી દૃષ્ટિ ભૂલ જાતે હૈ (વહ) એકલા પાખંડમેં પડ ગયા હૈ. સમજમેં આયા? **'ઉસકો રોકકર આત્મદેવકી આરાધના કર.'** લ્યો! ભગવાન વીતરાગકી ભી નહીં, તીર્થંકરકી નહિ. લે! તારા દેવની આરાધના કર, તેરે દેવકી આરાધના તું કર. વહી સેવને લાયક, આરાધને લાયક હૈ. દેવીકી આરાધના નહીં કરતે? દેવીકી મૂઢ જીવો. ધ્યાન લગા દે. યે દેવ બિરાજતા હૈ ભગવાન! આહા..હા..! જેમાં પરિપૂર્ણ ગુણ અને ભવની ગંધ નહિ જિસમેં ઐસા તેરા આત્મદ્રવ્ય, ઉસકી શ્રદ્ધા-જ્ઞાન ઔર ઉસકા આચરણકી આરાધના કર, વહી આરાધના કરને લાયક હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૦, શુક્રવાર, તા. ૦૬-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૭૩-૧૭૪, પ્રવચન-૧૮૯**

આ પરમાત્મપ્રકાશ, દૂસરા અધ્યાય ચલતા હૈ. ઉસમેં ૧૭૨ ગાથા હો ગયી. ૧૭૩વી ચલતી હૈ.

**૩૦૪) जेण सरुविं झाइयइ अप्पा एहु अणंतु।**
**तेण सरुविं परिणवइ जह फलिहउ-मणि मंतु।।१७३।।**

ક્યા કહતે હૈં દેખો, **'આત્માકો જિસ રૂપસે ધ્યાવો, ઉસી રૂપ પરિણમતા હૈ,...'** સ્ફટિકકા દૃષ્ટાંત દિયા હૈ. વહ ૨૭૮ ગાથા ચલતી હૈ ન સમયસારમેં? ઉસકા અર્થ બહુત કિતના વિપરીત બહુત ચલતે હૈ કિ દેખો ભૈયા! સ્ફટિકમણિમેં જૈસા રંગ લગાવે ઐસા રંગ હો જાતા હૈ ઉસમેં-સ્ફટિકમેં. વહ પરદ્રવ્યકે કારણસે ઉસમેં રંગ હોતા હૈ. ઐસા વહ ગાથાકા અર્થ બહુત પત્રોંમેં આ ગયા હૈ. બહુત વર્ષસે ચલતી હૈ. સમજમેં આયા? કિ સ્ફટિકમણિમેં જૈસે ફૂલકા ડંક લગા દે ઉસકો ઐસા પરિણમના હી ચાહિયે, પરિણમના હી પડે પરદ્રવ્યકે કારણસે. ઐસા

ઉસકા અર્થ કરતે હૈ. વહ તદ્દન વિપરીત હૈ. ઉસમેં ઐસા અર્થ હૈ હી નહીં. સમજમેં આયા? વહ યહાં ખુલાસા કરતે હૈ વહી દૃષ્ટાંત દેકર. દેખો.

**'જિસરૂપસે ધ્યાવો,...'** અપની પર્યાયમેં જે રૂપસે તેરી પરિણતિ કરના હો, એ રૂપસે તેરી પર્યાય, તેરા ધ્યાન અથવા એકાગ્રતા તેરેસે હોતી હૈ. સમજમેં આયા? વહ સ્ફટિકમણિકા દૃષ્ટાંત દેકર બહુત ચલા હૈ. રેકોર્ડિંગમેં ભી આયા હૈ, દૂસરેમેં ભી આયા હૈ. બહુત જહાં-તહાં સબ વહી દૃષ્ટાંત દેતે હૈં. પરદ્રવ્યકે કારણ સ્ફટિકમણિ જૈસે વહ લાલ રંગ આદિ હોતે હૈ ઐસે એકલા આત્મા વિકારરૂપ નહીં હોતા, પણ વો વિકાર પરદ્રવ્યકે કારણસે હી વિકાર હોતા હૈ ઐસા અર્થ ઉસમેં કરતે હૈ. તો ઐસા નહીં હૈ. વહ યહાં ખુલાસા કરતે હૈ. કિ **'આત્માકો જિસરૂપસે...'** ભગવાન આત્મા અંદર ખુલાસા પીછે આયેગા. જે રૂપકી ઉસકી દૃષ્ટિ હો અથવા પરિણમનકા પુરુષાર્થ હો, વો રૂપસે વહ પરિણમન કરતે હૈ. શુભરૂપ પરિણમો, અશુભરૂપ હો, શુદ્ધરૂપ થાઓ. તીનોં શબ્દ આયા. તો વહ અપની પર્યાયકે કારણસે હૈ, પરકે કારણસે નહીં. ક્યોં?

**'જૈસે સ્ફટિકમણિકે નીચે જૈસા ડંક દિયા જાયે, વૈસા હી રંગ ભાસતા હૈ, ઐસા કહતે હૈ—'** **'અન્વયાર્થ :- યહ પ્રત્યક્ષરૂપ...'** 'एषः' શબ્દમાં પડા હૈ. એક ભગવાન આમ પ્રત્યક્ષરૂપ આત્મા હૈ. ચિદાનંદ સ્વરૂપપ્રત્યક્ષ દ્રવ્યસ્વભાવ પ્રત્યક્ષ હૈ વહ **'અવિનાશી...'** ઉસકા અર્થ જરી લંબા હૈ ટીકામેં. નથી કર્યો ભાવાર્થમાં અર્થ, નહીં કિયા શબ્દાર્થમેં અર્થ. ટીકામેં ક્યા હૈ? કિ 'वीतरागानाकुलत्वलक्षणानन्तसुखाघनन्तशक्तिपरिणतत्वादनन्तः।' વહ સંસ્કૃતમેં હૈ, પંડિતજી! ઉસકા અર્થ લિયા હી નહીં. ભાવાર્થમેં નહીં લિયા હૈ, શબ્દાર્થમેં નહીં લિયા હૈ. સાધારણ અર્થ કર દિયા હૈ ઉસને, પણ યહ ખરા અર્થ હૈ ઉસમેં. જુઓ, કહતેને કે ભાઈ! સ્ફટિકમણિ પરદ્રવ્યસે લાલ, લીલા આદિ હોતી હૈ, ઐસે આત્મામેં પરદ્રવ્યસે વિકાર હોતા હૈ. અપને દ્રવ્યસે નહીં. પરદ્રવ્ય નિમિત્તસે હી વિકાર હોતા હૈ.

મુમુક્ષુ :- એની દલીલ છેને કે સિદ્ધ ભગવાનને નથી કર્મ તો નથી પરિણમતા.

ઉત્તર :- એ વાત જ નથી. વહ તો પંડિતજીને નહીં કહા થા? પહલે ભી કહા થા હમારે તો, પરસંગ એવ. .. એમ ના પાડી હતી, પંડિતજીએ ના પાડી હતી કે નહિ, પર એવ નહીં. પરસંગ એવ. વહ તો ઐસા હી અર્થ હૈ. ઉસકી આસક્તિ પરસંગમેં હૈ ઉસ કારણસે હોતા હૈ. વહ તો બહુત વર્ષસે, પહલસે કહતે હૈ. ઐસા અર્થ હૈ હી નહીં ઉસમેં. પરદ્રવ્યસે વિકાર હોતા હૈ ઐસી બાત હૈ હી નહીં. પરદ્રવ્યકા સંગ કરતે હૈ, મમતા કરતે હૈ તો વિકાર અપનેમેં હોતા હૈ, તો પરદ્રવ્યકો નિમિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

કહતે હૈં કિ **'યહ પ્રત્યક્ષરૂપ...'** ભગવાન આત્મા. **'અવિનાશી...'** કા અર્થ ઈતના લિયા

હૈ કિ 'वीतरागानाकुलत्व' મૂળ પરિણતિ ભાઈ નિર્મલ લિયા હૈ. પીછે ટીકામેં દોનોં લેગા વિસ્તારમેં. પણ ખરેખર તો ભગવાન આત્મા ઉસકો કહતે હૈં કિ શુદ્ધસ્વરૂપ આનંદકંદ વહ આત્માકી દૃષ્ટિ અંતરમેં હો તો વહ આત્મા તો 'वीतरागानाकुलत्व लक्षणानन्तसुखाद्यनन्तशक्ति-परिणतत्वादनन्तः' વહ તો અનંત આનંદ આદિ શુદ્ધ પરિણતિ(રૂપ) પરિણમનેવાલા દ્રવ્ય હૈ. સમજમેં આયા? ક્યા કહા? વસ્તુ... વસ્તુ... વસ્તુ... ભગવાન આત્મા વીતરાગ અનાકુલ સુખ. લિયા ન? અનાકુલત્વ લક્ષણ અનંત સુખ આદિ. અનંત શક્તિ જિસમેં આત્મામેં હૈ (વહ) સબ શુદ્ધ હૈ અને આત્માકા દ્રવ્ય સ્વભાવ શુદ્ધ હૈ ઔર શુદ્ધપણે પરિણમનેકી ઉસકી યથાર્થપણે તો લાયકાત હૈ. સમજમેં આયા? ઉસમેં ટીકાકારને ઈતના હી લિયા હૈ, પછી શુભાશુભ પરિણામ લેંગેં. કિ જૈસા ઉસે શુભ પરિણમે તો શુભ(રૂપ) પરિણમે અને અશુભ (પરિણમે તો અશુભરૂપ પરિણમે). પણ મૂલ તો ઐસા સ્વભાવ હૈ.

વસ્તુ એક સમયમેં ભગવાન અનંત જ્ઞાન, દર્શન, આનંદ સુખાદિકા પિંડ (હૈ) ઐસી જબ દૃષ્ટિ હુઈ તો દ્રવ્યકા તો અનંતગુણ શુદ્ધ પરિણમન કરના વહી ઉસકા સ્વભાવ હૈ. શશીભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમેં,... દેખો, અનંતકી વ્યાખ્યા યહ હૈ કિ અનંત અપના જો શુદ્ધ ગુણ હૈ વહ શુદ્ધ ગુણકો ધરનેવાલા આત્મા, વહ આત્માકા વાસ્તવિક સ્વભાવ જિસકી દૃષ્ટિમેં આયા, દૃષ્ટિમેં આયા કિ યહ આત્મા શુદ્ધ હૈ. તો વહ દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમેં આયા તો દૃષ્ટિવંતકા દ્રવ્ય અથવા દ્રવ્યકા સ્વભાવ તો શુદ્ધ પરિણમનકી લાયકાત હૈ તો અપનેસે શુદ્ધ પરિણમતા હૈ. દેવીલાલજી! આહા..હા..! સમજમેં આયા? કર્મકા ક્ષયોપશમ હો અને ક્ષાયિક હો તો અનંત ગુણકી પરિણતિપણે પરિણમે, વહ તો નિમિત્તકી બાત, જ્ઞાન કરાનેકી બાત હૈ. ઐસા હૈ નહીં. દેખો, ઈતના તો ટીકામેં અર્થ લિયા હૈ. ભાવાર્થમેં ભરા નહીં. ભાવાર્થમેં સાધારણ ભર દિયા હૈ.

ભગવાન... પણ ઈસમેં સાર વહ ભરા હૈ. પ્રભુ આત્મા સ્ફટિક જૈસા તદ્દન નિર્મલાનંદ પ્રભુ હૈ, વહ દ્રવ્યસ્વભાવ તો અપની શક્તિ જો અનંત શુદ્ધ હૈ, વહી અનંત શુદ્ધપણે પરિણમના વહી ઉસકા અનંતપના હૈ, ભાઈ! આહા..હા..! શુભાશુભની પછી વાત લેશે પીછે થોડા. મુખ્ય તો ઐસા હી સ્વભાવ હૈ. ઔર જબ દૃષ્ટિ હુઈ, સમ્યક્ દૃષ્ટિ હુઈ તો દૃષ્ટિવંતકા આત્મા શુદ્ધપણે પરિણમના ઐસા હી ઉસકા સ્વભાવ હૈ. પર્યાયમેં જરી અંશદૃષ્ટિમેં અથવા અંશમેં જો રાગાદિ હોતા હૈ વહ અંશ ભાવમેં હૈ, વહ સ્વભાવભાવસે હોતા હૈ ઐસા નહીં. ક્યા કહા સમજમેં આયા?

પહલે વહ લિયા હૈ. ભગવાન આત્મા રાગ બિનાકા અનાકુલલક્ષણ આનંદ આદિ અનંત શક્તિકા જો પ્રભુ, અનંતશક્તિરૂપ પરિણમના, નિર્મલ પર્યાયપને હોના, વીતરાગી આનંદપને હોના,

વીતરાગી દૃષ્ટિપને હોના, વીતરાગી શાંતિપને હોના, વીતરાગી સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરકી પર્યાયપને હોના, વહી ઉસકા દ્રવ્યકા સ્વભાવ હૈ. તો ઐસા સ્વભાવ જિસકો દૃષ્ટિમેં આયા, ઉસકો તો અનંત શુદ્ધકી પરિણતિ નિર્મલ પરિણમતી હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- યથા દૃષ્ટિ તથા સૃષ્ટિ.

ઉત્તર :- સૃષ્ટિ. ઘણા વર્ષથી કહું છું ભાઈ, જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. બહારની વાત નથી.

અંતર ભગવાન આત્મા એક સમયમેં... જુઓ, આચાર્ય ટીકાકાર બ્રહ્મદેવને ઐસા લિયા હૈ. અનંતની વ્યાખ્યા જ એવી (કરી છે), પણ ભાવાર્થમેં ઐસા ભરા નહીં હૈ. ટીકામેં-શબ્દાર્થમેં ઐસા લિયા નહીં તો નજર ગયી કિ અરે! આ તો ક્યા ચીજ! આગળ તો બે અર્થ કર્યા છે. ૧૭૨માં બે અર્થ કર્યા છે. '**सुखास्पदत्वादविनश्वरत्वाच्चानन्त**' એક તો અનંત ગુણરૂપ માટે, આધાર માટે અને અવિનાશી માટે બે અર્થ કર્યા છે, પણ અહીં તો એક જ અર્થ (લીધો છે). કારણ કે ધ્યાવે એવું પરિણમે ઐસા લિખા હૈ ન? ધ્યાવે એવું પરિણમન, ઐસા લિખા હૈ. તો સમ્યગ્દૃષ્ટિકા ધ્યાન વસ્તુદૃષ્ટિ ઉપર હૈ, વસ્તુસ્વભાવ ઉપર હૈ અને વસ્તુકા સ્વભાવ ઐસા હૈ કિ અનંત શુદ્ધ હૈ વહ શુદ્ધપણે હી પરિણમના ઉસકા સ્વભાવ હૈ. વિકારપણે પરિણમના ઉસકા દ્રવ્ય-ગુણકા સ્વભાવ નહીં. સમજમેં આયા? પર્યાયમેં, કમજોરીસે અંશમેં, અંશમેં વિકારરૂપ હોનેકી યોગ્યતા અંશમેં હૈ, દ્રવ્ય અને ગુણમેં નહીં. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બિલકુલ જૂઠ હૈ. કર્મકી નિર્જરા કૈસે કરે પણ? વહ હૈ તો કરાતા હૈ. નિર્જરા કૈસે કરની? અપના અપરાધ, પર્યાયમેં અપને અપરાધસે હો તો નિરપરાધ સ્વભાવ ઉપર દૃષ્ટિ એકાગ્ર હોનેસે અશુદ્ધતાકા નાશ હો સકતા હૈ, પણ કર્મસે અશુદ્ધતા હો તો કર્મ ટલે તબ અશુદ્ધતા ટલે, વહ તો પરાધીન હો ગયા. ઐસી બાત હૈ નહીં.

યહાં તો આચાર્ય મહારાજ ઐસા કહતે હૈં '**येन स्वरुपेण ध्यायते आत्मा एषः अनन्तः**' ભાઈ! પહેલાનો અર્થ આ છે પહેલા પદનો. '**जेण सरुविं झाइयइ अप्पा एहु अणंतु**' પછી બસ, એટલાનો પહેલો અર્થ કરે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ અનંતગુણ સંપન્ન, શાંત અનંત અનાકુળ આદિ. વો દ્રવ્યકા સ્વભાવ દૃષ્ટિમેં આયા તો દ્રવ્યકા સ્વભાવ અનંત શુદ્ધ ગુણરૂપે પર્યાયમેં પરિણમના વહી ઉસકા સ્વભાવ હૈ. સમજમેં આયા? ધર્મીકો દૃષ્ટિ પડી હૈ દ્રવ્ય ઉપર. તો દ્રવ્યકા સ્વભાવ હૈ શુદ્ધ પરિણમન (કરના). આહા..હા..! સમજમેં આયા? તો વહ પહલે સિદ્ધ કિયા હૈ. જિસ સ્વરૂપકા ધ્યાન કરતે હૈ અથવા દ્રવ્યસ્વરૂપ ઐસા હૈ ઐસી જહાં દૃષ્ટિ ગઈ, એટલે દ્રવ્યકા સ્વભાવ હી ઐસા હૈ કિ અનંતા જિતના શુદ્ધ ગુણ હૈ, વહ શુદ્ધપણે પર્યાયમેં-અવસ્થામેં પરિણમના વહી ઉસકી અનંતતા કહનેમેં આયી હૈ. આહા..હા..!

સમજમેં આયા? અહીં તો કર્મ ટલે તો હોતા હૈ, વહ તો યહાં યાદ ભી નહીં કિયા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે! કર્મકા સાથમેં જ્ઞાન ન હો? મુનિઓંકો, ધર્માત્માકો નહીં હૈ? ક્યા કહતે હૈ? વહ તો કહતે જરી હીરાલાલજી. હીરાલાલ કહતે હૈ કિ કુંદકુંદાચાર્યકો કર્મકા... અરે ભગવાન! તુઝે ખબર નહીં. ઐસા ન કહના. કુંદકુંદાચાર્યકો કર્મકા જ્ઞાન નહીં થા ઐસા કહતે હૈ. હીરાલાલ શાસ્ત્રી હૈ ન વહ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બનાયા હૈ. ઉસને બનાયા હૈ પરિક્રમ. વહ તો ખબર હૈ ન. ઉસકી ભી ખબર હૈ. પણ કર્મમેં ઐસા-ઐસા હોતા હૈ, કર્મસે ઐસા હોતા હૈ ઐસા ઉન્હોંને લિખા નહીં. અને જહાં હો વહાં કહતે હૈ કિ ઉસકા ન માને તો અભવિ હૈ. ઐસી ટીકા કરી હતી. સ્વતંત્ર જીવ હૈ. આહા..હા..!

અહીં તો કહતે હૈં, પ્રભુ! તુમ તો હૈ અનંત શુદ્ધ પરિણમન દ્રવ્યકા સ્વભાવવાલા દ્રવ્ય. ઈતની પહલી બાત હૈ. ઔર ઐસા દ્રવ્યમેં તો અનંત શાંતિ, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત કર્તા આદિ અનંત (ગુણ). એક-એક કર્તાગુણ ભી અનંત બેહદ હૈ, કર્મગુણ બેહદ હૈ. કર્મ નામ કાર્ય. સાધનગુણ બેહદ હૈ, ઐસા સંપ્રદાન બેહદ હૈ, અધિકરણ બેહદ હૈ, અપાદાન બેહદ હૈ. યે સબ અનંતગુણ જો શુદ્ધરૂપ હૈ ઉસ શુદ્ધકા પ્રભુ ભગવાન આધાર હૈ, વહ આધેય-આધારકા ભી જહાં લક્ષભેદ નહીં, ઐસી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જિસકી પડી હૈ તો દ્રવ્યકા સ્વભાવ હી ઐસા કહા કિ સમ્યગ્દૃષ્ટિકા ધ્યાન દ્રવ્યકા ધ્યાન હૈ ઔર વહ દ્રવ્યકા ધ્યાન હૈ તો દ્રવ્ય શુદ્ધપણે પરિણમના વહી ઉસકા એકીલા સ્વભાવ હૈ. સમજમેં આયા? પર્યાયમેં હૈ તો પર્યાય અંશકી કમજોરીસે હૈ. કોઈ દ્રવ્ય અને ગુણ ઐસા નહીં કિ વિકારરૂપ હોના. દ્રવ્ય અને ગુણ ઐસા જો વિકારરૂપ હોના હો તો કભી વિકાર ટલ સકે નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં, '**અવિનાશી...**' ભગવાન આત્મા અનંત શુદ્ધ ગુણપણે પરિણમના વહી ઉસકા સ્વભાવ હૈ, વિકારપણે પરિણમના ઐસા દ્રવ્ય-ગુણકા સ્વભાવ નહીં. પીછે કહેગા કિ પર્યાયમેં હોતા હૈ અપને કારણસે. સ્વભાવ નહીં. સ્વભાવ હોય તો તો ત્રિકાલ (રહે). તો કભી વિકાર ટલે નહીં. દ્રવ્ય-ગુણકા વિકાર હોના ઐસા ગુણ હૈ હી નહીં. દ્રવ્યમેં ઐસા કોઈ ગુણ નહીં કિ વિકારપણે હોના ઐસા ગુણ નહીં. પર્યાયમેં અદ્ધરસે એક સમયકી વિકૃત અવસ્થા હોનેકી લાયકાતસે હોતા હૈ. સ્વભાવ દ્રવ્ય-ગુણમેં હૈ નહીં. વહ સમજમેં આયા?

'**આત્મા જિસ સ્વરૂપસે ધ્યાયા જાતા હૈ,...**' ભાષા જુઓ, સ્વતંત્ર. '**જિસ સ્વરૂપસે ધ્યાયા જાતા હૈ,...**' ભગવાનકો દ્રવ્યદૃષ્ટિસે, દ્રવ્યદૃષ્ટિ કરકે ધ્યાન કરો, શુદ્ધ પરિણમન હોતા હૈ ઔર શુભરૂપે પરિણમન વહ પર્યાયમેં હોં, દ્રવ્ય-ગુણમેં નહીં. પર્યાયમેં જો શુભરૂપ પરિણમો તો શુભ હો જાતા હૈ પર્યાયમેં. અશુભરૂપ પરિણમો તો અશુભરૂપ હોતા હૈ. ઐસા દ્રવ્ય-ગુણકા સ્વભાવ શુદ્ધ પરિણમના (ઔર) પર્યાયમેં અપનેમેં શુભાશુભ પરિણમનકી યોગ્યતા. દોનોં અપની સ્વતંત્રતાસે હોતા હૈ. શશીભાઈ! આહા..હા..! પણ એમાં પણ એવી તકરાર કરે છેને. ભગવાન! ઈતની તેરી સ્વતંત્રતા ભી તુઝે કબુલ નહીં કરના? ઔર આયેગા કહેગા હજી આગળ પરતંત્ર ભાઈ! ૧૭૪ છેને ત્યાં. ત્યાં. '**स्वकीयबुद्धिदोषेण जात उत्पन्नः**' એમ કહેશે. '**स्वकीयबुद्धिदोषेण**' તેરી બુદ્ધિ કે દોષસે અપરાધ હૈ. કોઈકે કારણસે હૈ નહીં. દ્રવ્ય-ગુણસે નહીં, નિમિત્તસે નહીં. તેરી પર્યાયમેં સ્વકી બુદ્ધિકે દોષસે વિકાર હોતા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- એ હિન્દીમાં છે.

ઉત્તર :- એ ભૂલી ગયા છે શબ્દ. એ આણે નથી લખ્યું. એ ત્યાં લખ્યું છે. બરાબર અર્થ નથી. આ તો સાધારણ ટોટલ લખ્યો છે અર્થ એ લોકોએ. કહો, સમજાણું કાંઈ?

'**આત્મા જિસ સ્વરૂપસે ધ્યાયા જાતા હૈ,...**' 'જિસ સ્વરૂપસે' યહાં વજન હૈ. જો ઉસકો દ્રવ્ય સ્વરૂપસે ધ્યાવો તો શુદ્ધરૂપ પરિણમન હોતા હૈ, પર્યાયમેં જો લક્ષ કરકે રાગ નિમિત્તકા સંગ કરકે, નિમિત્તકા સંગ કરકે, મમત્વ કરકે શુભરૂપ-અશુભરૂપ પરિણમો તો ઉસ રૂપ પરિણમતા હૈ. વહ તો પરિણમનેકી સ્વતંત્રતા અપનેમેં અપને કારણસે હૈ, પરકે કારણસે નહીં. '**येन स्वरुपेण**' ઉસી સ્વરૂપ. જુઓ, '**येन स्वरुपेण ध्यायते**' '**तेन स्वरुपेण परिणमति**' '**येन स्वरुपेण ध्यायते**' '**तेन स्वरुपेण परिणमति**' તે રૂપે પરિણમે. ભગવાન! અપને દ્રવ્ય-ગુણકી દૃષ્ટિ કરતે હૈ તો શુદ્ધપણે પરિણમના વહ ભી અપના સ્વભાવ સ્વતઃ હૈ ઔર દ્રવ્ય-ગુણકા આશ્રય ન લેકર પર્યાયમેં જિતની કમજોરીસે-સ્વબુદ્ધિકે દોષસે વિકાર કરતે હૈ તો ઉસ સ્વરૂપે વિકાર વહ આત્મા પર્યાયમેં હોતા હૈ, પરકા કોઈ કારણસે હોતા હૈ ઐસી ચીજ નહીં. નિમિત્ત હૈ દૂસરી ચીજ. હો, ઉસકી કોણ ના પાડતે હૈ. પણ પરકે કારણસે વિકાર અપનેમેં ઉત્પન્ન હોતા હૈ ઐસી વસ્તુકી પર્યાયધર્મમેં નહીં, દ્રવ્ય-ગુણધર્મમેં તો નહીં. દ્રવ્ય-ગુણ-ધર્મમેં તો વિકાર હોનેકા નહીં, પણ પર્યાયધર્મમેં ભી પરસે વિકાર હોનેકી યોગ્યતા-લાયકાત નહીં હૈ. અપને અપરાધસે વિકાર હોનેકી પર્યાયમેં વિકારતા લાયકાત હૈ. સમજમેં આયા? આહા..હા..! દૃષ્ટાંત. '**यथा स्फटिकमणिः मन्त्रः**' લ્યો! બે દૃષ્ટાંત હોં. જૈસે સ્ફટિકમણિ ઔર મંત્ર. '**જૈસે સ્ફટિકણમણિ ઔર ગારૂડી મંત્ર...**' દેખો, સ્ફટિકમણિ જૈસા રંગ. દૃષ્ટાંત દેંગેં હોં.

દેખો, '**ભાવાર્થ :- યહ આત્મા શુભ, અશુભ, શુદ્ધ ઈન તીન ઉપયોગરૂપ પરિણમતા**

હૈ.' હવે યહાં ઉપયોગકી બાત કરના હૈ. ભગવાન આત્મા અનાદિસે તો શુભ-અશુભરૂપ પરિણમતા હૈ, પણ ઉસકી ત્રિકાલ અવસ્થા દેખો તો શુદ્ધ અને શુભ અને અશુભ ઐસી તીન રૂપ ઉસકી પરિણતિ હૈ. સમજમેં આયા? તો કહતે હૈ કિ '**યહ આત્મા શુભ, અશુભ, શુદ્ધ ઈન તીન ઉપયોગરૂપ...**' પર્યાય. વહ તીન પર્યાય હૈં. તીનોં પર્યાય હૈ, તીનોં હી અવસ્થા હૈ, તીનોં હી હાલત-દશા હૈ. તીનોં અંશ હૈ, '**તીન ઉપયોગરૂપ પરિણમતા હૈ. જો અશુભોપયોગકા ધ્યાન કરે,...**' દેખો, એટલે કે પર્યાયમાં જો અશુભરૂપ એકાગ્ર હો, અશુભ હો જાતા હૈ. અપને કારણસે અશુભ હોતા હૈ. આહા..હા..! બલાત્કાર કરતે હૈ? કર્મકા બલજોરી હૈ ઐસા આતા હૈ સમયસારમેં. એ આવે. બલજોરીકા અર્થ હૈ કિ અપની દૃષ્ટિ સ્વભાવ ઉપર હૈ, રુચિ વિકાર કરનેકી નહીં, તો નિમિત્તકા જોરસે વિકાર હોતા હૈ ઐસા આરોપ દેકર પર્યાયકા પુરુષાર્થ ઉસમેં ડાલ દિયા. ઉલટા પુરુષાર્થ હૈ તો ઉસકા, પણ નિમિત્ત આધિન હુઆ તો ઉસકે આધીન હુઆ હૈ, સ્વભાવ આધિન ઈતના ન હુઆ, ઈતની કર્મકી બલજોરી હૈ ઐસા ઉપચારસે કહનેમેં આયા હૈ. ભૈયા! વસ્તુ તો ઐસી હૈ. ગડબડ કરે તો વસ્તુમેં ઐસા ઘૂસ નહીં જાતા. વસ્તુ જૈસી હૈ વૈસી રહેગી. વસ્તુ તો સત્ય જૈસી હૈ વૈસી રહેગી. લોંગોકી ગડબડ કરનેસે કોઈ વસ્તુમેં ફેરફાર હોગા નહીં. આહા..હા..!

'**જો અશુભોપયોગકા ધ્યાન કરે,...**' એટલે કે પર્યાયમેં જો અશુભ પરિણતિ કરે તો ઉસ રૂપ પરિણમન હો જાતા હૈ, ઔર '**તો પાપરૂપ પરિણવે,...**' તો પાપરૂપ હો જાતા હૈ. એ અશુભરૂપ. અને '**શુભોપયોગકા ધ્યાન કરે,...**' ધ્યાન નામ એકાગ્રતા. દયા, દાન, વ્રત, ભક્તિકે વિકલ્પમેં એકાગ્ર હો તો શુભ પરિણમન હો જાતા હૈ. અપને કારણસે હૈ. આહા..હા..! '**તો પુણ્યરૂપ પરિણવે,...**' પહલે પાપરૂપ પરિણમે કહા અશુભ. યે પુણ્યરૂપ પરિણમતા હૈ. '**ઔર જો શુદ્ધોપયોગકો ધ્યાવે,...**' શુદ્ધ ઉપયોગકો ધ્યાવે. ઉસકા અર્થ કિ દ્રવ્યસ્વભાવકી દૃષ્ટિ કરે ઔર એકાકાર હો તો પર્યાયમેં ધ્યાન શુદ્ધ ઉપયોગરૂપ હો ગયા. શુદ્ધ ઉપયોગરૂપ પરિણમન અપનેસે હોતા હૈ, પરકે કારણસે નહીં. નિમિત્ત હો.

'**તો પરમશુદ્ધરૂપ પરિણમન કરતા હૈ.**' દેખો, એક પાપરૂપ પરિણમન, એક પુણ્યરૂપ પર્યાય, એક શુદ્ધરૂપ પર્યાય. પરમ શુદ્ધરૂપ પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ ઉસ રૂપે અવસ્થાકા હોના વહી અપને દ્રવ્યકી સ્વતંત્રતાસે પરિણમન શુદ્ધ ઉપયોગકા કરતા હૈ. અપના ધ્યાનસે શુદ્ધરૂપ પરિણમન હોતા હૈ, પરકે કારણસે હૈ નહીં. સમજમેં આયા? બહુત ગડબડ કી હૈ. ત્યાં તો કહે લ્યો, વિકાર અપનેસે હોતા હૈ. પકડો, ભૂલ હો ગયી ઉસકી બડી. પછી ચારેકોર કલકત્તા અને બલકત્તા સબ પ્રશ્ન રખા ૨૦૧૩કી સાલમેં. કલકત્તા સબ. પૂછો કિ વિકાર કૈસે હોતા હૈ? કિ વિકાર અપનેસે હોતા હૈ. ક્યા હૈ? સહેતુ કે નિરહેતુક? પકડાઈ ગયા. કિ

નિરહેતુક કહતે હૈ, કિ નિરહેતુક કહતે હૈ. અરે..! અનંત વાર નિરહેતુક સુન તો સહી. નિશ્ચયસે નિરહેતુક હૈ. વહ તો વ્યવહારસે સહેતુક નિમિત્તકા જ્ઞાન કરાનેકો સહેતુક કહા હૈ. ત્યાં કહ્યું હતું ઈસરીમાં. તો ચારે કોર... ઈસરી નહિ એ શું કહેવાય? મધુબન. ઐસા કહા કિ નિરહેતુક વિકાર હૈ નિશ્ચયસે. એય..! પ્રશ્ન આયા કલકત્તા. ત્યાં શાહુ શાંતિપ્રસાદ પાસે હોં. લેકર આયા શાહુજી. ક્યા? ગજરાજજીને ત્યાં. ગજરાજજીકે વહાં આહાર થા ન વહાં લેકર આયે. મહારાજ! ઉસકા ઉત્તર. ઉસકો દે દિયા હૈ, કીધું. ઉત્તર સબ દે દિયા હૈ ચલો. આ તો શેઠિયાને પણ ગણતા નથી. શેઠિયા હમારે ક્યા હૈ? તમને કાંઈ ખબર નહિ કે કોઈકા પ્રશ્ન કૈસા હૈ. પૂછો. એમ કે બરાબર પકડાણા છે એ લોકો. વિકાર અપનેસે હોતા હૈ. હવે નિશ્ચયસે તો અપનેસે હૈ. યહ તો વ્યવહાર નિમિત્તકા જ્ઞાન કરાનેકો નિમિત્ત હૈ. વહ ચીજ સ્વભાવ નહીં તો વિભાવ નિમિત્તકે આધીન હોતા હૈ ઐસા બતાના હૈ. પણ યહાં તો વહ બાત ભી નહીં. યહાં તો પરિણમન અપના હૈ. પરિણમન કરનેવાલા હી ઉસકા ખરેખર તો કર્તા હૈ. ઉસકા વહ કર્મ હૈ, ઉસકા સાધન હૈ, ઉસકા અપાદાન, અધિકરણ આદિ અપનેમેં હી હૈ. વહ પર્યાયદૃષ્ટિમેં પણ હોં, પર્યાયકે લક્ષસે. સમજમેં આયા?

**'જૈસે સ્ફટિકમણિકે નીચે જૈસા ડંક લગાઓ, અર્થાત્ શ્યામ, હરા, પીલા, લાલમેંસે જૈસા લગાઓ,...'** એમ. **'ઉસી રૂપ સ્ફટિકમણિ પરિણમતા હૈ, હરે ડંકસે હરા...'** દેખો, ઉસકો તો પરિણમના પડતા હી હૈ. પણ એ પોતાને... પોતાને ક્યા (કહતે હૈં)? અપને કારણસે. અપને કારણસે પરિણમતે હૈ. સમજમેં આયા? આહા..હા..!

જેમ નિર્મળતા રે સ્ફટિકતણી તેમ જ જીવ સ્વભાવ રે,
જેમ નિર્મળતા રે સ્ફટિકતણી તેમ જ જીવ સ્વભાવ રે,
શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો.
પ્રબળ કષાય અભાવ રે.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્માકી વાણીમેં ધર્મ ઐસા આયા, ભગવાન આત્મા પુણ્ય અને પાપરૂપ ન પરિણમકર, વિકારસે, કષાયસે હટકર, અપના સ્વભાવ કષાયરૂપ પરિણમન કરતે હૈ તો ઉસકો વીતરાગમાર્ગમેં ધર્મ કહનેમેં આયા હૈ. સમજમેં આયા? કિસીકો દૂસરેકે કારણસે નહીં. અપના સ્ફટિકમણિ જૈસા સ્વભાવ અકષાયરૂપ પરિણમનેકા અપના હી સ્વતંત્ર પુરુષાર્થ, ષટ્કારક અપના હી હૈ. સમજમેં આયા? નિમિત્તકા ભલે અભાવ ગિનો, કર્મકા, નિમિત્તકા અભાવ, પણ વહ તો નિમિત્તકી અપેક્ષા હૈ. અપને શુદ્ધ સ્વભાવકી દૃષ્ટિસે ભગવાન આત્મા... જિસકી પર્યાયમેં સત્યતાકા જૈસા સ્વભાવ હૈ વિકારરૂપ હોના, નિર્વિકાર હોના, ઐસા જ્ઞાન આદિ શ્રદ્ધાકા અંશ પ્રગટ ન હો તો પરમસત્ય સ્વભાવ ભગવાન ઉસ તરફ ઝુક સકતા હૈ? કભી નહીં.

ક્યા કહા સમજમેં આયા?

જિસકે વર્તમાન જ્ઞાનકે અંશમેં જૈસા વસ્તુકા સ્વતંત્ર વિકાર હોના, અવિકાર હોના ઐસી જિસકી યથાર્થ શક્તિ અને યોગ્યતા હૈ, ઐસા ઉસકે જ્ઞાનકે લક્ષમેં, શ્રદ્ધાકે લક્ષમેં, વીર્યકે લક્ષમેં... વીર્ય તો સાથે જ્ઞાનકા લક્ષમેં વીર્ય હૈ, ઐસી બાત જબ પહલી સત્યરૂપ ઐસા સ્વીકાર ન હો તો વહ પર્યાય સત્ય, પરમ સત્ય જો ભગવાન આત્મા, પરમ સત્ય જો ભગવાન આત્મા ઉસ તરફ વહ પર્યાય નહીં ઝુકેગી. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- નયા આવિષ્કાર?

ઉત્તર :- નયા આવિષ્કાર હૈ. નયા આવિષ્કાર તો તીનોં કાલમેં ભગવાન 'એક હોય તીન કાલમેં પરમાર્થકા પંથ.' કહતે હૈ વહ ભાઈ કહતે ધન્નાલાલજી કહતે હૈ ન. વહ ... બાત કહતે હૈ. નવા આવિષ્કાર હુઆ હૈ યહ તો, સોનગઢસે. એય..! લાલચંદભાઈ!

મુમુક્ષુ :- એ વાત ખોટી છે?

ઉત્તર :- ખોટી નહીં. અનંત તીર્થંકરોને કહી ઐસી હૈ. સોનગઢકી કુછ નહીં. આત્માકી હૈ. અનંત સંતો, અનંત જ્ઞાનીયોં તીન કાલ, તીન લોકમેં (યહી કહતે હૈં). આહા..હા..!

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वदा ते णमो तेसिं।।८२।।**

(પ્રવચનસાર ગાથા)

આહા..હા..! પુરુષાર્થ સ્વભાવ સન્મુખ હોકર અશુદ્ધતાકા નાશ અનંત અરિહંતોને કિયા. ઓહો..હો..! સમજમેં આયા? ઔર વિકાર ભી અપને પુરુષાર્થસે કરતે થે, તો અપને પુરુષાર્થસે સુલટા હોકર ટાલ દિયા. ઐસા અનંત તીર્થંકરોકા, સંતોકા માર્ગ હૈ. કિસીકે ઘરકા માર્ગ હૈ નહીં. યહ નયા આવિષ્કાર હૈ હી નહીં. અનાદિકી બાત હૈ વહી બાત ચલી આતી હૈ. કહો, સમજમેં આયા?

કહતે હૈ કિ '**જૈસે સ્ફટિકમણિકે નીચે જૈસા** ડંક લગાઓ,...' વૈસા પરિણમતા હૈ, ઐસા ભાસતા હૈ. '**ઉસી તરહ...**' વહ તો દૃષ્ટાંત. '**જીવદ્રવ્ય જિસ ઉપયોગરૂપ પરિણમતા હૈ,...**' લ્યો, શુદ્ધરૂપ પરિણમે તો દ્રવ્યકે આશ્રયસે દૃષ્ટિ હૈ, અશુદ્ધરૂપ પરિણમે તો ઈતના નિમિત્તકે વશ હો જાતા હૈ. બસ! ઈતની બાત હૈ. સમજમેં આયા? શુદ્ધરૂપ પરિણમે તો દ્રવ્યકે આધીન હો જાતા હૈ ઔર અશુદ્ધરૂપ પરિણમે, અશુદ્ધ એટલે દો—શુભ અને અશુભ, બેપણે પરિણમે તો સંગ એવ, નિમિત્તકે સંગમેં ઝુડતા હૈ. બસ, ઈતની બાત હૈ.

મુમુક્ષુ :- સ્વસંગ અને પરસંગ એટલો જ ફેર.

ઉત્તર :- બસ, ઈતના ફેર હૈ લો! સમજમેં આયા? પ્રકાશચંદજી! ક્યા હૈ યહ? ગડબડ

કરતે હૈ. અરે ભગવાન! માંડ માંડ ઐસા સમય મિલા. યે મનુષ્યદેહ અરેરે! પચાસ વર્ષ રહના હૈ. યહ કામ કરના હૈ તો ઐસા સત્યકા કર લો, ઝઘડા ક્યા હૈ? પાંચ-પચાસ વર્ષમેં આંખ મીચ જાયે તો ચલા જાયેગા. યહ સત્યકા શરણ જો નહીં મિલેગા (તો) ચોર્યાસીકા અવતારમેં કહીં તુઝે હાથ નહીં લગેગા કિ અવતાર ક્યા હોગા ઐસે. આહા..હા..! સમજમેં આયા?

આમ મરતા રોવે કેટલાક હોં રોવે આમ. અરેરે! હાય.. હાય.. આંખમાંથી આમ.. અરે! ટાણા હતા તબ... ટાણા ક્યા કહતે હૈ? સમય. સમય થા તો કુછ કિયા નહીં. મૌકા. આમ રોવે હોં! હમને દેખા હૈ. મરતા. અરે..! અમને ઘણું કહેતા હતા. અરે! કાળ ખલાસ હો ગયા, અરે! શરીર યહાં ખલાસ હો ગયા. અભી ઘડી, દો ઘડીમેં હૈ. આહા..હા..! અરે! મૈં કહાં જાઉંગા? મૈં ક્યા હૂં? સત્ય મૈંને સૂના હી નહીં. મૈંને વખત લિયા નહીં. રોવે. પછી ક્યા કરે? ઘર સળગે અને કૂવા ખોદાવે. ખોદાવે એમ કહતે હૈ ન? આગ લગે તબ કૂવા ખોદે, ક્યા કરે અબ? ભગવાન! વહ મૃત્યુ હોવે પહલે, વૃદ્ધાવસ્થા હોવે પહલે, ઇન્દ્રિયો કમજોર હુએ પહલે. ઐસા આચાર્ય કહતે હૈ. અષ્ટ પાહુડમેં કહતે હૈ. જબ શરીરમેં જીર્ણતા ન હો, ઇન્દ્રીયો મોળી પડી જાય નહીં, આયુષ્ય ક્ષીણ ન હોય જાય ઉસસે પહલે કામ કર લે આત્માકા. પછી તેરે ઐસા હો જાયેગા. અરેરે! કડમેં ઐસા હોતા હૈ ને ઐસા હોતા હૈ. બૈઠા જાતા નહીં, પઢા જાતા નહીં, સુનનેકા ભાવ હોતા નહીં. કહતે હૈ પ્રભુ! આત્મા તેરી જૈસી દૃષ્ટિ વૈસી તેરી સૃષ્ટિ હોગી, પરકે કારણસે કુછ હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા?

જુઓ, '**ઉસીરૂપ ભાસતા હૈ. ઔર ગારુડી આદિ...**' જુઓ, એક ઉસકા દૃષ્ટાંત દિયા સ્ફટિકમણિકા. જેવો સ્ફટિકમણિ ડંક લાગે એમ જેવો ડંક એટલે જિસ તરફ ઉસકા લક્ષ હૈ ઉસ તરફકા પરિણમન હો જાયેગા. ભગવાન આત્માકા અંતરલક્ષ હૈ તો શુદ્ધરૂપ પરિણમે. જિતના લક્ષ્ય નિમિત્ત ઉપર મમતા ગયી (ઉતના અશુદ્ધરૂપ પરિણમે). ઉસકો ભાઈ! ઓલા ડંકમાં મમતા કીધી છે હોં સ્ફટિકમાં. ભાઈએ બનારસીદાસે. એ પરંસગમાં મમતા લીધી છે. છેને નિર્જરા અધિકાર છેને. આહા..હા..! લોક, કર્મ, અધ્યવસાય. સ્ફટિક-સ્ફટિક. ... 'જગતમેં સબ.. ધણી નહીં.' આહા..હા..! શું કહ્યું આ? સ્ફટિકમણિ. કેવલી ઉક્ત હૈ. સૂર્યકાંતનું દૃષ્ટાંત આપે છેને. ઇતિ વસ્તુ સ્વભાવ. ના, એના પહેલા. લ્યો આ રહ્યું. આહા..હા..!

ઇતિ જાતું લ્યો. જુઓ, '**न जातु रागादिनिमित्तभावमात्मात्मनो याति यथार्थकान्तः**' ત્યાં એ. પરસંગ એવ. 'જૈસૈં નાના બરન પુરી બનાઈ દીજૈ હેઠ, ઉજ્જ્વલ વિમલ મનિ સૂરજ-કરાંતિ હૈ. ઉજ્જ્વલતા ભાસૈ જબ વસ્તુકૌ વિચાર કીજૈ, પુરીકી ઝલકસૌં બરન ભાંતિ ભાંતિ હૈ. તૈસેં જીવ દરબકૌં પુગ્ગલ નિમિત્તરૂપ, તાકી મમતાસૌં મોહ મદિરાકી માંતિ હૈ. ભેદજ્ઞાન દૃષ્ટિસૌં સુભાવ સાધિ લીજૈ તહાં, સાંચી શુદ્ધ ચેતના અવાચી સુખ સાંતિ હૈ.' એમ કહા

હૈ. પરસંગકા અર્થ ઐસા કિયા હૈ, મમતા કિયા બસ. તેરી મમતા પ્રભુ! તેરી મમતાસે બંધ હોતા હૈ, પરકે કારણસે નહીં. વહ ઐસા લિયા 'તેસે જીવ દ્રવ્ય પુદ્ગલ નિમિત્તરૂપ...' '**तम्मिन्नमित्तं परसंग एव**' ઉસકા અર્થ કિયા. 'તાકી મમતા સો મોહમદિરાકી માંતિ હૈ, ભેદજ્ઞાન દષ્ટિસો સ્વભાવ સાધી લીજે તહાં...' પણ રાગ અને નિમિત્તકા લક્ષ હટાકર, અપના સ્વરૂપકા રાગસે ભિન્ન ભેદજ્ઞાન કરો 'ભેદજ્ઞાન દષ્ટિસો સ્વભાવ સાધી લીજે, સાચી શુદ્ધ ચેતના અવાચી સુખ શાંતિ હૈ.' વચનમાં ન કહેવાય એવી અંતર સ્વભાવકી દષ્ટિ કર, અવાચી સુખશાંતિ તેરી પર્યાયમેં પરિણમન હોગા વહ તેરે કારણસે હૈ, કોઈ દૂસરેકે કારણસે નહીં. ઉસકા હી અર્થ કિયા હૈ હોં. એ ગાથાકા હી અર્થ કિયા હૈ ઐસા. પરસંગ એવ એટલે કે પરએવ નહીં, પણ પરનો સંગ એટલે મમતા ઐસા અર્થ કિયા ચોખ્ખા. 'તાકી મમતા સો મોહ મદિરાકી માંતિ.' તેરી મમતા નિમિત્ત ઉપર જાતી હૈ તો તુમ વિકાર કરતે હો, વિકાર દૂસરા કરાનેવાલા હૈ નહીં, કર્તા-ફર્તા કોઈ દૂસરા હૈ નહીં. સમજમેં આયા? કોણ જાણે કેમ એ સવળું સ્વતંત્રતા રુચતી નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે.

ઉત્તર :- આવે નિમિત્તના કથન તો આવેને. જ્યાં સ્વભાવ દષ્ટિ હોય તો એમ આવે. કર્તાકર્મમાં નથી આવ્યું? ૭૫-૭૬. ઉસમેં ઐસા આયા હૈ ૭૫મેં તો. કિ જૈસે ઘટકા કરનેવાલા કુંભાર હૈ, ઐસે વિકાર કરનેવાલા કર્મ હૈ. ઐસા ૭૫વીં ગાથામેં આયા હૈ. ઘટ જૈસે માટીકા વ્યાપક હોકર ઘટ વ્યાપ્ય હૈ. સમજમેં આયા? ઐસા હૈ. કહાં હૈ? આ રહ્યું. હૈ તો વહ કિસ અપેક્ષાસે બાત હૈ? લક્ષમેં ઐસા નહીં લેના ઐસા-ઐસા કરે (તો) ચલે? ભાઈ ભગવાન! દેખો, ૭૫ હૈ ન.

**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હૈ, ઈસલિયે પુદ્ગલપરિણામકા કર્તા હૈ ઔર પુદ્ગલપરિણામ ઉસ વ્યાપકસે સ્વયં વ્યાપ્ત હોનેકે કારણ કર્મ હૈ. ઈસલિયે પુદ્ગલદ્રવ્યકે દ્વારા કર્તા હોકર કર્મરૂપસે કિયા જાનેવાલા જો સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈ કર્મપણે કરવામાં આવતું સમસ્ત કર્મનોકર્મ વિકાર આદિ પરિણામ. **'ઉસે જો આત્મા, પુદ્ગલપરિણામકો ઔર આત્માકો ઘટ ઔર કુમ્હારકી ભાંતિ વ્યાપ્યવ્યાપકભાવકે અભાવકે કારણ...'** લ્યો! ઘટ અને કુંભારને જેમ વ્યાપ્યવ્યાપક નથી, એમ જીવ અને વિકાર સાથે વ્યાપ્યવ્યાપક નથી. કર્મની સાથે વ્યાપ્યવ્યાપક છે. પણ કઈ અપેક્ષાએ? સમજમેં આયા? દષ્ટિ હૈ દ્રવ્ય ઉપર, સ્વભાવ મેરા હૈ તો વ્યાપક દ્રવ્ય હોકર નિર્મલ વ્યાપ્ય ઉસકા હૈ, ઉસકા વિકારી વ્યાપ્ય નહીં. એ વિકારી વ્યાપ્ય ડાલ દિયા પરમેં. ઐસે દષ્ટિકે વિષયમેં જ્ઞાયકસ્વરૂપ... કર્તા-કર્મ અધિકાર હૈ. મૈં આત્મા કરનેવાલા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ હૂં ઐસી દષ્ટિ

હુઈ તો દ્રવ્યકા તો શુદ્ધ પરિણમન વહી ઉસકા વ્યાપ્ય હૈ. વ્યાપક દ્રવ્ય અને શુદ્ધ પરિણમન વ્યાપ્ય. વ્યાપક દ્રવ્ય અને વિકારી પર્યાય વ્યાપ્ય ઐસી વસ્તુકી કર્તાકર્મકી દૃષ્ટિમેં ઐસા હૈ નહીં. ઈતના બતાનેકો વિકારકી પર્યાય થોડી બાકી હૈ વહ દ્રવ્યસ્વભાવ વ્યાપ્ય હોકર નહીં હુઆ હૈ. કર્મકા નિમિત્ત અને અપરાધ દો એક કરકે એ વ્યાપક હોકર વ્યાપ્ય ઉસકા હૈ, મેરા હૈ નહીં. દેખો, ઈસમેં હૈ. સબ અર્થ આ ગયા હૈ ન સબ. પણ યે પહલે કબુલ કિયા પીછે. સમજમેં આયા?

મેરા પરિણમન મેરેસે શુભ અને અશુભ, શુદ્ધ હૈ, પીછે જબ સ્વભાવ જ્ઞાની... જ્ઞાનીકા વ્યાપ્યકા વિકાર વ્યાપ્ય હૈ? વિકાર અવસ્થા વ્યાપ્ય હૈ? ક્યોંકિ જ્ઞાનીકી દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ઉપર હૈ અને દ્રવ્યસ્વભાવ વ્યાપક હોકર ક્યા વિકાર વ્યાપ્ય હોતા હૈ? સમજમેં આયા? વિકારી વ્યાપ્ય અવસ્થા તો નિમિત્તકે આધીન હોતી હૈ, નિમિત્ત વ્યાપક ઔર વહ વ્યાપ્ય, દો ઉસમેં ડાલ દિયા. પર્યાય હૈ... પર્યાય હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા અપના શુદ્ધ અનંતગુણકા પિંડ પ્રભુ (હૈ) ઐસી દૃષ્ટિ જબ હુઈ, કર્તા દ્રવ્ય હુઆ તો વહ કર્તાકા કાર્ય-વ્યાપ્ય તો નિર્મલ પર્યાય હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષ પર્યાય વહ કર્તા સમકિતીકી વ્યાપ્ય અવસ્થા હૈ. વિકારી વ્યાપ્ય, ખરેખર વિકારી વ્યાપ્ય હૈ ઐસા સમકિતીકો હોતા નહીં. આહા..હા..! એ દૃષ્ટિ બતાનેકો બાત કી હૈ. ભાઈ! એ ચીજ શાસ્ત્રકો કહાં કૈસે ક્યા પ્રકાર કહના હૈ? સ્વતંત્રતા વહ સમજે નહીં અને ઐસે ઘરકા અર્થ કરે તો વહ તો નહીં ચલે ભૈયા! તત્ત્વમેં નહીં ચલે. કહો, સમજમેં આયા?

મુમુક્ષુ :- લોકમેં ચલે.

ઉત્તર :- લોકમેં તો ચલે. અનાદિથી ચાલી છેને ભાઈ!

એક બાત કહી. યે સ્ફટિકકા જો દૃષ્ટાંત દિયા. અપની પર્યાયસે પરિણમતા હૈ. સ્વતંત્ર તેરા પુરુષાર્થ હૈ. કર્તા સ્વતંત્ર હૈ ઔર કર્તાકા ઈષ્ટ કર્મ. તો ૭૫મેં તો વહ કહા, ધર્મીકો જબ અપના શુદ્ધ સ્વભાવકી દૃષ્ટિ હૈ તો વહ કર્તાકા ઈષ્ટ તો નિર્મલ પર્યાય હૈ. યે કર્તાકા ઈષ્ટ મલિન પર્યાય નહીં. અજ્ઞાની કર્તા અને ઉસકા ઈષ્ટ મલિન પર્યાય હૈ. તો કર્તા અજ્ઞાની હોકર મલિન પર્યાય સ્વતંત્ર પરિણમતી હો તો કર્તા સ્વતંત્ર હોકર ઈષ્ટ વિકારી પરિણામ ઉસકા ઈષ્ટ તો વિકારરૂપ હોતા હૈ. ધર્મીકો વિકારી પરિણામ ઈષ્ટ નહીં. સમજમેં આયા? ધર્મીકો અપના દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ ઈષ્ટ હુઆ તો ઉસકી પર્યાય નિર્મલ ઉસકો ઈષ્ટકારી હૈ. આહા..હા..! સમજમેં આયા કિ નહીં?

મુમુક્ષુ :- સીધી વાત છે.

ઉત્તર :- અરે! વાત તો બેને બે ચાર જેવી છે, પણ હવે જરી ધીરો થઈને, પૂર્વનો આગ્રહ હોય એને જરીક લક્ષમાં રાખી એક બાજુ અને યે સત્ય ક્યા હૈ ઉસકો સમજના ચાહિયે. તો ખ્યાલમાં આ જાયે. ન આવે ઐસા હો? ભૂલ તો હો ઉસમેં ક્યા હૈ? અનાદિકી ભૂલ

હૈ. તીર્થંકર જૈસે ભી અનંતકાલમેં નિગોદમેં રુલતે થે ઉસમેં ક્યા? આહા..હા..! માર્ગ ધોધમાર ધર્મધુરંધર ધોરી માર્ગ જિસને ચલાયા. સીમંધર ભગવાન ભી ધોરી માર્ગ કહતે હૈ. વહ ભી જબ નિગોદમેં પડે થે, જબ મિથ્યાદૃષ્ટિ થે, ગૃહીત મિથ્યાદૃષ્ટિ થે પૂર્વે. થે કિ નહીં? આહા..હા..! એ તો દશા. તબ તો યહ બાત નહીં. ઐસી નહીં. યે ક્યા કહતે હૈં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પૂર્વનો આગ્રહ હોય એ એક બાજુ રાખીને, સત્ય ક્યા હૈ ઐસે અંદર સમજનેકા પ્રયત્ન કરના. એક બાજુ એટલે લક્ષમાં રાખ્યા વિના. કહો, સમજમેં આયા?

દૂસરા દૃષ્ટાંત. **'ઔર ગારુડી આદિ મંત્રોંમેંસે ગારુડીમંત્ર ગરુડરૂપ ભાસતા હૈ,...'** દેખો, એ મંત્રથી ગરૂડ ભાસે. એ ગરુડ આવ્યો... એ ગરુડ આવ્યો... સર્પ પાસે. મંત્ર છે હોં. **'જિસસે કિ સર્પ ડર જાતા હૈ. ઐસા હી કથન અન્ય ગ્રંથોંમેં ભી કહા હૈ કિ જિસ જિસ રૂપસે આત્મા પરિણમતા હૈ,...'** એ તો પ્રવચનસારમેં આયા ન ભાઈ, પહલે આયા ન? શુભરૂપ પરિણમે તો શુભરૂપ થઈ જાય છે. વહ આયા ન પહલે શરૂઆતમેં. તત્કાલ તે રૂપે જ પરિણમી જાય છે. એમ જ છે. શુભરૂપ થાય તો શુભ પરિણમે છે, અશુભરૂપે તો અશુભ હો જાતા હૈ, શુદ્ધરૂપે (થાય) તો શુદ્ધરૂપ પરિણમતા હૈ, વહ પરિણમન તન્મય હૈ. વહ પર્યાય ઉસસે કોઈ જુદી નહીં. અશુભ, શુભ કે શુદ્ધ વહ અપની પર્યાય (કે સાથ) અનિત્ય તાદાત્મ્ય સંબંધ હૈ. શુદ્ધ ઉપયોગ સ્વભાવકે સાથ અભેદ હોતા હૈ તો ઉસકો નિર્મલ કહતે હૈ. ઔર પરકે નિમિત્તકે લક્ષસે જો અપની પરિણતિ હો ઉસકો મલિન કહતે હૈ. પણ દોનોં હી અપને કારણસે હૈ ઐસા નિર્ણય કિયે બિના આત્માકી સ્વતંત્રતાકી સત્યતાકી શક્તિકા પતા નહીં લગેગા. સમજમેં આયા? ચોખ્ખી બાત હૈ. ..

એ બહુ કરે છે. આજે આવ્યું છે કાંઈક. નોકર્મને લઈને આ છે, કર્મને લઈને ઐસા હૈ, ઐસા લિખા હૈ. સોનગઢવાલા એકાંત કરતે હૈં. દો કહો, કર્મસે ભી હોતા હૈ, કોઈ વખતે પુરુષાર્થસે ભી હોતા હૈ. અરે..! ભગવાનકા માર્ગ ઐસા હૈ? અનિર્ધારિત-કોઈ નિર્ધાર નહીં? ઐસા ભી હૈ... ઐસા ભી હૈ... ઐસા ભી હૈ... નિર્ધાર ક્યા ઉસકા, ખીલા ક્યા? આહા..હા..! ખીલા સમજતે હૈ ન? ખીલાકો ક્યા કહતે હૈ? કીલી-કીલી નાખતે હૈ ન. ક્યાં નાખવી એ કાંઈ ખબર નથી. અથવા હમારે યહાં ઐસા હોતા હૈ. ગાર હોતી હૈ ન. ગાર નહીં હોતી? અબ તો પત્થરકા મકાન હો ગયા. માટીકા, ગાર કરતે થે ન? ગાર-ગારકો ક્યા કહતે હૈ? ઈતના ઈતના કરતે થે ગાર. તો ઉસમેં ખીલા ભેંસકા નાખે તો? ભેંસકો બાંધના હૈ, બળદકો બાંધના હૈ, નાખે ખીલા ગારમાં. પાંચ મણ ગાર હોતી હૈ કિ નહીં? ગાર કરનેકા. .. ખીલો નીકળીને વયો જશે. ખીલાકા ઠેકાણા હૈ? એમ આત્માકા કોઈ નિર્ણય હૈ? કિ શુદ્ધ સ્વભાવમેં ભી પરિણમનેવાલા

સ્વતંત્ર હૂં, અશુદ્ધ ભી પરિણમનેવાલા મૈં કર્તા હોકર સ્વતંત્ર હૂં. દૂસરી ચીજ હો, કૌન ના પાડતે હૈં? વહ તો જ્ઞાન કરનેકી ચીજ હૈ.

અહીં આચાર્ય મહારાજ વહી કહતે હૈ. ત્યાં સ્ફટિકમણીનો દૃષ્ટાંત આપ્યો ભગવાન કુંદકુંદાચાર્યે. યહાં યહ દિયા હૈ. આચાર્યકી પરંપરા સબકી એક ચલતી હૈ. આ ઉસને થોડા ગારુડી મંત્રકા વિશેષ ડાલા.

મુમુક્ષુ :- કર્તા અધિકારમાં ગારુડ

ઉત્તર :- હા, આવ્યો છેને એ તો કર્તામાં આવ્યો છે પાછળ.

'**જિસસે કિ સર્પ ડર જાતા હૈ. ઐસા હી કથન અન્ય ગ્રંથોમેં ભી કહા હૈ, કિ જિસ જિસ રૂપસે આત્મા પરિણમતા હૈ, ઉસ ઉસ રૂપસે આત્મા તન્મયી હો જાતા હૈ,...**' જુઓ, એ આવ્યું ત્યાં પ્રવચનસારમાં. શુભરૂપ હોય તો તત્કાલ તે રૂપે પરિણમે છે. પોતે પરિણમે છે. શું પરને લઈને પરિણમે છે? અશુભપણે પરિણમે તો પોતે (પરિણમે છે), પણ એ પર્યાયના અંશમાં. દ્રવ્ય-ગુણમાં નહીં. સમજમેં આયા? '**જૈસે સ્ફટિકમણિ ઉજ્વલ હૈ, ઉસકે નીચે જૈસા ડંક લગાઓ, વૈસા હી ભાસતા હૈ. ઐસા જાનકર આત્માકા સ્વરૂપ જાનના ચાહિયે.**' ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ હૈ, ઉસકા પરિણમનસ્વભાવ નિર્મલ હોનેકા હી સ્વભાવ હૈ. દ્રવ્ય-ગુણ સ્વભાવ શુદ્ધ હૈ. ઉસકી દૃષ્ટિ કરનેવાલેકો શુદ્ધ પરિણમન હી ઉસકા સ્વભાવ હૈ.

'**જો શુદ્ધાત્મપદકી પ્રાપ્તિકે ચાહનેવાલે હૈં, ઉનકો યહી યોગ્ય હૈ, કિ સમસ્ત રાગાદિક વિકલ્પોંકે સમૂહકો છોડકર...**' પરમાત્મા હૈ ન? યહાં તો પરમાત્મપ્રકાશ કરના હૈ ન? તો પરમાત્મા અપના સ્વરૂપ પૂર્ણ હૈ. જિસ રૂપ પરિણમે ઉસમેં પરિણતા હૈ. ધર્માત્માકો, ધર્મીકો, દૃષ્ટિવંતકો '**સમસ્ત રાગાદિક વિકલ્પોંકે સમૂહકો છોડકર...**' કહાંસે છોડે? જો કર્મ કરાતે રહે તો છોડના કહાં રહા? તો કહતે હૈં કિ મૈં હી કર્તા થા. વો વિકલ્પકો દૃષ્ટિમેંસે હટાકર, સમૂહકો છોડકર. જુઓ, ભગવાન આત્મા..! આ તો ભાઈ બાત તો ઐસી હૈ કિ સૂક્ષ્મ લગે. ઉસે કભી અંતરકા રસ નહીં લગા. ભગવાન આત્મરસ. આહા..હા..! ઐસા રસકી રીતી ન જાની અને રાગ ને પુણ્ય ને પરકી રીતિકા રસ આયા. તો જિસમેં રસ લગા... રસ કહતે હૈ ન? રસકી વ્યાખ્યા વહ હૈ. એક (જ્ઞેય)મેં લક્ષ હોનેસે દૂસરી ચિંતા ન હોના ઉસકા નામ રસ. વહ આતા હૈ ન? સમયસાર નાટકમાં. આપણે સમયસારમેં આતા હૈ. ૩૮ ગાથા પૂરી થઈને પછી સમયસાર નાટક કહા. રસ કિસકો કહનેમેં આતા હૈ? જયચંદ્ર પંડિતને લિખા હૈ. રસ હૈ ન ઉસમેં? વહ રસ. ૩૮ ગાથા હૈ ન ૩૮? ઉસમેં પીછે હૈ ભાવાર્થમેં. અવિકારી રસ... રસ... રસ... રસ... નવમો શાંતરસ... બહુ વર્ણવ્યું છે ઘણું.

અહીં છે લ્યો, **'જ્ઞાનમેં જો જ્ઞેય આયા ઉસમેં જ્ઞાન તદાકાર હો જાય,...'** હૈ તો ગુજરાતી. તદાકાર કહ્યું. **'ઉસમેં પુરુષકા ભાવ લીન હો જાય ઔર અન્ય જ્ઞેયકી ઈચ્છા નહીં રહે સો રસ હૈ.'** વહ રસકી વ્યાખ્યા. હૈ? **'ઉન આઠ રસોંકા રૂપ નૃત્યમેં...'** એ તો ઠીક. ઐસે આત્મા અપને આત્માકે જ્ઞેયમેં એકાકાર હો જાયે, દૂસરી કલ્પના ઉઠે નહીં તો આત્માકા રસ ઉત્પન્ન હુઆ ઉસકો કહનેમેં આતા હૈ. ઔર શુભ-અશુભમેં એકાકાર હોકર શુદ્ધકા લક્ષ છોડ દે, દૂસરી ચિંતા એટલે એકાગ્રતા યહાં છોડ દે, તો શુભમેં એકાકાર (હોકર) શુભકા રસ આતા હૈ. યહાં શાંતરસ આતા હૈ, યહાં શુભરસ આતા હૈ, શુભ ઉપયોગ વહ તો અશાંતરસ હૈ. અને અશુભમેં એકાકાર હો જાય ઔર દૂસરી ચિંતા છૂટ જાયે, શુભકી નહીં ઔર શુદ્ધકી નહીં, તો ઉસકો રસ કહતે હૈં. વહ અશુદ્ધકા રસ હૈ.

જ્ઞાન જિસમેં એકાકાર હો જ્ઞેયમેં ઔર દૂસરી ચિંતા ન રહો ઉસકા નામ રસ. તો ભગવાન આત્મા અપને જ્ઞાયકસ્વભાવમેં એકાકાર હો ઔર વિકલ્પ કોઈ ન રહે ઉસકા નામ આત્માકા રસ, ઉસકા નામ આત્માકા શાંતરસ. સમજમેં આયા? આત્માકે શુદ્ધ સ્વરૂપકો ધ્યાવે, વિકારોં પર દૃષ્ટિ ન રખે. વિકારોં પર દૃષ્ટિ ન રખે. વિકાર હૈ તો ખરા, પર ઉસકે તરફ દૃષ્ટિ (ન રખે). યહાં નિર્વિકાર ભગવાન અંતર્મુખ સ્વરૂપ ઉસ પર દૃષ્ટિકા ઝુકાવ કર દે તો શુદ્ધરૂપકા પરિણમન હોકર ઉસકો ધર્મ હોતા હૈ. દૂસરી રીતસે કોઈ ધર્મ હોનેકી કોઈ કલા દૂસરી નહીં હૈ. કહો, સમજમેં આયા? વહ ૧૭૩ હુઈ.

**'આગે ચતુષ્પદછંદમેં આત્માકે શુદ્ધ સ્વરૂપકો કહતે હૈં-'** ૧૭૪.

**૩૦૫) एहु जु अप्पा सो परमप्पा कम्म-विसेसेँ जायउ जप्पा।**
**जामइँ जाणइ अप्पें अप्पा तामइँ सो जि देउ परमप्पा।।१७४।।**

ભાષા જુઓ આચાર્યની. તું પરાધીન થઈને કોકનો જાપ કર. કહેશે. ઓહો..હો..! માખણ એકલું નાખ્યું છે લ્યો!

**'યહ પ્રત્યક્ષભૂત...'** ભગવાન આત્મા **'સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા...'** દેખો! આત્મા તો, અપના જ્ઞાન જ્ઞેય ઉપર લગનેસે અપનેમેં સ્વસંવેદનજ્ઞાનસે આત્મા જાનનેમેં આતા હૈ. સ્વરૂપ ઉસકા ઐસા હૈ. શુભરાગસે, પુણ્યસે, નિમિત્તસે, મનસે આત્માકા જ્ઞાન હોતા હૈ ઐસા તીનકાલમેં હોતા નહીં. બડી બાત પુરુષાર્થકી હૈ અચિંત્ય, અપૂર્વ. જન્મ-મરણકા જહાં છેદ કરના હૈ તો પુરુષાર્થકી તો અપારતા હૈ ન વહાં? ભગવાન આત્મા **'પ્રત્યક્ષભૂત...'** પ્રત્યક્ષ (અર્થાત્) રાગ બિના **'સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા વહી શુદ્ધનિશ્ચયનયકર અનંત ચતુષ્ટયસ્વરૂપ...'** અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. **'ક્ષુધાદિ અઠારહ દોષ રહિત નિર્દોષ પરમાત્મા હૈ,...'** લો, અંદરમેં ભી હૈ નહીં અને પર્યાય જહાં પ્રગટ ઐસી

હુઈ ઉસકો ભી ક્ષુધાદિ દોષ હોતા નહીં. સમજમેં આયા?

ભગવાન પ્રત્યક્ષ સ્વરૂપ અનંત ચતુષ્ટયસંપન્ન, ગુણમેં ક્ષુધા, તૃષા, રાગાદિ હૈ નહીં. તો ઐસા ઉસકા ધ્યાન કરકે જબ પર્યાય પ્રગટ હો, ઉસકો ભી ક્ષુધા, તૃષા, રોગ કેવલીકો હોતા નહીં. ઓહો..હો..! કેવલીકો ભી નહીં. ક્ષુધા, તૃષા ઈતની રહે તો ઉસમેં પુરુષાર્થ કરકે કર્મકા અનુભાગ કિતના ઘટા દિયા, થોડા એક રહ ગયા થોડા. યહાં તો એકીલા અનંત આનંદકા અનુભવ ભગવાનકો હૈ વહાં ઉસકા ક્ષુધા, તૃષાકા ભાવ કહાંસે? વિકલ્પ કહાંસે? સંયોગ લેનેકા સંગ કહાંસે? સમજમેં આયા? વસ્તુમેં હૈ નહીં તો ઉસકી પર્યાય પૂર્ણ હુઈ તો વહાં ક્ષુધા, તૃષા કહાંસે લાયે? એમ કહતે હૈ. સમજમેં આયા?

ભગવાનકો લગાતે હૈ ન? આહાર લેતે હૈ. તુમ્હારે ખબર હૈ બહુત ઉસકો તો. ભગવાનકો રોગ હોતા હૈ, છ માસ સુધી રોગ હુઆ. શું કહેવાય? આ પેસોટી. પેસોટી-પેસોટી. શું કહતે હૈ? પેચી. ઐસા રોગ આયા. ઐસા પાઠ હૈ. છ માસ રહા. પીછે રોગ મિટાનેકો એક સાધુકો કહા કિ જાઓ મેરે લિયે આહાર બનાયા વહ ન લાઓ, દૂસરા કે લિયે બનાયા વહ મેરે લિયે લાઓ. સાધુને મોકલાય, પાત્ર મોકલાય-યે તો બાત સબ કલ્પિત હૈ, વસ્તુ ઐસી હૈ નહીં. અરે! ત્રણ લોકના નાથ પરમાત્મા ઉસકો ક્ષુધા, તૃષા ક્યા? આહા..હા..! સમજમેં આયા?

ટીકામેં તો ઐસા લે લિયા હૈ વો ટીકામેં તો. ઐસી સંસ્કૃત ટીકા હૈ ઉસમેં. કિ ભગવાનકો .. થા. વૃદ્ધ સાધુકા ઐસા મઠ થા. ઐસા લિખા હૈ. પાઠ હૈ. હમને તો સબ ચિહ્ન કિયા હૈ, સબ પઢા હૈ. બતાયા થા લોગોંકો, પંડિતોકો. ... વૃદ્ધ હુઆ ઐસા પાઠ હૈ સંસ્કૃત ટીકા હૈ પંદરવે શતકમેં. વૃદ્ધ ભી સાધુ.. અરે ભગવાન! મુનિકો એક આહારકા વિકલ્પ હોતા હૈ વહ પ્રમાદ હૈ. પ્રમાદકે કાલમેં વિકલ્પ હોતા હૈ. અપ્રમત્તદશામેં હોતા નહીં. આહા..હા..! એક દ્રવ્યકી શક્તિ, ગુણકી શક્તિ અને પર્યાયકા કિતના સામર્થ્ય પ્રગટ હોતા હૈ! કિતના ઉસમેં સામર્થ્ય હૈ ઔર કિતના વિયોગ અભાવ હો ગયા, ઉસકા વિવેક નહીં વહાં ઐસા કહનેમેં આતા હૈ.

યહાં તો કહતે હૈ '**નિર્દોષ પરમાત્મા હૈ, વહ વ્યવહારનયકર...**' '**कर्मविशेषेण**' જુઓ, '**અનાદિ કર્મબંધકે વિશેષસે...**' 'जाप्यः जातः' '**પરાધીન હુઆ દૂસરેકા જાપ કરતા હૈ;...**' એવો અર્થ કર્યો છે. અરે..! જાપ કરનેલાયક તો તૂ હૈ તેરા. જપ શુદ્ધ ચિદાનંદ... શુદ્ધ ચિદાનંદ એકાકાર. દૂસરેકા જાપ કરે, ભગવાન... ભગવાન.. ભગવાન... કિતના પરાધીન હુઆ કહતે હૈ. કર્મકે નિમિત્તમેં આધીન તુમ હુઆ. દૂસરેકા જાપ કરનેસે તુમ કહો હમારે ભગવાનકી ભક્તિ હૈ, હમ ભગવાન હોતા હૈ. ન્યાલભાઈ! જાપ કહ દિયા હૈ દેખો. પાઠ ઐસા લિયા હૈ ન? '**कर्मविशेषेण** जाप्यः जातः' 'जाप्यः जातः' '**દૂસરેકા જાપ કરતા હૈ;...**' ટીકામેં ઐસા લિયા હૈ '**स्वकीयबुद्धिदोषेण** जात उत्पन्नः' ઐસા અર્થ કિયા હૈ. ઉત્પન્ન કિયા. દો અર્થ કિયા હૈં. 'જાત

**उत्पन्नः**' ભગવાન આત્મા અપના શુદ્ધ સ્વભાવ પરમાનંદકો ભૂલકર પર્યાયમેં સ્વબુદ્ધિકે દોષસે '**बुद्धिदोषेण**' વિકાર ઉત્પન્ન હુઆ. જાપ વિકાર ઉત્પન્ન કરતે હૈ. સમજમેં આયા? વિશેષપણે પર્યાયમેં કર્મકા નિમિત્તકે આધીન હોકર. આધીન હોકર, આધીન કરતા નહીં. અપની પર્યાયમેં વિકાર અપના '**स्वकीयबुद्धिदोषेण**' કરતે હૈ. લો. એમાં આવ્યું છેને ભાઈ, ઓલા પુણ્ય-પાપના અધિકારમાં એ આવ્યું હતુંને? સ્વ અપરાધેણ. એ આવ્યું હતું. પહેલા જ્યારે આવ્યા શેઠ ત્યારે. પહલે વહ જીવનધરજી થા ન? જીવનધર પંડિતને (કહા), યહ કહાંસે નિકાલા? દેખો ભૈયા! હૈ કિ નહીં ઉસમેં. તુમ દેખો તો ખરા. હૈં? પાઠમેં ઐસા હૈ! દેખો, પાઠ દેખો ક્યા હૈ?

મુમુક્ષુ :- કર્મથી જ થાય.

ઉત્તર :- કર્મથી જ થાય. ઐસા હૈ. કીધું ઐસા હૈ નહીં. દેખો યહાં.

**सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।**
**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।**

ભગવાન અપના જ્ઞાનસ્વભાવ '**વિશ્વકો સામાન્યવિશેષતયા જાનનેકે સ્વભાવવાલા હૈ ઐસા જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાલસે અપને પુરુષાર્થકે અપરાધસે...**' સંસ્કૃત ટીકા હૈ. અનાદિ કાલસે. યહ બતાયા થા જીવનધરકો. ૨૦૦૧ની સાલ. દેખો, ભૈયા! ક્યા કહતે હૈ? પણ હજી ખટકે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનતા નથી. દેખો, '**અનાદિ કાલસે અપને પુરુષાર્થકે અપરાધસે પ્રવર્તમાન કર્મમલકે દ્વારા લિપ્ત યા વ્યાપ્ત હોનેસે હી, બન્ધ-અવસ્થામેં સર્વ પ્રકારસે સંપૂર્ણ અપનેકો અર્થાત્ સર્વ પ્રકારસે સર્વ જ્ઞેયોંકો જાનનેવાલા અપનેકો ન જાનતા હુઆ,...**' પોતાને જાણે તો સર્વજ્ઞ પૂર્ણ થઈ જાય, પણ સ્વયં જહાં પરકો આધીન હોકર અપરાધ કરકે વિકાર કરતા હૈ. પુણ્ય-પાપકા અધિકાર હૈ. પુણ્ય-પાપ દોનોં અપરાધ હૈ. અપરાધમેં રુકકર, અપને પુરુષાર્થકે અપરાધસે પ્રવર્તતા હૈ. દૂસરેકે કારણસે નહીં. યે ૨૦૦૧કી સાલમેં બતાયા થા. વહ ચલતા થા અધિકાર ઉસ ગાથાકા હી વ્યાખ્યાન થા. કુદરતે આવ્યું હતું હોં.

યહાં કહતે હૈ '**स्वकीयबुद्धिदोषेण**' સમજમેં આયા? '**પરાધીન હુઆ દૂસરેકા...**' પરાધીન કરનેવાલા કરતા હૈ ઐસે ન આયા. '**પરાધીન હુઆ...**' '**स्वकीयबुद्धिदोषेण**' વહ વિકારકો ઉત્પન્ન કરતા હૈ.

મુમુક્ષુ :- યહાં નહીં આયા, દૂસરી જગહ આયા હૈ.

ઉત્તર :- દૂસરી જગહ ક્યા આયા હૈ? દૂસરેકા, કહા ન યહાં. ક્યા કહા? નિદ્ધત-નિકાચિત ક્યા હૈ? વહ તો કર્મકી બાત હૈ. અપને પુરુષાર્થસે નિદ્ધ-નિકાચિતકો તોડ ડાલતે હૈ. ઉસમેં

ભી તકરાર હૈ ન. ધવલમેં હૈ. ભગવાનકે દર્શનસે નિદ્ધત-નિકાચિત... ઐસા પાઠ હૈ. પણ વહ ભગવાનકા દર્શન.. યે આત્માકા દર્શન હૈ. ધવલમેં આયા હૈ ઐસા. નિદ્ધત-નિકાચિત .. ફોડ દે એક હાથી ઉપર સિંહ મારે પંજા, હાથીકા ટૂકડા કર દે. .. ઐસા પાઠ હૈ. ઐસે આત્મા અપના સ્વભાવકા પુરુષાર્થસે નિદ્ધત-નિકાચિતકા ટૂકડા-ટૂકડા કર ડાલતે હૈ. અપને પુરુષાર્થસે બાંધા હૈ ઐસા ઉલટ પુરુષાર્થસે કરતે હૈ. સીધેકી બાત કરેગા હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૧૯૦ ઉપલબ્ધ નહીં હોવાથી લેવામાં આવેલ નથી.**

## શ્રાવણ સુદ ૧૨, રવિવાર, તા. ૦૮-૦૮-૧૯૬૫
## ગાથા- ૧૭૫, પ્રવચન-૧૯૧

૧૭૫ ગાથા ચલતી હૈ. યહાં આયા. '**ઈસસે યહ નિશ્ચય હુઆ...**' યહાં તક આયા હૈ. ક્યા? દેખો, '**જો આત્મદેવ મહામુનિયોંકર પરમ આરાધને યોગ્ય હૈ, ઔર અનંત સુખ આદિ ગુણોંકા નિવાસ હૈ.**' ઈતનેમેં ક્યા કહા? કિ યહ આત્મા અનંતગુણકા નિવાસ-ઘર હૈ ઔર મહામુનિયોંકર આરાધને યોગ્ય હૈ. ઉસકો કાંઈ કર્મકા નિમિત્ત વિઘ્ન કરતા હૈ તો આરાધન કર સકતા નહીં ઐસા કહા નહીં. સમજમેં આયા? અપના શુદ્ધસ્વરૂપ પરમાત્મા અનંતગુણસે ભરા ભંડાર હૈ. વો ગુણકે સંબંધસે પરમ નામ ઉત્કૃષ્ટ ઉસકા સંબંધ કહનેમેં આતા હૈ. દૂસરા સંબંધ ઉસમેં હૈ હી નહીં. સંબંધ હૈ ફિર ભી સંબંધ નહીં (ઐસા નિર્ણય) કરના અપના પુરુષાર્થકા કાર્ય હૈ. સમજમેં આયા? નિમિત્ત સંબંધ હૈ કર્મકા અને રાગકા, ફિર ભી સંબંધ હૈ નહીં. ઐસા આત્મા અનંતગુણકા સંબંધસંપન્ન હૈ, પણ પરકા સંબંધ હૈ નહીં. ઐસા તુમ ધ્યાન કરો એમ કહતે હૈ ન દેખો '**યહી ધ્યાન હંમેશા કરના.**' આખિરમેં યહ શબ્દ પડા હૈ. તો ઐસા ક્યોં કહા ભગવાનને? પણ હમકો કર્મ નડતે હૈ. કર્મ જબ માર્ગ દે, કર્મ જબ હટે તો હમ આત્માકા નિર્ણય કર સકે ન? ઐસા કહા નહીં. તુમ તેરી વિપરીત દૃષ્ટિસે પરમેં લક્ષ દેતા થા, વહ તેરા કર્તાકા કાર્ય વિકાર થા. અબ તેરા કર્તાકા કાર્ય ગુલાંટ ખા. અનંતગુણકા

તેરે સંબંધ હૈ. રાગકા અને કર્મકા સંબંધ નહીં ઐસી યહાં શૈલી લિયા હૈ. સમજે? જુઓ, આયા ન?

**'અનંત સુખ આદિ ગુણોંકા સંબંધ હૈ.'** મૂળ તો યહ શબ્દ પડા હૈ સંસ્કૃતમેં. સમજમેં આયા? **'परु परमगुणयोगात् पर उत्कृष्टः'** ઐસા સંસ્કૃતમેં હૈ. ઐસા કહનેમેં આશય હૈ. ક્યા? કિ તેરી દૃષ્ટિ ઐસી માન રખી હૈ અનાદિકાલસે કિ મેરે કર્મકા સંબંધ હૈ, રાગ, વિકારભાવકા કર્મ સંબંધ હૈ. યે તેરી દૃષ્ટિમેં માન રખા હૈ વહ તેરે પુરુષાર્થકી ઉલટી ગતિસે માન રખા હૈ. બરાબર હૈ? તો ઉડ જાતી હૈ બાત. નિમિત્તસે હોતા હૈ વહ બાત કહાં રહી ઉસમેં? અને વ્યવહારસે હોતા હૈ, વહ દોનોં બાત ઉડ જાતી હૈ. નિમિત્ત કર્મસે વિકાર હોતા હૈ, (પર) વિકાર તો અપનેસે કરતા હૈ તો તેરી દૃષ્ટિને સંબંધ માન લિયા ઐસા કહા યહાં તો. ઔર રાગસે શુભરાગ હૈ, ઉસસે મુઝે લાભ હોગા અથવા મુઝે સંબંધ હૈ ઐસા તુને માન રખા હૈ ઐસા કહા યહાં તો. ક્યા કહા સમજમેં આયા?

કર્મ ઔર રાગ દો નિમિત્ત હૈ ન? રાગમેં વહ નિમિત્ત ઔર સ્વભાવકી શ્રદ્ધા-જ્ઞાન કરે સ્થિરતા ઉસમેં વહ રાગ નિમિત્ત કહનેમેં આતા હૈ રાગકો. અંદરમેં રાગકો નિમિત્ત કર્મ અને રાગ નિમિત્ત (પર્યાય) સ્વભાવમેં. શેઠી! દેર ક્યોં લગી? વૃદ્ધાવસ્થા હૈ ન. કહો, સમજમેં આયા? ક્યા કહા? સબ ફૈસલા ઉડા દેતે હૈં કિ અનંતગુણકા સ્વભાવ ઉસકા તેરે સંબંધ હૈ. ઐસા અંતરમેં નિર્ણય નિભ્રાંત માન કિ મેરા સ્વરૂપ પરમાત્મા જૈસા હૈ. જૈસા પરમાત્મા મુક્તિમેં હૈ ઐસા હી મૈં યહાં હૂં. તો ઐસી માન્યતામેં ક્યા આયા? કિ કર્મ અને રાગકે સંબંધમેં મૈં હૂં ઐસી દૃષ્ટિ ઉડ ગયી. વહ તો ઐસી દૃષ્ટિસે માન રખા થા. સમજમેં આયા? અપના પુરુષાર્થકી ઉલટી ગતિસે કર્મકે સંગમેં પડા ઉસમેં વિકાર હોતા હૈ ઔર રાગ મંદ હો કુછ તો મેરે સ્વભાવકો લાભ હોગા અથવા મેરે સ્વરૂપકી પ્રતીત હો વહ તો તુને માન રખા થા. ઐસી ચીજ હૈ નહીં.

યહાં તો કહતે હૈ **'અનંત સુખ આદિ ગુણોંકા નિવાસ હૈ.'** સંબંધ હૈ. અનંતગુણસે સંબંધ હૈ માટે પરમ નામ ઉત્કૃષ્ટ આત્મા હૈ. ઐસા સંબંધમેં દૃષ્ટિ અપની પર્યાયસે, રાગસે, નિમિત્તસે ઉઠાકર, તો ઉઠા સકતે હૈ વહ સ્વતંત્રપણે ઉઠા સકતે હૈ કિ નહીં? સમજમેં આયા? તુમ્હારા આત્મા ગુણસે અનંતગુણકા નિવાસ સંબંધ હૈ ઐસી દૃષ્ટિ કર. તો ઉસમેં ક્યા આયા? કિ યહ દૃષ્ટિ જો તેરી હૈ, કર્મ અને રાગકે સંબંધમેં પડી હૈ (વહ) દૃષ્ટિ ઉઠા લે. તો ઉસકી ઐસી દલીલ હો કિ ક્યા ઉઠા લે? પ્રભુ! કર્મકા જોર હૈ તો હમકો રોક દેતે હૈ. દેવીલાલજી! ક્યા .. ખુલાસા કિયા દેખો, કિ **'અનંત સુખ આદિ.'** ભગવાન! તેરા આત્મામેં તો અનંત આનંદ, અનંત જ્ઞાનાદિ સુખકા ભંડાર હૈ. વહ સુખસે સંબંધ તેરા આત્માકા હૈ. ગુણસે સંબંધ

તેરા આત્માકા હૈ. રાગસે અને કર્મસે સંબંધ નહીં હૈ છતા માન રખા હૈ વહ દૃષ્ટિમેં મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? બાબુલાલજી! બરાબર હૈ કિ નહીં? દેખો, ક્યા કહતે હૈ?

**'અનંત સુખ આદિ ગુણોંકા નિવાસ હૈ. ઈસસે યહ નિશ્ચય હુઆ કિ જૈસા પરમાત્મા વૈસા યહ આત્મા...'** જૈસા મુક્તિમેં બિરાજમાન પરમાત્મા પર્યાય નિર્મલ ઐસા મૈં યહા આત્મા. **'ઔર જૈસા યહ આત્મા હૈ, વૈસા હી પરમાત્મા હૈ.'** કૈસા આયા ઉસમેં? તેરી દૃષ્ટિને વિપરીતતા ડાલી હૈ. સમજમેં આયા? અરે! તબ કહે કર્મકા સંબંધ નહીં હૈ કિ (જિસસે) હમારી દૃષ્ટિ વિપરીત હૈ? પણ સંબંધમેં તેરી રુચિ હુઈ અને રાગકે સાથ એકત્વ રુચિ તુને કિયા હૈ, કિસીને કરાયા નહીં. સબ બાત ઉડ જાતી હૈ ઉસમેંતો. વિકાર કર્મસે હોતા હૈ, રાગ મંદ હો તો આત્માકા ગુણકા સંબંધવાલા આત્માકી દૃષ્ટિ હોતી હૈ, યે કોઈ બાત રહતી નહીં. સમજમેં આયા? આહા..હા..! ક્યા કરે? ઉસકો મહત્તા ચૈતન્યકી નહીં આતી ઔર પરકી મહત્તા આયે, દૃષ્ટિ ઉલટી કરતે હૈ અને ફિર કહતે હૈ કિ હમારે કર્મ નડતે હૈ નિદ્ધત-નિકાચિત. કિસીને પ્રશ્ન કિયા થા ન? કિસને કિયા થા? નિદ્ધત-નિકાચિત. ધન્નાલાલજી. ભાઈ! નિદ્ધત અને નિકાચિત કર્મ પડા હૈ ક્યા કરે? આચાર્ય મહારાજ અથવા સર્વજ્ઞદેવ ફરમાતે હૈ, અરે! આત્મા! તુમ અનંતગુણ અનંત... અનંત... અનંત... જિસકી ગિનતી નહીં .. મર્યાદા બિનાકા ગુણ હૈ ઐસા ભગવાન આત્માકે સાથ અનંતગુણકા સંબંધ હૈ. ઐસા અનંતગુણકા સંબંધ હૈ ઐસી દૃષ્ટિ કર ઔર ઉસકે સાથ રાગ અને કર્મકા સંબંધ હૈ વો દૃષ્ટિ છોડ દે. વજુભાઈ! બરાબર થયું કે નહિ? યે પુરુષાર્થ હૈ કિ ક્યા હૈ? આહા..હા..!

યે તો ભગવાનકા ઉપદેશ ઐસા ક્યોં કહા? આચાર્ય ઐસા ક્યોં કહતે હૈ કિ તુમ પરમાત્મા હો? પણ પ્રભુ! કૈસે પરમાત્મા હો? અભી? અભી તો કર્મકા સંબંધ હૈ, મેરેમેં પામરતા વર્તતી હૈ, વિકારકા .. ઉઠતા હૈ. સુન તો સહી. વિકાર કરતે હૈ (વહ) સ્વતંત્ર કર્તા હોકર વિકાર તેરી પર્યાયમેં હોતા હૈ ઔર સ્વતંત્ર હોકર તુમ કર્મકા નિમિત્તકા વશ તુમ... સ્વતંત્ર હોકર નિમિત્તકે વશ હોતા હૈ. સમજમેં આયા? તો કહતે હૈં કિ હમારા ઉપદેશ યહ હૈ કિ છોડ દે દૃષ્ટિ. આહા..હા..! નિમિત્ત સંબંધકા ઔર રાગ સંબંધકા, ભાવકર્મ અને દ્રવ્યકર્મ. સમજમેં આયા? યે સંબંધ મેરેમેં હૈ ઐસી દૃષ્ટિ છોડ દે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આત્માકે લિયે હૈ. યે કહતે હૈ બરાબર બાબુલાલ. અંદર મુનિયોગ્ય શબ્દ આયા થા ન. મુનિને ઉદ્દેશિને પ્રધાન બાત હૈ. પોતાના ચાર લડકા હો. બડે લડકેકો ઉદ્દેશીકે બાત કરતે હૈ તો ચારે લડકેકોં લાગુ હોતા હૈ. લાગુ હોતા હૈ કહતે હૈ ન? ક્યા કહતે હૈ? ઘટીત હો જાતા હૈ. ભાઈ, તુમ્હારી હિન્દી હમેં બરાબર નહીં આતી. વહ ચારોંકો લાગુ હો જાતા

હૈ. દેખો ભૈયા! અપના ઘરકા રિવાજ હૈ. એમ પિતાજી વડીલ પુત્રકો કહે. આપણા ઘરકા યહ વ્યવહાર હૈ, ઐસા હૈ, ઐસા તુમ્હારે કરના. પાડોશી હોય, ઉસકા લડકા પરણતા હોય, લગન હો એ જ્યારે પરણતા હો તો આપણે સવા રૂપિયો અને નાળિયેર દેતે હૈ અને આપણા લડકા પરણે તો વહ ભી સવા રૂપિયો અને નાળિયેર દેતે હૈ. આતા હૈ ન વ્યવહાર? તો આપણે ઈતના વ્યવહાર હૈ. ઔર આપણા કુટુંબમેંસે કોઈ આવે તો ઉસકો સવા પાંચ રૂપિયા, નાળિયેર દેના. આપણા ઉસકે સાથ ઈતના વ્યવહાર હૈ. ઔર આપણા ભાગીદાર હૈ ઉસકે સાથે ઐસા વ્યવહાર (હૈ). ભાગીદાર સમજે? ઉસકે સાથે ઈતના વ્યવહાર હૈ કિ ઉસકા લડકા પરણે તો ૧૦૧ દેના ઔર શ્રીફલ દેના ઐસા અપના વ્યવહાર હૈ. આપણા લડકા પરણે ત્યારે વો ૧૦૧ રૂપિયા (દેતા હૈ). ઐસા હોતા હૈ, અભી હોતા હૈ. સબ હમને તો દેખા હૈ ન. ઐસે પિતા બડે પુત્રકો ઐસી વ્યવહારકી રીત સમજાતે હૈ તો ચારોંકો લાગુ પડતી હૈ.

એમ મહામુનિ પ્રધાન ચાર—મુનિ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. ભગવાનકે ચારોં પુત્ર હૈ. આહા..હા..! ગૌતમ પુત્ર લિયા ભાઈ! પંડિતજી! ધવલમેં હૈ ભાઈ.. ગૌતમ વીરકા પુત્ર હૈ ઐસા પાઠ હૈ. ધર્મપિતા હૈ. ત્રણ લોકકા નાથ સર્વજ્ઞ પરમાત્મા ધર્મપિતા. ગૌતમ પુત્ર ઐસા લિયા હૈ. તો ચારોં તીર્થ ભગવાનના પુત્ર હૈ. ઐસા નહીં આયા? લઘુનંદન નહીં આયા? બનારસીદાસમેં.

ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલી કરે શિવ મારગ માહીં, જગમાહી જિનેશ્વરકે લઘુનંદન.

જુઓ, લઘુનંદન. દોકો પુત્ર કહા. નંદનકા અર્થ ક્યા હુઆ? ભગવાનકા પુત્ર. સમકિતી ભગવાનકા પુત્ર. આવ્યું કે નહિ? ધર્મચંદજી! મહામુનિ ભી પુત્ર હૈ, ગૌતમકો પુત્ર કહા. યહાં ઉસકો પુત્ર કહા. સબ પુત્ર હૈ. છઠ્ઠે ગુણસ્થાનવાળા મુનિ, પંચમમેં અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ઔર ચૌથે (ગુણસ્થાનવાલા) ભગવાનકા પુત્ર હૈ. પરમાત્મા ત્રિલોકનાથકી પર્યાય પૂર્ણ હો ગયી, ઐસા બતાતે હૈ કિ તુમ ભી ઐસી પર્યાય પ્રગટ કરો. તો આચાર્યદેવ કહતે હૈં ભગવાનકા તો વહ હુકમ હૈ કિ તુમ્હારે કર્મકા સંબંધ અને રાગકા સંબંધ હોતે છતેં તુને પર્યાયદૃષ્ટિમેં તેરે ઉલટા પુરુષાર્થસે સંબંધ માન રખા હૈ. ગુલાંટ ખા. હમ કહતે હૈ કિ તુમ કર સકતે હો.

આચાર્ય મહારાજ ઔર સર્વજ્ઞદેવ કહતે હૈં કિ હમ કહતે હૈ કિ તુમ કર સકતે હો. કર સકતે હો તો હમ તુમકો કહતે હૈ. તુમ કર સકે નહીં ઔર હમ કહે તુમ કરો? ક્યા કરે મહારાજ? હમારેસે બન સકે નહીં, આમ કરો-આમ કરો ઐસા ક્યા? કર સકતા હૈ સુન. કહતે હૈ, **'જૈસા પરમાત્મા વૈસા યહ આત્મા ઔર જૈસા યહ આત્મા હૈ વૈસા હી પરમાત્મા હૈ.'** ઐસા ધ્યાનકર. ઐસા છેલ્લે કહતે હૈ. **'યહી ધ્યાન હંમેશા કરના.'** યહી ધ્યાન હંમેશા કરના. ઉસકા અર્થ ક્યા આયા? પીછે. સમજમેં આયા? ઈસલિયે યહ સબ બાત લિયા હૈ. સમજમેં

આયા?

કહતે હૈ, 'परु' ભગવાન પરમાત્મા 'भावय' ભાવનો અર્થ ધ્યાન. સમજમેં આયા? આહા..હા..! ભગવાન! પણ તુમ દૂસરે ઠિકાને કહતે થે કિ કર્મ કે ઉદયસે હમકો દર્શનમોહકા ઉદયસે મિથ્યાત્વ હોતા હૈ. પ્રકાશચંદજી! ગોમ્મટસારમેં ઐસા કહા તુમને કિ દર્શનમોહસે મિથ્યાત્વ હોતા હૈ. અનંતાનુબંધી ઉદયસે ચારોં કષાય હોતા હૈ અનંતાનુબંધીકા. વહાં તુમને ઐસા કહા ઔર યહાં કહતે હૈ દૃષ્ટિ ઉઠા લે. શી રીતે ઉઠાવીએ અમે? ભગવાન! હમને વહાં ભી ઐસા નહીં કહા થા. તુમ્હે ખબર નહીં. વહાં ભી હમને ઐસા કહા થા કિ તેરી ઉલટી ગતિ પુરુષાર્થકી હૈ ઉસમેં વો કર્મકા ઉદય નિમિત્ત પડતા હૈ. ઐસા હમને કહા થા. તેરે ખબર નહીં. શાસ્ત્રકા અર્થ અને પરમાર્થકી સ્વતંત્રતાકી તુઝે ખબર નહીં. યહાં એક હી શબ્દ આચાર્ય કહના ચાહતે હૈ કિ ઐસા આત્મા 'इत्थंभूतं परमात्मानं भावय' બસ, એક શબ્દ પડા હૈ સંસ્કૃતમેં. સમજમેં આયા?

ક્યા કહતે હૈં? 'અહં યહ શબ્દ દેહમેં...' '**જો પરમાત્મા હૈ. વહ મૈં હૂં, ઔર જો મૈં હૂં, વહી પરમાત્મા હૈ. અહં યહ શબ્દ દેહમેં સ્થિત આત્માકો કહતા હૈ.**' ભગવાન.. આહા..! એ તે કાંઈ પામરકા કામ છે? અને પામરતા પણ ઉસકી પુરુષાર્થકી ઉલટી ગતિસે હુઈ હૈ. કોઈ દૂસરે સે હુઈ નહીં. કહતે હૈ કિ ભગવાન આત્મા.. આહા..! એક જણો રાડ નાખી ગયો. અત્યારે તમે ... લેખ બહુત આતા હૈ. આ સોનગઢવાળા કહતે હૈ. ભાઈ! સોનગઢવાલા નહીં, ભગવાન કહતે હૈ, સુન તો સહી. અરે પ્રભુ! તુમ ક્યા કહતે હો? ગાલી દેના હૈ? સોનગઢવાલા કહતે હૈ કિ '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' અત્યારે અબદ્ધપૃષ્ટ. અબદ્ધસ્પૃષ્ટ કહાંસે આયા અભી? તબ યે કિસકો ઉપદેશ કહતે હૈ? ૧૫વી ગાથામેં કહા વહી બાત હૈ. જો આત્મા અપનકે અબદ્ધસ્પૃષ્ટ અનન્ય અનિયતં અવિશેષ-વિશેષરહિત સામાન્ય, અસંયુક્ત આત્માકો દેખે વહ સારે જૈનશાસનકો દેખતે હૈ. ઉસમેં ક્યા આયા? ઉસમેં ક્યા આયા? કિ જૈનશાસનમેં જો કર્મકાંડકી બાત કી થી વહ ભી તેરી દૃષ્ટિસે સંબંધ મેરે કર્મકા હૈ, સંબંધ મેરે કર્મકા હૈ. મુઝે વિકાર હોતા હૈ. હોતા તો અપનેસે હૈ. મેરે ઉસકે કારણે (સે વિકાર હોતા હૈ) ઐસી દૃષ્ટિ તુને બાંધ રખી થી. હમને ગોમ્મટસારમેં ભી ઐસા કહા થા કિ તેરે ઉલટા પુરુષાર્થસે તુમ વિકાર કરતે હો તબ વહ નિમિત્ત પડતે હૈ. તો હમ ઉસકો કહતે હૈ કિ બંધ સહિત ઐસી દૃષ્ટિકા તેરા સ્વીકાર વહી સમયમેં હમ કહતે હૈ કિ અબંધ હૈ ઐસા નક્કી કર. સમજમેં આયા? બરાબર હૈ? રાજેન્દ્રજી! આ તો રાડ પાડતે હૈ લોકો અરે! સોનગઢકા એકાંત હૈ રે એકાંત હૈ. અરે ભગવાન! વહ તો અબદ્ધ પ્રભુકી દૃષ્ટિ હુઈ તબ જિતના થોડા રાગ ઔર નિમિત્તકા સંબંધ હૈ ઉસકા જ્ઞાન રહ આતા હૈ સ્વપરપ્રકાશકમેં. પણ અબદ્ધ મૈં હૂં, મૈં પરમાત્મા હી હૂં ઐસી દૃષ્ટિ કરનેસે બદ્ધસ્પૃષ્ટકા જો .. પર્યાયબુદ્ધિ ઔર સુખબુદ્ધિ થી વહ બુદ્ધિ છૂટ જાતી

હૈ ઔર સ્વભાવકે ગુણકે સાથ દષ્ટિ હો જાતી હૈ. તબ થોડા બાકી રહા રાગ ઔર જો કર્મકા નિમિત્ત સંબંધ હૈ વહ જ્ઞાનમેં જ્ઞેય કરનેલાયક હો ગયા, જ્ઞાતા હોકર હો ગયા. વહ આદરણીય હૈ ઐસા રહ ગયા નહીં. સમજમેં આયા?

યહાં આચાર્ય કહતે હૈ **'અહં યહ શબ્દ દેહમેં સ્થિત આત્માકો કહતા હૈ.'** હું અસ્તિ અસ્તિ મહા ચૈતન્યસત્તા. ઓહો..! અમે આ પામર અને ઈતના કર્મકા લોચા, થોકડાબંધ પડા હૈ. આઠ કર્મ બડા હૈ. સંખ્યાસે તો અનંત. આહા..હા..! એક પ્રકૃતિ ઉસમેં અનંત પરમાણુકા અનંત સ્કંધ. ઐસી ૧૪૦ સમજ્યાને મિથ્યાદષ્ટિને ૧૪૦ જે હોય એ. ૧૪૮ એને કાંઈ હોતી નથી. વો તીર્થંકર પ્રકૃતિ, આહારક આદિ (નહીં હોતી). ઈતની ૧૪૦ આદિ જે હોય એ. એ પ્રકૃતિ અને એક-એક પ્રકૃતિમાં અનંત સ્કંધ ઔર એક-એક સ્કંધમેં અનંત પરમાણુ. ઓહો..હો..! ક્યા હૈ પર? તુમ બડા હૈ કિ વહ?

મુમુક્ષુ :- સંખ્યામેં તો વહ બડા હૈ.

ઉત્તર :- સંખ્યા-ફંખ્યાકી બાત ક્યા? કીડીકા નગરા બહુત હોતા હૈ. કીડીકા, નહીં કીડી હોતી હૈ ન? ક્યા હૈ? ચીટીકા હોતા હૈ ન, આટા નહીં નાખતે ઘર-ઘર ચીટીકા. બહુત હોતી હૈ. તો માણસની ગણતરીમેં આતા હૈ? બહુત કીડીકા નગરા કહતે હૈ. નગર ચાર હોતા હૈ ન? કીડીકા. લાખો કરોડો નિકલતી હૈ, બહુત નિકલતી હૈ. આફ્રિકામાં તો એક-એક માઈલ. એક-એક માઈલ અને એક માથોડા કીડી. માથોડા સમજે? છેક માથા સુધી કીડી. કીડી તો છોટી હૈ, પણ ઈતના દર. ઈતના-ઈતના દર કીડીકા. મોટી કીડી નહીં. કીડી તો છોટી ઈતની. પણ ઉપરાઉપર ઈતના દર અને એક માઈલ છેટે લંબી. દળ હોં દળ લંબા. એક માઈલ છેટે ઐસા. જ્યાં જ્યાં ત્યાં ગામ ખલાસ હો જાયે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય બહુ.. અગ્નિકા ઐસા લેકર ખડા હો. હડ.. હડ.. સબ મર જાયે. સમજમેં આયા?

અહીં કહતે હૈ કિ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માને કહા ઐસા સંતો કહતે હૈ. ભગવાન આમ કહતે હૈ... ભગવાન આમ કહે છે. ભાઈ! ભગવાન કહે છે એ કઈ રીતે કહે છે? ભગવાનને કહા કે મોહકો લેકર વિકાર હોતા હૈ. ભગવાનને કહા મોક્ષ હોતા હૈ તબ તેરે લાભ હોતા હૈ. સોનગઢવાલા કહતે હૈ કે આત્માકા પુરુષાર્થસે કેવલજ્ઞાન હો તો કર્મકા ક્ષય હોતા હૈ. યહાંસે લગાતે હૈ. વહાં સે લગાઓ. બહુત આતા હૈ. પત્રમેં તો બહુત બાત આતી હૈ. એક હમ લગાતે હૈ, ભગવાન લગાતે હૈ ઐસા કિ કર્મક્ષયા. કર્મ ક્ષય હો તો કેવલજ્ઞાન હોતા હૈ. સોનગઢવાલા કહતે હૈ કિ આત્મા પુરુષાર્થસે કેવલજ્ઞાન પ્રગટ કરતા હૈ તબ કર્મકા ક્ષય હો જાતા હૈ. ઊલટી

ગતિ હૈ સબ સોનગઢકી, એમ કહતે હૈ. કહો, બાબુભાઈ! આહા..હા..! આ ક્યા કહતે હૈ દેખો,

ભગવાન! દેહમેં પરમાત્મા હૈ ઐસા કોણ કહતા હૈ? ત્રણ લોકના નાથ પરમાત્મા ફરમાતે હૈ; સંતો ફરમાતે હૈં; તુમ પરમાત્મા હો, પામર તો પર્યાયદૃષ્ટિમેં, અંશમેં તેરી દૃષ્ટિ પડી હૈ, રાગ ઉપર રુચિ પડી હૈ, નિમિત્ત ઉપર (દૃષ્ટિ દેકર) તુમ નિમિત્તકે વશ તુમ હોતે હૈ તો તુમ પરાધીન હોકર સંસારમેં રુલતે હૈ. હમ ગોમ્મટસાર આદિ કર્મકાંડમેં ભી ઐસા સબ જગહ કહા. તેરી દૃષ્ટિમેં વિપરીતતા હૈ તો દૂસરા અર્થ નિકાલતે હૈ. જો તુમ સ્વતંત્રપણે ઐસા કરતે હો, કર્તા હોકર, સાધન બનાકર અપનેમેં વિકાર કરતે હૈ, ઔર વિકારકો હી અપના સ્વભાવકે સાથ સંબંધ માનતે હૈ, હમ કહતે હૈં કિ ગુલાંટ ખા. વિકારકા સંબંધ તેરે નહીં. આહા..! કર્મકા સંબંધ તેરે નહીં. તો કિસકા સંબંધ હૈ? આયા ન ઉસમેં. 'परमप्पु' 'परु' અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતદર્શન. આહા..! બહુ ટૂંકામેં બાત (કહી હૈ). અનંત આનંદ આદિ ગુણકે સાથ ગુણસંબંધ તેરેમેં હૈ. વિકારમેં કર્મસંબંધ હૈ નહીં. ઐસા અપના નિજ પુરુષાર્થસે આત્મા કાર્ય કર સકતે હૈ. અને ઐસા પુરુષાર્થ કરે અને તબ નિમિત્ત ન હો ઐસા બને નહીં. સમજમેં આયા?

યહાં કહતે હૈ **'અહં યહ શબ્દ દેહમેં સ્થિત આત્માકો કહતા હૈ. ઔર સઃ યહ શબ્દ મુક્તિ પ્રાપ્ત પરમાત્મામેં** લગાના.' ભગવાનકો લગાના વહ પરમાત્મા. વહ ગુણ પરમાત્મા **'જો પરમાત્મા વહ મૈં હૂં, ઔર મૈં હૂં સો પરમાત્મા—યહી ધ્યાન હમેશા...'** યહી ધ્યાન હમેશા. નિરંતર દૃષ્ટિ દ્રવ્ય ઉપર 'મૈં મુક્ત હૂં' ઐસી રખની ચાહિયે. આહા..હા..! સમજમેં આયા? નિરંતર ભાવ. પાઠ હૈ કિ નહીં? 'भावय' 'भावय'નો અર્થ નિરંતર. જૈસી તેરી દૃષ્ટિ વિકાર ઔર નિમિત્તકા સંબંધ નિરંતર સ્વીકારતી હૈ. અનાદિસે વિકાર, પુણ્ય-પાપકા કષાય ઔર કર્મ નિમિત્ત, યે દોકા સંબંધ જેમ નિરંતર અનાદિ અજ્ઞાનમેં સ્વીકાર હૈ ઐસા હી, હમ કહતે હૈ કિ જ્ઞાનગુણકે સાથ આત્માકા સંબંધ હૈ, અનંત આનંદ સાથે આત્માકા સંબંધ હૈ. ઐસી હમેંશા નિરંતર વહાં દૃષ્ટિ લગા. શેઠી!

કહતે હૈ, અનાદિસે રાગ, વિકલ્પ ઔર નિમિત્ત ઉસમેં તેરી દૃષ્ટિ લગી હૈ, હંમેશા લગી હૈ. નિરંતર વો ભી તેરી ઉલટી દૃષ્ટિસે લગી હૈ. સમજમેં આયા? દૂસરા કુછ કારણ હૈ હી નહીં. ઐસી વસ્તુકી મર્યાદા હૈ. તો હંમેશા અનાદિસે સાંત ઔર અભીતક રાગ, વિકલ્પ, કષાય.. સંબંધ હૈ. કૃત્રિમ ક્ષણિક વિકારકા સંબંધ હૈ. એક સમયકી ... પર્યાય ઔર નિમિત્ત પર. વહ તો એક સમય ભી નહીં ઉસમેં તાદાત્મ્ય. એટલે એક સમયકા વિકાર ઉસકે સાથ તાદાત્મ્ય હૈ ઐસી દૃષ્ટિ તેરે લગી હૈ ઔર એક સમય ભી તાદાત્મ્ય નહીં ઐસા કર્મ ભિન્ન હૈ ઉસકે સાથ મેરે સંબંધ હૈ ઐસી તેરી દૃષ્ટિ લગી હૈ, વહ તેરી દૃષ્ટિકા હી દોષ હૈ. સમજમેં આયા? એ દૃષ્ટિ ગુલાંટ ખા. તુમ કર સકતે હો. ક્યા? કિ મૈં તો પરમાત્મા હૂં. આહા..હા..! પરમાત્મા

હૂં તો ઉસકા ઐસા અર્થ હો ગયા કિ મેરે રાગકા સંબંધ નહીં. મેરેમેં તો અનંતગુણ, અનંત આનંદ આદિ ગુણકા મેરે સંબંધ હૈ. આહા..હા..! સમજમેં આયા?

શાસ્ત્રકી ભાષામેં કિતના .. પડા હૈ ઈસમેં. મુનિયોં, સંતો, છઠ્ઠે-સાતવે ગુણસ્થાનમેં ઝૂલનેવાલે અમૃતકા રસ ચુસતે થે. ઉસમેં એક વિકલ્પ આ ગયા. શાસ્ત્રકે કારણસે શાસ્ત્ર બન ગયા. કર્તા-હર્તા કોઈ હૈ નહીં. મુનિ ભી ઉસકા કર્તા નહીં. આહા..હા..! વિકલ્પકા કર્તા નહીં. કહતે હૈ ન. યહાં તો કહતે હૈ, હમારે વિકલ્પકા સંબંધ નહીં. યહાં તો પ્રથમ અનાદિ (મિથ્યાદૃષ્ટિ) જીવકો કહતે હૈ કિ તેરી દૃષ્ટિ ... ઉસમેં હૈ. તેરી દૃષ્ટિકા દોષ તો તુમ રાગ ઔર વિકારકો, નિમિત્તકો અપના માન (કર), સંબંધ કરકે તુમ દૃષ્ટિ વિકારકી, મિથ્યાત્વકી ઉત્પન્ન કરતે હૈ. વહ દૃષ્ટિ ઐસે કહતે હૈ કિ તુમ પરમાત્મા હૈ. તુમ પરમાત્મા હૈ. જૈસા સિદ્ધ ભગવાન ઐસા મૈં, મૈં ઐસા સિદ્ધ ભગવાન. તો જૈસે સિદ્ધ ભગવાનકા અનંતગુણકી પર્યાય પ્રગટ હો ગઈ, અનંતગુણમેં સે પર્યાય આયી થી, ઐસા અનંતગુણકા તેરે સંબંધ હૈ. ઐસી પરમાત્મા દૃષ્ટિ લગાઓ, પર્યાયમેં પરમાત્માકી પર્યાય પ્રગટ હુએ બિના રહેગી નહીં. પરમાત્મપ્રકાશ હૈ ન. આહા..હા..! સમજમેં આયા?

'**યહી ધ્યાન હંમેશા કરના.**' પ્રભુ! પણ તુમ ઐસે કહતે હો. દુકાળ પડતે હૈ ન, દુકાળ. દુકાળ કહતે હૈં? ફિર રાજાકે પાસે ગયે. મહારાજા! હમકો ખાનેકો નહીં મિલતા હૈ. અરે! ક્યા ખાજા ખાઓ. રાજા હતાને. ખાજા ખાજા બનેને. ઘી મેં તલકર ખાજા ઓલા પોચા પોચા .. અમારે વહ કહતે હૈ. ગળ્યા. ખાઓ. અરે મહારાજ! તુમ્હારે ખાજા સુજતા હૈ, હમારે તો રોટી નહીં મિલતી હૈ. અરે..! ક્યા નહીં મિલતી હૈ? ખાજા ખાઓ. પણ ખાજા કહાંસે ખાયે? રોટી નહીં મિલતી ઈસલિયે પુકાર કરનેકો આયે હૈ. યહાં ભગવાન કહતે હૈં કિ પરમાત્મા ઐસા ખાઓ ખાજા. ઓલો કહે હાય.. હાય.. મહારાજ! હમારી પર્યાયમેં તો દુકાલ હૈ ન. પર્યાય સમજે ન? હમારે તો દુકાલ હૈ ન. હમ તો ભ્રાંતિમેં પડે હૈ, રાગ મેરા હૈ, વિકારકે સાથ સંબંધ હૈ, કર્મકે સાથ સંબંધ હૈ, શરીરકે સાથ સંબંધ હૈ. વહ સંબંધ હમકો નુકસાન કરાતે હૈ. નુકસાનકી ચીજ હૈ વહ મેરે સ્વભાવકે સાથ સંબંધ હૈ ઐસા હમ માનતે હૈ. પામરતામેં ખાજા ખાઓ. પરમાત્મા ઐસે (કહતે હૈં). સુન તો સહી. દુકાલકી પર્યાય તેરી. દુકાલ નામ ઉલટા કાલ સ્વકાળ. દુકાલ હૈ. રાગ-દ્વેષ અપના માનના, નિમિત્તકા સંબંધ અપનેમેં માનના વો દૃષ્ટિમેં તેરે સ્વભાવકા દુકાલ પડા હૈ. આહા..હા..! સમજમેં આયા?

મહા ચીજ પ્રભુ હૈ. દુકાલ કહતે હો? એક સમયકા સ્વકાલમેં વિકારકા કાલ ઉત્પન્ન કરકે હમારા વિકાર સ્વરૂપ હી ત્રિકાલ હૈ અને વિકારકા હી હમ કરનેવાલા હૈ અને વિકાર ઔર કર્મકે સાથ મેરા બહુત સંબંધ હૈ તો વહ હોતા હૈ. દુકાલ પડા હૈ તેરે? સમજમેં આયા? વહ તેરા

સ્વકાલ નહીં, વહ સ્વભાવકા સ્વકાલ નહીં. વિપરીત કાલ હૈ. તેરી પ્રજા નહીં હૈ વહ. ગુલાંટ માર. આહા..હા..! પાછું દાખલો આપ્યો છે તો. ખાજા ખાજે એવું નથી હોં. અહીં તો કહતે હૈ કિ ખાજા હી પડા હૈ તેરેમેં. ... રાગમાં પડા હૈ, તેરેમેં પડા હૈ.

અનંત ગુણકા પ્રભુ, જુઓ આયા '**વહ પરમાત્મા પરમગુણકે સંબંધસે ઉત્કૃષ્ટ હૈ.**' દેખો, હૈ સંબંધ? ઉસમેં વહ કહના ચાહતે હૈ. નિમિત્તકા સંબંધ નહીં. ધન્નાલાલજી! હોતે છતે નહીં. રાગકા સંબંધ હોતે છતે નહીં અને ગુણકા સંબંધ ત્રિકાલ હૈ. દૃષ્ટિમેં નહીં ફિર ભી ગુણકા સંબંધ તુઝે હૈ ઐસી દૃષ્ટિ તુમ લગા દો. આહા..હા..! .. પાછો કહે કર્મ ખસે તો હો, રાગ મંદ પડે તો હો. ઐસા નહીં હૈ. તેરી દૃષ્ટિ ગુલાંટ ઐસી ખાઈ હૈ, ગુલાંટ યહાં ખા. પહલેસે કહ દિયા. ઉસમેં ક્યા કરના હૈ? જુઓ, અરે જ્યાં સુધી... વહાં તક વિકાર હોગા હી હોગા. હોગા વહ હોગા તો તેરે ઉલ્ટે પુરુષાર્થસે હોગા કિ કર્મસે હોગા? તુને સંબંધ બનાયા કિ કર્મ આયા તો તુમ્હારે સંબંધ કરના પડા? નિમિત્ત આયા તો તુમને સંબંધ બનાયા ઉસ તરફકા સંગ કરકે, મમતા કરકે. વિપરીત દૃષ્ટિકા દોષ ઔર ઉલટા પુરુષાર્થ હૈ.

યહાં આચાર્ય કહતે હૈ. ઓહો..! ટૂંકામાં બહુત ભરા હૈ. મૈં સિદ્ધ જૈસા! પર્યાયમેં પામરતા હૈ. છોડ દૃષ્ટિ. આહા..હા..! એક સમયકી પર્યાય, રાગ ઔર રાગમેં નિમિત્ત ઉસકી દૃષ્ટિ છોડ દે. હમ તો ઐસા કહતે હૈ કિ વીતરાગકા માર્ગ હમારા વહ તો હૈ. સર્વજ્ઞકી આજ્ઞા ઔર વીતરાગકા માર્ગ તો યહ હૈ. અલ્પજ્ઞ, રાગ ઔર નિમિત્ત સંબંધ... બરાબર હૈ કિ નહીં? કિ કર્મ-બર્મ નડતે હૈ ક્યા કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભક્તિ કરે. યહાં તો કહતે હૈં, ભક્તિકે રાગકે સાથ સંબંધ નહીં. છોડ દે. ભક્તિકે રાગકે સાથ સ્વભાવકા સંબંધ હૈ (ઐસા) માન રખા હૈ, છોડ દે. સંબંધ કૈસા હૈ મેરે? કિ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત શાંતિ અવિકારી ઐસા ગુણકે સાથ દ્રવ્યકા સંબંધ હૈ. ઐસા સંબંધ હૈ, ઐસા નહીં. આહા..હા..! ...લાલજી! જૈનમાર્ગકા માર્ગ ક્યા હૈ ઔર ઉસકી કથનીકા આશય ક્યા હૈ યે સમજે બિના જૈનદર્શનકા પતા લગતા નહીં. આહા..હા..! જુઓને, આચાર્યે પણ કેવી વાત કરી છે!

ભાષા ક્યા કહતે હૈ? '**जो परमप्पा णाणमउ सो हउँ देउ अणंतु। जो हउँ सो परमप्पु**' એટલું. પછી '**परु एहउ भावि णिभंतु**' ઐસા ઉત્કૃષ્ટ ગુણકા નિધાન ભગવાન ઉસકી ભાવના કર. કઈ રીતે? નિર્ભ્રાંત (હોકર). સંદેહ છોડ દે. સંદેહ છોડ સકતા હૈ તો છોડ દે કહતે હૈ. કિ સંદેહ હૈ, ક્યા કરું મહારાજ! નિઃસંદેહ મૈં હો સકતા નહીં. કર્મકા જોર હૈ. ઉદય આતે હૈ તો હમારે ભ્રાંતિ કિયે બિના રહતા નહીં. .. મેરે ઉપદેશસે ભી વિરુદ્ધ તુમ પરમેશ્વર હો

ગયા? તુઝે ઐસી કહાંસે બુદ્ધિ હુઈ? ઐસી તુઝે કહાંસે બુદ્ધિ હુઈ કિ મુઝે પરદ્રવ્ય અપરાધ કરાતે હૈ. હમ કહતે હૈ કિ અપરાધ તુમ કરતે હો તો દૃષ્ટિ છોડકર નિર્ભ્રાંત હો ઈસ બાજુમેં. તો હમારા કથનમેં તો સ્વતંત્રતા થી, ઉલટા પુરુષાર્થસે તુમ રુકતે થે, સંબંધ માનતે થે. ગુલાંટ ખા, ગુણકે સાથ સંબંધ હૈ, આનંદકે સાથ .. સંબંધ હૈ. ઐસા હમ કહતે હૈં તો તેરી દૃષ્ટિસે તો વહ વિરુદ્ધ હુઆ. સમજમેં આયા? કિ હમારે તો વિકાર કર્મ આવે તો (કરના પડે). તો હમ કહતે હૈ કિ વિકારકી રુચિ છોડ દે. તો તેરે અધિકારકી બાત કી તો હમને બતાયી હૈ કિ વિકારકા કર્મ ખસે તો વિકાર ખસે ઐસા બતાયા હમને? રાજેન્દ્રજી! ભારે ગોટા. આ ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર દોનોં ઉડ ગયા. નિમિત્ત કર્મ, આ અંદરમાં (નૈમિત્તિક) વ્યવહાર વિકલ્પ. ક્યા કહતે હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એક બાજુ. આ બાજુ જાયે એમ. આ બાજુ એટલે ક્યા કહતે હૈ સમજે? તુમ્હારી હિન્દી ભાષા નહીં હૈ? એક પક્ષમેં. આ પક્ષમેં આ જા. ઉસ પક્ષમેં હૈ તો ઈસ પક્ષમેં આ જા. કરવટ ફેરવ. લો. તો કરવટ ફેરનેકા હમ કહતે હૈ તો તુમ્હારે નહીં બન સકતા હૈ ઔર હમ કહતે હૈ? હમારા પ્રલાપ હૈ? તુમ નહીં કર સકતે હૈ અને હમ કહતે હૈ પ્રલાપ હૈ હમારા? ક્યા હૈ? આહા..હા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞકી વાણીમેં ઐસા આયા. જૈસી ભગવાનકી આજ્ઞાકા ... દર્શન, જ્ઞાન દર્શન, ચારિત્ર હૈ ઐસે કરે તો સબ નિમિત્ત મિલતા હૈ હી હૈ. સંહનન ભી હૈ, મનુષ્ય ભી જો હૈ તો હૈ હી હૈ. તુજે શોધના પડતા નહીં. યહાં તો એક હી બાત કહી. સમજમેં આયા? ઓહો..હો..!

**'વહ પરમાત્મા પરમગુણકે સંબંધસે ઉત્કૃષ્ટ હૈ.'** કર્મકે અને રાગકે સંબંધસે ઉત્કૃષ્ટ પ્રભુ નહીં હૈ. સમજમેં આયા? કર્મકે સંબંધમેં અને રાગકે સંબંધમેં હૂં, ઉસસે ઉસકી ઉત્કૃષ્ટતા નહીં. વહ તો ઉસકી પામરતા, મિથ્યા પામર દૃષ્ટિ હૈ. પામરદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ તેરી યહ તો હૈ. પણ ભગવાન આત્મા ઓહો..! જહાં હો વહાં તેરા અનંતગુણસે સંબંધ હૈ. કોઈ ક્ષેત્રકા, કોઈ કાલકા, કોઈ ભવકા, કોઈ સંયોગકા સંબંધ હૈ હી નહીં. આ તે કાંઈ ભગવાનનું વાક્ય! સમજમેં આયા? દિશા કહો મહારાજ! ચારો બાજુ તુમ કહતે હો કિ કાલલબ્ધિ હોતી હૈ તો હોતા હૈ, નિયત હોતા હૈ તબ હોતા હૈ. વિશુદ્ધિ હોતી હૈ તબ હોતી હૈ. ક્યા કહતે વહ? ક્ષયોપશમ. પાંચ બોલ આતે હૈ ન. ક્ષયોપશમલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ, પ્રાયોગલબ્ધિ, કરણલબ્ધિ. સબ ખબર હૈ. હમકો ખબર નહીં હૈ? યે તો જ્ઞાન કરાયા કિ ઉસ સમય ક્યા હોતા હૈ. પણ તેરા સ્વભાવકા, અંદરમેં ગુલાંટ ખાકર સંબંધ ગુણકે સાથ હૈ. દૃષ્ટિ લગા દે હમ કહતે હૈ. તેરી દૃષ્ટિ ઉલટી હૈ તો ઉલટી તુમ કરતે હો ઔર સુલટી હમ કરાતે હૈ તો. ઉસકા અર્થકી સુલટી તુમ કર સકતે

હો. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- બહુત અચ્છી બાત હૈ.

ઉત્તર :- બહુત અચ્છી બાત. તીન કાલ, તીન લોકમેં ... આહા..હા..!

પહલે વહ બાત શુરૂ હુઈ થી હમારે ૭૧કી સાલમેં. ૭૧. કિતના વર્ષ હુઆ? ૫૦. કીધું કર્મસે વિકાર નહીં હૈ. ભગવતી જબ પઢા પહલે. દિગંબરકા તો સૂત્ર હી કહાં થા. નામ ભી સુના નહીં થા. ૭૧કી સાલ. ૭૦મેં દીક્ષા. ૭૧કી સાલ. ભગવતી સૂત્ર હૈ ઉસમેં બડા. ૪૫ સૂત્રમેં બડા. ૧૬ હજાર શ્લોક હૈ ઔર સવા લાખ શ્લોકકી સંસ્કૃત ટીકા હૈ. તો પહલે હમને પઢા. ચાર માસ અપવાસ કરતે થે. એક દિન ખાના, (એક દિન અપવાસ). અડતાલીસ કલાકે ખાના. પાની-બાની નહીં. ઐસા શાસ્ત્ર પઢનેકા ઉપધાન કરતે થે. પહલે શાસ્ત્ર પઢનેકા ઉપધાન કહતે હૈ ન તપ? તો ભગવતી વાંચતે થે એકીલા. ગુરુ પાસે ઐસી શક્તિ નહીં થી. હમ તો બૈઠે-બૈઠે વાંચતે થે. ઉસમેં (આયા કિ) ભગવાન ઐસે કહતે હૈં કિ વિકાર તુમ કરતે હો તો હોતા હૈ, કર્મસે નહીં. ઔર પુરુષાર્થ સે કરો તો વિકાર તુમ ટાલ સકતે હો. ઐસા દો બોલ ભાઈ આયા. પાઠમેં ઉદય અને ઉપશમ બે છે. ઉદય ભી તુમ કર સકતે હો અને ઉપશમ તુમ ભી કર સકતે હો. ઐસા પાઠ ભગવતીના પહેલા ..ના ત્રીજા ઉપદેશમેં ઐસા આયા. કિસીકો કહા નહીં, પરંતુ મુઝે અંદર પહલે આયા, મૈં આત્મા અપના ઉલટા પુરુષાર્થસે વિકાર કરતે હૈ, સૂલટા પુરુષાર્થસે ઉપશમ કર સકતે હૈ. એક હી બાત હૈ. બહાર વાત જ્યાં મૂકી ત્યાં ગડબડ હો ગયી. યે ૭૧મેંસે શુરૂ હો ગયી. બહાર વાત જ્યાં મૂકી કે નહીં ઐસા નહીં. બધી વાત છે, સુનો. કર્મ-ફર્મ હૈ. કર્મ તો પરદ્રવ્ય હૈ. આત્માકો નુકસાન કરતે હૈ? પરદ્રવ્ય આત્માકો નુકસાન કરતે હૈ ઐસા જૈનદર્શનમેં હૈ કહીં? પ્રકાશચંદજી! પહલી ગડબડ હુઈ સ્થાનકવાસીમેં, પછી ગડબડ હુઈ દેરાવાસીમેં, પીછે ગડબડ હુઈ તુમ્હારેમેં. યહાં આયા ઔર જબ બાહર બાત નીકલી તો કહે, અરે નહીં, ઐસા નહીં... ઐસા નહીં... ઐસા નહીં. એય..! બાબુલાલજી!

યહાં ભગવાન યોગીન્દ્રદેવ આચાર્ય કહતે હૈ. યે તો હજી શરૂઆતકી સાધારણ બાતકી બાત હૈ. સમજે? આહા..હા..! ક્યા કહતે હૈ પણ આચાર્ય! એક ટૂંકા શબ્દમેં કૈસા કહા? યહ પરમાત્મા, વહ પરમાત્મા, વહ પરમાત્મા, પણ પ્રભુ પણ ઈતની બધી વાત! કિ ઈતના પુરુષાર્થ કરનેકી દૃષ્ટિ કરકે પરમાત્મા અનુભવ કરનેકી તેરેમેં તાકાત હૈ. સમજમેં આયા? ઔર રાગકા સંબંધ અને નિમિત્તકા સંબંધ માનના ઐસા કોઈ ગુણ નહીં હૈ. લ્યો વળી વહ આયા. સમજમેં આયા? ઐસા ગુણકા સંબંધ તેરેમેં હૈ. શુદ્ધગુણ, મુક્તગુણ. મુક્તગુણકા સંબંધ હૈ તેરેમેં, યહ તેરી શક્તિ હૈ. પણ કર્મ ભાવબંધ અને દ્રવ્યબંધમેં કોઈ ઐસા ગુણ નહીં કિ દ્રવ્યબંધ ઉપર લક્ષ તેરા જાયે અને ભાવબંધ કર સકે ઐસા કોઈ ગુણ નહીં હૈ. સમજમેં આયા?

વહ તો પર્યાયકે અંશમેં તેરી રુચિ પડતી હૈ, રાગ ઉપર, કષાય ઉપર અને નિમિત્ત ઉપર તો તેરી દૃષ્ટિમેં મિથ્યા ભ્રાંતિ ઉત્પન્ન હોતી હૈ. વહ તેરા ઉલટા પુરુષાર્થસે હૈ. ગુણમેં નહીં હૈ, વહ કોઈ ગુણ નહીં હૈ.

યહાં કહતે હૈ કિ ભગવાન આત્મા આહા..હા..! અનંત ગુણકા સંબંધ. 'परु' 'परु' પરમ આત્મા છેને? પરમા આત્મા છેને? 'परु' આત્મા એટલે ઉત્કૃષ્ટ સ્વરૂપવાળા આત્મા. ઉત્કૃષ્ટ સ્વરૂપવાળા આત્મા એટલે ઉત્કૃષ્ટ ગુણ સંબંધવાળા આત્મા. એટલે આત્મા અનંતગુણ, જ્ઞાન, દર્શન આદિ સ્વરૂપ વો આત્મા. તો ઐસી આત્માકી દૃષ્ટિ કરના ઔર વહ કાયમ રખના વહી મોક્ષકા માર્ગ હૈ. આહા..હા..! કહો, વજુભાઈ! મોહનભાઈ! સમજમેં આતા હૈ કિ નહીં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. યે કિસકી બાત ચલતી હૈ? બાપા! .. આ ધર્મ કરનેકી બાત ચલતી હૈ. ધર્મ કરના વહ અધર્મકી દૃષ્ટિ છોડે તો હો સકતા હૈ કિ ઉસકો બિના છોડે હો સકતા હૈ? તો અધર્મદૃષ્ટિ છોડની સ્વતંત્ર હૈ કિ પરતંત્ર હૈ? વહી બાત આયી. અધર્મદૃષ્ટિ અથવા અધર્મ ભાવ છોડનેમેં આત્મા સ્વતંત્ર હૈ કિ પરતંત્ર હૈ? જો અધર્મદૃષ્ટિ છોડનેમેં પરતંત્ર હૈ તો ધર્મદૃષ્ટિ-કર સકતે નહીં. સમજમેં આયા? તો રાગકા મેરે સંબંધ હૈ, નિમિત્તકા મેરે સંબંધ હૈ, એકીલા પર સાથે સંબંધ હૈ. અનંતગુણકા સંબંધ હૈ ઐસી દૃષ્ટિ છોડકર ઉસકે સાથ સંબંધ હૈ વહી અધર્મદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ હૈ. તો ધર્મ કરના હૈ... બાબુભાઈ પૂછતે હૈ કિ ભાઈ હમારે ધર્મ કરના હૈ. ઐસી બાત તુમ કરતે હો, પણ હમારે ધર્મ કરના હૈ... કારણ કે દૂસરા આયા હૈ ન બહુત ઉસકે સાથ? દૂસરા. નયા ભી આયા હૈ. તો નયા ક્યા સમજે ઈસમેં? સમજમેં આયા? આહા..હા..!

ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવકી દિવ્યધ્વનિમેં આજ્ઞા આયી, હુકમ આયા. અરે! આત્મા તુઝે ધર્મ કરના હો. તુમ અધર્મ કરતે હો, તુમ કરતે હો. કર્તા હોકર કરતે હો. રાગ, વિકારકા સંબંધ મેરે હૈ. ઈતના અંશકા વિકારકા નિમિત્તકા સંબંધ હૈ ઐસી તેરી દૃષ્ટિ મિથ્યા ભ્રમમેં પડી હૈ તો વહ ભ્રમકા કર્તા તું હી હો. ગુલાંટ ખા તેરે ધર્મ કરના હો તો. મૈં પરમાત્મા હૂં. મેરા આત્માકે સાથ અનંતગુણકા હી સંબંધ હૈ. વિકારકા, કર્મકા સંબંધ નહીં. ભાવકર્મ અને દ્રવ્યકર્મકા સંબંધ નહીં હૈ. ઓહો..હો..! સમજમેં આયા?

'**श्रीयोगीन्द्राचार्य प्रभाकरभट्टसे कहते हैं,...**' દેખો, શિષ્યને કહે છે આ તો. અહીં પૂછ્યું હતુંને ભાઈ પહેલું? પ્રભાકરભટ્ટે નહીં પૂછ્યું હતું? મહારાજ! બધી વાત મૂકી દો. મને તો ઝટ મુક્તિ થાય એવી વાત કરો. મારે બીજા દેવ-બેવનું કાંઈ કામ નથી. અહીં તો સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા મુક્તિકા માર્ગ કહતે હૈ ઐસા ઝટ બતાઓ. પહેલા આવ્યું હતું. શ્લોક પહલે આયા થા નહીં? છેને ગાથા કેટલામી? અહીં તો ઘણી ગાથા ચાલી ગઈ, શી ખબર

પડે આપણને? હે સ્વામી! વ્યવહારસે દેહમેં વસતા હો.. આજ્ઞા નહીં માના? ... ૧૬૫ એ વાંચી. ૧૬૫ જુઓ, એ જ વાંચી. **'આગે ફિર પ્રશ્ન કરતા હૈ–'** પણ એના પહેલા હશે. એ જ હશે. જુઓ, એ જ ગાથા આવી આમ પાના ફેરવતા. છેને? ૧૬૫.

૨૯૬) देहि वसंतु वि णवि मुणिउ अप्पा देउ अणंतु।
अंबरि समरसि मणु धरिवि सामिय णट्ठु णिभंतु।।१६५।।

શિષ્યકા પ્રશ્ન ભી ઐસા હૈ. મહારાજ! યે ભગવાન અંદર બિરાજમાન હૈ. મૈંને દૃષ્ટિ નહીં કિયા. જુઓ, ભાઈ એમ લીધું છે.

મુમુક્ષુ :- મેં આમ ન જાણ્યું.

ઉત્તર :- હા, મેં આમ જાણ્યું. આમ કહતે હૈ દેખો, પોતે ઐસા મન લગાકર દેખો, **'નિર્વિકલ્પ સમાધિમેં મન લગાકર આત્મ-દેવ નહીં જાના, ઈસલિયે ઈતને કાલ તક સંસારમેં ભટકા જિનસ્વરૂપકી પ્રાપ્તિ કે બિના મૈં નષ્ટ હુઆ.'** મેરી દૃષ્ટિ પરમેં રખકર મૈં હી નષ્ટ હુઆ હૂં. મેરા ગુણકા સંબંધ ભગવાનકે સાથ હૈ ઐસી દૃષ્ટિ મૈંને કભી કિયા નહીં. શિષ્ય ઈતની પાત્રતાસે તો પ્રશ્ન કરતે હૈ. આહા..હા..! પ્રભાકર સમજે? પછતાતા હુઆ પ્રશ્ન કરતે હૈ ઐસા, દેખો. સમજમેં આયા? હમારી ભૂલ હૈ. ઐસેમેં ક્યા કરે? ભગવાન! કર્મ નડતે થે બહુત. અને કર્મના ઉદય આવે, બહુત કાલના બાંધેલા એક સાથમાં ઉદય આવેને.

મુમુક્ષુ :- ઘરમાં દરિયા ભર્યા

ઉત્તર :- દરિયા તો ઠીક પણ પાછા એમ કે ઘણા કાળના બાંધેલા ભિન્ન-ભિન્ન કાળે એ એક સાથે જોર આવે. નદીમાં પાણી પુર આતા હૈ ન પાણી? તો થોડા યહાં સે આયા, વરસાદકા થોડા યહાં સે આયા. સબ પાની મિલકર મોટા દરિયા હો જાતા હૈ. તો મહારાજ! પૂર્વકે કર્મ કોઈ વખતે બાંધા, કોઈ વખતે. સબકા એક સાથે સ્થિતિકા ઉદય એક સાથ આ ગયા. કોઈકી બહુત સ્થિતિ, કોઈકી થોડી સ્થિતિ. સબકા ઉદયકા કાલ એક સાથ આ ગયા જોરદાર. ..લાલજી! ભગવાન! ક્યા કરના ઉસ વક્ત? રસ ભી બહુત પડા થા, સ્થિતિ ભી બહુત પડી થી, પણ કુછ સ્થિતિકા ઐસા કાલ આ ગયા. એક સાથ કર્મકા જોર (આયા). પાણીકા પૂર આયા. ભગવાન!

મુમુક્ષુ :- તણાય જાવે?

ઉત્તર :- નહીં, તણા જાતા હૈ તેરી ઉલટી દૃષ્ટિસે તણા જાતે હૈ, પરકે કારણસે નહીં. આહા..હા..! નહિતર આ ક્યા કહતે હૈ? ઐસા હી પાઠ હૈ. મહારાજ! ઐસા ઉપદેશ આપો કે મેરા ઝટ કલ્યાણ હો જાયે. પણ ભાઈસાહેબ! શાંત થા થોડા. તેરે કર્મ થોડા હો જાયે, ઐસા થોડા હો જાયે. માર્ગ .. તો તેરે અવકાશ હોગા, નહિતર તેરે અવકાશ નહીં હોગા. ઐસા

તો નહીં કહા.

યહાં તો કહતે હૈ, ભગવાન! પ્રભાકર ભટ્ટકો કહતે હૈ કિ હે પ્રભાકર ભટ્ટ! તું સબ વિકલ્પોંકો છોડકર કેવલ પરમાત્માકા ધ્યાન કર. લ્યો ઉપદેશ તો યહ દિયા. વિકલ્પ તેરે અપરાધસે હોતા હૈ. કર્તા હોકર હોતા હૈ તો કર્તા(પનેસે) પલટ જા. વિકલ્પકા લક્ષ છોડ દે. લક્ષ તેરે સે છોડ સકતા હૈ ઐસી તાકાત ગુણમેં હૈ. વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, પર્યાયમેં તાકાત હૈ, ગુણ-દ્રવ્યમેં નહીં. તો વહ તેરી દૃષ્ટિ છોડ દે, ગુણ સંબંધ હૈ. ઐસે વિકલ્પકો છોડકર નિઃસંદેહ હોકર પરમાત્માકા ધ્યાન કર. ઓહો..હો..! સબ બાતકા ફેસલા હો જાતા હૈ.

'**નિઃસંદેહ હોકે ઈસ દેહમેં શુદ્ધાત્મા હૈ,...**' શંકા ન કર કિ ક્યા પરમાત્મા હોગા? ક્યા હોગા? પરમાત્મા યહીં હૈ. પર્યાયમેં લક્ષ રખતા હૈ તો તેરી પર્યાયમેં સ્વભાવ ત્રિકાલકા લક્ષ આતા નહીં. ત્રિકાલ ભગવાન પરમાત્મા હૈ. નિઃસંદેહ ભગવાન આત્મા ઉસકા ધ્યાન કર, ઐસા નિશ્ચય કર. જુઓ, '**દેહમેં શુદ્ધાત્મા હૈ, ઐસા નિશ્ચય કર.**' તો નિશ્ચય કર સકતા હૈ ઉસકો કહા કિ નિશ્ચય કર સકે નહીં ઉસકો કહા? આહા..હા..! અરે..! આખી જૈનદર્શનની શૈલી ગુલાંટ ખાઈ ગઈ. જૈનદર્શનકી જો પ્રણાલિકા, પ્રરૂપણાકી રીત થી સ્વતંત્ર... સ્વતંત્ર... સ્વતંત્ર... ઐસી બાત આખી ગુલાંટ ખા ગઈ. વીતરાગ માર્ગસે અન્ય માર્ગ જૈસા હો ગયા. સમજમેં આયા? ભગવાન પોકાર કરતે હૈ, અરે! પ્રભાકરભટ્ટ! તેરે દેહમેં તુમ પરમાત્મા હો, નિઃસંદેહ નિભ્રાંત નિશ્ચય કર. ભ્રાંતિ છોડ દે, ભ્રમ છોડ દે. ભગવાન જ્ઞાતા ચિદાનંદ બિરાજમાન હૈ.

'**મિથ્યાત્વાદિ સબ વિભાવોંકી ઉપશમતાકે વશસે...**' લ્યો! એ આ ભાષા લીધી ભાઈ જુઓ, ઓલા કર્મ નહીં. '**મિથ્યાત્વાદિ સબ વિભાવોંકી ઉપશમતા...**' વિકાર. આમ વિકાર ઉપરકી દૃષ્ટિ છૂટ ગયી, વિકારકા ઉપશમ હો ગયા. '**મિથ્યાત્વાદિ સબ વિભાવોંકી ઉપશમતાકે વશસે કેવલજ્ઞાનાદિ ઉત્પત્તિકા જો કારણ સમયસાર...**' આ કારણ સમયસાર દ્રવ્ય ન લેના. પર્યાય લેના. ગુણમેં છેને. એના બીજ છેને. એ બીજી ભાષા છે. પાછા એને ને એને આગમભાષાએ વીતરાગ સમકિત કહતે હૈ એ માટે ફેર છે. એને ને એને. જો આત્મા પૂર્ણાનંદ પ્રભુ હૈ ઉસકી દૃષ્ટિ કર, ઉસકા જ્ઞાન કર, ઉસમેં લીનતા હો.

તો કહતે હૈ '**વિભાવોંકી ઉપશમતાકે વશસે...**' વિકારકા ઉપશમકે વશ. કેવલજ્ઞાન જો પ્રગટ હોતા હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન ઉસકી ઉત્પત્તિકા કારણ કૌન હૈ? મોક્ષકી પર્યાય, નિર્મલ પર્યાય. અત્યારે દ્રવ્ય નહીં લેના હૈ. દ્રવ્યકી, પરમાત્મા મૈં હૂં ઐસી દૃષ્ટિ, પરમાત્મા હૂં ઐસા જ્ઞાન ઔર પરમાત્મા હૂં ઉસમેં સ્થિરતા ઐસી જો પર્યાય દશા હૈ ઉસકો યહાં કારણ સમયસાર કહનેમેં આયા હૈ.

મુમુક્ષુ :- કાર્ય.. તેને કારણ કહેવાય?

ઉત્તર :- એ કારણ કાર્યનું, કેવળજ્ઞાન કાર્યનું કારણ છે. કેવળજ્ઞાન કાર્યનું કારણ એ છે. એમ લિયા હૈ ન દેખો, ક્યા કહતે હૈ? કે '**કેવલજ્ઞાનાદિ ઉત્પત્તિકા કારણ...**' જુઓ, .. શબ્દ પડા હૈ. જુઓ, '**केवलज्ञानाद्युत्पत्तिहबीजभूतां**' ક્યા કહા હૈ ઉસમેં ભી? ભાઈ! તેરે કેવલજ્ઞાન જો ઉત્પન્ન હોગા ઉસકા બીજ પરમાત્મા પૂર્ણાનંદ મૈં હૂં ઐસી શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા વહ કેવલજ્ઞાનકા બીજ હૈ. કેવલજ્ઞાનાવરણીય ક્ષય હોગા તો કેવલજ્ઞાન હોગા, ઉસમેં બીજ પડા હૈ, એ બીજ બળે તો કેવલજ્ઞાન હોગા ઐસા હૈ નહીં. પ્રકાશચંદજી! છતાં ઐસી પ્રકાર.. જાણે સોનગઢને ક્યા અપરાધ કિયા હૈ. આમ જાણે ઓહો..હો..! બાબુલાલજી કહતે હૈ ન. સોનગઢની વાત આવે તો બે ને બે ચાર જેવી હોય તો ખોટી પાડો.

મુમુક્ષુ :- ખોટી પાડે છે નહિ, ખોટી લાગે છે.

ઉત્તર :- લાગે છે, પણ ક્યા ભગવાન તેં સુના નહીં પ્રભુ! આહા..હા..! આ તે માર્ગ ચૈતન્ય સર્વજ્ઞકા હૈ ભાઈ! જિસકો ઈન્દ્રો સ્વીકારતે હૈ. ભગવાનકા ગણધરોં મહાવિદેહ ક્ષેત્રમેં બિરાજતે હૈ. ગણધરો ચાર જ્ઞાનના ધણી બિરાજતે હૈ. ઉસકી બાર અંગકી રચનામેં ઐસી રચના આયી હૈ. ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરકા માર્ગ. ઓહો..હો..! અને તે પણ ત્રણ કાળના અરિહંતો. સવ્વેવિ અર્હંતા ઐસા કહતે હૈ. અને સર્વ અરિહંતોને સમ્યગ્દૃષ્ટિ નમસ્કાર કરતે હૈ. આહા..હા..! સમજમેં આયા? નમસ્કાર સર્વે અરિહંતને કરતે હૈ ન? ત્રણ કાળના અરિહંતને કરતે હૈ અને ત્રણ કાળના અરિહંતો ઐસા કહતે હૈં. એક કહે ઐસા અનંત (કહે) અને અનંત કહે ઐસા એક (કહે).

'**કેવલજ્ઞાનાદિ...**' એટલે અનંત આનંદ, અનંત ચતુષ્ટય આદિ કે અનંત શાંતિ પૂર્ણ ઉત્પત્તિકા કારણ કૌન? દેખો, એ ઉત્પત્તિનું કારણ વ્યવહારરત્નત્રય વિકલ્પ ન કહા. મોક્ષમાર્ગ દો હૈ, દો હૈ. તો કહતે હૈ આ કારણ એક હી હૈ. કેવલજ્ઞાનની ઉત્પત્તિકા કારણ શુદ્ધ પરમાત્મા મૈં હૂં ઐસા અનુભવ, દૃષ્ટિ, જ્ઞાન ઔર લીનતા એક પર્યાય, એક કેવલજ્ઞાનકા કારણ હૈ નિર્મલ વીતરાગી પર્યાય. એ ખુલાસા કરનેકો આગમભાષાસે બાત કરેંગે. એ ખુલાસો કરનેકો આચાર્ય ટીકાકાર નામ દિયા. ક્યા કહતે હૈ દેખો, '**ઉસીકી નિરંતર ભાવના કરની ચાહિયે.**' કિસકી? ઓલી પર્યાયકી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમેં જો આખા પૂર્ણાનંદ પરમાત્માકા સ્વીકાર હૈ ઐસી પર્યાયકી ભાવના કરની, ભાવના કરની. ભાવના કરની તુમ કર સકતે હૈ તો કરની એમ કહતે હૈ. ક્યા કરે મહારાજ! એકવાર હુઆ અને પછી ફિર પાછા કોઈ કર્મકા જોર આવે અને પડ જાયે તો? કહાંસે લાયા ઐસા? ઐસા દ્રવ્ય-ગુણમેં હૈ નહીં. દ્રવ્ય-ગુણમેં ઐસા હૈ નહીં. ઔર તેરા ગુણ-દ્રવ્યકે સાથ અનંત ગુણકા સંબંધ હૈ ઐસી દૃષ્ટિ હુઈ. પડનેકી બાત કિસકો કહતે હૈ તુમ? ક્યા ગુણકા નાશ હો જાતા હૈ? દ્રવ્યકા નાશ હો જાતા હૈ કિ તુમ પડ જાતે

હો? આહા..હા..! સમજમેં આયા? અનંત... અનંત... અનંત... બેહદ ગુણકા સંબંધવાલા દ્રવ્ય, ઉસકા જહાં સ્વીકાર હુઆ તો ક્યા દ્રવ્ય-ગુણકા નાશ હોતા હૈ કિ તુમ પડ જાયેગા? કહાંસે લાયા ઐસે પડને-ફડનેકી બાત? અદ્ધરસે. .. શબ્દ આતા હૈ તુમ્હારે હિન્દીમેં? હિન્દીમેં નહીં આતા હૈ? સમજમેં આયા? યે નિરંતર ભાવના કરની ચાહિયે. ઓહો..! કારણ સમયસાર '**केवलज्ञानाद्युत्पत्ति**' ઔર '**आगमभाषया**' દેખો, વહી પર્યાયકો આગમમેં ક્યા કહતે હૈ? દેખો, છેને ભાઈ ટીકામાં? એ જ પર્યાયને. કઈ પર્યાય? જો આત્મા-પરમાત્મા મૈં હૂં ઐસી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન ઔર લીનતા ઐસી નિર્મલ પર્યાય ઉસ પર્યાયકો આગમભાષાસે ક્યા કહતે હૈ? વહી પર્યાયકો આગમભાષામેં '**वीतरागसम्यक्त्वादिरुपां शुद्धात्मैकदेशव्यक्तिं लब्ध्वा**' લો! સમજમેં આયા? પરમાત્મા(પ્રકાશમેં) તો બહુત બાત... એકદમ લડુ તૈયાર કર દિયા હૈ. આહા..હા..!

'**વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ...**' દેખો, ક્યા આયા? સરાગસમકિત ઔર વ્યવહારસમકિતકી યહાં બાત હૈ હી નહીં. જો ભગવાન આત્મા પૂર્ણ-પૂર્ણ પ્રભુ ઐસા વીતરાગી સમ્યગ્દર્શન હુઆ ઉસકો યહાં ભાવના કહા ઉસને. વહ આગમભાષાસે ઉસકો વીતરાગ સમકિત કહા, વીતરાગી જ્ઞાન કહા, વીતરાગી ચારિત્ર અંશ કહા. આહા..હા..! બહુ સરસ. ટીકા પણ ટીકા પરમાત્મપ્રકાશની! પહલેસે ચલા હૈ બહુત. બહુત વર્ષ પહલે વાંચા થા. ચૌદ વર્ષ પહલે સભામેં હોં. અભી ફિર ઉસકા આ ગયા વખત. સવેરમેં વો ઔર દોપહરમેં વો. કલશટીકા ભી કભી વાંચી નહીં થી વ્યાખ્યાનમેં.

ક્યા કહતે હૈ? '**વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યકી પ્રતીત અનુભવમેં. અનુભવમેં પ્રતીત હોં. એમ પ્રતીત ઐસા નહીં. ઉસકા ભાન કરકે પ્રતીત ઔર સ્વરૂપાચરણ સહિત '**શુદ્ધ આત્માકા...**' પ્રગટ હુઆ વહ ક્યા હુઆ? સમજમેં આયા? જિસકો કેવલજ્ઞાનકા કારણ કહા ઉસકો યહાં આગમ ભાષાસે વીતરાગ સમકિત જ્ઞાન આદિ (કહા). શુદ્ધ આત્માકા એકદેશ પ્રગટપનેકો પાકર '**સબ તરહસે જ્ઞાનકી ભાવના યોગ્ય હૈ.**' ક્યા કહા? આગમ એમ કહતે હૈ. અધ્યાત્મની ભાષાની તો વાત થઈ. સમજમેં આયા? આગમભાષા જુઓ, અહીં તો કહે '**आगमभाषया**' એમ કહ્યુંને? કેટલામું આવ્યું એ? '**आगमभाषया**' ઓહો..! આગમકી ભાષામેં ઐસા કહનેમેં આયા, શાસ્ત્રકી ભાષામેં ઐસે કહનેમેં આયા કિ જો કેવલજ્ઞાનકી ઉત્પત્તિકા કારણ મૈં પરમાત્મા હૂં ઐસી દૃષ્ટિ, પરમાત્મા હૂં ઐસા જ્ઞાન, પરમાત્મામેં લીનતા વહ કારણ હૈ, ઉસમેંસે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. ઉસ કારણકો આગમ ભાષામેં વીતરાગ સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એકદેશ શુદ્ધનયકી પ્રગટ પર્યાયકો, વીતરાગ પર્યાયકો શુદ્ધનયકા એકદેશ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ક્યા કહા દેખો.

'**વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ...**' યે વીતરાગ સમ્યગ્દૃષ્ટિ... પહલે ચોથે વીતરાગ સમકિત હી હૈ. જો કેવલજ્ઞાનકી ઉત્પત્તિકા કારણ વહી વીતરાગ સમકિત હૈ. ઉસમેં ઉત્પત્તિકા કારણ કહા

ન પહલે? ઔર વહ કેવલજ્ઞાનકા ઉત્પત્તિકા કારણ શ્રુતજ્ઞાન... શ્રુતજ્ઞાન... શ્રુતજ્ઞાન... સ્વસંવેદન આત્માકા જ્ઞાન શ્રુતજ્ઞાન કેવલજ્ઞાનકા કારણ હૈ ઔર કેવલજ્ઞાનકા કારણ સ્વરૂપમેં સ્થિરતા. જો ભાવના કહી થી વહ આગમ ભાષાસે સ્થિરતા. વહ તીનોં વીતરાગી પર્યાય હૈ. સમજમેં આયા?

**'વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધ આત્માકા એકદેશ પ્રગટપનેકો...'** સમજમેં આયા? **'પાકર સબ તરહસે જ્ઞાનકી ભાવના યોગ્ય હૈ.'** પ્રગટ પર્યાય કરકે, વહ રાગકો પ્રગટ કરતે હૈ, વિકારકો પ્રગટ કરતે હૈ, નિમિત્તકા સંબંધકી દૃષ્ટિ કરકે, ગુણકા સંબંધવાલા ભગવાન ઉસકી દૃષ્ટિ કરકે એકદેશ પ્રગટ કર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વીતરાગી પર્યાય પ્રગટ કરકે સબ તરહસે એક જ્ઞાનકી ભાવના, જ્ઞાનકા અર્થ યહ શુદ્ધ પર્યાયકી ભાવના કરની ચાહિયે. એ જેમ ઓલામાં કહ્યું હતુંને નિરંતર ભાવના કારણ પર્યાયકી. એમ આ એ જ પર્યાયનું જ્ઞાન અહીંયા કહ્યું. કેમકે એમાં રાગ ન આયા. વિકલ્પ નહીં, નિમિત્ત નહીં. ઐસા સબ તરહસે જ્ઞાન નામ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપકી પ્રતીત ઐસા જ્ઞાનકી પર્યાય હુઈ. રાગકી પર્યાય નહીં એમ. ત્રિકાલ પરમાત્માકા જ્ઞાન. વહ રાગકા જ્ઞાન નહીં, વહ આત્માકા જ્ઞાન જ્ઞાનકી પર્યાય હુઈ ઔર ત્રિકાલ જ્ઞાન ભગવાન ઉસમેં લીનતા વહ ભી જ્ઞાનકી પર્યાય. એટલે? સ્વભાવકી પર્યાય હુઈ, વહ રાગકી પર્યાય નહીં. ઐસા સબ તરહસે નિર્મલ પર્યાયકી ભાવના કરના યોગ્ય હૈ. તો કર સકતે હૈ ઐસા ઉપદેશ દિયા હૈ કિ ન કર સકે (ઉસકો ઉપદેશ દિયા હૈ)? મહારાજ! હમ તો કર સકતે નહીં, તુમ ઐસા ક્યોં બોજા દિયા? આહા..હા..! બહાનાબાજી હૈ. સમજમેં આયા? લો વિશેષ કહેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૩, સોમવાર, તા. ૦૯-૦૮-૧૯૬૫**
**ગાથા-૧૭૫-૧૭૬, પ્રવચન-૧૯૨**

આ પરમાત્મપ્રકાશ ઉસકા દૂસરા અધ્યાય ચલતા હૈ. ઉસમેં ૧૭૫ ગાથાકી આખિરકી થોડી બાત ફિરસે લેતે હૈ દેખો, કહાં આયી બાત? દેખો, આખિરકા વહ શબ્દ હૈ કિ '**વહ પરમાત્મા પરમગુણકે સંબંધસે ઉત્કૃષ્ટ હૈ.**' હૈ? ક્યા કહતે હૈ? હે પ્રભાકરભટ્ટ! યોગીન્દ્રદેવ કહતે હૈ કિ '**તૂ સબ વિકલ્પોંકો છોડકર...**' કહના હૈ તો વો કિ અપના આત્મા, અનંત ગુણસે સંબંધ હૈ ઉસકો. એક સમયમેં દ્રવ્યસ્વભાવ દ્રવ્ય, વો અપના અનંત જ્ઞાનાદિ ગુણકે સાથ ઉસકા સંબંધ હૈ. ઐસા ઉત્કૃષ્ટ અપના આત્મસ્વરૂપ, આત્મા અપના અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ ઉસકે સાથ સંબંધ હૈ ઉસકી તુમ દૃષ્ટિ લગાઓ. કરનેકા કર્તવ્ય હોય તો યે હૈ જીવકો મુક્તિને માટે. સમજમેં આયા?

ભગવાન આત્મા... જુઓ, દો બાત ચલતી હૈં કિ યહાં અનંતગુણકા સ્વભાવરૂપ વસ્તુ ઉસકા સંબંધ ગુણકા ગુણીકે સાથ હૈ. દૂસરી રીતે કહીએ તો પર્યાય ગુણીસે મિલતી હૈ ઉસકા સંબંધ હૈ. પર્યાય, રાગ અને કર્મકે નિમિત્તકે સંબંધમેં જો જુડાન હૈ વહી મિથ્યાત્વભાવ અને સંસાર હૈ. સમજમેં આયા? હૈ તો ઉસકા પુરુષાર્થકા હી કર્તવ્ય, પણ ભગવાન આત્મા અનંતગુણરૂપ વસ્તુ... જોકે ગુણ ભી એક-એક સ્વતંત્ર અસહાય હૈ. એક ગુણકો દૂસરે ગુણકી ભી ખરેખર સહાય નહીં. ઐસી ચીજ હૈ. ગુણ તાદાત્મ્ય હોતે છતે, એક વસ્તુમેં અનંત ગુણ તાદાત્મ્ય હોતે છતેં ઔર ગુણ ભી દ્રવ્યકે સાથ તાદાત્મ્ય હોતે છતે. તાદાત્મ્ય સમજે? ઉસ રૂપ. છતાં ગુણ ગુણસે ભી અસહાય હૈ. દરેક ગુણ સ્વતંત્ર અસહાય ગુણ હૈ. ઐસા કોઈ ગુણ કોઈ ગુણકે કારણસે અપના અસ્તિત્વ રખતા નહીં. સમજમેં આયા?

અનંતગુણસ્વરૂપ ઐસા ભગવાન આત્માકે સાથ સંબંધ હૈ. દૂસરી રીતે કહીએ તો ગુણકા સંબંધ ગુણીકે સાથ હૈ. દૂસરી રીતે કહીએ તો વર્તમાન પર્યાય જો પ્રગટ હો ઉસકા સંબંધ ગુણીકે સાથ હૈ. પર્યાયકો ગુણીકે સાથ મિલાના વહી મોક્ષકા માર્ગ હૈ. સમજમેં આયા? પર્યાયકો રાગ કે સાથ મિલાના ઔર નિમિત્તકા લક્ષ કરકે પર્યાયકો ઉસમેં રોક દેના વહી આસ્રવ અને બંધભાવ હૈ. સમજમેં આયા? જુઓ, જ્ઞાનપર્યાય વર્તમાન પ્રગટ પર્યાય હૈ વહ વિકલ્પમેં રુકના, રુકતી થે અપને અપરાધકે કારણસે. અપની સ્વતંત્રતાસે વહ પર્યાય રાગમેં એકત્વ માનતી હૈ

ઔર નિમિત્તકા લક્ષ ભી, પર્યાય અપને લક્ષકો છોડકર નિમિત્તકા, કર્મકા લક્ષ ભી સ્વતંત્ર આત્મા અપની પર્યાયસે કર્તા હોકર લક્ષ કરતી હૈ.

આચાર્ય કહતે હૈં, આખિર કે શબ્દકા મેલ કરતે હૈ '**કિ હે પ્રભાકરભટ્ટ, તૂ સબ વિકલ્પોંકો છોડકર...**' તુમ જ્ઞાનકી પર્યાયમેં રાગકા સંબંધ કરતે હો, નિમિત્તકા સંબંધ કરતે હો વહ ભી તેરા હી પુરુષાર્થકા કર્તવ્ય હૈ. જો તેરા પુરુષાર્થકા ન હો અને કર્મકે કારણસે હો તો કર્મ હઠે તબ તેરા પુરુષાર્થ સ્વભાવ સન્મુખ હોગા. તો ઐસા તો કહનેમેં આયા નહીં. હે પ્રભાકરભટ્ટ! તૂ તૂ આત્મા સબ વિકલ્પોંકો, એ નિમિત્તકે લક્ષસે ઉત્પન્ન હુઆ, જ્ઞાનકી પર્યાયમેં વિકલ્પકા સંબંધ (હુઆ હૈ) એ સંબંધ છોડ દે. અને સ્વભાવ ગુણકા સંબંધ જો દ્રવ્યકે સાથ હૈ ઉસકા સંબંધ કર દે. આહા..હા..! સમજમેં આયા? પર્યાયકે, રાગ ઔર નિમિત્તકે સંબંધમેં તેરી દૃષ્ટિ અનાદિકી પડી હૈ. તો વો પર્યાય કહો કે ગુણકા અંશ વહ ગુણીકે સાથ સંબંધ કર દે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ત્રણ કાળ, ત્રણ લોકમાં તીર્થંકરનો સંદેશ છે. સમજમેં આયા? યે સમજે બિના અને વહ કરે બિના ઉસકા કભી કલ્યાણ હોતા નહીં. ઐસી બાત કી કિ ભગવાન! ગુણ-ગુણી એક હૈ. અર્થાત્ વહ પર્યાય ગુણકી હૈ વહ સ્વભાવકે સાથ સંબંધ કરે વહ ઉસકા સ્વભાવ હૈ. પર્યાય રાગકા, પુણ્યકા, વિકલ્પકા, વ્યવહારત્નત્રયકા, નિમિત્તકા સંબંધ કરે, ઉસકા સંબંધ અંશદૃષ્ટિ હુઈ, મિથ્યાદૃષ્ટિપના તેરે-તેરે પુરુષાર્થસે તુને કિયા હૈ. તો અબ છોડ. ઐસા કહા. ઐસા કહા નહીં કિ કર્મ છૂટે તો તેરે વિકલ્પ છૂટેગા. સમજમેં આયા? ઠીક પ્રશ્ન કરતે હૈ. ભાઈ ઐસા પ્રશ્ન કરતે હૈં કિ અધ્યાત્મ શાસ્ત્ર ઐસે હૈ, કર્મશાસ્ત્રમેં કર્મસે હોતા હૈ ઐસા દૂસરા શાસ્ત્રમેં લિખા હૈ. સમજમેં આયા? ભગવાન! કહીં વિરોધ હોવે નહિ તત્ત્વમેં. વહાં ભી, તેરે અપરાધસે તુમ નિમિત્તકા લક્ષ કરકે, તેરે અપરાધસે તુમ નિમિત્તકા લક્ષ કરકે અપરાધ ઉત્પન્ન કરતે હૈ તો વહ છોડનેકી બાત કરતે હૈ. સમજમેં આયા?

વહ પ્રવચનસારમેં નહીં? કેટલામી? ૧૮૯ ગાથા હૈ કિ નહીં? તેરા હી, શુદ્ધનયસે તેરા હી અપરાધ હૈ. ૧૮૯ કહા ન? ૧૮૯ ગાથા હૈ ન? તેરા અપરાધ શુદ્ધનય, નિશ્ચયનયસે તેરા હી હૈ વહ ભાવ. નિશ્ચયનયસે તેરા ઐસા કહા. વહ શુદ્ધનયકા કથન હૈ ઐસા કહા વહાં. શુદ્ધનયકા વહ કથન. હૈ તો મલિનભાવ પણ શુદ્ધ નામ નિમિત્તકી અપેક્ષા લેના વહ અશુદ્ધનયકા કથન હૈ ઔર નિમિત્ત બિના તેરા અપરાધ હૈ વહ શુદ્ધનયકા નિશ્ચય કથન હૈ. ૧૮૯ ગાથા હૈ. સમજમેં આયા? હૈ કિ નહીં પ્રવચનસાર? ક્યાંનું ક્યાં (નીકળ્યું)? આ ધન્નાલાલજીકા આ વાંધા હૈ. કાલે હો ગયા થા ન. ૧૮૯.

'**નિશ્ચય ઔર વ્યવહારકા અવિરોધ બતલાતે હૈં—**' એકલો જ આત્મા બંધ હૈ એમ

સમજાતે હૈ પહલે ૧૮૮મેં. આત્મા એકીલા હી બંધ હૈ. અપને વિકારમેં રુકતા હૈ વહી ભાવબંધ એકીલા બંધ હૈ. નિમિત્તકા બંધ અશુદ્ધનયસે કહનેમેં આતા હૈ. સમજમેં આયા? દેખો, '**રાગપરિણામ હી આત્માકા કર્મ હૈ, વહી પુણ્ય-પાપરૂપ દ્વૈત હૈ, આત્મા રાગપરિણામકા હી કર્તા હૈ, ઉસીકા ગ્રહણ કરનેવાલા હૈ ઔર ઉસીકા ત્યાગ કરનેવાલા હૈ—યહ, શુદ્ધદ્રવ્યકા નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય હૈ.**' શુદ્ધદ્રવ્યનું નિરૂપણ, શુદ્ધદ્રવ્યનું નિરૂપણ. એકીલા શુદ્ધ બસ. પરકી અપેક્ષા નહીં ઉસકા નામ શુદ્ધ. કાંઈ સ્વભાવ સે શુદ્ધ ઐસી બાત નહીં હૈ. જુઓ, '**નિશ્ચયનય માત્ર સ્વદ્રવ્યકે પરિણામકો બતલાતા હૈ, ઈસલિયે ઉસે શુદ્ધદ્રવ્યકા કથન કરનેવાલા કહા હૈ, વ્યવહારનય પરદ્રવ્યકે પરિણામકો આત્મપરિણામ બતલાતા હૈ ઈસલિયે ઉસે અશુદ્ધદ્રવ્યકા કથન કરનેવાલા કહા હૈ. યહાં શુદ્ધદ્રવ્યકા કથન એક દ્રવ્યકે પરિણામ...**' પરિણામ હોં. એક દ્રવ્યાશ્રિત પરિણામ અશુદ્ધ વિકાર. અપેક્ષાસે જાનના. '**શુદ્ધદ્રવ્યકા કથન એક દ્રવ્યાશ્રિત પરિણામકી અપેક્ષાસે જાનના ચાહિયે,...**' તો કહા, શુદ્ધદ્રવ્યકા નિરૂપણ નિશ્ચયનય. પુદ્ગલપરિણામ આત્માનું કાર્ય... '**ઉસકા ગ્રહણ કરનેવાલા ઔર છોડનેવાલા હૈ;—ઐસા જો નય વહ અશુદ્ધદ્રવ્યકે નિરૂપણસ્વરૂપ વ્યવહારનય હૈ.**' સમજમેં આયા? '**ક્યોંકિ શુદ્ધરૂપ ઔર અશુદ્ધરૂપ—દોનોં પ્રકારસે દ્રવ્યકી પ્રતીતિ કી જાતી હૈ.**' અપના દ્રવ્ય અપના અપરાધસે કામ કરતા હૈ. નિમિત્ત સાપેક્ષ અશુદ્ધનયસે જ્ઞાન કરાનેકો નિમિત્તકા જ્ઞાન કરાયા. યહાં નિશ્ચયનય સાધકતમ હોનેસે... દેખો, કઈ નિશ્ચયનય? વિકાર કરતે હૈ વહ નિશ્ચયનય સાધકતમ કહા. આહા..હા..!

'**ગ્રહણ કિયા ગયા હૈ; (ક્યોંકિ) સાધ્યકે શુદ્ધ હોનેસે...**' સાધ્ય શુદ્ધ હૈ એટલે દ્રવ્યકી નિર્મલ પર્યાય છોડકર અપની મલિનતા હુઈ વહ શુદ્ધ હૈ. '**દ્રવ્યકે શુદ્ધત્વકા દ્યોતક (પ્રકાશક) હોનેસે નિશ્ચયનય હી સાધકતમ હૈ, કિન્તુ અશુદ્ધત્વકા દ્યોતક વ્યવહારનય સાધકતમ નહીં હૈ.**' આહા..હા..! સમજમેં આયા? બહુત લંબી લિખાવટ હૈ. શુદ્ધનય. તેરી પર્યાયમેં તેરેસે વિકાર હોતા હૈ (વહ), શુદ્ધનયકા કથન યથાર્થ વસ્તુ હૈ. સમજમેં આયા? યે સાધકતમ હૈ, યે શુદ્ધનય હી સાધકતમ હૈ. અપના પુરુષાર્થસે વિકલ્પ જો હોતા હૈ તો અપના પુરુષાર્થસે છોડ દે એમ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? તો વહ કહા યહાં દેખો.

'**સબ વિકલ્પોંકો છોડકર...**' છોડકર. ઉસકા અધિકારમેં હો તો છોડેને. અપના ઉલટા પુરુષાર્થસે વિકલ્પ, શુદ્ધનિશ્ચય, શુદ્ધ નિરૂપણ, શુદ્ધ દ્રવ્યકી પર્યાયકા અપનેસે હોના હૈ, નિમિત્તસે હોના નહીં. નિમિત્તસે હોના કહના વહ વ્યવહારનયકા કથન હેય હૈ, છોડને લાયક હૈ. સમજમેં આયા? બાબુલાલજી! કહતે હૈ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ હૈ, તેરી પર્યાય હૈ. નહીં. નહીં. ઐસે નહીં, ઐસે નહીં. વહ મલિન પરિણામ શુદ્ધદ્રવ્યકા પરિણામ તેરેમેં હૈ, એમ. શુદ્ધ દ્રવ્ય નહીં. પરિણામ જો મલિન હુઆ વહી શુદ્ધ કહનેમેં આતા હૈ. શુદ્ધકા અર્થ પરકી અપેક્ષા નહીં. ઓલા શુદ્ધ દ્રવ્યકી યહાં બાત નહીં હૈ. પર્યાય અશુદ્ધ વહી શુદ્ધ દ્રવ્યકા કથન હૈ. અશુદ્ધ પરિણામ અપનેમેં હૈ વહી શુદ્ધદ્રવ્યકા કથન હૈ. શુદ્ધદ્રવ્યકા અર્થ અપની પર્યાય અપનેસે હોતી હૈ ઐસે શુદ્ધદ્રવ્યકા પરિણામકા.. પરિણામકા કથન હૈ. શુદ્ધદ્રવ્ય ત્રિકાલી સ્વભાવકી યહાં બાત હૈ નહીં.

મુમુક્ષુ :- પરિણામ શુદ્ધ હો જાતે હૈં...

ઉત્તર :- નહીં, પરિણામ શુદ્ધ હોતે હૈ વહ બાત નહીં. બસ, એકીલા દ્રવ્યમેં અપનેસે મલિન પરિણામ મિથ્યાત્વ રાગ-દ્વેષ હોતા હૈ ઉસકો શુદ્ધદ્રવ્યકા નિશ્ચય કથન યથાર્થ કહનેમેં આતા હૈ. વો દ્રવ્યસ્વભાવકી યહાં બાત નહીં હૈ. અશુદ્ધ અને શુદ્ધ દો. અશુદ્ધ (અર્થાત્) નિમિત્તકી અપેક્ષા કથન કરના. એકીલા શુદ્ધદ્રવ્ય એટલે એકલા શુદ્ધ પરિણામ. દ્રવ્ય નહીં. ઐસી બાત હૈ યહાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ શુદ્ધ હી હૈ. શુદ્ધકા અર્થ ક્યા? કે નિમિત્તકી અપેક્ષા બિના અશુદ્ધ હુઆ વહ શુદ્ધ, શુદ્ધનયકા કથન એમ કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના, ના, ઐસી બાત નહીં. વહ બાત નહીં. અશુદ્ધ હૈ વહી શુદ્ધ દ્રવ્યકા કથન હૈ એમ કહતે હૈ. યે શુદ્ધદ્રવ્યકા અર્થ નિમિત્તકી અપેક્ષા બિના અપના પુરુષાર્થસે હુઆ હૈ, અપના સ્વદ્રવ્યકે આશ્રયસે પરિણામ હુઆ ઉસકા નામ અશુદ્ધકો શુદ્ધદ્રવ્યકા કથન કહનેમેં આયા હૈ. વહ તો બહુત બાર ચલ ગયી હૈ.

મુમુક્ષુ :- નિમિત્ત કોને..

ઉત્તર :- નહીં, નિમિત્ત ભલે હો, વહ તો અશુદ્ધ દ્રવ્યમેં આયા, વો તો અશુદ્ધ દ્રવ્યમેં આયા. અશુદ્ધ નામ પરદ્રવ્ય. અશુદ્ધ નામ પરદ્રવ્ય, શુદ્ધ નામ સ્વદ્રવ્ય.

મુમુક્ષુ :- ભાવ અશુદ્ધ હૈ.

ઉત્તર :- ભાવ અશુદ્ધ હૈ. ઉસકો શુદ્ધકા કથન કહા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમેં, અપની પર્યાયમેં આપ કરતે હૈ, અપની પર્યાયમેં પરકી અપેક્ષા બિના, ઉસ અશુદ્ધ પરિણામકો શુદ્ધદ્રવ્યકા કથન કહનેમેં આયા હૈ. રાજેન્દ્રજી! ઐસા હી હૈ. વહ તો બહુત ચલતી હૈ. વહ પરિણામ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ અશુદ્ધ. વહ અશુદ્ધભાવ હી શુદ્ધદ્રવ્યકા કથન હૈ એમ કહતે હૈ યહાં તો. અશુદ્ધભાવ વહ શુદ્ધદ્રવ્યકા કથન. શુદ્ધદ્રવ્યકા અર્થ? પરકી અપેક્ષા નહીં ઔર અપના અશુદ્ધ પરિણામ અપને સ્વદ્રવ્ય આશ્રયે હુઆ હૈ, વો અપેક્ષાસે શુદ્ધ દ્રવ્યકા નિશ્ચયનયકા કથન કહનેમેં આયા હૈ. યહ બાત હૈ. સમજમેં આયા? અશુદ્ધ પરિણામ તો અશુદ્ધ હી હૈ, પણ અશુદ્ધકો શુદ્ધનયકા કથન કહા. ક્યોં શુદ્ધનયકા (કહા)? બસ, અપના પરિણામ હૈ વહ અપનેસે હોતા હૈ ઉસ કારણસે. પરકી અપેક્ષા હૈ નહીં. ઈસલિયે શુદ્ધ કહા. પર્યાય શુદ્ધ હૈ ઐસી બાત નહીં યહાં. પર્યાય તો અશુદ્ધ હૈ મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ, પણ ઉસકો શુદ્ધકા કથન કહા. શુદ્ધકા અર્થ? પરકી અપેક્ષા બિના અપના પરિણામ સ્વતંત્ર કરતા હૈ ઉસકા નામ શુદ્ધદ્રવ્યકા કથન કહનેમેં આયા હૈ. સમજમેં આયા? ધન્નાલાલજી! ઈસલિયે યહાં કહતે હૈ. તેરા દ્રવ્યકા અશુદ્ધ પરિણામ વિકલ્પ તેરેસે તેં કિયા હૈ, વહ યથાર્થ શુદ્ધનય યથાર્થ વસ્તુકા પરિણામ હૈ. છોડ દૃષ્ટિ હવે. તેરેસે હોતા થા, તેરેમેં હોતા થા, તેરેસે હોતા થા, તેરા કાર્ય હૈ, તેરે અસ્તિત્વમેં તેરે અપરાધસે હોતા હૈ. છોડ. સમજમેં આયા?

'**સબ વિકલ્પોંકો છોડકર કેવલ પરમાત્માકા ધ્યાન કર.**' જુઓ, ગુલાંટ ખવરાવી. તેરા દ્રવ્ય હી અશુદ્ધપણે પરિણમન કરતા થા, સ્વતંત્રપણે પરકી અપેક્ષા બિના નિશ્ચયસે શુદ્ધકા. શુદ્ધકા અર્થ પરકી અપેક્ષા નહીં. સમજમેં આયા? ઐસા વિકારકા પરિણમન તેરેસે થા. છોડ, ગુલાંટ ખા. વહ તુમ કરતે થે વહ છોડ દે. ક્યા કરના છોડકર? '**કેવલ પરમાત્માકા ધ્યાન કર.**' એક ભગવાન આત્મા જિસમેં ગુણકા સંબંધ, પર્યાયકા સંબંધ દ્રવ્યકે સાથે જોડ દિયા ઐસા ભગવાનકા ધ્યાન કર. રાગકા ધ્યાન તુને કિયા અનાદિકાલકા તુને સ્વતંત્ર હોકર. સમજમેં આયા? યે છોડ દે અબ, તેરા અધિકારકી બાત હૈ. તુમ ઐસે લગાતે થે સંબંધ. લગા દે ઐસે અંતરમેં. સમજમેં આયા? તુમ હી સંગ નિમિત્તકા કરતે થે. અપને સ્વભાવમેં અપને કારણસે શુદ્ધ દ્રવ્યકા અર્થાત્ પરકી અપેક્ષા બિના તેરા અપરાધસે વિકાર તેરેમેં સ્વતંત્ર હોતા થા. હવે છોડ દે. ન્યાલભાઈ! છોડ દે ક્યા? છોડ દે ઉપદેશના કથનનો અર્થ? કે પરમાત્મા ઉપર જા તો વહ છૂટ જાયેગા, ઐસા. તો કથન ક્યા કરના? કથન ક્યા કરના? સમજમેં આયા?

'છોડકર...' એક અપેક્ષાસે ઐસા ભી કહા કિ આત્મા રાગકે ત્યાગકા પરમાર્થસે કર્તા હૈ નહીં. આતા હૈ કિ નહીં? વહ ૩૪વીં ગાથા સમયસાર. પણ યહાં દૂસરા બતાના હૈ કિ તુમ ઐસે સંગ કરતે હો સ્વતંત્રપણે. વિકારકા પરિણામ સ્વતંત્રપણે શુદ્ધ નામ પરકી અપેક્ષા બિના શુદ્ધપણા નામ તેરી દ્રવ્યકી પર્યાય અશુદ્ધ તુમ કરતે થે. છોડ દે. ઈતના બતાના હૈ. નહિતર છોડ દે ક્યા? વિકલ્પ મૈં છોડું. આ વિકલ્પ છોડું ઐસી દૃષ્ટિ તો પર્યાય ઉપર રહતી હૈ. વહ

તો મિથ્યાત્વ હૈ, પણ સમજાનેમેં યહાં સંબંધ હૈ, છોડ, યહાં સંબંધ કર. સમજમેં આયા? સમજમેં આયા કિ નહીં? રૂપચંદજી! આહા..હા..! ક્યા કહતે હૈં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વહ વિભાવસ્વભાવ હૈ. સ્વસ્થ ભવનં સ્વભાવઃ. ઉસમેં હોતા હૈ, ઉસકે કારણસે હોતા હૈ, ઉસકા કર્તા વહ હૈ, કરણ વહ હૈ, સંપ્રદાન વહ હૈ, અપાદાન વહ હૈ, અધિકરણ વહ હૈ. સબ ઉસકી ષટ્કારકી પર્યાય એક-એક વિકારકી પર્યાયમેં લાગુ પડતી હૈ. છોડ દે. તેરા વીર્યકા કર્તવ્ય ઉસ બાજુકા સંબંધ થા, તુને કિયા થા. દૂસરેને કરાયા હૈ નહીં.

'**છોડકર કેવલ પરમાત્માકા ધ્યાન...**' હવે એમાં દો આયા. પરમાત્મા એક સમયમેં મૈં પૂર્ણ શુદ્ધ, ઉસકા ધ્યાન વહ પર્યાય આયી. જો પર્યાય રાગકે સાથ તુમ સંબંધ કરતે થે ઉસ પર્યાયકો દ્રવ્યકે સાથ સંબંધ કર દે. તો દ્રવ્ય તો પરમાત્મા હૈ ઔર સંબંધ જો હુઆ, ધ્યાન હુઆ, વહ પર્યાય હુઈ. વહ નિર્મલ પર્યાય, ગુણ અને ગુણીકે સાથ સંબંધ કરકે નિર્મલ પર્યાય હુઈ ઉસકો ધ્યાન કર એમ કહનેમેં આયા હૈ. ખરેખર તો સ્વભાવ તરફકા ધ્યાન કર અને વિકલ્પ ઉસ સમયમેં ઉત્પન્ન હોગા નહીં ઉસકો છોડ ઐસા કહનેમેં આયા હૈ. શેઠી! ભાઈ હમારા ધન્નાલાલજીને કહા ઈતના ફિરસે લેના. દેખો.

'**નિઃસંદેહ હોકે ઈસ દેહમેં શુદ્ધાત્મા હૈ,...**' નિઃસંદેહ ભગવાન તેરા આત્મા તેરેમેં બિરાજમાન હૈ. પર્યાયમેં અશુદ્ધતા હૈ તેરેસે (ઉસકા) લક્ષ છોડ દે, લક્ષ છોડ દે. નિઃસંદેહ. પાઠ હૈ ન? '**णिभंतु**' '**णिभंतु**' નિભ્રાંત ભગવાન. આહા..હા..! ભ્રાંતિ ન કર. અરે! ઈતના વિકલ્પ અને ઈતના રાગ, ઈતના પરમાત્મા! ઐસા પૂર્ણ પરમાત્મા! ભગવાન! ભ્રાંતિ ન કર. તૂ પરમાત્મા પૂર્ણ ભગવાન હી હૈ. ભગવાન નિઃસંદેહ હોકર, ઈસ દેહમેં શુદ્ધાત્મા બિરાજમાન અંદર દ્રવ્યસ્વભાવ (હૈ) '**ઐસા નિશ્ચય કર.**' દેખો, ઐસા પહલે નિશ્ચય કર, નિર્ણય કર, નિર્ભ્રાંત ભગવાન આત્મા બિરાજમાન હૈ. પર્યાયદૃષ્ટિસે જો તેરા પર તરફકા લક્ષ હૈ ઉસકો છોડ દે. સ્વભાવકા લક્ષ કર, ક્યોંકિ સ્વભાવ પરમાત્મા હૈ.

'**મિથ્યાત્વાદિ સબ વિભાવોંકી ઉપશમતાકે વશસે...**' મિથ્યાત્વ આદિ વિકાર, ઉપશમ હુઆ ઉસકે કારણ. '**કેવલજ્ઞાનાદિ ઉત્પત્તિ...**' દેખો, આ કાર્ય. કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. વહ કેવલ વિરતી લેકર કહનેમેં આતા હૈ. એવા '**કેવલજ્ઞાનાદિ ઉત્પત્તિકા...**' ઉત્પત્તિ દેખો. મોક્ષરૂપી દશા કેવલજ્ઞાન ઉસકી ઉત્પત્તિકા '**જો કારણ...**' જો કારણ. વહ ક્યા કારણ? જો શુદ્ધાત્મા પરમાત્મા હૈ ઉસકી અંતર એકાગ્રતા કરના વહ નિર્મલ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વહ મોક્ષકા કારણ હૈ. વહ પર્યાય કારણ યહાં લેના હૈ. સમજમેં આયા? રાગ કારણ નહીં, કર્મકા અભાવ હો તો તુઝે હોતા હૈ ઉસકી અપેક્ષા યહાં નહીં. તેરા ભગવાન તેરેમેં બિરાજમાન,

મોહી મેં હૈ... આતે હૈ. 'મેરો ધણી નહિ દૂર દેસાંતર, મોહીમેં હૈ મોહે સુઝત નીકે' બનારસીદાસ કહતે હૈ ન. મેરો ધણી હૈ મેરે પાસ. આ ભગવાન બિરાજમાન હૈ. તેરી પર્યાયકી નજરકી આલસસે ભગવાન નારાયણ તેરે દેખનેમેં આયા નહીં. નજરકી આલસસે. તેરી નજર રાગ ઔર ઉસમેં ગયી હૈ તો તેરા નારાયણ તેરે નજરમેં આયા નહીં.

તો કહતે હૈ વહ '**ઉત્પત્તિકા જો કારણ...**' જુઓ, કિતના સિદ્ધ કરતે હૈ! આત્માકી પૂર્ણાનંદકી કાર્યદશા, પૂર્ણ આનંદ મોક્ષદશાકા કારણ, ઉત્પત્તિકા કારણ સમયસાર એટલે નિજ આત્માકી વર્તમાન શુદ્ધ પર્યાય. યે નિજ આત્મા જો લિયા ભૂલસે લે લિયા હૈ છાપનેમેં. સમજમેં આયા? એ નિજ આત્મા, ઓલી પર્યાયને અભેદ કરકે નિજ આત્મા લેના. હૈ તો પર્યાયકી બાત. '**કારણ સમયસાર...**' વહ દ્રવ્ય કારણસમયસારકી બાત અભી નહીં હૈ. યે કારણ જો યહાં લિયા હૈ કારણ સમયસાર વહ પર્યાય લિયા હૈ. જૈસા સંસારકા કારણ વિકાર મિથ્યા ભ્રાંતિ થા, ઐસા મોક્ષકા કારણ તેરા પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ, તેરા પુરુષાર્થ વહાં લગાઓ ઔર તેરી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જો નિર્મલ હો વહી કેવલજ્ઞાન ઉત્પત્તિકા કારણ હૈ. દૂસરા કોઈ ઉત્પત્તિકા કારણ હૈ નહીં.

મુમુક્ષુ :- ચરણાનુયોગમેં...

ઉત્તર :- ચરણાનુયોગમેં નિમિત્તસે કથન આતા હૈ. સંહનન વજ્રનારાચ હો, મનુષ્યદેહ હો ઐસા સબ કહતે હૈં. દો પ્રકારકા મોક્ષમાર્ગ હો, વહ સબ નિમિત્તકા કથન જ્ઞાન કરાનેકો હૈ. સમજમેં આયા? યે કારણ-કાર્ય આયેગા દોપહરકો. દો આયાને તુમ્હારે? દ્રવ્ય અને ભાવ આયા હૈ. કારણ-કાર્ય યહી હૈ બડા અંદરમેં. એક કારણમેં દૂસરા કાર્યમેં કારણ લગા દેના, આ કાર્યસે આ કારણ, આ કાર્યકા યે કારણ દૂસરા લગા દેના વહ દષ્ટિ મિથ્યાત્વ હૈ. વહ નિમિત્તકા જ્ઞાન કરાનેકો કહા તો વહાં ચોંટ ગયા. આ કાર્ય કા આ કારણ... આ કાર્યનું કારણ... દૂસરા કારણ હોં. સમજમેં આયા?

અહીં તો કહતે હૈ, ભગવાન આત્મા ઉસકી નિર્મળ પર્યાય. મલિન પર્યાય સંસાર થા. વહ ઉદયભાવ ભી જીવતત્ત્વ થા. જીવતત્ત્વ થા ન? પાંચ તત્ત્વમેં આયા ન? તત્ત્વાર્થસૂત્ર. વહ આયા ન? પંડિતજી! વહ જીવતત્ત્વ કહા અને જીવતત્ત્વકા હી કાર્ય હૈ. ઉસકો જીવતત્ત્વ વહાં કહા. ક્યોંકિ સામાન્ય બાત સબ દ્રવ્ય અને પર્યાયકી બાત વહાં જણા દી હૈ. અને જ્યાં એકલા અધ્યાત્મકા દ્રવ્ય જનાના હૈ વહાં આત્મતત્ત્વ ક્યા? એકલા જ્ઞાયકભાવ વો આત્મતત્ત્વ. વહાં તત્ત્વાર્થસૂત્રમેં પર્યાયદષ્ટિસે કથન સારા પ્રમાણ બતાનેકો ઉદય ભી રાગ-દ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન જીવતત્ત્વ હૈ. જીવતત્ત્વ હૈ, જડતત્ત્વ નહીં. જડસે હુઆ નહીં, જડસે હુઆ નહીં, જડમેં હૈ નહીં, જડકે કારણસે નહીં. સમજમેં આયા? દૂસરે અધ્યાયમેં હૈ ન? વહી તત્ત્વકો યહાં કહતે

હૈ કિ વહ જીવકા તત્ત્વ નહીં. સમજમેં આયા? વો ઉદયભાવ વિકલ્પકો છોડ દે. તેરા તત્ત્વ હૈ પર્યાયમેં, તેરા પુરુષાર્થસે હુઆ હૈ. છોડ દે. ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સાથે ઉદય હૈ ન? પારિણામિક હૈ. ઉદય ભી તેરે સે હુઆ હૈ. પ્રગટ કિયા. નહીં હૈ ઉસમેં પ્રગટ કિયા ઉદય ઈસલિયે કહા. ઔર ઉસકો એક ન્યાયસે તો ઉદયકો પારિણામિકભાવ ભી કહા હૈ. પારિણામિકભાવકી પર્યાય હૈ ન? તો પારિણામિકભાવ કહા હૈ જયધવલમેં. સ્વતંત્રપણે પરિણમન અપનેસે હૈ તો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મિથ્યાત્વ પારિણામિકભાવ હૈ. પર્યાયકા પારિણામિક. પરમપારિણામિક નહીં. પારિણામિકભાવ પર્યાય હૈ ઐસા જયધવલમેં આદિ બહુત ઠિકાને લિયા હૈ. કહો, સમજમેં આયા?

કહતે હૈ... વહ તો આસ્રવમેં નહીં? પહેલા સમયસારમાં આવે છેને નિજ પરિણામ. પહેલી ગાથાઓમાં આવે છે. આતા હૈ. નિજ પરિણામ છે. નિજ પરિણામ શબ્દ લિયા હૈ. પરિણમતા હૈ સ્વયં. નિજ પરિણમે આસ્રવ(રૂપ) તો પારિણામિકકી પર્યાય હૈ. પણ નિમિત્તકી અપેક્ષાસે ઉસકો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહનેમેં આતા હૈ. અપની પર્યાયકી અપેક્ષાસે ચારોં પર્યાય પારિણામિકકી પર્યાય હૈ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. યહાં કહતે હૈ કિ યે પર્યાય જો ઉત્પન્ન હુઈ દ્રવ્યમેંસે, શક્તિમેંસે વ્યક્તિ હુઈ. ક્યા? શક્તિ જો પૂર્ણ કેવલજ્ઞાન, કેવલજ્ઞાન એટલે ઓલી પર્યાય નહીં. કેવલ (યાનિ) એકીલા જ્ઞાન, એકીલા દર્શન, એકીલા આનંદ ઉસમેં જો શક્તિ પડી થી, ઉસમેં જબ દૃષ્ટિ દી તો શક્તિમેંસે વ્યક્તિ એકદેશ પ્રગટ હુઈ, એકદેશ શક્તિકા વ્યક્ત પ્રગટ હુઆ.

'**ઉસીકી નિરંતર ભાવના કરની ચાહિયે.**' રાગાદિકી નહીં, નિમિત્ત મિલાનેકી, છોડાનેકી નહીં. ઉસમેં હૈ હી નહીં મિલાના ઔર છોડના. સમજમેં આયા? કહતે હૈં કિ '**નિરંતર ભાવના કરની ચાહિયે.**' વહી પરિણામકો આગમભાષાસે કહતે હૈ અબ. વહી પરિણામકો. પરિણામ કોણ? વો કારણ સમયસાર. કારણ સમયસાર કૌન? નિર્મલ પર્યાય. નિર્મલ પર્યાય કૌન? કિ જો મોક્ષકા માર્ગ નિશ્ચય પર્યાય. ઉસકો આગમભાષા ક્યા કહતી હૈ? '**વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ...**' ઓહો..! રાગ બિનાકી દૃષ્ટિ હુઈ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ઉસકી દૃષ્ટિ હુઈ નિશ્ચય પરિણતિ. સમ્યગ્જ્ઞાન, વીતરાગી જ્ઞાન હુઆ પર્યાય ઔર વીતરાગી ચારિત્ર પર્યાય હુઈ. વીતરાગ સમ્યક્ત્વ, જ્ઞાન ઔર ચારિત્રરૂપ '**શુદ્ધ આત્માકા એકદેશ પ્રગટ...**' વહ શક્તિમેં પૂર્ણ થા ઉસમેંસે એકદેશ અંશ પ્રગટ હુઆ મોક્ષમાર્ગ—શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. સ્વભાવકા આશ્રય કરકે જો નિર્મલ નિર્વિકલ્પ પ્રતીતિ, નિર્વિકલ્પ જ્ઞાન સ્વસંવેદન અને નિર્વિકલ્પ નામ રાગ બિનાકી સ્થિરતા વહ એકદેશ-શુદ્ધાત્માકા એક ભાગ પ્રગટપણે હુઆ. શક્તિસે વ્યક્ત હુઆ, શક્તિસે વ્યક્તિ હુઈ. સમજમેં

આયા? પાઠમાં ભાઈ એમ છે. જુઓ, એકદેશ વ્યક્તિ. સમજમેં આયા? એ **'केवलज्ञानाद्युत्पत्तिहबीजभूतां'** એમ કહ્યું છે.

મુમુક્ષુ :- એ પણ પર્યાય છે.

ઉત્તર :- એ પર્યાય. પર્યાય હૈ ન. એક અંશ પ્રગટ હુઆ ન? મોક્ષમાર્ગ હૈ ન. કહાં હજી પૂર્ણ કેવલજ્ઞાન હુઆ હૈ? કેવલજ્ઞાનકા બીજભૂત કારણ. કેવલજ્ઞાન પૂર્ણાનંદકા બીજભૂત કારણ. બીજભૂતકા કારણ કિસે કહતે હૈ? કિ શાસ્ત્ર અધ્યાત્મભાષાસે ઉસકો અંતરમેં નિર્મલ પર્યાય હુઈ ઉસકો કહા કારણ સમયસાર. વહી આગમભાષાસે વીતરાગ સમકિત, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્રકા અંશ વહ શુદ્ધાત્માકા-ત્રિકાલ શુદ્ધાત્મા ઉસકા એક ભાગ પ્રગટ હુઆ. એક ભાગ પ્રગટ (હુઆ) અભી પૂર્ણ કેવલજ્ઞાન નહીં પ્રગટ હુઆ. વહ કેવલજ્ઞાનકા કારણ બીજભૂત જો પર્યાય ઉસકો એકદેશ વ્યક્ત પ્રગટ કહનેમેં આયા હૈ. અમારે દલાલ છે. આ ગમ પડે એવી છે માટે આ કહનેમેં આતા હૈ. એમ કે આ ખ્યાલમાં આવે એવી છે કે નહિ? એમ અમારે પૂછે છે. આહા..હા..!

વહ તો દૃષ્ટાંત દેતે નહીં? હમ ઘણી વાર દેતે હૈ કિ નહીં? જલ પીના હો જલ. તો ઘરમેં હાથી ઔર ઘોડા બડા હો, તો ઉસકો કહતે હૈ કિ પાની લાઓ? અરે..! પાની લાઓ, જલ લાઓ ઐસા કહતે હૈ? આઠ વર્ષકી લડકી હો, બેટા! પાની લાઓ. ક્યોં એમ કહતે હૈ? ખ્યાલ હૈ કિ વહ સમજ સકતા હૈ. હાથી પાંચ હજારકા હો, બડા ઘોડા હો કે મીંદડા હો. મીંદડા આદિ હો કે કૂતરા બડા ઉસકો પાની લાનેકો કહતે હૈ? ડાહ્યા માણસ .. માર્યું પાછું. ઉસે કહતે હૈ? આઠ વર્ષની છોડી હોય તો (કહે), બહેન! લક્ષ્મી જુઓ, પાણી લાઓ. પાણીયારા હૈ કે નહીં? ઉસસે તો તેરા હાથ નહીં પહુંચેગા. પાણીયારા હોતા હૈ ન? પાણી મૂકનેકા. તો નીચે હોતા હૈ ન પાણીયારા નીચે ઐસા. ઉસમેં પાની રખતે હૈ ન? પાની અંદર ભી રખતે હૈ થોડા. તો વહાંસે લાઓ. જો ટબુડી લઈને નીચે પડી છે. તો ખ્યાલ હૈ. આચાર્ય કહતે હૈં કિ હમ જડકો કહતે હૈ યહ બાત? યે બાત જડકો હમ કહતે હૈ? ઔર રાગકો હમ કહતે હૈ? રાગ હૈ ઉસકો હમ કહતે હૈ? કર્મકો કહતે હૈ? જિસમેં સમજનેકી તાકાત હૈ ઐસે ભગવાન આત્માકો કહતે હૈ. આહા..હા..! ન્યાલભાઈ! બરાબર હૈ? આહા..હા..! જુઓને. ક્યા પ્રભુ! તેરેમેં તાકાત નહીં (ઐસા) નકાર ક્યોં કરતે હો? નકાર ક્યોં કરતે હો? સમજે? નકાર તો બહુત કાલ કિયા અનંતકાલસે. એકવાર તો હકાર તો લાવ. હકાર તો લાવ કિ મૈં પરમાત્મા હૂં. મૈં પરમાત્મા શક્તિમેં પડા હૂં ઉસમેંસે વ્યક્તરૂપ પરમાત્મા અપને કારણસે મૈં હોઉંગા. ઐસી પહલી દૃષ્ટિકી વ્યક્તતા શક્તિમેંસે એક અંશ વ્યક્ત પ્રગટ કર. સમજમેં આયા?

નિશ્ચય કરકે, કહા થા ન? ઐસા નિશ્ચય કર. નિર્ણય લગા દે. ભગવાન આત્મા ઐસી

પર્યાય જો પ્રગટ હુઈ વહ એકદેશ પ્રગટપનેકો પાકર. પીછે? **'સબ તરહસે જ્ઞાનકી ભાવના યોગ્ય હૈ.'** પર્યાયકી હી ભાવના યોગ્ય હૈ, રાગકી નહીં. યહાં દ્રવ્યકી બાત હૈ નહીં. વહ નિર્મલ પર્યાય પ્રગટ હુઈ ઉસકી ભાવના વારંવાર કર. ઉસમેં એકાગ્ર... એકાગ્ર... એકાગ્ર... એકાગ્ર... ઉસે તરફ એકાગ્ર હોના બસ વહ. વહી શુદ્ધાત્મા, ઉસકા કાર્ય, ઉસકા કારણ, અધ્યાત્મસે કારણ સમયસાર, આગમભાષાસે સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાય સબ ઉસમેં આ જાતા હૈ. સમજમેં આયા? કોઈ કર દે ઐસા હો. ઐસા હૈ? બાબુલાલજી! કોઈ નહીં કર દે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કૌન કર દે? કરનેવાલા ભગવાન બિરાજમાન હૈ. કર્તાગુણસે સંપન્ન હૈ. અનાદિ-અનંત કર્તાગુણસે સંપન્ન હૈ. ઉસમેં કર્તાગુણ શુદ્ધ પડા હૈ અનાદિ. અનાદિ કર્તા નામકા ગુણ, ષટ્કારકકી શક્તિકા ગુણ દ્રવ્યમેં પડા હૈ અનાદિ. કરણ—સાધન ભી તેરે સ્વભાવમેં પડા હૈ. .. રાગકા સાધન-ફાધન હૈ નહીં. ખરેખર તો ગુણ સાધનમેં સે નિકલતી હૈ પર્યાય વહ સાધન કેવલજ્ઞાનકા હોતા હૈ. સમજમેં આયા? આહા..હા..! આ તો ભાઈ! 'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.' હરિ નામ પ્રભુનો માર્ગ છે શુરાનો. કાયરના કામ નહિ. ધ્રુજી ઉઠે અંદરથી. આ માર્ગ આવા! કાળજા કંપી ઉઠે બીજાને એમ થાય કે અરે! આવો માર્ગ! હવે સાંભળને એકવાર. પ્રભુ છો, તને કોણે પામર મનાવ્યો? પ્રભુને પામર મનાવ્યો કોણે? તુને માન રખા હૈ તેરે કારણસે. મહાન પ્રભુ કહા ન યહાં. શુદ્ધાત્મા ભગવાન. આહા..હા..! પણ વહ નિભ્રાંત હોકર હોં. ઐસા હોગા, ક્યા હોગા, કુછ સુઝ પડતી નહીં. વહ સંશય વિપર્યાસ, અનધ્યવસાય યહ તો સબ અજ્ઞાનભાવ હૈ. અજ્ઞાનમેં ઐસા હોતા હૈ. ભગવાન આત્મા એકવાર નજર તો કર ભાઈ! સમજમેં આયા? પરમાત્મા શુદ્ધસ્વરૂપ વહ યહાં ગુલાંટ ખાકર રહતા થા, યહાં પરિણામમેં લગા દે ઉસમેં. યહ તેરા કાર્ય હૈ. પરકી અપેક્ષાકે બિનાકા તેરા કાર્ય હૈ. આહા..હા..! ત્યાં ગુરુ કે શાસ્ત્ર ત્યાં... 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' ગુરુ અને શાસ્ત્ર દિશા દેખાડી. દિશા સમજે? જાના હો ન કહીં? તો ઓલો કોઈક માણસ કહે જુઓ અહીં જાવું છે.

મુમુક્ષુ :- એટલી તો મદદ કરેને.

ઉત્તર :- ક્યા મદદ કરે? દેખે કૌન? ચાલે કોણ?

મુમુક્ષુ :- જાણવામાં મદદ કરે.

ઉત્તર :- જાણવામાં તો એણે જાણ્યું ત્યારે નિમિત્ત કહેવાણું કે જાણ્યા વિના? આ માર્ગે જા. બસ! તો એ માર્ગ એણે લિખ લિયા કિ યહ માર્ગ .. અબ ચલનેવાલા વહ હૈ.

મુમુક્ષુ :- દિશા દેખાડનાર ભેગો આવે.

ઉત્તર :- ભેગો આવે. આવે તો ચાલવું કોને? ટાંગાને ચાલવું છે કે બીજાને?

મુમુક્ષુ :- એ તો ઉપાડીને લઈ જાય.

ઉત્તર :- પણ મડદાને શું ઉપાડે? મડદા ચાલ્યા ... મરી ગયો હોય તો. આ રામચંદ્રજીએ ઉપાડ્યું નથી? આપણે ફોટા હૈ ન. ફોટા હૈ. મડદાને શું ઉપાડે? ટાંગા આમ આમ થાતા હોય એના. એના ટાંગા આમ લબડ-લબડ થાતા હોય. .. એને શું ઉપાડે મડદાને?

અહીંયાં તો કહે છે કે જીવતો ચૈતન્ય પરમેશ્વર ભગવાન ત્રણ લોકનો નાથ તું છો. તારામાં ખામી... આ લોકો ઓલા હમણા કાલે આવ્યું હતું. ઓલા રજનીશ છેને. એમ કે બધા એક જૈનધર્મી છે ને ફલાણા ધર્મી છે અને ફલાણા ધર્મી છે. હમણા બધે ભાષણ કરવા નીકળ્યા છે. વઢવાણ, કાંપ, જોરાવર બધે. ભાવનગર તો આવ્યા હતા. વઢવાણ ભાઈ કહેતા હતા. કોઈ પરમાત્મવાદી નથી. એમ કે બધા જૈનવાદી અને ફલાણાવાદી. પણ પરમાત્માવાદી (એટલે) પરમાત્મા પોતાનો છે એ પરમાત્માવાદી કે સબ હોકર પરમાત્માવાદી? સમજમેં આયા? અહીં કહના હૈ વહ ઉસકો કિ બધા પરમાત્મા. અરે..! હાલ ભાઈ હાલ. પામર હૈ આત્મા? અનંત હોકર એક પરમાત્મા? અનંત આત્મા હોકર એક પરમાત્મા? તો એક પરમાત્માકી તો પામરતા હો ગયી. સમજમેં આયા? ઐસા હૈ નહીં. અનંત આત્મા ઐસે સર્વવ્યાપક હોકર એક પરમાત્મા. ઐસી દૃષ્ટિ .. તો જૈન હૈ, ગડબડ હો ગયી આદિ નુકસાન કર દિયા. એમ બોલ્યો છે, સમજ્યાને. અરે..! ભગવાન! સુન તો સહી, પ્રભુ! તને ખબર નહીં. તૂ સબ કરકે એક આત્મા (કહે) ઐસા નહીં હૈ, ભગવાન આ આત્મા હૈ. એકલા પરમાત્મવાદકી યહાં બાત ચલતી હૈ.

પરમાત્મા અપના સ્વરૂપ પરમાત્મા હી પૂર્ણ હૈ. ઉસકા વાદી ઉસકી દૃષ્ટિ કરનેવાલા પરમાત્મવાદી કહનેમેં આતા હૈ. સબ એક હૈ, સબ પરમાત્મા છોડકર સબ એક હો જાતા હૈ. એ પરમાત્મવાદી નથી, એ પામરવાદી છે. સમજમેં આયા? ભિખારી હૈ ભિખારી. એક આત્માકો આમ લંબા કર દેતે હૈ. ઈતની ખબર નહીં તુઝે? કિ જબ વિચાર હોતા હૈ તબ અપના ક્ષેત્રમેં ઐસે હી એકાગ્ર હોતા હૈ. ક્યા કહા સમજમેં આયા? જહાં વિચાર હોતા હૈ તો અપને ઈતના ક્ષેત્રમેં વહ પરમાત્મા પડા હૈ પૂર્ણ ઉસમેં એકાગ્ર હોતા હૈ. ઐસે હમ કરતે હૈ તો એકાગ્ર હોતા હૈ? સબ આત્મા ઐસા હૈ. સબ મિલો. મિલા દો. ઐસે એકાગ્ર હોતા હૈ? સમજમેં આયા?

ભગવાન આત્મા ઈતને ક્ષેત્રમેં ઔર મહાન અનંતગુણકા ભંડાર યહાં હી પૂર્ણ હૈ. પરમાત્મા મૈં ઈસ ક્ષેત્રમેં હી પૂર્ણ હૂં. દૂસરા ક્ષેત્રકા સંબંધ હો તો પૂર્ણ હોઉં ઐસી બાત સ્વરૂપમેં હૈ નહીં. અભી યહ લગાતે હૈ હવે આ નિશ્ચયકી બાત આયી ન બાહરમેં? નિશ્ચય તો ઓહો..હો..! સબ એક હો... સબ એક હો.. ઐસા કરના. મર જાયેગા. સબ એક હૈ નહીં. મરેલો જ છેને પણ. આહા..હા..! પરમાત્મવાદી હૈ જૈન. જૈન પરમાત્મવાદી હૈ. જૈન સબ એકવાદી હૈ ઐસા નહીં. એકવાદી સબકો માનતે હૈ, એક આત્માકો પામર અનંતમે ભાગમેં (માના). અનંત આત્મા

હોકર એક. યે તો એક આત્મા અનંતવે ભાગમેં. ઈતના છોટા–નાના, અલ્પ પર્યાયવાલા માના. સમજમેં આયા? ઐસા હૈ નહીં તીન કાલ, તીન લોકમેં.

ભગવાન આત્મા એક સમયમેં, ઈતને ક્ષેત્રમેં પૂર્ણ ગુણસંપન્ન, પૂર્ણ ગુણકા આધાર દ્રવ્ય પૂર્ણ, વહ અખંડ દ્રવ્ય હોનેસે જ્ઞાનાદિ ઉસકા અખંડ હૈ, ઉસકી એકાગ્રતા કરનેસે વહી પરમાત્મવાદી હૈ, કિ અપને પૂર્ણ સ્વરૂપમેં એકાગ્ર હો, ઔર એકાગ્રતા હોનેસે પૂર્ણ એકાગ્રતાસે પરમાત્મા પ્રગટ પર્યાયમેં હોતા હૈ. ઉસકા નામ પરમાત્મવાદી કહનેમેં આતા હૈ. પરમ આત્મા એટલે બધા થઈને એક માનનારા આ પરમ, એ પરમાત્મવાદી નહીં, ભિખારીવાદ હૈ. સમજમેં આયા? ધન્નાલાલજી! આ જૈનને પણ ખબર ન હોયને. કેટલીક અહીંની વાત સાંભળે. ત્યાં અરે! બહુ આમ કરે છે, વિકલ્પ ન કરના, અંદરમાં સમાના. પણ અંદરમાં સમાના છે કઈ ચીજ? ચીજ કૈસી? કેટલી? કિતની હૈ? કિતનેમેં કિતના સામર્થ્યવાલી હૈ? એ ખબર વિના સમાઈ જાય. ક્યાં સમાય? ધૂળમેં? અંધારામેં જાના હૈ? સમજમેં આયા? બહુત ગડબડી. પ્રગતિપંથ નિકાલના ચાહતે હૈ. પ્રગતિ કરો, સબ પંથ છોડ દો. પ્રગતિ મંડળ. અરે ભગવાન! આવા માણસને મગજ નહીં, ખ્યાલ નહીં. વ્યવહારમેં પડા થા ક્રિયાકાંડમેં તબ ઉસમેં ધર્મ માનતે થે. જબ નિશ્ચયકી બાત આયી તો ઐસા નિશ્ચયકા કહનેવાલા નિકલે. નિશ્ચયમેં ફેર હૈ નહીં, સબ એક હી હૈ. સબકો એક માનના વહ પરમાત્મા હૈ. ઉસકા નામ ખંડ ખંડ ધર્મ નહીં. અરે..! સુન તો સહી. સમજમેં આયા?

યહાં તો ભગવાન એકદેશ વ્યક્ત કિસકો કહના? કિ સારા દેશ તો ભગવાન પૂર્ણાનંદ પડા હૈ પૂર્ણ. ઉસકી દૃષ્ટિ ઔર જ્ઞાનકી એકાગ્રતા કર, એક અંશ પ્રગટ હોગા. યહાં કેવલજ્ઞાનકી બાત નહીં હૈ. કેવલજ્ઞાનકે કારણકી બાત હૈ. તો એકદેશ પ્રગટ હુઆ. ઉસકી વારંવાર ભાવના કરનેસે તુઝે કેવલજ્ઞાન હોગા, બસ ઈતની બાત હૈ. સમજમેં આયા? હવે ૧૭૬. વહ ..૪૦ મિનિટ... આ ધન્નાલાલજીની ૪૦ મિનિટ થઈ. એ ધન્નાલાલજી કહે ફિરસે ઈતના લો. આ અમારે વિમલચંદજી આજ આયાને. નયા પાછા આયાને?

**'આગે ઈસી અર્થકો દૃષ્ટાંત દાર્ષ્ટાન્ત પુષ્ટ કરતે હૈં—'** દેખો, દૃષ્ટાંત અને સિદ્ધાંત. ૧૭૬.

૩૦૭) णिम्मल-फलिहहँ जेम जिय भिण्णउ परकिय-भाउ।
अप्प-सहावहँ तेम मुणि सयलु वि कम्म-सहाउ।।१७६।।

**'હે જીવ જૈસે...'** **'परकृतभावः'** સ્ફટિકમેં. **'નીચેકે સબ ડંક...'** ઔર ડંકસે ઉત્પન્ન હુઈ જો પર્યાય અંદર સ્ફટિકમેં લાલ આદિ. વહ **'સબ ડંક મહા નિર્મલ સ્ફટિકમણિસે...'** મહા નિર્મલ. જોયુંને? નિર્મલ શબ્દ પડા હૈ. **'મહા નિર્મલ સ્ફટિકમણિસે જુદે હૈં,...'** 'જેમ

નિર્મલતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો. જેમ નિર્મલતા રે...' ચૈતન્ય નિર્મળ સ્ફટિકરૂપ છે. ચૈતન્ય નિર્મલ સ્ફટિકરૂપ. ચૈતન્ય સ્ફટિકરૂપ. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે. શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે' વિકલ્પ શુભાશુભ પરિણામસે રહિત અપના નિર્મલ પરિણામ કરના ઉસકો ભગવાનને ધર્મ બતાયા હૈ. સમજમેં આયા? ઐસા પરમાત્મા સ્ફટિકમણિ જૈસા તેરે પાસ તું હી હૈ. પાસમેં વળી ક્યા? તું હી હૈ.

જેમ '**મહા નિર્મલ સ્ફટિસકમણિસે જુદે હૈં,...**' વહ રંગ. '**ઉસી તરહ આત્મસ્વભાવસે...**' ભગવાન આત્મા. આહા..હા..! નિર્મલ, મહા નિર્મલ... મહા નિર્મલ. નિર્મલ પર્યાયમેં હોતા હૈ વહ અંશ મોક્ષમાર્ગકી પર્યાય આદિ નિર્મલ હૈ. આ તો મહાનિર્મલ. મહા ગુણધામ ભગવાન ચૈતન્યધામ. 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ.' યોગસાર. યોગીન્દ્રદેવકા યોગસાર. 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ.' સબ એક એમ નહીં. આ એક ચૈતન્ય ત્યાં અનંતગુણ 'કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આપનો, નિર્મલ કરો સપ્રેમ રે ચેતન પ્રભુ, ચેતનતા રે તારા ગુણ ધામમાં.' તેરા ગુણના ધામમાં પ્રભુતા વસે છે, પ્રભુ! આહા..હા..! એ જ્યાં સુધી બહારમાં અટકવું અને ભટકવાની દૃષ્ટિ છોડે નહિ ત્યાં સુધી આ વાત એને અંતરમાં બેસે નહીં. બેસે નહીં આવે છેને હિન્દીમાં? બૈઠતી નહીં.

આ આત્મસ્વભાવ, દેખો. '**આત્મસ્વભાવસે સબ...**' '**कर्मस्वभावम्**' બેય સામે સ્વભાવ લીધા. ભગવાન આત્માકા સ્વભાવ ઔર કર્મ અને કર્મકા નિમિત્તસે વિકલ્પ સબ કર્મસ્વભાવ. યહાં તો સબ કર્મસ્વભાવ. સમજમેં આયા? ઐસા '**શુભાશુભ કર્મ ભિન્ન જાનો.**' અરે! કાંઈ આ વાત છે! રાગાદિ પરિણામસે ભગવાનકો ભિન્ન જાણો. આહા..હા..! એ તે કાંઈ પ્રયત્નની બેહદતા છે! પ્રયત્ન ગુલાંટ ખાય છે અંદરમાં. આહા..હા..! મેરા પ્રભુ મેરે પાસ હૈ. મેરા પ્રભુ નહીં દૂર દેશાંતર. સમજે? .. આ તો કહે આ બધા ભગવાન છે, બધાને ભગવાન દેખો. ભગવાન ક્યા દેખે? સબકી પર્યાય હૈ ઐસા દેખે, ઐસા જાને. કિસીકી પર્યાય મલિન હૈ તો મલિન હૈ, નિર્મલ હૈ તો નિર્મલ હૈ. કેવલીકી નિર્મલ હૈ, ..મલિન હૈ. ઐસા અનંત દ્રવ્ય હૈ. ઐસા અનંત તો કિતના હૈ? ઓહો..હો..! યે તો જૈન પરમેશ્વરને જાના હૈ અને હૈ, સંખ્યા અપાર સંખ્યા તે કાંઈ અપાર! આહા..હા..! છ મહિના આઠ સમયમેં મુક્ત હોતે હૈ પણ સંખ્યા કિતની? એક શરીરકે અનંતવે ભાગ. ઈતના મુક્ત. સંખ્યાકા ગંજ પડા હૈ. સબ પરમાત્મા હૈ હોં. સબ પરમાત્મા હૈં. વો પરમાત્માકા વાદી હોનેકા નામ સમ્યગ્દૃષ્ટિ હૈ. સમજમેં આયા?

મૈં પરમાત્મા, મૈં એકીલા અપને કારણસે, અપને સ્વરૂપસે મૈં પરમાત્મા હૂં. અરે! પર્યાયકા જ્ઞાન હો. અલ્પ જ્ઞાન હૈ, અલ્પ પર્યાય હૈ, રાગ હૈ, નિમિત્ત સંબંધ હૈ. એક સમયકા જ્ઞાન

કરનેકી બાત હૈ, આદરનેકી બાત હૈ નહીં. કહતે હૈં, **'શુભાશુભ કર્મ ભિન્ન...'** **'મન્યસ્વ'** માનો... માનો... માનો. આહા..હા..! યે માન્યતાકી કિંમત કિતની? જે માન્યતાએ સારા પહાડ ચૈતન્યના ઉપાડ્યા. આહા..હા..! નહોતું કહ્યું એક ફેરી? કે સમયસારમેં જયસેનાચાર્ય કહતે હૈં, ઓહો...! અપની બુદ્ધિરૂપી લક્ષ્મીસે સારા સમયસારકા પર્વત ઉપાડા હૈ. ઔર કુંદકુંદાચાર્યને ઐસા સમયસાર ભવ્ય જીવકો અર્પણ કિયા, લાયક જીવકો દિયા. લે પ્રભુ! તેરી શક્તિ દેખ, ઐસી હૈ. વહ શ્લોક આયા ન? બતાયા થા ન? જયસેનાચાર્ય. પીછે હૈ જયસેનાચાર્યમેં. સમયસારમેં હૈ છેલ્લે આખિરમેં.. સમજમેં આયા? .. બુદ્ધિરૂપી લક્ષ્મીસે સારા સમયસાર પર્યાયમેં ઉપાડા ઐસા સમયસાર હૈ. ઐસા સમયસાર ભવ્ય જીવકો અર્પણ કિયા, ભેટ કિયા ભેટ. સમયસારકા ભેટણા દિયા. લે આ ભેટ, તુઝે પરમાત્મા હોના હો તો. આહા..હા..!

ભાવાર્થ :- કહતે હૈં, **'આત્મસ્વભાવ મહાનિર્મલ હૈ,...'** ઓલા સ્ફટિકકા દૃષ્ટાંત દિયા ન? મહા નિર્મલ... મહા નિર્મલ. પર્યાયમેં નિર્મલતા હોતી હૈ વહ તો એક સમયકી અવસ્થા, આ તો મહાનિર્મલ. **'ભાવકર્મ, દ્રવ્યકર્મ,...'** પુણ્ય-પાપકા વિકલ્પ, જડ કર્મ અને શરીર તીનોં જડ હૈ. તીનોં જડ. એ ચૈતન્ય પ્રભુ નહિ, ચૈતન્ય પ્રભુ નહિ. અપને સ્વભાવમેં જડ હૈ નહીં, જડમેં ચૈતન્ય પ્રભુ હૈ નહીં. આત્મા... દેખો, **'ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ યે સબ જડ હૈં,...'** એ જડ. ખરેખર શરીર ઔર કર્મ ઉસકી પર્યાયકા કાર્ય આત્માકા નહીં. ક્યોંકિ વહ જડ હૈ. તો જડકા કાર્ય કરનેવાલા તો દ્રવ્ય હૈ, આત્મા નહીં. ઐસે ખરેખર વિકલ્પ શુભાશુભભાવ જડ હૈ, ઉસકા કરનેવાલા આત્મા નહીં. આહા..હા..!

શરીરકી ક્રિયા મૈંને કી, ઐસા મૈંને કિયા. જડકે સાથ સંબંધ ક્યા? જડ મેરેમેં હૈ ઔર મેરે સે કાર્ય હોતા હૈ, ઐસે તો મેરેસે ઉસમેં કાર્ય હુઆ તો દોકો એક માના. એક નહીં. વહ જડ હૈ. ચૈતન્ય જડકા કાર્ય કર સકતા નહીં. શરીરકા નહીં, વાણીકા નહીં, કર્મબંધનકા નહીં ઔર રાગકી ઉત્પત્તિકા કર્તા ભી ભગવાન આત્મા નહીં. આહા..હા..! ચૈતન્ય કૌન હૈ આત્મા? આત્મા ચિદ્રૂપ હૈ, જ્ઞાનરૂપ હૈ. ચિદ્રૂપોહં. તત્ત્વજ્ઞાનતરંગિણીમેં તો યહ શબ્દ બહુત વાપરા હૈ. બહુત વાપરા હૈ. તત્ત્વજ્ઞાનતરંગિણી. ચિદ્રૂપોહં... ચિદ્રૂપોહં... ચિદ્રૂપોહં... એમ ચિદ્રૂપ અહં-અહં એટલે? જ્ઞાનસ્વરૂપ તે આ, જ્ઞાનસ્વરૂપ તે આ. મેરેમેં રાગ ભી નહીં, રાગકા કરનેવાલા નહીં, રાગ મેરા કાર્ય નહીં, રાગકા મૈં કારણ નહીં, રાગકા મૈં સાધન નહીં. આહા..હા..! સમજમેં આયા?

**'અનંત જ્ઞાનાદિ ગુણરૂપ જો ચિદાનંદ...'** અનંત જ્ઞાનાદિ ગુણ. ઓહો..હો..! **'જો ચિદાનંદ ઉસસે તૂ સકલ પ્રપંચ ભિન્ન માન.'** હે ભગવાન આત્મા પ્રભુ! તેરી પ્રભુતાસે વિકલ્પ, કર્મ, શરીર ભિન્ન જાન. ભિન્ન હૈ તો જાનના હૈ કિ નહીં? સમજમેં આયા કિ નહીં?

વહ ચૌદવીં ગાથામેં લિયા હૈ ન ભાઈ! ૧૪મીમાં નથી લીધું? સમયસાર. મહારાજ! આપ અબદ્ધસ્પૃષ્ટ કહતે હો... સમજમેં આયા? તો ક્યા કહતે હો આપ? ૧૪મેં દેખો. ભગવાન! પહલે કહા. '**નિશ્ચયસે અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ઔર અસંયુક્ત—ઐસે આત્માકી જો અનુભૂતિ...**' લ્યો, અહીં તો આત્માની અનુભૂતિ એ શુદ્ધનય. યહાં તો નય ઔર અનુભૂતિકો એક કર દિયા હૈ. આત્માકી અનુભૂતિ વહ શુદ્ધનય હૈ, વહ મોક્ષમાર્ગ હૈ અને એ અનુભૂતિ તે આત્મા છે. તીનોં બોલ લે લિયા. શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કિ આત્મા કહો. વહ અભેદકી અપેક્ષા લે લિયા. હૈ તો અનુભૂતિ પર્યાય. પરંતુ શુદ્ધપર્યાય આત્માકે સાથ અભેદ હુઈ સંવર-નિર્જરા શુદ્ધ ઉસમેં ઉસકો શુદ્ધનય ભી કહા, અનુભૂતિ કહા, આત્મા ભી કહા. વહ તો ઠીક. '**ઈસપ્રકાર આત્મા એક હી પ્રકાશમાન હૈ.**' યહાં શિષ્ય પ્રશ્ન કરતે હૈ દેખો, ભગવાન! હવે જુઓ, શિષ્યકા ઈતના લક્ષ હુઆ.

'**જૈસા ઉપર કહા હૈ વૈસે આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ?**' કેમ થઈ શકે? તો ગુરુ કહતે હૈં. '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ અભૂતાર્થ હૈં, ઈસલિયે યહ અનુભૂતિ હો સકતી હૈ.**' આ સિદ્ધાંત. સમજમેં આયા? સંસ્કૃતમેં હૈ. યહાં સંસ્કૃત હૈ. વહ પાંચ અભૂતાર્થ હૈ, કાયમ ટિકનેવાલી ચીજ નહીં. સમજમેં આયા? ઉત્તર ઐસા દિયા. શિષ્ય પૂછતા હૈ કિ મહારાજ! ખ્યાલમેં લિયા. શિષ્યને (કહા), આપે ઉપર કહ્યો. '**ઉપર કહા હૈ વૈસે આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ? ઉસકા સમાધાન યહ હૈ :— બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ અભૂતાર્થ હૈં,...**' અસત્યાર્થ, કાયમ રહનેવાલે નહીં હૈ. તો કાયમ રહનેવાલેકે આશ્રયસે ઉસકી અનુભૂતિ હો સકતી હૈ. કાયમ રહનેવાલેકે આશ્રયસે આત્માકી અનુભૂતિ (હોતી હૈ). વહ કાયમ રહનેવાલા નહીં હૈ, અભૂતાર્થ હૈ. છૂટ સકતે હૈ. છૂટા પડા હૈ એક ન્યાયસે દેખો તો. આહા..હા..! અભૂતાર્થ કહા ન? ભૂતાર્થ .. તો બરાબર બાત હૈ. પર્યાય પૂરતા હૈ, પણ ત્રિકાલ સ્વભાવકી અપેક્ષાએ અભૂતાર્થ હૈ. સમજમેં આયા? ઉસમેં હો વહ ઉસમેંસે દૂર હો જાતા હૈ? દૂર હોને લાયક હૈ તો દૂર હી હૈ અભી. સમજમેં આયા? એય..! ધન્નાલાલજી! વહ સંસ્કૃતમેં હૈ. યહાં તો થોડા..

અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અબદ્ધ જો તુમકો કહા વહ ભૂતાર્થ હૈ. ઔર બદ્ધસ્પૃષ્ટ ભાવો ત્રિકાલ અબદ્ધસ્પૃષ્ટકી દૃષ્ટિ કરનેસે રહતે નહીં. પર્યાય અપેક્ષાસે ભૂતાર્થ હૈ. કોઈ તદ્દન આકાશકા ફૂલ હૈ ઐસે નહીં. હૈ. વેદાંત જૈસા નહીં. આહા..! વેદાંત જૈસા નહીં હૈ કિ કુછ હૈ નહીં, અશુદ્ધ-ફશુદ્ધ કુછ હૈ નહીં... કુછ હૈ નહીં... કુછ હૈ નહીં... કુછ હૈ નહીં તો સ્વભાવમેં કુછ નહીં હૈ, પણ પર્યાયમેં નહીં હૈ ઐસા નહીં. પણ કહતે હૈં કિ અભૂતાર્થ, અસત્યાર્થ (ભાવ) ત્રિકાલ સત્યાર્થ ભગવાનકા અવલંબન લેનેસે વહ ટિક સકતે નહીં. સમજમેં આયા? નહીં ટિક

સકે. ભગવાન આત્માકા ત્રિકાલ અબદ્ધસ્પૃષ્ટકી દૃષ્ટિ હુઈ, નહીં ટિક સકે. હૈ છતે નહીં ટિક સકે. અભૂતાર્થ હોનેસે અનુભૂતિ હો સકતી હૈ. યહાં તો ચોથા ગુણસ્થાનકી બાત કી હૈ. આત્માની વાત છે આ અનુભૂતિની? કોણ જાણે શું હશે? અરે..! ભગવાનનો માર્ગ જે પ્રવાહરૂપે સત્ય છે, ઉસકો ઐસા ત્રિકાલ રખના. (અગર) ઉસમેં ગડબડ હો, માર્ગ નહીં રહેગા. સમજમેં આયા? માર્ગ કોઈ પાનામેં નહીં હૈ, માર્ગ તો આત્માકી પર્યાયમેં હૈ. સમજમેં આયા?

વહ કહતે થે .. ઘણા વર્ષ પહલે. .. કિતના સૂત્ર હૈ અભી? કીધું, જો અંતરમેં જ્ઞાનીકો ઉત્કૃષ્ટ લીનતા જિતની હુઈ ઉતના સૂત્રજ્ઞાન હૈ, બાકીકા વિચ્છેદ હૈ. અંતરમેં ભરતક્ષેત્રમેં કોઈ ઉત્કૃષ્ટ જ્ઞાની, ઉસકી ક્ષયોપશમકી પર્યાયમેં જો ઉત્કૃષ્ટ ભાસ હુઆ ઉતના વિદ્યમાન હૈ, ઉસકે સિવાયકા અવિદ્યમાન. પાનામેં કહાં જ્ઞાન હૈ? વહ સર્વવિશુદ્ધમેં આયા. પંડિતજી! વહ સર્વવિશુદ્ધમેં આયા ન? અંગ પૂર્વનું. પીછે સર્વવિશુદ્ધમેં. ઉસમેં આયા કિ અંગ પૂર્વ સૂત્ર વહ આત્મા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો બધે ઈ છે, પણ એ આત્મા છે. અંગ પૂર્વ કોઈ બાહર પાનેમેં નહીં. ઉસકા જો આશય હૈ, ઉસકા જો જ્ઞાન અંદર હુઆ ઉસ જ્ઞાનકી ઉત્કૃષ્ટતા જિસકો ક્ષયોપશમમેં આયી ઈતના વિદ્યમાન હૈ. પુસ્તક પઢે છતે ઉસકો ખોલ સકે નહિ ભાવ, તો ભાવ વિદ્યમાન હૈ ઐસા કૈસે કહનેમેં આયા? આહા..હા..! સમજમેં આયા? સર્વવિશુદ્ધમેં ઐસા લિયા હૈ. આચાર્યને તો બહુત બાત લી હૈ. અપની પર્યાયમેં જિતના ક્ષયોપશમ અંતર આશ્રયસે હુઆ વહી સૂત્ર, વહી અંગ, વહી પૂર્વ. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈ, ચિદાનંદ ભગવાન અનંતગુણસંપન્ન હૈ. ઉસસે તૂ સકલ પ્રપંચ... પ્રપંચકા અર્થ વહ માયાજાલ કહતે હૈ ઐસા નહીં. પ્રપંચ એટલે કે કુછ હૈ નહીં. વહ સ્વભાવમેં નહીં હૈ માટે પ્રપંચ કહકે, માયાજાલ કરકે નિકાલ દિયા હૈ. માયાજાલ ભાઈ આવ્યું હતુંને. આ તો કળશ ટીકામાં આવ્યું હતું. બે ઠેકાણે આવે છે. માયાજાલ. માયાજાલકા અર્થ નહીં હૈ એમ નહીં. વિકલ્પ .. જહાં ભગવાન આત્મા પૂર્ણાનંદ નિવડ વસ્તુ પડી હૈ, નિવડ વસ્તુ પડી હૈ. જિસમેં વિકલ્પકે પ્રવેશકા અવકાશ નહીં. ઘન પડા હૈ, ચૈતન્યઘન પડા હૈ. રાગ ઉદયભાવકે પ્રવેશકા જહાં અવકાશ નહીં. સમજમેં આયા? ઐસા ભગવાન અનંત જ્ઞાનાદિ ગુણકા ચિદાનંદ ઉસસે સકલ પ્રપંચસે ભિન્ન જાન. હૈ ખરા, ભૂતાર્થ હૈ પર્યાયમેં હોં. સ્વભાવકી દૃષ્ટિસે ઉસકો પ્રપંચ જાનકર છોડ દે. ઓહો..હો..! દૂસરા ક્યા કહે શાસ્ત્ર? સમજમેં આયા? ભાષામેં જો આતા હૈ વહ આયે. ૧૭૬ આયા હુઆ લો.

હવે **'આગે દેહ ઔર આત્મા જુદે-જુદે હૈં, યહ ભેદ-ભાવના દૃઢ કરતે હૈં—'** જરી દૂસરી ભાષા છે. અરે! મેલા દેહકો દેખતે હૈ! ઔર નિર્મલાનંદકો નહીં દેખતા હૈ તૂ!

ક્યા હૈ? સમજમેં આયા? વિષ્ટા હૈ ઔર વિષ્ટામેં પડા એક મણિરત્ન હીરા કરોડકા. વિષ્ટાકો દેખતે હૈ, હીરાકો નહીં દેખતે? ક્યા હૈ તુઝે? ઐસા જરી... પીલા દેખતા હૈ ન. વિષ્ટાકો વહ દેખતે હૈ. ભગવાન હીરો પડ્યો છે કરોડનો. એમ કે મેલમેં પડા હૈ ન. મૈલમેં નહીં. મૈલ હૈ હી નહીં ઉસમેં. ઉપાડ એટલે મેલ રહિત જ છે એ તો. સમજમેં આયા? ઐસે દેહ. પાઠ ઐસા લેગા હોં થોડા મૈલા.

૩૦૮) जेम सहाविं णिम्मलउ फलिहउ तेम सहाउ।
भंतिए मइलु म मण्णि जिय मइलउ देक्खवि काउ।।१७७।।

યે (શરીર) મૈલા દેખકર ભગવાનકો મૈલા ન દેખ. આહા..હા..! સમજમેં આયા? અથવા વિકારકો મૈલા દેખકર ભગવાનકો મૈલા ન દેખ. વહ ભી કાયા હૈ, કાર્મણકાયાસે ઉત્પન્ન હુઆ વિકાર હૈ. મૈલા ન દેખ, ભગવાન નિર્મળાનંદ ભગવાન હૈ. ઉસકી બાત કરેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૩, મંગળવાર, તા. ૧૦-૦૮-૧૯૬૫**
**ગાથા-૧૭૭ થી ૧૮૧, પ્રવચન-૧૯૩**

પરમાત્મપ્રકાશ, ઉસકા દૂસરા અધ્યાય. પરમાત્મપ્રકાશ નામ પરમાત્માકા સાર સ્વરૂપ વર્ણન કરતે હૈ. ૧૭૬ હો ગયી. ૧૭૭.

૩૦૮) जेम सहाविं णिम्मलउ फलिहउ तेम सहाउ।
भंतिए मइलु म मण्णि जिय मइलउ देक्खवि काउ।।१७७।।

જુઓ, યહાં '**દેહ ઔર આત્મા જુદે જુદે હૈં, યહ ભેદ-ભાવના દઢ કરતે હૈં-**-' ઐસે તો દેહસે આત્મા એક વ્યવહારનયસે કહનેમેં આતા હૈ. પણ ઉસકા અર્થ ક્યા? વહ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ તો કહનેમેં આતા હૈ. વસ્તુ તો તદ્દન 'દેહ ભિન્ન કેવલ ચૈતન્ય.' એકલો ચૈતન્ય પ્રભુ તદ્દન દેહમેં જેવી અસ્તિબુદ્ધિ હૈ અનાદિસે, ઐસી અસ્તિબુદ્ધિ દેહમેં છોડકર, અપના આત્મા ચિદાનંદ જ્ઞાનકંદ સ્ફટિકમણિ રત્ન મૈં હૂં (ઐસી દૃષ્ટિ કર). વહ દૃષ્ટાંત દિયા ન યહાં? '**જૈસે સ્ફટિકમણિ સ્વભાવસે નિર્મલ હૈ,...**' સ્ફટિકમણિ સ્વભાવસે નિર્મલ હૈ.

'**ઉસીતરહ આત્મા જ્ઞાન દર્શનરૂપ નિર્મલ હૈ.**' એ તો જ્ઞાન અને દર્શનનો પિંડ પ્રભુ નિર્મલ છે. '**ઐસે આત્મસ્વભાવકો હે જીવ, શરીરકી મલિનતા દેખકર...**' શરીરકી મલિનતા, રાગ-દ્વેષકી મલિનતા દેખકર ભગવાન આત્માકો મલિન ન જાન. સમજમેં આયા?

શરીરની દુર્ગંધતા આદિ અનેક પ્રકાર... કાલે બળદની વાત નહોતી કરી? બળદ મરી ગયો. આજ ગયા હતા જોવા. કાલે મરી ગયો. બહુ પીડા. જીવડા... જીવડા... જીવડા... કીધું કાલ .. ત્યાં કહે કાલે મરી ગયો. બહુ પીડા. એક મહિના. આહા..હા..! ઈયળ (થા ઔર) જહાં મનુષ્યપના મિલા વહાં ક્યા મૈં હૂં? કૌન હૂં? ખબર નહીં, દરકાર નહીં. તિર્યંચકો દરકાર નહીં, મનુષ્યકો દરકાર નહીં, દોમેં ફેર ક્યા આયા? ઉસકા આયુષ્ય પૂર્ણ હોનેપર વહ ભી દેહ છોડકર ચલે જાતે હૈ, યે ભી આયુષ્ય પૂર્ણ હોકર દેહ છોડકર ચલે જાતે હૈ. મમતાકો સાથમેં લેકર જાતે હૈ.

યહાં તો પરમાત્મપ્રકાશ બતાતે હૈ કિ તુમ તો પરમાત્મા હો. આહા..હા..! કબ? અબ. શરીરકો મલિન દેખનેસે પ્રભુ! તૂ તેરે સ્વભાવકો મલિન ન દેખ. આહા..હા..! કર્મકા સંબંધ દેખકર તુઝે કર્મકા સંબંધ હૈ ઐસા ન દેખ. પુણ્ય-પાપકા વિકલ્પ મલિન પર્યાયમેં દિખતે હૈ કૃત્રિમ ક્ષણિક, ઉસકો દેખકર ચૈતન્ય ત્રિકાલી ભગવાનકો તૂ મલિન ન દેખ. એમ તીનોંકો કહતે હૈં. દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મ. સમજમેં આયા?

ભગવાન ચૈતન્ય પ્રભુ, ઉસકી અંતરમેં દૃષ્ટિ કરે બિના તેરા અંતરમેંસે આનંદકી પર્યાયકી સ્ફૂરણા અંકુર નહીં ફૂટેગા. સમજમેં આયા? ઐસી ભાષાસે કથનમાત્રસે નહીં. વહ તો અનંતબાર સીખ ગયા ઐસા તો. દેહસે આત્મા ભિન્ન હૈ, હમ નહીં જાનતે? લ્યો એમ કહતે હૈ કેટલાક. છાપામેં ભી આયા થા કિ દેહસે ભિન્ન તો, સબ જિતના દિગંબરમેં જન્મા હૈ વહ સબ દેહસે ભિન્ન (ઐસા) ભેદજ્ઞાન તો સબકો હૈ. લો, ઐસા પત્રમેં આયા થા. સમજમેં આયા?

મુમુક્ષુ :- કુછ હોગા ન?

ઉત્તર :- ક્યા કુછ હોગા? ધૂલ હોગા? જન્મ લિયા દિગંબર સંપ્રદાયમેં, તો દેહસે ભિન્ન તો સબ જાનતે હી હૈ. ભગવાન! દેહસે ભિન્ન કબ જાનનેમેં આયા? કિ આત્મા અંતરમેં જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિકા મહાન અસ્તિત્વ-સત્તા (ઉસકી) અંતર્મુખ દૃષ્ટિ કરનેસે, બહિર્મુખકા ભાવ ભૂલ જાનેસે, અંતર મહા ચૈતન્યસત્તાકા સ્પર્શ કરનેસે વહ આત્મા હૈ ઐસા ભાન હોતે, શરીરકી એક પર્યાય પરમાણુસે હોતી હૈ, મેરેસે નહીં.

મુમુક્ષુ :- કિસ ટાઈમ?

ઉત્તર :- અભી. કિસ ટાઈમ ક્યા? એક શરીર ક્યા, વાણી નિકલતી હૈ (વહ) ક્યા પ્રભુ! આત્મામેંસે હૈ? ઐસે તો બહુત માન લેતે હૈ કિ હમારા શરીર નહીં, પણ યહ શરીર, શરીરકા

શ્વાસ, ભાષા સબ શરીર હી હૈ. ભાષા ભી બોલી જાતી હૈ વહ મેરેસે નહીં, મેરી ચીજમેં નહીં. આહા..હા..! ઉસકા-ભાષાકે અસ્તિત્વકે કાલમેં મેરા અસ્તિત્વ ઉસસે ભિન્ન હૈ. સમજમેં આયા? ઔર ભાષા હુઈ ઉસમેં ઐસા અભિપ્રાય હૈ કિ યહ મેરેસે હોતી હૈ, તો મૈં ક્યા ચિદાનંદ હૂં, જ્ઞાતા-દૃષ્ટા હૂં ઐસી દૃષ્ટિ તો રહી નહીં ઉસકો. સમજમેં આયા? ભાષા. શ્વાસ મેરેસે લેનેમેં આતા હૈ. તબ તક વહ દેહકો હી આત્મા માનતે હૈ. સમજમેં આયા? કારણકે દેહકા વહ અવયવ હૈ. દેહકા અંગ, ભાઈ આવ્યું હતુંને આમાં? મોક્ષમાર્ગપ્રકાશકમેં. યે શ્વાસ દેહકા અંગ હૈ, વચન દેહકા અંગ ગિનાયા હૈ એક અપેક્ષાસે. ભાષાપર્યાપ્તિ હૈ ન? ઉસસે વાણી નિકલતી હૈ ... આહા..હા..! ઈતની વાણી, વહ શ્વાસ, વહ દેહ ઐસે ચલે... ઐસે ચલે... રોટી ખાતે હૈ, ઐસી રોટીકા ટૂકડા હો જાયે ઐસે લગાકર.

મુમુક્ષુ :- હાથ લગાવે તો ટૂકડા થાયને.

ઉત્તર :- વહી કહતે હૈ કિ ભૈયા! વહ પર્યાય મૈં કર સકતા હૂં, મેરેસે હુઈ, તબ તક દેહકો હી આત્મા ઉસને માના હૈ. ઐસે દેહકો આત્મા નહીં માને, નહીં માને, પણ માના આત્મા દેહકો માના. હમારેસે વહ ટૂકડા હોતા હૈ ઔર હમ બરાબર જીભસે બરાબર ઓગાલકર ખાના. કારણ કે પેટમેં જીભ નહીં હૈ, પેટમેં દાંત નહીં હૈ. એમ કહતે હૈ કિ નહીં? અંગ્રેજીમેં આતા હૈ કાંઈક. ક્યા કહતે હૈ? ...હા એવું આવે છે. આપણને કોક કહે ત્યારે ખબર (પડે). આપણે ક્યાં અંગ્રેજી (આવડે છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસા અંગ્રેજીમેં આતા હૈ. એમ કે પેટમેં દાંત નહીં હૈ.

મુમુક્ષુ :- ...મેં દાંત હૈ.

ઉત્તર :- એમ. ... માટે યહાંસે દાંતસે ઓગાલકર લે લેના. ચાવીને ખાના. અરે ભગવાન! આહા..હા..! યે દેહકો હી આત્મા માનતા હૈ. ચાવે કૌન? હાથ હલાવે કોણ? એ દાંત ઐસે કોણ કરે? પ્રભુ! તુઝે ખબર નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- કરે તો થાય.

ઉત્તર :- કરતા ક્યા હૈ? અભિમાનસે માનતા હૈ. અરે! એક શરીરકા હોઠ હલના, ઐસી પાંપણ હલના વો અનંત પરમાણુકા પિંડકી પર્યાય હૈ. એ વર્તના ઉસકી પરમાણુમેં વો પર્યાયકા વર્તના હોતા હૈ. તો યહ આત્મા દેહસે ભિન્ન ઐસે શબ્દમેં માન લિયા ઐસા નહીં. અંદર ભગવાન એ દેહકી ક્રિયા, જીભકી, આંખકી, હાથકી, ચલનેકી... સમજમેં આયા? આ કરવટ આમ બદલનેકી, આમ સોતે આમ બદલ ગયા, મૈં બદલતા હૂં. વહ સબ ચૈતન્ય ભગવાન દેહકી વર્તમાન ક્ષણિક પર્યાયસે ભિન્ન હૈ ઐસા ઉસકો ભાન નહીં. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈં, 'જૈસે સ્ફટિકમણિ સ્વભાવસે...' ભગવાન આત્માકો બતાના હૈ ન? સ્ફટિક નિર્મલ હૈ. પ્રભુ! તુમ તો જ્ઞાનસ્વરૂપ નિર્મલ હૈ. ક્યા વહ રજકણકી ક્રિયા કર સકતા હૈ? સમજમેં આયા? ક્યા હાથ હલા સકતા હૈ? એ આવી છેને ભાઈ, ક્રિયા નથી આવતી દ્રવ્યસંગ્રહમાં? દ્રવ્યસંગ્રહમાં ટીકામાં. ભાઈ! હસ્તની ક્રિયા ન સમજના, ઐસા આયા ટીકામેં. હસ્તકી ક્રિયા આત્મા કર સકતા હૈ ઐસા નહીં સમજના. ઐસા પાઠમેં આયા હોં ટીકામેં. દ્રવ્યસંગ્રહકી ટીકામેં. વહ તો એક હી હૈ ન સબ?

એકવાર આયા થા ન ચંપાલાલ શેઠી. ગુજરી ગયાને વહ? બ્રહ્મચારી થા ન કોક દો પડિમાવાલા. ઈન્દોરકા થા કોક. હાં ઈન્દોરકા. વહ પહલે આયા થા. તો કહા કિ ભાઈ! આ દેહકી ક્રિયા પર્યાય ચલતી હૈ, આત્માસે નહીં. હાથ ઐસા હોતા હૈ વહ આત્મા સે નહીં. વહ મેરેકો બૈઠતી નહીં. મૈં ભૂરીબાઈકો પૂછુંગા. કોઈ ભૂરીબાઈ હતીને તમારે? કીધું કે આ ભૂરાભાઈકો તો પૂછો અંદર બૈઠા ઉસકો. તમારી બુદ્ધિ તો લગાવો થોડી. મૈં ભૂરીબાઈકો પૂછુંગા. કીધું, દેખો આ દ્રવ્યસંગ્રહ. બહુત વર્ષકી બાત હૈ. ૨૦૦૦કી બાત હૈ. ૨૦૦૦. ૨૧ વર્ષ હુએ. એ કહેતા હતા બિચારા. ગુજરી ગયા. હસ્તકી ક્રિયા. કીધું ભૈયા! હસ્તકી ક્રિયા આત્માકી નહીં. વહ ક્યોં નહીં? આત્મા હલાવે તો હલ સકતે હૈ, નહીં તો ઐસે રહતે હૈ. ભાઈ! તુઝે ભ્રમ હૈ ભગવાન! તેરેમેં બહુત તો તુમ વિકલ્પ ઉઠાઓ ઔર જ્ઞાનમેં ઉસ પર લક્ષ કરો, પણ ઉસકે સિવાય હાથકી ઐસી ક્રિયા, ઐસી ક્રિયા, ભગવાન! વહ શરીરકી પર્યાય તેરેસે કભી નહીં (હોતી). પર્યાયકા કર્તા હુઆ વહ શરીરકો હી આત્મા માનતા હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાજર થાય એ તો એની શરીરની પર્યાય થવાની (અને) જીવની પર્યાય એ પ્રકારની યોગ્યતા બે ભિન્ન-ભિન્ન છે. બેય ભિન્ન છે. એક જણો પૂછતા થા કિ લો! શરીરની ક્રિયા ન હોય તો ક્યોં વહાં બરાબર ટાઈમસર તમારે સુનનેકો જાતે હો? શરીરકો લેકર જાતે હૈ ન? અરે ભગવાન! તુઝે ખબર નહીં, પ્રભુ! એ શરીરકા એક-એક પરમાણુકી પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ હૈ. સમય સમયમેં ઉસકા ઉત્પાદ, ઉસકા પરિવર્તનમેં જો આનેવાલા હૈ વહ આતા હૈ, વહ તેરેસે હોતા નહીં. સાથમેં દિખતા હૈ માટે તુમ શરીર યહાં લાયા (ઐસા હૈ નહીં). દેવીલાલજી! આહા..હા..! જગતથી ઉંધું બહુ ભાઈ!

એકલા દેહસે ભિન્ન-ભિન્ન કહતે હૈ ઉસમેં ઉસકા યે અર્થ હૈ. દેહકા પરમાણુ, દેહકા પરમાણુકા ગુણ ઔર ઉસકી વર્તમાન પર્યાય-તીનોં મિલકર દ્રવ્ય હૈ ઔર તીનોં મિલકર શરીર હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા, સ્ફટિક જેમ નિર્મલ હૈ ઐસા પ્રભુ અંદર જ્ઞાનસ્વરૂપ નિર્મલ હૈ. એ શરીરસે ભિન્ન (હૈ). શરીરકી વર્તમાન પર્યાયસે ભિન્ન યહ કહના હૈ. શરીરસે ભિન્નકા અર્થ?

ઐસી શરીરકી પર્યાય હોઠ હિલે, ઐસી ભાષા ચલે વો સબકી પર્યાયસે ભગવાન ભિન્ન હૈ અભી. આહા..હા..! કહો, પોપટભાઈ! સાચું હશે આ? પણ આખો દિ' આ બધા હલવો છો કેવું શરીરને આમથી આમ. આહા..હા..!

મુમુક્ષુ :- સાચું છે એને ખોટું કેમ કહેવું?

ઉત્તર :- સાચું કઈ રીતે ભાઈ? એ ચૈતન્ય પ્રભુ જુદો. જુઓને, કાલે ઓલી બળદની વાત કરી હતી. તો આજે જોવા ગયા તો મરી ગયો હતો. બહુ પીડા. એ કોઈ ઉસકી પીડા નહીં થી. ભગવાન મહાન ચૈતન્યસત્તા ઐસે જ્ઞાનકો જ્ઞેય બનાકર, આ ચૈતન્યસત્તા મહાન ભિન્ન (છે). જૈસી શરીરમેં અપનેપનકી બુદ્ધિ હો ગયી ઐસે સ્વભાવ ઉપર અપનેપનકી બુદ્ધિ હો, તબ ઉસકો રાગસે અને શરીરસે ભિન્ન જાનનેમેં આયા અને આત્મા જાના કહનેમેં આયા. નહિતર તો શરીરમેં દુઃખ હોતા હૈ, શરીરમેં રોગ આયા તો ઉસકી દૃષ્ટિ કહાં હૈ? ઓહો..! ક્યોંકિ અંદરમેં ચૈતન્ય હૈ ઉસકી દૃષ્ટિ નહીં. તો યે યહાં હુઆ વહ મેરે હુઆ, યે હુઆ વહ મેરે હુઆ. શરીરકી અવસ્થાકે કાલમેં યહાં પર્યાયકી અવસ્થા હૈ ઔર પર્યાયકી અવસ્થાકે કાલમેં શરીરકી અવસ્થા હૈ. તો શરીરકી અવસ્થાકે કાલમેં, યહાં પર્યાયકા કાલ હૈ, પર્યાયકા કાલ તો હૈ કિ નહીં જ્ઞાનકા? તો વહ જાનતા હૈ ઈસ બાજુ તો દૃષ્ટિ હૈ નહીં. અંતર્મુખ દૃષ્ટિ તો હૈ નહીં કિ યહ સત્તા મહાન ચૈતન્ય હૈ. તો ઉસકી સત્તા પર્યાયબુદ્ધિ પર ઉપર હી જાતી હૈ. બુદ્ધિ ઐસી ચલતી હૈ, બુદ્ધિકા પ્રવાહ યહાં ચલા જાતા હૈ. સમજમેં આયા? આહા..હા..!

ઓલું પ્રસાર નથી આવ્યું ભાઈ? પંચાસ્તિકાયમાં. બુદ્ધિનો પ્રસાર રોકી નથી શકાતો. એ આવે છે. ચિત્ત, ચિત્ત. વહ ભગવાનકી ભક્તિમેં ભી બુદ્ધિકા પ્રસાર રાગ હોતા હૈ. વહ પંચાસ્તિકાયમેં આતા હૈ. રાગ હોતા હૈ. યહાં તો હજી જ્ઞાનીકો ભી રાગ હો, વહ વહાં બતાયા હૈ. તો વહ રાગ ભી ક્ષયોપશમ સમય હૈ, પરસમય હૈ, વહ ભી બંધકા કારણ હૈ. યહાં તો અપના નિજ ભગવાન અપની પર્યાયસે વર્તમાન પ્રગટ દશા, વહ દશા પૂરે (દ્રવ્યકી) હૈ ઉસ તરફકા લક્ષ, ધ્યેય અંતરમેં નહીં, ઉસકો આત્મસત્તાકી શ્રદ્ધા નહીં. તો ઉસકી વર્તમાન પર્યાય ઈન્દ્રિય તરફ સન્મુખ હોકર બાહરકી સત્તાકા સ્વીકાર કરતી હૈ. આ. આ મૈં કિયા, ઐ મૈં બોલા, યે મૈં કિયા, યે મૈં કિયા... શરીરકી કુછ રોગકી દશા હુઈ. તો પર્યાયકા લક્ષ્ય વહાં હૈ. યહાં તો વસ્તુકા ભાન નહીં. મુઝે હુઆ... મુઝે હુઆ. ઐસી એકત્વબુદ્ધિકા દુઃખ હૈ. શરીરકા, રોગકા દુઃખ જીવમેં હૈ નહીં ત્રણ કાળ ત્રણ લોકમેં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉપકાર કરતે હૈ વહ નિમિત્તસે કથન હૈ ભગવાન! ઉપકાર આતા હૈ. યહ ભી બહુત લિખતે હૈ પત્રમેં. દેખો, ઉપકાર કરતે હૈ, જીવકો બચા સકતે હૈ. વહ સમયસારમેં લિયા

હૈ ન? ગાથામેં. ઉસકી ગાથા રખી હૈ. વહ દૂસરી બાત હૈ. બચા સકતે હૈ. આચાર્યોએ બીજાના જીવને બચાવવાનો ઉપદેશ કર્યો છે. .. બચાવવું, ઉપજાવવું, એની દયા પાળવી, રક્ષા કરવી, રક્ષા કરી શકાય છે. ભગવાન! એ રક્ષા કરી શકાય છે એ ત્રણ કાળમાં સાચી વાત નથી, સત્ય બાત હૈ નહીં. પણ એ આત્માને દેખ, આમ નહીં. દેહકી પર્યાયસે મૈં કાર્ય કર સકતા હૂં, બસ! વહ દેહકો અપના માના હૈ. આહા..હા..! અરે! એ તે કાંઈ દેહથી ભિન્ન... 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દર્શનમોહ...' આમ રુચિ રાગની ટળી, દેહકી, પર્યાયકી રુચિ ગઈ તો દ્રવ્ય-ગુણકી રુચિ (હોનેસે પર્યાયકી રુચિ) ગઈ કિ મેરા વહ નહીં. વહાંસે રુચિ હટકર દર્શનમોહ નામ પરમેં સાવધાની એકાકારતા, એ 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' વહ અપૂર્વ અવસરમેં આતા હૈ. શ્રીમદ્ રાજચંદ્ર. યે હમારે મીઠાલાલજીકો બહુત મીઠા લગતા હૈ. સમજમેં આયા? હૈ કિ નહીં ઉસમેં? દેખો, વહ શ્રીમદ્‌મેં હૈ.

દર્શનમોહ વ્યતીત ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીએ.

ક્યા કહતે હૈ? દેહસે ભિન્ન... દર્શનકી રુચિ જો વિપરીત હૈ ઉસકો છોડકર, ભગવાન આત્મા દેહકી પર્યાયસે ભિન્ન, રાગકી પર્યાયસે ભિન્ન (હૈ) ઐસા ભગવાન ચૈતન્યકા અંતર્મુખ બોધ (હોના) વહ સારા ચૌદ પૂર્વકા સાર ઉસકી દૃષ્ટિમેં આ ગયા. એગં જાણહી, સવ્વં જાણહી. એક આત્મા ઐસા જાના ઉસને સબ જાન લિયા. સમજમેં આયા? તો કહતે હૈં કિ ઐસા જબ જ્ઞાન હુઆ, ઐસે જ્ઞાન દ્વારા 'પ્રક્ષિણ ચારિત્રમોહ...' સમ્યક્ ચૈતન્યમૂર્તિ મૈં હૂં ઐસી દૃષ્ટિકા સ્વભાવ સન્મુખકા પરિણમન હુઆ ઉસી દ્વારા ચારિત્રમોહ રાગ પ્રક્ષિણ ક્ષીણ હોતા જાતા હૈ. સમજમેં આયા? એ વાત કાંઈ ભાઈ! વહ કોઈ બાહરકી ચીજ નહીં હૈ કિ થોડા સીખ લેના, અંતર લે લેના. રાજેન્દ્રજી! આહા..હા..! ભાઈ!

'તેથી પ્રક્ષિણ ચારિત્રમોહ વિલોકીએ' પાછું હોં આમ. એમ કે આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ભિન્ન એમ ભાવનું ભાન થતાં, રાગકા જો ઉદય આતા હૈ ઉસકો પ્રક્ષિણ-વિશેષે પ્રક્ષિણ વિલોકીએ. એ ઘટતા જાતા હૈ ઐસા હમ જાનનેવાલા રહેગા. આહા..હા..! ઘટાડના હૈ નહીં, ટાલના હૈ નહીં, બનાના હૈ નહીં. સમજમેં આયા? આહા..હા..! સમજે?

તેથી પ્રક્ષિણ ચારિત્રમોહ વિલોકીએ,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

સ્થિરતાની ભાવના કરે છે હોં! સમજમેં આયા? આહા..હા..! 'ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી.' શરીરમાં પ્રતિકૂળતાના સંયોગ દેખાય, પણ મારામાં એ ક્યાં છે? દેહસે ભિન્ન આત્માકા ભાન હુઆ તો શરીરકી કોઈપણ પર્યાયકી પ્રતિકૂલતામેં અહંપનાકા અભિમાન છૂટ ગયા હૈ. મેરેસે હુઆ અને મેરેમેં હુઆ વહ બુદ્ધિ છૂટ જાતી હૈ. તબ આત્માકા ભાન દેહસે, રાગસે ભિન્ન હોતા હૈ. ઐસા મહાન પુરુષાર્થ હૈ પ્રભુ! વહ કોઈ સાધારણ બાત નહીં. એટલે કે 'આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો, સંયમના હેતુથી... સ્વરૂપલક્ષે જિનાજ્ઞા આધીન.'

યહાં કહતે હૈ. એકલો દેહ મૂક્યો છે. જૈસે, વહ દૃષ્ટાંત પહલે આ ગયા હૈ. કે જેમ પાંચસો, હજાર એક સોનાકી લગડી હો. સોનાકી લગડી હજાર. તો ઉસમેં કપડા કોઈ જીર્ણ, કોઈ નવા, કોઈ કાલા, કોઈ સ્ત્રીકા ચિત્રવાલા, પુરુષકા ચિત્રવાલા, સિંહકા ચિત્રવાલા ઐસા કપડા હજાર બનાકર ઈતના છોટા-છોટા, એ હજાર લગડી ઉપર વીંટ દિયા. વીંટ દિયા કહતે હૈ? ક્યા કહતે હૈ? લપેટ દિયા. તો ક્યા લપેટનેસે કોઈ સોનાની લગડી ઉસ રૂપ હો જાતી હૈ? સમજમેં આયા? આહા..હા..!

ભગવાન આત્મા સ્ફટિક જૈસા નિર્મલ પ્રભુ, એ સ્ફટિકની મૂર્તિ છે. દેહમેં ચૈતન્ય સ્ફટિકની, ચૈતન્ય સ્ફટિકરૂપ મૂર્તિ. ભગવાન આત્મામેં રાગ ભી નહીં, દેહકી પર્યાય તો કહાં રહી? તો કહતે હૈં, ઐસે દેહમેં જો દેહકી જીર્ણતા, વહ અભી આયેગા. ચાર ગાથા વહ પીછે આતી હૈ, શરીરકી જીર્ણતા, શરીરકી નવીનતા, શરીરકા સરોગતા, શરીરકી નિરોગતા, શરીરકી યુવાનતા, શરીરકી વૃદ્ધાવસ્થા-વહ સબ યે ચમડેકા ભાગ હૈ સબ. વહ ચૈતન્ય લગડી ઉપર લપેટ હૈ. સોનાની લગડી એક હજાર હો અને ઉપરસે કપડા આદિ જીર્ણ, સ્ત્રીકા ચિત્ર... વો બનુસ નહીં આતા હૈ બનુસ? સિંહકા ચિત્ર ઉસમેં આતા હૈ ન? તો ઐસા કોઈ ચિત્ર સોનાકી લગડી ઉપર લપેટ દે તો ક્યા સોનાકી લગડી ઉસ રૂપ હો જાતી હૈ? ઐસે યે શરીર કોઈ પુરુષકા, કોઈ નપુંસકકા, કોઈ સ્ત્રીકા, કોઈ બાલકકા, કોઈ વૃદ્ધકા, કોઈ હાથીકા, કોઈ મનુષ્યકા, કોઈ નારકીકા. એ તો ચામડાકા લપેટ હૈ. ભગવાન આત્મા અખંડાનંદ નિર્મલાનંદ સ્ફટિક ચૈતન્ય વહ પર રૂપ કભી ઐસા હુઆ નહીં. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈ '**હે જીવ, શરીરકી મલિનતા દેખકર...**' અરે..! વિષ્ટાના ટોપલામાં હીરો જોઈને, યે હીરા હૈ ઐસા ન જાન. વિષ્ટા કહતે હૈ ન? વિષ્ટાકા ટોપલા ભરા હો ઉસમેં એક હીરા પડા હો. વિષ્ટામેં હીરાકો દેખકર હીરાકો વિષ્ટા ન દેખ. ઐસે યે વિષ્ટા સમાન શરીર મૈલા, ઉસમેં ભગવાન નિર્મલાનંદ ચૈતન્ય રત્ન, ઉસકો તુમ મૈલા ન દેખ. આહા..હા..! ન દેખકા અર્થ ક્યા આયા? ક્ષણે ક્ષણે જો ઉસકી અવસ્થા હોતી હૈ ઉસસે તેરી ચીજ ત્રિકાલ ભિન્ન હૈ ઐસા અનુભવ કર, પરસે પ્રતીત હટાકર સ્વભાવકી પ્રતીત કર. આહા..હા..! કરના વહ

હૈ. સમજમેં આયા? પીછે તો રાગ ક્રમે ક્રમે પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીયે. આહા..હા..! યહ ચીજકો બતાનેકો કહતે હૈ, અરે! પ્રભુ! શરીરકો મલિન દેખકર... વિષ્ટાકો મલિન દેખકર હીરાકો મલિન ન દેખ. શરીર કફ, વિષ્ટા, પેશાબ, માંસ, હાડકા, દુર્ગંધ, અવયવ ઈતના બધા નવ દ્વાર દુર્ગંધ... દુર્ગંધ... દુર્ગંધ... એક ગન્નાકી છાલ ઈતની હૈ ઉપર (ઉસકો) ઐસે છોલ દે. તો ઐસે યે છાલ ઉપરસે ઈતની નિકાલ દે થોડી. એક ઈતની છાલ. ભોગ લેનેકો તો તૈયાર નહીં, પરંતુ દેખનેકો તૈયાર નહીં. ઉંહું... હું... સમજમેં આયા? યે સારા સુંદર શરીર દિખતા હૈ ઉસકી એક ચમડી, જૈસે વહ છાલ હોતી હૈ ન ગન્નાકી? ક્યા કહતે હૈ? ત્વચા. ઈતની ઉપરસે લે લો તો વહ તો મીઠી દિખે, સફેદ દિખે. યે દેખે હટાકર ઈતની જો ઉપરસે લે લો થોડા. ચાકુસે થોડા થોડા. ભોગ લેનેકી તો વૃત્તિ ન હો, પણ દેખનેકી વૃત્તિ ન રહે. આહા..હા..! ભાઈ! વહ કહતે હૈં આચાર્ય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ થાતું હશે એ પૂછોને એને. યે શરીરકી દુર્ગંધતા ઉસને માની નહીં. મૈં આત્મા નિર્મલાનંદ અખંડાનંદ પ્રભુ મેરી એક સમયકી પર્યાયમેં ત્રણ કાળ ત્રણ લોક ઝલકે ઐસી મેરી પર્યાયકી નિર્મલતા ઉસકે સામને આ મહાદુર્ગંધકા કુંડ. અને એ દુર્ગંધકા કુંડ તો કૈસા? દૂસરા સંચામેં આઠ કલાકમેં વિષ્ટા ન હો, યહાં રોટી અને દાલ, ભાત ને તમારા મેસુબ કે શું કહેવાય? ઘેવર ગમે તે નાખો. આઠ કલાકે વિષ્ટા હો જાયે ઐસા સંચા હૈ યહ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંચા હૈ વિષ્ટા બનાનેકા. સમજમેં આયા? આહા..હા..!

ઈસલિયે કહા ન યહાં, '**कायम् मलिनं**'. ભગવાન! એ મલિન... મલિન... મલિન... હોં! ભગવાન મલિન નહીં હૈ. પ્રભુ તો ચિદાનંદ સ્વરૂપ (હૈ). ભ્રમસે મલિન, મેલા મત જાન. કપડેકે લપેટસે સોનાકી લગડીકો કપડાકા લપેટવાલા ન દેખ. સ્ત્રીકે દેહસે સ્ત્રીકા આત્મા ઐસા હૈ ઐસા ન દેખ. પુરુષકે દેહસે આત્મા ઐસા હૈ ઐસા ન દેખ. સમજમેં આયા? આહા..હા..!

'**ભાવાર્થ :- યહ કાય શુદ્ધ-બુદ્ધ પરમાત્મપદાર્થસે ભિન્ન હૈ,...**' શુદ્ધ-બુદ્ધ ચૈતન્યનું જ્ઞાન. એકલો શુદ્ધ બુદ્ધ ભગવાન આત્મા. તદ્દન આ અશુદ્ધ અને અબુદ્ધ. જડ અશુદ્ધ અબુદ્ધ, ભગવાન શુદ્ધ બુદ્ધ. આહા..હા..! શુદ્ધ બુદ્ધ પરમાત્મ પદાર્થ ભગવાન ચૈતન્યજ્યોત. ભાઈ! આત્મા એટલે? અહીં તો પરમાત્મપ્રકાશ (છે). આત્મા એટલે ક્યા? વહ તો પરમસ્વરૂપ પરમાત્મા. ઉસમેં રાગકી જહાં મલિનતા નહીં તો શરીરકી મલિનતા તો કહાંસે આયી? સમજમેં આયા? ધર્મીજીવકો દેહાદિસે દૃષ્ટિ ઉઠ ગયી હૈ તો સંયોગમેં અપનાપન સુખ ઉસમેં હૈ કિ દુઃખ હૈ ઐસી ભી બુદ્ધિ ઉઠ ગયી હૈ. અપનેમેં આનંદ હૈ. જિતના રાગ ઉત્પન્ન હોતા હૈ ઉતની આકુલતા

હૈ બસ. પરકે સાથ મેરે કાંઈ સંબંધ હૈ નહીં. ઐસા સમ્યગ્દર્શનમેં દેહસે ભિન્ન આત્માકા દેખના ઉસકા નામ સાક્ષાત્કાર અને આત્માકા અનુભવ કહતે હૈં.

'**કાય મૈલી હૈ, આત્મા નિર્મલ હૈ.**' ભગવાન નિર્મલ હૈ. ઐસા વાચક તો બહુ થોડા શબ્દ હૈ, પણ વાચક શબ્દ તો ઈતના આયા. કાયા મૈલી, ભગવાન નિર્મલ. દો શબ્દ આયા. દોમેં તો સારા ભેદજ્ઞાન હો ગયા. એક એક સમયકી પર્યાય હો તો ઉસમેં હૈ. મૈં જ્ઞાયકમૂર્તિ તો મેરી પર્યાય તો જ્ઞાતા-દૃષ્ટાકી સમય સમયમેં હોતી હૈ. વહ મૈલા હો તો ઉસકી મૈલી પર્યાય સમય સમયમેં હોતી હૈ. મેરા ઉસકે સાથ કોઈ સંબંધ હૈ નહીં. મૈં નિમિત્ત હોઉં તો વો ચલતા હૈ ઐસા ભી નહીં.

મુમુક્ષુ :- નિમિત્તકી આવશ્યકતા હૈ.

ઉત્તર :- પણ કહાં આયા? કહા ન કિ વહ ચલતા હૈ તો નિમિત્ત કહનેમેં આતા હૈ. મૈં નિમિત્ત હૂં તો ચલતા હૈ ઐસા નહીં. તો તો દેહકો અપના માના હૈ. આહા..હા..! સમજમેં આયા? આવ્યું નહિ જીવ-અજીવનું નથી ત્યાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં ન આવ્યું? ઓલી ફેર આવ્યું હતું નહિ? ક્લાસમાં નહિ? પહેલા ક્લાસમાં. જીવકા કોઈ અંશ અજીવમેં મિલાના નહીં, અજીવકા અંશ જીવમેં મિલાના નહીં. અજીવકી ક્રિયા હોતી હૈ તો જીવકા એક રાગ હૈ કે જ્ઞાન હૈ તો ચલતા હૈ ઐસા મિલાના નહીં. ઔર મેરી જ્ઞાનપર્યાય મેરેસે હોતી હૈ, તો ઈન્દ્રિયકે અવયવસે હોતી હૈ ઐસા અવયવ મિલાના નહીં, ઐસા અંશ મિલાના નહીં. આહા..હા..! કહો, સમજાણું આમાં? એમ કે બહારમાં આમ શીખીએ, બોલીએ .. એ થઈ ગયું એમ. એમ એ ક્યાં વાત છે આ? એવું તો બોલી અનંતવાર શીખી ગયો. અગિયાર અંગ અને નવ પૂર્વ. એ તો વાત કેટલી હતી અગિયાર અંગ અને નવ પૂર્વમાં? ઓહો..હો..!

અહીં તો ચૈતન્યરત્નને અંતરમાં સમ્યક્ આહા..હા..! સ્વસ્થ રત્ન કહા કિ નહીં? મોક્ષમાર્ગમેં નહીં કહા? સ્વસ્થ રત્ન. નહીં નિયમસારમાં ભાઈ લીધું છેને? છેલ્લા શબ્દ નહીં? છેલ્લું નથી લીધું? સ્વસ્થ. એ રત્નને સ્વસ્થ કહ્યું છે. સ્વસ્થ. ક્યા પંડિતજી! સ્વસ્થકા ક્યા અર્થ?

મુમુક્ષુ :- અપને આપમેં ઠહરનેકા.

ઉત્તર :- ઠહરનેકા. જુઓ યહાં હૈ.

ચૌબીસ પરિગ્રહોંકા પ્રપંચકો પરિત્યાગકર ત્રિકાલ નિરૂપાધિસ્વરૂપમેં લીન નિજ કારણપરમાત્માનકે ભગવાન કારણપ્રભુ ત્રિકાલ શુદ્ધ ઐસે ભગવાન આત્મામેં સ્વરૂપકા શ્રદ્ધાન, એ કારણ પરમાત્માના સ્વરૂપના શ્રદ્ધાન. આહા..હા..! દ્રવ્ય લીધું કારણ, ઉસકા સ્વરૂપ અનંત બેહદ જ્ઞાનાદિ પરમાત્મસ્વરૂપ. કારણપરમાત્માના સ્વરૂપના શ્રદ્ધાન, ઉસકા જ્ઞાન ઔર આચરણાત્મક 'ભેદોપચાર કલ્પનાસે નિરપેક્ષ.' વ્યવહારરત્નત્રયથી ભિન્ન નિરપેક્ષ. વ્યવહારરત્નત્રય વહ રત્નત્રય કોઈ હૈ નહીં.

'ભેદોપચાર કલ્પનાસે નિરપેક્ષ ઐસા સ્વસ્થ' સ્વસ્થ 'રત્નત્રયમેં પરાયણ વર્તતા હુઆ.' એ વ્યવહારરત્નત્રય સ્વસ્થ નથી, પરસ્થ છે. સમજમેં આયા?

મુમુક્ષુ :- મુનિની વાત છે.

ઉત્તર :- એમ કે મુનિની વાત છે એમ કરીને કાઢી નાખે. બાબુલાલજી! એમ કરીને નિકાલ દે. અરે.. ભગવાન! તેરા મુનિપણા, વહ પહલી દૃષ્ટિમેં ઐસા આતા હૈ કિ દૃષ્ટિ સમ્યક્, કહા ન? પરમાત્માકા સ્વરૂપકા શ્રદ્ધા જ્ઞાન. લો, યહ સ્વસ્થ રત્નત્રય. સ્વસ્થ—અપનેમેં નિર્મલ શ્રદ્ધા, નિર્મલ જ્ઞાન વહ સમ્યગ્દર્શન-જ્ઞાન વહ સ્વસ્થ-અપનેમેં રહનેવાલી પર્યાય હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા હૈ? વહ તો વિકલ્પ હૈ. વહ તો ઉસકે કારણસે આયા હૈ. વિકલ્પસે પ્રભાવના હોતી હૈ કિ અપને સ્વભાવમેં એકાગ્રતાસે પ્રભાવના હોતી હૈ? ન્યાલભાઈ! યહ દૂસરી ચીજ હૈ. હમારે વૃદ્ધ ખાનદાન હૈ ન તો દાંત કાઢતે હૈ. કિસકી પ્રભાવના? પ્ર-ભાવના. ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ પ્ર-વિશેષે ભાવના નામ એકાગ્રતા ઉસકા નામ પ્રભાવના. વહ તો વિકલ્પ આતે હૈં પુણ્ય બંધકા કારણ હૈ, વહ કોઈ ખરી પ્રભાવના નહીં. આહા..હા..! કહો, ધન્નાલાલજી! આહા..હા..!

અરે! જગતને... અંતર સ્વરૂપમેં મહાન ખાન-ખાન ખજાના પડા હૈ. જિતની એકાગ્રતા અંદર પ્રગટ કર, ઈતના અંદરમેં ખજાનામેંસે વ્યક્ત શક્તિમેંસે પ્રગટ પર્યાય હોગી. ઐસે ભગવાન આત્માકી દેહસે ભિન્ન પ્રતીત નહીં અને સબ હમ કરતે હૈ ધર્મ-ધર્મ, વહ તો ઠીક, સમજનેકી ચીજ હૈ. વહ ધર્મ-ફર્મ હૈ નહીં. દેખો, આચાર્ય. યે તો મુનિ થે લો. સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખકા ભોક્તા હોતા હૈ. છેલ્લો શ્લોક છેને? છેલ્લો શ્લોક. આખિરકા શ્લોક હૈ નિયમસારકા. યે રત્નત્રય ભી સ્વસ્થ. બાહરમેં નહીં રહતા કિ દુનિયાકો બહુત સમજાયા ઈસલિયે રત્નત્રય શુદ્ધ હો ગયા. અને એ જ કહે છે એ માટે તો આ સ્વસ્થ કાઢ્યું. બહુ માણસને સમજાવે, હજારો માણસ ભેગા થાય, લાખો માણસ હો માટે ઉતની પ્રભાવના અંતરમેં બઢ ગયી હૈ (ઐસા બિલકુલ નહીં હૈ). સ્વરૂપચંદભાઈ! આ ભારે! સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...નાપ હૈ?

ઉત્તર :- નાપ હૈ. બાહરકે માપસે માપ નહીં હૈ. સંતોષ, અંદરમેં સ્વસ્થ રહના વહ સંતોષ હૈ. વિકલ્પ આયા અને વાણી વાણીકિ કારણસે નિકલી. વહ તો લોકો સમજે, ન સમજે ઉસકી પર્યાયકે કારણસે સમજતે હૈ, ઉસમેં પ્રભાવના કહાંસે આ ગયી? આહા..હા..! ભાઈ! વસ્તુ તો ઐસી હૈ ભગવાન! શુભરાગ આયા ઉસકો વ્યવહાર પ્રભાવના કહતે હૈ તો ઉસકા અર્થ

કિ પુણ્યબંધ હો ગયા. બસ. સમજમેં આયા?

યહાં તો સ્વસ્થ. લ્યો ઓલું સ્વચ્છ. સ્વચ્છતા કહતે હૈ, આ સ્વસ્થ. અપના સ્વચ્છ સ્વભાવ ગુણસ્વરૂપ ભગવાન ઉસમેં શ્રદ્ધા-જ્ઞાનસે સ્થ—ઉસમેં રહના વહી પ્રભાવના, વહી મોક્ષકા માર્ગ, વહી બંધકા અભાવ કરનેકા ઉપાય. આહા..હા..!

મુમુક્ષુ :- એક હી?

ઉત્તર :- એક હી. 'એક હો ત્રણ કાળમેં પરમાર્થકા પંથ.' દૂસરા કોઈ હોતા નહીં. સમજમેં આયા? અહીં તો જુઓને આચાર્યે.. આ મુનિ છે હોં મુનિ. ઉસકો ઉડાતે હૈ કિતને. કારણકે આ નિરપેક્ષ શબ્દ આવેને ઉસકો રુચતા નહીં. ભેદોપચારસે નિરપેક્ષ રત્નત્રય. નિશ્ચયસે તો ભેદોપચારસે નિરપેક્ષ હી હૈ, વ્યવહારસે હૈ તો વ્યવહારસે સાપેક્ષ કહનેમેં આતા હૈ. વ્યવહારસે વિકલ્પ હૈ સાપેક્ષ રત્નત્રયકા વ્યવહારસે, અભૂતાર્થ દૃષ્ટિસે. સમજમેં આયા? ભગવાન! નિશ્ચયસે નિરપેક્ષ રત્નત્રય હૈ. આહા..હા..! શરીરસે ભિન્ન માનના ઉસકા અર્થ? કિ કાર્મણ શરીર હૈ ઉસકે નિમિત્તસે જો રાગાદિ શુભ હોતા હૈ ઉસસે ભિન્ન માનના વહ કાયા-દેહસે ભિન્ન માના આત્માકો કહનેમેં આતા હૈ. ઐસે દેહસે ભિન્ન, દેહસે ભિન્ન ક્યા? સમજમેં આયા?

મુમુક્ષુ :- કાર્મણમાં કાય..

ઉત્તર :- વો કાર્મણ કાય હૈ. આત્મકાય કહાં હૈ? સ્વરૂપકાય હૈ વહ રાગાદિ? વહ તો આસ્રવકાય હૈ. આસ્રવની કાયા છે. આસ્રવકી કાયા હૈ, શરીર પરમાણુકી કાયા હૈ, ભગવાન જ્ઞાનાનંદકી કાયા હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા, 'લાખ વાતની વાત એક નિશ્ચય ઉર આણો.' વહ કહતે હૈ ટૂંકામેં (કિ) તુમ પરમાત્મા હો, ઐસી અસ્તિકી દૃષ્ટિ લાઓ ઔર દેહસે ભિન્ન દેખો. (શરીર) મલિન દેખનેસે મલિન અપના આત્મા હો ગયા ઐસા ન જાનો. અર્થાત્ વર્તમાન પર્યાયમેં પુણ્ય-પાપકા મલિન વિકલ્પ દિખતે હૈ તો ભગવાન આત્મા મલિન હો ગયા હૈ ઐસા ન દેખ. વહ પર્યાયદૃષ્ટિસે તુઝે દેખનેમેં આતી હૈ મલિનતા. સ્વભાવમેં હૈ નહીં. મલિનતા વહ સ્વભાવમેં નહીં અને મલિન વહ સ્વભાવ હૈ નહીં. કહો, સમજમેં આયા?

'**યહ કાય શુદ્ધ-બુદ્ધ પરમાત્મપદાર્થસે ભિન્ન હૈ, કાય મૈલી હૈ, આત્મા નિર્મલ હૈ.**' '**આગે પૂર્વકથિત ભેદવિજ્ઞાનકી ભાવના રક્ત પીતાદિ વસ્ત્રકે દૃષ્ટાંતસે ચાર દોહોંમે પ્રગટ કરતે હૈં—**' લો. યહ સમાધિશતકકી બાત લીયા હૈ. સમાધિશકતકમેં આતા હૈ ન? ઉસ શૈલીકી બાત હૈ.

૩૦૯) रत्तैं वत्थैं जेम बुहु देहु ण मण्णइरत्तु।
देहिं रत्तिं णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु।।१७८।।

३१०) जिण्णिं वत्थिं जेम बुहु देहु ण मण्णइ जिण्णु।
देहिं जिण्णिं णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु।।१७९।।
३११) वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णट्ठु।।१८०।।
३१२) भिण्णउ वत्थु जि जेम जिय देहहँ मण्णइ णाणि।
देहु वि भिण्णउँ णाणि तहँ अप्पहँ मण्णइ जाणि।।१८१।।

આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દાખલામાં તો એ સિદ્ધાંત સિદ્ધ કરવો છે કે દાખલામેં રુકના હૈ? દાખલા સિદ્ધાંત માટે છે કે દાખલા દાખલા માટે છે? લ્યો, દૃષ્ટાંત એમ કે સીધા આયા. પણ દૃષ્ટાંત સીધા હૈ તો દૃષ્ટાંતસે નિકાલના ક્યા હૈ? સમજમેં આયા?

'**આગે પૂર્વકથિત ભેદવિજ્ઞાનકી ભાવના...**' કરતે હૈ. '**જૈસે કોઈ બુદ્ધિમાન પુરુષ...**' લૌકિક-લૌકિક. લૌકિક બુદ્ધિમાન. લોકમેં ડાહ્યો હોય માણસ. તો '**લાલ વસ્ત્રસે શરીરકો લાલ નહીં માનતા,...**' માને? લાલ કપડું પહેર્યું હોય, આ ભગવા નથી પહેરતા હમણા? બાવા તો પહેરે પણ આ ભગવા પહેરે છે, હવે આ લોકોને શોખ થઈ ગયો છેને પંડિત નામ હોય તો ભગવું હોય તો સારું લાગે, આમ ટોપી ભગવી હોય. ભગવું સમજે? ગેરુવાલા. આ જવાહરલાલજી પહેરે છે એવા કપડા. પહરતે હૈ ન પંડિત-બંડિત સબ હોવેને. ઠીક લાગે. ટોપી-ટોપી લાલ હોતી હૈ ન? ક્યા કહતે હૈ? ઐસી. દૂસરેસે તરી જાયે. તરી જાયે એટલે? ભિન્ન પડ જાયે કપડા. ક્યા કહા? નહિ, આ તો એક વાત છે. દૃષ્ટાંત હૈ.

'**લાલ વસ્ત્રસે શરીરકો લાલ નહીં માનતા,...**' ઐસા લાલ વસ્ત્ર પહના હો તો લાલ હો ગયા શરીર? લાલ વસ્ત્ર હો ઔર શરીર કાળામશ હોય. તો ઉસકે સાથ ક્યા સંબંધ હૈ? સમજમેં આયા? બુદ્ધિમાન હોં! બુદ્ધિ એટલે? લૌકિક ડાહ્યો. '**ઉસી તરહ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની...**' અજ્ઞાની લૌકિકમેં ડાહ્યા. ભાઈ! કપડા જૈસા કુછ શરીર હૈ? કપડા લાલ પહરા હો તો શરીર તો ઐસા હી હૈ જૈસા હૈ. કપડા બરાબર મખમલકા ઐસા જાડા કોટ પહેર્યા હોય. જાડા ક્યા કહતે હૈ? મોટા. અંદર ખોલે તો હાડકા પાતળા હોય, કાંઈ ઠેકાણા ન મળે. મોટા-મોટા કપડા પહેરે કાંઈ શરીર મોટા હો જાતા હૈ? આમ મોટી ટોપી પહેરે ભાઈ! પોપ-પોપ. પોપને એના ઘરમાં હોય છે મોટી ટોપી આવી હોય. મોટી લંબી. દેખા હૈ હમને. એક ફોટામેં દેખા હૈ. લંબી ટોપી હોં, બહુત લંબી ઐસી જરીકી, બડી જરીકી. તો ઉસસે ક્યા બડા શરીર હો ગયા? ટોપી જૈસા રંગ હો ગયા શરીરકા?

મુમુક્ષુ :- બડા આદમી તો હો ગયા ન?

ઉત્તર :- બડા કહાંસે? ધૂળમેં હુઆ માનતે હૈ લોકો.

'**ઉસી તરહ જ્ઞાની...**' ધર્મી ક્યા? જ્ઞાનીકી વ્યાખ્યા પ્રથમ નંબરકી. '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની...**' એમ લિયા હૈ. આ આઠવે ગુણસ્થાનકી બાત નહીં હૈ. અરે ભગવાન! રાગ, વિકલ્પસે ભિન્ન નિર્વિકલ્પ નામ ચૈતન્ય અભેદ ઉસકા સ્વસંવેદનજ્ઞાન ચૌથે ગુણસ્થાનસે હોતા હૈ. ચૌથે ગુણસ્થાનસે સ્વસંવેદનજ્ઞાન હોતા હૈ. પીછે પાંચ, છહ આદિમેં બઢતા હૈ. આગળ આવી ગયું છે પહેલું આપણે ભાઈ! પહેલા ભાગમાં આવી ગયું છેને? ચોથેથી બારમા ગુણસ્થાન સુધી સ્વસંવેદન ઉતાર્યું છે. પહેલું આવી ગયું. વંચાતા-વંચાતા અહીં સુધી આવી ગયું છે. ક્યાંક પહેલું આવી ગયું છે. ક્યાંક આવી ગયું છે ખરું. ૧૨. ગાથા-૧૨ હશે. જુઓ!

'**ચતુર્થ ગુણસ્થાનમેં સમ્યગ્દષ્ટિકે મિથ્યાત્વ તથા અનંતાનુબંધીકે અભાવ હોનેસે સમ્યગ્જ્ઞાન તો હો ગયા, પરંતુ કષાયકી તીન ચૌકડી બાકી રહનેસે દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં હોતા,...**' સમજમેં આયા? પણ અહીંથી લીધું દેખો. ત્યાંથી આવ્યું જુઓ, '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવેં ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ,...**' હૈ બીચમેં? બીચમેં-બીચમેં. એ કહ્યુંને, એ કહ્યું સાંભળો. એ કહ્યું કે નહિ? ક્યા? '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ...**' હૈ બીચમેં? '**પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવેં ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ,...**' ઐસા નહીં કિ મુનિ હો તો હોતા હૈ. પહલે નિશ્ચય સ્વસંવેદનજ્ઞાન હુએ બિના આગે ચલે કહાંસે? હૈ ઉસમેં? બાબુભાઈ!

મુમુક્ષુ :- રાગ છે તોપણ રાગના નિષેધરૂપ...

ઉત્તર :- કહે છેને હજી આવે છેને આગળ.

'**ગૃહસ્થકે ભી હોતા હૈ, વહાં પર સરાગ દેખનેમેં આતા હૈ, ઈસલિયે રાગસહિત અવસ્થાકે નિષેધકે લિયે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન ઐસા કહા હૈ.**' ખુલાસા ઈતના કહા. વહ યહાં કહાં. વીતરાગ નિર્વિસકલ્પ સ્વસંવેદનજ્ઞાની. સમજમેં આયા? ચૌથે, પાંચવે ગુણસ્થાનમેં. ક્યા કહા? '**સરાગ દેખનેમેં આતા હૈ, ઈસલિયે રાગસહિત અવસ્થાકે નિષેધકે લિયે...**' ચૌથે, પાંચવે ગુણસ્થાનમેં '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાન ઐસા કહા હૈ. રાગભાવ હૈ, વહ કષાયરૂપ હૈ, ઈસ કારણ જબતક મિથ્યાદષ્ટિકે અનંતાનુબંધીકષાય હૈ, તબતક તો બહિરાત્મા હૈ, ઉસકે તો સ્વસંવેદન જ્ઞાન અર્થાત્ સમ્યગ્જ્ઞાન સર્વથા નહીં હૈ,...**' વચ્ચે ભૂલ છે થોડી.

'**ચતુર્થ ગુણસ્થાનમેં સમ્યગ્દષ્ટિકે...**' જુઓ, અંદર કાંઈક કર્યું છે. .. શબ્દ પડ્યો છે. અવિરતી સમ્યગ્દષ્ટિ. અંદર એ શબ્દ પડ્યો છે. સુધાર્યો છે અંદર નથી. '**મિથ્યાત્વ તથા**

**અનંતાનુબંધીકે અભાવ હોનેસે સમ્યગ્જ્ઞાન તો હો ગયા, પરંતુ કષાયકી તીન ચૌકડી બાકી રહનેસે દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં હોતા, ઔર શ્રાવકકે પાંચવેં ગુણસ્થાનમેં દો ચૌકડીકા અભાવ હૈ, ઈસલિયા રાગભાવ કુછ કમ હુઆ, વીતરાગભાવ બઢ ગયા,...'**

મુમુક્ષુ :- વીતરાગભાવ હતો તો...

ઉત્તર :- હતો. ચૌથે વીતરાગભાવ થા વહ પાંચવેમેં બઢા. આહા..હા..! કહો, '**ઈસ કારણ સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' પાના ૨૧ હૈ યહાં. ૧૨વીં ગાથામેં હૈ. સમજમેં આયા? આહા..હા..! અરે! લોકોને બિચારા ક્યાં ક્યાં ચડાવી દીધા છેને. અંતર્મુખ હોનેકી ક્યા શક્તિ તાકાત હૈ ઉસકા ભી પ્રયત્ન કરતે નહીં. જો કરના હૈ અંતરમેં વહ કરના નહીં. આહા..હા..! જુઓ, '**ઈસ કારણ સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' પાંચવે ગુણસ્થાનમેં સ્વસંવેદન જ્ઞાન ભી પ્રબલ હુઆ. જ્ઞાન સ્વસંવેદનજ્ઞાન—જ્ઞાનકા જ્ઞાન જો હુઆ અંતરમેં વહ રાગરહિત હો ગયા ચૌથે. રાગ હોતે છતે રાગરહિત હુઆ ઉસકા નામ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન હૈ. પાંચવેમેં વીતરાગ સ્વસંવેદનજ્ઞાન બઢ ગયા હૈ. સમજમેં આયા?

'**પરંતુ દો ચૌકડીકે રહનેસે મુનિકે સમાન પ્રકાશ નહીં હુઆ. મુનિકે તીન ચૌકડીકા અભાવ હૈ, ઈસલિયે રાગભાવ તો નિર્બલ હો ગયા,...**' નિર્બલ હો ગયા હોં. '**વીતરાગભાવ પ્રબલ હુઆ, વહાંપર સ્વસંવેદનજ્ઞાનકા અધિક પ્રકાશ હુઆ,...**' ચૌથે, પાંચવે, છઠ્ઠે બઢ ગયા. દેખો. સમજમેં આયા? '**પરંતુ ચૌથી ચૌકડી બાકી હૈ, ઈસલિયે છઠ્ઠે ગુણસ્થાનવાલે મુનિરાજ સરાગસંયમી હૈં. વીતરાગસંયમીકે જૈસા પ્રકાશ નહીં હૈ. સાતવેં ગુણસ્થાનમેં ચૌથી ચૌકડી મંદ હો જાતી હૈ, વહાંપર આહાર-વિહાર ક્રિયા નહીં હોતી,...**' ધ્યાન-ધ્યાન જમ ગયા હૈ. '**ધ્યાનમેં આરૂઢ રહતે હૈં, સાતવેંસે છઠે ગુણસ્થાનમેં આવે, તબ વહાંપર આહારાદિ ક્રિયા હૈ, ઈસી પ્રકાર છટ્ઠા-સાતવા કરતે રહતે હૈં, વહાંપર અંતર્મુહૂર્તકાલ હૈ.**' એ રીતે આગળ વધતે-વધતે સ્વસંવેદનજ્ઞાન બઢ ગયા. સમજમેં આયા? કોઈ કહતે હૈ કિ સ્વસંવેદનજ્ઞાન ચૌથે નહીં (હોતા). આહા..હા..! અરે ભગવાન! ક્યા દૃષ્ટિ પલટી? અને ક્યા દૃષ્ટિ પલટનેસે કાર્ય અંદર હુઆ? ઉસકે જ્ઞાન બિના દૃષ્ટિ પલટી કહાંસે? નિર્વિકલ્પ દૃષ્ટિ સ્વસંવેદનજ્ઞાન હુએ બિના સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? ઉસ કારણસે યહાં કહા દેખો.

'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની...**' એ ચૌથેસે લેના હોં યહાં. ઈસલિયે બતાયા વહ. '**શરીરકે લાલ હોનેસે આત્માકો લાલ નહીં માનતા.**' કૌન? એકીલા (જ્ઞાની) એમ નહીં. નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદન જ્ઞાની. લૌકિકમેં લૌકિકજન ડાહ્યા વસ્ત્ર જૈસા શરીર નહીં

માનતા. આ લોકોત્તર સમજવાલા શરીરકો અને રાગકો આત્મા માનતે નહીં. સમજમેં આયા? ધર્મચંદજી! ક્યા હૈ યહાં? ચૌથે ગુણસ્થાનમેં વીતરાગ સ્વસંવેદન કહા. આહા..હા..! અનંતાનુબંધી-અનંત સંસારકા છેદ હો ગયા. એક થોડા કષાય રહા. '**શરીરકે લાલ હોનેસે...**' રાગ (મલિન) દેખનેસે ભગવાન આત્માકો મલિન દેખતે નહીં.

'**જૈસે કોઈ બુદ્ધિમાન કપડેકે જીર્ણ (પુરાને) હોને પર શરીરકો જીર્ણ નહીં માનતા,...**' લૌકીકમેં ડાહ્યો માણસ કપડા જીર્ણ હોય તો શરીર જીર્ણ થયું એમ માને? '**ઉસી તરહ જ્ઞાની...**' એ જ્ઞાનીમાં આ લઈ લેવો '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની...**' આહા..હા..! '**શરીરકે જીર્ણ હોનેસે આત્માકો જીર્ણ નહીં માનતા.**' અરે..! ક્યા કરે? બુઢ્ઢા હો ગયા, શરીર જીર્ણ હો ગયા. શરીર ઠીક હોતને યુવાની એ વખતે અમે ધર્મ કરી સકત. એ તો અપેક્ષાસે લિખા હૈ. ઝટ કર. પુરુષાર્થ કરીને સાધન ઝટ કર ઈસલિયે લિખા હૈ. શરીરકે જીર્ણ કાળે કેવલજ્ઞાન નહીં હોતા ઐસા નહીં. અનંત ક્રોડા ક્રોડી પૂર્વકી સ્થિતિ હો, અંતર્મુહૂર્ત બાકી રહે, મુનિ હો જાયે અને કેવલજ્ઞાન હો જાયે અને મુક્તિ ચલે જાયે.

મુમુક્ષુ :- એવા તો ઘણા દાખલા જોવામાં આવે છે.

ઉત્તર :- એમાં શું છે? બહુત દાખલા હૈ. અંતર્મુહૂર્ત બાકી રહે સંસારકા, ઐસા પાઠ હૈ ધવલમેં, અંતર્મુહૂર્ત બાકી રહે તો હજારોં વાર છઠા-સાતવા હોકર કેવલજ્ઞાન (હો જાયે). ખલાસ. મુક્ત હો જાયે. ક્યા હૈ? શરીર જીર્ણ હૈ? શરીર જીર્ણ હુઆ ઉસમેં આત્મા જીર્ણ હો ગયા? ઔર ઉસસે અપના કાર્ય ન હો સકે? શરીર જીર્ણ હો તો અપના કાર્ય ન હો સકે. ભાઈ ક્યા કરે, ઐસા શરીર હો ગયા. બૈઠ ન સકે સામાયિક ક્યા કરના? સામાયિક શરીરસે હોતી હૈ? આ ઓઠીંકણ વિના તો બૈઠ નહીં સકતે. ભાઈ, કડ દુઃખતી હૈ, ઐસા હોતા હૈ. અબ સામાયિક કૈસે કરે? સામાયિક ક્યા હૈ? ૧૦૬-૧૦૬ ડિગ્રીકા બુખાર હો શરીરમેં તો ભી અપને સ્વરૂપકા ધ્યાન કર સકતે હૈ. બાહર યે નડતે હૈ? વહ કહતે હૈ. આમ તો શરીર જીર્ણસે અપને નહીં માનતા ઉસકા અર્થ? કિ શરીરમેં રોગ આયા જીર્ણતા હુઈ એકદમ તો ભી આત્માકી અંદર જીર્ણતા હોતી નહીં. આત્મા ભિન્ન ભાસન હુઆ હૈ તો પુષ્ટિ હોતી હૈ અંદર એકાગ્રતાકી. બાહરમેં જીર્ણ, અંદરમેં પુષ્ટિ. સમજમેં આયા? કહો, હવે બુઢ્ઢા હો ગયા, અબ ક્યા કરે? લોકો નથી કહેતા? પાકે ઘડે કાંઈ કાંઠા ચડે? એ અમારે કાઠિયાવાડમાં કહેવાય છે. તમારે કહેતા હોગા કાંઈક. પક્કે ઘડે ઉપર કાંઠા, ઐસા કુછ હોગા હિન્દીમેં. વહ માટીકા ઘડા હોતા હૈ કિ નહીં? પાકે ઘડે.. હાં વહ. ગારા નહીં લગતે. અમારે પાકા ઘડે કાંઠા નહિ ચડતા. વહ કાંઠા ઉપર તૂટ ગયા હો ન. પાકામેં કહાંસે ચોંટે? એમ કે હવે અમારા શરીર જીર્ણ હો ગયા, હમ ક્યા કર સકતે હૈ? કૌન કહતે હૈ તેરા શરીર જીર્ણ હૈ? તેરા શરીર જીર્ણ હૈ? વહ તો જડકા શરીર

જીર્ણ હૈ. સમજમેં આયા? તેરા શરીર તો જ્ઞાનાનંદ પરમાત્મપ્રકાશ પડા હૈ અંદર. વહ તેરા વિગ્રહ શરીર. જ્ઞાનં વિગ્રહ, જ્ઞાનં વિગ્રહ. જ્ઞાન તેરા શરીર હૈ. યે શરીર તેરા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વૃદ્ધની ક્યાં વાત છે અહીં? યુવાન હો કે વૃદ્ધ હો. દેહસે ભિન્ન ઐસા તેરા કાર્ય કરનેમેં કોઈ દેહ કામ કરતા નહીં. દેહકી બિલકુલ સહાય હૈ નહીં. આહા..હા..! નરકકે અંદર ઈતની પીડા કિ અગ્નિમેં આંખ તો આમ ઓલી થઈ જાય. લાલ. રાળ-રાળ કહે. અગ્નિમેંસે ઐસી હોતી હૈ. અંતરમેં આત્મા ધ્યાન લગાતે (હૈં), સમ્યગ્દર્શન હો જાતા હૈ. નરકમેં ક્યા હૈ? શરીર જીર્ણ હુઆ તો ક્યા હો ગયા? આમ અગ્નિસે.. પહલી અગ્નિ હૈ અને પીછે ઠંડી હૈ. આમ અગ્નિસે તો પાણી-પાણી (હો જાતા હૈ). જૈસા વહ પારા હોતા હૈ ન પારા. પારા છૂટા હો જાતા હૈ ન છૂટા? ઐસા. શરીર જીર્ણ હો તો તેરે આત્મામેં ક્યા આયા? આત્મા અખંડાનંદ પ્રભુ નિર્મલાનંદ હૈ (ઉસકી) દૃષ્ટિ લગા, તુઝે સમકિત વહાં ભી હોગા. ઐસે શરીરકી જીર્ણતાસે સમકિત ન હો ઐસા હૈ નહીં. કહો, સમજમેં આયા?

**'જૈસે કોઈ બુદ્ધિમાન વસ્ત્રકે નાશ હોનેસે દેહકા નાશ નહીં માનતા,...'** ત્રીજો બોલ. વસ્ત્ર નાશ થઈ ગયું તો શરીરકા નાશ હો ગયા એમ માનતે હૈ? વસ્ત્ર નાશ થઈ ગયું ભાઈ. **'ઉસી તરહ જ્ઞાની દેહકા નાશ હોનેસે આત્માકા નાશ નહીં માનતા,...'** આહા..હા..! આમ અંદરમેં ધ્યાન કરકે આત્માકી દૃષ્ટિ અનુભવ હો ગઈ. ચલો, શરીરકી ગમે તે સ્થિતિ હો, મેરી તો પુષ્ટિ હોતી હૈ મેરે અંદર. વહ .. ચલે જાય તો મેરેકો પુષ્ટિ નહીં હોતી ઐસા નહીં. સમજમેં આયા? છેલ્લેકા .. હોતા હૈ ન છેલ્લે? ડોક્ટર ખોસે ઐસા ઈંજેક્શન. એય..! ડોક્ટર! એક ત્યાં થા. બહુત વર્ષ પહલે ત્યાં થે ન. તમારું મકાન છેને. ખીમચંદભાઈનું મકાન. ત્યાં હતો એક. આના બનેવી નહિ કરશનજી મોદી? કરશનજી મોદી છેને એના બનેવી હતા. બે ભાઈ અને બે બહેન હતી. રોગ છેલ્લે. ડાહ્યો માણસ. હતો વૈષ્ણવ. બધા ડોક્ટર આવીને ઉભા રહ્યા. મહારાજને બોલાવો. મરવાની સ્થિતિ. ડોક્ટર ખોસે અહીંયાં. અહીંયાં તમારા મકાનમાં. કીધું ભાઈ હવે જુઓ, ડોક્ટર-બોક્ટર ક્યા કરતે હૈ ઉસમેં. વહ ભી બિચારો બોલ્યો હોં! મહારાજ! શરીર જીર્ણ હો ગયા હૈ. તો હમારે કપડા પલટના હૈ. એમ બોલ્યો હોં પોતે. કપડા પલટના હૈ. ઐસા શરીર જીર્ણ હો ગયા. કરશનજી મોદીના બનેવી હતા. એની બે બહેનો ભેગી... મેં કીધું ભાઈ! આત્માનું ધ્યાન લાગે તો જીર્ણ.... આ ડોક્ટર-ડોક્ટર મફતના બિમારને. એક આ ડોક્ટરે ખોસ્યું અને એક આણે ખોસ્યું. ધર્મચંદજી! હવે ક્યાં સુધી? તૈયારી હો ગયી હવે છૂટવાની.

મુમુક્ષુ :- ડોક્ટરની તો ફરજ છેને.

ઉત્તર :- ફરજ શું, ધૂળમાં ફરજ હૈ? ખોસ્યાખોસ કરે છો, કીધું ક્યાં સુધી? તો થોડીવાર

મહારાજને ઉભા રહેવા દ્યો. પણ આ શું કરો છો તમે બધા? મરવાની તૈયારી થઈ ગઈ. ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. લગાવ દષ્ટિ. ઓલો બોલ્યો હોં કે મેરા કપડા પલટનેકા અવસર હો ગયા હૈ. એમ બોલ્યો ગુજરાતી. મારે આ શરીરના કપડા બદલવાનો અવસર આવી ગયો. હવે બીજું નવું કપડું પહેરશું રેશમી. એમ બોલ્યો હતો હોં! બોલ્યો તો એમ ભાઈ જરી. ડાહ્યો માણસ હતો જરી મગજવાળોને બુદ્ધિવાળો હતો. આ કપડું છોડી રેશમી કપડા પહનના હૈ હવે. ઉસમેં ક્યા હૈ શરીર છૂટના? યહાં તો કપડા હી પહનના નહીં. .. અંદરમેં આનંદમેં આ જાના. કપડારહિત હો જાના હૈ. ઉસકો ધર્માત્મા જ્ઞાની દેહસે ભિન્ન કપડેકો માનતા હૈ, એમ શરીરકો આત્મા સમ્યગ્જ્ઞાની ભેદ માનતા હૈ. દોકા દષ્ટાંત દેકર શરીરસે ભિન્ન, રાગસે ભિન્ન ઐસા અંતર અનુભવ કરના, તબ શરીરસે ભિન્ન જાનનેમેં આયા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૫, ગુરુવાર, તા. ૧૨-૦૮-૧૯૬૫**
**ગાથા-૧૭૮ થી ૧૮૨, પ્રવચન-૧૯૪**

આજ વિષ્ણુકુમારને સાતસો મુનિકી રક્ષા કી ન. ઉસકા યહ દિન હૈ યહાં. ઉસ બાતમેં ભી મર્મ તો બહુત હૈ. મુનિ હૈં વે પરકી રક્ષા કરનેમેં ઐસા કર સકતે નહીં. પણ ઉસ સમયમેં ઉનકો ઐસા હુઆ, રાગ આ ગયા ઐસા. સાતસો મુનિકો બલી આદિ ઉપદ્રવ દેતે હૈ ઐસા સુના. ઉસકો વિક્રિયા લબ્ધિ થી તો ઉનકો ઐસા ભાવ આયા કિ મૈં કોઈ રીતે ઉનકો ઉપસર્ગસે બચાઉં. પીછે તો વહ આયા રાજા પાસે, પણ બ્રાહ્મણકા વેશ લિયા. વહ તો કપટ હુઆ. સમજમેં આયા? પણ ઐસા ભાવ આયા તો વ્યવહારસે શાસ્ત્રકારને વાત્સલ્ય અંગ તરીકે ગિનકર ઉસકી પ્રશંસા કી હૈ. ઐસા છલ દેખકર દૂસરા મુનિકો ઐસા કરના, ઐસા નહીં હૈ. સમજમેં આયા? અપને મુનિપનેસે કપટ કરકે વસ્ત્ર પહને, વામન શરીર કિયા, પણ ઐસા વાત્સલ્ય .. હો ગયા, મુનિપનેસે તો ભ્રષ્ટ હો ગયા. મુનિપનેસે તો નીચે ઉતર ગયા. મુનિપનેકી દશામેં ઐસા હોતા નહીં. પણ ઐસા વાત્સલ્ય (આયા કિ) અરે! મુનિકો ઐસા હુઆ, ઐસા કરકે ઉન્હોંને કપટસે વામન શરીર કિયા, વચન લિયા. હમકો તીન ગજ જમીન દ્યો. તો ઉસને જાના કિ તીન ગજ કિતની હોગી? તો યહ સબ માયા તો હૈ.

પરંતુ વહ છલ દેખકર ટોડરમલ કહતે હૈ ન મોક્ષમાર્ગ પ્રકાશકમેં. પ્રભુ! ઐસા છલ દેખકર મુનિકો ઐસા કરના (ઉચિત નહીં). ગૃહસ્થોંકો યહ હો સકે, ઉચિત હૈ. રાજા-મહારાજા ગૃહસ્થ હો, ઉસકો ઐસા ઉચિત હૈ. ઐસા ભાવ ભાતે હૈ મુનિકો બચાનેકા. ક્યોંકિ ઉસકો અપને કુટુંબકો બચાનેકા ભાવ હૈ તો સાધર્મી સંત મુનિયોંકો બચાનેકા ભાવ હોતા હૈ. મુનિ તો અપને ધ્યાનમેં મસ્ત થે. અગ્નિ ચારો ઓંર લગાયી પણ અપના શાંતરસમેં, શાંત અકષાયરસમેં વિકલ્પ, દૂસરા કૌન કરતે હૈ અને ક્યા હૈ ઉસકા ધ્યાન ભી નહીં ઉસકો. પણ દૂસરા વહ વિષ્ણુકુમાર મુનિકો ઐસા હો ગયા. દૂસરેને ખબર કિયા કિ મહારાજ! આપસે ઉસકા બચાવ હો સકતા હૈ. આપકે પાસ લબ્ધિ હૈ. તો ઉસકો ખબર ભી નહીં થી. જરા હાથ લંબા કિયા તો (માલૂમ પડા). ઐસા તો મુનિ! જિસકો લબ્ધિકી ખબર નહીં કિ લબ્ધિ હૈ કિ નહીં. આહા..હા..! સમજમેં આયા?

સાહેબ! એક મુનિ કહતે હૈં કિ આપકે પાસ વિક્રિયા લબ્ધિ હૈ. ઔર સાતસો મુનિકો ઉપદ્રવ હૈ તો આપ બચાવો. ઐસા હાથ લંબા કિયા, વિક્રિયા લબ્ધિ હૈ. લ્યો ઠીક! ઈતની ભી ખબર નહીં થી. ઈતના નિઃસ્પૃહ થા. વહી નિઃસ્પૃહ દશામેં ભી ઐસા વિકલ્પ પાછા આયા. નિઃસ્પૃહ ઈતના કિ લબ્ધિ થી ઈસકી ખબર નહીં. આહા..હા..! ઔર ઐસા ભાવ ભી આ ગયા. કિતના? કિ ઉસ મુનિઓંકો બચાઉ, બ્રાહ્મણકા રૂપ બનાયા. તો ઐસે વાત્સલ્ય અંગકી અપેક્ષાસે શાસ્ત્રમેં લિખકર ઉસકી પ્રશંસા કરનેમેં આયી હૈ, પણ મુનિકે યોગ્ય ભૂમિકામેં ઐસા કરના વહ વ્યાજબી નહીં. તો અભી ભી વહ દૃષ્ટાંત દેતે હૈ. કલ ભી આયા થા ઉસમેં. વિષ્ણુકુમારને ઐસા કિયા કિ સબ મુનિકો ઐસા કરના... ઐસા કરના. ભાઈ! વહ માર્ગ ધોખમાર્ગ નહીં. ધોખ ક્યા કહતે હૈ? રાજમાર્ગ નહીં. વો અપવાદિત ભાવ હો ગયા. ઐસા હુઆ. કિતના નિઃસ્પૃહ? કિ લબ્ધિ હૈ કિ નહીં વહ ખબર નહીં. ઉસકો ઐસી ગુલાંટ ખા ગઈ વૃત્તિ. સમ્યગ્દર્શન રહા, ભાન સમ્યગ્જ્ઞાન રહા, અનુભવદૃષ્ટિ રહી, મુનિપના નહીં રહતા. વિમલચંદજી! મુનિપના રહતા હૈ?

મુમુક્ષુ :- વસ્ત્ર છૂટ ગયા.

ઉત્તષર :- વસ્ત્ર પહના હૈ. વસ્ત્ર પહને તો મુનિપના કહાંસે રહા? વામન શરીર.. ફિર પ્રાયશ્ચિત્ત લેતે હૈં. પરંતુ વહ બાત અપેક્ષાસે કાલમેં ઐસી હુઈ ઉસ બાતકી પ્રશંસા કિયા હૈ. પણ સબ મુનિકોં ઐસા (કરના ઐસા નહીં હૈ).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આયુષ્યકી સ્થિતિ તો થી. બચાવે કૌન? વહ બાત ઐસી હૈ. ઐસે બચનેકી સ્થિતિ થી, આયુષ્ય ઐસા થા. ઐસા વિકલ્પ આયા અને વાત્સલ્ય બતાયા તો વાત્સલ્ય અંગકી શાસ્ત્રમેં પ્રશંસા કરનેમેં આયા. મુનિકે યોગ્ય તો બાત નહીં. મુનિ તો ઓહો..હો..! સારી

દુનિયા ડીગ જાયે તો ક્યા, અપની ભૂમિકાસે નીચે ઉતરના વહ હો સકતા નહીં. પણ ઉસકો ઐસી દશામેં ધર્મ પ્રભાવનાકા યોગ ઐસા દેખા તો ઐસા ભાવ આ ગયા. સમજમેં આયા? પણ સબ મુનિકો ઐસા છલ કરકે કરના ઐસા નહીં હોતા. આતા હૈ કિ નહીં? કિસમેં હૈ? મોક્ષમાર્ગપ્રકાશક. મોક્ષમાર્ગપ્રકાશકમેં લિયા હૈ કિ ભાઈ! ઐસા દેખકર સબકો કરના ઐસા નહીં. ઐસી સ્થાપના ન કર દેના. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ નહીં આતે હૈ. મુનિકો ભાવ ઐસા આયા તો મુનિપના રહા હી નહીં. વસ્ત્ર પહન લિયા ને, વામન હો ગયા. વિકલ્પ આતે હૈ ઉસકા, પણ ઐસી ક્રિયા કરના, ઐસા, ઐસા મુનિકી દશામેં હોતા નહીં. વિકલ્પ આવે કિ ઓહો..હો..! ક્યા મુનિ! ઐસી લબ્ધિ ભી હૈ. વો તૈજસ.. આદિ આતી હૈ ન? તો .. ક્યાંક મોટો બહુ ઉપદ્રવ હો તો ભી શાંત હો જાયે. પણ એ શાંત હોનેમેં નિમિત્ત પડા.

મુમુક્ષુ :- ન મૂકી હોત તો ન થાત.

ઉત્તર :- ન મૂકીકા તો પ્રશ્ન કહાં થા? સમજમેં આયા? ઐસા જો વહાં બનને લાયક હો તો મુનિકો ભી ઐસી તૈજસ સમુદ્ઘાતકા ભાવ આતા હૈ. જાકર પૂછ લે, સબ શાંત હોકર ચલે આતે હૈ. વળી કોઈ પ્રતિકૂલ હો તો કોઈ મારકાટ ચલે તો અપના ભી ઘાત હો જાતા હૈ ઉસમેં. આતા હૈ કિ નહીં તેજસ સમુદઘાત? ઐસી બાત હૈ. સમજે ભૈયા! વિકલ્પ આવે પણ ઐસી ક્રિયા કરના અને ઐસા (કરના વહ) વસ્તુકી મર્યાદાસે બાહર હૈ.

મુમુક્ષુ :- ..કા ભાવ નહીં હોતા.

ઉત્તર :- ઐસા ભાવ નહીં હોતા કિ મૈં ઐસા બનાઉં પીછે ઐસા કરું. વહ આ ગયા તો મુનિપના રહા નહીં. પરંતુ ઐસા પ્રસંગ દેખકર વાત્સલ્યકી પ્રશંસા કી હૈ. સમજમેં આયા? યે દિવસ વિષ્ણુકુમારકા રક્ષાકા દિન કહનેમેં આતા હૈ ન? બાકી તો ભગવાન! જિતના આયુષ્ય હૈ ન ઉસ પ્રમાણે ત્યાં રહતે હૈ. કોઈ બદલા સકે ત્રણ કાલ, ત્રણ લોકમેં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર (ઐસી વસ્તુસ્થિતિ નહીં હૈ). પણ ઐસા ભાવ આયા તો નિમિત્તસે ઐસા કહનેમેં આયા કિ સાતસો મુનિકી રક્ષા કી.

યહાં આપણે પરમાત્મપ્રકાશ ચલતા હૈ. ૧૭૮ સે ૧૮૧ ચલા હૈ. ભાવાર્થ થોડા બાકી રહા હૈ. વહ ભી આયેગા અભી હોં ઉસમેં. ૧૮૨ ગાથામેં આયેગા વહ. ઉપસર્ગકી બાત આયેગી. ક્યા કહતે હૈ? યહ પરમાત્મપ્રકાશ હૈ. અપના સ્વરૂપ પરમાત્મા હી પૂર્ણાનંદ હૈ ઐસા નિર્ણય કરનેમેં કોઈ વિઘ્ન ડાલનેવાલા હૈ નહીં. સમજમેં આયા? કર્મકી રાહ જોના કિ કર્મ કોઈ ઐસા દૂર હટ જાયે તો મૈં અનુભવ દૃષ્ટિ કરું. ઐસા હૈ? અપના શુદ્ધ ભગવાન આત્મા ઓહો..હો..!

અનંતકાલમાં નિજ નજરું કરી નહીં. નિજ નજર. નજરમેં અપના નિધાન કભી દેખા નહીં. ઐસી નજર અપનેમેં કરનેસે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યધામ હૈ ઐસા અનુભવ હોતા હૈ તો ઉસમેં પરમાત્મા દૃષ્ટિમેં આ ગયા. સમજમેં આયા? પુરુષાર્થસે અપના સ્વભાવ ભાન હોકર દૃષ્ટિમેં આ ગયા. પીછે સ્વરૂપકી સ્થિરતા કરનેમેં... વો યહાં દૃષ્ટાંત દેતે હૈ દેખો.

'**ભાવાર્થ :- જૈસે વસ્ત્ર ઔર શરીર મિલે હુએ ભાસતે હૈં,...**' વસ્ત્ર અને શરીર એક સ્થાનમેં મિલે હુએ દિખતે હૈ. '**પરંતુ શરીરસે વસ્ત્ર જુદા હૈ, ઉસી તરહ આત્મા ઔર શરીર મિલે હુએ દિખતે હૈં,...**' ઓહો..હો..! શરીરની અવસ્થા વર્તમાન પર્યાયનું પરિણમન શરીરનું સ્વતંત્ર. ભગવાન આત્મા તદ્દન નિરાલા. જેમ વો શ્રીફલકા દૃષ્ટાંત દેતે હૈં ન? શ્રીફલ કહતે હૈ ન? નાળિયેર? લ્યો આ નાળિયેરી કહતે હૈ ન આજે? આ નાળિયેરી પૂનમ કહતે હૈ હોં. લો. આ નાળિયેરી પૂનમ કહતે હૈ. આ નાખતે હૈ ન સમુદ્રમેં આજ નાળિયેર નાખે. પીછે વહાણ ચલે. અભી તક બહુત પવન હોયને તો વહાણ નહીં ચલતે થે. જેમ નાળિયેર-શ્રીફળ (ઉસકા) ઉપરકા જો છાલા હૈ વહ શ્રીફળ નહીં. છાલા હૈ ન ઉપર? આ લોટ ચાળતે હૈં. હવે તો લોટ-બોટ કહાં રહા? પહલે તો ઉસકે ઉપરકે બનાકર ઘંટીમેં દળતે થે ન, ઉસમેં છાલાસે નિકાલતે થે. છાલા ઔર અંતરમેં એક કાચલી. કાચલી હોતી હૈ ન? કઠણ. ઔર એક કાચલી તરફકી રાતડ-રાતડ. કાચલી તરફકી ઝીણા-ઝીણા છીલકા હોતી હૈ ન? ટોપરા ઉપર. ધોળા સફેદ ટોપરા ઉપર લાલ-લાલ. જરી લાલ-લાલ. ટોપરાપાક કરતે હૈ તો ઐસે ઘિસતે હૈ ન? દૃષ્ટાંત સે આત્મામેં સિદ્ધાંત લેના હૈ હોં. સુનો. તીન બાત કી. ઔર ચૌથા સફેદ ધોળા ગોળા. સફેદ ધોળા મીઠા સફેદ ગોળા. વહ શ્રીફળ હૈ ખરેખર તો વહી વસ્તુ હૈ.

ઐસે આ ભગવાન આત્મા... આ દેહ ઔદારિક હૈ વહ તો છાલા હૈ. ઉપરકા છાલા. છાલા સમજેન? ઉપરકા જાડા. અંદર આઠ કર્મકા રજકણ એક કાચલી હૈ. આઠ કર્મકે રજકણકા દલ પડા હૈ ન, વહ કાચલી હૈ. વહ કાચલી શ્રીફલ નહીં. શરીર જૈસા છાલા શ્રીફળ નહીં, ઐસે શરીર આત્મા નહીં. એ કાચલી આઠ કર્મકા રજકણ વહ આત્મા નહીં. ઔર જબ ટોપરાપાક કરતે હૈ તો ઉપરકી છાલ નિકાલ દેતે હૈ કાચલી તરફકી. આત્મામેં પુણ્ય અને પાપકા વિકલ્પ વહ કાચલી નામ કર્મ તરફકી વિકૃતકી જાત હૈ. વહ અંતરકી જાત નહીં. સમજમેં આયા? પોપટભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ... ઘટે છેને?

ઉત્તર :- એ ઘટતું નથી. એ .. નહિતર ઉસકો. ક્યા કહતે હૈ? વહ કાચલી કોરકી જરી છિલકા હોતા હૈ ન? ઐસા-ઐસા જો કટકા કરકે ટોપરાપાક બનાવે તો એનો પતિ સત્તાપ્રિય હોય તો ધૂળ કાઢી નાખે. ભાન નથી, ઈતના નિકાલના આયા નહીં? સારા ટોપરાપાક બગડી

જાયે ધોળો સફેદ. એમ કે આ થોડું નીકળી જાય તો થોડું ઓછું થાય. શેઠી! ઓછું નહીં. હૈ ઐસા સ્વચ્છ ને નિર્મલ ને સફેદ ને સુખરૂપ મીઠાશ. મીઠાશ હૈ ન ટોપરામેં? મીઠાશ અને સફેદાઈ પ્રગટ હોતી હૈ. એમ ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં અંદર શુદ્ધ ચૈતન્ય આનંદ, શુદ્ધ નામ સફેદ અને આનંદ નામ મીઠાશ. ગોલા સફેદ હોતા હૈ કિ નહીં? મીઠાશ-મીઠાશ કહતે હૈ ન? ટોપરા. ભગવાન આત્મા આનંદ-મીઠાશ અને શુદ્ધતા-સફેદ સારા ગોલા ચૈતન્ય ભિન્ન અંદર પડા હૈ.

મુમુક્ષુ :- ચાકુસે નિકાલા જાતા હૈ.

ઉત્તર :- એ ચાકુસે નિકાલા જાતા હૈ, યે ભેદજ્ઞાનસે નિકાલા જાતા હૈ. પ્રજ્ઞાછીણી. ભેદજ્ઞાન વહ કરવત લી હૈ શાસ્ત્રમેં. આતા હૈ ન? કરવત આતી હૈ. સમજમેં આયા? ભેદજ્ઞાનરૂપી કરવત. ઓહો..! કરના ક્યા હૈ? જિસકો સુખરૂપ હોના હૈ તો કરના વહી હૈ. દૂસરા કોઈ બાત (નહીં) હૈ. મૈં આત્મા શરીર છાલા વહ નહીં, આઠ કર્મકી રજકણ ધૂલ હૈ વહ મૈં નહીં ઔર અંદરમેં પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈ વહ ઉપરકા છિલકા હૈ. વહ કર્મ કાચલી તરફકા છિલકા હૈ, અંતરકી ચીજ નહીં. સમજમેં આયા? તો વહ છિલકેસે પાર ભગવાન આત્મા પુણ્ય-પાપકા વિકલ્પસે પાર ભિન્ન. તો કહતે હૈ કિ શરીર મૈં નહીં. ઉસકા અર્થ વહ કિ શરીર મૈં નહીં, કર્મ મૈં નહીં ઔર કર્મ તરફકા પુણ્ય-પાપકા વિકલ્પ ભી મૈં નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- કબ?

ઉત્તર :- અબ. કબ ક્યા? વર્તમાન જબ લગાવે તબ હૈ ઐસા.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

પ્રભુ! ટૂંકામાં ટૂંકા તેરા માર્ગ તો યહ હૈ. શરીર, શરીર.. વસ્ત્ર અને શરીર જૈસે જુદા હૈ ઐસે રાગ, કર્મ, શરીર તીનોં શરીરમેં ડાલતે હૈ, તીનોં પરમેં જાતે હૈ. ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને સફેદ નામ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઐસી દૃષ્ટિ લગા દે. આત્મામેં શરીર નહી ઔર શરીરમેં આત્મા નહીં. જૈસે વસ્ત્રમેં શરીર નહીં ઔર શરીરમેં વસ્ત્ર નહીં, એમ આત્મામેં શરીર અને રાગાદિ અને રાગાદિમેં આત્મા નહીં. અહીં પરમાત્મપ્રકાશ બતાના હૈ ન. સદાય ભગવાન ઐસા હી નિર્મલાનંદ પ્રભુ પડા હૈ. તેરી નજરકે આલસસે નારાયણ પરમાત્મા દિખનેમેં આતા નહીં. સમજમેં આયા? શશીભાઈ! શું હશે આ?

મુમુક્ષુ :- માલ હૈ માલ.

ઉત્તર :- માલ હૈ. ચિદાનંદકા માલ પર દૃષ્ટિ કર. શરીરકી પર્યાય હોનેવાલી હોગી ઉસમેં ક્યા તેરે હૈ? ઉસકા પરમાણુકી પર્યાય હો, વસ્ત્ર મૈલા હો. દૂસરા કહતે હૈ ન યહાં? આત્મા

જુદા હૈ. શરીરકી રક્તતા અને જીર્ણતાસે, શરીરકી રક્તતા અને જીર્ણતા અને વિનાશસે આત્માકી રક્તતા, જીર્ણતા, વિનાશ નહીં હોતા. જેમ વસ્ત્રકી રક્તતા, જીર્ણતા, વિનાશસે શરીરકી રક્તતા નહીં હોતી, શરીર નાશ હોતા નહીં, શરીરકી જીર્ણતા નહીં હોતી. એમ શરીરાદિકી જીર્ણતાસે ભગવાનકી જીર્ણતા નહીં હોતી. રાગ-દ્વેષ થોડા નિકાલ દે તો ઇતના ટોપરા ઘટી જાયને. ભાઈએ પ્રશ્ન કિયા ન? ટોપરા ઘટી જાય કે ટોપરા વધી જાય? વો પુષ્ટિમેં પુષ્ટ હૈ. વહ ટોપરાકા ભાગ થા? ટોપરું હતું જ ક્યાં? એ તો છિલકા હૈ ઉપરકા.

ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં આહા..હા..! ઉસકો યહાં શરીરકી સુંદરતા દિખતી હૈ, કર્મકી સુંદરતા કિ ઐસા કર્મ બંધ જાયે તો મેરે ઠીક પડે ઔર પુણ્ય-પાપકે પરિણામકી સુંદરતા દિખતી હૈ. તીનોંકી સુંદરતા દિખતી હૈ અપનેમેં. પણ મેરી સુંદરતા ઉસસે ભિન્ન હૈ (ઉસકી) ખબર નહીં. યે કરના વહી કરના હૈ. બાકી લાખ વાત કરો. સમજમેં આયા? પરસે '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' જિતના અભી તક અનંતકાલમેં મુક્ત હુએ વો રાગ, કર્મ અને શરીર તીનોંસે ભિન્ન અપની દૃષ્ટિ લગાકર ઔર સ્વરૂપમેં સ્થિર હોકર મુક્તિકો પાયે હૈ. ઔર જિતના અભી તક બંધા હૈ નિગોદસે લેકર, '**अस्यैवाभावतो**'. કર્મકા ઉદય આકરા આયા તો ભાવ હુઆ અને બંધ હુઆ ઐસા નહીં કહા હૈ? બરાબર હૈ? ક્યા? '**अस्यैवाभावतो बद्धा**'. વહ ભેદજ્ઞાન કરતે નહીં ઔર રાગાદિકો અભેદ માનતે હૈ ઉસસે વહ બંધ જાતે હૈં. ક્યા આયા? અભાવસે બંધતા હૈ. ભેદજ્ઞાનકે અભાવસે બંધતા હૈ. રાગ, પુણ્ય, કર્મ, શરીર તીનોંકી એકતા માનકર અથવા ભેદજ્ઞાન ન કર વહ આત્મા બંધનમેં આતા હૈ. ઐસા નહીં કહા કિ ઐસા કર્મ નિદ્ધત, નિકાચિત આકરા આયા ઔર ઉસકો મિથ્યાત્વ આદિ કરના પડા ઔર બંધમેં આયા. ઐસા તો કહા નહીં. બાબુલાલજી! આહા..હા..!

'**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' અનંત જીવમેંસે અનંત જીવ મુક્ત હુએ, સબકી એક હી રીતી, પરસે ભેદ કરકે મુક્તિકો હુએ હૈ. ભેદ કરકે હુએ તો કર્મ ભેદ કરનેમેં સહાયક ન હો તો કૈસે કર સકતે હૈ? ઐસા પ્રશ્ન ઉસમેં નહીં ઉઠતા. દેવીલાલજી! ક્યા કરે? કર્મ થોડા હટ જાયે. ક્યા કહતે હો? તેરી દૃષ્ટિમેં રાગ ઔર કર્મ ઔર શરીરમેં તેરા અસ્તિત્વ યહાં સે તુને લગાયા હૈ. કર્તા હોકર, કર્તા હોકર અપને વિકારકા કરણ બનાકર, અપના ફલ અપનેમેં લેકર અપનેમેં રખા હૈ. અજ્ઞાનભાવસે રખા હૈ, દૂસરા કોઈ કારણ (નહીં હૈ). વહ તો નિમિત્તકારણ એક વસ્તુ હૈ ઇતની બાત. '**अस्यैवाभावतो बद्धा**'. યહાં કહતે હૈ દેખો.

'**આત્માકી રક્તતા, જીર્ણતા ઔર વિનાશ નહીં હોતા. યહ નિસંદેહ જાનો.**' નિઃસંદેહ જાનો કહતે હૈ. ક્યા કરે મહારાજ! હમારે કર્મકા જોર હૈ. ઐસા કર્મ પૂર્વકા બંધા હૈ, હમારે ક્યા કરના? કર્મકા ઐસા ઉદય આવે તો હમારે ડિગ્રી ટુ ડિગ્રી વિકાર કરના પડે ઔર તુમ

કહતે હો નિઃસંદેહ જાનો. કહાંસે હમ જાને?

મુમુક્ષુ :- દષ્ટિવાદ...

ઉત્તર :- દષ્ટિવાદ અંગ વહ તો બારહવા અંગ હૈ. વહ તો બારહવા અંગ હૈ. ઉસમેં બહુત પડા હૈ ન. સબ કહતે હૈ ન, નિયતવાદ ઉસમેં પડા હૈ. નિયતવાદ. ભગવાન! ઉસમેં તો એકાંત નિયતકી બાત કી હૈ. સમજમેં આયા? દષ્ટિવાદમેં તો એકાંત પુરુષાર્થસે ભી એકાંત મિથ્યાદષ્ટિ કહા હૈ. એકાંત સ્વભાવ... નવ તત્ત્વમેં તો સબ બહુત ઉતારા હૈ. ૩૬૩ પાખંડ ઉતારા હૈ ન? ૩૬૩ ઉતારા હૈ. ઉસમેં ક્યા હૈ? આ તો કહે, નહીં, ઐસા નહીં. નિયતીવાદ ઉસમેં કહા હૈ.. પણ એ તો પુરુષાર્થવાદ ભી કહા હૈ. એકીલા પુરુષાર્થ માને તો એકાંત મિથ્યાદષ્ટિ હૈ. એકલા સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ.. કરે અને પુરુષાર્થ અને કાલકો ન માને તો ભી મિથ્યાદષ્ટિ હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ ફિર અભી લગાયા નયા. દૂસરા સબ લગા દો. સ્વભાવકે સાથ અસ્વભાવ, કાલ સાથ અકાલ, કર્મ સાથે અકર્મ. અરે ભગવાન! આહા..હા..! ભારે ભાઈ! તર્ક પણ બહુત ચલતે હૈં હોં! તર્ક તો ઉસકો કહે કિ જિસમેં સર્વજ્ઞને જો વસ્તુ કહી હૈ ઉસકી સિદ્ધિ હો ઉસકો તર્ક કહતે હૈ. પ્રવચનસાર. દૂસરા અર્થ કહાંસે લગાયા? સત્ય ત્રિકાલ સત્ય હૈ વહ લગા દે.

યહાં કહતે હૈ, નિઃસંદહ જાનો. હૈ? '**યહ આત્મા વ્યવહારનયકર દેહમેં સ્થિત હૈ,...**' નિમિત્ત સંબંધસે સ્થિત કહનેમેં આયા હૈ. '**તો ભી સહજ શુદ્ધ પરમાનંદરૂપ...**' વહ શબ્દ પડા રહા હૈ. '**તો ભી સહજ શુદ્ધ પરમાનંદરૂપ એક નિજસ્વભાવકર જુદા હી હૈ,...**' ઐસા લેના ચાહિયે. એક શબ્દ પડા રહા. એ કોઈ ઠેકાણે 'એક' નાખતા જ નથી. એકની એને કિંમત નથી લાગતી લખનારને. અહીં તો એ પણ નથી કર્યું. '**સહજ શુદ્ધ પરમાનંદરૂપ એક નિજસ્વભાવકર જુદા હી હૈ,...**' એમ લેના. સમજમેં આયા? સંસ્કૃતમેં હૈ દેખો. '**देहस्थात्सहजशुद्धपरमात्मनन्दैकस्वभावान्निजपरमात्मनः जाणि जानीहीति**' એકરૂપ પ્રભુ. ઐસે યહાં વજન દેના હૈ ઉસકો. વજન ક્યા કહતે હૈ? જોર દેના હૈ. ક્યા કહતે હૈ? જોર-જોર. એકરૂપ તેરા સ્વભાવ હૈ. અનેકરૂપે જો યે વિકલ્પ હૈ વહ ભી નહીં, ગુણાદિકા અનેકરૂપ લક્ષ કરના વહ ભી નહીં. ગુણ-ગુણીકા ભેદકા અનેકરૂપ લક્ષણ વહ નહીં. પર્યાય આ અને દ્રવ્ય ઐસા લક્ષ કરના વહ ભી નહીં. એક નિજાનંદ પ્રભુ સ્વભાવ જિસમેં એકાકાર દષ્ટિ દેનેસે એકાકાર હો સકતે હૈ ઔર એકમેં દષ્ટિસે એકાકાર અને એકાકારકે લક્ષમેં એક. ઐસા ભગવાન ચિદાનંદ પ્રભુ. નિજ, જુઓ ભાષા પાછા '**નિજસ્વભાવકર...**' એક નિજસ્વભાવકર. અપના નિજસ્વભાવકર રાગસે, પુણ્યસે, શરીરસે, કર્મસે નિરાલા પ્રભુ હૈ. ઐસા હૈ હી. પણ હૈ ઐસા

દૃષ્ટિમેં લેના વહ ઉસકા પુરુષાર્થ હૈ. સમજમેં આયા? આહા..હા..! ઐસા નહીં કહા કે ભાઈ! તેરેસે નહીં હોગા હોં, ઐસા નહીં હોગા. એમ ઉપદેશ દેતે હૈ? સવ્વેવિ અર્હંતા. ત્રણ કાળના તીર્થંકરોને પ્રથમ પહલે કેવલી હુએ ઉસકી પર્યાયકા જ્ઞાન કરકે અપને આત્મામેં મિલાયા તો મિલાકર દર્શનમોહકા નાશ કિયા ઔર પીછે સ્વરૂપમેં સ્થિર હોકર રાગ-દ્વેષકા નાશ કરે ઐસા ઉપદેશ કિયા. .. એવો જ ઉપદેશ અનંત તીર્થંકરોએ કર્યો છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણ કાળના તીર્થંકરોને ઐસા ઉપદેશ કિયા. ભગવાન! તેરી ચીજ કેવલજ્ઞાની જૈસી હૈ. બસ, દૃષ્ટિ લગા દો. વહી તેરા પુરુષાર્થ અને તેરા કર્તવ્ય હૈ. સમજમેં આયા?

**'દેહકે સુખ-દુઃખ જીવમેં નહીં હૈ.'** આહા..હા..! દેહમાં કાંઈક થાય તો રાડ નાખી જાય. વહ તો જડમેં હૈ. વહ તો જડકી પર્યાય હૈ. પર્યાય તેરે અંદર ઘૂસ ગયી હૈ?

મુમુક્ષુ :- ... દેખાય છે.

ઉત્તર :- ઉસસે હોતા હૈ કૌન કહતે હૈ? પરને લઈને સુખ હોતા હૈ? સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા પ્રત્યક્ષમેં દેખતે હૈ? યહાં વીંછી કરડા હો. વીંછીકા ડંખ. કાટા હો યહાં. તો દૂસરા હાથ યહાં લગા દે તો? (દુઃખ હોતા) હૈ ઉસકો? ઈસે દુઃખ હુઆ ઉસકા અર્થ? કિ યહ ચીજમેં વ્યાપક આત્મા હૈ વહ અપનેમેં ઐસા માન લેતે હૈ. યે તો માનતે નહીં. ઉસકો હૈ નહીં. જ્યાં વીંછી ડંખા વહાં દૂસરા હાથ લગા તો વહાં (જહર) નહીં ચડતે. યહાં આત્મા અસંખ્ય પ્રદેશી જ્ઞાનાનંદ હૈ, જો ખળભળાટ હુઆ હૈ શરીરમેં વહાં ઉસકી દૃષ્ટિ વહાં લગા દી હૈ. લગા દી દૃષ્ટિ કિ યે મેરેકો હુઆ. ઐસા પરમેં અપના અસ્તિત્વ લગાકર એકત્વબુદ્ધિકા ઉસકો દુઃખ હૈ. દુઃખકી વ્યાખ્યા? જિસમેં આનંદ હૈ, ઉસસે ઉલટી દશા કરે વહ દુઃખ હૈ. શરીરમેં દુઃખ હૈ? ક્યા શરીરમેં આનંદ હૈ? શરીરમેં આનંદ હૈ તો વહાં દુઃખ હો? ક્યા કહા?

દુઃખ કહાં હોતા હૈ? કિસમેં હોતા હૈ? જિસમેં આનંદ હૈ ઉસમેં આનંદકી ઉલટી દશાસે દુઃખ હોતા હૈ. સમજમેં આયા? બરાબર હૈ? શરીરમેં આનંદ હૈ? આનંદકી ઉલટી અવસ્થા હૈ કિ ઉસમેં દુઃખ હોતા હૈ? આ તો માટી હૈ. ભગવાન આત્મા આનંદમૂર્તિ, સિદ્ધ કરતે હૈ કિ અતીન્દ્રિય આનંદકા અમૃતકુંડ પ્રભુ, અપના મહાન અસ્તિત્વકા સ્વીકાર ન કરકે, રાગાદિ પરકા સ્વીકાર કરના ઐસી બુદ્ધિકા ભ્રાંતિપના ઔર રાગ-દ્વેષ વહી દુઃખ હૈ. વહ તો આનંદકી ઉલટી અવસ્થામેં દુઃખ હૈ. ત્રિકાલ સ્વભાવમેં આનંદ હૈ ઔર ઉલટી દશામેં દુઃખ હૈ. ક્યા શરીરકી ઉલટી દશામેં દુઃખ હૈ? આહા..હા..! સમજમેં આયા? પોપટભાઈ! **'દેહકે સુખ-દુઃખ જીવમેં નહીં હૈ.'** એય..! જેચંદભાઈ! ક્યાં ગયા તમારા મોહનભાઈ? ઘણા વખતથી બહાર ભટકે છે. કહો, સમજાણું કાંઈ?

હવે ૧૮૨. **'આગે દુઃખ ઉત્પન્ન કરનેવાલા શત્રુરૂપ યહ દેહ હૈ,...'** દેખો ભાષા! તુમ ચૈતન્ય હો, વહ વિરૂદ્ધ જડ હૈ ઉસ અપેક્ષાસે બાત હૈ. તુમ ચૈતન્ય ભગવાન હો આ જડ-માટી હૈ. યહ તેરા શત્રુ હૈ ચૈતન્યસે વિરૂદ્ધ તે જડ અને જડ ઉસ અપેક્ષાસે શત્રુ હૈ. ખરેખર શત્રુ તો ઉસકો અપના માનના વહી ભાવશત્રુ હૈ. સમજમેં આયા? પણ જિસમેં લક્ષ લેકર ભાવ હોતા હૈ તો ઉસકો શત્રુકા આરોપ દે દિયા હૈ. **'ઉસકો તૂ મિત્ર મત સમજ,...'** આહા..હા..! ચોવીસ કલાક ઉસકી સંભાલ. અને સંભાલકી કલ્પનાસે, એક સમય ભી કલ્પના પ્રમાણસે શરીરકી પર્યાય બિલકુલ હોતી નહીં. બરાબર હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં થઈ રહી નથી. ચોવીસ કલાક કલ્પના. એ કલ્પના સ્વભાવ માટે નિરર્થક અને એ કલ્પના શરીરની અવસ્થા બનનેમેં નિરર્થક. ક્યોંકિ વહ શરીરકી અવસ્થા તો અપને પરમાણુકી પર્યાય યહ તો કર્મસે કહના હો તો કર્મ તો વહ ભી નિમિત્ત હૈ, પણ વહ પરમાણુકી પર્યાય વહી સમયકા પરમાણુકા સ્વકાલ હૈ. સ્વકાલ પરમાણુકા હૈ. અપની પર્યાયકે સ્વકાલસે પરિણમન કરતે હૈ. પરકે કાલસે હૈ નહીં. આહા..હા..! એક સ્વચતુષ્ટયમેં આત્મા હૈ અને પરચતુષ્ટયસે નહીં. કોઈપણ દ્રવ્ય સ્વચતુષ્ટયમેં હૈ ઔર પરસે નહીં. ઈતના સપ્તભંગીકા એક બોલ નક્કી કર લે તો સારા ભેદજ્ઞાન હો જાયે. પ્રત્યેક આત્મા ઔર પ્રત્યેક પરમાણુ, ભગવાન અપને હો કે ભગવાન સિદ્ધ હો, એક પરમાણુ હો કિ બહુત સ્કંધમેં પડા પરમાણુ હો, સબ અપનાને સ્વચતુષ્ટયમેં બિરાજમાન અનાદિ ઈસકી શોભા સ્વચતુષ્ટયમેં રહના હી શોભા હૈ. વહ પરચતુષ્ટયમેં કભી તીન કાલ, તીન લોકમેં જાતે નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુંદરો લોએ... એકત્વ નિશ્ચયગત... બંધ કથા. અરે ભગવાન! એકીલામેં સુખ હૈ ત્યાં બેકીલા કહાં કિયા તુને? મૈં વિકારસે બંધા હૂં ઔર કર્મસે બંધા હૂં. વહ વિષમવાદી કથા હૈ. એકડે એક અને બગડે બે. જુઓ, એક આયા થા ન યહાં? એક સ્વરૂપ ભગવાન આત્મા ઐસી દૃષ્ટિ કરના વહી સુખરૂપ હૈ. બગડે બે. રાગ અને શરીરવાલા મૈં હૂં.. બગડે બે કહતે હૈ ન હમારે, આ તો ગુજરાતી ભાષા. ભાષા હી હમારી ઐસી આતી હૈ. એકડે એક અને બગડે બે. બે એ બગડે. બે હોય તો બગડે. એટલે દોકી દૃષ્ટિ કરે પરકી તો બિગાડ હો જાતા હૈ. હમારી ગુજરાતી હૈ ઐસી. તમારે ક્યા કહતે હૈ? બે બેકી ભાષા. દોકે દો ઐસા? અહીં તો એકડે એક અને બગડે બે અને ત્રગડે ત્રણ. એમ. ત્રગડે ત્રણ એટલે ત્રણ એટલે જાણે છોકરું એક થાય અને એક છોડી થઈ તો ત્રણ થયા. હવે રખડ ચાર ગતિમાં. રળવા માટે ઐસા ને ફૈસા. ત્રગડે સમજ્યાને? ઓલી એની સ્ત્રી કહે, આ છોકરું થયું હવે, છોકરાના

બાપ થયા, હવે નહિ પાલવે મોળાપણું. દુકાન કરવી પડશે, ફલાણું (કરવું પડશે). ક્યાં ગયા મલૂકચંદભાઈ? ઓલા બળદને મારેને ઓલી? શું કહેવાય? ઉપમા આપી હતી. કીધું આ બળદ જેવા ઈશારા સમજે નહિ અને બળદને ઘોકોં મારે એવા તમે બધા છો. સમજાણું કાંઈ? ઈશારે સમજવું જોઈએને. ઓલી ઘોડી એવી હોય તેજ, હાથમાં લગામ લે, અડે નહીં એને, આમ જ્યાં કરે, આમ કરે ત્યાં તેજમાં ચાલે ઘોડી અને બળદ જેવા હોય એને આ લાકડી હોયને. ઉપમા આપી ઓલા .. સમજમેં આયા? આહા..હા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા અપના નિજસ્વરૂપ એકાકારકી દૃષ્ટિમેં હી તૂ હૈ. દો મૈં હૂં. રાગવાલા, શરીરવાલા, ફલાનાવાલા તો દો બગડ્યા, મિથ્યાદૃષ્ટિ હો ગયા. સમજમેં આયા? ઔર ઉસમેંસે રાગ અને દ્વેષ પ્રસવ હોકર દુઃખ હૈ. એમ સંસારમેં એકલા હો. દો હુઆ તો એ બિગાડ હુઆ, એમાં ત્રગડા હુઆ. છોકરો કે છોડી. ત્રગડા. ત્રગડે સમજે? ત્રગડે એટલે બહાર નિકાલે. બાહર જાઓ, વેપાર કરો, દુકાન કરો. હવે એકલા નથી રહ્યા. આ છોકરાના બાપ થયા છો. એની ઓલી વહુ કહે એને. એના મા-બાપ તો કહે. એય..! પોપટભાઈ! આ તો સાંભળેલું છે. આપણે ક્યાં છે અંદર? લોકો આમ-આમ કહે જાવ રળો. એય..! ન્યાલભાઈ! અને ચાર થાય એટલે ચોકડી ચાર ગતિની તમારે. જાવ રખડ્યા કરો. બધાનો નભાવ કરો.

ભગવાન કહે છે, ચાર ભાવ અજ્ઞાન આદિ પ્રગટ કરકે ચાર ગતિ પરાધીનમેં રખડતે હૈ. વહ પંચાસ્તિમેં લિયા હૈ ન? ... નહીં ગાથામેં? બીજી ગાથામેં. ચાર ગતિ પરાધીન દુઃખરૂપ હૈ અને મોક્ષ એક સ્વતંત્ર સુખરૂપ હૈ. નિવારણ માટે અમારો ઉપદેશ છે. ચાર ગતિની પરાધીનતાના નિવારણ માટે અમારો ઉપદેશ છે. સ્વતંત્ર. અભી કહતે હૈ ન કોઈ સિદ્ધ. સિદ્ધ કદાચિત્ સ્વતંત્ર અને પરતંત્ર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહી આયા દેખો. દૂસરી ગાથામેં હૈ ન? વહી આયા દેખો. '**પુનશ્ચ ઉસકી (-સમયકી) સફલતા ઈસલિયે હૈ કિ...**' સફળપના, એ સમયકા સફલપના '**ઈસલિયે હૈ કિ જિસસે વહ સમય (૧) નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ તથા દેવત્વસ્વરૂપ ચાર ગતિયોંકા નિવારણ કરને કે કારણ...**' ઔર શુદ્ધાત્મતત્ત્વકી ઉપલબ્ધિરૂપ નિર્વાણનું પરંપરા કારણ હોવાને લીધે. પરંપરા કારણ છેને? શાસ્ત્ર હૈ ન શાસ્ત્ર? '**પરતંત્રતાનિવૃત્તિ જિસકા લક્ષણ...**' પરતંત્રતા નિવૃત્તિ જિસકા લક્ષણ. પરતંત્ર ચાર ગતિ '**ઔર સ્વતંત્રપ્રાપ્તિ જિસકા લક્ષણ હૈ ઐસે ફલ સહિત હૈ.**' આગમ ઐસે ફલસે સહિત હૈ. આહા..હા..! આ અનેકાંત કિયા. ઓલા તો કહતે હૈ, સિદ્ધ કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. સુના હૈ કિ નહીં? વહ તો સબ વાંચતે હૈ કિ નહીં? ઓલા કહે, લગાઓ નહિતર અનેકાંત નહીં રહતા. અરે ભગવાન!

ઐસા અનેકાંત કહાંસે નિકાલા? યહાં તો પરમાત્મા ત્રિલોકનાથકા ફરમાન સંતો કરતે હૈ. ભગવાનકી વાણી આગમમેં સફલતા વહ હૈ કિ, આગમ યથાર્થ સ્વતંત્રતાકો બતાતે હૈ ઔર પરતંત્રકા નાશ કરનેકી વાણી ઉસમેં હૈ. લૌકિક સ્વતંત્ર-પરતંત્ર કહતે હૈ, સ્વતંત્ર હુઆ. ધૂલમેં હુઆ નહીં. આયેગા ન ૧૫મી ઓગસ્ટ આયેગી આ ત્રીજીએ રવિવારે. સ્વતંત્ર હુઆ. ધૂલમેં ભી સ્વતંત્ર નહીં હુઆ. ભગવાન તો આ કહતે હૈ દેખો દૂસરી ગાથામેં. સમજમેં આયા?

**समणमुहुग्गदमट्ठं चदुगदिणिवारणं सणिव्वाणं।**
**एसो पणमिय सिरसा समयमिणं सुणह वोच्छामि।।२।।**

કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે, ભગવાનકા સમય નામ સિદ્ધાંત શાસ્ત્ર ચાર ગતિકી પરતંત્રતાકા નિવારણ કરાનેવાલા હૈ. સ્વર્ગકી ગતિકા ભી નિવારણ કરનેવાલા હૈ. સ્વર્ગકી ગતિકા દેનેવાલા નહીં હૈ. આગમમેં વીતરાગભાવ ભરા હૈ એમ કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા? વહ આતા હૈ ન અર્થસમય, જ્ઞાનસમય, શબ્દસમય તીનોં. વહ શબ્દસમય ભી વીતરાગતા હોના હૈ, જ્ઞાનસમયમેં ભી વહ વીતરાગ વસ્તુકા જ્ઞાન હૈ ઔર અર્થ સમય પદાર્થકા જ્ઞાન યથાર્થ પદાર્થ વીતરાગભાવસે હોના ચાહિયે. સબમેં વીતરાગ. ઉસમેં બહુત લિયા હૈ આગે. છેને ભાઈ સમ.

**'સમ અર્થાત્ મધ્યસ્થ યાની જો રાગદ્વેષસે વિકૃત નહીં હુઆ; વાદ.'** દેખો, શબ્દમાં શું ત્રીજી ગાથામેં લિયા? પંચા નામ સમવાદ. **'જિસમેં (રાગદ્વેષસે વિકૃત નહીં હુઆ) પાઠ વહ શબ્દસમય હૈ,...'** દેખો, શબ્દબ્રહ્મમેં વીતરાગતા બતાના હૈ. ભગવાનકી વાણીમેં ચાર અનુયોગ હો, પણ ઉસકો સમવાદ કહતે હૈ અથવા આગમ કહતે હૈ કિ જિસમેં એકીલા વીતરાગભાવ બતાના હો. સમ અર્થ સમવાય. હૈ ન? **'समवाओ पंचण्हं समउ त्ति जिणुत्तमेहिं पण्णंत्तं। चो चेव हवदि लोओ तत्तो अमिओ...'** ઉસમેં બહુત લિયા હૈ. સમજમેં આયા?

**'જ્ઞાનસમયકી પ્રસિદ્ધિકે હેતુ શબ્દસમયકે સંબંધસે અર્થસમયકા કથન (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) કરના ચાહતે હૈં.'** ઈરાદા-ઈરાદા. ટીકા હૈ હોં સબ ટીકા હૈ. ટીકા હૈ જુઓ. સમજમેં આયા? **'જ્ઞાનસમયકી પ્રસિદ્ધિ...'** વહ જ્ઞાન ભી વીતરાગી જ્ઞાન **'હેતુ શબ્દસમયકે સંબંધસે...'** શબ્દસમય ભી વીતરાગતા બતાતા હૈ. વહ સંબંધસે. અર્થસમય કહે. ભગવાન આત્મા અર્થસમય પદાર્થ કૈસા હૈ યહ બતાનેકા ભગવાન કુંદકુંદાચાર્યકા અભિપ્રાય હૈ. સમજમેં આયા? તીનોં એક પ્રકાર—શબ્દસમય, જ્ઞાનસમય અને અર્થસમય. સબમેં વીતરાગતા... વીતરાગતા... પરસે ઉપેક્ષા, સ્વસે અપેક્ષા. સમજમેં આયા? ઐસા સ્વતંત્ર યહાં કહા. સ્વતંત્ર પ્રાપ્તિ જિસકા લક્ષણ ઐસા ફલસે સહિત હૈ. ચાર ગતિનું નિવારણ, પરતંત્રતાની નિવૃત્તિ અને નિર્વાણની ઉત્પત્તિ અર્થાત્ સ્વતંત્રતાની પ્રાપ્તિ તે સમયનું ફલ છે. તો સિદ્ધમેં હજી પરતંત્રતા

હૈ? ધર્માસ્તિ નહીં હૈ તો નહીં ચલ સકતે ઈતની પરતંત્રતા નહીં? રાજેન્દ્રજી! જુઓ, ભગવાન તો ઐસા કહતે હૈં કુંદકુંદાચાર્ય દૂસરી ગાથામેં. ભગવાનકી વાણીમેં પૂર્ણ સ્વતંત્રતાકી સફલતા બતાના વહ અધિકાર આગમકા હૈ. તો સ્વતંત્ર નિશ્ચિત હુઆ, પૂર્ણ સ્વતંત્ર, પરતંત્ર બિલકુલ નહીં ઉસકા નામ અનેકાંત હૈ. કથંચિત્ સ્વતંત્ર અને કથંચિત્ પરતંત્ર ઐસા અનેકાંતકા (સ્વરૂપ) તીન કાલમેં હોતા નહીં.

યહાં કહતે હૈ.. કૈસે? 'હે જીવ,...' તૂ મિત્ર મત સમજ. દેહકો મિત્ર ન સમજ. એ તો સામે ભિન્ન ચીજ જડ પડી હૈ. અહીં તો ભગવાન ભિન્ન પડા હૈ. અંદર ભિન્ન પડા ચૈતન્ય પુરુષ. એ ચૈતન્ય પુરુષ મહાત્મા પોતે જુદો પડ્યો છે. મહાત્મા એટલે મહા સ્વરૂપ. ઐસા કહતે હૈ. દેખો, ૧૮૨.

**३१३) इहु तणु जीवड तुज्झ रिउ दुक्खइँ जेण जणेइ।**
**सो परु जाणहि मित्तु तुहुँ जो तणु एहु हणेइ।।१८२।।**

**'હે જીવ, યહ શરીર તેરા શત્રુ હૈ, ક્યોંકિ દુઃખોંકો ઉત્પન્ન કરતા હૈ,...'** ઉસકે લક્ષસે તો વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ, દુઃખ હી ઉત્પન્ન હોતા હૈ. વહ કહના હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- તપ થાય છેને.

ઉત્તર :- ધૂળમાંય તપ થાતો નથી. શરીરથી તપ થાય છે એમ કહે છેને. સારું શરીર મળ્યું હોય તો તપ થાય. માલ નિકાલના શરીરમેંસે, શરીરમેંસે કસ નિકાલના. શરીરમેં કસ પડા હૈ? પુદ્‌ગલ રસ પડા હૈ. આ તો શરીરમેં સે કસ નિકાલના. કસ નિકાલના એમ કહતે હૈ સંપ્રદાયમેં હોં! શરીર બડા હો તો થોડા થોડા અપવાસ કરકે ઉસમેંસે કસ નિકાલ લેના. કસ સમજે? માલ. આમાં માલ પડા હૈ? આહા..હા..! તેરે શત્રુમેં માલ પડા હૈ તેરા? એમ કહતે હૈં. માલ તો તેરેમેં હૈ.

**'ક્યોંકિ દુઃખોંકો ઉત્પન્ન કરતા હૈ,...'** આહા..હા..! અરે! કહતે હૈ. આમ શરીર ઉપર તેરી નજર જાયને આશ્રય, વહાં રાગ હી ઉત્પન્ન હોતા હૈ. ત્યાં તને દુઃખ ઉત્પન્ન થાય ભગવાન! અને તું કહે કે આહા..હા..! હમારા શરીર... અમારું શરીર... અમારું શરીર. એમાં કાંઈક સુંદર શરીર અને આમ નાક ગરૂડ જેવું અને કાન શું કહેવાય? કુંડળ જેવા, દાંત વળી... સમજ્યાને? દાડમના દાણા જેવા. અનાર-અનાર. દાડમ બસ. ધૂળમાંય હૈ નહીં પ્રભુ! એ શરીર ઉપર તો લક્ષ કરનેસે તેરે રાગ, રાગ ને રાગ વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. ઉસકે લક્ષસે તુઝે શાંતિ ઉત્પન્ન હોતી હૈ? સારું શરીર હોય તો? પોપટભાઈ! અહીં તો સારુંને શત્રુ જ કહે છે. આહા..હા..! શરીર આદ્યં ખલુ... શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. આતા હૈ. આતા હૈ, શરીર આદ્યં ખલું

ધર્મ સાધનં. શરીર શબ્દ પડા હૈ હોં પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં. પુરુષાર્થસિદ્ધિ ઉપાય હૈ ન? પહલા શબ્દ પડા હૈ ઉસમેં લિખા હૈ. ખબર હૈ. વહ તો નિમિત્તસે કથન હૈ, ભગવાન! ઉસકા અભાવ કર ઔર નિમિત્તકા લક્ષ છોડ દે. ઉસકી પર્યાય ઉસકે કારણસે હોતી હૈ, તેરી પર્યાય તેરે લક્ષસે હોતી હૈ, તેરે લક્ષસે. પરલક્ષસે હોતી નહીં. પરલક્ષસે હોતી હૈ વહ તો દુઃખરૂપકા વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ.

મુમુક્ષુ :- ખલુ તો કહતે હૈ ન.

ઉત્તર :- ખલુ તો નિશ્ચયસે કહતે હૈ. એમાં શું? ખલુ—નિશ્ચયસે દુઃખકા હી કારણ હૈ. ઉસમેં ક્યા હૈ?

**'જો ઈસ શરીરકા ઘાત કરે,...'** આહા..હા..! દેખો, **'ઉસકો તુમ પરમમિત્ર જાનો.'** આહા..હા..! શ્રીમદ્દે ન કહ્યું અપૂર્વ અવસરમાં? શેઠી! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં...' આહા..હા..! મરી ગયા પછી મડદાકો ઉઠાકર સ્મશાનમેં લે જાતે હૈ. મૈં હી ચલ કરકે સ્મશાનમેં ચલા (જાતા હૂં).

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ, સિંહ સંયોગ જો.
અડોલ આસન અને મનમાં નહિ ક્ષોભતા.
પરમ મિત્રનો...' સિંહ આવ્યો સિંહ. વાઘ આયા
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

આહા..હા..! પરમમિત્ર હોય અને જેમ આમ દેખાય. અરે ભાઈ! ક્યારે આવ્યા? ઓહો..હો..! હમણા જ આવ્યો છું. એમ આત્મા મુઝે દેહ નહીં રખના હૈ. દેહ તો પર જડ હૈ. તો જો જડ મુઝે રખના નહીં ઔર સિંહ લેનેકો આયા હૈ. આહા..હા..! જુઓ, ધર્મી ભાવના કૈસી કરતે હૈં! 'પરમ મિત્રનો...' યહાં કહા ન? દેખો, **'તુમ પરમમિત્ર જાનો.'** સમજમેં આયા? પરમ મિત્રનો યોગ, જાણે આ તે પરમમિત્ર આવ્યો. લે ભાઈ લઈ જા. બાપુ! અમે તો આત્મા છીએ. વહ કોઈ લે સકે નહીં. તુમ લે જાઓ. હમારે પરમમિત્રકા યોગ બના. આ તે વીતરાગતાની ભાવના! સમજમેં આયા? એકલા અડોલ આસન નહીં, પણ મનમેં નહીં ક્ષોભ. વિકલ્પ નહીં, ક્ષોભ નહીં. પરમમિત્રનો... જાણે આમ સિંહ ત્રાડ મારતો આવે, કેસરી સિંહ. આમ મોઢું... આહા..હા..! વૃત્તિ ઉઠાવી લે ... મેરા વીતરાગ ચિદાનંદ કંદમેં તો કોઈ ઉપસર્ગ હૈ નહીં. સમજમેં આયા? ઐસી શરીરકી સ્થિતિ સમભાવમેં હમારે હો ઐસી ભાવના ધર્મી જીવ પહલેસે કરતે હૈ. ન્યાલભાઈ! આવે છે કે નહિ એમાં? આહા..હા..! હજી તો ગૃહસ્થાશ્રમમેં હૈ. ધંધા કરતે થે લાખોં રૂપિયાકા મોતીકા. સમજમેં આયા? કુટુંબ-પરિવાર થા. નહીં રે નહીં. મેરી દૃષ્ટિમેં મેરા

આત્મા આયા હૈ ઉસકે લિયે તો વીતરાગતાકી લક્ષ્મી હમારે ચાહિયે. પ્રતિકૂલતા ઐસા સ્થાન મિલે તો હમ ઉસકો પરમમિત્ર જાને. આ તે કાંઈ વાત! આચાર્ય કહતે હૈં દેખો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, યે ભાવના ઐસી હોતી હૈ. વીતરાગતાકી ભાવના હૈ કિ રાગકી ભાવના હૈ? સમ્યગ્દૃષ્ટિકો રાગકી ભાવના હૈ કિ વીતરાગતાકી ભાવના હૈ? સમજમેં આયા?

કહા થા ન એક ફેરી નહીં? .. ભાઈ .. થયો હતોને મોટો? રાજસે વિરુદ્ધ. જો રાજાને નિયમ કિયા હૈ ઉસકો ધર્મી જીવને તોડના નહીં. વહ આતા હૈ ન ત્રીજા અધિકાર? ..માં. ત્રીજા વર્ષમાં અતિચાર આતે હૈ તો ઉસકા પ્રશ્ન બહુત ઉઠા ૮૩કી સાલમેં. સંવત્ ૧૯૮૩. તમારે લડાઈ ચલતી થી ન રાજ વિરોધની? બહુ કરતે... કરતે... એક વળી ઐસા વ્યક્તિ બોલા કિ ક્યા કરના? વિરોધ કરના. ભૈયા! ભગવાન ના પાડતે હૈ હોં. ઐસા અતિચાર લગાનેકો ના પાડતે હૈ. તુમકો કરના-કરના, ક્યા હૈ? સમજમેં આયા? ક્યા ઉસમેં તુમ્હારી ભાવના હૈ? પીછે ઉસકો દૃષ્ટાંત દિયા થા. કલ કહા થા ન? દૃષ્ટાંત દિયા થા. એક પચાસ ઘરકા ગાંવ હો ઔર ડાકુ આ જાયે ડાકુ. ઔર ચોરા હોયને ચોરા. મકાન હોયને ચોક હોય ને ચોક? ઉસમેં ખાટલા નાખ દે ફરતે, બૈઠ જાયે ઔર ચારે કોર લૂટનેકો (આદમી) રખે તો ક્યા વિરોધ નહીં કરના? તો ઉસકે સામને વિરોધ નહીં કરના? ઐસા પ્રશ્ન આયા? વહ હમ ..કા અર્થ કરતે થે કિ રાજવિરુદ્ધ નહીં કરના, વહ પુણ્યવંત પ્રાણી હૈ. રાજા ઉપર આયા અધિક વહ પુણ્યવંત હૈ. માટે ધર્મીને પુણ્યવંતકો પુણ્ય તરીકે તત્ત્વ દેખના, ઉસકા વિરોધ કરના નહીં. કોઈ ગુણી હૈ તો રાજા માનના ઐસા હૈ નહીં. તો ઉસને લગાયા કિ વિરોધ નહીં કરના?

ઐસે પચાસ ઘરકા ગાંવ હો ઔર ડાકુ આયે. સબકો લૂંટે. ક્યા ભાવના કરતે હો? કીધું. ક્યા ભાવના કરતે હો ઐસી તુમ? તુમ્હારે તો હજી જન્મ લેના હૈ ઔર જન્મકી ભાવના હૈ ભવકી. ઔર પચાસ છોટા ગાંવમેં જન્મના ઔર ઉસમેં ડાકુ આવે, તુમ્હારે વિરોધ કરના. કષાય કરના, ક્યા કરતે હો તુમ ઐસી બાત? સમજમેં આયા? કહાં તુમ્હારી દૃષ્ટિ પડી હૈ? કહાં? કહાં? હજી તો કહાં ભવ મિલે, પ્રતિકૂલતા આવે, ડાકુ આવે, મુઝે ક્રોધ હો, સામા પડના. આ કહાં તુઝે ભાવના કરની હૈ? બાબુલાલજી! આહા..હા..! કલ કહા થા ન કલ? .. બાત કહી થી. ન હોય, એ ભગવાન ના પાડતે હૈં. ભગવાન કહે, તુમ ધર્મી અપની દૃષ્ટિ અપનેમેં પડી હૈ. રાજા આયા, પુણ્યવંત હૈ. બસ, આજ્ઞા માન લો. છૂટ જાઓ. છૂટ જા. તુઝે ક્યા કામ હૈ? છતાં કોઈવાર અતિચાર લગ જાયે વો દૂસરી બાત હૈ. લગ જાયે વહ દૂસરી બાત હૈ ઔર વહ કરનેલાયક હૈ (ઐસા માને) ઉસકી તો ભાવના વિકાર કરનેકી હો ગયી. સ્વભાવમેં એકાકાર હોનેકી ભાવના રહી નહીં. બાત તો શાસ્ત્રમેં કોઈપણ બાત ચલી

હૈ ઉસમેં વીતરાગતાકા હી વર્ણન હૈ. સમજમેં આયા? રાગ કરના ઔર રાગકો લંબાના. રાગ લંબાના યહાં સુધી લાભ કરના. યહાં ભવ સુધી કરના. ક્યા હૈ તુઝે? સમજમેં આયા? મિથ્યાદૃષ્ટિપણે બિના ઐસી રાગકી ભાવના અગલે ભવ તક કરના, ઐસા વિરોધી મિલે, હમારે ક્રોધ કરના. તો સમતા કરના દૃષ્ટિ સ્વભાવ ઉપર રખના તો કાલ તેરે આયા નહીં ઔર આતા હી નહીં તેરે. ક્યા કરતે હો તુમ? મણિભાઈ! અમારે તો બહુત ચલી થી બાત. ઐસા વિરૂદ્ધ પડે. સુનો તો સહી, ભગવાન! ઐસા ન ચલે. માર્ગ વીતરાગકા હૈ. પહલેસે સમતા કરો... સમતા કરો... ન રહે સમતા તોપણ સમતા કરનેલાયક હૈ (ઐસા) માનો. આ જાયે દૂસરી બાત હૈ, હો જાયે દૂસરી બાત હૈ, પણ કરનેલાયક હૈ, હમારે કરના પડે. ન કરે તો હમ ક્યા નમાલા હૈ? સમજમેં આયા? ...લાલજી! આ ક્યા કહતે હૈ? ઓહો..! શરીરકો ઘાત કરે તો મિત્ર જાનો. એમ આવ્યુંને ભાઈ! પ્રાણ ઘાત કરનેકો આયા દુશ્મન. સમતા કર પ્રભુ! ઔર તેરેસે ન રહ સકે, મેરી સહનશીલતા નહીં હૈ તો મેરે ઐસા હુઆ, પણ વહ કરના પડે ઉસકા વિરોધ કરના હી હૈ ઐસી ભાવના ધર્મી જીવકી હોતી નહીં. સમજમેં આયા? ક્યા? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવના નહીં કરની. વહ આતે હૈ. શબ્દ આ જાતે હૈ. ઉસકી યોગ્યતા. વિરોધ કરતે નહીં સમકિતી. રાજ ઉપર ચડ આયા તો જાતે હૈ કિ નહીં? લડાઈ કરનેકો જાતે હૈ. પણ સમજતે હૈ કિ યહ પાપ હૈ, દોષ હૈ. મેરી ભૂમિકામેં ઈતની સહનશીલતા નહીં હૈ તો રાજ પ્રતિકૂલ આયા તો લડાઈ કરને જાતે હૈ. પચ્ચીસ વર્ષકા રાજકુમાર ક્ષાયિક સમકિતી હો ઔર હજારોં હાથી લેકર, બાણ હાથમેં લેકર હાથી ઉપર બૈઠકર ફડાક-ફડાક ઉડાતે હો. પણ જાનતે હૈ કિ યહ રાગ ભી કરને લાયક હૈ ઐસા હૈ નહીં. મેરી ભૂમિકામેં કમજોરી હૈ ઉસ કારણસે આયા હૈ. ઈસકી ભાવના કરનેલાયક નહીં. સમજમેં આયા?

તો કહતે હૈ કિ '**તુમ પરમમિત્ર જાનો.**' વળી પરમ એટલે? પરમ એમ કહ્યું. પરમમિત્ર હૈ ન? પરમ? પરમમિત્ર જાનો લો. વિકલ્પ તો ન કરો કિ યહ દુશ્મન હૈ. મિત્ર હૈ. મિત્ર છે એ તો વળી વિકલ્પ આયા. પણ એ તેરા જ્ઞાનમેં વિરુદ્ધતા આ સકે નહીં. વીતરાગ સમરસ... સમરસ... સમરસ... સમરસમાં પરિણમન કરકે શરીર જિસકો જોઈતા હો, લે જાઓ, ભૈયા! મેરે ઘરમેં સર્પ થા. મૈં નિકાલ દેના ચાહતા થા. એમાં આયા ગારૂડી. ગારૂડી આયા. કિ સર્પ હૈ તુમ્હારે? હાં ભૈયા આ રહા. લે જાઓ. લે જાઓ. ગારૂડી કહતે હૈં ન? સર્પકો રમાનેવાલા. સર્પ પડા થા. બહુત ... આતે હૈ. ભાઈ! હમારેસે નહીં નિકલતા હૈ. આ ભીંતકે બીચમેં પોલાણ હૈ ઉસમેં રહતા હૈ. ભીંત હોતી હૈ ન ભીંત? દિવાલ-દિવાલ. દિવાલકે બીચમેં રહતા હૈ. વો યહાં ભી હૈ ન ભાઈ યહાં નહીં? એક હતોને છોકરો. દસ, બાર, પંદર વર્ષ હુઆ. દિવાલમેં

પોલાણ થા, ગાર નહીં, પત્થર નહીં થા. તો ઉસમેં સર્પ રહતા થા. તો બાર વર્ષકા બચ્ચા બૈઠા થા દુકાન ઉપર. જેઠ સુદ ચોથથી લગભગ. ઘણા વર્ષ હુઆ. .. પગ બાહર કરકે બૈઠા થા. ઉસ વક્ત સર્પ નિકલા ભીંતમેંસે. ભીંત સમજે? ક્યા કહા? દિવાલ પોલી થી તો ઉસમેં રહતા થા. નિકલા, કાટ દિયા. ઐસા-ઐસા હલાતે થે. બચ્ચા થા તો આમ-આમ પૈર કરતા થા. ઓલા નિકલા. એ જાણે કે મને કાંઈક કરશે એટલે કરડી ગયો. કરડી ગયો ઓલો છોકરો બોલ્યો. એના પિતાજી નહોતા. મોઢ હતા મોઢ. પિતાજી નહોતા. મૈં નહીં બચુંગા. એમ બોલ્યો. એકદમ બોલ્યો હોં, હું નહિ બચું હવે. હું મરી જઈશ. હવે એમાં ગારૂડી આવ્યા ગામમાં ગારૂડી હતા બીજા. ગારૂડીને બોલાવ્યા. ગારૂડી શું કરે? રસ્તામાં શિહોર ગયા ત્યાં દેહ છૂટી ગયો. અહીં શિહોર ગયાને, પાંચ માઈલ હૈ. ત્યાં ગયા તો રસ્તામાં દેહ છૂટી ગયો. છોકરો રાડ નાખી ગયો, હું નહિ બચું. પછી પાછળથી ગારૂડી આવ્યા. પણ મરી ગયા પછી ક્યા કરે? સર્પને પકડ્યો. વો અંદરમેં સર્પ થા ન, ઉસકો પકડા લે ગયા. પણ મરી ગયા પીછે ક્યા હુઆ હવે? પોપટભાઈ!

એમ ભગવાન આત્મા રાગસે એકત્વ હોકર શરીર છૂટ જાયે વહ તો મર ગયા હૈ. અબ પીછે લગાઓ મંત્ર. ક્યા લગાવે હવે? યહાં તો શરીરકી સ્થિતિ વહ દુશ્મન હૈ. મેરા ચૈતન્યકા લક્ષ છોડકર મેરા પરમેં લક્ષ જાતા હૈ (ઉસમેં) આસ્રવભાવ હી ઉત્પન્ન હોતા હૈ. અજીવ નિમિત્ત આસ્રવકા હી અધિકરણ હૈ. આસ્રવકા હી અધિકરણ હૈ. સમજમેં આયા?

'**ભાવાર્થ :- યહ શરીર તેરા શત્રુ હોનેસે દુઃખ ઉત્પન્ન કરતા હૈ,...**' દુઃખ તો ઉત્પન્ન સ્વયં કરતા હૈ, પણ વહ લક્ષ કરતા હૈ ન ઉસ અપેક્ષાસે કહા હૈ. '**ઈસસે તૂ અનુરાગ મત કર ઔર જો તેરે શરીરકી સેવા કરતા હૈ, ઉસસે ભી રાગ મત કર,...**' શરીરકી સેવા કરનેમેં જિતના રાગ હૈ ઈતના પ્રતિકૂલતામેં ઉસકો દ્વેષ આયે બિના રહતા નહીં. ચંદન ચોપડે ઐસે ઔર જિતના રાગ ઉત્પન્ન હો, ઉતના ઉસે ગોખરૂસે, તલવારસે કાપે ઉતના દ્વેષ ઉત્પન્ન હોગા. સમજમેં આયા? શરીરકી સેવા કરના .. રાગ મત કર. ક્યોંકિ રાગ કરેગા તો શરીરકી પ્રતિકૂલતા દેનેવાલા પ્રતિ તેરી દુશ્મનતા દ્વેષ આયા બિના રહતા હી નહીં.

'**તથા જો તેરે શરીરકા ઘાત કર દેવે, ઉસકો શત્રુ મત જાન.**' આહા..હા..! કિતની વીતરાગતા હૈ! '**જબ કોઈ તેરે શરીરકા વિનાશ કરે, તબ વીતરાગ ચિદાનંદ જ્ઞાનસ્વભાવ પરમાત્મતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન...**' વીતરાગ ચિદાનંદ જ્ઞાનાનંદ જ્ઞાનસ્વભાવ પરમાત્મ અપના તત્ત્વ ઉસકી એકાગ્રતાસે જો ઉત્પન્ન '**પરમ સમરસીભાવ,...**' સમતા... સમતા... સમતા... વહ તો સ્વરૂપ હી ઉસકા હૈ. સમતાકી ભાવના ન કરે ઔર રાગકી ભાવના કરે. રાગ કરના પડે... કરના પડે... કરના પડે... દૃષ્ટિ મિથ્યાત્વ હો જાતી હૈ. સમજમેં આયા? આહા..હા..!

પરમ સમરસીભાવ '**ઉસમેં લીન હોકર શરીરકે ઘાતક પર દ્વેષ મત કર.**' આહા..હા..!

'**જૈસે મહા ધર્મસ્વરૂપ યુધિષ્ઠિર પાંડવ...**' દેખો, અપને યહાં હૈ ન? પાંડવ હૈ ન? યહાં શેત્રુંજય ચૌદ માઈલ હૈ. વહાંસે (મોક્ષમેં) ગયે. ધ્યાનમેં આહા..હા..! રાજકુમાર. કિતની સગવડતાસે પાલાપલા હુઆ હૈ શરીર. દુર્યોધનકા ભાણેજ આકર લોહાકા ધગધગતા (દાગીના પહનાયા). વીતરાગભાવમેં સમરસી... જગતકો મરણકી બીક હૈ, મેરે મન આનંદકી લહેર હૈ. સમજમેં આયા? ઐસા ભાવ પ્રગટ કિયે બિના મુક્તિ તીન કાલમેં હોગી નહીં. એકીલા સમ્યગ્દર્શન-જ્ઞાનસે ભી મુક્તિ નહીં હોતી. સમજમેં આયા? વો બતાતે હૈં યહાં તો આખિરકી ગાથા હૈ ન. કૈસી શાંતિ! કૈસી શાંતિ! ઓહો..હો..! અરે..! યે મારા દુશ્મન થા ન પહલે? તો દુશ્મનાઈ કરેને. અરે..! દુશ્મન કોઈ મુઝે હૈ નહીં. અનિષ્ટબુદ્ધિ વહ તેરા દુશ્મન, સ્વભાવ તેરા સજ્જન અને તેરા મિત્ર. દૂસરા કોઈ (મિત્ર) બાહરમેં હૈ નહીં.

દેખો, '**ધર્મસ્વરૂપ યુધિષ્ઠિર પાંડવ આદિ પાંચોં ભાઈયોં ને દુર્યોધનાદિ પર દ્વેષ નહીં કિયા.**' આ શેત્રુંજય. વહાં સે ઉપર ગયે હૈં. ધ્યાનમેં. આહા..હા..! અને મુક્તિ પધારે હૈ ન? વહાં સે જબ મોક્ષ પધારે વહીં ઉપર બિરાજમાન હૈ. સમજમેં આયા? ચાહે જિતના વર્ષ (હુઆ) હો, પણ જહાંસે મુક્તિ પધારે વહાં સમશ્રેણીએ હૈ, સમશ્રેણીએ હૈ. વહાં બિરાજતે હૈ. ખરેખર તીર્થકા સ્થાન તો વહ હૈ કિ વહાં જાકર સ્મૃતિમેં પરમાત્મા યહાંસે મુક્તિ પધારે. પરમાત્મા વહાં ઉપર બિરાજતે હૈં. સમજમેં આયા? ઉસકી પૂર્ણતા, પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ વ્યક્તતા કેવલજ્ઞાનકી, વહ સ્મૃતિમેં લાનેમેં યહ વિચારકા સ્થાન હૈ. લાનેમેં આવે તો, કરે તો, નહીતર તો વહ સ્થાન ક્યા કરે? આહા..હા..! યુધિષ્ઠિર શાંત... શાંત... શાંત... વળી બે ભાઈને જરી વિચાર થોડા આ ગયા. બડે ભાઈકો ક્યા હોગા? વહ વિકલ્પ આયા તો પુણ્ય બંધ ગયા તો સર્વાર્થસિદ્ધમેં ગયે. ઈતના ભી રાગ-પ્રશસ્ત રાગ આયા, ભવ હો ગયા દો. એક સર્વાર્થસિદ્ધ અને દૂસરા મનુષ્ય. ચલે ગયે સમતાવાલે. તો ઐસી સમતા કરના ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિકો સદાય રહતી હૈ. કર સકે નહીં દૂસરી બાત હૈ, પણ ભાવના તો ઐસી હોની ચાહિયે. વિષમભાવ કરના ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિકો હોતી નહીં. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧, શુક્રવાર, તા. ૧૩-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૮૩-૧૮૪, પ્રવચન-૧૯૫**

પરમાત્મપ્રકાશ, દૂસરા અધ્યાય. ૧૮૩વીં ગાથા. '**આગે પૂર્વોપાર્જિત પાપકે ઉદયસે દુઃખ અવસ્થા આ જાવે ઉસમેં અપના ધીરપના આદિ સ્વભાવ ન છોડે,...**' ક્યોંકિ આત્મા પરમાનંદ સ્વરૂપ સહજાનંદ મૂર્તિ (હૈ). યહ ટીકામેં હૈ. '**सहजानन्दैकसुखरसास्वादद्रवीभूतेन**' ભગવાન આત્મા સહજ આનંદસ્વરૂપ અને એક સુખરસાસ્વાદ. જિસકા આનંદ એકરૂપ રસ પડા હૈ આત્મામેં ઉસકે અંતરમેં એકાકાર હોકર. લ્યો, ધન્નાલાલજી! બાત તો ઐસી હૈ. ક્યા કરના હવે ભાઈ? ભગવાન આત્મા આનંદમૂર્તિમેં એકાગ્ર હોના વહી કરનેલાયક વસ્તુ હૈ.

તો કહતે હૈં કિ કોઈ '**પાપકે ઉદયસે દુઃખ અવસ્થા આ જાવે...**' સહજાનંદ પ્રભુ મૈં પૂર્ણ આનંદ હૂં, પરમસ્વભાવભાવ મેરા ત્રિકાલ (હૈ).. વહ દ્રવ્યસ્વભાવ કહો કિ ઉસકો ભાવસે ગુણસ્વભાવ કહો, ગુણસ્વભાવ અનંત હૈ, દ્રવ્ય એક હૈ. ઉસકે લિયે ઉસમેં લિયા સહજાનંદ એકરૂપ સ્વાદ. સ્વભાવિક આનંદ ઐસા ગુણ તો અનંત હૈ. પણ વહ ગુણકા રૂપ દ્રવ્ય જો હૈ વો એકરૂપ હૈ. ઉસમેં અંતર એકાગ્ર હોના, દૃષ્ટિ લગાના, સ્થિર હોના, વહી આત્માકા આનંદ ઉત્પન્ન કરનેકા ઉપાય હૈ અને બહારકી સહનશીલતા પ્રગટ કરનેકા ઉપાય હૈ. બહુ આકરું પડે માણસને. એટલે કહે, બીજો કોઈ ઉપાય છે? નેમિદાસભાઈ!

કહતે હૈ. જુઓ, '**ઐસા અભિપ્રાય મનમેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—**'

**૩૧૪) उदयहँ आणिवि कम्मु मइँ जं भुंजेवउ होइ।**
**तं सह आविउ खविउ मइँ सो पर लाहु जि कोइ॥१८३॥**

આહા..હા..! ઓહો..! '**મૈં કર્મકો ઉદયમેં લાકર ભોગને ચાહતા થા,...**' મૈં તો આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ઉસમેં એકાકાર હોકર કર્મકા ઉદય ખેંચકર લાકર મૈં ભોગના ચાહતા થા. '**વહ કર્મ આપ હી આ ગયા,...**' દૂસરેકે ઘર, લેણદાર હો ઉસકો દેને જાતે થે વહ આ ગયા ઘરપે. બહુ લાભ હુઆ. સમજમેં આયા? કોઈ પૈસા માગતા હો તો વહાં દેને જાતે થે. એ કરતા વહ ઘરે આ ગયા. લો ભૈયા! મારે ઈતના આંટા મિટા. એમ ભગવાન આત્મા અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ઉસકી દૃષ્ટિ કરકે સ્થિર હોનેકે પ્રયાસમેં પૂર્વકા કર્મ ઉદય લાકર, ઉદીરણા ઉસકા અર્થ, મૈં ક્ષય કરનેકો ચાહતા થા, વહી કર્મ ઉસકે ઉદયકે કાલમેં સહજ મેરે સન્મુખ

આયા. બડા લાભ હુઆ.

મુમુક્ષુ :- કર્મને અનુસરીને વિકાર કરવો પડે એમાં લાભ શું થયો?

ઉત્તર :- કર્મને અનુસારે વિકાર કરના પડે (ઐસા) કહાં આયા ઉસમેં? કર્મ અનુસાર તો... મૈં મેરે સ્વભાવ સન્મુખ હોકર કર્મકા નાશ કરનેકો ચાહતા થા. ઉસમેં ઐસા કહાં આયા કિ કર્મકા ઉદય મુઝે રોકતા થા? સમજમેં આયા? ભગવાન આત્મા સ્વતંત્ર ચૈતન્ય મહાન પ્રભુ, મહાન આત્મા ઉસકી અંતર દૃષ્ટિ અને અનુભવકા સામર્થ્ય ઉસકે અંતરમેં પડા હૈ. અપના હી કર્મ નામ કર્તા આદિ સાધન દ્વારા (અંતર્મુખ હો સકતા હૈ). કર્મ-બર્મ કોઈ નડતે નહીં. વહ આતા નહીં? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આતા હૈ? કિસમેં? ચંદ્રપ્રભુ ભગવાનકી સ્તુતિમેં. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી.' અગ્નિ ઉપર ઘન નહીં પડતે. અગ્નિ લોહેમેં ઘૂસતી હૈ તો ઘન પડતે હૈ. તો 'કર્મ બિચારે કૌન?' વહ તો જડ પદાર્થ હૈ. 'મેરી ભૂલ અધિકાઈ,' મૈં ભૂલ કરતા થા તો ઉસકો નિમિત્ત કહનેમેં આતા થા. કહો, બરાબર હૈ? કિ વહ ભૂલ કરાતે હૈ? તો કહાંસે યહ પુરુષાર્થ આયા? અરે આત્મા! વિચાર કરતા હૈ કિ મૈં તો મેરી ચૈતન્ય ચીજકો સંભાલકર, ભગવાન આત્માકો સંભાલકર મેરી સાવધાની તરફ મૈં કર્મકા ઉદય લાકર મૈં ક્ષય કરનેકો ચાહતા થા. યે કર્મ ઉસકે કારણસે સામને આયા, બહુત લાભ હુઆ. સમજમેં આયા?

'**વહ કર્મ આપ હી આ ગયા, ઈસસે મૈં શાંત ચિત્તસે ફલ સહનકર ક્ષય કરું,...**' મૈં તો જ્ઞાતા-દૃષ્ટા હી હૂં ઐસે અનુભવમેં દૃષ્ટિ લી હૈ વહી મૈં સમતા (રખું તો) કર્મકા ઉદય આયા વહ ખિર જાયેગા. મૈં સમતા રખકર ભોગું. ભોગકા અર્થ શાંતિકો ભોગું હોં! '**યહ કોઈ મહાન હી લાભ હુઆ.**' લ્યો! સમજમેં આયા?

'**ભાવાર્થ :- જો મહામુનિ મુક્તિકે અધિકારી હૈં,...**' ઓહો..હો..! જુઓને, ગજસુકુમાલ આદિ. સ્મશાનમેં, દ્વારિકાકે સ્મશાનમેં ચલકર ગયે. આહા..હા..! અગ્નિ ઉસકે સસરાને ભરી. શાંત... શાંત... શાંત... વો કર્મકા ઉદય સન્મુખ આયા તો મૈં ભી મેરે સ્વભાવ સન્મુખ હોકર શાંતિમેં આનંદકા ભોક્તા રહું. સમજમેં આયા? કિતના પુરુષાર્થ! વો અપનેસે હોતા હૈ કિ કર્મ નાશ હોતા હૈ તો હોતા હૈ? લ્યો! એ લોકો તો એમ કહતે હૈ. જ્ઞાનાવરણીય ક્ષયાત, મોહનીય ક્ષયાત વીતરાગ હો ઐસે કહો. લિખા હૈ. નિમિત્તસે લિખા હૈ. વીતરાગભાવ મૈં પ્રગટ કરું. કર્મકા ઉદય ખિર જાયેગા. મેરે ઉસકે તરફ લક્ષ નહીં ઔર ઉસકી તરફ મેરી ચાહના નહીં કિ વહ ક્ષય હો કિ નાશ હો, વહ તો ઉસકે કારણસે નાશ હો જાયેગા. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં. એ ઉદય મહાબલવાન. બોલો તો ખરા ભૈયા! એ આતે હૈ. સબ દેખા

હૈ. સમયસાર નાટકમેં આયા હૈ. વો તો કહતે હૈ કિ અપના પુરુષાર્થ જબ કમ હોતા હૈ, સ્વભાવમેં તો કર્મ પુરુષાર્થકી બાત હી નહીં, દ્રવ્ય-ગુણમેં પુરુષાર્થ કમ હૈ ઐસી બાત નહીં, પૂર્ણ પુરુષાર્થકા પિંડ પ્રભુ હૈ, પણ પર્યાયમેં મૈં મચક ખા જાતા હૂં તો ઐસે કર્મકે ઉદયમેં જોડાણસે શક્તિ મરોડે જીવકી. મેરી પર્યાયકા ઉસ તરફકા વલણ હો જાતા હૈ. ઐસી બાત હૈ.

મુમુક્ષુ :- .. મરોડને?

ઉત્તર :- અરે! અપની પર્યાય ઉસ બાજુમેં મચક... મચક ક્યા કહતે હૈ? ઝુક ગઈ, ઝુક ગઈ. અપની પર્યાય ઉસ તરફ ઝુક ગયી. કર્મકા અપરાધ બિલકુલ હૈ નહીં. હોતા તો ધોયેલ મૂલા જૈસા. વહ કહા ન? ટોડરમલજીને નહીં કહા? આયા હૈ કિ નહીં નવવે અધ્યાયમેં? કિ તુમ તો સબ કર્મકે ઉપર ડાલતે હો. તુમ તો મહંત રહના ચાહતે હો. બડા અધિકારી ભાઈ તુમ! આયા ન કહીં? કિસમેં આયા વહ? નવમામાં પણ ક્યાં? નવમાં તો આવે જ છેને. ૩૧૨. જુઓ, દેખો. શિષ્યને પ્રશ્ન કિયા કિ હમારા ઉપયોગ (નિર્ણયમેં) નહીં લગતા વહ તો કર્મકા દોષ હૈ ન? તત્ત્વનિર્ણય કરવામાં હમારા ઉપયોગ નહીં લગતા વહ કર્મકા દોષ હૈ, ઐસા પ્રશ્ન કિયા. અરે! તત્ત્વનિર્ણય કરનેમેં ઉપયોગ નહીં લગતા વહ તો તેરા હી દોષ હૈ. સમજમેં આયા?

પુરુષાર્થપૂર્વક જો તત્ત્વનિર્ણય કરનેમેં ઉપયોગકો લગાવે તો સ્વયં મોહકા અભાવ થતાં, સ્વયં મોહકા અભાવ હોકર સમ્યક્ત્વાદિ મોક્ષના ઉપાયનો પ્રસાદ બને છે. તુમ પુરુષાર્થ કરતે નહીં ઔર કર્મ ઉપર ડાલતે હો. તેરી મહાન અનીતિ હૈ. આયેગા અભી આયેગા. 'ઈસલિયે મુખ્યપણે તત્ત્વનિર્ણય કરનેમેં ઉપયોગ લગાના, પુરુષાર્થ કરના.' મૈં તત્ત્વ ક્યા હૂં? જ્ઞાયક હૂં. સર્વજ્ઞ પરમાત્મા સર્વજ્ઞપને સબકો દેખતે હૈં, ઐસા મેરા આત્મા ભી જ્ઞાનસ્વરૂપ હૈ, સબકો દેખનેવાલા, જાનનેવાલા. રાગાદિ પરકા કરનેવાલા મૈં નહીં. ઐસા અંતર્મુખ હોકર નિર્ણય કરનેસે પુરુષાર્થસે તત્ત્વનિર્ણય હોતા હૈ. ઉપદેશ ભી પુરુષાર્થ કરનેકે લિયે દેતે હૈં, 'એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયના પુરુષાર્થની સિદ્ધિ આપોઆપ થશે ઔર તત્ત્વનિર્ણય કરનેમેં કુછ કર્મકા તો દોષ હૈ નહીં.' હમારા ઉપયોગ લગતા નહીં ક્યા કરે? મહારાજ! પણ તેરા હી દોષ હૈ. ઔર તું પોતે મહંત રહેવા ઈચ્છે. તુમ તો મહંત રહના ચાહતે હો. દોષ નાખતે હો કર્મ ઉપર. હમારા ઉદય આયા. ક્યા કરે? હમારે અંદર શક્તિકી મરોડ હો ગયી કર્મકે કારણ. તુમ પોતે મહંત રહના ઈચ્છે અને અપના દોષ કર્માદિમેં લગાવે, પણ જિનાજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે નાહીં. બાબુલાલજી! જિનાજ્ઞા માને. જિનાજ્ઞા ઐસી હૈ. જિનાજ્ઞા કહતી હૈ કિ તેરા સ્વભાવ તેરેમેં પરિપૂર્ણ પડા હૈ. કર્મ નિમિત્તમાત્ર દૂસરી ચીજ હૈ. તુમ ઉસ પર દૃષ્ટિ લગાતે થે તો તેરા અપરાધ હોતા (થા). ઐસે દૃષ્ટિ લગા દે. ઐસી તો જિનકી આજ્ઞા હૈ. 'જિન આજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે

નાહીં. તુઝે વિષય કષાયી રહના હૈ.' વિષય-કષાય સેવના હૈ, મિથ્યાત્વ સેવના હૈ તો કર્મકા દોષ નિકાલ દે. માટે આ વાત જૂઠું બોલે છે. જો મોક્ષની સચ્ચી અભિલાષા હોય (તો) આવી યુક્તિ શા માટે બનાવે? છૂટવાની અભિલાષા હોય તો ઐસી યુક્તિ ક્યોં બનાવે?

ઓહો..! મૈં તો પરમાનંદ શુદ્ધ હૂં. મુઝે કોઈ કર્મ-બર્મ નડતા નહીં. સમજમેં આયા? સંસારના કાર્યોમાં અપના પુરુષાર્થસે સિદ્ધિ થતી ન જાણે તોપણ ત્યાં પુરુષાર્થ વડે ઉદ્યમ કર્યા જ કરે, કર્યા જ કરે છે. અહીંયાં પુરુષાર્થ ગુમાવી બેસે છે. 'તેથી જણાય છે કે તું મોક્ષને દેખાદેખી ઉત્કૃષ્ટ કહે છે...' દેખાદેખી. મોક્ષ-છૂટને કે અભિપ્રાયમેં મોક્ષદષ્ટિ રુચિ તુઝે હૈ નહીં. જો છૂટનેકી રુચિ હો તો કર્મ તુઝે નડતે હૈ ઐસી તેરી ભાવના હોતી નહીં. સમજમેં આયા? 'પુરુષાર્થ ગુમાવી બેસે... પણ તેનું સ્વરૂપ ઓળખી તેને હિતરૂપ જાણતો નથી. હિતરૂપ જાણી જેનો ઉદ્યમ બને તે ન કરે એ અસંભવિત છે.' અપના શુદ્ધ સ્વરૂપ મુક્તિ પૂર્ણાનંદની પ્રાપ્તિ ઐસી જો તેરે છૂટનેકી ભાવના હો તો જરૂરિયાત, જિસકી જરૂરિયાત જાને ઉતના પુરુષાર્થ કિયે બિના રહતે નહીં. જિસકી જરૂરિયાત જાને ઉસકા પુરુષાર્થ હુએ બિના રહે નહીં. તેરી જરૂરિયાત મોક્ષકી નહીં, તુમ બંધકી ભાવના ભાતે હો. હમારે કર્મ નડતે હૈ, હમારે કર્મ નડતે હૈ. કહો, રાજેન્દ્રજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યે મૈં નહીં લિખા. વો લિખા હૈ ખબર હૈ. વહ ઠીક હૈ. નદીકે પૂરમેં વહ તણાતે હૈ. આતા હૈ. ઉસકા અર્થ કિ તેરા જોર નહીં. તુમ નદીકે પૂરમેં ચલે જાતે હૈ. ઐસી બાત એક ઠિકાને કહે અને (દૂસરે) ઠિકાને (દૂસરી) કહે ઐસી બાત હોતી હૈ? અર્થ સમજવો જોઈએને? સમજમેં આયા? 'તેથી સ્વરૂપ ઓળખીને જાણે તો તુઝે પુરુષાર્થ હુએ બિના રહતે નહીં.'

મુમુક્ષુ :- ... થોડા યહ માન લો, થોડા વહ માન લો.

ઉત્તર :- થોડા નહીં, પૂરા-પૂરા. થોડા ક્યોં માને? થોડા માન લે. વહ તો હમારે બહુત પ્રશ્ન ચલતા થા ૭૬કી સાલસે, ૭૬કી સાલસે. એક થા વ્યક્તિ. તુમ ઈતના માનો કિ બહુત પુરુષાર્થ-પુરુષાર્થકી બાત કરતે હૈ (તો) ૫૧ દોકડા પુરુષાર્થકા અને... દોકડા સમજે ન? ટકા. અને ૪૯ ટકા કર્મકા. બહુત ચલતી થી હમારે બાત. ૭૬કી સાલ. ૭૧સે ગડબડી હુઈ હૈ બહુ લોકમેં. યહાં કીધું બિલકુલ નહીં. પુરુષાર્થ અપના હૈ ઉલટા વહ સૂલટા અપને કરના. દૂસરી બાત હૈ નહીં. ત્યારે વહ કહે બહુ ઐસા રખો ૫૧ ટકા પુરુષાર્થકા, ૪૯ ટકા કર્મકા. તો કર્મમેં દો (ટકેકી) તો હીનતા આયી. દો હીનતા તો આયી. કીધું ઐસે નહીં. સોએ સો ટકા પુરુષાર્થકા (પુરુષાર્થમેં) અને સોએ સો ટકા નિમિત્તકા નિમિત્તમેં. ધન્નાલાલજી! આહા..હા..! લોકોને ક્યા હૈ? કર્મ-કર્મ ક્યા કરતે હૈ ઉસકો દ્રવ્યકી શક્તિ, અપની શક્તિ ઈતની હૈ ઐસા યાદ કરનેકા પ્રયત્નકા સમય નહીં. કર્મમેં શક્તિ ઐસી હૈ, વો દુશ્મનમેં ઐસી શક્તિ હૈ તો મૈં મર જાઉંગા

ઐસી યાદગીરી ઉસકી કરતે હૈ. સમજમેં આયા? શુકન પહલેસે લેતે હૈ. કર્મમેં ઐસી શક્તિ હૈ, કર્મમેં ઐસી શક્તિ હૈ. મેરેમેં ઐસી શક્તિ હૈ કિ ક્ષણમાત્રમેં અપને સ્વરૂપકી સાવધાની કરું, કેવલજ્ઞાન લૂં. સમજમેં આયા? ફિર કહતે હૈ, ક્યોં નહીં લેતે હો? અરે! ધન્નાલાલજી! ક્યોં પડા હૈ? કર્મકા કારણ હૈ.

મુમુક્ષુ :- એ તો દેખીતી વાત છે.

ઉત્તર :- બિલકુલ નહીં. દેખીતી ક્યા બાત હૈ? એ તો કેવળી એને લઈને સિદ્ધ નથી થતા? ઈતની કમી હૈ પર્યાયકી.

મુમુક્ષુ :- કરી નાખેને ઝટ?

ઉત્તર :- ઝટ જ હોતા હૈ. સમય સમયમેં-ક્ષણે ક્ષણે ઉદય નાશ હોતા હૈ. કરના ક્યા હૈ?

મુમુક્ષુ :- એટલા બધા વર્ષથી...

ઉત્તર :- હવે એમાં વર્ષ ક્યાં હતા? કરોડ પૂર્વ એટલે ક્યા? વહ તો હોતા હી હૈ. ઉસમેં છૂટા હૈ. આનંદકંદમેં અનુભવમેં હૈ, કેવલજ્ઞાનમેં હૈ. ક્યા કર્મને રોકા હૈ ઉસકો? કેવલીકો ચાર અઘાતિકર્મને રોકા હૈ? બિલકુલ નહીં.

મુમુક્ષુ :- ... નિષ્ફળ ગયા છે.

ઉત્તર :- ઉસમેં હી સફલતા હૈ. નિમિત્તપને રખો તો કર્મશાસ્ત્રકી સફલતા ઔર ઉસમેં પરમેં પરાધીન કર દે તો ઉસકી સફલતા રહતી નહીં. વહ ઘૂસ ગયા પરમેં. પરમેં ગયા તો અપની પૃથક્તા રહતી નહીં. કહો, દેવીલાલજી!

અહીં તો કહતે હૈ કિ અહો..! મુઝે તો લાભ હુઆ. આહા..હા..!

'**ભાવાર્થ :- જો મહામુનિ મુક્તિકે અધિકારી હૈં, ઉદયમેં વે નહીં આયે હુએ કર્મોંકો પરમ આત્મ-જ્ઞાનકી ભાવનાકે...**' આ શબ્દ લીધા બધા. '**सहजानन्दैकसुखरसास्वादद्रवीभूतेन**' સમજાણું? બહુ થોડું લખ્યું છે. પરમ આત્મ જ્ઞાન. મહા ભગવાન. અરે..! એને રુચિ (થતી નથી). 'રુચિ અનુયાયી વીર્ય.' જિસ તરફકી રુચિ ઉસ તરફકા વીર્યકી સ્ફૂરણા હોતી હૈ. જો કર્મકી રુચિ હો તો કર્મકી રુચિ ઉલટી હોતી હૈ. સ્વભાવકી રુચિ તો સ્વભાવ તરફ વીર્ય સ્ફૂરણા હોતી હૈ. સમજમેં આયા? સમકિતી આદિ શ્રાવક, સમજ્યાને? આજ્ઞા સર્વજ્ઞકી માનતે હૈ. એ ભાઈએ કહ્યું છેને આ? દેવચંદજીએ કહ્યું છે. ભગવાન! આપકી આજ્ઞા વહ હૈ. સ્વતંત્ર આપને જો દેખા (ઐસા) ભાવ ઉસસે હોતા હૈ ઐસા જિસકો જચ ગયા ઉસકા સ્વભાવ સન્મુખ પુરુષાર્થ હોતા હૈ અને વહી સમકિતી આદિ આપકી આજ્ઞા માનતે હૈ. દૂસરા કોઈ આપકી આજ્ઞા માનતે નહીં. દૂસરા માનતે હૈ, ઉસ અપેક્ષાસે માનતા હૈ કિ જૈસા પરિણામ વૈસા વહ

પરિણમતા હૈ ઈતના. સમજમેં આયા?

વહ અભી આયા થા ન? ક્યાં ગયું? વહ બતાયા થા ન એક ફેરી. અભી તુમ્હારે... વહ શીતલનાથકી સ્તુતિ હૈ. શીતલનાથકા પાંચવા બોલ હૈ અને એ છઠ્ઠા... વહ ગુણકી વ્યાખ્યા ભી ઉસમેં હૈ. ઉસને ઉસમેં વ્યાખ્યા કિયા હૈ. ... ... ... અલ્પ-બહુત કઈ રીતે છે. એ આવે છે એમાં. બહુત આતે હૈ. જીવદ્રવ્ય ઉસસે અજીવદ્રવ્ય અનંતા, ઉસસે સર્વ દ્રવ્યકા પ્રદેશ અનંતા, ઉસસે આકાશ પ્રદેશકી અનંતતા અતિ મોટી, ઈસસે બડી ગુણકી અનંતતા ઘણી મોટી, ઉસસે વળી પર્યાય અનંતા. પર્યાય અનંતગુણ, યહ અધિકાર પીછે દેખ લેના. .. અધિકાર હૈ. .. ઉપાંગ હૈ ઉસમેં. ઉસમેં લિયા હૈ કિ ભગવાન! આપ એક સમયમેં ઈતના દેખતે હૈ. એક સમયમેં ઈતના દેખતે હૈ. વહ લેતે હૈ દેખો!

'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ રાજનીતિએ ચાર જે.' ભગવાનની સ્તુતિ કરે છે. 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ રાજનીતિએ ચાર જે, ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની...' દેવીલાલજી! ક્યા? 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી.' કાર એટલે આજ્ઞા. 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી.' કાર એટલે આજ્ઞા. હે નાથ! આપ સર્વજ્ઞ.. ઉસમેં અર્થ ભી ઐસા લિયા હોં. 'શ્રી પ્રભુકી આજ્ઞા સર્વ દ્રવ્ય માને હૈ.' દેખો, 'અર્થાત્ સ્તવના પદે આરોપ માટે કહનેમેં આતા હૈ કિ અન્ય રાજાકી આજ્ઞા કોઈ માને, કોઈ ન માને, પણ હે પ્રભુ! જે રીતે તમો તમારા જ્ઞાનમાં જાણો છો...' જાનતે હો. 'એ રીતે તમારું જ્ઞાન પરિણમે છે.' દેખો, 'તમારા જ્ઞાન જૈસા લોકાલોકકો જાનતા હૈ ઐસા તુમ્હારા જ્ઞાન પરિણમતા હૈ, તે રીતે સર્વ દ્રવ્ય પરિણમે છે.' આહા..હા..!

મુમુક્ષુ :- તો કેવળજ્ઞાનને આધીન થઈ ગયા.

ઉત્તર :- આધીન-ફાધીનકી ક્યા બાત હૈ? ઐસા પરિણમન હૈ, જૈસા કેવલજ્ઞાન જાનતા હૈ ત્રણ કાળ લોકકો. ઉસકા જ્ઞાન પરિણમતા હૈ અપનેમેં. ઉસ રીતસે સર્વ દ્રવ્ય પરિણમતે હૈ. જે રીતે તમે પ્રરૂપણા કરો છો તે જ રીતે... જેવું તમે જાણ્યું છે એ રીતે તમે પ્રરૂપણા કરતે હો. દ્રવ્યની પરિણતિ છે એ માટે તમે કોઈને કહેતા નથી તથા કોઈને ત્રાસ કરતા નથી, ભય પમાડતા (નથી). તોપણ તમારા જ્ઞાનની પરિણતિ લોપી ચાલતા નથી. હે ભગવાન! પૂર્ણાનંદના નાથ સર્વજ્ઞ પ્રભુ આપકો જો સર્વજ્ઞપણે પરિણમન હુઆ, સર્વજ્ઞપણે પરિણમન હુઆ, સ્વ અને પરકે જ્ઞાનકા પરિપૂર્ણ સર્વજ્ઞપણે પરિણમન હુઆ, તુમ્હારા તુમ્હારેમેં પરિણમન હુઆ, વહ જૈસા હૈ ઔર તુમ જૈસે હો. ઐસા એક સમયકા (જ્ઞાનકા પરિણમન) હુઆ ઐસા પરિણમન લોકાલોકમેં હોતા હૈ. દેવીલાલજી!

મુમુક્ષુ :- ડાકુ ડાકા ડાલે તો ભગવાનકે જ્ઞાનકે આધીન...

ઉત્તર :- કિસને કહા આધીન હૈ? કરતે તો વહ પરિણમન અપને કારણસે કરતે હૈ. વહ તો કરતે હૈ અપના પરિણમન, ભગવાન તો જાનતે હૈ. આહા..હા..! અને જિસકો સર્વજ્ઞ પરિણામમેં... ભાષા કૈસી લી હૈ ઉસમેં દેખો, કે હે નાથ! તમે જ્ઞાનમાં જાણો તે રીતે તમારું જ્ઞાન પરિણમે છે એમ ભાષા લીધી છે. શું લીધી છે? જરી એ તો બોલણી એની તો પોતાની છે. ટીકામાં છે થોડું. આત્માનું જ્ઞાન એક સમયમાં જેવું લોકાલોક છે દ્રવ્ય-ગુણ-પર્યાય એ રીતે જ્ઞાન જાણે અને એ જ્ઞાન એ રીતે તમારું પોતામાં પોતાને કારણે પરિણમે છે. સમજમેં આયા?

અરે! યે સર્વજ્ઞસ્વભાવી આત્મા અને સર્વજ્ઞ પ્રગટ પર્યાય પરિણમન ઉસકા નિર્ણય કરના વહ તો એકાવતારી હુઆ, અલ્પભવિ હો ગયા. વળી કોઈ કહે એકાવતારી. ભવ હી નહીં હૈ. સુન તો સહી, ભવ કહાં રહા? રાગાદિ બાકી રહા એ તો જાણે-દેખતે હૈ કિ હૈ બાકી થોડા. સમજમેં આયા? ઔર ઐસે માલૂમ ભી હો જાયે. શ્રીમદ્‌ને કહા નહીં?

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે
જેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.

આમ પર્યાયમાં દેખતા ખ્યાલ ઐસા આતા હૈ કિ એકાદ ભવ કરનેકી લાયકાત દિખતી હૈ. અશેષ કર્મકા ભોગ હૈ, ભોગવવો અવશેષ રે. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' અપના સ્વરૂપકે દેશમાં પૂર્ણ પરિણમન કરેગા, એક દેહ (ધારણકર) પીછે. સમજમેં આયા? અરે! આત્મા અને ઉસકા ભાન હોવે વહ તો પરમાત્માકા પુત્ર હો ગયા. અને ઉસકો પરમાત્માકા પૂરા વારસા મિલે નહીં (ઐસા) ત્રણ કાળમેં બને નહીં. સમજમેં આયા? પણ લોકોને એ સર્વજ્ઞપદ ક્યા અને સર્વજ્ઞને ક્યા દેખા (યહ માલૂમ નહીં).

અહીં તો કહતે હૈ, હે નાથ! આપકા જ્ઞાન, આપકા દ્રવ્ય-ગુણ-પર્યાયકો જાનતે હૈ અને આપકા જ્ઞાન લોકાલોકકો (જાને) ઉસ પ્રમાણે આપકા જ્ઞાન પરિણમા હૈ. તુમ્હારા જ્ઞાન તુમ્હારે જ્ઞાનકે કારણ પરિણમા હૈ. ઔર એ રીતે સર્વ દ્રવ્ય પરિણમે હૈ. અરે.. ભાઈ! આ પ્રતીત અને આ અનુભવ કરના યહ કોઈ સાધારણ બાત નહીં હૈ. એ કોઈ વાત કરનેમેં આતી હૈ ઐસી બાત નહીં હૈ. ભગવાન આત્મા આમ જિસકે પર્યાયમેં ઓહો..! પ્રભુ! આપકા જ્ઞાન જિસ રૂપ પરિણમા હૈ ઉસ રૂપે લોકાલોક પરિણમતે હૈ. ફેરફાર કિંચિત્ નહીં. એથી પરાધીન હૈ ઐસી બાત નહીં હૈ. સમજમેં આયા? કુછ કરતા નહીં હૈ કેવલજ્ઞાની ઉસકા. અરસપરસ નિમિત્ત હૈ. કેવલજ્ઞાન લોકાલોક જ્ઞેયમેં નિમિત્ત હૈ અને લોકાલોક જ્ઞેય જ્ઞાનમેં નિમિત્ત હૈ. અરસપરસ નિમિત્ત હૈ. એકીલા જ્ઞેય નિમિત્ત હૈ ઐસા નહીં, જ્ઞાન ભી ઉસકો નિમિત્ત હૈ. પણ નિમિત્ત કરતા નહીં. અરે..! પણ ઐસી બાત... જિસકા આત્મા એકલા ચૈતન્ય પિંડ પ્રભુ એ સર્વજ્ઞનો સાગર ભગવાન. આહા..હા..!

આત્મા એટલે ક્યા? સર્વજ્ઞસ્વભાવી ભગવાન સર્વજ્ઞસ્વભાવી સાગર. ચૈતન્ય અંદરમેં એકલા ડોલતા હૈ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસે. ઐસી જિસકી અંદર પ્રતીત સર્વજ્ઞકી પર્યાયમેં પ્રતીત કરતા હૈ તો અપને દ્રવ્યસ્વભાવકી પ્રતીત હોતી હૈ. ઉસકા નામ ભગવાન કહતે હૈ કિ સમ્યગ્દર્શન અને સમ્યક્ અનુભવ કહનેમેં આયા. આહા..હા..! યે અપને પુરુષાર્થસે હોતા હૈ. કોઈ કર્મ માર્ગ આપે અને ઐસા ને ઐસા હૈ નહીં. રતિભાઈ! આહા..હા..! જુઓ, આ શ્વેતાંબર પણ આમ કહે છે, લ્યો! જિસકી વ્યવહારપ્રધાન દૃષ્ટિ હૈ વહ ઐસા કહતે હૈ. તો યે તો સનાતન સત્ય હૈ. સમજમેં આયા? વે તો અભી સર્વજ્ઞમેં એક સમયમેં દર્શન ઉપયોગ, દૂસરે સમયમેં જ્ઞાનોપયોગ ઐસા ખંડ-ખંડ કરતે હૈ. સમજમેં આયા? ૩૨ સૂત્રમેં ઐસા પાઠ હૈ. પહલે કેવલીકો ભી એક સમયમેં દર્શન અને એક સમયમેં જ્ઞાન. અરે! તો તો આધે કાળમેં દર્શન અને આધે કાળમેં દર્શન અને આધે કાળમેં જ્ઞાન.

અહીં તો ભગવાન સંતોએ દિગંબર મુનિઓએ પરંપરાની જે શૈલી (છે એ પ્રમાણે) સર્વજ્ઞ અને સર્વદર્શી એક સમયમેં હુઆ. કર્તા એક હૈ, સમય એક હૈ, ગુણ દો હૈ. ક્યા કહા? કર્તા એક હૈ, કાલ એક હૈ, ગુણ બે હૈ. માટે કર્તા જીવકો એક સમયમેં બે ઉપયોગ હોતા હૈ. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ.

મુમુક્ષુ :- એક લબ્ધરૂપ અને ઉપયોગરૂપ.

ઉત્તર :- નહીં-નહીં, લબ્ધરૂપ નહીં. તમારે આવે છે ત્યાં લબ્ધરૂપ અને ઉપયોગરૂપ. સમજમેં આયા?

એક સમયમેં પૂર્ણાનંદકા અને જ્ઞાન-દર્શનકા વેપાર હૈ તો આધા કેવલજ્ઞાન અને આધા દર્શન? પંડિતજી! પંડિતજી કહતે થે ન એક ફેરી? એક ફેરી કહતે થે. આધામેં કેવલજ્ઞાન અને આધામેં દર્શન. ક્યા કહતે હૈ? ક્યા ઉસકી ભાષા પંડિતકી હૈ. અડધા કેવલજ્ઞાન અને અડધા દર્શન. ઐસા હોતા હૈ? અરે ભગવાન! પ્રભુ! વહ તો ખંડ ખંડ હો ગયા નાથ! આહા..હા..! નાથકા અર્થ મળેલી ચીજકી રક્ષા કરના અને નહિ મળેલી મેળવવી. આત્મા સહજાનંદનો નાથ પ્રભુ છે, મળેલી દર્શન-જ્ઞાન શક્તિ આદિકી પરિણતિકી રક્ષા કરતે હૈ, નહીં મિલા ચારિત્ર, શુક્લધ્યાન, કેવલજ્ઞાનકી પ્રાપ્તિ કરાતે હૈ. ઉસકો આત્મનાથ કહનેમેં આતા હૈ. આહા..હા..! સમજમેં આયા? પોપટભાઈ! આહા..હા..!

જુઓ, તમારા જ્ઞાનની પરિણતિ લોપી ચાલતા નથી. આજ્ઞા લોપતા નથી. તેવી સહજાણા... એ લોપતા નથી એટલું. હવે એવી 'સહજાણા સમ્યગ્દૃષ્ટિ દેશવિરતી સર્વવિરતીને ઈષ્ટ છે. માટે નિઃપ્રયાસ... છે.' ભગવાન! તમારી આજ્ઞા નિઃપ્રયાસ (અર્થાત્) દૂસરેકો કોઈ પ્રયાસ કરાના પડે કિ તુમ પ્રયાસ કરાવો એમ નહીં હૈ. આપકી આજ્ઞા સર્વજ્ઞ જૈસા હૈ ઐસા સ્વીકાર કિયા

વહ ચોથે, પાંચમે, છઠ્ઠે આજ્ઞાકા સ્વીકાર હૈ. સાતવે તો ધ્યાનમેં હૈ. સમજમેં આયા?

આવે છેને શ્રીમદ્‌માં? શ્રીમદ્‌માં નથી આવતું? 'સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો.' આવે છે ઈ. અપૂર્વ અવસરમાં આવે છે નહિ?

સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,
સંયમના હેતુથી યોગ પ્રવર્તના, સંયમના હેતુથી યોગ પ્રવર્તના.
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં.
અંતે થાશું નિજસ્વરૂપમાં લીન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

એ પ્રાર્થના એ સમયની છે. એક સમયમાં કેવળજ્ઞાન પૂર્ણ થાય. સમજમેં આયા? એ સમયની પ્રાર્થના. અપૂર્ણ રહનેકી નહીં, રાગકી નહીં અને નિમિત્તકી નહીં. આહા..હા..!

અરે! ભાઈ! સમ્યગ્દર્શનકા લક્ષણ ક્યા? એ તો પૂર્ણાનંદ નાથને ઝીલ્યો શ્રદ્ધામાં. પૂર્ણાનંદ કે નાથકો શ્રદ્ધામાં લિયા હૈ, સમજમેં આયા? વહાં કમી ક્યા હૈ? સમજમેં આયા? ત્યારે કહે, એકદમ કેમ લઈ લેતા નથી? અરે..! સુન તો સહી પ્રભુ! શાંત થા. વહ સહજ પુરુષાર્થકી ગતિ સ્વભાવ સન્મુખ હોતે હોતે અશુદ્ધતા ટલ જાયેગી, કેવલજ્ઞાન આ જાયેગા. એમાં ત્રિકાલ સંદેહ હૈ નહીં. ઐસા સમ્યગ્દષ્ટિકો આત્માકે ભાનમેં નિઃશંક હો જાતા હૈ. ઐસે કબ હોગા? ઔર મેરા કિતના ભવ હોગા? કહાં જાઉંગા? ઐસી શંકા-કંકા હોતી નહીં. 'જ્યાં શંકા ત્યાં ગણ રે સંતાપ, જ્યાં શંકા ત્યાં ગણ રે સંતાપ, જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ.' જ્યાં સમ્યગ્જ્ઞાન છે ત્યાં શંકા છે નહીં અને શંકા હૈ વહાં સમ્યગ્જ્ઞાન હૈ નહીં. સમજમેં આયા?

શ્રીમદ્દે તો કેટલી વાર તો એટલા માર્મિક શબ્દો કહ્યા છે, ન્યાલભાઈ! પણ ઉકેલ ખબર ન મળે ને ઉકેલ. એકદમ મારફાડ કરીને અંદરથી ભાન જ્યારે થયું, પોકાર કરીને કહે છે. સિંહ ગર્જતો જેમ નીકળે, એ વનના બધા જાનવરો પૂંછડા લઈને ભાગે. ત્રાડ મારતો જ્યાં નીકળે એટલે ઓલા .. ભગાડવા પડે નહિ. હાય... હાય... હાય... ભાગે. એમ ભગવાન આત્મા સિંહગર્જના-ચૈતન્યસિંહની ગર્જના (થઈ કે) મૈં શુદ્ધ ચૈતન્ય આત્મા પૂર્ણાનંદસે ભરા (હૂં). કર્મ તો પૂંછડા લઈને ભાગે, જા હાલ-હાલ અમારી પાસે ક્યાં ઉભા રહે છે? સમજમેં આયા? માટે કર્મકા દોષ નિકાલના નહીં. તેરા દોષ હૈ, તેરે સ્વભાવકે આશ્રયસે (મિટ) જાતા હૈ.

મુમુક્ષુ :- દો બાત આયી ન?

ઉત્તર :- ક્યા દો બાત.

મુમુક્ષુ :- પુરુષાર્થ સહજ પ્રગટેગા ...

ઉત્તર :- એ સહજકા અર્થ ક્યા? રાગકા આલંબન બિના ઉસકા નામ સહજ. ઠીક હૈ પ્રશ્ન ઐસા હોતા હૈ કિ નહીં? ક્યોં ભૈયા! રાગકા અવલંબન બિના સહજ નામ સ્વભાવકે સાથ જન્મ. રાગકા સાથ નહીં, વિકલ્પકે સાથ નહીં, મનકે સાથ નહીં. સમજમેં આયા? સહ નામ ભગવાન આત્મા, ઉસકે સહ જ—સ્વભાવકે સાથમેં ઉત્પન્ન હોતા સહજપણે પુરુષાર્થસે ઉસકા નામ સહજ પુરુષાર્થ હૈ. આહા..હા..! શબ્દે-શબ્દે વાંધા ઉઠાવેને. એક માણસ... નથી આવતું? 'માણસે માણસે ફેર.' એક ત્રાંબાના તેર. એક લાખે ન મળે અને એક ત્રાંબાના તેર. 'આણંદ કહે પરમાનંદા, માણસે-માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે કે મારી આજ્ઞા અને જગતની આજ્ઞાથી ક્ષણે-ક્ષણે ફેર. ક્ષણે-ક્ષણે ફેર. ક્યાંય મિલાન (નહીં), હમારી આજ્ઞા અને ભગવાનની આજ્ઞા અને જગતકી આજ્ઞામેં ક્યાંય મિલાન હૈ નહીં. કહો, રતિભાઈ! આહા..હા..! ક્યા કહતે હૈ?

**'પરમ આત્મ-જ્ઞાનકી ભાવનાકે...'** આહા..હા..! ભાવના કરનેકો કહતે હૈ. તો એમ કહતે નહીં કિ ભૈયા! નહીં કર સકે હોં. (કર્મ) તેરે નડેગા, કર્મ નડેગા. કર્મ.. ભગવાન! વો બાત હી યાદ (મત કર). દુશ્મનકો યાદ કરતે હો ઔર સજ્જનકો યાદ નહીં કરતે? સજ્જન-સત્‌જન અપના અનંત ગુણોંકા સત્ નામ જન સમુદાય પડા હૈ. એક-એક ગુણમેં અનંતવીર્ય. એક-એક ગુણમેં અનંત વીર્ય, એક-એક ગુણમેં અનંત સ્વચ્છતા, એક-એક ગુણમેં અનંત પ્રભુતા. સમજમેં આયા? ભગવાન આત્મા ઉસમેં સંખ્યાસે અનંત ગુણ હૈ. આમાં આવ્યું હતુંને ભાઈ? અનંતા ગુણ આવ્યું હો એનામાં આવે છે. ...માં આવે છે. દરેકથી અનંતગુણા, ઓલા પ્રદેશથી પણ અનંતગુણા ગુણ એમાં આવ્યું છે. આવ્યું છે. ઉપાંગ છેને. અગિયાર અંગ, બાર ઉપાંગ, એમાં ... એમાં અલ્પ-બહુ અધિકાર છે. પણ એ બધું સરખું નહિ. સરખું ન મળે. પછી ...માં એવો છેલ્લો એક અધિકાર છે છેલ્લે. કિ જ્યારે ભગવાન સમુદ્‌ઘાત કરતે હૈ ન સમુદ્‌ઘાત? ત્યારે પાંચ પાટલા દેવા જાય. અરે ભગવાન! વહ સમુદ્‌ઘાત હોતા હૈ ન પંડિતજી! છેલ્લા આખિરમેં. કેવલ સમુદ્‌ઘાત. તબ વહ પાંચ પાટલા લિયા હોયને? દેનેકો જાય. કેવલી દેનેકો જાયે.

મુમુક્ષુ :- ભગવાન પાંચ પાટલા લાવતા હશે?

ઉત્તર :- કાંઈ વાતમાં પાછા, વાત ઐસી કરે અને એક બાજુ ઐસી બાત. કેવલજ્ઞાનને પાંચ પાટલા કૈસા અને લાના કૈસા અને દેના કૈસા? સમુદ્‌ઘાતકે કાલમેં. એક સમુદ્‌ઘાત અધ્યાય હૈ ૩૬માં. વહ પલવનામેં ૩૬ અધ્યાય હૈ. સબ હમને દેખા હૈ ન.

મુમુક્ષુ :- પાંચ પાટલા એટલે?

ઉત્તર :- આ પાટ નહીં પાટ? અને પાટલા બેસનેકા નાના. કેવલી હો તો લાના પડે કિ નહીં? પગ રખના અને બેસના. હવે સમુદ્‌ઘાત જબ હુઆ, તો હમ મોક્ષ જાતે હૈં તો

તુમ્હારા સામાન લે લો. ઐસા પાઠ હૈ ...મેં ૩૬વાં, સમુદ્દ્ઘાત અધિકારકા છેલ્લા આખિરકા અધિકાર હૈ. અરે! ભગવાન! મુનિકો હૈ નહીં ઐસા. મુનિ કિસકા લાવે અને કિસકા છોડે? ત્યાં ને ત્યાં બેસે. કહીંસે લે આવે પાટલા ઐસા હૈ? આહા..હા..!

અરે! સર્વજ્ઞપદકા અર્થ ક્યા? આહા..હા..! સાક્ષાત્ પરમાત્મા સિદ્ધ હો ગયા વહાં લાના ક્યા? મૂકના ક્યા? દેના ક્યા? વળી આજ્ઞા કિસકી? બોલો ભાઈ આ તમારે... જેમ ઓલા ગામ જાયને દૂસરા એક માણસ? ભાઈ, આ તમારા માલ થા, સંભાળી લેજો. આ તો લૌકિક જેવી વાત હુઈ. સમજમેં આયા? એને પાછા સમુદ્દ્ઘાત પીછે. વળી કેવલ સમુદ્દ્ઘાત હોતી હૈ ન? પીછે. પીછે વખત ક્યાં રહતે હૈ? શુક્લધ્યાનમેં સ્થિર હૈ, આનંદમેં સ્થિર હૈ. વહ તો હો જાતા હૈ સહજ સમુદ્દ્ઘાત. ન્યાલભાઈ! આ એવું છે એમાં. એ અમારે શેઠ છે ત્યાં. વડાળના શેઠ છેને. કહો, સમજમેં આયા?

મુમુક્ષુ :- ભુરાભાઈના કાકા થાય.

ઉત્તર :- ભુરાભાઈ બહુ માન રાખતા હતા.

**'પરમ આત્મ-જ્ઞાનકી ભાવનાકે બલસે...'** દેખો, ભગવાન આત્મા આહા..હા..! યે શબ્દ નહીં, શબ્દ નહીં, પણ શબ્દ પાછળ ક્યા વાચ્ય હૈ? શબ્દ તો વાચક હૈ. ભગવાન આત્મા... જેમ વહ વીણા વાગતી હૈ ન વીણા? નથી આવતી? વહ શાસ્ત્રમેં આતા હૈ. કોઈ દેતે દેતે હૈ ન વીણા કોઈ દેતે હૈ. આમાં આપી હતીને આમાં, વિષ્ણુકુમારને કહ્યું. વહ અસુરકુમારકો પ્રસન્ન હોકર આપી હતી વહ દેવકો. એક જણે આપી હતી ... એવી વાત આવે છે ક્યાંક. બરાબર યાદ નહીં હૈ. વીણા. પુરાણમેં આતા હૈ. વીણા ઈતની ઉંચી. યે આત્માકી વીણા વાગતી હૈ અંદર. વહ વીણા ઐસી હોતી હૈ કિ લોકો એકબાર થંભી જાય સુનકર ઉસકા ગાયન. સમજમેં આયા?

યહાં આપણે પદ્મનંદી પંચવિંશતિમેં ઐસા આયા ન? સ્તુતિ કરતે-કરતે. આચાર્ય સ્તુતિ કરતે થે ભગવાનકી. હે નાથ! યે ચંદ્રમેં હરણ હૈ? યે ચંદ્રમેં હરણ હૈ પ્રભુ દેખો! કિ ક્યા હૈ હરણ? કિ ત્યાં વહ દેવ વીણા વગાડતે હૈ, આપકી સ્તુતિ કરતે હૈ સર્વજ્ઞકી. વહ સુનનેકો સ્વર્ગકા દેવ તો ઈકટ્ઠા હુઆ હૈ. પ્રભુ! હમ તો કહતે હૈ કિ હરણ ઉઠકર વહાં ગયા સુનનેકો. પદ્મનંદી પંચવિંશતિમેં ઋષભદેવ ભગવાનકી સ્તુતિ કી હૈ ઉસમેં હૈ. સારા આપણે વ્યાખ્યાન હો ગયા હૈ સબ એક-એકકા. સમજમેં આયા? હમ તો જહાં-તહાં ભગવાનકા ગુણ હી દેખતે હૈ, એમ કહતે હૈં. હમ તો જ્યાં-ત્યાં સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... હમારી નજરમેં તો વહી આતા હૈ. સમજમેં આયા? 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું, મારું જીવન સફળ તવ લેખું. મુક્તાનંદનું નાથ વિહારી, એ ઓધા જીવનદોરી હમારી.' અમે તો નાથ! જ્યાં હોય ત્યાં સર્વજ્ઞ...

સર્વજ્ઞ... સર્વજ્ઞ... ભાળીએ છીએ અને આપના ગુણગ્રામ જ હમ તો દેખતે હૈ. હરણ ક્યોં ગયા હૈ વહાં? પોતે અલંકાર કિયા હૈ ન? આહા..હા..! બાબુલાલજી! પદ્મનંદી આચાર્ય. મહામુનિ સંત હોં મહા દિગંબર સંત. આભના થાંભલા, ધર્મના ધોરી. એક વિકલ્પ જરી આતા હૈ તો શાસ્ત્ર બન ગયા.

નાથ! વહાં ચંદ્રમા (પર) વીણા બજાતે હૈં જ્યોતિ દેવ. આપકા ગુણ ગાતે હૈ સર્વજ્ઞકા. તો ત્યાં દેવ તો એકઠા હુઆ હૈ, હરણકો પ્રેમ હૈ વાણી સુનનેકા. એ આપકા ગુણ સુનનેકો વહાં જાકર... પ્રભુ! આપકા ગુણમેં હમારી સ્થિતિ-લગની લગ ગયી હૈ એમ કહતે હૈ. સમજમેં આયા? આપકા સર્વજ્ઞકા અનંત ગુણકી પર્યાયમેં હમારા ચિત્ત લગ ગયા હૈ, એમ કહતે હૈ. ... આમ લગાતે હૈ બાહર. હરણ વહાં જાકર ગુણ સુનતે હૈ. પ્રભુ! આપકા ગુણકી બલિહારીકા ત્યાં વખાણ હોતા હૈ. વીણા બજાતે હૈં જ્યોતિષ દેવ.

એમ યહાં કહતે હૈ કિ આત્માકે જ્ઞાનકી પર્યાયમેં સર્વજ્ઞકી વીણા બજતી હૈ. સમજમેં આયા? એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતા હૈ ઐસા કેવલજ્ઞાન! આહા..હા..! જિસકા મતિ અને શ્રુતજ્ઞાનમેં વીણા બજતી હૈ. ઝણઝણાટ, ઝણઝણાટ, ઝણઝણાટ. સ્થિર હોતા હૈ આત્મા. ભગવાન! આપ સર્વજ્ઞને જો કહા ઐસા હમારા જ્ઞાનમેં આ ગયા હૈ, એમ માનતે હૈ. હમારા જ્ઞાનમેં આ ગયા. હરણ સુનનેકો વહાં જાતે હૈ તો યહાં હમારી સમીપમેં પડા હૈ હમારા આત્મા, હમ નહીં સુનતે હૈં ઉસકા? સમજાય છે કાંઈ? યે સંતોકા ભક્તિકા અલંકાર હૈ. જૂઠ નહીં હોં. અલંકારમેં મિલાતે હૈ બાત. બહુત સારા પૂરા ઋષભદેવકા અધિકાર હૈ બહુત.

કહતે હૈ, હે નાથ! **'આત્મ-જ્ઞાનકી ભાવનાકે બલસે ઉદયમેં લાકર...'** જુઓ, ભાઈ! એમ લીધું છે. આત્માના જ્ઞાનની, અંતર જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યકે સામર્થ્યકી પ્રતીત હો ગયી હૈ. મૈં પૂર્ણાનંદ મેરા એક-એક જ્ઞાન અનંત પુરુષાર્થસે ભરા, અનંત સ્વચ્છતાસે ભરા, અનંત પ્રભુતાસે ભરા, અનંત વિભુતાસે ભરા, અનંત કર્તા, કર્મ આદિ એક-એક ગુણકી અનંત, એક-એક ગુણમેં અનંત શક્તિ ઐસી અનંત શક્તિકા (એકરૂપ) ભગવાન આત્મા. આહા..હા..! સમજમેં આયા? રાગ રહ ગયા એક બાજુ, દેહ રહ ગયા એક બાજુ, કર્મ રહ ગયા એક બાજુ. ઐસે ભગવાન આત્માકી અનુભવમેં પ્રતીત (હુઈ), સર્વજ્ઞકા ગાના હૈ વહ. સમજમેં આયા?

ઐસે **'ભાવનાકે બલસે ઉદયમેં લાકર ઉસકા ફલ ભોગકર શીઘ્ર નિર્જરા કર દેતે હૈં.'** ખેંચકર. ખેંચકરકા અર્થ વહ તો ઉદીરણા યોગ્ય હો વહી આતે હૈ, પણ ઐસા પુરુષાર્થ કરતે હૈ ન તો ઉસ અપેક્ષાસે કહા. બાકી તો કર્મ ભી ઉસકી પર્યાયમેં જો સમયે ઉદીરણા હોનેયોગ્ય હો વહી હોતા હૈ. ક્રમબદ્ધમેં ઉસમેં ક્રમ હૈ, યહાં ક્રમ હૈ હોં. સૂક્ષ્મ બાત હૈ. સમજમેં આયા? વળી ત્યાંની કર્મની વાતું પાછી એને સરખી સમાડવી. ઉદય ને ઉપશમ.

મુમુક્ષુ :- એનો મેળ પાછો કરવો મેળ?

ઉત્તર :- બધો મેળ છે મેળ. ત્રિકાળ મેલ હૈ. ભગવાનકે જ્ઞાનમેં મેળ-દુમેળ કહીં હૈ નહીં. **'ઉસકા ફલ ભોગકર શીઘ્ર નિર્જરા કર દેતૈ હૈં. ઔર જો વે પૂર્વકર્મ બિના ઉપાયકે સહજ હી બાઈસ પરીષહ તથા ઉપસર્ગકે વશસે ઉદયમેં આયે હોં,...'** લો, પૂર્વકે કર્મ હમારે બિના ઉપાયસે સહજ પ્રતિકૂલ સંયોગ ભજ જાયે તો વિષાદ નહીં કરના, બહુત લાભ સમજના. આહા..હા..! સમજમેં આયા? ગૃહસ્થ લોક હોતા હૈ ન. પૈસા-પૈસા બહુત હોતા હૈ. જિસકા માગતે હૈ લેણા? કોઈ લેણા લેતે હૈ તો ઘરપર દેને જાતે હૈ હોં. સુના હૈ? સમજમેં આયા? ઉસકો તો ખબર ભી ન હો. ભાઈ! થયું હતુંને આપણે ત્યાં જામનગર. આ રણજીતસિંહ. રણજીતસિંહ બહુ કરોડપતિ થઈ ગયા. પછી એના બાપે ક્યાંકથી પૈસા લીધા હતાને. તો કોઈ થોડા બસ્સો-પાંચસો અપને ચોપડામેં નિકલા. ઓલાને ખબર નહીં કે દિયા હૈ કિ નહીં. બહુત વર્ષ હો ગયા અને ખાનદાન માણસ અને બહુત પીઢ માણસ થા ઉસકા પિતા. તો કોઈ માગે નહીં તો સબ ભૂલ ગયા. ઉસને ઘર જાકર (કહા) કિ તુમ્હારા હમારે પાસ ઈતના લેણા હૈ. પાંચસો લેણા હૈ, હજાર લેણા હૈ. ઘર પર દેનેકો ગયે. બાબુલાલજી! આ બના હૈ અભી. ઉસકે ઘરેકો દેનેકો ગયા. આ કહે અમને તો ખબર પણ નહિ. ભાઈ હમારા ચોપડામાં નીકળ્યા છે. તમે તો ખાનદાન માણસ. અને અમે ખાનદાન.. તુમને માગણી કિયા નહીં તો ભૂલ ગયા. પણ હમારી પાસ તુમ્હારા ઈતના લેણા ચોપડામેં નિકલતા હૈ. લે જાઓ. જાધવજીભાઈ!

એમ યહાં કહતે હૈં, હમ જો કર્મ ઉદય લાકર-ખંચકર હમારે સ્વભાવ કે પુરુષાર્થસે તોડના ચાહતે થે, આયા લેને કો યહાં આયા. લે જા ભાઈ! હમ તો તુમ્હારે ઘરે દેનેકો આના ચાહતે થે કિ તુમ્હારા હમારા ઈતના લેણા હૈ, તુમ્હારા હમારી પાસ. તો હમ તો દેનેકો આતે થે. તુમ ઐસા આ ગયે. ભાઈ! હમ પૈસા લેનેકો નહીં આયે. હમ તો મિલનેકો આયે. તો બડા અચ્છા હુઆ. ...લાલજી! હમ તો મિલને આયે હૈ. બડા અચ્છા. મેરે આંટા ગયા. ઐસે કર્મ ઉદયમેં સહજ મિલનેકો આયે. આઓ. ભગવાન! તુમ ભી જ્ઞેય હો. સમજમેં આયા? વહ ભી મહિમાવંત પદાર્થ હૈ. પરમાણુ ભી જડેશ્વર હૈ. સમજમેં આયા? આઓ, હમ તૈયાર હૈ આપકા સ્વાગત કરનેકો. ક્યા સ્વાગત? હમારે સન્મુખ દેખેંગેં, તુમ યહાં રહેગા નહીં. હમ હમારે સન્મુખ રહેંગેં, તુમ યહાં રહેગા નહીં. ઐસા તુમ્હારા સ્વાગત હૈ. સમજમેં આયા?

**'તો વિષાદ ન કરના બહુત લાભ સમજના. મનમેં યહ માનના કિ હમ તો ઉદીરણાસે ઈન કર્મોંકો ઉદયમેં લાકર ક્ષય કરતે,...'** જુઓ, ઉદીરણા આવી. હમ તો અંદર પુરુષાર્થ સહજ કરતે-કરતે કર્મકા નાશ કરના ચાહતે થે વે ઔર સહજ હી ઉદયમેં આયે. બડા હી લાભ હૈ. હમકો તો લાભ હૈ. સમજમેં આયા? પ્રતિકૂલતા બહુત તો ક્ષમા બહુત,

ક્ષમા બહુત હો ગયી. સમજમેં આયા? ઐસા પત્ર ભી હૈ એક શ્રીમદ્‌મેં હોં. બહુત રોગકે કાલમેં ઔર પ્રતિકૂલતાકે સ્થાનમેં ધર્મીકો નિર્જરા બહુત હોતી હૈ. કેમકે સમતામેં આત્મા રખતે હો. ઉસ વખતે કસોટી હૈ. અનુકૂળ વખતે કહે ઠીક, અનુકૂલ શરીર હૈ, નિરોગતા હૈ, હમ બરાબર સહન કરતે હૈ, હમ જ્ઞાતા-દૃષ્ટા રહતે હૈ. પણ પ્રતિકૂલતાને ટાણે આમ આંતરડા ખેંચાય અને ઐસા-ઐસા શૂલ આવે. એ કાળે ભગવાન આત્મા, મૈં તૈયાર હૂં... મૈં તૈયાર હૂં. મૈં જ્ઞાતા-દૃષ્ટા રહકર તુમકો દેખુંગા. દૂસરી બાત હૈ નહીં. સમજમેં આયા? યે આત્માકે પુરુષાર્થકી બલિહારી હૈ.

**'સહજ હી ઉદયમેં આયે, વહ તો બડા હી લાભ હૈ. જૈસે કોઈ બડા વ્યાપારી...'** દેખો, **'અપને ઉપરકા કર્જ લોગોંકો બુલા બુલાકે દેતે હૈ,...'** યે તો બુલાકર નહીં, યે તો ઘર જાકર દેતા હતા હોં. ઘરે દેવા જતા હતા. **'યદિ કોઈ બિના બુલાયે સહજ હી લેને આયા હો, તો બડા હી લાભ હૈ.'** સમજમેં આયા? યે તો બુલા બુલાકર કહતે હૈ. પણ વહ તો યહાં થા ન જામનગર, વહ ઘર જાતે થે દેનેકો. ઓલાનો તો અકસ્માત ઓહો...! મોટા ગૃહસ્થ થા એ વખતે તો. થોડા ફેરફાર હો ગયા. કરોડપતિ. અરે! અમારે ત્યાં? અરે હમારે ત્યાં ક્યા, તુમ પૈસા માગતે હો હમારે પાસ. કહાંસે? હમારે ચોપડામેં નિકલા હૈ ન. ઠીક ભૈયા! આહા..હા..! જાધવજીભાઈ! આહા..હા..!

**'ઉસી તરહ કોઈ મહાનપુરુષ મહાન દુર્ધર તપ કરકે કર્મોંકો ઉદયમેં લાકે...'** તપકા અર્થ? અંતર આનંદકી લહેરમેં અંદરમેં ગુંજાઈશ નહીં કોઈ કર્મકી કિ કોઈ સ્પર્શ કર દે કિ રાગ આયે. ઐસા સ્વરૂપમેં લીન ગૂઢ-ગૂઢ અંદર વસ્તુ શક્તિમેં લીન... લીન... લીન... લીન... વહ લીનમેં કર્મકા ઉદય આયા હો તો બડા હી લાભ હૈ. સમજે? **'મહાન દુર્ધર તપ કરકે કર્મોંકો ઉદયમેં લાકે ક્ષય કરતે હૈં, લેકિન વે કર્મ અપને સ્વયમેવ ઉદયમેં આયે હૈં, તો ઈનકે સમાન દૂસરા ક્યા હૈ, ઐસા સંતોષ ધારણકર જ્ઞાનીજન ઉદય આયે હુએ કર્મોંકો ભોગતે હૈં,...'** વે રોતે નહીં હૈ. એય..! જેચંદભાઈ! ભોગતે અને રોતે બે ભેગું આવ્યુંને. તે-તે આવ્યુંને? ભોગતે અને રોતે. વે રોતે નહીં હૈં. એં...એં.. અરે..! અમને આવ્યું. અરે..! તમને કાંઈ નહિ અને મને કેમ? એમ કહતે હૈ કેટલાક હોં! અરે! તુમ તો પાપ કરતે હો, તુમ્હે તો સબ હૈ અને તમારી ઈતની અનુકૂલતા! ઔર હમ તો ધર્મી હૈ, નીતિસે ચલતે હૈ ઔર ઈતની પ્રતિકૂલતા! એમ બોલે છે ભાઈ! નારણભાઈ .. જરી. બીજાનું શરીર નિરોગી દેખેને. અરે! આ બધા પાપી છે અને આને નિરોગી શરીર અને અમે આ પ્રમાણે નૈતિકતાથી જીવન ગાળીએ છીએ અને અમને શરીરમાં રોગ અને મગજ ફરી જાય. આ શું? ભાઈ! એ તો પૂર્વના પરમાણુ એ વખતે ખિરનેકો ઉસ રીતિસે આયા હૈ. છૂટનેકો ઉસ રીતિસે આયા

હૈ. એટલે એ રીતિકા સ્વીકાર કર લે. મૈં જ્ઞાન હૂં. મેરેમેં ઉસકા સ્પર્શ હૈ નહીં. આહા..હા..! એ શુરવીરોના કામ છે આ માર્ગના. રાંકા-રોદણા રોવે એના કામ નથી. સમજમેં આયા?

મુમુક્ષુ :- સંતોષ.

ઉત્તર :- સંતોષ, શાંતિ, સમાધાન. વીતરાગભાવ એ સંતોષ. સંતોષ નામ પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠાના નહીં અને શાંતિ રખના ઉસકા નામ સંતોષ. તોષ-આનંદ-આનંદ. સંતોષ. તોષ (એટલે) આનંદ થાય. આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદકી પર્યાયમેં આનંદકી ભરતી લાના- બાઢ લાના. કર્મકા જોર આયા તો યહાં બાઢ લાના અંતર એકાગ્ર હોકર. આનંદ તો પૂરા પડા હૈ મધ્ય બિંદુમેં, દ્રવ્યકે મધ્ય બિંદુમેં. જૈસા દરિયાકે મધ્યબિંદુમેંસે ભરતી આતી હૈ કાંઠે. કાંઠે કહતે હૈ ન? કિનારે. મધ્ય બિંદુસે આતી હૈ. મધ્યબિંદુ ભરા હૈ વહાંસે ઐસે ઉછલકર આતી હૈ. ઐસે ભગવાનકા ધ્રુવ મધ્ય બિંદુ. ધ્રુવ મધ્ય બિંદુમેં અનંત-અનંત અપાર શક્તિકા સામર્થ્ય મધ્ય બિંદુમેં પડા હૈ. શક્તિકા પ્રયોગ કર તો પ્રગટ હોગા. વહ શક્તિ ઐસી નહીં પડી હૈ કિ ખુલ્લી હૈ. વહ શક્તિમેં એકાગ્ર જિતના હો, ઈતની શક્તિ પર્યાયમેં પ્રગટ હોતી હૈ. સમજમેં આયા? આહા..હા..! પરમપારિણામિક પ્રભુ, સ્વભાવકા ભંડાર ધ્રુવ. પછી એક-એક ગુણકો ભી કહો તો વહ પારિણામીક હૈ. સબ ગુણકા એકરૂપ તો દ્રવ્યરૂપ પારિણામિક હૈ, દ્રવ્યરૂપ પારિણામિક ભાવ કહો. સમજમેં આયા? એકાકાર હોકર, પર્યાયમેં જો રાગાદિ હૈ વહી સ્વભાવકી એકાગ્રતાસે રાગ ક્ષય હો જાતા હૈ, કર્મ તો ક્ષય હો જાતા હૈ. '**કર્મોંકો ભોગતે હૈં, પરંતુ રાગ-દ્વેષ નહીં કરતે.**' લ્યો ૧૮૩ (હુઈ).

યે તો પરમાત્મપ્રકાશ સાથે પ્રેમ બંધા હૈ. સમજમેં આયા? ઐસે નહીં સમજના કિ હમ બાલક હૈ, યુવાન હૈ, વૃદ્ધ હૈ ઈસલિયે ઐસી બાત હમકો ન લાગુ પડે. એમ નહીં. યે બાત સબ ભૂલ જાઓ. બાલક, વૃદ્ધ કોઈ હૈ હી નહીં આત્મા. સમજમેં આયા? કર્મકા સંબંધ-ફબંધ નિમિત્તપણે હૈ. તું દૃષ્ટિ કર તો નિમિત્ત હૈ, ઐસે દૃષ્ટિ કર તો હૈ હી નહીં. આહા..હા..! સમજમેં આયા?

'**આગે યહ કહતે હૈં કિ કોઈ કર્કશ (કઠોર) વચન કહે, ઔર યહ ન સહ સકતા હો તો અપને કષાયભાવ રોકનેકે લિયે નિર્વિકલ્પ આત્મ-તત્ત્વકી ભાવના કરની ચાહિયે-**-' ક્યા કહતે હૈ દેખો, ઐસા કઠણ શબ્દ (કહે કિ) આમ રૂંવાટા ઉભા કર દે. ઐસા કડક નિંદાકા, નિંદાકા કઠણ વચન આયા. ક્યા કરના? તો ભગવાન બૈઠા હૈ ન અંદર. જાને અંદર. ભગવાન પાસે રાડ નાખને. રાડ સમજે? પોકાર કરને અંદરમેં. સમતા હોગી તેરે. એવી વાણી નીકળે કઠોર કે આમ આહા..હા..! લોઢાકા બાણ વાગતા હોયને. એવા કઠોર વચન કોઈ બોલે. નવ પેઢીની ગાળ દે, નવ-નવ પેઢીની હોં. પેઢી કહતે હૈ ન વહ? પીઢી. ઐસી ગાલી આકરી

દે. શાંત પ્રભુ! મેરે પાસ તો પ્રભુપણાકા ખજાના પડા હૈ ન. મૈં ઉસમેં જાતા હૂં તો વાણી કહાં આયી અને કિસને કહી મેરે ખબર ભી નહીં. સમજમેં આયા? વહ પરમાણુકા પરિણમન એક અક્ષર અનંત પરમાણુકા સ્કંધ હૈ, અનંત સ્કંધકા એક અક્ષર. તો વહ અક્ષર પરમાણુકી પર્યાય હૈ. ક્યા ઉસે કિયા હૈ કિસીને? ઉસને બનાયા હૈ? વહ વિકલ્પ કર સકતે હૈ. ક્યા વાણી કર સકતે હૈ? કિસને કિયા? ક્યા હૈ તુઝે? અરે! આહા..હા..! જાનનેવાલા, મેરેકો પિછાનનેવાલા, ઔર મેરી ઈતની મહત્તા થી ઔર ઈતની ગાલી દેતા હૈ!

કહતે હૈ '**કષાયભાવ રોકનેકે લિયે નિર્વિકલ્પ આત્મ-તત્ત્વકી ભાવના કરની ચાહિયે-**-' આમ ગુલાંટ ખાઈ જાય. લક્ષ છોડી દે. ભગવાન આ તારો આત્મા પરમાત્મા છે. જુઓ અહીં પરમાત્મપ્રકાશ છે કે નહિ? ત્યાં જા. ત્યાં જા, એની સામું જો, ઉસકી સામું જો. તેરે સંતોષ હો જાયેગા. ૧૮૪.

**૩૧૫) णिट्ठुर-वयणु सुणेवि जिय जइ मणि सहण ण जाइ।**
**तो लहु भावहि बंभु परु जिं मणु झत्ति विलाइ।।१८४।।**

'**હે જીવ, જો કોઈ અવિવેકી કિસીકો કઠોર વચન કહે, ઉસકો સુનકર જો ન સહ સકે, તો કષાય દૂર કરને કે લિયે...**' દૃષ્ટિકી દિશા ફેર લે ભગવાન! એમ કહતે હૈ. તેરા લક્ષ વહાં હૈ, દિશા ફેર દે, પ્રભુ! આહા..હા..! વચન સુનનેકા લક્ષ છોડકર ઉસકા જ્ઞાન કરના, વહ છોડકર સ્વભાવ તરફકા લક્ષ કર દે તો તેરે સ્વકા સ્વભાવમેં શાંતિકા જ્ઞાન હોગા. ક્યા કહતે હૈ ઉસમેં જરી? મર્મકી બાત હૈ. પ્રતિકૂલતા બહુત હો તો ક્યા કરના? લક્ષ ફેર દે, પ્રભુ! જહાં લક્ષ કરનેસે શાંતિ મિલતી હૈ વહાં લક્ષ કર દે. યે લક્ષ છોડ દે. ક્યા હુઆ વહ .. ડાલ દે. સમજમેં આયા? તેરી પાસ નિધાન હૈ અને નિધાન ઉપર નજર નહીં કરતે અને પર ઉપર નજર કરતે હૈ અને ખેદ કરતે હૈ. અરે! મને ઐસા કિયા. તું કોણ? તેરા આત્માકો કોઈ ગાલી દેતા હૈ? ગાલી કોઈ દે સકતા હૈ? નિંદા કોઈ કર સકતા હૈ? વિકલ્પ ઉસકે પાસ રહ ગયા. પત્રમેં લિખા. તો પત્રમેં ક્યા વહ લિખતા હૈ? સમજમેં આયા? પત્રમેં પરમાણુકી પર્યાય પુદ્ગલકી પર્યાય હોનેવાલી હુઈ હૈ. ક્યા ઉસને બનાયા હૈ? ફેર દે ન લક્ષ. બાબુલાલજી! એણે મને આ કહ્યું, ઐસા મુઝે કહા. હવે તને કહા.. મૈં હૂં ઉસકો તો કોઈ કહ સકતા હી નહીં લે. મેરેકો દેખતે નહીં ઔર મેરેકો ક્યા કહે? સમજમેં આયા? મૈં ઉસકો દેખતા નહીં, ઉસને કહા વાણીસે, તો વાણી જડકી હૈ.

કહતે હૈ '**અવિવેકી કઠોર વચન કહે...**' '**તો કષાય દૂર કરનેકે લિયે પરમાનંદસ્વરૂપ ઈસ દેહમેં વિરાજમાન પરમબ્રહ્મકા...**' આહા..હા..! '**મનમેં શીઘ્ર ધ્યાન કરો.**' એ ટૂંકા 'લઘુ' શબ્દ કહા હૈ. લક્ષ ફેરવી દે. લક્ષ ફેર જા. બસ, તેરે ઈતના કરના હૈ, દૂસરા

કુછ નહીં. ઐસે હૈ ઐસે કર દે. માર આ બાજુ બાણ. ભગવાન ઉપર લક્ષ કર દે. તુઝે શાંતિ હોગી. કહો, બરાબર હૈ? અરે..! પણ ઘરમાં બૈરા કહે કોક દિ' એવું ઉંધું. કેવું થાય? કહે શું? રાજાને રાણી કહે. આકરા હોયને ગરાસિયા. જુઓ, અમે ગરાસણની દીકરી છીએ. મારી નાખશું એમ બોલે નહિ સીધા. દરબાર! ધ્યાન રાખવું. અમે પણ ગરાસણીની દીકરી છીએ. બસ આટલું કહે ત્યાં તો રૂંવાટા ઉભા થાય ઓલાના. વો ગરાસિયા હોતા હૈ ન રાજા. રાજાકી રાણી હોતી હૈ ન રાણી? તો વહ ભી બડા ગરાસદારકી રાણી હૈ ન? રાજાકી ભી દીકરી હોતી હૈ ન દીકરી. તો દોનોંમેં ચલે ઐસા તો રાણી રાજાકો ઐસે કહે, દરબાર! ધ્યાનમેં રહના. હમ ભી દરબારકી દીકરી હૈ. ઈતના કહે ત્યાં હાય.. હાય.. હમેં છંછેડના નહીં, એમ કહે. રાણી રાજાકો કહે. બાહરમેં માન હોતા હૈ. કરોડો રૂપિયાકી ઉપજ હો ઔર અંદરમેં... ધ્યાન રાખીને અમારી સાથે કામ લેવું. અમે પણ એક રાજાની દીકરી છીએ એમ બોલે. હાય.. હાય.. એ વચન સહન કરના. બાહરમેં માન, અંદરમેં ઐસા. એય..! ન્યાલભાઈ! લક્ષ ફેરવી નાખ. ભગવાન ઉપર લઈ જા. ચાહે સો હો. તુઝે ક્યા કામ હૈ? તો તુઝે ક્ષમા રહેગી, નહિતર રહેગી નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૨, શનિવાર, તા. ૧૪-૦૮-૧૯૬૫
## ગાથા- ૧૮૪ થી ૧૮૬, પ્રવચન-૧૯૬

આ પરમાત્મપ્રકાશ, દૂસરા અધ્યાય. ૧૮૪ ગાથા હૈ. ઉસમેં આખિરકા એક પદ હૈ દેખો. કોઈ કઠોર વચન કહે, વહ આયા ન કલ? તો ક્યા કરના? તો કહતે હૈ કિ '**પરમાનંદસ્વરૂપ ઈસ દેહમેં બિરાજમાન પરમબ્રહ્મકા મનમેં શીઘ્ર ધ્યાન કરો.**' કઠોર વચન હો તો વચનને ઘરે રહા. લક્ષ ફેર કર ભગવાન પરમાનંદ પ્રભુ... પરમાનંદ ઉસમેં લિખા નહીં હૈ, સમજે ન? મૂલ તો '**वीतरागपरमानन्दैकलक्षमनिर्विकल्पसमाधौ स्थित्वा भावय**' જવાબદારી મોટી. જવાબદારી ક્યા? ઈતના વચન કઠોર (કહે) કિ સહા ન જાયે. એમ પાઠ આયા ન? '**ન સહ**

સકે,...'

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શૂલં. એ શૂળ જેવા લાગે. જેમ બાણ લગેને લોહેકા, ઐસે હૃદયમેં શૂલ જૈસા લગે. સુનો, ભગવાન! વહ વચન ક્યા? મૈં તો આનંદ હૂં, વીતરાગ પરમાનંદ એક લક્ષણ નિર્વિકલ્પ સમાધિ. ઐસા અંતરમેં '**स्थित्वा**' શાંતિ કરો. વચન સામું દેખના નહીં. કહો, બરાબર હૈ? ક્યોં ઐસે વચન બોલા? વહ તો બોલે. એ તો વાણી નિકલી. ઉસકો તો વિકલ્પ થા કરનેકા. વાણી તો વાણીકે કાલમેં નિકલી હૈ. તુઝે ક્યા હૈ? તેરા કાલ કોઈ શાંતિકા હૈ કિ નહીં? એમ કહતે હૈ. ભગવાન બિરાજે છે અંતરમેં ચિદાનંદ પ્રભુ ઉસમેં જા, એકાગ્ર હો, તુઝે આનંદ હોગા. કઠોર-બઠોર વચનકા તુઝે ભાવ નહીં લગેગા કુછ.

'**बहा**' ગુઢં. કૈસા હૈ ભગવાન? '**અનંત જ્ઞાનાદિ ગુણોંકા આધાર હૈ,...**' દેખો, ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન આદિ, અરે! ગુણકા આધાર-આધાર. ગુણ આધેય અને આત્મા આધાર. આહા..હા..! સમજમેં આયા? વહ ભી વિચાર છોડ દેના એમ કહતે હૈ યહાં તો. ફક્ત હૈ કૈસા ઈતના બતાના હૈ. વો રાગકા આધાર નહીં, વિકારકા આધાર નહીં, કર્મકા આધાર નહીં. સમજમેં આયા? ભગવાન અનંત સામાન્ય જ્ઞાન-દર્શન ગુણ જો હૈં, સામાન્ય અર્થાત્ ગુણ, યે અનંત ગુણોંકા આધાર વહ ભગવાન આત્મા હૈ. કહો, પોપટભાઈ! આ બાયડી-છોકરાનો આધાર આત્મા નથી એમ કહે છે. ક્યાં ગયા મલૂકચંદભાઈ? છેટે બેસે છે થોડા ઈ. બાયડી, છોકરાનો આધાર નથી આત્મા. કર્મનો આધાર? શરીરનો? રાગનો? વ્યવહારત્નત્રયનો? નહિ. આહા..હા..! એક સમયમેં ભગવાન અનંત-અનંત જ્ઞાનાદિ ગુણ ઉસકા આધાર. યે તો યહાં આત્માકો બતાયા, પણ યે આધાર અને આધેય વહ ભી વિકલ્પ હૈ. સમજમેં આયા?

જુઓ, '**આધાર હૈ, સર્વોત્કૃષ્ટ હૈ, જિસકે ધ્યાન કરનેસે...**' જિસકે નામ કિસકા? વહ આત્માકા, એમ. બ્રહ્મ-બ્રહ્મ એટલે આત્મા. પણ એ તો બતાવ્યું કે આત્મા કૈસા હૈ? અનંત ગુણકા (એકરૂપ) ઈતના. વો આત્માકા ધ્યાન એટલે એકાગ્ર હોનેસે. લ્યો કરના યે હૈ. સારા વાંચ્યા હોય, ભણ્યા હોય, પઢ્યા હોય, લિખા હોય. સમજમેં આયા? પ્રતિકૂલતાકે પ્રસંગ મેં ભગવાન આત્માકો યાદ કરના. યાદ કરનેકા અર્થ અંતરમેં એકાગ્ર હોના. તેરા સમાધાન પૂરા હો જાયેગા, જા. સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા હૈ. જિસકી એકાગ્રતાસે '**મનકા વિકાર શીઘ્ર હી વિલીન હો જાતા હૈ.**' જિસકી કટાક્ષ દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડી, વિકાર ક્ષણમેં નાશ હો જાતા હૈ. ઐસા ભગવાન તેરે પાસ તેરા બિરાજમાન હૈ. '**વિલીન હો જાતા હૈ.**' વિલીન. 'विलीयते'.

'**આગે જીવકે કર્મકે વશસે ભિન્ન-ભિન્ન સ્વરૂપ જાતિ-ભેદસે હોતે હૈં, ઐસા નિશ્ચય**

કરતે હૈં—' આ ભિન્ન-ભિન્ન હૈ ન બ્રાહ્મણ ને ક્ષત્રિય. વહ કહાં આત્મામેં હૈ? વહ તો કર્મકે કારણસે હૈ. જાતિભેદકો ક્યોં દેખતે હો? ભગવાન આત્મજાતિકો દેખને, એમ કહતે હૈ. જાતિભેદકો યે બ્રાહ્મણ હૈ અને ક્ષત્રિય હૈ, (ઐસા) જાતિભેદ ક્યોં દેખતે હો? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાયકભાવ ઉસકી જાતિકો દેખ. વહ સિદ્ધ સમાનકી જાતિ હૈ. સિદ્ધકા કુટુંબી હૈ વહ આત્મા. સમજમેં આયા?

વહ આનંદઘનજી કહતે હૈં

ધર્મ જિનેશ્વર ગાઉં રંગ સુ, ભંગ ન પડશો રે પ્રીત જિનેશ્વર,
બીજો મન મંદિર આણું નહિ. એ અમ કુળવટ..
એ અમ કુળવટ રીત જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રંગ સુ.

ધર્મ નામ અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા. આમ તો ધર્મ જિનેશ્વર એટલે ભગવાન. પણ અહીંયાં અનંતગુણનો આધાર ભગવાન એના હું ગુણ ગાઉં છું, ગુણગ્રામ કરતા હૂં. અથવા મૈં ઉસમેં એકાગ્ર હોના ચાહતા હૂં. 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગ સુ, એ ભંગ પડશો પ્રીત જિનેશ્વર' અમારા ગુણના આધાર ભગવાન એ ભગવાન ઉપર હમારી દૃષ્ટિ પડી. હે નાથ! હવે પ્રતિહત ન થશો. ઉસ અપ્રતિહત ભાવ ઐસા ને ઐસા રહો. આહા..હા..! સમજમેં આયા? 'ભંગ ન પડશો રે પ્રીત પ્રભુજી, બીજો મન મંદિર આણું નહિ.' ભગવાન જ્ઞાયકસ્વરૂપ એ અમારી જાત છે. ઉસ જાતકી દૃષ્ટિ કરકે હમ દૂસરા મનમેં આને નહીં દેતે. રાગ હમારા, વિકલ્પ હમારા, ભેદ હમારા યે હમ હમારે મનમેં આને નહીં દેતે. 'એ હમ કુળવટ રીત.' હે નાથ! અનંત તીર્થંકરો જે કુળમાં અવતર્યા, ચૈતન્ય કુળે હોં! એ કુળ. આ કુળ નહીં, અંતરના આનંદ કુળમાં અવતરી, ઉત્પન્ન કરી, જન્મ કરી, સૃષ્ટિ પર્યાય ઉત્પન્ન કરી, મુક્તિએ પધાર્યા એ અનંત તીર્થંકરના કુળની વટમાં અમે છીએ. એ કુળથી રસ્તે અમે જઈએ. જાધવજીભાઈ! આ વાણિયા-બાણિયાનું કુળ નહીં એમ કહતે હૈ. વાણિયા, બ્રાહ્મણ અને ક્ષત્રિયને ઉડાવે છે અત્યારે. ચાર જાતિ નહીં.

ભગવાન ચિદાનંદ પ્રભુ આત્મા હમ એકાગ્ર હમારા કુલ, અનંત તીર્થંકરો ગયે ઉસકા હમ કેડાયત હૈ. હમારે વટ. એ હમારા વટ. વટ ક્યા કહતે હૈ તુમ્હારે? અપના રખના. એ કુળવટ અમારી વટ છે કે હમ ઉસમેં નહીં ફિરે. એમ કહતે હૈ ન. એ અમારી વટ છે એટલે હમારા ઠેકા હૈ. હમ તીર્થંકરકા કેડાયત હૈ. આહા..હા..! શશીભાઈ! કહતે હૈ કિ ઓહો..! **'ભિન્ન-ભિન્ન સ્વરૂપ જાતિ-ભેદ...'** હમારે નહીં. હમ તો એક કેવલજ્ઞાનકી જાતકે હૈ. એમ કહતે હૈ. **'ઐસા નિશ્ચય કરતે હૈ—'** ઔર શ્લોક કહતે હૈ દેખો.

३१६) लोउ विलक्खणु कम्म-वसु इत्थु भवंतरि एइ।
चुज्जु कि जइ इहु अप्पि ठिउ इत्थु जि भवि ण पडेइ।।१८५।।

लोकः विलक्षणः कर्मवशः अत्र भवान्तरे आयाति।
आश्चर्यं किं यदि अयं आत्मनि स्थितः अत्रैव भवे न पतति।।१८५।।

આહા..હા..! ક્યા કહતે હૈ? **'विलक्षणः' 'સોલહવાનીકે સુવર્ણકી તરહ...'** ભગવાન આત્મા **'કેવલજ્ઞાનાદિ ગુણકર સમાન જો પરમાત્મતત્ત્વ...'** સમજમેં આયા? સોલહવાની કહતે હૈ ન? સોલહવાની સોના. **'સોલહવાનીકે સુવર્ણકી તરહ કેવલજ્ઞાનાદિ ગુણકર સમાન જો પરમાત્મતત્ત્વ ઉસસે ભિન્ન જો...' 'लोकः'** લિયા હૈ. લોક નામ **'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર આદિ જાતિ-ભેદરૂપ જીવ-રાશિ વહ કર્મકે વશ ઉત્પન્ન હૈ,...'** વહ તો કર્મસે ઉત્પન્ન હૈ. આત્માસે ઉત્પન્ન વહ નહીં. કર્મ હમારા નહીં. કર્મકી જાત હમારી જાત નહીં. ઉસસે જો ઉત્પન્ન હુઆ વહ હમારી જાતિ નહીં. જાતિકા અભિમાન હોતા હૈ ન. હમ બ્રાહ્મણ હૈ, હમ ક્ષત્રિય હૈ. ક્ષત્રિયકો મુક્તિ કહી હૈ, બ્રાહ્મણકો કહી હૈ, વૈશ્યકો કહા હૈ, ક્ષુદ્રકો નહીં. વહ તો નિમિત્ત ક્યા હૈ વહ બતાયા હૈ. અભિમાન કરનેકો નહીં કહા હૈ. હમ ક્ષત્રિય હૈ તો મોક્ષ જાયેગા, બ્રાહ્મણ મોક્ષ જાયેગા. કહતે હૈ કિ વહ જાતિ કર્મસે ઉત્પન્ન હુઈ હૈ. મોતીરામજી! તીનકો મુક્તિ હોતી હૈ કિ નહીં? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય. ક્ષુદ્રકો ના કહતે હૈ આચાર્ય. મુક્તિ નહીં હોતી હૈ. ક્યા હુઆ? ત્રણ જાતિ, વહ તો હોતા હૈ તબ નિમિત્તકી ચીજ હૈ ઐસા બતાયા હૈ. ક્યા ઉસસે હોતા હૈ? ઉસસે તો અનંત બાર હુઆ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ. જુઓ, સમજમેં આયા?

મુમુક્ષુ :- નિમિત્ત..

ઉત્તર :- નિમિત્ત પણ યહાં કરે ત્યારે નિમિત્ત કહનેમેં આયા. કહાંસે કિયા? ક્યોં ...લાલજી! વહ સમાધિશતકમેં લિયા હૈ. જિસકા આગમમેં લિંગકા આગ્રહ હૈ, વહ નહીં. પણ લિંગ હૈ વહ હૈ તો હૈ. પણ આગ્રહ હૈ કિ ઐસા લિંગસે મુજે મુક્તિ હોગી. ઐસા આગ્રહ હૈ વિકલ્પ વહ મુક્તિકા કારણ હૈ? સમજમેં આયા? નગ્ન લિંગ હી હૈ. મુનિ હોતા હૈ તો નગ્ન લિંગસે હી મુક્તિમેં જાતે હૈં. કાંઈ દૂસરા લિંગસે નહીં. વહ સમાધિશતકમેં લિયા હૈ કિ જિસકા આગમમેં લિંગકા આગ્રહ હૈ... મુક્તિ. પછી ઉસકા અર્થ કરતે થે, હમારે એક પંડિતજી થા ન લાલનજી. વહ શ્વેતાંબર પંડિત. બહુત બડા પંડિત થા ન. ૯૫ વર્ષકી ઉંમર. વહ કહતે થે, દેખો સમાધિશતકમેં ઐસા લિખા હૈ. અરે..! ક્યા લિખા હૈ? કીધું. વહ તો દૂસરી બાત કરતે હૈં. એ જરી મશ્કરા થા. જુઓ, લિખા હૈ દેખો ઉસમેં. જિસકા આગમમેં લિંગકા આગ્રહ હૈ... સમાધિ શતકમેં આતા હૈ શ્લોક. સમયસારમેં હૈ. વહ તો લિંગ આગ્રહ છેલ્લે આયા. લિંગકા આગ્રહ થા. દેખો, લિંગકા આગ્રહ. જયતુ લિંગં ઐસા લિખા યહાં તો. જયતુ લિંગં. પણ જયતુકા અર્થ ક્યા? રાગ અને નિમિત્તકા લક્ષ છોડના. ક્યા જયતુ લિંગ? વહ લિંગ નહીં અને દૂસરા લિંગસે મુક્તિ હોગા

ઐસા ત્યાં કહનેમેં આયા નહીં હૈ. બાબુલાલજી! એ અમારે કહતે થે પંડિતજી લાલન. જુઓ, ઉસમેં કહા હૈ. ક્યા કહા હૈ? વહ તો લિંગકા લક્ષ કરકે, આગ્રહ કરકે ઐસા લિંગસે મેરે મુક્તિ હોગી ઉસકા નિષેધ કરતે હૈ.

મુમુક્ષુ :- વિકલ્પ છુડાતે હૈ.

ઉત્તર :- વિકલ્પ છુડાતે હૈ. યે છુડાતે હૈ તબ ક્યા લિંગ છૂટ જાતા હૈ? જો લિંગ હૈ વહ તો લિંગ હી હૈ. નગ્ન તો નગ્નપના હી રહતા હૈ. ઔર વહ તીન કુલ હૈ. તીન જાતિ કહીન? તીન જાતિ હૈ. પણ ઉસ જાતિસે મુઝે મુક્તિ હોગી, ઉસ લિંગસે મુઝે મુક્તિ હોગી, ઐસા આગ્રહ વિકલ્પકા છુડાયા હૈ. સમજમેં આયા? યહાં વહ કહતે હૈ મૂલ તો. વિલક્ષણ ભગવાન પૂર્ણ સમાન પરમાત્મા અપના.

**'પરમાત્મતત્ત્વ ઉસસે ભિન્ન જો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર આદિ જાતિ-ભેદરૂપ જીવ-રાશિ વહ કર્મકે વશ ઉત્પન્ન હૈ, અર્થાત્ જાતિ-ભેદ કર્મકે નિમિત્તસે ઉત્પન્ન હુઆ હૈ,...'** આત્માસે હૈ? **'ઔર વે હી કર્મ આત્મ-જ્ઞાનકી ભાવનાસે રહિત અજ્ઞાની જીવને ઉપાર્જન કિયા હૈં,...'** દેખો. ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ અપના ભેદજ્ઞાન રાગસે ભિન્ન કિયે બિના, ભેદજ્ઞાનકે બિના જો કર્મ ઉપાર્જ્યા હૈ, વહ તો આયા. **'अस्यैवाभावतो बद्धा'**. રાગાદિ પરસે ભેદ કરના વહ કિયા નહીં. વો કારણસે બંધનમેં પડા. આત્મજ્ઞાનકે અભાવસે બંધનમેં રહા, વો બંધન કર્મ હૈ, કર્મસે યહ જાતિ ઉત્પન્ન હુઈ હૈ. કોઈ તેરી ચીજ નહીં હૈ. વહ આત્માસે ઉત્પન્ન હુઈ નહીં. કિસકા અભિમાન કરના? એમ કહતે હૈ. હમ ક્ષત્રિય હૈ. હમારે કુલમેંસે મોક્ષ જાતે હૈ. કુલમેંસે મોક્ષ જાતે હૈ કિ આત્મામેંસે જાતે હૈ? એમ કહતે હૈ કિ અભિમાન છોડ ભાઈ! ભગવાન! વહ કર્મકે આધીન જાતિભેદ હૈ.

**'જબ તક કર્મોંકા ઉપાર્જન હૈં, તબ તક...' 'अत्र भवांतरे आयाति' 'ઇસ સંસારમેં અનેક જાતિ ધારણ કરતા હૈ,...'** વહ તો કર્મકે કારણ હૈ. **'જો યહ જીવ...' 'आत्मनी स्थितः' 'आत्मनी स्थितः' 'આત્મસ્વરૂપમેં લગે,...'** આહા..હા..! વહ આત્મસ્વરૂપ કૈસા? અંદર લિખા હૈ. **'વીતરાગપરમાનંદ એક સ્વભાવ...'** ઉસસે વિસદશ યે કર્મ ઉપાર્જ્યા ઔર કર્મસે સંસારમેં રખડતે હૈ. ભગવાન આત્મા,.. ભાવનાકા ગ્રંથ હૈ ન યહ? તો વારંવાર પરમાત્માકો સ્મરણ કરનેકી બાત કહતે હૈ. વારંવાર કરનેકા વહી હૈ. દૂસરા ક્યા? દૂસરી બાત તો આતી હૈ બીચમેં રાગાદિકી. કહતે હૈ, આત્મસ્વરૂપ. કૈસા આત્મા હૈ? વીતરાગ પરમાનંદ એક સ્વભાવ. એકરૂપ પ્રભુ રાગસે ભિન્ન અને વીતરાગસ્વભાવસે અભિન્ન એકાકાર એકરૂપ ઉસકા ધ્યાન કરના, ઉસસે મુક્તિ હોતી હૈ. જાતિ-ફાતિસે મુક્તિ નહીં હોતી, લિંગ અને જાતિસે હોતી નહીં.

**'આત્મસ્વરૂપમેં લગે, તો...' 'अत्रैव भवे'** આ જ ભવમાં. **'ઇસી ભવમેં...'** અથવા

એ ભવમેં. એમ. '**નહીં પડે-ભ્રમણ નહીં કરે, ઈસમેં ક્યા આશ્ચર્ય હૈં, કુછ ભી નહીં.**' ઉસમેં આશ્ચર્ય ક્યા હૈ? ભગવાન આત્માકી અંતર દૃષ્ટિ કરકે લીન હો ઔર ભવ રહે ઐસા તીન કાલમેં નહીં (બનતા). વો તો તુમ અજ્ઞાનભાવસે, ભગવાન આત્મા રાગસે ભિન્ન હૈ ઐસી ભાવના કિયા ન હીં, ભેદજ્ઞાન કિયા નહીં તો તુઝે કર્મ ઉપાર્જન હુઆ ઔર કર્મ ઉપાર્જનકે કારણ યહ જાતિ મિલી હૈ. ઉસમેં તેરેમેં આયા? પોપટભાઈ! વહ જાતિ નીચી હોય તો... એ કર્મને કારણે મળી છે, તેરે આત્માકે કારણ નહીં. આત્માકે સ્વભાવસે વિરુદ્ધ ભાવ કિયા તો કર્મ બંધા ઔર ઉસસે મિલી એમ કહતે હૈં. આત્માકે સ્વભાવસે વિરુદ્ધ ભાવ કિયા. વહ ભાવ નિમિત્ત પડા કર્મબંધનમેં ઔર કર્મસે વહ જાતિ મિલી. વહ તેરી ચીજ નહીં. ઉસ ચીજસે મુક્તિ હોતી હૈ (ઐસા) તીનકાલમેં નહીં. યહ આખિરકી ગાથા હૈ, લે જાતે હૈ. ઉસમેં ભી લિંગ આખિરકી ગાથામેં લિયા ન? સમયમસારમેં ભી. સમજમેં આયા?

અરે! આચાર્ય કહતે હૈં. '**इत्थु जि भवि ण पडेइ**' સમજે? ઈસમેં આશ્ચર્ય ક્યા હૈ? ભગવાન આત્મા અપના નિજ સ્વરૂપમેં... 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે અને બાકી બૂરો અજ્ઞાન. ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તૂ માન.' સમજમેં આયા? ભગવાન આત્મા વિકલ્પ અને શરીર, કર્મસે ભિન્ન પડતા હૈ. ઐસા ભગવાનમેં એકાગ્ર હોતે ભવ રહે કહાંસે? ઔર ભવ ન હી રહે ઉસમેં આશ્ચર્ય ક્યા? કહતે હૈં. આશ્ચર્ય ક્યા હૈ? વહ તો ઉસકા સ્વભાવ હી હૈ. સમજમેં આયા? ભેદજ્ઞાન, નિમિત્તકે લક્ષસે રાગ હુઆ અને રાગસે બંધ હોતા હૈ. ઉસસે જ્યાં ભેદ કિયા, પરિભ્રમણકા કારણ રાગ ઔર ઉસકે કારણ બંધતે હૈં કર્મ, ઉસકો જહાં રાગ અને કર્મસે ભિન્ન કિયા અને અપના જ્ઞાયકસ્વરૂપમેં એકાગ્ર હુઆ (તો) ભવ કૈસા? સમજમેં આયા? જુઓ, આશ્ચર્ય ક્યોં? જુઓ. '**चुज्जु**' '**चुज्जु**'નો અર્થ કર્યો છે ઈ, આશ્ચર્ય. '**चुज्जु**' શબ્દ પડા હૈ ન. '**आश्चर्यं किं यदि अयं आत्मनि स्थितः अत्रैव भवे न पतति**' ભગવાન ભ્રમણ ન કરે ઉસમેં આશ્ચર્ય ક્યા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આશ્ચર્યકી ક્યા બાત એમ. સમજમેં આયા? દેખો!

'**ભાવાર્થ :- જબતક આત્મામેં ચિત્ત નહીં લગતા,...**' આ વાત આખી. જબતક ભગવાન આત્મામેં ચિત્ત નહીં લગતા, સમજમેં આયા? '**તબ તક સંસારમેં ભ્રમણ કરતા હૈ,...**' કહો, નવ પૂર્વ હો, અગિયાર અંગ હો અને પંચ મહાવ્રત પાળ્યા હોય, અઠ્ઠાઈસ મૂલગણ પાલતે હો, પણ જબતક આત્મામેં ચિત્ત નહીં લગા...

મુમક્ષુ :- ...

ઉત્તર :- એ બાત કૌન કહતે હૈ? તો પછી આ પ્રશ્ન શું કરવા આચાર્ય કહતે હૈ? તુને

ચિત્ત નહીં લગાયા. કર્મકે કારણસે ચિત્ત નહીં લગા ઐસા કહતે હૈ યહાં? તુને ચિત્ત લગાયા યહાં.

મુમુક્ષુ :- યહાં નહીં કહા, દૂસરે શાસ્ત્રમેં કહા હૈ.

ઉત્તર :- દૂસરે શાસ્ત્રમેં હૈ નહીં કહીં. દૂસરે શાસ્ત્રમેં એમ કે કર્મસે ચિત્ત લગતા નહીં હૈ ઐસા કહીં હૈ? બિલકુલ નહીં. તેરા ચિત્ત કર્તા હોકર પરમેં લગાતે હો, વહી તેરા જ્ઞાન કર્તા હોકર સ્વમેં લગા દે. બસ! એક હી બાત. સમજમેં આયા? કર્મ ચિત્ત ન લગને દે તો ક્યા કરે? પ્રકાશચંદજી! ઐસા હૈ હી નહીં. પરદ્રવ્ય ક્યા કરે તુઝે? તેરા અપરાધ. કહા થા કિ નહીં વહ? આપણે ઓલામાં આવ્યું. દોપહરકો આયા થા. તેરા સ્પષ્ટ.. કાલે નહોતું આવ્યું દોપહરકો? તેરા હી અપરાધ હૈ. અપરાધ કર્મ ઉપર ડાલ દેતે હો. ઈતની અનીતિ કરતે હો? જિન આજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે નહીં. તુમ તો મહંત રહના ચાહતે હો. જહાં-તહાં કર્મકા દોષ નિકાલતે હૈ. દોષ તેરા હૈ ઔર કર્મકા નિકાલતે હૈ.

મુમુક્ષુ :- પણ શાસ્ત્રમેં લિખા હૈ.

ઉત્તર :- શાસ્ત્રમેં નહીં લિખા હૈ. નિમિત્તસે કથન હૈ તો શાસ્ત્રને લિખા હૈ? બડા અક્ષર હૈ ગોમ્મટસારમેં. ગોમ્મટસાર આતા હૈ ન બડા? ઈતના બડા. અક્ષર પણ મોટા છે સાધારણ માણસને સમજવા માટે. ગોમ્મટસાર છેને આ મોટા-મોટા અક્ષર છે. ચાર ભાગ, પાંચ ભાગ. સમજમેં આયા? હૈ ન સબ હૈ યહાં આપણે. ગોમ્મટસાર આત્મામેં રહતા હોગા કિ બાહર? કહો, સમજમેં આયા?

ભગવાન આત્મા.. '**જબતક આત્મામેં ચિત્ત નહીં** લગતા,...' બહુ ટૂંકી ભાષા કરી નાખી. સમજમેં આયા? અપનેમેં ચિત્ત ન લગાઓ '**તબ તક સંસારમેં ભ્રમણ કરતા હૈ,...**' જ્ઞાનકા ક્ષયોપશમ હો, અગિયાર અંગકા હો, નવ પૂર્વકા હો, પંચ મહાવ્રત ધારણ (કિયા) હો. યશોકીર્તિકે ઉદયકે કારણ દુનિયા .. પણ કરતી હો. યશોકીર્તિ હૈ ઉસ કારણસે દુનિયા જય જય બોલતી હો. દુનિયા ક્યા? દુનિયા તો બાહરકી બાત દેખતી હૈ. દુનિયાકો ખબર ક્યા (હૈ કિ) અંતરકી ક્યા ચીજ હૈ. વહ તો બાહરકા ગજસે માપ કરતે હૈ. વહ કહતે હૈ દેખો, '**જબતક આત્મામેં ચિત્ત નહીં** લગતા,...' ભગવાન પરમબ્રહ્મ આનંદમૂર્તિ પ્રભુ ઉસમેં જ્ઞાન લગતા નહીં, '**તબ તક સંસારમેં ભ્રમણ કરતા હૈ, અનેક ભવ ધારણ કરતા હૈ, લેકિન જબ યહ આત્મદર્શી હુઆ...**' ઓહો..હો..! સમજમેં આયા? '**તબ કર્મોંકો નહીં ઉપાર્જન કરતા,...**' તબ કર્મકો ઉપાર્જન કરતા નહીં. એ આપણે કલ ભી આયા થા ન ભાઈ! આત્મ અનુભવમેં સ્થિત કર્મ .. ઐસે અનુભવમેં ઉપયોગ જ ન હોય તો ન બાંધે. ઉપયોગ તો કોઈવાર હોતા હૈ. ઈ ક્યાં... એ તો અનુભવમાં જ છે એનો અર્થ. આયા થા ન કલ? દરેકમેં આતા હૈ. શુદ્ધાત્માનુભવમેં રહે સમકિતદૃષ્ટિ કર્મકો બાંધતે નહીં. અનુભવ નિર્વિકલ્પ ઉપયોગ તો કોઈ

વખતે રહતા હૈ. કોઈ ઐસી વ્યાખ્યા કરે તો કોઈ વખતે નહીં બાંધે, બાકી ઘણો કાળ બાંધે. ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચલતી હૈ સદા. આયા ન. કલ આયા થા ન. થોડા વિચાર તો આયા થા. અનુભવ પીછે એકલા નિર્વિકલ્પ ઉપયોગમેં રહે ત્યારે આઠ કર્મકા બંધ નહીં હૈ? સદાય આઠ કર્મબંધન નહીં. અપને અનુભવકી દૃષ્ટિ હૈ, લગ ગયી હૈ, લબ્ધમેં અંદર ઉસકી તાકાત રહી હૈ. વિકલ્પ ભલે શુભાશુભ પરિણામમેં હો, તો ભી ઉસકો બંધન હૈ નહીં. સમજમેં આયા? ભાષા તો ઐસી આયી થી. ઐસા સમકિતીકા આયા થા કિ નહીં? શુદ્ધાત્માનુભવમેં સ્થિત હૈ ઐસા સમકિતી. એકલો શુદ્ધોપયોગરૂપ લો તો શુદ્ધોપયોગ તો કભી હૈ ચૌથે, પાંચવેમેં. સમજે? સદાય બંધ નહીં, સમ્યગ્દૃષ્ટિકો આસ્રવ બંધ હૈ નહીં. સમજમેં આયા? અસ્થિરતાકા થોડા બંધ હૈ ઉસકો ગિનનેમેં આયા નહીં. યહાં કહતે હૈ ઓહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ઐસી પર્યાયકા ખ્યાલ તો કરતે હૈ ન? પર્યાયકા ખ્યાલ કરતે હૈ. ઔર દ્રવ્યાનુયોગમેં ભી ઐસા હૈ. દ્રવ્યાનુયોગમેં ભી કહા નહીં મોક્ષ અધિકારમેં? કિ જો ચારિત્રકા પરિણામ શુભ આતા હૈ વહ ઝેર હૈ. વહ દ્રવ્યાનુયોગમેં કહા. ચરણાનુયોગમેં ભી હૈ, પણ મોક્ષ અધિકાર જહાં લિયા સમયસાર. છઠ્ઠે ગુણસ્થાનમેં પંચ મહાવ્રતકા પરિણામ. આયા ન આઠ બોલ આયા ન? વહ પ્રતિક્રમણ, પ્રતિસરણ. આઠ બોલ હૈ. યે આઠોં બોલ શુભભાવ હૈ. આઠે બોલ શુભ હૈ. છઠ્ઠા ગુણસ્થાનમેં શુભ હૈ. આચાર્ય કહતે હૈં કિ ઝેર હૈ. દ્રવ્યાનુયોગકા કથન હૈ. યહાં તો દૃષ્ટિપ્રધાન ચલતી હો બાત વહાં ઉસકો નિકાલ દેતે હૈ, પણ જહાં પાછા દૃષ્ટિસહિત ચારિત્રકી બાત કરતે હૈ ત્યાં વહી સમયસારમેં ઐસા કહ દિયા ઔર વહીં ત્યાં આસ્રવ અધિકારમેં લિયા ન, જઘન્ય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, એ નહિ. .. તો ઓલામાં. આ જઘન્ય પરિણમન લિયા હૈ. ૧૭૧ ગાથા. જહાં તક જ્ઞાનગુણકા જઘન્ય પરિણમન જ્ઞાનીકો ભી હૈ તબતક યથાખ્યાત ચારિત્ર નહીં હોતા, તબતક બંધન હૈ. દોનોં બાત સાથમેં બતાતે હૈ. સમજમેં આયા? વહ તો દૃષ્ટિકા એકીલા જોરમેં બતાના હો તો વહ (આયે). પણ સાથમેં તુરંત બતાતે હૈ. આયા હૈ ન વો? આસ્રવ અધિકારમેં. ૧૭૧. એ તો આચાર્યને તુરંતહી જ યાદ કિયા હૈ. એકાંત કોઈ (ન) લે જાયે. આસ્રવ હૈ ન. સંવર.

મુમુક્ષુ :- કરણાનુયોગમેં જ્યાદા લિયા હૈ.

ઉત્તર :- એ વળી પીછે વાત. આ તો સબકા ખુલાસા હૈ. વહ તો સબ અંદર પડા હૈ ન દેખો. ૧૭૧ દેખો.

**जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।**
**अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।**

વહ પર્યાયમેં કમજોરી હૈ ઉસકા ભી જ્ઞાન તો કરાયા હૈ. પણ એકીલા જબ દૃષ્ટિકા વિષય ચલે (તો) ઓહો..! ઉસમેં વસ્તુ અબંધ હૈ, દૃષ્ટિ અબંધ હૈ ઐસા બતાતે હૈ. પણ પાછા આસ્રવ અધિકારમેં વહ સાથમેં લે લિયા. કિ ... સમયે અને અહીં કીધું '**जम्हा दु जहण्णादो**' જઘન્ય જ્ઞાનગુણપણે પરિણમન હૈ ચોથે, પાંચમે, છઠ્ઠે તબતક '**अण्णत्तं णाणगुणो**' ફરે છે. વિકલ્પ આતે હૈ ઉસમેં. તબ તક '**बंधगो भणिदो**' ત્યાં સુધી વહ બંધમેં ભી હૈ. યથાખ્યાત ચારિત્ર ન હો ત્યાં લગ બંધ ભી હૈ. વહ તો મુખ્ય-ગૌણકી વ્યાખ્યા કરતે હૈ તો સબમેં આતી હૈ. સારા સમયસાર દરેક સ્થાનમેં વ્યવહાર પર્યાયકા જ્ઞાન તો કરાયા હી હૈ. ઐસે કોઈ સ્વચ્છંદી હો જાયે (કિ), લો, સમ્યગ્દર્શન હો ગયા, હમારે હવે કુછ બંધ નહીં. બસ દૃષ્ટિમેં બંધ નહીં હૈ, ઈતની બાત કિયા હૈ. કારણ કે દૃષ્ટિકા વિષય તો અબંધ હૈ ન? દૃષ્ટિકા વિષય અબંધ દ્રવ્ય હૈ ઉસ અપેક્ષાસે નહીં હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો જોર કરકે (કહતે હૈં). ઈસલિયે વહ લિયા ન. જ્ઞાનીકા ભોગ નિર્જરાકા હેતુ. ક્યા ભોગ નિર્જરાકા હેતુ હૈ? વહ તો પહલી ગાથામેં લિયા. નહીં. પણ દૃષ્ટિકા જોર જ્ઞાયક ઉપર, પરમાનંદ મૂર્તિ ઉપર સારા પરમાત્માકો સ્વીકાર કિયા દૃષ્ટિને. પરમાત્મા અબંધ હૈ, દૃષ્ટિ અબંધ હૈ (તો કહા કિ) જા, બંધ નહીં. પણ ઉસકી મુખ્ય બાત કરકે પીછે ઐસા ભૂલ જાયે કિ હમારે યથાખ્યાત ચારિત્ર હો ગયા, તો ઐસા હૈ નહીં. શાસ્ત્રમેં લિયા, સબ જગહ લિયા હૈ. મોક્ષ અધિકારમેં, ચારિત્ર અધિકારમેં વહાં લિયા. ઝેર હૈ સમકિતીકો. છઠ્ઠે ગુણસ્થાને વ્યવહાર ઉત્પન્ન હોતા હૈ વહ ઝેર હૈ. છોડકર સ્થિર હોગા તબ અપ્રતિક્રમણ તીસરે નંબરકા ઉંચા હોગા તબ કેવલજ્ઞાન હોગા.

મુમુક્ષુ :- કર્તાકર્મમેં ભી બહુત લિયા હૈ.

ઉત્તર :- હાં, લિયા હૈ ન સબ ઠિકાને. પરસમય લિયા હૈ. થોડા ભી રાગ રહેગા પરસમય હૈ. નવ તત્ત્વકી રુચિ, અરિહંતકી રુચિ ઐસા ભી રાગ રહેગા તો પરસમય હૈ. વહાં તો સબ બાત કરતે હૈ. એકાંત .. વહ તો દૃષ્ટિ ઔર દૃષ્ટિકા વિષય દોનોં અબંધ હૈ ઉસ અપેક્ષા સે જોર દિયા હૈ. પણ પર્યાયમેં કમજોરી હૈ, રાગ હૈ, યહ રાગસે બંધ હોતા હૈ વહ કાંઈ ભૂલ નહીં જાતે હૈ. સમજમેં આયા?

કહતે હૈ '**જબતક આત્મામેં ચિત્ત નહીં લગતા, તબ તક સંસારમેં ભ્રમણ કરતા હૈ, અનેક ભવ ધારણ કરતા હૈ, લેકિન જબ યહ આત્મદર્શી હુઆ તબ કર્મોંકા નહીં ઉપાર્જન કરતા,...**' કર્મોંકા ઉપાર્જન સ્વભાવકે આશ્રયસે હોતા હૈ? '**ઔર ભવમેં ભી નહીં ભટકતા. ઈસમેં આશ્ચર્ય નહીં હૈ. સંસાર-શરીર-ભોગોંમેં ઉદાસ ઔર જિસકો ભવ-ભ્રમણકા ભય ઉત્પન્ન હો ગયા હૈ,...**' આહા..હા..! ચતુર્ગતિકા ભય. ઐસી બાત નહીં હૈ. ચતુર્ગતિકા ભયકા અર્થ? દુઃખકા નહીં, ચાર ગતિકા. વૈમાનિકમેં જન્મ વહ ભી દુઃખ હૈ. ઐસા લિયા હૈ. ચતુર્ગતિકા દુઃખ. વહ પંચાસ્તિકાયમેં લિયા હૈ ન? ચાર ગતિ પરાધીન ઉસસે નિવૃત્ત કરના. આગમ ઉસકો નિવૃત્ત કરાતે હૈ. પણ સ્વભાવિક સ્વતંત્રતા સિદ્ધપદકી પ્રાપ્તિ કરાતે હૈ. સ્વર્ગમેં ભી દુઃખ હૈ. ઐસે નહીં કિ નરકમેં, પશુમેં, મનુષ્યમેં ભાઈ નિર્ધનતા હૈ, આ વાંઢા હૈ, વાંઝીયા હૈ, રોગ હૈ. એ નહીં... નહીં... નહીં... આમ ઈન્દ્રની કરોડો અપ્સરા પડી હો અને અનાજ ખાના નહીં હૈ, હજારો વર્ષે (ઈચ્છા ઉત્પન્ન) હો તો અમૃત (ઝરે). દુઃખી હૈ. ગતિમેં દુઃખ હૈ, પરાધીન દુઃખ હી હૈ. ઉસ દુઃખસે ભયભ્રાંત હૈ. સમજમેં આયા? એકલા નરકકે દુઃખસે ભયભ્રાંત વહ તો દ્વેષ હુઆ. તો સ્વર્ગકા સુખકા પ્રીતિ વહ તો રાગ-દ્વેષ હુઆ, મિથ્યાદૃષ્ટિ હુઆ. ઐસે નહીં. સમજમેં આયા? સ્વર્ગકા સુખ ભી દુઃખ અને નરકકા દુઃખ ભી દુઃખ. ચારોં ગતિ આત્માકે સ્વભાવસે વિરુદ્ધ પરાધીન હૈ. પરાધીનમેં કહીં સુખ હૈ નહીં.. ઐસા ભવભય. દેખો ક્યા કહા?

'**ભવ-ભ્રમણકા ભય...**' ઐસા નહીં કિ નરક-પશુકા ભય. ભવભ્રમણકા ભય એક હી બાત. કોઈ ગતિ, કોઈ ભવ. આહા..હા..! અરે! મૈં ભગવાન આત્મા આ ભવ, જન્મ લાંછન-લાંછન (હૈ), યોગસારમેં કહતે હૈ. વહ તો પહલી કડી હૈ. પીછે આતા હૈ. શરમજનક દેહ ટળે. હા એ. યોગસારમેં આતા હૈ. શરમજનક જન્મ ટલા. યે જન્મ કરના? શરમ નહીં હૈ તુઝે? લાજ નહીં આતી ભવ કરના? ભવ કરના? સ્વર્ગમેં જાના હૈ તુઝે? ભવ કરના હૈ. લાજ... લાજ... લાજ... શરમ નહીં આતી? ભવજનક. ભગવાન આત્મા. આહા..હા..! સમજમેં આયા? '**ભવ-ભ્રમણકા ભય ઉત્પન્ન હો ગયા હૈ,...**' આહા..હા..! દેખો, સંસાર ઉદયભાવ, શરીર અને ભોગવિલાસ ઔર ભવભ્રમણકા ભય ઉત્પન્ન હો ગયા હૈ.

'**ઐસા ભવ્ય જીવ ઉસકો મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ, યોગ...**' એટલે બંધના કારણ બધા. '**ઈન પાંચોં આસ્રવોંકો છોડકર પરમાત્મતત્ત્વમેં સદૈવ ભાવના કરની ચાહિયે.**' દ્રવ્ય-ભાવ આસ્રવસે રહિત ભગવાન સ્વભાવ શુદ્ધ પરમાનંદ મૂર્તિ, પરમપારિણામિક પ્રભુ ઉસમેં ધ્યાન કરના ચાહિયે. સારા સ્વભાવ સહજ પડા હૈ. ઉસમેં એકાકાર ઔર ઉસકી ભાવના કરની ચાહિયે. તો ભવભ્રમણકા ત્રાસ મિટ જાયે અને મુક્તિ હો જાયે. '**જો ઈસકે આત્મ-ભાવના**

હોવે તો ભવ-ભ્રમણ નહીં હો સકતા.' સમજમેં આયા?

હવે **'આગે જો કોઈ અપને દોષ ગ્રહણ કરે તો ઉસ પર ક્રોધ નહીં કરના, ક્ષમા કરના, યહ અભિપ્રાય મનમેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—'** જાતિકુલ આયા. જાતિ-બાતિ હૈ નહીં તેરેમેં. તુમ તો આનંદકંદ જાતિ હૈ ઉસકી દૃષ્ટિ કરો. સમજમેં આયા? ઔર હવે? કોઈ દોષ કહે તો ક્યા કરના? દોષ નિકાલે તો?

३१७) अवगुण-गहणइँ महुतणइँ जइ जीवहँ संतोसु।
तो तहँ सोक्खहं देउ हउँ इउ मण्णिवि चइ रोसु॥१८६॥
अवगुणग्रहणेन मदीयेन यदि जीवानां संतोषः।
ततः तेषां सुखस्य हेतुरहं इति मत्वा त्यज रोषम्॥१८६॥

**'અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈ,...'** ઓહો..હો..! ધર્મી જીવકા પણ અજ્ઞાની દોષ નિકાલતે હૈ. સમજમેં આયા? અજ્ઞાનીકી ઐસી સ્વચ્છંદતા અને મિથ્યાત્વતા હૈ કિ મહાન સંત મુનિ જંગલમેં વિચરતા એકીલા હો, તોપણ દોષ નિકાલે. અજ્ઞાનીકી દોષ ગ્રહણ કરનેકી પ્રકૃતિ હૈ. જ્ઞાનીકી ગુણ ગ્રહણ કરનેકી પ્રકૃતિ સ્વભાવ હૈ. તો **'અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈ, મેરે દોષ ગ્રહણ કરકે જિન જીવોંકો હર્ષ હોતા હૈ, તો મુઝે યહી લાભ હૈ, કિ...'** ધર્માત્મા વિચાર કરે છે. મૈં તો કિસીકો દેતા નહીં, લેતા નહીં. દાન દેનેવાલા દાન દેતા હૈ ઉસસે હર્ષ હોતા હૈ તો .... ઔર મેરા અવગુણ ગ્રહણ કરે ખુશી હો તો ભલે હો. આહા..હા..!

ઉસકા ઐસા અર્થ નિકલાને? ધર્મીકા અવગુણ દેખનેવાલા ભી હૈ, અવગુણ નિકાલનેવાલા હૈ. દૂધમેં પોરા નિકાલનેવાલા હૈ. હૈ કિ નહીં? પોરા કહતે હૈ ન? પોરા ક્યા, જીવાત નહીં દૂધમેં? પોરા નહીં કહતે? આ જીવાત-જીવાત નહીં હોતી હૈ? પાનીમેં કીડા ઇતના પતલા. પોરા કહતે હૈ યહાં. પાનીમેં હોતા હૈ પાનીમેં. એ દૂધમેં ન હોય. દૂધમેંસે પોરા નિકાલે. ભાષા તો હોગી કુછ. એય..! ક્યાં બધા? શું પણ ભાષા શું છે તમારી? દૂધમેં પોરાકી કોઈ ભાષા હોગી કિ નહીં તુમ્હારે? ક્યા? એ નહીં. હમારે યહાં કહતે હૈ કિ દૂધમેં પોરા નિકાલતે હૈ. દૂધમેં કહાં પાની આયા ગાયકે પેટમેંસે? ભેંસકે પેટમેંસે? પણ પોરા તો ઐસા જીવ હોતા હૈ લંબા પાનીમેં. અણગળ્યા પાની હોયને? ગળ્યા વિના-છાને બિનાકા પાની ઉસમેં પોરા હોતા હૈ. તો દૂધમેં પોરા હૈ. કહાં દૂધમેં પોરા હૈ?

અહીં કહતે હૈં, **'અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈ, મેરે દોષ ગ્રહણ કરકે જિન જીવોંકો હર્ષ હોતા હૈ, તો મુજે યહી લાભ હૈ, કિ મૈં ઉનકો સુખકા કારણ હુઆ,...'** જાઓ ભાઈ! આહા..હા..! કિતના સમાધાન હૈ! આહા..હા..! સમજમેં

આયા? કબીરમેં ભી આતા હૈ. હમારે વહાં દુકાન ઉપર થા ન તો વહાં જૈન સમાચાર આતા થે. જૈન ગેજેટ. જૈન ગેજેટ નહીં. જૈન.. આવતું હતું. વાડીલાલ મોતીલાલનું. ૬૫-૬૬ સાલકી બાત. તો ઉસમેં કબીરકા (પુસ્તક) આયા થા ભેટ. બાર મહિને પત્ર લે તો ઉસમેં ભેટ આયા થા. તો ઉસમેં વહ લિખા હૈ. તે વખતે દેખા હોં. ૬૪-૬૫કી સાલમેં. 'કબીરાકા ઘર ગૌકટોંકે પાસ, કરેગા સો ભરેગા બંદા તું ક્યોં હુઆ ઉદાસ.' 'કબીરાકા ઘર ગૌકટોંકે પાસ.' ગળા કાપતા હૈ ન કસાઈ? ઉસકે પાસ ઘર. 'કરેગા સો ભરેગા, બંદા તું ક્યોં હુઆ ઉદાસ.' ક્યોં મેરે ઘરકે પાસ (કરતા હૈ)? ક્યા હૈ તુઝે? હો ઉસમેં. વહ કરેગા તો વહ ભરેગા. તુઝે ક્યા હૈ? વહ પાપ કરેગા તો વહ ભરેગા. તુઝે ક્યા હૈ? વો વખતની વાત હૈ હોં. હમારે ભેટ આયા થા. ૬૪-૬૫કી સાલકી બાત હૈ. સંવત્ ૧૯૬૪-૬૫. વહ પત્ર આયા થા વાડીલાલ મોતીલાલમેં. તો ઉસમેં થા. હમ પત્ર મગાતે થે. નિવૃત્તિ થી વહાં ગૃહસ્થાશ્રમમેં. પત્ર મગાતે થે, વાંચતે થે. કબીર આદિકા સબકા બહુ પઢા થા પુસ્તક. પહલે અધ્યાત્મ કલ્પદ્રુમ વાંચ્યા થા. પહલેમેં પહલે. અધ્યાત્મ કલ્પદ્રુમ. એક પુસ્તક આતા હૈ શ્વેતાંબરકા. વો સુંદરમુનિ સુંદરકા. મુનિ સુંદર એક હજાર ઉપધાન કરતે થે. દો હજાર ઉપધાન કરતે થે પહલે. ઉસકા અધ્યાત્મ કલ્પદ્રુમ. પહલેમેં પહલે હાથ વહ પુસ્તક આયા ધર્મકા. બહુત વૈરાગ્યકા અધિકાર હૈ ઉસમેં. વહ મૈં... દૂસરા ભી અધિકાર આતા થા. કબીરકે પુસ્તક આતે થે. બહુત આતે થે. ... મંગાતે થે. ઉસમેં લિખા થા. 'કબીરકા ઘર ગૌકટોંકે પાસ, કરેગા સો ભરેગા બંદા તું ક્યોં હુઆ ઉદાસ?' ઉસકે પાસ ઉસકે રુચિ અને દૃષ્ટિ હૈ, તેરી દૃષ્ટિ અને રુચિ તેરે પાસ હૈ. ...રામજી! આહા..હા..!

**'જિન જીવોંકો હર્ષ હોતા હૈ, તો મુઝે યહી લાભ હૈ, કિ મૈં ઉનકો સુખકા કારણ હુઆ, ઐસા મનમેં વિચારકર ગુસ્સા છોડો.'** અર્થાત્ ગુસ્સા ઉત્પન્ન થવા ન દો. જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... આહા..હા..! કીડા પડે ઐસી ભાષા હો, આમ બાણ પડે. લોહાકા બાણ પડે. ક્યા હૈ? બાણ ક્યા હૈ? વહ તો પરમાણુકી પર્યાય હૈ. નિંદા, પ્રશંસાકી પર્યાય. વહ સમયસારમેં આયા નહીં? સમયસારમેં આયા થા, નહીં? ઉસમેં આયા થા નહીં તુમ્હારે? દીપકની વાત નહોતી આવી? ઉસમેં થી પ્રશ્નોત્તરમાલામેં? નહીં? આ દિપક હૈ, નજીક પ્રકાશ કરતે હૈ. પ્રશ્નોત્તરમાળામેં હૈ ન? પ્રશ્નોત્તરમાળામેં હૈ. વો પ્રશ્નોત્તરમાળામેં હૈ કિ ભાઈ! દિપક નજીક હો યા દૂર હો, દિપકકો ક્યા હૈ? વહ તો પ્રકાશ કરતા હૈ દિપક તો. નજીક હો તો કુછ વિશેષતા હૈ અને દૂર હો તો કોઈ હિંસા હૈ ઐસા હૈ નહીં. અને દિપકકે પાસ કોઈ મહાન ધોળા પદાર્થ હો તો દિપકમેં પ્રકાશ બઢ જાતા હૈ અને કાલા કોયલા—કોલસા હો, દિપકકે સાથમેં કોલસા લાખ પડા હો તો ક્યા પ્રકાશ ઘટ જાતા હૈ? સમજમેં આયા? એમ જગતમેં નિંદા ચલો તો નિંદા કોલસા જૈસી હૈ. આત્માકી પર્યાયકો હીણા કરનેકી કિસીકી તાકાત નહીં. સમજમેં

આયા?

ઔર દિપકકે પાસ ઐસા બરફકા ઢગ હો ધોળા સફેદ. તબ ઉજાસ બઢ જાતા હૈ ઉસમેં? વહ તો હૈ હી હૈ. જ્ઞાન દિપક ચિદાનંદ સ્વરૂપ હૂં. મેરા અવગુણ દેખકર કોઈકો સુખ હો તો બહુત અચ્છા. કુછ દેતે નહીં અને લે લેતે નહીં (ઔર) ઉસકે કારણસે સુખ હોતા હૈ તો બહુત અચ્છા. દુનિયા તો દાન દેતે હૈ .... અથવા પ્રશંસા કરતે હૈ તો સુખ માનતે હૈ. યહાં તો કોઈ પ્રશંસા કરતે નહીં. (હમારા) અવગુણ લેકર સુખી માનતે હૈ તો માને ભૈયા. દેખો! યહ સમાધાન કરનેકા તરીકા. તરીકા કહતે હૈ ન? તરીકા, ઉપાય. આહા..હા..! કૌન નિંદા? કૌન પ્રશંસા? પ્રભુ! તેરે પાસ રાગકી નિંદા અને સ્વરૂપકી પ્રશંસા વહ તેરે પાસ હૈ, કોઈ દૂસરેકે પાસ હૈ નહીં. આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાની ગુસ્સા નહીં કરતે, ઐસા વિચારતે હૈં કિ જો કોઈ પરકા ઉપકાર કરનેવાલે પરજીવોંકો દ્રવ્યાદિ દેકર સુખી કરતે હૈં,...**' જુઓ, લિખા '**જો કોઈ પરકા ઉપકાર કરનેવાલે પરજીવોંકો દ્રવ્યાદિ દેકર...**' વસ્તુ દેકર '**સુખી કરતે હૈં, મૈંને કુછ દ્રવ્ય નહીં દિયા,...**' દ્રવ્ય દે, મકાન દે, કપડા દે, '**ઉપકાર નહીં કિયા, મેરે અવગુણ હી સે સુખી હો ગયે, તો ઈસકે સમાન દૂસરી ક્યા બાત હૈ?**' આહા..હા..! સમાધાનકા, સંતોષકા મીણા ચઢ ગયા. ઓહો..હો..! '**ઐસા જાનકર હે ભવ્ય, તૂ રોષ છોડ. અથવા ઐસા વિચારે કિ મેરે અનંત જ્ઞાનાદિ ગુણ તો ઉસને નહીં લિયે,...**' હવે જરી ક્રમ-ક્રમ લગાતે હૈ. '**મેરે અનંત જ્ઞાનાદિ ગુણ તો ઉસને નહીં લિયે, દોષ લિયે વો નિઃશંક લો.**' મેરા ગુણ તો મેરે પાસ હૈ. દોષ લો તો લો. એક બાત.

'**જૈસે ઘરમેં કોઈ ચોર આયા, ઔર ઉસને રત્ન સુવર્ણાદિ નહીં લિયે...**' ઘરમેં ચોર આયા. રત્ન સુવર્ણ આદિ નહીં લિયા. કોલસા-લાકડા લે લિયા. આહા..હા..! સમજમેં આયા? '**ચોર આયા, ઔર ઉસને રત્ન સુવર્ણાદિ નહીં લિયે, માટી પત્થર લિયે તો લો,...**' સમજમેં આયા? '**માટી પત્થર લિયે તો લો, તુચ્છ વસ્તુકે લેનેવાલે પર ક્યા ક્રોધ કરના,...**' એક બાત. પથરા લે લિયા. લેકર ચલે ગયે. એવા પથરા હોયને હલકા. બહુ ઉંચા લગતે હોં. શેઠકે ઘર હૈ ન. સબ લેકર ચલે ગયે. શેઠકે ઘરમેં હોગા તો કુછ કિંમતી હોગા. ગાર કરનેકો. ગારકા લોચા હોતા હૈ ન? ગાર સમજતે હૈ? લીંપણ કરતે હૈ લીંપણ? તો બાયું રખતે હૈ ઈતના પહલે રખતે. હવે તો પત્થરકા હો ગયા. પછી ધોળા-ધોળા. ધોળી ધૂળ લઈ આવેને? બહારસે ધોળી ધૂલ લઈ આવે. મમતા બાયુંને બહુ હોય એની, સારી લઈ આવે. પછી ગોળીયા કરીને રાખે. થોડી ગાર તો કરી હોય, થોડી રાખે. ધોળી-ધોળી લાગે અને મોટા શેઠિયા હોય. કોક ચોર ગર્યા. આ ભારે ચીજ લાગે છે. ઉપાડ. લઈ જા. સમજમેં

આયા? **'વસ્તુકે લેનેવાલેપર ક્યા ક્રોધ કરના, ઐસા જાન રોષ છોડના.'**

**'અથવા ઐસા વિચારે, કિ જો યહ દોષ કહતા હૈ, વહ સચ કહતા હૈ, તો સત્યવાદીસે ક્યા દ્વેષ કરના.'** જો સાચી વાત કહતે હૈ, મેરેમેં હો એ જરી ક્રોધાદિ વહ કહતે હૈ. મેરેમેં નહીં હૈ તો કહો તો અસત્યવાદી હૈ તો મુઝે ક્યા કરના? અને મેરેમેં જો દોષ ઈતના હૈ ઔર કહતે હૈ તો સત્યવાદીકો ક્યા દ્વેષ કરના? **'ક્યા દ્વેષ કરના. અથવા યે દોષ મુજમેં નહીં હુઆ વહ વૃથા કહતે હૈ, તો ઉસકે વૃથા કહનેસે ક્યા મૈં દોષી હો ગયા,...'** સમજમેં આયા? **'વૃથા કહનેસે ક્યા મૈં દોષી હો ગયા, બિલકુલ નહીં હુઆ. ઐસા જાનકર ક્રોધ છોડ ક્ષમાભાવ ધારણ કરના ચાહિયે.'** યહાં તો સ્વભાવકા શરણ લેના, પરકા આશ્રય છોડના વહ બાત હૈ. વહ તો સમાધાનકા અંદર ન્યાય દિયા હૈ. સમજમેં આયા?

**'અથવા યહ વિચારો કિ વહ મેરે મુંહકે આગે નહીં કહતા, લેકિન પીઠ પીછે કહતા હૈ,...'** પાછળ-પાછળ બોલે, એ આમ છે ને આમ છે, આમ છે. મોઢા આગળ કોઈ બોલ સકે નહીં. એટલો તો સારો છે બિચારો (કે) યહાં આકર બોલતે નહીં. સમજ્યાને? પણ એમ માને યહાં તો એમ કહતે હૈ. **'સો પીઠ પીછે તો રાજાઓંકો ભી બુરા કહતે હૈં, ઐસા જાનકર ઉસસે ક્ષમા કરના...'** રાજાઓંકો ભી બૂરા બોલતે હૈ. સમજમેં આયા? સમાધાનને માટે ઐસા લેના કિ હમારે ક્યા? મોટા-મોટા રાજાઓને લેતા નહીં? આ દિવાન મોટા હતા અહીંયાં, અનંતરાય. ભાવનગર દરબારના પટણી. પટણી સમજે? દિવાન દિવાન. પ્રજા વિરુદ્ધ પડી તો બળદ બનાયા. બળદમેં લિખા અનંતરાય બળદ. વહ ગુજર ગયે. આપણે યહાં આયા થા. શેઠ જબ આયે થે ન? હુકમીચંદ શેઠ આયે થે ઈસ મકાનકો ખોલનેકો, તબ યહાં આયા થા. અબ ગુજર ગયે. રૈયત પ્રતિકૂલ પડી. તો એક બનાયા બળદ બડા. ઉસમેં લિખા અનંતરાય. આ મોરારજીની ઠાઠડી કાઢી હતી ક્યાંક. અમદાવાદ નહીં? ઐસા સુના થા. ઐસા નેતામેં અનુકૂલ ન પડે તો... ...લાલજી! જીવતા ઠાઠડી. મરી ગયો, બાળી મૂક્યો. આ તો કોઈને દોષ હોય (અને કરે), અને ન હોય તોપણ કરે. સમજમેં આયા? મહામુનિયોંકા .. હૈ સંતોકા. આહા..હા..!

ઘાણીમેં પીલ ડાલે. ઘાણીમેં પીલે એ તે કોઈ દરકાર! આહા..હા..! ઉસકા પરિણામ કૈસે ચલે? ઘાણી. માથું મૂકે અંદર. આહા..હા..! તેલ નિકળે એમ લોહી નીચે. શાંત... શાંત... શાંત... અરે! ઉસકે પાસ લબ્ધિ હો. લબ્ધિ-લબ્ધિ. ..કી લબ્ધિ નહીં હૈ. ઉસકો નુકસાન પહુંચે ઐસી લબ્ધિ મેરેમેં હૈ, પણ ફોરના નહીં. શાંત... વહ ઈતની બડી ઘાણી હોતી હૈ ન ઘાણી? ક્યા કહતે હૈ ઉસકો? બડી. ઉસકે બીચમેં નાખે માથા. ઓલા તલ નાખેને તલ? ઓહો..! ઉસકી

કલ્પનામેં ઐસા આયા, મૈં ક્યા હૂં ઉસકી ખબર નહીં ઉસકો. મૈં કૌન હૂં? મૈં મુનિ હૂં, મૈં મોક્ષ અધિકારી હૂં, મૈં અલ્પ ભવમેં મોક્ષ જાનેવાલા હૂં. ઉસકો ખબર નહીં, ખબર નહીં. અજ્ઞાનીકા ઓરતા ક્યા? કહતે હૈ કિ નહીં આપણે? ઓરતા સમજે? અજ્ઞાનીકા અપરાધ. ઓરતો શું એટલે કે એને માટે, શું એની ભાષા? આપણા જેવી ભાષા નથી ગુજરાતી (જેવી). અજ્ઞાનીનો ઓરતો શું? એવી કાંઈક છે ભાષા! અજ્ઞાની એમ કે આમ કેમ કરે? એવા અજ્ઞાની માટે ઐસા ઓરતા ક્યા? અમારી કાઠિયાવાડી ભાષા બરાબર સરખી આની ચાહિયે ન? સમજમેં આયા? ઓહો..હો..!

'**સો પીઠ પીછે તો રાજાઓંકો ભી બૂરા કહતે હૈં, ઐસા જાનકર ઉસસે ક્ષમા કરના કિ પ્રત્યક્ષ તો મેરા માનભંગ નહીં કરતા હૈ,...**' લ્યો! પરોક્ષકી ક્યા બાત હૈ? હો, દુનિયામેં તો સબ ચલતે હૈ ખાનગી-ખાનગીમેં તો. વહ ભરત ચક્રવર્તીકે રાજમેં નહીં ચલતા થા? બાહર નીકલકર દેખનેમેં... તો ઓલા કહે, ભરત ચક્રવર્તીમેં ક્યા બલ હૈ? વહ તો મફતકા રાજ કરતા હૈ. સબ આપણા સાધન હૈ માટે હોં. ઉસમેં ક્યાં ઇતના બલ હૈ? રાત્રીકો નિકલતે થે ન ભરતચક્રવર્તી ફિરનેકો. તો એક માણસ ઐસી ચર્ચા કરતા થા ખાનગી. લો. તો ઉસકો બુલાયા કિ બલ ક્યા હૈ તુમ્હેં દેખના હૈ? સોનાની સાંકળી બનાવી. સાંકળી સમજતે હો? સાંકળી. છન્નું હજાર માણસ પકડ સકે ઐસી. છન્નું હજાર. સવેરમેં કહા, બાહર પાડ દિયા. ભરત ચક્રવર્તીકી એક અંગુલીમેં ઐસા ખટક હો ગયા હૈ તો આમ મુડતી નહીં હૈ. ઐસી હુઈ સીધી નહીં હોતી હૈ. ક્યા હુઆ? કોઈ કુછ કરો. વૈદો આયા ઐસે. સ્વયં મોડી બનાયી થી. પીછે કહે એક સોનાની સાંકળ બનાવો. એ પછી તમે આ જો મારી આંગળી સરખી હો જાયે તો સબકો સોના બાંટ દેના. છન્નું હજાર પકડે ઐસી બડી સાંકલ. બનાકર યહાં લગા દિયા. લગાકર ઉસને ખેંચા. ખેંચા અને ઉપરથી ઐસા કિયા... ભૂ.. બધા. ઐસે કર દિયા. બસ, ભૈયા! મેરી અંગુલી સરખી હો ગયી દેખો. મહારાજ! ક્યા કિયા? કપટ કિયા. તુમ કહતે થે ન કિ ઉસકો બલ નહીં. વહ તો હમારે સાહસસે રાજ કરતે હૈ. એકીલામેં કોઈ તાકાત નહીં. વહ તુમકો દિખાનેકે લિયે યહાં કિયા હૈ. દેખો! અંગુલી તો સરખી હૈ દેખો લો. સમજમેં આયા? ઐસે દુનિયા તો અનેક પ્રકારકી બોલતે હૈ.

રામચંદ્રજી માટે નહીં બોલતે થે પીછે? પીછે-પીછે બોલતે થે ન? સીતાજીકો ઘરમેં લાયે. કોને ખબર છે? ક્યા ખબર હૈ રાવણને ક્યા કિયા? અરે! મહાસતી સીતા. અરે! દોષ નિકાલા પ્રજાને, તુઝે વિચાર નહીં હુઆ. આહા..હા..! બ્રહ્મચારી સીતા. જેને રાવણ કલ્પનામાં નહીં. સમજમેં આયા? આહા..હા..! વહ બાત આતી હૈ. ભક્તિમેં, ભજનમેં હોં. વહ રાવણ કહતા હૈ કિ અરે મુઝે કિસી તરહ સીતાજી મિલે. તો કિસીને કહા કિ તુમ રામકા રૂપ લો. પણ

જહાં રામરૂપ લેતા હૂં મૈં રામરૂપ જહાં લેતા હૂં તબ સીતા મેરી માતા હો જાતી હૈ. આહા..હા..! મુઝે ક્યા હો જાતા હૈ? મૈં જબ રામરૂપ લેતા હૂં. મુઝે કિસીને કહા કિ સીતાજી પાસ હો જાયેગા. તુમ રામરૂપ લો. પણ મૈં રામરૂપ લેતા હૂં તો સીતાજી માતા દિખતી હૈ. આહા..હા..! સમજમેં આયા? એ ભજનમાં આવ્યું નહોતું તે દિ' ક્યાંક? શું હતું? રેડિયામાં આવ્યું હતું. રાવણ બોલે છે હોં. બહુ ભજન સારું હતું. સાંજે કોક લાવે. કોક લાવે ભજન.

રામકા રૂપ જબ લેતે મૈં હૂં તો મુઝે સીતા માતા દિખતી હૈ, મૈં ક્યા કરું? રામકા રૂપ છોડ દેતા હૂં તો મેરે કલ્પના સીતાજીકી આતી હૈ. ક્યા ઉપાય સીતાજીકા હૈ? અરે! આહા..હા..! સમજમેં આયા? પીછે કહા, સીતાજી રાવણકે ઘરે રહી, ક્યા હોગા? અરેરે! પ્રજાને આ શંકા! માતા સીતાજી જેવી માતા. જેને રામ સિવાય કલ્પના સપના ન મળે. સપનેમેં પતિ દૂસરા નહીં, કલ્પના નહીં. ઐસી સીતા કે લિયે પ્રજાજન ઐસી કલ્પના કરે. આહા..હા..! સમજમેં આયા? વહ તો અચ્છા કાલ થા કિ નહીં? ચૌથા કાલ થા. આ મહાસતી જેને કલ્પનામાં રાવણ શું ઈન્દ્ર ઉપરસે ઉતરે (તોપણ) કલ્પનામેં દૂસરા પતિ નહીં. હોય તો એક રામ દૂસરા મેરા કોઈ નહીં. એની પણ પ્રજાએ એ કાળમાં પણ ઐસા દોષ ખાનગી-ખાનગી નિકાલા. આહા..હા..!

રામચંદ્રજી કહે છે. .. અરે! મુજે રાજકા રાગ ટલતા નહીં અને રાજકા રાગ હૈ તો સીતાજીકો રખ સકતા નહીં. જો મુઝે રાજકા રાગ હૈ તો સીતાજીકો રખ સકતા નહીં ઔર સીતાજીકો રખું તો રાજકા રાગ મુઝે છોડના પડે. મુઝે રાજકા રાગ અભી છૂટતા નહીં. સીતાજીકો સજા દો. આહા..હા..! કાળાકેર છેને. દેખો! પુરુષોત્તમ પુરુષ. જેને ખાતરી છે હોં! કે એ મહાસતી છે. એની કલ્પનામાં રામ સિવાય બીજો નથી. અરે! દુનિયા લૌકિક લાઈનમાં પણ કિતની બાત! ખબર છે અંદરમાં કે બિલકુલ નથી કાંઈ એને. પણ લોક માટે મેરે રાજકા રાગ અને સ્ત્રીકા રાગ દોનોં નહીં પાલવે. નહીં પાલવે સમજે? ક્યા? દો નહીં રહ સકે. રાજકા રાગ હૈ તો સ્ત્રીકો છોડના પડે ઔર સ્ત્રીકો રખના હૈ તો રાજકા રાગ છોડના પડે. રાજ છોડનેકી મેરી તાકાત અભી હૈ નહીં. કારણકે હમ બલદેવ હૈ. હમ બલદેવ હૈ. હમારા પુણ્ય ઈતના હૈ. સમજમેં આયા? કિ ઉસકા પુણ્ય પૂરા હોગા તબ હમારા દેહ છૂટેગા. રાજકા રાગ નહીં છૂટતા હમારા. છોડ સ્ત્રીકો. આહા..હા..!

કહતે હૈ, ધર્માત્મા સીતાજીકો વહાં જંગલમેં છોડ દિયા. માતા! રથકા (સારથી કહતા હૈ), માતા! આ નોકરી નહીં, આ નોકરી નહીં. રોવે... રોવે... રોવે... આંખમાંથી (આંસુ ચાલ્યા જાય). માતા! આ નોકરી મુઝે નહીં. આ માતા જૈસી સીતા જંગલમેં છોડનેકા મેરે હાથસે અવસર. રોવે... રોવે... ભાઈ! શાંત થા ભાઈ! રામચંદ્રજીકો કહના, સીતાજીકો છોડા, ધર્મકો ન છોડે. જા ઈતના કહના. આહા..હા..! શાંતિકા શેરડા હૈ ન અંદર? જંગલમાં કોઈ ન મળે.

વાઘ અને વરુ વચમાં છોડી. ભાઈ! રામચંદ્રજીને કહજે હોં ભાઈ! મેરેકો ઉસને રાજકા રાગસે છોડા, ધર્મ ન છોડે હોં. આહા..હા..! આંખમેંસે આંસુ નિકલતા હૈ. ભાઈ! રામકો ઈતના કહેના. આહા..હા..! સમજમેં આયા?

કહતે હૈ, કોઈ પ્રત્યક્ષમેં ન કહે અને પરોક્ષમેં કહે (તો સમાધાન કરે કિ) મેરે સામને તો આકર નહીં કહતે હૈ. ઈતના કરકે સમાધાન કરના. પીઠ પીછે રાજા ભી કરતે હૈં.

**'અથવા કદાચિત્ કોઈ પ્રત્યક્ષ મૂંહ આગે દોષ કહે, તો તૂ યહ વિચાર કિ વચનમાત્રસે મેરે દોષ ગ્રહણ કરતા હૈ,...'** આહા..હા..! **'વચનમાત્રસે મેરે દોષ ગ્રહણ કરતા હૈ, શરીરકો તો બાધા નહીં કરતા, યહ ગુણ હૈ,...'** જોયું! **'ઐસા જાન ક્ષમા હી કર.'** વચનમાત્રથી કહે છે એમાં શું થયું? શરીરને લાકડી તો મારતો નથી, તલવાર તો મારતા નહીં ને? મારતે નહીં કહતે હૈ ન? મારતે નહીં. આહા..હા..! વાતની વાત સ્વભાવ સન્મુખ જા, બાકી છોડી દે બધું. આ તો વચ્ચે એક યુક્તિ સમાધાનની છે. **'અથવા જો કોઈ શરીરકો ભી બાધા કરે, તો તૂ ઐસા વિચાર, કિ મેરે પ્રાણ તો નહીં હરતા,...'** યહ તો મારતા હૈ, કાંઈ મારી તો નહીં ડાલતે હૈ? પ્રાણ તો નહીં હર લેતે. એ તો પીડા કરતે હૈ થોડી. **'તો તૂ ઐસા વિચાર કર, કિ મેરે પ્રાણ તો નહીં હરતા, યહ ગુણ હૈ.'**

**'જો કભી કોઈ પાપી પ્રાણ હી હર લે, તો યહ વિચાર કિ યે પ્રાણ તો વિનાશક હૈં, વિનાશીક વસ્તુકે ચલે જાનેકી ક્યા બાત હૈ. મેરા જ્ઞાનભાન તો અવિનશ્વર હૈ,...'** આહા..હા..! મેરા જ્ઞાન ભગવાન આત્મા તો અવિનશ્વર હૈ. .. પ્રાણ કૌન લે સકતે હૈ? શરીર પ્રાણ તો નાશવાન હૈ. વહ તો જાનેવાલા જાયેગા. લેનેવાલા આયા હૈ તો ભલે જાયે. સમજમેં આયા? **'ઉસકો તો કોઈ હર નહીં સકતા, ઈસને તો મેરે બાહ્ય પ્રાણ હર લિયે હૈ; પરંતુ ભેદાભેદરત્નત્રયકી ભાવનાકા વિનાશ નહીં કિયા.'** દેખો, ઓહો..હો..! મેરા ભગવાન આત્મા નિશ્ચયરત્નત્રય, મેરે સ્વભાવકી શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા ઔર દેવ-ગુરુ-શાસ્ત્રકી આરાધનાકા વિકલ્પ ભેદરત્નત્રય ... દેખો આયા હોં. જો મહાદુઃખ દેતે હૈ, ઐસા કરતે હૈ તો ભેદાભેદરત્નત્રયકી ભાવનાવાલા જીવ હૈ. .. ભેદાભેદરત્નત્રય હૈ. વિકલ્પ હૈ તો ભી ભેદાભેદરત્નત્રય હૈ. દુઃખ દેનેવાલા હૈ ઉસકા સમાધાન ભેદાભેદરત્નત્રય .. ઐસા નહીં. દોનોં સાથ એક સમયમેં હૈ. અભેદરત્નત્રય ભી હૈ ઔર ભેદ રત્નત્રય ભી હૈ. એમ કહતે હૈ મહાસિદ્ધાંત દેખો યહાં. મેરી દૃષ્ટિ મેરા સ્વરૂપકી હૈ, મેરા જ્ઞાન મેરા સ્વરૂપકા હૈ, લીન મેરે સ્વરપમેં હૂં ઔર વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા આદિકા રાગ હૈ વહ વ્યવહાર. તો નિશ્ચય અને વ્યવહાર, અભેદ અને ભેદ મેરે પાસ હૈ ઉસકો તો લૂંટ સકતે નહીં. **'ઐસા જાનકર સર્વથા હી ક્ષમા કરના ચાહિયે.'** લો. ઈતના ક્રમ બતાયા.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૩, રવિવાર, તા. ૧૫-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૮૭-૧૮૮, પ્રવચન-૧૯૭**

... સમજાણું કાંઈ? **'હે યોગી, તૂ જો વીતરાગ પરમ આનંદકે શત્રુ...'** આત્માનો સ્વભાવ વીતરાગ પરમાનંદ છે અને એને આશ્રયે થતી દશા એ વીતરાગ પરમાનંદરૂપ દશા છે. સમ્યગ્દર્શન દશા એ વીતરાગી પરમાનંદ દશા છે. એ દશાના વેરી-શત્રુઓ, ચાર ગતિના દુઃખ તે આનંદના વેરી બધા છે. આહા..હા..! ચાહે તો સ્વર્ગનો ભવ હોય, સમજાણું કાંઈ? ભાઈ ગયા લાલુભાઈ? ઠીક. યોગી શબ્દે એના શિષ્યને કહે છે, પણ બીજા આત્માઓનો એમાં ગર્ભિત સમાવેશ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ વીતરાગમૂર્તિ પ્રભુ આત્માનું સ્વરૂપ એમાં જેનું જોડાણ થયું છે, વર્તમાન વીતરાગ પરિણતિ દ્વારા જેણે ત્રિકાળી વીતરાગ પરમાનંદમાં જોડાણ કર્યું છે, યોગ કર્યો છે એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું હવે. બહારના બધા ઠાઠ-માઠ. હવે ગજરથ કરે મોટા, દશ-દશ લાખ માણસ ભેગા થાય. હવે એને આ કહે કે એ બધો ધર્મ નહિ. આકરું પડેને બિચારાને. માર્ગ તો એ છે કહે છે.

પરમાત્મસ્વરૂપ વીતરાગ પરમાનંદની મૂર્તિ પ્રભુ છે એનો આશ્રય કરતાં વીતરાગી પરમાનંદ દશા પ્રગટ થાય. એનાથી વેરી, એ ચાર ગતિની દશાઓ દુઃખરૂપ એ આનંદથી વેરી દશા છે બધી શત્રુ. આહા..હા..! ચાહે તો શેઠાઈની દશા મળે, અબજોપતિ, કરોડોપતિ કે રાજા થાય કે મોટા દેવ થાય, પરમાનંદસ્વરૂપ ભગવાન એને આશ્રયે થતી વીતરાગી પરમાનંદ દશા એનાથી એ બધા ચાર ગતિના દુઃખો વેરી, શત્રુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ **'ચાર ગતિયોંકે દુઃખ ઉનસે ડર ગયા હૈ,...'** જો તને એનો ભય થયો હોય, પ્રભુ! આહા..હા..! બહુ ટૂંકામાં (કહે છે). આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનાથી વિરુદ્ધ ચાર ગતિના દુઃખો. આ દેવના ઈન્દ્રાણીના (સુખો) અને ઈન્દ્રના (સુખો), એ સુખ એ દુઃખ છે એમ કહે છે. આહા..હા..! આ તો શરીર ધાનનું ઢીંગલું છે. જેને ધાન નથી, જેને કંઠે હજારો વર્ષે અમૃત નીકળે. એવા દેવ અને દેવીઓ, ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓ, એના સુખ એ આત્માની શાંતિના વેરી છે. આહા..હા..! કહો, કપુરભાઈ! બહુ ટૂંકું કહ્યું. જે ભાવથી સ્વર્ગ મળે એ ભાવ આત્માના વીતરાગી આનંદથી વેરી, એનો બંધ પડે પ્રકૃતિ એ વેરી અને એનું ફળ આવ એ વેરી. આહા..હા..! એ જે ચાર ગતિના દુઃખો... પ્રભુ! પણ આ દુનિયા સુખી કહે છેને આ

પૈસાવાળાને. રાજાઓ સુખી. શરીર જેની સુંદર દશા. આ સુંદર શરીર અને સુંદર સામગ્રી. આહા..હા..!

મણિભાઈ ગયા નહિ? કાલે આવ્યા હતાને. ગયા. રસીકભાઈના બનેવી કાલે આવ્યા હતાને. પાલિતાણા ગયા? ગયા હશે. કાલે આવ્યા હતા અહીંયાં. શાંતાબેનના બનેવીના બનેવી છે. પૈસા પાંચ કરોડ રૂપિયા. કાલે આવ્યા હતા. એને ત્યાં આહાર કરવા ગયા હતાને પોર. પોરને? ત્યાં એના મકાનમાં જુઓ તો મખમલ પાથરેલા. કાલે આવ્યા હતા. કાલે એનો આહાર હતો. અહીંયા આવે તો સાંભળવા આવે. પણ હવે ઓલા પૈસા એટલા બધા ને. પાંચ કરોડ તો રૂપિયા. મોટી પેદાશ છે પરદેશમાં. આફ્રિકામાં મોટી દુકાન છે. અને આમ બધે પગલા કરાવ્યા. બધે મખમલ પાથરેલા. લગભગ પાંચ લાખની તો સામગ્રી હશે એ ફર્નિચર ને ઈ. અરરર! મેં કીધું, અરેરે! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે ભારે.

તે દિ' ભાઈ ત્યાં ગયા હતાને. ઓલા વિજયકુમારને જોવા ગયા હતા. એની પાસે દર્શન દેવા. એક વિજયકુમાર હતોને. ગુનાનો ક્યાંકનો છે. બહુ છોકરો (હોંશિયાર). અહીંનો બહુ રસ એને. જુવાન છોકરો પરણેલો, વર્ષનું લગન. ઓલાને કાંઈક ભાણેજ... ઈંદોરમાં નહિ આપણે પ્રકાશ? પાંડ્યા. પ્રકાશ પાંડ્યા એની બહેનની દીકરી. બાર મહિનાનું પરણેતર. કાંઈક કીડનીનું શું કહેવાય? કીડની. છોકરો એવો. સાંજે આહાર આને ત્યાં હતો મણિભાઈને ત્યાં. એનાથી આઘું મકાન હતું દર્શન દેવા (ગયા તે). છેટે બહુ હતું. આનું બહુ છેટે. તાતાનું. જમશેદપુરના તાતાનું છે મોટું કારખાનું. એમાં એ નોકર છે. નાની ઉંમર ૨૫-૨૭ વર્ષની. આહા..હા..! કિડનીનો વ્યાધિ. પછી અહીં દર્શન કરવા આવ્યો હતો પાછો. બીજને દિ' ત્યાં દાદર. પછી કિડનીનું કર્યું ઓલું શું કહેવાય? ઓપરેશન. એની માએ કિડની આપી એક. લાગુ ન પડી. મરી ગયો છોકરો. જોવા ત્યાં ગયા હતા. દર્શન દેવા. બિચારાને બહુ લાગણી. છોકરો બહુ નરમ હતો. અહીં પંદર-પંદર દિ' રહી ગયો હતો, મહિનો-મહિનો. પરણ્યા પહેલા અને પરણ્યા પછી. ઉડી ગયો એક ક્ષણમાં. એને ત્યાં આ ભાળ્યું ભાઈ! પાંચ લાખની આ બધી સામગ્રી. અરરર! આ બધા. બાપુ! ક્યાંય સુખ નથી ભાઈ! એના તરફના વલણનો ભાવ એ આત્માના આનંદનો શત્રુ છે. આહા..હા..!

ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ અતીન્દ્રિય અનાકુળ શાંતરસનો કંદ છે પ્રભુ. આહા..હા..! એનાથી આ બધા ભોગના અને સામગ્રીના ને, શું કીધું ઈ? ફર્નિચર. આહા..હા..! પાંચ લાખનું તો ફર્નિચર હશે. પાટણી! કાલે આવ્યા હતાને ભાઈ. આપણે બહેન શાંતાબહેન છેને? એના બનેવી છે રાજકોટ, એના બનેવી છે એ. આવ્યા હતા બિચારા કાલે. આવે. પણ બહારના ભભકામાં મારી નાખ્યા જગતને. પોપટભાઈ! આહા..હા..!

અહીં કહે છે કે **નરકમાં દુઃખ, પશુમાં દુઃખ, મનુષ્યમાં દુઃખ,** દેવમાં દુઃખ. આહા..હા..! ચાર ગતિ તો દુઃખ(રૂપ) છે, એ ભવમાં દુઃખ છે. એ દુઃખનો તને (ભય લાગ્યો હોય), આનંદસ્વરૂપ ભગવાન એનો શત્રુ છે ઈ, એનો જો તને ડર લાગ્યો હોય. આહા..હા..! દુનિયાની દુનિયા જાણે. આહા..હા..! કહો, માણેકલાલભાઈ! લ્યો એને હમણા વ્યાધિ થયો છે. જુઓને મોઢું થઈ ગયું છે ઓલું. એ જડ શરીર છે આ તો. આહા..હા..! જો તને ડર લાગ્યો હોય. છે? આ એની શરત છે. ચાર ગતિના દુઃખોનો ડર લાગ્યો હોય, દુઃખ લાગ્યું હોય તને અને એનો ડર લાગ્યો હોય. અરેરે! ક્યાં જઈશ? શું થશે? દેહ છૂટીને ક્યાં અવતાર (થશે)? ભવસિંધુ–ભવનો મોટો દરિયો. ચોર્યાશી લાખ યોનિના અનંત અવતાર. એ બધા દુઃખના દરિયામાં ડૂબકી મારવી છે. આહા..હા..! એનો તને જો ડર લાગ્યો હોય. આહા..હા..!

'**તો તૂ નિશ્ચિંત હોકર...**' બધી ચિંતા છોડી દે. થાવું હોય એ થાય, શરીરનું, વાણીનું અને જગતનું. આહા..હા..! '**નિશ્ચિંત હોકર પરલોકકા સાધન કર,...**' આત્માનું સાધન કર. આહા..હા..! આત્માનો આસ્તિક થઈને આત્માનું સાધન કર. આહા..હા..! એ બધું આસ્તિકપણું આનું છે એ છોડી દે. એમાં સુખ છે અને સ્વર્ગગતિમાં આ છે. આહા..હા..! આ મનુષ્ય ગતિને દુઃખની કીધી. હવે એ મનુષ્યગતિ ધર્મનું સાધન? મોક્ષના ધર્મનું સાધન લ્યો! આહા..હા..! એ મનુષ્યપણાનું લક્ષ કરતાં પણ દુઃખ થાય છે તને, કહે છે. કારણ કે એ પરવસ્તુ છે. આહા..હા..! એવા દુઃખના ડુંગરે ડોલી રહ્યો છે અનંતકાળથી. આહા..હા..! ભગવાન! તને એકવાર જો દુઃખનો ડર લાગે (તો) આનું સાધન કરને પ્રભુનું. એમ કહે છે. આહા..હા..! છે?

'**નિશ્ચિંત હોકર પરલોકકા સાધન કર,...**' આહા..હા..! પરલોક નામ આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું સાધન કર. એ પરલોકનું સાધન છે. આહા..હા..! આ લોક ને પરલોક ને ચિંતામાં આવે છેને સાત ભયમાં? એ બધો પરલોક છે, એ બધો પર છે. એ નહીં. એનાથી (આત્માથી જુદો) આ છે ઈ પરલોક છે. આહા..હા..! જાણનારને જાણ, જોનારને જો, દેખનારને દેખ, રમણ કરનારમાં રમણ કર. આહા..હા..! દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની વ્યાખ્યા થઈ. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ભગવાન પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદમાં ઠરે તે આત્મા. એને સ્વસમય કહીએને? બીજી ગાથા કીધીને. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' સ્વસમય એટલે આત્મા. અને રાગમાં સ્થિર થાય તે અણાત્મા જડ છે. આહા..હા..! રાગ એટલે ચાહે તો શુભ હો, એ અજીવ છે, અશુચિ છે, દુઃખરૂપ છે. આહા..હા..! એવા દુઃખનો તને જો ડર લાગે તો ભગવાન પાસે જા. ત્યાં તને આનંદ મળશે. સમજાણું કાંઈ?

ભગવાન એટલે આ આત્મા હોં. ભગ નામ અનંત આનંદ અને દર્શન આનંદની લક્ષ્મીવાન પ્રભુ છે એ. આ બધા લક્ષ્મીવાળા કરોડપતિ, અબજપતિ એ તો બધા ધૂળના પતિ. આ

તો અનંત લક્ષ્મીનો પતિ પ્રભુ છે. આહા..હા..! ભગવાન—ભગ નામ આનંદ અને જ્ઞાન અને શાંતિ એવી લક્ષ્મી, એનો વાન એટલે એનું સ્વરૂપ છે ઈ. એની ચિંતા કરને હવે. આહા..હા..! એનું સાધન કરને એમ કહે છે. સમજાણું કાંઈ?

'ક્યોંકિ...' '**तिलतुषमात्रमपि शल्यं**' શું કહે છે? એ '**તિલકે ભૂસે માત્ર ભી શલ્ય...**' તલ-તલ એનું ભૂસું ઉપર. એના એક અંશરૂપી શલ્ય '**મનકો વેદના નિશ્ચયસે કરતી હૈ.**' આહા..હા..! સૂક્ષ્મ રાગમાત્રની ભાવના અંદર છે. એ મનને પીડા, દુઃખ (કરે છે). ઘા મારે છે એમ કહે છે. ચાહે તો શુભ-અશુભ વિકલ્પ હો, સૂક્ષ્મ શુભ વિકલ્પ હો. આહા..હા..! કે ભગવાન પૂર્ણાનંદ છે વસ્તુ અને એમાં અનંત આનંદ છે એવા ગુણી-ગુણના ભેદનો વિકલ્પ સૂક્ષ્મ શલ્ય છે કહે છે. આહા..હા..! એ સૂક્ષ્મ '**તિલકે ભૂસે માત્ર ભી શલ્ય મનકો વેદના...**' આહા..હા..! શું કહેવા માગે છે? મનના સંબંધે થતો સૂક્ષ્મ રાગ એ પણ શલ્ય છે કહે છે. આહા..હા..! પીડા આપે છે. દાખલો આપશે. સમજાણું કાંઈ? વ્યવહારનો રાગ એ મનનું દુઃખ છે એમ કહે છે અને શલ્ય છે ઈ કે આ મને લાભ કરશે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રભુ એને છોડીને જેટલો વિકલ્પ શુભરાગ હો, પણ એ શલ્ય છે, એનાથી મને લાભ થશે એ મોટું શલ્ય છે. આહા..હા..! એ શલ્ય તને દુઃખ કરશે. સમજાણું? કોની પેઠે? '**નિશ્ચયસે...**' ખુલાસો કરશે અંદર. '**तिलतुषमात्रमपि शल्यं वेयण करइ अवस्स**' આહા..હા..!

'**ભાવાર્થ :- ચિંતા રહિત આત્મ-જ્ઞાનસે ઉલટે જો વિષય કષાય...**' જેટલો પરને આશ્રયે થતા વિકલ્પો એ બધા વિષય-કષાય છે. આહા..હા..! ચિંતા રહિત.. ભગવાન તો એ વિકલ્પરહિત છે. અંદર નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ છે. એવી વિકલ્પની ચિંતારહિત આત્મા. આહા..હા..! એવા '**ચિંતા રહિત આત્મ-જ્ઞાનસે ઉલટે...**' શું કીધું એ? વિકલ્પ રહિત આત્મજ્ઞાન, એનાથી ઉલટું. એ શૈલી છેને. જયસેનાચાર્યની શૈલી એ છે. એ શૈલી આમાં લીધી છે. જે કાંઈ કહેવું હોય કે રાગ એ કેવો? કે આત્માના સ્વભાવથી વિરુદ્ધ એવો જે રાગ. સમજાણું? આહા..હા..! એ આ એમ કહે છે. '**ચિંતા રહિત આત્મ-જ્ઞાનસે ઉલટે જો વિષય કષાય આદિ વિકલ્પ...**' આદિ નામ ભેદ પડે અંદરમાં એ પણ એક વિકલ્પ સૂક્ષ્મ શલ્ય છે, તે દુઃખ છે, મનને પીડા ઉપજાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ આકરો પડે માણસને. પણ માર્ગ બાપા! આ છે. આ કર્યે છૂટકો છે. બીજો કોઈ રસ્તો નથી. આહા..હા..! જેને સુખની પ્રાપ્તિ કરવી હોય એણે આવા વિકલ્પો (કે જે) દુઃખની જાળ એકલી છે એને છોડીને આત્માનું સાધન કરવું પડશે. આહા..હા..! આવી વાતું લ્યો હવે. છે?

'**વિષય કષાય આદિ વિકલ્પ...**' આદિ એટલે એ ગુણ-ગુણીનો ભેદ પડે એવો પણ

એ વિકલ્પ મનનો સંબંધ એ મનને પીડા કરનાર છે. આહા..હા..! **'ઉનકી ચિંતા કુછ ભી નહીં કરના. યહ ચિંતા દુઃખકા હી કારણ હૈ,...'** આહા..હા..! શરીરની ચિંતા, કુટુંબની ચિંતા, રળવાની ચિંતા, પાલન-પોષણ કરવું કુટુંબીનું એવી ચિંતા એ બધું દુઃખદાયક છે કહે છે. આહા..હા..! એને છોડીને. આહા..હા..! **'દુઃખકા હી કારણ હૈ,...'** હવે દાખલો આપે છે.

**'જૈસે બાણ આદિકી તૃણ પ્રમાણ ભી સલાઈ...'** બાણ વાગ્યું હોયને બાણ લોઢાનું. એટલો કણ રહી ગયો હોય લોઢાનો અંદર જો બાણનો શરીરમાં (તો) ઈ સડો કરે. આહા..હા..! આ બાણ વાગેને બાણ લોઢાનું. અને ઝીણો અંદર કટકો રહી જાય અને બાણ નીકળી જાય. એટલો જરી કટકો લોઢાનો. એ શલ્ય અંદર સડે. આહા..હા..! એમ કહે છે કે સૂક્ષ્મ વિકલ્પ જે છે, આહા..હા..! એ સડો છે, શલ્ય છે. આહા..હા..! એ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ મનને પીડા ઉપજાવે એવું શલ્ય છે કહે છે. આવું આકરું પડેને માણસને પછી... બાબુભાઈ! પછી બધા હા..હો..હા..હો.. કરે. આ વ્રત પાળો અને આ કરો, લોપ કરી નાખે છે. પ્રભુ! તું કહે ગમે તે રીતે હોં પણ માર્ગ તો બીજો નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો ચિંતા રહિત છે. એમ કહ્યુંને? ચૈતન્ય ચિંતા રહિત છે. ચૈતન્યમાં ચિંતાનો ત્રિકાળ અભાવ છે. કેમકે આસ્રવ અને ભાવબંધ એ ચિંતા એનો તો તત્ત્વ જ્ઞાયકમાં અભાવ છે. નહિતર એ તત્ત્વ જુદા હોઈ શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ચિંતાનો વિકલ્પ જે શુભનો હો, તોપણ એ રાગ અને આસ્રવ છે અને એ આસ્રવનો તો અભાવ સ્વભાવમાં છે. એ આસ્રવની ચિંતા છોડ અને ભગવાનમાં જાને અંદર ભાઈ! આહા..હા..! મૂકને દુનિયાની પડતી તારે.

**'ચિંતા દુઃખકા હી કારણ હૈ, જૈસે બાણ આદિકી...'** બાણ વાગ્યું હોય, લોઢું વાગ્યું હોય કાંઈક, આ શલ્ય રહી ગયું અંદર થોડું. ઉપર ચામડી આવી જાય, અંદર સડ રહી જાય. પછી સડે. સડી સડીને બહાર આવે. આહા..હા..! **'તૃણપ્રમાણ ભી સલાઈ મહા દુઃખકા કારણ હૈ,...'** આહા..હા..! **'જબ વહ શલ્ય નિકાલે, તભી સુખ હોતા હૈ.'** એમ જ્યારે રાગની ચિંતા છૂટે અને ભગવાન આત્માની એકાગ્રતા કરે ત્યારે દુઃખ છૂટે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો માખણની વાત છે છેલ્લી. પરમાત્મપ્રકાશ છેને? પરમાત્મપ્રકાશ છેને? એટલે પરમાત્મસ્વરૂપ પોતાનું છે એના સિવાય જેટલી ચિંતા તે દુઃખદાયક છે એમ કહે છે. આહા..હા..! આ ભગવાનની ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ બધો વિકલ્પ ચિંતા દુઃખરૂપ છે એમ કહે છે. આહા..હા..! આવે, ધર્મીને પણ એ શુભભાવ આવે, પણ છે દુઃખરૂપ. આહા..હા..! આવી વાતું આકરી બહુ. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એની ભક્તિ, વાત્સલ્યતા એ અશુભથી બચવા ભાવ આવે, અસ્થાનથી દૂર થવા તે ભાવ આવે, પણ છે તો દુઃખ.

આહા..હા..!

ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો રસકંદ... આહા..હા..! એવા ભગવાન આત્માનું સાધન કરને હવે કહે છે. આ બધા સાધનો બીજા વિકલ્પ આદિ છે... લ્યો અહીં તો સાધનને ના પાડે છે. વિકલ્પ આદિ વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. આહા..! શાસ્ત્રમાં કહ્યું છેને પંચાસ્તિકાયમાં ભિન્ન સાધ્ય-સાધનભાવ. ઘણે ઠેકાણે આવે છે. ભિન્ન સાધ્ય-સાધન. રાગ છે એ ભિન્ન વ્યવહાર અને એનું સાધ્ય છે નિશ્ચય ભિન્ન. પંચાસ્તિકાયમાં આવે છે, પરમાત્મપ્રકાશમાં આવે છે. એ શું કહેવાય? ઘણે ઠેકાણે આવે છે. ભિન્ન સાધ્ય-સાધન. ત્યાં વળગે છે ઈ. એ તો આરોપિત (કથન છે). વાસ્તવિક સાધન જેણે આત્માનું, આત્મા તરફના વલણનું પ્રગટ કર્યું છે એવા સાધનવાળાને રાગની જાત બંધની શું છે તેને આરોપિત કરીને સાધન કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! લખાણ એવા ઘણા છે. શું કહેવાય ઓલી ચોપડી નહિ? પુસ્તક નહિ બીજું? વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી આવે છેને. છ ઢાળા નહિ, આ બીજું પુસ્તક. ભૂલી ગયા. આત્માવલોકન નહિ. આ સાધુનું કરેલું નહિ? મુનિનું. તરંગિણી. તત્ત્વજ્ઞાન તરંગિણી, તત્ત્વજ્ઞાન તરંગિણી. એમાં આવે છે બહુ. તત્ત્વજ્ઞાન તરંગિણીમાં પણ આવે છે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય જુઓ. વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એવું આવે છે લ્યો! એ બીજી વાત છે. એ અંદર સ્વરૂપનું જેણે સાધન કર્યું છે, છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા જેને થઈ છે એને જે રાગ બાકી છે તેને સાધનનો આરોપ આપીને વ્યવહાર સાધન કીધું છે. આહા..હા..! એ રાગને સાધન કહી અને સાતમાની નિર્વિકલ્પ દશાને સાધ્ય કીધી છે. સાતમાની. પણ પહેલેથી રાગ સાધન અને નિશ્ચય સમ્યગ્દર્શન સાધ્ય એમ છે જ નહિ ક્યાંય. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જબ વહ શલ્ય નિકાલે, તભી સુખ હોતા હૈ.'** એમ ભગવાન આત્મામાંથી બધી ચિંતાઓના શુભના વિકલ્પો નીકળે ત્યારે એ સુખી થાય. આહા..હા..! ત્યારે એ સમ્યગ્દર્શન-જ્ઞાનને પામે. આહા..હા..! ૧૮૭ (થઈ).

૧૮૮. **'આગે મોક્ષકી ભી ચિંતા નહીં કરના,...'** ત્યાં લગી હવે. મોક્ષની ચિંતા કરશો તો એ રાગ છે. આહા..હા..! **'મોક્ષકી ભી ચિંતા નહીં કરના, ઐસા કહતે હૈં—'** લ્યો! ૧૮૮.

**૩૧૯) मोक्खु म चिंतहि जोइया मोक्खु ण चिंतिउ होइ।**
**जेण णिबद्धउ जीवडउ मोक्खु करेसइ सोइ।।१८८।।**

હે મુનિ, **'હે યોગી, અન્ય ચિંતાકી તો બાત ક્યા રહી,...'** **'मोक्षं मा चिंतय'** **'મોક્ષકી ભી ચિંતા મત કર,...'** આહા..હા..! પંચાધ્યાયીમાં તો એમ લીધું કે કોઈપણ અભિલાષા

તે મિથ્યાત્વભાવ છે. એવું લીધું છે. અભિલાષા, કોઈ પણ જાતની અભિલાષા એનાથી તું લાભ માને છે તો મિથ્યાત્વ છે એમ કહે છે. આહા..હા..! ત્યાં તો ત્યાં સુધી લીધું છે (કે) શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની ઈચ્છા-અભિલાષા, એ સમકિતીને છે શુદ્ધ આત્મતત્ત્વ (તો) એને અભિલાષા શેની? અને મિથ્યાદષ્ટિને નથી એને અભિલાષા શેની? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો મોક્ષ નથી એ જીવો મોક્ષની ઈચ્છા કરે તોપણ મોક્ષ દૂર થાય છે. આહા..હા..! મોક્ષની ઈચ્છા. દેવ-ગુરુ-શાસ્ત્રની ઈચ્છા, પ્રસંગ, સત્સંગ, ભક્તિ એ તો રાગ. આહા..હા..! આવી વાત. જગતને આકરું પડે. ભક્તિવાળાને મોક્ષ માનવા અને આ દયા, દાનના પરિણામથી મોક્ષ માનવું, બધી એક જાત છે. આહા..હા..!

અહીં તો કહે છે '**मोक्खु म चिंतहि जोइया**' મોક્ષની ચિંતા ન કર, પ્રભુ! આહા..હા..! યોગી કરીને કીધું છેને? શિષ્યને બોલાવ્યો છેને? પ્રભુ! તું યોગી છોને. ભગવાન આનંદના તરફના વલણવાળી તારી દશા એ પરની ચિંતા મોક્ષની પણ છોડી દે. આહા..હા..! છેલ્લી ગાથાઓ છેને. બસ, ૧૮૮, ૧૨ ને ૧૪ = ૨૬ રહી. ૨૧૪ છે. આહા..હા..! મોક્ષ '**चिंतितो न भवति**' મોક્ષની ચિંતાથી મોક્ષ નહિ થાય. આહા..હા..! સ્વરૂપમાં લીન થવાથી મોક્ષ થશે. આહા..હા..! આવું આકરું કામ લ્યો! ઓલા તો હજી (એમ માને કે) વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થશે. માટે પહેલા એમ ન માને એકાંત છે. એમ રાડું પાડે છે બધા. આહા..હા..! ઓલી જ્ઞાનમતિ છેને એના કોઈક ભાઈ આવ્યા હતા કહે છે અહીં. જ્ઞાનમતિ નથી એક ઓલી, દિલ્હી? જંબુદ્વીપ કરે છેને ... એ ચારેય અનુયોગનું કાઢે છેને છાપું. ચારેય અનુયોગનું નાખે બધું. બધામાં લાભ માને. ચરણાનુયોગમાં.. પણ એ તો કથન છે. એ અહીંને માટે એકાંત કહે છે. કારણ કે આ બધા આચરણો અમે કરીએ છીએ એ સાધન નહિ? આ સાધન ક્યાં છે? ધૂળમાંય સાધન નથી, ભાઈ! તને ખબર નથી. કહ્યું હતું તે દિ' મેં ત્યાં દિલ્હી. અભ્યાસ છે એને આ બધો. ગણિતનો ઘણો અભ્યાસ છે. અષ્ટસહસ્ત્રીનું સંસ્કૃત નાખેલું છે. અષ્ટસહસ્ત્રી સંસ્કૃતમાંથી હિન્દી કર્યું છે. એને અભ્યાસ છે. મંદિર છેને ત્યાં દર્શન કરવા ગયા. એને ખબર હતી કે આ અત્યારે આવશે. એટલે ત્રણ અર્જિકા બેઠા હતા અને બે સાધુ હતા. બિચારા બેય નરમ હતા. ગણિતની ભાષા બોલે બસ. કોઈ એકેય નહોતો માણસ. મારી પાસે પછી બધા શેઠ હતા શાહુજી ને બીજું કોણ? કૈલાસચંદજી. રમકડાવાળો. રમકડા નહિ? વેચે છે. કૈલાસચંદજી. એની વહુને પ્રેમ છે. અહીં આવે છે બિચારા. બધા હતા. ગણિતની વાતું કરે મોટી મોટી.

માતા! સમકિત જુદી ચીજ છે એટલું કહ્યું. શું કહીએ પણ એને બિચારાને? સાધુ બિચારા બેય નરમ હતા હોં. બરાબર આમ ધ્યાન રાખતા હતા. શું કહે છે? આ બધાને ભાવલિંગી સાધુ ઠરાવે. અરે બાપુ! એમાં નુકસાન છે, પ્રભુ! એ નુકસાનને પંથે જા, પછી લાભ થાય

એમ નહિ બને. એમ તારા આત્માને મનાવી દે અને દુનિયા માને એટલે કાંઈ અંદર વસ્તુ થશે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું તત્ત્વ ભગવાન ભિન્ન છે. એની સન્મુખ થઈને, સત્ મુખ થઈને, સત્‌ની મુખ-સત્‌મુખ થઈને અને પર્યાય અને રાગાદિથી વિમુખ થઈને સાધન કર તો થશે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સાધન છે. એ કોઈ વ્યક્તિને માટે નથી. પ્રભુ! નુકસાન થાશે તો તે જીવને તેના પરિણામનું ફળ આવશે. બીજાને કાંઈ એનું આવતું નથી. પણ વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ! તારા આત્માને માટે પણ આનંદનો નાથ એમાં નહિ જા ત્યાં સુધી તારું કલ્યાણ નહિ થાય. લાખ શાસ્ત્ર ભણ ને પઢને. અને શાસ્ત્ર બનાવે મોટા-મોટા લ્યોને, આહા..હા..! એથી શું થયું?

અહીં તો કહે છે કે મોક્ષની ચિંતા પણ છોડી દે. **'વાંછાકે ત્યાગસે હી હોતા હૈ,...'** વાંછાના ત્યાગથી મોક્ષ થાય છે, એ ચિંતાના અભાવથી મોક્ષ થાય છે. ચિંતાથી થાતો નથી. આહા..હા..! **'રાગાદિ ચિંતાજાલસે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી પ્રગટતા સહિત જો મોક્ષ હૈ,...'** આહા..હા..! જુઓ, મોક્ષની વ્યાખ્યા કરી. **'રાગાદિ ચિંતાજાલસે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી પ્રગટતા સહિત જો મોક્ષ હૈ,...'** જુઓ, આ મોક્ષ. સવારમાં આવ્યું હતુંને? અભવિ મોક્ષને શ્રદ્ધતો નથી. કેમકે શુદ્ધ જ્ઞાનમય આત્મા એને એ માનતો નથી અને મોક્ષમાં તો શુદ્ધ જ્ઞાનમય આત્મા જ રહે છે. સવારમાં આવ્યું હતુંને? શુદ્ધ જ્ઞાનમય એકલો જ્ઞાયક આત્મા. આહા..હા..! જેમાં કોઈ વિકલ્પ પણ નથી, ચિંતા નથી, કાંઈ નથી. સમાધિ આનંદ છે. એવો મોક્ષ, ચિંતાથી મોક્ષ નહિ મળે કહે છે. આહા..હા..! તો પછી વ્યવહાર સાધનથી નિશ્ચય થાય, મળે (એમ કેમ બને?) આમાં આવે કે નહિ? એ ચિંતા વિકલ્પ છે, ભાઈ! પ્રભુ! આ તો હિતના માર્ગ છે. આવું અનંત કાળે... આહા..હા..! માંડ એને મનુષ્યપણું મળ્યું, ક્ષયોપશમનો કાંઈક ભાગ આવ્યો છે. બહારથી નિગોદમાંથી નીકળીને ક્યાં આવ્યો છે અત્યારે! આહા..હા..! સમજાણું કાંઈ? પણ કોઈ કહે કે આ પંચમ આરાની વાત છે અને મોક્ષની ચિંતાને છોડવાની વાત કરો છો તમે? પંચમ આરાના સાધુ તો કહે છે આ.

મુમુક્ષુ :- મોક્ષની પર્યાય...

ઉત્તર :- એ મોક્ષસ્વરૂપ ભગવાન આત્મા છે. એના સન્મુખ થયો તો સમ્યગ્દષ્ટિ મોક્ષસ્વરૂપ જ છે. પર્યાયમાં મોક્ષ થશે પણ વસ્તુ તો મોક્ષ છે એમ ભાન છે અબદ્ધસ્પૃષ્ટ. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ છેને આત્મા? અને એને જે જાણે તે જૈનશાસનને જાણે એમ કહ્યું છે. વ્યવહારને

જાણે અને રાગવાળાને જાણે એ (જૈનશાસન છે એમ નથી કહ્યું). આત્માનું મોક્ષસ્વરૂપ, અબદ્ધસ્વરૂપનું અસ્તિત્વ જે છે એવા અસ્તિત્વને જે અનુભવે તેને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ અસ્તિ ગુણ છેને પાંચ? નથી આવતા? શમ, સંવેગ, નિર્વેગ, અનુકંપા અને આસ્થા. ખરેખર તો એ આસ્થાની વ્યાખ્યા આવી છે કે એ પરમ આનંદ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ પોતે હોં. પરમાત્માની અહીંયાં વાત નથી. આહા..હા..! એ કહ્યુંને અહીંયા.

'**કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકો પ્રગટતા સહિત...**' આ પ્રગટતાની વાત છે મોક્ષની અને વસ્તુ તરીકે કેવળ જ્ઞાનાદિ ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. એ પ્રગટ થયું ક્યાંથી? એ પિંડ વસ્તુમાંથી. આહા..હા..! આવી વ્યાખ્યા છે. કહો, ચીમનભાઈ! ચીમનભાઈ કહે, સવારમાં એવી વાત આવે છે કે આમ જરી એ વખતે જાણે.. ભગવાન! તું જુદો પડ્યો છેને, પ્રભુ! આહા..હા..! તને એની આસ્થાનો વિશ્વાસ નથી. આહા..હા..! તાવ આવ્યો હોય અને ક્વિનાઈન થોડી લે તો એની આસ્થા (છે કે). તાવ મટી જશે એનાથી. આહા..હા..! આવડો મોટો કોળિયો લે અને નાખે તો સલવાશે? એમ નહિ. એની આસ્થા છે કે એ બધું ઉતરી જશે. કાણું નાનું છે આનું. આમ મોટો આવો કોળિયો લે સારો લાડવો-બાડવો હોયને સરખો. અહીં શું થશે એની ખબર છે? કેટલું કાણું છે નાનું અને મોટું? આ નાખતા-નાખતા ક્યાંક સલવાઈ જશે કે નહિ? પણ એને વિશ્વાસ છે. નથી દેખાતું તોપણ એનો વિશ્વાસ! આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! તારી આસ્થાનો વિશ્વાસ તો એકવાર લાવ. તું મોક્ષસ્વરૂપ જ છો. આ ૩૨૦ ગાથામાં નથી આવ્યું? શક્તિના મોક્ષની વ્યાખ્યા નથી, અહીં તો વ્યક્તિના મોક્ષની વ્યાખ્યા છે. ૩૨૦માં આવે છે. જયસેનાચાર્યની ટીકામાં નહિ? બંધ-મોક્ષના પરિણામનો પણ આત્મા કર્તા નથી. મોક્ષ અને મોક્ષના કારણના પરિણામનો પણ પ્રભુ કર્તા નથી. જીવો બંધો ન મોક્ખો કરેહિ. આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનનો પિંડ પ્રભુ ધ્રુવ. એ ધ્રુવ એ વસ્તુ છે તે મોક્ષ અને મોક્ષના પરિણામને-પર્યાયને કેમ કરે ઈ? આહા..હા..! બંધ અને બંધના કારણ, મોક્ષ અને મોક્ષના કારણ જીવો ન કરેહિ. એને જીવ કહીએ. આહા..હા..! ગજબ છેને!

ધ્રુવ વસ્તુ જે પરમસ્વભાવભાવ એક સમયની પર્યાય એનું લક્ષ કરે છે, પણ એ પર્યાય પર્યાયનું લક્ષ નથી કરતી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! આખા જન્મ-મરણના અંતની વાત એ અલૌકિક છે! કોઈ બહારથી માની બેસે છે એમ એ વસ્તુ નથી, ભાઈ! આહા..હા..! એની આસ્થામાં, વસ્તુ જે છે પૂર્ણ આનંદસ્વરૂપ, જ્યાં બંધ અને મોક્ષના પરિણામ પણ જ્યાં નથી અને મોક્ષના કારણરૂપ માર્ગના પરિણામ પણ જ્યાં નથી. આહા..હા..! એવા ભગવાનની આસ્થા, એ આસ્થા છે પર્યાય, પણ એ પર્યાયમાં આસ્થા આવી કોની? પર્યાયની.. પર્યાયની નહિ, ત્રિકાળની. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ક્યાં મળે? બિચારાને

સાંભળવા મળે નહિ અને કંઈક કંઈક રોકાઈ જાય. એક તો સંસારના કામ આડે નવરાશ ન મળે. નવરો થાય અને મળે વાંચવા 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ભાવ ધર્મરુચિ હીન, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' બિચારો શું કરી શકે? એને જ પુણ્યના પરિણામ વ્યવહારની રુચિ છે. ૧૧મીમાં કીધું છેને? ભેદની તો અનાદિની રુચિ છે વ્યવહારની. અને પરસ્પર એ વાત પણ કરી રહ્યા છે. ગુરુ એ કહે અને શિષ્ય કહે, હા, માર્ગ એ બરાબર (છે). રાગથી જ થાય, વ્યવહારથી થાય, ભગવાનની ભક્તિથી થાય. એ કહેનાર કહે અને ઓલા સાંભળને રુચ્યું છે. આહા..હા..! 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મ રુચિ હીન.' ત્રિકાળી આનંદના નાથની રુચિનો જેને અભાવ. 'ઉપદેશક પણ તેહવા' એને ઉપદેશ એવા મળ્યા. 'શું કરે જીવ નવીન?' નવું શું કરે? અનંતકાળમાં કર્યા નથી એવું શું કરે? જે કર્યું છે તે એને સાંભળવાનું મળે છે અને એનું એ કરવાનું કહે છે એને. બાબુભાઈ! આહા..હા..! થોડું પણ પૂર્ણ સત્ય હોવું જોઈએ. શશીભાઈ! આહા..હા..! એ અહીં કહે છે જુઓ! આહા..હા..!

'**રાગાદિ ચિંતાજાલસે રહિત કેવલજ્ઞાનાદિ...**' એકલું જ્ઞાન-દર્શન-આનંદ એવા '**અનંતગુણોંકો...**' ગુણો નામ પ્રગટ પર્યાયની વાત છે હોં. ગુણોની પ્રગટતા છેને અહીંયાં? પર્યાયની વાત છે. વસ્તુ છે એ કેવળજ્ઞાન આદિ અનંતગુણનો-શક્તિનો પિંડ છે. છે? પણ મોક્ષ છે એ અનંતગુણની પ્રગટતા સહિત છે. પર્યાય છે ઈ. છે? '**અનંતગુણોંકો પ્રગટતા સહિત જો મોક્ષ હૈ, વહ ચિંતાકે ત્યાગસે હોતા હૈ.**' આહા..હા..! અનંત આનંદ અને અનંત જ્ઞાન, અનંત શાંતિ સમાધિ, સુખ એવી મોક્ષદશા એ ચિંતાના ત્યાગથી થાય છે, ચિંતાથી તે મોક્ષ થતો નથી. આહા..હા..! મોક્ષની ચિંતાથી મોક્ષ થતો નથી તો વ્યવહારથી મોક્ષ થાય (એ કેમ બને)? આહા..હા..! ..ભાઈ ગયા? આની સાથે ગયા હશે. સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી પડે માણસને. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! એની તને આસ્થા પહેલી (થવી જોઈએ).

જે વસ્તુ અસ્તિત્વપણે પરિપૂર્ણ છે, પરિપૂર્ણ બાદશાહ ભગવાન આનંદનો નાથ છે એની પર્યાયની પાછળ આખું તત્ત્વ છે. અને તારી રમતું બધી એક સમયની પર્યાયમાં અનાદિથી રમતું છે. એથી પર્યાયના અંશની પાછળ આખું તત્ત્વ છે એનો તને ભરોસો, ભાવ આવતો નથી. અને એ ભાવના ભાસન વિના, ભાસન નામ જ્ઞાન, આહા..હા..! સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થતું નથી. આ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ચિંતાકે ત્યાગસે હોતા હૈ. યહી કહતે હૈં—જિન મિથ્યાત્વ-રાગાદિ-ચિંતા-જાલોંસે ઉપાર્જન કિયે કર્મોંસે...**' આહા..હા..! રાગથી ધર્મ થશે, વિકલ્પથી ધર્મ થશે એવો જે મિથ્યાત્વભાવ. આહા..હા..! '**મિથ્યાત્વ-રાગાદિ-ચિંતા...**' આહા..હા..! એનાથી '**ઉપાર્જન**

**કિયે કર્મોંસે યહ જીવ બંધા હુઆ હૈ,...'** એવા કર્મથી બંધાયેલો છે. ચિંતાથી ઉત્પન્ન થયેલું બંધન એનાથી બંધાયેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખરેખર તો ચિંતા છે એ ભાવબંધ છે અને તેનું નિમિત્ત પામીને કર્મ બંધાય એ જડબંધ છે, દ્રવ્યબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**બંધા હુઆ હૈ,...**' આહા..હા..!

'**વે કર્મ હી (કર્મક્ષય) શુભાશુભ વિકલ્પકે સમૂહસે રહિત...**' આહા..હા..! '**જો શુદ્ધાત્મતત્ત્વકા સ્વરૂપ ઉસમેં લીન હુએ...**' આહા..હા..! શુભ-અશુભ વિકલ્પના સમૂહથી રહિત. અશુભ તો ઠીક, પણ શુભના વિકલ્પથી (પણ) રહિત. આહા..હા..! દયા, દાન, ભક્તિ, પૂજા, એ બધો રાગ છે. આહા..હા..! અરે..! આવું બેસવું! '**શુભાશુભ વિકલ્પકે સમૂહસે રહિત શુદ્ધાત્મતત્ત્વકા સ્વરૂપ ઉસમેં લીન હુએ...**' જે શુભ-અશુભ વિકલ્પ છે એનાથી રહિત શુદ્ધાત્મતત્ત્વના સ્વરૂપમાં લીન થયા. આહા..હા..! એ '**પરમયોગિયોંકો મોક્ષ કરેંગે.**' એ સંતોનો, આ સંતોનો મોક્ષ થશે. આહા..હા..! શુભાશુભ વિકલ્પથી રહિત થઈ અને શુદ્ધ ચૈતન્યની રમતમાં રમશે એવા સંતોનો મોક્ષ થશે. વ્યવહારવાળાનો મોક્ષ થશે નહિ. આહા..હા..! વ્યવહારનો નિષેધ આવ્યો આમાં. એ તો સવારમાં અધિકાર ચાલે છેને. આહા..હા..! લ્યો! '**પરમયોગિયોંકો મોક્ષ કરેગેં.**'

'**ભાવાર્થ :- વહ ચિંતાકા ત્યાગ હી તુઝકો નિઃસંદેહ મોક્ષ કરેગા.**' આહા..હા..! મોક્ષના વિકલ્પની ચિંતાનો પણ ત્યાગ. આહા..હા..! નિઃસંદેહ તારી દશામાં મોક્ષ થશે. આહા..હા..! ચિંતાનો ત્યાગ સમજાવ્યું છે, બાકી અહીં સ્થિર થાય છે એટલે ચિંતાની ઉત્પત્તિ થતી નથી એ ચિંતાનો ત્યાગ કહેવામાં આવે છે. વાસ્તવિક તો આમ છે, પણ સમજાવાની શૈલી શું કરવી? ચિંતા મોક્ષની છોડ. તો આ ચિંતા છે એ છોડું એમ છે? આહા..હા..! વસ્તુના સ્વરૂપમાં ઠરતાં ચિંતા છૂટી જાય છે, ઉત્પન્ન થતી નથી. એ ચિંતાને છોડવાથી તારી દશા મોક્ષને પામશે એમ કહે છે. આહા..હા..! લુખ્ખી વાતું છે આ વીતરાગભાવની. રાગમાં ચીકાશ, મીઠાશ આવે.

છ ઢાળા વંચાય છેને. છ ઢાળા નહિ, એ તમારી છ ઢાળા એ નહિ. ઢાળ સાગર આવે છે. ઢાળ સાગર એક ગ્રંથ આવે છે. એમાં રાવણ અને રામનું મોટું.. એ લોકો અષાઢ સુદ પુનમથી બપોરે વાંચે. માણસ ભેગા થાય. સવારે શાસ્ત્રનું વ્યાખ્યાન અને બપોરે આ. ઢાળ સાગર છે એક. પણ એવી વાત મૂકેને એમાં કે કાલે રામ રાવણને મારશે. એમ કરીને છોડે એટલે બીજે દિ' બહુ માણસો સાંભળવા આવે. અષાઢ સુદ પૂનમથી તે ભાદરવા સુદ પાંચમ સુધી એ વાંચે. ૭૦ની સાલની વાત છે. તે દિ' દીક્ષા થઈને. તે દિ' નાની ઉંમર અને કંઠ મીઠો એટલે કહેવા આવ્યો એક ભાવસાર. રતનશી ભાવસાર. મહારાજ! આપ વાંચવા આવોને. બહુ માણસો ભેગા થાય છે. શું છે પણ બાપુ! એમાં તો વિકથા છે બધી. આ રાવણ અને

રામ ભેગો, લક્ષ્મણને માર્યું બાણ ને પછી મૂર્છા આવી ગઈ. લક્ષ્મણને મૂર્છા આવી એમ આવે છેને? રાવણે બાણ માર્યું તો મૂર્છા આવી ગઈ. પછી રામચંદ્રજી કહે છે, અરે! આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને જાશું એકાએક. રામ, સીતા અને લક્ષ્મણ ત્રણ આવ્યા (હતા). સીતા તો (રાવણ) લઈ ગયો. આ તમે પડ્યા મૂર્છામાં. 'માતાજી ખબરું પૂછશે.' માતા પૂછશે ભાઈ શું થયું? શું ખબર દઈશ? એ લોકો એવું જોડાણ (કરે). લોકો આમ રાજી રાજી થઈ જાય સાંભળનાર. આહા..હા..! એવી વાતું એમ મૂકે કે આ રીતે રાવણ આવ્યા છે. હવે એ રાવણે મારી એ મૂર્છા, એ મૂર્છા ઉતરી જાય છે. ઉતરીને 'ક્યાં ગયો રાવણ?' એમ બોલે છે. હવે રાવણને કાલે મારશે એટલે એટલું મૂકીને કાલે બપોરે આવે માણસ એમ. મહારાજ! વાંચવા આવોને. મેં કીધું, ભાઈ! આ બધી વિકથાઓ છે બાપુ! કહે, તમારા ગુરુ વાંચે છેને. ગુરુ વાંચે તોપણ શું? કીધું. આ તો ૭૦ની વાત. જેમાં આત્માનો વૈરાગ્ય નથી એવી વાત શું આ બધી? દુનિયાને રાજી રાખીને ભેગા કરવા. આહા..હા..! અહીં તો મોક્ષની ચિંતાનો ત્યાગ (કહે છે). આહા..હા..! એવી વિકથાઓ આણે આમ કર્યું ને આણે આમ કર્યું. આહા..હા..! લ્યો!

'**અનંત જ્ઞાનાદિ ગુણોંકી પ્રગટતા વહ મોક્ષ હૈ.**' ભાવાર્થ. પર્યાય છેને? અનંત જ્ઞાનાદિ ગુણ જે શક્તિરૂપ હતા એની પર્યાયમાં પ્રગટતા એનું નામ મોક્ષ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' શ્રીમદ્‌માં આવે છેને. 'તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' નિર્ગ્રંથ માર્ગ વીતરાગે આ સમજાવ્યું છે. આહા..હા..! '**ગુણોંકી પ્રગટતા વહ મોક્ષ હૈ. યદ્યપિ વિકલ્પ સહિત જો પ્રથમ અવસ્થા ઉસમેં વિષય કષાયાદિ ખોટે ધ્યાનકે નિવારણ કરનેકે લિયે ઔર મોક્ષ-માર્ગમેં પરિણામ દૃઢ કરનેકે લિયે જ્ઞાનીજન ઐસી ભાવના કરતે હૈં,...**' જોયું! આવી ભાવના કરે. એ કુંદકુંદાચાર્ય મૂકે છે. કુંદકુંદાચાર્યની ભક્તિ છેને? કુંદકુંદાચાર્ય કૃત પ્રાકૃત સિદ્ધભક્તિ છે. સિદ્ધભક્તિનો શ્લોક છે. જુઓ, '**મોક્ષમાર્ગમેં પરિણામ દૃઢ કરનેકે લિયે જ્ઞાનીજન ઐસી ભાવના કરતે હૈં, કિ ચતુર્ગતિકે દુઃખોંકા ક્ષય હો,...**'

''**दुक्खक्खओ कम्मक्खओ**' આ કુંદકુંદાચાર્યનું છે હોં. '**बोहिलाहो**' જ્ઞાનનો લાભ થાવ. આહા..હા..! '**પંચમગતિમેં ગમન હો,...**' છેને? '**सुगईगमणं**' '**सुगई**', એ '**सुगई**' છે મોક્ષ. બાકી '**सुगई**' છે નહિ. ચાર ગતિ દુર્ગતિ છે. '**सुगईगमणं**' અમને સુગતિનું ગમન થાઓ. આહા..હા..! '**સમાધિ મરણ હો,...**' દેહ છૂટતા આનંદની લહેરમાં દેહ છૂટે. આહા..હા..! સમાધિ-સમાધિ. આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત સમાધિ. કહ્યું હતુંને એક ફેરી? સમાધિ. વ્યાધિ, આધિ, ઉપાધિ, સમાધિ. એ ત્રણેમાં આધિ-આધિ છે. એક તો મનના વિકલ્પ, સંકલ્પ-વિકલ્પ એ આધિ. આધિ. વ્યાધિ. વિ-વિશેષણ... વ્યાધિ. ઉપાધિ-ઉપ સમીપે જે બધી સામગ્રી એ બધી ઉપાધિ. એનાથી

રહિત સમ-આધિ. બધામાં આધિ આવ્યું. સમજાણું કાંઈ? આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત સમાધિ. લોગસ્સમાં આવે છે. સમાહિવરમુત્તં દિંતુ. લોગસ્સમાં આવે છે. આહા..હા..! આ ભાવના કરે છે હોં! શું?

**'સમાધિમરણ હો,...'** આનંદની લહેરમાં, અનુભવમાં દેહ છૂટો. આહા..હા..! સમજાણું કાંઈ? ભલે વિકલ્પ હો કદાચિત્, પણ સમાધિમરણ હો. નિર્વિકલ્પ અનુભવમાં હો અને કદાચિત્ વિકલ્પ પણ હોય, પણ મરણ સમાધિ શાંતિ... શાંતિ... શાંતિ... જેણે સમાધિમરણના સાધન કર્યા છે તેને સમાધિ થશે. સમજાણું કાંઈ? આવી ભાવના કરે. **'ઔર જિનરાજકે ગુણોંકી સંપત્તિ મુઝકો હો.'** સર્વજ્ઞ ભગવાનને જેટલા ગુણોની પર્યાય પ્રગટ થઈ છે એ મને પ્રગટ થાઓ, મને એ મળો. આહા..હા..! છેને પાઠ? **'समाहिमरणं जिणगुणसंपत्ति'** જિન વીતરાગ ગુણની પર્યાયની સંપત્તિ એ સંપદા મને હો. આહા..હા..! આ લખે છેને સવારમાં વાણિયા. લાભ સવાયા. અભયકુમારની બુદ્ધિ હજો, શાળીભદ્રની ૠદ્ધિ હજો. અભયકુમારની. શાળીભદ્રની ૠદ્ધિ હજો. અહીં કહે છે કે અમારી આત્મૠદ્ધિ હજો અમને. આહા..હા..! ભગવાનના ગુણો જે પર્યાયમાં પ્રગટ્યા એ અમને હજો. આ ચોપડાના નામા આ છે. આહા..હા..! ચોપડામાં લખે છેને.

**'યહ ભાવના ચૌથે, પાંચવે, છઠ્ઠે ગુણસ્થાનમેં કરના યોગ્ય હૈ,...'** જોયું! ચોથે, પાંચમે અને છઠ્ઠે. **'કરના યોગ્ય હૈ, તો ભી ઉપરકે ગુણસ્થાનોંમેં વીતરાગ નિર્વિકલ્પસમાધિકે સમય નહીં હોતી.'** એ ભાવના સાતમા પછી હોતી નથી. ચોથે, પાંચમે, છઠ્ઠા સુધી આ ભાવના હોય. મારું મન આમ થાઓ.. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૪, સોમવાર, તા. ૧૬-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૮૮, પ્રવચન-૧૯૮**

... પરમાત્મપ્રકાશ. દૂસરે અધ્યાયકી ૧૮૮વી ગાથા. **'આગે મોક્ષકી ભી ચિંતા નહીં કરના, ઐસા કહતે હૈં—'**

૩૧૯) मोक्खु म चिंतहि जोइया मोक्खु ण चिंतिउ होइ।
जेण णिबद्धउ जीवडउ मोक्खु करेसइ सोइ।।१८८।।

**'હે યોગી, અન્ય ચિંતાકી તો બાત ક્યા રહી,...'** દયા, દાન આદિ શુભરાગસે તો મુક્તિ નહીં હોતી હૈ. અશુભ પરિણામ પાપકા ઉસકી તો બાત ક્યાં રહી? પણ મોક્ષકી ચિંતા કરનેસે ચિંતાસે ઉપાર્જન કિયા જો કર્મ, પૂર્વે ચિંતાસે ઉપાર્જન કિયા હુઆ જો કર્મ, વહ ચિંતા મોક્ષકી કરનેસે ઉસ કર્મસે છૂટકારા નહીં હોતા. સમજમેં આયા? ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન સર્વજ્ઞપદકી પ્રાપ્તિ ઉસકી ભી ઇચ્છા કરે કિ મૈં સર્વજ્ઞ હોઉં. પીછે ઉસકી ભાવના કરેગા કિ વિકલ્પ આતે હૈ વહ અલગ બાત હૈ, પણ ઉસ વિકલ્પસે મુક્તિ હોતી નહીં. સમજમેં આયા? ભગવાન પરમાત્મપ્રકાશ હૈ આત્મા. એક સમયમેં પરમ આત્મ, પરમ જ્ઞાન સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ, ઐસા આત્માકી દૃષ્ટિ ઔર જ્ઞાન હુઆ તો ઉસે એકાગ્ર અંદર હોનેસે કર્મબંધકા અભાવ હોકર સર્વજ્ઞકી પૂર્ણ પદકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા?

**'મોક્ષકી ભી ચિંતા મત કર, ક્યોંકિ મોક્ષ...' 'चिंतितो न भवति' 'ચિંતા કરનેસે નહીં હોતા,...'** ચિંતાકા અભાવ. ક્યોંકિ ચિંતાસે તો પૂર્વમેં કર્મ બંધા હૈ. વહી કર્મકા બંધન વહી ચિંતાસે તૂટે (ઐસા નહીં બનતા). સમજમેં આયા? પૂર્વે અજ્ઞાનપણે શુભાશુભ પરિણામમેં જો બંધન હુઆ હૈ વહ બંધનકા મુક્તિ અથવા છૂટકારા... છૂટકારા કહતે હૈ? છૂટા કરના. વહી ચિંતાસે બંધા કર્મ, વહી ચિંતાસે મુક્ત કૈસે હો? સમજમેં આયા? ભગવાન આત્મા પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત પરમાત્મા નિજસ્વરૂપ હૈ ઉસકા અંતર બોધ-જ્ઞાન અને પ્રતીત અનુભવ કરનેસે આત્માકી પૂર્ણ પ્રાપ્તિ સર્વજ્ઞપદકી હોતી હૈ. સર્વજ્ઞપદકા ધ્યાન કરનેસે સર્વજ્ઞ પર્યાયકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા?

**'વાંછાકે ત્યાગસે હી હોતા હૈ, રાગાદિ ચિંતાજાલસે રહિત...'** કૈસા હૈ ભગવાન આત્મા? **'રાગાદિ ચિંતાજાલસે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી પ્રગટતા સહિત...'** મોક્ષ-મોક્ષ. રાગાદિ ચિંતાસે રહિત પ્રભુ વર્તમાન આત્મા અને ઐસે પર્યાયમેં મોક્ષ આત્મા. **'કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી પ્રગટતા સહિત જો મોક્ષ હૈ, વહ ચિંતાકે ત્યાગસે હોતા હૈ. યહી કહતે હૈં—'** દેખો, **'જિન મિથ્યાત્વ-રાગાદિ ચિંતા-જાલોંસે ઉપાર્જન કિયે કર્મોંસે યહ જીવ બંધા હુઆ હૈ,...'** ચિંતાસે તો બંધા હુઆ હૈ નિશ્ચિંત પ્રભુ. સમજમેં આયા? નિશ્ચિંત નામ ચિંતારહિત પ્રભુ પરમાત્મા નિજસ્વરૂપ નિશ્ચિંત (આત્મા) વહ ચિંતાસે તો બંધા હૈ. વિકલ્પ કરનેસે તો બંધ હુઆ હૈ. વહી વિકલ્પસે વળી મુક્તિ હોતી હૈ ઐસા તીનકાલમેં હોતા નહીં. ઓહો..હો..! સમજમેં આયા? મૈં પરકા કરનેવાલા અથવા કાર્ય હોતા હૈ (ઉસમેં) મૈં નિમિત્ત હૂં તો કાર્ય હોતા હૈ. સમજમેં આયા? વહ તો જો શુભાશુભ પરિણામ અને જોગકી

ક્રિયાકા કર્તા હોતા હૈ, વહી પરકે કાર્યકાલમેં મૈં નિમિત્ત હૂં ઐસા મિથ્યાદષ્ટિ માનતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફિરસે લેતે હૈ ન. હજી તો શરૂઆત કરી હૈ ન યે તો.

ભગવાન આત્મા અપનેકો ભૂલકર પુણ્ય વિકલ્પ અને યોગકી કંપનકા કર્તા હો તો વહ કરનેવાલા મિથ્યાદષ્ટિ પર કાર્યકે કાલમેં નિમિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? જ્ઞાની, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા (હૈ) ઐસા જહાં બોધ હુઆ વહાં વહ રાગ અને યોગ કંપન્ન હૈ ઉસકા તો જ્ઞાની કર્તા નહીં, પણ જ્ઞાનીકા જ્ઞાનમેં વહ યોગ અને વિકલ્પ સ્વપરપ્રકાશક જ્ઞાનમેં નિમિત્ત પડતા હૈ. સમજમેં આયા કંઈ?

ફરીને. આજ તો લક્ષમેં એક ઐસી બાત આયી હૈ કિ સિદ્ધ ભગવાનસે એક ટીમકારામાત્ર ભી જો (જ્ઞાનીકા) આત્મા પૃથક્ રહે તો મિથ્યાદષ્ટિ હો જાતા હૈ. પરમાત્મા હૈ અને પર્યાય પરમાત્મા હૈ. સુનો ઉસકા ન્યાય ધીમે-ધીમે ધીરેસે. સમજમેં આયા? સિદ્ધ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા સર્વજ્ઞ હૈ. ઉસસે એક આંખકી મેખોનમેખ માત્ર, મેખોનમેખ કહતે હૈ ન? નિમેષમાત્ર, ટમકારામાત્ર સર્વજ્ઞસે જો ભિન્ન રહે આત્મા, વહ મિથ્યાદષ્ટિ હૈ. સુનો ઉસકા ન્યાય હોં જરી. સર્વજ્ઞ ભગવાન જો પરકા રાગાદિ, પરકા દ્વેષ આદિ, પરકી ક્રિયા આદિકા સબકો જાનનેવાલા હૈ. આત્મા ભી રાગાદિ હોતા હૈ વ્યવહારકા વિકલ્પ નિમિત્ત ઉસે જ્ઞાનસે જાનનેવાલા હૈ. વહ જ્ઞાન રાગાદિ વિકલ્પકા કર્તા નહીં. જેમ સિદ્ધ ભગવાન કોઈ રાગાદિકા કર્તા નહીં, એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી શુદ્ધ ચૈતન્ય પ્રભુ વહ પર કર્મકે બંધનકે કર્તામેં નિમિત્ત ઐસા હૈ નહીં. દ્રવ્ય સ્વભાવમેં, બંધન ઉપાદાનસે જો હો ઉસમેં નિમિત્ત હોના ઐસા દ્રવ્યમેં સ્વભાવ નહીં. તો દ્રવ્યમેં સ્વભાવ નહીં તો દ્રવ્યદષ્ટિવંત સમકિતી પણ બંધનમેં નિમિત્ત નહીં. અર્થાત્ ઉસકો બંધન હોતા નહીં. સમજમેં આયા?

સર્વજ્ઞ જેમ એક સમયમેં સબકો જાનતે-દેખતે હૈ, ઐસે સમ્યગ્દષ્ટિ અનાદિકાલસે જો રાગાદિ કાર્યમેં અપની પર્યાયમેં, અપની બુદ્ધિ જો મિથ્યાત્વકી થી ઉસકા નાશ હો ગયા (ઔર) જ્ઞાયકભાવમેં દષ્ટિ લગ ગયી. મૈં ચૈતન્યસૂર્ય હૂં, જ્ઞાયકસૂર્ય હૂં ઐસી દષ્ટિ લગી (તો) પર્યાયમેં જ્ઞાતા-દષ્ટા હુઆ. તો જેમ સર્વજ્ઞ જ્ઞાતા-દષ્ટા હૈ ઐસા હી સમ્યગ્દષ્ટિ જ્ઞાતા-દષ્ટા હૈ. એક ક્ષણ પણ સર્વજ્ઞસે ભિન્ન પડ જાયે, સર્વજ્ઞ જેમ કર્તા નહીં એમ જ્ઞાની રાગાદિકા કર્તા હો જાય, પરકે કાર્યમેં કર્તામેં નિમિત્ત હો જાયે (તો વહ) મિથ્યાદષ્ટિ હૈ.

મુમુક્ષુ :- એક સમયમેં...

ઉત્તર :- એક સમયમેં નિમિત્ત હૈ તો ઈસ જ્ઞાનમેં વહ નિમિત્ત પડા. સર્વજ્ઞમેં લોકાલોક નિમિત્ત પડા હૈ. લોકાલોક નિમિત્ત પડા હૈ જ્ઞાનમેં. અપના જ્ઞાન સ્વપરપ્રકાશક પ્રગટ હુઆ ઉસમેં

લોકાલોક નિમિત્ત પડા હૈ. સમજમેં આયા? ઐસે ભગવાન આત્મા અપના જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ ઉસકી અંતર દૃષ્ટિ સમ્યક્ ચૈતન્યકી હુઈ તો જ્ઞાતા-દૃષ્ટા હુઆ, તો જૈસે સર્વજ્ઞ ભી કોઈકા કર્તા નહીં હૈ, નિમિત્તપણે પણ વહ પરકા કાર્યમેં કર્તા નહીં હૈ, ઐસે ધર્મી સમ્યગ્દૃષ્ટિમેં સિદ્ધકા જ્ઞાતા-દૃષ્ટાસે (ઔર અપને) જ્ઞાતા-દૃષ્ટાસે દોમેં વિરોધતા બિલકુલ નહીં. સમજમેં આતા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુઓને પણ વસ્તુસ્થિતિ ઐસી હૈ, પ્રભુ! ક્યા કરે? આહા..હા..!

મુમુક્ષુ :- દોનોંકી સત્તા એક ...

ઉત્તર :- નહીં સત્તા એક હી હૈ.

યહાં તો કહતે હૈ, પરમાત્મા મિથ્યાત્વ આદિ રહિત કહા ન? પૂર્ણ સ્વરૂપ હો ગયા. '**કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકો પ્રગટતા સહિત જો મોક્ષ હૈ,...**' તો યહાં ભી '**મિથ્યાત્વ-રાગાદિ ચિંતા-જાલોંસે ઉપાર્જન કિયે કર્મોંસે...**' ઉસસે મુક્ત જિસકો હોના હૈ તો વહ ભી, અપના જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ મૂર્તિ મૈં હૂં ઐસા અંતરમેં સમ્યગ્જ્ઞાન હુઆ તો વહ જ્ઞાન ભી... સર્વજ્ઞ જેમ કોઈ કાર્યમેં નિમિત્ત નહીં, સર્વજ્ઞકા જ્ઞાનમેં લોકાલોક નિમિત્ત હૈ. વહ નિમિત્ત દૂસરી બાત હૈ. નિમિત્ત તરીકે હૈ જ્ઞાન વહ દૂસરાકો વો ભી એક દૂસરી બાત હૈ. વહ બાત ખ્યાલમેં હૈ. સમજમેં આયા? લોકાલોક નિમિત્ત હૈ ઐસા કેવલજ્ઞાન ભી ઉસકો નિમિત્ત હૈ. વહ તો નિમિત્ત પરસ્પર હૈ. વહ તો દૂસરી બાત હૈ. વહ દૂસરી બાત. વહ બાત અભી નહીં કરની હૈ. સમજમેં આયા? યહાં તો પરમાત્મા અનંત ગુણસે પ્રગટ હો ગયા પર્યાયમેં. ઐસા હી પરમાત્મા અપના સ્વરૂપ... પરમાત્માકો અનંત કેવલજ્ઞાનાદિ પ્રગટ હો ગયા વહ મોક્ષ. યહાં દૃષ્ટિમેં મુક્તસ્વરૂપ ભગવાન આત્મા પરમપારિણામિક સ્વભાવ શક્તિરૂપ મુક્તિ ત્રિકાલ હૈ આત્મામેં. પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટિ હો ગયી. ખલાસ હો ગયા. આ દ્રવ્ય તો ઐસા હૈ, પરમદ્રવ્ય શક્તિ મુક્ત હી હૈ. પરમપારિણામિક સ્વભાવ હૈ વહ મુક્તસ્વરૂપ હૈ, શક્તિ મુક્તસ્વરૂપ હૈ. હવે વ્યક્તતા જિસકો પર્યાયમેં હો ગયી, વહ મુક્ત હો ગયા, પણ મુક્ત હુઆ ઐસી પર્યાયકા જિસકો અંતરમેં શ્રદ્ધા હુઈ તો મૈં આત્મા મુક્ત હૂં ઐસી દૃષ્ટિ હોતી હૈ. ઐસી દૃષ્ટિ હોતી હૈ તો મોક્ષકી પર્યાયકી શ્રદ્ધા ઉસકો હોતી હૈ. તો દ્રવ્યમુક્ત જો હૈ પૂર્ણાનંદ ઐસી દૃષ્ટિ હુઈ તો પર્યાયમેં ભી મુક્ત પરિણામ પ્રગટ હુઆ. મુક્ત પરિણામ કહો કે અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગકા પરિણામ કહો. ધન્નાલાલજી! જરી સૂક્ષ્મ હૈ પણ બાત પરમસત્ય હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી પ્રભુ, સર્વજ્ઞપર્યાય પૂર્ણાનંદ પરમાત્માકો પ્રગટ હુઈ. ઐસી

અંદર જ્યાં પ્રતીત કરતે હૈ તો મૈં ભી સર્વજ્ઞ હૂં. ક્યોંકિ પર્યાયકી પ્રતીતિ પર્યાયસે નહીં હોતી. પર્યાયમેં પ્રતીતિ દ્રવ્યસે હોતી હૈ. તો ત્રિકાલ જ્ઞાયકભાવકી જહાં પ્રતીતિ હુઈ (તો) જ્ઞાતા-દૃષ્ટા હો ગયા. તો સર્વજ્ઞ ભી જેમ જાનને-દેખનેવાલા હૈ એમ સમ્યગ્દૃષ્ટિ ભી જાનને-દેખનવાલા હી હૈ. ટીમકાર ભી જાનને-દેખને(વાલા) ભગવાન ઉસકા હૈ ઉસમેં ફેર પાડેગા કિ મૈં પરકા કર્તા મૈં નિમિત્ત હૂં, રાગકા મૈં વર્તમાન કર્તા હૂં (વહ) મિથ્યાદૃષ્ટિ હૈ. આહા..હા..! સમજમેં આયા? તુમ્હારા યાદ કિયા થા કલ. ફિર ભી. કોણે કહ્યું હતું? ભાઈએ કહ્યું હતું? વિમલચંદજી. ફિર ભી. ક્યા સમજમેં આયા?

થોડા પણ સત્ય ક્યા હૈ ઉસકી અંતરમેં બરાબર રુચિ ન જમે તબતક ઉસકો સમ્યગ્જ્ઞાન હોતા નહીં. લાખ ભણી જાય, અગિયાર અંગ ને નવ પૂર્વને પાઠે કરી જાય. સમજમેં આયા? ઉસસે ક્યા હૈ? વો ચીજ જો જ્ઞાયકમૂર્તિ ચૈતન્યકી ડલ્લી સૂર્ય ચૈતન્ય, ભગવાન ચૈતન્ય સૂર્ય શક્તિરૂપ સત્ત્વ પ્રભુ ઉસકી જહાં દૃષ્ટિ હુઈ, સર્વજ્ઞ અને સમ્યગ્દૃષ્ટિમેં સ્થિરતામેં ફેર હૈ, જ્ઞાતા-દૃષ્ટામેં કિંચિત્ ફેર નહીં. સમજમેં આયા? જૈસે સર્વજ્ઞ પરમાત્મા ઉસકો લોકાલોક નિમિત્ત હોતા હૈ જ્ઞાનમેં, પણ વહ નિમિત્ત હૈ તો વહાં પરિણમતે હૈ ઐસા નહીં હૈ. એમ સમ્યગ્દૃષ્ટિમેં જેમ સર્વજ્ઞ કોઈ રાગાદિ યોગાદિકા કર્તા નહીં ઔર દૂસરેકે કાર્યમેં નિમિત્ત નહીં, ઉસકે જ્ઞાનમેં વહ નિમિત્ત હૈ. ઐસે ભગવાન આત્મા જ્ઞાયકસૂર્ય ચૈતન્ય ઐસા અનુભવ નિર્વિકલ્પ દૃષ્ટિમેં હુઆ તો હો ગયા જ્ઞાતા-દૃષ્ટા. રાગકા કર્તા, કંપન્નકા કર્તા અને દૂસરા કાર્યમેં નિમિત્ત કર્તા, નિમિત્ત કર્તા વહ દૃષ્ટિ રહી નહીં. સમજમેં આયા? તો જૈસે સર્વજ્ઞ હૈ ઐસા હી મૈં જ્ઞાતા-દૃષ્ટા હૂં. વહ પૂર્ણ જાને ઐસા યહાં પ્રશ્ન નહીં. બસ! જ્ઞાતા-દૃષ્ટાકા ભાન હુઆ ભાન, હૈ તો જ્ઞાતા-દૃષ્ટા વસ્તુ, પણ પર્યાયમેં જહાં ભાન હુઆ તો સર્વજ્ઞ અને ઈસમેં કાંઈ ફેર નહીં. સ્થિરતાકી ફેર કી અપેક્ષાકી યહાં બાત નહીં હૈ, યહાં જ્ઞાતા-દૃષ્ટાકી અપેક્ષાકી બાત ચલતી હૈ. વજુભાઈ!

મુમુક્ષુ :- સિદ્ધ થઈ ગયો?

ઉત્તર :- સિદ્ધ જ છે. એ તો જાનતે-દેખતે. જાનતે... જાનતે... જાનતે... જાનતે... જાનતે... જાનતે... જાનતે... જાનતે... સ્થિર હોતા હૈ. રાગ ઘટ જાયેગા, પરમાત્મા હો જાયેગા. કોઈ કરના-ફરના દૂસરા હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા? પણ આ બાત અંતરમેં ઉસકો સર્વ પડખા વિરોધ નિકાલકર અવિરોધકે અર્થમેં જચે તો બાત કામ આવે. કાંઈ એકલી વાતુંસે કામ આતી નહીં. સમજમેં આયા? અને પૂર્વાપર સબ વિરોધ નિકાલકર. કોઈપણ એક વિરોધ જો અંદરમેં રહ જાયે તો અંદર આત્માકી દૃષ્ટિ બિલકુલ કામ નહીં કરેગી.

મુમુક્ષુ :- સ હિ મુક્ત એવ હૈ...

ઉત્તર :- સ હિ મુક્ત એવ. પણ આ તો અત્યારે ઐસા લક્ષમેં આ ગયા. એક સમ્યગ્જ્ઞાન

દીપિકામેં ભાઈ એ શબ્દ છે. સમ્યગ્જ્ઞાન દીપિકામેં એક શબ્દ હૈ. વહ રાત્રીકો યાદ આ ગયા થા વળી. સિદ્ધ ભગવાનસે કોઈપણ (જ્ઞાની) જીવ એક ટંકારામાત્ર ભી ભિન્ન રહે, ઉસકા જ્ઞાનસે ભિન્ન રહે (વહ) મિથ્યાદૃષ્ટિ સંસારી હૈ, અનંત સંસારી હૈ. આ ક્યા કહતે હૈ? સમ્યગ્જ્ઞાન દીપિકા. ક્ષયોપશમ ઉસકા બહુત નહીં થા, પણ દૃષ્ટિકા બહુત ખ્યાલ હો ગયા થા. વહ સમ્યગ્જ્ઞાનદીપિકા હૈ ન. બહુત ક્ષયોપશમકી બાત (નહીં હૈ), બહુત પઢા લિખા હૈ ઐસી બાત કરે ઐસી બાત કરનેકી તાકાત નહીં થી ઉસકે પાસ, પણ મૂળ ચીજકી બાત થી. તો ઉસને એક શબ્દ ઐસા લિખ દિયા. વહ દો પુસ્તક લિખા હૈ ન? સમ્યગ્જ્ઞાન દીપિકા, સ્વાત્માનુભવમનન. હમને તો સબ દેખા હૈ. પણ ઉસકા હૃદય ક્યા હૈ વહ ખ્યાલમેં હૈ. ઐસા એક બાર લિખ દિયા, સિદ્ધ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ઉસસે આત્મા ટમકારામાત્ર ભિન્ન રહે કિ મૈં ભિન્ન હૂં. વહ જ્ઞાતા-દૃષ્ટા હૈ અને મૈં જ્ઞાતા-દૃષ્ટા નહીં. એક વિકલ્પકા કર્તા અથવા દૂસરા કાર્યમેં નિમિત્ત કર્તા (માનતા હૈ તો વહ) મૂઢ મિથ્યાદૃષ્ટિ સંસારી, અનંત સંસારી જીવ હૈ. આહા..હા..! ...લાલજી! એય..! હિંમતભાઈ! અમારે એ પંડિત છેને મુંબઈના.

મુમુક્ષુ :- એક રહના.

ઉત્તર :- હા, એક રહના, જ્ઞાતા-દૃષ્ટા વહ એક રહના. કહા ન. વહ ભી જ્ઞાતા-દૃષ્ટા અને યે ભી જ્ઞાતા-દૃષ્ટા. તો જ્ઞાન એક હી હો ગયા એક ન્યાયસે. સત્તા ભલે ભિન્ન હો, સત્તા ભિન્ન હૈ. સત્તા કાંઈ એક હો જાતી નહીં. વો સર્વજ્ઞ જેમ એક જ્ઞાનમેં કાર્ય કર રહા હૈ જાનના-દેખના, ઐસા હી જ્ઞાનમેં જાનના-દેખના આ ગુણસે હૈ તો એક જાતકા જ્ઞાન એક જાતકા હો ગયા એક ન્યાયે. સમજમેં આયા?

મુમુક્ષુ :- ... જ્ઞાનમેં કોઈ ફર્ક નહીં.

ઉત્તર :- કાંઈ ફર્ક નહીં જ્ઞાતા-દૃષ્ટાકી અપેક્ષાસે. પૂર્ણ અને અપૂર્ણમેં ફેર હો વહ દૂસરી બાત હૈ. અત્યારે વહ હૈ નહીં. સમજમેં આયા? એય..! અમુલખચંદજી! આહા..હા..!

અરે ભાઈ! પ્રભુ જેને ભેટ્યા એ પ્રભુ જેવો વર્તમાન ન હોય તો પ્રભુ કેમ કહે એને? સમજમેં આયા? વો કારણસે તો સમ્યગ્દૃષ્ટિકો નિશ્ચય શ્રુતકેવલી કહા હૈ. નિશ્ચય શ્રુતકેવલી. વિશેષ ઉઘાડ પૂર્વકા વહ શ્રુતકેવલી અત્યારે નહીં. પંડિતજી! વહ તો કહા થા ન. વહ ટીકામેં લિયા હૈ કિ ભાઈ શંકા તો કિયા હૈ કિ પૂર્વ જૈસા વર્તમાનમેં નહીં. વહ તો ક્ષયોપશમ બહુત. ચૌદ પૂર્વ, બાર અંગ. આહા..હા..! ઉસ અપેક્ષાસે બાત હૈ. પણ અપના પૂર્ણ સર્વજ્ઞસ્વભાવ, ઉસકા જો જ્ઞાન હુઆ વહ જ્ઞાન શ્રુતકેવલી હૈ. શ્રુતમેં પૂરા હૈ. ભાવશ્રુત. સમજમેં આયા? દ્રવ્યશ્રુત હો, ન હો ઉસકે સાથ સંબંધ નહીં. બોલનેકી ભાષા હો, ન હો, અંદરમેં વિકલ્પ ભી સમજાનેકા હો, ન હો ઉસકે સાથ કોઈ સંબંધ હૈ નહીં. આહા..હા..!

એક ફેરી ભાઈ પ્રશ્ન ઉઠ્યો હતો. ૮૨-૮૨નું ચોમાસું હતુંને વઢવાણમાં. ૮૨નું ચોમાસુ હતું. સંવત્ ૧૯૮૨. એક વકીલ આયા વકીલ. તો ઉસમેં લિખા થા ઐસા કિ તરે તે તારે. એક ચાકળા થા. હમ જહાં બૈઠે થે ન વહાં ઉપર. ચાકળા સમજે ન? ઐસા ચાકળા. તરે તે તારે. તો વહ વકીલ કહે ઐસા નહીં મહારાજ. ઐસા વહાં લિખના ચાહિયે. ક્યા? કે તારે તે તરે. બહુ સારી વાત. એક વકીલ હતાને સુખલાલ કે કોક કંદોઈ. કંદોઈ હતા. એ તો બિચારા આવ્યા. પહેલા અમે ચોમાસુ ગયા હતા તો આવ્યા હતા. પોપટભાઈએ લખેલું. આ પોપટલાલ સુખલાલે માથે લખેલું. તરે તે તારે. જુઓ ભાઈ! કીધું, તરે તે તારે એ પણ એક નિમિત્તની વ્યાખ્યા છે. હવે તમે કહો કે તારે તે તરે તો તારવા ગોતવા જોવા જઈએ કે આટલા તરો બાપા તો મારી મુક્તિ હોગી. રાજેન્દ્રજી! વહ વકીલ થા ન વકીલ? તો તર્ક ઉઠાયા. બાપા! યહાં તર્ક ઐસા ન ચલે. સંવત્ ૧૯૮૨કી બાત હૈ. ૩૯ વર્ષ હુઆ. તો ઉસમેં પ્રશ્ન વહ ચાકળામેં લિખા હૈ. કિ તરે તે તારે વહ ભી એક નિમિત્તકા કથન હૈ. તારેકા અર્થ ક્યા? ઉસકો ભાન હુઆ... વહ આયેગા અભી આયેગા. વહ વિકલ્પ આતા હૈ જ્ઞાનીકો... આ વિકલ્પ નીચે આયેગા. દુઃખ. પંડિતજી! ઉસમેં ગાથા આયેગી. ઉસમેં અંદર કળશમેં. અંદરમેં-અંદરમેં ટીકામેં.

दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो
सुगईगमणं समाहिमरणं जिणगुणसंपत्ति होइ मज्झं।।

એ અંદરમેં હૈ. એ ઉસમેં હૈ. ૧૮૮મેં. બસ વહ. હવે ઉસમેં ક્યા કહના હૈ મુઝે? કિ સમ્યગ્દૃષ્ટિકો ઐસા વિકલ્પ આતા હૈ, સવિકલ્પ અવસ્થામેં યે કહેગા. પણ વહ સવિકલ્પ અવસ્થામેં ઐસા વિકલ્પ આયા તો ભી જ્ઞાતા-દૃષ્ટા રહકર આયા હૈ, કર્તૃત્વબુદ્ધિસે નહીં આયા હૈ. યહાં ના પાડતે હૈ (કિ) મોક્ષ ચિંતા ન કરના. એક બાજુ ચોથે, પાંચમે, છઠ્ઠે સવિકલ્પ અવસ્થાકે કાલમેં ઐસા વિકલ્પ આતા હૈ વહ બાત સાથમેં સિદ્ધ કરેગા. સવિકલ્પ અવસ્થામેં. છતાં વો સવિકલ્પ અવસ્થામેં જો આયા વિકલ્પ... સુનો! આ તીર્થંકર જો (હોનેવાલા) હો અને ભાવ ઐસા અંદર આ જાયે તો વહ (હોનેવાલા) તીર્થંકર પહલે સમ્યગ્દૃષ્ટિ હો અને ઐસા ભાવ હો તો વિકલ્પસે તીર્થંકરગોત્ર બંધ જાયે. તો બંધ જાયે ઉસકી ધ્વનિ ઐસી આતી હૈ ધ્વનિ. ધ્વનિ, બંધમેં ધ્વનિ. ઉસકા વિકલ્પકા કર્તા જ્ઞાની નહીં, બંધકે સ્વામી નહીં, બંધકે ફલમેં વાણી ઐસી નિકલે અને દુનિયા સમજે એ કુછ અંદર હૈ નહીં. સર્વજ્ઞ જેમ જ્ઞાતા-દૃષ્ટા હૈ ઐસા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા-દૃષ્ટા હૈ. ઉસમેં જરી ફેર નહીં. જરી ફેર પડે તો વહ મિથ્યાદૃષ્ટિ હો જાતા હૈ. આહા..હા..! એય..! ધન્નાલાલજી!

હવે ક્યા કહના હૈ? કિ વહ ભાવ કહેગા. યહાં કહતે હૈ ન દેખો, '**શુદ્ધાત્મતત્ત્વકા સ્વરૂપ ઉસમેં લીન હુએ પરમયોગિયોંકો મોક્ષ કરેંગે.**' ક્યોંકિ જો વિકલ્પસે કર્મ બંધા હૈ વહ ચિંતાસે

છૂટેગા નહીં. ચિંતા રહિત જ્ઞાતા-દૃષ્ટા જૈસા ભગવાન હૈ, જાનના-દેખના. તો જાનના-દેખના સ્વરૂપકી તરફકી સાવધાનીમેં ઉગ્રતા હો ગયી. ક્રમે... ક્રમે... ક્રમે... સાવધાન-સાવધાન.. સ્વરૂપકે લક્ષસે, સ્વરૂપકે લક્ષસે, સ્વરૂપકા ધ્યેયસે જ્ઞાતા-દૃષ્ટા બઢ ગયા એટલે સ્થિરતા બઢ ગયી. એ સ્થિરતા બઢતે... બઢતે... બઢતે... મુક્તિ હોગી. દૂસરી કોઈ ક્રિયા ઉસકી હૈ નહીં. સમજમેં આયા? તો સિદ્ધ ભગવાનકા જ્ઞાન અને (જ્ઞાનીકે) જ્ઞાનમેં કિંચિંત્ ફેર નહીં. જ્ઞાતા-દૃષ્ટાકી અપેક્ષાસે થોડા પણ ફેર પડે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ હો જાતા હૈ. આહા..હા..! વજુભાઈ! દુનિયા ક્યાં માંડીને બેઠી છે અને ક્યાં ક્યાં, કૈસે-કૈસે ઐસા કરના, ઐસા હોતા હૈ ને ઐસા હોતા હૈ.

ભાઈ! તેરા સ્વરૂપ હી ચૈતન્ય સ્વરૂપ હૈ. તો કહતે હૈ, એક ક્ષણમાત્ર ભી જો રાગકા કર્તા હો જાયે,.. ભગવાન કર્તા નહીં. આહા..હા..! આ તે કાંઈ વાત! ભગવાનકા લઘુનંદન હૈ. લઘુનંદન હૈ સમ્યગ્દૃષ્ટિ. 'જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.' વો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચોથા ગુણસ્થાનકી બાત ચલતી હૈ હોં. એ જ્ઞાતામેં જરીએ ફેર નહીં. રાગ હો, આ હો, આ હો. મેરે રાગસે લાભ હૈ? રાગ મેરા સ્વપર જ્ઞાન મૈં સ્વકે આશ્રયસે કરતા હૂં ઉસમેં મેરા સ્વપરપ્રકાશક જ્ઞાન હુઆ. હુઆ તો સ્વપરપ્રકાશક મેરે અવલંબનસે, પણ ઉસમેં વહ વિકલ્પ અને કર્મ ઈતના હૈ ઐસા ખ્યાલ આતા હૈ તો જ્ઞાનકા સ્વપરપ્રકાશમેં વહ નિમિત્ત પડ જાતા હૈ. નિમિત્તસે સ્વપરપ્રકાશક નહીં. સમજમેં આયા? આહા..હા..! એય..! રતિભાઈ!

સ્વપરપ્રકાશક વહ વિકલ્પસે રહિત જ્ઞાયકસ્વરૂપકા સ્વપરપ્રકાશક સામર્થ્ય સ્વરૂપમેં ઉસકા ત્રિકાલ હૈ જ્ઞાનકા. જ્ઞાનકા ત્રિકાલ હૈ. વહ ત્રિકાલ સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ ઉસકી જહાં દૃષ્ટિ લગી (તો) પર્યાયમેં સ્વપરપ્રકાશક જ્ઞાન ઉત્પન્ન હુઆ. ઉત્પન્ન હુઆ સ્વકે આશ્રયસે ઉત્પન્ન હુઆ હૈ. પણ વો સ્વપરપ્રકાશક જ્ઞાનમેં રાગાદિ કંપન્ન હૈ વહ નિમિત્ત પડ ગયા ઈતના. ભગવાનકો લોકાલોક નિમિત્ત પડ ગયા જ્ઞાનમેં. ભાઈ! સમજમેં આયા? સર્વજ્ઞ ભગવાનકે જ્ઞાનમેં લોકાલોક નિમિત્ત પડા. ઉસકા વહ કર્તા નહીં. આમ જ્ઞાનમેં નિમિત્ત પડ ગયા. વહ નિમિત્ત હૈ તો હુઆ હૈ વહ પ્રશ્ન નહીં. વહ તો સ્વકા સામર્થ્ય જો જ્ઞાનમેં સ્વપરપ્રકાશક સામર્થ્ય થા ઉસકી અનુભવ દૃષ્ટિ હુઈ, પર્યાયમેં સ્વપરપ્રકાશકજ્ઞાન અપને સ્વ અવલંબનસે પ્રગટ હુઆ હૈ સર્વજ્ઞકો. વહ સર્વજ્ઞતામેં લોકાલોક નિમિત્ત હૈ. ઐસા હૈ તો નિમિત્ત કહનેમેં આયા.

ઐસે સમ્યગ્દૃષ્ટિકો અપના જ્ઞાયકસ્વભાવકા અવલંબનસે સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ હુઈ, વો રાગ અને વિકલ્પકા કર્તા તો નહીં, પણ વો રાગ અને વિકલ્પ આદિ જો જોગ (હૈ વહ) જ્ઞાનમેં નિમિત્ત પડ જાતા હૈ. આહા..હા..! ઈસે ઈતના નિમિત્ત, ઉસે લોકાલોક નિમિત્ત. પણ દૂસરી કોઈ ફેર (નહીં હૈ). થોડાઘણા પર્યાયમેં ફેર હૈ. વહ તો કહા ન યહાં. પ્રવચનસારમેં ભાઈ નહીં? ૩૩મી ગાથામેં કહા કિ વિશેષ હમારે કુછ નહીં. હમારે ક્ષોભ-બોભ નહીં હૈ. આહા..હા..!

જુઓ, ૩૩મી ગાથામેં હોં. ક્ષોભ હમારે નહીં હૈ. દેખો, **'ભગવાન,...'** ૩૩વીં ગાથામેં હૈ ન? **'યુગપત્ પરિણમન કરતે હુએ સમસ્ત ચૈતન્યવિશેષયુક્ત કેવલજ્ઞાનકે...'** અને કેટલાક ક્રમે પ્રવર્તતા ચૈતન્ય વિશેષયુક્ત શ્રુતજ્ઞાન વડે અમે પણ **'અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જિસકી મહિમા હૈ...'** ચેતન એકપણું હોવાથી કેવળ અમે નિર્મળ છીએ. ભગવાન જેમ કેવળજ્ઞાની છે એમ અમે પણ શ્રુત કેવળજ્ઞાની છીએ. શ્રુતકેવળી છીએ એમ મુનિ પોતે કહે છે. શ્રુતકેવળી અમે અત્યારે છીએ. પાંચમા આરામાં છીએ. આહા..હા..! આ તો હજી સાધુપદ અને સમ્યગ્જ્ઞાન પદ ક્યા કિંમત કૈસી ચીજ હૈ (ઉસકી) ખબર નહીં અને ઐસે-ઐસે માન લે કિ ઐસા હો ગયા, ભાઈ! માને, માને તો ક્યા ભિખારી માનતા હૈ કિ મૈં રાજા હૂં.

**'આત્માકો આત્માસે આત્મામેં અનુભવ કરનેકે કારણ કેવલી હૈં,...'** અમૃતચંદ્રાચાર્ય નવસો વર્ષ પહલે (કહતે હૈં). એક અંગકા ભી જ્ઞાન નહીં થા. શ્રુતકેવળી છીએ. જુઓ કહા. અમે શ્રુતકેવળી છીએ. **'अलं विशेषाकांक्षाक्षोभेण, स्वरूपनिश्चलैरेवावस्थीयते।'** દૂસરે ક્ષોભકો હમેં જરૂર નહીં. ક્યા કહતે હૈ? **'વિશેષ આકાંક્ષાકે ક્ષોભસે બસ હો; (હમ તો) સ્વરૂપનિશ્ચલ હી રહતે હૈં.'** ખબર નથી? ખબર પડતી હૈ કિ નહીં મુનિકો અપની દશાકી? ખબર ન પડે? સમ્યગ્દર્શનકી ખબર પડે નહીં, સમ્યગ્જ્ઞાનકી ખબર પડે નહીં, ભગવાન જાણે કરો વ્રત હવે. મૂઢ હૈ? કહાંસે લાયા વ્રત? બાબુલાલજી! ભગવાન ચૈતન્યસૂર્ય એ મહા સૂર્ય દીવડો છે, એના ભાન હો અને ભાન વિના રહે. આહા..હા..!

કહતે હૈ, હમારે.. શું કહ્યું? વસ્તુનું **'ક્રમ-બદ્ધ (પદાર્થ) જાનનેરૂપ ભેદ અત્યંત ગૌણ હૈ.'** અમારે તો આત્માને જ્ઞાન વડે જાણે તે જ મુખ્ય છે. **'ઇસલિયે અધિક જાનનેકી ઇચ્છાકા ક્ષોભ છોડકર સ્વરૂપમેં હી નિશ્ચલ રહના યોગ્ય હૈ. યહી કેવલજ્ઞાન-પ્રાપ્તિકા ઉપાય હૈ.'** આહા..હા..! ૩૩. બે ત્રગડા. ૯ અફર આંક. જુઓને ૩૩માં આવી ગયું પોતે. અમૃતચંદ્રાચાર્ય. ગાથા તો કુંદકુંદાચાર્યકી હૈ. અમે શ્રુતકેવળીએ છીએ હોં. મુનિ પંચમઆરાના, એટલું બધું ભાન, એટલી બધી તાકાત! અમે જ્ઞાનમૂર્તિ પ્રભુ છીએને. હમારી ખાનમેંસે ક્યા રાગ આતા હૈ? હમારી ખાનમેં રાગ ભરા હૈ? વ્યવહારરત્નત્રયકા વિકલ્પ હમારી ખાનમેં પડા હૈ અંદર? હમારી ખાનમેં સર્વજ્ઞપદ પડા હૈ, હમારી ખાનમેં સર્વદર્શીપદ પડા હૈ, હમારી ખાનમેં અનંત આનંદ પડા હૈ, હમારી ખાનમેં પરમ પ્રભુતા અને પરમ સ્વચ્છતા પડી હૈ. ક્યા ઉસમેં રાગ પડા હૈ તો હમ રાગ બના દે? સમજમેં આયા?

કહતે હૈ, અમારે વિશેષ જાણવાની આકાંક્ષાથી બસ થાઓ. વિશેષ જાણવાની આકાંક્ષાથી બસ થાઓ. હમારી જ્ઞાતા-દૃષ્ટાકી જો પર્યાય હુઈ હૈ ઉસમેં હમ સ્વરૂપનિશ્ચલ હી હૈ, બસ હૈ.

હમકો કેવલજ્ઞાન પ્રાપ્ત હોગા, હોગા અને હોગા. આહા..હા..! આ પંચમ આરાના મુનિઓ. મુનિ! ઓલા કહે આપણને કાંઈ ખબર પડે નહિ. અરે ભગવાન! મુનિ તો ચોથા આરાના હોય, ઋષભદેવ ભગવાનના મુનિ હોય કે આ પાંચમા આરાના છેલ્લા ભાવલિંગી મુનિ હોય, મુનિમેં ક્યા ફેર હૈ? સમજમેં આયા? ઓહો..હો..! વળી ક્યાંની ક્યાં આવી ગઈ જુઓ આજ. એક ટીમકારામાત્ર રાતે યાદ આવ્યું હતું. આ લખે છે શું? તે દિ' એક જ ખ્યાલ હતો કે લખે છે આ. હતી ક્ષયોપશમ શક્તિ થોડી ઉસકી. લિખા કે સિદ્ધસે, સર્વજ્ઞસે, એક આંખના ટમકારા માત્રથી જો જુદો રહ્યો, જુદો રહ્યા ક્યા કહતે હૈ? ભિન્ન રહા, ભિન્ન રહા (તો) મિથ્યાદષ્ટિ સંસારી (હૈ). એમ લિયા હોં! મિથ્યાદષ્ટિ સંસારી હૈ. ન્યાલભાઈ! સાંભળ્યું નહિ હોય ક્યાંય આવું તો. કેટલા વર્ષ ફર્યા બિચારા ચારેકોર હોં!

ભાઈ! એ આત્માની વાતું મૂળ વાતું અને મૂળ ચીજ એ સાંભળવી પણ મહાદુર્લભ છે. આહા..હા..! ભાઈ! આ તો ભગવાનના ભેટાની વાતું છે. સમજાણું? અહીંયાં આચાર્ય કહે છે, અરે! ચિંતાસે તો બંધા હુઆ કર્મ વહ ચિંતાસે ક્યોં છૂટે? ઉસ ચિંતાકા ભી મૈં જ્ઞાતા-દષ્ટા હોકર રહતા હૂં તો વહ ચિંતા ન રહી. ચિંતા સંબંધીકા હમારા જ્ઞાન પ્રગટ હુઆ. આહા..હા..! સમજમેં આયા? જો જાતકા વિકલ્પ ઉઠતે હૈ ઉસી જાતકા હી અપના અપના સ્વજ્ઞાન સહિત ઈતના જાનનેકી જો શક્તિ હૈ વહ સ્વ અવલંબનસે હી સ્વપરપ્રકાશક જ્ઞાનકા વ્યક્તપના પ્રગટ હોતા હૈ. જો પ્રકારકા રાગ, જો પ્રકારકા દયા, દાન, જો પ્રકારકા ક્રોધાદિ વિકલ્પ આનેવાલા હૈ વહી સમયે ઉસકા લક્ષ કરે બિના.

મુમુક્ષુ :- એક સમયમેં લક્ષ ક્યા કરે?

ઉત્તર :- ક્યા એક સમયમેં લશ્ર કરે? ઐસા હી જ્ઞાનકા કોઈ સ્વભાવ, ચૈતન્ય સ્વ તરફકા લક્ષ કરનેસે જો સ્વપરપ્રકાશક જ્ઞાન હુઆ વહ પરપ્રકાશ(રૂપ) ઉત્પન્ન તો હુઆ અપનેસે. તો રાગ, વિકલ્પ જો જાતકા ઉત્પન્ન હોના હૈ સાથમેં ઉસકા જ્ઞાન સાથમેં સ્વપરપ્રકાશક લેકર ઉત્પન્ન હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? અવગ્રહ, ઈહા, અવાય...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આખું લેવાની તૈયારીવાળાને. ભૈયા! અહીં તો ચૌથા ગુણસ્થાનના સ્તંભ રોપ્યા હૈ ઉસકી બાત હૈ.

મુમુક્ષુ :- ગુણસ્થાન જ ક્યાં છે?

ઉત્તર :- અહીં તો ગુણસ્થાનકો વ્યવહાર કહા. ગુણસ્થાનકો ભી વ્યવહાર કહનેમેં આયા હૈ, કિ નહીં, હેય હૈ. વસ્તુ ઐસી હુઈ ત્યાં ક્યા સ્વભાવ ઉસકી બાત કરતે હૈ. બસ ઈતની બાત હૈ. આહા..હા..! સમજમેં આયા? ભલે વહ તો બરાબર હૈ. ગુણસ્થાન આતે હૈ ન.

અભી આયેગા સામે. આવે તો ખરી, પર્યાય જણાવે તો ખરીને. સમજમેં આયા?

જુઓ ભાઈ! આ વાત તો વસ્તુના અંતર સ્વરૂપની છે. એ કાંઈ વાત એવી નથી કે કોઈ બહારથી ધારણાથી મળી જાય કે શાસ્ત્રથી (મળી જાય). એ વસ્તુ અંતરમેં જૈસી હૈ ઐસા જ્ઞાનમેં આના ચાહિયે, તબ વહ વાસ્તવિક તત્ત્વ ક્યા હૈ ઔર પર ભી વાસ્તવિક ક્યા હૈ ઉસકા જ્ઞાન ઉસમેં આ જાતા હૈ. પરકા જ્ઞાન. પરકા કર્તા-ફર્તાકી બાત નહીં. અહીં તો હજી પરકા કર્તા હોના હૈ અને પરસે મેરેમેં કાર્ય, રાગકા પરસે કાર્ય હોના હૈ. અરે! કહાં રહી તેરી બાત? સમજમેં આયા? ઓહો..હો..!

ભગવાન આત્મા ... **'મોક્ષકી ચિંતા કરનેસે નહીં હોતા,...'** જ્ઞાતા-દૃષ્ટા રહનેસે, કિ સર્વજ્ઞપદ પ્રાપ્ત હુઆ હૈ અને સર્વજ્ઞપદકા તેરા ભાવ હૈ તો તુમ ક્યોં ઉસકે સાથમેં ચઢ ગયા હૈ? હમ ભી જ્ઞાતા દૃષ્ટા હૈ. ચાહે સો રાગ હો, ચાહે સો અશુભ હો, ચાહે સો કર્મબંધનકા જિતના ગોમ્મટસાર કહતે હૈ ઉતના ખ્યાલમેં આ જાયે, વો સબકા જ્ઞાન હમારા સ્વપરપ્રકાશક જ્ઞાનકે સાથમેં નિમિત્ત પડતા હૈ, દૂસરી બાત હૈ નહીં. સમજમેં આયા? જ્ઞાની અપની પર્યાયમેં રાગકા પરિણમન હોતા હૈ, વહ પરસે તો નહીં અને રાગ હૈ તો પરકા અસ્તિત્વ હૈ ઐસા નહીં અને રાગ હૈ તો મેરેમેં જ્ઞાનકા અસ્તિત્વ ઉત્પન્ન હુઆ ઐસા ભી નહીં. ક્યા આયા? સમજમેં આયા? રાગ હૈ તો યહાં જ્ઞાન ઉત્પન્ન હુઆ. રાગ હો તો ઉત્પન્ન હુઆ કા અર્થ? રાગસે એમ નહીં, પણ રાગકા અસ્તિત્વ હૈ તો ઈતના અસ્તિત્વકા જ્ઞાન, ઉસકે અસ્તિત્વકે લક્ષસે હુઆ હૈ ઐસા ભી નહીં. ક્યા કહા?

ફિરસે, રાગ, વિકલ્પ, વ્યવહાર આત્માકી નિશ્ચયકી પર્યાયમેં કારણ હૈ નહીં કિ વહ ઉત્પન્ન કરા દે, પણ યહાં ઉત્પન્ન હુઆ હૈ તો ઐસા હી સામે અસ્તિત્વ હૈ, રાગકા તો અસ્તિત્વ હૈ તો જ્ઞાન સ્વપરપ્રકાશક ઉત્પન્ન હુઆ હૈ ઐસા નહીં. અપના જ્ઞાયકસ્વરૂપકા અસ્તિત્વકે લક્ષસે દૃષ્ટિસે જો સ્વપરપ્રકાશક હુઆ હૈ વહ અપના અસ્તિત્વસે હુઆ હૈ. ઉસ અસ્તિત્વમેં રાગ ક્યા હૈ ઉસકા જ્ઞાન આ જાતા હૈ. ઉસ સંબંધી જ્ઞાન અપના જ્ઞાનમેં જ્ઞાન આ જાતા હૈ. સમજમેં આયા? તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સિદ્ધસે એક ટીમકારામાત્ર પણ ભિન્ન રહતે નહીં. આહા..હા..! સમજમેં આયા? ઉસકો સિદ્ધકી નાતમેં ગિનનેમેં આતા હૈ. નાત કહતે હૈ? ક્યા કહતે હૈ? જ્ઞાતિ, જાતિ. આહા..હા..!

આચાર્યોએ... યહાં પરમાત્મપ્રકાશ વર્ણવતે હૈ યોગીન્દ્રદેવ. પરમાત્મા દ્રવ્ય પર્યાયમેં પ્રગટ હોના હૈ. પ્રગટ હુઆ હૈ ઉસકા લક્ષ કરકે મૈં ભી પરમાત્મા દ્રવ્યસ્વભાવસે હૂં ઐસી પર્યાયમેં સમ્યગ્જ્ઞાન મતિશ્રુતકા કણ જાગા. એ મતિશ્રુતકા કણ જાગા. પ્રતીત તો સમકિત હૈ, પણ સમ્યગ્જ્ઞાન મતિશ્રુતકા કણ જાગા. સ્વસંવેદ્યરૂપ પર્યાય. તો વહ પર્યાય ભી કેવલજ્ઞાની જેમ જાનતે હૈ ઐસા

જાનતે હૈ. એમાં વિકલ્પ આયા તો મેરે લાભ હૈ કે વિકલ્પ આયા તો ઉસકે કારણ મેરે જ્ઞાનમેં સ્વપરપ્રકાશક લાભ દૂસરા તો નહીં, પણ આયા તો સ્વપરપ્રકાશક પર્યાયમેં ઈતના તો નિમિત્ત સહાય પડા કિ નહીં? કિ નહીં. સમજમેં આયા? પ્રકાશચંદજી! આ વાત ભારે!

ભાઈ! આત્માને માન્યો ક્યારે કહેવાય? આત્માકો માના. માના કહતે હૈ ન? માનના કબ કહનેમેં આતા હૈ? કિ આત્માકા જ્ઞાનગુણ અંદર પડા હૈ. સ્વપરપ્રકાશક સામર્થ્ય લેકર પડા હૈ. તો વહ આત્મા માના કબ કહા જાય? કે જબ વો આત્માકા એક-એક જ્ઞાનગુણ સ્વપરપ્રકાશક હૈ, આનંદ પૂર્ણ હૈ, સ્વચ્છતા પૂર્ણ હૈ ઐસી જ્યાં દૃષ્ટિ હુઈ તો પર્યાયમેં સ્વપરપ્રકાશક અપના સ્વભાવકા સામર્થ્યસે પ્રગટ હુઆ હૈ. ઐસે સામર્થ્યમેં 'આ આત્મા' ઐસા પ્રતીત આયા તો આત્માકા અનુભવ કહનેમેં આતા હૈ. ઐસે આત્મા માનના, આત્મા માનના બાપા! આત્મા કિસકો કહતે હૈ? વહ આત્મા માનના તો શ્રુતજ્ઞાન હો ગયા. ભાવશ્રુતજ્ઞાન જૈનશાસન હો ગયા. ભાવશ્રુતજ્ઞાન તે જૈનશાસન. વહ ૧૫મી ગાથામેં કહા હૈ ન? **'पस्सदि जिणसासणं सव्वं'** સારા જૈનશાસનકા સાર ઉસકા ભાવશ્રુતમેં આ ગયા. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' શ્રીમદ્ કહે છે કે એ સમ્યગ્જ્ઞાનકા ભાન હુઆ (તો) સબ આગમ, સબ નિગમ, સબ નયોં ક્યા ક્યા કહતે હૈ કેમ યે સબ ઉસકે જ્ઞાનમેં આ ગયા. કોઈ બાકી રહા નહીં. વિમલચંદજી! આહા..હા..! કહો, શેઠી!

મુમુક્ષુ :- આજ તો શેઠી આવ્યા છે.

ઉત્તર :- શેઠી આવ્યા છે. કીધુંને, કાલે કહ્યું, અરે..! કાલ સવાર અને બપોરનું ગયું. સમજમેં આયા?

ક્યા કહા? ઓહો..! ભગવાન! **'વે કર્મ હી શુભાશુભ વિકલ્પકે સમૂહસે રહિત જો શુદ્ધાત્મતત્ત્વકા સ્વરૂપ ઉસમેં લીન હુએ પરમયોગિયોંકી મોક્ષ કરેંગે.'** કલ્પનામેં એકાગ્ર હુઆ કિ કલ્પનાસે મુક્તિ હુઈ હૈ ઐસા હૈ નહીં. આહા..હા..! આ તો પરની સામું જોવું. ઓલો વકીલ કહે કે તારે એ તરે. અરે..! સાચી વાત બાપા! કીધું, ગોતવા જાવ હવે માણસને. ગોતવા સમજે? ચાલો ભાઈ મારી સભામાં બહુ આવો. કારણ કે મેરે તરના હૈ. તુમ જ્યાદા તરો તો મૈં તર જાઉંગા. બહુ સારી વાત કીધું. આવી વાત જૈનદર્શનમાં હોય નહિ કીધું. વકીલ! તમારા વકીલાતકા તર્ક વહાં કામ આવે, યહાં ન આવે. સમજમેં આયા? સુખડિયા હતા સુખડિયા હોં ... ઓલી કોર રહે છેને પાછળ. .... સમજમેં આયા? સમજાય છે? સમજમેં આતા હૈ?

તારે તે તરે. અરે! ભગવાન! કેટલાને ગોતવા જાવા? કોઈ સંખ્યા ન મળે તો ક્યા કરના? ભાઈ! એમ નહિ. તરે તે તારે એ પણ એક નિમિત્તનું કથન છે. એ તારે તો તરનારની ઉપાદાનની યોગ્યતા હોય તો વીતરાગની વાણી ઉસકો નિમિત્ત પડતી હૈ, વીતરાગી જ્ઞાની નિમિત્ત પડતે

હૈં. ભાઈ! વહ પંચાસ્તિકાયમેં આયા હૈ ન? વહ પંડિતજી! શબ્દસમય, જ્ઞાનસમય, અર્થસમય. તો શબ્દસમય કિસકો કહા હૈ? કિ જે શબ્દ રાગસે મિશ્રિત-મલિન ન હુઆ હો. વીતરાગભાવ જિસમેં સ્થાપન કરના હો. વો આતા હૈ ન,...

અહીં તો જરી વીતરાગની વાણી કેવી હોય એ સિદ્ધ કરે છે. ત્રીજી ગાથા છે. **'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર), પદ (શબ્દ)...'**. દેખો, ભાષા જુઓ! ક્યા કહતે હૈં? **'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર),...'** તો અક્ષરમેં ક્યા? શબ્દ તો જડ હૈ, પણ જડમેં રાગકા સ્થાપનમેં રાગસે લાભ ઐસા શબ્દમેં આતા હી નહીં. ઐસા શબ્દકા સમૂહકો શબ્દસમય કહનેમેં આતા હૈ. યે તો સંતોની વાણી હૈ, બાપા! આ કાંઈ સાધારણ વાણી નહીં, કિ ચોપડા ફેર દેના.

અહીં તો કહતે હૈ કિ સમ અર્થાત્ મધ્યસ્થ, રાગ-દ્વેષસે વિકૃત નહીં. ક્યા કહતે હૈ? વહ પાઠ હી શાસ્ત્રકા ઐસા હોતા હૈ કિ જિસમેં રાગ-દ્વેષકા સ્થાપન હો એ પાઠ હી શાસ્ત્ર નહીં. વહ વીતરાગી શાસ્ત્ર હી નહીં. આહા..હા..! સમજમેં આયા? વીતરાગી શાસ્ત્ર અથવા મુનિકા, સમકિતીકા મુખમેં વાણી નીકળે એ વાણી શબ્દ-આગમ હૈ. શબ્દ-આગમ ઐસા હોતા હૈ કિ જિસમેં રાગકા સ્થાપન હો, કિ રાગકા કર્તા બનાયે, યે વાણી જ્ઞાનીકી નહીં અને યે એ વાણી વીતરાગકા મધ્યસ્થ(ભાવ) બતાનેવાલી વાણી નહીં. ઉસે વીતરાગકી કહતે નહીં. જેના મુખમેંસે ઐસા શબ્દ નિકલે કિ આત્મા પરકા કર સકતા હૈ, આત્મા રાગ કરે તો લાભ હોતા હૈ, રાગ આત્મા કરે તો દૂસરાકો ભી કુછ લાભ હોતા હૈ ઐસી જો વાણીમેં કર્તૃત્વ સ્થાપતા હૈ એ વાણી જ્ઞાનીની નહીં અને એ વાણી મધ્યસ્થવાલી વાણી હૈ હી નહીં. મધ્યસ્થભાવ વાણી ઐસી નહીં. આહા..હા..!

જ્ઞાનસમય તો અપની પર્યાય જ્ઞાનસમય હુઈ. અર્થસમય તો પદાર્થ ભગવાન હુઆ, શબ્દસમય તો શબ્દસમય દ્વારા, જ્ઞાનકી પ્રસિદ્ધિ દ્વારા અર્થસમય બતાના હૈ. હૈ ન નીચે? **'જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઈરાદો છે.'** આ ટીકા હૈ અંદર હોં. સમજમેં આયા? **'ज्ञानसमयप्रसिद्ध्यर्थं शब्दसमयसम्बन्धेनार्थसमयोऽभिधातुमभिप्रेतः'**. ભગવાન કુંદકુંદાચાર્યકા યહ અભિપ્રાય હૈ. આહા..હા..! જિસ શબ્દમેં વીતરાગ આત્મા બતાયે—અર્થ. રાગ, વિકલ્પ હોતે છતે, આસ્રવ હોતે છતે અર્થ તેરા આત્મા, 'આત્મા આ વીતરાગમય' એ બતાવે અને એ વીતરાગ પર્યાયસે આત્માકી પુષ્ટિ હોતી હૈ ઐસા બતાનેવાલા શબ્દોંકો શબ્દઆગમ કહનેમેં આતા હૈ. દૂસરાકો શબ્દઆગમ કહનેમેં આતા નહીં. ચારેય અનુયોગની વાણી સંતોની દેખ લો, દિગંબર સંતોની ચાર અનુયોગની

વાણી દેખ લો સબમેં વીતરાગતા નીતરતી હૈ કિ નહીં. કોઈપણ અનુયોગ હો. સમજમેં આયા? નહિ તો વહ શબ્દઆગમ કહનેમેં નહીં આતા. અને એ શબ્દઆગમ જ્ઞાનીકે મુખમેંસે નિકલે તબ ઉસકો જ્ઞાનમેં નિમિત્ત પડતા હૈ. જિસકે જ્ઞાનમેં ભી વીતરાગભાવકા આદર હૈ, રાગકા નહીં, નિમિત્ત કર્તાકા નહીં, ઉસકા કર્તા હોતા હૈ તો મેરેમેં કર્તા હોતા હૈ ઐસા નહીં, પણ મેરા જ્ઞાન મેરેસે હોતા હૈ. ઉસકો વહ ભી ચીજ નિમિત્ત પડતી હૈ. જ્ઞાનમેં નિમિત્ત પડતીકા અર્થ? ઉસમેં સ્વપરપ્રકાશક હુઆ જ્ઞાન ઉસ સંબંધી જ્ઞાન અપનેમેં આયા. ઐસી સ્થિતિ વસ્તુકી હૈ, ઐસા જિસકો પ્રગટ હુઆ હૈ વહી જ્ઞાનસમય. શબ્દસમયમેં ઐસા હી આતા હૈ વહ શબ્દસમય, બતાતે હૈં અર્થસમય. ભલે ષટ્ દ્રવ્યકો, પણ કીધાને દ્રવ્ય.

ભગવાને કહા, '**भण्णंति**'. પંચાસ્તિકાયમેં આતા હૈ ન? યહ ક્યા હૈ? પંચાસ્તિકાય. ઉસમેં પીછે આતા હૈન. ... આ ૯મી કીધુંને કેવું? ૯મી કીધી. પણ એક ઠેકાણે '**सव्वणहु**' આવે છે. ૯માં કીધું, '**दवियदि भण्णंति**' એ કાલે કહ્યા થા. ૧૦મી. ૧૦મીમેં આયા જુઓ.

दव्वं सल्लक्खणयं उप्पादव्वयधुवत्तसंजुतें।
गुणपज्जायसयं वा जं तं भण्णंति सव्वणहु।।१०।।

સર્વજ્ઞકી વાણીમેં ઐસા આગમ આયા શબ્દસમયરૂપ આગમ. જ્ઞાનપ્રસિદ્ધિ માટે જ્ઞાનસે પદાર્થ બતાના હૈ. તો ભગવાન આત્મા ભગવાનકી વાણીમેં આયા. તેરા ગુણપર્યાયવંત તેરા આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત આત્મા. સમજે ન? સત્ લક્ષણ. તીનોં લક્ષણ ઉસમેં દે દિયા હૈ. આહા..હા..! સત્ (દ્રવ્ય) લક્ષણં. સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત. .. તેરી ગુણપર્યાયમેં ઉત્પાદ.. વ્યય અને ધ્રુવ. ઔર વહ ધ્રુવ ત્રિકાલ જ્ઞાયક. સમજમેં આયા? ઔર વહી ગુણપર્યાયવત્ દ્રવ્યં. એમ સર્વજ્ઞકી વાણીમેં આયા. ઉસકા જ્ઞાનમેં ઐસા આના ચાહિયે. સમજમેં આયા? અપની પર્યાય અપનેસે ઉત્પાદ-વ્યય હોતી હૈ. ત્રિકાળ દ્રવ્ય જ્ઞાયકમાત્ર હૈ ઐસા ભગવાનને જાના હૈ, ઐસા મૈં જાનું તબ ભગવાનને જાના વહ મેરી પ્રતીતમેં, અનુભવમેં આ ગયા. સમજમેં આયા? '**सव्वणहु**' આતા હૈ દેખો. ટૂંકી ભાષા આતી હૈ શ્લોક ટૂંકો કરો તો. '**दवियदि भण्णंति**' એમ કાઢ્યું. એને દ્રવ્ય ભગવાને કહ્યું. ઐસા કહ દિયા. અહીંયા .. ત્રણ લક્ષણ બાંધીને.

આ તો એક-એક શબ્દમેં તો મહા સિદ્ધાંત પડા હૈ. આ કાંઈ સામાન્ય વાત નથી, સિદ્ધાંત છે. દિગંબર સંતોકા શાસ્ત્ર વહ સામાન્ય નહીં હૈ વાર્તા જૈસા કિ લાખ પઢ લિયા, દિયા. ચર્ચામેં દિયા-લિયા હોતા હૈ કિ નહીં? ચર્ચામેં બાત કરે તો જાઓ. દિયા-લિયા. દિયા-લિયા ક્યા? કાંઈ ન મળે ઘરમાં. રોકડા દિયા અને લિયા. ઐસા નહીં હૈ. માલસહિત બાત હૈ. ભગવાન આત્મા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ ઐસી હૈ, વસ્તુ ઐસી હૈ. ઉસકા અંતરમેં ઐસા જ્ઞાન હુએ બિના તેરા રસ્તા કભી મુક્તિકા હોતા નહીં. એક ભી જો ગડબડ. રહી ગઈ અપનેમેં અને દૂસરા કોઈ હો અસત્ ને સત્ માન લે તો ગડબડ તેરા શલ્ય અંદરમેં આત્માકા પ્રયત્ન નહીં કરેગા. આત્મા સ્વભાવ જૈસા હૈ ઉસકી રુચિ ઉસકો નહીં હોગી. આહા..હા..! એ.. ધર્મચંદજી!

અહીં તો વળી પાઠ હી ઐસા હૈ. **'मोक्खु म चिंतहि जोइया मोक्खु ण चिंतिउ होइ।'** આહા..હા..! હે યોગી! મોક્ષકી ચિંતા ન કર. એ મોક્ષ ચિંતાસે હોતા નહીં. એ ચિંતાકા અભાવસે મોક્ષ હોતા હૈ. તો જબ જબ ચિંતા આયી તો ઉસકા ભી જ્ઞાન આયા તો ચિંતા આયી નહીં સાથમેં. જ્ઞાન હો ગયા. સમજમેં આયા? ક્યોં?

**'ભાવાર્થ :- વહ ચિંતાકા ત્યાગ હી તુઝકો નિઃસંદેહ મોક્ષ કરેગા.'** અર્થાત્ વહ વિકલ્પ હો, પણ ઉસકા વિરક્તભાવ તેરેમેં, ઉસકા જ્ઞાન હુઆ તો સ્વપરપ્રકાશક જ્ઞાનસે વિકલ્પ અત્યંત વિરક્ત હૈ, અત્યંત અભાવ હૈ. વ્યવહારરત્નત્રયકા વિકલ્પ ભી જ્ઞાનકી પર્યાયમેં નિર્મલ શ્રદ્ધા જ્ઞાનમેં અત્યંત અભાવ હૈ. આહા..હા..! પર પર હૈ. ઉસકા જ્ઞાન આયા. ઐસી જ્ઞાનકી એકાગ્રતાસે તેરી મુક્તિ હોગી. તો ચિંતા તુઝે જ્ઞાન કરાતા હૈ અને ચિંતા તુઝે લાભ કરાતા હૈ ઐસે તેરી મુક્તિ કભી તીન કાલમેં હોગી નહીં. સમજમેં આયા? ઓહો..હો..! ઓહો..હો..!

એ મુનિઓએ જંગલમાં સિદ્ધ સાથે વાતું કરી છે. પ્રભુ! અમે થોડે કાળે આવશું હોં ત્યાં. તમે નહીં ઉતરો. ઉસમેં તો ઐસા કહા હૈ પદ્મનંદી પંચવિંશતિમેં. ઋષભદેવકી સ્તુતિ. સામે સમવસરણ ખડા કરા હૈ. ભગવાન તો મોક્ષમેં પધારે હૈ ઋષભદેવ. પણ ઐસા પદ્મનંદી આચાર્યને આ ભગવાન... આ ભગવાન... ઐસા કહા હૈ હોં ઉસમેં. જબ સ્તુતિ ચલતી હો તો ઉસકા અર્થ .... આ ભગવાન ઐસા હૈ, આ ભગવાન તો ઐસા હૈ, આ અતિશય ઐસા હૈ. ભગવાન તો મોક્ષમેં (હૈ), ત્યાં વળી તીર્થંકરકો નીચે ઉતારા હૈ. ભગવાન! નીચે ઉતરો. તુમ ચલે ગયે અકેલે, નહીં ચાલે હવે. સમજમેં આયા? ... જ્ઞાન... તુમ દૂર હો ગયે કાળસે, ક્ષેત્રસે. તો હમ કહતે હૈ કિ ક્ષેત્ર અને કાલસે નજદીકમેં તુમ્હારા જ્ઞાન કરતે હૈ. સમજમેં આયા? વહ ભક્તિમેં ભી, ભક્તોકી ભક્તિ ભી અલૌકિક જ્ઞાનકો મલાતી હૈ. એ કાંઈ ઐસી ભક્તિ લૂખ્ખી નહીં હૈ. સમજમેં આયા? આહા..હા..!

.. તુમ્હારા જૈસી તુમ્હારી નાતમેં આ ગયા. તુમ સર્વજ્ઞપણે જાનતે-દેખતે હૈ, હમ અલ્પજ્ઞપણે પણ જાનના-દેખના સિવાય દૂસરી ક્યા ચીજ હૈ તુમ્હારે પાસ? મેરે પાસ ભી દૂસરી નહીં હૈ. આહા..હા..! **'ચિંતાકા ત્યાગ હી તુઝકો નિઃસંદેહ મોક્ષ કહેગા.'** નિઃસંદેહ મોક્ષ કહેગા. જ્ઞાયકસ્વભાવ ભગવાન ઉસકા અંતરબોધ હુઆ. રાગકા જ્ઞાન કિયા વહાં રાગ હમારા કહાં રહા? તો ચિંતાકા અભાવસે હી હમારી મુક્તિ હૈ. મુક્તિ દૂસરે કોઈસે હોતી નહીં. આચાર્ય ઉપદેશમેં

કહતે હૈ તેરી ચિંતાકે અભાવસે મુક્તિ હોગી.

**'અનંત જ્ઞાનાદિ ગુણોંકી પ્રગટતા વહ મોક્ષ હૈ. યદ્યપિ વિકલ્પ સહિત જો પ્રથમ અવસ્થા ઉસમેં...'** હવે જરી વિશેષ વાત વિકલ્પ આતા હૈ. ઈતના કરનેકી ના પાડી હોં. કર્તૃત્વબુદ્ધિસે નહીં, કર્તૃત્વબુદ્ધિસે નહીં. જરી ખુબી લી હૈ. કિ મૈં કરું ઐસી બુદ્ધિસે નહીં. પણ ઉસ ભૂમિકામેં ઐસા વિકલ્પ ભૂમિકાકે યોગ્ય કાલ હૈ તો આ જાતા હૈ. સમજમેં આયા? ચિંતા કરું કિ ચિંતા કરને લાયક હૈ ઐસી બાત નહીં. ઐસા અભિપ્રાય નહીં. પણ ચૌથે, પાંચવે, છઠ્ઠે ગુણસ્થાનકી ભૂમિકામેં સવિકલ્પ અવસ્થાકે કાલમેં ઐસા વિકલ્પ હોતા હૈ. હોતા હૈ દૂસરી બાત હૈ અને કરના ઔર ઉસસે મુઝે લાભ હૈ વહ દૂસરી બાત હૈ. સમજમેં આયા? આહા..હા..!

**'પ્રથમ અવસ્થા ઉસમેં વિષય કષાયાદિ ખોટે ધ્યાનકે નિવારણ કરનેકે લિયે...'** વહ તો ઐસા વિકલ્પ આતા હૈ ન? કિ યે અશુભભાવ ન હો. બાકી ન હો તો ..કાલમેં ન હો, પણ ઉસકી પ્રમાદ અવસ્થા હૈ તો ઐસા વિકલ્પ સહજ આતા હૈ. હૈ તો ક્રમબદ્ધ આનેવાલા હૈ વહી આનેવાલા હૈ. સમજમેં આયા? જો ગુણકી પર્યાય ઉલટી જો સમયે જો પર્યાય હોનેવાલી હૈ વહી કરકે આતી હૈ. પણ ઐસા વિકલ્પ આતા હૈ કિ ઐસા અશુભ ન હો. ઐસા વિકલ્પ આતા હૈ ન ઉસમેં-ઉસકે ક્રમમેં? તો વહ કહતે હૈ કિ ઉસકા નિવારણ માટે **'મોક્ષ-માર્ગમેં પરિણામ દઢ કરનેકે લિયે...'** મોક્ષમાર્ગ હૈ, દર્શન-જ્ઞાન-ચારિત્ર તો હૈ, જ્ઞાતા-દૃષ્ટાપના હૈ ઉસમેં વહ વિકલ્પ આતા હૈ. **'ઐસી ભાવના કરતે હૈં,...'** વહ ક્યા કહતે હૈ આયેગા લો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૫, મંગળવાર, તા. ૧૭-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૮૮, પ્રવચન-૧૯૯**

આ પરમાત્મપ્રકાશ. ઉસકા દૂસરા અધ્યાય ચલતા હૈ. ઉસકી ૧૮૮ ગાથા. ઉસમેં ભાવનાકી બાત ચલતી હૈ. કુંદકુંદાચાર્ય કૃત એક પ્રાકૃત સિદ્ધ ભક્તિ (હૈ) ઉસમેં સે યહ શ્લોક હૈ. ક્યા

હૈ દેખો.

''दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो
सुगईगमणं समाहिमरणं जिणगुणसंपत्ति होइ मज्झं।।''

યહ પરમાત્મપ્રકાશક હૈ. તો પરમાત્મા અર્થાત્ દ્રવ્ય સ્વભાવસે પરમાત્મા પૂર્ણ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ. વો પરમાત્માકા સ્વરૂપકા આશ્રય કરનેસે—વહ પરમાત્મા સ્વરૂપ હૈ ઉસકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષકી પર્યાય જો પરમાત્મા પ્રગટ ઉસ કારણસે હોતા હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ અનંત-અનંત ગુણકા સમુદાય, સામ્રાજ્ય ઉસકા રાજ શોભા વહ હૈ. અનંત-અનંત ગુણકી શોભાસે ભગવાન બિરાજમાન હૈ. ઉસ પરમાત્માકા અંતર આશ્રય કરનેસે, ધ્યેય કરકે, લક્ષ કરકે, અવલંબન કરકે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શુક્લધ્યાન અને કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? ઉસકે સિવા ઉસકી પર્યાયમેં ક્ષાયિક સમકિત આદિ ઉત્પન્ન હો તો ભી ઉસકે આશ્રયસે આત્માકો નયી પર્યાય નહીં ઉત્પન્ન હોતી. સમજમેં આયા?

ભગવાન આત્મા એક સમયમેં પૂર્ણ-પૂર્ણ પરમબ્રહ્મ અનંત ગુણ(સ્વરૂપ હૈ). કહા થા કિતની વાર. સમજમેં આયા? અભી તક સિદ્ધકી જિતની સંખ્યા હુઈ વહ સિદ્ધ છ માસ અને આઠ સમયમેં ૬૦૮ મુક્તિકો પ્રાપ્ત હોતે હૈ. ઉસ સંખ્યા કરતા સંસારી જીવકી સંખ્યા અનંતગુણી હૈ. ઔર યહ સંસારી જીવકી સંખ્યા કરતા પરમાણુ આ પુદ્ગલકી સંખ્યા અનંતગુણી હૈ. ઉસસે ત્રણ કાલકા સમય અનંતગુણા હૈ ઔર ઉસસે આકાશ સર્વવ્યાપકકા પ્રદેશ જો કાંઈ માપ નહીં, અમાપ... અમાપ... અમાપ... ચારોં દિશા, વહ તીન કાળકા સમય સે આકાશકે પ્રદેશકી સંખ્યા અનંતગુણી હૈ ઔર ઈસસે અનંતગુણા એક આત્મામેં ગુણ હૈ. સમજમેં આયા? ઉસકી ખાનમેં ઈતના અનંતા ગુણ પડા હૈ. પરિપૂર્ણ... પરિપૂર્ણ... પરિપૂર્ણ... કહાં આકાશ અને કહાં આત્માકા ગુણ! લો ઈતના ક્ષેત્રમેં સમા ગયા સાડે તીન હાથમેં. વહ તો ક્ષેત્ર અમાપ હૈ. ક્યાંય માપેય નહિ. કહાં ઉસકી હદ હોગી? આકાશ કહાં સમાપ્ત હોગા? વહ સમાપ્ત નહીં હૈ અમાપ... અમાપ... અમાપ... ચારે બાજુ. ઉસકે આકાશકે પ્રદેશકી સંખ્યા, એક પોઈન્ટ રજકણ રખે (વહ) પ્રદેશ (ઉસકી) સંખ્યા અનંત, ઉસસે એક આત્મામેં અનંતગુણા ગુણ હૈ. ઈતના ને ઈતના ગુણ એક પરમાણુમેં હૈ. ઈતના ને ઈતના ગુણ છઓં દ્રવ્યમેં હૈ. પરમાણુમેં? આહા..હા..!

આકાશકા પ્રદેશ જો અનંત હૈ ઉસસે એક આકાશકે દ્રવ્યમેં અનંતગુણા ગુણ હૈ. ક્યા કહા? શ્રદ્ધામેં પહલે (લે કિ) ઈતના હૈ વહ મેરી એક સમયકી પર્યાયકા ઈતના વિશ્વાસ કરનેકી ચીજ હૈ. ક્યા કહા? આકાશ એક સર્વવ્યાપક હૈ ઉસકા જિતના પ્રદેશ હૈ અનંત-અનંત અમાપ, ઉસસે અનંતગુણા એક આકાશમેં ગુણ હૈ. ઐસા અનંતગુણ એક જીવમેં હૈ. ઐસા અનંત ગુણ એક

પરમાણુમેં હૈ. ઐસા ઇતના ને ઇતના ગુણ એક કાળાણુમેં હૈ.

મુમુક્ષુ :- ક્યાં સંતાઈ ગયા છે?

ઉત્તર :- એ માટે તો વાત થાય છે. કે દિ' નજર કરી છે? ભાન કે દિ' કર્યું છે? આ શરીર જીર્ણ થાય ત્યારે રાડું પાડે રાતે. પડખાં ફેરવ્યા કરે પછી ઠીક પડતું નથી ને કોઈ સામું જોતું નથી. એમ છેને? એ તો કહીએ છીએ. ત્યાં સામું જોવું (છે), અહીં સામું ક્યા ચીજ હૈ, ઉસકી વાસ્તવિક ચીજ (ઔર ગુણકી) સંખ્યા કિતની હૈ વહ ભી ઉસકે ખ્યાલમેં લેના નહીં. યહાં તો આચાર્ય યહ કહતે હૈ. આ પરમાત્માકા અધિકાર હૈ. તો આત્માકી એક સમયકી પર્યાય, જ્ઞાનકી એક સમયકી શ્રુત-શ્રુતકી, મતિકી, એક શ્રુતકી પર્યાય ઇતનેમેં આ જિતના ગુણ કહા, જિતના દ્રવ્ય કહા વહ સબ એક સમયકી પર્યાયમેં જાનનેકી લાયકાત એક સમયકી પર્યાયમેં હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- એ તો ભગવાનની.

ઉત્તર :- અરે..! અહીં તમારી. અમુલખચંદજી ઠીક પ્રશ્ન કરે છે. નીચેથી હાંડલું કાઢે એટલે એનો જવાબ મળેને સરખો. કે સિદ્ધ ભગવાનકી?

ભાઈ! યહાં પરમાત્માકા અધિકાર હૈ. ઉસમેં કુંદકુંદાચાર્યદેવ એક શ્લોક રખતે હૈ કિ ઐસી જ્ઞાનીકો ભાવના કરની ચાહિયે. એમાં '**जिणगुणसंपत्ति**' છેને? '**जिणगुणसंपत्ति**' જુઓ, '**जिणगुणसंपत्ति**' જિતના જિનમેં ગુણ પ્રગટ હુઆ પર્યાયમેં ઇતના મેરે ભી હો. તો યહાં તો ઇતની પહલી બાત કરના હૈ કિ આત્માકા એક જ્ઞાનગુણકી એક સમયકી, એક શ્રુતજ્ઞાનકી એક સમયકી પર્યાય, એક સમયકી પર્યાયમેં જિતના અનંતા ગુણ કહા જીવકા ઐસા અનંતગુણ કહા આકાશકા, ઐસા અનંતગુણા સબ દ્રવ્યકા, વહ સબ દ્રવ્ય, સબ ગુણ અને સબકી પર્યાય, ઇતની એક આત્માકી શ્રુતજ્ઞાનકી પર્યાયમેં જાનનેકી તાકાતવાલી પર્યાય હૈ. ઓહો..હો..! આકાશ કે (પ્રદેશસે) અનંતગુણા તો ઉસકા ગુણ ઔર ઇતના હી અનંતગુણા આત્માકા ગુણ. ઉસમેં આત્મામેં જો અનંત ગુણ હૈ ઉસમેં એક જ્ઞાનગુણ હૈ ઉસકી એક સમયકી પર્યાય હૈ. ગુણ તો એક બાજુ રખો. એક સમયકી પર્યાય હૈ ઉસ પર્યાયમેં ઇતના દ્રવ્ય, ઇતના ગુણ, ઇતની અનંતગુણી પર્યાય, પાછી એક સમયમેં એક દ્રવ્યની જિતના અનંતગુણ ઉતની પર્યાય, એ મતિજ્ઞાન અથવા શ્રુતજ્ઞાનકી એક સમયકી પર્યાયમેં જાનનેવાલી તાકાત એક અંશમેં હૈ. ઐસા અનંત(જ્ઞાન) ગુણ ઔર ઐસા અનંત-અનંત દૂસરા શ્રદ્ધાગુણ આદિકા અંશરૂપ શ્રદ્ધા, એમ ચારિત્રકા ગુણ અંશરૂપ ચારિત્ર ઐસા અનંતગુણરૂપ જો ભગવાન આત્મા. આહા..હા..! ક્યા કહતે હૈ! સમજમેં આયા?

ઐસા પરમાત્મા મહાન પદાર્થ જિસકી એક પર્યાયમેં (ઇતના જાને). અથવા દૂસરી રીતે

લઈએ તો છ દ્રવ્યકી, એક સમયકી પર્યાયમેં વિકલ્પ સહિત શ્રદ્ધા કરનેકી ઉસકી તાકાત, તબ તક તો ઉસકો વ્યવહારશ્રદ્ધા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? જિસકો છ દ્રવ્યકી, ઈતના ગુણવાળા ઈતના દ્રવ્ય (ઐસી) પર્યાયમેં શ્રદ્ધા નહીં હૈ, એક હી આત્મા હૈ એમ માનતે હૈ, એકીલા પુદ્‌ગલ હૈ ઐસા માનતે હૈ ઉસકો તો એક સમયકી પર્યાયકી તાકાત વિકલ્પસહિત શ્રદ્ધા કરનેકી ભી તાકાત ઉસમેં શક્તિ નહીં.

મુમુક્ષુ :- પાત્રતા નહીં.

ઉત્તર :- પાત્રતા નહીં. એય..! પ્રકાશચંદજી! ક્યા નિકલા વળી યે? આહા..હા..!

અહીં તો કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ 'ચતુર્ગતિકે દુઃખોંકા ક્ષય હો,...' છે તો એ વિકલ્પ, પણ વિકલ્પમેં જ્ઞાનકી પર્યાયમેં ઈતના સબ પ્રતીતમેં આયા હૈ. સમજમેં આયા? ઔર આત્મા સબ અનંતી પર્યાયકા એક ગુણ ઐસા અનંતગુણકા પિંડ પ્રભુ ઐસા દ્રવ્યસ્વભાવ ઉસકે આશ્રયસે હી મેરા કલ્યાણ શરૂઆતકા, મધ્ય અને પૂર્ણતા ઉસકે આશ્રયસે હોતી હૈ. ક્યા કહા સમજમેં આયા? છતે વિકલ્પકે કાલમેં જ્ઞાનીકો ઐસી ભાવના હોતી હૈ. વિકલ્પકા કાલકી બાત હૈ. નિર્વિકલ્પ આનંદકે અનુભવમેં જબ હો તો યે વિકલ્પ હોતા નહીં. ચૌથે ગુણસ્થાનમેં ભી નિર્વિકલ્પ આનંદકે અનુભવમેં હો તબ ભી યહ ભાવના હોતી નહીં. પંચમમેં નિર્વિકલ્પ અનુભવમેં હો તો હોતા નહીં. છઠ્ઠેસે સપ્તમમેં આયા નિર્વિકલ્પ સમાધિમેં ઉસમેં આ ભાવના હોતી નહીં. સમજમેં આયા?

અરે! ઉસકી મહત્તા (ઉસને જાની નહીં). ઉસે ઐસા બનાના, ઐસા ભગવાનકો રાગકા કર્તા બનાના અને પરદ્રવ્યકી પર્યાયકા કર્તા બનાના ઘણી હીનતા હૈ. મહારાજ મોટા ચક્રવર્તીકિ પાસ... સમજમેં આયા? એ ઘરમાં કૂડા-કૂડા કહતે હૈ ક્યા? કૂડા-કૂડા. કૂડા-કચરા-કચરા. ચક્રવર્તી પ્રસન્ન થયા, ઉસને કહા માગ-માગ. મેરે ઘરમેં જરી કૂડા ભરા હૈ એ વાળી નાખજે. એય..! ન્યાલભાઈ! કૂડા સમજે કે નહીં? કચરા. ચક્રવર્તી પ્રસન્ન હુઆ. સેવા કોઈ કિયા. પ્રસન્ન હોકર કહા, માગ-માગ. સાહેબ! એ દો દિનસે બંધ હૈ ઘર તો ઉસમેં કચરા ભરા હૈ એ વાળી નાખ. મૂર્ખ લાગે છે આ. સમજમેં આયા? એમ ભગવાન આત્મા એક સમયકી પર્યાયમેં તીન કાલ, તીન લોક અને સર્વ દ્રવ્યને જાણવાની હજી એક સમયકી પરોક્ષ પર્યાયમેં ઈતની તાકાત હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુણ છે તો ઉસમેં પરોક્ષ. એ પ્રત્યક્ષ અને આ પરોક્ષ. કેવલજ્ઞાન અમાપ હૈ, અનંત અવિભાગ પ્રતિચ્છેદ સબ ખિલ જાતા હૈ. પણ ઈતની તાકાતવાલા અનંતા અંશો ઐસા પરમાત્મા અને કેવલજ્ઞાન જો હુઆ વહ ભી સાદિ-અનંત જિતના કેવલજ્ઞાન હૈ સબકા અંશરૂપ પિંડ એક જ્ઞાનગુણ હૈ. ઐસા સાદિ-અનંત વ્યક્ત જિતની પર્યાય શાંતિ, સમાધિ આનંદકી હોતી હૈ સબકા અંશકા પિંડરૂપ ગુણ હૈ. ઉન સબ ગુણકા પિંડરૂપ દ્રવ્ય હૈ. ઐસા પરમાત્માકા ભેટા

અંતરમેં દૃષ્ટિમેં કરનેસે ઉસકો ક્ષાયિકભાવ ઉત્પન્ન હો, કોઈ ક્ષાયિકમેં ક્ષાયિક સમકિત હો, છઠ્ઠે ગુણસ્થાને ચારિત્રદશા ઉત્પન્ન હો, પણ ઉસકે આશ્રયસે સમ્યક્ નયી શાંતિકી પર્યાય ઉત્પન્ન હોતી નહીં. ચારિત્રકી પર્યાય પ્રગટ હો, ઉસકે આશ્રયસે નયી શાંતિ અને ચારિત્રકી પર્યાય ઉત્પન્ન હોતી નહીં. સમજમેં આયા? ઐસે આત્માકો પાસ રાગકા કર્તા ઠરાના, પરકા કર્તા ઠરાના ઔર પરસે મેરેમેં કાર્ય હોતા હૈ ઐસા ઠરાના વહ, ચક્રવર્તીકે પાસ કૂડા નિકલવાનેકી ચીજ હૈ. સમજમેં આયા? આ કચરા-કચરા કહા નહિ દાખલા? કચરા નહીં સમજે? કૂડા-કચરા ક્યા હૈ સબ. ઘરમેં જરી કચરા પડા હૈ, નિકાલ દો. અરે ભગવાન! કિસકો તુમ કહતે હો? ઓહો..! પ્રભુ!

અહીં તો પરમાત્મા એક સમયમેં પૂર્ણાનંદ નાથ જિસકા અવલંબન લેના હી, જિસકા આશ્રય લેના હી એકાંત, એકાંત મોક્ષકા માર્ગ અને એકાંત ઉસકે આશ્રયસે મુક્તિ હોતી હૈ, દૂસરા કોઈ વિકલ્પ કિ નિર્મલ પર્યાય પ્રગટ હુઈ ઉસકે આશ્રયસે ભી મોક્ષમાર્ગકિ આશ્રયસે મોક્ષમાર્ગ નહીં હોતા. મોક્ષ નહીં હોતા. મોક્ષમાર્ગકિ આશ્રયસે મોક્ષમાર્ગકી પર્યાયકી વૃદ્ધિ નહીં હોતી. મોક્ષમાર્ગકી પર્યાયકે આશ્રયસે મોક્ષમાર્ગકી પર્યાય વૃદ્ધિ નહીં હોતી. આહા..હા..! સમજમેં આયા? એય..! પ્રકાશચંદજી! ક્યા હૈ? આ તો તકરાર હેઠે અટક્યો છે. હજી તો ક્યાંનો ક્યાં અટક્યો. આ કરે ને આ કરે ને આ કરે ને ધૂળ કરે.

અહીં તો કહતે હૈ... આયા થા ન ઉસમેં? ગુણોંકી પ્રગટતા યહ મોક્ષ હૈ. અનંત જ્ઞાનકે ગુણોંકી પ્રગટતા. પ્રગટ મોક્ષ પરમાત્મા. શક્તિરૂપ પરમાત્મા અનાદિ-અનંત. ઓહો..હો..! ઉસકી અંતરમેં દૃષ્ટિ અનંતકાલમેં કિયા નહીં. અનંતબાર મુનિપના લિયા, કષાય મંદ ક્રિયાકાંડ કિયા, અગિયાર અંગ (પઢા), વહ આયેગા પીછે. શ્લોકમેં આયેગા. **'घोरु करंतु वि तव-चरणु'** ૧૯૧મેં આયેગા. **'सयल वि सत्थु मुणंतु। परम-समाहि-विवज्जयउ णवि देक्खइ सिउ संतु।।'** ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ જો સમ્યગ્દર્શનસે દેખને લાયક હૈ, સમ્યગ્જ્ઞાનકે નેત્રસે જ્ઞેય કરને લાયક હૈ, સમ્યક્ શાંતિ દ્વારા ઉસમેં સ્થિર કરને લાયક હૈ ઐસા ભગવાનકો, ઉસને અગિયાર અંગ પઢા, ક્રિયા ઘોર કરી ઘોર ક્રિયાકાંડ, ઉસસે વહ શિવ—ભગવાન મિલા નહીં. સમજમેં આયા?

કહતે હૈ, ઐસા પરમાત્મા ઓહો..! કલ જરી યાદ આયા થા ન? કલ થા ન દોપહરકો? પરદ્રવ્યકા કર્તા ન માને તે દિગંબર જૈન નથી. અરરર! આ શું કહ્યું આ? સમજમેં આયા? આ જૈનદર્શનમેં ક્યા ચલા? ઈંદોરમેં ચલી થી. સબ એકટ્ઠા હુઆ થા. ઓહો..હો..! ઉસકો તો તિરસ્કાર યહાંકા કરના થા. પણ વે તો અપની પર્યાયકા કરતે થે. વહ ક્યા કરે? એક સમયમેં ત્રણ કાળ, ત્રણ લોક જાનનેકી તાકાતવાલી પર્યાય, ઉસકો પરદ્રવ્યકા કર્તા ઠરાના અને ન કર્તા માને તો એ જૈન દિગંબર નહીં. શું છે? કોઈ પૂછનાર? ગૃહસ્થોને ખબર નહીં, પંડિતો

અપને મેં પડા હૈ. ક્યા ચીજ ક્યા હોતી હૈ (માલૂમ નહીં). બાબુલાલજી! આહા..હા..!

કહતે હૈં, ભગવાન આત્મા અપના સ્વભાવ એકરૂપ ત્રિકાલ પરમાત્માકી યહાં બાત ચલતી હૈ. પરમાત્માકે આશ્રયે પરમાત્મા પ્રગટ હોતા હૈ. સમજમેં આયા? કોઈકા વહ કરનેવાલા નહીં, કિસીકો કાર્યકા કારણ બનાતે નહીં, અપને કાર્યમેં કોઈકો કારણ બનાતે નહીં. અપના મોક્ષમાર્ગકી પર્યાયમેં કારણ અપના કારણપરમાત્માકો બનાતે હૈ. સમજમેં આયા? આહા..હા..! અપના મોક્ષકા કારણમેં ભી મોક્ષકા માર્ગકો ભી કારણ બનાના વહ વ્યવહાર હૈ. મોક્ષકે કારણમેં બનાના કારણ પ્રભુકો. એકરૂપ કારણજીવ કારણપરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ, જિસકો પારિણામિક શક્તિકા દ્રવ્ય કહા, જ્ઞાયકભાવ કહા છઠ્ઠી ગાથામેં. જ્ઞાયક એટલે પારિણામિકભાવ પણ જ્ઞાનભાવ. એકીલા જ્ઞાયકભાવ ત્રિકાલ ઉસકે આશ્રયસે મુક્તિ હોતી હૈ, ઉસકે આશ્રયસે મોક્ષમાર્ગકી શરૂઆત હોતી હૈ, ઉસકે આશ્રયસે મોક્ષમાર્ગકી વૃદ્ધિ, પુષ્ટિ, તુષ્ટિ અને પૂર્ણાનંદસે સંતુષ્ટ હોતા હૈ. સમજમેં આયા? આહા..હા..! હજી શ્રદ્ધાકા ઠિકાના નહીં. ન્યાલભાઈ! અને વ્રત-બ્રત કરી લો. અરે ભગવાન! બાપુ! વો હો, રાગ મંદતા હો તો ભલે હો, પણ વસ્તુકી દૃષ્ટિ અને વસ્તુકે ભાન બિના તેરા જન્મ-મરણકા નાશ કભી નહીં હોગા. દુનિયા ભલે મનાવી દે. કંઈ હરકત નહીં, શુભભાવમેં ભી સંવર હૈ. કલ આયા હૈ. સંવર હૈ, નિર્જરા હૈ, પુણ્ય હૈ. આહા..હા..!

યહાં કહતે હૈ કિ ભગવાન આત્મા ઐસી ભાવના વિકલ્પમેં કરતે હૈ હોં. આશ્રય તો સ્વભાવકા હૈ. '**ચતુર્ગતિકે દુઃખોંકા ક્ષય હો,...**' જુઓ, ચાર ગતિનું દુઃખ. લક્ષમેં સર્વાર્થસિદ્ધમેં જન્મ વહ ભી દુઃખ હૈ ઐસા માનતે હૈ. સર્વાર્થસિદ્ધમેં જન્મના પણ દુઃખ હૈ ઐસા જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ અપનેકો આનંદધામકી વિરૂપ અવસ્થા, વિરૂપ અવસ્થા-વિરૂદ્ધ અવસ્થા ચાર ગતિ... આહા..હા..! અહીં તો કહે કે એ ગતિ મનુષ્યકી મિલે તો ધર્મ હો, સારા સંહનન હો તો કેવલજ્ઞાન હો. અહીં તો ના પાડતે હૈ. ચતુર્ગતિકા દુઃખકા ક્ષય હો. પાઠમાં તો દુઃખ ભાઈ એકલું છે. એ તો પછી ચતુર્ગતિ શબ્દ નાખ્યો. '**दुक्खक्खओ**' પાઠ ઈતના હૈ. કુંદકુંદાચાર્યકી સિદ્ધ ભક્તિ હૈ. સમજમેં આયા? '**दुक्खक्खओ**'કા અર્થ ક્યા હુઆ? કિ મૈં આનંદમૂર્તિ નિત્યાનંદ. સમજમેં આયા? એ શબ્દ ક્યાંક છે. '**आनन्दं ब्रह्मणो रुपं**' ૧૯૧માં છે. '**आनन्दं ब्रह्मणो रुपं**' ટીકામાં છે. '**निजदेहे व्यवस्थितम्। ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम्।**' પરમાનંદ સ્તોત્રની ગાથા છે. પરમાનંદ સ્તોત્ર છે. છેલ્લો છેને શ્લોક? '**आनन्दं ब्रह्मणो रुपं**' આત્માનું રૂપ, બ્રહ્મ નામ ભગવાનનું રૂપ તો આનંદ હી હૈ. અતીન્દ્રિય આનંદ હી ઉસકા રૂપ હૈ. સારી શીલા જેમ બરફની શીલા જેમ ઠંડીસે ભરી સારી શીલા. ચારે બાજુ ખૂણા ખાંચા મધ્ય ઉપર ચારે બાજુ. એ ઠંડી... ઠંડી... ઠંડીસે સારી શીલા બરફકી પડી હૈ, ઐસા ભગવાન સારા આનંદકી શીલાસે ભરા હૈ. આહા..હા..! પર્યાયમેં આનંદ, ગુણમેં આનંદ, દ્રવ્યમેં આનંદ, પ્રદેશમેં આનંદ.

આહા..હા..! સમજમેં આયા? અને વહ ભગવાન અસંખ્યપ્રદેશી આનંદકા પાકવાલા ક્ષેત્ર હૈ. ઉસ ક્ષેત્રમેં આનંદ પાકતે હૈ ઐસા સ્વક્ષેત્ર હૈ. દુઃખ પકતા હૈ ઐસા વહ ક્ષેત્ર નહીં. સમજમેં આયા?

આ ચોખા નહીં વાવતે? આ કેવા કહેવાય તમારે .. ફલાણા-ઢીકણા તમારા અત્યારે કહેવાય છેને? બાસમતી. તો ઉસકા ક્ષેત્ર ભી ઉંચા હોતા હૈ. એ કાંઈ અહીંના ક્ષેત્રમાં બાસમતી ન થાય. અહીં કળથી થાય. કળથી સમજતે હો? કળથી હોતી હૈ કુલથી. કુલથી હોતી હૈ. કઠણ હોતી હૈ પતલી. એ કુલથી અહીંની જમીન છેને આ બધી જીથરી-બીથરીની. ત્યાં કુલથી બહુ થાય ત્યાં હોં. જમીન એને લાયક છે. ત્યાં કાંઈ શું કહેવાય? બાસમતી. બાસમતી ચોખા પાકતા હશે ત્યાં?

એમ ભગવાન આત્મામેં ક્યા રાગમેં આનંદ પકતા હૈ? રાગ ક્ષેત્ર આનંદકા હૈ? અપના ક્ષેત્ર છોડકર ક્યા નિમિત્તકા ક્ષેત્રમેં અપના આનંદ પકતા હૈ? સમજમેં આયા? આહા..હા..! અસંખ્ય પ્રદેશ '**आनन्दं ब्रह्मणो रुपं निजदेहे व्यवस्थितम्।**' આ દેહમાં ભગવાન બિરાજમાન છે. '**ध्यानहीना न पश्यन्ति**' ભગવાન ચિદાનંદ ઉપર લક્ષ અને દૃષ્ટિ કરે બિના '**ध्यानहीना न पश्यन्ति**' ભગવાન પરમાનંદ મૂર્તિ પ્રભુ ઉસ પર ટગટગ લગાકર, ત્રાટક બનાકર, જ્ઞેય સ્વકો બનાકર ધ્યાન બિના વહ આત્માકા ભાન-પશ્યન્તિ નહીં હોતા. '**ध्यानहीना न पश्यन्ति**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં ધ્યાન હૈ. સમજમેં આયા? '**ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम्।।**' સૂર્ય ઊગ્યો મોટો. જાતિ અંધને ખબર ન મળે ક્યાં હશે? સૂર્ય કેવો હશે? સમજમેં આયા?

એકવાર દાખલો નહોતો આપ્યો એ? ચીડીયા-ચીડીયા. આ રાતે ઉડે છેને શું કહેવાય? કાનકડીયા. કાનકડીયા અને ઓલી એક મોટી વાગોળ. બેને થઈ તકરાર કે કોઈ સૂર્ય-બૂર્ય છે કે નહીં કાંઈ? ભાઈ, ચાલો આપણા ગુરુને પૂછીએ. એનો ગુરુ ઘુવડ. ઘુવડ પાસે પૂછવા ગયા. ઘુવડ સમજતે હો ન? ઉલ્લુ. ઉસકો પૂછને ગયા કિ આ કોઈ વાતું કરે છે કે સૂર્ય હૈ.. સૂર્ય હૈ... એમ વાતું કરે છે દુનિયા. તો ક્યા હૈ? આપણે તો ભાઈ દેખા નહીં. ઉસ ચીડીયાકો કહે. આપણા ગુરુને દેખા. એ કહે કે ભાઈ સૂર્ય-બૂર્ય નહીં પણ એકવાર મેં ચાર પહોર એક દિન એક ઠેકાણે પડ રહા થા. મેરે સૂઝ નહીં પડતી થી. મેરી પાંપણ ઉની હોતી થી. ઉની-ઉની ગરમ-ગરમ હોતી થી. ગરમ-ગરમ સૂર્ય હો તો હો કદાચિત્. ગરમ-ગરમ સૂર્ય હો તો હો.

મુમુક્ષુ :- ગુરુએ કીધું?

ઉત્તર :- હા, ગુરુએ કીધું. ગરમ-ગરમ સૂર્ય. અરે..! પણ ભાસ્કર પ્રકાશકા પૂંજ હૈ વહ તો કહે. દેખા નહીં કભી.

એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા એકીલા પિંડ વહ સમ્યગ્દર્શનકી દૃષ્ટિ બિના કભી દેખનેમેં આતા નહીં. આહા..હા..! સમજમેં આયા? સમ્યગ્જ્ઞાન નેત્ર ખોલે બિના વહ ચિદાનંદ ભગવાન નેત્રકા વિષય નહીં આતા ખ્યાલમેં. પરકા વિષય છોડે બિના સ્વકા વિષય નેત્રમેં નહીં આતા. સમજમેં આયા? પર્યાયકા વિષય ભી છોડે દ્રવ્યકા વિષય ખ્યાલમેં આતા હૈ. નિમિત્ત, રાગ તો ક્યાંય પર રહા, પણ એક સમયકી પર્યાયકો વિષય બનાના છોડકર દ્રવ્યકો વિષય બનાના તબ આત્મા '**आनन्दं ब्रह्मणो रुपं**' ઐસા અનુભવમેં, સમ્યગ્દર્શનમેં આત્મા આનંદ હૈ ઐસા ભાસમેં આતા હૈ. સમજમેં આયા?

તો યહાં કહતે હૈ કિ '**ચતુર્ગતિકે દુઃખોંકા ક્ષય હો,...**' આચાર્ય મહારાજ (કહતે હૈં) ઓહો..! એક બાત. '**અષ્ટ કર્મોંકા ક્ષય હો,...**' વહ જડસે લિયા હૈ. દુઃખકી પર્યાયકા નાશ પહલે કહા. અપને પર્યાયકા કહા, પછી નિમિત્તકી બાત કિયા. યે નાશ હો તો આઠ કર્મકા નાશ હોતા હૈ. તો વહાંસે બાત લિયા. '**અષ્ટ કર્મોંકા ક્ષય હો,...**' ભગવાન આત્મા જુઓ, ચોથે ગુણસ્થાને આ ભાવના હોતી હૈ. કબ? જબ વિકલ્પ હો તો. દૂસરી ભાવના નહીં કિ મૈં ઐસા બનું, સ્વર્ગ બનું, ભગવાન પાસે જાઉં.

મુમુક્ષુ :- એમાં આવી જાયને.

ઉત્તર :- ક્યાંથી આવી જાય? એમાં ક્યાંથી આવી જાય? અહીં તો બિલકુલ કર્મના અભાવની બાત હૈ. ચાર ગતિના અભાવની એમાં ગતિ ક્યાંથી આવતી હતી?

મુમુક્ષુ :- બીજે ક્યાંક આવતું હશે. ઘણા બોલ છેને.

ઉત્તર :- બોલ આવે છેને. હજી ચાલ્યા આવે છેને.

ધર્મી જીવ ભગવાન આત્માકા સ્વભાવ દૃષ્ટિમેં લિયા હૈ. ઈતના-ઈતના અનંતગુણકા પિંડ પ્રભુ, મહાન ચૈતન્યપ્રભુ, ઈસકા સ્વામીપના દૃષ્ટિમેં લિયા હૈ, વો ધર્મી રાગકા, નિમિત્તકા સ્વામી તીન કાળમેં અંદરમેં હોતા નહીં. વહ ભાવના કરતે હૈ વિકલ્પ આયા તો. પહેલી તો ના પાડી ભાઈ પાઠમેં તો. મોક્ષકી ચિંતા ન કરની. કર્તૃત્વરૂપે વિકલ્પ નહીં ઉઠાના. આ જાયે ભૂમિકા પ્રમાણે. કારણ કે ઉસ ભૂમિકામેં ઐસી ભાવનાકા વિકલ્પ ઉત્પન્ન હો તો ઐસા આતા હૈ કિ દુઃખોંકા ક્ષય, અષ્ટ કર્મોંકા ક્ષય. આઠેય કર્મનો ક્ષય. ઉસમેં ઐસા નહીં કહા કિ તીર્થંકર ગોત્ર બંધે તો ઠીક.

મુમુક્ષુ :- એમાં આવી ગયુંને કે બંધાય એટલે ક્ષય થાય જ.

ઉત્તર :- પણ બંધાય અને ક્ષય થાય એ કોને લઈને? બંધાય તો વિકલ્પસે, ક્ષય હોતા હૈ નિર્વિકલ્પસે. સમજમેં આયા? ક્યા કહા? સમ્યગ્દૃષ્ટિ જાનતે હૈ કિ બંધન હુઆ વિકલ્પસે. ઔર નાશ વિકલ્પકા હોતા હૈ નિર્વિકલ્પસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પસે બંધ હી હૈ. તીર્થંકરગોત્ર ભી પરમાણુકા રજકણ પડા હૈ. ઉસમેં આત્માકો ક્યા હૈ? સમજમેં આયા?

મુમુક્ષુ :- બડી જગ્યા તો દેતે હૈ.

ઉત્તર :- બડી કૌન જગ્યા દેતે હૈ? વહ દેતે હૈ? જગ્યા હૈ? સમવસરણ મિલના વહ આત્માકી પર્યાય હૈ? જો વિકલ્પ આયા થા ઉસસે બંધ પડા તીર્થંકરગોત્રકા. કહતે હૈ, હમારે કર્મકા ક્ષય હો. જબ વિકલ્પકા નાશ કરકે કેવલજ્ઞાન હોતા હૈ તબ પહલે વિકલ્પમેં બંધા કર્મકા ઉદય વિપાક તેરહવે આતા હૈ. ક્યા કરના તીર્થંકર પ્રકૃતિસે આત્માકો ક્યા લાભ હૈ? સમજમેં આયા? કહો, બોલે છેને તમારે નહિ? 'દર્શન વિશુદ્ધિ ભાવના ભાયે, ષોડશકારણ...' શું કીધું? 'સોલહ તીર્થંકર પદ પાયે. પરમગુરુ હોય...' બધાને લાલચ એમ કે પરમગુરુ મોટા થઈ જવું એમ. પણ ભાઈ! એ તો વિકલ્પની વાત છે. સમ્યગ્દૃષ્ટિમાં એવું આવે કે હું પૂર્ણ થાઉં. પૂર્ણ થાઉં હોં. એમ અહીં કહ્યું. તીર્થંકર થાવ એમ પણ નથી. અહીં તો પૂર્ણની જ વાત. તીર્થંકર થાઉં પણ કોણ તીર્થંકર? એ તો વિકલ્પ છે. વિકલ્પની ભાવના ભાવવી? ઉદયભાવની ભાવના? પર્યાયની ભાવના નથી, દ્રવ્યની ભાવના (છે) ત્યાં ઉદયની ભાવના કહાંસે આયી? કહો, બાબુલાલજી! ભારે વાત ભાઈ!

'**કર્મોંકા ક્ષય હો,...**' પછી '**बोहिलाहो**' શબ્દ છે હોં. '**જ્ઞાનકા લાભ હો,...**' ઐસા લિખા ન? મૂલ પાઠમેં '**बोहिलाहो**' ત્રણેની વાત છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર અપ્રતિહતભાવે મેરે લાભ હો બોધિ. મેરા દ્રવ્યસ્વભાવ જેમ ત્રિકાળ નાશ નહીં હોનેવાલા હૈ, ઐસી મૈં દૃષ્ટિ લગાયા હૈ તો મેરા દર્શન-જ્ઞાન-ચારિત્ર ભી અપ્રતિહત જહાં-જહાં મૈં જાઉં વહાં મેરી પર્યાય ઐસી-ઐસી નિર્મલ હો અને કેવલજ્ઞાન લીધે છૂટકો. ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિ કરતે હૈ. સમજમેં આયા? ક્યા કહા? સમ્યગ્દૃષ્ટિ બોહિલાભમેં અપની જો દ્રવ્ય વસ્તુ ત્રિકાલ હૈ વહ કભી કોઈ નાશ નહીં હોતી. તો ઉસકા આશ્રયે જો પર્યાય પ્રગટ હુઈ વહ ઐસે ને ઐસે રહે, નાશ ન હો અને ઉસકા ફલમેં કેવલજ્ઞાન આ જાયે ઐસા બોધિલાભકી ભાવના સમ્યગ્દૃષ્ટિ કરતે હૈ. સમજમેં આયા? કેવલજ્ઞાનકા લાભ ભી કાંઈ પૂર્વકા ચાર જ્ઞાનસે નહીં હોતા. પણ વહ ભાવનામેં વિકલ્પ ઐસા આયા કેવલજ્ઞાન ઉસકા અર્થ કિ દ્રવ્યમેં એકાગ્ર મૈં ઉગ્ર હો જાઉં તબ મેરે કેવલજ્ઞાન હોગા. આહા..હા..! કહો, સમજમેં આયા? જૈનદર્શન, વસ્તુદર્શન, વિશ્વદર્શન ઉસે સમજના, એ ચૈતન્ય રત્નકો પરખના. ઝવેરી હો ગયા. આજ આયા નહીં તુમ્હારે. ઠીક નહીં હોગા. પાછળ બેઠા? ઠીક. અચ્છા. કહો, સમજમેં આયા?

'**बोहिलाहो**' આપણે પણ આવે છેને બોહિલાભં. આરોગ બોહિલાભં એમાં પણ આવે

છે, નમોત્થુણંમાં પણ આવે છે નહિ? બોહિદયાણં. બોહિદયાણં આવે છે. નમોત્થુણંમાં આવે છે. અહીં '**बोहिलाहो**'. નમોત્થુણંમાં પણ આવે છે. એક નમોત્થુણં આવે છે. શબ્દ આતે હૈ તુમ્હારે? નમોત્થુણં, અરિહંતાણં આતા હૈ. સામાયિકમેં આતા હૈ. ઉસમેં બોહિદયાણં.. હે નાથ! આપ બોધિના દાતાર હો. વહ બોધિના દાતાર નિમિત્તસે કહતે હૈ. ભગવાન આત્મા બોધિકા દાતાર હૈ. સમજમેં આયા? નમોત્થુણં. અહીં તો આ લોકોમાં બહુ ચાલે. અને એ લોગસ્સ આતા હૈ ન લોગસ્સ? બતાયા થા ન અભી સામાયિકકા પાઠ અપને હૈ, ઉસમેં ભી આતા હૈ.

મુમુક્ષુ :- ...બાદમેં આતા હૈ.

ઉત્તર :- હા, આતા હૈ. યહાં સામાયિકમેં ભી આતા હૈ. આરોગ્ય બોહિલાભં. આરોગ્ય બોહિલાભં. વહ સંસ્કૃત સામાયિકમેં આતા હૈ. આ લોકોને લોગસ્સમાં શ્વેતાંબરને તો આવે છે. આરોગ્ય બોહિલાભં. મેરી નિરોગતા. સિદ્ધપદની મેરી નિરોગતા. આહા..હા..! મેરી ચૈતન્ય પરિણતિની નિરોગતા ઐસા બોહિકા લાભ મુઝે હો. શરીરકી નિરોગતાની બાત નહીં હોં. જેચંદભાઈ! ભાઈ, શરીર નિરોગ થાય. ધૂળમાં હવે રોગ એને ઘરે રહ્યા. ક્યા આત્મામેં રોગ ઘુસ ગયા હૈ? બોહિલાભં હૈ ન? પાઠમેં '**बोहिलाहो**' હૈ હોં.

'**सुगईगमणं**' '**सुगईगमणं**'કા અર્થ ક્યા? એ પંચમ ગતિમેં ગમન. મેરી મોક્ષકી પર્યાય પૂર્ણ હો. '**सुगई**' '**सुगई**' ઉસકો કહતે હૈ હોં. '**सुगई**'. આ ચાર ગતિ દુર્ગતિ. ચાર ગતિ દુર્ગતિ. ઉસકા કારણ ભાવ ભી દુર્ગતિકા કારણ હૈ. આહા..હા..! કહતે હૈ, મેરે સુગતિ નામ કેવલજ્ઞાન પંચમગતિકા લાભ હો, ચાર ગતિકા નાશ કહા તો પંચમગતિકા લાભ. '**સમાધિ મરણ હો,...**' વિકલ્પ આતા હૈ તો યહ આયા. ઉસમેં કદાચિત્ એકાદ ભવ કરના પડે તો બંધ ઉસમેં ઐસા પડેગા કિ બાહ્યકા સંયોગ અનુકૂલ મિલેગા. સમજમેં આયા? કાં તીર્થંકરકા, કાં કેવલીયોંકા, કાં મહા શ્રુતકેવલીયોંકા સમાગમમેં (રહેગા). વો વિકલ્પ હૈ ન? ઉસ વક્ત બંધ હો તો ઐસા બંધ હોગા. ભાવના ઐસી હૈ. વિકલ્પ ઐસા તો બંધ ઐસા પડ જાયેગા. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસે કહા કિ ચૌથે ગુણસ્થાને, પાંચમેં, છઠ્ઠે, સાતમેં ઐસા વિકલ્પ આયા ન? તો વિકલ્પ બંધકા કારણ હૈ. તો બંધ કિસકા હોતા હૈ ઉસમેં? ભાવના ઐસી હૈ. તો વહ વિકલ્પમેં જિસમેં સમાધિ, આત્માકી શાંતિ આદિકા સુનને મિલે ઐસા સમવસરણ આદિકા ક્ષેત્ર મિલે, ઐસા શ્રુતકેવલી મિલે ઐસા યોગમેં વહ પુણ્યકા બંધ ઐસા હો જાતા હૈ કિ ઐસા બાહ્યમેં સંયોગ મિલે. તો સંયોગસે આત્મામેં લાભ ઐસી બાત યહાં હૈ નહીં. સમજમેં આયા? ઉસમેં સંયોગ ઐસા મિલ જાયે. સ્વભાવમેં તો જિતની એકાગ્રતા વર્તમાન કરતે હૈ ઇતના આત્માકો

લાભ. બાકી વિકલ્પ સંયોગી ભાવ હૈ, સંયોગ બંધ હો જાતા હૈ, ફલમેં સંયોગ મિલ જાતા હૈ. સ્વભાવ નહીં, સ્વભાવ નહીં. અભી નહીં. ઉસ વક્ત ભી સ્વભાવ નહીં. ઉસસે સ્વભાવ નહીં મિલતા. આહા..હા..!

અરે! જૈનની શ્રેણી... શ્રીમદ્દે કહ્યું છેને કાંઈક? જૈનની કથની ક્ષીણ થઈ છે. એવો કાંઈક શબ્દ છે. કટાઈ ગઈ છે એવું લખ્યું છે. ઘસાઈ ગઈ છે. જિનની કથની ઘસાઈ ગઈ છે. ઘસાઈ ગઈ સમજે? ઘીસ ગયી બસ ઐસા, ઐસા લિખા હૈ. કારણ કે દેખા લોકોમેં... શ્રીમદ્દે આમ ઘણું જોયું. પૂર્વના સંસ્કારી, ભાન આત્મજ્ઞાન થયું. આમ જ્યાં જોવે લોકોને આહા..હા..! આ જૈનની કથની ઘસાઈ ગઈ છે. અવાવરુ કૂવા જૈસી હો ગયી હૈ. અવાવરુ કૂવા સમજતે હો? વહ કૂવા હોતા હૈ ન, પાની ન નિકાલે તો પછી લીલ, ફૂગ અને કૂચા સબ પડ જાયે ઉસમેં. પાની નિકાલે તો તો અચ્છા સાફ રહે. અમારી કાઠિયાવાડી ભાષામેં લિખા હૈ ઉસને. અવાવરુ કૂવા. જિસ કૂવામેં વપરાશ હોવે નહીં ઐસા કૂઆ. ઐસા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યા હૈ? ઔર વહ કિસકે આશ્રયસે પ્રગટ હોતા હૈ? સબ ઘસાઈ ગઈ કથની. દેવીલાલજી! આહા..હા..! બહુ પોકાર કર્યા છે. થોડું પણ સત્ય બહાર આવતા લોકોને મરણતુલ્ય આઘાત લાગે છે. ઐસા લિખા હૈ. કારણ કે કોઈવાર સત્ય વાત કીધી હોય તો, ઐસા! અરે! લોપ હોગા, વ્યવહાર લોપ હોગા.

એક બાર શ્રીમદ્દકે પાસ એક પૂછનેકો આયા ખાનગી. સમજમેં આયા? ઘણું કરીને આ જ છે ઓલા ગિરધરભાઈ હતાને? હા ઈ. એ પૂછવા આવ્યા હતા. ત્યાં કાવિઠા. ત્યાં બેઠા હતા અને જરી પૂછવા આવ્યા કે તમે વ્યવહારનો લોપ કરો છો? આ બધું ચાલે અનાદિનું. એ કાંઈ નવું છે નહિ. ભાઈ! અમે ભગવાને કહેલા વ્યવહારની વાત તો કહીએ છીએ. અયથાર્થ વ્યવહારસે લાભ નહીં હોતા ઐસી બાત કહતે હૈ. થોડા પરિચય કરો. ઐસા કહા બસ ઈતના. થોડા પરિચય કરો. સમજમેં આયા? ભગવાને કહા વ્યવહાર. તો ભગવાને વ્યવહાર ખરેખર તો નિર્મલ પર્યાયકો વ્યવહાર કહા હૈ. ચૈતન્ય વિલાસકો ભગવાન વ્યવહાર કહતે હૈ. આ ગયી ન ભાઈ! પ્રવચનસારમેં ૯૪ ગાથા. ચૈતન્યકા વિલાસ. ભગવાન અખંડાનંદ દ્રવ્યસ્વભાવ શુદ્ધ અક્રિય ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન હુઆ વહ ચૈતન્ય વિલાસ નિર્મલ ઉસકો વ્યવહાર કહનેમેં આયા. ક્યોંકિ ત્રિકાલ દ્રવ્યકા અંશ હૈ ભેદ માટે ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. ઐસા વ્યવહાર ભગવાનને કહા ઉસકા હમ નિષેધ નહીં કરતે. થોડો પરિચય કરો, પરિચય કરો. શ્રીમદ્દમાં આવે છે. ક્યા કહે એને? તરત સમજે નહીં તો? સમજમેં આયા ઉસમેં? રાજેન્દ્રજી!

ફિરસે, વહ વ્યવહાર ક્યા કહા? વહ નિર્મલ પર્યાય. ઈસમેં હૈ ન? ૯૪ ગાથામેં. વહ આયા હૈ. વહ બહુત વ્યાખ્યાનમેં હો ગયા ન બહુત વાર. દેખો, આત્મવ્યવહાર એ ચૈતન્ય વિલાસ.

આહા..હા..! દેખો, '**ઈસપ્રકાર અહંકાર-મમકારસે ઠગાયે જાતે હુએ, અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારસે ચ્યુત હોકર,...**' જુઓ, આ બાજુ પાછું ક્યા કહા હૈ? '**પુદ્‌ગલાત્માક અસમાનજાતીય દ્રવ્યપર્યાયિકા—જો કિ સકલ અવિદ્યાઓંકા એક મૂલ હૈ ઉસકા—આશ્રય કરતે હુએ યથોક્ત આત્મભાવકી સંભાવના કરનેમેં નપુંસક હોનેસે...**' વિકલ્પ ઉઠાના ઉસકો ઠીક પડતે હૈ એમ કહતે હૈ, પણ આત્મા જ્ઞાયકસ્વભાવ ઉસમેં એકાગ્ર હોના (ઉસમેં) નપુંસક હો જાતા હૈ. સમજમેં આયા?

'**નપુંસક હોનેસે ઉસીમેં બલ ધારણ કરતે હૈં...**' એમાં જ બળ ધારણ કરે રાગમાં. આત્મા તરફમેં નહીં. અને જોર ભી વહ દે. કરના. યહ રાગ કરતે-કરતે હોગા. કાંઈ એમ ને એમ હો જાયેગા તુરંત? કહો, સમજમેં આયા? ભાઈ! ઘણીવાર પ્રશ્ન કરે છે આમાં એક જણો. આવ્યા છે એમાંથી કોઈ. કાલે કોઈ પ્રશ્ન કરતું હતું. એમ ને એમ થઈ જાય? વ્યવહાર જોઈએ કે નહિ? મુનિઓનો પણ વ્યવહાર એ બિચારા નગ્ન રહે છે એટલો વ્યવહાર કરે છેને. તો આપણે એને આદર કરવા કે નહિ? એમ બધા પ્રશ્ન આવતા હતા, કાલે કોક વાતું કરતું હતું. આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા પોતાનું તો નક્કી કરે પછી...

ઉત્તર :- ભાઈ! તારું તો નક્કી કર. ભગવાન અહીં તો ના પાડે છે. દેખો, નપુંસક (કહ્યું)..

'**આત્મસ્વભાવકી સંભાવના કરનેમેં નપુંસક...**' ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, ઉસકી એકાગ્રતા કરનેમેં પાવૈયા હો ગયા હીજડા ઔર રાગાદિ પર્યાય ઉત્પન્ન કરનેમેં શુરવીર હો ગયા. આહા..હા..! એય..! રાજમલજી! ભારે આ કડક ભાષા નહિ? ઠીક હૈ. ઠીક હી હૈ. વીતરાગ પરમાત્મા ઓહો..હો..! વીતરાગસ્વરૂપ પરમાત્મા પોતાના-અપના સ્વરૂપ હી વીતરાગ વિજ્ઞાનઘન હૈ ઔર વીતરાગ વિજ્ઞાનઘનમેં એકાગ્ર હોના વહ વીતરાગી પર્યાય હૈ. વીતરાગી સમ્યગ્દર્શન ભી વીતરાગી પર્યાય હૈ. સરાગ સમકિત-ફમકિત હોતા નહીં. સમજમેં આયા? સરાગ સમકિત કૈસા? કોઈ સરાગ સમકિત શ્રદ્ધાગુણકી પર્યાય હૈ? એક સમયમેં ભગવાન પૂર્ણ સ્વરૂપ, ઉસકે અંતરમેં એકાગ્ર હોનેમેં રાગમેં બળ વાપરનારા, બળ ફોરવનારા અંતરમેં એકાગ્ર હોનેમેં નપુંસક હૈ. સમજમેં આયા? તેથી એકાંત દૃષ્ટિ ઉછળે છે. ક્યા? મૈં મનુષ્ય હૂં, આ મનુષ્યકી ક્રિયા મૈંને કિયા. દેખો મૈં ચલતા હૂં, જુઓ ઈર્યાસમિતિસે ચલતા હૂં, જુઓ આ ચલતા હૈ વહ મેરી ક્રિયા હૈ.

'**ઈસપ્રકાર અહંકાર-મમકારસે ઠગાયે જાતે હુયે, અવિચલિતચેતનાવિલાસ આત્મવ્યવહારસે ચ્યુત હોકર, જિસમેં સમસ્ત ક્રિયાકલાપકો છાતીસે લગાયા જાતા હૈ...**' મનુષ્ય વ્યવહાર. પંચ મહાવ્રત ને દયા, દાન, વિકલ્પ ને આ ને તે રાગની ક્રિયા છાતીસરસો ભેટે આમ. જેમ છોટા બાલકકો છાતીસે લગાતે હૈ. આઠ વર્ષનું બાળક હોય સુવાળું, કૂણું,

ધોળું અને એને છાતી સાથે આમ ચાંપે. એમ અજ્ઞાની રાગની ક્રિયાને દાબે છે. સમજમેં આયા? ક્યા કહા દેખોને. '**સમસ્ત ક્રિયાકલાપકો છાતીસે લગાયા જાતા હૈ...**' ઓહો..હો..! '**क्रोडीकृतसमस्तक्रिया**' એવો શબ્દ સંસ્કૃતમાં છે હોં '**क्रोडीकृतसमस्तक्रिया**'.

મુમુક્ષુ :- ગોદીમેં બૈઠા દિયા.

ઉત્તર :- હા, ગોદીમેં બૈઠા દિયા. રાગકો અપની ગોદીમેં લગા દિયા. આવો... આવો... આવો... આવો... મુઝે રાગકા અનુભવ, વિકલ્પકા અનુભવ, વિકલ્પ મેરા.. વિકલ્પ વિના કોઈ કાર્ય હોતા હૈ? કોઈ વિકલ્પ વિના કાર્ય હોતા હૈ? ક્રિયાને છાતી સરસો ભેટ નપુંસક વીર્યવાલા અપને સ્વરૂપકી રચના કરનેમેં સામર્થ્ય નહીં ઉસકા. રાગકી રચના કરનેમેં સામર્થ્ય લગા દિયા. મૂઢ મિથ્યાદૃષ્ટિ આત્મવ્યવહારસે ભ્રષ્ટ હૈ. સમજમેં આયા? વિશેષ-વિશેષ બાત કિયા હૈ. લો ઈતની બાત તો યહાં કહતે હૈ. યહાં તો દ્રવ્યકો હી નિશ્ચય કહા અને નિર્મલ પર્યાયકો હી વ્યવહાર કહા. આહા..હા..! વિકલ્પકો તો વ્યવહાર નહીં (કહા). વહ તો અસદ્ભૂત હૈ. યહાં સદ્ભૂતમેં પર્યાય પ્રગટ હુઈ. ઉસમેં હૈ ઐસી શક્તિકી વ્યક્તતા પ્રગટ હુઈ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનમેં ઉસકો યહાં વ્યવહાર કહનેમેં આયા. નિશ્ચય દ્રવ્ય અને વ્યવહાર વહ પર્યાય. રાગ-બાગ પર નિમિત્ત હૈ ઉસકે સાથ સંબંધ હૈ નહીં. સમજમેં આયા?

તો કહતે હૈ, '**समाहिमरणं**'. આહા..હા..! 'જગતને મરણ તણી બીક, અરે જ્ઞાનીને આનંદની પળ જો, જગતને મરણ તણી બીક, એ જ્ઞાનીને આનંદની પળ જો.' શ્રીમદ્ કહે છે એક ઠેકાણે. ભવના પલટા કાળે ભવરહિત સમાધિ હો ગયી ઉસકા હવે ભવ રહતા નહીં. એક પત્રમેં ઐસા લિખતે હૈ, ભાઈ! ભવના પરિવર્તન કાળે.. પરિવર્તન હુઆ ન મરણ વખતે? એક પત્ર હૈ નીચે. ભવના પરિવર્તન કાળે. ઉસકી ભાષા તો બહુત ગૂઢ હૈ. સમજમેં આયા? વે તો સમ્યગ્જ્ઞાની થે. વે તો સ્વર્ગમેં સે એક ભવ હોકર મુક્તિમેં જાનેવાલે હૈં. લોગોંકો ખબર નહીં. બાયડી-છોકરા હતા ને ઐસા-ઐસા. ઓલા ત્યાગ કહે અમે ત્યાગી છીએ. અને આને તો બાયડી હતી. હવે સાંભળને. બાયડી નહોતી, કેવળજ્ઞાનની પરિણતિના દાસ હતા એ.

કહે છે, આહા..હા..! ભવના પલટા કાળે ભવરહિત ભાવના સમાધિભાવે દેહ છૂટે ઉસકો ભવ રહતા નહીં. સમાધિમરણની વ્યાખ્યા કરી, ભાઈ! મૂળ તો સમાધિમરણકી વ્યાખ્યા. આ તો '**समाहिमरणं**' લિયા ન? વહ. મરણકાળે-દેહકે છૂટનેકે કાલે જ્યાં ભીંસકા કાલ હૈ, રાગ અને સ્વભાવકા દુઃખ-દુઃખકા કાલ એ સમયે શાંતિકા કાળ હૈ, સ્વભાવના આનંદને કાળે ભવના ગુલાંટ ખાતે વક્ત દૂસરા ભવકે કાલમેં આ ભવ છૂટા. શાંતિ, સમાધિસે છૂટા ઉસકા ભવ હવે રહતે નહીં. એકાદ ભવ રહે ઉસકી ગિનતી ગિનનેમેં આયી નહીં. સમજમેં આયા? ઐસા શબ્દ લિયા હૈ હોં. ભવના (પરિવર્તન) કાળે, અંતે આમ અંતમેં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધો સરવાળો એનો ત્યાં હૈ. જિતના સમાધિ કરી છે શાંતિ ઉસકા સરવાળા ત્યાં હૈ એમ કહતે હૈં. સરવાળા તો નાખ્યા ઉસકા આતા હૈ કિ મીંડાકા સરવાળા આતા હૈ? શૂન્યકા સરવાળા આતા હૈ? કાંઈ સંખ્યા નાખે ઉસકા સરવાળા આતા હૈ. સમજમેં આયા? પોપટભાઈ! આહા..હા..! પણ એ વખતે પુરુષાર્થની ઉગ્રતા કહે છે મૂળ. આમ ભવની ભીડ, આમ આંતરડા આમ થાય, આયુષ્ય પૂર્ણની સ્થિતિ આમ થાય લ્યો! સમજમેં આયા? અને પવન ગૂંચાય, ધ્યાનમેં હો તો આ ક્રિયા ઉપર લક્ષ પણ નથી. ક્રિયા તો ગમે તે ચલતી હો. અને ઐસા ચલે આમ હૂ... હૂ.. હૂ... લોકો ઐસા માને કિ યે તો દુઃખી હૈ. અરે..! સુન તો સહી! સમજમેં આયા?

એને એમ કે, ભાઈ! એ શ્રીમદ્‌ને છેલ્લે, એના બનેવી હતાને એ કહે કે આમ મરી ગયા. એ તમને ખબર-ભાન ન મળે સામાયિક અને પોષાની ક્રિયા કરનેવાલા. ક્રિયાકાંડ... તમારે તત્ત્વ ક્યા હૈ ઉસકી ખબર નહીં. મરતા વખતે ચાર-પાંચ ઘર સાંભળે એટલા બોકડાની જેમ રાડું પાડે. હોય તો શું છે? કોણ રાડું એ પાડતા હતા? રાડું સમજે ન? પોકાર. વહ મૃત્યુકાલે ઐસા હુ.. હુ.. (આવાજ આતી થી). કારણ કે સ્વયં તો વહાં બૈઠે થે. માતા થી, ભાઈ થા ઉસકા. ઈતના કહા, મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહીં. કારણ કે હવે ખ્યાલ આવ્યો કે મેરા દેહ છૂટનેકી તૈયારી હૈ. દેહ છૂટનેકી તૈયારી હો ગયી. ચૈત્ર વદ પાંચમ. મનસુખ ઉસકા ભાઈ થા. મનસુખ! બા જીવતી હતી, બૈરા હતા, છોકરા હતા, બધું હતું. એટલી વાત, વિકલ્પ એટલો આવ્યો કે બાને દિલગીર થવા દઈશ નહીં. હું હવે મેરે સ્વરૂપમાં ધ્યાનમાં જાઉં છું. હું મારા સ્વરૂપમાં જાઉં છું. બસ, એ ઉભા થઈ અને એક ઓલી હતીને શું કહેવાય એ? આરામખુરશી. કપડા ડાલ દિયા. બસ એટલું. ધ્યાનમેં ઉતર ગયા. પછી શ્વાસ એટલા ઘરેડા ચાલે. દુનિયા દેખે ઘરેડો અને જ્ઞાની દેખે એકાગ્રતા. હુ..હુ.. ઓલો બહારનો અવાજ થાય અંદરથી. ઓલા કહે.. અરે..! તમને ભાન નથી કીધું કોઈને. પછી કહે સાચી વાત હશે તમારે. ઝવેરભાઈ હતા ઝવેરભાઈ. કાંઈ ભાન ન મળે. અપવાસ કરી જાણે અને અપવાસ અને ઓળી અને હોળી કરે અને માને કે અમે બીજા કરતા ધર્મ કરીએ. રાત્રે ચોવિહાર કરે. સમજ્યાને? રાતે ચોવિહાર સમજ્યાને? આપણે ભાષા આ ગયી ન? ચોવિહારકા ત્યાગ. ત્યાગકો યહાં ચોવિહાર ભાષા કહતે હૈ. એટલે માને કે ત્યાગ હો ગયા. ધર્મકા ત્યાગ હૈ. તુઝે ખબર નહીં આત્મા ક્યા હૈ. પરમાત્માકા સ્વરૂપ જિસમેં આયા નહીં, વહાં પરમાત્મા કહાંસે પ્રસન્ન હોગા? તેરી દૃષ્ટિમેં પ્રસન્નતા તો રાગસે, પુણ્યસે, નિમિત્તસે હૈ. યહાં પ્રસન્નતા કહાંસે આયેગી? સમજમેં આયા? એક શુભરાગ આયા તો પ્રસન્ન હો ગયા. ઓહો..હો..! એક દેહકી ક્રિયા અચ્છી હો

ગયી. દેહકી ક્રિયા વિષયમેં ન ગયી, સ્રીકી .. સંગમેં દેહકી ક્રિયા ન ગઈ. મૈંને સંગ નહીં કિયા દેખો, મૈંને સંગ નહીં કિયા. મૂઢ હૈ. દેહકી ક્રિયા સ્રીકે પાસ નહીં ગઈ વહ તેરા સ્વભાવ હૈ? વહ તો ક્રિયા ઐસી નહીં હોનેવાલી થી માટે સંગમેં ગયી નહીં. તુમ કહો કિ હમારા કારણે વહાં સંગમેં ગયી નહીં. મૂઢ અજીવકા અભિમાન તુઝે દૃષ્ટિમેં હૈ. સમજમેં આયા? તેરી દૃષ્ટિ ચિદાનંદ ક્યા હૈ, (ઉસ પર નહીં હૈ). બાબુલાલજી! બાત તો ઐસી હૈ.

ઐસા નહીં કિયા. હમને દેહસે ઐસા નહીં કિયા હૈ હોં કભી. દેહસે સ્વસ્રી, પરસ્રી કભી ભોગા નહીં. દેહસે તુમ ભોગ સકતે હો? ઔર દેહસે તુમ ત્યાગ કર સકતે હો? ક્યા કહતે હો? મૂઢ હૈ? દેહકી પર્યાય ઉસ સમયમેં ઉસ સંગમેં નહીં જાનેવાલી થી અને જાનેવાલી હો તો ઉસકે કારણસે. તેરા ભાવ ક્યા થા ઔર તેરા લક્ષ ક્યા થા ઉસકે ઉપર બંધન અને અબંધકા ન્યાય હૈ. સમજમેં આયા? એ તો ખબર નહીં. અબંધ ક્યા ચીજ હૈ? બંધસે ક્યા ભાવ અને બંધ ઉત્પન્ન હોતા હૈ. ...લાલજી! ભારે ભાઈ! આવો વીતરાગમાર્ગ! ક્યાં ગયા ડોક્ટર-બોક્ટર આવ્યા છે કે નહિ તમારે? ક્યાં ગયા? ના ના તમારા. આવ્યા છેને? બેઠા છેને? ઠીક, પછવાડે. કહો, સમજમેં આયા?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને કહા આત્મા જિસકી દૃષ્ટિમેં, રુચિમેં, અનુભવમેં આયા નહીં ઉસકો રાગ અને દેહકી ક્રિયામેં અભિમાન હુઆ. ક્યા? યહાં આ અહં, આ અહં ઐસા દૃષ્ટિમેં આયા નહીં તો ક્યાંક અહંપણે અપની સત્તા સ્વીકાર કરે બિના રહેગા નહીં. ક્યા કહા? ભગવાન આત્મા... યહાં સમાધિમરણકી બાત ચલતી હૈ. ઉસમેં દેહકી સ્થિતિ પલટ જાતી હૈ. ઐસા હો ને ઐસા હો. ઉસકે અસ્તિત્વમેં આત્મા હૈ? તો ઐસી ક્રિયાસે ઉસમેં ફેરફાર હો ગયા આત્મા માનના હૈ? ક્યા હૈ? અને કોઈ ઐસી પ્રકૃતિ (હો કિ) ણમો અરિહંતાણં (બોલતે બોલતે) દેહ છૂટ ગયા. ક્યા સમાધિમરણ હૈ? ક્યા હૈ? ણમો અરિહંતાણં. અથવા તો નિર્વિકલ્પો અહં ઐસા વિકલ્પ ઉઠા. વહ સમાધિમરણ હૈ? વહ તો રાગ હૈ. રાગ ઉપર તેરી દૃષ્ટિ હૈ, વહાં અસ્તિત્વ સ્વીકારા હૈ. યહાં ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં અસ્તિત્વકા હોનાપણા- હોવાપણું સ્વીકાર નથી ત્યાં રાગ અને દેહકી ક્રિયામેં હોવાપણાકા સ્વીકાર હુએ બિના રહતા નહીં. હૈ તો ચીજ કહાં જાયે? હૈ ઉસકી સત્તાકા સ્વીકાર નહીં તો હૈ ઉસકા સ્વીકાર તો હૈ કિ મૈં હૂં, પર યહાં હૂં. જ્ઞાનાનંદ સ્વભાવ પૂર્ણાનંદ હૈ ઐસા સ્વીકાર નહીં. ઉસકો સ્વીકાર રાગાદિ-નિમિત્તમેં હુંપણું આયા બિના રહતે નહીં. જ્ઞાનીને આત્મા જ્ઞાયકસ્વરૂપ હૈ શુદ્ધ ચિદાનંદ શાંતિકા સાગર હૈ.

એ આવશે અહીંયાં નહિ હમણાં? '**महासरसि**' સરોવર છે એમ આવશે જુઓ પછી. પરમસાધિનું સરોવર છે. પછીની ગાથામાં આવશે. ૧૮૯, ૧૮૯. મૂળ પાઠ જ છે. સમજમેં

આયા? આહા..હા..! દેખો, **'महासरसि'** છેને? પહેલો બોલ. કહો, **'परम-समाहि-महा-सरहिँ'** ઓહો..હો..! સરોવર જેમ પાનીસે ભરા હૈ. યહાં સરોવર ક્યોં લિયા હૈ? એક આત્મા લેના હૈ ન? ભિન્ન સર્વસે. સર્વસે ભિન્ન લેના હૈ ન? યહ આત્મા, અનંત દૂસરા સરોવર હૈ ઉસમેં યહ આત્મા, સરોવરસે જેમ (જલસે) ભરા હૈ, એમ શીતલ શાંત સરોવરસે ભરા હૈ. શાંત... શાંત... દુનિયા ડોલે ત્યાં ડોલન હો નહીં, ચિંતા હો નહીં ઐસી ચીજ હૈ ભગવાન. ઐસે શાંત સરોવરમેં ઝૂલનેસે, એકાગ્ર હોનેસે શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અશાંતિ જગતમેં હૈ નહીં.

અજ્ઞાની મરણટાણે ઐસા મૈં. ણમો અરિહંતાણં મૈં બોલા થા ન. બરાબર. .. સંભળાવે. છેવટે ઐસા ભી ચલતા હૈ ન વહ શાસ્ત્રમેં? શું કહેવાય આ મરણ? કવચ-કવચ અધિકાર કિસમેં? ભગવતી આરાધના. વો ભગવતી આરાધનામેં કવચકા અધિકાર હૈ ન? કવચ. તો આરાધન મરણ કરનેમેં બૈઠતે હૈ તો મુનિ ઉસકા ધ્યાન રખતે હૈ, સાથમેં ધ્યાન રખતે હૈ. મહારાજ! ધ્યાન રખો. તો કદાચ ઐસા વિકલ્પ આ ગયા. મુનિ હોં છઠ્ઠે ગુણસ્થાને સમાધિમરણમેં પડા હૈ, પણ કોઈ ઐસા વિકલ્પ આ ગયા. પાણી. ઐસા પાઠ હૈ હોં, ભગવતી આરાધનામેં કવચ અધિકારમેં. પાની. સાથવાલે મુનિ કહતે હૈ, મહારાજ! આનંદ સરોવરકા જલ પડા હૈ ન, ક્યા પાની તુમ્હારે લેના હૈ? વહ ઉપદેશ દેતે હૈ તો ત્યાં સમાધિ આતી હૈ ઐસા નહીં. ઐસા હમારે કહના હૈ યહાં તો. સમજમેં આયા? ઉસકો જરા વિકલ્પ આ ગયા ઐસા. આયા અને અંદર ફડાક અંદરસે... દૃષ્ટિ થી, ચારિત્ર થા. ફક્ત વિકલ્પ કોઈ નબળાઈકા (આ ગયા). કારણ કે શરીર એકદમ ઐસા હો ગયા. પાની. મહારાજ! આપ તો અભી શરીર છોડકર ભગવાન પાસે જાને લાયક હો ગયે ન? અભી સ્વર્ગમેં જાયેગા અને પછી ભગવાન પાસે તુમ્હારે તો જાના હૈ સીમંધર પ્રભુ પાસે. આપ તો સમાધિ આનંદમેં પડા હૈ ન? સરોવર ભરા હૈ ન અંદરમેં? ક્યા પાની? આહા..હા..! ત્યાં ઉપદેશસે અંદરમેં હોતી હૈ ન એકાગ્રતા?

એ તો અંદરમેં છઠ્ઠી ભૂમિકામેં જરી વિકલ્પ આ ગયા. એકદમ ગુલાંટ ખાકર અંદરમેં શાંતિ-સમાધિમેં આ જાતા હૈ. સમજમેં આયા? ઉપદેશ ક્યા કરે ત્યાં, સાંગડા નાખેલા જ્યાં. છપન્નિયાના ઢોરને અંદરમેં કસ ન હો. પગમાં કસ ન હોય અને લાકડા નાખીને ઉંચા કરે. કેમ મગનભાઈ! જોયું હતું કે નહિ આપણે? વંડામાં. આ બધા સાંભળવા આવે. તે દિ' વરસાદ આકરો નહિ. કોઈ આવે એટલે ઓલા ઢોરને ઉંચા કરે. પણ ઘાસ નહિ.. .... સમજે? ઓલા લાકડા લાકડા સમજે ન? કસ ન હોય પગમેં તો ઉંચા કરે. પછી .. સાંગડા નાખીને લાકડા. અમારી ભાષા કાઠિયાવાડી. પછી ઓલો જાય ત્યાં ભૂ દઈને પડે. અમે બેઠા હોય ત્યાં. પડે નીચે. હાડકા સમૂળગા ભાગે. અંદર કસ વિના એને લાકડાથી ઉંચા કરે, એમ આત્માના અંદર વીર્યની જાગૃતિ

ન મળે ઉસકો ઉપદેશકા લકડા ક્યા કર સકતા હૈ? સમજમેં આયા?

ચિદાનંદ જાગૃત જ્યોતમેં પડા હૈ. ઓહો..! આનંદકી લહેર અતીન્દ્રિય નિર્વિકલ્પ સમાધિકી શાંતિ ઉત્પન્ન હો, સમાધિમરણ હો. આહા..હા..! વિકલ્પકે કાલમેં સમાધિમરણ હો ઐસી ભાવના હૈ. મેરા વંશ રહો, મેરી શિષ્ય પરંપરા રહો, મૈં દૂસરેકો કહ જાઉં, ભાઈ! તુમ્હારે પીછે ઐસા કરના હોં. ક્યા હૈ? ધન્નાલાલજી! પીછે ઐસા કરના હોં, પીછે ઐસા કરના. ઐસી ભાવના કરતે હૈ? પીછે ક્યા હોગા ઉસકા તુઝે ક્યા કામ હૈ? વિકલ્પ આયા વહ ભી બંધકા કારણ હુઆ. ક્યા હૈ તેરે? ભગવાન આત્મા સમાધિમરણ હોં.

**'જિનરાજકે ગુણોંકી સંપત્તિ મુઝકો હો.'** લ્યો! આખિરકા બોલ. **'जिणगुणसंपत्ति'** જિતના કેવલજ્ઞાનીમેં પર્યાય સંપત્તિ લક્ષ્મી પ્રગટ હુઈ ઐસી મેરે સંપત્તિ પ્રગટ હો, મેરી સંપદા મેરેમેં હૈ ઐસી પ્રગટ હો, મેરેમેં હૈ ઐસી પ્રગટ હો. બસ, વહ ભાવના હૈ જ્ઞાનીકી. સમજમેં આયા? લક્ષ્મી-બક્ષ્મીકી ભાવના ચૌથે ગુણસ્થાનમેં નહીં એમ કહા. એય..! પોપટભાઈ! સાચી વાત છે? આ છોકરાઓને પણ રૂપિયા બધા, પોતાને પચ્ચીસ લાખ હોય એટલા પ્રમાણે એક-એકને પચ્ચીસ થાય તો કામ આવે કે નહીં સરખું? દોઢ કરોડ થાય તો થાય. તો સરખું થાય એને પણ મેરે જૈસી આબરૂ રહે. ધૂળમાંય પુણ્ય હો તો હોગા. તેરે કામ ક્યા હૈ પુણ્યકા?

યહાં તો જિનરાજ ત્રણ લોકના નાથ વીતરાગની ગુણસંપત્તિ જે પ્રગટ હુઈ, મેરે વહ પ્રગટ હો, બસ. મેરે દૂસરી કોઈ ચીજ જોઈતી નહીં. **'યહ ભાવના, ચૌથે, પાંચવે, છઠ્ઠે ગુણસ્થાનમેં કરને યોગ્ય હૈ,...'** વિકલ્પકાલમેં વિકલ્પ હો તો યહ આતા હૈ, બસ ઈતની બાત. છતાં ઉસસે કુછ યહ સમાધિમરણ આદિ હોતા નહીં. આહા..હા..! યહાં તો વહ ગાથામેં તો કહા કિ મોક્ષની ચિંતા (કરવાથી), ભગવાન! મોક્ષ નહીં હોગા. મોક્ષ ચિંતયો ન હોગા, ચિંતા છોડકે હોગા. યહાં તો ઉસમેં ગાથા મૂકીને? **'ચૌથે, પાંચવે, છઠ્ઠે ગુણસ્થાનમેં કરને યોગ્ય હૈ, તો ભી...'** એ પછી ખુલાસો નાખ્યો છે એમણે. આ હવે અંદર છે. **'ઉપરકે ગુણસ્થાનોંકે વીતરાગ નિર્વિસકલ્પસમાધિકે સમય નહીં હોતી.'** ઉપર એટલે સાત. સપ્તમ ગુણસ્થાનમેં તો આમ ધ્યાનમેં, આનંદમેં પડા હૈ. ઉસકો તો ઐસા વિકલ્પ હૈ નહીં. ચૌથે-પાંચમે હો તો ભાવનામેં ઈતને વિકલ્પકી ભાવના (આતી હૈ). અંતરકી ભાવના—એકાગ્રતા વહ નિશ્ચય ભાવના, આ વિકલ્પ વ્યવહાર ભાવનામેં ઈતની ભાવના આતી હૈ. અંતરમેં ઠરી ગયા (ઉસે તો) વહ ભાવના ભી રહતી નહીં. ઐસી ભાવના ધર્મીકો ઐસી આતી હૈ અને પૂર્ણ હોનેકી હી ઉસકો લગની હોતી હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૬, બુધવાર, તા. ૧૮-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૮૯, પ્રવચન-૨૦૦**

આ પરમાત્મપ્રકાશ. દૂસરા અધ્યાય, ૧૮૯ ગાથા. ૧૮૮ હો ગઈ. '**આગે ચૌબીસ દોહોંકે સ્થલમેં પરમસમાધિકે વ્યાખ્યાનકી મુખ્યતાસે છહ દોહા-સૂત્ર કહતે હૈં—**' ક્યા કહતે હૈ? આ આત્મા.. યહ પરમાત્મપ્રકાશ ગ્રંથ હૈ. તો પરમાત્મા અપના એક સમયમેં દ્રવ્યસ્વભાવ ઉસકા પ્રકાશ પર્યાયમેં કૈસે હોતા હૈ? તો કહતે હૈ કિ અંદર સમાધિ, શાંતિ આત્મામેં અનાદિ-અનંત સ્વસમાધિ પડી હૈ. ઉસકી અંતર દૃષ્ટિ કરનેસે પરમાત્મપ્રકાશકા કાર્યરૂપ પ્રકાશકા કારણ અને પ્રકાશરૂપ કાર્ય, વહ આત્મા પરમસમાધિસ્વરૂપ હૈ ઉસકે આશ્રયસે સમાધિસે વહ પ્રાપ્ત હોતા હૈ. સમાધિકી વ્યાખ્યા ક્યા? આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત સમાધિ. ઉપાધિ નામ સંયોગી ચીજ રહિત આત્મા, વ્યાધિ નામ શરીરાદિકી પર્યાયસે રહિત આત્મા. આધિ નામ મનના સંકલ્પો પુણ્ય-પાપના આધિ. અંદર સંકલ્પ-વિકલ્પ શુભાશુભ વહ આધિ, શરીરની વ્યાધિ, સંયોગની ઉપાધિ-ઈન તીનોંસે રહિત ભગવાન આત્મા એકીલા પૂર્ણ શાંત આનંદસ્વભાવ હૈ ઉસકી, વ્યાધિ-આધિસે રહિત અંતર દૃષ્ટિ કરકે આત્માકા ધ્યાન અનુભવ કરના વહી આત્માકા મોક્ષકા કારણ હૈ. કહો, સમજમેં આયા?

૩૨૦) परम-समाहि-महा-सरहिँ जे बुड्डहिँ पइसेवि।
अप्पा थक्कइ विमलु तहँ भव-मल जंति वहेवि।।१८९।।

'**અન્વયાર્થ :- જો કોઈ મહાન પુરુષ...**' યહાં તો મૂલ પરમાર્થકી બાત હૈ. '**પરમસમાધિરૂપ સરોવરમેં...**' દેખો, ભગવાન આત્મા પરમસમાધિરૂપ સરોવર હૈ. શાંત અકષાય વીતરાગ વિજ્ઞાનઘન હૈ. અકષાય વીતરાગઘન કહતે હી અકષાય સમાધિસ્વરૂપ, અકષાય શાંતસ્વરૂપ હૈ. તદ્દન શાંત, વીતરાગ શાંત અવિકારી ત્રિકાલ. ઉસકે સરોવરમેં જો ઘૂસતા હૈ, ઉસ સરોવરમેં નહાતા હૈ. નહાતે કહતે હૈ? સ્નાન કરતા હૈ ઉસકા ભવમલકા નાશ હો જાતા હૈ. વહ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? '**પરમસમાધિરૂપ સરોવરમેં ઘુસકર...**' દેખો! રાગ, દયા, દાન, પુણ્ય-પાપકે વિકલ્પકી રુચિ છોડકર. સમજમેં આયા? ઔર કર્મ, શરીર આદિકા લક્ષ-સંગ છોડકર અસંગ પરમાત્મા નિજસ્વરૂપ ત્રિકાલ શુદ્ધ આનંદકંદ પડા હૈ ઉસમેં ઘુસે. ઘુસે અર્થાત્ ઉસકી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન અને ઉસકી લીનતા. ઉસકા નામ આત્માકા સરોવરમેં ઘુસના કહનેમેં આતા હૈ.

કહો, સમજમેં આયા? ભારે વાત મોંઘી! ઓહો..હો..!

'**ઘુસકર મગ્ન હોતે હૈં,...**' દેખો, '**मज्जन्ति**' ભગવાન જ્ઞાનસરોવર ચૈતન્ય પ્રભુ, જ્ઞાનકા પુંજ ચિદોહં, ચિદ્રૂપોહં. જ્ઞાનરૂપ એકલું જ્ઞાન ઉસકા રૂપ હૈ. સર્વજ્ઞ જૈસે પર્યાયમેં જ્ઞાતા-દૃષ્ટા હૈ ઐસે ભગવાન આત્મા સ્વભાવસે જ્ઞાતા-દૃષ્ટા હૈ. ઉસ જ્ઞાતા-દૃષ્ટાકી દૃષ્ટિ કરકે પર્યાયમેં જ્ઞાતા-દૃષ્ટા પ્રગટ કરના ઉસકા નામ જ્ઞાતા સ્વભાવમેં ઘુસકર શાંતિકી પ્રાપ્તિ કરના ઉસકા નામ સમાધિ કહતે હૈ. સમાધિ કહો કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહો. ઓહો..હો..! સમજમેં આયા? તો ક્યા કહતે હૈ? દેખો, '**મગ્ન હોતે હૈં, ઉનકે સબ પ્રદેશ સમાધિરસસે ભીંગ જાતે હૈં,...**' આહા..હા..! ક્યા કહતે હૈ? અસંખ્ય પ્રદેશી આત્મા હૈ, અસંખ્ય પ્રદેશ. એ ક્યું ડાલા હૈ વહ? સમજમેં આયા? આત્માકા અસંખ્ય પ્રદેશ સમાધિરસસે ભરા પડા હૈ. '**मज्जन्ति**' હૈ ન? સારા-આખા આત્મા અસંખ્ય પ્રદેશમેં પૂર્ણાનંદકે જલસે ભરા હૈ. ઉસમેં દૃષ્ટિ દેનેસે સારા અસંખ્ય પ્રદેશ શાંતરસસે ભીંગા જાતા હૈ. જો અનાદિસે પુણ્ય-પાપકે મેલસે ભીંગા જાતા હૈ વહ સંસાર હૈ. ભારે વાત ભાઈ! આ ધર્મની આવી વાત કેવી! સમજમેં આયા?

મુમુક્ષુ :- આવી ન હોય તો કેવી હોય?

ઉત્તર :- પણ આ કાંઈક કરે, દયા, દાન, વ્રત પાળે, આવું કરે. અરે ભગવાન! વહ તો દયા, તેરે સ્વરૂપકી દયા વહી દયા હૈ. સંપ્રદાન શક્તિ હૈ ન આત્મામેં એક? સંપ્રદાન આત્મામેં એક ગુણ હૈ. સંપ્રદાન નામકા અનાદિઅનંત એક આત્મામેં ગુણ હૈ. વહ સંપ્રદાન ગુણકો ધરનેવાલા ભગવાન ઉસકી પર્યાયમેં સંપ્રદાનકા પરિણમન અનંતકાલમેં નહીં હૈ. ક્યોંકિ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપકી ક્રિયા મૈં કિયા, પરકી ક્રિયા કી ઐસી મિથ્યાબુદ્ધિમેં, સંપ્રદાન નામકા ગુણ હૈ ઉસકા પરિણમન ઉસકી પર્યાયમેં નહીં હૈ. ઈસસે અશુદ્ધ વિકારકા દાન અપનેમેં દેતા હૈ. અશુદ્ધ દેતા હૈ વહી સંસાર હૈ. સમજમેં આયા? આહા..હા..!

એક રીતે કહીએ તો પૂર્વકી પર્યાય જો અશુદ્ધપણે પરિણમી હૈ... સમજમેં આયા? વહ પર્યાય હી નયી પર્યાયકા કારણ હૈ. જો પર્યાયસે લો તો ઐસા હૈ. દ્રવ્યમેં જો અશુદ્ધ પર્યાય હૈ સંસારકી હોં! તો વહ કાર્ય ભી હૈ ઔર કારણ ભી હૈ. ભાઈ! વહ પર્યાય કાર્ય ભી હૈ પૂર્વકી પર્યાયકા અને વહ પર્યાય કારણ ભી હૈ પીછેકી પર્યાયકા. સમજમેં આયા? તો યહ પર્યાય કારણ અને વહી પર્યાય પૂર્વકા કાર્ય, કોઈ નિશ્ચિત હૈ કિ નહીં? યહી પર્યાય કારણ અને વહી પર્યાય પૂર્વકા કાર્ય. સમજમેં આયા? નિશ્ચિત હુએ બિના, યહી પર્યાય કારણ અને વહી પર્યાય પૂર્વકા કાર્ય અને એ જ પર્યાય પીછેકા કારણ ઐસા નિશ્ચિય કિયે બિને નક્કી કૈસે હોગા? આહા..હા..! સમજમેં આયા?

યે વળી લક્ષમેં આયા વહ. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામેં કાળદ્રવ્યકા અધિકાર

લિયા હૈ ન. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામેં કાળદ્રવ્યકા અધિકાર લિયા હૈ. વહ પર્યાયમેં સ્વકાલ હૈ ન ઉસકા? તો કાલકે અધિકારમેં સ્વકાલકા અધિકાર લિયા હૈ. સમજમેં આયા? જો અનાદિ-અનંત પર્યાયકા પ્રવાહ બહતા હૈ, દ્રવ્યમેં અનાદિ-અનંત પર્યાયકા પ્રવાહ (બહતા હૈ). તો વહાં આચાર્ય મહારાજને ઐસી યુક્તિ લગાયી કિ કાલદ્રવ્યકા કથન હૈ ન? તો કાલદ્રવ્ય તો દૂસરા ભિન્ન હૈ. પણ અપની પર્યાયમેં સ્વકાલ હૈ કિ નહીં? આહા..હા..! અને ઉસે કારણે ત્યાં સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામેં લિયા ષટ્દ્રવ્યકી પર્યાય જો સમયે જહાં-જહાં હોનેવાલી હૈ ઉસકા વહ લબ્ધિકાલ હૈ, વહ દ્રવ્યકી કાલલબ્ધિ હૈ.

મુમુક્ષુ :- ઉસમેં પુરુષાર્થ નહીં હૈ.

ઉત્તર :- અરે! ઉસમેં હી પુરુષાર્થ હૈ. પુરુષાર્થ ક્યા કુદના હૈ? કુદના ક્યા કહતે હૈ? કુદના કહતે હૈ ન?

દેખો, યહાં તો ભગવાન એમ કહતે હૈં કિ તું પરમસમાધિ ભગવાન સરોવર ઉસમેં ઘુસ જા. તો ઉસકા અર્થ ઐસા હુઆ કિ તેરી પર્યાય જો પરસે હોતી હો, તો વહ પર્યાય છોડકર અપને સ્વતંત્રપણે અંદર દૃષ્ટિ કરના વહ રહતા નહીં. સમજમેં આયા? જો સમયકી પર્યાય પરસે હોતી હો, અપને કાલમેં અપને કારણસે ન હો તો ઉસકો છોડકર અપના સ્વભાવ તરફકી દૃષ્ટિ કરના ઐસા આત્માકા સ્વયં અધિકાર રહતા નહીં. બરાબર હૈ? રાજમલજી! તો કહતે હૈ કિ જો અનાદિ-અનંત પર્યાય હૈ, જીવમેં કે જડમેં, છઓં દ્રવ્યમેં, તો જો સમયમેં જો પર્યાય, જો પર્યાય હોનેવાલી હૈ ઉસી સમયમેં, ખરેખર એ પર્યાયકા કારણ નિમિત્ત ભી નહીં, ઉસ પર્યાયકા કારણ દ્રવ્ય-ગુણ ભી નહીં. એક અપેક્ષાસે વહ દ્રવ્ય-ગુણ ભી નહીં, નિમિત્ત ભી નહીં, વહ પર્યાયકા લબ્ધિકાલ. યહાં તો પહલે લબ્ધિકાલસે સિદ્ધ કિયા હૈ. પીછે કારણ-કાર્ય ઐસા લગાતે હૈ. સમજમેં આયા?

જો સમયમેં જો દ્રવ્યકી આત્માકી જો પર્યાય સ્વયંસિદ્ધ પ્રગટ હોનેવાલી હૈ વહી સમય હોગી. તો ઉસમેં ખરેખર તો નિમિત્ત કારણ તો નહીં, પણ દ્રવ્ય-ગુણ (ભી) કારણ નહીં. ક્યોંકિ અપની પર્યાયકા સ્વયં આત્મા ભી દાતા નહીં. આહા..હા..! વહ પર્યાય સ્વતંત્ર સત્ હૈ. સમજમેં આયા? કાલલબ્ધિ પર્યાય દ્રવ્યકી જો હોનેવાલી હૈ વહી હોગી, પણ ઉસકી દૃષ્ટિ કરનેવાલા વહ પર્યાય કિસમેં હોતી હૈ? ઐસી દૃષ્ટિ કરતે હૈ તો દ્રવ્યમેં દૃષ્ટિ જાતી હૈ.

મુમુક્ષુ :- સરોવરમેં...

ઉત્તર :- હા, સરોવરમેં. વહ કહતે હૈ ન, જ્ઞાયકમેં બુદ્ધિ જાતી હૈ. આ તો શ્લોકોં હૈ વહ તો સંતોકા મહામાર્મિક શ્લોક હૈ. એ તો સંતોના મુખમેંસે વાણી નીકળી. શ્રીમદ્ કહે છે એક ઠેકાણે, એક સ્થાનમેં કે ઓહો..હો..! જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ ભર્યા હશે એ

સત્ય હશે? સમજમેં આયા? એક વાક્ય લિખા હૈ. જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ. એક વાક્યમાં. કાંઈક શબ્દ છે. હવે એ કાંઈ... સમજાય છે?

મુમુક્ષુ :- એક શબ્દમાં.

ઉત્તર :- એ શબ્દમાં. એ વાક્ય કહો કે શબ્દ કહો. ક્યાંક છે જુઓ, વચમાં. માથે મથાળું છે. એ કાંઈ બધું યાદ રહે છે કાંઈ? સમજાય છે કાંઈ? જ્ઞાનીના એક શબ્દની અંદર અનંત આગમ છે. અનંત આગમ. આ તે ક્યા બાત હૈ!

યહાં કહતે હૈ, યહાં અપને તો યે શબ્દ લેના હૈ. યહાં કહતે હૈ '**परमसमाधिमहासरसि प्रविश्य मज्जन्ति आत्मा तिष्ठति**' '**मज्जन्ति**' ઈતના કહનેમેં કિતના સિદ્ધાંત ખડા હો જાતા હૈ! કિ ઉસકી વહ વર્તમાનકી પર્યાય ચલતી હૈ વહ તો અપને કારણસે થી પર્યાય. અબ ઉસકી દૃષ્ટિ જાતી હૈ સ્વભાવમેં. જ્ઞાયકમૂર્તિ મૈં હૂં. સ્વભાવમેં જાતી હૈ. સ્વભાવમેં દૃષ્ટિ હુઈ તો વહ પર્યાય ભી વહી કાલમેં હોનેવાલી થી, પણ જબ સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ તો હોનેવાલીકા જ્ઞાન હુઆ. આહા..હા..! સમજમેં આયા? કાલે હોનેવાલી થી એ તો થી, પણ વહ પૂર્વકી પર્યાયકા વ્યય હોકર નયી પર્યાય ઉસકા ખરેખર કાર્ય હૈ પર્યાયકી અપેક્ષાસે. દ્રવ્ય કાર્ય હૈ વહ સામાન્યકી અપેક્ષાસે. સમજમેં આયા? પણ ઐસા જબ નિર્ણય હો કિ જિસ સમયમેં જો પર્યાય દ્રવ્યકી હૈ વહ હૈ. વહ પર્યાય હૈ કિસકી? કે દ્રવ્યકી. તો એક સમયકે કાલકા લક્ષ છોડકર ત્રિકાલ સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયક ઉસમેં ઘૂસતે હૈ તો વહી સમયમેં વહ પર્યાય હોનેવાલી થી અને પૂર્વ પર્યાયકા કાર્ય, ભવિષ્ય પર્યાયકા કારણ ઐસા કાલલબ્ધિકા જ્ઞાન, સ્વભાવ તરફકી દૃષ્ટિ હોનેસે હોતા હૈ. સમજમેં આયા? ભારે ઝીણું ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ... નિરાકરણ.

ઉત્તર :- નિરાકરણ સબકા હો જાતા હૈ.

એક ન્યાયસે તો પૂર્વ પર્યાય કારણ લ્યો તો મિથ્યાત્વ ભી કારણ સમકિતકા. નહિતર કારણ-કાર્ય કૈસે સિદ્ધ હોગા? સુનો. સમજમેં આયા? (પૂર્વ) પર્યાયકા વ્યય હોકર ઉત્પાદ હોતા હૈ તો મિથ્યાત્વ કારણ હૈ, સમ્યગ્દર્શન કાર્ય હૈ. જબ પૂર્વ પર્યાય કારણ અને ઉત્તર પર્યાય કાર્ય ઐસે લેતે હૈ તો પૂર્વકી કોઈપણ પર્યાય હો ઉસકા કાર્ય પીછેકી પર્યાયમેં હૈ અને વહ પર્યાય પીછે હુઈ (વહ ઉસકે) પીછેકી પર્યાયકા કારણ હૈ. આહા..હા..! એમ અનાદિ-અનંત સાંકળ છે. અનાદિ સાંકળ સમજતે હૈ ન? અનાદિ-અનંત હૈ. કડી-કડી. સાંકળકી કડી. એમ અનાદિ સાંકળકી કડી હૈ. ઉસમેં જો સમયે જો કડી હૈ વહી આયેગી. આહા..હા..! એય..! ન્યાલભાઈ! બહુ આ તો 'અગમ પ્યાલા પીઓ મતવાલા ચિન્હી અધ્યાત્મ વાસા'. ભાઈ! એ દ્રવ્યકા સ્વરૂપ સર્વજ્ઞને કહા અને ઐસા હૈ. એ કહા હૈ માટે હૈ ઐસા નહીં. ઐસા હી હૈ. એક-એક દ્રવ્ય

દ્રવ્યગુણસે જેમ સત્ હૈ, વૈસે તે તે સમયકી પર્યાય તે તે સમયકી પર્યાયસે હૈ. ઊલટી પર્યાયકે કારણસે નહીં, નિમિત્તકે કારણસે નહીં, દ્રવ્યગુણકે કારણસે નહીં. એ પર્યાય અશુદ્ધ હો કે શુદ્ધ હો. સ્વયં સત્... સ્વયં સત્... સ્વયં સત્... કોઈ ભૂત-ભવિષ્યકા લાગુ નહીં પડતા, દ્રવ્ય-ગુણ લાગુ નહીં પડતે, નિમિત્ત નહીં લાગુ પડતે. ભાઈ! એ વસ્તુ સ્વરૂપ અલૌકિક હૈ. ઐસી જબ દૃષ્ટિ હો, તો પર્યાય કિસકી હૈ (ઐસા જ્ઞાન કર) ઉસકી દૃષ્ટિ દ્રવ્યમેં જાતી હૈ. સમજમેં આયા?

તો યહાં કહતે હૈ કિ **'महासरसि प्रविश्य'** પર્યાયકા ઐસા નિર્ણય હુઆ કિ પૂર્વ પર્યાયકા કાર્ય, પીછેકી પર્યાયકા કારણ અને વહ પર્યાય સ્વયંસિદ્ધ હૈ. પણ દ્રવ્ય કૈસા હૈ? જિસમેં ઉત્પન્ન હુઆ અને હૈ વહ ક્યા હૈ? તો ઉસકી દૃષ્ટિ જ્ઞાયક (પર જાતી હૈ). જો એક સમયકા સત્ ઈતના નિરપેક્ષ હૈ, એક સમયકી પર્યાય નિરપેક્ષ હૈ તો દ્રવ્ય નિરપેક્ષ કૈસા હૈ? ભાઈ! સમજે? આહા..હા..! જો ઉત્પન્ન હોતા હૈ વહ ભી નિરપેક્ષ હૈ, સત્ હૈ, અહેતુક હૈ, તો જો ઉત્પન્ન નહીં હુઆ ઐસી ચીજ ત્રિકાલ દ્રવ્ય હૈ વહ કૈસી ચીજ હૈ? જિસકો કોઈ અપેક્ષા, કૃત્રિમપના કોઈ લાગુ પડતા નહીં. ઐસા દ્રવ્યસ્વભાવ ઉપર જિસકી દૃષ્ટિ જાય ઉસકો યહ પર્યાયકા નિર્ણય હો, કાલલબ્ધિકા નિર્ણય હો, તો ઉસ લબ્ધિમેં વહી આનેવાલી પર્યાયકા જ્ઞાન તબ હોતા હૈ. સમજમેં આયા? ભારે વાત ભાઈ!

મિથ્યા સંસાર કારણ, સિદ્ધ કાર્ય. પૂર્વ પર્યાય કારણ લેતે હૈ તો ક્યા હુઆ? પૂર્વ પર્યાય કારણ સંસાર અને સિદ્ધ એ કાર્ય. ભગવાન! કઈ અપેક્ષા છે? સુન તો સહી. વહ તો પૂર્વ પર્યાયકા વ્યય હોતા હૈ, જો પર્યાયકા વ્યય હોતા હૈ, વહી પર્યાયકા વ્યય અને જો પર્યાયકા ઉત્પાદ વહી પર્યાયકા ઉત્પાદ. નહિતર યે ઉસકા કાર્ય અને ઈસ કાર્યકા વહ કારણ ઐસા સિદ્ધ હોતા નહીં. સમજમેં આયા? ક્રમબદ્ધ સિદ્ધ હો ગયા. વસ્તુકા સ્વરૂપ દરેક ગુણકી પર્યાય ક્રમબદ્ધ ઐસી હોતી હૈ અનાદિ-અનંત. એય..! રૂપચંદજી!

મુમુક્ષુ :- ક્રમબદ્ધ ક્યાં...

ઉત્તર :- હજી તો ઘણાને ન બેસે ત્યાં સુધી સિદ્ધ કરવું પડશે એ લોકોને. એ લોકોને એમ કહું છું. રાડ નાખી જાય. એવા લખાણ આવે છેને. જાણે શું કરી નાખ્યું આ સોનગઢવાળાએ? નિયતિવાદ, પાખંડવાદ, હવે સુન તો સહી. ભણ્યા-ગણ્યાના મીંડા વાળ. જેટલા ભણ્યા-ગણ્યા અને કીધા દુનિયા પાસે, એને કહે કે અમારું બધું ખોટું હતું. એય..! અભી તક મૈંને મિથ્યા દ્રવ્યકા સ્વભાવ મિથ્યા સ્થાપન કિયા, મિથ્યા શ્રદ્ધા કિયા, મિથ્યા સ્થાપન કિયા. વસ્તુકા સ્વરૂપકા ઐસા મેરા ખ્યાલ નહીં થા. ઐસા અંદરમેં નિર્ણય આયે બિના સ્વભાવ સન્મુખ ઉસકી દૃષ્ટિ નહીં જાયેગી. સમજમેં આયા? આહા..હા..!

એકવાર શ્રીમદ્ પાસે એક સાધુ આવ્યા સાધુ. શ્રીમદ્ રાજચંદ્ર હુએ ન? સાધુ આયા. સુનકર સુનતે.. સુનતે... ઐસા કહા કિ ઓહો..! મહારાજ. બહુત અચ્છી બાત હૈ, બહુ સાચી વાત છે. માટે હવે મારે તો સાચી બાત કબુલ (કરવી છે). સાચી બાત કબુલ કરના હૈ તો પહલે ઐસા હૈ કિ જહાં જહાં તુમને પાટ પર બૈઠકર સાધુ નામ ધરાકર પ્રરૂપણા કી થી, ત્યાં ત્યાં ખુણામેં મકાનમેં જા. એ ખુણામેં બૈઠ અને બૈઠકર કહ કિ મૈં અભી તક યહાં આકર જિતની બાત કહી વહ મેરી જૂઠી થી. કહે મહારાજ! એ મારાથી નહીં બને. તો મરી જા તોપણ બીજું નહિ બને, લે. એ નહીં બને. તમે કહો તો ડુંગર ઉપરથી પડતું મૂકું. ડુંગર ઉપરથી પડતું મૂક, શેકાઈ જા અગ્નિમેં યહાં. શેકાઈ ક્યા કહતે હૈ? જલ જા, પણ ઉસકે બિના તેરા કલ્યાણ કભી નહીં. અરેરે! હાય..હાય.. અરર! એ કેમ કરવું? એય..! ન્યાલચંદભાઈ! અમારે ડોસા ખુશી થાય છે હવે હોં. .. સુના હૈ ..માં અત્યારે વૃદ્ધ એ છે. ૮૪મું ચાલે છે જુઓ. આખી સભામાં વૃદ્ધ એ છે. આમને પણ ૮૪ બેઠું હશે. ૮૪ ચાલે છે. ૮૪ બેઠું ક્યારે? કહો, સમજમેં આયા?

ઓલો કહે ભાઈસાહેબ! જ્યાં પ્રરૂપણા કરી હતી, એ લોકોને શલ્ય ખોસ્યા છે નિમિત્તરૂપે. ઉપાદાન તો એનું હતું. એના ઊંધા લાકડા (નાખ્યા) ત્યાં કહે કે મારી વાત ખોટી હતી. હું મને દ્રવ્યની અને ગુણની અને પર્યાયની અને કારણકાર્યની મને ખબર નહોતી. આ શ્રીમદ્ કહે છે એ વાત મને ખ્યાલમાં હતી નહીં. મેં ઉંધું અત્યાર સુધી (વેતર્યું). એ જ્યાં સુધી એવો ભાવ અંદરમાં નહિ આવે ત્યાં સુધી .. ગુલાંટ નહિ ખાય. ભાઈસાહેબ! ઓલાએ ના પાડી હોં. એવું લખાણ છે. એ ન બને. બીજું કહો એમ કરું. બીજું કર, મરી જા, તોપણ નથી બીજું લે. કારણ કે જે ભૂલ છે એ ખ્યાલમાં તને પહેલાની આવી, તો એ ભૂલનું પરિણામ શું આવવું જોઈએ? કે બિલકુલ જૂઠી વાત હતી મારી. દ્રવ્યની પર્યાય આડીઅવળી હોતી હૈ ને ઐસા હોતા હૈ ને ફૈસા હોતા હૈ, આ કારણ ને આ કાર્ય ને ઉસમેં સારા સર્વજ્ઞકા વિરોધ થા, શાસ્ત્રકા વિરોધ થા, ગુરુકા વિરોધ થા, અનંત સંતોકા વિરોધ થા અને દ્રવ્યકા વાસ્તવિક સ્વભાવ ઉસકા ભી વિરોધ થા.

મુમુક્ષુ :- દવા આપી, પણ કડવી લાગે છે.

ઉત્તર :- કડવી વિના કફ ફેંદાય નહિ. કફ ચડ્યો હોયને એમાં સાકર ન દેવાય. સાકર નાખે તો જાળું વધે. ઉકલી જાય. સમજે? વહ કફકા જાલા હોતા હૈ ન? એમાં સાકર આપે તો? એકકો બુખાર આયા બુખાર. એક પટેલ થા ઉસકો બુખાર બહુત આયા. બહુત બુખાર આયા તો કોઈ દિ' કડવી દવા લે નહીં. તો સબ આકર ઐસા કહે કિ કડવી લો, ઐસા લો, કડુ લો. કડુ-કડુ આતે હૈ ન? કડુકરિયાતું લો. યહ કફ બહુત હૈ. એમાં એક એવો આવ્યો વાણિયો બાણિયો. કહે એને ઉનો-ઉનો શેરો ખવરાવો. શીરો ક્યા? હલવા. ઉના-ઉના હલવા.

ત્યાં ધ્યાન આપ્યું એણે. વહાં ધ્યાન દિયા. ઓલા કડવામેં ધ્યાન નહીં દિયા. શું? કરિયાતું કડવું આવે છેને બીજું શું? ક્વિનાઈન. એવી બહુ કડવી દવાનું કીધું. ભાઈ આ કફ છે એ વિખાઈ જશે. ચુંથાઈ જશે. તો ઓલો બોલ્યો કે શીરો દો. એ ભાઈ! આ ભાઈ શું કહે છે? બીજો કહે ભા કહે છે કે મરી જવાનો હવે. સાંભળને. એ શીરો દીધા ભેગા અહીંયાં કફ ઉપડશે અને મરી જઈશ. પણ એ શું કહે છે? એ ભા કહે છે મરણનું. સમજાય છે કાંઈ? એ કડવી દવા સારી ન લાગી અને ઓલી મીઠી સાકરની કીધીને શીરો (એ સારો લાગ્યો).

એમ અહીંયાં ભગવાન ત્રિલોકનાથ કહે છે... એ ભાઈ આવે છેને સ્તુતિમાં નહિ? એ સ્વયંભૂસ્તોત્રમાં આવે છે, સ્વયંભૂસ્તોત્રમાં આવે છે. મહાવીર ભગવાનના છેલ્લા શબ્દમાં. પ્રભુ! દુનિયાના મૃદુ વચન લાગે છે. એય..! એવું છે. ઓલામાં છે? નહિ હોય. ચોવીસમી સ્તુતિ છે. ભગવાન! અન્યમતિના વચનો મૃદુ લાગે છે, આપના સ્યાદ્વાદના મહા કઠણ લાગે છે, પણ આપના વચનોના જ્ઞાનથી જ ભવનો નાશ થાય, બાકી મૃદુ વચનથી થશે નહિ. એ છે, છે. આહા..હા..! એ ઘણીવાર વાત થઈ ગઈ છે આ બધી. કાંઈ એકવાર નથી થઈ આ.

મુમુક્ષુ :- પ્રસંગ આવી ગયો તો..

ઉત્તર :- સંસ્કૃત છે.

बहुगुण-सम्पदसकलं परमतपि मधुर-वचन-विन्यास-कलम्।
नय-भक्त्यवतंस-कलं तव देव! मतं समन्तभद्रं सकलं।।१४३।।

ઉસકા અર્થ—હે નાથ! અન્યમતિના વચનો મૃદુ, કોમલ, સારા લગતા હૈ. તમારા વચનો મહા કઠણ ન્યાયથી ભરેલા એકલા સ્યાદ્વાદથી ભરેલા, અનેકાંત તત્ત્વસે ભરા હુઆ, પ્રભુ! આપના .. કઠણ લગતે હૈ. સમજમેં આયા? પણ હે નાથ! એ મૃદુ વચનો મારી નાખે સંસારમાં ઐસા વચન હૈ. આપના વચનો કડવા લગતે હૈ, કડક લગતી હૈ, પણ જન્મ-મરણકા નાશ કરનેવાલા હૈ. યે તો પાઠ લિયા હૈ હોં અર્થમેંસે. પંડિતજીકો દો ન ભાઈ! પંડિતજીકો. અર્થ કરો અર્થ થોડા. ઉપર હૈ ન ઉપર. સમજમેં આયા? ભગવાન સમંતભદ્રાચાર્ય ભગવાન મહાવીરકી સ્તુતિકા છેલ્લા શબ્દ. ભાઈ! છેલ્લામેં કેવું? ચોવીસે પૂરા હો ગયા. સબ પૂરા હો ગયા. છેલ્લી કડીમેં લિખા હૈ. આ બાજુ છેલ્લી કડી છે. પણ આપના નયના વચનો ઐસા કઠણ પડે, પણ પ્રભુ આપના વચનો એ જન્મ-મરણના નાશ કરવાનું નિમિત્ત છે. અજ્ઞાનીના મૃદુ મીઠાં-મીઠાં લાગે. એય..! દેવાનુપ્રિયા! નાશ કરનેવાલા હૈ. દેનેવાલા નહીં. આપકા હી વચન ઐસા હૈ. સ્યાદ્વાદ અનેકાંત સૂક્ષ્મ પડતી હૈ બાત લોકોકો. નિશ્ચયમેં વ્યવહાર નહીં, વ્યવહારમેં નિશ્ચય નહીં, નિમિત્તમેં ઉપાદાન નહીં, ઉપાદાનમેં નિમિત્ત નહીં. કહો, સમજમેં આયા? ઔર સાથે દોનોં હૈ. યહ ક્યા કહતે હૈ? સમજમેં આયા?

યહાં કહતે હૈ દેખો, એક શક્તિ ભી વર્ણન કિયા હૈ શાસ્ત્રમેં. સ્વસ્વામીસંબંધ શક્તિ. ૪૭મી. સ્વસ્વામીસંબંધ શક્તિ ઉસકા નામ. તો ઉસકો ક્યા કહતે હૈ? જબ જો પર્યાય હોનેવાલી હૈ ઔર પૂર્વકી (પર્યાય) કારણ અને યહ કાર્ય ઐસી પર્યાયકા લક્ષ ગયા, પીછે જહાં દ્રવ્યકા લક્ષ કિયા કિ દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ પ્રભુ હૈ, તો ઉસમેં એક સ્વસ્વામીસંબંધ નામકા ગુણ પડા હૈ. સ્વસ્વામીસંબંધ હોં! ઉસકા ક્યા ગુણ હૈ? વો ગુણકા ક્યા ગુણ હૈ? વળી ગુણકા ગુણ અથવા ગુણકા કાર્ય. ગુણનું કાર્ય અથવા ગુણનો લાભ અથવા ગુણનું ફળ. સ્વસ્વામીસંબંધ ઐસા ભગવાન આત્મામેં એક ગુણ પડા હૈ તો ઉસ ગુણકા ધરનેવાલા ભગવાન આત્મા ઉસકી અંતર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દૃષ્ટિ સ્વસ્વામીસંબંધ શક્તિ—અપના નિર્મલ નિર્વિકારી પર્યાય, ગુણ અને દ્રવ્ય વહ હમારા સ્વ અને ઉસકા હમ સ્વામી. વિકલ્પ ઉઠતે હૈ, નિમિત્ત હૈ વહ હમારા સ્વ અને હમ ઉસકા સ્વામી (ઐસા) સમ્યગ્દૃષ્ટિકી દૃષ્ટિમેં હૈ નહીં. ક્યોંકિ ઐસા ગુણવંત ગુણીકો દૃષ્ટિમેં લિયા હૈ. સ્વસ્વામીસંબંધ ગુણવંતકો દૃષ્ટિમેં લિયા હૈ. ક્યા સમજમેં આતા હૈ?

સ્વસ્વામીસંબંધ ગુણ હૈ. જૈસે જ્ઞાનગુણ હૈ, દર્શનગુણ હૈ, આનંદગુણ હૈ આત્મામેં, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, ઐસા સ્વસ્વામીસંબંધ નામકા અનાદિ-અનંત ગુણ હૈ, પણ વહ ગુણકી પ્રતીત કબ આયી? કિ જબ ઉસકા રાગ અને નિમિત્ત અને વિકલ્પ અને ભેદસે લક્ષ છોડકર સ્વસ્વામીસંબંધ ધરનેવાલા ભગવાન ઉસમેં દૃષ્ટિ લગાનેસે પર્યાયમેં સ્વસ્વામીસંબંધકા પરિણમન હુઆ. દ્રવ્યમેં, ગુણમેં સ્વસ્વામીસંબંધ શક્તિ તો થી, પણ પર્યાયમેં જહાં પરિણમન હુઆ તો ઉસ પર્યાયમેં સ્વસ્વામીસંબંધ શક્તિ પ્રગટ હુઈ. તો મૈં મેરા નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ, નિર્મળ દ્રવ્ય વહ સ્વ મેરા, વહ મેરી સંપદા, ઉસકા મૈં સ્વામી. વ્યવહારરત્નત્રયકે વિકલ્પ ઉઠતે હૈ વહ મેરા સ્વ અને મૈં ઉસકા સ્વામી (ઐસા) મેરે ગુણમેં નહીં, મેરે ગુણીમેં નહીં, મેરી પર્યાયમેં નહીં. સમજમેં આયા? એય..! દેવીલાલજી! ભારે વાત ભાઈ! આહા..હા..!

યે પદાર્થ ઐસા હૈ કિ જે પદાર્થની હારમાળા ક્રમસર જે આલિંગન પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... ઐસી એક સમયમેં પર્યાય, દૂસરેમેં પર્યાય, તીસરી પર્યાય એક-એક સમયમેં કારણકાર્ય અનંત પર્યાયકો લાગુ હોતા હૈ. એક-એક સમયમેં કારણકાર્ય અનંત પર્યાયમેં લાગુ હોતા હૈ. વહી સમયકી પર્યાય કારણ ભવિષ્યકી, વહી પર્યાય ભૂત પર્યાયકા કાર્ય. ઐસા એક સમયમેં કારણકાર્ય ત્રિકાલ લાગુ પડતા હૈ. અબ કારણકાર્યકા જબ નિર્ણય કરે તો પર્યાય નક્કી હો ગઈ. હવે એ પર્યાય કિસકી હૈ? વહ તો દ્રવ્યકી હૈ. સમજમેં આયા? તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ લગનેસે, ઘૂસ જાનેસે શાંત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ પર્યાય ઉસકો પ્રગટ હોતી હૈ. ઉસકા સ્વામી સમ્યગ્દૃષ્ટિ હૈ. રાગ બાકી રહા, અશુદ્ધતા બાકી રહી, નિમિત્ત હૈ વહ સમ્યગ્દૃષ્ટિકા સ્વ અને ઉસકા વહ સ્વામી હૈ નહીં. આહા..હા..! કહો, સમજમેં આયા?

વીતરાગ માર્ગ... સમંતભદ્રાચાર્યને કહા, પ્રભુ! આપના નય વાક્યો મહા ગૂંચવણી કરે, લોકોને ન પકડાય ઐસી બાત હૈ. વ્યવહાર ને નિશ્ચય ને નૈગમ ને આ ને આ. પણ ઉસકા ટોટલ હોગા કિ નહીં કુછ? કે નયના દોરડા ગૂંચવી મારે એ માટે કહા હૈ ભગવાનને? નયકા જ્ઞાન વિકારસે છૂટનેકા, વિકારકી સ્વતંત્રતા તેરી પર્યાયમેં વ્યવહારસે હૈ, નિશ્ચયમેં તેરેમેં હૈ નહીં. ઐસી દૃષ્ટિ કરાનેકો વહ નયકા અનેક પ્રકારકા જ્ઞાન કરાયા હૈ. તો જહાં સ્વતંત્રતાકી પર્યાયકી ખબર નહીં, ઉસકો દ્રવ્ય સ્વતંત્ર ત્રિકાલ એકરૂપ અવ્યક્ત શક્તિકા ભંડાર પ્રગટ નહીં. પર્યાયકી સ્વતંત્રતાકી જિસકો પ્રતીત નહીં, ઉસકો દ્રવ્યકી સ્વતંત્રતાકી પ્રતીત કભી આતી નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

ક્યા કહતે હૈ દેખો, '**પરમસમાધિરૂપ સરોવરમેં...**' દેખો, ભાષા. '**ઘૂસકર...**' પરકે સાથ કુછ સંબંધ મેરા નહીં. રાગ ભી કાલમેં આતા હૈ ઉસકે સાથ ભી મેરા સંબંધ નહીં. વહ મેરા સ્વ નહીં ઔર ઉસકા મૈં સ્વામી નહીં. ઓહો..હો..! હવે અહીંયાં વ્યવહારરત્નત્રય વહ મોક્ષમાર્ગ (ઐસા કહતે હૈં). ભગવાન! યહાં તો સમ્યગ્દૃષ્ટિ વ્યવહારકા સ્વ અને સ્વામી નહીં હૈ વહાં વ્યવહાર મોક્ષમાર્ગ કહાંસે આ ગયા ચૌથે ગુણસ્થાનમેં? આહા..હા..! બહુ પણ ગજબ કર્યું છે કામ. આખો વીતરાગમાર્ગ ઉથલાવીને ફેરવી નાખ્યો છે. શકલ ફેરવી નાખી. આહા..હા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ વિજ્ઞાનઘન પ્રભુ ઐસી પર્યાય હૈ, યે દ્રવ્ય ઐસા હૈ. સમજમેં આયા? ઐસી દૃષ્ટિકા વિષય ક્યા કરના? દૃષ્ટિમેં આત્મા વિષય કિયે બિના શુભ ઉપયોગમેં, શુભભાવમેં સબ મોક્ષમાર્ગ આ ગયા લો. ઓહો..હો..! સમજમેં આયા?

યહાં તો કહતે હૈ, વ્યવહારકા વિકલ્પ શુભરાગ યથાર્થ હોં, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, પંચ મહાવ્રતકા પરિણામ મુનિકો, કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ પંચ મહાવ્રત પાલતે હૈ હમ ઐસા વ્યવહારનયસે કહા થા, યે હમારા સ્વ નહીં, ઉસકે હમ સ્વામી નહીં. સ્વસ્વામીસંબંધ ઉસકે સાથ હૈ નહીં. તો વળી આ અમારો સંઘ અને આ અમારા શિષ્ય (તો ક્યાંય રહી ગયા). અરે! ભગવાન! બાપુ! પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ જૈન પરમેશ્વર ઉસકા દેખા હુઆ, બતાયા હુઆ, દ્રવ્ય, ગુણ અને પર્યાય યહ કોઈ અલૌકિ બાત હૈ. સાધારણ જનતા ગૂંચવણમાં પડે, ઐસે નહીં પ્રાપ્ત હો સકે. મહા સનાતન સત્ય. કહતે હૈ કિ ભગવાન શાંતરસકા ભંડાર, વિકલ્પકી જાલકી રુચિ છોડકર... ભલે ક્રમસર હોનેવાલી હો, પણ ક્રમસર હોનેવાલી કિસમેં હૈ? સમજમેં આયા? ઐસા નિર્ણય કરનેવાલા દ્રવ્યમેં, જ્ઞાયકમેં ઘૂસતા હૈ તો નિર્ણય હોતા હૈ, નહિતર કર્તૃત્વબુદ્ધિ ટલતી નહીં. કર્તૃત્વબુદ્ધિ ટલે વિના ક્રમબદ્ધ માના જાતા નહીં. સમજમેં આયા?

કહતે હૈ કિ અકર્તૃત્વપણે અંદર '**ઘૂસકર મગ્ન હોતે હૈં, ઉનકે સબ પ્રદેશ સમાધિરસસે ભીંગ જાતે હૈં,...**' '**સર્વાત્મપ્રદેશ**' જુઓ, એટલું વિશેષ લીધું જોયું! અન્યમતમેં ઐસા હૈ

નહીં. અસંખ્ય પ્રદેશ, એક ગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક ને—ઐસા કહીં તીન કાલમેં સર્વજ્ઞ સિવાય હોતા નહીં. અસંખ્ય પ્રદેશ. આમ એક ગુણકા ખંડ નહીં કિ એક પ્રદેશમેં ઉસકા અમુક ભાગ આયા ઐસા નહીં. અસંખ્ય પ્રદેશમેં એક ગુણ વ્યાપક. ઐસા અસંખ્ય પ્રદેશમેં અનંતગુણ વ્યાપક. ઐસા અસંખ્ય પ્રદેશમેં અનંતગુણ વ્યાપક ઐસી દ્રવ્યદૃષ્ટિ અંતર કરતે હૈં તો અસંખ્ય પ્રદેશ ભીંગા જાતા હૈ. આહા..હા..! જેમ કપડા પાણીમાં નાખેને? પુરણપોળી બનતી હૈ ન? પુરણપોળી. પુરણપોળી કહતે હૈ? વહ રોટી બનતી હૈ તુરકી દાલકી. વહ પુરણપોળી બનાકર, ઘી રખે ઐસા તપેલામેં-બરતનમેં, પછી ઉની-ઉની કરકે ઉસમેં બોળે. પછી ઉની બહુ હો અને (થાલીમેં) ડાલના હો તો હાથ ન જલાયે, ચીપીયો રાખે. એ ઘીમાં બોળીને ચીપીયેથી નાખે આમ. પણ આમ નીતરતી હોય. નીતરતી સમજે? તરબોળ-તરબોળ. બહુ મહેમાન હોયને પછી એવું કરે.

પહેલા એવું હતું ભાઈ! જુવાન મરી જાયને તો સુખડી ન ખવડાવાય. અને રોટલી તે આમ ઘીની તરબોળ. મારી નાખે ઓલાને બિચારાને. સુખડી ન ખવાય. આ તો અમારે ઘરનું જોયેલું હોં ભાઈ અગિયાર વર્ષની ઉંમરે. અમારે ભાઈ મોટાભાઈ ગુજરી ગયા દીપચંદભાઈ. મગનભાઈ તો મેં દીક્ષા (લીધી પચી ગુજરી ગયા). દીપચંદભાઈ ગુજરી ગયા, ઘર સાધારણ. માણસ ઘણા સગાવ્હાલા આવે. હવે સુખડી ન ખાઈએ. એ ઉની-ઉની રોટલીયું ભાઈ! ઘીના ઓલામાં નાખીને તરબોળ કરીને નાખવી થાળીમાં. આ તો નાની ઉંમરમાં મને ખબર કે આ શું કરે છે? આ કરતા સુખડી ખાઈ લે તો થોડું ઘી લાગે. એય..! ન્યાલભાઈ! હતું કે નહિ એવું? પણ .. આ સુખડીના.. આ ઘી ઉની-ઉની રોટલીયું અને એમાં તપેલીમાં ઘી બે શેર નાખ્યું, ત્રણ શેર એમાં બોળીને પછી નખાય. હવે સાધારણ નાખે તો કહે, મહેમાનને સાચવ્યા નહિ. ગાંડપણા છે કે નહિ શું હશે આ? એમ અહીંયાં તો કહેવું નીતરતી જેમ નીકલે ઉપરસે, એમ અહીંયાં આત્મા નીતરતો અસંખ્ય પ્રદેશે શાંતરસસે નીતરતા પ્રગટ હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.
વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.

એ પરમ શાંત કહો કે વીતરાગ કહો.

ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ,
ગુણવંતા જ્ઞાની એ અમૃત વરસ્યા રે પંચમકાળમાં.

સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન અને અમૃતસે ભરા હુઆ પ્રભુ ઉસકી અંતર

દૃષ્ટિ, વીતરાગના વચનો એમ કહતે હૈ કિ પર્યાય, નિમિત્તનું લક્ષ છોડ પ્રભુ! તેરા પૂર્ણાનંદકી દૃષ્ટિ ન હો તબ તક સમ્યક્ સત્યકી પ્રતીત કહાંસે આયી? સમ્યક્ પ્રતીતિમેં, અનુભવકી દૃષ્ટિમેં સારા આત્મા ભીંગા જાતા હૈ શાંતરસસે. આહા..હા..! કહો, ન્યાલચંદભાઈ! આહા..હા..!

એકવાર તો ઉંચો કરી દે એવું છે. પણ ઉંચો થાય? પાવૈયો હોય એને ઉંચો ન થાય. પાવૈયાના સ્તનમાં દૂધ આવે? એને દીકરો હોય નહિ. ક્યાંકથી ઓલો પ્રદ્યુમન સોળ વર્ષે આવ્યો. સ્તનમાંથી દૂધ આવ્યું. અરે! નિમિત્ત જ્ઞાનીએ કહ્યું હતું, તુમ્હારા લડકા જબ આયેગા તુમ્હારે... યે લડકા તો હૈ નહીં. વહ પ્રદ્યુમન વેશ લેકર આયા થા ન? વેશ દૂસરા થા. આ ક્યા આયા? સબ કહતે થે કિ લડકા આયેગા તુમ્હારા જે બાગ હૈ વહ લીલા હો જાયેગા, ઐસા-ઐસા લક્ષણ કાંઈક બાંધા હૈ થોડા. બહુ લક્ષણ નહીં હૈ. યહ તો સબ હો ગયા, ક્યા હૈ આ? યહ મેરા પુત્ર નહીં. યહ તો કોઈ ક્ષુલ્લક દિખતા હૈ. આહા..હા..! એ પુત્ર આવ્યો તો ખબર વિના સ્તનમાંથી દૂધ આવ્યું. જેના કુંખમાંથી આવ્યો છે. સમજમેં આયા? એમ વીતરાગ વાણી કિસકો લાગુ પડતી હૈ? જિસકા વીર્ય વીર્યવાન આત્મા તરફ ઝુકતા હૈ ઉસકો લાગુ પડતી હૈ. આહા..હા..! આ વીતરાગની હવા આવી. વીતરાગ વાણી. ચિદાનંદ પ્રભુ તેરા અખંડાનંદ હૈ.

કહતે હૈ કિ '**સબ પ્રદેશ સમાધિરસમેં ભીંગ જાતે હૈં,...**' આહા..હા..! શાંત... શાંત... શાંત... શાંત... '**ઉન્હીંકે ચિદાનંદ અખંડ સ્વભાવ આત્માકા ધ્યાન સ્થિર હોતા હૈ.**' લો! ઐસે જીવકો ભગવાન આત્મામેં ઝુકનેસે, સ્થિર વસ્તુમેં દૃષ્ટિ કરનેસે દૃષ્ટિ સ્થિર હો જાતી હૈ. પર્યાય તો અસ્થિર હૈ (ઉસ પર) દૃષ્ટિ કરનેસે દૃષ્ટિ સ્થિર હોતી નહીં. ભગવાન ધ્રુવ સ્થિર-સ્થિર બિંબ પડા હૈ ઉસમેં દૃષ્ટિ કરનેસે દૃષ્ટિ થંભ જાતી હૈ. થંભ જાતી હૈ ઉસમેં શાંતરસ પ્રગટ હોતા હૈ. સમજમેં આયા? આ તો પરમાત્મપ્રકાશ હૈ ન, એકલા લડુ હૈ તૈયાર. લાડવા હોતા હૈ ન?

'**જો કિ આત્મા...**' '**विमलः**' કૈસા હૈ? વિમલની જરી વ્યાખ્યા કરી ટીકામાં. '**द्रव्यकर्मनोकर्मतिज्ञानादिविभावगुणनरकादिविभावपर्यायमलरहितः**' આહા..હા..! મલ છેને, મલ છેને, જુઓ તો ખરા. ક્યા કહતે હૈ? '**દ્રવ્યકર્મ...**' મલ હૈ, નોકર્મ મલ હૈ, '**ભાવકર્મ,...**' મલ હૈ. પીછે? મતિજ્ઞાનાદિ વિભાવપર્યાય ભી મલ હૈ. વહ પૂર્ણ સ્વરૂપ નહીં. જુઓ, વિભાવ કહા. મતિજ્ઞાનાદિ વિભાવગુણ, નરનારકાદિ વિભાવપર્યાય મલ. એ મલરહિત ભગવાન હૈ. આહા..હા..! સમજમેં આયા? ઓહો..હો..! પરમાત્મપ્રકાશ પણ બનાયા હૈ ન યોગીન્દ્રદેવને! તેરા આત્મા... ભાવકર્મ શબ્દ પડા હૈ ન? ઉસમેં સબ લે લિયા. દ્રવ્યકર્મ, નોકર્મ ઈતના શબ્દ લિયા. ભાવકર્મ ડાલકર વહ શબ્દ લે લિયા. અર્થમેં ભાવકર્મ ઈતના નાખા હૈ શબ્દાર્થમેં. ભાવકર્મ હૈ ન? '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મસે રહિત...**' પણ દ્રવ્યકર્મ-નોકર્મ તો દો હૈ, પણ વહ

મતિજ્ઞાનાદિ અને વિભાવગુણ નરકાદિ ભાવકર્મ હૈ. સબ બધા ભાવકર્મ હૈ, એ મેલ. આહા..હા..!

ક્ષણે-ક્ષણે મતિજ્ઞાનાદિ પર્યાય અલ્પ હૈ વહ સ્વભાવકે આશ્રયસે શુદ્ધિકી વૃદ્ધિ હોતી હૈ અને (અશુદ્ધતા) ઘટ જાતી હૈ. સમજમેં આયા? ક્યા કહા? ફિરસે. એય..! દેવાનુપ્રિયા! દ્રવ્યકર્મ, નોકર્મસે રહિત ભગવાન આત્મા કૈસા હૈ? કિ વિમલ એમ કહ્યુંને? દ્રવ્યકર્મ નહીં ઉસમેં. અરે ભાઈસાહેબ! દ્રવ્યકર્મ હૈ ન, હમારે દ્રવ્યકર્મ હૈ. ભગવાન! તેરા રાગકે સાથ સંબંધ નહીં ઐસા તેરા ગુણ વહ કહા અને તું દ્રવ્યકર્મ અને ભાવકર્મ પરસે સંબંધ (કહતા હૈ), કૈસી તેરી દૃષ્ટિ હો ગઈ? સમજમેં આયા? તેરા સ્વભાવ સ્વસ્વામીસંબંધ શક્તિ, તેરા ગુણ-પર્યાય તેરે સાથ સ્વસ્વભાવ સંબંધ હૈ. સ્વસ્વભાવ સ્વામીસંબંધ ઉસકે સાથ હૈ. રાગકે સાથ નહીં, કર્મકે સાથ નહીં, નોકર્મકે સાથ નહીં. નહીં... નહીં... નહીં... નહીં... ભાઈસાહેબ! અત્યારે નહીં... અત્યારે નહીં... અત્યારે નહીં. ક્યા કરના હૈ પણ તુઝે? ધન્નાલાલજી! અત્યારે નહિ, અત્યારે નહિ. અત્યારે નહીં ત્યારે હવે ક્યારે તારે કરવું છે આત્માનું કામ? જે દિ' આત્માના કામ કરે તે દિ'. અભી મુઝે કર્મકા સંબંધ હૈ હી નહીં, નોકર્મકા સંબંધ હૈ હી નહીં, ભાવકર્મકા સંબંધ હૈ હી નહીં. મૈં મેરા સ્વસ્વામીસંબંધ ગુણવંત ઐસા ભગવાન, ગુણવંત ઐસા ભગવાન ઉસકી દૃષ્ટિમેં મેરી નિર્મલ પર્યાય આદિ સ્વ અને મેરા સ્વામી મૈં. રાગ મેરા સ્વ સંબંધ નહીં. રાગ સાથે સંબંધ નહીં તો કર્મ સાથે સંબંધ હૈ ઐસા દ્રવ્યમેં કોઈ ગુણ હૈ નહીં. સમજમેં આયા? ક્યા કહા?

દ્રવ્યમેં કોઈ ઐસા ગુણ નહીં ભગવાન આત્મામેં કિ કર્મકા સંબંધ હો ઐસા કોઈ ગુણ હૈ નહીં. રાગકા સંબંધ કરાવે ઐસા કોઈ ગુણ હૈ? શરીરકા સંબંધ કરાવે ઐસા કોઈ ગુણ હૈ? ગુણ નહીં. સમજમેં આયા? પર્યાયમેં લક્ષ કરકે રાગ ઉત્પન્ન કરે મિથ્યાદૃષ્ટિપણે તો રાગ ભાવસંબંધ ઉસકો હુઆ અજ્ઞાનમેં. રાગકા સંબંધ સ્વસ્વામી સાથે. તો સ્વસ્વામી શુદ્ધ હૈ વહ તો છૂટ ગયા દૃષ્ટિમેં. રાગ મેરા સ્વ અને મૈં ઉસકા સ્વામી. તો મિથ્યાદૃષ્ટિમેં હુઆ. દૃષ્ટિ પર્યાય અને અંશ ઉપર રહી તબ હુઆ. સ્વભાવ અને ગુણ અને ગુણના ધરનારની દૃષ્ટિમેં વહ રહતા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્યા? ક્યા આયા પાછા ખ્યાલ કરના પડેગા. ઐસા કહા કિ ભગવાન આત્મા અપની પર્યાયમેં...

મુમુક્ષુ :- દ્રવ્યકર્મ આજે જ નથી.

ઉત્તર :- અત્યારે નથી, અત્યારે નથી. અભી હૈ નહીં. હૈ કબ? ત્રિકાલમેં હૈ નહીંને, મેરેમેં હૈ હી નહીંને કર્મ. પણ કબ માનતે હૈ કર્મ? કિ રાગકે સાથ સંબંધકી દૃષ્ટિ પડી હૈ તો ઉસકા

નામ મિથ્યાદૃષ્ટિ હૈ. સ્વભાવકે સાથ એકત્વ (કરકે) જો રાગસે પૃથક્ હોકર અપના સ્વભાવકી દૃષ્ટિ નહીં કરી અર્થાત્ દ્રવ્ય-ગુણકી શ્રદ્ધા ન કી, વસ્તુકી શ્રદ્ધા ન કી, વસ્તુકી ગુણકી શ્રદ્ધા ન કી, એક પર્યાયમેં રાગકી શ્રદ્ધા કી ઔર રાગકા મેરે સંબંધ હૈ, ઉસકો કર્મકા નિમિત્ત સંબંધ હૈ, ઉસકો કર્મકા નિમિત્ત સંબંધ હૈ. એઈ..! આહા..હા..! કહો, સમજમેં આયા કિ નહીં? એઈ..! શેઠી!

ભાવકર્મ જો ઉત્પન્ન હોતા હૈ ન? ઉસકા મેરે સ્વભાવકે સાથ સંબંધ હૈ ઐસી માન્યતા મિથ્યાદૃષ્ટિકી હૈ, તબતક કર્મકા મેરે નિમિત્ત સંબંધ હૈ ઐસા માનતે હૈ. ઔર તબતક નયા કર્મમેં મૈં નિમિત્ત હોતા હૂં બંધમેં (ઐસા) અજ્ઞાની માનતા હૈ. નિમિત્ત હોં! નયા કર્મ નયા કર્મસે બંધતે હૈ. પણ નયા કર્મમેં મૈં નિમિત્ત હૂં એમ કૌન માનતા હૈ? રાગકો અપના માનનેવાલા, પર્યાયબુદ્ધિ અંશવાલા સ્વતંત્ર દ્રવ્ય-ગુણ ત્રિકાલ ક્યા હૈ ઉસકી દૃષ્ટિ નહીં, વહ ઐસા માનતા હૈ કિ નયા કર્મમેં મૈં નિમિત્ત હુઆ. ઔર રાગકા મેરે સંબંધ હૈ તો કર્મકા મેરે વર્તમાન સંબંધ હૈ. ઐસા મિથ્યાદૃષ્ટિ એકાંત તરફ દૃષ્ટિવાલા માનતા હૈ. અનેકાંત દૃષ્ટિ ગુલાંટ ખાતી હૈ. મેરા જ્ઞાયકસ્વભાવ શુદ્ધ સ્વસ્વમીસંબંધસે ભરા પડા હૈ. ઐસી અંતર દૃષ્ટિ હુઈ તો રાગકા મુઝે સંબંધ નિશ્ચયમેં નહીં, કર્મકા સંબંધ નહીં. મેરી સ્વશુદ્ધતા ઉસકા મૈં સ્વામી. (રાગ) થોડા રહા ઉસકા જ્ઞાન કરતા હૈ. રાગ રહા, નિમિત્ત સંબંધ રહા, ઉસકા જ્ઞાન કરતા હૈ કિ ઈતના હૈ. આદરણીય હૈ નહીં. સમજમેં આયા? આહા..હા..! ભારે વાત ભાઈ!

દિગંબર સંતોની વાતું પરમાત્માને સ્પર્શીને કરેલી છે. સમજમેં આયા? એ કોઈ વાર્તા નહીં હૈ, કોઈ કથા નહીં હૈ. ઔર કથા હો તો કથામેં માલ ભરા હોતા હૈ. ઉસકી પર્યાય કૈસી બનતી હૈ શુભ, અશુભ કિ શુદ્ધ ઐસા ખ્યાલ કરાતે હૈ. સમજમેં આયા? ચૈતન્યઘરમેં ક્યા બનતે હૈ ભૈયા દેખો! આહા..હા..! અરે! એણે એક વાત પણ 'એગં જાણહી સવ્વં જાણહી' લ્યો! આહા..હા..! કુંદકુંદાચાર્યને કહા, કુંદકુંદાચાર્યને કહા પાંચવી ગાથામેં. મેરા પરમગુરુ સર્વજ્ઞદેવ ઉનસે ચલે આયે ગુરુ ઔર અપરગુરુ મેરા ગુરુ વર્તમાન ઉન્હોંને મેરે ઉપર કૃપા કરકે... આહા..હા..! પરમ શુદ્ધ આત્મા હૈ ઐસા ઉપદેશ મેરેકો દિયા થા. ઈતના શબ્દ, લો. બસ, દૂસરા કુછ દિયા હી નહીં તુમકો?

મુમુક્ષુ :- દૂસરા આ ગયા ઉસમેં.

ઉત્તર :- ઉસમેં આ ગયા. મેરે ગુરુને અને સર્વજ્ઞ પરમગુરુ હોં. ઠેઠથી લીધું છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માસે લેકર અભી તક મેરે ગુરુ સબ એક ધારાવાહી. એ મેરે ગુરુને મેરેકો ઐસા સુનાયા, મેરે પર અનુગ્રહ કરકે. ઐસા પાઠ હૈ. અનુગ્રહ કરકે, કૃપા કરકે. એમ નહીં લેતા હૈ કિ મૈં પાત્ર હૂં તો મૈં સમજા. એમ લે કંઈ? મેરે ઉપર કૃપા કરકે ઐસા ઉપદેશ દિયા, પ્રભુ! શુદ્ધાત્મા તુમ હો. બસ! હો ગયા. સારા બાર અંગ અને ચૌદ પૂર્વ ઉસમેં આ ગયા.

તો પહલે અશુદ્ધ થા, અશુદ્ધ હૈ, નિમિત્ત સંબંધ હૈ, ઐસા જો જ્ઞાન કિયા થા ઐસા વહ થા-હતા. ગુલાંટ ખા ગયા. મૈં શુદ્ધાત્મા દ્રવ્ય-ગુણ તો હૂં, પર્યાયમેં શુદ્ધ હૂં. જિતની અશુદ્ધતા રહી વહ મેરી ચીજ નહીં. ઐસા મેરે ગુરુને ઉપદેશ દિયા ઉસસે મેરા વૈભવ પ્રગટ હુઆ એમ કહતે હૈ. વહ પાંચવી ગાથામેં આતા હૈ. સમજે ન?

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

અરે શિષ્યો! અરે શ્રોતાઓ! '**तं एयत्तविहत्तं दाएहं**' દેખાડીશ. '**अप्पणो सविहवेण**' મારા વૈભવથી દેખાડીશ. મેરા વૈભવ, મેરા ગુરુને ઐસા ઉપદેશ દિયા થા ન, ઉસસે મેરેમેં ઉત્પન્ન મેરેસે હુઆ હૈ. સમજમેં આયા? '**दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज**' પછી દૂસરા શબ્દ લેતે હૈં. જો મૈં દેખાડું અને આ જાયે તો પ્રમાણ કરના હોં! પ્રમાણ કરના, અનુભવસે પ્રમાણ કરના. કોઈ ઐસા શબ્દ નહીં લેના કિ યે શબ્દમેં કૈસે ભૂલ હો ગઈ? વ્યાકરણમેં શબ્દ... ઐસા છલ નહીં કરના તુઝે. તેરા ખ્યાલ વિશેષ હો કદાચિત્ વ્યાકરણ આદિમેં. ઘણા પ્રકરણ હૈ શાસ્ત્રકા. તો ઉસમેં તેરે વિશેષ ખ્યાલમેં આ જાયે તો છલ ન પકડના. '**छलं ण घेत्तव्वं**'. હમ અનુભવસે જો બાત કરતે હૈ, અનુભવ કર... અનુભવ કર... બીજી રહેવા દે આડીઅવળી વાત. ઓહો..! ઉસમેં ઐસા નહીં આતા હૈ, યહ ભૂતકાલ, ભવિષ્યકાલ ભાષા... સુન તો સહી હવે. સમજમેં આયા?

તો કહતે હૈં, ઐસે ભગવાન આત્મા મેરે ગુરુને કહા, તો વાચકમેં જો આયા ઐસા મૈંને વાચ્ય પકડ લિયા. આહા..હા..! સ્વયંસિદ્ધ પ્રભુ પૂર્ણ શાંત સરોવરસે ભરા. અરે! ગરમી લાગી હોય જેઠ મહિનાની. આ અત્યારે ગરમી જુઓને કાલે કેટલી હતી. એમાં ઠંડું પાણી મળે તો પડેને ન્હાવા-સ્નાન કરને? ઉસમેં તો ધૂલમેં (શાંતિ) હૈ નહીં. આ ભગવાન આત્મા અનાદિસે જેઠ મહિના જૈસી ગરમી લગી હૈ, ઐસા પદ્મનંદીપંચવિંશતિમેં પાઠ હૈ હોં. પદ્મનંદિપંચવિંશતિમેં પાઠ હૈ કિ ઐસી ગરમી લગી હૈ, ઉસકા પ્રભુ આપકો ઐસા.. આ શું કહેવાય? ફુવારો. ફુવારા નિકલતા હૈ ન? ફવ્વારા. ઐસા આત્માકા ફવ્વારા હૈ. મૈં જિતના એકાગ્ર અંદર હોઉં ઉતની નિર્મલ પર્યાય અંદર ફવ્વારેમેંસે નિકલતી હૈ. યે મેરા જેઠ મહિનેકા તાપ ટાલનેકા ઉપાય મેરેમેં હૈ. સંસારકા દાવાનલ, સંસાર દાવાનલ રાગ-દ્વેષસે જલા હૈ રાગ-દ્વેષસે. ઉસમેં હે નાથ! આપકી એક વાણી... વાણીકા અર્થ ઉસને બતાયા થા વાચ્ય એ શીતલ ફવ્વારા હૈ, પ્રભુ! એમ કહતે હૈ હોં પદ્મનંદી આચાર્ય. પ્રભુ! એ શીતલ ફવ્વારા આપને બતાયા એક હી હૈ. દૂસરેમેં તો સારા જગત જલા હુઆ-રાગ-દ્વેષસે બળા હુઆ હૈ. સમજમેં આયા? પોપટભાઈ! કેમ હશે? પણ દુકાને ત્યાં બેસે તો લાખ, બે લાખ પેદા થઈ જાય તો શીતલતા ન આવે થોડી? નહિ?

એય..! ઈ કહે છે. ઈ કહે છે વાત સાચી. આહા..હા..! અરે! ભગવાન! વહ તો નહીં, પણ દયા, દાનના વિકલ્પમાં પણ શાંતિ નથી એમ કહે છે અહીંયા. આ તો મળ હૈ કહતે હૈ મળ હૈ. મતિજ્ઞાનાદિ વિભાવ મલ હૈ. આહા..હા..! અને નારકાદિ વિભાવપર્યાય, વ્યંજનપર્યાય મલ હૈ. એકલો ભગવાન ચિદાનંદ સ્વભાવ જો મલસે મહારહિત નિર્મલ હૈ.

'તેષાં' '**જો યોગી પરમસમાધિમેં રત હૈં, ઉન્હીં પુરુષોંકે શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત...**' આ વિપરીત શબ્દ લેના. અશુદ્ધભાવકે કારણ વહ સબ મલિન પરિણામ લેના. '**સબ શુદ્ધાત્મ પરિણામરૂપ જો જલકા પ્રવાહ ઉસમેં બહ જાતે હૈં.**' ઐસા નિર્મલ પ્રવાહ દૃષ્ટિમેં આકર બહે (તો) મૈલ તો ચલા જાતા હૈ. આહા..હા..! દૂસરી ભાષાસે કહા ન? વ્યય હો જાતા હૈ તો ઉસમેં મૈલ ચલા જાતા હૈ. પાનીકા ધોધ જૈસા નિર્મલ આયા, ઐસા મૈલ હો વહ ચલે જાયે. આ પાયખાનાને સાફ કરતે હૈ કિ નહીં? પાની ઐસા નહીં લેતે સાફ કરનેકો? નાખે છેને કાંઈક આમ જોર દઈને. જોર દઈને નાખે ફૂ કરીને ઉડી જાય.

એમ ભગવાન ચૈતન્ય સરોવર જિસમેં અકષાય સ્વભાવ પૂરા ભરા હૈ, ઉસમેં એકાગ્રતા હોનેસે રાગાદિકા જંજાલ વહ નિર્મલ પ્રવાહ બહા ચલા જાતા હૈ. ઉસકા નાશ હોતા હૈ ઉસકા અર્થ ઐસા લિયા. ઉત્પાદ ઐસા નિર્મલ હુઆ (તો) મલિન પ્રવાહ નિર્મલ જલમેં ચલા ગયા. ચલા ગયા, ઉસકે પાસ રહતા નહીં. સમજમેં આયા? બાત તો ઐસી હૈ અંદરકી. એ વિના પત્તા લોકોને કુછ લગેગા નહીં. લાખ કરે ને મરી જાય અગિયાર અંગ ભણી-ભણીને. નવ પૂર્વ ભણે ને અગિયાર અંગ ભણે. એ આવશે હવે. ૧૯૧માં છે હોં. સમજમેં આયા?

'**ભાવાર્થ :- જહાં જલકા પ્રવાહ આવે, વહાં મલ કૈસે રહ સકતા હૈ, કભી નહીં રહતા.**' ઓહો..! જિસને અપના સ્વભાવ.. ઓલા કહે, પણ આમાં તમે નિયતવાદ ક્રમથી થાય (કહો) એમાં અમારે પુરુષાર્થ કહાં કરના? અરે ભગવાન! સુન તો સહી. ઈસકા નિર્ણય કૌન કરે? કાલલબ્ધિ ઈસ સમય આયેગી ઉસ પર્યાયકા નિર્ણય કૌન કર સકતા હૈ? અકર્તાપનાકી બુદ્ધિ જબ હો તબ ઉસકા નિર્ણય આ જાતા હૈ. અકર્તાપનાકા પુરુષાર્થ સ્વભાવ તરફ ઝુકે બિના હોતા નહીં. સમજમેં આયા? ઐસા સ્વભાવ સન્મુખ હોતે હી નિર્મલ દૃષ્ટિ આદિ પ્રગટ હુઈ તો પૂર્વકા મૈલ જો થા તો ઉસમેં મૈલ બહા-ચલા ગયા. કહો, સમજમેં આયા? બસ, કલાક હો ગયા? હો ગયા. સમજમેં આયા? આત્માકી શાંતિ અર્થાત્ મોક્ષમાર્ગ ભગવાન સર્વ મલ રહિત વિભાવ, વ્યજંનપર્યાય, દ્રવ્યકર્મ, ભાવકર્મ (કે સાથ) સંબંધ, અભી હોં અભી, સંબંધ હોતે છતે નહીં હૈ અને સ્વભાવ પ્રગટ નહીં હોતે છતે સ્વભાવ હી એકીલા મૈં હૂં. ઐસા સ્વભાવકે સાથ સંબંધ લગાના ઔર પરકા સંબંધ તોડના વહી આત્માકી શાંતિ અને મોક્ષમાર્ગકા ઉપાય હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૭, ગુરુવાર, તા. ૧૯-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૯૦, પ્રવચન-૨૦૧**

આ પરમાત્મપ્રકાશ, ઉસકા દૂસરા અધિકાર ચલતા હૈ. ૧૮૯ ગાથા હુઈ. ૧૯૦. '**આગે પરમસમાધિકા લક્ષણ કહતે હૈં—**' સમાધિ શબ્દે આ બાવા લગાવે એ સમાધિ નથી આ. સમાધિ શબ્દે, આ આત્મા શાંત અવિકારી વીતરાગ વિજ્ઞાનઘન અર્થાત્ શાંતસ્વરૂપ સમાધિસ્વરૂપ જ આત્મા છે. સમજમેં આયા? આ આત્મા સમાધિસ્વરૂપ હી હૈ. શક્તિએ, સત્ત્વે સમાધિ શબ્દે અવિકારી શાંતિસે ભરા હુઆ પદાર્થ હી હૈ. ઐસા આત્મા સમાધિ નામ શાંતરૂપ, અવિકારીરૂપ, વીતરાગ વિજ્ઞાનઘન હૈ ઉસમેં એકાગ્ર હોકર શાંતિ ઉત્પન્ન કરના ઉસકા નામ પર્યાયકી સમાધિ કહનેમેં આતા હૈ. દ્રવ્યકી સમાધિ ત્રિકાલ હૈ. સમજમેં આયા? દ્રવ્યમેં શાંતિ કહો, સમાધિ કહો, વીતરાગવિજ્ઞાનકા ઘન કહો, વહ તો ત્રિકાલ હૈ. ઉસકા અવલંબન કરકે રાગ અને વિકલ્પકા અવલંબન છોડકર 'સમાહિવરમુત્તમ્ દિંતુ' આવે છે જરી. લોગસ્સમાં આવે છે. એમાં પણ આવે છે સામાયિકમાં. આવે છેને. સામાયિકનો પાઠ આવે છે. સામાયિકનો પાઠ એમાં આવે છે. સમાહિવરમુત્તમ દિંતુ. હે પરમાત્મા! મને સમાધિનું વરદાન આપો. વર-વર એટલે દાન. વરદાન એ સામાયિકના પાઠમાં આવે છે આપણે. અને આ શ્વેતાંબરમાં તો આવે જ છે બધા શબ્દ ચોખ્ખા. 'સમાહિવરમુત્તમ દિંતુ ચંદેસુ ણિમલયરા...' આવે છે કે નહીં? ગડીયો તો શીખ્યા હતા કે નહિ ત્યાં કલકત્તા? કહો, સમજાણું કાંઈ? 'સમાહિવર..' સમાધિ કોને કહેવી ભગવાન જાણે. સમાધિ શું હશે? માગે. દરરોજ ભગવાન પાસે માગે. જ્યારે લોગસ્સનું સ્તવન થાય. સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ,.. છ આવશ્યક. એમાં ચોવિસંથામાં સાંજ-સવાર આ લોકો લોગ્ગસમાં એ માગે ભગવાન પાસે કે ભગવાન! સમાહિવરમુત્તમ દિંતુ. મને સમાધિનું વર એટલે દાન. વર એટલે ફળ. મને સમાધિનું દાન આપજો. હવે સમાધિ કિસકો કહના? અને સમાધિ ભગવાન દે સકતે હૈ કિ નહીં?

મુમુક્ષુ :- કોઈ જાતની તકલીફ ન આવે.

ઉત્તર :- એમ ઠીક. આ બહારની કોઈ જાતની તકલીફ ન પડે એવું હે ભગવાન મને રાખજો. એવો એનો અર્થ આ શેઠિયા કરે છે. સમજમેં આયા? આહા..હા..!

ભાઈ! સમાધિ ભગવાન... આ બાવા લોકો લગાવે સમાધિ એ નહીં હોં. આ તો અંતર

ગુફામેં, અંતર ગુફામેં.. વહ ૪૯ ગાથામેં લિયા હૈ. સમયસારમેં, જયસેનાચાર્યકી ટીકામેં. અનુભૂતિ કરકે અંતર આત્માકા પૂર્ણાનંદકો અંતર સમીપ જાકર ધર્મધ્યાન અથવા સમાધિ અર્થાત્ મોક્ષકા માર્ગ ઉસકો કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? કહતે હૈ દેખો, ૧૯૦.

**३२१) सयल-वियप्पहँ जो विलउ परम-समाहि भणंति।**
**तेण सुहासुह-भावडा मुणि सयल वि मेल्लंति।।१९०।।**

જુઓ, 'भणंति' સર્વજ્ઞ વીતરાગ. જુઓ! અર્થમાં એ 'भणंति'નો અર્થ કર્યો. 'वीतरागसर्वज्ञाः' વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા જિસકો એક સમયમેં જ્ઞાનકી સામર્થ્યતાકી પૂર્ણતા પ્રગટ હો ગયી હૈ. તીન કાલ, તીન લોક દેખતે હૈ ભગવાન એક સમયમેં. તો ભી ભગવાનકી વાણીમેં યહ આયા કિ હે આત્મા! તુમ સમાધિ લગાઓ. સમાધિ કરો. ક્યોં કહા? ભગવાનને તો દેખા હૈ કિ ઉસ સમયમેં ઉસકો હોગા. એઇ..! સમજમેં આયા? તો ઐસા ઉપદેશ ક્યોં દિયા? હોગા (ઐસા) સર્વજ્ઞકે ખ્યાલમેં નહીં હૈ? વો સમાધિમેં અપને સ્વરૂપકી અનુભવ દૃષ્ટિ હુઈ...

યહ ભી હમારે બહુત ચર્ચા હુઈ થી. ૩૫-૪૦ વર્ષ પહલે. બહુત ચર્ચા હોતી થી. કિ ભાઈ આ શાસ્ત્રકાર ઐસે ક્યોં કહતે હૈ? પુરુષાર્થ કરો એમ કેમ ન કહ્યું? પ્રમાદ ન કરો ઐસા કહા. ઐસા આતા હૈ શ્વેતાંબરમેં. .. આદિ આવે છે. એક આખું અધ્યયન આવે છે. સમયમાત્રનો હે ગૌતમ! ભગવાન વીરનાથ કહતે હૈ, સમયમાત્રનો પ્રમાદ કરવો નહિ. તો ઉસકા અર્થ યહ કરતે થે એક વ્યક્તિ કિ દેખો, પ્રમાદ ન કરના ઐસા ભગવાનને કહા, પણ પુરુષાર્થસે અપ્રમાદ કરના, પુરુષાર્થ કરના ઐસા નહીં કહા. ક્યોંકિ સર્વજ્ઞ ભગવાન એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈં. સમજમેં આયા? ૪૦ વર્ષ પહલે ચર્ચા હોતી થી. એક વ્યક્તિ આ બાજુમાં ભણેલ હતી. દૃષ્ટિમાં બહુ ફેર. પછી કોઈપણ બોલમાં ઐસા વિરોધ નિકાલે. કિ જુઓ, ભગવાન તો સર્વજ્ઞ હૈ તો એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈં. તો જો સમયમેં જો પર્યાય જહાં હોનેવાલી હોતી હૈ ઉસકા ખ્યાલમેં નહીં હૈ? સમજમેં આયા? તો ઐસા ક્યોં કહા સર્વજ્ઞને કિ તુમ પુરુષાર્થ કરો? કારણ કે પુરુષાર્થકા સમય હૈ તો હી હોગા. એ સિવાય ભગવાન કહતે હૈ તો હોગા નહીં. માટે પુરુષાર્થ કરો ઐસા ભગવાનકી વાણીમેં આતા હી નહીં. પ્રમાદ છોડો યહ આતા હૈ.

ત્યારે કીધું પ્રમાદ છોડો અને પુરુષાર્થ કરો એ બેમાં ફેર ક્યા હૈ? ઐસી તકરાર તો પહલેસે હમારે ચલતી હૈ એમને એમ સંપ્રદાયમેં. પ્રમાદ ન કરો અને પુરુષાર્થ કરો એમાં ફેર ક્યા આયા? ભગવાનના જ્ઞાનમેં .. પ્રમાદ વહ સમય કરેગા. પ્રમાદ હૈ, તો પ્રમાદ ન કરો ઐસા ક્યોં કહા ભગવાનને? એય..! ધન્નાલાલજી! અમે તો પછી એને બીજો દાખલો આપતા હતા એક છે આચારાંગનો ટૂકડો. એ વખતે તો કંઠસ્થ હતુંને બધું. ... ... કીધું, જુઓ આ ચાર. એવા

ટૂકડા આવ્યા છે આચારાંગના પહેલા સૂત્રમાં. આજ્ઞા બહારનો ઉદ્યમ અને આજ્ઞામાં આળસ, હે ગૌતમ! તને ન હશો. આ એક ટૂકડા હૈ. આજ્ઞા બાહરકા ઉદ્યમ અને આજ્ઞામેં આલસ... આલસ કરના. આલસ સમજે ન? પ્રમાદ કરના. હે ગૌતમ! સર્વજ્ઞની આજ્ઞા વીર પરમાત્મા કહતે હૈ. વહ સમયે તો વહ શબ્દ કહતે હૈ ઐસા માનતે હૈ ન? ૐ ધ્વનિસે આતા હૈ ઐસા તો નહીં માનતે થે એ લોકો. પણ ઐસા આયા. હે ગૌતમ! આજ્ઞા બહારનો ઉદ્યમ તને ન હશો અને આજ્ઞા હમારી છે ઉસમેં આળસ ન હશો. તો ક્યા આયા આમાં? કીધું. જે ભગવાનની આજ્ઞા છે... આ ક્યા કહતે યહાં. આજ્ઞા યહ હૈ. સમાધિ કરો યહ આજ્ઞા હૈ દેખો. સમજમેં આયા? વજુભાઈ! પહેલેથી જ અમારે તો બધું ચાલ્યું જાય છે એમ ને એમ. અહીંયાં આવ્યા તો પાછા અહીંયાં વાંધા ઉઠ્યા એ. ૭૧ની સાલથી કર્મથી નીકળેલી છે વાત, લાઠીમેંસે.

કર્મ નિમિત્તમાત્ર (હૈ), વિકાર આત્મા અપનેસે કરતે હૈ. ઔર પુરુષાર્થ વિકાર ટાલતે હૈ અને પુરુષાર્થસે વિકાર કરતે હૈ. વહ તો ૭૧કી સાલમેંસે ચલા. સમજે? એય..! તકરાર સામે. ઐસા નહીં હૈ, ફૈસા નહીં. ત્યાંથી ત્યાં આવ્યું શ્વેતાંબર અને ત્યાંથી આવ્યું દિગંબરમાં. હવે આ આવ્યું ઈ પુરુષાર્થનું. એ પણ ૪૦ વર્ષથી વાત ચલતી હૈ કિ સર્વજ્ઞ ભગવાનને જિસ સમય જો દેખા હૈ વહ દેખતે હૈં ઐસા હોતા હૈ તો વહ પુરુષાર્થ ક્યોં કહે? અરે ભગવાન! ક્યોં કહે તો ભગવાનની વાણીમેં પુરુષાર્થ હી આતા હૈ. કીધું. ક્યોં? કિ વે અલ્પજ્ઞ અને રાગ નાશ કરકે સર્વજ્ઞ અને વીતરાગ ક્યોં હુઆ? અલ્પજ્ઞ અને રાગ નાશકર સર્વજ્ઞ અને વીતરાગ ક્યોં હુઆ? અને જો ભૂમિકામેં સર્વજ્ઞપદકી સાધના કરતે થે તબ વિકલ્પ ભી ઐસા થા કિ મૈં પૂર્ણ હોંઉ, પૂર્ણ હોઉં. તો ઉસ વિકલ્પમેં પરમાણુ ઐસા બંધ ગયા કિ ઐસા ઉપદેશમેં, સમાધિ કર, પૂર્ણ થા, મોક્ષ કર, મોક્ષકા પુરુષાર્થ કર ઐસી વાણી નિકલતી હૈ. ધન્નાલાલજી! સમજમેં આયા? આહા..હા..!

જબ તીર્થંકરગોત્ર બંધા તબ વિકલ્પ થા. આમ તો ભાન થા કિ મૈં જ્ઞાતા-દ્રષ્ટા હૂં. વિકલ્પ આયા. પૂર્ણ હોઉં, પૂર્ણાનંદ મોક્ષ હોઓ. આ ગયા નહીં અપને? **'दुक्खक्खओ'** જુઓ, આની પહેલા જ આવ્યું. **'दुक्खक्खओ कम्मक्खओ'** વહ વિકલ્પ થા. તો ઉસ વિકલ્પમેં પુણ્ય ઐસા બંધ ગયા કિ વો પુણ્યબંધમેં જબ પાક આયા તો દુનિયાકો વાણીમેં, ઉસકી વાણીમેં ઐસા આયા. દુઃખ ક્ષય હો ઐસા પુરુષાર્થ કરો, કર્મ ક્ષય હો ઐસા પુરુષાર્થ કરો, બોહિલાભનો પુરુષાર્થ કરો, પંચમગતિકા મોક્ષકા પુરુષાર્થ કરો. ક્યોંકિ ઉસને કિયા થા તો વિકલ્પ પણ ઐસા આ ગયા અને વિકલ્પકા ફલમેં બંધ અને બંધનના ઉદયકે પાકમેં વાણી ભી ઐસી નિકલતી હૈ. દૂસરી વાણી ભગવાનકે મુખમેં હોતી નહીં. સમજમેં આયા?

આ સર્વજ્ઞ જાનતે હૈ તો તીન કાલ, તીન લોક. પણ ઉસકી પર્યાય પૂર્ણ દશા જબ હુઈ

અને વીતરાગ હુઆ તો પહલે સાધકપણામેં જો સાધનપણા પૂર્ણ કરના થા, ઐસા વિકલ્પ આયા તો ઉસમેં વાણી ભી ઐસી આતી હૈ. વાણીકા કર્તા વહ કહાં હૈ? હે જીવો! આત્માકા સ્વભાવ સન્મુખ હો. વિભાવકી ઉપેક્ષા કરો, સમજમેં આયા? સ્વભાવકી અપેક્ષા કરો, વિભાવકી ઉપેક્ષા કરો. ક્યોંકિ ઉસને વિભાવકી ઉપેક્ષા કરકે, સ્વભાવકી અપેક્ષા કરકે કેવલજ્ઞાન લિયા હૈ. ...લાલજી! સમજમેં આયા? તો ઉસકી વાણી ઐસી હોતી હૈ તીર્થંકરકી. દૂસરી વાણી હોતી નહીં. વહ તો આપણે આ ગયા હૈ ઉસમેં ૮૨ ગાથામેં.

'**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा। किच्चा तधोवदेसं**' જુઓ એ ગાથામેં ઐસા ભરા હૈ ૮૨ ગાથામેં. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' ભગવાનના અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય કોઈપણ જાણે વહ અપના આત્મામેં વહ ઉતારે બિના રહે નહીં ઔર ઉસકા મોહકા ક્ષય હુએ બિના રહે નહીં. ઐસા ૮૦મેં કહા. ૮૧મેં કહા કિ સમ્યગ્જ્ઞાનકપૂર્વક રાગ-દ્વેષકા જો ત્યાગ કરતે હૈ વહ ચારિત્રકો પાતે હૈ. પીછે ૮૨મેં કહા, સર્વજ્ઞવંત જો હુઆ, અનંત હોગા '**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**' અપના સ્વભાવ સન્મુખ હોકર, અપને દ્રવ્યમેં ઘુસકર, એકાકાર હોકર, પરસે હટકર કર્મકા નાશ કિયા અને કેવલજ્ઞાન લિયા, તો ઉપદેશ ભી ઉસકા ઐસા આયા. આહા..હા..! સમજમેં આયા? ધર્મચંદજી! ઓઘે-ઓઘે પડા હૈ. ભગવાન ઐસા કહતે હૈ, ભગવાન ઐસે (કહતે હૈં). પણ ભગવાન સર્વજ્ઞ હુઆ હૈ કિ નહીં? અને વીતરાગ હુઆ હૈ કિ નહીં? અને સર્વજ્ઞ વીતરાગ હુઆ પહલે કોઈ વિકલ્પ થા કા નહીં? સાધન તો સ્વભાવકા તરફકા થા. સમજમેં આયા? તો એ વિકલ્પમેં ઐસી ધ્વનિ આ ગઈ, પૂર્ણ હોઉં, પૂર્ણતા હો, ઐસા હોઉં. સહજ હોં! તો પુણ્યબંધ ઐસા હો ગયા, તો પુણ્યમેં વાણી ભી '**किच्चा तधोवदेसं**' એમ કુંદકુંદાચાર્ય મહારાજને ૮૨વીં ગાથામેં લિયા હૈ. અનંત તીર્થંકરોંને ઐસા ઉપદેશ કિયા. ક્યા? કિ અરિહંત સર્વજ્ઞકી જો પર્યાય પૂર્ણ હૈ ઉસકો જાનો, જાનો ઔર જાનકર આત્મામેં મિલાઓ. આત્મામેં મિલાયેગા તબ તેરા દર્શનમોહકા નાશ હો જાયેગા અને પીછે રાગ-દ્વેષકા નાશ હોકર તુમ ભી સર્વજ્ઞ હો જાઓગે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વહ કહા ન. ૮૦-૮૧-૮૨. હમ તો ૭૨કી સાલમેં કહતે થે ઐસા. આ તો નિકલા પીછે. પ્રવચનસાર દેખા થા કે દિ'? પણ ૭૨કી સાલમેં કહતે હૈ કિ ભગવાનકા ઉપદેશ ઐસા હૈ કિ વીતરાગ હુઆ તો વીતરાગભાવ કરનેકા ઉસકા ઉપદેશ હૈ. દૂસરી ભાષામેં હમ તો કહતે થે. ભગવાનકી વાણીમેં ભવકા અભાવકી વાણી આતી હૈ, કીધું. સમજમેં આયા? ભગવાનકો ભવ નહીં, ભગવાનકો ભવ નહીં. તો ઉસકી વાણીમેં ભવરહિતકા ઉપદેશ આતા હૈ. તેરા ભવ ન ઘટે, ન ઘટે ઐસા ઉપદેશ ભગવાનકી વાણીમેં નહીં આતા. સમજે? હમારે

સંપ્રદાયમેં સાધુ એક સાધુ થે. નહીં, ભગવાનને દેખા હૈ તે દિ' આપણે ભવ નાશ હોગા. આપણે ક્યા કરેગા? ભગવાન ઐસા કહતે હૈ. ક્યા? ભગવાનકી વાણી ઐસી હોતી નહીં. ધન્નાલાલજી! ભવછેદકી વાણી. ક્યોંકિ ઉસને ભવછેદ કર મુક્તિ લી હૈ. તો ઉસકી વાણી ભી ભવછેદકી વાણી, મુક્તિકી વાણી (આતી હૈ) ઉસકા નામ ભગવાનકી વાણી હૈ. એ વાણી આગમની વાણીસે આઘાપાછા કોઈ બોલેગા (તો) અનંત સંસારકી વૃદ્ધિ કરનેવાલા હૈ, કીધું.

યહાં કહતે હૈ ક્યા? જુઓ, અંદર લખ્યું છે હોં. '**भणंति**' શબ્દ પડ્યો છેને? ક્યા? આ '**भणंति**' નહીં? ૧૯૦. ઉસમેં અર્થ કિયા હૈ. '**वीतरागसर्वज्ञाः। कं भणन्ति।**' દેખો, ટીકામેં લિયા હૈ. '**भणंति कथयन्ति। के ते।**' ક્યા કહતે હૈ? '**वीतरागसर्वज्ञाः। कं भणन्ति।**' ભાષા જુઓ, વીતરાગ સર્વજ્ઞ ક્યા કહતે હૈ? કિ '**परम-समाहि वीतरागपरमसामाचिकरुपं परमसमाधिं जो विलउ यं विलयं विनाशम्। केषाम्। सयल-वियप्पहं**' દેખો, સર્વ વિકલ્પનો પરમ સમાધિ દ્વારા નાશ કરો. હમને નાશ કિયા ઐસે તુમ્હે ભી નાશ વો રીતિસે હોતા હૈ. સમજમેં આયા? સર્વજ્ઞ હૈ ન? ક્યા કહતે હૈ? વાણીમેં કૈસી આયી વાણી? વાણી ભી ઐસી આયી. '**भणंति**' ભગવાન ત્રણ લોકના નાથના મુખમેં, અનંત તીર્થંકરો હો ગયા વર્તમાન અને ભવિષ્યમાં વાણી ઐસી નિકલી.

અરે આત્મા! દેખો, '**જો નિર્વિકલ્પપરમાત્મસ્વરૂપસે વિપરીત...**' ભગવાન નિર્વિકલ્પ આત્મા હૈ, પરમાત્મસ્વરૂપ હૈ ઉસકા. ઉસસે વિપરીત '**રાગાદિ સમસ્ત વિકલ્પોંકા...**' પુણ્ય-પાપકા દયા, દાન આદિ શુભાશુભ વિકલ્પોં જો હૈ વહ ભગવાન પરમાત્મ નિજસ્વરૂપસે વિપરીત હૈ. '**નાશ હોના, ઉસકો પરમસમાધિ...**' સર્વજ્ઞ વીતરાગ '**કહતે હૈં,...**' દેવીલાલજી! બહુત ગડબડ હૈ, સૂક્ષ્મ બાતમેં ફેર દિખતા હૈ, પણ બડા ઉગમણા-આથમણા ફેર હૈ. વાણી આગમકી કૈસી હોતી હૈ?

વાણી ઐસી આગમકી હોતી હૈ? વાણી આગમ ઉસકો કહતે હૈ કિ જિસમેં વીતરાગતા પ્રગટ (હો). ભાઈ! શાસ્ત્ર તાત્પર્ય આવ્યું ને લ્યોને એ તો એનું એ આવ્યું. શાસ્ત્રતાત્પર્ય વીતરાગતા સારા ચારેય અનુયોગકા. ઉસકા ક્યા અર્થ આયા? કિ ભગવાનકી વાણીમેં વીતરાગતા પ્રગટ કરનેકી હી વાણીકા ઉપદેશ નિકલતા હૈ. આહા..હા..! વજુભાઈ! પંચાસ્તિકાયમાં આવે છે. શાસ્ત્રતાત્પર્ય અને સૂત્રતાત્પર્ય. તો સૂત્રતાત્પર્ય તો એક-એક ગાથામેં જો કહા સાર વહ સૂત્ર તાત્પર્ય. સારા શાસ્ત્ર, ચારોં અનુયોગકા તાત્પર્ય ક્યા? ... વીતરાગ પ્રગટ હુઆ ઉસકો. તો વાણીમેં વીતરાગતા હી પ્રગટ કરનેકા ઉસકા ઉપદેશ હૈ. વો સમયમેં હોગા, પણ હોગા ઉસકો વીતરાગતા કરેગા તબ હોગા. ઐસા ભગવાનને સાથમેં દેખા હૈ કિ નહીં? સમજમેં આયા?

'**પરમસમાધિ કહતે હૈં, ઇસ પરમસમાધિસે મુનિરાજ...**' મુનિકી મુખ્યતાસે બાત કરતે

હૈ ન? **'સભી શુભ-અશુભ ભાવોંકો છોડ દેતે હૈં.'** એમ ભગવાન કહતે હૈં. આહા..હા..! સર્વજ્ઞ મુખમાં, સર્વજ્ઞકી પ્રતીત કી તો સર્વજ્ઞને જો પર્યાય પ્રગટ કી ઐસી પર્યાય પ્રગટ કરનેકા હી આગમમેં ઉપદેશ હૈ. સારા આગમમેં યહી ઉપદેશ હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે! આ શું કહેવાય છે આ? શુભાશુભ છોડનેકા ઉપદેશ હૈ. વીતરાગ ક્યોં હુઆ? પહલી દૃષ્ટિ વીતરાગ ક્યોં કિયા? પહલી વીતરાગ સમ્યગ્દૃષ્ટિ કિયા. કારણ કે વીતરાગ સમાધિમેં પહલી સમ્યગ્દૃષ્ટિ આતી હૈ તો વહ વીતરાગ દૃષ્ટિ હૈ. ઉસમેં શુભાશુભ પરિણામકી રુચિ છોડકર સ્વભાવ તરફકી રુચિ કરના ઐસા ભગવાનકા ઉપદેશ આયા હૈ. ભગવાનકા ઉપદેશ ચાર અનુયોગમેં વહ આયા હૈ. આહા..હા..! સમજમેં આયા? આઘા-પીછે ઉપદેશ કરે વહ સ્વચ્છંદી હૈ ઐસા કહતે થે હમ તો. ભગવતીસૂત્રમેં એક લેખ હૈ. તો ઉસમેં દાખલા (દેતે થે). તે દિ' આ ક્યાં વાંચ્યું હતું? તે દિ' તો આ ૭૧કી સાલકી બાત હૈ. ૭૨.

મુમુક્ષુ :- એમાંથી એ કાઢતા હતા?

ઉત્તર :- એમાંથી એ કાઢ્યું હતું. એક લેખ છે. એક સુદર્શન શ્રાવક છે. એક સુદર્શન શ્રાવકનો અધિકાર આવે છે એમાં. સુદર્શન છેને? નહિ ઓલા ધર્માસ્તિ-અધર્માસ્તિમાં. સુદર્શન. એ શ્રાવક આવે છે, પછી અન્યમતિના બાવા બેઠા છે બહાર. ભગવાનના દર્શન કરવા નીકળે છે ઓલો શ્રાવક. પછી ભગવાનના દર્શન કરનેકો નિકલે વહાં અન્યમતિકા બાવા બૈઠે થે. તો ઉસને બુલાયા. સુદર્શના! સુદર્શન છેને? ભૂલી ગયા નામ ઘણું કરીને સુદર્શન. સુદર્શન. સમજમેં આયા? તે દિ' તો મૂક્યું હતું ૭૧ના વ્યાખ્યાનમાં કે જુઓ, ભગવાન એમ કહતે હૈ કિ હે સુદર્શન! ત્યારે સુદર્શન નિકલે દર્શન કરનેકો. તો અન્યમતિકા બાવા પૂછતે હૈ. અરે સુદર્શન! તુમ ધર્માસ્તિકાયકો માનતે હો? ઐસા પ્રશ્ન કિયા હૈ ભગવતીસૂત્રમેં. તો કહા, હા. કૈસે માનતે હો? હમ અનુમાનસે માનતે હૈ. અનુમાનસે માનતે હૈ. તો ધર્માસ્તિ તુમ દેખકર નહીં માનતે? સમજમેં આયા? ઐસા પ્રશ્ન કિયા ઉસને. દેખકર નહીં માનતે? ક્યાં સબ દેખે અને માને? ઐસા પ્રશ્ન કર દિયા. આ દરિયાકા કાંઠા દેખા હૈ, વહ કાંઠા-કિનારા નહીં દેખા હૈ. સમુદ્રકા યહ કિનારા દેખા હૈ, વહ કિનારા નહીં દેખા તો ક્યા નહીં માનના? એમ સુદર્શનને જવાબ દિયા. ઐસે અનુમાનસે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય હમ માનતે હૈ. તો તુમ પ્રત્યક્ષ ન દેખા ક્યોં માનતે હો? પ્રત્યક્ષ ક્યા દેખે? પ્રત્યક્ષ તો સર્વજ્ઞ દેખતે હૈ. હમારા અનુમાનમેં આતા હૈ. પ્રત્યક્ષ હમ નહીં દેખતે. ઐસા કહા. પછી ઓલા તો .. પછી ભગવાન પાસે (ગયા).

ભગવાનને કહા... હે સુદર્શન! એ બધી વાણી આવે છેને એમાં? એ તો તે દિ' મોઢે હતુંને બધું. ... હે સુદર્શન! તેં ભલું કહ્યું કે હું ધર્માસ્તિકાય જાણતો નથી. પ્રત્યક્ષ જાણતો

નથી. પ્રત્યક્ષ મૈં જાનતા નહીં. ઐસા જો પ્રત્યક્ષ જાનતે હૈ ઐસા કહે તો અનંત તીર્થંકરોકી અશાતના કરે, અનંત કેવલીકી અશાતના કરે. ઐસા પાઠ હૈ ઉસમેં હોં. ભગવાનને જો રીતે કહા અને જે રીતે હૈ ઉસસે વિરુદ્ધ જો તુમ કહેગા તો અનંત કેવલીકી અશાતના કરતા હૈ. અનંત કેવલીકા પ્રરૂપેલા ધર્મકી અશાતના, અનંત તીર્થંકરકી અશાતના, અનંત તીર્થંકરકા પ્રરૂપેલા ધર્મકી. ચાર બોલ લિયા હૈ, ભાઈ! તીર્થંકર, તીર્થંકરકા ઉપદેશ, કેવલી, કેવલીકા ઉપદેશ. ભગવતીમેં આતા હૈ યહ સબ. વહ તો સબ દેખા થા ન બહુત બાર. તો જુઓ કીધું આ ભગવાન તો ઐસા કહતે હૈ સુદર્શનમેં.. પ્રત્યક્ષ તુમ નહીં દેખતે હૈ તો પ્રત્યક્ષ નહીં દેખા ઐસા કહા અને વહ અન્યમતિ બાવા થા, વો કહતે હૈ તુમ નહીં દેખતે હૈ ન? પ્રત્યક્ષ ન દેખતે હૈ તો પ્રત્યક્ષ દેખે વહ સબ માનનેમેં આવે? દૃષ્ટાંત દિયા કાંઠા કહેને કિનારા. આ કિનારા દેખા અને વહ કિનારા નહીં દેખા માટે કિનારા નહીં હૈ? માટે પ્રત્યક્ષ દેખે એમ માનના વહ એકાંત મિથ્યાદષ્ટિકા લક્ષણ હૈ. સમજમેં આયા? અનુમાન અને આગમ પ્રમાણસે ભી વસ્તુકો જાનને અને દેખનેમેં આતા હૈ. તો ભગવાનને કહા ... બહુ સારું કર્યું સુદર્શન! તેં પ્રત્યક્ષ ન દેખા ઐસા કહા. રાજેન્દ્રજી! ઉસમેં ભી હમ તો ઐસા નિકાલતે થે.

એમ ભગવાનકી વાણીસે જો કોઈ વિરુદ્ધ અપની કલ્પનાસે (કહે) કિ ભગવાનને બોલા નહીં અને ઐસા બોલે આગમ, વહ મિથ્યાદૃષ્ટિ મૂઢ ઉસકો આત્મા અને સર્વજ્ઞકી પર્યાયકી શ્રદ્ધા નહીં હૈ. ન્યાલચંદભાઈ! આ બધું ઘણું સાંભળ્યું છે હોં આ ડોસાએ. પણ ત્યાં ક્યાં એમાં? **'શુભ-અશુભ ભાવોંકો છોડ દેતે હૈં.'** દેખો, ક્યા પાઠ હૈ? હૈ પરમાત્મપ્રકાશ? શુભાશુભ છોડતે હૈ કિ અશુભ છોડતે હૈ? ભગવાન! પરમાત્મા તીર્થંકરને પણ પહલે દૃષ્ટિમેં શુભાશુભકી રુચિ છોડકર સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા. પીછે શુભાશુભ છોડકર સ્થિરતા પ્રાપ્ત કી. સ્થિરતા નામ ચારિત્ર. તો ઐસા હી ઉપદેશ હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? **'सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।'** એ વિધિએ કર્મના અનંત અંશો તીર્થંકરોએ ખપાવ્યા છે. તો ઉસકા ક્યા અર્થ આયા? કિ તીર્થંકરના જીવે પણ પહલે અપને સ્વરૂપકી દૃષ્ટિ કરકે, વીતરાગ દૃષ્ટિ કરકે મિથ્યાત્વકા નાશ કિયા હૈ. સ્વરૂપકી સ્થિરતા કરકે ચારિત્રમોહકા નાશ કિયા. સર્વ તીર્થંકરોંને ઐસા કિયા ઐસા હમારા ઉપદેશ હૈ. આહા..હા..! સમજમેં આયા?

ઐસે નહીં કિ સર્વજ્ઞને દેખા (ઐસા હોગા). એમ બોલતો હતો ઈ. સર્વજ્ઞ આપણે જૈન શાસનમાં છે. માટે મહારાજ પુરુષાર્થ-પુરુષાર્થ કરે છે. જુઓ અમારે ભાઈ પુરુષાર્થ તો તે દિ'નું ચાલતું હતું. હવે અત્યારે અમારા ઉપર આરોપ આવે છે કે પુરુષાર્થનો નકાર કરે છે, નિયતિવાદ છે. અરે ભગવાન! અમારા વખતે એ ૭૨મેં ચર્ચા બડી હુઈ કિ યે પુરુષાર્થકી બાત કરતે હૈં. વહ તો પુરુષાર્થકો હી માનતે હૈં. કીધું, પુરુષાર્થ હી ભગવાનને કહા હૈ. અને આમાં બનારસીદાસમાં

આવે છે હોં ભાઈ ઘણે ઠેકાણે. મિથ્યાત્વ. આળસુની ભૂમિ મિથ્યાત્વમેં હૈ. ઐસા શબ્દ આતા હૈ શ્લોક. સમજ્યાને? બધા કાંઈ યાદ રહે છે. ઉસમેં હૈ. આલસુકી ભૂમિ મિથ્યાત્વમેં હૈ અને પુરુષાર્થકી કરનેવાલેકી ભૂમિ સમ્યગ્દૃષ્ટિ પુરુષાર્થ સ્વભાવ સન્મુખ કરતે હૈ. ઐસા વીતરાગકી વાણીમેં આયા હૈ. ઉસમેં શ્લોક હૈ. તે દિ' તો આ પણ વાંચ્યા હતાને ભાઈ તે દિ'? પછી એમાંથી કાઢીને કહેતો એમાં જુઓ બનારસીદાસ આમ કહે છે. સમજે? એ ભૂમિકા લખી છે. તમને કોઈને મોઢે નહિ હોય. આલસુકી ભૂમિ મિથ્યાત્વમેં હૈ. સમજ્યાને? એવું છે. એવો શ્લોક છે કોક ઠેકાણે. કો'ક કો'ક ભાઈ યાદ બીજા કરે. એકલાને કાંઈ યાદ રહેતું હશે બધું? કહો, સમજમેં આયા?

કહતે હૈ ઓહો..! ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માને કહા. આહા..હા..! વીતરાગ '**भणंति**' સર્વજ્ઞ '**भणंति**'. સર્વજ્ઞો કહે, ભાઈ! આત્મા સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કર ઔર સ્થિર હો વહ સમાધિ. ઉસકા અર્થ? શુભાશુભ વિકલ્પોંકો છોડ દે તો તેરે દૃષ્ટિ ઔર શાંતિકી સમાધિ હોગી. શાંતિ એટલે ચારિત્ર. સમજમેં આયા? ઐસી વાણી ભગવાનકે મુખમેંસે આયી હૈ. સમજમેં આયા? તો ભગવાન દેખતા હૈ ઐસા નહીં હોતા હૈ બાહરમેં? પણ વહ ભગવાનને દેખા, ઉસને યહ કહા ઐસા માને ઉસકા પુરુષાર્થકા કાળ સ્વભાવ સન્મુખ હોતા હૈ ઔર મોક્ષકી પર્યાયકા કાળ પક ગયા હૈ ઉસકો. સમજમેં આયા? કાલલબ્ધિ ઉસકી પક ગયી હૈ. કાલલબ્ધિ ગોતના જાને પડતા નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહાર કી આતે હૈ ન. નિશ્ચયસે આ વસ્તુ હૈ. તો ઉસમેં સ્થિર જબ સમ્યગ્દર્શન હુઆ તો ચારિત્ર રાગ-દ્વેષ નિવૃત્તિ માટે ચારિત્ર અંગીકાર કરો ઐસા આતા હૈ. વહ આતા ન? પંડિતજી! રત્નકરંડશ્રાવકરાચારમેં. રાગ-દ્વેષ ... વહ શ્રાવકરત્નકરંડાચાર. અમારે પંડિતજીને મોઢે હૈ ન ભાઈ! મોઢે કરાવીએ. વહ રાગ-દ્વેષ છોડને માટે ચારિત્ર અંગીકાર કરના. દેખો, ઉસમેં આયા. સમંતભદ્રાચાર્ય, શ્રાવક રત્નકરંડાચારમેં. પહલે તો દૃષ્ટિ કરના વહ તો પહલે આ ગયા ઉસમેં. અધિક નહીં, વિશેષ નહીં ઐસા વિપરીત જ્ઞાન છોડકર કરના. હૈ ન પહલે જ્ઞાન આયા. દર્શન પહલે આયા, પીછે આ ચારિત્રકી બાત આયા. ઉસમેં ભી વહ આયા હૈ હોં. વો તો એક હી બાત હૈ ન સંતોકી! દર્શન અને અન્યોન્ય આતા હૈ ન? અધિક નહીં, ઓછું નહીં, વિપરીત નહીં. ઓહો..! વહ સબ બાત (આતી હૈ). અધિક નહીં, વિપરીત નહીં, કમી નહીં. ઐસી બાત.

સર્વજ્ઞને કહા ઉસમેં વિપરીત નહીં, કમી નહીં, વિપરીત નહીં અથવા અધિક નહીં. ઐસા સમ્યગ્જ્ઞાન. ઉસકા અર્થ સર્વજ્ઞને જૈસા દેખા, જૈસા જાના, ઐસા કહા ઉસકો ઐસી પ્રતીત

આ ગયી તો ઉસકો યથાર્થ જ્ઞાન વિપરીત, અધિક અને કમીસે રહિત હો ગયા જ્ઞાન. સમજમેં આયા? તો વહ દર્શન હુઆ અને જ્ઞાન હુઆ. પીછે ચરિત્રં રાગ-દ્વેષ નિવૃત્તિ અર્થં ચરિત્ર ... સાધુ. એ ભગવાનકી આજ્ઞા હૈ કિ નહીં? સર્વજ્ઞ હૈ તો આજ્ઞા તો ઐસી કરતે હૈં. યહાં કહતે હૈ વૈસા વહ હૈ. સમજમેં આયા?

'**ભાવાર્થ :- પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ...**' આહા..હા..! દેખો, '**પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ...**' વાહ! ભાષા જુઓ, '**પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ...**' ભગવાનકી આજ્ઞા અને વાણી એક બાજુ રહી ગયી. આજ્ઞા યહ હૈ, આજ્ઞા યહ હૈ. સમજમેં આયા? આવે છેને શ્રીમદ્‌માં એ?

સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો.
તે પણ ક્ષણ-ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં.
અંતે થાશું નિજસ્વરૂપમાં લીન જો.
સંયમના હેતુથી યોગ પ્રવર્તના.
સ્વરૂપલક્ષે જિન આજ્ઞા આધીન જો.

આજ્ઞા એટલે વીતરાગ હોં! વીતરાગને આધીન, વીતરાગભાવને આધીન મૈં હૂં. 'તે પણ ક્ષણ...' ઓલા યોગનું પ્રવર્તન છેને ક્ષણ-ક્ષણ? 'તે પણ ક્ષણ-ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં.' એ કંપન્ન અને વિકલ્પ છે એ ક્ષણે-ક્ષણે ઘટતે જાતે હૈં અને સ્વભાવ સન્મુખ-તરફ વીતરાગતા બઢતી જાતી હૈ.

તે પણ ક્ષણ-ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં.
અંતે થાશું નિજસ્વરૂપમાં લીન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.

જુઓ, આ નિર્ગ્રંથદશાને સ્થાપી હોં મૂળ. સમજ્યા? એક પણ... આવ્યુંને? 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં.' જુઓ, મુનિની દશા પણ વર્ણવે છે સાથે. સમજાય છે? આવે છે. પહેલા શબ્દ એ આવે છેને? સર્વ ભાવથી. 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' જુઓ, દેહ. કપડા-બપડા નહીં. એય..! ન્યાલચંદભાઈ! આમાં ક્યાંથી ખોસે છે પાછા આ બધા? શ્રીમદ્‌ને નામે પાછા ખોસે છે બીજું. આ શ્રીમદ્ તો ઐસા કહતે હૈં. સમજમેં આયા?

મુમુક્ષુ :- બધાને રાજી રાખેને.

ઉત્તર :- બધાને રાજી રાખવા જોઈએ, ન્યાલભાઈ શેઠીયા કહે છે. બધાને સરખા રાખવા

જોઈએ. એના માટે ભાગીને આવ્યા.

'સર્વ ભાવથી ઉદાસીન...' જુઓ, ઉદાસીનનો અર્થ જ વીતરાગતા. એ તો વાત જ્યાં ત્યાં એક હી બાત હૈ. 'સર્વ ભાવથી...' સમ્યગ્દર્શન હુએ પીછે હોં.

સર્વ ભાવથી ઔદાસીન વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં.

કલ્પે નહીં એટલે? ખપે નહીં. ક્યા કહતે હૈ? 'અન્ય કારણે અન્ય કશું...' કશું નહીં. શરીરની એક (સ્થિતિ) રાખવા માટે આહાર સિવાય કોઈ કલ્પના, બીજી કોઈ ચીજ નહીં. 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં, દેહે પણ મૂર્છા નવ જોય જો...' દેહ રાખી છતાં એમાં મૂર્છા ન હોય. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' આપણે અપૂર્વ અવસરના વ્યાખ્યાન થઈ ગયા છે. બહાર પડી ગયા છેને ગુજરાતી-હિન્દી. આયા હૈ તુમ્હારે? વહ વ્યાખ્યાન ૯૫કી સાલમેં હો ગયા હૈ. ૨૬ વર્ષ હુઆ. ૯૫કી સાલમેં ચોમાસા થા તો ઉસ સમય વ્યાખ્યાન.. કલ દેખા થા. અપૂર્વ અવસરકી કોઈ હિન્દી લાયા થા. સમજમેં આયા?

ઓહો..હો..! ભગવાનકી આજ્ઞા. દેહ ભિન્ન કેવલકા જ્ઞાન કર પહલે અને પીછે રાગ-દ્વેષકા નિવારણ માટે ચારિત્ર ગ્રહણ કર અર્થાત્ સમાધિ પ્રગટ કર. આહા..હા..! પરમ સમાધિમેં લીનકી વાણી તો કૈસી આવે? સમજમેં આયા? એક-એક શબ્દે વીતરાગની વાણીમાં અનંત આગમ પડા હૈ. ઉસમેં એક-એક નિકાલ દો, કિ પરમ સમાધિ ભગવાનને પરમ આરાધ્ય આત્મા કહા. એકમેં નિકાલો તો ક્યા નિકલતા હૈ? દેખો, ભગવાનકી વાણીમેં આયા. તો કહા, તુમ રાગકી આરાધના કરના છોડ દો, નિમિત્તકા લક્ષ ભી છોડ દે ઔર નિમિત્ત અને રાગકે સાથ સંબંધ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થા, કર્મ અને રાગ સે નિમિત્ત સંબંધ થા ઉસકા તેરે જ્ઞાન અનાદિ પર તરફકા સન્મુખ થા. છોડ દે .. આત્માકા આરાધન કર. વહ પર્યાય પલટતી હૈ. આરાધન નહીં કરતે હૈ તબ પર્યાય દૂસરી થી? આરાધન વખતે દૂસરી પર્યાય પલટી હૈ, ગુણ રહતે હૈ, દ્રવ્ય રહતે હૈ, નિમિત્ત હૈ, નિમિત્તકા લક્ષ છૂટતા હૈ, નિમિત્ત ભી ઉસકી પર્યાયકા પલટ વહાં હોતા હૈ. એક-એક વાક્યમેંસે જિતના નિકાલો ઉતના વીતરાગકી વાણીમેંસે નિકલતા હૈ. સમજમેં આયા? આહા..હા..!

**'પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ...'** આહા..હા..! લ્યો! સમજમેં આયા? એમ કહ્યું જુઓ, પરમ આરાધ્ય. વીતરાગ **'वीतरागपरमसामायिकरुपं'** એનો અર્થ કર્યો છે. એટલો કર્યો છે. **'પરમ આરાધ્ય જો...'** **'मेल्लंति'** ૧૯૦-૧૯૦. **'सयल-वियप्पहँ जो विलउ'** **'मुणि सयल वि मेल्लंति'** કહતે હૈં ભગવાન આત્મા પરમ આરાધ્ય જો આત્મા હૈ ઉસકે ધ્યાનમેં લીન. આહા..હા..!

આ ઉપદેશ વીતરાગકા હૈ સંતો માટે એ દશા ઉસકે કાલમેં ઐસી હોતી હૈ તો ઉસકા એ પ્રકારકા બાત જ્ઞાની ભગવાનને બતાયા. મુનિ ઉસકો કહતે હૈ. એના પેટામેં ગૃહસ્થ ભી સમ્યગ્દર્શનમેં, ધ્યાનમેં હૈ તો વહ ભી ઉતના સમાધિમેં હૈ. સમજમેં આયા? બહુ ગડબડ એવી કરી નાખી છે કે લોકો બિચારા મુંઝાય છે હોં કેટલાક. કાલે કહેતા હતા કે અરે! પણ આનું શું? ફલાણું આનું શું? આનું શું? કંઈક દૂસરા વાત, તીસરા કંઈક કરે, ચૌથા કંઈ કરે. અનેક પ્રકારે (કરે). એટલે ક્યાંય આમ થંભવું (એવું રહ્યું નહિ). બુદ્ધિ સાધારણ. બાબુલાલજી! ભગવાન! આહા..હા..!

ધન્યકાળ! ધર્મ ધુરંધર પેઢી ભગવાનકી ચલતી હૈ સીમંધર ભગવાનકી મહાવિદેહમેં. ધુરંધર. ધર્મધુરંધર આવે છેને આપણે નહીં? વીશ ધર્મધોરી ધુરંધરા. આવે છેને ક્યાંક શબ્દ? સમવસરણની સ્તુતિમાં આવે છે. આપણે પંડિતજીને કિયા હૈ પહલે. જહાં ધોરી ધુરંધર તીર્થંકરોં બિરાજે. મહા ધીખતી પેઢી. એ ધીખતી પેઢી ચલતી હૈ. કોઈ પૂર્વ અબજોપતિકી ધીખતી પેઢી ચલતી હૈ ન બહુત લાભકી? એય..! એમ યહાં ભગવાનકી ધીખતી પેઢી ચલતી હૈ. ઉસકે મુખમેંસે વહી વાણી નીકલી હૈ. મહાવિદેહકા તીર્થંકર હોં કિ ભરતકા હોં કિ ઐરાવતકા હો. '**सव्वे वि य अरहंता**' આયા ન? એમાં ક્યાં બાકી રખા થા? ૮૨ ગાથામેં '**सव्वे वि य अरहंता**' ભૂતકા, ભવિષ્યકા, વર્તમાનકા, આ ક્ષેત્રકા, ઉસ ક્ષેત્રકા, સબ તીર્થંકરોને સર્વજ્ઞપદ પ્રાપ્ત કિયા અને સર્વજ્ઞપર્યાયકા લક્ષ કર તેરી પર્યાય, તેરી પર્યાય સર્વજ્ઞકી પર્યાય પ્રગટ કરનેકી લાયકાતસે તુમ ભરા હૈ. ઐસા ભગવાનને પર્યાયકા લક્ષ (કરકે) ઈતના તેરેમેં તાકાત એમ કરકે દ્રવ્ય ઉપર લક્ષ કરાયા હૈ. સમજમેં આયા? ઔર પીછે રાગ-દ્વેષ રહા વહ ભી સ્વરૂપમેં સ્થિરતા કરાનેકો, રાગ-દ્વેષ છુડનેકો કહા. રખનેકી બાત વીતરાગમાર્ગમેં હૈ નહીં. સમજ મેં આયા? રાગ કરના અને રાગ રાખના વહ વીતરાગ માર્ગમેં હોવે નહીં.

'**ધ્યાનમેં લીન જો તપોધન વે શુભ-અશુભ, મન, વચન, કાયકે વ્યાપારસે રહિત જો શુદ્ધાત્મદ્રવ્ય...**' દેખો, કૈસા હૈ શુદ્ધાત્મ ભગવાન? '**શુભ-અશુભ, મન, વચન, કાયકે વ્યાપારસે રહિત જો શુદ્ધાત્મદ્રવ્ય ઉસસે વિપરીત...**' ત્રણ પટુ નાખે છેને? એક તો શુભ-અશુભ મન, વચન, કાયાનો વ્યાપાર એનાથી રહિત ભગવાન શુદ્ધાત્મ દ્રવ્ય. '**ઉસસે વિપરીત જો અચ્છે-બુરે ભાવ...**' મન, વચન અને કાયા ઉસસે રહિત એવા શુદ્ધાત્મદ્રવ્ય. એ શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત ઐસા શુભાશુભભાવ, એમ. એ કથનની પદ્ધતિ હી ઐસી આયી હૈ યહાં. સમજમેં આયા? '**અચ્છે-બુરે ભાવ...**' અચ્છેકો શુભ, બુરેકો અશુભ '**સબકો છોડ દેતે હૈં,...**' શાંતિ... શાંતિ... શાંતિકે સરોવરમેં ઘૂસે ત્યાં બહારકા આતાપ મંદ યા તીવ્ર રહતા નહીં. શાંત... શાંત... પહલી પ્રતીત તો કરે. સમજમેં આયા? આયા? લાઓ. વહ.

જુઓ, (બંધ અધિકાર, પદ-૬) ઉસમેં આયા હૈ. '**કર્મજાલજોગ હિંસા-ભોગસૌં ન બંધૈ**

પૈ, તથાપિ ગ્યાતા ઉદ્દિમી બખાન્યો જિન બૈનમેં.' એ ભાઈ આવશે બંધમાં, બંધની ગાથાઓ આવશે. 'तथापि न निर्गलं...'

કર્મજાલજોગ હિંસા-ભોગસૌં ન બંધૈ પૈ,
તથાપિ ગ્યાતા ઉદ્દિમી બખાન્યો જિન બૈનમેં.
ગ્યાનદિષ્ટિ દેત વિષૈ-ભોગનિસૌં હેત દોઉ,
ક્રિયા એક ખેત યૌં તૌં બનૈ નાંહિ જૈનમેં.

રાગકા પ્રેમ અને વીતરાગકા પ્રેમ એક ક્ષણમેં એક ધ્યાનમેં બે ચલતે નહીં.

ઉદૈ-બલ ઉદ્દિમ ગહૈ પૈ ફલકો ન ચહૈ,
નિરદૈ દસા ન હોઈ હિરદૈકે નૈનમેં.
આલસ નિરુદ્દિમકી ભૂમિકા મિથ્યાત માંહિ,

સમજમેં આયા? દૂસરા કલશ ભી એક હૈ. 'આલસ નિરુદ્દિમકી ભૂમિકા મિથ્યાત માંહી' યે તો હમ ૮૩કી સાલસે કહતે હૈં. ઓલા પુરુષાર્થ નહીં... પુરુષાર્થ યહ નહીં (ઐસા કહતે થે). અરે.. હાલ-હાલ પુરુષાર્થ નહીં ક્યા? ભગવાન પુરુષાર્થ કરકે વીતરાગ હુઆ હૈં. દેખા હૈ, પણ દેખા હૈ ઉસમેં યહી કહા હૈ. આ તો નિયતવાદનો હવે આરોપ આવે છે. કોણ જાણે કેવી નિયતવાદને તોડી નાખ્યો તે દિ'. હવે આ બધા નિયતવાદનો આરોપ આપે છે લ્યો! એય..! નિયતવાદ. એય..! બાબુલાલજી! આહા..હા..! આ તો હમ ઉસ વખતે કહતે થે હોં સામે. દેખો, કીધું 'આલસ નિરુદ્દિમકી ભૂમિકા મિથ્યાત માંહી, જહાં ન સંભારૈ જીવ મોહ નીંદ સૈનમેં.' મોહની નિંદ્રામાં સુતામાં આત્માને યાદ કરતો નથી એ મૂઢ મિથ્યાદષ્ટિ આળસુ છે. એય..! દેવીલાલજી! જુઓ, આ શ્લોક હૈ હોં. વહ ચોથા શ્લોક હૈ ન બંધકા આપણે આયેગા. સમજે? ઉસમેં વહ હૈ. ... એ હવે આવ્યું. અહીં (૯મો) શ્લોક પાછો આવ્યો.

જે જિય મોહ નીંદમૈં સોવૈ,
તે આલસી નિરુદ્દિમ હોવૈ.
દ્રિષ્ટિ ખોલિ જે જગે પ્રવીના,
તિનિ આલસ તજી ઉદ્દિમ કીના. ૯.

એ તો નયા બનાયા ભાઈ! ઉપરસે. એ કળશ નથી કોઈ. સમજમેં આયા? પણ ઓલો કળશ આવ્યોને એના અનુસંધાનમેં. જુઓ આ તો દૃષ્ટાંત હમ પહલેસે, ૪૦ વર્ષ પહલે દેતે થે હોં. હવે અમારે આ નિયતવાદ સ્થાપે છે એય..! ક્રમબદ્ધ તે નિયતવાદ. અરે! સુન તો સહી પ્રભુ! એ ક્રમબદ્ધમેં તો ભગવાન! અકર્તાપનાકા પુરુષાર્થ આયા, પ્રભુ! તને ખબર નહીં. આહા..હા..! સમજમેં આયા? સમયે સમયે પર્યાય હોતી હૈ ઉસકો જાનનેવાલા મૈં હૂં ઐસા

જ્ઞાતા-દૃષ્ટા હુઆ. યહાં કહા ન? સમજમેં આયા? આમાં આયા.

'તથાપિ ગ્યાતા ઉદ્દિમી બખાન્યૌ જિન બૈનમૈં, ગ્યાનદિષ્ટિ દેત વિષૈ-ભોગનિસૌં હેત દોઉ' સ્વભાવકા પ્રેમ અને વિભાવકા પ્રેમ એક સમયમેં દો રહ સકતા નહીં. સમજમેં આયા? અરે..! વીતરાગકી વાણી ક્યા કહતી હૈ? સર્વજ્ઞ ક્યા કહતે હૈ? ખબર નહીં. આ કહે કે આ ફેરફાર કરના, વહ કહે કે ભગવાનને જાના માટે હવે આપણે કાંઈ પુરુષાર્થ કર સકે નહીં. ઇતની અવળાઈ અને ઉલટાઈ. યહાં તો (પદ-૧૦મેં) કહતે હૈ દેખો, સમજમેં આયા?

જહાંકો જુ વાસી સો તૌ તહાંકૌ મરમ જાનૈ,
જાકો જૈસૌ સ્વાંગ તાકૌ તાહી રૂપ નાચ હૈ.

એ બનાવ્યું છે બધું હોં. જેના અંતરના મર્મની ખબર નથી એના નાચ ઉલટા બધા હોય છે. ઉલટા-ઉલટા નાચ હોતા હૈ. યહાં યહ કહા હૈ. 'જે જિય...' જુઓ, '**મોક્ષમાર્ગમેં અજ્ઞાની જીવ પુરુષાર્થહીન ઔર જ્ઞાની પુરુષાર્થી હોતે હૈં.**' લિખા હૈ.

જે જિય મોહ નીંદમૈં સોવૈ,
તે આલસી નિરુદ્દિમ હોવૈ.
દ્રિષ્ટિ ખોલી જે જગે પ્રવીના, દિષ્ટિ ખોલી જે જગે પ્રવીના,
તિનિ આલસ તજિ ઉદ્દિમ કીના. ૯.

સમજમેં આયા? આ પુરુષાર્થ. ભગવાનકે માર્ગમેં પુરુષાર્થ હૈ. એ હમારે વહ કહતે થે. મારા સામે ન કહે. મહારાજ! પુરુષાર્થ-પુરુષાર્થ કરે છે, પણ વીતરાગમાર્ગમાં પુરુષાર્થ હોય નહીં. ભાઈ! વીતરાગમાર્ગમાં પુરુષાર્થ હોય નહીં. સર્વજ્ઞની ઇચ્છામાં પુરુષાર્થ શું હોય? અરે! ભગવાન! ભાઈ! આ ઉલટો પુરુષાર્થ નથી? રાગમાં ઉલટો પુરુષાર્થ નથી? વિકાર ઉલટા પુરુષાર્થસે હોતા હૈ કિ મફતસે હોતા હૈ? સમજમેં આયા? તેરા ઉલટા પુરુષાર્થસે વિકાર હોતા હૈ, સુલટા પુરુષાર્થસે વીતરાગ હોતા હૈ. શ્રદ્ધામાં ઠેકાણા નહીં, જ્ઞાનકા ઠેકાણા નહીં ઉસકો ચારિત્ર અને મુક્તિ કહાંસે હોગી? સમજમેં આયા?

તો કહતે હૈં '**શુદ્ધાત્મદ્રવ્ય ઉસસે વિપરીત જો અચ્છે-બુરે ભાવ ઉન સબકો છોડ દેતે હૈં, સમસ્ત પરદ્રવ્યકી આશાસે રહિત જો નિજ શુદ્ધાત્મભાવ ઉસસે વિપરીત...**' ભગવાન કૈસા હૈ? કિ સમસ્ત પરદ્રવ્યકી આશાસે રહિત હૈ. જેમાં કોઈ ઇચ્છા નહીં, આશા નહીં, વહ તો નિરવંછક ભગવાન ત્રિલોકનાથ આત્મા અપને સ્વરૂપમેં હૈ. ઐસા આશારહિત, '**પરદ્રવ્યકી આશાસે રહિત જો નિજ શુદ્ધાત્મભાવ ઉસસે વિપરીત...**' પાછા એમ. ત્રણ પટ્ટી. એ વાત જયસેનાચાર્યની, સબની લગભગ ઐસી ટીકા હૈ. દ્રવ્યસંગ્રહની, જયસેનાચાર્યની, વહ, આ એક હી હૈ. '**શુદ્ધાત્મભાવ ઉસસે વિપરીત જો ઈસ લોક પરલોકકી આશા,**

વહ જબ તક મનમેં સ્થિત હૈ, તબતક યહ જીવ દુઃખી હૈ.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, યહાં વીતરાગભાવ હૈ યહાં વસો. ક્યા હૈ? .. વીતરાગભાવમેં અંદર યહાં બિરાજો, ભગવાન! મેરા જ્ઞાનમેં બિરાજો. વહ તો પહલે નહીં કહા? સમયસાર .. પહલી ગાથામેં.

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।

હે શ્રોતાઓ! અનંત અબતક જિતના સિદ્ધ હુએ કેવલજ્ઞાની સંપન્ન, વહ સબ સિદ્ધકો હમને હમારે જ્ઞાનકી પર્યાયમેં સ્થાપન કિયા હૈ. ઔર હમારા શ્રોતા ઈસકો હમ કહતે હૈં કિ ઉસકી પર્યાયમેં હમ સિદ્ધકો સ્થાપન કરતે હૈં, પીછે સમયસાર સુનનેકે લાયક તુમ હોતે હો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ... આવ્યું. પહેલી જ વ્યાખ્યામેં વહ (કહા). સમજમેં આયા? '**वंदित्तु सव्वसिद्धे**'કા અર્થ કૈસે નિકાલા અમૃતચંદ્રાચાર્યને? પાઠ તો ઐસા હૈ. '**वंदित्तु सव्वसिद्धे**' ઈસકા અર્થ? '**वंदित्तु**'કા અર્થ ક્યા? અનંત સિદ્ધોંકા મૈં આદર કરતા હૂં. '**वंदित्तु**' એટલે વંદન કરતા હૂં, વંદન કરતા હૂં એટલે આદર કરતા હૂં. શબ્દ ઐસા નિકાલા. '**वंदित्तु सव्वसिद्धे**' એક શબ્દકા અર્થ ટીકા. ઓહો..હો..! અભી તક જિતને મોક્ષ પધારે સિદ્ધ પ્રભુ, સર્વ સિદ્ધ રાશી, સર્વ સિદ્ધ જીવરાશિ. હમારી જ્ઞાનકી (પર્યાયમેં સ્થાપિત કરતા હૂં). મૈં તો એક આત્મા હૂં. પણ મેરી જ્ઞાનકી એક પર્યાયમેં અનંત સિદ્ધરાશિકા પ્રતિષ્ઠાપન મૈંને કિયા હૈ. આહા..હા..! સમજમેં આયા? ક્યોંકિ હમારી પર્યાયમેં અનંતા સિદ્ધ બિરાજતે હૈ તો હમારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર હી હૈ. રાગસે હટ ગયી હૈ. સિદ્ધમેં રાગ નહીં, સિદ્ધમેં પુણ્ય નહીં, સિદ્ધમેં નિમિત્ત નહીં.

હમારા આત્મામેં અનંત સર્વજ્ઞ સિદ્ધ પ્રભુ (બિરાજતે હૈં). જ્ઞાનકી પર્યાયમેં અનંત સિદ્ધકા આદર. '**वंदित्तु**' આદર, સત્કાર બિરાજમાન રાગસે નહીં પર્યાયમેં. રાગમેં બિરાજમાન કરના હૈ અનંત સિદ્ધકો? જો જ્ઞાનકી પર્યાયમેં અનંત સિદ્ધકો બિરાજમાન (કિયા હૈ). ઓહો..હો..! મંગલિક કિયા હૈ! સમયસારકા મંગલિક કિયા હૈ. લોકો ઉસમેંસે ઐસા નિકાલતે હૈં દેખો, સિદ્ધકો નમસ્કાર કિયા, વ્યવહારકા પહલે સ્થાપન કિયા. વળી ઉસમેંસે યહ નિકાલતે હૈં. અરે ભગવાન! '**वंदित्तु सव्वसिद्धे**' આયા ન? દૂસરા સિદ્ધ આયા ન? પણ ભગવાન વહ '**वंदित्तु सव्वसिद्धे**' મેં નિશ્ચય હૈ અંદર. ભાઈ! તને ખબર નથી, બાપા! એ સિદ્ધનો આદરકા અર્થ મૈં સિદ્ધસ્વરૂપ ત્રિકાલી હૂં ઐસી પર્યાયમેં આદર આયા તો અનંત સિદ્ધકો પર્યાયમેં સ્થાપન કિયા. પર્યાયમેં રાગ નહીં રહેગા હવે. હવે સુન તૂ. એ લક્ષસે સુન એમ કહતે હૈ. સુનતે... સુનતે... સુનતે...

સુનતે... તેરે સ્વભાવ ઐસા... સ્વભાવ ઐસા... સ્વભાવ ઐસા... સ્વભાવ ઐસા... એ પર્યાય સિદ્ધમેં રખા હૈ. દ્રવ્ય પર લક્ષ હૈ. ઐસા સુનકર તેરા રાગ સર્વથા નષ્ટ હોકર એ સિદ્ધકી સંખ્યામેં મિલ જાયેગા. આહા..હા..! પણ પુરુષાર્થની વાણી, સર્વજ્ઞના પેટ ખોલીને વાણી છે એ લોકો સાધારણને તો આમ.. કાયરને પ્રતિકૂળ થઈ જાય. આ ક્યા? વળી એક કોર નિયતવાદ, ક્રમબદ્ધ અને એક કોર ઐસા? અરે..! સુન તો સહી પ્રભુ! એ નિયતવાદ નહીં. સમય-સમયમેં પર્યાય હોતી હૈ ઐસા જ્ઞાન જો આત્મામેં હુઆ, તો સર્વજ્ઞને જૈસા દેખા ઐસી પર્યાય હોતી હૈ ઐસા પ્રતીત કરનેવાલા ભગવાન ત્રિલોકનાથ જ્ઞાયકસ્વભાવકી મૂર્તિ વહ તરફકી દૃષ્ટિ ઉસકો હો જાતી હૈ. રાગકા કર્તા નહીં, પરકા કર્તા નહીં, સબ હો ઉસકા મૈં જ્ઞાતા-દૃષ્ટા હૂં. ઉસકા નામ ક્રમબદ્ધકા અકર્તાપના ઉસકા ફલ હૈ. એ અકર્તાપનાકા ફલ લાયે બિના ક્રમબદ્ધ માનનેમેં આતા હૈ? કભી નહીં. સમજમેં આયા?

કહતે હૈ.. આહા..હા..! આશા. 'આશા ઓરનકી ક્યા કીજે? આશા..' આનંદઘનજી કહતે હૈં. 'આશા ઓરનકી ક્યા કીજે, આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.' અરે ભગવાન! તેરેમેં ક્યા ખામી હૈ કિ તૂ ઈચ્છા કરતે હો? 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂળ, જબ ઈચ્છાકા નાશ ભયે ટળી અનાદિ ભૂલ.' આહા..હા..! સમજમેં આયા? યે ક્યા કહતે હૈ? કિ તેરા સ્વભાવકી એકાગ્રતા. ભાવના-ભાવના. ભાવનાકા અર્થ એકાગ્રતા. ઈચ્છામેં ક્યા હૈ? 'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે, આશા દાસીકે જે જાયા તે જન જગકે દાસા. આશા દાસીકે જે જાયા.' જાયા સમજે? પુત્ર. 'આશા દાસીકે જે જાયા તે જન જગકે દાસા, આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ ખાસા. આશા ઓરનકી ક્યા કીજે.' પોપટભાઈ! આહા..હા..!

'ઘટ ઘટ દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી' વો આનંદઘનજી જરી કહતે હૈં. આ કૂતરા હોતા હૈ ન કૂત્તા? જ્યાં ત્યાં ઘર પાસે રોટી દો, ટૂકડા દો... ટૂકડા દો... ટૂકડા દો... એમ જ્યાં ત્યાં માન દ્યો. ભાઈસાહેબ! મને માન દ્યો. કૂત્તાની જૈસે ભિખારી ફરતે હૈ. કોઈ બડા કહો, મોટા કહો, ઐસા કહો... ઐસા કહો... મેરી ગણતરી કુછ આયે ઐસા બનાઓ. ક્યા હૈ તેરે? 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી' પછી ક્યા? 'આતમ અનુભવરસ કે રસિયા ઉતરે ન કબહુ ખુમારી, આશા...' આ તો ઘણા વર્ષ પહેલે દેખા થા ન? ૧૦૮ પદ હૈ. ૭૮મેં દેખા થા. પહલે ૧૦૮ પદ હૈ. ૨૪ પદ હૈ. સમજમેં આયા? 'ભટકત દ્વાર...' જ્યાં-ત્યાં ભટકે. જલસા કરો મેરા, આબરૂ મને કરો. બે માણસને ઉભા કરે દૂસરા. જલસા મનાવો મારી જયંતિ હૈ. અરે..! પણ ક્યાં જાવું? શું તારે કામ છે? પરાણે જયંતિ ઉભી કરે. સમજમેં આયા?

મુમુક્ષુ :- કિસકી જયંતિ કરે?

ઉત્તર :- કિસકી જયંતિ? ભગવાન! આહા..હા..! હમારી જયંતિ કરો. પાંચ માણસને ખાનગી કહી દે. અરે પ્રભુ! શું કરે છે તું? ક્યા કરતે હૈ આ? 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા...' કુકર નામ કૂતરા. 'આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહુ ખુમારી, આશા ઓરનકી ક્યા કીજે?'

અહીંયાં આચાર્ય ભગવાન કહતે હૈ કિ પરદ્રવ્યકી આશાસે રહિત પ્રભુ બિરાજમાન હૈ. કિસકી તેરે આશા કરની હૈ? આહા..હા..! સમ્યગ્જ્ઞાનીકી દૃષ્ટિમેં રાગકી ભાવના હોતી નહીં. (રાગ) આતે હૈ વહ દૂસરી બાત હૈ. તો આશા કરે કિ આ મિલે.. આ મિલે... તીનકાલમેં આશા જ્ઞાનીકો હોતી નહીં. અભિલાષ વહ મિથ્યાત્વકા લક્ષણ હૈ. આહા..હા..! વહ આતે હૈ ન? પંચાધ્યાયીમેં આતા હૈ. અભિલાષમાત્ર સમ્યગ્દૃષ્ટિકી ચલી ગયી હૈ. અરે! અસ્થિરતાકી ગિનનેમેં નહીં આયી. અભિલાષ ઐસી હૈ કિ આ હોય તો ઠીક... આ હોય તો ઠીક... આ ઐસા હો... સબ અભિલાષા નાશ હો ગયી હૈ. એકીલા ભગવાન જ્ઞાતા-દૃષ્ટાકા સ્વભાવ પ્રગટ હો વિશેષ યહી ભાવના જ્ઞાનીકી હોતી હૈ. એ પરકી આશા (હોતી નહીં). મૈં ઐસા હૂં... મૈં ઐસા હૂં... પદવી ધરાઉં. મોતીરામજી! આહા..હા..!

'આતમ અનુભવ રસકે રસિયા, આતમ અનુભવકે રસકે રસિયા, ઉતરે ન કબહુ ખુમારી.' 'તેરી નૈનોમેં રામરસ...' ભાઈ! એક ૮૫માં ચોમાસું હતું. લાઠી. પછી બાવો હતો જોડે. એ ગાતો હતો હોં આ. 'તેરા નૈનોમેં રામરસ લગ ગયા રે, તેરે નૈનોમેં રામરસ લગ ગયા રે, તેરે નૈનોમેં રામરસ.' નેત્ર ચક્ષુ અંદર જ્ઞાન ઉસમેં રામરસ—આત્માકા રસ લગ ગયા હૈ. સમજમેં આયા? એ બોલતો. એને તો ભાન કે દિ' હતું કાંઈ? એ તો પછી ગાંડો હતો. પછી પોલીસ આવી. એવો તોફાની. પોલીસે બાંધીને ગાડામાં નાખીને કાઢ્યા. આવા ભાષા બોલે, વસ્તુ સમજે નહીં કાંઈ.

મુમુક્ષુ :- કથંચિત્...

ઉત્તર :- બિલકુલ ઠીક નહીં. ક્યા હૈ? વિકાર સ્વભાવસે વિરુદ્ધ. વિકાર ઠીક હૈ તો ભગવાન અઠીક હો ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કિસકી પણ? ઉસકો તો ભાવના હુઈ અંદરમેં. વહ તો એકાગ્રતા હૈ. 'આતમ અનુભવ રસકે રસિયા' એમ કહા. આત્માકા આનંદ તરફકી એકાગ્રતા વહ રસિયા હૈ. એ તો આપણે નથી આવતું રસિકજનોનું આવે છે નહીં? રસિકજનને એક કળશમેં આતા હૈ.

મુમુક્ષુ :- ભગવાનના મુખમાંથી નીકળી...

ઉત્તર :- એ તો વળી .. પણ આ તો સમયસારમાં રસિકજનોને રુચિકર ઐસા પાઠ હૈ ન. એક કલશમેં હૈ. હા એ. પણ આ પંચાસ્તિકાયમેં વળી ઐસા આતા હૈ, વીતરાગકી વાણી પંડિતજી! મધુર. પહલી ગાથામેં આતા હૈ. ભગવાનકી વાણી મધુર... મધુર.. મધુર... મધુર... મીઠી એટલે વીતરાગરસવાળી વીતરાગકી વાણી હોતી હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં કિ '**વહ જબ તક મનમેં સ્થિત આશા હૈ તબતક વહ જીવ દુઃખી હૈ.**' એ સમ્યગ્દૃષ્ટિ નહીં એને તો ભાવના રાગની ને પુણ્યની ને ફળની ને ધૂળની, ભોગની (છે). મરી જઈશ ત્યાં. અહીં ભગવાન આત્મા બિરાજમાન ઉસકો છોડકર દૂસરી ભાવના ઉસકે વેરીકી કરતે હૈ, વેરીકી ભાવના કરતે હૈ. ચાર ગતિમેં રુલેગા. '**ઐસા જાનકર સબ પરદ્રવ્યકી આશાસે રહિત જો શુદ્ધાત્મદ્રવ્ય ઉસકી ભાવના કરની ચાહિયે.**' લ્યો! સમજમેં આયા? '**ઐસા હી કથન અન્ય જગહ ભી હૈ—આશારૂપ પિશાચસે ઘિરા હુઆ...**' આશારૂપી પિશાચ. જ્યાં હોય ત્યાં આશા... આશા... આશા... આશા પરાણે લેના. પરાણે ક્યા કહતે હૈ? જબદસ્તી. વોટ લેના. વોટ લેતે હૈ ન વોટ લેતે હૈ. હમારા પદવી લો, ઐસા પદવી લો. મરી ગયા બિચારા. ૫૦-૫૦ હજાર ખર્ચે અને વોટ દે અને પાછા મળે નહીં પદવી કાંઈ. એમ અહીં અમારે ભાઈ! આમાં તમે .. તમે .. આચાર્યપદવીકા હમકો પછેડી ચલાવો. આ તો પછેડી આપે છેને આ લોકોમાં. આ તે મરી જવાના લક્ષણ બધા? તેરી પદવી તો તેરે પાસમેં હૈ કિ બાહર દે તો લે અને મિલતી હૈ?

યહાં કહતે હૈ '**આશારૂપ પિશાચસે...**' ભૂતડા વળગ્યા હૈ. આતા હૈ ન પહેલા ભાઈ આપણે ચોથી ગાથામેં. '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**'. મિથ્યાત્વરૂપી ભૂત વળગ્યા હૈ. ઉસે ધોંસરે વળગાડ્યા હૈ. વહ બળદ હૈ ન બળદ, બૈલ. ગાડા. તો મિથ્યાત્વરૂપી ધોંસરે વળગાડ દિયા હૈ. ચલો... ચલો... ચલો... ચાર ગતિમેં રખડો. વિપરીત અભિપ્રાયસે. હૈ કિ નહીં ઉસમેં? શ્રુત પરિચિતમેં હૈ. ટીકામેં હૈ. અમૃતચંદ્રાચાર્યકી ટીકામેં હૈ. શ્રુત પરિચિત અનુભૂતામેં. '**આશારૂપ પિશાચસે ઘિરા હુઆ યહ જીવ મહાન ભયંકર દુઃખ પાતા હૈ,...**' આહા..હા..! '**જિન મુનિયોંને આશા છોડી, ઉન્હોંને સબ દુઃખ દૂર કિયે, ક્યોંકિ દુઃખકા મૂલ આશા હી હૈ.**' 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખમૂલ, જબ ઈચ્છાકા નાશ ભયે, ગઈ અનાદિ ભૂલ.' અંતરની દૃષ્ટિ કરકે અંતરની ભાવના કરની હૈ કિ તેરે આ કરના, આ ચાહિયે, આ ચાહિયે, ધૂલ ચાહિયે અને આબરૂ ચાહિયે? સમજમેં આયા? તેરા માન તો તેરે પાસ હૈ. 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' સર્વજ્ઞ પરમાત્માકે મુખમેં સે નિકલે કિ યહ જીવ ભવ્ય હૈ, સમજમેં આયા? યહ જીવ અલ્પકાલમેં મુક્તિ જાનેવાલા હૈ. કિસકા માન લેના હૈ તુઝે? કિસકા માન લેના હૈ તુઝે? ત્રણ લોકના

નાથ દૂસરા માન દેતે હૈ, ઉસકી વાણીમેં આતા હૈ યહ જીવ અલ્પભવિ હૈ. 'લહી ભવ્યતા મોટું માન, પણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ભગવાનકી વાણીમેં આયા કિ આ નાલાયક હૈ, કિસકા અપમાન લેના હૈ? કિસકા અપમાન તુઝે લેના હૈ હવે? સમજમેં આયા? એમ આત્મા અપના આરાધકકી દૃષ્ટિ હુઈ ઔર સ્વભાવ હુઆ, ક્યા દુઃખ રહા? દુઃખકા નાશ હૈ. પરમાત્માકે પંથમેં ચલે, પરમાત્મા હી હો જાયેગા. પરમાત્મપ્રકાશ હૈ કિ નહીં?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૮, શુક્રવાર, તા. ૨૦-૦૮-૧૯૬૫**
**ગાથા- ૧૯૧, પ્રવચન-૨૦૨**

આ પરમાત્મપ્રકાશ ઉસકા દૂસરા અધ્યાય ચલતા હૈ. ઉસમેં ૧૯૧ ગાથા હૈ. ૧૯૦ પૂરી હો ગઈ.

૩૨૨) घोरु करंतु वि तव-चरणु सयल वि सत्थु मुणंतु।
परम-समाहि-विवज्जयउ णवि देक्खइ सिउ संतु।।१९१।।
घोरं कुर्वन् अपि तपश्चरणं सकलान्यपि शास्त्राणि मन्यमान।
परमसमाधिविवर्जितः नैव पश्यति शिवं शान्तम्।।१९१।।

**'આગે ઐસા કહતે હૈં, કિ જો પરમસમાધિકે રહિત હૈ,...'** અર્થાત્ ભગવાન આત્મા શુભાશુભ રાગ અને ભાવસે ભિન્ન હૈ, કર્મ અને શરીર હૈ વહ તો ત્રિકાલ ભિન્ન હૈ, પણ પર્યાયદૃષ્ટિમેં અનાદિસે પુણ્ય-પાપ, શુભાશુભભાવસે એક સમયમેં અનિત્ય તાદાત્મ્ય હૈ. સમજમેં આયા? કર્મ અને શરીરસે તો ભગવાન આત્મા ત્રિકાલ ભિન્ન હી હૈ. ઉસમેં એક સમય ભી કર્મ અને શરીરકે સાથ તાદાત્મ્ય-તદ્રૂપ-એકસ્વરૂપ હૈ નહીં. ફક્ત ઉસકી પર્યાયમેં શુભ-અશુભભાવ, વિકારી વિભાવ ઉસકે સાથ એક સમયમેં અનિત્ય તદ્રૂપ તાદાત્મ્ય દિખતે હૈ. ઉસસે ભિન્ન જ્ઞાન અને આનંદસે આત્મા તાદાત્મ્ય હૈ. પુણ્ય અને પાપકા વિકલ્પ એક સમયમેં તાદાત્મ્ય હૈ, મેરે ત્રિકાલ સ્વભાવમેં તદ્પના હૈ નહીં. સમજમેં આયા?

સંતકુમારમાં નથી આવતું? સંતકુમારકો રોગ બહુત હુઆ થા. તો દેવ આયે દેવ. રોગ મિટા

દેંગે. અરે દેવ! રોગ મિટા દે? અચ્છા! મેરે જન્મ-મરણકા રોગ મિટા દે. મહારાજ! યે હમારા અધિકારકી બાત નહીં. ચાલ્યો જા. શરીરના રોગ મિટાનેકો તો મૈં યે થુંક ચોપડું તો મિટ જાયે ઐસી લબ્ધિ હૈ. ક્યા ઉસમેં હુઆ? થુંક સમજેને આ? ક્યા હૈ? દેવ! જન્મ-મરણના નાશની કોઈ છે ઔષધ? ના, ના એ ઔષધિ તો આપની પાસે છે. જન્મ-મરણના નાશની ઔષધિ તો આપની પાસે છે. હમ તો દેવ, શરીરકો ઐસા કર દે. ચાલ્યો જા... ચાલ્યો જા... એનું અમારે કામ નથી. આહા..હા..! સમજમેં આયા? કહતે હૈ...

મુમુક્ષુ :- .. કરાવી લે.

ઉત્તર :- ધૂળમાં શું કરાવી લે? એમ કે પહેલું તો રોગરહિત કરે. રોગ પણ આત્મામાં (ક્યાં છે)? 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં, આત્મભ્રાંતિ સમ રોગ નહીં અને સદ્ગુરુ વૈદ સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં અને ઔષધ વિચાર ધ્યાન.' લ્યો, આ ઔષધ. 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં.' ભગવાન આત્મા પરમાનંદકી મૂર્તિ ઉસમેં વિકારવાલા અપનેકો માનના, બડી ભ્રાંતિકા રોગ હૈ. આહા..હા..! શરીર અને કર્મ તો એક સમય પણ ઉસકે સંબંધમેં હૈ હી નહીં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધકા અર્થ વહ પૃથક્ હૈ. એમ. સમજમેં આયા? પણ ભગવાન આત્માકે સાથ એક સમયમેં પુણ્ય અને પાપાદિકા એક સમયકા ભાવ તદ્રૂપ હૈ, વહી રોગ હૈ. સમજમેં આયા? એ રોગ હૈ કિ મૈં વિકલ્પ હૂં, મૈં રાગ હૂં, મૈં પુણ્ય હૂં, વહી રોગ હૈ. વહ ભ્રાંતિ રોગ હૈ. 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ સુજાણ' અને જ્ઞાની ગુરુ એના વૈદ સુજાણ-જાણનારા છે કે એ કેમ ટળે. સમજમેં આયા? 'ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.' આત્માનું મનન ચિદાનંદ સ્વરૂપ ક્યા હૈ, ઉસે પરસે પૃથક્ કરકે મનન કરના ઔર પીછે અંદરમેં લીન ધ્યાન કરના વહી આત્મામેં ભ્રાંતિકા નાશ કરનેકા ઔષધ અને ઉપાય હૈ. કહો, સમજમેં આયા?

હવે અહીંયાં આચાર્ય ક્યા કહતે હૈ? દેખો, વર્તમાનમેં જો યહ ચલતા હૈ કિ શુભયોગસે હોતા હૈ, શુભયોગસે મોક્ષમાર્ગ હોતા હૈ, શુભભાવસે મોક્ષમાર્ગ ચૌથેસે હોતા હૈ. તો યહાં કહતે હૈ '**પરમસમાધિકે બિના...**' ભગવાન આત્મા... પુણ્ય-પાપકા શુભાશુભભાવસે રહિત ઐસા ભગવાન આત્માકી અંતર રુચિ અને દૃષ્ટિ અને શાંતિ બિના કભી તીનકાલમેં જન્મ-મરણકા છેદ હોતા નહીં. શુભભાવસે જન્મ-મરણ હોતા હૈ, મિટતા નહીં. નવા જન્મ-મરણ હોતા હૈ. તો કહતે હૈ કિ '**પરમસમાધિકે રહિત હૈ, વહ શુદ્ધ આત્માકો નહીં દેખ સકતા—**' ભગવાન શિવ સંત શાંત શિવરૂપ પરમાનંદ નિર્વિકલ્પ પ્રભુ, વહ રાગરહિત સમાધિ બિના રાગસે નહીં દેખનેમેં આતા. શુભભાવસે ઉસકા અનુભવ હોતા નહીં. વહ બાત કહતે હૈં.

'**જો મુનિ મહા દુર્ધર તપશ્ચરણ કરતા હુઆ ભી...**' દેખો, મુનિ લિયે હોં. મહા

મુનિ દુર્ધર તપ, બાર-બાર મહિનાના અપવાસ, મહા ઘોર તપસ્યા, શરીર જીર્ણ હો જાયે. કોલસા ખખડે, જૈસા કોલસા હોતા હૈ ન? ખડ... ખડ... ખડ... હો જાયે. ઐસા હાડકા ખડ-ખડ હો જાયે. જીર્ણ-જીર્ણ. યે કોલસાકી ગાડી ચલતી હૈ ન ગાડી? કોલસા ભરેલી. અને એ તલહરા-તલહરા હોતા હૈ ન. વહ તલ નહીં જિસમેં હોતા હૈ? તલકા છોડ. તલ-તલ. તીલકા છોડ. વહ સૂકા હોતા હૈ ન સૂકા. તો ગાડામેં ભરકર ચલે તો ગાડા ખડ... ખડ... ખડ... ઐસે હો. ઐસે શરીરમેં આ હાડકા ખડ-ખડ હો જાયે, જીર્ણ હો જાયે, પણ આત્માકા અંતરમેં રાગ બિનાકા ભાન બિના તુઝે જન્મ-મરણકા નાશ નહીં હોગા. સમજમેં આયા?

ઐસી તપસ્યા કરકે.. જુઓ, શબ્દ પડા હૈ. '**घोरं तपश्चरणं कुर्वन् अपि**' ઘોર તપસ્યા. બાર-બાર મહિનાના અપવાસ. શરીરના હાડકા જીર્ણ (થઈ જાય). ગાડું ચલે, જૈસે કોલસાકા ગાડી ચલે (ઔર) ખડ-ખડ હો. ક્યા હુઆ ઉસમેં? સમજમેં આયા? ભગવાન આત્મા વહ રાગસે પાર હૈ, વિકલ્પસે ભિન્ન હૈ. ઐસી અંતર અનુભવ દૃષ્ટિકી શાંતિ બિના કભી ઘોર તપસ્યાસે ભી આત્માકો એક ભવ ઘટતા નહીં. કહો, સમજમેં આયા? તો યે ક્યા કહતે હૈ? અભી તો ઐસે કહતે હૈ. હર એક પત્રમેં આતા હૈ. શુભભાવમેં સંવર, શુભભાવમેં નિર્જરા, શુભભાવમેં પુણ્ય, શુભભાવમેં સર્વસ્વ હૈ. પીછે શુદ્ધ આયેગા આઠમે. સમજમેં આયા?

મુમુક્ષુ :- આઠમું આવશે ક્યારે?

ઉત્તર :- આઠમું આ પંચમકાળમાં નહિ આવે. અભી તો શુભભાવ કરો પીછે અગલે ભવમેં દેખા જાયેગા. આહા..હા..!

કહતે હૈં, મહા તપશ્ચરણ કરો. '**ઔર સબ શાસ્ત્રોંકો જાનતા હુઆ...**' સારા શાસ્ત્ર જાન લિયા. ક્યા હુઆ? આતા હૈ ન શાસ્ત્રમેં? પ્રવચનસાર. હથેળીમેં જેમ આંવલા હૈ ઐસે દેખતે હૈ, ઐસા સર્વ શાસ્ત્રકા રહસ્ય ભી જાન લિયા. ક્યા કરે ઉસમેં? વહ તો પરલક્ષી વસ્તુ હૈ. આહા..હા..! ઉસકા રહસ્યકા સાર તો વીતરાગભાવ થા. જ્ઞાયકસ્વરૂપ,... અભૂતાર્થ ધર્મ જો રાગ હૈ વહ અભૂતાર્થ ધર્મ હૈ. ઉસકો સાધા. વહ સમયસારમેં આતા હૈ બંધ અધિકારમેં. ભૂતાર્થ ધર્મ સાધા નહીં. ભૂતાર્થ છતો ભગવાન આત્મા ઉસકા આનંદકંદ અનાકુલ ઉસકી દૃષ્ટિ લગાકર શાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરના ઐસા કભી અનંતકાલમેં ઉસને કિયા નહીં. સમજમેં આયા?

ઔર '**જો પરમસમાધિસે રહિત હૈ,...**' લો, ઘોર તપસ્યા કરે, શાસ્ત્રકા જ્ઞાન હો બહુત, પણ અંતરમેં આત્મજ્ઞાન બિના... ઓહો..હો..! સમજમેં આયા? પરમસમાધિ નામ આત્મજ્ઞાન ઉસકે બિના '**વહ શાંતરૂપ શુદ્ધાત્માકો નહીં દેખ સકતા.**' દેખો, વિશેષણ દિયા. ક્યા દિયા? '**शांतम् शिवं**' શુદ્ધ ચિદાનંદ અવિકારી, અકષાય વીતરાગઘન ચિદ્સ્વરૂપ વીતરાગી શાંતતા ઐસા શિવ નિરૂપદ્રવસ્વરૂપ ભગવાન ઉસકા અનુભવ કિયે બિના કભી ત્રણ કાલમેં મુનિ ઘોર

તપસ્યા કરે કિ અગિયાર અંગ પઢે, જન્મ-મરણકા નાશ હોતા નહીં. સમજમેં આયા?

'**ભાવાર્થ :- તપ ઉસે કહતે હૈં, કિ જિસમેં કિસી વસ્તુકી ઈચ્છા ન હો. જો ઈચ્છાકા અભાવ તો હુઆ નહીં, પરંતુ કાયક્લેશ કરતે હૈ,...**' ક્યોંકિ આત્માકા અમૃતકા આનંદકા સ્વાદ આયે બિના ઈચ્છાકા નાશ હોતા નહીં. ઈચ્છા રહતી હૈ, ભલે કાયક્લેશ કરે પણ અંદર-અંતર ઐસા કરું... ઐસા કરું... ઐસા કરું... અમૃતસ્વરૂપ ભગવાન આત્મા ઉસકા ભાવ (હુઆ નહીં), ઈચ્છાકા અભાવ હુઆ નહીં, અમૃતકા આનંદ હુઆ નહીં. '**કાયક્લેશ કરતા હૈ, શીતકાલમેં નદીકે તીર,...**' જુઓ, '**શીતકાલમેં નદીકે તીર,...**' રહતે હૈ. ઉભા રહે, શરીર નગ્ન. તો ક્યા હુઆ? અંતરમેં વિકલ્પસે રહિત નગ્નપના તો પ્રગટ કિયા નહીં. અંતર નગ્ન. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છેને. ઉત્તર નથી? ઓલા કહે, ભાઈ! 'વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ, વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ, તેહ શુભાશુભ છેદતા ઉપજે મોક્ષ પ્રભાવ.' આતા હૈ? કહો, આ શ્રીમદ્ આમ કહે છે ગૃહસ્થાશ્રમમાં રહ્યા. સમજમેં આયા? ગૃહસ્થાશ્રમમેં હૈ? આહા..હા..! એ આત્મામાં હતા. આ એ વાત કરે અહીં મોટા અત્યારના. આહા..હા..! ગજબ વાત છે. 'વીત્યો કાળ અનંત તે, તે કર્મ શુભાશુભ ભાવ.' શુભ અને અશુભ ભાવ, ભગવાન! તુને અનંત બાર કિયા. ઉસમેં તેરા અનંતકાલ બિતા. 'તે શુભાશુભ છેદતા...' એ શુભ અને અશુભનો છેદ કરતા મોક્ષની દશા ભાવની પ્રગટે છે. મોક્ષમાર્ગ દશા શુભાશુભને છેદ કરતાં (પ્રગટ થાય છે). શુભભાવને આશ્રય લઈને પ્રગટે છે ઐસા નહીં. આવે છે એમાં? તો આમાં ભગવાનની ભક્તિ અને .. શુભભાવ છે. શુભભાવસે કહાંસે આયા?

મુમુક્ષુ :- આત્મસિદ્ધિમાં કહે છે. બધે એક જ શબ્દ વાપર્યો છે.

ઉત્તર :- શબ્દ નથી... વિનય વાપર્યો છેને. વિનય વાપર્યો છેને. કેવળી વિનય કરે છદ્મસ્થને. એટલે બધું આવી ગયું એને. સમજમેં આયા? ક્યા કહતે હૈ? કહતે હૈ કિ 'શુભાશુભ છેદતા ઉપજે મોક્ષ પ્રભાવ.' શુભ-અશુભભાવ રહિત, જુઓ. ઉપજે મોક્ષની પર્યાયના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન. સમજાય છે? બીજો પણ એક શ્લોક છેને એમાં. 'જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ, તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત.' ન્યાલચંદભાઈ! આવે છે કે નહિ? પણ ક્યાં વિચારે નહીં અને વાંચે નહીં અને પક્ષપાત કરીને બેસી જાય. એક વાડો, એક જાતનો વાડો. આ અમારો સંપ્રદાય. એમ ન હોય. વસ્તુ વીતરાગના ઘરની છે. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા અનંત સંતો, મહામુનિઓ આદિ વીતરાગી થઈ ગયા ઉનકા માર્ગ હૈ. ...લાલજી! આહા..હા..!

દેખો, 'જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ.' શુભ અને અશુભભાવ તો બંધનું કારણ છે. બંધનું કારણ છે અને એ તો સંસારનું કારણ. 'જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ'

એ તો બંધનો પંથ છે. આહા..હા..! મોક્ષમાર્ગ બના દિયા અભી તો. સમજમેં આયા? મોટા પઢા-લિખા કહેવાય. અરે.. ભગવાન! આ દોરે છે ક્યાં જૈનને? જૈન સંપ્રદાયના માણસોને ખબર ન મળે અને ક્યાંના ક્યાં દોરે! ખુશી-ખુશી થઈ જાય અંદરથી લ્યો! આહા..હા..! દેખો, જુઓ, અનેકાંત માર્ગ હૈ ભગવાનકા. શુભસે ભી ધર્મ હોતા હૈ અને શુદ્ધસે ભી હોતા હૈ. અનેકાંત માર્ગ હૈ. પ્રાણભાઈ!

મુમુક્ષુ :- કોઈને મૂંઝવણ ન રહે.

ઉત્તર :- મૂંઝવણ જ ન રહે અજ્ઞાનતાની. અજ્ઞાનતા સદાય પોષ્યા જ કરે. સમજમેં આયા?

'જે જે કારણ બંધના તેહ બંધનો પંથ.' શુભભાવ બંધનો પંથ, શુભભાવ બંધકા પંથ હૈ. 'તે કારણ છેદક દશા' શુભભાવને છેદવાની સમ્યગ્દર્શન-જ્ઞાન દશા 'મોક્ષ પંથ ભવ અંત.' કહો, આવે છે? જાદવજીભાઈ! આવે છે આમાં આત્મસિદ્ધિમાં? આ ડોસાએ મોઢે કર્યું છે કે નહિ? કહો, સમજમેં આયા? અત્યારે શુભભાવ તો ચોથે, પાંચમે, છઠ્ઠે અને સાતમે. શુભભાવ થઈ ગયો મોક્ષનો માર્ગ. હો ગયા મોક્ષકા માર્ગ ઉસમેં.

મુમુક્ષુ :- સમ્યક્...

ઉત્તર :- સમ્યક્ ક્યાંથી લાવ્યો પણ? શુભને ધર્મ માને એનું નામ મહામિથ્યાત્વી મૂઢ જીવ છે.

યહાં કહતે હૈ '**શીતકાલમેં નદીકે તીર,...**' ખડા રહે પણ આત્મજ્ઞાન ન મળે, વહ ક્રિયાકાંડસે તીન કાલમેં ધર્મ હોતા નહીં. સમજમેં આયા? ઔર '**ગ્રીષ્મકાલમેં પર્વતકે શિખર પર,...**' પર્વતના શિખર ઉપર આમ ખડા રહે નગ્ન. તાપ આમ. પસીના ચાલ્યા જાય પસીના. સૂર્યકા કિરણ પડે. ક્યા હુઆ ઉસમેં? સમજમેં આયા? અંતર ભગવાન રાગ અને મનકા સંગ રહિત, રાગ અને મનકા સંગ રહિત (હૈ) ઐસી અંતર દૃષ્ટિ કિયે બિના, સમ્યક્ દૃષ્ટિ કિયે બિના, તેરી ઐસી ક્રિયાકાંડ તો ચાર ગતિમેં રઝળનેકા કારણ હૈ. સમજમેં આયા? '**વર્ષાકાલમેં વૃક્ષકી મૂલમેં...**' વર્ષાકાલમેં વૃક્ષકા મૂળ. એકધારા પાણી થોડું પડે તો આમ ફટ... ફટ.. ફટ... મોટા બોર પડે ઐસા લગે. બોર હોતા હૈ ન બોર? બોર ક્યા કહતે હૈ? બેર. ઉપરથી પડે બોર ફાટ-ફાટ આમ રણકાર વાગે. એમાંથી ઓલા પાણીના ધોધ ઓલા પાંચ-પાંચ, છ-છ ઈંચ બબ્બે કલાકમાં પડતો હોય. ભડાક... ભડાક... ભડાક... '**વર્ષાકાલમેં વૃક્ષકી મૂલમેં મહાન દુર્ધર તપ કરતા હૈ.**' પણ આત્મજ્ઞાન બિના તેરા સબ નિરર્થક હૈ. આહા..હા..! સમજમેં આયા? અમુલખચંદજી! વહાં બહુત ચલા હૈ હમલા હોં અભી. વહ તો દૃષ્ટાંત દિયા ન થા? પ્રભુ! નહીં કહા થા પહલે એકવાર? કિ મઠ્ઠા જો છાછ હોતી હૈ ન, હમારે છાછ હોતી હૈ ન? છાછ કહતે હૈ ન? મોળી-મોળી. મોળી ક્યા કહતે હૈ? મીઠી. મીઠી છાશમેં મઠ્ઠામેં રોટી ઔર રોટલા ચલતા હૈ. બિગડે દૂધકો નાખે તો ઉલટી હો જાતી હૈ. મોળા મઠ્ઠાસે બિગડા દૂધ ખરાબ હૈ. એક

ભી પા શેર અંદર નાખો તો ઉલટી હો જાયેગી. અંદર દૂસરા લેના પડેગા. એમ સમ્યગ્દર્શન અને સમ્યક્ શ્રદ્ધા બિના એકીલા ક્રિયાકાંડ કરે અને વહ કહે કે હમારા તો સાચા-સારા હૈ ન. ધૂલમેં સારા નહીં હૈ. સમજમેં આયા? આહા..હા..!

ક્યા કહતે હૈ દેખો! યોગીન્દ્રદેવ મુનિ દિગંબર સંત, જંગલવાસી વનમેં રહનેવાલે વે એમ ફરમાતે હૈ કિ અરે જીવ! ઘોર તપસ્યા કર. '**ઔર કેવલ તપ હી નહીં કરતા શાસ્ત્ર ભી પઢતા હૈ,...**' આ તો સમજવા જેવા. શાસ્ત્રની કાંઈ ખબર ન મળે. બીજા પંડિતો કહે એમ માને. હા... હા... હા.. ઐસે નહીં.

મુમુક્ષુ :- ભણ્યા હોય એને જ પૂછાયને.

ઉત્તર :- પણ તું તો ભણ કાંઈક થોડું. ક્યા હૈ એની તો ખબર ન મળે.

મુમુક્ષુ :- ભણ્યા ભણતર કર્યું હોય તો..

ઉત્તર :- ભણ્યા ભણ્યા શું ભણતર? પણ એને પોતાને ખ્યાલમેં આયે બિના? દૂસરા કહે ઉસમેં ક્યા આયા? આ તો કહતે હૈ ઉસને ખ્યાલમેં લાકર ભી પઢા.

'**સકલ શાસ્ત્રોંકે પ્રબંધસે રહિત...**' પ્રબંધ એટલે વિકલ્પ. '**शास्त्रजनितविकल्पतात्पर्यरहितात्**' એમ શબ્દ છે સંસ્કૃતમાં. '**शास्त्रजनितविकल्पतात्पर्यरहितात्**' એનો વિકલ્પ નથી જેમાંથી. સમજાય છે? એવું શાસ્ત્રના વિકલ્પરહિત જે '**નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ...**' એમ કહે છે. ભગવાન આત્મા કૈસા હૈ? એ શાસ્ત્રના ભણતરના વિકલ્પસે રહિત ભગવાન આત્મા હૈ. એકલા શાસ્ત્ર પઢ ડાલા પણ શાસ્ત્રકા વિકલ્પસે રહિત જ્ઞાનાનંદ ભગવાનકો અંતર અનુભવ દૃષ્ટિમેં લિયા નહીં તો તેરા સબ નિરર્થક—ફોગટ હૈ. કહો, સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. જુઓ શું થાય? એ જ્યોતિષકા દૃષ્ટાંત હૈ પંડિતજી! એક જોશી હતાને જોશી. પછી એક બાઈ પડી કૂએમેં. ઔર બોલાયા જોશીકો. બોલાવો ભાઈ! આ ક્યારે કાઢવા? તો એક જોશી કહે કે ભાઈ! અભી ટાઈમ નહીં હુઆ હૈ. પણ આ મરી જાય છેને. હજી સાડા આઠ બજે નિકાલેગા. પણ આ સાડા સાત થયા છે, ડૂબકા ખાય છે, મરી જશે. એ લક્ષ્મીચંદ! લક્ષ્મીચંદ! સાડા આઠ બજે બિના ટાઈમ નહીં હુઆ. ઓલો કહે હા ભાઈ! પણ બીજો કહે કે આ મરી જશે હમણા હવે તારા સાડા આઠ પહેલા. તને કાળનું ભાન મળે. એકલો ભણ્યો ગોખ્યું? જ્યોતિષ ગોખ્યા. ગોખ્યા સમજે? ક્યા કહતે હૈ? પઢા. એકલા જ્યોતિષ પઢા, પણ ઉસકા તાત્પર્ય તો જાના નહીં. સાડા આઠ બજે નિકાલનેકા હોં. ઉસકા ટાઈમ જ્યોતિષમેં ઐસા આતા હૈ. એમ તત્ત્વ ક્યા હૈ? કબ રાગસે નિકાલના? કિ અભી નહીં... અભી નહીં... અભી નહીં... અભી નહીં... પહલે શુભ કરો, પીછે કરતે-કરતે હોગા. મરી જશે પણ. ઓલું

ત્યાં મરી જશે બાઈ.

મુમુક્ષુ :- એ તો એના ઘરના મરી જાય. જ્યોતિષને શું?

ઉત્તર :- આ તો તું મરીશ અહીંયા, એમ કહતે હૈ. તેરા આત્મા રાગસે નિકાલના હૈ કિ કહાંસે નિકાલના હૈ તેરે? રાગકા કૂંપમેં અનાદિસે એકત્વબુદ્ધિસે પડા હૈ. અભી નહીં... અભી નહીં... અભી ટાઈમ નહીં. પંચમકાલમેં નહીં નિકલ સકતે. મરી જઈશ. પંચમ કાલમેં નહીં નિકલ સકતે. રાગ અત્યારે નિકલ સકતા હૈ. સમજમેં આયા? રાગ વિકલ્પસે રહિત, શાસ્ત્રકા પઢનેકા વિકલ્પસે રહિત ઐસા આત્મા, એમ કહતે હૈ.

'**નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ ઉસસે રહિત હુઆ સીખતા હૈ,...**' દેખો, ક્યા કહતે હૈ? શાસ્ત્રકા જો વિકલ્પ હૈ પઢનેકા ઉસસે રહિત ભગવાન હૈ. વિકલ્પસે રહિત હોકર પઢના હૈ ઐસા નહીં પઢતે, પણ વિકલ્પ રહિત ઐસા લક્ષ બિના એકલા શાસ્ત્ર પઢતે હૈ. વહ તેરા શાસ્ત્ર પઢના નિરર્થક જાયેગા. ક્યા કહા સમજમેં આયા? આહા..હા..! '**નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ ઉસસે રહિત હુઆ સીખતા હૈ,...**' લક્ષ્ય, ચિદાનંદ મૂર્તિ જ્ઞાયક પરમાત્મા ઉસકા લક્ષકા બાણ બાંધા નહીં. આમ ધ્યેય બાંધા નહીં અંદર (કિ) આ ચિદાનંદ હૈ. રાગરહિત શુભરહિત એ ક્રિયા બાહરકી રહિત હૈ. ઐસા લક્ષ અને ધ્યેય દૃષ્ટિ બિના તેરા શાસ્ત્ર સિખના ભી નિરર્થક હૈ. આહા..હા..!

મુનિઓ આમ કેમ કહે છે? દિગંબર મુનિઓને દુનિયાની નહિ પડી હોય? કે યે દુનિયા ઐસા કોઈ ભ્રષ્ટ હો જાયેગા અને સ્વચ્છંદ હો જાયેગા અને .. હો જાયેગા. વહ તો કહતે હૈ કિ અનાદિસે સ્વચ્છંદ તો હો રહા હૈ. રાગ અને પુણ્ય ને ક્રિયાકાંડસે ધર્મ હોતા હૈ ઐસા સ્વચ્છંદ તો હો રહા હૈ. ઉસકો હમ કહતે હૈં કિ છોડ દે દૃષ્ટિ. છોડ દૃષ્ટિ રાગકી (ઔર) સ્વભાવકી દૃષ્ટિ કર ઉસકે બિના તેરા ત્રણ કાલમેં પાંચમેં કે ચોથે કે છઠ્ઠે કોઈ કાળે તેરા કલ્યાણ હોગા નહીં. સમજમેં આયા?

'**શાસ્ત્રોંકા રહસ્ય જાનતા હૈ,...**' સમજે ન? '**પરંતુ સમાધિસે રહિત હૈ,...**' અંતર શીતલ સ્વભાવ ભગવાન. શીતલનાથ ભગવાન. એ આત્મા શીતલનાથ હૈ હોં. ઐસા પ્રભુ શાંત શીતલ જિસમેં શુભાશુભ વિકલ્પકા અવકાશ નહીં અંદરમેં. ઐસી અંતરકી સમાધિકી દૃષ્ટિ બિના સીખતા હૈ, સીખો, શાંતિ નહીં મિલેગી. સમજમેં આયા? '**રાગાદિ વિકલ્પસે રહિત સમાધિ જિસકે પ્રગટ ન હુઈ, તો વહ પરમસમાધિકે બિના તપ કરતા હુઆ ઔર શ્રુત પઢતા હુઆ ભી...**' જો કામ કરના હૈ ઉસકી તો ખબર નહીં. ઔર નહીં કરના હૈ ઉસમેં જોર દે દિયા. શાસ્ત્રકા પઢના અને તપકા કરના અને વ્રતકા પાલના. લ્યો ઓલા કહે છે કે વ્રત પાળે છે એ તમારે વ્રત પાળવા નથી, એથી વ્રત પાળે છે એને તમે હીણા બતાવો

છો. એમ કહે છે ભાઈ એ લોકો. અરે..! ભગવાન! શું કહે છો ભાઈ? આહા..હા..! સમજમેં આયા? એમ કહે છે કે તમારે વ્રત લેવા નથી અને વ્રત પાળે એનું બહુમાન કરવું નથી, તમારે અભિમાન મૂકવું નથી. એટલે વ્રતને નિરર્થક તમે બતાવો છો. તો આચાર્ય એ માટે બતાવતા હશે? એ માટે બતાતે હૈ આ? વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ ભગવાન! સમજમેં આયા?

'**નિર્મલ જ્ઞાન દર્શનરૂપ તથા ઈસ દેહમેં બિરાજમાન...**' શાસ્ત્ર પઢો, ચાહે તો ક્રિયાકાંડ કરો, પણ ભગવાન આત્મા વિકલ્પસે પાર ઐસા અનુભવકી દૃષ્ટિ બિના તુઝે કભી જન્મ-મરણકા નાશ હોગા નહીં. આ પંચમકાળના મુનિ માટે કહતે હૈ કિ નહીં? કે આ ચોથા આરાને માટે કહતે હૈ? એ તો અભી કહતે હૈં. પંચમ આરાના મુનિ કહતે હૈં. ૯૦૦ વર્ષ પહલે યોગીન્દ્રદેવ હુએ હૈ. વહ કહતે હૈં કિ પંચમ આરાના જીવ ઘોર તપસ્યા કરે, ઐસા શાસ્ત્ર પઢે, પણ આત્માકી શાંતિ સમ્યગ્દર્શનકી શાંતિ બિના, અંતર અનુભવકી શાંતિ બિના... સમજમેં આયા?

દીપચંદજી તો કહતે હૈ અનુભવ પ્રકાશમેં. અનુભવ બિના જંગલમેં ઢોર અને ગાંવમેં કુત્તા. આહા..હા..! વનમેં હરણ. હરણ સમજતે હો? હિરન-મૃગ. ગાંવમેં કુત્તા જૈસા હૈ. આહા..હા..! વહ ભી ગૃહસ્થાશ્રમમેં થે. દીપચંદજી સાધર્મી. અનુભવપ્રકાશ. ભગવાન આત્મા ઓહો..હો..! જિસકી રાગરહિત દૃષ્ટિ હુઈ નહીં ઔર દૃષ્ટિ બિના ઉસે આત્માકા પતા લગતા નહીં. ઐસા પતા લગાયે બિના તેરા શાસ્ત્રકા પઢના અને ક્રિયાકાંડકા કરના સબ વ્યર્થ હૈ. કહો, સમજમેં આયા? ઓહો..હો..!

આ તો કહતે હૈં શ્રીમદ્કા દૃષ્ટાંત દિયા. શ્વેતાંબરમેં દેવચંદજી હુઆ હૈ. દેવચંદજી ખતરગચ્છમેં હુઆ હૈ. વહ ભી ઐસા કહતે હૈં. ભગવાનકી સ્તુતિ કરતે હૈ. આ ક્યા નિકલા પંથ અભી તો નયા કોઈ? શુભભાવસે મોક્ષમાર્ગ. વહ ભી શ્વેતાંબર હૈ, નહિતર તો ઉસકા વ્યવહાર પહલે, નિશ્ચય પછી ઐસા માર્ગ હૈ. અને વહ ભી ઐસા કહતે હૈ એકબાર સ્તુતિ ભગવાનકી કરતે થે. આ વીસ વિહરમાનકી સ્તુતિ. ઉસમેં કહા. 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા જી, ભાવધર્મ રુચિ હીન.' હે નાથ! ભરતક્ષેત્રમેં ક્યા હુઆ? આપકા વિરહ પડા. ભરતક્ષેત્રમેં ત્રિલોકનાથ પરમાત્મા ધર્મધુરંરાજ આપકા વિરહ પડ ગયા અને આ ભરતક્ષેત્રમાં અંધાધુંધી ચલતી હૈ. ક્યા? દ્રવ્યક્રિયા, પુણ્ય ક્રિયા, દયા, દાન, વ્રતાદિ દ્રવ્યક્રિયા. 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા જી ભાવ ધર્મરુચિ હીન.' ભાવધર્મ. રાગ બિનાકી ચીજકી રુચિ હીન. ઉસકી તો નહીં પણ રુચિ આ રાગ રહિત હું, ઐસી રુચિ કરતે નહીં. 'ઉપદેશક પણ તેહવા જી, શું કરે જીવ નવિન રે ચંદ્રાનનજિન.' ચંદ્રાનંદ ભગવાન છેને. વીસ તીર્થંકર છે. ઉસમેં તીર્થંકર ભગવાન બિરાજતે હૈં. સીમંધર ભગવાન પહલે હૈં, ચંદ્રાનંદ ભગવાન કેટલામા હૈ? બારમા હૈ. બારમા હૈ ન? બારમા ચંદ્રાનંદ ભગવાન બિરાજતે હૈ હોં મહાવિદેહક્ષેત્રમેં. ઉસકો ઉદ્દેશકર દેવચંદજીને સ્તુતિ કિયા હૈ, કિ નાથ! 'ઉપદેશક પણ...'

એ તો કરતે હૈ. રાગસે, ક્રિયાસે ધર્મ હોતા હૈ કરતે... કરતે... કરતે... કરતે... શુભભાવસે કરકે હોગા, પરંપરા હોગા. સમજમેં આયા? ઐસા મૂઢ રાગમેં, ક્રિયામેં ધર્મ માનકર કરતે હૈ. પણ ક્યા કરે પ્રભુ! 'ઉપદેશક પણ તેહવા.' ઉસકો ઉપદેશક ઐસા મિલા. આહા..હા..! સમજમેં આયા? ઉસકા ગુરુ ઐસા કહનેવાલા મિલા. વહ કૂવેમેં હો વહ અવેડેમેં આવે. અવેડા કહતે હૈ ન? અવાડામાં એ તો આપણી ભાષા છે. બાહર પાની નિકલતા હૈ. અવેડા.. વહ ઢોર પાની પીતે હૈ કિ નહીં પશુ? નાના હોતા હૈ ન? તો કૂવામેં હો તો ઉસમેં આવે. જૈસે કૂવામેં હો ઐસા આવે. ખારા હોય તો ખારા આવે, મીઠા હોય તો મીઠા આવે. હે નાથ! ભરતક્ષેત્રના ઉપદેશકો પણ ઐસા હો ગયા. નહિતર શ્વેતાંબર હૈ હોં! ફિર ભી ઐસા કહા. હમકો યે ભગવાનકી ભક્તિસે સંવર હોતા હૈ ઐસી શ્રદ્ધા હોતી હૈ. છતાં ઐસી બાત કહતે હૈ. સમજમેં આયા?

'ઉપદેશ પણ તેહવા જી શું કરે જીવ નવિન?' નવું શું કરે બિચારા? ક્યાં જાય? એક તો રાગ, પુણ્ય શુભભાવસે ધર્મ હોતા હૈ ઐસી માન્યતા, ઉપદેશક મિલા. એક તો રોતી હતી બાઈ અને પિયરીયા મળ્યા. પિયરીયા સમજતે હૈ? એક તો કન્યા થી ૧૫-૧૬-૧૮ વર્ષકા લગન. સાસરેસે નિકલી થી કોઈ પ્રતિકૂલતામેં ઔર બાહર રોતી થી, રુદન કરતી થી. એમાં એનો ભાઈ મળ્યો. પિયર એટલે ભાઈ મળ્યો અને મૂકી સરખાઈની. કારણ કે પછી એની પાસે તો બતાવવું જોઈએને? બહુ દુઃખી એમ બતાવવું જોઈએ. અરેરે! ભાઈ! મને તો હેરાન કરીને મારી સાસુ મારી નાખે છે. આમ અગ્નિ આપે છે અને આમ કરે છે ને તેમ કરે છે. એય.. સરખાઈની મૂકે. એક તો જાણે રોતી હતી અને એમાં ઓલો પિયરનો મળ્યો કોક ભાઈ મળે એટલે મૂકે પોક.

એક તો રાગ શુભભાવની રુચિવાળા પ્રાણી અને એમાં વેશધારી એના ગુરુ મળે, એને કહે એમાં થાશે ધર્મ. એના પિયરિયા મળ્યા એના પિયરના. સમજમેં આયા? એઈ..! પીયર ક્યા કહતે હૈ? પિયરવાળા. પિયરવાળા એટલે મા-બાપ કુટુંબમાં. મા-બાપકે કુટુંબસે કોઈ મિલા હો. રાત્રી અંધારામેં ચલી જતી હોય, મૂકે પોક. એની મા આવી હોય તો કહે આહા..હા..! એના ખોળામાં માથું નાખીને મોટી પોક મૂકે. એમ અજ્ઞાની પ્રાણી અનાદિસે શુભાશુભભાવમેં ધર્મ માન રહા હૈ શુભમેં ઔર ઉસકા ઉપદેશક ઐસા મિલા. શાસ્ત્રકા આધાર આપે. શાસ્ત્રકા આધાર હૈ. લાઓ. લાઓ આ પરંપરા કારણ હૈ. જુઓ, પરંપરા કારણ હૈ. ધૂલમેં ભી પરંપરા કારણ નહીં. તેરે મિથ્યાદૃષ્ટિ પરંપરા કારણ અનર્થકા કારણ લિખા હૈ. રાગ અજ્ઞાનીકો પરંપરા અનર્થકા કારણ હૈ. શુભરાગ હોં! ઐસા લિખા હૈ અનુપ્રેક્ષામેં. બાર અનુપ્રેક્ષા કુંદકુંદાચાર્યકી હૈ ઉસમેં. પંચાસ્તિકાયમેં લિખા હૈ. અજ્ઞાની રાગકો અપના સ્વરૂપ માનકર ધર્મ માનતે હૈ ઉસકા રાગ પરંપરા અનર્થકા કારણ હૈ. ત્યારે કહે સમ્યગ્દૃષ્ટિકા રાગ? હવે સુન તો સહી, સમ્યગ્દૃષ્ટિકા

રાગ ભી છેદને લાયક હૈ. રાગકા આદર નહીં કિયા.

વો પરંપરા કારણ કહા ઉસકા અર્થ સમ્યક્‌મેં ભાન હૈ કિ રાગ મેરી ચીજ નહીં હૈ. અભી અશુભસે ઈતના ટલા હૈ, પીછે શુભકો છોડકર શુદ્ધ ઉપયોગમેં આ જાયેગા. ઉસ અપેક્ષાસે, દૃષ્ટિમેં નિષેધ વર્તતા હૈ ઉસ અપેક્ષાસે પરંપરા કહા હૈ. આદર વર્તે ઉસકે પરંપરા (કારણ નહીં હૈ). અને તે પણ ઉસસે હોતા હૈ, સમ્યગ્દૃષ્ટિકો રાગસે હોતા હૈ તીનકાલમેં હોતા નહીં. સમજમેં આયા? ઓહો..હો..! પત્રના પત્ર ભરે છે હોં! આવે છે અહીં. જૈનદર્શન અને જૈન ગેજેટ અને અમારે માથે પોટલા નાખે. અહીં વાંધો નથી, બાપા! હોં કાંઈ. અહીં કાંઈ અડે એવું નથી. એ દુનિયાની ચીજ છે દુનિયા કહે. અરે ભાઈ! પ્રભુ! એ માર્ગ નિરાલા હૈ બાપા! એ ભગવાન આત્મા ત્રણ લોકના નાથનો માર્ગ શુભસે રહિત, શુભસે રહિતકી બાત હૈ. ક્યા ઉસમેં? વહ દેવચંદજીને ઐસા કહા લો, શ્વેતાંબર. આપણે શ્રીમદ્‌ને ઐસા કહા કિ શુભાશુભ છેદતા. આ કહે શુભથી, આ કહે શુભાશુભ છેદતા. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ કાલે આવ્યું નહોતું પહેલું? શુભાશુભ છોડવા. પાઠમાં જ આવ્યું હતુંને. શુભાશુભ આદિ. 'तेण सुहासुह-भावडा मुणि सयल वि मेल्लंति।।' ૧૯૦માં આવ્યું. પણ એને કહે કે મુનિને શુભાશુભ, હમારે પહલે નહીં. અરે..! સુન તો સહી. શુભાશુભ ભાવસે રુચિ છોડે બિના સ્વભાવકી અંતર રુચિ હોતી નહીં. ભાઈ! ધીરો થા, શાંત થા, શાંત થા. એ બહારકી સલાહસે, બાહરકી સલામતીસે... બહારની સલામતી હૈ હમારે. દુનિયા સબ માનતી હૈ અને હમારે સલામતી હૈ. ત્યાં સલામતી નહીં રહેગી. સમજમેં આયા? બાહરની સલામતી, સબ હમકો માનતે હૈ ન, બહુત માનતે હૈ ન? અરે! બહુત માનતે હૈ ક્યા? સારી દુનિયા માને તો ક્યા હૈ? કીડીકા નગરા બહુત હોતા હૈ. કીડી હોતી હૈ ન કીડી? ચીટીયાં. બહુત હોતી હૈ લાખોં-કરોડોં તો કાંઈ મનુષ્યકી ગણતરીમાં આતે હૈ વહ? ઐસે અજ્ઞાનીકી બહુત સંખ્યા હો તો સમ્યગ્જ્ઞાનકી ગીનતીમેં આતે હૈ વહ? આહા..હા..!

મુમુક્ષુ :- ઉપાદાન-નિમિત્તના દોહરાની ના પાડે છે.

ઉત્તર :- હા, નહીં.. નહીં... નહીં. એને ગણતા નહીં. ચાલો ભગવાનને પૂછીએ. સમજમેં આયા? આહા..હા..!

યહાં કહતે હૈ '**આત્મસ્વરૂપ રાગ દ્વેષ મોહ રહિત પરમશાંત હૈ.**' દેખો, નિર્મલ જ્ઞાનદર્શન ઐસા ઈસ દેહમેં બિરાજમાન ઐસા નિજ પરમાત્મા. નિજ પરમાત્મા હોં! ભગવાન એની પાસે રહા. યોગસારમાં આવ્યું નહીં? 'આત્મદર્શન તે શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ જાણ.' અન્ય કાંઈ નહીં. આત્મદર્શન શક્તિ અંતરમેં વિકલ્પકા અવલંબન આશ્રય બિના... ઐસી દૃષ્ટિ કિયે બિના

તેરા શાસ્ત્રકા પઢના, તેરી ભક્તિ, તેરા તપશ્ચરણ, તેરા વ્રત (નિરર્થક હૈ). સમજમેં આયા? શુભયોગના ત્રણ પ્રકાર લિયા હૈ ન? શુભયોગકી ક્રિયાકા તીન પ્રકાર લિયા હૈ. એક ભક્તિરૂપ, એક ક્રિયારૂપ, એક ગુણ-ગુણી ભેદરૂપ. અનુભવપ્રકાશમેં લિયા હૈ ભાઈ! દીપચંદજી. શુભયોગ તીન પ્રકારકે—એક ભક્તિરૂપ શુભ, એક ક્રિયારૂપ શુભ—આ દયા, દાન, વ્રતાદિ અને એક ગુણ-ગુણીના ભેદરૂપ. સમજમેં આયા? ગુણી પરમાત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ઉસમેં ગુણ રહતે હૈ. ઐસા ભેદ લક્ષમેં લેના વહ ભી એક શુભોપયોગ હૈ, શુભયોગ હૈ. ઔર અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિકા ભાવ શુભયોગ હૈ ઔર ભગવાનકી પૂજા, ભક્તિકા ભાવ વહ ભી શુભયોગ. શુભયોગકા તીન પ્રકાર લિયા હૈ. ભક્તિરૂપ, ક્રિયારૂપ, ગુણ-ગુણીરૂપ ભેદ. તીનોં બંધકા કારણ હૈ. સમજમેં આયા? એને છેદતા.

અહીં કહે છે જુઓ, જે ભગવાન '**નિર્મલ જ્ઞાન દર્શનરૂપ...**' દેખો, ઉસમેં વિકલ્પ.. '**ઈસ દેહમેં બિરાજમાન ઐસે નિજ પરમાત્માકો નહીં દેખ સકતા. જો આત્મસ્વરૂપ...**' નહીં દેખ સકતા ક્યા? કિ ઐસા પઢતે હુએ છતે, ઐસી ક્રિયાકાંડ કરતે છતે, ભગવાન નિર્મલ દર્શન જ્ઞાનરૂપ શુદ્ધ સ્વરૂપ ઉસકો નહીં દેખતે હૈ ઔર ઉસ કારણસે વહ દેખ સકતે ભી નહીં. જિસકો શુભ કારણ માનતે હૈ, વહ શુભ કારણસે દેખ સકતે નહીં.

'**જો આત્મસ્વરૂપ રાગ દ્વેષ મોહ રહિત પરમશાંત હૈ.**' એને દેખી શકતો નથી. શાંત... શાંત... સમજમેં આયા? આ કોઈ વાદવિવાદની વસ્તુ નથી. અંતર ચીજ ઐસી હૈ. સારી શાંત સ્વરૂપ, ઐસા શિવસ્વરૂપ શાંત. '**પરમસમાધિકે બિના તપ ઔર શ્રુતસે ભી શુદ્ધાત્માકો નહીં દેખ સકતા.**' ઓહો..હો..! પશુમેં ભી સમ્યક્ અનુભવ સમાધિ હોતી હૈ સમ્યગ્દર્શનકી. પઢા-લિખા નહીં હૈ, કોઈ નવ તત્ત્વકા નામ ભી નહીં આતા. ભાવભાસન કિયા અંદર પુરુષાર્થસે. નવ તત્ત્વકા નામ ભી નહીં (આતા). ઓહો..હો..! ભાવકા કામ હૈ ભાવ. અંતરમેં આ આનંદ, યે આનંદ ઔર યહ દુઃખ, આનંદસે ઉલટા વિકલ્પ. વો દોકા અસ્તિત્વકા ભાન હો ગયા, સારા ભાવકા ભાન હો ગયા સાતોં તત્ત્વકા. આ આનંદ, બસ. ભલે શબ્દ ન આવે. પણ સ્વાદ આનંદકા ઔર આમ વિરુદ્ધ વિકલ્પ ઉઠતે આસ્રવ, બંધ વહ દુઃખરૂપ હૈ, યહ સુખરૂપ હૈ. આત્મા સુખરૂપ હૈ, ઉસકી દૃષ્ટિ હો તો વહ દશા સુખરૂપ હુઈ વહ સંવર-નિર્જરા, પૂર્ણ હો વહ મોક્ષ. યહાં ઈસ બાજુ આનંદસે ઉલટા વિકલ્પ ઉઠતે હૈ વહ દુઃખરૂપ લગતા હૈ, દુઃખરૂપ પુણ્ય-પાપ, આસ્રવ-બંધ. હો ગયા જ્ઞાન સબ. સમજમેં આયા? એ સાતોં તત્ત્વકા ભાન હો ગયા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અનાકુળ આનંદકા સ્વાદ આયા તો વહ આનંદ પર્યાયમેં આયા. તો પર્યાયમેં

આયા વહ સંવર-નિર્જરા હો ગઈ. ક્યોંકિ વિશેષ ઉગ્ર કરનેકી ચાહના હૈ તો વહ ધર્મ પર્યાય હુઈ. ધર્મી એકીલા આનંદરૂપ હૈ વહ જીવ હૈ, ઉસસે વિરુદ્ધ યહ સબ અજીવ હૈ. યે આનંદ આયા ઉસસે રાગાદિ હૈ વહ દુઃખરૂપ કલુષિત દિખતે હૈ. ભલે ભાષા ન હો કલુષિત. આકુલતાસે હટના ચાહતા હૈ, હટના ચાહતા હૈ. સબ આ ગયા. આહા..હા..! સમજમેં આયા? અને આ અગિયાર અંગ પઢે અને આટલી ઘોર તપસ્યા કરે. વહ ભી ભાવકા અંતરમેં ભાસન હુએ બિના ઉસકે કુછ લાભ જન્મ-મરણકે નાશકા હોતા નહીં.

મુમુક્ષુ :- પર્યુષણ ... ક્યારે કરે?

ઉત્તર :- પર્યુષણ પર્વ આ આત્મામાં કરે ત્યારે. કહો, સમજમેં આયા? આત્મામેં ઐસા ભાવ પ્રગટ કરે તો સદા પર્યુષણ હી હૈ ઉસકો. ક્યા? પર્યુષણ બાહરકી ક્રિયાકાંડમેં પર્યુષણ આતા હૈ? આહા..હા..! સદાય પર્યુષણ હૈ. કહતે હૈ ઉસમેં ભી સ્તુતિ કિયા ન દેવચંદજીને? ઉસમેં એક બોલ ઐસા હી લિયા હૈ. 'તત્ત્વ રસિકજન તોરલા જી.. ભોજન સંવાદ' હે નાથ! ભરતક્ષેત્રમાં 'તત્ત્વ રસિકજન તોરલા જી ભોજન સંવાદ.' પ્રભુ! ઘણો સંવાદ સંખ્યામાં વધી ગયો. બહુત સંખ્યા ઉસકી બઢ ગયી. તત્ત્વરસિક બિના. સંખ્યાકા પાર નહીં. ઉસકી સંખ્યા બહુત. 'તત્ત્વ રસિકજન તોરલા જી ભોજન સંવાદ, એ જાણો છો જિનરાજજી રે, એ સઘળો .. રે ચંદ્રાનન જી સાંભળીએ અરદાસ.' એને કે દિ' સાંભળવું હતું? ઉસકો તો એક ક્ષણમેં કેવલજ્ઞાન હુઆ તબસે તીન કાલ જાનનેમેં આયા. ... ભક્તિવાલા ભક્તિ (કરકે કહતે) હૈ, પ્રભુ! મેરી અરજ તો સુનો નાથ! તેરા વિરહ પડા ભરતક્ષેત્રમેં. આહા..હા..!

કુંદકુંદાચાર્ય ધ્યાનમેં હોતે થે પોન્નુરહીલમેં. અરે! અમને આ ભરતક્ષેત્રે ભગવાનના વિરહ પડ્યા. અમને ત્રણ લોકના નાથ તીર્થંકર ભરતક્ષેત્રમાં તો નહીં, પણ દૂસરે તીર્થંકર બિરાજે ક્ષેત્રે, નીચે, મનુષ્યમેં ઉસકા ભી હમારે અંતરમેં વિરહ પડા. સમજમેં આયા? આવે છે નહીં આપણે? સમવસરણમાં નાખ્યું છેને. સમવસરણની સ્તુતિમાં નહિ? 'રે રે સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં, રે રે સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં.' પોકાર અંદરથી થાય છે. આહા..હા..! ત્રણ લોકના નાથ તમે બિરાજો છો ત્યાં. એવા સર્વજ્ઞ પ્રભુ સાક્ષાત્ ચૈતન્ય ચિદ્‌બિંબ, પ્રભુ! અમને ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. સમજાણું કાંઈ? એમ અંદરમાં ધ્વનિ ઉઠ્યો અને એકદમ અંદરથી ભગવાન પાસે જવાની વિચારણા થઈ અને જક્ષના એના પૂર્વના મિત્રો આવ્યા એમ પણ છે, લબ્ધિથી પોતે ભગવાનના ભેટા (કર્યા). આહા..! ભરતક્ષેત્રના સંત એ મહાવિદેહના સાક્ષાત્ ભગવાનની જાત્રા. આહા..હા..! સમજમેં આયા? અમને ભરતક્ષેત્રમાં પ્રભુ! કેટલો .. છે અંદર. અહીં ભગવાન ૬૦૦ વર્ષ પહલે હો ગયે. અભી હોનેવાલા નહીં હમારી જિંદગીમેં. અને ભરતના બીજા મનુષ્યોને પણ ભગવાનના સાક્ષાત્ દર્શન યહાં નહીં. તો ઐસે અંદરમેં

હુઆ (કે) હમેં વિરહ પડા પ્રભુ તુમ્હારા. પવિત્રતા ભી ઐસી, અને પુણ્યયોગ ભી ઐસા. ગયા, ભગવાન પાસે આઠ દિન રહા. શાસ્ત્ર સુનકર કિતની શંકા સાધારણ સમાધાન (કિયા). યહાં આચાર્ય પદવી થી ન? કેટલાક શ્રુતકેવલીઓ પાસે સમાધાન કિયા. ભગવાનકી દિવ્યધ્વનિ સુની. ઉસકે પાસ તો પ્રશ્ન તો હો સકતે નહીં. ઈતના સાધારણ હુઆ. શ્રુતકેવલીકે પાસ સમાધાન કરકે યહાં આયા. આકર આ શાસ્ત્ર બનાયા. સમજમેં આયા? ...

જાણો છો જિનરાજ હે નાથ! અમારી શક્તિ તો આપની પાસે આવવાની નથી, નહીં હૈ. સમજમેં આયા? ભક્ત તો એમ પણ કહે છે એમાં તો. ભગવાન! આપની પાસે કરોડો દેવ હૈ ન. એક દેવને મોકલોને તો ઉડીને આવું આપની પાસ. ઉડીને સમજે? ઉડકર. આહા..હા..! હે નાથ! કરોડો દેવ બિરાજે છે આપની પાસે કરોડો દેવ. આપની ભક્તિમેં... ‘દેવે નથી દીધી પાંખડી.’ નાથ! પાંખડી. પાંખડી સમજે? પાંખ. નહિતર ઉડીને પ્રભુ તારી પાસે આવત હોં. પણ દેવે ન દીધી પાંખડી અને નહિ કોઈ દેવ લઈ જનાર. નાથ! તારા અમને વિરહ પડ્યા છે. એથી આ જનસમાજ સત્યમાર્ગથી મોટો ભાગ વિસંવાદમાં પડ્યો છે. આહા..હા..! સમજમેં આયા? બહુલો જન સંવાદ. જાણો પ્રભુ! આપને ક્યાં કહેવું? આપે તો સમય સમયનું જાનતે હોં. યે તો હમે ભક્તિકા ભાવ આયા તો ઐસા ભક્તિ નિકલતી હૈં. આપ તો પ્રભુ જાનતે હોં. કેવલજ્ઞાન જબ હુઆ તબસે જાનતે હોં. ઉસ સમયમેં ઐસા ત્યાં હોનેવાલા હૈ. નિશ્ચિત હોતા હૈ કિ નહીં કુછ? ભગવાનકો જ્ઞાન હુઆ જબ. મુનિસુવ્રતનાથ ભગવાનકે (સમય) સર્વજ્ઞ હુએ હૈ સીમંધર ભગવાન. તો પાંચમે આરામેં ઐસા હોગા ઐસા નહીં જાનતે થે ઉસ સમયમેં? નયા જાનના હૈ? આહા..હા..! સમજમેં આયા?

કહતે હૈ કિ હે નાથ! વહ તો બાહરકી બાત. ઐસા આત્મ ભગવાન અંદરમેં બિરાજતા છે ઉસકે પાસ સમકિતી વિકલ્પકી પાંખસે અંદરમેં નહીં જા સકતા. સમજમેં આયા? ભગવાન ચૈતન્યકા વિરહમેં, અપના વિરહ હોં, તો ઉસમેં વહ વિકલ્પ અને નિમિત્તકી પાંખસે અંદરમેં નહીં જા સકતે. ન્યાલભાઈ! એ તો શાંત નિર્વિકલ્પ પર્યાય જો શુભાશુભકો છેદ રહી હૈ, ભિન્ન હૈ ઉસસે, ઐસી પર્યાય દ્વારા ભગવાન! આપકા ભેટા હોતા હૈ. સમજમેં આયા? ઉસકે બિના એકલી તપસ્યા કરે, ક્રિયાકાંડ કરે, વર્ષીતપ કરે. વર્ષીતપ કરે સમજમેં આતા હૈ? શ્વેતાંબરમેં એક દિ’ ખાના અને એક દિ’ નહીં (ખાના), ઐસા શ્વેતાંબરમેં આતા હૈ. એક સાલ. એક દિ’ ખાય, એક દિ’ ન ખાય. ભગવાનકો બારહ મહિના આહાર નહીં મિલા થા ન? તો ઉસકી કોપી કરતે હૈ. એક દિ’ ખાના અને એક દિન ન ખાના વર્ષીતપ. બારહ મહિના તપ અને પીછે પાંચ-પચાસ હજાર ખર્ચે, ગૃહસ્થ હોય તો મોટા લાખો ખર્ચે. બડી તપસ્યા ઉજવણી હો ગયી, જાવ કરો. આહા..હા..! અહીં ઉજવણા નહીં કરતે? આપણે કરતે હૈ ન દિગંબરમેં

નહીં? ષોડશકારણ ભાવના ઐસી કોઈ .. હોય તો ગૃહસ્થ પ્રમાણે .. ઉદ્યાપન. આ શ્વેતાંબરમેં ઉજવણું કહતે હૈ. એ ઉજવણીમાં કંઈ નથી, ભાઈ! તેરી ઉજવણી તેરે પાસ હૈ. પ્રાણભાઈ! કર્યું હતું કે નહીં કાંઈ તમે આઠ અપવાસ કર્યા પછી? કાંઈ કર્યું નથી. ઠીક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે એમ છે. કહો, સમજમેં આયા?

'**પરમસમાધિકે બિના...**' ભગવાન આત્માકી અંતર દૃષ્ટિ નિર્વિકલ્પ અનુભવ બિના '**તપ ઔર શ્રુતસે ભી શુદ્ધાત્માકો નહીં દેખ સકતા.**' છેને? પાઠ હૈ કિ નહીં વહ? '**णवि देक्खइ सिउ संतु**' એનો અર્થ કર્યો. '**णवि देक्खइ सिउ संतु**' અનાદિ શાંત. શાંત માર્ગ અશાંત રાગસે પ્રાપ્ત હોતા હૈ? શાંત સ્વરૂપ વહ વિકલ્પ રાગસે પ્રાપ્ત હોતા હૈ? રાગ કારણ અને નિર્મળ પર્યાય કાર્ય.

મુમુક્ષુ :- શુભમાં શુદ્ધનો અંશ છે.

ઉત્તર :- ધૂળમાં અંશ નથી શુભમાં. એકીલા બંધકા સર્વથા કારણ હૈ. એય..! દેવીલાલજી! આહા..હા..!

મુમુક્ષુ :- પરંપરા મોક્ષકા કારણ હૈ.

ઉત્તર :- એમ? પરંપરા મોક્ષકા કારણ હૈ. કિસકો? આત્માકા ભાન હૈ, રાગકા નિષેધ હૈ ઉસકો ઐસા કહનેમેં આયા હૈ. અજ્ઞાનીકો નહીં.

મુમુક્ષુ :- ... પણ પરંપરા કારણ તો છેને?

ઉત્તર :- કારણ હૈ અનર્થકા. અનર્થકા કારણ. વહ આયેગા આપણે આમાં. પરંપરા કારણનું આવી ગયું છે. આપણે આવી ગયું. ઉસમેં આ ગયા ન? કલશટીકામેં. કલશટીકામેં આ ગયા ન. પરંપરા કોઈ કહતે થે ન. કહાં? મિથ્યાદૃષ્ટિ .. આયા થા. અહીં હશે અહીં. અહીં છે. પરંપરા કારણ માનતે હૈ કોઈ ઐસા. આ જુઓ આવ્યું. ૧૨૬ પાને હૈ. ૧૨૬ પાને. ઔર ૧૦વાં કળશ હૈ. નિર્જરાકા ૧૦વાં કળશ.

'**मोक्षोन्मुखैः**' '**मोक्ष**' '**સકલ કર્મક્ષય ઉસકી પરંપરા—આગે મોક્ષકા કારણ હોગી ઐસા ભ્રમ ઉત્પન્ન કરતા હૈ સો જૂઠા હૈ.**' શેઠી! પરંપરા કારણ હોગા. ભાઈ! કષાય મંદ કરો, શુભભાવ કરો, કરતે-કરતે પરંપરા (હો જાયેગા). દેખો! ઉન્મુખ હૈ ઉસકી વ્યાખ્યા કી હૈ. '**પરંપરા—આગે મોક્ષકા કારણ હોગી ઐસા ભ્રમ ઉત્પન્ન કરતા હૈ સો જૂઠા હૈ.**' ધૂલમેંસે રાગમેંસે પરંપરા કહાંસે હોતી હૈ? રાગ તો અનર્થકા કારણ, બંધકા કારણ હૈ. બંધકે કારણમેંસે મોક્ષકા કારણ ઉત્પન્ન હોતા હૈ? ભારે કઠણ!

મુમુક્ષુ :- એનાથી ઉત્પન્ન થાય.

ઉત્તર :- એ તો વ્યવહારના કથન હૈ કે ઉત્પન્ન થાય. એટલે ઉત્પન્ન થતા નથી અને નિમિત્ત હૈ તો કહનેમેં આયા હૈ. આવે શાસ્ત્રમાં લખાણ. લખાણના અર્થ ન સમજે તો ક્યા કરે? સમજમેં આયા?

કહતે હૈ '**પરંપરા મોક્ષકા સાધક હૈ.**' દેખો, '**તપ કરતા હૈ, ઔર જ્ઞાનકી પ્રાપ્તિકા ઉપાય જો જૈનશાસ્ત્ર ઉનકો પઢતા હૈ, તો પરંપરા મોક્ષકા સાધક હૈ.**' ક્યા કહા? કિ '**શુદ્ધાત્માકો ઉપાદેય જાનકર...**' દેખો, શુદ્ધાત્માકો ઉપાદેય... આદરણીય, શ્રદ્ધા, જ્ઞાન અને વહી આદરણીય હૈ. '**જ્ઞાનકા સાધક તપ કરતા હૈ,...**' ઉસમેં જો વિકલ્પ આતા હૈ જરી બાહરકા, તો નિમિત્તરૂપે વ્યવહાર સાધક કહનેમેં આતા હૈ. વહ સમ્યગ્દૃષ્ટિકો. સમજમેં આયા? ક્યા કહા દેખો ન. '**નિજ શુદ્ધાત્માકો ઉપાદેય જાનકર...**' સમ્યગ્દર્શન હુઆ. ભગવાન આત્મા સમાધિ નામ પરમશાંત આનંદરસ. આઠ વર્ષકી બાલિકાકો ભી સમ્યક્ હોતા હૈ તો શાંતિ દિખતી હૈ ઉસકો. ઉસમેં ક્યા હૈ? ઉંમરકી વિશેષ જરૂર નહીં. કોઈ શાસ્ત્રકી પઢનેકી બહુત જરૂર નહીં. ઔર આબરૂ બહુત હો તો ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ ઐસા હૈ? દુનિયા બહુત માને તો ઉસકો હોતા હૈ ઐસી બાત હૈ કોઈ? ઉસકે સાથ સંબંધ હૈ? બિલકુલ નહીં. સમજમેં આયા?

કહતે હૈ '**નિજ શુદ્ધાત્માકો ઉપાદેય જાનકર જ્ઞાનકા સાધક તપ કરતા હૈ,...**' નિમિત્તરૂપ હોં. '**ઔર જ્ઞાનકી પ્રાપ્તિકા ઉપાય...**' વ્યવહાર. '**જૈનશાસ્ત્ર ઉનકો પઢતા હૈ,...**' એ વ્યવહાર શાસ્ત્ર હોં વ્યવહાર જ્ઞાન. વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર સાધક વહ વિકલ્પ. '**પરંપરા મોક્ષકા સાધક...**' વ્યવહારસે કહનેમેં આતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો આદર તો ચિદાનંદ સ્વરૂપ ઉપર હૈ. નિર્વિકલ્પ શાંતરસ સમાધિ વહી આદરણીય હૈ. પણ જબ તક વીતરાગતા ન આયી, તબ તક ઐસા શાસ્ત્રકા પઢના, વિકલ્પ આદિ આતા હૈ તો ઉસકો પરંપરા કારણ કહતે હૈ. પરંપરા ક્યા? ઉસકા અભાવ કરકે કેવલજ્ઞાન લેગા. કહો, સમજમેં આયા?

'**ઔર જો આત્માકે શ્રદ્ધાન બિના...**' ભગવાન નિર્મલાનંદ નિર્વિકલ્પ દૃષ્ટિકે અનુભવ બિના. '**કાયક્લેશરૂપ તપ હી કરે,...**' કાયક્લેશરૂપ તપ હી કરે '**તથા શબ્દરૂપ હી શ્રુત પઢે, તો મોક્ષકા કારણ નહીં હૈ,...**' લ્યો! '**પુણ્યબંધકે કારણ હોતે હૈં.**' જુઓ, પાઠમેં હૈ. '**नो चेत् पुण्यबन्धकारणं तमेवेति।**' બસ, વહ આયા. સમજમેં આયા? આચાર્યો, દિગંબર સંતોકી હરેકકી એક હી કથની હૈ. કુંદકુંદાચાર્ય હો, નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી હો, કેવા? પૂજ્યપાદ સ્વામી ઈષ્ટોપદેશ હો. સબ ઉનકી કથનપદ્ધતિસે કોઈ વ્યવહારનયસે કથન હો, પણ આશય તો વ્યવહાર છેદકર નિશ્ચયમેં આના વહી સબકા આશય હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ... ઢગલા મોઢે કથન.

ઉત્તર :- આવેને વ્યવહારકા કથન આવે. શું કરે? જણાવવું છે તો શું કરે? સબ વ્યવહારકા

ફલ બંધન હૈ. સમજમેં આયા? હવે યહાં તો વ્યવહારમોક્ષમાર્ગ ઠહરાતે હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહી કહતે હૈ પરંપરા દેખો. પુણ્યબંધકા કારણ હૈ મિથ્યાદૃષ્ટિકો. જ્ઞાનીકો આત્માકા આદર હૈ ઉસકે લિયે વિકલ્પકો નિમિત્ત દેખકર પરંપરા સાધક કહનેમેં આયા હૈ. અભાવ કરે છે માટેને? અભાવ દૃષ્ટિમેં તો હૈ હી. સ્થિરતામેં જબ અભાવ કરેગા તબ પૂર્ણ હો જાયેગા. ઉસ અપેક્ષાસે વ્યવહાર સાધક કહા હૈ.

**'પુણ્યબંધકે કારણ...'** મિથ્યાદૃષ્ટિકો હૈ. જેને શુભભાવસે ધર્મ માને ઐસા મિથ્યાદૃષ્ટિકો પુણ્યબંધ એકીલા હોગા. દૂસરા કુછ હોતા નહીં.

મુમુક્ષુ :- મિથ્યાત્વસહિત બંધન થાય છે કે મિથ્યાત્વરહિત?

ઉત્તર :- મિથ્યાત્વ સાથે. એકલું મિથ્યાત્વ તો ઘાતિકર્મ મોટું .. પડતું હૈ. આ પુણ્યબંધ તો વેશકા પલટા હૈ. અઘાતિ તો વેશકા પલટા કરતે હૈ. મનુષ્યનો પલટીને સ્વર્ગનો દેવ એ તો ભેખ હૈ. પણ અંદર મિથ્યાત્વ પડા હૈ. રાગસે ધર્મ હૈ અને સ્વભાવકી દૃષ્ટિ નહીં તો સારા આત્માકા ભેષ તો ઉલટ હો ગયા અંદરમેં. જરી પુણ્ય હૈ તો બાહ્યકા ભેખ શરીર બળીયા જૈસા પુણ્ય મિલે અને ઐસા સ્વર્ગકા દેવ નવમી ગ્રૈવેયક (મિલે). ઉસમેં ક્યા આયા? વહાંસે ગિરકર 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફિર પીછો પટક્યો.' સમજમેં આયા? આત્માકા જ્ઞાન અને અનુભવ બિના 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફિર પીછો પટક્યો.' સમકિત બિન, આત્માકા જ્ઞાન બિના ઐસી ક્રિયા અનંત બાર હુઈ. પટક્યો ત્યાંથી મનુષ્ય હુઆ. મનુષ્ય હોકર, ઢોર હોકર જાય નરક-નિગોદમેં. આહા..હા..! દેવીલાલજી!

**'ઐસા હી પરમાનંદસ્તોત્રમેં કહા હૈ, કિ જો નિર્વિકલ્પ સમાધિ રહિત જીવ હૈં,...'** હૈ ન? "**आनन्दं ब्रह्मणो रुपं निजदेहे व्यवस्थितम्। ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम्।।**" પરમાનંદ સ્તોત્ર. નિર્વિકલ્પ સમાધિરહિત એ નેત્ર. વિકલ્પરહિત જ્ઞાનકી પર્યાયકે નેત્રસે ભગવાનકો અંતર દેખના, અનુભવના ઉસસે રહિત જીવ. **'વે આત્મસ્વરૂપકો નહીં દેખ સકતે. બ્રહ્મકા રૂપ આનંદ હૈ,...'** જુઓ, યહાં જ્ઞાન ન લિયા. આનંદ નયા પ્રગટ કરના હૈ ન. આમ બ્રહ્મનું અનંત ત્રિકાળ રૂપ તો આનંદ હૈ. આનંદરૂપ અતીન્દ્રિય આનંદકા પિંડ મૂર્તિ હૈ. અતીન્દ્રિય આનંદકી પૂતલી ભગવાન હૈ.

**'વહ બ્રહ્મ નિજ દેહમેં મૌજૂદ હૈ;...'** દેહમેં ભગવાન બિરાજતે હૈં. **'પરંતુ ધ્યાનસે રહિત...'** સ્વ સ્વલક્ષકી દૃષ્ટિકા સાવધાની બિના **'જીવ બ્રહ્મકો નહીં દેખ સકતે,...'** ભગવાન અપના નિજ સ્વરૂપકો દેખ સકતે નહીં. **'જૈસે જન્મકા અંધા...'** જૈસે જન્મકા અંધા **'સૂર્યકો નહીં દેખ સકતા હૈ.'** સૂર્ય તો હૈ, નહીં એમ નહીં, યે રહા. **'જન્મકા અંધા સૂર્યકો નહીં**

દેખ સકતા હૈ.' એમ ભગવાન તો યે રહા પૂર્ણાનંદ મૂર્તિ, આનંદમૂર્તિ એમ કહતે હૈં, પણ અંતર દૃષ્ટિ બિના વહ દેખ સકતા નહીં. માટે ક્રિયાકાંડસે .. ઉસસે પરંપરા પહલે ધર્મ હો વહ દૃષ્ટિ સબ ભ્રમ હૈ. અંતર્મુખ દૃષ્ટિ કરનેસે હી આત્માકા અનુભવ હોતા હૈ અને સ્થિરતા હોનેસે ચારિત્ર હોતા હૈ. તબ ઉસકી મુક્તિ હોતી હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૬, બુધવાર, તા. ૦૧-૦૯-૧૯૬૫**
**ગાથા- ૧૯૩-૧૯૪, પ્રવચન-૨૦૩**

(દૂસરા દિન) માર્દવ ધર્મકા. માર્દવ નામ કોમલતા અથવા ગર્વરહિતપના ઐસા રખના વહ માર્દવ ધર્મ હૈ. દસલક્ષણી પર્વમેં ચારિત્રકા દૂસરા પ્રકાર. યે ચારિત્રકે હી દસ ભેદ હૈં ઉત્તમ ક્ષમા આદિ. સમ્યગ્દર્શનસહિત આત્મામેં દસ પ્રકારકી શાંતિ આદિકા પ્રગટ કરના ઉસકા નામ દસલક્ષણી પર્વ, ધર્મ કહનેમેં આતા હૈ. માર્દવ ધર્મ (પદ્મનંદી પંચવિંશતિ).

धर्माङ्गमेतदिह मार्दवनामधेयं;
जात्यादिगर्वपरिहारमुशन्ति सन्तः।
तद्धार्यते किमुत, बोधदृशा समस्तं;
स्वप्नेन्द्रजालसदृशं, जगदीक्षमाणैः।।૮૭।।

અરે! સંત નામ ધર્માત્મા ઉત્તમ પુરુષોં. ક્યા કહતે હૈ દેખો! પદ્મનંદિ આચાર્ય જંગલવાસી દિગંબર સંત મુનિ. કહતે હૈં કિ અરે! ઉત્તમ પુરુષ! જાતિકા ગર્વ ક્યોં કરતે હો? જાતિકા ગર્વ ક્યોં કરે? ક્ષણમેં પલટ જાતી હૈ દેહ આદિકી સ્થિતિ. ગર્વ કિસકા કરના? યુવાન અવસ્થા દિખતે હૈ ક્ષણમેં જરાવસ્થા, વૃદ્ધાવસ્થા આદિ હોકર જીર્ણ હો જાતા હૈ. વહ કહતે હૈં નીચે હોં. જાતિકા ગર્વ નહીં કરતે, બલકા ગર્વ. શરીરકા બલ હો તો ક્ષણમેં નાશવાન હૈ. ધર્માત્મા ઉસકા અભિમાન-ગર્વ કરતે નહીં. કુલકા ગર્વ. અપના કુલ ઊંચા હો તો ઉસકા ગર્વ ધર્માત્મા

કરતે નહીં. અપના કુલ તો સિદ્ધ સમાન હૈ. બાહરકા કુલકા ક્યા ગર્વ કરના? કિ હમારા કુલ ઐસા હૈ, હમારી માતાકા કુલ જાતિ ઐસી હૈ. કહતે હૈ કિ જ્ઞાનકા ગર્વ. કોઈ ક્ષયોપશમ થોડા હુઆ હો, ઉસકા ક્યા ગર્વ કરના? જિસકો જ્ઞાનાદિકા અલ્પ ક્ષયોપશમકા ગર્વ હૈ ઉસકો આત્માકી પ્રતીતિ નહીં. આત્મા એક સમયમેં અનંત જ્ઞાનાદિકા ભંડાર ભરા હૈ. ઐસી જિસકો દૃષ્ટિ હો, ઉસકો જ્ઞાનકા અલ્પ ક્ષયોપશમકા અભિમાન અને ગર્વ હોતા નહીં. આદિ ગર્વોંકે ત્યાગકો ઉત્તમ પુરુષોં માર્દવધર્મ કહતે હૈ.

યહ ધર્મોંકા અંગભૂત હૈ. ધર્માંગ કહા ન? ધર્મનું એક અંગ છે, એક ભાગ છે, એક અવયવ છે, એક અંશ છે. ઈસલિયે જો મનુષ્ય અપની સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિસે સમસ્ત જગતકો સ્વપ્ન અને ઈન્દ્રજાલકે તુલ્ય દેખતે હૈ. સારા જગત સ્વપ્ન અને ઈન્દ્રજાલ સમાન હૈ. ક્ષણમેં પલટ જાતી હૈ સ્થિતિ, કિસકા ગર્વ કરના? ભગવાન આત્મા અનાદિ-અનંત સચ્ચિદાનંદ સ્વરૂપ ઉસકી દૃષ્ટિમેં પરકા ગર્વ કરનેકા અવસર હૈ હી નહીં. સમજમેં આયા? અવશ્ય હી ઈસ માર્દવ ધર્મ નામક ધર્મકો ધારણ કરતે હૈ. 'तद्धार्यते' છેને છેલ્લો શબ્દ? કહો, સમજમેં આયા? નિર્માન-નિર્માન. કિસકા માન કરના? મરી ગયો એકેન્દ્રિય જીવમાં મૂળામેં ગયા મફતમેં. મુલી-મુલી. મુલી કહતે હૈ ન? મુલી ઉસમેં મફતમેં ગયે. શાક લેનેકો આયે થે. ચાર આનાકા શાક લિયા, તો સાથમેં લડકી થી, પિતાજી! વહ મુલી દો. તો મુલી મફતમેં દે દિયા. ઉસમેં બૈઠા થા વહ. કિસકા અભિમાન કરના? આહા..હા..! માર્દવ-કોમલતા.. ભગવાન આત્મા અનંત-અનંત શાંત ગુણસ્વરૂપ હૈ ઈસકી દૃષ્ટિ આગળ દૂસરાકા ગર્વ અને અભિમાન ક્યા કરના? દૂસરા શ્લોક.

कास्था सद्मनि सुन्दरेऽपि परितो, दन्दह्यमानेऽग्निभिः;
कायादौ तु जरादिभिः प्रतिदिनं, गच्छत्यवस्थान्तरम्।
इत्याऽऽलोचयते हृदि प्रशमिनः, शश्वद्विवेकोज्ज्वले;
गर्वस्याऽवसरः कुतोऽत्र घटते, भावेषु सर्वेष्वपि।।८८।।

જુઓ, મુનિ આચાર્ય મહા દિગંબર સંત ધર્માત્મા અલ્પભવી એકાદ ભવ કરીને મોક્ષ જાનેકી લાયકાત હૈ ઐસે સંત કહતે હૈં, અરે જીવ! અત્યંત મનોરમ કોઈ મકાન હો, ઉસકે ચારોં ઓર અગ્નિ જલ રહી હૈ. '**कास्था सद्मनि सुन्दरेऽपि परितो, दन्दह्यमानेऽग्निभिः**'. બડા મકાન હોય, પણ ચારે બાજુ અગ્નિ લગી હો, તો ઉસકી ક્યા આસ્થા? ક્યા વિશ્વાસ? કિતના કાલ વહ ટકેગા? સમજમેં આયા? ઐસે ઘરકે બચનેમેં જિસ પ્રકાર અંશમાત્ર ભી આશા નહીં. સુંદર ઘર, ચારોં બાજુસે અગ્નિ જલ ગયી હો ઉસ મકાનકી બચનેકી આશા ક્યા?

ઐસે શરીર. આ શરીરરૂપી ખંડેર. ખંડેર કહતે હૈ? ખંડેર. ખંડેર જૈસા શરીર હૈ. ક્યા હૈ શરીરમેં? ચારે કોર જરા-વૃદ્ધાવસ્થાદિસે અગ્નિ જલ રહી હૈ. ક્ષણમેં એં...એં..એં.. ઐસા હો

જાયે. ક્યા ડોક્ટર! રખ સકતે હૈ કિ નહીં ઈંજેક્શનસે? કહતે હૈ, જૈસા વહ મકાન ચારોં બાજુસે અગ્નિ જલતી હો, વહ મકાનકી ક્યા આસ્થા? ક્યા વિશ્વાસ? ક્યા રુચિ? ઐસે યે શરીર. દૂસરી ચીજકી ક્યા બાત? એમ કહતે હૈ યહાં તો માર્દવમેં. દૂસરી ચીજ તો ક્યા હૈ? પણ આ શરીર ખંડ્હર સમાન, વૃદ્ધાવસ્થાકર સહિત પ્રતિદિન એક અવસ્થાસે છોડકર દૂસરી અવસ્થા ધારણ કરતે હૈ. આંખ પલટ જાતી હૈ, દાંત ખલાસ હોતા હૈ, નાક ઐસા હો જાતા હૈ. શરીર જીર્ણ હો. યે અગ્નિ લગી હૈ વૃદ્ધાવસ્થાકી. શરીરમેં જીર્ણતા (હુઈ), કિસકા ગર્વ કરના? દૂસરી ચીજ તો કહાં રહી? પણ શરીરકો ચારે કોર વૃદ્ધાવસ્થા અને કાલકી અગ્નિ લગી હૈ. દૂસરી અવસ્થાકો ધારણ કરતા હૈ.

યહ શરીર સદાકાલ રહેગા ઈસકા વિશ્વાસ કૈસે હો સકતા હૈ? દૂસરી ચીજકી તો બાત ક્યા? પોપટભાઈ! પૈસા, બાયડી, છ-છ છોકરા આ બધું. લડકા-લડકા કહતે હૈ તુમ્હારે. આ બધું ઓહો..હો..! ભર્યા ભંડાર. ક્યા હૈ? શરીર ભી નાશવાન એક ક્ષણમેં. ક્યા હુઆ? ખબર ન પડી. અંદરમેં હાર્ટ ફેઈલ હો ગયા. એ શરીરમેં ચારે કોર કાળ અને વૃદ્ધાવસ્થાકી અગ્નિ લગી હૈ. ક્યા વિશ્વાસ શરીરકા? તો દૂસરી ચીજકા તો ક્યા અભિમાન કરના? શેઠ! ઓહો..હો..!

'ઈસપ્રકાર નિરંતર વિવેકસે અપને નિર્મલ હૃદયમેં વિચાર કરને પર ધર્માત્મા સમસ્ત પદાર્થોંમેં...' દેખો, સમસ્ત ભાવો. એક શરીરકા દૃષ્ટાંત દિયા. આદિ નાશવાન ક્ષણમેં વમન હો જાતા હૈ, ઉલટી હો જાતી હૈ, ઐસી કૃમિયાં પડ જાતા હૈ, નાકમેં ઈયળું પડ જાતી હૈ. ઐસે કાઢતે તો ઈયળું. ઈયળું સમજે? કીડા. ઝીણા-ઝીણા કીડા પડ જાતા હૈ યહાં માથામેં. ચંદુભાઈ! આહા..હા..! ઐસા શરીર ભી અવસ્થાંતર ક્ષણ ક્ષણમેં હોતા હૈ. કિસકા ગર્વ કરના હૈ તુઝે? પૈસાકા? આબરૂકા? કીર્તિકા? ધૂળમેં ભી નહીં તેરી ચીજ. શોભાલાલજી! આહા..હા..!

કહતે હૈ, ધર્માત્મા નિરંતર પરસે ભિન્ન ઐસા વિવેક કર નિર્મલ હૃદયમેં વિચાર કરનેવાલે, (ઉન્હેં) સમસ્ત પદાર્થમેં અભિમાન કરનેકે લિયે અવસર હી નહીં મિલ સકતા. કિસકા અભિમાન કરના? મૈં ભાષામેં ઐસા હૂં, સૂત્રમેં ઐસા હૂં, મેરી આબરૂ બડી હૈ, મેરા મકાન બડા હૈ. હામ-દામ-ઠામ. કહતે હૈ કિ નહીં? હામ, દામ અને ઠામ હમારે પાસ સબ હૈં. હામ નામ હિંમત હૈ, દામ નામ પૈસા હૈ, ઠામ નામ ઠેકાણા. મકાન બહુત હૈ. શોભાલાલજી! મકાન બહુત હૈ તુમ્હારે વહાં સાગરમેં. હામ-દામ ને ઠામ, કિસકા પણ? શરીરમેં અગ્નિ લગી હૈ યહાં. ક્ષણમેં હો જાતી હૈ. યુવાન અવસ્થામેં ધોળા વાળ હો જાતા હૈ. ધોળા કહતે હૈ ન? સફેદ બાલ હો જાતા હૈ. દાંત ગિર જાતે હૈં, આંખ ઐસી હો જાતી હૈ. કિસકા (ગર્વ) કરના? ધર્માત્મા વિવેકસે કામ લેકર અપને નિર્મલ હૃદયમેં સમસ્ત પદાર્થકા અભિમાન છોડકર સદાય ઐસા હી આત્માકા વિચાર આદિ ધ્યાન કરના, ઉસકા નામ માર્દવ ધર્મ કહનેમેં આતા હૈ. વહ માર્દવ

ધર્મ દૂસરા હૈ ન આજ?

હવે આપણે ભાઈ અહીંયાં ૧૯૩ આવ્યું છે કે નહિ? ૧૯૩. થોડો શબ્દાર્થ થયો છે. પરમાત્મપ્રકાશ, ૧૯૩ ગાથા, દૂસરે અધ્યાયકી આખિરકી. થોડા શબ્દાર્થ લિયા હૈ. અધિકાર જરી શાંતકા ઉંચા હૈ, પણ જરી સમજના તો પડેગા કિ નહીં? બિનસમજે કલ્યાણ નહીં હોગા. **'આગે પરમસમાધિકી મહિમા કહતે હૈં—'** યોગીન્દ્રદેવ એક મુનિ હુએ. દિગંબર સંત જંગલવાસી ૯૦૦ વર્ષ પહલે લગભગમેં, વનવાસમેં રહતે થે. મુનિઓં તો વનવાસમેં રહતે થે દિગંબર મુનિઓ અનાદિસે. વે ગાંવમેં આતે નહીં. ગાંવમેં ભોજન માટે આવો, થોડી વસ્તિ આદિ હો, મંદિરમેં હો થોડા. બાકી વનમેં હી રહતે હૈ. જહાં સજ્જનકા પગરવ ન હો. પગરવ એટલે? આવ-જાવ ન હો. સમજે? આવ-જાવ જહાં ન હો ઐસે જંગલમેં એકીલા રહતે થે. ઐસે યોગીન્દ્રદેવ જગતકો કહતે હૈ કિ અરે આત્મા! તેરે આત્મામેં શાંતિ, સમાધિ પડી હૈ. આહા..હા..! પરમાત્મપ્રકાશ નામ હૈ. આ પુસ્તકકા નામ પરમાત્મપ્રકાશ. તો કહતે હૈ કિ તેરા સ્વરૂપ હી પરમાત્મા હૈ. સમજમેં આયા? તેરા દ્રવ્ય-દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય અર્થાત્ પદાર્થ પરમાત્મા હી હૈ. ઈસકા શાંતિસે એકાગ્ર હોકર આત્મધ્યાન કરના ઉસકા નામ મોક્ષમાર્ગ અને ઉસકો સમાધિ કહનેમેં આતા હૈ. આ સમાધિ લોકો કહતે હૈ ન બાવા ને બાવા ઐસે, વહ સમાધિ નહીં. અપના આનંદસ્વરૂપ ભગવાન.. વહ યહાં કહેગા દેખો. ૧૯૩.

**३२४) परम-समाहि धरेवि मुणि जे परबंभु ण जंति।**
**ते भव-दुक्खइँ बहुविहइँ कालु अणंतु सहंति।।१९३।।**

**'જો કોઈ મુનિ...'** નામ ધરાકર **'પરમસમાધિકો ધારણ કરકે...'** અર્થાત્ મૌન ધારણ કરકે ઐસા વિચાર બંધ કર દે ઔર વિકલ્પ ભી છોડ દો... છોડ દો... છોડ દો... ઐસા કહે. અમરચંદજી! દેખો, ક્યા કહતે હૈ? અભી બહુત ચલતા હૈ ઐસા. ઉસસે યહાં વિરુદ્ધ કહતે હૈ. બહુત ઐસા કહતે હૈ કિ ભાઈ! વિકલ્પ છોડ દો. વિકલ્પ છોડ દો, પણ વસ્તુ ક્યા હૈ? વસ્તુ ક્યા હૈ? ઉસકા ક્ષેત્ર કિતના હૈ? ઉસકા ભાવ કિતના હૈ? ઉસકા સામર્થ્ય કિતના હૈ? ઉસકી પર્યાયમેં વર્તમાન અવસ્થામેં હૈ ક્યા? ઐસે સમજે બિના વિકલ્પ છોડ દો, વિકલ્પ છોડ દો. પણ ક્યા વિકલ્પ છોડે? એય..! અસ્તિ. વિકલ્પ છોડના તો નાસ્તિ હુઈ. પણ અસ્તિ પદાર્થ ક્યા હૈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જિસને એક સમયમેં આત્મા પૂર્ણ જૈસા દેખા, ઐસા આત્મા અસ્તિત્વ સત્તાકી દૃષ્ટિમેં ન આવે, તબતક ઉસકો વિકલ્પકા અભાવ કભી હોતા નહીં.

દેખો, **'જો કોઈ મુનિ પરમસમાધિકો ધારણ કરકે...'** અર્થાત્? નિર્વિકલ્પ હોઉંગા, નિર્વિકલ્પ હોઉંગા. ... **'નિજ દેહમેં ઠહરે હુએ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ નિજ આત્માકો...'**

દેખો, ક્યા કહતે હૈ? કિ ઈસ દેહમેં બિરાજમાન. પાછા સર્વવ્યાપક નહીં. સમજમેં આયા? આત્મા સર્વવ્યાપક હૈ... સર્વવ્યાપક હૈ. વહ આત્માકો જાનતે હી નહીં. નવરંગભાઈ! નવનીતભાઈ! ક્યાં ગયા નવરંગભાઈ? આ ગાથા આપણે પહેલી આવી હતી ભાઈ! આ થોડું આટલું વાંચ્યું હતું. પરમબ્રહ્મ '**નિજ દેહમેં ઠહરે હુએ...**' ક્યા કહતે હૈ? આ દેહ હૈ માટીકા પિંડ ઉસમેં ઠહરા હુઆ ભગવાન આત્મા યહાં હૈ. યે આત્મા સર્વવ્યાપક નહીં હૈ અને સર્વ એક હી હૈ ઐસા નહીં હૈ. તો યે આત્મા એક તો પહલે નિજ દેહમેં ઠહરા હુઆ વો સિદ્ધ કરકે ઉસકા ક્ષેત્ર સિદ્ધ કિયા. પંડિતજી! ક્ષેત્ર સિદ્ધ કિયા. ક્ષેત્ર કિતના હૈ ઉસકા? વિકલ્પ (છોડો), ક્યા વિકલ્પ છોડે? ક્ષેત્ર અપના ઈતના હૈ. શરીર પ્રમાણે આત્માકા ક્ષેત્ર હૈ. નહીં કિ આત્મા સર્વવ્યાપક હોકર એક હી હૈ. ઐસા માનકર આત્માકી બાત કરે વહ ભી મૂઢ અને મિથ્યાદૃષ્ટિ હૈ એમ બતાતે હૈ. સમજમેં આયા?

કહતે હૈ '**નિજ દેહમેં...**' પરમબ્રહ્મ ભગવાન. એક વાત. દૂસરી? '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ નિજ આત્માકો...**' જુઓ, અંદર ટીકામાં છે ભાઈ ઈ. '**परब्रह्मशब्दवाच्यं निजदेहस्थं**' શબ્દમાં છે, સંસ્કૃતમાં છે. ટીકાની બીજી લીટી. એનો અર્થ વહ હૈ કિ અપના યે ભગવાન આત્મા દેહમેં, દેહસે ભિન્ન સ્થ હૈ—દેહસે ભિન્ન રહા હૈ. યે આત્મા સર્વ દેહમેં એક હૈ ઐસા માનકર કોઈ વિકલ્પ છોડના ચાહે, કભી છૂટતા નહીં. વો મિથ્યાત્વ ઘૂંટતે હૈ. મિથ્યાત્વભાવકો ઘૂંટતે હૈ આત્માકી બાત કરતે હૈ તોપણ. સમજમેં આયા?

એક તો ઉસકા નિર્ણય પહલે ઐસા કહા કિ '**निजदेहस्थं**' એક વાત. દૂસરા. '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...**' આત્મામેં અનંત ગુણ હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલઆનંદ, કેવલવીર્ય, સ્વચ્છતા, પ્રભુતા ઐસી એક દ્રવ્યમેં—એક વસ્તુમેં અનંત શક્તિયાં હૈ, અનંત શક્તિ હૈ. એક હી આત્મા અને એક હી શક્તિ ઐસા નહીં. સમજમેં આયા? '**કેવલજ્ઞાનાદિ...**' હૈ ન? સંસ્કૃતમેં ભી હૈ. '**केवलज्ञानाद्यनन्तगुणस्वभावं परमात्मस्वरुपम्।**' મૈં હી અનંત જ્ઞાન, બેહદ જ્ઞાન, બેહદ અપરિમિત દર્શન, આનંદ ઐસા અનંત ગુણરૂપ મૈં આત્મા હૂં. ઐસા અસ્તિરૂપ પહલે જ્ઞાનમેં લિયે બિના સ્વભાવ સન્મુખકા ઝુકાવ હોતા નહીં અને સ્વભાવ સન્મુખ ઝુકે બિના વિકલ્પ ટૂટતા નહીં. સમજમેં આયા? અત્યારે આત્માકી બાત નિકલી તો હવે આત્મા-આત્મા બહુત ચલતા હૈ કિ વહ ભી આત્મા કહતે હૈ, વહ ભી આત્મા કહતે હૈ. બહુત ચલતી હૈ હવે ચારે બાજુ. પણ આત્મા કિસકો કહના? હૈ કૈસા? કહાં હૈ? કિતની શક્તિ હૈ? ઉસમેં અવસ્થા (ક્યા હૈ યહ તો જાના નહીં).

એક વાત કે વસ્તુ,.. જ્યારે કોઈ એમ કહે કે હમારે વિકલ્પ છોડ દેના (હૈ). તો ઉસકી અવસ્થા હૈ કિ નહીં? ઉસકી કોઈ પર્યાય હૈ કિ નહીં? બદલનેકી લાયકાતવાળી અવસ્થા હૈ

કિ નહીં? અને અવસ્થા હૈ તો કિસકી? ગુણ અને દ્રવ્યકી. તો દ્રવ્ય અને ગુણ ત્રિકાલ... અનંત ગુણવાલા દ્રવ્ય એક હૈ, ગુણ અનંત હૈ ઉસકી અવસ્થા હૈ. તો તીન હો ગયા. દ્રવ્ય, ગુણ અને પર્યાય. તો દ્રવ્ય-ગુણ-પર્યાયકા જિસકો નક્કી નહીં, ઉસકો કભી આત્માકી શ્રદ્ધા સચ્ચી હોતી નહીં. સમજમેં આયા? ઐસે તો આત્મા બહુત કહતે હૈં, આત્મા-આત્મા, પણ ક્યા આત્મા-આત્મા? શૂન્ય નિકલેગા, જડ હો જાયેગા.

યહાં આચાર્ય મહારાજ પરમાત્મપ્રકાશ (કહતે હૈં). તેરા આત્મા યહાં હૈ. દૂસરેકા આત્મા વહાં હૈ. અનંત આત્મા દેહમેં બિરાજમાન હૈ. સબ હોકર એક આત્મા નહીં અને એક આત્મામેં એક હી ગુણ હૈ ઐસા નહીં. વસ્તુ એક હૈ તો ગુણ એક હૈ ઐસા નહીં. વસ્તુ એક હૈ, ગુણ અનંત હૈ. ઔર અનંત ગુણ હોતે છતે શરીરકે ક્ષેત્રમેં બિરાજમાન યહાં હી હૈ. ક્યોં? કિ જિસકા ધ્યાન કરના હૈ તો ઐસા કરતે હૈ, ઐસા નહીં કરતે હૈ. તો જિતના ક્ષેત્રમેં હૈ ઉતનેમેં એકાગ્ર હોના ચાહતા હૈ. સમજમેં આયા? અમરચંદભાઈ! યહાં ક્ષેત્ર હૈ. કોઈ દૂસરી બાત કરે તો વહ વસ્તુકો સમજતા નહીં. યહાં આત્મા ઔર યહાં અનંતગુણ. ઉસમેં એકાગ્ર હોતા હૈ ઉસકા અર્થ ક્યા હુઆ? કિ અંતરમેં એકાગ્ર હો. તો પર્યાયમેં, અવસ્થામેં વિકલ્પ હૈ, રાગ હૈ, વિકાર હૈ ઐસા સિદ્ધ કિયા. ઔર વો વિકારકો છોડકર અંદર ગુણ-દ્રવ્યમેં એકાગ્ર હોના, તો પર્યાયકા પલટના હોતા હૈ. વિકાર પલટકર નિર્વિકારી દશા સ્વભાવકે આશ્રયસે હોતી હૈ. ઈતના ઉસકો નિર્ણય કરના ચાહિયે. સમજમેં આયા? દ્રવ્ય વસ્તુ, ક્ષેત્ર શરીર પ્રમાણ, ગુણ અનંત, પર્યાય રાગવાલી. પર્યાયમેં વિકાર હૈ, અવસ્થામેં વિકાર હૈ ઔર વિકારમેં નિમિત્ત કર્મ ભી દૂસરી ચીજ હૈ. યે સબ હૈ. ઈતના સબ નિર્ણય કરને પર ભી અંતરમેં જબ તક દૃષ્ટિ ન લગાવે, તબ તક વિકલ્પ છૂટતે નહીં. સમજમેં આયા?

ઐસા પરમાત્મપ્રકાશ યોગીન્દ્રદેવ.. સર્વજ્ઞદેવ અનુસારી જો વાણી ઔર ભાવ અનાદિસે ચલા આતા હૈ, વહ સર્વજ્ઞદેવ અનુસારી પરમાત્મપ્રકાશ બનાયા હૈ. સમજમેં આયા? ભગવાન! તુમ પરમાત્મા હૈ. જો તેરી શક્તિમેં પરમાત્મા ન હો તો પર્યાયમેં પ્રગટ પરમાત્મા આયેગા કહાંસે? કેવલજ્ઞાન જબ હોગા યે કેવલજ્ઞાનરૂપી પરમાત્મદશા તેરી શક્તિમેં ન હો તો પ્રગટરૂપ આયેગા કહાંસે? બાહરસે આતી હૈ ચીજ? સમજમેં આયા? ઔર ઈતને ક્ષેત્રમેં હી તુમ હો.

અનંતગુણ સંપન્ન દ્રવ્ય એક, પર્યાય અનંત અનંતગુણકી. ઉસમેં જો વિકલ્પ આદિ ઉઠતે હૈ વહ પર્યાય હૈ, વિકારી દશા હૈ, વિભાવભાવ હૈ, ઉપાધિ મલિન દશા હૈ ઐસા નક્કી કરના ચાહિયે. યે આસ્રવતત્ત્વ હૈ, આત્મા જ્ઞાયકતત્ત્વ હૈ. આસ્રવતત્ત્વમેં નિમિત્તરૂપ કર્મતત્ત્વ ભી હૈ. ઐસા સબ નિર્ણય કરનેસે તેથી આચાર્યોને 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' કહા હૈ. એકીલા આત્મા નહીં. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. જીવ-અજીવ દો દ્રવ્ય હૈ, આસ્રવ,

બંધ, સંવર, નિર્જરા, મોક્ષ પાંચ પર્યાય હૈ. સમજમેં આયા? તો અપની પર્યાયમેં સાધારણ પ્રાણી તો એમ કહે કિ હમેં દોષ નિકાલના હૈ અથવા નિર્દોષ હોના હૈ. તો નિર્દોષ હોના હૈ ઉસમેં ઈતની બાત સિદ્ધ પહલી હોગી કિ નિર્દોષ હોના હૈ તો ઉસકી પર્યાયમેં સદોષતા હૈ. પંડિતજી! પર્યાયમેં સદોષતા હૈ. જો ન હો તો નિર્દોષતા હોના ઐસી ભાવના હો સકે નહીં.

દૂસરી બાત કિ સદોષતા હૈ વહ કાયમકી નહીં. કાયમકી હોય તો ટાલનેકા ભાવ હોતા નહીં. તો સદોષ હૈ વહ ક્ષણિક હૈ અર્થાત્ વહ પર્યાય હૈ. કાયમકી ચીજ નહીં. તો કાયમકી ચીજ દૂસરી હૈ દ્રવ્ય અને ગુણ. જો સદોષતા ટલકર નિર્દોષતા લાના હૈ, વહ નિર્દોષતા સદોષતા ટલનેમેંસે નહીં આતી હૈ, એ નિર્દોષતા દ્રવ્ય-ગુણમેંસે આતી હૈ. તો દ્રવ્ય, ગુણ નિત્ય હૈ નિર્દોષકા ભંડાર. પર્યાયમેં નિર્દોષતા લાના હૈ, સદોષતા ટાલના હૈ, દ્રવ્ય-ગુણ-પર્યાય તીન સિદ્ધ હો ગયે. સમજમેં આયા? સર્વજ્ઞ ભગવાનને કહા હૈ, કોઈ બનાયા નહીં ભગવાનને. યે તો હૈ ઐસી બાત સિદ્ધ કિયા હૈ. હૈ ઐસી હૈ. દેખો. નિશ્ચય કરો, અનુભવ કરો અંદરમેં. સમજમેં આયા?

તો કહતે હૈ, ભગવાન આત્મા.. જુઓ, સાત તત્ત્વકી શ્રદ્ધા હો ગયી ઉસમેં. દ્રવ્ય હૈ, આત્મા જ્ઞાયક, અનંત ગુણકા પિંડ જ્ઞાયક. આસ્રવ હૈ, પુણ્ય-પાપકા ભાવ આસ્રવ પર્યાયમેં. ભાવબંધ હૈ વહ રુકા ઈતના ભાવબંધ હૈ. વહ ભાવબંધ અને આસ્રવકે સામને એક કર્મ હૈ તો વહ અજીવ હૈ. તો અજીવ, જ્ઞાયક જીવ, આસ્રવ, બંધ ઐસા નિશ્ચય હો ગયા. જબ વહ આસ્રવ-બંધકી રુચિ છોડકર પલટનેકી તાકાત હૈ, પર્યાય હૈ, પરિણમન હૈ, પરિણમન હૈ. વસ્તુ ધ્રુવ હૈ, પર્યાય પરિણમતી હૈ. તો પરિણમતી હૈ તો આસ્રવ પર્યાયકી રુચિ છોડકર, જ્ઞાયકસ્વભાવકી રુચિ-દૃષ્ટિ કરનેસે પર્યાયમેં નિર્દોષતા નામ સંવર અને નિર્જરા પ્રગટ હોતી હૈ. નિર્દોષતા નામ સંવર અને નિર્જરા પ્રગટ હોતી હૈ, પૂર્ણ નિર્દોષતા પ્રગટ હોતી હૈ ઉસકો મોક્ષ કહતે હૈ. સાતોં તત્ત્વ આ ગયે. સમજમેં આયા? ઐસી તત્ત્વકી શ્રદ્ધા બિના આત્માકા ધ્યાન કરે, આમ કરે (તો) થોથા નિકલેગા એમ કહતે હૈ.

એ માટે તો કહ્યું ભાઈ! **'परमसमाधिं धृत्वा'** કહ્યું છેને? ધારીને બેઠો છે. મૌન હોકર. પણ ક્યા મૌન? હજી વસ્તુ ક્યા હૈ, દ્રવ્ય ક્યા હૈ? ગુણ ક્યા હૈ? પર્યાયમેં ક્યા હૈ? વહ પર્યાય પલટતી હૈ, દ્રવ્ય ત્રિકાલ ધ્રુવ રહતા હૈ. સાત તત્ત્વકી જૈસી ચીજ ભગવાનને કહી ઐસી અંતરમેં યે વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. હૈ ઐસી પ્રતીત કિયે બિના પર્યાયકો બદલકર અંતર્મુખ-અંતરમેં જાના, વહ પલટતી પર્યાયકો ન માને, ધ્રુવ એકીલા માને તો પર્યાય તો પલટતી હૈ વહ તો ન માના, તો કાર્ય કિસમેં લાના હૈ? કાર્ય તો પર્યાયમેં લાના હૈ. સમજમેં આયા? તો પલટતી પર્યાય.. પર્યાય ન માને. તો પર્યાય ક્યા માનતે હૈ? આત્મા-આત્મા તો બહુત

કરતે હૈ. સમજમેં આયા?

તો આચાર્ય મહારાજ કહતે હૈં કિ '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ નિજ આત્માકો નહીં જાનતે હૈં,...**' દેખો, આમ લગાકર ઐસે (મૌન હોકર બૈઠે), પણ વસ્તુ એકરૂપ દ્રવ્ય, અનંતગુણરૂપ શક્તિ. પર્યાયમેં? વિકાર, દેહસ્થ-(સ્થિત) હુઆ. વો પર્યાયમેં વિકાર હૈ. સાતોં તત્ત્વ નક્કી હો ગયે. વિકાર આસ્રવ-બંધ, વો વિકારકા લક્ષ પર ઉપર જાતા હૈ તો અજીવ ઔર શરીરમેં રહા તો શરીર ભી અજીવ, અપના સ્વરૂપ જ્ઞાયકભાવ ઔર આસ્રવ-બંધકી પર્યાયસે હટકર પર્યાય પલટતી હૈ, ક્ષણિક હૈ. નિર્દોષતા લા સકતા હૈ. નિર્દોષતા અંદરમેં પડી હૈ. તો પર્યાયમેં સદોષતા જાનેસે નિર્દોષતાકા ઉત્પાદ હોતા હૈ, સદોષકા વ્યય હોતા હૈ. ધ્રુવમેં નિર્દોષતા કાયમ પડી હૈ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ હો ગયા. સમજમેં આયા? આહા..હા..! ઐસી ચીજ જ્ઞાનમેં આયે બિના ઉસકા વિકલ્પ કભી ટૂટતા નહીં. કહીં ભી જો વિરોધ રહ ગયા કિ કર્મ હૈ તો ઉસકો વિકાર હુઆ, તો વિરુદ્ધ હો ગયા. કર્મ તો અજીવ હૈ. વિકાર આસ્રવ-બંધ તત્ત્વ હૈ. એક તત્ત્વ દૂસરેસે હોતા હૈ તો સાત તત્ત્વ રહતે નહીં. સમજમેં આયા? અજીવ અજીવપણે હૈ. આસ્રવ-બંધ આસ્રવપણે હૈ ભાવબંધ. જ્ઞાયક-જ્ઞાયકપણે હૈ. એક તત્ત્વસે દૂસરા હો તો સાત તત્ત્વ સિદ્ધ નહીં હોતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, સબ વિરોધ હો જાયેગા. તેરી દૃષ્ટિ તત્ત્વકી હોગી નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં માનતે. સદોષતા નહીં હૈ? આહા..હા..! સદોષતા ન હો તો કહાંસે નિકાલના કિસકો? પણ વહ સદોષતા કર્મસે માને તો વહ સચ્ચી કહતે હૈ. ઐસા હૈ હી નહીં. સદોષતા અપનેસે હૈ. પર્યાયમેં સદોષતા અપનેસે હૈ, નિમિત્ત કર્મમાત્ર હૈ. વસ્તુ નિર્દોષ ત્રિકાલ પડી હૈ. સમજમેં આયા? સમજે નહીં, એકેય તત્ત્વની ખબર નહીં અને પછી કરો ધર્મ કરો. કહાંસે ધર્મ કરેગા? ધર્મ તો પર્યાય હૈ, ધર્મ તો પર્યાય હૈ. તો પર્યાય કહાંસે આયેગી? અધર્મપર્યાય ઉસકી પર્યાયમેં હૈ ઉસકા વ્યય કરકે ધર્મકી પર્યાયકા ઉત્પાદ કરના હૈ. તો ઉત્પાદ કહાંસે આયેગા? જો અંદરમેં શુદ્ધતા અને નિર્દોષતા ન હો (તો) બાહરસે નહીં આયેગી કભી. ક્યોંકિ પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ, હૈ ઉસમેંસે મિલતી હૈ, ન હો ઉસમેંસે નિકલતી નહીં. સમજમેં આયા? આહા..હા..! દ્રવ્ય, ગુણ શુદ્ધ હૈ પણ પર્યાયમેં અશુદ્ધતા ન હો તો લાવો આનંદ. પ્રગટ આનંદ હોના ચાહિયે. સદોષતા વહી દુઃખ હૈ. વો દુઃખકે ટાલનેમેં, ક્યોંકિ દુઃખકી અવસ્થા પલટ સકતી હૈ. ક્યોંકિ વહ કાયમકી ચીજ નહીં. આનંદ કાયમકા હૈ, શુદ્ધ કાયમકા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહા ન ઉત્પાદ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. સદોષતા... સદોષતાકા વ્યય-નાશ. સદોષતા

થી ઉસકા અભાવ હો ગયા, વહ વ્યય. નિર્દોષતા ઉત્પન્ન હુઈ ઔર કાયમ નિર્દોષતા ટીક રહી હૈ ધ્રુવમેં. પર્યાયમેં પ્રગટ હુઈ પણ ધ્રુવતા તો કાયમ હૈ. અંદરમેં ધ્રુવ નિર્દોષતા કાયમ ન હો તો નિર્દોષતા આવે કહાંસે? નિર્દોષ સ્વભાવ કાયમ રહકર પર્યાયમેં સદોષતાકા નાશ હોકર, પર્યાયમેં નિર્દોષતાકે અવલંબનસે નિર્દોષતા પ્રગટ હોતી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યે તો વસ્તુ ઐસી હૈ. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય યે તો વસ્તુકા સ્વરૂપ હૈ. ઐસી ચીજ સમજે બિના ધ્યાન કરે... ધ્યાન કરે... ક્યા ધૂળના ધ્યાન કરે? સસલાના શિંગડા જૈસા ધ્યાન હોગા. સસલા સમજે? ખરગોશ. ખરગોશકો શિંગ હોતા નહીં, ઐસે તેરા ધ્યાનમેં કોઈ આનંદ આતા નહીં. આહા..હા..!

ભગવાન આત્મા... એક હી બાત કોઈ કહતે હૈ કિ, ભાઈ! ધ્યાન કરો. તો ઉસકા અર્થ ક્યા હુઆ? કિ ઉસકી પર્યાયમેં દોષ તો હૈ. હવે દોષ હૈ ઉસકો ટાલના હૈ તો ધ્યાન કરો. તો દોષ ટલતા હૈ વહ ક્યા ચીજ હૈ? અને દોષ જાતા હૈ તો કહાં ગયા એ પહલે નક્કી કરો, લો. દોષ ગયા તો કહાં ગયા? ચલા ગયા? કહાં ગયા વહ? સત્ થા. સૂક્ષ્મ બાત હૈ. વો દોષ ભી ગયા અંદર દ્રવ્યમેં ચલા ગયા હૈ. સૂક્ષ્મ બાત હૈ જરી. એય..! શશીભાઈ! આહા..હા..! કહતે હૈ. પાનીકા તરંગ જૈસે પાનીમેં ડુબત હૈ, ઐસા આતા હૈ કિ નહીં? આપણે બંધકા અધિકારમેં. ગુડુપ હૈ. બંધ અધિકાર આપણે ચલતા હૈ ન? ઉસમેં વહ લિયા હૈ ઉન્હોંને. આચાર્યને, શાસ્ત્રકારને બહુત ટૂંકામેં સબ બાત લી હૈ. સમજે? બંધમેં હૈ, પહલે લિયા હૈ.

'પાનીકી તરંગ જૈસે પાનીમેં ગુડુપ હૈ.' તરંગ ઉઠતી હૈ પાનીમેં, પણ તરંગ જાતી હૈ કહાં? અંદરમેં. ગુડુપ હો જાતી હૈ. નહિતર. નહિતર ક્યા કહતે હૈ? નહીં તો. ભાઈ! બધી ભાષા નહીં આતી તમારી. આત્મા દ્રવ્ય હૈ. દેખો, ઉસકા અનંતગુણ હૈ ઔર ઉસકી અનંતી પર્યાય હૈ એક સમયમેં. ગુણકી અનંતી પર્યાય, વો એક સમયમેં હૈ વહ ચલી જાતી હૈ. કહાં ગયી? અદ્ધરસે ઉડ ગયી? અદ્ધરસે ઉડ (જાયે) તો સબ પર્યાય ઉડ ગયી તો દ્રવ્ય કહાં રહા? તીન કાલકી પર્યાયકા પિંડ વહ ગુણ અને અનંત ગુણકા પિંડ વહ દ્રવ્ય હૈ. સમજમેં આયા? આહા..હા..! વળી ક્યાંનું ક્યાં નીકળી ગયું!

એક જ્ઞાનગુણ હૈ ન જ્ઞાન? તો એક ગુણ હૈ ઉસકી અનંત પર્યાય હૈં. તીન કાલકા સમય જિતની પર્યાય હૈ એક ગુણકી. અનાદિ-અનંત પર્યાય હૈ ન? તો તીન કાલકી પર્યાયકા પિંડ એક ગુણ હૈ. તો જો એક પર્યાય ભી ઉસમેં વર્તમાનમેં ન હો, અંદરમેં ન હો અને બાહ્યમેં ન હો તો ગયી કહાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, સાબિત નહીં હોતા. સમજમેં આયા? યે બાત સર્વજ્ઞ સિવાય ત્રણ કાળમેં કોઈ આત્મા-આત્મા કરે, પણ બાત દૂસરેમેં કોઈ હોતી નહીં યહ બાત. સર્વજ્ઞ એટલે વહ વસ્તુ ઐસી હૈ ઐસા જાના હૈ, ઐસા ભગવાનને વાણીમેં કહા હૈ. સમજમેં આયા?

કહતે હૈ, ભગવાન આત્મા વસ્તુ એક, શક્તિયાં અનંત ગુણ-શક્તિ, પર્યાય અનંત. તો એક સમયમેં ઉત્પાદ હુઆ. તો વહ વ્યય હો ગયા, વ્યય હો ગયા. તો તીન સત્ થા ન સત્? ઉત્પાદ સત્, વ્યય સત્ અને ધ્રુવ સત્. તીનોં સત્ હૈ. તીનોં સત્ હૈ કિ નહીં? વો પર્યાયકા વર્તમાન સત્‌કા વ્યય-નાશ હુઆ. તો નાશ હુઆ તો ગયે કહાં? અંદરમેં ન જાયે તો ત્રિકાલકા પર્યાયકા પિંડ ગુણ સિદ્ધ નહીં હોતા. ઐસા અનંતગુણકા એકરૂપ દ્રવ્ય સિદ્ધ નહીં હોતા. આહા..હા..! ચંદુભાઈ! સમજમેં આયા? જરી સૂક્ષ્મ પડેગી, ઐસી નિકલ ગયી બાત થોડી. પણ સુનની તો પડેગી કિ નહીં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અંદરકી પર્યાય અંદરમેંસે આતી હૈ એક, એક ચલી જાતી હૈ, એક આતી હૈ, એક ચલી જાતી હૈ. તરંગ ઉઠતે હૈ અને દૂસરા તરંગ ચલે જાતા હૈ. ઐસા ન હો તો વસ્તુ હી સિદ્ધ નહીં હોતી. યે બાત સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માને જાના હુઆ તત્ત્વ વહ ઉસમેં હૈ, દૂસરમેં વહ બાત હૈ હી નહીં. આત્મા-આત્મા તો સબ કહતે હૈં. આત્મા કરો, આત્મા. ક્યા આત્મા? એક આત્મામેં... લાઓ આત્મા અસ્તિ કૈસા હૈ પહલે કહો. કહે, એ નહીં-નહીં, એ નહીં. વિકલ્પ તોડો. ક્યા તોડે?

એ તો અમારે અહીં હતા. અમારે રાણપુરમેં એક હતા. શું કહેવાય નામ? ઉજમશી એક ભગત હતા. મોઢ-મોઢ. મોઢ ને? મોઢ હતા એય..! તમે ઓળખતા હતા? તમારી નાની ઉંમર. તમારી નાતના હતા ઉજમશી ભગત. બાવા આવે એને દે. ઓલા નારાયણ... નારાયણ... નારાયણ... કરે. વેપાર મોટો હોં! દાણાનો મોટો વેપારી. કષાય મંદ દેખાય, કષાય મંદ દેખાય. પણ ક્યા કહે? નારાયણ! વિકલ્પ ઘટાડો. નારાયણ! વિકલ્પ ઘટાડો. બસ એમ જ કહે. નારાયણ! વિકલ્પ ઘટાડો, નારાયણ! વિકલ્પ તોડો. બસ. વિકલ્પ તોડો, પણ હૈ ક્યા? એ તો અમારી પાસે આવ્યો હતો. ત્યાં આવ્યા હતા. અપાસરે આવ્યા હતા એક ફેરી. સમજાય છે કાંઈ?

એ બાવાના ભગત હતા. બાવા આવેને આ. બાવા સમજતે હો ન? જે આવે એને રોટલા આપે, કપડા આપે. પછી નારાયણ... નારાયણ... નારાયણ... નારાયણ! બસ, એમ જ બોલે. વેપારી હતા હોં દાણાનો મોટો વેપારી મોઢ. નારાયણ! વિકલ્પ તોડો. પણ ક્યા નારાયણ વિકલ્પ તોડે? વિકલ્પરહિત નિર્વિકલ્પ ચીજ કૌન હૈ? કિસમેં પગ મૂકનેસે યહાં પગ ઉપાડના? સમજમેં આયા? પગથિયામાં.. પગથિયા કહતે હૈ ન આ? દાદર. દાદર કહતે હૈ? સોપાન-સોપાન, સીઢી.

તો પગ યહાંસે ઉઠાકર યહાં રખના હૈ. તો યહાં રખના હૈ તો કહાંસે ઉઠાના હૈ? એમ કઈ પર્યાયસે ઉઠાના હૈ અને કઈ પર્યાય પ્રગટ કરની હૈ? આહા..હા..! હૈં શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસે એક પર્યાયકા નાશ હોતા હૈ, દૂસરી પર્યાય ઉત્પન્ન કહાંસે હોગી? કિસમેં લક્ષ કરનેસે? કિસમેં એકાકાર હોનેસે? ભગવાન આત્મા અનંતગુણરૂપ પ્રભુ એકરૂપ સ્વરૂપ હૈ. અનંતગુણરૂપ એકરૂપ સ્વરૂપ હૈ. ઉસકી અંતર દૃષ્ટિ લગાનેસે વિકલ્પકી એકતા તૂટ જાતી અને પર્યાયમેં નિર્વિકલ્પ દૃષ્ટિ ઉત્પન્ન હોતી હૈ. વસ્તુ કાયમ રહતી હૈ. સમજમેં આયા? ઐસી ચીજ સમજે બિના ઉસકો કભી સમ્યગ્દર્શન હોતા નહીં. તેથી આચાર્યોએ 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન' કહા. એકલા આત્માકી બાત નહીં કી અને તત્ત્વાર્થ કિતના? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. દેખો, સાત કહા. ઐસે ન ચલે એકલા આત્મા-આત્મા કહે ઈ. સમજમેં આયા?

તો કહતે હૈં આચાર્ય, '**परमसमाधिं धृत्वापि**' એનો આશય એમ કહતે હૈ આચાર્ય મહારાજ. ઘણા લોકો એમ કહે કે અમે નિર્વિકલ્પ... નિર્વિકલ્પ... નિર્વિકલ્પ... નિર્વિકલ્પ... થઈએ છીએ. શૂન્ય છે નિર્વિકલ્પ. શૂન્ય હો જાયેગા. ચીજ ક્યા હૈ અંતરમેં પૂર્ણાનંદ અખંડાનંદ અનંતગુણકા પિંડ ઐસી શક્તિયાં અનંત, શક્તિવંત એક, શક્તિવંત એક, શક્તિયાં અનંત. ઐસી અનંતી શક્તિકી અનંતી પર્યાય ક્ષણે-ક્ષણે પ્રગટ હોતી હૈ. ઉસકો અંતર ઐસી દૃષ્ટિ હુએ બિના, ઐસા ધ્યાન કરે... ધ્યાન કરે... તો કહતે હૈ '**નિજ દેહમેં ઠહરે હુએ...**' '**શુદ્ધાત્મભાવનાસે રહિત પુરુષ...**' જો ઐસે સ્વરૂપકો નહીં જાનતા વહ શુદ્ધાત્મભાવનાસે રહિત હૈ. ક્યોંકિ શુદ્ધ આત્મા દ્રવ્ય-ગુણ શુદ્ધ હૈ. ઉસકી ભાવના નામ એકાગ્રતા વહ ભી રહિત હૈ. શુદ્ધ દ્રવ્ય-ગુણ હૈ અને એકાગ્રતા ઉસમેં કરના વહ તો પર્યાય હૈ. વહ ભાવના હૈ નહીં. નિર્વિકલ્પ હો. ક્યા હોવે? શેઠી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસમેં ગયી અંદર. નહીં અપ્રગટ હૈ, હવે પ્રગટ નહીં હોગી વહ. અંદર ધ્રુવમેં સમા ગઈ સાથમેં. યહ સૂક્ષ્મ બાત હૈ. વહ બાહર નિકલેગી નહીં. અંદર સમા ગઈ. જેમ પાનીકા તરંગ અંદરમેં ગયા વહ તરંગ બાહર નહીં આયેગા હવે. દૂસરા તરંગ આયેગા શક્તિમેંસે. સૂક્ષ્મ બાત હૈ ભૈયા! બહુત સૂક્ષ્મ હૈ. પદાર્થ હી ઐસા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યમેં ગઈ, દ્રવ્યમેં ગઈ. નયી નિકલ ગયી, નયી નિકલ ગયી. સત્ હૈ કિ નહીં? સારા અનંત પર્યાયકા પિંડ વહ દ્રવ્ય હૈ. તીન કાલકી પર્યાયકા સમૂહ દ્રવ્ય હૈ. એક પણ પર્યાય વર્તમાનમેં નહીં અને અંદરમેં નહીં તો સત્ સિદ્ધ કહાંસે હોગા? અમરચંદભાઈ! આહા..હા..!

હૈ. અભી નહીં, રાત્રીકો રખો.

**'શુદ્ધાત્મભાવનાસે રહિત પુરુષ...'** ક્યા કહતે હૈ? યે એક શબ્દ રખા હૈ. **'ते बहुविधानि भवदुःखानि'** એમ છેને? જો કોઈ પુરુષ ઐસા આત્મા યે કહા ઐસા. .. વસ્તુ એક, અનંત શક્તિવાન, ઉસકી પર્યાય અનંત. ઉસકો લક્ષમેં ન લેકર એકીલા બૈઠતા હૈ વિચારમેં, ધ્યાનમેં તો વહ શુદ્ધાત્મભાવનાસે રહિત હૈ, શૂન્ય હૈ. શુદ્ધભાવ ત્રિકાલ હૈ ઉસમેં દૃષ્ટિ લગાના હૈ તો પલટ હોકર મિથ્યાદૃષ્ટિકા નાશ હોકર સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસી શુદ્ધાત્મભાવનાસે રહિત જીવ **'અનેક પ્રકારકે નારકાદિ ભવદુઃખ આધિ વ્યાધિરૂપ અનંતકાલ તક ભોગતે હૈં.'** દેખો, અહીં **'परमसमाधिं धृत्वापि'** છેને ભાઈ? એ જીવને લીધો છે અહીં તો. આ તો આખિરની ગાથાઓ છેને? છેલ્લી ગાથાઓ આખિરની છે આ ગાથા. ૧૯૩. ૨૧૪ ગાથા છે. હવે ૭ અને ૧૪ = ૨૧ ગાથા બાકી હૈ. પરમાત્મપ્રકાશમેં આખિરમેં ઐસા લિયા. ઐસા તો મૂઢ બહુત રહતે હૈં. છોડકર જંગલમેં ચલે જાયે, બસ મૌન હો જાયે. મૌન હો જાયે, પણ વસ્તુ ક્યા હૈ? મૌન તો જડ હૈ. વિકલ્પ છૂટ જાના વહ વિકલ્પ તો રાગ હૈ, તો છૂટના કિસમેં? ઠહરના કિસમેં? ઐસી વસ્તુકા ભાન બિના નરકાદિ દુઃખ દેખો, **'भवदुःखानि'** યે તો ચાર ગતિમેં રખડેગા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ વસ્તુ છે. એ તો ઠીક. આ તો વસ્તુ ઐસી હૈ ઐસા દૃષ્ટિમેં નહીં લિયા અને ધ્યાન કરતે હૈ ચાર ગતિમેં રુલેગા, મર જાયેગા ચાર ગતિમેં, નરકાદિ ગતિ. યે યહાં કહના હૈ. સમજમેં આયા? શશીભાઈ! જુઓ **'धृत्वा'** શબ્દ લિયા હૈ ન? **'परमसमाधिं धृत्वापि'** આમ જાણે.. બિલકુલ .. પણ એ શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, ઉસકી ભાવના, ઉસકી ભાવના. ઐસી અસ્તિકી ભાવના હૈ નહીં. અને એકલા વિકલ્પ-વિકલ્પ રહિત હૈ. તો કહતે હૈ, **'बहुविधानि भवदुःखानि'** આ તો આચાર્યોના કાળજા—હૃદય છે. યે આત્મા જૈસા હૈ વૈસા જો દૃષ્ટિમેં નહીં લેતા અને આત્માકી અસ્તિકી ભાન બિના એકીલા વિચારમેં શૂન્ય હો જાતા હૈ શૂન્ય, ઉસકો સમાધિ માનતે હૈ. શૂન્ય હો જાઓ. શૂન્ય હો ગયા. વસ્તુ ક્યા દૃષ્ટિમેં આયી? વહ તો વિપરીત હૈ. આહા..હા..! સમજાય છે? ગાથા, ભારે ગાથા આવી.

**'નારકાદિ ભવદુઃખ આધિ વ્યાધિરૂપ અનંતકાલ તક ભોગતે હૈં.'** હવે વ્યાખ્યા કરતે હૈ. ભગવાન આત્મા... ઐસા વસ્તુકા સ્વરૂપ હૈ. ખરેખર તો એક આત્મા, ઉસકી એક સમયકી એક પર્યાય-જ્ઞાનકી એક પર્યાય ઉસમેં છ દ્રવ્ય જાનનેકી તાકાત હૈ. એક પર્યાયમેં છ દ્રવ્યકો જાનનેકી તાકાત હૈ. ઇતની પર્યાય કબુલ કરે ત્યારે ઉસને એક પર્યાયકો કબુલ કિયા. છ દ્રવ્ય હૈ જગતમેં. અનંત આત્મા, અનંત પરમાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ અને

એક કાળ. વસ્તુ હૈ, અવસ્તુ નહીં. ઐસા અનંત દ્રવ્ય અસ્તિ હૈ. ઐસી એક જ્ઞાનકી, એક સમયકી પર્યાય છ દ્રવ્યકો કબુલ કરે ત્યારે એક પર્યાયકો ઉસને માના કહનેમેં આતા હૈ. તબતક હજી દ્રવ્ય માના નહીં. ચંદુભાઈ!

છ દ્રવ્ય વસ્તુ હૈ. જ્ઞાનકી-શ્રુતજ્ઞાનકી એક સમયકી પર્યાયકા ઈતના વિષય હૈ, કેવલજ્ઞાનકો એક બાજુ રખો. આહા..હા..! શ્રુતજ્ઞાનકી એક સમયકી પર્યાય, ભલે ઉપયોગ અસંખ્ય સમય હો, પણ એક સમયકી પર્યાયમેં તાકાત હૈ કિ જગતમેં છ દ્રવ્ય હૈ, મૈં ભી હૂં, વહ ભી હૈ. ઐસા એક સમયકી પર્યાયમેં અંતર લક્ષ કરે બિના પર્યાયમેં વિકલ્પ સહિત જાનનેકી તાકાત હૈ. ઐસી એક પર્યાય જિસકી પ્રતીતમેં નહીં આતી હૈ... ઐસી અનંતી પર્યાયકા પિંડ એક જ્ઞાનગુણ હૈ, ઐસા અનંતી પર્યાયકા પિંડ એક શ્રદ્ધાગુણ હૈ, અનંતી પર્યાયકા ગુણ એક આનંદગુણ હૈ. ઐસા અનંતગુણકા રૂપ એક દ્રવ્ય હૈ. ઐસી દ્રવ્યકી પર્યાયમેં ઈતની પ્રતીત ન આતે હૈ ઉસકો દ્રવ્યકી પ્રતીત આ જાયે ઐસા હોતા નહીં. આહા..હા..! શોભાલાલભાઈ! બહુ સૂક્ષ્મ બાત હૈ હોં. પ્રયત્ન કરના પડેગા. ત્યાં બીડીયુંમાં ચાલ્યું એવું આમાં નહીં ચાલે. ક્યા કહતે હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેડકાને ભાન છે અંદર. દેડકો-દેડકો સમજે? મંડુક. મેંઢક હોતા હૈ ન? પર્યાયકી પ્રતીત હૈ. ઉસકો વ્યક્તપના વિશેષ નહીં, પણ ખ્યાલ હૈ. પૂર્વકા સંસ્કાર થા.

ક્યોંકિ 'છ દ્રવ્ય હૈ' ઈતની તો એક પર્યાયમેં જાનનેકી અને શ્રદ્ધા કરનેકી તાકાત હૈ. તો એક પર્યાયકા ઈતના સામર્થ્ય હૈ. ઈતના સામર્થ્ય કબુલ ન કરે તબ તો પર્યાયકી ભી પ્રતીત નહીં અને ઐસી અનંત પર્યાયકા પિંડ ભગવાન આત્મા હૈ. ઐસા દ્રવ્યકી પ્રતીત હુએ બિના ઉસકો સમ્યગ્દર્શન કભી હોતા નહીં. સમજમેં આયા? આહા..હા..!

હવે કહતે હૈ કિ '**અનંતકાલ ભોગતે હૈં.**' ભગવાન આત્મા તો વાસ્તવિક દ્રવ્ય, ગુણ અને ભાવના તો લિયા નહીં. ઉસકી ભાવના, એ વસ્તુ ઉસકી ભાવના નામ એકાગ્રતા વહ તો લિયા નહીં. એક અગ્ર, એક વસ્તુ મુખ્યમેં લક્ષ કરકે એકાગ્ર તો લિયા નહીં. એકાગ્ર હુઆ હૈ. તો કિસમેં એકાગ્ર હુઆ? સમજમેં આયા? એકાગ્ર નિરોધ આવે છેને ઓલામાં? ચિંતા નિરોધો. ચિંતા નિરોધો પણ વસ્તુ ક્યા? અહીં તો 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્'. પાતંજલિમેં ઐસા આતા હૈ કિ 'ચિંતા નિરોધો ધ્યાનમ્' નાસ્તિસે બાત કી, અસ્તિસે નહીં. સમજમેં આયા? અમરચંદભાઈ! યહાં ઐસા નહીં. યહાં તો 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્'. અસ્તિ-નાસ્તિસે બાત લિયા હૈ. વહ કહે ચિંતા નિરોધો ધ્યાનં. લ્યો! એ તો નાસ્તિસે હુઆ. એકાગ્ર શબ્દસે એક અગ્ર મુખ્ય વસ્તુ ઉપર લક્ષ કરનેસે ચિંતાકા નિરોધ હોતા હૈ ઉસકા નામ ધ્યાન હૈ. આ

તો બડા શબ્દ, શાસ્ત્રકા શબ્દ તો ઉસમેં બડી ગંભીરતા પડી હૈ. સમજમેં આયા? શશીભાઈ! આવે છેને પાતંજલિ સાંખ્યયોગમાં. ચિંતા નિરોધ કરો... ચિંતા નિરોધ કરો... પણ ક્યાં ચિંતા નિરોધ? અસ્તિકા દૃષ્ટિ બિના નાસ્તિ કહાંસે હોગી? મેરે સ્વરૂપમેં રાગ નહીં, પણ મેરા સ્વરૂપ કૈસા હૈ? ઐસા અંતર શ્રદ્ધા, જ્ઞાનમેં લિયે બિના ઔર પીછે દૃષ્ટિ કિયે બિના રાગકી નાસ્તિ કભી હોતી નહીં. અને હોતી નહીં તો '**परमसमाधिं धृत्वापि**'.

'**ભાવાર્થ :- મનકે દુઃખકો આધિ કહતે હૈં,...**' ભોગેગા. સંકલ્પ-વિકલ્પ જો મનમેં હોતે હૈ વહ મિથ્યાદૃષ્ટિકો કભી નાશ હોતા નહીં. વસ્તુકી ખબર બિના વહ મનકા દુઃખ ભોગેગા. '**ઔર તનુસંબંધી દુઃખોંકો વ્યાધિ કહતે હૈં,...**' આધિ. વ્યાધિ આ શરીર (સંબંધી) ઉસકો ભોગેગા. વર્તમાન તમને લગે ઓહો..! શાંત.. શાંત હો ગયા. જાણે શૂન્ય હો ગયા હો. શૂન્ય હો ગયા હૈ. પરસે શૂન્ય હો ગયા, પણ સ્વસે અશૂન્ય, સ્વસે અશૂન્ય (હુઆ?) પરસે અભાવ પણ સ્વસે (અસ્તિ) ઐસી ખબર બિના ખરેખર પરસે ભી શૂન્ય હો ગયા નહીં. પરસે ભી શૂન્ય હો ગયા નહીં. માન્યતા કરતે હૈ કિ હમને યા તો પ્રકાશ દેખા હૈ અને યા તો ઐસા દેખા હૈ. વહ તો ધૂલ હૈ. સમજમેં આયા?

'**નાના પ્રકારકે દુઃખોંકો અજ્ઞાની જીવ ભોગતા હૈ. યે દુઃખ વીતરાગ પરમ આલ્હાદરૂપ...**' દેખો, વહ દુઃખ કૈસે હૈ? વહ દુઃખ કૈસે હૈ? આધિ-વ્યાધિ-ઉપાધિ આદિ દુઃખ. '**વીતરાગ પરમ આલ્હાદરૂપ જો પારમાર્થિક-સુખ...**' ભગવાન આત્માકા રાગરહિત '**પરમ આલ્હાદરૂપ જો પારમાર્થિક-સુખ ઉસસે વિમુખ હૈં.**' એ દુઃખ તો આનંદસે વિમુખ હૈ. આત્માકા વાસ્તવિક દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઐસા જ્ઞાન કિયે બિના અંતરમેં નિર્વિકલ્પતા કભી ઉસકો હોતી નહીં. ઓહો..હો..! સમજમેં આયા? દુઃખ કૈસા હૈ? દુઃખકા અસ્તિત્વ સિદ્ધ કિયા. હૈ, નહીં હૈ ઐસા નહીં. પણ કૈસા દુઃખ હૈ વહ? પરમ આલ્હાદરૂપ સુખસે વિમુખ હૈ. પરમાનંદ ભગવાન આત્મા ઉસકી ઉલટી દશા હૈ, ઉલટી દશા હૈ. દશામેં દુઃખ હૈ. દશામેં દુઃખ ન હો તો આનંદ આના ચાહિયે. સમજમેં આયા? અને અંતરમેં આનંદ ન હો તો આનંદ બાહરસે આયેગા કહાંસે? આહા..હા..! ભારે ગડબડ તત્ત્વમેં હો ગઈ.

'**નાના પ્રકારકે દુઃખોંકો અજ્ઞાની જીવ ભોગતા હૈ. યે દુઃખ વીતરાગ પરમ આલ્હાદરૂપ જો પારમાર્થિક-સુખ ઉસસે વિમુખ હૈ.**' સમજમેં આયા? દુઃખકી વ્યાખ્યા,.. આત્માકા દુઃખ સંયોગમેં નહીં રહતા. ક્યા કહા? આત્માકા દુઃખ શરીરમેં નહીં રહતા, આત્માકા દુઃખ કર્મમેં નહીં રહતા, આત્માકા દુઃખ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મીમેં નહીં રહતા. આત્માકા દુઃખ ઉસકી પર્યાયમેં રહતા હૈ. આહા..હા..! તો વહ દુઃખ ક્યા હૈ? કિ પરમાનંદસ્વરૂપ આત્મા ઉસસે વિમુખ દુઃખ હૈ. આહા..હા..! સમજમેં આયા? ઉસકા ઉલટા પરિણામ ભી ઉસમેં હૈ. ક્યા ઉલટા

પરિણામ બાહરમેં હૈ? સ્ત્રી દુઃખકા કારણ, પૈસા દુઃખકા કારણ યે તો નિમિત્તસે બાત હૈ. ક્યા દુઃખ ઉસમેં હૈ? દુઃખ, જહાં આનંદ હૈ, જહાં આનંદ હૈ વહાં ઉસકી ઉલટી અવસ્થાકા નામ દુઃખ હૈ. શેઠી! બરાબર હૈ? જહાં આનંદ હૈ, પરમાનંદ વીતરાગ સ્વભાવ ઉસકી ઉલટી અવસ્થા-વિપરીત અવસ્થાકા નામ દુઃખ હૈ. દુઃખ કાંઈ બાહરમેં નહીં રહતા, દુઃખ અંદરમેં નહીં રહતા દ્રવ્ય-ગુણમેં. દ્રવ્ય-ગુણમેં દુઃખ નહીં, પૈસામેં દુઃખ નહીં, શરીરમેં દુઃખ નહીં, રોગમેં દુઃખ નહીં, નિર્ધનતામેં દુઃખ નહીં. દુઃખ રહતા હૈ ઉસકી ઉલટી પર્યાયમેં, દશામેં રહતા હૈ. આહા..હા..! પોપટભાઈ!

**'યહ જીવ અનંતકાલ તક નિજસ્વરૂપકે જ્ઞાન બિના...'** જુઓ, નિજસ્વરૂપકે જ્ઞાન બિના. અપના સ્વરૂપ ઐસા હૈ પૂર્ણાનંદ અનંતગુણકા પિંડ પ્રભુ, ઐસા જ્ઞાન બિના **'ચારોં ગતિયોંકે નાના પ્રકારકે દુઃખ ભોગ રહા હૈ.'** ચારોં ગતિકા અનેક પ્રકારકા દુઃખ ભોગ રહા હૈ. **'ઐસા વ્યાખ્યાન જાનકર...'** લ્યો! આચાર્ય હવે ટોટલ કરતે હૈ તાત્પર્ય. દ્રવ્ય લિયા. સ્થિર હોકે વહ પર્યાય લિયા. જુઓ, **'નિજ શુદ્ધાત્મમેં...'** ભગવાન શુદ્ધ સ્વરૂપકા આનંદકંદ વહ દ્રવ્ય લિયા. **'સ્થિર હોકે...'** વહ પર્યાય લિયા. ઉસમેં સ્થિર હોકે તો ઉત્પાદ હુઆ. **'રાગ દ્વેષાદિ સમસ્ત વિભાવોંકા ત્યાગકર...'** વહ વ્યય હુઆ. સમજમેં આયા? **'શુદ્ધાત્મમેં સ્થિર હોકે રાગ દ્વેષાદિ સમસ્ત વિભાવોંકા...'** સમસ્ત વિભાવ, પુણ્ય-પાપ વિકલ્પ સબ. 'ત્યાગકર...' અથવા અભાવ કર **'નિજ સ્વરૂપકી ભાવના કરની ચાહિયે.'** યહ તાત્પર્ય લિયા. **'નિજ સ્વરૂપકી ભાવના કરની ચાહિયે.'** લ્યો એક શ્લોક હુઆ.

ક્યા? પરમાત્મપ્રકાશ ગ્રંથકા નામ હૈ. પરમાત્મપ્રકાશ દો પ્રકારકા—એક પરમાત્મા અપના દ્રવ્યસ્વરૂપ વહ પરમાત્મપ્રકાશ. પરમ-આત્મા, પરમ-સ્વરૂપ. આત્મ એટલે સ્વરૂપ. પરમસ્વરૂપ ભગવાન આત્મા દ્રવ્ય વહ હૈ. ઉસકો પ્રગટ કરના તો પર્યાયમેં ઉસકા દ્રવ્યકા અવલંબન લેકર પર્યાયમેં પ્રગટ હોતા હૈ. યે દોકી વ્યાખ્યા ઉસમેં ચલતી હૈ. સમજમેં આયા?

**'આગે યહ કહતે હૈં કિ જબ તક ઈસ જીવકે શુભાશુભ ભાવ સબ દૂર ન હોં, તબ તક પરમસમાધિ નહીં હો સકતી—'** જબ તક શુભાશુભ વિકલ્પ રહતે હૈં, તબ તક અંતર દૃષ્ટિકી સમ્યગ્દર્શનકી શાંતિ નહીં હોતી. આહા..હા..! શુભાશુભ દોનોં ભાવ હોં. આહા..હા..! ૧૯૪. **'जामु सुहासुह-भावडा णवि सयल वि तुट्टंति।'** એની ભાષાથી કહ્યું છે હોં. તારણસ્વામીએ એમની ભાષામાં કહ્યુંને શેઠ! એમની ચાલતી ભાષામાં. આ યોગીન્દ્રદેવે એમની ચાલતી ભાષામેં લિયા હૈ. કોઈ સંસ્કૃત ઐસા નહીં લિયા હૈ.

३२५) जामु सुहासुह-भावडा णवि सयल वि तुट्टंति।
परम-समाहि ण तामुमणि केवलि एहु भणंति।।१९४।।

કેવળીને નાખ્યા ભેળા જુઓ. આહા..હા..! સંતો વાત કરતે હૈં પણ છતાં સર્વજ્ઞ ભગવાનકો સાથમેં રખતે હૈ. ત્રિલોકનાથ કેવલજ્ઞાની પરમાત્મા ઐસા ફરમાતે હૈં. આહા..હા..! કહો, સમજમેં આયા? સર્વજ્ઞ ભગવાન જિસકો એક સમયમેં ત્રિકાલ કેવલજ્ઞાન (હુઆ હૈ) ઐસા ત્રિલોકનાથ દેવાધિદેવ પરમાત્મા '**भणंति**' છેને? '**केवलि एहु भणंति**' હમ હમારી કલ્પનાસે કહતે નહીં. સર્વજ્ઞ ત્રિલોકનાથ ઐસે દિવ્યધ્વનિમેં કહતે થે અને દિવ્યધ્વનિમેં ભગવાનને ઐસા કહા હૈ. હજી સર્વજ્ઞ કોણ, ભગવાન કોણ કહાં હૈ ઉસકી ખબર નહીં અને આત્મામેં ધ્યાન કર લો. કૈસે કરે? સમજમેં આયા? આહા..હા..!

'**જબ તક સમસ્ત સકલ વિકલ્પ-જાલસે રહિત...**' દેખો, જહાં ભગવાન આત્માકી દૃષ્ટિ કરના હૈ, ચાહે સો દ્રવ્ય-ગુણ-પર્યાય જાનનેમેં આયા, પણ ઉસકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરનેસે શુભાશુભ વિકલ્પકી રુચિ છૂટતી હૈ. પહલી તો શુભાશુભ રાગકી રુચિ છૂટતી હૈ, અસ્થિરતા નહીં ટલતી હૈ. પહલે સ્વભાવ ઉપર દૃષ્ટિ કરનેસે, સ્વભાવકી દૃષ્ટિ હોનેસે, સ્વભાવકી રુચિ હોનેસે શુભાશુભ પરિણામ હૈ, અસ્તિ હૈ, નહીં હૈ એમ નહીં, બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા ઐસા નહીં. બ્રહ્મ સત્ય અને જગત હૈ હી નહીં ઐસા નહીં. બ્રહ્મ આત્મા ભી હૈ, રાગ ભી હૈ અને જગત ભી હૈ. સબ હૈ. સમજમેં આયા?

'**સમસ્ત સકલ વિકલ્પ-જાલસે રહિત જો પરમાત્મા ઉસસે વિપરીત શુભાશુભ પરિણામ દૂર ન હોં-મિટેં નહીં,...**' ભગવાન આત્માકા લક્ષ કરકે જબ તક શુભાશુભ વિકલ્પકી રુચિ છૂટે નહીં તબ તક તો સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? '**તબ તક રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચિત્તમેં...**' શુદ્ધ ચિત્ત એટલે જ્ઞાનમેં. '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ ઈસ જીવકે નહીં હો સકતી...**' ઈસકા વ્યાખ્યાન વિશેષ હોગા. '**ઐસા કેવલીભગવાન કહતે હૈં.**' જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ શુદ્ધ ઉપયોગ જિસકા લક્ષણ ઐસા ધ્યાન નહીં હોગા. શુભાશુભ વિકલ્પ ટૂટે બિના (ધ્યાન નહીં હોગા) ઐસા ભગવાન કહતે હૈં. ઉસકા વિસ્તાર હોગા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૭, ગુરુવાર, તા. ૦૨-૦૯-૧૯૬૫**
**ગાથા- ૧૯૪-૧૯૫, પ્રવચન-૨૦૪**

આજે આ દસલક્ષણી પર્વકા તીસરા દિન હૈ. આર્જવ-આર્જવ. આર્જવ નામ સરલતા, નિષ્કપટતા. ધર્માત્મા જીવને અંદર સરળતા, નિષ્કપટતા હોય એની આ બે ગાથા છે.

हृदि यत्तद्वाचि बहिः, फलति तदेवाऽऽर्जवं भववत्येतत्।
धर्मो निकृतिरधर्मो, द्वाविह सुरसद्मनरकपथौ।।८९।।

ક્યા કહતે હૈ? આર્જવ ધર્મ સરલતાકી વ્યાખ્યા ક્યા હૈ? કિ ધર્માત્મા મનમેં જો બાત હો ઉસીકો વચનમેં પ્રગટ કરતે હૈં. મનમાં હોય એ વચનમાં પ્રગટ કરે. મનમાં કુછ અને વાણીમેં કુછ ઐસા હોતા નહીં. (ઐસા કરે તો) વહ તો કપટ હૈ. ઔર '**बहिः फलति**'. એ પ્રગટ કરે એટલું લખ્યું છે અને કાયા દ્વારા પણ યહી ચેષ્ટા બતાતે હૈં. જૈસા મનમેં હૈ ઐસા વાણીમેં હૈ ઐસા દેહમેં હૈ. તીનોંમેં ઉસકી સરલતાકા બોધ હોતા હૈ. જૈસા મનમેં, વૈસા વાણીમેં, ઐસા દેહમેં કરતે હૈં. સમજમેં આયા? એ આર્જવ '**भववत्येतत्**'. ઉસકો ભગવાન સર્વજ્ઞ પરમાત્મા સરલ આર્જવધર્મ (કહતે હૈં). બાળક જેમ માતા પાસે સરલ હો જાતા હૈ, ઐસે ધર્માત્માકા હૃદય અંતરમેં સરલ હોના ચાહિયે. વક્રતા અને કુટીલતા હોની ન ચાહિયે.

'**निकृतिरधर्मो**' અને માયાચાર અને કપટ તે અધર્મ છે. આર્જવ વહ ધર્મ હૈ. સમ્યગ્દર્શન સહિતકી ઉત્તમ આર્જવકી બાત ચલતી હૈ, અકેલી સરલતાકી બાત નહીં. અપના શુદ્ધ સ્વરૂપ આનંદકી પ્રતીત અનુભવપૂર્વક મન, વચન અને કાયસે સરલતા વહ ધર્મ હૈ ઔર '**निकृति**' કપટભાવ વહ અધર્મ હૈ. '**द्वाविह सुरसद्मनरकपथौ**'. આર્જવ ધર્મસે શુદ્ધતા જો હો તો નિર્જરા હૈ. ઉસમેં કોઈ વિકલ્પ આદિ રહ જાયે તો ઉસે '**सुरसद्म**' સ્વર્ગકા ભવ મિલતા હૈ અને કપટસે નરકકા પદ મિલતા હૈ.

મુમુક્ષુ :- કપટ ..

ઉત્તર :- અહીંયાં નરક અહીં તો બહુ તીવ્ર લીધું. '**नरकपथौ**'. મહા માયાચાર. ઉંડા પેટ હાથ ન આવે. પેટ હાથ ન આવે ઉસકા હૃદય. ઐસા માયા, વક્રતા, દંભ તો ઉસકા યહાં તો પરિણામ આચાર્યને '**नरकपथौ**' કહા.

મુમુક્ષુ :- પોલિટીકલ

ઉત્તર :- એ પોલિટિકલ પણ એ માયા બડી. સુધરેલી ભાષા તમારી. વખાણ કરેને. દુનિયા તો વખાણ ન કરે? પોલિટીકલ બરાબર લડાવે, વાતને આમ કરે, કોઈને કાંઈ કહે, કોઈને કાંઈ કહે, કોઈને ચેષ્ટાથી કાંઈ સમજાવે, બીજાને મનથી કાંઈ કહે. એવા કપટી મહા તીવ્ર અહીંયાં તો આચાર્ય મહારાજ કહે છે, '**नरकपथौ**'. ભલે કદાચ તિર્યંચમેં જાયે, પણ અંતે એનો સરવાળો નરકમેં જાયેગા. કહો, સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહીં થી. ધર્મ તો જૈસા હૈ વૈસા હૈ. વીતરાગ માર્ગ હૈ. વહ કોઈકા આશ્રિત પક્ષ-બક્ષ હૈ નહીં.

मायित्वं कुरुते कृतं सकृदपि, च्छायाविघातं गुणे-
ष्वाजातेर्यमिनोऽर्जितेष्विह गुरु, -क्लेशैः समादिष्वलम्।
सर्वे तत्र यदासतेऽतिनिभृताः, क्रोधादयस्तत्त्वत्ः;
तत्पापं बत येन दुर्गतिपथे, जिवश्चिरं भ्राम्यति।।९०।।

'**मायित्वं कुरुते कृतं**'. આચાર્ય કહતે હૈં, એકબાર ભી કિસીકે સાથ માયાચારી કી જાવે, વહ માયાચારી બડી કઠિનતાસે સંચય કિયે હુએ અહિંસા આદિ સત્ય ગુણોં હૈ વહ સબ ફીકા પડ જાતે હૈ. છાયામાત્ર ભી રહતે નહીં. માયા, કપટ, કુટીલમેં મિત્રકે સાથ ઐસા હો તો મિત્રકા વિશ્વાસ ઉઠ જાયે. અરે! યે ક્યા કિયા? મહા, કપટ, કુટીલ, દંભ. કલ દૂસરા કહતે થે, આજ તીસરા કહા, વળી પરસો દૂસરા કહા. દિવસ ફરે ને વાત ફરે. સમજમેં આયા? ઐસા માયાવી, કપટી, દંભી, કહતે હૈ કિ ઉસકો પૂર્વકા કોઈ અહિંસા આદિ શુભભાવ હુઆ હો ઉસકા ભી ફીક્કા નામ '**च्छायाविघातं**'—છાયામાત્ર ભી રહતે નહીં.

'**વે ગુણ આદરણીય નહીં રહ પાતે. ઉસ માયારૂપી મકાનમેં નાના પ્રકારકે ક્રોધાદિ શત્રુ છિપે બૈઠે રહતે હૈં.**' ઉસકી માયા ખુલ જાયે તો ક્રોધ કરે. ક્યા? હમ ઐસા કરે? કપટીકે હૃદયમેં ક્રોધ ભી ભરા હૈ, માન ભી ભરા હૈ, લોભ ભી ભરા હૈ. એમ કહતે હૈં આચાર્ય. દેખો, માયારૂપી મકાનમેં અનેક પ્રકારકે ક્રોધ, માન, માયા શત્રુ છિપે હુએ બૈઠે હૈં. '**सर्वे तत्र यदासतेऽतिनिभृताः**'. ઔર ઉસ માયાચારસે '**ઉત્પન્ન હુએ પાપસે જીવ, નાના પ્રકારકે દુર્ગતિ-માર્ગોમેં ભ્રમણ કરતા રહતા હૈ.**' ઈસલિયે મુનિયોંકો, ધર્માત્માકો '**માયાચારકો અપને પાસ ભી ફટકને ન દેવેં.**' સરલ હોના ચાહિયે, સરલ હોના ચાહિયે. પાપ લગે, દોષ હો તોપણ ગુરુ પાસે કહે તો સરલ હૃદયસે કહે કિ ઐસા હમારે (હુઆ હૈ). બાલક જૈસે માતા પાસે કહતે હૈ, ઐસા સરલ હૃદયસે અપના દોષ નિકાલે. માયારહિત ઉસકો યહાં આર્જવ ધર્મ કહનેમેં આયા હૈ.

૧૯૪ ગાથા પરમાત્મપ્રકાશ. ક્યા કહતે હૈ દેખો, ફિરસે શબ્દાર્થ ૧૯૪કા. ક્યા અધિકાર હૈ? આ પરમાત્મપ્રકાશ અધિકાર છે. આત્મા પરમાત્મસ્વરૂપ હૈ વસ્તુસે. દ્રવ્ય-દ્રવ્ય. દ્રવ્ય નામ પદાર્થ. પદાર્થ તો પરમાત્મસ્વરૂપ હી હૈ. પરમસ્વરૂપ... પરમસ્વરૂપ... પરમસ્વરૂપ... એક સમયકી પર્યાય હૈ વહ અપરમરૂપ સ્વરૂપ હૈ. ક્યા કહા સમજમેં આયા? યે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ હૈ વહ ભી એક સમયકી પર્યાય હૈ. વહ પરમસ્વરૂપ નહીં, અપરમસ્વરૂપ હૈ. આહા..હા..! ક્યા કહા? પર્યાય હૈ ન એક સમયકી? ત્રિકાલી દ્રવ્ય નહીં હૈ. આહા..હા..! સમજમેં આયા? ભગવાન આત્મા એક સમયમેં ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ-અનંત સામાન્ય સ્વરૂપ ભાઈ! વહ લક્ષમેં લેનેસે જરી (ભાવ ભાસિત હોતા હૈ કિ) ઐસી ચીજ હૈ ભગવાન પૂર્ણાનંદ.

શ્રીમદ્‌ને કહા ન એક વચનમેં. જીવ એક અખંડ દ્રવ્ય હોનેસે ઉસકા જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ હૈ. અખંડ દ્રવ્ય સંપૂર્ણ હોનેસે જિસકા જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ હૈ. સંપૂર્ણ વીતરાગ હો, સંપૂર્ણ સર્વજ્ઞ હો ઐસા આત્મદ્રવ્ય હૈ. આત્મદ્રવ્ય અખંડ વસ્તુ એક હૈ. તો ઉસકા જ્ઞાન સામર્થ્ય ભી અખંડ એકરૂપ હૈ. ઔર ઉસકા આશ્રય કરનેસે, ઉસકા આશ્રય કરનેસે પર્યાયમેં અખંડ પૂર્ણ સર્વજ્ઞપદકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? આહા..હા..!

યહાં તો કહા, જબ તક... કહેશે, પરમાત્મા. યહાં તો પરમસ્વરૂપ લક્ષમેં આ ગયા અત્યારે જુઓ, કિ પરમ આત્મા એટલે પરમસ્વરૂપ. ત્રિકાલ-ત્રિકાલ ધ્રુવસ્વરૂપ વહ પરમસ્વરૂપ હૈ. પરમાત્મા દ્રવ્યસ્વરૂપે પરમાત્મા અને ક્ષાયિક પર્યાય હૈ વહ એક સમયકી પર્યાયકા પરમાત્મા હૈ. આહા..હા.. કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ આદિ સિદ્ધપદ ભી એક સમયકી પર્યાયકા-એક સમયકા પરમાત્મા હૈ અને વસ્તુ હૈ વહ ત્રિકાલી પરમાત્મા હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- બે જાતના પરમાત્મા?

ઉત્તર :- બે જાતના પરમાત્મા. સમજમેં આયા?

કહતે હૈં, પરમ સ્વરૂપ ભગવાન કાયમી અસલી સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ, ઉત્પાદ-વ્યય બિનાકા સ્વરૂપ વહ તો પરમાત્મસ્વરૂપ હૈ. ઔર ઉત્પાદ-વ્યયકી પર્યાયકા સ્વરૂપ ઉદયભાવ હો વિકાર કે ઉપશમભાવ હો સમકિત, ચારિત્ર આદિ, ક્ષાયિકભાવ હો આઠ ગુણ આદિ અને ક્ષયોપશમ ભાવ ચાર ગતિના, યે સબ એક સમયકી પર્યાય હૈ. તો એક સમયકી પર્યાય અપેક્ષાસે વ્યવહાર હૈ, વ્યવહારકી અપેક્ષાસે અપરમભાવ હૈ. આહા..હા..! સમજમેં આયા? તો કહતે હૈં, ઐસા ભગવાન આત્મા જિસકે ધ્રુવમેં ક્ષાયિક પર્યાય અનંતી જિસમેં શક્તિ પારિણામિકભાવમેં પડા હૈ. સમજમેં આયા? ઐસા પરમસ્વરૂપ પરમાત્મા ઉસકી દૃષ્ટિ કૈસે હોતી હૈ ઔર ઉસકા અનુભવ કૈસે હોતા હૈ?

**'જબ તક સમસ્ત સકલ વિકલ્પ-જાલસે રહિત...'** જુઓ, આ પરમાત્મા. દેખો, વ્યાખ્યા

કરી. પરમાત્મા કૈસા હૈ? અપના સ્વરૂપ કાયમી અસલી ધ્રુવ પિંડ, ચૈતન્ય પિંડ, જ્ઞાયક પિંડ-દલ. જ્ઞાયકકા અરૂપી સ્વભાવિક દલ. દલ સમજતે હૈ? દલ ક્યા કહતે હૈ? પિંડ. ... નહીં સમજતે. '**સમસ્ત સકલ વિકલ્પ-જાલસે રહિત જો પરમાત્મા...**' વહ પહલી વ્યાખ્યા કરી. આત્મદ્રવ્ય હૈ ઉસમેં તો પુણ્ય-પાપકા વિકલ્પ હૈ હી નહીં, વસ્તુમેં હૈ હી નહીં. સમજમેં આયા? ઐસા પરમાત્મા '**સકલ વિકલ્પ-જાલસે રહિત...**' ઐસા પરમાત્મા '**ઉસસે વિપરીત...**' તીન પટ્ટી બાત કરતે હૈ ન? ત્રણ વાત કરે છે. પરમાત્મા કૈસા? કિ શુભાશુભ વિકલ્પ રહિત, પરમાત્માસે વિપરીત શુભાશુભભાવ. સમજમેં આયા? વિપરીત શુભાશુભ પરિણામ. દેખો, અપના નિજસ્વરૂપ અસલ ધ્રુવ ઉસકી પર્યાયમેં જિતના શુભાશુભ વિકલ્પ ઉઠતે હૈં, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપકા, સ્મરણ આદિકા, વહ સબ પરમાત્મા અપના સ્વરૂપસે વિપરીત ભાવ હૈ. સમજમેં આયા?

'**વિપરીત શુભાશુભ પરિણામ દૂર ન હોં-મિટેં નહીં,...**' દેખો, અપને પરમાત્મસ્વરૂપમેં દૃષ્ટિ દેનેસે શુભાશુભ વિકલ્પ છૂટ જાતે હૈં. જબ તક શુભાશુભ વિકલ્પ દૃષ્ટિમેંસે ન છૂટે તબ તક પરમાત્મા અપના સ્વરૂપકા ઉસકો અનુભવ હોતા નહીં. સૂક્ષ્મ ભાવ હૈ, ભાઈ! ઓહો..હો..! જબ તક વહ શુભાશુભ ભાવ ન તૂટે અથવા ભગવાન આત્મા શુભાશુભ વિકલ્પ નામ રાગરહિત (હૈ) ઐસી અંતર દૃષ્ટિ કરકે ઉસકો ન છોડે, '**તબ તક રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચિત્તમેં...**' શુદ્ધ ચિત્ત એટલે શુદ્ધ જ્ઞાનાનંદ ભગવાન આત્મામેં '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ ઈસ જીવકે નહીં હો સકતી...**' ક્યા કહા? ભગવાન આત્મા પૂર્ણ આનંદનો કંદ પ્રભુ ઉસમેં શુભાશુભ વિકલ્પ રહિત અપની દૃષ્ટિ લગાકર સમ્યગ્દર્શન કરકે, ઉસકા પરમાત્મસ્વરૂપકા જ્ઞાન કરકે, પરમાત્મસ્વરૂપમેં લીન કરકે શુભાશુભ પરિણામકો નહીં તોડતા તબ તક ઉસકો આત્માકી શાંતિ મિલતી નહીં. શાંતિ એટલે સમાધિ. ભારે ઝીણું, ભાઈ! સમજાય છે કાંઈ?

આ તો પરમાત્મપ્રકાશ તો આમ તૈયાર લડુ. એને લડુ કાલ હતા. ત્યાં હતા. કાલે લાડુ ક્યાં હતા? બરફી હતી કહે છે. ઠીક. કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આહા..હા..! અરે! પરમાત્મા પૂર્ણ સ્વરૂપે બિરાજમાન અને ઉસકે સાથ મિલાન કરનેકા ભાવ પણ નહીં. એક રાજા-મહારાજા બડા આયા હો તો ઉઠીને ઉભા થાય. પધારો... પધારો... પધારો... હોતા હૈ કિ નહીં? એક કરોડનો તાલુકાદાર રાજા હૈ. હવે ધૂળના, કરોડ એટલે ધૂળ ત્યાં. એક કરોડ, દો કરોડકી ઉપજ હોતી હૈ. બડા રાજા હૈ. પધારો... પધારો... પધારો... ઓહો..! અન્નદાતા! આજ મારા આંગણા ઉજળા કર્યા, આજ કલ્પવૃક્ષ મારે આંગણે ફળ્યા. એમ વખાણ કરે કે નહિ? રતિભાઈ! એક કરોડપતિ ઘરે આવ્યો અને ચા પીવા આવે તો વખાણ (કરે) આહા..હા..!

મુમુક્ષુ :- એનું પાછું કામ હોયને એટલે.

ઉત્તર :- કામ હોય એટલે. પણ છતાં એવા વખાણ કરે. એક જણો વખાણ કરતો હતો. લાખોપતિ એને ઘરે આવે ગામડામાં. ઓહો..હો..! આજ તો અમારે ઘરે.. શું છે પણ કીધું આટલું બધું હવે? આજ મારે ઘરે શેઠ સાહેબે ચા પીધી, શેઠ સાહેબે ચા પીધી. એટલે એટલી પણ એને મોટપ લાગે. એલા! એક સાધારણ પ્રાણી હવે પાંચ, બે, પાંચ કરોડનો આસામી કાંઈક ધૂળ ઘરે આવ્યો ત્યાં આંગણા ઉજળા, આજ મારે ઘરે કલ્પવૃક્ષ ફળ્યા, આજ તો આંગણા ઉજળા થયા. ક્યા કહતે હૈ? ક્યા કહતે હૈ? પાપ લાગ્યું તને. એય..! શેઠ! આ બધું ઉંધું ભારે ભાઈ! આ શેઠને બહુ માખણ ચોપડે ઘણા ત્યાં.

મુમુક્ષુ :- એની પાસેથી કામ લેવું હોય એટલે.

ઉત્તર :- કામ લેવું હોય પાછું.

યહાં કહતે હૈ કિ ઐસી ચીજ હૈ તો બધા આદર કરતે હૈ. ઓહો..! જિસકી ખાણમેં અનંતા પરમાત્મા પડા હૈ ધ્રુવમેં. આહા..હા..! અનંત સિદ્ધ, અનંત સિદ્ધકી પર્યાય, અનંત સિદ્ધકી અનંત પર્યાય જિસમેં પડી હૈ. આહા..હા..! ઐસા પરમાત્માકે સમીપ જાકર આદર ન કરે તબ તક સમાધિ-શાંતિ હોતી નહીં. તબ તક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા નહીં. સમ્યગ્દર્શન નહીં હોતા એમ કહતે હૈ. સમજમેં આયા? ભગવાન એક સમયમેં જ્ઞાયક પૂર્ણ સ્વરૂપે પરમાત્મા ભરચક ભરા હૈ. ઐસે ભગવાનકે સમીપમેં રાગાદિ વિકલ્પ રહિત હોકર આત્માકે જ્ઞાનમેં, શુદ્ધતામેં ન જાયે તો સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા નહીં. સમજમેં આયા?

**'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ ઐસી પરમસમાધિ...'** દેખો, તીન બોલ લિયે. એક તો શુભાશુભ વિકલ્પસે રુચિ છોડકર, ઉસકો જ્ઞેય બનાના છોડકર, ઉસમેં લીન હોના છોડકર, જ્ઞાયક ભગવાનમેં દૃષ્ટિ લગાકર, ઉસકો જ્ઞેય બનાકર ઉસમેં લીન હોતા હૈ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ. યે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધોપયોગ હૈ અને યે શુદ્ધોપયોગ હી પરમસમાધિ હૈ અને યે પરમસમાધિ મોક્ષકા કારણ હૈ. આ દુનિયા સમાધિમેં લગાતે હૈ, આ સમાધિ લગાવો. એ તો બધા ધૂળ જડ થઈ જવાના. સમજમેં આયા?

પરમસ્વરૂપ એક સમયકી મહાન સત્તા, મહાન સત્તા. દરેક પદાર્થકે પહલે વહ જ્ઞાન કરનેવાલા ન હો તો યે ચીજ હૈ વહ જાના કિસને? જ્ઞાનકી મુખ્યતા ઐસા સારા પદાર્થ ભરા હૈ જ્ઞાનસે. યે જ્ઞાનકા પૂંજ હી પ્રભુ હૈ, દર્શનકા પૂંજ પ્રભુ હૈ, આનંદકા પૂંજ પ્રભુ હૈ, શાંતિ એટલે ચારિત્રકા પૂંજ પ્રભુ હૈ. ઐસા અનંતગુણકા પૂંજ પ્રભુ ઉસકે સમીપમેં જાકર, ઉસકે પ્રતીત, ઉસકા જ્ઞાન, ઉસમેં એકાગ્રતા ઐસા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કિ જિસકો શુદ્ધ ઉપયોગ કહનેમેં આતા હૈ. યે શુદ્ધ ઉપયોગ જબ તક ન હો તબ તક પરમ શાંતિ, સમાધિ હોતી નહીં. સમજમેં આયા? યહાં શુભાશુભ વિકલ્પ કહા થા ન? એની સામે શુદ્ધ કહ્યું. શુભ અને અશુભ વિકલ્પ જે કહ્યા

હતાને, એની સામે શુદ્ધ કહ્યું. શુભ અને અશુભ વિકલ્પ જે છે એ તો અશુદ્ધ ઉપયોગ છે, અશુદ્ધ આચરણ છે. અશુદ્ધ ઉપયોગ કહો કે અશુદ્ધ આચરણ કહો. આત્માકી પર્યાયમેં પંચ મહાવ્રતકા પરિણામ આદિ વહ ભી અશુદ્ધ આચરણ હૈ, અશુદ્ધ ઉપયોગ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- સંવર કેટલો થાય એમાં?

ઉત્તર :- સંવર ધૂળમાંય થાય નહીં. ધૂળ પણ સારી બંધાય નહીં એનાથી મિથ્યાદષ્ટિને. સમજમેં આયા?

ભગવાન આત્મા... એણે પરમાત્મા... આ તો પરમાત્મપ્રકાશ છે. એકલો ભગવાન પરમાત્મા શુભાશુભ વિકલ્પ, રાગરહિત. દયા, દાનના રાગરહિત ભગવાન આત્મા હૈ. ઐસા આત્માસે વિપરીત શુભાશુભ ભાવ ઉસકો છોડકર ભગવાન આત્મામેં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગરૂપ આચરણ, શુદ્ધ ઉપયોગરૂપ આચરણ પ્રગટ ન કરે તો પરમ સમાધિ શાંતિ હોતી નહીં. જુઓ, આ સમાધિ હોં. લોકો કહે ઐસા ચડાવો, શ્વાસ ઐસા ચડા દો, ઐસા કરો, પ્રાણાયામ કરો. એ બધા હઠ મૂઢ હો જાના હૈ. એ સાદો સમાધો-ફમાધો હૈ નહીં. શ્વાસમેં ક્યા હૈ? વહ તો જડ હૈ. શ્વાસ તો જડ હૈ, શરીરકા અંગ હૈ, યે તો પરમાણુ, માટી, ધૂળ હૈ અજીવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... હોગા શ્વાસકો રોકો. ક્યા રોકે? શ્વાસકો રોકના વહ માનના હી મિથ્યાદષ્ટિકા ભાવ હૈ. શ્વાસકી ક્રિયા જડકી હૈ. ક્યા જડકો આત્મા રોક સકતા હૈ? કુંભક ને રેચક ને કહતે હૈ ન? પૂરક. આમ કરે. જડને? એ તો જડનો કર્તા હોતા હૈ, મૂઢ હોતા હૈ. વો નહીં. શ્વાસકી ક્રિયા નહીં, વાણી મૌનકી ક્રિયા નહીં. આહા..હા..!

વસ્તુ એક સમયમાં પરમાત્મા અપના નિજસ્વરૂપ મહાસત્તા ધારણ કરતી હૈ ઐસા અપના પરમાત્મા સ્વરૂપમેં દૃષ્ટિ લગાકર, ઉસકો જ્ઞેય બનાકર, ઉસમેં સ્થિર નહીં હોતા તબ તક શુદ્ધ ઉપયોગ નહીં હોતા. દેખો, જિસકા લક્ષણ હૈ. '**શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ,...**' દેખો તીનોંકો. '**ઐસી પરમસમાધિ...**' નામ પરમ શાંતિ કિ જો મોક્ષકા માર્ગ હૈ. '**ઈસ જીવકે નહીં હો સકતી ઐસા કેવલી ભગવાન્ કહતે હૈં.**' આચાર્યકો ભી કહના પડા. દેખો પાઠ હૈ કિ નહીં? '**केवलि एहु भणंति**' કેવલજ્ઞાની એમ કહતે હૈ. મૂઢ જીવ અનાદિકા અજ્ઞાની ઐસા માનતે હૈ કિ બસ વિકલ્પ તોડો... વિકલ્પ તોડો... વિકલ્પ તોડો. ક્યા વિકલ્પ તોડે? વિકલ્પ તોડું યહ દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? યે વિકલ્પ હૈ, યે વિકલ્પ મૈં તોડું તો દૃષ્ટિ પર્યાય ઉપર ગયી, રાગ ઉપર ગયી. વસ્તુકી ખબર નહીં.

ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્ય ભાગમેં પૂર્ણ સત્તા ધામ ચૈતન્ય ભીંત હૈ. ઐસા

પ્રવચનસારમેં આતા હૈ ન. એ ચૈતન્ય ભીંતકો લેપ નહીં લગાના ઐસા પાઠ હૈ પ્રવચનસારમેં. વિકથા કરકે, કુકથા કરકે ચૈતન્ય નિર્મલાનંદ ભીંતકો મૈલ નહીં લગાના. ઐસા પાઠ હૈ. સમજમેં આયા? પણ આત્મા એટલે કાંઈ નહીં બસ. કાં તો આત્મા એટલે સબ થઈને એક. ઐસા હૈ નહીં. વસ્તુ ઐસી હૈ નહીં ત્રણ કાળ, ત્રણ લોકમેં.

યહાં કહતે હૈ '**ઐસા કેવલી ભગવાન કહતે હૈં.**' આહા..હા..! આચાર્યને નાખવું પડ્યું. દૂસરા એમ કહે કે ભાઈ અમારે તો બસ, શૂન્ય હો જાના, પ્રાણાયામ કરના, ઐસા કરના, મન લગાના અંદર બસ. કાં કલ્પનાસે ઐસા ચિતરામણ કરના કિ ઐસા હૂં... ઐસા હૂં... ઐસા હૂં... યે તો સબ વિકલ્પ હૈ. જ્ઞાનાર્ણવમેં ભી આતા હૈ ઐસા. પ્રતિધારણા, જલધારણા વહ સબ વિકલ્પ હૈ. અશુભ વિકલ્પ મિટનેકો ઐસા ભાવ આતા હૈ, પણ વહ ચીજ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહીં. વિકલ્પ છોડકર અંતર દૃષ્ટિ લગાના, વહી ભગવાન સર્વજ્ઞદેવ સમ્યગ્દર્શન કહતે હૈં. સમજમેં આયા? આત્માકા જ્ઞાન હોના ઉસકો કેવલી ભગવાન જ્ઞાન કહતે હૈ. કહા ન? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. દૂસરા જ્ઞાન નહીં. ઔર આત્મામેં લીનતા હોની ચારિત્ર કહતે હૈ, પંચ મહાવ્રતકા પરિણામ ચારિત્ર નહીં. આહા..હા..! અત્યારે તો યે સબ હો ગયા હૈ. પંચ મહાવ્રતકા ઠિકાના નહીં, પણ પંચ મહાવ્રત વહ ચારિત્ર હૈ અને યે ચારિત્રસે મુક્તિ હોગી. વ્યવહારસે નિશ્ચય હોગા, નિશ્ચયસે શુદ્ધ ઉપયોગ હોગા અને શુદ્ધ ઉપયોગસે કેવલ હોગા. ધૂલમેં ભી નહીં હોગા. રખડી મરીશ ચાર ગતિમાં.

યહાં કહતે હૈ ન દેખો. કેવલી ભગવાન ત્રણ કાળના જ્ઞાતા પ્રભુ સર્વજ્ઞદેવ, દેવાધિદેવ, પરમાત્મા અનંત કેવળીઓ ઐસા ફરમાતે હૈ. તેરી ચીજમેં વિકલ્પ નહીં પુણ્ય-પાપકા, દયા, દાનકા. ઐસી ચીજમેં વિકલ્પ છોડકર દૃષ્ટિ લગાના, શુદ્ધ ઉપયોગ કરના વહી તુઝે સમાધિ હૈ. ઉસકા નામ શાંતિ હૈ અથવા ઉસકા નામ વીતરાગભાવ અને વહી વીતરાગભાવ મોક્ષકા કારણ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂલમેં કોશિશ નહીં કરતે. વિકલ્પમેં રુકતે હૈ વહાં. ઉસસે હટકર સ્વભાવમેં ઠરના વહ કોશિશ હૈ. વિપરીત ભાવ હૈ પરમાત્મ સ્વરૂપસે. હો, શુભ આતા હૈ જરૂર, પણ આતા હૈ વહ સ્વભાવકા કારણ હોતા હૈ ઐસા નહીં.

'**ભાવાર્થ :- શુભાશુભ વિકલ્પ જબ મિટેં, તભી પરમસમાધિ હોવે,...**' સમાધિ નામ વીતરાગભાવ. અહીં તો પરમસમાધિ નામ વીતરાગ પરિણતિ, વીતરાગી પર્યાય, શુભાશુભ ભાવ રાગપર્યાય હૈ, શુભાશુભ વિકલ્પ રાગ હૈ. ઉસે છોડકર સ્વભાવકી દૃષ્ટિ સ્થિરતા હો તો

અરાગી પરિણતિ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. **'ઐસી જિનેશ્વરદેવકી આજ્ઞા હૈ.'** દેખો, લિખા હૈ કિ નહીં? જિનેશ્વરદેવ ત્રણ લોકના નાથ પરમાત્મા દેવાધિદેવ અનંત તીર્થંકરો હો ગયે, ભગવાન મહાવિદેહમેં બિરાજતે હૈ, લાખો કેવલીઓ પરમાત્મા પાસે બિરાજતે હૈ દૂસરે, તીર્થંકર સિવાય લાખો કેવળીઓ બિરાજતે હૈ. અનંત તીર્થંકરો ભવિષ્યમાં હોગા, અનંત કેવળી હોગા, ઐસા સર્વ જિનેશ્વરદેવકી આજ્ઞા યહ હૈ. આહા..હા..! સમજમેં આયા? લોકોને કઠણ પડે પણ માર્ગ તો આ છે. ઉસકી પહલે શ્રદ્ધા તો કરની ચાહિયે. શ્રદ્ધા કિયે બિના અંતરકા માર્ગ ઉસકા નિકાલ હોગા નહીં.

**'ઐસી જિનેશ્વરદેવકી આજ્ઞા હૈ.'** જુઓ, ક્યા કહા? શુદ્ધ ઉપયોગ કરનેકી જિનેશ્વરકી આજ્ઞા હૈ. ભાઈ! શુભ પરિણામ કરનેકી ભગવાનકી આજ્ઞા નહીં હૈ. આહા..હા..! આ જાતા હૈ બીચમેં, આતે હૈ પૂર્ણ ન હો તબ. પણ વહ આવે દૂસરી બાત, પણ આજ્ઞા તો અંદરમેં ઠહરના ઉસકી આજ્ઞા હૈ. વીતરાગ ભગવાને તો વીતરાગી આજ્ઞા કહી હૈ ઉસમેં. વીતરાગ પરમાત્મ સ્વરૂપમેં ઠર ઐસી આજ્ઞા ભગવાનને દિયા હૈ. 'વીતમ્' વહ આતા હૈ પુણ્ય-પાપ અધિકારકે કલશમેં. ઐસા વીત માર્ગ ભગવાન ત્રિલોકનાથને કહા હૈ. વીતરાગદેવ સમવસરણમેં વાણી દ્વારા ઐસા ફરમાતે થે કિ વીતરાગ પર્યાય પ્રગટ કર યહ હમારી આજ્ઞા હૈ. આહા..હા..! વહ ૧૯૪ પૂરી હુઈ.

**'ઈસપ્રકાર ચૌબીસ દોહોંકે મહાસ્થલમેં પરમસમાધિકે કથનરૂપ છહ દોહોંકા અંતરસ્થલ સમાપ્ત હુઆ.'**

**'આગે તીન દોહોંમેં અરહંતપદકા વ્યાખ્યાન કરતે હૈં,...'** અરિહંત પદની વ્યાખ્યા. **'અરહંતપદ કહો યા ભાવમોક્ષ કહો,...'** સમજમેં આયા? **'અરહંતપદ કહો યા ભાવમોક્ષ કહો અથવા જીવન્મોક્ષ કહો, યા કેવલજ્ઞાનકી ઉત્પત્તિ કહો—'** સમજમેં આયા? **'યે ચારોં અર્થ એકકો હી સૂચિત કરતે હૈં,...'** ચારોં એકકો સૂચિત કરતે હૈં. સમજમેં આયા? આત્મામેં એક સમયમેં ત્રણ કાળ, ત્રણ લોકકા જ્ઞાન સર્વજ્ઞપદ હો, ઉસકો અરિહંત કહો, ઉસકો કેવલજ્ઞાનકી ઉત્પત્તિ કહો, જીવનમુક્ત કહો. સમજમેં આયા? કિ ભાવમોક્ષ કહો. ભાવ છૂટ ગયા, રાગસે ભાવ છૂટ ગયા, પૂર્ણાનંદ હો ગયા. પછી દ્રવ્યકર્મ છૂટે તો દ્રવ્યમોક્ષ તો સિદ્ધમેં. ભાવમોક્ષ તો યહાં તેરહવે ગુણસ્થાનમેં હો જાતા હૈ. યે વ્યાખ્યા કરતે હૈં દેખો. ૧૯૫.

३२६) सयल-वियप्पहँ तुट्टाहँ सिव-पय-मग्गि वसंतु।
कम्म-चउक्कइ विलउ गइ अप्पा हुइ अरहंतु।।१९५।।

**'જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની ઔર અંતરાય ઈન ચાર ઘાતિકર્મોંકે નાશ હોનેસે...'** સંસ્કૃતમેં તો બધું ઘણું લાંબુ કર્યું છે. અરિ નામ મોહ જિસને હણા હૈ, રજસિ

નામ દર્શનાવરણીય જેણે હણ્યા છે. ર શબ્દે અંતરાય જિસકા અભાવ હુઆ હૈ. ચાર શબ્દ નિકાલતે હૈ. સમજમેં આયા? ભગવાન અરિહંતપદમેં. દેખો, પહલી પિછાન કરાતે હૈ અરિહંત કિસકો (કહતે હૈ). ણમો અરિહંતાણં. કહતે હૈ પણ અરિહંતકા ક્યા સ્વરૂપ ઉસકા જ્ઞાનમેં આયે બિના ઉસકા ભાવભાસન હોતા નહીં.

અરિહંત કિસકો કહતે હૈ? અરિ નામ મોહભાવ, અરિ નામ મોહભાવ. ઉસકો હનનકર અપની પર્યાયમેં જિસને ભાવમોક્ષ પ્રગટ કિયા. ભાવમોક્ષ વહ પર્યાય હૈ. દ્રવ્ય તો મુક્તસ્વરૂપ હૈ હી. દ્રવ્ય તો મુક્તસ્વરૂપ હી હૈ, પણ મુક્તસ્વરૂપકા અવલંબનસે કેવલજ્ઞાન હુઆ વહ ભાવમોક્ષ પર્યાય હુઈ. ભાવમોક્ષ વહ પર્યાય હૈ. દ્રવ્યમોક્ષ ત્રિકાલ હૈ. વહ દ્રવ્ય એટલે? ઓલા દ્રવ્યકા મોક્ષ હોં. દ્રવ્યરૂપ મોક્ષ. આમ દ્રવ્યમોક્ષ સિદ્ધ હોતા હૈ તબ હોતા હૈ. ચાર અઘાતિકા નાશ હોકર દ્રવ્યમોક્ષ હોતા હૈ. તીન પ્રકારકા મોક્ષ કહા. ક્યા કહા? એક તો આત્મદ્રવ્ય હૈ ઉત્પાદ-વ્યયકા વિકલ્પ રહિતકા સ્વરૂપ વહ દ્રવ્ય પોતે મુક્તસ્વરૂપ હી હૈ. એઈ..! મુક્તસ્વરૂપ હૈ આત્મા. બંધ ઉસકો માનના વહ મિથ્યાદૃષ્ટિપના હૈ. વહ તો દોપહરકો ચલતા હૈ. અબદ્ધ હૈ. અબદ્ધ કહો કિ મુક્તસ્વરૂપ કહો. ભગવાન મુક્તસ્વરૂપ હૈ. એક બાત. ઉસકે અંતરમેં એકાકાર હોકર શાંતિ, દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય દ્વારા કેવલજ્ઞાનકી પર્યાય પ્રગટ હો, ઉસકા નામ વર્તમાન ભાવમોક્ષ કહતે હૈ. ભાવ નામ પર્યાય નિર્મલ હો ગયી, પર્યાય નિર્મલ હો ગયી. દ્રવ્ય નિર્મલ ત્રિકાલ થા. ઓહો..હો..! દ્રવ્ય જો વસ્તુ આત્મા હૈ વહ તો ત્રિકાલ નિર્મલ હી હૈ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... વહ વસ્તુ મુક્તિ, વસ્તુરૂપ મુક્ત હૈ. ઉસકા અવલંબન કરનેસે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રકે અવલંબનસે કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હો વહ પર્યાયમેં મોક્ષ હુઆ, પર્યાય મુક્ત હુઈ, જીવનમુક્ત હુઆ અર્થાત્ આયુષ્ય હોતે છતે મુક્તદશા હો ગઈ, ભાવમોક્ષ હુઆ, જીવનમોક્ષ હુઆ, અરિહંત પદ હુઆ, કેવલજ્ઞાન હુઆ. શેઠી! દો બોલ હુએ.

તીસરા બોલ. ચાર અઘાતિ કર્મ નાશ કર જબ સિદ્ધ હોતા હૈ તબ પર્યાયમેં જો નિમિત્તકા સંબંધ થા વહ છૂટા ઉસ અપેક્ષાસે દ્રવ્યમોક્ષ. પર્યાયમેં સંબંધ દ્રવ્યકા થા વહ છૂટા વહ દ્રવ્યમોક્ષ. દ્રવ્યમોક્ષ એક ત્રિકાલ, ભાવમોક્ષ વહ પર્યાય અને ઉસ પર્યાયમેં ચાર અઘાતિ ટલતે હૈ દ્રવ્યમોક્ષ પર્યાયમેં કહનેમેં આતા હૈ. આહા..હા..! સુના હી નહીં, દરકાર ભી કિયા નહીં. શોભાલાલભાઈ! ભૈયા તો કહતે હૈ કિ સુના નહીં, પણ દરકાર કહાં કિયા તુમને? દરકાર કરે અને મિલે નહીં ઐસા હોતા હી નહીં. ક્યા .. ? કહા ન. જો આ વસ્તુ એના લક્ષમાં ન આવે ત્યાં સુધી ગડબડ (રહેવાની). આત્મા... આત્મા... આત્મા... ઐસા કરે ન ચલે.

આત્મા, એક-એક આત્મા અપના પૂર્ણ દ્રવ્ય સ્વરૂપ, વસ્તુસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, અનાદિ-અનંત સ્વરૂપ વહ તો મુક્તસ્વરૂપ હી હૈ. વસ્તુ કાંઈ બંધમેં હૈ? વસ્તુ બંધે? વસ્તુ બંધે તો વસ્તુકા

અભાવ હો જાયે. પર્યાયમેં રાગકી એકતા હૈ તો પર્યાય બંધી હૈ અને પર્યાય છૂટતી હૈ. સમજમેં આયા? પર્યાય એટલે અવસ્થા. રાગ સાથે એકત્વ એ બંધ અને રાગથી છૂટ ગઈ અને એકલી પર્યાય નિર્મલ હો ગઈ વહ મોક્ષ. વહ પર્યાયકા મોક્ષ. દ્રવ્ય તો મોક્ષસ્વરૂપ હૈ હી. આહા..હા..! મોક્ષસ્વરૂપ ન હો તો પર્યાય મુક્તરૂપ કહાંસે આયેગી? હજી તો પર્યાયની ખબર ન મળે. ઉત્પાદ કોણ? વ્યય કોણ? ધ્રુવ કોણ? કરો આત્માકા ધ્યાન. ક્યા કરે? આકાશકા ફૂલ હૈ. ઐસા ધ્યાન હોગા. સમજમેં આયા?

ભગવાન આત્મા સારા દ્રવ્ય-પૂર્ણ પદાર્થ મુક્ત હી હૈ. પર્યાયમેં રાગકી એકતા વહ બંધ હૈ. એક સમયકા બંધ હૈ, વસ્તુ અબંધ હૈ. એક વાત. અબંધ કહો કે મુક્ત કહો. ઉસ અબંધ સ્વભાવકા પ્રતીત, જ્ઞાન અને રમણતા કરનેસે પર્યાયમેં પૂર્ણ શુદ્ધતા પ્રગટ હો, અરિહંતપદ પ્રગટ હો, કેવલજ્ઞાન પ્રગટ હો, આયુષ્ય છતે જીવન છૂટ ગયા, નિર્મલમેં આયા હૈ ઉસકો ભાવમોક્ષ, પર્યાયકા ભાવમોક્ષ કહતે હૈ. ઔર અઘાતિ ચાર કર્મકા નાશ હો, તબ દ્રવ્યમોક્ષ, પર્યાયકા દ્રવ્યમોક્ષ કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા?

હજી તો જૈનમેં જન્મ્યા તો અરિહંતપદ ક્યા હૈ ઉસકી ખબર નહીં. અત્યારે તો વાંધા ઉઠા હૈ કેવલજ્ઞાનકા. એક સમયમેં ભગવાનકા જ્ઞાન તીન કાલ, તીન લોકકો વિશેષ-વિશેષ ભેદ ભેદ કરકે દેખતે હૈ. આહા..હા..! સમજમેં આયા? પ્રતિચ્છેદ. એક સમયકી કહાં પર્યાય કૈસે કહાં હોગી કિસ દ્રવ્યકી (સબ જાનતે હૈં). ઓહો..! ઐસે જ્ઞાનકી એક સમયકી અવસ્થા, અપના ત્રિકાલી દ્રવ્ય-ગુણ અને અનંત બધા છ દ્રવ્યકા દૂસરાકા દ્રવ્ય-ગુણ-પર્યાય, સબ જિસકી એક પર્યાયમેં આ ગયે હૈ. પર્યાયમેં વાંધા કિ નહીં, જબ વહાં જ્ઞેય પરિણમેગા તબ કેવલજ્ઞાની પરિણમેગા. કેવલજ્ઞાનીમેં વળી નયા પરિણમન બાકી હૈ? અમરચંદભાઈ! આહા..હા..! યે ક્રમબદ્ધ ન હો જાયે એ માટે વાંધા ઈતના ઉઠાયા જગતને. આહા..હા..! ભાઈ! એ પ્રભુ તારો અનાદર તું કરે છે હોં. આહા..હા..! એક સમયમેં આમ ભગવાન ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ-પ્રત્યક્ષ દેખતે હૈ. સમજમેં આયા? 'જે જે દેખી વીતરાગને તે તે હોંસિ વીરા રે, બિન દેખ્યા હોંસે નહીં કોઈ, બિન દેખ્યા હોંશે નહીં કોઈ, કાહે હોત અધિરા?' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ એક સમયમેં પૂર્ણ દશા પ્રભુ! ઈતની પ્રતીત કરનેવાલેકો તો આત્મજ્ઞાન હો જાતા હૈ. સમજમેં આયા? ઓહો..! આ કેવળજ્ઞાન. યે ક્યા હૈ? કાલ એક સમય ઔર અનંત-અનંત ગુણ અને અનંત દ્રવ્ય, ત્રિકાલ અને અનંત ક્ષેત્ર જિસકી પર્યાયમેં સમા ગયા જ્ઞાન હોકર. આ તે ચીજ! સમજમેં આયા?

પહલે કોળીયે ... હો ગયી. અરિહંતકે પદમેં કેવલજ્ઞાનકી ભૂલ. કેવલજ્ઞાન એક સમયમેં ત્રણ કાળ, ત્રણ લોક હસ્તામળની પેઠે દેખતે હૈ. ઐસા એક ગુણકી એક પર્યાયકા ઈતના સામર્થ્ય.

ઐસે સામર્થ્યકી પ્રતીત નહીં ઉસકો અપની પર્યાયકી સામર્થ્ય કિ મેરી પર્યાય ઈતની પ્રગટ હોનેકી તાકાત હૈ ઐસા ગુણકી શક્તિકી પ્રતીત નહીં, પર્યાયકી પ્રતીત નહીં, ગુણકા ધરનેવાલા દ્રવ્યકી પ્રતીત નહીં. ચંદુભાઈ! આહા..! અપની હી પ્રતીત નહીં ઉસકો. મૈં હી આત્મા એક સમયમેં કેવલજ્ઞાન અને અરિહંતપદ લેનેકી તાકાત એક સમયમેં મેરે દ્રવ્યમેં પડી હૈ. ઐસી અનંતી પર્યાય મેરા દ્રવ્યમેં પડી હૈ. પર્યાય ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... જો હોતા હૈ વહ સબ ધ્રુવમેં પડા હૈ. ઓહો..હો..!

ઔર જો સિદ્ધપદ હુઆ, અરિહંતપદ હુઆ, કેવલજ્ઞાન હુઆ, ભાવમોક્ષ હુઆ એક સમયકા. તો દૂસરે સમયે દૂસરી પર્યાય આતી હૈ. વહ સબ પર્યાય અંદરમેં ઘૂસ જાતી હૈ. કહાં જાય? અનંતી નિર્મલ પર્યાય. આહા..હા..! એકલા શક્તિરૂપે જો અનંત પરમાત્મા થા ઉસમેં વ્યક્તિરૂપ પરમાત્મા હુઆ શુદ્ધ સ્વભાવકે આશ્રયસે, તો વહ પરમાત્માકી એક સમયકી પર્યાય હૈ, દૂસરે સમયમેં દૂસરી પર્યાય આયેગી. અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ પૂર્ણ પર્યાય દૂસરે (સમયમેં) દૂસરી આયી, પહલીકા વ્યય હો ગયા, દ્રવ્યમેં સમા ગયી. ઐસી દૂસરી પર્યાય દ્રવ્યમેં સમાકર તીસરી આયી, તીસરી દ્રવ્યમેં સમાકર ચૌથી આયી. અનંતકાલમેં સાદિઅનંત, સાદિઅનંત જિતના પરમાત્માકા સાદિઅનંત કાલ હૈ યહ સબ પર્યાય પ્રગટ હોકર અંતર ઘૂસ જાતી હૈ. ચંદુભાઈ! ઐસા આત્મા દ્રવ્ય હૈ, ઐસા દ્રવ્યકી પ્રતીતિ નહીં. કેવલજ્ઞાન એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈ ઉસકી પ્રતીતિ નહીં, ઉસકો આત્મદ્રવ્યકી પ્રતીતિ નહીં. આહા..હા..! સમજમેં આયા? ઉસકા આત્માકા જ્ઞાનગુણમેં કિતની તાકાત (હૈ) ઉસકી પ્રતીતિ નહીં. ભાઈ! એ કાંઈ સાધારણ વાત નથી, ભાઈ! એ કાંઈ ભાષાએ પાર પડે એવું નથી. આહા..હા..! જેનો આ સ્વભાવ, જેની વર્તમાન પર્યાયમેં એવા કેવળજ્ઞાની આવા એની અંદર કબુલાત આવી, કબુલાત હુઈ ઉસકી પર્યાય દ્રવ્યમેં ઘૂસ જાતી હૈ. જિસમેં સર્વજ્ઞપદ પડા હૈ ત્રિકાલ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સબ. ... પણ જાય ક્યાં? વર્તમાન હૈ વહ ડૂબ ગયી અંદર. .. યોગ્યતારૂપ રહ ગયી અંદર. પ્રગટ નહીં હોગી હવે. પ્રગટ નહીં હોગી, યોગ્યતારૂપ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં. વિકારી પર્યાય પ્રગટ નહીં હોગી. નષ્ટ હો ગઈ પર્યાયસે, અંતરમેં ગઈ. સૂક્ષ્મ બાત હૈ. વહ પર્યાય ચલી જાતી હૈ તો કહાં ગયી? વર્તમાનમેં નહીં હૈ, દ્રવ્યમેં નહીં હૈ. તો સબ પર્યાયકા સમુદાય ગુણ અને ગુણકા પિંડ વહ દ્રવ્ય સિદ્ધ નહીં હોતા. વહ કહનેમાત્રકી બાત નહીં હોં. કોઈ ઐસા કહતે હૈ કિ વહ તો કહનેમાત્ર મહારાજ કહતે હૈ. એને કાંઈ અશુદ્ધતા અંદર ન હોય. એમ વળી કોઈ અત્યારે કાલે લાવ્યું હતું કોઈ. ઐસા નહીં હૈ. યોગ્યતા હૈ

અંદર. બાપા! આ તો અજર પ્યાલા છે. છતાં યોગ્યતા પ્રગટ નહીં હોગી. યોગ્યતા આ ગયી. ભૂતકી યોગ્યતા અંદરમેં રહ ગયી. હવે પ્રગટ નહીં હોગી, વર્તમાનમેં નહીં અને ભવિષ્યમેં હોગી નહીં. આ તો બાપા! દ્રવ્યનો સ્વભાવ... બાબુભાઈ! છેને આમાં શ્રીમદ્‌માં છે એક ટૂકડો. એ છેને. કેટલામાં પાને છે ખબર નથી. શ્રીમદ્‌માં છેને ક્યાંક એ ટૂકડો છે.

એ પાનું ૨૯૨ છે. 'વર્તમાનમાં વર્તમાન પદાર્થ જેમ દેખાય છે તેમ ગયા કાળના પદાર્થ ગયા કાળમાં જે સ્વભાવ સ્વરૂપે હતા એ સ્વરૂપે વર્તમાનકાળમાં દેખાય છે.' દિખતા હૈ. 'અને આવતા કાળમાં...' ભવિષ્ય કાલમેં 'જે પદાર્થ જે સ્વરૂપ પામશે તે સ્વરૂપપણે વર્તમાનકાળમાં દેખાય છે. ભૂતકાળે જે જે પર્યાય પદાર્થે ભજ્યા છે...' ભૂતકાળના-ગયા કાળમાં જે જે પદાર્થે જે પર્યાય ભજી છે શુદ્ધ કે અશુદ્ધ. 'તે કારણો પણ વર્તમાનમાં પદાર્થને વિષે રહ્યા છે.' કારણો ત્યાં લીધું. બસ, યોગ્યતા. સમજમેં આયા? જુઓ, શ્રીમદ્‌ે કેટલું કામ કર્યું છે. ૩૩ વર્ષમાં દેહ છૂટી ગયો. આ તો ૨૭માં વર્ષની વાત છે. દેરિયાજી! ૨૭ વર્ષકી ઉંમર. ઉંમરમેં ક્યા.. ૨૭ વર્ષમેં લિખતે હૈં. બહુત ક્ષયોપશમ થા, પૂર્વકા સંસ્કાર ભી બહુત થા. સાત વર્ષે જાતિસ્મરણ થા. શ્રીમદ્‌કો સાત વર્ષકી છોટી ઉમ્રમેં જાતિસ્મરણ થોડા થા. બહુત થોડા. પીછે વિશેષ થા. સાત વર્ષકી ઉમ્રમેં જાતિસ્મરણ થા. ઔર ૩૩ વર્ષમેં દેહ છૂટ ગયા. વો પહલે, દેખો, લિખતે હૈ કેવલજ્ઞાન માટે. ભૂતકાળમાં ગયે કાળે જે જે પર્યાય અશુદ્ધ કે શુદ્ધ. કેવળજ્ઞાન પણ પર્યાય છેને? જે જે પર્યાય પદાર્થે ભજ્યા હૈ. ભજ્યા સમજતે હો? હુઆ હૈ.

મુમુક્ષુ :-

ઉત્તર :- વહ ધર્મી થા બસ ઈતના. પીછે કુંદકુંદાચાર્યકા બરાબર કબુલ કિયા હૈ. પીછે કુંદકુંદાચાર્યકા લિખા હૈ. વહ દિગંબર... પીછે દિગંબરકી બહુત સ્પષ્ટતા હો ગયી થી. પહલે તો વૈષ્ણવ થા, ઉસમેં સે પછી થોડા... શ્વેતાંબર વૈષ્ણવ થા પહલે તો. ઉસકા પિતા. કંઠી બાંધતે થે. પીછે છૂટ ગયી. પીછે પૂર્વકા સંસ્કારસે આયા ઔર પીછે થોડા ઐસા કરતે-કરતે શ્વેતાંબરકી થોડી ઝલક રહ ગયી થી થોડી. ફિર પીછે દિગંબર પક્કા. ઓહો..! હે કુંદકુંદાચાર્ય આદિ આચાર્યો! તમારા વચનો આ પામરને સ્વરૂપ અનુસંધાન વિષે બહુ ઉપકારી થયા માટે અત્યંત ભક્તિથી નમસ્કાર. એવો પાઠ છે. ઉસમેં ઐસા પાઠ હૈ. વહ તો સારા દેખા હૈ ન હમને તો.

યહાં કહતે હૈ, ભૂતકાલ નામ ગયો કાળ. ગયો કાળ સમજતે હૈ ન? ભૂત-ભૂત. જો પદાર્થ આત્મા હો કે પરમાણુ હો, છએ દ્રવ્ય જે જે પર્યાય વર્તમાન પ્રગટ પદાર્થે ભજ્યા નામ હુઈ હૈ. પર્યાય જે હુઈ હૈ ભૂતકાલમેં. 'તે કારણો પણ...' તે કારણો પણ વર્તમાનમેં પદાર્થને વિષે રહા હૈ. ન હોય તો જાય ક્યાં? વસ્તુનો નાશ થઈ જાય. ચંદુભાઈ! ..દાસજી! સમજમેં આયા?

યોગ્યતા. અંદર કારણ લિયા ન? 'અને ભવિષ્યકાળમાં જે જે પર્યાય ભજશે.' પર્યાય દેખો, અવસ્થા.. જૈનદર્શન સિવાય, સર્વજ્ઞ સિવાય વહ બાત કહીં હોતી નહીં. એક એક સમયમેં જો પદાર્થકી ભવિષ્યમેં અનંત પર્યાય હોગી તેની યોગ્યતા, તેની યોગ્યતા વર્તમાનમાં પદાર્થને વિષે રહી છે. વર્તમાનમેં પદાર્થને વિષે રહા હુઆ હૈ અંદરમેં. દોનોં વર્તમાનમેં હોં. વહ ભી વર્તમાનમેં અને યે ભી વર્તમાનમેં. ભૂતકાલકી પર્યાય ભી વર્તમાનમેં કારણરૂપ રહી હૈ, ભવિષ્યકી પર્યાય યોગ્યતારૂપ રહી હૈ.

'તે કારણને યોગ્યતાનું જ્ઞાન વર્તમાન કાળમાં પણ કેવળજ્ઞાનીને વિષે યથાર્થ સ્વરૂપે હોઈ શકે.' આહા..હા..! બેયનું જ્ઞાન છે. એ કારણ અને યોગ્યતાકા જ્ઞાન વર્તમાનકાલમેં પણ કેવળજ્ઞાનીને વિષે યથાર્થ સ્વરૂપે હોઈ શકે. 'એ પ્રત્યે ઘણા વિચાર જણાવા યોગ્ય છે એમ કરીને પૂરો કરે છે.' શોભાલાલભાઈ! એ તો એક શબ્દ અપેક્ષાએ એમાં કાંઈ નહીં. યોગ્યતા એટલે પ્રગટ થવાની માટે યોગ્યતા લીધું. ઓલું કારણ પડ્યું છે એટલું. શોભાલાલભાઈ! આ ૨૭ વર્ષે આ વાત કરતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુત વર્ષ હુઆ તો પુરુષાર્થ કરના એમ કહતે હૈ. શેઠ! ઉસમેં આયા હોં. હે કુંદકુંદાદિ આચાર્યો. સમજમેં આયા? ઉસમેં આતા હૈ પીછે. ઘણા શબ્દ મૂક્યા છે. તુમ્હારા વચનો આ પામરને.. સમજાય છે? અનુસંધાન હુઆ.

મુમુક્ષુ :- ... બધા દિગંબર શાસ્ત્રના નામ આપ્યા છે

ઉત્તર :- બધા દિગંબર શાસ્ત્રના નામ જ આપ્યા છે. છેલ્લે એ શાસ્ત્રના નામ આપ્યાને, બધા દિગંબરના જ નામ આપ્યા. કોઈ ઓલું આપ્યું જ નથી. એ એક ગ્રંથ. શાસ્ત્ર તો નહીં.

પહેલું પદ લીધું છે. 'હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.' પછી કહે છે 'હે કુંદકુંદાદિ આચાર્યો.' શેઠ! 'હે કુંદકુંદાદિ...' દિગંબર આચાર્યો લિયા હૈ. 'તમારા વચનો પણ સ્વરૂપ અનુસંધાન થવાને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.' સમજમેં આયા? સબ પડા હૈ ઉસમેં. વહ પુસ્તકમેં ભી બહુત બાત હૈ. ન્યાલભાઈ! શ્રીમદ્ રાજચંદ્ર. સારા પુસ્તક ગુજરાતીમેં હૈ ન. યહાં તો આપણે કેવલજ્ઞાન માટે નિકાલના થા. આહા..હા..!

મુમુક્ષુ :- હિન્દી થઈ ગયું છે.

ઉત્તર :- હિન્દી થઈ ગયું. હિન્દીમેં હૈ. યહાં હિન્દી પુસ્તક હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા અંતર દૃષ્ટિ જો સ્વરૂપ હૈ ઉસકા અનુસંધાન કરનેમેં તુમ્હારે વચનોકે હી ભાવ આયે. દૂસરેમેં હૈ હી નહીં. વીતરાગ વાણી સિવાય કોઈ દૂસરમેં ઐસા હૈ નહીં. અને

કુંદકુંદાદિ આચાર્ય સિવાય દૂસરે આચાર્યમેં હૈ હી નહીં. સમજમેં આયા? સ્વરૂપ અખંડાનંદ ઉસકી પર્યાયકા અનુસંધાન વહ આપકા વચનસે હમારે પર ઉપકાર હુઆ હૈ. શેઠ! હે કુંદકુંદાદિ આચાર્ય આચાર્ય દિગંબર લીધા છે હોં. વહ નહીં. પાછા કોઈ કહે આદિ લીધા છે માટે (બીજા પણ હશે). આહા..હા..! એ તો પંચાસ્તિકાયના અર્થ કર્યા છેને. ઉસમેં લિયા હૈ, શ્રી સદ્ગુરુદેવાય નમઃ. વહ કુંદકુંદાચાર્યને સદ્ગુરદેવ કહા હૈ. પંચાસ્તિકાયકા અર્થ હૈ ગુજરાતી. વહ તો સારા દેખા હૈ ન. દૂસરી દૃષ્ટિસે દેખા હૈ, ઐસા સાધારણસે નહીં. સમજમેં આયા?

એક સમયકા કેવલજ્ઞાન. ઓહો..હો..! કેવલજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોક દેખે તો વસ્તુ પૂર્ણ સિદ્ધ હો ગયી, અનંત સિદ્ધ હો ગયી, આત્માકી પર્યાયમેં અનંત જાનનેમેં આતા હૈ ઐસી સિદ્ધ હો ગયી, ઔર યહ પર્યાયકા સારા સમૂહ ગુણ હૈ તો ગુણ સિદ્ધ હો ગયા. ઐસા અનંતગુણકા રૂપ દ્રવ્ય સિદ્ધ હો ગયા. ઐસી વસ્તુકી પ્રતીત અને જ્ઞાન હુએ બિના યથાર્થ સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા?

કહતે હૈ કિ **'ચાર ઘાતિયાકર્મોંકે નાશ હોનેસે યહ જીવ અર્હંત હોતા હૈ,...'** અરિહંત હોતા હૈ. પહલા અરિહંત. કેવલજ્ઞાની કહો, અરિહંત કહો, જીવનમુક્ત કહો, ભાવમોક્ષ કહો. પર્યાયમેં ભાવમોક્ષ હો ગયા. આહા..હા..! ભાઈ! આત્મા-આત્મા તો બહુત કહતે હૈ લોકો અબ. હવે અહીંથી બાત નિકલીને ૩૧ વર્ષસે બહુત. તો આત્મા ઐસા હૈ... આત્મા ઐસા હૈ... બાપા! આત્મા ઐસા વાતું નહીં. આત્મા આ કહતે હૈ સર્વજ્ઞ ઐસા આત્મા ચાહિયે. એ સિવાય દુનિયા અજ્ઞાની અપની કલ્પનાસે આત્મા કહે, ઐસા ચલે નહીં. મિથ્યાત્વકી પુષ્ટિ હોગી. આ આત્મા એક સમયમેં અનંતગુણકા પિંડ રાશિ ઉસકી એક સમયકી એક જ્ઞાનકી એક પર્યાયમેં ત્રણ કાળ, ત્રણ લોક ઝલકતે હૈ ઐસી પર્યાય. ઐસી અનંતી પર્યાય અનંત ગુણકી, ઐસી અનંતી પર્યાયકા પિંડ ગુણ અને ઐસા અનંત ગુણકા પિંડ દ્રવ્ય. ઐસા આત્મા પ્રતીત કિયે બિના યથાર્થ સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? વહ કોઈ બાતકી બાત નહીં હૈ, વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ ભાઈ! આહા..હા..! સમજમેં આયા?

**'ઔર જબ ઘાતિયાકર્મ વિલય હો જાતા હૈં, તબ અરહંતપદ પાતા હૈ, દેવેંદ્રાદિકર પૂજાકે યોગ્ય હો વહ અરહંત હૈ,...'** દેવ આદિ ઉસકો પીછે પૂજતે હૈ. વહ બાહરકા પુણ્ય અતિશય લિયા. **'ક્યોંકિ પૂજાયોગ્યકો હી અર્હંત કહતે હૈં.'** પૂજાને યોગ્ય હો. બાહરકી હોં. અંતરકી તો જો કેવલજ્ઞાન વહ અસલી ઋદ્ધિ અને સંપદા હૈ. દુનિયા ઈન્દ્રો જ્યાં આવીને નતમસ્તક (થાય). મુગટમેં આમ હીરા-માણેક જડ્યા હોય. ધન્ય નાથ... ધન્ય નાથ.. ધન્ય નાથ!! હમારી પ્રાપ્ત હુઈ પર્યાયકો ઐસા રહો ઔર નહીં પ્રાપ્ત હુઈ પર્યાયકો પ્રગટ હોકર યોગક્ષેમના કરનારા હે ભગવાન આપ હો. નિમિત્તરૂપે કહતે હૈ ન નિમિત્તરૂપે. સમજમેં આયા? ઐસા ઈન્દ્ર

અર્ધલોક દક્ષિણાર્ધના સ્વામી, બત્રીસ લાખ વિમાનનો લાડો અને ઈશાન ઈન્દ્ર અઠ્યાવીશ લાખ વિમાનનો સ્વામી. બેય અર્ધલોકના. એક દક્ષિણના અને એક ઉત્તર લોકના સ્વામી ભગવાન પાસે આવે છે. સમજમેં આયા? આ વાત નહીં હૈ હોં. વસ્તુ ઐસી હૈ. ઐસા નહીં કિ ઐસી મોટી-મોટી વાતું હોગી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ગપ્પાબાજી નહીં, કલ્પનાબાજી નહીં હૈ. વસ્તુ ઐસી હૈ. વસ્તુ ઐસી થી, ઐસી હૈ, ઐસી રહેગી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થકા પંથ.' ભગવાન સાક્ષાત્ મહાવિદેહક્ષેત્રમેં કેવલજ્ઞાની સીમંધર પ્રભુ સાક્ષાત્ બિરાજતે હૈં. ઉનકી દિવ્યધ્વનિ સાક્ષાત્ નિકલતી હૈ. સમજમેં આયા? ઉસમેં પંચાસ્તિકાયમેં ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈ કિ ભગવાનને જો લોકકા સ્વભાવ કહા. '**लोगसहावं सुणंताणं**' ઐસા પાઠ હૈ પંચાસ્તિકાયમેં. લોકકા સ્વભાવ ભગવાન કહતે થે, સમવસરણમેં બૈઠનેવાલે લોકકા સ્વભાવ સુનનેવાલા જાનતે થે. ઐસા પંચાસ્તિકાયમેં પાઠ હૈ. '**लोगसहावं सुणंताणं**' ભગવાનને લોકના સ્વભાવ સાંભળનારને ઐસા સ્વભાવ કહા હૈ. સમજમેં આયા? કેટલામાં બોલ છે? પંચાસ્તિકાયમેં? ૯૫? કાંઈક ગાથા છેને? પંચાસ્તિકાય છેને? '**लोगसहावं सुणंताणं**' નહીં? ઓલો ધર્માસ્તિનો અધિકાર હૈ ન. પંચાસ્તિકાયકી ૯૫. કુંદકુંદાચાર્યદેવ કહતે હૈં કિ સમવસરણમેં ભગવાનને લોકના સ્વભાવ સુનનેવાલેકો ઐસા ફરમાયા થા.

'**तम्हा धम्माधम्मा गमणट्ठिदिकारणाणि णागासं। इदि जिणवरेहिं भणिदं**' જિનવર ત્રિલોકનાથ ઐસા કહતે થે. કિસકો? '**लोगसहावं सुणंताणं**' લોકના સ્વભાવ સુનનેવાલેકો ભગવાન ઐસે ફરમાતે થે. આહા..હા..! દેખો, ભગવાન પાસે ગયે થે ન? ભગવાન પાસે સુના હૈ. '**लोगसहावं सुणंताणं**' લોકના સ્વભાવ કહનેવાલા ભગવાન, સુનનેવાલે હમ. એમ કહતે હૈ કિ ઉસસે સુના હૈ, વહ સુના હૈ હમને. દેરિયાજી! પાઠસે કહતે હૈ. દેખો, આહા..હા..! આ તો શાસ્ત્ર તે કાંઈ શાસ્ત્ર છે! સમજમેં આયા?

કહતે હૈ, ભગવાન મહા અરિહંત અપની પર્યાયમેં કેવલજ્ઞાન હુઆ, .. ઈન્દ્રોસે પૂજ્ય. સો ઈન્દ્રોસે હોં. સમવસરણમેં સો ઈન્દ્રોંસે પૂજ્ય. પૂજનેયોગ્ય હો ગયા. '**પહલે તો મહામુનિ હુઆ.**' પહલે તો કહે છે મહામુનિ હુઆ, કેવલ લીધા પહલે. '**शिवपदमार्गे वसन्**' એ '**મોક્ષપદકે માર્ગરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમેં ઠહરતા હુઆ...**' કેવલજ્ઞાન ક્યોં પાયા? કૈસે પાયા? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવકી અંતર અનુભવમેં પ્રતીતિ, ઉસકા અંતરમેં સ્વકા જ્ઞાન ઔર અંતરમેં લીનતા ઐસા '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમેં ઠહરતા હુઆ...**' ઉસમેં ઠહરતા હુઆ કેવલજ્ઞાનકો પાયા. રાગમેં ઠહરતા હુઆ અને સંહનનમેં, દેહમેં (ઠહરતા હુઆ ઐસા નહીં કહા). સમજમેં આયા? જુઓ, યે મોક્ષમાર્ગ ઐસા હૈ ઉસકી પ્રતીત કરાતે હૈ (કિ) ઐસા મોક્ષમાર્ગ હૈ.

**'सकलविकल्पिानां'** **'સમસ્ત રાગાદિ વિકલ્પોંકા નાશ કરતા હૈ,...'** દેખો, શુદ્ધ ઉપયોગરૂપી મુનિપના લેકર, તીર્થંકરોને પણ શુદ્ધ ઉપયોગરૂપી મુનિપના લેકર ઠહરકર વિકલ્પકા નાશ કિયા. **'અર્થાત્ જબ સમસ્ત રાગાદિ વિકલ્પોંકા નાશ હો જાવે, તબ નિર્વિકલ્પ ધ્યાનકે પ્રસાદસે કેવલજ્ઞાન હોતા હૈ.'** લ્યો! **'નિર્વિકલ્પ ધ્યાનકે પ્રસાદસે કેવલજ્ઞાન...'** ઝળહળ જ્યોતિ અસંખ્યપ્રદેશી અનંત સૂર્ય, અસંખ્યપ્રદેશી અનંત કેવલજ્ઞાન સૂર્ય ખિલ જાતા હૈ. અસંખ્ય પ્રદેશમેં ખિલ જાયે, અંકુરા ફૂટ જાતા હૈ, કેવલજ્ઞાનકા ફૂટ જાતા હૈ. આહા..હા..! નિર્વિકલ્પ હૈ ન સારા. સમજમેં આયા? **'કેવલજ્ઞાનીકા નામ અર્હંત હૈ, ચાહે ઉસે જીવનમુક્ત કહો. જબ અરંહત હુઆ તો ભાવમોક્ષ હુઆ, પીછે ચાર ઘાતિયાકર્મોંકા નાશકર સિદ્ધ હો જાતા હૈ. સિદ્ધકો વિદેહમોક્ષ કહતે હૈં.'** સિદ્ધકો વિદેહમોક્ષ કહતે હૈં. ભગવાન અરિહંતકો જીવનમુક્ત કહતે હૈ. આયુષ્ય હોતે છતે મોક્ષ, આયુષ્ય છૂટ ગયા તો જીવનમુક્ત. **'યહી મોક્ષ હોનેકા ઉપાય હૈ.'** દૂસરા કોઈ ઉપાય હૈ નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૮, શુક્રવાર, તા. ૦૩-૦૯-૧૯૬૫**
**ગાથા- ૧૯૬, પ્રવચન-૨૦૫**

દસલક્ષણી પર્વમેં ચૌથા દિન હૈ. દસલક્ષણી પર્વકા મૂલ અર્થ તો આત્માકા ચારિત્રકા આરાધન હૈ. આત્મા શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ શુદ્ધ હૈ ઉસકી દૃષ્ટિ ઔર અનુભવ કરકે પીછે ચારિત્ર એટલે સ્વરૂપમેં રમણતા કરની (ઐસી) આરાધના ચારિત્રકા હી દસ પ્રકાર હૈ ઉત્તમ ક્ષમા આદિ. ચારિત્રકા હી પ્રકાર ઔર ભેદ હૈ. ક્યોંકિ ચારિત્ર હી સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. ચારિત્રકા કારણ સમ્યગ્દર્શન અને જ્ઞાન હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ચારિત્ર ન હોય તો ચાલેને?

ઉત્તર :- ચારિત્ર પણ સમ્યગ્દર્શન-જ્ઞાન બિના ચારિત્ર હોતા હી નહીં.

મુમુક્ષુ :- આ કાળે હોય.

ઉત્તર :- આ કાળે હોય? ત્રણે કાળે ન હોય.

સમ્યગ્દર્શન બિના ચારિત્ર હોતા નહીં અને ચારિત્ર હુએ બિના મુક્તિ હોતી નહીં. એકેલે સમ્યગ્દર્શન-જ્ઞાનસે મુક્તિ નહીં હોતી ઔર ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન બિના નહીં હોતા. ક્યોંકિ ચારિત્ર નામ ચરના, રમના, લીન હોના. આનંદકા ભોજન કરના ઉસકા નામ ચારિત્ર હૈ. તો અતીન્દ્રિય આનંદ આત્મા, ઉસકી દૃષ્ટિ અનુભવમેં આયી નહીં તો ઉસમેં આનંદકા અનુભવકા ચારિત્ર કહાંસે આયેગા? ચારિત્ર કોઈ ક્રિયાકાંડ કે બાહરકા દુઃખ નહીં. આત્મા અતીન્દ્રિય મૂર્તિ આનંદ ઉસમેં લીન હોકર, અતીન્દ્રિય સુધારસ, નિર્વિકલ્પ સુધારસ આનંદકા પીના ઉસકા નામ ચારિત્ર કહતે હૈ. સમજમેં આયા? ઓહો..હો..! ચારિત્ર અલૌકિક ચીજ જો સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. ઉસ ચારિત્રકા હી દસ પ્રકારકા ભેદ વર્ણનમેં આયા હૈ. હવે અહીંયાં ચોથો. આજ ચૌથા દિન હૈ ન? સત્ય ધર્મકા વર્ણન.

**स्वपरहितमेव मुनिभिः, मितममृतसमं सदैव सत्य च।**
**वक्तव्यं वचमथ, प्रविधेयं धीधनैर्मौनम्।।९१।।**

અહો..! '**ઉત્કૃષ્ટ જ્ઞાનકે ધારણ કરનેવાલે મુનિયોંકો...**' જુઓ, પહલે જ્ઞાન લિયા. '**धीधनै**'. જેનું ધ્યેય લક્ષ્મી-ધન હૈ. દેખો, શોભાલાલભાઈ! તમારા પૈસા ધન નહીં એમ કહતે હૈ યહાં. '**धीधनै**'. મુનિયોંકો તો ધી-લક્ષ્મી, જ્ઞાનલક્ષ્મી ઉસકી લક્ષ્મી હૈ. ધન હી વહ હૈ. અખંડાનંદ, જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ જિસકી પર્યાયમેં શક્તિમેંસે વ્યક્ત કરકે શાંતિ આદિ નિકાલી હૈ ઐસા જ્ઞાન પ્રધાન જિસમેં હૈ ઐસી જિસકી લક્ષ્મી હૈ. એ '**धीधनै**'. '**મુનિયોંકો પ્રથમ તો બોલના હી નહીં...**' છેલ્લે શબ્દ લીધો છે ભાઈ! '**धीधनैर्मौनम्**'. કદાચિત્ મૌન હી રખના મુનિયોંકો તો. '**યદિ બોલેં તો ઐસા વચન બોલના ચાહિયે, જો સમસ્ત પ્રાણીયોંકા હિતકા કરનેવાલા હો.**' '**हितमेव**'. દૂસરા '**मितममृतसम**'. સમજે? મર્યાદિત-'**પરિમિત હો ઔર અમૃતકે સમાન પ્રિય હો.**' ઐસા આત્માકા હિતકારી વચન મુનિ બોલતે હૈ. રહતે હૈ તો મૌન ઔર ધી-ધનવાલા, પણ કદાચિત્ મૌન ન રહ સકે તો ઐસા વચન બોલના (કિ જો) '**સર્વથા સત્ય હો, કિંતુ જો વચન જીવોંકો પિડા દેનેવાલા હો, કડવા હો ઉસ વચનકી અપેક્ષા મૌન સાધના હી અચ્છા હૈ.**' જુઓ, ધી-ધન પહલે લિયા હૈ હોં.

સમ્યગ્જ્ઞાન બિના ચારિત્ર હોતા નહીં. સમ્યગ્જ્ઞાન બિના સત્ય બોલના કિ અસત્ય કિસકો વિવેક હોગા? જિસકો સત્યકી ખબર હી નહીં. એક આત્મા હૈ. હમારે સત્ય બોલના હૈ. તો એક (હી) આત્મા હૈ સર્વથા, વહ તો અસત્ય જૂઠ બોલા. આત્મા એક હી હૈ, આત્મામેં આનંદ.. પરસે હઠ જાઓ... પરસે હઠ જાઓ... પણ કહાં જાના ઉસકી ખબર નહીં. તો યહ સબ બોલનેવાલા જૂઠા હૈ. ઉસકો સત્ય હોતા નહીં. શેઠ! આ બધી ગડબડ ચલાવી અત્યાર સુધી

તમે બધા શેઠિયાએ ભેગા થઈને. દરકાર કરી નહીં દરકાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દરકાર એણે કરી નથીને પોતે. કહો, શેઠ!

सति सन्ति व्रतान्येव, सूनृते वचसि स्थिते।
भवत्याराधिता सिद्धिः, जगत्पूज्या च भारती।।९२।।

ઓહો..! અપના સત્ય ભગવાનસ્વરૂપ પરમાનંદ સત્યનો સાહેબો જ્ઞાનાનંદ ઉસકી દૃષ્ટિપૂર્વક **'જો સત્ય વચન બોલનેવાલા હૈ અર્થાત્ સત્યવ્રતકા પાલન કરનેવાલા હૈ, ઉસકે સમસ્ત વ્રત વિદ્યમાન રહતે હૈ...'** ઉસકા સબ વ્રત વિદ્યમાન-હયાતી રહતે હૈ. સત્યકા ભાન નહીં. કૌન દ્રવ્ય હૈ, કૌન ગુણ હૈ, કૌન પર્યાય હૈ, કૌન રાગ હૈ, કૌન સર્વજ્ઞ હૈ... સમજમેં આયા? ઉસકા ભાન નહીં વહ કભી સત્ય બોલ સકતા નહીં. ઐસે સત્ય બોલનેવાલેકો પંચ મહાવ્રતકા પાલન હોતા હૈ. સત્યમેં સબ વ્રત આ જાતા હૈ. **'વહ સમસ્ત વ્રતોંકા પાલન કરનેવાલા હો જાતા હૈ. વહ સત્યવાદી સજ્જન પુરુષ, તીન લોકકે દ્વારા પૂજ્ય સરસ્વતીકો ભી સિદ્ધ કર લેતા હૈ...'** લો. વહ કેવલજ્ઞાનકો ભી સિદ્ધ કર લેતા હૈ. સત્યસ્વરૂપ ભગવાન આત્મા જૈસા હૈ ઐસી સત્ય કથની, સત્ય પ્રરૂપણા, સત્ય બોલના, સત્ય કહના, હિત-મીત-પરિમિત. વિશેષ મર્યાદા સહિત જો વસ્તુકા સ્વરૂપ હૈ ઐસા કહનેવાલા અપને જ્ઞાનકી સરસ્વતીકો ભી સિદ્ધ કર સકતા હૈ. અપની જ્ઞાનલક્ષ્મી કેવલજ્ઞાનકો પા સકતા હૈ. **'સરસ્વતી ભી સત્ય બોલનેવાલે કે પાસ રહતી હૈ.'** દેખો.

आस्तामेतदपुत्र सूनृतवचाः, कालेन यल्लप्स्यते;
सद्भूपत्वसुरत्वसंसृतिसरित्, पाराप्तिमुख्यं फलम्।
यत्प्राप्नोति यशः शशांकविशदं, शिष्टेषु यन्मान्यतां;
तत्साधुत्वमिहैव जन्मनि परं, तत्केन संवर्ण्यते।।९३।।

ઔર આચાર્ય કહતે હૈં, મુનિ છઠ્ઠે ગુણસ્થાનમેં બિરાજમાન આનંદકા પીપાસુ, આનંદ અમૃતકા, નિર્વિકલ્પ આનંદકા પીનેવાલા હૈ. ક્ષણે-ક્ષણે આત્મા નિર્વિકલ્પ આનંદકા સુધારસકા પીનેવાલા હૈ મુનિ. સમજમેં આયા? વહ પીણા પીતે-પીતે વિકલ્પ હો ગયા હૈ દૂસરોંકો સમજાનેકા. કહતે હૈ **'સત્યવાદી મનુષ્ય, આગામી ભવોંમેં શ્રેષ્ઠ ચક્રવર્તી રાજા બનતે હૈં.'** આત્માકા સત્સ્વભાવકા આરાધન હૈ ઉસમેં કુછ વિકલ્પ રહ જાયે તો ચક્રવર્તી રાજા બન જાયે. **'ઈન્દ્રાદિ ફલકો પ્રાપ્ત કરતે હૈં....'** ઈન્દ્ર હોતા હૈ. **'ઔર સબસે ઉત્કૃષ્ટ મોક્ષરૂપી ફલકો ભી પ્રાપ્ત કર લેતે હૈં. યહ બાત તો દૂર રહો, કિન્તુ ઈસી ભવમેં વે ચંદ્રમાકે સમાન ઉત્તમ કીર્તિકો પા લેતે હૈં.'** સત્યવાદી દુનિયામેં .. **'તથા શિષ્ટ મનુષ્ય...'** શિષ્ઠ મનુષ્ય, યોગ્ય

મનુષ્ય **'ઉનકો બડી પ્રતિષ્ઠાસે દેખતે હૈં,...'** સત્યવાદીકો, સત્ય સમજનેવાલેકો, સત્ય કથન કરનેવાલેકો શિષ્ટ પુરુષોં ભી બડી પ્રતિષ્ઠા, બહુમાનસે ઉસકો દેખતે હૈ. ઔર **'વે સજ્જન કહે જાતે હૈં, ઈત્યાદિ નાના પ્રકારકે ઉત્તમ ફલ ઉનકો મિલતે હૈ. જો કિ સર્વથા અવર્ણનીય હૈં.'** આત્માકા સ્વભાવકા ભાનસહિત જો સત્ય બોલનેવાલા હૈ ઉસકા પુણ્ય ભી અવર્ણનીય હૈ ઔર ઉસકા ગુણ ભી અવર્ણનીય હૈ. **'ઈસલિયે સજ્જનોંકો અવશ્ય હી સત્ય બોલના ચાહિયે.'**

ચાલતો અધિકાર આપણો. પરમાત્મપ્રકાશ. અબ થોડા સૂક્ષ્મ આયેગા. યે તો થોડા દસલક્ષણી પર્વમેં એક-એક બોલકા થોડા દસ મિનિટ ચલતા હૈ. ૧૯૬ ગાથા. **'અબ કેવલજ્ઞાનકી હી મહિમા કહતે હૈં—'** આયા દેખો. યહ આત્મા અંતર સ્વભાવ સર્વજ્ઞ હૈ. દેખો, વર્તમાન પ્રગટ દશામેં જ્ઞાનકી અલ્પતા હૈ ઉસસે વિશેષ-વિશેષ અધિક જ્ઞાનકી વૃદ્ધિ હોતી હૈ. ઐસા દેખનેમેં આતા હૈ કિ નહીં? પહલી દશાસે દૂસરી દશામેં જ્ઞાનકી પર્યાયમેં-અવસ્થામેં વિકાસરૂપ, શાસ્ત્રભાષાસે ક્ષયોપશમરૂપ, વિકાસરૂપ જ્ઞાનકી પર્યાય—અવસ્થા, ધ્રુવ તો એક બાજુ રહા, પણ પર્યાયમેં જો અલ્પ જ્ઞાન થા, વહ વિશેષ વૃદ્ધિ હોતી હૈ. તો વિશેષ વૃદ્ધિ હોતી હૈ, વહ અલ્પ જ્ઞાન ગયા ઉસમેંસે વૃદ્ધિ નહીં હોતી. ક્યા કહા સમજમેં આયા?

આત્મા વસ્તુ-પદાર્થ, ઉસમેં જ્ઞાનાદિ અનંત ગુણ, જ્ઞાન ભી પરિપૂર્ણ ગુણ ઔર ઉસકી પર્યાયમેં અલ્પ વિકાસ. હવે અલ્પ વિકાસમેં જબ પુરુષાર્થ કરતે હૈં તો રાગ મંદ કરકે વર્તમાન જ્ઞાનકી દશા હૈ ઉસસે વૃદ્ધિકો પ્રાપ્ત હોતા હૈ. તો જ્ઞાનકી વૃદ્ધિ જો હુઈ વહ અલ્પમેંસે વૃદ્ધિ હુઈ? અલ્પજ્ઞાનકી પર્યાય તો વ્યય હો ગયી. યે તો અભાવ હૈ. વહ પર્યાય હૈ ન? અવસ્થા હૈ ન? પલટતી હૈ. ગુણ ત્રિકાલ હૈ, દ્રવ્ય ત્રિકાલ હૈ ઔર પર્યાય પલટતી હૈ. ક્યોંકિ પર્યાય જો પલટે નહીં તો તેરે આત્મામેં લક્ષ કર, ધ્યાન કર વહ કહાંસે આયા? તેરા ધ્યાન રાગ ઉપર, પર ઉપર હૈ વહ અંતરમેં લા, તો વહ પલટનેકી પર્યાય ન હો તો ઐસા કહાંસે આતા હૈ? સમજમેં આયા? ઔર એક બાત કિ વહ પલટતી હૈ ઔર વિશેષ વૃદ્ધિ હોતી હૈ. પહલે ક્ષણમેં જ્ઞાન અલ્પ થા, વિશેષ સમજનેસે વૃદ્ધિ હોતી હૈ, તો વૃદ્ધિ દૂસરે સમયમેં પલટનેકી અવસ્થામેં હુઈ. તો પલટનેકી અવસ્થામેં વૃદ્ધિ હુઈ ઔર પહલે હીણીકા અભાવ હુઆ. તો અભાવમેંસે વહ વૃદ્ધિ નહીં આતી, વહ વૃદ્ધિ અંદરમેંસે આતી હૈ. નવનીતભાઈ! ન્યાય સમજમેં આતા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંતર નિકલે કહાંસે? અલ્પમેંસે વિશેષ હોતા હૈ? અલ્પ પર્યાય અવસ્થા હૈ... આત્માકા વિચાર કરો એમ કહતે હૈ કોઈ. એક ઈસમેંસે કિતના નિકલતા હૈ કિ આત્માકા વિચાર

કરો? તો કિતના નિકલતે હૈ ઈસમેંસે? કિ વહ આત્માકા વિચાર અભી તક કિયા નહીં. ઉસને રાગકા, સંયોગકા વિચાર કિયા. વહ બાત સિદ્ધ હુઈ, વહ બાત સિદ્ધ હુઈ. ઔર હવે આત્માકા વિચાર કરો. તો વહ પર્યાય જો પરકા વિચાર કરતી થી, સ્વકા વિચાર કરનેમેં પલટ જાતી હૈ. પલટન હોતા હૈ, પલટન હોતા હૈ, પરિણમન હોતા હૈ, તો પરિણમન સિદ્ધ હુઆ. ઔર પરિણમન સિદ્ધ હુઆ તો પરકે લક્ષસે જો જ્ઞાન અલ્પ થા, સ્વકા વિચારસે જો જ્ઞાનકી વૃદ્ધિ હુઈ, વહ વૃદ્ધિ સિદ્ધ ક્યા કરતી હૈ? કિ ગુણમેંસે વહ જ્ઞાન આયા. તો ગુણકો સિદ્ધ કરતા હૈ. ગુણ પૂરા ભરા હૈ ઉસમેંસે આતા હૈ. અને વહ ગુણ ક્યા સિદ્ધ કરતા હૈ? ગુણકા આધાર કૌન? આત્મદ્રવ્ય હૈ. ગુણકા આધાર દ્રવ્ય હૈ. તો વહ દ્રવ્યકો સિદ્ધ કિયા, ગુણકો સિદ્ધ કિયા અને પર્યાયિકા પલટના, અલ્પમેંસે વૃદ્ધિ હુઈ વહ પલટના સિદ્ધ હુઆ અને વૃદ્ધિ અંતરમેંસે આયી ઐસે ગુણ-દ્રવ્યકો ભી સિદ્ધ કિયા. શોભાલાલભાઈ! બહુ ઝીણું, ભાઈ! સમજમેં આયા? નવનીતભાઈ! આ લોજિકસે તો સમજમેં આતા હૈ કિ નહીં ન્યાયસે?

સિદ્ધ ક્યા કરના હૈ? કિ જો આત્મામેં... દ્રવ્ય જો આત્મા હૈ વહ તો વસ્તુ હૈ. એક હોં આત્મા. સબ મિલકર એક નહીં. હવે એ આત્મા... ક્યોંકિ યહાં વૃદ્ધિ હોતી હૈ તો સબમેં લક્ષ કરનેસે વૃદ્ધિ નહીં હોતી. સમજમેં આયા? ચંદુભાઈ! જ્ઞાનમેં એકાગ્રતા હોકર... યહાં ક્ષેત્ર તો ઈતનમેં દિખતા હૈ, ઈતનેમેં ક્ષેત્રમેં યહાં એકાગ્ર હોતા હૈ તો ઈસ ક્ષેત્રમેંસે જ્ઞાનકી વર્તમાન પર્યાય અલ્પ થી ઉસકો વૃદ્ધિ હુઈ, વહ વૃદ્ધિ ક્ષેત્ર ઈતના હૈ ઉસમેંસે આયી હૈ. તો ઈતને ક્ષેત્રમેં જ્ઞાનગુણ પડા હૈ. ઈતને ક્ષેત્રમેં, જ્ઞાનકા આધાર આત્મા ભી ઈતને ક્ષેત્રમેં હી દ્રવ્ય હૈ. બરાબર હૈ? આ તો વકીલ હૈ ન? હુશિયાર માણસ હૈ જુઓ, આ દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ હો ગયા કિ નહીં? સમજમેં આયા?

યે આત્મા, જબ જ્ઞાનકી પર્યાયિમેં અલ્પમેંસે જબ વિશેષ હોતી હૈ, તો વિશેષ હોતે... હોતે... હોતે... હોતે... જબ પૂર્ણ જ્ઞાન હો ગયા તો પૂર્ણ જ્ઞાન કહાંસે આયા? વહ સર્વજ્ઞ પર્યાય આયી કહાંસે? અંદર શક્તિમેં હૈ તો ઉસમેંસે આયી હૈ. તો સર્વજ્ઞ સ્વભાવ ગુણ ઉસકા હૈ વહ સિદ્ધ હો ગયા. આહા..હા..! ભારે ભાઈ, આ તો વેપારીને જરી કેળવણી કરવી પડે ત્યાં. વેપારીને અકેલા ઐસા દિયા... ઐસા દિયા કિયા હૈ. ઉસમેંસે આતી હૈ. જો ન આવે તો બાહરસે કહાંસે આતી હૈ? વહ ચોસઠ પહોરીકા દૃષ્ટાંત નહીં દેતે હમ? વહ પીપરકા દાના. ક્યા કહતે હૈં? છોટીપીપર. છોટીપીપરમેં ચોસઠ પહોરી શક્તિ અંતર પડી હૈ. જો અંતર પડી ન હો તો પ્રગટ કહાંસે હોગી? ક્યા પત્થરસે હોગી? પત્થર ઘિસનેસે? પત્થર ઘિસનેસે જો ચોસઠ પહોરી ચરપરાઈ નિકલે તો કાંકરા ઘિસ ડાલે, કોલરા ઘિસ ડાલે. ચરપરાઈ કહાં હૈ ઉસમેં? આ તો બરાબર હૈ કિ નહીં? દેરિયાજી! યે તો દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ કરના હૈ હોં! ઔર

ઉસમેં સર્વજ્ઞ સિદ્ધ કરના હૈ. વહ પીપરમેં ચોસઠ પહોરી ચરપરાઈ (ભરી હૈ). ચોસઠ નામ પૂરો રૂપિયો, ચોસઠ પૈસા કહતે હૈ ન? હવે સો પૈસા હો ગયા હૈ. પહલે તો ચોસઠ પૈસાકા રૂપિયા થા ન? તો ચોસઠ પૈસા કહો, રૂપિયો કહો, સોળ આના કહો કે અખંડ કહો. તો પીપરકે દાનામેં અંદર ચોસઠ પહોરી શક્તિ ચરપરાઈ, હમારી કાઠિયાવાડી ભાષામેં તીખાશ કહતે હૈ તીખાશ, ચરપરાઈ-તિખાશ પૂરી ભરી હૈ. તો હૈ તો પ્રગટ હોતી હૈ. પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ. હૈ ઉસમેં સે આતી હૈ. તો જબ ઉસમેંસે ચોસઠ પહોરી હુઈ પૂરી, કહાંસે આયી? પહલી ૬૩ પહોરી થી, ૬૩ પહોરીકા અભાવ હુઆ, ૬૪ પહોરી પ્રગટ હુઈ. તો ૬૩ પહોરી તો ગયી ઉસમેં ચોસઠ પહોરી આતી હૈ? વહ તો અભાવ હો ગયા. ચોસઠ પહોરી આયી કહાંસે? અંદરમેંસે આયી હૈ. અંદર ચોસઠ પહોરી પૂરી પડી હૈ અને પ્રગટ હુઈ તો ભી ચોસઠ પહોરી પૂરી હૈ અંદરમેં. આહા..હા..! સમજમેં આયા?

ઐસે ભગવાન આત્મા એક સમયમેં દ્રવ્ય નામ પૂર્ણ વસ્તુ, ગુણ નામ જ્ઞાનાદિ શક્તિ, ઉસકી વર્તમાન પર્યાયમેં અવસ્થા પલટી હૈ વહ કૂટસ્થ નહીં. કૂટસ્થ હો તો કાર્ય હોતા નહીં. સમજમેં આયા? એકલા કૂટસ્થ-કૂટસ્થ કરે તો પછી સમજના ક્યા? સમજાના ક્યા? ઉસકો અંતર વિચારકો મોડના ક્યા? બહિર્મુખ જો વિચાર હૈ ઉસે અંતરમેં મોડના, કૂટસ્થ હો તો પલટના હોતા નહીં. પલટે બિના કાર્ય અંદરમેં કરના વહ તો રહ સકતા નહીં. તો દ્રવ્ય કાયમ રહતા હૈ, ગુણ કાયમ રહતા હૈ ઔર પર્યાય અવસ્થાકા પલટના હોતા હૈ. ઐસી વસ્તુ સમજે બિના જો કોઈ કથન ઉપદેશ કરે સબ જૂઠા હી હોતા હૈ ઉસકા. દેરિયાજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉત્પાદ હુઆ અને ધ્રુવ તો ધ્રુવમેંસે હુઆ. તીનોં હો ગયા. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' આચાર્યોંએ એક ટૂકડામેં તો મહાન સત્ ભર દિયા હૈ. સમજમેં આયા?

યહાં તો વહ સિદ્ધ કરના હૈ કિ કેવલજ્ઞાનકી મહિમા. આહા..હા..! આત્મા એ વસ્તુ, ઉસકા જ્ઞાનગુણ ત્રિકાલ, ઉસમેંસે કેવલજ્ઞાન પ્રગટ હુઆ રત્નત્રયકા આરાધન કરનેસે. રત્નત્રય નામ સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર. તો આત્મા પરિપૂર્ણ શુદ્ધ હૈ ઐસા અનુભવ કરકે પ્રતીત હોના, ભગવાન આત્માકો જ્ઞેય કરકે જ્ઞાન હોના ઔર ઉસમેં લીન હોના. વહ તીન દર્શન-જ્ઞાન-ચારિત્રકી આરાધના કરનેસે કેવલજ્ઞાનકી પર્યાય ફલરૂપે ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? ઉસકો અરિહંતપદ કહતે હૈ, ઉસકો ભાવમોક્ષ કહતે હૈ, ઉસકો જીવનમુક્ત કહતે હૈ, ઉસકો કેવલજ્ઞાનકી પર્યાય કહતે હૈ. વહ ચાર બોલ આયા થા. આહા..હા..! સમજમેં આયા? પહલે હજી મૂળ ... આત્મા-આત્મા કરે અને આમ વિકલ્પ ઘટાડી દઉં. પણ ક્યા ચીજ હૈ? સર્વજ્ઞને કૈસા દેખા હૈ? ઐસા આત્મા-આત્મા નહીં. સર્વજ્ઞને દેખા હૈ ઐસા હૈ, ઐસા હૈ, ઐસા ઉસકે ખ્યાલમેં આયે બિના સત્યસ્વરૂપ

તરફકા ઝુકાવ ઉસકા હોતા નહીં. સમજમેં આયા?

કેવલજ્ઞાનકી મહિમા. આહા..હા..! જુઓ, હવે અત્યારે બધી ગડબડ ચાલે છેને એની સામે આ શ્લોક આવ્યો છે.

३२७) केवल-णाणिं अणवरउ लोयालोउ मुणंतु।
णियमेँ परमाणंदमउ अप्पा हुइ अरहंतु।।१९६।।

'**કેવલજ્ઞાનસે લોક-અલોકકો નિરંતર જાનતા હુઆ...**' દેખો, ઈતના શબ્દ પડા હૈ. અભી અરિહંત ભગવાનકા કેવલજ્ઞાનકા નિર્ણય કરે તો અરિહંતકી કેવલજ્ઞાનકી પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકકો દેખતી હૈ. .. ન જાણે? અમરચંદજી! કિસ જીવકો કયે સમયે મોક્ષ હોતા હૈ ઉસકે જ્ઞાનમેં નહીં આતા? હા, ગડબડ કરી નાખી, કાળાકેર કર્યા. આહા..હા..! વહ કલ આયા હૈ ઐસા. પંડિતજી! કલ ઐસા આયા હૈ. મશ્કરી કરી હૈ મશ્કરી. ઐસી મશ્કરી લગાયી હૈ. કિ એક મુમુક્ષુ આયા. તો મુમુક્ષુકો પૂછા દૂસરેને. ક્યોં દેરાસર નહીં જાતે હો? ભાઈ! તુમકો સર્વજ્ઞકી શ્રદ્ધા નહીં હૈ. મુમુક્ષુ કહતા હૈ. જો સર્વજ્ઞકી શ્રદ્ધા હો તો દેરાસર જાનેકી પર્યાય હમારી નહીં હૈ તો નહીં હોતી હૈ. આહા..હા..! કિસકી મશ્કરી કરતે હૈ યે?

જિસકો, કેવલજ્ઞાન હૈ એક સમયમેં તીન કાલ, તીન લોક દેખનેકી તાકાત ઐસે કેવલજ્ઞાનકી જિસકો પ્રતીતિ હોતી હૈ ઉસકી અંતર દૃષ્ટિમેં સર્વજ્ઞપદ ઉપર દૃષ્ટિ જાનેસે અપને સર્વજ્ઞપદકી પ્રતીતિકા અનુભવ હોતા હૈ. તબ સમ્યગ્દૃષ્ટિકો ઐસી મશ્કરી નહીં હોતી હૈ. ક્યોં નહીં જાતે હો મંદીર? કિ નહીં મેરા પુરુષાર્થ કમજોર હૈ. વો યે કહતે હૈ. ઐસા કહે કિ ભગવાનને દેખા નહીં માટે નહીં જાતા? ક્યા લગાવે ઉંધા! આહા..હા..! ચંદુભાઈ! અરે! હાલ.. હાલ.. કમજોરી માનતે હૈં. હમારા જ્ઞાન અંતરમેં જાનેકા, રુચિ, દૃષ્ટિ હોતે છતે હમ સ્થિર નહીં હો સકતે હૈ. હમારે પુરુષાર્થકી કમી હૈ, હમારે પુરુષાર્થકી કમી હૈ. કોઈ ભગવાનને દેખા માટે હમારા પુરુષાર્થ ઉલટા હૈ એમ નહીં કહતે હૈ. ઐસા હમારા પુરુષાર્થ ઉલટા હૈ ઐસા ભગવાનને દેખા હૈ. અને ઐસા પર્યાયમેં દૃષ્ટિ અંતરમેં ન હો તો સમ્યગ્દર્શન રહતે નહીં અને સમ્યગ્દર્શન .. ઐસી ધીઠાઈ કરે? નહીં, હમારે તો ભગવાનને દેખા ઉસ દિન મંદિરમેં જાયેગા. ઐસા હૈ નહીં સુન તો સહી.

જિસકો કેવલજ્ઞાનકી શ્રદ્ધા હૈ અને કેવલજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોક અસ્તિ હૈ. યહાં ક્યા સિદ્ધ કરતે હૈ? કિ કેવલજ્ઞાન લોકાલોકકો નિરંતર (જાનતા હૈ). યહાં તીન બોલ લેતે હૈં. એક તો આત્મામેં કેવલજ્ઞાન એક સમયકા ઈતના પૂર્ણ હુઆ તો લોકાલોક જાનતા હૈ. તો લોકાલોકકી અસ્તિ કહી. એક હી આત્મા હૈ એમ નહીં. લોકાલોક હૈ. ષટ્ દ્રવ્ય હૈ, લોક હૈ, ખાલી ભાગ હૈ. ઐસા કોઈ કહે કિ નહીં, એકલા આત્મા-આત્મા. ઐસા નહીં ચલે. વહ આત્માકો જાનતે

હી નહીં. એક કેવલજ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ... તીન બોલ લિયા દેખો, '**કેવલજ્ઞાનસે લોક-અલોકકો**...' એક. ઔર '**નિરંતર જાનતા હુઆ**...' દો. આહા..હા..! ભાઈ! કેવલજ્ઞાન અરિહંતપદકા નિશ્ચય ઓહો..હો..! વહ તો આત્માકા જ્ઞાનકા નિશ્ચય હો ગયા. સમજમેં આયા?

આ લોકોને નથી ખબર અરિહંતપદની, નહીં કેવલજ્ઞાનકી, આત્માકી પૂર્ણતા કિતની પર્યાય પ્રગટ હોતી હૈ? વહ પૂર્ણ સ્વભાવમેં હૈ કિ નહીં? ઉસકી ખબર બિના ઐસા-ઐસા આત્મા-આત્મા કરે અને આ રાગ ઘટા દો, રાગ ઘટા દો. ક્યા રાગ ઘટાવે પણ? રાગ ઘટાનેવાલામેં રાગ હૈ નહીં. રાગ ઘટાનેવાલેમેં રાગ હૈ નહીં અને રાગ હૈ નહીં તો પૂર્ણ જ્ઞાન અને આનંદ હૈ. ઐસા નિર્ણય બિના રાગ કભી ઘટતા નહીં. સમજમેં આયા? ઘટા દો રાગ. ક્યા રાગ ઘટા દે? દેરિયાજી! ક્યા રાગ ઘટા દે? રાગ ઘટા દે તો રાગ ઘટાનેવાલા કૌન હૈ? હૈ કૌન વહ? હૈ કૌન વહ? ખબર હૈ? વહ તો પરિપૂર્ણ જ્ઞાન-દર્શન આનંદસે ભરા હુઆ હૈ. ઐસી દૃષ્ટિ લગાનેસે રાગ ઉત્પન્ન નહીં હોતા, રાગ ઘટ જાતા હૈ, તબ રાગકા અભાવ હોતા હૈ અને તબ વીતરાગ હો જાતા હૈ. ઐસે રાગ ઘટા દે-ઘટા દે ઉસમેં ક્યા આયા? સમજમેં આયા? શેઠી! સૂક્ષ્મ બાત હૈ હોં! ઓહો..હો..!

વળી એક તો વહ બાત કહી. હજી કેવલજ્ઞાનકા નિર્ણય અરિહંતપદકા... પહલે ણમો અરિહંતાણં. ઉસકા કેવલજ્ઞાન કૈસા ઉસકી ખબર નહીં, ઉસકો સમ્યગ્દર્શન હો અને ધર્મ હો (ઐસા) ત્રણ કાળમેં હોતા નહીં. સમજમેં આયા? ક્યોંકિ ધર્મકા મૂલ તો સર્વજ્ઞ હૈ. અને સર્વજ્ઞને જાના ઐસી વસ્તુ હૈ. તો જાની હૈ ઐસી વસ્તુ, વસ્તુ કિતની હૈ? લોકાલોક હૈ. વો ક્ષેત્ર લિયા. વો તો ક્ષેત્ર લિયા. લોક જિતનેમેં જડ-ચૈતન્ય સંગ્રહાત્મક હૈ ઉસકો લોક કહતે હૈં. ખાલી હૈ ઉસે અલોક (કહતે હૈં). ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... અમાપ... અમાપ... અમાપ... અમાપ... આકાશ પછી કોઈ માપ જ નહીં ક્યાંય, ક્યાંય હદ નહીં. ઐસી ચીજ ક્ષેત્ર હૈ. તો ક્ષેત્ર હૈ તો ઉસમેં રહનેવાલી ચીજ પણ હૈ. યે સબ ચીજકો નિરંતર '**अनवरतं**'-એક સમયમેં આંતરા પડ્યા બિના. સમજમેં આયા? પહલે સમયે દર્શન અને બીજે સમયે જ્ઞાન એ પણ તોડી નાખ્યું ભાઈ! એક સમયમેં કેવલજ્ઞાન અને ઉસી સમયમેં કેવલદર્શન. આહા..હા..! સમજમેં આયા? દૂસરા સંપ્રદાયમેં ઐસા કહતે હૈ જૈનમેં. તેથી નિરંતર શબ્દ વાપર્યા હૈ. એક સમયમેં દર્શન પહલે અને પછી કેવલજ્ઞાન, પછી દર્શન પછી જ્ઞાન, કેવલીકો ભી. ઐસા કહતે હૈં શ્વેતાંબરમેં. સમજમેં આયા? વહ બાત ઐસી હૈ હી નહીં. માટે નિરંતર શબ્દ આચાર્યને વાપર્યા.

નિરંતર ભગવાન આત્મા. કિતના સ્પષ્ટ કરતે હૈં! અરિહંતકી કેવલજ્ઞાન દશા, જીવનમુક્ત દશા, ભાવમોક્ષ દશા કૈસી હૈ? કિ લોકાલોકકે ક્ષેત્રકો જાનતી હૈ. ઓહો..હો..! હવે કોઈ કહે

કિ અલોકકા તો અંત નહીં કહીં. તો અંત નહીં ઉસકો કૈસે જાના? જાના તો અંત આ ગયા વહાં. અરે ભગવાન! સુન તો સહી, તુઝે ખબર નહીં. અંત નહીં હૈ ઐસા જ્ઞાનને જાના. પણ સાધારણ તર્કમેં લેગા કિ નહીં? કિ ક્ષેત્ર યહાં ઈતના હૈ. અસંખ્ય યોજનમેં જગત. પીછે... પીછે... પીછે... અનંત યોજન ધારો લ્યો! પીછે... પીછે... પીછે... પીછે... કહાં તુમ્હારી હદ હૈ? કોઈ ક્ષેત્ર, કોઈ દસોં દિશામેં દૂર જાઓ. દૂર જાઓ. લક્ષમેં દૂર-દૂર. અનંત યોજન, અનંતા અનંત, અનંતા અનંતકા વર્ગ કરો. અનંતકો અનંત વાર ગુણો. અને ચલે જાયે ઉસમેં ક્ષેત્ર. કહીં હદ હૈ? પછી? ઈતના બેહદકા જ્ઞાન હુઆ એથી કાંઈ બેહદતા ટળી ગઈ? બેહદકા જ્ઞાન હુઆ તો કાંઈ બેહદકા નાશ હુઆ? અને બેહદકા જ્ઞાન હુઆ તો યહાં જ્ઞાનમેં વહ જ્ઞાન આયા. કિ નહીં બેહદ હૈ તો જ્ઞાન ક્યોં આયા? કિ બેહદકા જ્ઞાન હુઆ. સમજમેં આયા? વહ જ્ઞાન હુઆ તો હદ હો ગયી. જૂઠ બાત હૈ. અને બેહદ હૈ તો ઉસને જાના હી નહીં હૈ. જૂઠ બાત હૈ. આહા..હા..!

અરે! કેવલજ્ઞાન આહા..હા..! સમજમેં આયા? આત્માકા સ્વભાવ... યહાં આગે લેંગે. શક્તિરૂપ કેવલજ્ઞાન હૈ. યે વ્યક્તિકી બાત કરતે હૈં. તો શક્તિમેં આત્મામેં કેવલજ્ઞાન એક-એક આત્મા સર્વમેં હૈ. વ્યક્તરૂપ જબ અંતર આરાધન કરકે પલટા ખાકર, શુદ્ધિકી વૃદ્ધિ હોકર, પૂર્ણ શુદ્ધિ હો જાયે (તબ) કેવલજ્ઞાન હોતા હૈ, ઉસકા નામ ભાવમોક્ષ કહનેમેં આતા હૈ. તો કહતે હૈ લોકાલોક જાના.

'**નિરંતર જાનતા હુઆ...**' હવે એકવાર જાણ્યા પછી ફરીવાર શું? પર્યાયકા પરિણમન હોતા હૈ એમ કહતે હૈ. ક્યા? કિસકા? કેવલજ્ઞાનકા. કેવલજ્ઞાન હુઆ વહ ભી સમય સમયમેં પરિણમન કરતા હૈ. ઉસકી પર્યાય કેવલજ્ઞાન. ગુણ નહીં. આહા..હા..! કેવલજ્ઞાન એક સમયકી અવસ્થા હૈ. દૂસરે સમયે દૂસરી, તીસરે સમયે તીસરે. ઐસી ખરી, પણ વહી નહીં. આહા..હા..! આ તે કાંઈ વાત વસ્તુની! સમજમેં આયા? નિરંતર શબ્દમેં વહ ભી લેના હૈ કિ એક સમયમેં જાનતે હૈ, ઐસા દૂસરા સમયમેં, ઐસા તીસરા સમયમેં. વહ પર્યાય નહીં રહતી. કેવલજ્ઞાન એક સમયમેં પૂર્ણ ઉત્પન્ન હુઆ વહ પર્યાય દૂસરે સમય નહીં રહતી. ઐસી ને ઐસી હોતી હૈ, પણ વહ નહીં રહતી. આહા..હા..! સમજમેં આયા? કેવલજ્ઞાન આહા..હા..! નિરંતર. એક વાત. પરિણમન સિદ્ધ કિયા. ઔર લોકાલોક સિદ્ધ કિયા. લોકાલોક હૈ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા ઐસા નહીં. સમજમેં આયા? બ્રહ્મ સત્ય એકીલા, બાકી અસત્ય હૈ. એમ નહીં. અપની અપેક્ષાસે અસત્ હૈ, ઉસકી અપેક્ષાસે સત્ હૈ. સમજમેં આયા? ઐસા સમજણમેં જિસકો આયા નહીં ઉસકી મિથ્યા દૃષ્ટિ મિટતી નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનમેં હોના જરૂરી ઇતના કિ ઇતના કેવલજ્ઞાન હૈ. ઇતની મેરેમેં શક્તિ હૈ ઐસા જ્ઞાન હોના જરૂરી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, તબ સમ્યગ્દર્શન હોવે. સમ્યક્કા અર્થ ક્યા? આપણે નક્કી કરીએ. સમ્યક્કા અર્થ ક્યા? સત્યકા દર્શન. સમ્યક્ એટલે સત્ય. ત્યારે આત્મા સત્ય કૈસા હૈ? કિ કેવલજ્ઞાનકી પર્યાય પ્રગટ હોતી હૈ ઐસી અનંતી પર્યાયકા પિંડ ગુણમેં હૈ. તો ઐસા ગુણકો પ્રતીત કરે તો સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા? કેવલજ્ઞાન તો એક સમયકી પર્યાય હૈ. તો ઐસી-ઐસી સાદિ-અનંત પર્યાય ઉસકા પિંડ આત્મા જ્ઞાનગુણ, એક ગુણ. તો એક ગુણકો ઐસી પ્રતીત કરનેમેં પૂર્ણ કેવલજ્ઞાન આત્મામેં ભરા હૈ ઐસી આ જાતા હૈ. ઐસી ગુણકી પ્રતીત બિના સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? આહા..હા..!

અરે..! એ તો બાપુ! ભાઈ! એ પ્રભુ છે પ્રભુ. ઉસકી ઇતની મહત્તા જહાં જ્ઞાનમેં આ જાયે (તો) વિકલ્પ ટૂટે બિના રહે નહીં. સમજમેં આયા? આ જ્ઞાન! આહા..હા..! અપના-અપના હોં અંદર. કેવલજ્ઞાન પર્યાય જો ગુણમેંસે આતી હૈ ઐસા સાદિ-અનંત કેવલજ્ઞાન? સાદિ-અનંતકા કિતના કાલ હુઆ? અનાદિ-સાંતકી જિતની પર્યાય હૈ ઉસસે સાદિ-અનંત પર્યાય અનંતગુની હૈ. ક્યા કહા? જિતના ભૂતકાલ ગયા ઉસકી જિતની પર્યાય હૈ ગુણકી, ઉસસે ભવિષ્યકી સાદિ-અનંત અનંતગુની પર્યાય હૈ. ભૂતકાલ કરતા ભવિષ્યકાલ અનંતગુના હૈ. આહા..હા..!

તો આત્મામેં કેવલજ્ઞાનકી પર્યાય જબ ઉત્પન્ન હુઈ તો અનાદિ-સાંત હો ગયા. ચાર જ્ઞાનકા અંત આ ગયા. કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ. કેવલજ્ઞાન સાદિ-અનંત. કભી ખૂટે નહીં. ઐસી સાદિ-અનંત ગયા કાલકી પર્યાય કરતા અનંતગુની પર્યાય, અનંતગુની કેવલકી પર્યાય, અનંતગુની કેવલજ્ઞાનકી પર્યાયકા સમૂહ ઉસકા પિંડ વહ જ્ઞાનગુણ હૈ. આહા..હા..! શેઠી! ભાઈ! ઐસે દ્રવ્ય-ગુણ ક્યા હૈ, પર્યાય ક્યા હૈ વહ સમજે બિના ઉસકો સમ્યગ્દર્શન હો જાયે? મરી જાય નહિ ક્રિયાકાંડ કરી કરીને. આહા..હા..! અમરચંદભાઈ! અને ભણી-ભણીને મરી જાયને પલાખા શીખી-શીખીને. શાસ્ત્ર ભણી જાય અગિયાર અંગ અને નવ પૂર્વ. ભણે તો ક્યા હૈ અને ક્રિયાકાંડ કરે તો ક્યા હૈ? જૈસી ચીજ હૈ... આહા..હા..!

એક આત્મામેં કેવલજ્ઞાન હોતા હૈ અરિહંતપદ તો વહ અરિહંતપદકી પર્યાય સાદિ-અનંત, યહ પર્યાય નિરંતર ઐસી કી ઐસી રહતે હૈ. એમ કહ્યા હૈ દેખો, નિરંતર ઐસી કી ઐસી જાનતે-જાનતે રહતે હૈ. ઓહો..હો..! ઐસી નિરંતર સાદિ-અનંતી પર્યાયકા સમૂહ વહ તો એક ગુણ. અનાદિ દૂસરી પર્યાય જો હોગી મતિ, શ્રુત, અવધિ આદિકી, સબ પર્યાયકા સમૂહ વહ જ્ઞાનગુણ હૈ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. યે તત્ત્વાર્થમેં આત્મા ઐસા આયા. કેવલજ્ઞાનરૂપી મોક્ષ અને મોક્ષકી પર્યાયકી શ્રદ્ધા આ ગયી. મોક્ષકી પર્યાયકી શ્રદ્ધા આ ગયી તો કહાંસે આયી? મોક્ષકી શ્રદ્ધા આતી હૈ કિ નહીં સાત તત્ત્વમેં? તો મોક્ષ કિસે કહતે હૈ? યે ભાવમોક્ષકી તો બાત ચલતી હૈ. આ ભાવમોક્ષ કહો, જીવનમુક્ત કહો, કેવલજ્ઞાન કહો. સમજમેં આયા? આહા..હા..! ઐસી મોક્ષપર્યાય જબસે ઉત્પન્ન હુઈ તબસે સાદિ-અનંત મોક્ષ રહતા હૈ. અનંતગુણકી પર્યાય નયી... નયી... નયી... નયી... નયી... નયી (હોતી હૈ) અને વહ નિરંતર જાનતે હૈ. કેવલજ્ઞાન નિરંતર લોકાલોકકો નિરંતર જાનતા હૈ. અંતર પડે બિના સમય સમયમેં નિરંતર પૂર્ણ જાનતા હૈ. આહા..હા..! ઐસી પર્યાયકા સમૂહ ઐસા ગુણ અને ઐસા અનંતગુણકા પિંડ પ્રભુ-ઐસી દૃષ્ટિ હો અને નિર્વિકલ્પતા ન હો (ઐસા) બને નહીં. સમજમેં આયા? વીર્ય કૂદકર પડે અંદર. આહા..હા..! ઐસા સ્વભાવ! આ સ્વભાવ! ક્યા ક્ષેત્ર, ક્યા કાલ, ક્યા ભવ, ક્યા ભાવ, દ્રવ્ય ક્યા, દ્રવ્યકી શક્તિયાં અનંત. સબકી સ્થિતિ એક પર્યાયમેં સમા જાતી હૈ અભી. શ્રુતજ્ઞાનકી પર્યાયમેં લોકાલોક કિતના વહ ભી સમા જાતા હૈ જ્ઞાનમેં, અનાદિ-અનંત કાલ કિતના વહ ભી સમા જાતા હૈ. દ્રવ્ય અનંત કિતના ધ્યાનમેં આતા હૈ, એક દ્રવ્યમેં, અનંતા-અનંત ગુણ હૈ વહ ભી જાનનેમેં આતા હૈ. ઐસી એક શ્રુતકી પર્યાયમેં ઐસા જાનનેમેં આયા, ઐસી પર્યાયકા અનંત... ઐસી વો તો અપૂર્ણ પર્યાય હૈ. પૂર્ણ પર્યાય કેવલજ્ઞાનકા અને યે સબ પર્યાયકા પિંડ એક જ્ઞાનગુણ હૈ. ઉસ જ્ઞાનગુણકી મહત્તા આનેસે વીર્ય અંતરમેં ઘૂસે બિના રહતા નહીં. પંડિતજી! વસ્તુ ઐસી હૈ. કોઈ બની બનાયી નહીં, વસ્તુ ઐસી હૈ. સમજમેં આયા? આહા..હા..!

જ્ઞાનકા દરિયા ભગવાન સમુદ્ર, જ્ઞાનકા સમુદ્ર. ક્ષેત્ર છોટા ઐસા ન લેના. છોટા તો ઈતનેમેં હી હૈ, ભાવ અમાપ હૈ. અમાપ-અમાપ. આહા..હા..! જેના ગર્ભમાં કેવળજ્ઞાનની પર્યાયો અનંતી પડી છે. આ તે કાંઈ કોણ છે આ? સમજાય છે? એક રાણીના પેટમાં સારો કુંવર આવે તો આમ વાતું કરે કે ક્યારે કુંવર આવશે? ક્યારે કુંવર આવશે? રાજકુંવર જ જન્મશે. ત્યાં કાંઈ ભૂંડણું નહીં જન્મે એમાંથી. ભૂંડ-ભૂંડ. ભૂંડણું કહતે હૈ? ક્યા કહતે હૈ? ભૂંડ-ભૂંડ હોતા હૈ કિ નહીં? સુવર-સુવર. રાણીના પેટમાં સુવર જન્મતા હોગા? રાજકુમાર. આમ વાટ દેખે. ક્યારે રાજકુમાર સાહેબ આવે? ત્યાં તો .. પડી જાય કે કુંવરી આવશે કે કુંવર. ભાન નથી ને.

અહીં તો રાજકુમાર આત્મા ભગવાન ત્રિલોકનાથ ગુણસે શોભાયમાન. રાજ્યતિ બિરાજતે, શોભતે ઈતિ આત્મા રાજા. ઉસમેં કેવલજ્ઞાનકી પર્યાય પ્રગટ હોતી હૈ. ક્યારે? અંતરમેં ઘૂસ જાયે, કેવલજ્ઞાન પૂર્ણ હો જાયે. સમજમેં આયા? પૂર્ણ એકાગ્ર હો તો કેવલજ્ઞાન ભગવાન ઉત્પન્ન હોતા હૈ. આહા..હા..! હવે આ મશ્કરી કરતે હૈ લોકો. અરે..! ભગવાન! પ્રભુ! રહેવા દે ભાઈ!

એ મોંઘા પડશે તને એના ફળ હોં. નવનીતભાઈ! કેવલજ્ઞાનીને દેખા ઐસા હોગા. લ્યો કેવલજ્ઞાનીને દેખા ઐસા હોગા. માટે આ બધા નિયતવાદી છે, એકાંદ મિથ્યાદૃષ્ટિ છે. અરે..! સુન પ્રભુ! સુન ભાઈ! ધીરો થા, ભગવાન! ઐસા ન કહે, ઐસા ન કહે. આહા..હા..! એ ભગવાન આત્મા આહા..હા..!

નિયતની તો વાતું અમારે ૭૨ (સાલમેં) વિરોધ હુઆ થા. ૭૨કી સાલમેં. કિતના વર્ષ હુઆ? ૪૯. ૪૯ હુઆ ન? ૨૮ અને ૨૧. ૪૯ વર્ષ પહલે વિરોધ હુઆ થા સંપ્રદાયમેં. હમારા ગુરુભાઈ થા વહ ઐસા કહતે થે કિ કેવલજ્ઞાનમેં દેખા તબ પુરુષાર્થ હોગા, અભી પુરુષાર્થ-ફુરુષાર્થ નહીં હોગા. બારંબાર કહતે થે. હમારી દો વર્ષકી દીક્ષા, ૨૫ વર્ષકી ઉંમર. બહુત સુનતે... સુનતે... સુનતે... સુના તો એક દિન (કહા). ૭૨કી સાલકી બાત હૈ. ફાગણ સુદ તેરસ. રાત્રીકો ઐસે પ્રશ્ન ઉઠા અંદરમેંસે. હમારા ગુરુ હીરાજી મહારાજ તો માલા ગિનતે થે. વહ ભદ્રિક થે ભદ્રિક. કીધું, નહીં. ઐસા ક્યું કહતે હો તુમ? ભગવાનને દેખા, ભગવાનને દેખા જિસકી પર્યાયમેં બૈઠ ગયી બાત ઉસકો ભગવાને ભવ દેખા હી નહીં. જિસકો કેવલજ્ઞાન પર્યાયમેં બૈઠ ગયા, રુચ ગયા ઉસકો ભવ રહતા હી નહીં. ભગવાનકી વાણી તુમ કહતે હો ઐસી હૈ હી નહીં. ભગવાનકી વાણી ઐસી હૈ, ત્રિલોકનાથકી વાણી ઐસી હૈ કિ હમ સર્વજ્ઞ હુએ ઐસે સર્વજ્ઞ તુમ હો. રાગસે હટ જાઓ, સ્વભાવમેં આ જાઓ ઐસી સર્વજ્ઞકી વાણી હૈ. દેરિયાજી! વહ ૪૯ વર્ષ પહલે. વહ અંદરકા થા ન. વિશેષ તો ખબર નહીં થી. પણ ભાષાકા ભાવ ઐસા હી થા. વો ૮૨મી ગાથામેં છેને ભાઈ! .. ભાવ તો એવા જ થા અંદરથી. લ્યો! જે ૮૨વીં ગાથામેં કુંદકુંદાચાર્ય કહતે હૈ કિ

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।**

એવો જ ઉપદેશ અરિહંતોએ કર્યો છે કે હમારી પર્યાય હૈ, હમને ભી પૂર્વકા અરિહંતકા દ્રવ્ય-ગુણ-પર્યાય જાનકર હમારા મોહકા હમને નાશ કિયા હૈ. ઔર રાગ-દ્વેષકા નાશ કર હમને કેવલ લિયા હૈ. ઐસા હી ઉપદેશ ભગવાનને કિયા. તુમ ભી હમારે જ્ઞાનકા લક્ષ કર તુમ્હારે જ્ઞાનમેં મિલાન કરો, ઔર મિલાન કરનેસે તુમ્હારા દર્શનમોહ નાશ હુએ બિના રહેગા નહીં. ભવ કેવા? સમજમેં આયા? ભગવાનકા ભક્ત હો અને ભવ રહે વહ ભક્ત નહીં. સમજમેં આયા? એ વખતે જરી પછી ભાઈ બહુ ઓલું થઈ ગયું હતું તો એમ બોલાણું હતું કે અનંત ભવ તમારા દેખ્યા લાગે છે ભગવાને. એઈ..! ભવ-બવ હમારે હૈ નહીં. હમ તો ભગવાનકે ભક્ત હૈં, હમેં ભવ હૈ નહીં. અને હમકો તો પહલેસે ભગત કહતે થે ન. હમકો તો ભગત-ભગત નાની ઉંમરમેંસે. ભગવાનકે ભક્તકો ભવ કૈસા? કીધું, ભવની બાત ક્યા કરતે હો? ભગવાનને

ઐસા દેખા? ભગવાનકી વાણીમેં ઐસા આતા હૈ? ભગવાનકી વાણીમેં મારફાટ પુરુષાર્થ આતા હૈ. લાઓ સર્વજ્ઞપદ, લાઓ સર્વજ્ઞપદ. પછી એ દાખલો એમાંથી આપ્યો હતો હોં. ... એ ૭૬ બોલ આવે છે ઉત્તરાધ્યયનમાં. કીધું, યે ક્યા કહતે હૈ દેખો! .. ભગવાન ઉત્તર દેતે હૈ. ત્યારે તો એમ જ માનતાને યે ભગવાનનું છે એમ. ... ભવછેદન કરી. ભવનો છેદ કરી નાખે અને ભવ રહિત થાય એમ પાઠ છે કીધું આ. આવી ભાષા! વ્યભિચારી ભાષા આવી! ભવ ઘટે નહીં, ભગવાને... આ ક્યા? ભગવાનકી વાણી અને ભગવાનમેં જ્ઞાન આયા ઉસકો જિસકો જચ ગયા ઉસકા ભવ-બવ ભગવાન દેખે નહીં. તુમ્હારા હોગા ભવ, કીધું. ભગવાનને દેખા માટે ઐસા પાઠ હૈ. પહેલીવહેલી છેને. સમજમેં આયા? આહા..હા..!

ભાઈ! આ કેવળજ્ઞાન '**નિરંતર જાનતા હુઆ...**' કેટલો શબ્દ મૂક્યો છે આચાર્યે. આ તો યોગીન્દ્રદેવ. એ તો બધા સંતો, દિગંબર મુનિઓ એક અને પછી કોઈપણ લ્યો. કુંદકુંદાચાર્ય લ્યો, અમૃતચંદ્રાચાર્ય લો. આભના થોભ, કેવળજ્ઞાનના પુત્ર હતા બધા. આહા..હા..! શાસ્ત્રમાં ચાલ્યું છે. ગૌતમ કેવળજ્ઞાનીના પુત્ર, સર્વજ્ઞના પુત્ર આવ્યા છે. એવું ધવલમાં આવે છે. સર્વજ્ઞના પુત્ર હતા. આ બધા સર્વજ્ઞના દીકરા હતા. ઓલો ઈસુ ઈશ્વરનો દીકરો કહે છેને? ગપ્પ માર્યા છે એણે બધાએ. આ બધા સર્વજ્ઞના દીકરા હતા, પુત્ર-પુત્ર. શોભાલાલભાઈ! પુત્ર કહતે હૈ ન તુમ્હારે ક્યા કહતે હૈ? લડકા લડકા. સર્વજ્ઞના લડકા હૈ સબ આ મુનિઓ. સર્વજ્ઞકી પર્યાય લેનેકી તૈયારી હૈ. અરે ભગવાન! એ લઘુનંદન. આતા હૈ ન. હવે કહતે હૈ. આ તો મુનિ વળી, વહ તો લઘુનંદન.

આ તો '**નિશ્ચયસે પરમ આનંદમયી...**' વળી આયા. દેખો ક્યા કહતે હૈ? કિ યે આત્મા જબ કેવલજ્ઞાનકો પાયા તો પરમ આનંદ સાથમેં આયા. કેવલજ્ઞાનકો પાયા તો પરમ આનંદ સાથમેં આયા. આહા..હા..! '**પરમ આનંદમયી...**' હોં! અભેદ કિયા હૈ. '**યહ આત્મા હી રત્નત્રયકે પ્રસાદસે અરહંત હોતા હૈ.**' લ્યો દેખો. આહા..હા..! અરે ભાઈ! અંતરમેં ચીજ ક્યા હૈ ઉસકો સમજમેં લેના ચાહિયે. ઐસે હી બાત કરના ઐસા નહીં. ક્યા ચીજ હૈ! ઓહો..હો..! યહાં જિસમેં મેરી દૃષ્ટિ લગાના હૈ વહ દૃષ્ટિ તો પર્યાય હૈ. સમજમેં આયા? વહ દૃષ્ટિ તો પર્યાય હૈ, પણ જિસમેં લગાના હૈ વહ તો સારા ગુણ હૈ. પૂર્ણ ચીજ હૈ... પૂર્ણ ચીજ હૈ. ઓહો..હો..! ઐસી ચીજમેં દૃષ્ટિ લગાનેસે મોહકા નાશ હોતા હૈ. તબ અરિહંતકા જ્ઞાન ઉસકો પ્રતીતમેં આયા કહનેમેં આતા હૈ. ક્યોંકિ મોક્ષકી પર્યાય શ્રદ્ધામેં આયી. સાત તત્ત્વ હૈ ન? 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં'. તો જીવ ઐસા હૈ ઐસી પ્રતીત હુઈ કિ ઐસી કેવલજ્ઞાન શક્તિસે પૂર્ણ શક્તિવાન જીવ હૈ. ઐસી પ્રતીત હુઈ તો મોક્ષ પર્યાયકી પ્રતીત તબ આયી. દ્રવ્યકી પ્રતીત હુઈ તો મોક્ષકી પર્યાયકી પ્રતીત આયી. મોક્ષકી પર્યાય પ્રતીતમેં અને અરિહંત અને સિદ્ધકી

પર્યાય પ્રતીતમેં આ ગયી. સમજમેં આયા? આહા..હા..!

ભાઈ! આમ ચૈતન્યજ્યોત ઝબકતો સૂર્ય ચૈતન્યસૂર્ય. એ જ્ઞાનમૂર્તિનો સ્વભાવવાન પ્રભુ, ઉસકી પર્યાયમેં જબ એકાકાર અંતર રત્નત્રયકી પ્રાપ્તિ કરકે, દર્શન-પ્રતીત, જ્ઞાન અને લીનતા જબ પ્રાપ્ત કરકે પર્યાય હોતી હૈ, કેવલજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકકો નિરંતર લોકાલોકકો જાનતે હૈ. સમજમેં આયા? જાનનેકા વિષય અનંત ન હો તો અનંતપણાકા માપ યે અનંતકો જાના યહ કહાંસે આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કે બસ! એક આત્મા જાણે એક આત્મા. આ સર્વજ્ઞકી વાત કરતે હૈ દેખો. સર્વજ્ઞમેં પર જાનના તો અભૂતાર્થ હૈ. અરે..! સુનતો સહી. વહ તો પરકા જ્ઞાન કરે ઐસા કહના અભૂતાર્થ હૈ, પણ સ્વપરકા જ્ઞાન તો અપના હૈ. આત્મદર્શનમયી આત્મસર્વજ્ઞમય શક્તિ અપની પર્યાયમેં ઉત્પન્ન હોતી હૈ. આત્મા અપનેકો હી જાનતા હૈ ઉસમેં સર્વસ્વ આ જાતા હૈ. પરકો જાનના એમ કહના વ્યવહાર હૈ. સમજમેં આયા? વહ ૪૭ શક્તિમેં લિયા હૈ ન? આત્મદર્શનમયી શક્તિ, આત્મસર્વજ્ઞમયી શક્તિ. સ્વ-પરકો વિશેષપણે જાનના વહ આત્મા સર્વજ્ઞમય આત્મજ્ઞાનમય શક્તિ. ઇસ શક્તિકે વિકાસમેં સ્વ અને પર પૂરા જાનનેમેં આ ગયા હૈ. વહ વ્યવહાર નહીં હૈ. પાનીકી સ્વચ્છતા દેખનેસે ઉપરકા નક્ષત્ર દિખનેમેં આ જાતા હૈ ઉસમેં. અમરચંદભાઈ!

આમ જલ દેખતે હૈ ઉસમેં સારા નક્ષત્ર આ જાતા હૈ. એ નક્ષત્ર નહીં હૈ. જલકી સ્વચ્છતા અને જલકા સ્વચ્છત્વ સ્વપરપ્રકાશક સ્વભાવ ઉસકો હી દેખતે હૈ. એમ સર્વજ્ઞપર્યાયમેં લોકાલોક નક્ષત્રકે સમાન અપની પર્યાયકો દેખતે હૈ ઉસમેં હી વહ આ ગયા હૈ. તો અપનેમેં હી દેખતે હૈ. અપની સર્વજ્ઞજ્ઞાનમયી શક્તિ હૈ. નિશ્ચયસે અપનેકો હી દેખતે હૈ. સમજમેં આયા? આહા..હા..! ભારે ઉડાવ્યું. કાલે લખ્યું છેને ઘણું? એ સર્વજ્ઞ (જ્ઞાનને) તમે વ્યવહાર ને જૂઠો કહો છો. પરને જાણવું વ્યવહાર છે. અરે સાંભળ! ભગવાન! કઈ અપેક્ષાએ જૂઠો? એ તો તન્મય થતા નથી. પરકો જાનતે જ્ઞાન તન્મય નહીં હુઆ. કેવલજ્ઞાન લોકાલોકકો જાનતે તન્મય નહીં હોતા માટે વ્યવહાર હૈ. અપની પર્યાયમેં તન્મય હૈ માટે નિશ્ચય હૈ. આહા..હા..! ભારે ગડબડ પણ. હજી તો અરિહંત કેવળજ્ઞાનને સમજવામાં ગડબડ. સમજમેં આયા?

મુમુક્ષુ :- એટલે તો...

ઉત્તર :- મશ્કરી કરે. અરરર! ગજબ બાપા! આ મશ્કરી ન હોય હોં. એ જનેતાની મશ્કરી ન હોય. સમજાય છે કાંઈ? જેના કૂંખમાં નવ મહિના રહ્યો એ ચાલીસ વર્ષની ઉંમર હોય અને પટીયા પાડીને બેઠી હોય. છોકરો કહે, મા! પટીયા કેમ? ન હોય. એ દીકરા એમ ન

હોય. એ દીકરો ન કહેવાય. સમજાય છે કાંઈ? એમ કેવલજ્ઞાનીએ દીઠું એમ થાય તો આ બધા મશ્કરીયું કરવા બાપા! એ મશ્કરી કેવળજ્ઞાનની થાય છે. એ અરિહંતની થાય, ભાઈ! તને ખબર નથી હોં. સમજાણું કાંઈ? ઓહો..હો..!

એક સમયમાં જ્ઞાન. થયું, થાય અને થશે, એક સમયમાં જણાઈ ગયું. એમ જ થાય છે. પણ છતાં એ પર્યાય કાંઈ જ્ઞાને જાણી માટે થાય છે એમ નહિ. પોતાના પુરુષાર્થથી થાય છે ત્યાં. અપને પુરુષાર્થસે હોતી હૈ. કર્તા હોકર કાર્ય કરતા હૈ આત્મા. ભગવાનકા જ્ઞાન કર્તા હોકર કાર્ય હોતા હૈ ઐસા નહીં હૈ. સમજમેં આયા? બહુ ઝીણું આવી ગયું છે નહીં? આહા..હા..! એ કેવલજ્ઞાન ભગવાન! આહા..હા..! પ્રભુ! એ કેવલજ્ઞાનકી પર્યાય અને ઉસમેં જો વાણી આયી કિ કેવલજ્ઞાન હમને લિયા વહી ઉપાય તુમ કર ઐસી વાણી આયી હૈ. લો! વાણીમેં ઐસી વાણી આયી હૈ, દૂસરી વાણી આયી હી નહીં હૈ. સમજમેં આયા?

ચારોં અનુયોગમેં વીતરાગકી વાણી હૈ. વીતરાગતા ઉત્પન્ન કરના. ઉસકા અર્થ ક્યા હુઆ? નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞપનેકી ઉપેક્ષા કરકે પૂર્ણ સ્વભાવકી અપેક્ષામેં આજા. બસ, વહ વીતરાગતા ચારોં અનુયોગમેં વહ કહનેમેં આયા હૈ. સર્વજ્ઞકી વાણીમેં ઐસા આયા હૈ. દેખા હૈ ઐસા હોગા, પણ ઐસા આયા હૈ. આહા..હા..! સમજાય છે કાંઈ? થોડું-થોડું વિચારવું. જો ઝીણું લાગ્યું હોય તો રાતે પૂછવું. રાતે પૂછવું. શોભાલાલભાઈ! આહા..હા..! બાપુ! યે તો અંતરકા વિષય અલૌકિક હૈ.

કહતે હૈ '**યહ આત્મા હી રત્નત્રયકે પ્રસાદસે...**' જુઓ, મોક્ષમાર્ગકો હી નક્કી કહ દિયા. સમજમેં આયા? પાઠમેં તો બહુત લિયા હૈ હોં. '**क्रमकरणव्यवधानरहितत्वेन कालत्रयविषयं लोकालोकं**' એને ભગવાનના જ્ઞાનમાં ક્રમ નથી, (બાહ્ય)કરણનું સાધન નથી, અંતરાય નથી, વિઘ્ન નથી. એક સમયમેં ત્રણ કાળ, ત્રણ લોક જાણે ઐસી જ્ઞાનગુણકી એક પર્યાયકા સામર્થ્ય હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વસ્તુ વસ્તુ તરીકે જાનતે હૈ. અનંત આત્મા હૈ, અનંત પરમાણુ હૈ, એક-એક દ્રવ્યમેં અનંતગુણા ગુણ હૈ, અનંતી પર્યાય સમય સમયમેં હૈ. સબ ભગવાનકા જ્ઞાન જાનતે હૈ. એ નિશ્ચયસે અપનેમેં જાનનેમેં આ જાતા હૈ. ઐસે તન્મય નહીં હોતા હૈ (ઈસલિયે) વ્યવહારસે જાના ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..! સમજમેં આયા? અરે! અરિહંતપદ કૈસા હૈ ઉસકી ભી ખબર નહીં, સર્વજ્ઞપદ કૈસા ઉસકી ભી ખબર નહીં (ઔર) હમ ધર્મ કરતે હૈં. કહાંસે?

મુમુક્ષુ :- ચારિત્ર...

ઉત્તર :- ચારિત્ર કહાંસે આયા? હજી એક પૈસો ચુકાનેકી તાકાત નહીં ઔર કલ હમ પાંચ

અબજ ચુકા દેગા. કહાંસે આયા પણ? એમ હજી શ્રદ્ધામેં વસ્તુ ઐસી હૈ ઐસી પ્રતીત કરનેકી તાકાત નહીં, વિશ્વાસ કરનેકી તાકાત નહીં. ઠહરનેકી તાકાત કહાંસે આ ગયી? સમજમેં આયા?

**'રત્નત્રય પ્રસાદસે અરહંત હોતા હૈ.'** વહ સિદ્ધ કિયા કિ મોક્ષમાર્ગકી પર્યાય હૈ ઉસમેંસે મોક્ષકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ વહ કહના ભી વ્યવહાર હૈ. બાકી મોક્ષકી પર્યાય ભી દ્રવ્યમેંસે ઉત્પન્ન હોતી હૈ. જો મુક્તસ્વભાવ હૈ ઉસમેંસે પ્રવાહ બહતા હૈ. ઉસમેંસે કેવલજ્ઞાનકી પર્યાય આતી હૈ. ઓહો..હો..! આ વસ્તુ! આ જૈનદર્શન નહીં, વસ્તુદર્શન ઐસા હૈ. વસ્તુસ્વરૂપ ઐસા હૈ. કહા ન. આહા..હા..! **'वस्तु वस्तुरुपेण युगपत् जानन् सन्।'** **'लोकालोकं वस्तु वस्तुरुपेण'** જુઓ, દો શબ્દ પડા હૈ. **'वस्तु वस्तुरुपेण'** એમ લોકાલોક જૈસા હૈ ઐસા જ્ઞાનમેં આ ગયા હૈ. વસ્તુ આ ગયી નહીં, ઉસ સંબંધીકા અપના જ્ઞાન, ઉસ સંબંધીકા અપના જ્ઞાન. આહા..હા..! અરે ભાઈ!

ઐસા આત્મા. આત્મા કૈસા? એ લખ્યું નથી ભાઈ? આમાં એક છેને? કે આવો આત્મા માને તો? સમયસારમેં નહીં પહેલું? નહીં. સર્વજ્ઞ દેખા ઐસા આત્મા માને તો. શેમાં છે એ? કેટલામાં પાને? હા એ જ પાનું આવ્યું. ૨૬. જુઓ, **'કોઈ પ્રશ્ન કરતા હૈ કિ—આત્મા ચૈતન્ય હૈ,માત્ર ઈતના હી અનુભવમેં આયે તો ઈતની શ્રદ્ધા સમ્યગ્દર્શન હૈ યા નહીં?'** જયચંદ્ર પંડિત લિખતે હૈં. **'આત્મા ચૈતન્ય હૈ, માત્ર ઈતના હી અનુભવમેં આયે તો ઈતની શ્રદ્ધા સમ્યગ્દર્શન હૈ યા નહીં? ઉસકા સમાધાન યહ હૈ :— નાસ્તિકોકોં છોડકર સભી મતવાલે આત્માકો ચૈતન્યમાત્ર માનતે હૈં; યદિ ઈતની હી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહા જાયે તો સબકો સમ્યક્ત્વ સિદ્ધ હો જાયેગા. ઈસલિયે સર્વજ્ઞકી વાણીમેં જૈસા પૂર્ણ આત્માકા સ્વરૂપ કહા હૈ વૈસા શ્રદ્ધાન હોનેસે હી નિશ્ચય સમ્યક્ત્વ હોતા હૈ,...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું સિદ્ધ કર્યું જુઓને આ. સમજે? એ ૧૨વીં ગાથાકે છેલ્લા અર્થમેં હૈ. ૧૨વીં ગાથામેં છેલ્લા-પાછળના અર્થમેં. સમજમેં આયા? ૧૩વીં ગાથાકે ઉપોદઘાતમેં હૈ. જયચંદ્ર પંડિત. પહેલાકા પંડિત ભી બડા અચ્છા થા અને બહુત ઉસકી.. બાત ઉપરટપકે નહીં, સારી મિલાન કરકે થી. જુઓ, કહા નહીં. એકલા ચૈતન્ય માને તો નાસ્તિક સિવાય સબ માનતે હૈ. વહ નહીં. સર્વજ્ઞકી વાણીમેં આયા ઐસા પૂર્ણ આત્મા, ઉસકા સ્વરૂપ કહા ઐસા શ્રદ્ધાન હોનેસે નિશ્ચય સમકિત હોતા હૈ. સમજમેં આયા? ૧૨મી ગાથામેં પાછળ બહુ સરસ લખ્યું છે. જિસને આમ પૂર્ણ દેખા તીન કાલ, તીન લોક. ઐસી પર્યાય એક ગુણકી, એક દ્રવ્યકી, એક ગુણકી એક પર્યાય. આહા..હા..! ઐસી પ્રતીત જિસકો હો વહ ભગવાન જ્ઞાયકભાવ સન્મુખ હોકર

પ્રતીતમેં આત્મા આયા ઉસકો નિશ્ચય સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. ઐસા ... સમજમેં આયા?

'**ભાવાર્થ :- સમસ્ત લોકાલોકકો એક હી સમયમેં...**' સમય એક, લોકાલોક અનંત. ઓહો..હો..! '**કેવલજ્ઞાનસે જાનતા હુઆ અરહંત કહલાતા હૈ.**' એને અરિહંત કહેવામાં આવે છે. સમજમેં આયા? '**જિસકા જ્ઞાન જાનનેકે...**' દેખો, '**જાનનેકે ક્રમસે રહિત હૈ.**' પહેલા જાણે એક જીવ અને બીજો જાણે બીજો જીવ, પહેલું જાણે સામાન્ય અને પછી જાણે વિશેષ ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- અનિશ્ચિત...

ઉત્તર :- અનિશ્ચિત કૈસા, સબ નિશ્ચિત હૈ, તીન કાલ, તીન લોક. સબ વ્યવસ્થિત હૈ. સારા જગત વ્યવસ્થિત પર્યાયમેં હૈ. ઐસા ભગવાનકા જ્ઞાન ... જ્ઞાનકા વિષય લિયા થા. આપણે તારણસ્વામીમેંસે લિયા થા. સર્વજ્ઞકા બહુત લિયા થા. વ્યાખ્યાનમેં આ ગયા હૈ સબ. સર્વજ્ઞ સબ જાનતે હૈ. સર્વજ્ઞ જાણે ઐસા માને તો ઉસકી યથાર્થ દૃષ્ટિ હૈ, નહિતર ઐસી કલ્પના કરનેસે માને ઐસા નહીં.

'**એક હી સમયમેં સમસ્ત લોકાલોકકો પ્રત્યક્ષ જાનતા હૈ,...**' ભગવાન આત્માકી એક સમયકી પૂર્ણ પર્યાય જાનતા હૈ, પૂર્ણ જાનતા હૈ. આગે-પીછે નહીં જાનતા. પહેલું થોડું જાણે, પછી આ જાણે .. નહીં. '**સબ ક્ષેત્ર,...**' સબ ક્ષેત્રકો જાનતા હૈ. લોકાલોકકો જાનતા હૈ. વળી ઐસા તર્ક ઉઠાતે હૈ. જો લોકાલોકકી જ્ઞાનને હદ દેખી હોગી. ક્ષેત્ર પૂરા દેખા પૂરા તો પૂરાકી હદ દેખી હોગી. પણ હદ હૈ નહીં હૈ ન કહાંસે આયી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી પછી કહા. આ તો ક્ષેત્રમેં પહલે. એમ કે ક્ષેત્રમેં યહાં પૂરા દેખા, તો હદ દેખી હોગી, એમ. પૂરા દેખા તો હદ દેખી હોગી. અરે ભગવાન! ક્યા કહતે હો તૂમ? પૂરા દેખા તો હદ દેખી હોગી ઉસકા અર્થ ક્યા? અને કાલ તીન કાલ દેખા તો પહલી પર્યાય કૌનસી વહ ભગવાનને દેખી હોગી. આ પ્રશ્ન. અરે.. ભગવાન! ક્યા કરતે હૈ તુમ! કિસકી મશ્કરી કરતે હો અને ક્યા તેરા... તીન કાલ દેખા? કહે હા. તીન કાલમેં પહલા સમય ક્યા થા? પહલી પર્યાય દેખી? પણ પહેલી હૈ નહીં કહાંસે (દેખે)? અનાદિ હૈ તો અનાદિ દેખા. તો કહે દેખા તો વહાં આદિ હો ગયી. આહા..હા..! ભાઈ! તને ખબર નથી, બાપુ! જ્ઞાન ભી સ્વભાવ... કેવલ પ્રગટ હુઆ વહ અનાદિ નહીં. પ્રગટ હુઆ તો પર્યાય હૈ પણ અનાદિ-અનંતકો જાના. અનાદિ-અનંત જાના માટે વહાં આદિ-અંત હો જાતા હૈ ઔર પૂરા ક્ષેત્રકો જાના વહાં મર્યાદા આ જાતી હૈ ઐસા હૈ નહીં. ઐસી થોડી બાત હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૯, શનિવાર, તા. ૦૪-૦૯-૧૯૬૫**
**ગાથા-૧૯૬-૧૯૭, પ્રવચન-૨૦૬**

દસલક્ષણી પર્વકા આજ પાંચવા દિન હૈ. શૌચધર્મકા વર્ણન હૈ. શૌચ-શૌચ. યહ સબ ચારિત્ર ધર્મકી વ્યાખ્યા હૈ. શૌચ નામ પવિત્રતા. શૌચ નામ સ્નાન કરના સ્નાન. શૌચ કરતે હૈ ન? શૌચ કરતે હૈ ન? સ્નાન કરના? કિસકા સ્નાન કરના ઔર કૈસે કરના? વહ બાત કરતે હૈ દેખો.

यत्परदारार्थादिषु, जन्तुषु निःस्पृहमहिंसकं चेतः।
दुश्छेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नाऽन्यत्।।९४।।

જો કોઈ આત્મા '**પરસ્ત્રી તથા પરાયે ધનમેં ઈચ્છારહિત હૈ.**' લોભ રહિત. શૌચ એટલે નિર્લોભતા. સમજમેં આયા? નહિતર તો ચારમેં .. ઉત્તમ ક્ષમા, માર્દવ, સરળ અને શૌચ આતા હૈ, પરંતુ યહાં સત્ય લેકર શૌચ લિયા હૈ. શૌચ એટલે નિર્લોભતા અથવા ઈચ્છા રહિતતા. તો કહતે હૈ કિ .. મારનેકી ભાવના નહીં હૈ. ઐસા અત્યંત '**ક્રોધાદિ મલોંકા હરણ કરનેવાલા હૈ ઐસા ચિત્ત હી શૌચ ધર્મ હૈ.**' અંતરમેં સમ્યક્ આત્માકા ભાનપૂર્વક... આ ઉત્તમ-ઉત્તમ શૌચકી બાત હૈ. આત્મા શુદ્ધ ચિદાનંદ આત્મા હૂં ઐસી દૃષ્ટિ કરકે લોભ, ક્રોધ અને હિંસાકા પરિણામકો ન હોને દેના અને શાંતિ... કરના ઉસકા નામ શૌચધર્મ કહનેમેં આતા હૈ.

'**કિન્તુ ઉસસે ભિન્ન કોઈ શૌચધર્મ નહીં.**' શરીરસે સ્નાન કરના એ કાંઈ શૌચ ધર્મ નથી એમ કહે છે. શરીરના સ્નાન તો આ માછલા ભી કરતે હૈ. મચ્છી-મચ્છી પાનીમેં બહુત રહતી હૈ. વહ શુચિ નહીં. અંતર આત્મા જ્ઞાનજલમેં, શુદ્ધ આનંદજલમેં ડૂબકી મારકર અપના સ્વભાવમેં મૈલકા નિષેધ કરના ઔર મૈલકા નાશ કરના ઉસકો શૌચધર્મ કહનેમેં આતા હૈ. યે ચારિત્રકી એક નિર્મલ પર્યાય હૈ. ઉસકો યહાં શૌચધર્મ કહનેમેં આયા હૈ.

गंगासागरपुष्करादिषु सदा, तीर्थेषु सर्वेष्वपि;
स्नातस्याऽपि न जायते तनुभृतः, प्रायो विशुद्धिः परा।
मिथ्यात्वादिमलीमसं यदि मनो, बाह्येऽतिशुद्धोदकैः;
धौतं किं बहुशोऽपि शुद्धयति सुरा, -पूरप्रपूर्णो घटः।।९५।।

ક્યા કહતે હૈ? '**આચાર્ય કહતે હૈં જિસ પ્રકાર અત્યંત ઘૃણિત...**' દુર્ગંધવાલા '**મદ્યસે**

**ભરા હુઆ ઘડા યદિ બહુત બાર શુદ્ધ જલસે ધોયા ભી જાયે....'** દારૂસે ભરા ગંધ-ગંધ. વહ બહુત પાનીસે ધોયા જાવે તો ભી વહ ઘડા શુદ્ધ હોતા નહીં. ઉસી પ્રકાર જો કોઈ જીવ. 'तनुभृतः' શબ્દ પડ્યો છેને. મનુષ્ય નામ કોઈ જીવ **'બાહ્યમેં ગંગા-પુષ્કર આદિ તીર્થોમેં સ્નાન કરનેવાલા હૈ. કિન્તુ ઉસકા અંતઃકરણ...'** અનેક પ્રકારકા મિથ્યાત્વ આદિ કષાયોંસે મલિન હૈ. મૂળ શબ્દ મિથ્યાત્વ આદિ હૈ. સમજમેં આયા? જિસકી દૃષ્ટિમેં વ્યવહારકા આદર હૈ ઔર સ્વભાવ શુદ્ધકા અનાદર હૈ ઉસકા મિથ્યાત્વ(સે મલિન ચિત્ત) હૈ. કહો, સમજમેં આયા? આ રાગકા આદર સમજે કિ નહીં? યે વિકલ્પ ઉઠતે હૈ પુણ્ય-પાપકા પરિણામ ઉસકા દૃષ્ટિમેં જિસકો આદર હૈ ઔર જ્ઞાતા પવિત્રકા અનાદર હૈ વહી ચીજ મલિન હૈ. શોભાલાલભાઈ! આ ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મલિન યહ હૈ. દેખો અંદર લિખા હૈ ન?

**'मिथ्यात्वादिमलीमसं यदि मनो, बाह्योऽतिशुद्धोदकैः; धौतं किं बहुशोऽपि शुद्धयति सुरा, -पूरप्रपूर्णो घटः'** લ્યો! સારા ઘટ મદસે અથવા મદ્ય-દારૂસે ભરા હો, ગંધ-ગંધ મારતા હો, ઉસકો લાખ વાર જલસે ધોયા જાયે તો વહ ઘડા સાફ હોતા નહીં. ઐસે જિસકે મનમેં પરમાત્મા નિજાનંદ મનમેં વસા નહીં હૈ ઔર જિસકા ચિત્તમેં વિકારકા વાસ હૈ અને વિકારકા આદર અને એકત્વબુદ્ધિ હૈ, ઉસકા ચિત્ત મલિન હૈ. લાખ વાર જલસે સ્નાન કરે તો ભી ઉસકા ચિત્ત નિર્મલ હોતા નહીં. કહો, બરાબર હૈ. **'કદાપિ ઉત્કૃષ્ટ શુદ્ધિકો પ્રાપ્ત નહીં હો સકતા.'** ઉત્કૃષ્ટકા અર્થ—શરીર સાફ હો ભલે, પણ આત્માકી શુદ્ધિ હોતી નહીં. **'ઈસલિયે મનુષ્યકો સબસે પ્રથમ અપને અંતઃકરણકો શુદ્ધ કરના ચાહિયે.'** અપના આત્મા—ચિત્તમેં પવિત્રતાકા સ્વભાવ જો આત્માકા હૈ ઉસકે અંતરમેં આદર કરના ચાહિયે અને વિકાર મૈલ હૈ ઉસકા આદર છોડ દેના ચાહિયે. તો ઉસકે ચિત્તમેં નિર્મલતા શૌચધર્મ પ્રાપ્ત હોતા હૈ. નહીંતર શૌચધર્મ હોતા નહીં. કહો, શેઠ! પાનીમેં ન્હાય ગમે તે આ શેત્રુંજય. અહીં તો વળી આ અન્યમતિના લીધા છે. શેત્રુંજયમાં ન્હાય, આવે છેને? જે ન ન્હાય શેત્રુંજય એનો અવતાર એળે જાય, એવું કાંઈક કહે છે. એ શેત્રુંજય એટલે આ આત્માના જ્ઞાન જળ ગંગા. આહા..હા..!

ચિદાનંદ સ્વરૂપ ઉસમેં રાગ, વિકલ્પ, શરીરાદિ ક્રિયાકા અભિમાન એ મૈં હૂં અહં-અહં અને વહ મેરા. અહં વહ, રાગાદિ અહં, શરીરાદિ ક્રિયા અહં અને વહ મેરા. ઐસી મિથ્યાબુદ્ધિ મલિનતાકા કારણ હૈ. ઐસી બુદ્ધિ ટલે બિના મલિનતા ટલતી નહીં. બાહરસે સ્નાન હંમેશા કરતે હૈ ન બહુત? એક માણસ કહે, હમેંશા બરાબર સ્નાન ન કરે તો અરેરે! આજ સ્નાન ન કિયા હોં. અરે..! શૌચધર્મ આજ ન કિયા હોં. શૌચધર્મ. આજ શૌચધર્મ ન હુઆ. ..ભાઈ!

૨૫, ૫૦, ૧૦૦-૧૦૦ (બાર) હોતા હૈ જંગલ. ક્યા કહતે હૈ? ઝાડા. ઝાડા કહતે હૈ ન? દસ્ત. ઐસે દસ્ત હો જાયે અને સ્નાન ન કરનેકા ટાઈમ ન મિલા તો કહે અરે! આજ શૌચધર્મ ન હુઆ. ધૂલમેં ભી નહીં શૌચધર્મ, સુન તો સહી.

અંતરમેં જબતક પરમાત્મા શુદ્ધ ચિદાનંદ ચિત્તમેં વસે નહીં, અપના પરમાત્મા ચિત્તમેં વાસ કરે નહીં અને ચિત્તમેં રાગકા, મલિનતાકા ભાવ વસે તબ તો ઉસકા ચિત્ત મલિન કહનેમેં આતા હૈ. વહ મલિન ચિત્ત હી મિથ્યાત્વ ભાવ હૈ. સમજમેં આયા? ક્યા કહતે હૈ? '**અંતઃકરણ શુદ્ધ ન હોગા, તબતક સર્વ બાહ્ય ક્રિયાયેં વ્યર્થ હૈ.**' અપના આત્માકી શુદ્ધ પરમાનંદ ... દૃષ્ટિમેં, જ્ઞાનમેં આદર કરનેમેં જબતક ન આવે, તબતક ઉસકી બાહ્ય ક્રિયા સ્નાન, દયા, દાન, વ્રત આદિ સબ ફોગટ હૈ. ઉસમેં કોઈ શૌચ નામ પવિત્રકા કારણ હૈ નહીં.

ચાલતો અધિકાર. ૯૬ હૈ ન ૧૯૬? ક્યાં ગયા મોદી? મોદીને પ્રશ્ન કિયા હૈ ન? થોડા ક્રમબદ્ધનું થોડું કહો. ક્યા કહા? ક્યા નિકલે શી ખબર પડે કાંઈ? યહાં આયા હૈ દેખો. કેવલજ્ઞાનકી મહિમા. આત્માકો જબ કેવલજ્ઞાન હોતા હૈ વો કેવલજ્ઞાનકી મહિમા. વહ કેવલજ્ઞાન '**સબ ક્ષેત્ર, સબ કાલ, સબ ભાવકો નિરંતર પ્રત્યક્ષ જાનતા હૈ.**' હવે ઉસમેંસે બાત આયી દેખો, આહા..હા..! સમજમેં આયા? વર્તમાનમેં ગડબડ હૈ ન બહુત? ભગવાનકા જ્ઞાન સબ દેખે તો સબ નિયત હો જાતા હૈ. તીન કાલ, તીન લોકકી પર્યાયકા. તીન કાલ, તીન લોકકી પર્યાય જહાં જૈસી હોગી વહાં વૈસા હી ઉત્પન્ન હોગા. ભગવાનકે કેવલજ્ઞાનમેં તો કુછ (જાનના) બાકી હૈ નહીં.

મુમુક્ષુ :- અનિશ્ચિત હૈ.

ઉત્તર :- અનિશ્ચિત હૈ નહીં, અનિશ્ચિત કૈસા?

કેવલજ્ઞાન એક સેકન્ડકે અસંખ્ય ભાગમેં ત્રણ કાળ, ત્રણ લોક દ્રવ્ય, ગુણ અને પર્યાય જહાં-જહાં જૈસી પર્યાય હોનેવાલી ઔર વહ પર્યાયકાલમેં જો જો નિમિત્તકી ઉપસ્થિતિ હો, સબ ભગવાનકે કેવલજ્ઞાનમેં સબકા નિશ્ચિત હૈ. સમજમેં આયા? વહ ખતરગચ્છમેં દેવચંદજી હુઆ હૈ શ્વેતાંબરમેં. ઉસને ભી શીતલનાથ ભગવાનકી સ્તુતિ કિયા. શીતલનાથ આતા હૈ ન? ... સ્તુતિ કિયા ઉસમેં શીતલનાથ ભગવાનકી સ્તુતિ કરતે ઐસા એક લિયા હૈ. 'દ્રવ્ય ક્ષેત્ર અને કાળ ભાવ ગુણ રાજનીતિએ ચાર જી. દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ..' દ્રવ્ય નામ વસ્તુ, ક્ષેત્ર નામ ઉસકી ચૌડાઈ, કાલ નામ ઉસકી પર્યાય, ભાવ-ગુણ ઉસકી શક્તિરૂપ ગુણ. જગતકા પદાર્થ. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ રાજનીતિએ ચાર જો.' દરેક પદાર્થમાં આ ચાર પરિણમી રહ્યા છે. દરેક વસ્તુમાં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપી ગુણ. કહો, બરાબર હૈ?

'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી.' યે શીતલનાથ ભગવાનકી સ્તુતિ

કરતે કહતે હૈં કિ હે નાથ! જડ અને ચૈતન્ય આપની આજ્ઞાના ત્રાસ વિના (એટલે) એ આપની આજ્ઞા પ્રમાણે ત્યાં પરિણમી રહ્યા હૈ. શોભાલાલભાઈ! ... જેવું જાનતે હૈ ભગવાન ઐસા પરિણમ રહા હૈ ઐસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિણમ રહા હૈ. આજ્ઞાકી ક્યા બાત હૈ? આપકે જ્ઞાનમેં જૈસા જાના હૈ, ઐસા સબ પદાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉસકા ગુણ રાજનીતિએ. તો દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ પદાર્થકા સ્વભાવ. પદાર્થકા સ્વભાવ. પદાર્થ ઉસસે શોભાયમાન હૈ. જૈસા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ પદાર્થમેં ભજતા હૈ, હોતા હૈ અને હૈ, એ ભગવાન ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની. પ્રભુ! આપની આજ્ઞા—જ્ઞાનમેં જો જાનનેમેં આયા વહ જડ ચૈતન્ય ત્રાસ વિના, ભય વિના, આપકી આજ્ઞા પ્રમાણે ત્યાં પર્યાયમેં પરિણમન હોતા હૈ. અમરચંદભાઈ! આહા..હા..! સમજમેં આયા?

'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર.' કાર એટલે આજ્ઞા. હે ભગવાન! આપની આજ્ઞા એટલે જ્ઞાન, જ્ઞાનમેં જો જાનનેમેં આયા ઐસા હી સારા લોકાલોક પરિણમતા હૈ. વહ ભી ત્રાસ વિના, ભય વિના, સહજ પરિણમન ઉસ દ્રવ્યકા હોતા હૈ. સમજમેં આયા? યે શીતલનાથકા દૃષ્ટાંત હૈ. કહ્યું હતું એક ફેરી નહીં? બતાવ્યું હતું એક ફેરી. તમે નહોતા. શીતલનાથ ભગવાન હૈ ન, ઉનકી સ્તુતિમેં વહ આયા હૈ. યહાં પુસ્તક નહીં હૈ. સમજમેં આયા? દેવચંદજીએ ચૌબીસ તીર્થંકર(કી સ્તુતિ કી હૈ) ઉસમેં વહ આયા હૈ. હે નાથ! પણ લોગ નિશ્ચય કરતે નહીં. ખરેખર તો કેવલજ્ઞાનકા નિર્ણય તીનોં સંપ્રદાય .. ચાહિયે. સ્થાનકવાસી, શ્વેતાંબર કે દિગંબર. કોઈપણ કેવલજ્ઞાન જો હૈ વહ તો સર્વજ્ઞપદ હૈ. વહ તો ધર્મકા મૂલ હૈ. તો કેવલજ્ઞાન કૈસા હૈ, કિસ પ્રકાર જાનતે હૈ અને જાનતે હૈ ઉસ પ્રકારસે હોતા હૈ છતાં એ જાનતે હૈ માટે હોતા હૈ ઉસમેં ઐસા નહીં. અને જાનતે હૈ ઐસા તીન કાલ, તીન લોક હોતા હૈ તો ફિર ઉસમેં પુરુષાર્થ કહાં રહા? વહ તો પ્રશ્ન સંક્ષેપ કરનેકી ચીજ હૈ. ..ભાઈ! બરાબર છે? ત્રણેય સંપ્રદાય. આમાં કાંઈ ઓલા બીજા કહે .. માનના, ઓલો કહે ઐસા માનના, ફૈસા માનના. પણ કેવલજ્ઞાન હૈ ઈતના તો નિર્ણય કરો તો તુમ્હારા સબ ઝઘડા મિટ જાયેગા.

મુમુક્ષુ :- નોકારશીમાં ત્રણે ભેગા થઈ જાય.

ઉત્તર :- નોકાશીરમાં ભેગા થાય ખાવામાં. ... કહે છે, ખાવામાં તો ભેગા થાયને ત્રણ. દલાલ છે. એ ભારે ટીપણી કરી છે.

અહીં તો કહતે હૈ કે સબ જૈનમાત્રસે... જૈનમાત્રકો કેવલજ્ઞાનકા નિર્ણય કરના ચાહિયે. અરિહંતકા અથવા આત્માકા પૂર્ણ જ્ઞાનકી પર્યાય કૈસી હૈ? ઔર વહ કૈસે જાનતે હૈ? ત્રણ કાળ ત્રણ લોક જૈસે પરિણમતે હૈ ઐસે જાનતે હૈ અને જૈસે જાનતે હૈ ઐસે પરિણમતે હૈ. કેટલાક તો

ઐસા કહતે હૈ, ત્યાં પરિણમતે હૈ ઈસલિયે યહાં જાનના પડતા હી હૈ. જાણે પરાણે (જાણતા હશે). પરાણે ક્યા કહતે હૈ? બલાત્કાર. અરે..! બલાત્કાર નહીં, વહ તો જ્ઞાનકા પરિણમન હૈ. એક સમયમેં પૂર્ણાનંદ અરિહંત... હજી અરિહંતકે કેવલજ્ઞાનકી ખબર નહીં. અને પીછે આચાર્ય તો કહતે હૈ કિ કેવલજ્ઞાન પરમાત્માને કહા ઐસા કેવલજ્ઞાનકા જિસકો નિશ્ચય હો, ઉસકો આત્માકા નિશ્ચય હુએ બિના રહતા નહીં. અને આત્માકા નિશ્ચય હો ઉસકો દર્શનમોહ નાશ હુએ બિના રહતા નહીં.

તો ભગવાન કેવલજ્ઞાનીને... દેખો, યહાં આયા. **'સબ ક્ષેત્ર, સબ કાલ,...'** ક્યા કાલ બાકી હૈ? પ્રશ્ન ઉઠાતે હૈ. અરે..! સર્વ ક્ષેત્ર દેખ લો તો ક્ષેત્રકા અંત હો ગયા. અરે ભગવાન! ક્યા કહતે હો તુમ? આહા..! ભારે ગડબડ ઉઠી પણ. આ ક્રમબદ્ધ જબસે આયા બહાર અરે! કેવલજ્ઞાન માનનેવાલેમેં ભી સંદેહ પડ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહોતા. સમજતા જ નહોતા કેવલજ્ઞાનને. એ કહ્યુંને. હમારા ગુરુ હતા સંપ્રદાયમાં. હીરાજી મહારાજ સંપ્રદાયમાં. બહુ ભદ્રિક, કષાય મંદ આદિ. વસ્તુની કાંઈ ખબર નહીં જરીએ. જ્યારે આ પ્રશ્ન ઉઠ્યો ૭૨, ૭૨. ૪૯ વર્ષ હુઆ. પ્રશ્ન ઉઠા કિ ભગવાનને ઐસી વાણી કહી નહીં હૈ. કીધું, ભગવાનકી વાણી હૈ કિ વીતરાગતા પ્રગટ કરે અને ભવકા નાશ કરે ઐસી વાણી હૈ. સમજમેં આયા? તો ઉસને પક્ષ કિયા મેરા. પણ મૂળ નિશ્ચય ન મિલે કોઈ ચીજકા. ફિર દૂસરે દિન, ૪૯ વર્ષ પહલેકી બાત હૈ, ૪૯ વર્ષ પહલે. દૂસરે દિન... મેરા પક્ષ તો લિયા. ઉસકા પક્ષ દૂસરેકા ખોટા કરનેકો ઐસા બોલા થોડા. બહુત શાંત થા. .. કિ અરે! મૂળચંદજી! ઐસા બોલા હોં. એ જોડે બેઠા હતા. ગુરુભાઈ થા હમારા. મૂળચંદજી! બહુત શાંત થા, કિસીકો .. મૂળચંદજી! જો ભગવાનને જીવકા ભવ દેખા હો તો પાંચ સમવાય (સિદ્ધ) હો જાયેગા. ... ભાષા બોલતે થે ન. પાંચ સમવાય આતા હૈ ન? કાલ, સ્વભાવ, નિયતિ માનતે નહીં. તો ભગવાનને તો ભવિ-અભવિ દીઠા હૈ. ઐસા બોલે. ભગવાને ભવિ-અભવિ દીઠા હૈ, પણ સબકા ભવ કિતના વહ નહીં દેખા હૈ. ઐસા ... સમજમેં આયા?

બાહરમેં કિતની પ્રસિદ્ધિ! હીરા. હીરાકણી એટલે? એની ક્રિયાકાંડ શાંત એટલી. 'હીરા એટલા હીર, બાકી સુતરના ફાળકા.' એમ કહેવાતું. સુતરના ફાળકા સમજતે હો? યે સુતર નહીં હોતા હૈ? 'હીરા એટલા હીર...' એવી એની ક્રિયા સંપ્રદાયની દૃષ્ટિએ. તત્ત્વદૃષ્ટિની તો આખી જુદી વાત, એ તો હતી જ ક્યાં? આ તો સંપ્રદાયની દૃષ્ટિએ ઈતની પ્રસિદ્ધિ થી. 'હીરા એટલા હીર' તું એક હીર જગતનો હિન્દુસ્તાનનો, બાકી સબ સુતરના ફાળકા. આ સુતરના ફાળકા સમજે? આ સુતર. સુતર હોતા હૈ ન, વહ હીરા નહીં. પણ ઉસકા ભી કિતના વર્ષ! ૧૯૨૮મેં

દીક્ષા લી અને આ ૭૨. કિતના વર્ષ હુઆ? ૪૪. ૪૪ વર્ષમેં આ પ્રશ્ન ઉઠા હમારે, કિ ભગવાનકી વાણીમેં ભવકા છેદકી બાત આતી હૈ. વાણી ભવકા છેદ બિનાકી બાત કરતે વહ વીતરાગકી વાણી નહીં. બડી ચર્ચા હુઈ. તો ઉસને પક્ષ લિયા. પણ દૂસરે દિન ચાર બજે જબ .. કરતે તે. દેખેને કપડા-કપડા. .. સમજતે હૈ ન? એ તો સમજેને, ડોસા મુખ્ય એના હતા. એ ટાણે ઉસકો ઐસા હો ગયા. ૪૪ વર્ષકી દીક્ષા. પ્રસિદ્ધ ઈતના. પણ આ નિશ્ચય નહીં. ભાઈ! કેવલજ્ઞાનીએ તો ભવિ-અભવિ દેખા હૈ, કેવળજ્ઞાનીએ ભવ દેખા નથી. એ વાંધા ઉઠ્યા.

મુમુક્ષુ :- ભવ-અભવ દેખા હૈ.

ઉત્તર :- ભવ-અભવ દેખા હૈ, પણ ભવ ઈતના અને ઈસ ભવમેં મોક્ષ જાયેગા, આ ભવ ઈતને વહ નહીં દેખા હૈ. કહો, રતિભાઈ! ક્યાં ગયા અમારા? આ અમારા મોટા શેઠિયાઓના ગુરુ હતા એ. આ પ્રશ્ન ઉઠ્યો પાળિયાદની અંદર, ફાગણ સુદ તેરશે. કીધું, એમ નહીં. ભગવાન તો સબ દેખતે હૈ. સમજમેં આયા? ભગવાન કેવળજ્ઞાનમેં ભવ, અભવ, ભવિ, અભવિ સબ દેખતે હૈ. ભગવાને દેખા ઉસમેં ફેરફાર હોતા નહીં. વહ તો સરલપને કહતે થે હોં! મેરા પક્ષ કરનેકો કહતે થે. પણ વહ બાત મૂલમેં કેવલજ્ઞાનકા નિર્ણય ન મળે. ...

કેવલજ્ઞાન ક્યા હૈ? એક સમયમેં કેવલજ્ઞાનકી પર્યાય તીન કાલ, તીન લોક દેખે. ઓહો..હો..! ઉસ કેવલજ્ઞાનકા નિર્ણય કરનેવાલા ઉસકી કર્તૃત્વબુદ્ધિકા નાશ હોતા હૈ. સબ કાલ દેખા, સબ ક્ષેત્ર દેખા ઔર સબ ભવ દેખા. દેખો, ભાવ આયા કિ નહીં? ભાવ નામ ગુણ અને વર્તમાન પર્યાય, કાલ નામ ઉસકી અવસ્થા. સબ ભગવાને દેખી હૈ. જહાં-જહાં હોગી, હોતી હૈ ઔર હો, સબ ભગવાનકા જ્ઞાનમેં આયા હૈ. ઔર કેવલજ્ઞાનકા જબ નિર્ણય કરને જાતે હૈ, કેવલજ્ઞાન હૈ, હૈ, ઐસા હોતા હૈ, તબ આત્મામેં સમય-સમયમેં કર્તારૂપસે જો કાર્ય હો રહા હૈ, અનંતગુણકા કાર્ય હો રહા હૈ, હો રહા હૈ ઉસકો ફેરના નહીં પણ કર્તૃત્વબુદ્ધિ હૈ વહ મૈં કર્તા હૂં... મૈં કર્તા હૂં... મૈં કર્તા હૂં... ઐસા જબ કેવલજ્ઞાનકા નિર્ણય કરનમેં જાતે હૈ અને ક્રમબદ્ધ હોતા હૈ ઐસા નિર્ણય કરનેમેં જાતે હૈ તો મૈં કર્તા હૂં, મૈં કરું વહ બુદ્ધિકા નાશ હોતા હૈ. ઔર ઉસકા લક્ષ જ્ઞાયક ઉપર જાતા હૈ. સમજમેં આયા? ઉસકા લક્ષ જ્ઞાયક ઉપર જાતા હૈ. તો જ્ઞાયક ઉપર જાતા હૈ તો જ્ઞાતા-દૃષ્ટા હો જાતા હૈ. બસ! દૂસરા કુછ ફેરના-ફેરના નહીં. વહ તો હોતા હૈ તો હોતા હી હૈ. ચંદુભાઈ! બહુ ઝીણું.

એક કેવલજ્ઞાનકા નિર્ણય કરને જાતા હૈ એમ કહો કિ જગતકી પર્યાય ક્રમસર હોતી હૈ ઐસા નિર્ણય કરનેકા (કહો, સબ એક હૈ). અપની પર્યાય ભી ક્રમસર દરેક ગુણકી હોતી હો. તો હોતી હૈ ઉસકો કરના ક્યા? અને નહીં હોતી હૈ ઉસકો લાના ક્યા? ઐસી જબ દૃષ્ટિ ઉસકો હોતી હૈ તબ ઉસકી વર્તમાન દૃષ્ટિ કર્તૃત્વમેં જો હૈ મૈં કરું... મૈં કરું... મૈં કરું... વહ

દૃષ્ટિ જ્ઞાયકમેં ચલી જાતી હૈ. જ્ઞાયકમેં ચલનેસે જ્ઞાતા-દૃષ્ટા હો જાતા હૈ. એ જ્ઞાતા-દૃષ્ટાકા પુરુષાર્થ વહી ક્રમબદ્ધકા તાત્પર્ય હૈ. સમજમેં આયા? આહા..હા..! ઐસે બોલે ક્રમબદ્ધ-ક્રમબદ્ધ એમ ન ચલે. અંદરમેં બુદ્ધિ કામ કરે કિ મૈં ઐસા કરું તો ઠીક, ઐસા ચલું તો ઠીક, ઉસમેં ઐસા હો તો ઠીક, ઐસા હો તો ઠીક, યે કરું તો ઠીક (ઉસમેં) ક્રમબદ્ધ હૈ ઐસા નિર્ણય કહાં આયા? સમજમેં આયા? ઉસકા નિર્ણય કરનેવાલા કહો ક્રમબદ્ધકા કિ કેવલજ્ઞાનકા નિર્ણય કરનેવાલા કહો. કેવલજ્ઞાન સબ ભાવકો નિરંતર પ્રત્યક્ષ જાનતે હૈ. ત્યારે ઉસકા જ્ઞાનમેં ઐસા નિશ્ચય આતે હૈ કિ મૈં ભી જ્ઞાયકસ્વભાવ હૂં, મૈં ભી નિરંતર રાગ અને સ્વકો જાનનેવાલા હૂં. સમજમેં આયા?

ભગવાન જેમ નિરંતર સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકો જાનતે હૈ કિ મૈં ભી કર્તૃત્વબુદ્ધિ છોડકર ઔર જ્ઞાયકસ્વરૂપ આત્મા વહ સર્વજ્ઞને જૈસા દેખા ઐસા હોતા હૈ ઐસા જ્ઞાનમેં યહાં નિર્ણય કિયા તો મૈં જૈસા જાનતા હૂં ઐસા વહાં હોતા હૈ. જાનનેકી પર્યાય ભી ઐસી હુઈ અને રાગ ભી આતા હૈ ઉસકા જ્ઞાન હુઆ. પરકી ક્રિયા ઐસે-ઐસે હોતી હૈ ઉસકા જ્ઞાન હુઆ. જાનનેકા સર્વજ્ઞ પૂર્ણ જાનતે હૈં ઔર સમ્યગ્દૃષ્ટિ અપના કર્તૃત્વબુદ્ધિ છોડકર, અકર્તા હોકર, જ્ઞાયક તરફ ઝુકાકર જ્ઞાતા-દૃષ્ટા હોકર જાનનાર-દેખનાર રહતે હૈ. ઉસકા નામ ક્રમબદ્ધકા તાત્પર્ય અકર્તૃત્વ હૈ. આહા..હા..! સમજમેં આયા?

યે પ્રશ્ન તો સર્વ જૈનમાત્રકો ઉઠાના ચાહિયે. છંછેડ કરના ચાહિયે કિ ક્યા હૈ યહ? કેવલજ્ઞાન ક્યા હૈ અને કેવલજ્ઞાન હૈ ઐસા પરિણમન હોતા હૈ. ભલે કેવલજ્ઞાનકે કારણસે યહાં પરિણમન હોતા હૈ ઐસા નહીં. વહ પરિણમન તો ઉસકે કારણસે હોતા હૈ. લોકાલોકકે પરિણમનમેં કેવલજ્ઞાન નિમિત્ત હૈ અને કેવલજ્ઞાનમેં લોકાલોક નિમિત્ત હૈ. એક બાજુ ઐસા કહતે હૈ કિ લોકાલોક પરિણમતા હૈ ઐસા જ્ઞાનમેં પરિણમના પડેગા. જૂઠ હૈ. ઔર કેવલજ્ઞાન જાનતા હૈ ઐસા ઉસમેં પરિણમન (હોના) પડેગા બલાત્કાર. ઐસા નહીં હૈ. દરેક પદાર્થ અપને કાલસે કર્તૃત્વસે પરિણમ રહા હૈ. યે જ્ઞાયકસ્વભાવ કેવલજ્ઞાન ભી અપના કર્તૃત્વ સર્વજ્ઞપણે પરિણમ રહા હૈ. બસ, દોકા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ. ક્યા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ? આત્મા જ્ઞાયકપણે હૈ વહ લોકાલોકકો નિમિત્ત હૈ અને લોકાલોક આત્માકે (જ્ઞાન)મેં નિમિત્ત હૈ. નિમિત્તમેં કર્તા ન આયા. તો કેવલજ્ઞાન ઉસકો કરતે હૈ અને લોકાલોક હૈ તો જ્ઞાન પરિણમતે હૈ ઐસા કર્તા ન આયા.

મુમુક્ષુ :- એકબીજાનો પ્રભાવ પડેને?

ઉત્તર :- કર્તા આયા નહીં (તો) પ્રભાવ કહાં રહા? નિમિત્ત-નૈમિત્તિક તો પૃથક્તા જાહેર કરતા હૈ. નિમિત્ત-નૈમિત્તિક પૃથક્તા જાહેર કરતા હૈ. અને પૃથક્તા અને સ્વતંત્રતા. પૃથક્તા અને સ્વતંત્રતા જાહેર કરતે હૈં. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત ક્યા આયા ઉસમેં? આયા ન. પણ નિશ્ચય કરને જાતા હૈ વહાં પુરુષાર્થ આયા. નિયતકા નિશ્ચય કિયા કિસને? નિયતકા નિશ્ચય કિયા કિસને? સ્વભાવકે પુરુષાર્થસે નિશ્ચય હો તબ નિયતકા નિશ્ચય હોતા હૈ, નહિતર નિયતકા નિશ્ચય હોતા નહીં. અમરચંદભાઈ! ભારે ગડબડ છે. યે સમ્યક્ નિયત હો ગયા. અનાદિ એકાંત નિયત જો માનતા હૈ જહાં જૈસી હોતી હૈ ઉસે ઐસે માનતે હૈ વહ એકાંત નિયત હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવલજ્ઞાન માનતે નહીં અને સ્વભાવ ઔર પુરુષાર્થસે માનતે નહીં. એક સમયમેં ત્રણ કાળ, ત્રણ લોક જૈસે પરિણમ રહા હૈ ઐસા હૈ, કેવલજ્ઞાનીને ઐસા જાના હૈ. ઐસા જબ નિયતકા નિશ્ચય કર્તવ્ય હૈ. નિશ્ચયકે બિના નિયત કહાંસે આયા? નિયતકા જ્ઞાન કૌન કરતા હૈ? કિ નિયતકા નિશ્ચય કરનેવાલા મૈં જ્ઞાયક હૂં ઐસા નિશ્ચય હુઆ તબ નિયતકા જ્ઞાન ઉસકો હુઆ. સ્વભાવ સન્મુખ (હોકર નિશ્ચય હોતા હૈ). જ્ઞાયકભાવ ચિદાનંદ સર્વજ્ઞસ્વભાવ જેમ ત્રિકાલ જાનતે હૈ, મૈં ભી ત્રિકાલકો જાનનેવાલા મેરા સ્વભાવ હૈ. અંદર જ્ઞાનદર્શન ત્રિકાલ જાનને-દેખનેવાલા મેરા સ્વભાવ હૈ. ઐસે સ્વભાવમેં પુરુષાર્થ કરકે નિયતકા નિશ્ચય કિયા તબ ઉસમેં પાંચેય સમવાય સાથમેં આ ગયા. કાલ, સ્વભાવ, નિયતિ, ભવિતવ્ય અને કર્મકા અભાવ. પાંચેય સમવાયકા જ્ઞાન ઉસ સમયમેં આતા હૈ. ગંભીર બાત હૈ ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજો અર્થ એક્કેય નથી, શું બીજો અર્થ છે?

મુમુક્ષુ :-

ઉત્તર :- નિર્ણય નહીં. ઉસકા પુરુષાર્થ અંદર જ્ઞાયકભાવમેં જાતે હૈ. પણ એ બાત ઐસી ગડબડ હો ગયી કિ બાતમેં કંઈક કરના હૈ, હજી કરના હૈ. પણ હોતા હૈ ઉસકો જાનના હૈ ઐસા ન રહા. હોતા હૈ ઉસકો જાનના વહી પુરુષાર્થ હૈ. અમરચંદભાઈ! આહા..હા..! જ્યાં ત્યાં મૈં ઐસા કરું... મૈં ઐસા કરું... મૈં ઐસા કરું. ક્યા કરે? કિસકા કરના હૈ તુઝે? તેરા સ્વભાવ તો ચૈતન્ય હૈ. ચૈતન્ય તો જાનના-દેખના, સ્વપરપ્રકાશ(પના) જાનને-દેખનેકા હૈ. ઐસા જબ કેવલજ્ઞાન અને કેવલજ્ઞાનીને દેખા... વહ કહા ન? 'જે જે દેખી વીતરાગને તે તે હોંસે વીરા રે, અણદેખી હોંસે નહીં કહીં, અણદેખી હોંસે નહીં કહી કાહે તું હોત અધિરા?' દેખો, અધિર. અધિરકો મિથ્યાત્વભાવ હૈ. ઐસા કરું... ઐસા કરું... ઐસા કરું. સમજમેં આયા? ભૈયા ભગવતીદાસ ૨૫૦ વર્ષ પહલે આ પોકાર કરકે ગયે હૈ. 'જે જે દેખી વીતરાગને...' હવે અત્યારે .. આતા હૈ. ઐસા નહીં. 'જે જે હોંસે જ્ઞેયમેં તૈસા દેખતે વીતરાગ.' શેઠ! અરે! ભગવાન! ક્યા ... તેરી દૃષ્ટિમેં ઉલટા હૈ.

એ તો લોકાલોકમેં કેવલજ્ઞાન નિમિત્ત હૈ, કેવલજ્ઞાન લોકાલોકમેં નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ? વહ પરિણમતા હૈ તો યે નિમિત્ત હૈ. વહ પરિણમે ત્યારે યે નિમિત્ત હૈ. ઈસસે આ પરિણમા, ઉસસે આ પરિણમા ઐસા વસ્તુમેં હૈ નહીં. ઉસસે આ અને ઈસસે વહ, (ઐસા હો તો) એક સતસે દૂસરા સત્ હો જાતા હૈ, ઐસા હોતા નહીં. નિમિત્તકા ઐસા જ્ઞાન કરાતે હૈ કિ દૂસરી એક ચીજ પૃથક્ સ્વતંત્ર (હૈ). મૈં ભી સ્વતંત્ર અને દૂસરી ભી સ્વતંત્ર ચીજ હૈ ઐસા નિમિત્ત સિદ્ધ કરાતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુભાશુભભાવમાં પણ આવે ક્યારે? કિ મૈં જ્ઞાયક હૂં ઐસા નિર્ણય કિયા તો જાનને-દેખનેવાલા રહ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા બસ. પુરુષાર્થ જ્ઞાયક હૂં ઐસા નિર્ણય કરનેકા હૈ. જ્ઞાતા-દ્રષ્ટા પીછે. પહલે તો મૈં જ્ઞાયક સ્વભાવ ત્રિકાલ હૂં. યે ક્યા હૈ ઉસકા નિર્ણય કરના વહી પહલે પુરુષાર્થ હૈ. ઉસ પુરુષાર્થમેં પીછે જ્ઞાતા-દ્રષ્ટા હો જાતા હૈ, તબ રાગ આતા હૈ ઉસકો જાનતા હૈ, નિમિત્તમેં જો આતા હૈ ઉસકો જાનતા હૈ. પહલે જ્ઞાયકભાવકા નિશ્ચય હોના ચાહિયે. સર્વજ્ઞ એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈં. તો મેરા સ્વભાવમેં તીન કાલ, તીન લોક દેખનેકા મેરા ત્રિકાલ સ્વભાવ હૈ. ઉસકા પર્યાય સ્વભાવ હૈ, મેરા ત્રિકાલ સ્વભાવ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વાત આ, પણ હવે એ લોકોને ખ્યાલ ન આવે. ક્યા કરે? ભગવાન એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈ તો એ પર્યાયમેં સ્વપરપ્રકાશક પૂર્ણતા આયી કહાંસે? કહાંસે આયી? મેરે જ્ઞાનમેં પણ સ્વપરપ્રકાશક પૂર્ણતા મેરા સ્વભાવ હૈ. ઐસા અંતર્મુખ નિર્ણય કિયે બિના કેવલજ્ઞાનકા નિર્ણય હોતા નહીં, ક્રમબદ્ધકા નિર્ણય હોતા નહીં, કર્તૃત્વબુદ્ધિ ટલતી નહીં, તબ તક જ્ઞાતા-દૃષ્ટા હોતા નહીં. જ્ઞાતા-દ્રષ્ટા હુઆ વહ પુરુષાર્થ હો ગયા. આહા..હા..! અટપટી વાત. નવરંગભાઈ! હવે આ તો કેટલી વાર વાત આવી છે બહારમાં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... જેવી છે. અનંત પુરુષાર્થ ઓહો..હો..! કર્તૃત્વબુદ્ધિમેં ગુલાંટ ખાકર જ્ઞાયક સ્વભાવ ત્રિકાલ સ્વપરપ્રકાશક હૈ ઐસી દૃષ્ટિ (હુઈ ઉસમેં) અનંત પુરુષાર્થ હૈ. સમજમેં આયા? ક્યા કહા? એક સમયમેં રાગાદિ હોતા થા વહ રાગ મેરા કર્તવ્ય હૈ, દૂસરેકા મૈં કરનેવાલા હૂં ઐસા પુરુષાર્થહીનકી પ્રતીત ઉંધી-વિપરીત થી, વહ ગુલાંટ ખાતા હૈ કિ નહીં, મૈં તો અંતરમેં સ્વ-પર જાનનેકા ત્રિકાલ મેરા જ્ઞાન-દર્શન-ગુણ ઐસા હૈ. સ્વપર જાનનેકા મેરા ત્રિકાલ સ્વભાવ

હૈ. વહ યહાં આયેગા અભી. સમજમેં આયા? જૈસા પરમાત્મા ત્રિકાલ જાનનેવાલા હૈ, મેરા સ્વભાવ ભી ત્રિકાલ જાનને-દેખનેવાલા હૈ બસ. ત્રિકાલ જાનને-દેખનેવાલે સ્વભાવકા નિશ્ચય કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહા..હા..! સમજમેં આયા? મોતીલાલજી! પહેલામાં વાંધા. .. ઐસા દેખે અને ઐસા ન દેખે, ઐસા દેખે અને ઐસા ન દેખે. આહા..હા..! ..મૈં તો કબુલ કિયા હૈ, કેવલજ્ઞાનકી અપેક્ષાસે સબ દ્રવ્યકી પર્યાય સ્વકાલે હોતી હૈ. ઐસા કબુલ કિયા હૈ. ફિર .. લિયા. કિ નહીં. શ્રુતજ્ઞાનમેં ઐસા નહીં હૈ. .. જાનતે હૈ. અરે ભગવાન! તો કેવલજ્ઞાનીકો માના કહાં ઉસને. સમજમેં આયા? આ ચર્ચા હુઈ ન જયપુરકી? બહુત ગડબડ હુઈ, ઉસમેં બહુત લખાણ હૈ. બહાર પાડનેકી ચીજ હૈ. ઐસી ચર્ચા હુઈ તો બાહર લોકો દેખે તો ખરા. સમજે તો ખરા કિ ક્યા કરતે હૈ. ગુપ્ત-ગુપ્ત રખનેકા ક્યા કામ હૈ? ક્યોં? પંડિતજી! સાથમેં .., લોકો વિચારે. ઉસમેં ક્યા હૈ ચીજ? આ તો છડેચોક ક્યા ચીજ હૈ ઉસકા નિર્ણય કરનેકી ચીજ હૈ ઉસમેં ગુપ્ત રખના ક્યા? વહ ભલે વહ કહે. દૂસરા તુલના કરનેકા વિચાર કરેગા કિ નહીં?

કેવલજ્ઞાન એક સમયમેં સબ પદાર્થકી સ્વકાલે પર્યાય હોનેવાલી હૈ ઉસકો કેવલજ્ઞાન જાનતે હૈ. ઐસા નિર્ણય તબ ઉસને કિયા. હા પાડી .. પંડિતમેં વિરોધ હો ગયા તો. પણ પીછે (કહા), નહીં, શ્રુતજ્ઞાનમેં ઐસા નહીં. શ્રુતજ્ઞાન અનિયત-નિયત માનતા હૈ. અરે ભગવાન! ક્યા કહતે હો તુમ? કેવલજ્ઞાનકી પ્રતીત હુએ બિના ઉસકો મોક્ષકી પર્યાયકી પ્રતિત હુએ બિના દ્રવ્યકી પ્રતીત કહાંસે આયી? દ્રવ્યકી પ્રતીત હુઈ, મોક્ષકી પ્રતીત હુઈ, કેવલજ્ઞાનકી પ્રતીત હુઈ, તબ ઉસમેં વહ સબ આ ગયા. સમજમેં આયા? શ્રુતજ્ઞાનકી પ્રતીતમેં કેવલજ્ઞાનકી પ્રતીત આ ગયી. શ્રુતજ્ઞાનની પ્રતીતમેં મોક્ષકી પ્રતીત આ ગયી, મોક્ષકી પ્રતીત કરનેમેં દ્રવ્યમેં સ્વપરપ્રકાશક ગુણ હૈ વહ પ્રતીત ભી આ ગયી.

આત્મતત્ત્વકી પ્રતીત, પૂર્ણ પર્યાયકી પ્રતીત અર્થાત ઉસને દેખા ઐસી પ્રતીત ઉસમેં આ ગયી. આહા..હા..! ઘણો વિષય .. લોકોને ચડાવી દીધાને. લોકોને ક્રિયાકાંડે ચડાવ્યા અને ઉસમેં ધર્મ મનાયા તો ઉસ કારણ હવે કેવલજ્ઞાનકા નિર્ણય કરના મુશ્કિલ પડતા હૈ. ક્યોં? નેમિચંદજી! યે તુમને ઐસા કિયા હૈ. અભી તક તો ઐસા કિયા હૈ કિ નહીં સબ? આ શેઠિયા મોટા, બધા ગોટા વાળ્યા છે ભાઈ! આ પણ શેઠિયા છેને બધા? ... ત્યાં પૈસા ખર્ચે અને દાનમેં ધર્મ હો જાયેગા, બસ થઈ ગયું. શેઠ! જવાબદારી હૈ બહુત શેઠ હોનેકી અને પંડિત હોનેકી ભી જવાબદારી હૈ. આહા..હા..! ઐસા (અદ્ધરસે) માન લે ઐસા નહીં હૈ. આહા..હા..!

અરિહંતપદ. યહાં કહતે હૈ દેખો, '**સબ કાલ, સબ ભાવકો નિરંતર પ્રત્યક્ષ જાનતે હૈ. જો કેવલીભગવાન પરમ આનંદમયી હૈં.**' આહા..હા..! ક્યા કહતે હૈ? ક્યા સબ દેખતે

હૈ તો કોઈ .. હૈ કિ નહીં? યહાં તો થોડા દેખનેમેં ભી વિશેષ દેખે તો કંટાલા આતા હૈ. તો કેવલજ્ઞાનમેં ત્રણ કાળ, ત્રણ લોક દેખે? વહ દુઃખી હૈ કિ સુખી? ..ભાઈ! આનંદમય હૈ. વહ તો સમયમેં જાનના વહ કોઈ ખેદ નહીં. ભાઈ! આવે છેને આપણે? પ્રવચનસારમેં. ખેદ નહીં. પરિણમના વહ ખેદ નહીં. યે કહતે હૈ યહાં. એ તો દૂસરી ભાષાસે આચાર્ય બાત કરતે હૈ. સબ આચાર્ય એક હી પડખેસે બાત કરતે હૈ. આહા..હા..!

એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈ તો ક્યા ખેદ હૈ? ક્યા દુઃખ હૈ? વહ તો જ્ઞાનકા સ્વભાવ પરિણમના હૈ. પરિણમના હૈ ઉસમેં દુઃખ કહાંસે આયા? કહતે હૈં, આનંદમય હૈ. આનંદમય ભગવાન. આહા..હા..! પૂર્ણ આનંદ. દેખના-જાનના ઐસા અપના આત્માકા નિર્ણય કરે કિ યહ કેવલજ્ઞાનકી ઐસી પર્યાય હુઈ વહ આનંદમય હૈ તો મૈં ભી આત્મા હૂં. મેરે આત્મામેં ઐસા સ્વભાવ પ્રગટ હોનેકા હૈ કિ નહીં? તો કહતે હૈં કિ હમારા સ્વભાવ ભી ઐસા કેવલજ્ઞાન .. ઔર અનંતગુણ ઐસા નિર્ણય કરનેસે પૂરે આત્માકી પ્રતીત હોતી હૈ, મોક્ષકી પ્રતીત હોતી હૈ, કેવલજ્ઞાનમેં દેખા તબ ઐસા-ઐસા હોગા ઐસી પ્રતીત ઉસમેં આ જાતી હૈ. ખેદ રહતા નહીં, ઉસકો ભી ખેદ રહતા નહીં. કેવલજ્ઞાનીકો ભી જૈસે પૂર્ણ જાનનેસે શુદ્ધતા, આનંદ હૈ ઐસા સમ્યગ્દૃષ્ટિકો ભી યથાર્થ જાનના-દેખના અપના જ્ઞાનકા નિર્ણય કરનેમેં સબ દેખના-જાનના રહતે હૈ ઉસમેં ખેદ નહીં પણ આનંદ હૈ. આહા..હા..! અમરચંદભાઈ! ભગવાન! યે તો તેરા સ્વભાવ હી ઐસા હૈ ન પ્રભુ! કહાં તૂ જાયેગા? યહ કહતે હૈ દેખો.

**'વીતરાગ પરમસમરસીભાવરૂપ જો પરમ આનંદ અતીન્દ્રિય અવિનાશી સુખ વહી જિસકા લક્ષણ હૈ.'** જોયું! જિસકા યહ લક્ષણ હૈ. જ્ઞાનમેં જાનનેવાલેકો દુઃખ હૈ ઐસા નહીં હૈ, આનંદ લક્ષણ હૈ. આહા..હા..! વહ તો પહલે આ ગયા હૈ હોં. જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણ કહા હૈ. નહીં તો લક્ષણ તો જ્ઞાન હૈ. યહાં પરમાત્મપ્રકાશકમેં તો જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ આદિ લક્ષણ ઉસકા હૈ. સ્વભાવ હૈ ઉસકા વો. એક સમયમેં સબ દેખના, જાનના છતાં આનંદમય હૈ અને યે આત્મા ભી ઐસા નિર્ણય કરે, જહાં નિર્ણય કિયા કિ જ્ઞાતા-દૃષ્ટા હૂં (તો) આનંદ આ ગયા, આનંદ આયા, ખેદ ભિન્ન પડ ગયા. સમજમેં આયા? ઉસકો ખેદ બિલકુલ નહીં. યહાં ખેદ હૈ પણ ખેદ ભિન્ન પડ ગયા. સમજમેં આયા?

ભગવાન! જિસકે વિચાર મંથનમેં અંતર સન્મુખ વિચાર ઓહો..હો..! આ પદાર્થ! એકલા પરિપૂર્ણ પ્રભુ! યહ વિકલ્પકી જો કલ્પના વહ તો પ્રતિક્ષણકી એક પર્યાય હૈ. ઉસસે .. ગાથામેં કહેગા. .. ઉસમેં હૈ. **'વે દોષ સબ સંસારી-જીવોંકે લગ રહે હૈં,...'** ઓલામાં છે ૧૯૮માં. દેખો, **'ઔર સબ દોષોંસે રહિત હૈં. વે દોષ સબ સંસારી-જીવોંકે લગ રહે હૈં,...'** દોષ હોં. કર્મ નહીં. ૩૩૬ પાને. પહેલા કર્મની સાધારણ વાત કરી. પછી દોષ **'સબ કર્મ**

વે હી સંસારકે મૂલ હૈં. જગતકે જીવ તો કર્મોંકર સહિત હૈં, ઔર ભગવાન જિનરાજ ઈનસે મુક્ત હૈં, ઔર સબ દોષોંસે રહિત હૈં. વે દોષ સબ સંસારી-જીવોંકે લગ રહે હૈં, જ્ઞાયકસ્વભાવ આત્માકે અનંતજ્ઞાન સુખાદિ ગુણોંકે આચ્છાદક હૈં.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, દોષ આચ્છાદક હૈ. આસ્રવકી, વિકલ્પકી પર્યાય ઉસમેં સારા આત્મા જમ ગયા હૈ. આહા..હા..! સમજમેં આયા? જેમ કેવલજ્ઞાનકી પર્યાયકા નિર્ણય કરતે હૈ (કિ) દેખા ઐસા હોગા તો ઉસકે વિકલ્પસે-આસ્રવકે વિકલ્પસે ભિન્ન જ્ઞાયકભાવ હૈ ઐસા નિર્ણય હોતે સાથમેં દર્શન-જ્ઞાનકે સાથમેં આનંદ આયા. ઔર વિકલ્પ જો હૈ વહ છૂટ ગયા. છૂટ ગયા નામ દૂર હો ગયા. જો આચ્છાદન કરતે થે, વિકલ્પકો દેખતે એકલા વિકલ્પકો દેખતે હૈ, સ્વભાવકો દેખતે નહીં તો વિકલ્પકા આચ્છાદન થા. ક્યા કહા?

ફિરસે. શુભ-અશુભ પરિણામકો એકીલા જો દેખતા થા તો જ્ઞાનકા એકીલા વિષય વિચાર કરતે થે, તો વહ વિચારકા એકલા વિષય કરનેવાલા ભાવ સારા જ્ઞાતાકો આચ્છાદન કર દિયા. સમજમેં આયા? આહા..હા..! અને સારા જ્ઞાતા-દૃષ્ટાકા જહાં નિશ્ચય ભાન હુઆ વહાં આચ્છાદન કરનેકા વિકલ્પકા નિશ્ચય થા વહ નિશ્ચય છૂટ ગયા. ઔર વિકલ્પકા જરી દુઃખ હૈ વહ પૃથક્ રહ ગયા, આનંદમય પરિણમન હો ગયા. ઉસકા નામ કેવલજ્ઞાનકા નિર્ણય, ક્રમબદ્ધકા નિર્ણય, અકર્તાકા નિર્ણય, જ્ઞાતા-દૃષ્ટા સાક્ષીકા નિર્ણય (હુઆ) ઉસમેં પુરુષાર્થ આતા હૈ. કહો, મીઠાલાલજી! આહા..હા..! એવી વાત તો કોઈ વખતે નીકળે, ઐસી બાત હૈ. સમજે? આહા..હા..! કીધુંને. અરે..! ભવ દેખે... અરે..! આ તો કેવલજ્ઞાનની ખબર નથી હજી. બહારમાં આ બધા શેઠિયા-બેઠિયા ... કરે. ન્યાલચંદભાઈ ત્યાંના વડાળના. ... આમ ધીઠાઈથી નહીં. એ નિશ્ચય નહિ કરેલો. એ નિશ્ચયની દરકાર જ સંપ્રદાયમાં નહિ. આ કેવલજ્ઞાન! ઓહો..! ભવ... ભવ... ભાવ ભવકા કારણ સબ કેવલજ્ઞાન જાનતે હૈ. ઈસ સમય યહ જીવ મોક્ષ જાયેગા, ઈસ સમય યે જીવ સમ્યક્ પાયેગા, ઈસ સમય યે જીવ નિગોદમેં જાયેગા, સબ ત્રણ કાળકી પર્યાય એક સમયમેં જાનનેમેં આયી હૈ. સમજમેં આયા? ઐસી પર્યાયકા નિર્ણય ઈતના સામર્થ્ય અપની પર્યાય ઝીલે, અપની પર્યાય જ્ઞાનમેં ઈતના સામર્થ્ય ઝીલે, કહાંસે ઝીલે? વહ પર્યાય અંદર જ્ઞાયકમેં જાયે તો ઝીલે (તબ) ઐસા નિર્ણય હોતા હૈ. સમજમેં આયા? એક સમયમેં ઈતના પુરુષાર્થ. આહા..હા..! અપની જ્ઞાનકી પર્યાયમેં જહાં નિશ્ચય કરને જાયે વહ જ્ઞાન ઢલ જાતા હૈ જ્ઞાયક તરફ. જ્ઞાયક મૈં સ્વપરપ્રકાશક, જૈસા સર્વજ્ઞ સ્વપરપ્રકાશક ત્રિકાલ હૈ, મૈં ભી સ્વપરપ્રકાશક સદા ત્રિકાલ હી હૂં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષયોપશમ કાંઈ જોઈતો નથી. રુચિ જોઈએ. ક્ષયોપશમકા ક્યા કામ હૈ? દેડકાને કાંઈ ક્ષયોપશમ નથી. દેડકા સમજે? મંડુક-મંડુક. ક્યા હૈ? તિર્યંચોકો ક્યા હૈ? આમ અંતરમેં પડા. આ વસ્તુ જ્ઞાયક અને આનંદ. બસ! સારા જરી પૃથક્ દિખતા હૈ, ખેદ દિખતે હૈ આકુલતા, નામ ન આવડે. આકુલતા હૈ. બસ વહ આકુલતામેં આસ્રવ, બંધ અને અજીવકા જ્ઞાન હો ગયા. ઈસ બાજુ આનંદ ત્રિકાલ હૈ વહ જીવકા જ્ઞાન હો ગયા. આનંદકી પ્રગટ પર્યાયમેં સંવર, નિર્જરા, મોક્ષકા જ્ઞાન હો ગયા. સાતોં તત્ત્વકા જ્ઞાન હો ગયા. અમરચંદભાઈ! અરે ભગવાન! તેરા ઘર બહુ નજીક હૈ, સરલ હૈ. પણ દૂર-દૂર કરકે માન લિયા હૈ. યે માન્યતા ઉસકો અંદરમેં પ્રવેશ કરને નહીં દેતી. આહા..હા..! સમજમેં આયા? કહો, સમજાણું કે નહિ? રતિભાઈ! કોઈ દિ' વિચાર્યું છે કેવળજ્ઞાનનું? જય મહારાજ! ઓલો બ્રાહ્મણ મળે તો જય મહારાજ અને ઓલો મળે તો જય મહારાજ અને .. લખાણ. ક્યાં ગયા ફાવાભાઈ ગયા? ઠીક. આવે ત્યારે બધું આવે.

અહીં તો એક કેવલજ્ઞાની પરમાત્મા, ઐસા અનંતા આત્મા સર્વજ્ઞસ્વભાવી આત્મા. આહા..હા..! ઐસા કોઈ કહે નહીં ઔર ઈસસે વિપરીત કહે તો મહા મિથ્યાદષ્ટિ મૂઢ જીવ હૈ. ઉસકો આત્માકા પતા કભી લગા નહીં. ... રાગ ઘટાડો, ક્યા ઘટાડે? ઘટાડનારમેં રાગ હૈ નહીં તો ક્યા હૈ? એકીલા સ્વપરપ્રકાશક જ્ઞાન-દર્શનસે ભરા હૈ. ઐસા સ્વપરપ્રકાશક જ્ઞાન, દર્શનકી જો .. પર્યાયમેં ઝીલા, આ! વહ જ્ઞાન સ્વભાવમેં ઘૂસ ગયા ઉસકા નામ પુરુષાર્થ હૈ. પુરુષાર્થ ક્યા કૂદના હૈ બાહરમેં? સમજમેં આયા? કહો, સમજમેં આતા હૈ કિ નહીં ભૈયા? આ હિન્દી ચલતા હૈ. એક તો ભાવ સૂક્ષ્મ અને ગુજરાતી ચાલે જરી મગજમેં.. હવે આ તો હિન્દી હોતા હૈ, સાધારણ હિન્દી હૈ. આહા..હા..!

દેખો, **'આગે ઐસા કહતે હૈં, કિ કેવલજ્ઞાન હી આત્માકા નિજસ્વભાવ હૈ,...'** દેખો, કેવલજ્ઞાનકી પર્યાય જો કહી ઐસા સ્વભાવ હી આત્માકા હૈ. **'ઔર કેવલીકો હી પરમાત્મા કહતે હૈં—'** દેખો, બે વાત કરશે હોં. કેવલજ્ઞાન આત્માકા કેવલજ્ઞાન હી સ્વભાવ હૈ. આહા..હા..! રાગ-દ્વેષ સ્વભાવ નહીં, અલ્પજ્ઞપણે રહના વહ સ્વભાવ નહીં એમ કહતે હૈં યહાં તો. આહા..હા..! સમજમેં આયા? એ આવશે, ટીકામાં બહુ સરસ આવશે જુઓ હમણા. જીવ તે જિનવર, જિનવર તે જીવ ઐસા દેખો ભગવાનકો. આહા..હા..! ક્યા આત્મા? વસ્તુ તરીકે તો જિનરાજ જિનવર હૈ. વીતરાગ વિજ્ઞાનઘન હૈ તો જિનવર હુઆ વહ તો. પર્યાય હૈ ઉસકી બાત છોડ દો, વસ્તુ દેખો. વસ્તુ તો જિનવર હૈ, ભગવાન પર્યાયમેં જિનવર હૈ, યે વસ્તુમેં જિનવર હૈ. આહા..હા..! ચંદુભાઈ!

જિનવરકા અર્થ ક્યા? કિ પુણ્ય-પાપકે આસ્રવતત્ત્વસે ભિન્ન તત્ત્વ હૈ. પુણ્ય-પાપકા ભાવ

જો હૈ વહ રાગ હૈ, રાગસે ભિન્ન હૈ તો વીતરાગ હૈ અને જ્ઞાયક હૈ. તો જિનવર પૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન હૈ વહી આત્મા જિનવર હી હૈ. દ્રવ્યસ્વરૂપે તો જિનવર હી આત્મા હૈ. આહા..હા..! સમજમેં આયા? કહતે હૈં દેખો ૧૯૭.

३२८) जो जिणु केवल-णाणमउ परमाणंद-सहाउ।
सो परमप्पउ परम परु-सो जिय अप्प-सहाउ।।१९७।।

દેખો, આહા..હા..! અરે! આત્મા કૌન હૈ? અરે..! ભગવાનને તેરા આત્મા તો ઉસકે જૈસા દેખા હૈ. સમજમેં આયા? એક થોડા આસ્રવ હૈ ક્ષણિક અને કર્મકા નિમિત્ત .. સંબંધ ઉસકો ન દેખ. સ્વભાવકા સાથ ... સંબંધ હૈ જીવકો. ત્રિકાલ... ત્રિકાલ... ત્રિકાલ... ત્રિકાલ... જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવસે પરિપૂર્ણ ઉસકે સાથ સંબંધ હૈ આત્માકા. સ્વભાવકા સ્વભાવવાનસે સંબંધ હૈ. સ્વભાવકા રાગસે, નિમિત્તસે સંબંધ હૈ હી નહીં. આહા..હા..! શેઠી! ભગવાન આત્મા કેવલજ્ઞાન સ્વભાવ ઉસકા. કેવલ એટલે શક્તિ સ્વભાવ સ્વપરકા જાનના પૂર્ણ, એ પૂર્ણ સ્વભાવ ઉસકા હૈ. એ સ્વભાવકા આત્મસ્વભાવવાનકે સાથ સંબંધ હૈ. એ સ્વભાવકા રાગ, નિમિત્તકે સાથ સંબંધ હૈ નહીં. રાગ અને નિમિત્તસે ... સંબંધ માનના વહ મિથ્યાદૃષ્ટિકા લક્ષણ હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ... વર્તમાન પુરુષાર્થ છે.

ઉત્તર :- તો બીજું શું છે? વર્તમાન પુરુષાર્થ, અનંત પુરુષાર્થ. આયા હૈ ન વહ? વસ્તુ વિજ્ઞાનસારમેં નહીં? ૧૯ બોલ આયા થા ન? ૧૯ બોલ તે દિ' આયા થા. ૨૦૦૨ની સાલમાં, માગશર સુદ બારશ. ૧૯ બોલ આયા થા. એક કલાકમેં સબ ... અરે! ભગવાન! સુન તો સહી પ્રભુ! તેરી સમૃદ્ધિ, ક્યા કેવલજ્ઞાનસે કમ હૈ તેરી સમૃદ્ધિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુમાન નહીં હોતા. એક હીરા જૈસી ચીજ અને આંખમાં... લાગે ત્યાં ઠરી જાય આંખ. આહા..! પણ ભગવાન તું ચમત્કાર, ચૈતન્યચમત્કાર સ્વપરપ્રકાશક જ્ઞાન ઉસકી મહિમા આતે હી દૃષ્ટિ વહાં ઠર જાયે. એય..! શેઠી! આહા..હા..! યે પુરુષાર્થ હૈ. પુરુષાર્થકા અર્થ ક્યા? કિ સ્વરૂપકી રચના કરના વહ વીર્યકા કાર્ય હૈ. એમ ભગવાન ૪૭ શક્તિમેં કહતે હૈં કુંદકુંદાચાર્ય. કિ સ્વરૂપકી રચના કરના વો પુરુષાર્થ. તો યે ક્યા આયા? કિ જબ કર્તૃત્વબુદ્ધિ છૂટી, બાહરમેં કરના હૈ, કરના હૈ, રાગ કરના વહ ભી ન રહા અને ઔર નિર્મલ પર્યાય મુઝે લાના હૈ ઐસા વિકલ્પ ભી ન રહા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આતા હૈ, આતા હૈ. કિસમેંસે આતા હૈ? કિ જ્ઞાયકભાવમેં સે. તો જ્ઞાયકભાવકા

નિશ્ચય હુઆ તો નિર્મલ પર્યાય .. ચલતી હૈ. વિકલ્પ કરના, નિર્વિકલ્પ.. ઐસા હૈ નહીં. સમજમેં આયા? લ્યો આ નવરંગભાઈ! આ ...

કહતે હૈં કિ **'જો અનંત સંસારરૂપી વનકે ભ્રમણકે કારણ જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી બૈરી ઉનકા જીતનેવાલા વહ...'** જીતનેવાલા જિન. કેવલજ્ઞાનમય હૈ. કેવલજ્ઞાન આદિ અનંત ગુણમય. જુઓ, કેવલજ્ઞાનમય એટલે અનંતગુણ લીધા પાછા. અનંત ગુણમય હૈ ભગવાન. **'કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી હૈ ઔર ઇન્દ્રિય વિષયસે રહિત આત્મીક રાગાદિ વિકલ્પોંસે રહિત પરમાનંદ હી જિસકા સ્વભાવ હૈ,...'** ઇન્દ્રિય આદિ વિષય નથી ભગવાનને હવે. ભગવાનકો રાગાદિ ભી નહીં. **'પરમાનંદ હી જિસકા સ્વભાવ હૈ, ઐસા જિનેશ્વર કેવલજ્ઞાનમયી અરહંતદેવ હૈ...'** આહા..હા..! **'વહી ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષ્મીવાલા આત્મા પરમાત્મા હૈ.'** ઉસકો પરમાત્મા કહતે હૈ. **'ઉસીકો વીતરાગ સર્વજ્ઞ કહતે હૈં, હે જીવ, વહી સંસારિયોંસે ઉત્કૃષ્ટ હૈ,...'** સબ જીવોમેં યે પર્યાયવાલા ભગવાન સર્વમેં સર્વોત્કૃષ્ટ હૈ.

**'ઐસા જો ભગવાન વહ તો વ્યક્તિરૂપ હૈ,...'** હવે મિલાન કરતે હૈ. ક્યા કહા? એક સમયમેં સર્વજ્ઞ ઇન્દ્રિય વિષયસે રહિત, રાગાદિ રહિત, પરમાનંદ સહિત અરિહંતદેવ સબસે ઉત્કૃષ્ટ અનંતગુણવાલા અને લક્ષ્મીવાલા સર્વજ્ઞ વીતરાગ વહ જીવ વ્યક્તિરૂપ હૈ, પ્રગટરૂપ હૈ. **'વહ આત્માકા હી સ્વભાવ હૈ.'** વહ આત્માકા સ્વભાવ શક્તિરૂપ હૈ. બસ! ઇતના ફેર હૈ, દૂસરા કોઈ ફેર નહીં. શક્તિરૂપ હૈ તુમ ઔર વહ વ્યક્તરૂપ હૈ. તો શક્તિરૂપ પરમાત્મા જિનરાજ-જિનરાજ આત્મા હૈ. આહા..હા..! જિનરાજકા અર્થ વીતરાગ વિજ્ઞાનસે શોભાયમાન આત્મા હૈ. રાગસે હૈ? રાગ સ્વરૂપ ઉસકા હૈ? અલ્પ જ્ઞાન ઉસકા સ્વરૂપ હૈ? વીતરાગી વિજ્ઞાનઘન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... જ્ઞાન, દર્શન, આનંદ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ વીતરાગ-રાગ બિના વીતરાગ જ્ઞાનઘન આત્મા ઉસસે બિરાજમાન આત્મા ઉસે જિનરાજ કહતે હૈં. એય..! શેઠી! હવે જિનરાજ તો તમારી પાસે પડ્યા છેને, ક્યાં ગોતને જાતે હો? એમ કહતે હૈ. શોધને જાતે હો એમ કહતે હૈ ન? તલાશ. બોલો તો ખરા કોઈ. દૂસરે તલાશ કરને કહાં જાતે હો? આહા..હા..! સમજમેં આયા?

**'વહ આત્માકા હી સ્વભાવ હૈ.'** ભગવાનકા સ્વભાવ હૈ ઐસા આત્માકી હી સ્વભાવ હૈ. ફક્ત વ્યક્તિરૂપ હૈ, આ શક્તિરૂપ હૈ. તો શક્તિરૂપ ઐસા હૈ, ઐસા સ્વભાવમેં નિર્ણય કરના ઔર ઉસકા જ્ઞાન કરના, ઉસમેં લીન હોના ઉસકા નામ મોક્ષમાર્ગ હૈ. ઓહો..હો..! સમજમેં આયા? જ્ઞાનકી ક્રિયા તો જ્ઞાનમય હોની ચાહિયે કિ જ્ઞાનકી ક્રિયા રાગમય હો? તો સ્વપરપ્રકાશક શક્તિરૂપ મૈં જિનરાજ હૂં ઐસા જો નિર્ણય કિયા વહ જ્ઞાનકી ક્રિયા હુઈ. નિશ્ચય હુઆ કિ

મૈં ઐસા હૂં, વહ જ્ઞાનકી ક્રિયા હુઈ. રાગકી ક્રિયા હટ ગયી. સમજમેં આયા? ઔર ઐસા સ્વપરપ્રકાશક મૈં પૂર્ણ જિનરાજ હૂં ઐસા જ્ઞાન કિયા તો જ્ઞાનમેં ઐસી સ્થિરતા આયી, વહ વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર હુઆ. આહા..હા..! સમજમેં આયા?

'जिय अप्प-सहाउ' 'सो जिय अप्प-सहाउ' જો વ્યક્તિરૂપ ભગવાન બિરાજમાન અરિહંત હૈ વહી ઈસ જીવકા શક્તિરૂપ સ્વભાવ હૈ. નિમિત્ત ને રાગ ને અલ્પજ્ઞપણા ભાઈ! છોડ દિયા. આહા..હા..! પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ પૂર્ણ સ્વભાવ, અનંત ગુણકા પૂર્ણ સ્વભાવ. વહ પૂર્ણ સ્વભાવમય ભગવાન. તો પૂર્ણ જિનરાજ હી હૈ ત્રિકાલ જિનરાજ હૈ. દૃષ્ટિમેં સ્વીકાર કિયા તો દૃષ્ટિમેં જિનરાજ પર્યાય હોનેકા તૈયારી કી. દૃષ્ટિમેં ત્રિકાલ જિનવરકા સ્વીકાર કિયા તો પર્યાયમેં પૂર્ણ જિનવર હોનેકી તૈયારી કી. એક અંશે થઈ ગયા, પણ પૂર્ણ પર્યાયકા જિનવર હોનેકી તૈયારી કર લી. વહ અલ્પ કાલમેં પૂર્ણ જિનવર હુએ બિના રહેગા નહીં. સમજમેં આયા?

અરે..! ઉસકા સત્‌કા સત્ તત્ત્વ.. ભગવાન આત્મા સત્ તત્ત્વ, આત્મ તત્ત્વ, આત્મસ્વભાવ. તત્ત્વ કહો કિ સ્વભાવ કહો, એક હી બાત હૈ. ઐસા ભગવાન આત્મા તત્ત્વ, આત્મસ્વભાવ સ્વપર પૂર્ણ પ્રકાશક પૂર્ણ સ્વભાવ ઐસા મૈં જિનવર હૂં ઐસી દૃષ્ટિ કરના વહી કેવલજ્ઞાનકી પ્રતીતિ અને ક્રમબદ્ધકા પ્રતીતિકા ફલ આયા. શાંતિસે સુને નહીં, વિચારે નહીં, અપના આગ્રહ છોડે નહીં. શેઠી! હવે ઉસકો કૈસે સમજમેં આવે? શાંતિસે, ધીરેસે સુન ભાઈ! પ્રભુ! યે તેરી પ્રભુતાકે ઘરમેં પ્રવેશકી બાત હૈ. યહ તેરે વાસ્તુ લેના હૈ. કભી વાસ્તુ લિયા નહીં તેરી વસ્તુમેં. તેરી વસ્તુમેં કભી વાસ્તુ લિયા નહીં. શિવલાલભાઈ! લ્યો, આ વાસ્તુ લીધું અમે બે ભાઈઓ થઈને. કર્યાને ત્યાં લાખો રૂપિયા ખર્ચીને. વાસ્તુ લિયા. એ નહીં. .. બહુ કર્યું છે. .. પાણી.. પાણી.. પાણી.. એક જણો કહે આ ...

યે તો કહતે હૈ કિ ભગવાન તેરા યહાં હૈ. સમજમેં આયા? જિનવર અને જિનમેં કુછ ફેર ન દેખ, પ્રભુ! આહા..હા..! સમજમેં આયા? આ મુદ્દાની રકમની વાત છે. રાગ-બાગ બીચમેં આવે તો વળી શુભાશુભ.. પુણ્ય બંધાય એ બધી વાત .... માનતે હૈ. ભાઈ! પુણ્ય-પાપ માનતો હો તો સ્વભાવમેં હૈ નહીં. ઉસકી માન્યતામેં આત્મા કહાં આયા? પુંજી પુંજી મૂડી કહાં આઈ? મૂળ મુડી તો આયી નહીં. યે તો ઉપરકા પુણ્ય-પાપ, પુણ્ય-પાપ માનતા હૈ. પુણ્ય-પાપ માના એમાં આત્મા કહાં આયા? આત્માકી પુંજી તો અનંત પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનાનંદ જિનરાજ (હૈ) ઐસા પ્રતીતમેં લાયે તબ આત્માકો માના અને આત્માકી પૂંજીકી પ્રતીત હુઈ. સમજમેં આયા?

... વહ પુરુષાર્થકી ગતિ અંતરકી હૈ તો સુઝે નહીં. અને બાહરકી ક્રિયા સુઝ પડે. ઐસા આ કયા, આ દયા કરી, પાપ કીયા, મંદિર કિયા, ફલાણા કિયા વહ સુજ પડે. શાસ્ત્ર કહતે

હૈ પરમાર્થ વચનિકામેં. આગમપદ્ધતિકા વ્યવહાર ઉસમેં સુઝ પડતી હૈ કિ હમ કરતે હૈ ભાસતે હૈ, પણ અંદર અધ્યાત્મિક ક્રિયા ક્યા હૈ ઉસકો ભાસતી નહીં. સમજમેં આયા? ઉસકા ભાવાર્થ વિશેષ હોગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૧, સોમવાર, તા. ૦૬-૦૯-૧૯૬૫**
**ગાથા-૧૯૮-૧૯૯, પ્રવચન-૨૦૭**

આજ દસલક્ષણી પર્વમેંસે સપ્તમ દિન હૈ. ઉસમેં તપકા અધિકાર હૈ. યે તપ ભી એક ચારિત્રકા હી પ્રકાર હૈ. વહ કહતે હૈ. વહ તપકી વ્યાખ્યા કરતે હૈ. તપ કિસકો કહતે હૈ.

**कर्ममलविलयहेतोः; बोधदृशा तप्यते तपः प्रोक्तम्।**
**तद्द्वेधा द्वादशधा, जन्माम्बुधियानपात्रमिदम्।।९८।।**

**'સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિસે ભલે પ્રકાર વસ્તુકે સ્વરૂપકો જાનકર...'** આ એક શરત, ઈ પહેલી શરત. તપ ઉસકો હોતા હૈ? કિ પહલે સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિસે ભલે પ્રકાર, છેને? વસ્તુકે સ્વરૂપકો જાનકર. આત્મા અખંડ જ્ઞાનજ્યોત ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ વીતરાગ વિજ્ઞાનઘન હૈ. ઐસા પ્રથમ સમ્યગ્જ્ઞાનસે વસ્તુકો દેખનેસે યે ચીજ મૈં હૂં, તો ઉસમેં સ્થિર હોનેકા પ્રયત્ન-ઉગ્ર પુરુષાર્થ (હો) ઉસકા નામ તપ કહનેમેં આતા હૈ. કહો, યે તપકી વ્યાખ્યા. ન સમજાણું?

આ વસ્તુ... તપ્યંતે ઈતિ તપઃ. જેમ સુવર્ણ ઉસમેં ગેરુ લગાતે હૈ, ગેરુ કહતે હૈ ન? ગેરુસે સોના ઓપિત-શોભિત હોતા હૈ. ઐસે ભગવાન આત્મા અંતરમેં સમ્યક્ ચૈતન્યનેત્રસે અપના શુદ્ધ પૂર્ણાનંદ સ્વરૂપકા ભાન હોનેપર પીછે સ્વરૂપમેં એકાકારકી લીનતા ચારિત્રકી હો ઔર ઉસમેં ઉગ્ર પુરુષાર્થસે ઈચ્છાકા અભાવ કર આત્મામેં અમૃત અતીન્દ્રિય આનંદકા ઉગ્રપણે વેદન હો, ઉસકા નામ ભગવાન તપ કહતે હૈ. સમજમેં આયા?

ઈસે જાનકર, વસ્તુકા સ્વરૂપ અખંડ જ્ઞાયક ચિદાનંદ સમ્યક્નેત્રસે દેખને પર પીછે **'જ્ઞાનાવરણાદી કર્મમલકે નાશકી બુદ્ધિસે...'** કોઈ દૂસરી બુદ્ધિ નહીં. ફક્ત આઠ કર્મકે નાશકે

કારણ અપને સ્વરૂપમેં અતીન્દ્રિય આનંદમેં લીન હોના, ઈચ્છાકા ઉત્પન્ન નહીં હોના ઉસકા નામ ભગવાન સમ્યક્ સત્ય તપ, સમ્યક્ સત્ય તપ કહતે હૈ. ઐસા તપ બિનાકી જો એકલી ક્રિયાકાંડ હૈ ઉસકો એકીલા લંઘન કહતે હૈ. કહો, સમજમેં આયા? '**વહ તપ મૂલમેં બાહ્ય વ અભ્યંતરકે ભેદસે દો પ્રકારકા હૈ.**' વિશેષ ભેદ લો તો બાહ્ય અને અભ્યંતર કરકે બારહ ભેદ હૈ. '**અનશન, અવમૌદર્ય, વૃતિ-પરિસંખ્યાન, રસ-પરિત્યાગ, વિવિક્ત શય્યાસન, કાયક્લેશ...**' એ છ બાહ્ય. બાહ્ય પુરુષો દેખે અને બાહ્ય ક્રિયામાં દેખવામાં આવે એ. હવે અંદર મનમેં તપ હોતા હૈ. '**પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, ધ્યાન...**' એ છ પ્રકારકા અભ્યંતર ઈસી રીતિસે તપકે બારહ ભેદ હૈ. એ '**સંસારરૂપી સમુદ્ર...**' એ ઉદય-સંસારરૂપી ઉદયભાવ ઉસકો પાર કરનેકે લિયે જહાજકે સમાન વહ તપ કહનેમેં આયા હૈ. સમજમેં આયા? દુનિયા માને તપ કે અમે અપવાસ કિયા અને આ કિયા, માસખમણ કર દિયા, વર્ષીતપ કર દિયા, ઉસસે હમારે કોઈ નિર્જરા અને ધર્મ હોગા. શૂન્ય-શૂન્ય. પુણ્ય એકીલા નહીં, પણ મિથ્યાત્વભાવકી પુષ્ટિ હોતી હૈ ઉસમેં. ધર્મ નહીં અને ધર્મ માનના ઐસા મિથ્યાત્વભાવકી પુષ્ટિ મહાન પાપકી હોતી હૈ. દૂસરા પ્રકાર.

**कषायविषयोद्भट,-प्रचुरतस्करौधो हठात्;**
**तपः सुभटताडितो, विघटते यतो दुर्जयः।**
**अतो हि निरुपद्रवः, चरति तेन धर्मश्रिया;**
**यतिः समुपलक्षितः, पथि विमुक्तिपुर्याः सुखम्।।९९।।**

'**આચાર્ય કહતે હૈં યદ્યપિ ક્રોધાદિ...**' ક્રોધ-માન '**કષાયરૂપી ઉદ્ધત તથા પ્રબલ ચોરોંકા સમૂહ..**' ક્રોધ, માન, માયા, લોભ, પ્રબલ ચોરના સમૂહ '**દુર્જય હૈ અર્થાત્ સાધારણ રીતિસે જીતનેમેં...**' આના મહામુશ્કિલ હૈ. '**તો ભી જિસ સમય તપરૂપી પ્રબલ યોદ્ધા,...**' અપને જ્ઞાનાનંદમેં લીન હોકર તપરૂપી પ્રબલ યોદ્ધા ઉસકે સામને આતા હૈ, વિકારકે સામને અપની શાંતિકા સ્વભાવ આતા હૈ '**ઉસ સમય ઉસકી કુછ ભી તીન-પાંચ નહીં ચલતી...**' તુમ્હારી ભાષા હૈ હિન્દી? તીન-પાંચ. સમજમેં આયા? ક્રોધ, માન, માયા, લોભ, વિષયવાસના ઐસા જો મહા યોદ્ધા. પણ અપને જ્ઞાનાનંદમેં પુરુષાર્થ કરનેસે ઉસ યોદ્ધાકી કુછ તીન-પાંચ ચલતી નહીં. અપનેમેં આનંદકી શાંતિ, ઉગ્ર શાંતિકા પ્રગટ હોના વહી વિકારકો જીતનેકા તપ કહનેમેં આતા હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- તીન પાંચકી...

ઉત્તર :- તીન પાંચકી એ તમને ખબર પડે. અમને (ખબર પડે) તમારા દાખલાની? એ તો અમે આજ દેરિયાજીને પૂછ્યું કે આ તમારે ચાલે છે હિન્દીમાં? તીન-પાંચ શું કહે છે આ?

તીન- પાંચ નહીં ચલતી. હશે કાંઈક ત્રણ પાંચનું કાંઈક હશે. જોર નહીં ચલે બસ. ઉસકા જોર નહીં ચલે.

'**બાત હી બાતમેં જીત લિયા જાતા હૈ...**' જો મુનિયોં અથવા ધર્માત્મા '**તપરૂપી સુભટકે સાથ ધર્મરૂપી લક્ષ્મીસે યુક્ત હૈં, વે મોક્ષરૂપી નગરકે માર્ગમેં નિરૂપદ્રવ તથા સુખસે ચલે જાતે હૈં.**' સાથમેં યોદ્ધા લિયા હો ઔર બીચમેં ડાકુ આતે હૈ. લક્ષ્મી લેકર કોઈ શેઠિયા કે રાજા ચલતા હો. સામે ડાકુ આયે, પણ સાથમેં યોદ્ધા હો તો ડાકુકો બાત હી બાતમેં જીત લેતે હૈ અને અપની લક્ષ્મી સહિત લેકર અપને નગરમેં ચલે જાતે હૈ. ઐસે અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિ ઔર જ્ઞાનમેં લીનતા કરકે, વિકારકા સામને જો ચોર આતા હૈ ડાકુ ઉસકો શાંતિસે જીતકર અપની મોક્ષરૂપી નગરીમેં આત્મા ચલે જાતે હૈં. કહો, સમજમેં આયા? લ્યો આ તપની વ્યાખ્યા. આ તે દુનિયાથી બધું જુદું! એય..! શેઠ! ત્રીજો શ્લોક.

**मिथ्यात्वादेः, यदिह भविता, दुःखमुग्रं तपोभ्यो;**
**जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनीरात्।**
**स्तोकं तेन, प्रभवमखिलं, कृच्छलब्धे नरत्वे;**
**यद्येतर्हि, स्खलति तदहो, का क्षतिर्जीव ते स्यात्।।१००।।**

'**આચાર્ય કહતે હૈં કિ હે જીવ! જિસ પ્રકાર સમસ્ત સમુદ્રકી અપેક્ષા જલકા કણ અત્યંત છોટા હોતા હૈ...**' સારા દરિયાકી અપેક્ષા, સમુદ્રકા એક કણ બહુત છોટા હોતા હૈ. '**ઉસી પ્રકાર તપકે કરનેસે તુઝે બહુત થોડે દુઃખકા અનુભવ કરના પડતા હૈ.**' વહ તો એક દૃષ્ટાંત દિયા હૈ હોં! તપ કરનેસે નામ ઈચ્છા નિરોધ કરનેસે, સહન કરનેકા બહુત થોડા આતા હૈ. સમજમેં આયા? '**ઔર જિસ સમય મિથ્યાત્વકે ઉદયસે તૂ નરક જાયેગા...**' મહા વિપરીત માન્યતાકે ફલરૂપ નરક અને નિગોદમેં તું જાયેગા. '**ઉસ સમય તુઝે નાના પ્રકારકે છેદન-ભેદન આદિ અસહ્ય દુઃખોંકા સામના કરના પડેગા. તો ભી તૂ ન જાને તપસે ક્યોં ભયભીત હોતા હૈ?**' યહાં થોડા એક દુઃખ આવે ઉસમેં તૂ ક્યા ભયભીત હોતા હૈ? મિથ્યાત્વકા ફલમેં ચાર ગતિમેં રુલના, નરક-નિગોદમેં જાના, વહ દુઃખકી અસહ્યતા સર્વજ્ઞ જાને અને વહ આત્મા સહે. ઈતના દુઃખ સહના પડેગા એ કરતા યહાં જરી આત્મજ્ઞાનકી દૃષ્ટિપૂર્વક ઈચ્છાકા નિરોધકર શાંતિ લે, થોડા ઉપદ્રવ આદિ દુઃખ દેખાય પણ વહ દુઃખ બહુત આનંદકે આગે દુઃખકા કણ દેખનેમેં આતા નહીં. સમજમેં આયા? યહ તપ કહા સાતવાં (ધર્મ કહા). '**અરે..! તેરી તપ કરનેમેં ક્યા હાનિ હૈ?**' ઐસા શબ્દ લિયા હૈ.

વહ શ્રીમદ્ ભી કહતે હૈ ન શ્રીમદ્. નિવૃત્તિમેવ શીઘ્ર ધારી.. આવે છેને શું પહેલું? 'અનંત સુખ નામ દુઃખ...' આ એ શબ્દ લીધો.

અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા.
ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ રે નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

જુઓ, આ શબ્દ લિયા હૈ દેખો, આ બહુત થોડા (હૈ). પદ્મનંદી પઢા થા ઉસને. પદ્મનંદીમેંસે બહુત લિયા હૈ ઉસને-શ્રીમદ્‌ને. પદ્મનંદીકો વન શાસ્ત્ર કહનેમેં આયા હૈ. વહ કહતે હૈ કિ યહ વન શાસ્ત્ર હૈ. વનમેં, જંગલમાં રહેલા મુનિને બનાયા હૈ. ઈન્દ્રિયજયપૂર્વક વાંચનેસે વહ વનમેં આત્મામેં અમૃત હૈ ઐસા લિખા હૈ. સમજમેં આયા? શરત ઈતની. ઈન્દ્રિયકા વિજયપૂર્વક યહ શાસ્ત્રકા અધ્યયન કરનેસે આત્માકો અમૃત હૈ. સમજમેં આયા?

તો કહતે હૈ, જહાં અનંત સુખ આત્માકી શાંતિમેં હૈ. નામ દુઃખ... નામ દુઃખ... યે કહા ન. થોડે દુઃખ. નામમાત્ર દુઃખ. જ્યાં તેરા પ્રેમ નહીં, વહાં મિત્રતા તેરે નહીં અને અનંત દુઃખ અને નામ સુખ. આ ધૂળમેં વિષય, ભોગ આદિમેં નામમાત્ર સુખ કલ્પના, આ અનંત અનંત દુઃખ ત્યાં તુઝે પ્રેમ વિચિત્રતા લગતી હૈ. યે ક્યા હુઆ? ઉઘાડ ન્યાયનેત્ર. આમાં આયા ન દેખો, સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિ. પહલેમેં આયા ન? સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિસે દેખ, નિહાળ રે નિહાળ તું. તે પ્રવૃત્તિ બાળ અને નિવૃત્તિ ધાર. એ નિવૃત્તિને લે. અંદર રાગથી રહિત ભગવાન બિરાજમાન હૈ ઐસી નિવૃત્તિ ધારણ કર. એ પ્રવૃત્તિને બાળ, બાળ, નાશ કર. ૧૬ વર્ષની ઉંમરે ઈતના તો પુરુષાર્થ ચલાતે હૈ. શ્રીમદ્ રાજચંદ્ર હોં. ૧૬ વર્ષકી ઉંમરમેં. પૂર્વકા જાતિસ્મરણ સાત વર્ષકી ઉંમરમેં થા. સાત વર્ષકી ઉંમરમેં જાતિસ્મરણ થા ઔર ૫૭કી સાલમેં અભી દેહ છૂટ ગયા. ૨૪ મેં જન્મ થા. ૩૩ વર્ષકા જીવન થા. ૧૬ વર્ષે ઐસા કહતે હૈ, પોપટભાઈ! 'નિવૃત્તિ શીઘ્રમેવ ધાર' અરે! આત્મા નિવૃત્તિ... નિવૃત્તિ... નિવૃત્તિ લે ભાઈ! એટલે પ્રવૃત્તિના રાગને બાળ અને અંદરમાં નિવૃત્તિમાં આત્મામાં જા. બહારમાં નિવૃત્તિ કરે અને અંદર ખદબદાટ કરે એમાં શું આવે? વિકારસે નિવૃત્તિ કર અને વિકારકી પ્રવૃત્તિકો બાળ. સમજમેં આયા? તો તુઝે શાંતિ મિલેગા આત્માકી, નહીંતર શાંતિ-બાંતિ મિલેગા નહીં. લ્યો એ સાત. સાતવા દિનકા તપકી વ્યાખ્યા હુઈ.

(યહાં) ક્યા આયા? ૧૯૮ ગાથા. પરમાત્મપ્રકાશ. પરમાત્મા કિસકો કહતે હૈ? પરમાત્મા કિસકો કહતે હૈ? આ પરમાત્મપ્રકાશ. પરમાત્મ પ્રકાશ કિસકો કહતે હૈ? આ શબ્દકો? કિ નહીં. દેખો.

३२९) सयलहँ कम्महँ दोसहँ वि जो जिणु देउ विभिण्णु।
सो परमप्प-पयासु तुहुँ जोइय णियमेँ मण्णु।।१९८।।

**'જ્ઞાનાવરણાદિ અષ્ટકર્મોંસે...'** દેખો, એક આઠ કર્મ હૈ ઐસા સિદ્ધ કિયા. આત્માકી પર્યાયમેં નિમિત્તરૂપ સામે આઠ કર્મ હૈ. સમજમેં આયા? આઠ કર્મ જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય ઐસી આઠ કર્મકી જાત હૈ. કોઈ એમ કહે કે આ કર્મ-ફર્મ કુછ હૈ નહીં અને ઐસા ભ્રમ હૈ. એમ નહીં. આઠ કર્મકી ચીજ અનંત રજકણસે બની હુઈ કર્મરૂપ પર્યાય, પુદ્‌ગલકી એક પર્યાય હૈ આત્માકે પ્રદેશ ઉપર નિમિત્તરૂપ. ઉસકો **'दोषेभ्यः अपि' 'ઔર સબ ક્ષુધાદિ અઠારહ દોષોંસે...'** એક કર્મ હૈ અને દૂસરા આત્મા ઉપર વિકારી આસ્રવભાવ હૈ. સમજમેં આયા? દો બાત કિયા. એક આઠ કર્મ જડ નિમિત્ત હૈ ઔર તેરી પર્યાયમેં વિકારી ભાવ હૈ. દો—ભાવકર્મ અને દ્રવ્યકર્મકી બાત કિયા. સમજમેં આયા? યહ હૈ ઐસા પહલે નિર્ણય કરના ચાહિયે. બિલકુલ કર્મ નહીં હૈ અને ભાવકર્મ (નહીં હૈ) અને એકીલા આત્મા શુદ્ધ-શુદ્ધ હૈ ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કઈ રીતે? યે તો વસ્તુકા સ્વભાવ ઐસા હૈ. કર્મ અને દોષ રહિત સ્વભાવ.. અભી કહેગા. સ્વભાવ ઐસા હૈ. પણ પર્યાયમેં દોષ હૈ ઔર કર્મકા નિમિત્ત, દોષમેં નિમિત્ત હૈ, દોષ ચીજ હૈ. ઉસકી દૃષ્ટિ ઉઠા દે અને સ્વભાવકી દૃષ્ટિ કર તો દોષ અને આવરણ તેરેમેં હૈ હી નહીં. સમજમેં આયા? હૈ તો નહીં હૈ ઐસા હોતા હૈ કિ નહીં? નહીં હૈ મેં નહીં હૈ કહાંસે આયા? 'હૈ' ઉસકો 'નહીં હૈ' કરના હૈ. સમજમેં આયા? યે બાત સર્વજ્ઞ પરમાત્મા સિવાય, જૈન પરમેશ્વર જિસકો એક સમયમેં તીન કાલકા જ્ઞાન (હુઆ), ઉસને જો આત્મા દેખા, ઉસને જો દોષ દેખા, ઉસને કર્મ દેખા, ઐસી ચીજ દૂસરેમેં તીન કાલમેં હોતી નહીં.

દો બાત કરતે હૈં—એક તો **'જ્ઞાનાવરણાદિ અષ્ટકર્મોંસે ઔર સબ ક્ષુધાદિ અઠારહ દોષોંસે રહિત જો જિનેશ્વરદેવ હૈં,...'** દેખો, જો અરિહંતદેવ જિનેશ્વર પરમાત્મા આઠ કર્મ અને દોષ ભાવકર્મ ઉસસે રહિત હુએ હૈ, વહી પરમાત્મપ્રકાશ કહનેમેં આતા હૈ. એ પરમાત્મપ્રકાશ હુઆ. પરમાત્મા વસ્તુ સ્વરૂપે તો થા. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા થા આત્મા, પણ અપના સ્વભાવકા આશ્રય લેકર દોષ અને કર્મકા નાશ કિયા તબ પરમાત્મા પ્રકાશરૂપ પર્યાયમેં પ્રગટ હુઆ. સમજમેં આયા? પયાર્યમેં નહીં થા વહ પર્યાયમેં પ્રગટ હુઆ, દ્રવ્યમેં થા વહ પર્યાયમેં આયા. દ્રવ્ય ને પર્યાય ને દોષ ને કર્મ ને. ઉસમેં સાતોં તત્ત્વકી શ્રદ્ધા આતી હૈ. સમજમેં આયા? એકીલા આત્મા-આત્મા નહીં. તો કહતે હૈ, જિસકો ભગવાન આત્મામેં આઠ કર્મકા જડકા નિમિત્ત થા ઔર દોષ થા, વહ ભી લેગા યહાં અંદર, યે દોનોંકા જિસને અભાવ કરકે ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાત્મા નિજ સ્વરૂપ પ્રભુ ઉસકી પ્રતીત કરકે, ઉસકા જ્ઞાન કરકે ઉસમેં લીન હોકર, પર્યાય નામ અવસ્થામેં પરમાત્મા શક્તિરૂપે થા વહ વ્યક્તરૂપે હુઆ, ઉસકા નામ

પરમાત્મપ્રકાશ કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? '**ઉસકો હે યોગી, તૂ પરમાત્મપ્રકાશ નિશ્ચયસે માન.**' દેખો, આ શબ્દો નહીં, આ પાના નહીં, આ પુસ્તક નહીં એમ કહતે હૈ. આ તો વાચક હૈ. વાચક નામ શબ્દ હૈ. જેમ શક્કર. શક્કર શબ્દ હૈ તો શક્કર શબ્દમેં શક્કર પડી હૈ? નહીં.

મુમુક્ષુ :- વાચ્ય હૈ.

ઉત્તર :- હાં, વો શક્કર વાચ્ય હૈ અને શક્કર શબ્દ વાચક હૈ. શક્કરકા ઢેલા વહ વાચ્ય હૈ, શક્કર શબ્દ વાચક હૈ. એમ આ પરમાત્મપ્રકાશ વાચક હૈ અને પરમેશ્વર પરમાત્મપ્રકાશ જો પ્રગટ હુઆ ઉસકા વહ વાચ્ય હૈ.

મુમુક્ષુ :- શક્તિ વ્યક્ત હો જાતી હૈ.

ઉત્તર :- શક્તિ વ્યક્ત હો જાતી હૈ, બસ વહ બાત હૈ. સમજમેં આયા? આહા..હા..! દાખલા તો બહુત દિયા હૈ કિ નહીં? પીપરકી ચોસઠ પહોરી શક્તિ હૈ તો પ્રગટ હોતી હૈ. અબરખ લ્યો અબરખ. અબરખમેં... અબરખ હોતા હૈ ન? હજાર પુટી હોતી હૈ. અબરખ તુમ્હારે હોતા હૈ કિ નહીં? .. ક્યા કહતે હૈ? ગિરડી. બહુત અબરખ હોતા હૈ. ત્યાં એક બડા વેપારી હૈ ન બડા. કરોડો રૂપિયાકા અબરખ નિકાલતા હૈ. હમ ગયે થે ત્યાં એકબાર. અબરખકો અગ્નિમેં હજાર પુટ દેતે હૈ તો હજાર પુટી ભસ્મ હોતી હૈ. વહ પથરાકો દિયા જાયે તો ભસ્મ નહીં હોતી હૈ. સમજમેં આયા? આ ક્ષય રોગ ઉપર દેતે હૈ ન. જિસકો ક્ષય હોતા હૈ તો ઉસકો હજાર પુટી અબરખ દેતે હૈ. હજાર વાર અગ્નિ. એકબાર, દો બાર, તીન બાર એમ હજાર બાર દે તો અબરખમેં જો શક્તિ થી વહ ભસ્મમેં હજાર પુટી રૂપે પ્રગટ હુઈ. શક્તિ ઉસમેં થી તો પ્રગટ હુઈ. પથરામેં નહીં હૈ. પથરાને હજાર પુટ દે તો ક્યા હોતા હૈ? રાખ હોતી હૈ. બરાબર હૈ? ..ભાઈ!

જુવાર લ્યો, બાજરા લ્યો, તલ લ્યો. હજાર પુટ દે, ક્યા દે? ઉસમેં શક્તિ કહાં હૈ? વહ અબરખકે પટમેં, અબરખકે પટમેં શક્તિ અંદર પડી હૈ કિ જે શક્તિ હજાર વાર અગ્નિસે આમ દેતે હૈ. આમ એક બાર, દો બાર, તીન બાર. એ શક્તિમેંસે વ્યક્તતા હજાર પુટી આમ સુંવાળી, લાલ ભસ્મ ક્ષય રોગ ઉપર દે, શાતાકા ઉદય હો તો મિટ જાયે. શાતાકા ઉદય હો તો મિટે. નહીંતર એકલી ભસ્મસે ક્યા મિટે? દેરિયાજી! કોઈ કહે એનાથી મિટ જાયે તો પાછું ઐસા નહીં હૈ. સમજમેં આયા? ઐસી ભસ્મ. શક્તિ થી અંદરમેં. થી ઉસકી વ્યક્તિ (હુઈ). એમ ભગવાન આત્મામેં પરમાત્મા હોનેકી એક-એક આત્મામેં શક્તિ અંદર હૈ. ઉસકી પ્રતીતિ કરકે, ઉસકા જ્ઞાન કરકે, ઉસકી સ્થિરતા કરકે શક્તિમેંસે પ્રગટ હોના ઉસકા નામ પરમાત્મપ્રકાશ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

દૂસરા એક દૃષ્ટાંત હૈ દેખો, આ મોરપીંછી હૈ ન? મોરપીંછી હૈ કિ નહીં? ઉસમેં લાલ-લાલ દિખતે હૈ ન? વહ ચાંદલા હોતા હૈ ચાંદલા. લાલ... લાલ... ઝીણા-ઝીણા ત્રાંબા હૈ ઉસમેં હોં ત્રાંબા. વહ મોરપીંછીકે જો ચાંદલા હૈ ન ઉસમેં લાલ-લાલ દિખે ઉસમેંસે ત્રાંબા નિકાલતે હૈ વૈદ્ય. ઐસા ત્રાંબાકા ભાગ નિકાલે કિ ઉસકી ભસ્મ ઐસી હો, ક્ષય રોગ ઉપર દે તો આમ શાતાકા ઉદય હો તો મિટ જાયે. અશાતા ન હોય તો. સમજમેં આયા? એ કહતે થે ઓલા ભાઈ ગોંડલવાળો નહોતો? ચંદાણી. કાળીદાસ કહેતા. કાળીદાસ ચંદાણી. આમાંથી અમે કાઢીએ છીએ. તો ઉસમેં શક્તિ હૈ. દૂસરા કૌએકી યા દૂસરે પંખીકી પાંખ બાળે તો ઉસમેં નિકલે? હૈ નહીં તો કહાંસે નિકલે? બડા ગરૂડ હોતા હૈ ઉસકી પંખ બાલે તો ઉસમેં સે નિકલતા હૈ? જિસમેં હો ઉસમેંસે આતા હૈ. તો વહ પંખીમેં વહ મોરપીંછકા પંજા હૈ, ઉસમેં લાલ-લાલ સૂક્ષ્મ દિખતી હૈ વહ ત્રાંબાકા અંશ-ભાગ હૈ. સૂક્ષ્મ ત્રાંબા. તાંબા કહતે હૈં ન? આ ત્રાંબા નહીં હોતા ત્રાંબા. ઉસમેંસે નિકાલકર શક્તિ થી અગ્નિ લગાકર ભસ્મ હોતી હૈ. ઐસી સુવાળી અને લાલ... લાલ... લાલ... કિ જિસકો ક્ષય (હુઆ હો ઉસકો દેતે હૈં). વો કહતે થે, વહ દિવાનકા દીકરાકો (ક્ષય) હુઆ થા, ભસ્મ દિયા તો મિટ ગયા. વહ તો શાતાકા ઉદય. સમજમેં આયા? ઐસે હી દિખનેમેં દેખો તો આમ પીંછા દેખતે હૈ સુંવાળા, હલકા, બહુત છોટા. પણ અંદરમેં શક્તિ ઐસી હૈ કિ ભસ્મ ઉસમેં નિકલે ત્રાંબાકી. પોપટભાઈ!

એમ ભગવાન આત્મા અંતર વસ્તુમેં શક્તિ ઈતની પડી હૈ કિ કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રગટ કરે અને પરમાત્મા હો ઐસી અંદરમેં શક્તિ હૈ. આહા..હા..! દૂસરેકા ભરોસા આતા હૈ ઉસકો. હાં, ઉસમેં નિકલતી હૈ બરાબર હૈ, ઉસમેં નિકલતી હૈ વહ બરાબર હૈ, પણ તેરેમેં નિકલતી હૈ વહ બરાબર હૈ? શેઠ! ઉસમેં નિકલતી હૈ. ખબર નહીં કિ તેરી ચીજમેં સારા પરમાત્મા હી ભરા હૈ.

વહ કહતે હૈ દેખો, '**પરમાત્મપ્રકાશ નિશ્ચયસે માન. અર્થાત્ જો નિર્દોષ જિનેન્દ્રદેવ હૈં, વહી પરમાત્મપ્રકાશ હૈં.**' જિસકા સ્વભાવ અંતર પૂર્ણ સ્વભાવ, સ્વભાવ કહો કે પૂર્ણતા કહો કે એકરૂપ અખંડ ગુણ શક્તિ કહો, ઐસા ભગવાન આત્મામેં એકરૂપ અખંડ પૂર્ણ સ્વભાવ થા, વહ પ્રગટ પર્યાયમેં હુઆ, ઉસકા નામ પરમાત્મપ્રકાશ કહનેમેં આતા હૈ. આખિરકી ગાથા હૈ ન હવે? ૨૧૪ ગાથા હૈ.

'**ભાવાર્થ :- રાગાદિ રહિત ચિદાનંદસ્વભાવ પરમાત્માસે ભિન્ન જો સબ કર્મ...**' એ સંસારનું મૂળ એણે વધારે નાખ્યું. મૂલ પાઠમેં ઐસા નહીં. મૂલમાં તો એટલું જ છે. '**कर्मभ्यः**' બસ. ઐસા કર્મ હૈ. કર્મ જો જડ હૈ ઉસસે ભગવાન ભિન્ન હૈ. કર્મ ચીજ હૈ નિમિત્ત સંબંધમેં, પણ આત્મા ઉસ કર્મકે સંબંધસે ભિન્ન તત્ત્વ હૈ. '**જગતકે જીવ તો કર્મોંકર સહિત હૈં,**

**ઔર ભગવાન જિનરાજ ઈનસે મુક્ત હૈં,...**' બસ ઈતના. ભગવાન આત્મા કર્મકે નિમિત્ત સહિત હૈ સંસાર, ભગવાન પરમાત્મા નિમિત્તસે રહિત, કર્મરહિત હૈ. બસ, ઈતના ફેર હૈ. વસ્તુ તો દોનોં સરખી હૈ, પણ યહાં કર્મકા નિમિત્તકા સંબંધ હૈ અને ભગવાનકો નિમિત્તકા સંબંધ છૂટ ગયા, વર્તમાન પર્યાય પરમાત્મદશા પ્રગટ હુઈ તો. સમજમેં આયા?

ઉસસે વિષે બાત તો વહ કહતે હૈ યહાં કિ '**સબ દોષોંસે રહિત હૈં.**' હવે આ ખુબી યહાં દેખો, '**વે દોષ સબ સંસારી-જીવોંકે લગ રહે હૈં,...**' યે ભાવકર્મકી બાત કરતે હૈ. રાગ, દ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન, પુણ્ય અને પાપકા વિકલ્પ વહ આત્મા સારા શુદ્ધ પિંડ હૈ ઉસકો વહ દોષ હી આચ્છાદન કરનેવાલા હૈ. ભાઈ! કર્મ આચ્છાદન કરનેવાલા શબ્દ ન લિયા. ત્યાં નિમિત્તમાત્ર લિયા. હૈ ચીજ, ભગવાન ઉસસે રહિત હૈ. યહાં ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પૂર્ણાનંદ ભગવાન, આનંદકા રસ ઐસા આત્મા ઉસકી પર્યાયમેં જો પુણ્ય-પાપ આદિ ભ્રાંતિ હૈ ઉસકી રુચિ, ઉસને હી સારા આત્માકો ઢાંક દિયા હૈ. સમજમેં આયા? કર્મને ઢાંક દિયા ઐસા ન લિયા. ભાવકર્મકા અર્થ ક્યા? કિ કર્મકા લક્ષ કરકે જો ઉત્પન્ન હુઆ દોષ. અપના લક્ષ કરકે ઉત્પન્ન હુઆ ગુણ, પરકા લક્ષ કરકે ઉત્પન્ન હોતા હૈ દોષ. ક્યા કહતે હૈ સમજમેં આયા? ચિદાનંદ ભગવાન પૂર્ણ જ્ઞાનની મૂર્તિ ઉસકા લક્ષ કરે તો ઉત્પન્ન હોતે હૈ ગુણ. દોષકા નાશ કરનેવાલા. ઔર કર્મકા લક્ષ કરતે હૈ તો ગુણકા નાશ કરનેવાલા ઉત્પન્ન હોતા હૈ દોષ.

વસ્તુ પૂર્ણ હૈ ઉસકી જો દૃષ્ટિ દે તો ઉત્પન્ન હોતા હૈ ગુણ. ઔર વહ ગુણ દોષકા નાશ કરતા હૈ અને વસ્તુ જો કર્મ હૈ, યહાં લક્ષ નહીં કરતા ઔર વહાં લક્ષ કરતા હૈ, ખબર ભલે ન હો ઉસકો પણ યહાં નહીં દૂસરમેં લક્ષ કરતા હૈ. તો વહ લક્ષ કરનેસે ઉત્પન્ન હુઆ મિથ્યા, રાગ-દ્વેષ આદિ ભાવ, વહ હૈ દોષ, વહ સ્વભાવકો ઢાંક દેતે હૈ. સમજમેં આયા? આહા..હા..! ધુંઆ-ધુંઆ. પુણ્ય-પાપકા વિકલ્પકી એકતારૂપી ધુંઆમેં ભગવાન આખા અમૃતકુંડ ઢંક ગયા હૈ એમ કહતે હૈ. આચ્છાદન કર દિયા, દોષોને હી આચ્છાદન કિયા હૈ. કર્મને આચ્છાદન કિયા ઐસા નહીં લિયા હૈ. દેખો! '**दोसहं वि टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावस्य परमात्मनो येडनन्तज्ञानसुखादिगुणास्तत्प्रच्छादका**' સંસ્કૃત ટીકા પડી હૈ. સમજમેં આયા? વહ ક્યોં કહા? કિ વસ્તુ એક સમયમેં પૂર્ણ આનંદસે ભરા હુઆ પદાર્થ. ઉસકી અંતરમેં દૃષ્ટિ લગાનેસે ઔર એકાકાર ઉસકો કરે તો ઉત્પન્ન હોતા હૈ શક્તિમેંસે વ્યક્ત ગુણ અને એ ગુણ દોષકા નાશ કરનેવાલા હૈ. નિર્દોષકી ઉત્પત્તિ, દોષકા નાશ, ધ્રુવકા રહના. સમજમેં આયા?

ભગવાન આત્મા એક સમયમેં શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસમેં લીન હોનેસે ઉત્પન્ન હોતી હૈ શક્તિમેંસે મોક્ષમાર્ગકી વ્યક્ત પર્યાય. એ પર્યાયકા ઉત્પન્ન હોના અને મિથ્યા રાગ-દ્વેષકા વ્યય હોના અને ધ્રુવપણે કાયમ રહના. તીન હો ગયા. આ વસ્તુકા સ્વરૂપ ઐસા

હૈ. સમજમેં આયા? ઔર અપના એક સમયમેં શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ ઉસકી દૃષ્ટિ ન કરકે, ઉસકા આશ્રય ન કરકે, ઉસકા સ્વીકાર નહીં કરકે, કર્મકિ લક્ષમેં ઉસકા જોર ગયા તો ઉત્પન્ન હુઆ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ અને દ્વેષ. તો વહ પર્યાય ઉત્પન્ન હુઈ તો નિર્મલ પર્યાય ઉત્પન્ન હોનેકા ઢાંક દિયા. નિર્મલ પર્યાય ઉત્પન્ન હોનેકા ઢાંક દિયા. ગુણકી પર્યાયકો ઢાંક દિયા, દોષકી પર્યાય ઉત્પન્ન હુઈ. બસ, વહી સંસાર અને પરિભ્રમણકા કારણ હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**સબ દોષોંસે રહિત હૈં. વે દોષ સબ સંસારી-જીવોંકે** લગ રહે હૈં,...' પરમેશ્વર એક જિનરાજ વીતરાગદેવ ઉસકો યે દોષ નહીં. ક્યોંકિ અંદરમેં પૂર્ણાનંદકી શક્તિકા વ્યક્તરૂપે પૂર્ણાનંદ અંદરમેંસે પ્રગટ કિયા હૈ. પ્રગટ કિયા તો વહ દોષરહિત હુઆ. એ સિવાય સબ સંસારી નિગોદસે લેકર મિથ્યાદૃષ્ટિ સબ સંસારી જીવ '**જ્ઞાયકસ્વભાવ, આત્માકે...**' ભગવાન આત્મા તો જ્ઞાયક જાનન સ્વભાવ, જાનન સ્વરૂપ, જ્ઞાયક સ્વભાવ, ચૈતન્ય સત્ત્વ એકીલા ચૈતન્ય તત્ત્વરૂપ સત્ત્વ, એકીલા ચૈતન્ય સત્ત્વરૂપ તત્ત્વ ઐસા આત્મા ઉસકો '**અનંતજ્ઞાન...**' બેહદ જ્ઞાન, બેહદ આનંદ, ઐસા બેહદ દર્શન, અમાપ વીર્ય ઈન '**ગુણોંકે આચ્છાદક હૈં.**' ગુણોંકા અર્થ? વહ પર્યાયકો ઢાંક દેતે હૈ. ગુણ તો ગુણ હૈ હી. પણ પર્યાય અનંત જ્ઞાનાદિ પ્રગટ હોની થી ઐસે હોને ન દિયા ઔર દોષકી બુદ્ધિ હુઈ તો અનંત જ્ઞાનાદિકો ઢાંક દિયા. વહ પ્રગટ પર્યાય હોનેકો ઢાંક દિયા એમ કહા. ભાઈ! ગુણ એટલે ત્રિકાલને કોઈ ઢાંક હૈ નહીં. ઉત્પન્ન ન કિયા ઉસકો ઢાંક દિયા એમ કહનેમેં આયા હૈ. એ કર્તાકર્મમેં આયા હૈ વહી શૈલી હૈ. સમજમેં આયા?

અપના સ્વરૂપ એક સમયમેં શુદ્ધ સચ્ચિદાનંદ નિર્મલાનંદ અતીન્દ્રિય આનંદકા ભંડાર ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકે અવલંબનસે જો પ્રગટ હોનેવાલી બેહદ જ્ઞાન, દર્શન, શાંતિ, વીર્યકી પર્યાય, ઉસકી પર્યાયસે ઉસકા (વિપરીતતાકા) વ્યય, (શુદ્ધ) પર્યાયકા ઉત્પાદ, ધ્રુવકા કાયમ રહના. ઔર મિથ્યાદૃષ્ટિમેં ત્રિકાલ જ્ઞાયક અનંત જ્ઞાનાદિ સ્વભાવ, ઉસકી વર્તમાન પર્યાયમેં બેહદ જ્ઞાન-દર્શન-આનંદકા પ્રગટ પર્યાય હો ઐસી તાકાત હૈ, ઐસી પર્યાય હોતી નહીં. કર્મકા લક્ષસે મિથ્યા શ્રદ્ધા. મૈં રાગ જિતના હૂં, પુણ્ય જિતના હૂં, એક સમયકી પર્યાય જિતના હૂં, મૈં નિમિત્તકા લક્ષ કરનેવાલી તાકાત ઈતની હી મેરી તાકાત હૈ. પર ઉપર લક્ષ જાયે ઉતની મેરી તાકાત હૈ. ઐસી માન્યતાસે મિથ્યા શ્રદ્ધાસે અને સાથમેં રાગ-દ્વેષ આનેસે અનંત જ્ઞાનાદિકી પર્યાય પ્રગટ હોની જોઈએ (ઉસે) ઢાંક દિયા. સમજમેં આયા? કહો, શોભાલાલભાઈ! સમજાય છે કે નહીં? એય..! અમરચંદભાઈ! આહા..હા..! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉત્પન્ન ન હુઈ ઉસકો ઢાંક દિયા કહનેમેં આયા. યે શૈલી શાસ્ત્રકી હૈ. આમ થા

ને ઢાંક દિયા ઐસા નહીં. થા તો ત્રિકાલી, શક્તિરૂપ ત્રિકાલ અનંત જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા પૂર્ણાનંદ ઉસકી દૃષ્ટિ ન કરકે, કર્મકા લક્ષ કરકે... મેરા લક્ષ પર ઉપર જાનેકી તાકાતવાલા હૈ, સ્વમેં જાનેકી તાકાત સહિત પરકા જાનનેકા સ્વભાવ ઐસા ન માનકર એકીલા મેરા જ્ઞાનકા લક્ષ પર ઉપર જાનેકી તાકાતવાલા હૈ ઐસે માનકર મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષ ઉત્પન્ન કિયા, ઉસ કારણસે નયી નિર્મલ પર્યાય ઉત્પન્ન હોની ચાહિયે સ્વભાવકી શક્તિકી વ્યક્તિ, ઉસ વ્યક્તિકો ઢાંક દિયા. ઉત્પન્ન હોને દિયા નહીં. ઉત્પન્ન હોને નહીં દિયા ઉસકો ઢાંક દિયા કહનેમેં આતા હૈ. આહા..હા..! સમજમેં આયા? કર્તાકર્મમેં ઐસા આયા હૈ. સમજમેં આયા? કર્તાકર્મમેં ૬૯-૭૦ ગાથા હૈ કિ નહીં? ઉસમેં વહી શૈલી લી હૈ. ૬૯-૭૦ દેખો.

'**જો યહ આત્મા અપને અજ્ઞાનભાવસે...**' અપના જ્ઞાનસ્વરૂપકા બેભાનકે (કારણ) '**જ્ઞાનભવનમાત્ર...**' આત્મામેં તો જ્ઞાનભવન પર્યાયમેં. જ્ઞાનકા હોના, શાંતિકા હોના, આનંદકા હોના. '**જ્ઞાનભવનમાત્ર સહજ ઉદાસીન અવસ્થાકા ત્યાગ કરકે...**' છોડકર. સમજમેં આયા? વહી શૈલી યહાં લી હૈ. આચાર્યોંને કોઈપણ પ્રકારે જે વસ્તુકી સ્થિતિ ઉસકી મર્યાદા ક્યા હૈ વહી પ્રગટ કિયા હૈ. યહાં કહા કિ ભગવાન આત્મા '**જ્ઞાનભવનમાત્ર સહજ ઉદાસીન અવસ્થા...**' વસ્તુ ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનમૂર્તિ ઉસકી તો જ્ઞાનભવન (હોના શક્તિ હૈ). રાગભવન એ શક્તિ નહીં ઉસકી. જ્ઞાનભવન, શ્રદ્ધાભવન, શાંતિભવન, આનંદભવન હોના—ઐસી પર્યાયકા હોના વહ સહજ ઉદાસીન અવસ્થા ઉસકા ત્યાગ કિયા. ત્યાગ કિયાકા અર્થ ઉસકો ઉત્પન્ન કિયા નહીં. અને '**અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તમાન હોતા હુઆ પ્રતિભાસિત હોતા હૈ;...**' અજ્ઞાનીને વિકારકા મૈં કર્તા, વિકાર મૈં કર્તા, વિકાર મેરા કાર્ય ઐસા અજ્ઞાનમેં સ્વભાવકી ભવનદશા છોડકર યે અજ્ઞાનકી ક્રિયા ભાસતી હૈ.

ફિરસે. જરી સૂક્ષ્મ આ ગયા. ભવન એટલે હોના. જ્ઞાનભવન. ભવન એટલે હોના. પર્યાયરૂપ હોના. નિર્મલ જ્ઞાનરૂપ હોના. ઉસકા નામ જ્ઞાનભવન. ભવન એટલે થવું. થવું કહે છે કે નહિ? હોના. જ્ઞાનરૂપ ભવન, ભવન નામ ભવવું, ભવવું નામ હોના. હોના. યહાં તો ભવન અર્થાત્ હોના. હોવું-હોવું. પર્યાયમેં હોવું ઉસકા નામ ભવન હૈ. યહાં જ્ઞાનભવન નામ જ્ઞાનરૂપે હોના. અજ્ઞાનભવન નામ અજ્ઞાનરૂપ હોના.

ફરીને. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદકી મૂર્તિ પૂર્ણ પરમાત્મા ઉસકા તો જ્ઞાન નામ સ્વભાવમાત્ર હોના ઉસકી તાકાત હૈ. જ્ઞાનભવનકા સ્વભાવરૂપ હોના, સ્વભાવરૂપી પર્યાયકા હોના વહ ઉસકી તાકાત હૈ. ઐસા ન હોકર ઉસ અવસ્થાકો છોડકર અજ્ઞાનભવન—રાગ-દ્વેષરૂપ હોના યહ મેરી શક્તિ હૈ ઐસા પ્રગટ કિયા. અજ્ઞાનપણેસે રાગ-દ્વેષ પ્રગટ કિયા. વો રાગ-દ્વેષરૂપ ભવન નામ હુઆ ઉસકા નામ અજ્ઞાની (હૈ). મૈં કર્મમેં આયા, વિકારકા મૈં કર્તા અને વિકારમેંસે પ્રવર્તનેવાલા

વહ કર્તા અજ્ઞાની હૈ. સૂક્ષ્મ બાત. સમજમેં આયા? આ તો ૬૯-૭૦ (ગાથા).

સારા સમયસાર ભગવાનસે ભરા હૈ. આહા..હા..! શાસ્ત્ર એમ બોલે. એમ કહતે હૈ. ક્યા અર્થ કરતે હૈ દેખો, કિ એક વાત ભગવાન આત્મા વીતરાગ સમસ્વભાવી સૂર્ય હૈ વસ્તુ. તો ઉસમેંસે પર્યાયમેં, પર્યાયમેં-અવસ્થામેં વીતરાગ સમસ્વભાવી દશા પ્રગટ હોના ચાહિયે, તો જ્ઞાનભવન ઉસકો કહનેમેં આયા. જ્ઞાન નામ આત્માકા ભવન, આત્મા હૈ ઐસા પર્યાયમેં હોના. સમજમેં આયા? આહા..હા..! ભવન એટલે હોના. પર્યાયરૂપ હોના. જૈસા આત્મા હૈ ઉસ રીતસે પર્યાયમેં હોના. એ જ્ઞાનભવન કહો કે આત્માભવન કહો. આત્મરૂપ હોના. જો વિકારરૂપ હોના હૈ વહ અજ્ઞાનભાવ હૈ. સમજમેં આયા? ઔર અપના સ્વભાવ શુદ્ધ હૈ ઉસ રૂપ પર્યાયમેં હોના વહ અપની ક્રિયા શુદ્ધ હૈ. વહ પર્યાય શુદ્ધ હૈ. ઉત્પન્ન હુઈ નહીં હૈ. પણ હોના, ઐસા હોના ચાહિયે ઉસકો છોડકર પુણ્ય-પાપ, કામ, ક્રોધ, દયા, દાનકા વિકલ્પમેં પ્રીતિ કરકે મૈં ઉસમેં પ્રવર્તતા હૂં-ઐસી અજ્ઞાનભવનકા પર્યાય પ્રસિદ્ધ હોતી હૈ અથવા વિકારકી પર્યાય અજ્ઞાનીકો પ્રસિદ્ધ હોતી હૈ. અને એ મૈં કરનેવાલા અને મૈં  ઉસકા કર્તા. આ કર્તાકર્મકા અધિકાર હૈ ન? સમજમેં આયા? સૂક્ષ્મ બાત.

આ તો ફક્ત આપણે ઈતના કહના હૈ આની સાથે. યહાં કહા ન ગુણોંકા આચ્છાદક હૈ. યહાં આપણે આયા ન? ગુણોકા આચ્છદક (યાનિ) શક્તિકો આચ્છાદન કરતે હૈ કોઈ તીન કાલમેં? ક્યા પ્રગટ અવસ્થા હુઈ અને આચ્છાદન કરતે હૈ ઐસા હૈ? તો પાઠ તો ઐસા આયા. પાઠ કૈસા હૈ? પાઠ દેખો, 'अनन्तज्ञानसुखादिगुणास्तत्प्रच्छादका ये दोषा' ભાઈ! સંસ્કૃતમાં એમ છે. એ ગુણ શબ્દે ત્રિકાળી ગુણ નહીં. વર્તમાન જો ગુણકા આદર કરના થા, એક સમયમેં મૈં અનંત જ્ઞાનદર્શનકા પિંડ ઐસા આદર કરના થા, સત્કાર કરના થા, સ્વાધીનપણે સ્વ આશ્રય કરના થા તો ઉસમેં અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ પર્યાય પ્રગટ હોતી. પણ ઐસા પર્યાયકા પ્રગટ ન હોના, ઐસા ન હોને પર ક્યા હુઆ? કર્મકા લક્ષ કરકે પુણ્ય-પાપ, દયા, દાન વિકલ્પ કરકે મૈં ઉસમેં પ્રવર્તતા હૂં ઐસા અજ્ઞાનીકો વિકારકા કર્તા ભાસતા હૈ. વિકારકા કર્તા અજ્ઞાનીકો ભાસતા હૈ. અને વિકાર મેરા કાર્ય અજ્ઞાનીકો ભાસતા હૈ. ક્યોંકિ વસ્તુકા શુદ્ધ સ્વભાવ ઉસકી નિર્મલ અવસ્થાકો ઉસને ઢાંક દિયા. ઢાંક દિયા અર્થાત્ ઉત્પન્ન હુઆ નહીં, બસ વહ. ઉત્પન્ન હુઆ નહીં ઉસકા નામ ઢાંક દિયા કહનેમેં આતા હૈ. આહા..હા..! સમજમેં આયા? આહા..હા..!

એની રમતું. 'રાણા રમતું મેલ' આવ્યું છેને તમારે ત્યાં. 'કટક આવ્યું કિનારે.' ત્યાં એક રાણપુર હૈ ન રાણપુર. ઉસકા ગાંવ. વહાં એક પાંચસો વર્ષ, સાડા ચારસો વર્ષ પહેલાકા એક ગઢ હૈ પક્કા. રાજા થા રાણા. ગઢ અભી હૈ બડા પક્કા બહુત. ઐતિહાસિક વહાં રખા હૈ. ઉસમેં અંદર સીસા નાખકર ગઢ રખા હૈ. તો એ રાણો હતો, રાણો બાજી રમતો હતો. ક્યા

કહતે હૈ? ચોપાટ આદિ રમતે થે. કટક મોટું આવ્યું લડાઈ ઉપર. રમત છોડતો નથી. 'રાણા રમતું મેલ આ કટક આવ્યું કિનારે.' કિનારા ગામ છે એક. ગામનું નામ કિનારો છે. આ કટક આવ્યું કિનારે, મરી જઈશ હમણા. આ રમવા બેઠો છો તે. પછી તો ઉઠ્યો રમતો બંધ થઈને. ત્યાં ગયો અને અહીં કહેતો ગયો કે જો મારો ત્યાં ધ્વજ નીચે પડી જાય તો સમજ લેના મૈં મર ગયા. તો કિસીને ઐસા કર દિયા વહાં ધ્વજ નીચે પાડ દિયા. ત્યાં રાણીયું. પાંચ-છ રાણીયું. કૂવા હૈ અભી ત્યાં કૂવા હૈ બડા.

મુમુક્ષુ :- મરા નહીં થા.

ઉત્તર :- મરા નહીં થા પણ કોઈને ઐસા કર દિયા. રાજા મરી ગયો એટલે રાણીયું મરી કૂવામાં. 'રાણા રમતું મેલ' અરે! રાજા! ભગવાન! હવે રમતું મેલ. આ કટક આવ્યું. આ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તને ચડી પડ્યા છે અંદર. એય..! ન્યાલભાઈ! હવે રમતું મેલ રાગની સાથે એકત્વબુદ્ધિકી. નહિતર રાગ સાથે એકત્વબુદ્ધિકી રમતમેં તેરી નિર્મલ પર્યાય ઢંક જાતી હૈ અથવા નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી નહીં. આહા..હા..! સ્વભાવ તરફકી દૃષ્ટિ કરના. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... પૂર્ણાનંદ ઉપર દૃષ્ટિ કરના. પર્યાયબુદ્ધિ છોડના, રાગબુદ્ધિ છોડના, નિમિત્તકા લક્ષ છોડના. ઉસસે તેરી પર્યાયમેં અનંતગુણ આદિકી પર્યાય પ્રગટ હોગી, દોષકા વિલય હોગા. સમજમેં આયા? ઐસા ન હો ઔર સ્વભાવકા આદર ન હો તો વિકારકા આદર હુઆ હી. વિકારકા આદર હુઆ તો નિર્વિકારી દશા ઉત્પન્ન હુઈ નહીં. તો નિર્વિકારી દશાકો દોષને ઢાંક દિયા ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..! કહો, સમજમેં આતી હૈ કિ નહીં બાત? સૂક્ષ્મ પડતી હૈ?

દેખો ન, **'સબ સંસારી-જીવોંકે લગ રહે હૈં,...'** યહાં તો પરમાત્માકો (દોષ) નહીં હૈ ઐસા બતાના હૈ. **'જ્ઞાયકસ્વભાવ આત્માકે અનંતજ્ઞાન સુખાદિ ગુણોંકે આચ્છાદક હૈં.'** કૌન? દોષ. રાગમેં એકતા કરના, એકીલા નિમિત્તકે ઉપર લક્ષ કરના, અપના જ્ઞાયક સ્વભાવકા સાક્ષાત્ ચૈતન્ય જ્યોત સૂર્ય ઉસકી અવસ્થા ઉત્પન્ન નહીં હોના યે તેરે ગુણકો ઢાંક દેતે હૈ. સમજમેં આયા? **'ઉન દોષોંસે રહિત...'** બસ, ઉન દોષોંસે રહિત **'જો સર્વજ્ઞ વહી પરમાત્મપ્રકાશ હૈં,...'** પરમાત્મા અપના સ્વરૂપ પૂર્ણ ઉપર દૃષ્ટિ કરકે, લીન હોકર પર્યાય પરમાત્માકી પ્રગટ કી, દોષકા નાશ કિયા. ઉસકા નામ પરમાત્મપ્રકાશ કહનેમેં આતા હૈ. આ પુસ્તક, પાના પરમાત્મપ્રકાશ તો નામમાત્ર હૈ. ભાવ પરમાત્મપ્રકાશ તો ઉસકો કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? આહા..હા..!

**'યોગીશ્વરોંકે મનમેં ઐસા હી નિશ્ચય હૈ.'** મુનિ ધર્માત્માકે મનમેં ઐસા નિશ્ચય હૈ કિ આત્મા પૂર્ણાનંદકી પ્રાપ્તિ હો વહ પરમાત્મા. સમજમેં આયા? કોઈ દૂસરા પરમાત્મા કર્તા હૈ, જગતકા બનાનેવાલા હૈ ઐસા કોઈ હૈ નહીં. ત્રણ કાળ, ત્રણ લોકમેં સબ સત્ સ્વતંત્ર સિદ્ધ

હૈ અનાદિસે. એ સત્‌કો કોઈ બનાનેવાલા, રખનેવાલા હૈ હી નહીં. અજ્ઞાનીને કલ્પનાસે સબ આરોપ દિયા હૈ. ઐસા ધર્માત્માકા મનમેં નિશ્ચય હૈ. મનમાં એટલે અંતરમાં એ નિશ્ચય હૈ કિ ઐસા પરમાત્માકો પરમાત્મા કહતે હૈ. કોઈ પરમાત્મા, અનાદિસે કોઈ પરમાત્મા થા અને ઉસને યહ બનાયા ઐસા કોઈ હૈ નહીં. સમજમેં આયા? **'શ્રીગુરુ શિષ્યસે કહતે હૈં કિ હે યોગિન્...'** પ્રભાકરભટ્ટ શિષ્ય થા. **'તૂ નિશ્ચયસે ઐસા હી માન વહી સત્પુરુષોંકા અભિપ્રાય હૈ.'** મહા અનંત જ્ઞાનીઓંકા વહ અભિપ્રાય હૈ કિ અપની શક્તિમેં પરમાત્મા અપના સ્વરૂપ હૈ ઉસકો અંતરકે અવલંબનસે પ્રગટ કિયા વહી પરમાત્મપ્રકાશ હૈ, દૂસરા કોઈ પરમાત્મા હૈ નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રદ્ધા. અભિપ્રાય એટલે શ્રદ્ધા. અનંત જ્ઞાનીયોંકી ઐસી શ્રદ્ધા હૈ. અભિપ્રાય કહો કે શ્રદ્ધા કહો. શ્રદ્ધા કહો કે આશય કહો, એક હી બાત હૈ. આશય કહો, અભિપ્રાય કહો, શ્રદ્ધા કહો, માન્યતા કહો સબ એક હી બાત હૈ. ઐસા અનંત જ્ઞાનીયોંકા અભિપ્રાય નામ આશય હૈ. અનંત જ્ઞાનીકા ઐસા આશય હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં... નહીં... નહીં. આશય કહો કે અભિપ્રાય કહો એક હી બાત હૈ. આશય કહો, અભિપ્રાય કહો, શ્રદ્ધા કહો, માન્યતા કહો, રુચિ કહો, પ્રતીત કહો. સબ એકાર્થ હૈ. સમજમેં આયા?

કહતે હૈં કિ ઐસા અનંત જ્ઞાનીયોંકા અભિપ્રાય હૈ કિ પરમાત્મા પ્રગટ હુઆ અપને દોષકા નાશ કરકે ઉસકા નામ પરમાત્મા. દૂસરા કોઈ પરમાત્મા હૈ નહીં. ઐસા જ્ઞાનીઓંકા અભિપ્રાય નામ આશય હૈ.

**'ફિર ભી ઈસી કથનકો દૃઢ કરતે હૈં—'** ૧૯૯.

**३३०) केवल-दंसणु णाणु सुहु वीरिउ जो जि अणंतु।**
**सो जिण-देउ वि परम-मुणि परम-पयासु मुणंतु।।१९९।।**

હવે વિશેષ સ્પષ્ટ કરતે હૈ. **'કેવલદર્શન,...'** જિસકો પ્રગટ હુઆ. ભગવાન આત્માકો-પરમાત્મા અરિહંતકો અનંતદર્શન પ્રગટ હુઆ હૈ. શક્તિરૂપ અનંત અનંત દર્શનકા સામર્થ્ય સ્વભાવમેં થા, વહ પર્યાયમેં અનંત-અનંત દર્શનરૂપ પ્રગટ હુઆ. ઉસકા નામ પરમાત્મા હૈ. સમજમેં આયા? ઈસસે તેરી શક્તિ ક્યા હૈ વહ ભી પ્રતીત કરાતે હૈ ઔર ઉસકે સ્વભાવકે આશ્રયસે હી પરમાત્મા હોતા હૈ, સાધકપણા ભી પ્રતીત કરાતે હૈ અને સાધ્યમેં ઐસા પ્રગટ હુઆ વહી પરમાત્મા હૈ ઐસા પ્રતીત કરાતે હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકીલા-કેવલદર્શન, એક દર્શન, એક પૂર્ણ દર્શન. કેવલદર્શન, એકરૂપ દર્શન, અખંડ દર્શન. પર્યાય અખંડ દર્શન હો ગયી. પહલી જો ચક્ષુ-અચક્ષુદર્શનમેં પર્યાય ખંડ-ખંડ થી. ભગવાનકો અખંડ દર્શન પૂર્ણ હો ગયા. કેવલદર્શન-દર્શનાવરણીય કર્મકા નાશ હોકર હુઆ વહ. દર્શનાવરણીયકા નાશ હોકર કેવલદર્શન હુઆ વો દર્શનકી બાત હૈ. ઉપયોગ-કેવલદર્શન ઉપયોગ. ઉસકા દર્શન ઉપયોગ શક્તિરૂપે તો થા, વ્યક્ત હુઆ ઉસકો પરમાત્મા કહતે હૈ. પરમાત્મપ્રકાશ કહતે હૈ. કેવલજ્ઞાન. જિસકી પર્યાયમેં એકીલા જ્ઞાન પૂર્ણ હો ગયા. અનંત આનંદ. પરમાત્માકી પર્યાયમેં અનંત આનંદ, અતીન્દ્રિય આનંદ હો ગયા. અરિહંતકો પર્યાયમેં હોં. અનંતવીર્ય, અનંતબળ.

**'यदेव अनंतम्' 'યે અનંતચતુષ્ટય જિસકે હોં...'** દેખો, યે અનંત ચતુષ્ટય જિસકે હોં ઉસકો પરમાત્મપ્રકાશ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? પરમાત્મા, અનંત ચતુષ્ટય પ્રગટકો પરમાત્મા કહતે હૈ. શક્તિરૂપ તો અનંત ચતુષ્ટય તો દરેક આત્મામેં હૈ હી. શક્તિરૂપે દરેક આત્મા અનંત ચતુષ્ટયમય હૈ. કૌનસે અનંત ચતુષ્ટય? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ ચતુષ્ટય શક્તિરૂપ હૈ.

સ્વચતુષ્ટય દૂસરા, અનંત ચતુષ્ટય દૂસરા. ક્યા કહા? સ્વચતુષ્ટય દૂસરા અને અનંત ચતુષ્ટય દૂસરા. સ્વચતુષ્ટય ઉસકો કહતે હૈ કિ અપના દ્રવ્ય, અપના ક્ષેત્ર, અપની પર્યાય અને અપના ભાવ. યે સ્વ ચારસે અપનેમેં બિરાજમાન આત્મા ઉસકા નામ સ્વચતુષ્ટય હૈ. પરચતુષ્ટયસે રહિત હૈ અને સ્વચતુષ્ટયસે સહિત હૈ. ક્યા કહા? એ કહેગા આનંદ અંદરમેં. સમજમેં આયા? ભગવાન આત્મા... પ્રત્યેક આત્મા એટલે પ્રત્યેક દ્રવ્ય અપના દ્રવ્ય એટલે ગુણ-પર્યાયકા પિંડ, ક્ષેત્ર એટલે અપની ચૌડાઈ, કાલ એટલે ઉસકી અવસ્થા, ભાવ નામ ઉસકા ત્રિકાળી શક્તિ ગુણ. સ્વચતુષ્ટયમેં હૈ પ્રત્યેક પદાર્થ, પરચતુષ્ટયસે નહીં હૈ. વહ દૂસરી બાત, યે દૂસરી બાત.

એ સ્વચતુષ્ટયમેં ગુણરૂપે અનંત જીવોમેં અનંત ચતુષ્ટય પડા હૈ. આહા..હા..! સમજમેં આયા? જો વહ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ કહા વહ તો ચાર બોલસે દરેક આત્મા અપના અસ્તિત્વ રખતા હૈ, હવે એ અસ્તિત્વ રખતે હૈ ઉસમેં કાલ તો વર્તમાન પર્યાય હૈ, ક્ષેત્ર અવગાહન હૈ, દ્રવ્ય તો અનંત શક્તિકા પિંડ હૈ. તો જો શક્તિ હૈ ઉસમેં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય યે અનંત ચતુષ્ટય પડા હૈ વહ દૂસરી ચીજ ઔર સ્વચતુષ્ટય હૈ વહ દૂસરી ચીજ. અરે! શેઠી! ન્યાલચંદભાઈ! કહો, સમજાણું કે નહીં? એય..! મનસુખભાઈ! શું કહ્યું? બોલો. ભાઈ! પૂછીએ છીએ. લ્યો તમારું નામ રાખે છે જુઓ. ભાવમાં અનંત ચતુષ્ટય આવી જાય છે.

વસ્તુ છે, વસ્તુ જો હૈ પદાર્થ, એક-એક ભિન્ન-ભિન્ન પદાર્થ સબ અનંત. તો અપની જો વસ્તુ હૈ દ્રવ્ય, વહ તો ગુણ એટલે ભાવ અને પર્યાય. એટલે ગુણમેં ક્ષેત્ર ભી સાથમેં આ

ગયા. તો ગુણ અને પર્યાયકા પિંડ વહ દ્રવ્ય હૈ. હવે ક્ષેત્ર ક્યા? કિ ઉસકી પહોળાઈ. અસંખ્ય પ્રદેશી ચૌડાઈ હૈ ન? ઈતના શરીર પ્રમાણે ચૌડાઈ ઉસકો ક્ષેત્ર કહતે હૈ. વહ ક્ષેત્ર ઉસકા જમીન હૈ, ભૂમિ હૈ વહ ઔર ઉસમેં અનંત ગુણ હૈ વહ ભાવ હૈ. ઔર એક સમયકી અનંત પર્યાય હૈ વહ કાલ હૈ. તો સ્વચતુષ્ટયમેં બિરાજમાન આત્મા ઉસકે ભાવમેં અનંત ચતુષ્ટય બિરાજમાન હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે. સમજમેં આયા? આહા..હા..! સ્વચતુષ્ટય એ અનંતચતુષ્ટય અને અનંતચતુષ્ટય એ સ્વચતુષ્ટય. સ્વ અને અનંત કાંઈ ખબરેય નહીં. એ તો ભાષા હાંકે રાખે.

યહાં તો કહતે હૈ કિ અનંત ચતુષ્ટય જિસકે હો વહી જિનદેવ હૈ. પ્રગટ પર્યાયમેં હોં. પરમેશ્વર વીતરાગ પરમાત્મા જિસકી વર્તમાન પ્રગટ પર્યાયમેં અનંતચતુષ્ટય મુખ્ય વસ્તુ લિયા હૈ ન? બાકી તો અનંતગુણ હૈ, અનંત પર્યાય હૈ, પણ યે મૂલ અનંતચતુષ્ટય મૂલ લિયા હૈ વહ તો પ્રગટરૂપ પરમાત્માકો હૈ. દરેક જીવકો શક્તિરૂપે અંદર હૈ અનંત ચતુષ્ટય. સ્વચતુષ્ટયમેં ભાવમેં અનંત ચતુષ્ટય દરેક જીવમેં પડા હૈ. એ ભાવમેં પડા હૈ વહ પર્યાયમેં પ્રગટ કરના ઉસકા નામ પર્યાયમેં અનંત ચતુષ્ટય પ્રકાશ એવા પરમાત્મપ્રકાશ કહનેમેં આયા. વહ પરમાત્મપ્રકાશ હૈ. સબ ગોટાલા હૈ વહ નિકલ જાયે માટે સ્પષ્ટ કરતે હૈ. વળી દૂસરા ક્યા પરમાત્મા હૈ? સમજમેં આયા?

'**યે અનંતચતુષ્ટય જિસકે હોં વહી જિનદેવ હૈ, વહી પરમમુનિ...**' હૈ. દેખો, '**અર્થાત્ પ્રત્યક્ષ જ્ઞાની હૈ.**' જુઓ, પરમ મુનિ, કેવલીકો ભી પરમમુનિ કહા. મહાશ્રમણ આવે છેને? ભાઈ! પંચાસ્તિકાય. '**श्रमणमुखोद्गतार्थं**' એમ નથી આવતું? શ્રમણના મુખમાંથી નીકળેલી વાણી. એ શ્રમણ એટલે કેવળી એમ લિયા હૈ. પંચાસ્તિકાય, બીજી ગાથા. શ્રમણના મુખમેંસે નિકલા પંચાસ્તિકાય. કુંદકુંદાચાર્ય કહતે હૈ, હમ શબ્દસંબંધસે જ્ઞાનકી પ્રસિદ્ધિ કરનેકો અર્થસમય નામ પદાર્થકો હમ કહેંગે. સમજમેં આયા? શબ્દ આગમકે સંબંધસે જ્ઞાન આગમકી પ્રસિદ્ધિ માટે ઔર અર્થ સમય નામ પદાર્થકા સ્વભાવ કુંદકુંદાચાર્ય કહેંગે. ઐસા કુંદકુંદાચાર્યકા અભિપ્રાય હૈ ઐસા ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય કહતે હૈ. સમજમેં આયા?

'**श्रमणमुखोद्गतार्थं**' એમ છે હોં પંચાસ્તિકાયમાં. '**श्रमणमुखोद्गतार्थं**' છેને? '**શ્રમણકે મુખસે નિકલે હુએ અર્થમય (-સર્વજ્ઞ મહામુનિકે મુખસે કહે ગયે પદાર્થોંકા કથન કરનેવાલે),...**' દેખો, '**श्रमणमुखोद्गतार्थं**' '**શ્રમણકે મુખસે નિકલે હુએ...**' શ્રમણ શબ્દે સર્વજ્ઞ ભગવાન. મહાશ્રમણ ભગવાનકે મુખમેંસે નિકલા પંચાસ્તિકાય. એકીલા આત્મા નહીં, અનંત આત્મા, અનંત પરમાણુ, આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ કાય. ઔર કાલ અસ્તિ હૈ, કાય નહીં. એ ભગવાન સર્વજ્ઞકે મુખમેંસે નીકલી બાત હૈ. કોઈ એક હી કહે આત્મા, છ દ્રવ્ય ઉડા દે (તો) મૂઢ હૈ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાનસ્વરૂપ હી હૈ. યે ક્યા ચલતા હૈ? રાંકા સ્વરૂપ નહીં હૈ, આ રોવે એમ. આ શરીરનો રોગ એં..એં.. કર્યા કરે. રામજીભાઈ પાસે અને મારી પાસે કર્યા કરે એમ નહીં, એમ કહતે હૈ. સમજમેં આયા કિ નહીં?

**'શ્રમણકે મુખસે નિકલે હુએ અર્થમય...'** અર્થ એમ. પદાર્થ... પદાર્થ... પદાર્થ... પાંચ પદાર્થ. છઓં પદાર્થ ભગવાનકે મુખમેંસે નિકલા હૈ. ઐસા મહામુનિ ઉસકો કહતે હૈં. યહાં મહામુનિ કહા. ઉસકો પરમ મુનિ કહતે હૈં કેવલીકો. વહી પરમમુનિ હૈ. આહા..હા..! ઉસકો પરમાત્મા કહતે હૈ. શક્તિરૂપ પ્રગટ કિયા વહ પરમાત્મા. આ તો વાણી હૈ. વાચ્ય તો વહ પરમાત્મા બતાનેકી .. એ આત્મામેં શક્તિ પ્રગટ કરાનેકો બતાનેકા આશય હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૨, મંગળવાર, તા. ૦૭-૦૯-૧૯૬૫**
**ગાથા- ૧૯૯ થી ૨૦૦, પ્રવચન-૨૦૮**

આજ દસ લક્ષણીમેં સે આઠવાં દિન હૈ. ત્યાગ ધર્મ-ત્યાગ ધર્મ. મુનિઓંકા ત્યાગ ધર્મ ક્યા હૈ? હૈ તો ત્યાગ ચારિત્રકી નિર્મલ પર્યાય. આત્માકે શુદ્ધ સ્વરૂપકી દૃષ્ટિ કરકે સ્વભાવકા આશ્રય કરકે રાગકો છોડના ઉસકા નામ ત્યાગ ધર્મ કહતે હૈ.

व्याख्या या क्रियते श्रुतस्य यतये, यद्दीयते पुस्तकं;
स्थानं संयमसाधनादिकमपि, प्रीत्या सदाचारिणा।
स त्यागो वपुरादिनिर्ममतया, नो किंचनास्ते यतेः;
आकिंचन्यमिदं च संसृतिहरो, धर्मः सतां सम्मतः।।१०१।।

આકિંચન થોડું ભેગું લીધું છે. અકિંચન પછી નવવા આયેગા ઉસકા થોડા ભાગ સાથમેં લિયા હૈ. ત્યાગકી વ્યાખ્યા. **'શાસ્ત્રોંકા ભલીભાંતિ વ્યાખ્યાન કરના...'** ઉસકો જ્ઞાન દાન કરના. દૂસરેકો જ્ઞાન યથાર્થ સમજાના. ઉસમેં ભી રાગ ઘટતે હૈ ઔર દૂસરે જ્ઞાન સમજ જાયે

તો મેરેસે જ્ઞાનમેં અધિક હો જાયે ઐસા માન ઉસકો નહીં હૈ. સમજમેં આયા? મૈં શાસ્ત્રકા વ્યાખ્યાન કરું તો વહ લોગ સમજ જાયેગા તો મેરેસે અધિક હો જાયેગા. ઐસા અભિમાનકા અંતરમેં ત્યાગ હોકર શાસ્ત્રકા વ્યાખ્યાન સમ્યક્પણે, સમ્યક્પણે હોં. ભલે પ્રકાર કહા ન? ઐસે તો સબ કરતે હૈ વ્યાખ્યા. વિશેષે જો હૈ ઉસકા સ્વરૂપ છ દ્રવ્યકા, વાસ્તવિક તત્ત્વકા, અધ્યાત્મ તત્ત્વકા ઐસા વ્યાખ્યાન કરના ઉસમેં ભી અપના અંહકાર છૂટતા હૈ અને રાગ ઘટ જાતા હૈ.

ઔર મુનિયોંકો, ધર્માત્માકો પુસ્તકે દેના. શાસ્ત્ર અધ્યાત્મ આદિ પુસ્તક દેના. શાસ્ત્રકા જ્ઞાન સીખ જાયે તો અધિક ધર્મમેં હો તો બડા અચ્છા હૈ. ઐસી ભાવના કરકે અપનેમેં નિર્માનપણા પ્રગટ કરના. દૂસરા સમજ જાયે પુસ્તક વાંચકર (તો વહ આગે બઢ જાયેગા ઐસા નહીં હોના ચાહિયે). એક બાર ઐસા હુઆ થા. એક પુસ્તક ઐસા મિલા તો કોઈ કિસીકો દે નહીં. અગર દૂસરેકો દે તો ઉસકો જ્ઞાન હો જાયેગા. જ્ઞાન હો જાયેગા તો મેરા માન ઘટ જાયેગા. ઐસા ધર્માત્માકો હોતા નહીં. દૂસરા સીખ લો. પુસ્તક સીખો, વાંચો, વિચારો. રાગ ઘટાનેકી બાત શાસ્ત્રમેં હૈ. શાસ્ત્રમેં તો વીતરાગ હોનેકી બાત હૈ. તો પુસ્તકોંમેં વીતરાગ હોનેકી બાત સિખાનેમેં આતી હૈ. વ્યાખ્યાનમેં ભી વહ આતા હૈ. વીતરાગપના સિખાના અને વ્યાખ્યાન કરના વહ રાગકા અભાવ કરનેરૂપ ત્યાગધર્મ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

સ્થાન દેના મુનિયોંકો. રહનેકા સ્થાન. સંયમકે સાધન. સંયમના સાધન આદિ ઉસમેં રાગકા ઘટાના ઔર સ્વભાવકા આશ્રય વિશેષ કરકે મમત્વ, અહંકાર છોડના ઉસકા નામ ત્યાગ કહતે હૈ. '**સાધન પીંછી, કમંડલ આદિ...**' પ્રીતિસે દેના ઐસા શબ્દ પડા હૈ. '**प्रीत्या**'. ઐસા નહીં કિ કોઈકા વેઠસે દબાણકે કારણસે ભાઈ દેના પડે ઐસા નહીં. પ્રીતિસે વહ જ્ઞાન સમજે તો ઉનકો અનુકૂલ સાધન હો તો ઉસકા સ્વભાવ તરફ ઝુકાવ વિશેષ હો અપને પુરુષાર્થસે તો ઐસા પ્રીતિસે સબકો મુનિઓંકો ઐસા ત્યાગ કરે. '**સદાચારિયોંકા ઉત્કૃષ્ટ ત્યાગધર્મ હૈ.**' સદાચરણ-સત્ આચરણ નામ સ્વભાવકા સત્ આચરણ કરતે હૈ. શુદ્ધ અખંડ આનંદરૂપી સત્સ્વરૂપ ઉસકા જો આચરણ કરનેવાલા હૈ ઉસકા વહ ત્યાગ ધર્મ હૈ. પીછે તો થોડા અકિંચનકા લિયા હૈ.

'**મેરા કુછ ભી નહીં હૈ' ઐસા વિચારકર, અત્યંત નિકટ શરીરસે ભી મમતા છોડ દેના, અકિંચન ધર્મ હૈ.**' વહ કલ આયેગા, પણ થોડા સાથમેં લે લિયા હૈ. '**વહ યતિકો હોતા હૈ. વહ સમસ્ત સંસારકા નાશ કરનેવાલા હૈ...**' સ્વભાવમેં રાગકા છૂટ જાના, પરકો ભી રાગસે છૂટનેકા ઉપદેશ કરના, દૂસરેકો રાગ છૂટનેકા જ્ઞાન કરાનેમેં શાસ્ત્ર દેના,સમજમેં આયા? યહ સબ ત્યાગધર્મ, રાગકા અભાવ કરનેકા ત્યાગ ધર્મ કહનેમેં આતા હૈ. '**સમસ્ત શ્રેષ્ઠ પુરુષોંકે દ્વારા આદરણીય હૈ.**' ઐસા ત્યાગધર્મ, ઉત્તમ પુરુષોંસે આદરણીય હૈ. આઠ દિન હુઆ આઠ, દો રહા. અકિંચન અને બ્રહ્મચર્ય.

આપણે યહાં આયા હૈ. કહાં આયા? દેખો, ૧૯૯ ગાથા. અરિહંતકા જ્ઞાન કરાતે હૈ. અરિહંતકા જ્ઞાન કરનેસે અપની પર્યાયમેં અરિહંત જૈસા મિલાન કરનેસે આત્મામેં સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા? અરિહંત '**અનંતચતુષ્ટય જિસકે હોં વહી જિનદેવ હૈ,...**' કલ આયા થા ન? અનંતચતુષ્ટય ઔર દૂસરા ક્યા આયા થા? સ્વચતુષ્ટય. બીજું ન પૂછો, કહે છે. કેમ? પોપટભાઈ! સ્વચતુષ્ટયમેં આત્મા દ્રવ્ય જો હૈ વહ ગુણ નામ ભાવ અને પર્યાય નામ કાળ. એ પર્યાય ઔર ગુણકા પિંડ હૈ વહ દ્રવ્ય હૈ. ઔર ક્ષેત્ર ઉસકી ચૌડાઈ હૈ, કાલ ઉસકી વર્તમાન પ્રગટ અવસ્થા હૈ, ભાવ ઉસકી અનંતગુણરૂપ શક્તિ હૈ. વહ સ્વચતુષ્ટય. યે સ્વચતુષ્ટયમેં અનાદિ જીવકે ભાવમેં, ભાવમેં શક્તિમેં અનંત ચતુષ્ટય પડા હૈ. અરિહંતકો પર્યાયમેં અનંત ચતુષ્ટય પ્રગટ હોતા હૈ. સમજમેં આયા? સ્વચતુષ્ટયમેં અરિહંતકો ભાવમેં ભી સ્વચતુષ્ટય હૈ ઔર કાલમેં ભી (સ્વચતુષ્ટય હૈ). કેમ? પોપટભાઈ! આ તો સાધારણ વાત છે.

અનંત ચતુષ્ટય અનંત સંસારી જીવકો ભાવમેં શક્તિરૂપ હૈ. ઉસકે પર્યાય-કાલમેં નહીં હૈ. સમજમેં આયા? દરેક નિગોદસે લેકર, સબ અભવિ-ભવિ જીવકો ભાવ, દ્રવ્ય તો ગુણ-પર્યાયકા પિંડ, ભાવ શક્તિ, પર્યાય કાળ, ક્ષેત્ર ચૌડાઈ. ઉસમેં દરેક જીવકો ભાવમેં અનંત ચતુષ્ટય-અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય ઐસા પડા હૈ. સમજમેં આયા? ઐસા અનંત ચતુષ્ટયકા ધરનેવાલા દ્રવ્ય (હૈ) ઐસી અંતરમેં દૃષ્ટિ કરનેસે ઔર અંતરમેં એકાકાર કરનેસે અરિહંતકો સ્વકાલમેં અનંત ચતુષ્ટયકા પ્રગટ હોના હોતા હૈ. સમજમેં આયા? પોપટભાઈ!

મુમુક્ષુ :- સ્વકાળ.

ઉત્તર :- સ્વકાળ એટલે પર્યાય. ભાવમેં તો સબકો અનંત ચતુષ્ટય હૈ હી. પણ વહ પર્યાયમેં પ્રગટ નહીં તો અરિહંતકો અંતરમેં અપના સ્વચતુષ્ટયસ્વરૂપ ભગવાન આત્મા એકરૂપ વસ્તુ ઉસ પર દૃષ્ટિ કરનેસે, ઉસકો ધ્યેય બનાનેસે, ઉસકા ધ્યાન કરનેસે, અનંત ચતુષ્ટયસ્વરૂપ ઐસા આત્મા ઉસકા ધ્યાન કરનેસે વર્તમાન કાલમેં પર્યાયમેં સ્વચતુષ્ટય પ્રગટ જો સંસારમેં નહીં થા વહ અરિહંતકો પર્યાયમેં પ્રગટ હો જાતા હૈ.

મુમુક્ષુ :- સ્વકાલ

ઉત્તર :- સ્વકાલ હુઆ. ઉસકે વહ સ્વકાલ હુઆ. સમજમેં આયા? વાસ્તવિક દ્રવ્યકા સ્વકાલ હી વહી હૈ. વિપરીત જ્ઞાન ઔર અપૂર્ણ જ્ઞાન આદિ વાસ્તવિક પૂરા સ્વકાલ ઉસકા નહીં. સમજમેં આયા?

આત્મા વસ્તુ ઉસકે અંતરમેં શક્તિ અનંત જ્ઞાન-દર્શન આદિ ભાવ હૈં. ઉસકી પર્યાયમેં વિપરીત જ્ઞાન-દર્શન આદિ વો ખરેખર ઉસકા સ્વકાલ નહીં. શુદ્ધ સ્વકાલ પ્રગટ હોના, કાલ હૈ ઉસકા પણ શુદ્ધ સ્વકાલકા પૂર્ણ પ્રગટ હોના વહ ઉસકા સ્વકાલ હૈ. તો કેવલજ્ઞાનીકો અપને ભાવમેં

જો અનંત ચતુષ્ટય પડા થા ઉસકા અંતરમેં આશ્રય કરકે, અવલંબન કરકે, અસાધારણ જ્ઞાયક સ્વભાવ આદિકા અવલંબન કરકે પર્યાયમેં અનંત ચતુષ્ટય પ્રગટ હુઆ તો ભાવમેં ભી અનંત ચતુષ્ટય હૈ ઉસકો, પર્યાયમેં ભી અનંતચતુષ્ટય હૈ. ઉસકો અરિહંત કહતે હૈ. સમજમેં આયા? આ તો હજી અરિહંતકી વ્યાખ્યા હૈ.

મુમુક્ષુ :- પર્યાયમાં પ્રગટી જાય ત્યારે.

ઉત્તર :- હા, તબ અનંત ચતુષ્ટય ઉસકી પર્યાયમેં આયા. શક્તિકી વ્યક્તતા હુઈ, સામર્થ્યકી પ્રગટતા હુઈ, સ્વભાવકી વર્તમાન પર્યાયમેં સ્ફૂરણા પૂર્ણ હુઈ ત્યારે ઉસકો સ્વચતુષ્ટય પર્યાયમેં હૈ ઐસા કહનેમેં આયા. સમજમેં આયા? હૈ તો પર્યાય અપની. ઔર નીચે ભી અજ્ઞાનીકો જ્ઞાનકી પર્યાય હૈ, પણ હૈ તો અપને સ્વકાલકી. પણ ખરી જ્ઞાનકી પરિણતિ ઉસકો નહીં કહતે હૈ. જ્ઞાનકી ખરેખર પરિણતિ તો સ્વ જ્ઞાનકી પરિણતિ હો, સ્વભાવ સન્મુખ હોકર સમ્યગ્જ્ઞાનકી ધારા પર્યાયમેં સ્વસંવેદનજ્ઞાન આના વહી સ્વકાલ અથવા જ્ઞાનકી પરિણતિ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઐસી જ્ઞાન પરિણતિ અભવિકો કભી નહીં હોતી. સમજમેં આયા? અને મિથ્યાદૃષ્ટિ હૈ તબતક ભી ઐસી જ્ઞાન પરિણતિ હોતી નહીં. અને ઐસા ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ સમુદ્ર, અનંત ચતુષ્ટયકા સમુદ્ર ઉસકી અંતરમેં પ્રતીત જ્ઞાન અને સ્થિરતા કરકે પર્યાયમેં સ્વકાલમેં વર્તમાનમેં અનંતચતુષ્ટયકી વ્યક્તતા, પ્રગટતા હોના ઉસકા નામ અરિહંતપદ કહનેમેં આતા હૈ. આહા..હા..! યે તો અરિહંતપદકી વ્યાખ્યા કરતે હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જીવનમુક્ત કહો જીવનમુક્ત. દેહમુક્ત વહ વિદેહમુક્ત. દેહમુક્ત હો જાયે તો વિદેહમુક્ત સિદ્ધ. વિદેહમુક્ત. યહ જીવનમુક્ત. દેહકા આયુષ્ય હોતે છતે અંદર પૂર્ણ સર્વજ્ઞપદ હો ગયા (વહ) જીવનમુક્ત હૈ. સમજમેં આયા? દેહ છતે, આયુષ્ય છતે અંતરમેં પૂર્ણ સ્વચતુષ્ટય પ્રગટ હો ગયા ઉસકો જીવનમુક્ત કહતે હૈ. પણ ઐસી દશા પ્રગટ હો ઉસકો. વો માટે અરિહંતપદકી વ્યાખ્યા કિયા. હજી અરિહંતપદ ક્યા હૈ ઉસકી ખબર નહીં. સંપ્રદાયમેં હમ પડે હૈં. સમજમેં આયા?

**'जो जाणदि अरहंतं'** ભગવાનકે આગે દર્શન ક્યા હૈ? બાહરમેં દર્શન હૈ કિ અંદરમેં હૈ? બાહરમેં તો સ્થાપના નિક્ષેપ હૈ. શુભભાવકા નિમિત્ત હૈ. સ્મરણ આતા હૈ તો શુભભાવ હૈ. શુભભાવમેં લક્ષ જાયે વહ પરમાત્મા ઉપર દર્શન કરનેકો જાતા હૈ. અંતર દર્શન ચિદાનંદ ભગવાન દેહદેવળમેં બિરાજમાન હૈ. ઉસકા દર્શન કિયે બિના સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા નહીં. કહો, સમજમેં આયા?

દેખો, **'વહી પરમમુનિ અર્થાત્ પ્રત્યક્ષ જ્ઞાની હૈ.'** અરિહંતકો હી મહામુનિ કહનેમેં આતા

હૈ. મહામુનિ. મુનયતે ઈતિ મુનિ. જ્ઞાન સબ પ્રગટ હો ગયા. જૈસા શક્તિરૂપ થા ઐસા વ્યક્તરૂપ. ઐસા આત્માકા સ્વભાવ હૈ ઐસી દૃષ્ટિ કરાનેકો યહ બાત કરતે હૈ. સમજમેં આયા? '**ક્યા કરતા સંતા. ઉત્કૃષ્ટ લોકાલોકકા પ્રકાશક જો કેવલજ્ઞાન વહી જિસકે પરમપ્રકાશ હૈ,...**' ભગવાન અરિહંતકો ઓહો..! એક સમયમેં લોકાલોક જગતકી ચીજ ત્રણ કાળ, ત્રણ લોકકી. '**પ્રકાશક જો કેવલજ્ઞાન વહી જિસકે પરમપ્રકાશ હૈ,...**' યહ પરમપ્રકાશક ઉસકા હૈ. સૂર્યકા જેમ કિરણ પ્રકાશ હૈ, કેવલજ્ઞાનકા પરમપ્રકાશ ત્રણ કાળ, ત્રણ લોકસહિત આત્મા અપની પર્યાયમેં દેખનેમેં આવે ઈસકા પરમપ્રકાશ ઉસકો કહનેમેં આતા હૈ. આહા..હા..! ઐસી અરિહંતકી પૂર્ણ પર્યાયકી પ્રગટતા મેરી શક્તિમેં હૈ, પ્રગટ કરનેકી તાકાત મેરેમેં હૈ. વહ બાહરસે આતી નહીં. ઐસા અપના દ્રવ્ય સ્વભાવકી પ્રતીત કરના ઔર અલ્પજ્ઞ અને રાગકી પ્રતીત છોડ દેના ઉસકા નામ આત્માકા સમ્યગ્દર્શન—પ્રતીત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહા..હા..!

'**લોકાલોકકા પ્રકાશક જો કેવલજ્ઞાન વહી જિસકે પરમપ્રકાશ હૈ, ઉસસે સકલ દ્રવ્ય,...**' ભગવાન અરિહંતકા જ્ઞાન સકલ દ્રવ્ય. દેખો, એકીલા આત્મા એમ નહીં. અનંત દ્રવ્ય, અનંત આત્મા, અનંત પરમાણુઓ જિસકે જ્ઞાનમેં આ જાતા હૈ. આહા..હા..! વસ્તુ હૈ, સકલ અનંત દ્રવ્ય હૈ, નહીં હૈ એમ નહીં. વો સકલ દ્રવ્યકા જ્ઞાન અરિહંતકે કેવલજ્ઞાનકી, એક જીવકી એક પર્યાયમેં આ જાતા હૈ. સમજમેં આયા? સકલ '**ક્ષેત્ર,...**' સકલ ક્ષેત્રકા ક્યા અર્થ? સારા ક્ષેત્ર-અંત નહીં લોકકા-અલોકકા વહ ભી આ જાતા હૈ જ્ઞાનમેં. ક્યોં? પોપટભાઈ! અલોક-અલોક હૈ ન ખાલી? અંત બિનાકા. વહ જ્ઞાનમેં આ જાતા હૈ. ક્યોંકિ વહાં અંત હો ગયા ન જ્ઞાનમેં આનેસે? નહીં હુઆ?

મુમુક્ષુ :- અમાપ... અમાપ... અમાપ...

ઉત્તર :- અમાપ હૈ, (લેકિન) યહાં જ્ઞાન હો ગયા કિ નહીં? યહાં જ્ઞાન હુઆ કિ નહીં? અમાપકા જ્ઞાન હુઆ કિ નહીં? માપ હો ગયા કિ નહીં? અમાપકા અર્થ? અમાપ તો અમાપ હી હૈ. અમાપકા માપ હુઆ. માપકા અર્થ પ્રમાણ હુઆ. પ્ર-માણ. પ્ર-વિશે, માણ-માપ. માપ હો ગયા કિ યહ અમાપ હૈ. ઐસા કેવલજ્ઞાન-જ્ઞાનમેં ક્ષેત્રકા અમાપકા માપ હો જાતા હૈ. અમાપકા માપ હો જાતા હૈ—અમાપકા પ્રમાણ હો જાતા હૈ. આહા..હા..! સમજમેં આયા? ઈતની આત્માકી એક પર્યાયકી તાકાત હૈ ઐસા બતાતે હૈ. તેરે સ્વભાવમેં ભરા પડા હૈ ભગવાન ઉસ પર નજર કર. વહાં નજર કરનેકા હૈ અને વહાં આશ્રય કરનેલાયક હૈ. દૂસરે કહીં આશ્રય કરનેલાયક હૈ નહીં.

'**સકલ ક્ષેત્ર,...**' ઓહો..હો..! ઓલા તર્ક ઉઠાવે. '**સકલ કાલ,...**' કોઈ કાળ બાકી રાખે બિના કેવલજ્ઞાનમેં સકલ કાલ ખ્યાલમેં આ જાતા હૈ. અનાદિ તો અનાદિ ખ્યાલમેં આ જાતા

હૈ, અનંત તો અનંત ખ્યાલમેં આ જાતા હૈ. જ્ઞાનકી એક સમયકી પર્યાયમેં આ જાતા હૈ. આહા..હા..! કેવલજ્ઞાન કિસકો કહતે હૈ? અરિહંત કિસકો (કહતે હૈં)? બડી ગડબડી ઉસમેં ઉઠી હૈ ન અભી? 'ભવ,...' સબ જીવકા ભવ કેલવજ્ઞાનમેં આ ગયા હૈ. ભવ આ ગયા? ઈસ જીવકા યે ભવ... ઈસ જીવકા યે ભવ... ઈસ જીવકા યે ભવ... ઈસ સમય યે ભવ ઐસા કેવલજ્ઞાનકી પર્યાયમેં અનંત જીવકા જહાં જહાં જો ભવ હૈ ઔર ભવ હોગા ઔર ભવ હો ગયે સબ જ્ઞાનમેં આ ગયા હૈ. સમજમેં આયા? કિ જબ ભવ કરેગા તબ જ્ઞાનમેં આયેગા, કેવલજ્ઞાનમેં?

અહીં તો કહતે હૈં કિ કેવલજ્ઞાનકા પરમપ્રકાશમેં સબ ભવ આ જાતા હૈ. સકલ ભવ. વહ સકલ શબ્દ સબમેં લેના. સકલ દ્રવ્ય, સકલ ક્ષેત્ર, સકલ કાલ અને સકલ ભાવ. સમજમેં આયા? સર્વ ભવ. કહા થા ન, ભવિ-અભવિ દેખા, ભવ નહીં. બિચારા ભદ્રિક. ખબર નહીં. ભદ્રિક જ કહેવાયને. વિચાર હી કિયા નહીં કેવલજ્ઞાન કિસકો કહના. ભગવાનને ભવ નહીં દેખા હૈ કહે. કેમકે ભવ દેખે તો પછી પુરુષાર્થ કરનેકા રહતા નહીં. તો ઈતના ભવે જાના પડે ઉસકો. એવી દલીલ કરે છે અત્યારે. એ તો બિચારા ભદ્રિક, પણ ઐસા કોઈ દિ' સુના નહીં ને. આ બફમ થઈ ગયું. ક્યા કહતે હૈ? કેવલજ્ઞાનમેં ભવ, અનંત સર્વકા અનાદિ-અનંત જો જીવકા ભવ હૈ, જહાં જહાં ભવ (હૈ) વહ કેવલજ્ઞાનમેં આ ગયા હૈ.

મુમુક્ષુ :- નોંધ હો ગયી હૈ?

ઉત્તર :- નોંધ હો ગયી હૈ કેવલજ્ઞાનમેં સબ ભવકી અને મોક્ષકી. યે જીવ ઈસ સમયે મોક્ષ જાયેગા કેવલજ્ઞાનમેં નોંધ હૈ. વહ આપણે આ ગયા હૈ પહલે.

મુમુક્ષુ :- ભવની થાય તો મોક્ષની ન થાય?

ઉત્તર :- મોક્ષકી નોંધ હૈ અને ભવકી (નોંધ હૈ). ભવકી નોંધ હૈ તો ક્યા હુઆ? આ ભવકા અભાવ ઈસ સમયમેં હૈ ઉસકી નોંધ નહીં હુઈ? ભારે ગડબડ અત્યારે ચાલી છે. એક કહે કે નહીં, કાળે મોક્ષ જાય એમ નહીં. ભવિષ્યમાં કોઈ એમ કહે આ ક્યો કાળ કહેવાય? હુંડાવસર્પિણી. હુંડાવસર્પિણી ભવિષ્યમેં આયેગા ઉસમેં પહલા તીર્થંકર કૌન હોગા? ઐસા ક્યા શાસ્ત્રમેં હૈ? ઐસા પ્રશ્ન કરતે હૈ.

મુમુક્ષુ :- એમાં નામ લખ્યું છે?

ઉત્તર :- નામકા ક્યા કામ હૈ? જાનતે નહીં હૈ?

મુમુક્ષુ :- પણ નામ હશેને.

ઉત્તર :- પણ નામ કિતને લિખે? એક નિગોદમેં આ કીડીકા જીવ, આ નિગોદમેં ગયા લાવો નામ શાસ્ત્રમેં. ઈતના શાસ્ત્રમેં લાવો એક નામ કે આ કીડી મરકે યહાં નિગોદમેં ગયી.

નામ કિતના દે? સિદ્ધાંત કહ દિયા. સમજમેં આયા? કે કીડી મરકર નિગોદમેં જાતી હૈ, નિગોદસે નિકલકર કીડીમેં આતા હૈ. સિદ્ધાંત કહ દિયા. પછી નામ .. દે કે આ જીવ, આ રાજા મરકર નિગોદમેં ગયા. કામ ક્યા હૈ તેરે? સિદ્ધાંત કહતે હૈ કિ મનુષ્ય ભી નિગોદમેં જાતે હૈ, કીડી ભી નિગોદમેં જાતી હૈ. નિગોદ સમજે? આ લીલ-ફુગ, આલુ-બટાટા, શક્કરકંદ ઉસમેંસે નિકલકર રાજા હોતા હૈ અને રાજા મરકર વહાં જાતે હૈ. સિદ્ધાંત કહ દિયા. પછી નામ ... અનંત નામ દેતે હૈ? યે રાજા મરકર યહાં નિગોદમેં ગયા, કીડી મરકર યહાં ગયી. નામ કિતના કહે? લંબી સ્તુતિ કિતની કરે? સિદ્ધાંત કહ દિયા. ચાર પૈસાકા શેર તો મનકા અઢી રૂપિયા.

મુમુક્ષુ :- કુંચી હૈ.

ઉત્તર :- કુંચી હૈ. ઉસમેં પોણી આડત્રીસ શેરકા ક્યા આયા ઉસમેં? આ ગયા, સુનને. ઉસમેં લિખા નહીં હૈ? વહ તુમ્હારે ક્યા કહતે હૈ? કુંચી કહતે હૈ ગુરુ. ગુરુ. ચાર પૈસેકા સેર મણકા અઢી. મણકા અઢી હોતા હૈ ન? તો એક કુંચી દે દિયા. અમારે યહાં કુંચી કહતે હૈ ઉસકો. તો હવે ઈસમેં સવા પંચાવન શેરકા કિતના વહ લિખા નહીં હૈ. પણ આ ગયા. સવા પંચાવનકા કિતના? કિ સવા પંચાવન આના.

મુમુક્ષુ :- .. તો મિલા લે.

ઉત્તર :- પણ ઉસમેં આ ગયા હૈ. ચંદુભાઈ! પણ એવા બડથોલ જેવા નીકળ્યા છેને કેટલાક. ઉસમેં નામ નહીં હૈ. તો ઓલા કહે કે એમાં નવ ટાંકના કેટલા પૈસા આવ્યું નહિ હોય એમાં. ચાર પૈસે શેર તો મણના અઢી. નવ ટાંક સમજે ન? નવ ટાંક કહતે હૈ ન? છઠાંગ, છઠાંગકા ઉસમેં નહીં આયા. આયા, સુન તો સહી. ચાર પૈસે શેર તો પૈસાનું પા શેર. અને અડધા પૈસાનું નવ ટાંક, છ ટાંક જે તમારે કહતે હૈ. દાખલા કિતના દેના? કુંચી દે દિયા. ચોવીસ દંડકમેં મનુષ્ય મરકર ચોવીસમેં ચલે જાતે હૈ. દેવ મરકે દેવ નહીં હોતા, દેવ મરકે નારકી નહીં હોતા, નારકી મરકે નારકી નહીં હોતા, નારકી મરકે દેવ નહીં હોતા. બાકી સબ સબમેં જાતે હૈં. સિદ્ધાંત દે દિયા. હવે નામ કિતના દે શાસ્ત્રકાર? એણે નામ નથી કહ્યું શાસ્ત્રમાં માટે કેવળીએ ભાળ્યું નથી. કેવલીને દેખા નહીં. આહા..હા..! નામ કહાંસે પણ કિતના નામ દે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંતા અનંત અને અનંતા અનંતા ભવકા કિતના નામ દે ઉસકો? કુંચી દે દિયા. કુંચી કહા ન? ક્યા કહતે હૈ?

મુમુક્ષુ :- પહચાન કૈસે કરેંગે?

ઉત્તર :- શું કહે છે સમજાણું નહીં કાંઈ.

મુમુક્ષુ :- નામ નહીં દિયા તો પહચાન કૈસે કરે?

ઉત્તર :- પણ નામકા ક્યા કામ હૈ યહાં? નામકા કિસકો કામ હૈ? નામકા કામ હૈ? વહ તો યહ જીવ મરકર યહાં જાતા હૈ ઐસા શાસ્ત્રમેં કેવલજ્ઞાન કહ દિયા.

મુમુક્ષુ :- નામ..

ઉત્તર :- પણ કિતના દે? સંખ્યાતા વર્ષ. ઉસમેં ભાષા સંખ્યાતી. તો અનંત ભાષા નહીં, અસંખ્ય ભાષા નહીં તો કહાંસે આવે? હજી અસંખ્ય ભાષા સ્વર્ગના લોકને અસંખ્ય ભાષા હોય, પલ્યોપમ અને સાગરોપમ. સમજમેં આયા? અસંખ્ય ભાષા, અસંખ્ય વર્ષ હૈ ન? કેવલીકો તો થોડા હી વર્ષ હૈ. મહાવીર ભગવાનકો ૩૦ વર્ષ રહા કેવલજ્ઞાન. હવે ૩૦ વર્ષમેં કિતના શબ્દ નિકાલે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ શેના નામ કિતના કહે? આ આત્મા આમ મરકે જાતા હૈ. સિદ્ધાંત કહ દિયા. નામ કિતના? ક્યા અનંત નામ દે શાસ્ત્રમેં? તો શાસ્ત્ર અનંત લિખા જાતા હૈ? અનંત બોલા જાતા હૈ? અનંત કહા જાતા હૈ? અનંત કાલ હૈ? વસ્તુકા એક ન્યાય-નિયમ દે દિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કિતના હૈ? જિતની બાત સમજનેકી તાકાત નહીં તો ઓલા અનંતા કહાંસે કહનેમેં આતા હૈ. આ ગયા સબ. એક જીવ મરકર કહાં જાતા હૈ ઐસા સબ ઉસકે જ્ઞાનમેં આ ગયા હૈ. કથન કિતના કરે? વાણી કિતની હૈ? વાણી કિતની બોલે? એક જીવકા અનંત ગુણ હૈ, એક શબ્દસે એક ગુણ કહે તો અનંત કાલ, અનંત કાલ ત્રણ કાળ હો તો ભી અનંત ગુણ એક-એક સમયે એક ગુણ કહે તો પાર નહીં આતે હૈ. ક્યોંકિ ત્રણ કાળ કરતાં આકાશના પ્રદેશ અનંતગુના અને ઉસસે એક જીવકા ગુણ અનંતગુણા હૈ. સમજમેં આયા? ખબર કહાં હૈ ક્યા ચીજ હૈ?

ત્રણ કાળકા સમય... સમય કિસકો કહતે હૈ? આંખ મીંચીને ઉઘાડે ઉસમેં અસંખ્ય ચલા જાતા હૈ. એક સમયમેં એક ગુણ આત્માકા કહે, એક ગુણ, તો ત્રણ કાળના સમયમેં આત્મામેં જિતના ગુણ હૈ ઉસે અનંતવે ભાગે કહ સકતે હૈ. ક્યોંકિ ત્રણ કાળ કરતા અનંતગુણા ગુણ આત્મામેં હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કહી શકે? એક સમયે તો... અનંતગુણ હૈ ઐસા બસ. જીવમેં અનંતગુણ હૈ યહ બાત કહ દિયા. સમજ લેને એટલામાં તું. સંખ્યા સબકી ગિનતા હૈ ઐસી? ઘરમેં ભી પાંચ કરોડ હૈ તો એક-એક ગણતે હૈ? એક પાઈ, દો પાઈ, તીન પાઈ, ચાર પાઈ, પાંચ

પાઈ એમ કરતાં-કરતાં કરોડ ગિનતા હોગા? એય..! શેઠ! આ એક પાઈ, આ બે પાઈ, આ ત્રણ પાઈ, આ ચાર પાઈ, આ પાંચ પાઈ એમ કરતે-કરતે કરોડકી ગિનતી કરતા હોગા? એય..! શોભાલાલભાઈ! આ શેઠિયાને પૂછો ભાઈ એને.

મુમુક્ષુ :- અજ્ઞાની કૈસે સમજે?

ઉત્તર :- કિસકી બાત ચલતી હૈ? અજ્ઞાનીકો સમજાનેકી બાત ચલતી હૈ. શબ્દ કૈસે આવે? અજ્ઞાનીકો સમજના હો તો શબ્દ અનંત આતા હૈ કભી? અનંત આત્મા હૈ. બસ, સમજ લિયા. એક આત્મામેં અનંતાનંત ગુણ હૈ બસ ઈતના. ક્યા અક્ષરે અક્ષર કહે? ભાષા કેવલી શું ત્રણ કાળમાં કોઈ કહી શકે નહિ. પ્રશ્ન કરતે હૈ, સમજતે નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પણ કોઈ કહ સકે નહીં ત્રણ કાળમેં. કેવલીકા આયુષ્ય ભી છોટા હૈ. આઠ વર્ષમેં કેવલ હો તો દેહસે અનંત કરોડ પૂર્વ તો સંખ્યાતા વર્ષ હૈ અને દ્રવ્ય તો અનંત હૈ. એક-એક ગુણ ઉસસે અનંતગુના હૈં. દ્રવ્યસે ગુણ અનંતગુણા હૈ. જિતના દ્રવ્ય હૈ ઉસસે અનંતગુના ગુણ હૈ એક દ્રવ્યમેં. આહા..હા..! એ તો ઈશારેમેં સમજ જાતા હૈ કિ હા, અનંત કહતે હૈ, અંત બિનાકા ગુણ હૈ બસ ઈતના. ઈતના ન સમજે તો સમજનેકી તાકાત કહાં આયી ઉસમેં? સમજમેં આયા?

સર્વ ભવકો ભગવાન જાનતે હૈ. સકલ ત્રણ કાળ લોકકા અનંત જીવકા ભવ ભગવાનકે જ્ઞાનમેં આ ગયા હૈ. કોઈ ભવ બાકી નહીં. અને સર્વ ભાવ. ભાવમેં આ ગયા કિ નહીં? કાલમેં પર્યાય સબકી જાનતે હૈ, ભાવમેં સબકા ગુણ ભી જાનતે હૈ. ત્રણ કાળ, ત્રણ લોકકા સબ ભાવ ભગવાનકે જ્ઞાનમેં આ ગયા. ઓહો..હો..! કોઈ કભી સમજે નહીં, વિચાર નહીં કરે.

મુમુક્ષુ :- આ માનતા ક્રમબદ્ધ થઈ જાય છે.

ઉત્તર :- ક્રમબદ્ધ હોતા હૈ તો ભલે રહા. તુઝે ક્યા હરકત હૈ?

મુમુક્ષુ :- તો અનેકાંત...

ઉત્તર :- ક્રમબદ્ધ ભી હૈ અને અક્રમ ભી હૈ. પરકી અપેક્ષાસે અક્રમ કહનેમેં આતા હૈ. અક્રમ (યાનિ) પર્યાય નહીં હૈ આઘી-પાછી. આઘી-પાછી ક્યા કહતે હૈ? આગે-પીછે નહીં હોતી હૈ. વહ તો એક સાથમેં ચલતી હૈ એક ધારા.

મુમુક્ષુ :- અનિશ્ચિત.

ઉત્તર :- અનિશ્ચિત-ફિચિત હૈ નહીં. સમજમેં આયા? સબ નિશ્ચિત જ્ઞાનમેં આ ગયા હૈ. સબ નિશ્ચિત હૈ. તુમ નિશ્ચિત કરો તો તેરી દૃષ્ટિ સ્વભાવ ઉપર જાયેગી. સમજમેં આયા? દૂસરા કોઈ ઉસકા ઉપાય હૈ હી નહીં. કભી પણ દરકાર કિયા હી નહીં. અગિયાર અંગ પઢ

ડાલા, નવ પૂર્વ પઢ ડાલા, પણ આ આત્મા માટે વાત કરતે હૈ. આ શાસ્ત્રકાર આત્માકા હિત કરને માટે હિતોપદેશક હૈ. તો હિત કરનેકી બાત કરતે હૈં. સ્વભાવ સન્મુખ જાનેકી બાત કરતે હૈં. વહ બાતકી દરકાર કભી કિયા નહીં. સમજમેં આયા? આહા..હા..!

'**જાના હુઆ પરમપ્રકાશક હૈ.**' દેખો, '**સકલ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવકો જાના હુઆ પરમપ્રકાશક હૈ.**' ભગવાન! ઐસી પ્રતીત હો જાયે, તબ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રકી શ્રદ્ધા નિકલ જાયે. ઔર એક આત્મા કહતે હૈ કોઈ ઉસકી શ્રદ્ધા નિકલ જાયે, ઔર એક આત્મામેં એક હી ગુણ હૈ ઐસા કહનેવાલેકી શ્રદ્ધા નિકલ જાયે, એકીલા જડ હૈ યે કહનેવાલેકી શ્રદ્ધા નિકલ જાયે. એક આત્મામેં અનંતગુણ હૈ, અનંતા અનંત ગુણ હૈ ઐસે મૈં જાન સકતા હૂં અપની પર્યાયસે. કાર્ય પર્યાયમેં હોતા હૈ તો પર્યાયસે દ્રવ્યમેં લક્ષ કરનેસે અનંતગુણા ગુણ આત્મામેં હૈ ઐસે પર્યાયકા જ્ઞાનમેં આ જાતા હૈ. કેવલીકો આ જાતા હૈ, ઐસે સમ્યગ્જ્ઞાનીકો ભી જ્ઞાનમેં આ જાતા હૈ. અનંતા ગુણ અને અનંતા દ્રવ્ય જ્ઞાનમેં આ જાતા હૈ. સમજમેં આયા? આહા..હા..! વાસ્તવિક તત્ત્વ અને ઉસકી મહત્તા અને ઉસકા માહાત્મ્ય કભી સુના નહીં, સુના નહીં. આહા..હા..!

દેખો, '**યે કેવલજ્ઞાનાદિ...**' '**અનંતભાવોંકો જાનતે હૈં, ઈસલિયે અનંત હૈં,...**' દેખો, અનંત ભાવોંકો જાનતે હૈ ઈસલિયે અનંત હૈ, એમ. એ માટે '**અનંત હૈં, અવિનશ્વર હૈં, ઈનકા અંત નહીં હૈ, ઐસા જાનના.**' ભગવાનકે જ્ઞાનમેં અંત કહાં? પૂર્ણાનંદ પ્રગટ હો ગયા (વહ) અનંત હૈ. નાશવાન વહ પર્યાય તો નાશ (હોતી) હૈ. ઐસી ને ઐસી પર્યાય સદાકાલ રહેગી. ઐસા અરિહંત એક જીવ ઉસકી પર્યાય ઈતની સામર્થ્યવાલી પ્રગટ, ઐસા જિસકો પ્રતીતમેં આતા હૈ ઉસકો આત્માકી પ્રતીત હો જાતી હૈ. આત્મા ઈતની પર્યાયકી તાકાત રખતા હૈ કિ સર્વકો જાને, તો વહ (તાકાત) મેરી પર્યાયમેં તો હૈ હી નહીં. તો વહ ભી આત્મા હૈ અને મૈં ભી આત્મા હૂં, તો મેરી પર્યાયમેં ઈતના તાકાત ક્યોં નહીં? કિ ઈતની તાકાત કિસમેં હૈ? કિ મેરા જ્ઞાનગુણમેં અંદરમેં હૈ. સબ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાલ, સર્વ ભવ, સર્વ ભાવકો જાનનેકી તાકાત મેરા ગુણમેં હૈ. ગુણ ઉપર દૃષ્ટિ દેનેસે એટલે ગુણ ઉપર દૃષ્ટિ આપતા દ્રવ્ય ઉપર દૃષ્ટિ હુઈ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેનેસે પર્યાયમેં સમ્યગ્દર્શનમેં અનંત ગુણ મેરેમેં હૈ ઐસી પ્રતીત આ ગયી. ઉસમેં ઠરનેસે ચારિત્ર હોગા અને ઠરનેસે ચારિત્ર હોકર મેરા કેવલજ્ઞાન હોગા ઐસા પ્રતીત આત્મામેં આ જાતી હૈ. સમજમેં આયા? ભાઈ! આ વાત કાંઈ વાતુંની વાત નથી. અંતર જ્ઞાનકી ક્રિયામેં કરના ઐસી બાત હૈ. સમજમેં આયા? ઓહો..હો..!

'**આગે જિનદેવકે હી અનેક નામ હૈં, ઐસા નિશ્ચય કરતે હૈં—**' ક્યા બતાતે હૈ? કોઈ કહે, ભૈયા! ઉસકો બ્રહ્મા, વિષ્ણુ ઔર દૂસરા કહતા હૈ ઐસા હૈ? કિ ના. યહ જિનદેવકો હી ઉસકા નામ કહનેમેં આતા હૈ. દૂસરા બ્રહ્મા જગતકા કર્તા અને વિષ્ણુ વ્યાપક વહ નહીં.

અરિહંતકી પર્યાય પ્રગટ હુઈ ઉસકો સબ નામ યથાર્થમેં લાગુ પડતા હૈ. દૂસરેકો લાગુ હોતા નહીં. વહ બાત ૨૦૦ ગાથામેં કહતે હૈં.

३३१) जो परमप्पउ परम-पउ हरि हरु बंभु वि बुद्धु।
परम पयासु भणंति मुणि सो जिण-देउ विसुद्धु।।२००।।

'જિસ પરમાત્માકો...' જિસ પરમાત્મા અરિહંતકી પર્યાયકો **'મુનિ પરમપદ હરિ મહાદેવ બ્રહ્મા બુદ્ધ ઔર પરમપ્રકાશ નામસે કહતે હૈં,...'** મહામુનિયોં, કેવલીયોં ઉનકો હી બુદ્ધ, પરમાત્મા વિષ્ણુ આદિ કહતે હૈં. દૂસરા કોઈ બ્રહ્મા, વિષ્ણુ હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? એય..! રતિભાઈ! **'વહ રાગાદિ રહિત શુદ્ધ જિનદેવ હી હૈ, ઉસીકે યે સબ નામ હૈં.'** દેખો, રાગાદિ વિકલ્પ રહિત નિર્વિકલ્પ કેવલજ્ઞાનાદિ પર્યાયકી પ્રગટ જે દશા હુઈ ઉસકો સબ નામ (દિયે જાતે હૈં). હરિ, બુદ્ધ, પરમેશ્વર જો નામ કહો વહ ઉસકા નામ હૈ. ૧૦૦૮ નામ આદિ પુરાણમેં... સમજે? ક્યા? જિનસેન આચાર્ય. એ જિનસેન આચાર્ય. ૧૦૦૮ નામસે બુલાતે હૈ ભગવાનકો. પણ ઈસ પદકો હોં, ઐસા અરિહંત પદકો. દૂસરા કોઈ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અને હરિહર ઐસા હૈ હી નહીં. ઐસા પદકો સબ શબ્દ લાગુ હોતા હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બુદ્ધ. બુદ્ધ એટલે જ્ઞાની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ નહીં, એ નહીં. એ વાત નહીં. કહતે હૈ ન. બુદ્ધ, આ કેવલીકો બુદ્ધ કહતે હૈં. વહ બુદ્ધ નહીં. વહ તો નામધારી, યહ ભાવધારી. આ બુદ્ધ આત્મા હૈ. અરિહંતકી પર્યાય પ્રગટ હુઈ ઉસકો હી બુદ્ધ કહતે હૈ. વહ બુદ્ધ-બુદ્ધ હૈ નહીં, વહ તો અજ્ઞાની થા. સમજમેં આયા? વહ તો અજ્ઞાની થા. વહ તો ક્ષણિકવાદ માનતા થા. વૈરાગ્ય થા ઈતની (બાત) થી. અસલી તત્ત્વદૃષ્ટિકા બિલકુલ ભાન નહીં થા. ગૃહીત મિથ્યાદૃષ્ટિ થા બૌદ્ધ. સમજમેં આયા?

મુમુક્ષુ :- વૈરાગ્ય ભી નહીં...

ઉત્તર :- વૈરાગ્ય ભી કિસકા? યથાર્થ વૈરાગ્ય ભી કિસકો કહતે હૈ? પુણ્ય-પાપકા વિકલ્પસે રહિત મહાન અસ્તિત્વકી પ્રતીત કરે તો વૈરાગ્ય કહનેમેં આતા હૈ. મહાન પદાર્થ એક-એક ભગવાન પૂર્ણાનંદ અનંતગુણકા ભંડાર. રાગ પુણ્ય-પાપકા વિકલ્પ એક સરખા હૈ ઉસસે હટકર પૂર્ણાનંદકી પ્રતીત કરે તો પ્રતીત સહિતકો વૈરાગી કહનેમેં આતા હૈ. દૂસરેકો યથાર્થ વૈરાગ્ય ભી નહીં. વહ તો બેરાગી હૈ. જરી વાત (ઐસી હૈ). વહ તો બાહરમેં પુણ્ય પ્રકૃતિવાલા રાજા થા અને લોકો ક્ષણિકવાદમેં ચડ ગયે. ઐસા ચલા ગયા. વસ્તુ તદ્દન જૂઠ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન

નહીં થા, મિથ્યાદૃષ્ટિ થા વહ તો. યહાં તો ભગવાનકો બુદ્ધ કહતે હૈ. ક્યા ભગવાન? આ અરિહંત કહા. અનંત ચતુષ્ટય પ્રગટ હુઆ. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભવ-ભાવ જ્ઞાનમેં આયા. ઐસી અરિહંત પદવીકો બુદ્ધ કહનમેં આયા. ઉસ બુદ્ધકો બુદ્ધ કહતે હૈ ઐસા નહીં. વહ બુદ્ધ તો અબુધ થા.

મુમુક્ષુ :- .. તો ભગવાન કહતે હૈ.

ઉત્તર :- હા, વહ તો ભગવાન કહતે હૈ. વો નહીં આ. ઈસ ભગવાનકો બુદ્ધ કહતે હૈ, ઈસ ભગવાનકો બુદ્ધ કહતે હૈ. ઐસી પર્યાય પ્રગટ હો ઉસકો બુદ્ધ કહતે હૈ. આહા..હા..! ભારે ગડબડ જગતમાં ભાઈ!

મુમુક્ષુ :- આવા નામ આવે એટલે પછી...

ઉત્તર :- નામ આવે, પણ કહાંસે? નામકા અર્થ ક્યા? કિ પહલે તો કહ દિયા કિ અનંત ચતુષ્ટય જો શક્તિરૂપ થા એક જીવમેં (વહ) પર્યાયમેં પ્રગટ હો ગયા ઉસકો યહાં અરિહંત, સિદ્ધ, બુદ્ધ આદિ કહનેમેં આતા હૈ. ઐસી બાત હૈ. સમજમેં આયા?

**ભાવાર્થ** :- કહતે હૈં, દેખો. '**પ્રત્યક્ષજ્ઞાની ઉસે પરમાનંદ જ્ઞાનાદિ ગુણોંકા આધાર હોનેસે પરમપદ કહતે હૈં.**' દેખો, ભાષા પહલી. ઉસકો પરમપદ કહતે હૈ, પરમપદ. કિસકો? અરિહંતકો. અરિહંતકી પર્યાય જિસકો પ્રગટ હુઈ ઉસકો મહામુનિ પરમપદ કહતે હૈ. ક્યોંકિ પરમપદ નામ જો સ્વભાવમેં પૂર્ણ પદ થા વહ વ્યક્તરૂપ પૂરી પર્યાય હો ગયી, ઉસમેં રહનેવાલા અરિહંત માટે ઉસકો પરમપદ કહતે હૈ. સમજમેં આયા? આહા..હા..! જુઓ, ભાષા ક્યા હૈ દેખો, '**પ્રત્યક્ષજ્ઞાની...**' કેવલજ્ઞાની '**ઉસે...**' ઉસે એટલે? '**પરમાનંદ જ્ઞાનાદિ ગુણોંકા આધાર હોનેસે...**' કોણ? કેવલજ્ઞાની. કેવલજ્ઞાની ભગવાન પર્યાયમેં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ સબ પ્રગટ હો ગયા. ઐસી પર્યાયકા ગુણકા આધાર દ્રવ્ય હૈ તો ઉસકા આધાર હોનેસે ઉસકે આત્માકો પરમપદ કહનેમેં આતા હૈ. પરમપદ કોઈ દૂસરી ચીજ નહીં, ભગવાન અરિહંતકો છોડકર. સમજમેં આયા?

'**પ્રત્યક્ષજ્ઞાની...**' કેવલજ્ઞાની, ત્રિકાલ જ્ઞાની ભગવાન, સંતો ઉસે '**પરમાનંદ જ્ઞાનાદિ ગુણોંકા આધાર...**' પરમ આનંદ, પરમ જ્ઞાન, પરમ દર્શન, પરમ વીર્ય, પરમ સ્વચ્છતા, પરમ પ્રભુતા વગેરે અનંતગુણકી પર્યાયકા આધાર યહ દ્રવ્ય હૈ. ઉસ કારણસે ભગવાન પરમેશ્વર અરિહંતકો હી પરમપદ કહતે હૈ. દૂસરાકો પરમપદ કહતે નહીં. કોઈ કહે કિ વૈકુંઠમાં કોઈ દૂસરા હોગા, પરમેશ્વર હોગા, ઉસકે પાસ જાના હૈ. વહ કુછ હૈ નહીં. સબ ગપ્પા મારા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- અનેકાંતકી પરિભાષામેં તો...

ઉત્તર :- ના, અનેકાંત વહ જૂઠ અનેકાંત હૈ. એ વાત સાચી છે, કહતે હૈ ઐસા. મિથ્યા અનેકાંત હૈ. ઐસા હોવે? ઉસમેં ધર્મ હો ઉસકા નામ અસ્તિ અને પરસે નહીં ઉસકા નામ

નાસ્તિ. નહીં હૈ ઉસકા કહાંસે આયા? અનેકાંત કહે. સબ ભગવાન હૈ, સબ ભગવાન લગા દો. કહતે હૈ વહ ઈસુ, મહાવીર, ગાંધી સબ સરખા થા. ઐસા ઉપદેશ કરતે હૈ તુમ્હારે. આ તો શેઠને ઘરે નાખી અમે. તમારે રજનીશ ઐસા કહતે હૈ. કહાં તુમકો ભી ભાન હૈ.

... કહા થા વહાં. વહ ક્યા તુમ્હારે? વહ ચોપડી લઈને નહીં આયા થા? કોક આયા થા. દાઢીવાળા ધોળા. વહ રજનીશકી ચોપડી લઈને આયા થા. ત્યાં આયા થા મલ્હારગઢ નહીં? દેખા થા? એક આયા થા. મેરે પાસ આયા થા ચોપડી (લેકર). કીધું એ ચોપડી જૂઠી હૈ. એક આયા થા. ભાઈ! શોભાલાલભાઈ! નહિ તમને ખબર હોય. એક રૂપાળો હતો રૂપાળો. કાંઈક નામ હતું. ભોજન કરતે થે ન. સાથમેં બૈઠે થે. આમ માણસ નરમ થા. નરમ થા. બૈઠે થે. ભોજન વખતે બૈઠે થે. વહ રૂપાળા થા અને દાઢી થી. ચોપડી લેકર આયે. પઢો આપ. કહા, હમ ઐસા કૂચા નહીં વાંચતે. શોભાલાલ! અહીં તો ભાઈ અમારે ચોખ્ખી વાત. અહીંયાં માખણ નહીં હૈ. ઐસા કુચાકી બાત હમ નહીં વાંચતે કીધું. ડાલચંદજી પૈસા દેતે હૈ. કોઈ પુસ્તક કોઈ એવું હોયને પહલે દેતે થે. એમ કહતે થે ખરા. પાંચ હજાર, દશ હજાર બનાઓ. પૈસાવાળા માણસ જાઓ. ઝેરમેં પડતા હૈ કિ અમૃતમેં કહાં ખબર હૈ ઉસકો. એય..! શેઠ! પિછાન કરની પડેગી. નાના શેઠને ઉત્સાહ છે. યે માર્ગ ઐસા એક હી હૈ, દૂસરા કોઈ માર્ગ હૈ હી નહીં. દૂસરા કોઈ કહે તો તીન કાલમેં સુનને લાયક હૈ નહીં. સમજમેં આયા? આહા..હા..!

દેખોને, '**પ્રત્યક્ષજ્ઞાની ઉસે પરમાનંદ જ્ઞાનાદિ ગુણોંકા આધાર હોનેસે પરમપદ કહતે હૈં.**' દૂસરા કોઈ પરમપદ હૈ નહીં. એક હી આત્મા અપની પૂર્ણ પર્યાયકા પ્રગટ કરનેવાલા અરિહંત ભગવાન, જીવનમુક્ત દશા વહી એક પરમપદ હૈ. એક આત્મા. દૂસરા કોઈ પરમપદ કહે ઐસા હૈ હી નહીં. સમજમેં આયા? તત્ત્વકી ખબર બિના કહાં પોષણ હોતા હૈ ઉસકી ખબર નહીં પડતી. શેઠ! બરાબર હૈ કિ નહીં? ખબર ન પડે. તારણસ્વામી ભી બહુત કહતે હૈ. આપણે બહુત ગાથા નિકાલી થી. સર્વજ્ઞ ભગવાનને દેખા ઐસા એક માર્ગ સચ્ચા હૈ. સર્વજ્ઞસે દૂસરા કહતે હૈ વહ સબ બાત જૂઠી હૈ. ગાથાઓ બતાયી થી, વો કારણસે બતાયી થી.

સર્વજ્ઞ પરમાત્મા જિસકો એક સમયમેં તીન કાલ, તીન લોકકા જ્ઞાન (હુઆ), એક વ્યક્તિકો હોં. ઉસે વ્યક્તિને જો કહી તીન કાલ, તીન લોકકી બાત, અનંત દ્રવ્ય આદિ ઉસકી બાત એક સત્ય હૈ, બાકી કોઈકી બાત સત્ય હૈ નહીં. વહ તારણસ્વામીમેં બહુત ગાથા આતી હૈં. ગાથા બતાયી થી, ગાથા બતાયી થી. સબ વ્યાખ્યાનમેં આ ગયી હૈ.

મુમુક્ષુ :- ઉસકો છિપાના ચોરી હૈ.

ઉત્તર :- ચોરી હૈ. હાં વહી આયી થી બાત. સર્વજ્ઞકી બાત છુપાના, વો ચોર હૈ. એમ કહતે હૈ. તારણસ્વામી હોં. ... યથાર્થ હૈ. ત્યાં તો નિગોદમેં ગચ્છઈ એમ કહતે હૈ બારંબાર.

તત્ત્વ સર્વજ્ઞ પરમાત્માને અનંત આત્મા, અનંત ગુણ, અનંતી પર્યાય જૈસા દેખા ઉસકો તુમ ઢાંક દેતે હૈ, ચોર હૈ. ચલે જાયેગા નિગોદમેં. સમજમેં આયા? વહ તો બરાબર હૈ, વીર્યકા જોર હૈ.

યહાં કહતે હૈ.. પણ જ્ઞાન ન મળે અને વાડામાં પડ્યા. જય ભગવાન! પછી ખબર ન મળે કાંઈ. ઐસે ન ચલે. વીતરાગ માર્ગકી પિછાન કરની ચાહિયે. ત્રણ લોકકા નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર બિરાજમાન હૈ. અનંત હો ગયા, અનંત હોગા, સંખ્યાત બિરાજતે હૈં. અનંત સિદ્ધ બિરાજતે હૈં સબ કેવલજ્ઞાની. ઈસકે પીછે સિદ્ધકી બાત લેગા. સિદ્ધ ભી સર્વદર્શી ત્રિકાલ સ્વભાવકો જાનતે હૈ. અરિહંત જાનતે હૈ સિદ્ધ હો ગયા પછી ચલા ગયા જ્ઞાન ઐસા નહીં. વહ સબ બાત પીછે કહેંગેં.

કહતે હૈ કિ, '**વહી વિષ્ણુ હૈ,...**' કૌન? જો આત્મામેં અનંત ગુણ કહા અનંતચતુષ્ટય ઉસકી પર્યાયમેં ધ્યાન કરકે પ્રગટ કિયા વહી વિષ્ણુ હૈ. વિષ્ણુ દૂસરા કોઈ નહીં કિ જગતકા કર્તા બનાનેવાલા-ફનાનેવાલા કોઈ વિષ્ણુ હૈ નહીં. વિષ્ણુકા અર્થ ક્યા? વ્યાપક. '**સબમેં વ્યાપક ઐસા જિનદેવ દેવાધિદેવ પરમાત્મા અનેક નામોંસે ગાયા જાતા હૈ.**' કારણ કે સબ જ્ઞાન હો ગયા ન ઉસમેં? કેવલજ્ઞાનમેં લોકાલોકકા જ્ઞાન હો ગયા તો ઉસ અપેક્ષાસે વ્યાપક કહનેમેં આયા. વ્યાપક. જ્ઞાનમેં ત્રણ કાળ, ત્રણ લોક દેખનેમેં આયા, ભગવાનકા જ્ઞાન ઉસ અપેક્ષાસે વ્યાપક કહનેમેં આયા. જ્ઞાની કહીં લોકાલોકમેં ચલા નહીં જાતા. સમજમેં આયા? આહા..હા..! નામસે ઠગ જાતે હૈ લોગ.

મુમુક્ષુ :- વિનય વિષ્ણુ કહે.

ઉત્તર :- વિનય વિષ્ણુ કહે. નારાયણ? નારાયણ કહે છે નારાયણ. જીવ નારાયણ થઈ ગયો લ્યો ધૂળ. અહીં તો ભગવાન આત્મા શક્તિમેં નારાયણરૂપ હૈ, પરમાત્મરૂપ હૈ, પરમેશ્વરરૂપ હૈ, અરિહંતપદરૂપ હૈ, સિદ્ધપદરૂપ હૈ અંદર સ્વભાવમેં. ઉસકી અંતરમેં દૃષ્ટિ અને ધ્યાન કરનેસે પર્યાયમેં પ્રગટ હુઆ ઉસકો હી વિષ્ણુ કહનેમેં આતા હૈ. દૂસરા કોઈ વિષ્ણુ-બિષ્ણુ હૈ નહીં. સમજમેં આયા?

'**વહી મહાદેવ હૈ,...**' યે શંકર કહતે હૈ ન? વહ નહીં. આ મહાદેવ. મહાદેવ, દેવાધિદેવ. પર્યાયમેં-એક સમયકી પર્યાયમેં પૂર્ણાનંદકી પર્યાયસહિત સબ ગુણ પ્રગટ હો ગયા ઉસકો હી મહાદેવ, દિવ્યશક્તિ પ્રગટ હુઈ તો મહાદેવ (કહતે હૈં). દૂસરેકો મહાદેવ કહતે નહીં. સમજમેં આયા? એય..! રતિભાઈ! તમારે છેને બજારમાં કાંઈક? શું છે? હનુમાન? કોણ છે એક? અંબાજીનું મંદિર છે એક, નયા ગામમાં વચમાં. '**ઉસીકા નામ પરમબ્રહ્મ હૈ,...**' પરમબ્રહ્મ પરમ આનંદરૂપ, વહ અરિહંત ભગવાન જિનેશ્વરદેવ. અપની પર્યાયમેં પૂર્ણ પ્રાપ્તિ કિયા વહી પરમબ્રહ્મ, પરમ

આનંદકા અનુભવ કરનેવાલા, પર્યાયમેં પરમબ્રહ્મ આયા વહી આત્માકો પરમબ્રહ્મ કહતે હૈ. દૂસરા કોઈ પરમબ્રહ્મ વ્યાપક હૈ કિ દૂસરા ઐસા હૈ હી નહીં. વસ્તુમેં ઐસી ચીજ હૈ હી નહીં દૂસરી.

'**સબકા જ્ઞાયક હોનેસે બુદ્ધ હૈ,...**' દેખો, ભગવાન અરિહંતકો હી બુદ્ધ કહતે હૈ. વહ બુદ્ધ તો અજ્ઞાની થા. અહીં તો બે ને બે ચાર જેવી બાત હૈ ભાઈ! ગડબડ ગડબડ કાંઈ ન ચાલે. સમજમેં આયા? 'બુદ્ધ હૈ,...' એ તો એક સમકાલીન થા સમકાલીન. બાકી વહ દૃષ્ટિ જુદી, યે દૃષ્ટિ જુદી. વહ સર્વજ્ઞ ભગવાન મહાવીર થા. યે તો ઉસકે વૈરાગ્ય બાહરકા કૃત્રિમ કે ક્ષણિક દૃષ્ટિ હો ગઈ. એકલા ક્ષણિક ઉપર ગયા અને વૈરાગ્ય (હુઆ) એટલે ક્ષણિક દૃષ્ટિ હો ગયી. વસ્તુ દૃષ્ટિ મિથ્યાત્વ. સમજમેં આયા? વહ તો શ્રીમદ્‌ને લિખા હૈ. શ્રીમદ્ રાજચંદ્ર ઉસકા પુસ્તકમેં. 'બૌદ્ધકી દૃષ્ટિસે દેખો તો તે બૌદ્ધ મોક્ષકો પાયા નહીં હૈ. ઉસકી દૃષ્ટિમેં વિપરીતતા હૈ.' ૨૭ પ્રશ્ન ગાંધીજીએ પૂછ્યા હતા. ૨૭. ઉસમેં ઉત્તર દિયા હૈ. સમજમેં આયા? ઓલા માને ખરાને ગાંધીજી કે આમ હશે ને તેમ હશે. નહીં. સમજમેં આયા? અહીં તો તૈયાર છે બધું. .. ભવ છેને.

જુઓ, જુઓ પાનું નીકળ્યું. 'બુદ્ધ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો?' ગાંધીજીએ પ્રશ્ન કર્યો હતો. ગાંધીજીને શ્રીમદ્‌કો પ્રશ્ન કિયા થા કિ બુદ્ધ ભી મોક્ષ નહીં પાયા વહ કિસ પરસે આપ કહતે હો? એ પ્રશ્ન ૨૦વાં હૈ. ૨૭ પ્રશ્ન હૈ. ૨૭ વર્ષમેં. ઉસકા ૨૭ વર્ષ ચલતે થે શ્રીમદ્‌કા તબ ૨૭ પ્રશ્ન ગાંધીજીને ઉસકો પૂછા થા. તો કહતે હૈ 'તેના શાસ્ત્રો, સિદ્ધાંતોને આશ્રયે.' બૌદ્ધ મોક્ષ નહીં પાયા (ઐસા) ક્યોં કહતે હો આપ? પૂછા ગાંધીજીને. હમ કહતે હૈં, ઉસકા શાસ્ત્ર સિદ્ધાંતોકે આશ્રયસે, બુદ્ધના શાસ્ત્રકા આધારે. 'જે પ્રમાણે તેમના શાસ્ત્ર સિદ્ધાંતો છે તે પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપર વિરોધ પણ દેખાય છે.' પૂર્વાપર વિરોધ પણ દેખાય છે. સમજમેં આયા? આ દેખો, શ્રીમદ્ ૨૭ વર્ષની ઉંમરે (લખે છે). 'અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી.' પૂર્વાપર વિરોધ તે સંપૂર્ણ જ્ઞાનનું લક્ષણ નહીં. સંપૂર્ણ જ્ઞાન જ્યાં ન હોય ત્યાં સંપૂર્ણ રાગ-દ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં સંપૂર્ણ જ્ઞાન નથી ત્યાં સંપૂર્ણ રાગ-દ્વેષ નાશ થવાને લાયક નથી.

'જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે.' જુઓ, ઉતરતા જાય છે આમ. પહેલું એમ કહ્યું એના શાસ્ત્રને આધારે અને એ અભિપ્રાય તેનો પૂર્વાપર વિરોધ દેખાય છે. લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું એમાં ન હોય, વિરુદ્ધ પૂર્વાપર હોય એ સંપૂર્ણ જ્ઞાનનું લક્ષણ ન હોય. સંપૂર્ણ જ્ઞાન ન હોય ત્યાં સંપૂર્ણ રાગ-દ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમના... સમજ્યાને? 'જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે. સંપૂર્ણ રાગ-દ્વેષ નાશ નથી ત્યાં સંસાર સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી. અને તેમના કહેલા શાસ્ત્રમાં જે અભિપ્રાય

છે એ સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો તે બીજી રીતે જાણવું તમને કઠણ પડે એવું છે.' કઠણ પડે એવું છે. કારણ કે શાસ્ત્રમાં એમણે કહ્યું એ પ્રમાણે આપણે માનીએ એનો આશય. બીજો વળી આશય ક્યાંથી કાઢીએ? 'તેમ છતાં કહીએ બુદ્ધિનો અભિપ્રાય બીજો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.' બીજો અભિપ્રાય જો બીજો તમે કહો. શાસ્ત્ર સિદ્ધાંત સિવાય વિચારીએ, પણ એ સિવાય બીજો અભિપ્રાય એનો છે નહીં. સમજમેં આયા? ૨૭મું વર્ષ અને ૨૦મો પ્રશ્ન.

મુમુક્ષુ :- ક્ષણિકવાદ.

ઉત્તર :- ક્ષણિકવાદ માને. એ પર્યાયકો હી સારા આત્મા માને. એક ક્ષણિકકો હી પૂરા આત્મા માને. આખા અસ્તિત્વકી દૃષ્ટિ હુઈ નહીં. ત્રિકાલ દ્રવ્ય હૈ ઉસકી દૃષ્ટિ નહીં હુઈ. વેદાંતને એકલા આત્મા માના કૂટસ્થ, ઈસને એક ક્ષણિક માના. યહાં તો ત્રિકાલ ધ્રુવ ભી હૈ ઔર ક્ષણિક-ક્ષણિક પરિણમન ભી હૈ. ઐસી સારી વસ્તુ હોકર પૂરા હૈ. એકાંત માનનેવાલા વસ્તુકો સમજતા નહીં. સમજમેં આયા?

**'સબમેં વ્યાપક ઐસા જિનદેવ દેવાધિદેવ પરમાત્મા અનેક નામોંસે ગાયા જાતા હૈ. સમસ્ત રાગાદિક દોષકે ન હોનેસે નિર્મલ હૈ,...'** અરિહંત ભગવાનકો બિલકુલ રાગાદિ હૈ નહીં, બિલકુલ ઈચ્છા નહીં હૈ. વાણી બોલતે હૈ—આતી હૈ તો ઈચ્છા નહીં હૈ. ઈચ્છાપૂર્વક વાણી ભગવાનકી નહીં હૈ. ભગવાન બોલતે હૈ ન? કૌન બોલતે હૈ? વહ તો વાણી નિકલતી હૈ ઈચ્છા બિના. આહા..હા..! ભારે વાત ભાઈ! એ તો વીતરાગી પિંડ થઈ ગયા, ઉસમેં ઈચ્છા કહાં હૈ? વાણી પરમાણુકી પર્યાય, વાણી સહજ નિકલતી હૈ. **'ઐસા જો અરહંતદેવ વહી પરમાત્મ પરમપદ,...'** બાત પહલસે લિયા. **'પરમપદ, વહી વિષ્ણુ, વહી ઈશ્વર,...'** એ ઈશ્વર. સંપૂર્ણ શક્તિ પ્રગટ હો ગઈ ઉસકા નામ ઈશ્વર. દૂસરા કોઈ ઈશ્વર-બિશ્વર કર્તા હૈ નહીં.

**'વહી બ્રહ્મ,...'** આનંદ. **'વહી શિવ,...'** એટલે મહાદેવ **'વહી સુગત,...'** એટલે બુદ્ધ, **'વહી જિનેશ્વર ઔર વહી વિશુદ્ધ—ઈત્યાદિ એક હજાર આઠ નામોંસે ગાયા જાતા હૈ.'** લ્યો! સમજમેં આયા? પણ આ અરિહંત કહા ઐસા હો તો. દ્રવ્ય પૂરા, ગુણ પૂરા ઔર પર્યાયમેં પૂરી પ્રગટ દશા હો ગયી. તીનોંમેં જહાં પૂર્ણતા હો ગયી. દ્રવ્ય પૂરા તો હૈ હી, ગુણ પૂરા તો હૈ હી, પર્યાયમેં પૂરા જહાં હુઆ, પૂર્ણ પરમાત્મા, પૂર્ણ ઈશ્વર, પૂર્ણ બ્રહ્મ જો કહો વહ હૈ. ઐસા દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વજ્ઞ સિવાય તીન કાલમેં દૂસરેમેં હોતા નહીં. સમજમેં આયા? આ તો ખબર વિના જ્યાં ત્યાં માથા ફોડે. કેમ? રતિભાઈ! એય..! મનસુખભાઈ!

મુમુક્ષુ :- .. સમન્વય કરો.

ઉત્તર :- આ સમન્વય કર્યોને. એની પર્યાયમાં લાગુ પડે તે એને કહેવું. બીજાની સાથે ક્યાં સંબંધ છે અહીં? એ નામવાળા છે એને ગુણ આવા હોય આત્મા અરિહંતને એને એ લાગુ પડે. જે નામવાળાને લાગુ પડતા નથી. લાગુ હોતા નહીં હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૦૦૮ એ કેટલા બોલી શકે? ૧૦૦૮ લિયા હૈ નામ જિનસેન આચાર્યને આદિપુરાણમાં. ઐસા તો પાંચ જણાએ લિયા હૈ. એક હેમચંદ્રાચાર્યને લિયા હૈ શ્વેતાંબરમેં. એક દૂસરા આપણે બનારસીદાસને લિયા હૈ ૧૦૦૮, એક દૂસરા લિયા હૈ દૂસરા. ઐસા પાંચ આતા હૈ. પુસ્તક આતા હૈ, ચોપડી આતી હૈ. પાંચ ૧૦૦૮-૧૦૦૮ ઐસા પાંચ. આપણે પુસ્તક હૈ યહાં. ચોપડી હૈ. સબ દેખા હૈ. સબ વાંચા હૈ સબકા નામ.

મુમુક્ષુ :- વિષ્ણુ સહસ્રનામ

ઉત્તર :- વહ વિષ્ણુ સહસ્રનામ યહાંસે ઉઠાકર ઉસને બનાયા. યે જો અરિહંતકા નામ થા વહ વિષ્ણુ સહસ્રનામ ઉસને બનાયા.

'**નાના રુચિકે ધારક...**' નાના એટલે અનેક પ્રકારે. વિષ્ણુ શબ્દસે અરિહંતકો પહચાનો, બુદ્ધ શબ્દસે અરિહંતકો પિછાનો, કોઈ જિનેશ્વરસે અરિહંતકો પિછાનો. હૈ તો અરિહંત હૈ હી. અનેક રુચિ કહેતા સંસાર. '**નાના પ્રકારકે નામોંસે જિનરાજકો આરાધતે હૈં.**' નામ ગમે તે હો પણ વસ્તુ આ જિનરાજ. '**જિનરાજકો આરાધતે હૈં.**' સમજમેં આયા? '**યે નામ જિનરાજકે સિવાય દૂસરેકે નહીં હૈં. ઐસા હી દૂસરે ગ્રંથોંમેં ભી કહા હૈ—એક હજાર આઠ નામોં સહિત વહ મોક્ષપુરકા સ્વામી...**' લ્યો, મોક્ષપુરકા રાજા '**ઉસકી આરાધના સબ કરતે હૈં.**' જેટલા સમ્યગ્દષ્ટિ જ્ઞાની હૈ એ મોક્ષકા પુરકા સ્વામી એક હજાર આઠ નામોંસે અરિહંત આદિ ઉસકા હી આરાધન કરતે હૈ. સમ્યગ્દષ્ટિ જીવ ઉસકા આરાધન કરતે હૈં. દૂસરેકા આરાધન કરતે નહીં. દૂસરા દેવ-દેવલા નામ ધરાવે અન્યમતિમાં અનેક પ્રકાર, કોઈકો સમ્યગ્દષ્ટિ માનતે નહીં. સમજમેં આયા?

'**ઉસકે અનંત નામ ઔર અનંત રૂપ હૈં.**' અનંત નામ હૈ. જ્ઞાન ઐસા રૂપ ભી અંદર સ્વરૂપ હૈ. સમજે ન? '**વાસ્તવમેં નામસે રહિત હૈ...**' નામ ઉસમેં નહીં હૈ. રૂપસે રહિત હૈ. એ કલ્પનાકા રૂપ ઉસમેં નહીં હૈ. વસ્તુ સ્વરૂપ હૈ. '**ઐસે ભગવાન દેવકો હે પ્રાણિયો, તુમ આરાધો.**' આ પરમાત્મપ્રકાશ યહાં પૂરા હો ગયા ન? ૧૪ ગાથા બાકી હૈ હવે બસ. ઐસા અરિહંત પરમેશ્વર સર્વજ્ઞ પ્રભુ એક સમયમેં પૂર્ણ શક્તિકી વ્યક્તિ હો ગયી. ઐસી શક્તિ તેરેમેં હૈ ઉસકા આરાધન કરો, ઉસકી સેવના કરો, ઉસ સ્વરૂપકી દૃષ્ટિ લગાઓ તો અરિહંતકી આરાધના કી ઐસા કહનેમેં આતા હૈ. લોકો તો ક્યાંના ક્યા માથા ફોડતે હૈં. જૈનના નામધારી

એની ખબર નહીં. ક્યાંના ક્યાં કોઈક ચડા દેતે હૈ. ચડી જાય વિઠ્ઠલ ને ફીઠલને. એય..! રતિભાઈ! તમારા બાપ હતાને. ક્યાં ના ક્યાં. વિઠોબા-વિઠોબા. ક્યાંને ક્યાંય પાખંડમાં ચડી ગયેલા. પાખંડ-પાખંડ એકલા. કાંઈ ભાન ન મળે. આહા..હા..! એય..! મનસુખભાઈ! ખબર છે? એમ કરતે થે, ખબર છે. ૮૧માં ગઢડે આવ્યા હતાને બધો સંઘ જ્યારે. શું છે કીધું આ? વિઠોબા-વિઠોબા. વિઠોબા આ આત્મા છે, બાકી બીજો કોઈ નહિ. પણ બેસે નહીં.

'**ઉસપ્રકાર ચૌબીસ દોહોંકે મહાસ્થલમેં પરમાત્મપ્રકાશ શબ્દકે અર્થકી મુખ્યતાસે તીન દોહોંમેં તીસરા અંતરસ્થલ કહા.**' હવે સિદ્ધ સ્વરૂપની વ્યાખ્યા-ગાથા ચલેગી લો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, બુધવાર, તા. ૦૮-૦૯-૧૯૬૫**
**ગાથા-૨૦૧, પ્રવચન-૨૦૯**

દસલક્ષણી પર્વકા-પર્યુષણકા દિન ચલતા હૈ. ઉસમેં નૌંવા દિન આજ હૈ. અકિંચન. ધર્મદષ્ટિવંત ધર્માત્માકો ચારિત્રકા પ્રકારમેં એક અકિંચન નામકા ધર્મ ઉસમેં ચારિત્રમેં આતા હૈ. ધર્માત્મા કૈસે વિચાર કરતે હૈ ઔર ધર્માત્મા કૈસા હોતા હૈ વહ બાત કરતે હૈં.

विमोहा मोक्षाय, स्वहितनिरताश्चारूचरिता;
गृहादि त्यक्त्वा ये, विदधति तपस्तेऽपि विरलाः।
तपस्यन्तोऽन्यस्मिन्नपि यमिनि शास्त्रादि ददतः;
सहायाः स्युर्ये ते, जगति यतयो दुर्लभतराः।।१०२।।

ક્યા કહતે હૈ? '**જિનકા સર્વથા મોહ ગલ ગયા હૈ.**' આત્માકે સ્વભાવમેં લીન હોકર જિસકા રાગાદિ ગલ ગયા હૈ, નાશ હુઆ હૈ. ઐસા સંત આત્માકા આરાધન કરનેવાલા '**અપને આત્માકે હિતમેં હી નિરંતર લગે રહતે હૈં,...**' અપના શુદ્ધ સ્વરૂપ પવિત્ર આનંદધામ ઉસમેં હી નિરંતર, હિતમેં-અપને હિતમેં લગે રહતે હૈં. '**ઔર સુંદર ચારિત્રકે ધારણ કરનેવાલે હૈં,...**' નિર્મલ શાંતિ, અરાગી-વીતરાગી પરિણતિરૂપ ચારિત્રકા ધારણ કરનેવાલા સંત મોક્ષકા નજીકકા અધિકારી હૈ. સમજમેં આયા? ગૃહસ્થાશ્રમમેં શ્રાવક ભી અંશમેં ઉસમેં આતા હૈ. પણ

ચારિત્રકા આરાધન કરનેવાલા આત્માકી આનંદ સ્વતંત્ર સુખ દશાકા નજીકકા અધિકારી હૈ. માટે આ દસલક્ષણ પર્વમેં ચારિત્રકી પ્રધાનતાકા હી વર્ણન હૈ. યે ચારિત્ર સમ્યગ્દર્શન બિના નહીં હોતા. ક્યોંકિ જિસમેં લીન હોના હૈ વહ ચીજ ક્યા હૈ? જિસમેંસે સુખ અને આનંદ નિકાલના હૈ, આનંદ નિકાલના હૈ જિસમેંસે ઐસા આત્મા કૈસા હૈ? આત્મામેંસે આનંદ નિકલતા હૈ. દૂસરેમેં આનંદ હૈ નહીં. તો પહલે આનંદમૂર્તિ આત્મા હૈ ઐસી દૃષ્ટિ હુએ બિના ઉસમેં આનંદ નિકલનેકા અથવા ચારિત્ર હોનેકે ઉસકો અવકાશ હૈ નહીં. તો ચારિત્રવાલા સુંદર ચારિત્ર ધારણ કરતા હૈ. આહા..હા..!

ભગવાન આત્મા અનંતકાલસે પરિભ્રમણ કરકે ઉસકો મુશ્કિલસે ઐસા મનુષ્યદેહ મિલા તો ઉસમેં ચારિત્ર ધારણકર નિર્મલતા અંતરમેં પ્રગટ કરતે હૈ. '**ઘર, સ્ત્રી, પુત્રાદિ છોડકર...**' છ ખંડકા રાજા ચક્રવર્તી પણ સંસારમેં જો સુખ હો તો ક્યોં છોડે? સબ ઘર, સ્ત્રી, લક્ષ્મી છોડ કર, મોક્ષકે લિયે અંતરમેં ધ્યાન કરતે હૈં. આત્મા સન્મુખ હોકર મોક્ષ નામ પૂર્ણાનંદકી પ્રાપ્તિ કારણસે ધર્માત્મા અંતર્મુખ ધ્યાન કરતે હૈં. '**વે મુનિ, સંસારમેં વિરલે હી હૈં.**' એવા સંતો આ જગતની અંદર વિરલ-વિરલ કોઈ હોય. '**તથા...**' દૂસરી બાત. જરી પરોપકારકી પ્રધાનતાસે બાત કરતે હૈં. '**સ્વતઃ અપને હિતકે લિયે તપ કરને વાલે હૈં....**' અપના આનંદસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે લીન હોનેમેં તત્પર હૈ. તથા '**દૂસરે તપસ્વીઓંકે લિયે શાસ્ત્રાદિકા દાન કરતે હૈં...**' યે વિશેષતા લિયા. દૂસરા મુનિયોંકે લિયે ભી જ્ઞાન દેતે હૈં, શાસ્ત્રકા પ્રચાર કરતે હૈં, વ્યાખ્યાન કરતે હૈં ઔર તત્ત્વ પદાર્થકી વિશેષ સ્પષ્ટતા દુનિયા, મુનિયોં આદિકોં દેતે હૈં વે જગતમેં વિરલે હૈં. સમજમેં આયા? દૂસરેકો ભી ધર્મકી વૃદ્ધિ હો અને અપનેમેં અહંકાર ન હો, કિ ઐસે ક્યોં મેરેસે બઢ જાયેગા વહ? મૈં ઉસકો સિખાઉં તો વહ બઢ જાયેગા ઐસા જિસકો અહંકાર કે મમકાર હૈ નહીં. કિંચિત્ મમકાર નહીં. અકિંચન હૈ ન? ઓહો..! કોઈપણ આત્મા તૈયાર સ્વરૂપકા આરાધન કરકે અલ્પકાલમેં મોક્ષ હો, બહુત ખુશીકી બાત હૈ. તો અપના હિત કરનેવાલા સંત, દૂસરેકે હિતમેં તત્પર હૈ. શાસ્ત્ર આદિ દાન દેનેમેં. સમજમેં આયા? શાસ્ત્ર આદિ. આદિ નામ ઉસકો કોઈ ઉપકરણ ચાહિયે (ઔર) નજીક હો તો ઉસકો દે. કમંડલ, કોઈ મોરપીંછી વગેરે સાધન. '**ઔર ઉનકે સહાયી ભી હૈં...**' દૂસરા સંતો આત્મ આરાધન કરનેવાલેકો સહાયી હોતે હૈ. '**ઐસે યોગીશ્વર, સંસારકે બીચમેં અત્યંત દુર્લભ હૈ...**' સમજમેં આયા? અર્થાત્ બડી કઠિનતાસે (મિલતે હૈં). ઐસે સંત વીતરાગી મુનિ અપના હિત કરતે હૈં ઔર દૂસરેકે હિતમેં સહાયક હોતે હૈં, જ્ઞાન દાન, શ્રદ્ધા આદિ દેકર. ઐસા જગતમેં વિરલ પ્રાણી હોતા હૈ. ઉસકો અકિંચન ધર્મ કહતે હૈ. કોઈ મેરા નહીં. મૈં તો આનંદકંદ હૂં. રાગ ભી મેરા નહીં તો શરીર, લક્ષ્મી તો મેરી કહાંસે આયી? તો મેરા જ્ઞાન

જો મુઝે મિલા વહ દૂસરોંકો પ્રાપ્ત હો ઔર શુદ્ધકી વૃદ્ધિમેં ઉસકો મદદ મિલે તો ઐસી ભાવના તપસ્વી મુનિકો રહતી હૈ. ઐસા મુનિકો વિરલ ગિનનેમેં આયા હૈ. સમજમેં આયા? ૧૦૩.

परं मत्वा सर्वं, परिहृतमशेषं श्रुतविदाः;
वपुः पुस्ताद्यास्ते, तदपि निकटं चेदिति मतिः।
ममत्वाभावे तत्, सदपि न सदन्यत्र घटते;
जिनेन्दारज्ञाभंगो, भवति च हठात् कल्मषमृषेः।।१०३।।

**'સમસ્ત શાસ્ત્રોંકો જાનનેવાલે...'** મુનિકો. સબ શાસ્ત્રકા જ્ઞાન કિયા હો ઔર આત્માકે આરાધનમેં મુનિ તત્પર હો, **'અપની આત્માસે સમસ્ત વસ્તુકો ભિન્ન જાન કર...'** અકિંચન હૈ ન. અપને આત્માસે સબ ભિન્ન હૈ. કર્મ મેરેમેં નહીં, કર્મ મેરેસે ભિન્ન, શરીર મેરેસે ભિન્ન, અરે! પુણ્ય-પાપકા રાગ હોતા હૈ વહ ભી મેરી ચીજસે ભિન્ન. તો પુત્ર, સ્ત્રી, કુટુંબ, રાજ, મકાન સ્થાન તો ભિન્ન હી હૈ. સમજમેં આયા? ઐસી અંતરમેં નિર્મમત્વ દશા પ્રગટ કરના વહી આત્માકી શાંતિકા ઉપાય અને આનંદકા ઉપાય હૈ. બાકી સબ દુઃખકા ઉપાય હૈ. **'સબકા ત્યાગ કર દિયા હૈ. યદિ કહો કિ સબકો છોડતે સમય ઉન્હોંને શરીર, પુસ્તકાદિ કા ત્યાગ ક્યોં નહીં કિયા?'** સમજમેં આયા? **'पुस्ताद्यास्ते, तदपि निकटं चेदिति मतिः'**. તો ઉસકે પાસ શરીર અને પુસ્તક ક્યોં હૈ? ઐસી શંકા ઉઠાયી. સબ છોડા તો શરીર અને પુસ્તક આદિ ક્યોં હૈ?

**'ઉસકા સમાધાન યહ હૈ કિ ઉનકી શરીર આદિમેં ભી કિસી પ્રકારકી મમતા નહીં રહી.'** આયુષ્ય પૂરા હુએ બિના શરીર નહીં છૂટે. આયુષ્ય પૂરા હુએ બિના શરીર નહીં છૂટે, પણ ઉસકી મમતા નહીં હૈ ધર્માત્માકો. ક્યા પરચીજકી મમતા? મેરી ચીજ હી નહીં. મૈં રખું તો રહે નહીં ઔર છોડું તો જાય નહીં, ઉસકી યોગ્યતાસે વહ ચલા જાયેગા. આયુષ્ય પૂરા હોગા તો શરીર ચલા જાયેગા, આયુષ્ય પૂરા હુએ બિના શરીર જાતા નહીં. યે શરીરકે વિદ્યમાન હોતે... દેખો, **'કિસી પ્રકારકી મમતા નહીં રહી હૈ; ઈસલિયે વે મૌજૂદ હોતે હુએ ભી...'** વિદ્યમાન (હોતે હુએ) ભી, એમ. અકિંચન હૈ ન? દૂસરા તો છોડ દિયા, પણ વિદ્યમાન જો શરીર, પુસ્તક આદિ હૈ, જો શાસ્ત્રકા અભ્યાસ કરનેકી ચીજ હૈ વહ ભી **'મૌજૂદ હોતે હુએ ભી નહીં મોજૂદકી તરહ હી હૈં...'** વિદ્યમાન છતે વિદ્યમાન નહીં ઐસા હૈ. મમતા નહીં હૈ. સમજમેં આયા? મૈં એકીલા ચિદાનંદ પ્રભુ, મેરી ચીજમેં દૂસરેકા સ્પર્શ નહીં, રાગાદિકા ભાવ મેરા નહીં તો દૂસરી ચીજ મેરી કહાંસે આયી? શરીર અને પુસ્તક રખતે હૈ ન? કિ રખતે છતે મમતા નહીં અને રખતે છતે નહીં રખતે હૈ ઐસા કહનેમેં આતા હૈ.

**'મુનિયોંકે શરીરાદિકા સાથ, આયુકર્મકા નાશ હુએ બિના છૂટ નહીં સકતા....**

**ઈસલિયે ઉનકે શરીરાદિ તો રહતે હૈં, કિન્તુ વે શરીરાદિમેં કિસી પ્રકારકા મમત્વ નહીં રખતે.'** ઓહો..હો..! મૃત્યુ કાળે દૂસરેં શરીરકો ઉઠાકર સ્મશાનમેં લે જાયે. યે કહે, મૈં હી સ્મશાનમેં લે જાતા હૂં શરીરકો. છોડ, શરીર છૂટનેકી ચીજ હૈ. જાઓ, જહાં જાના હો જાઓ. હમારી ચીજ યે નહીં. આહા..હા..! અપની દૃષ્ટિ સ્વરૂપ ઉપર રખકર ઐસા રાગકા અકિંચન ત્યાગ એટલે કે મમતાકા ત્યાગ વહ મહાન સ્વરૂપકા આરાધક અલ્પકાલમેં-એકાદ ભવમેં મુક્તિ પાયેગા ઐસી લાયકાત હૈ. સમજમેં આયા? અને **'યદિ વે શરીરાદિમેં કિસી પ્રકારકા મમત્વ કરેં...'** શરીરમેં મમત્વ કરે, પુસ્તકમેં મમત્વ કરે **'ઉનકો જિનેન્દ્રકી આજ્ઞા ભંગ કરને રૂપ મહાન દોષકા ભાગી હોના પડેગા...'** અથવા મુનિપના રહતા નહીં. આહા..હા..! **'જબ તક ઉનકો મમત્વ રહેગા, તબ તક વે મુનિ હી નહીં કહે જા સકતે.'** દેખો, કૈસા મુનિપના (હોતા હૈ) ઉસકી પ્રતીત કરાતે હૈ. ઐસા મુનિપના હૈ ઐસી શ્રદ્ધા તો કરે. સાત તત્ત્વકી શ્રદ્ધામેં સંવર-નિર્જરા ઉત્કૃષ્ટ પાલનેવાલા કૈસા હોતા હૈ? તો ઉસકી શ્રદ્ધા ઉસકો સાત તત્ત્વમેં કરાતે હૈ. ઐસા મુનિ આત્માકા આરાધક અલ્પ કાલમેં મુક્તિકો પાતા હૈ. વહ અકિંચનધર્મ કહા.

૨૦૧. પરમાત્મપ્રકાશ ૨૦૧ ગાથા. **'આગે સિદ્ધસ્વરૂપકે કથનકી મુખ્યતાસે તીન દોહોંમેં વ્યાખ્યાન કરતે હૈં—'** સિદ્ધ ભગવાન કૈસા હૈ (ઉસકી) વ્યાખ્યા કરતે હૈ. ક્યોંકિ જો સિદ્ધ સ્વરૂપ હૈ વહ તેરા સ્વરૂપ ઐસા હૈ. સિદ્ધમેં નહીં વહ તેરેમેં ભી નહીં, સિદ્ધમેં હૈ વહ તેરેમેં હૈ. આહા..હા..! સમજમેં આયા? એ માટે સિદ્ધકા સ્વરૂપ, ભગવાન યોગીન્દ્રદેવ મુનિ દિગંબર આચાર્ય વનવાસી થે વે, આત્માકા ધ્યાન કરકે સિદ્ધપદ કૈસે પાયા ઐસા અરિહંત કહતે હૈં ઉસકી વ્યાખ્યા કરતે હૈં.

**३३२) झाणेँ कम्मक्खउ करिवि मुक्कउ होइ अणंतु।**
**जिणवरदेवइँ सो जि जिय पभणिउ सिद्ध महंतु।।२०१।।**

દેખો, **'શુક્લધ્યાનસે...'** ક્યા કહતે હૈં? અનંત સિદ્ધ પરમાત્મા જો ણમો સિદ્ધાણં, વે સિદ્ધ ભગવાન હુએ, કૈસે હુએ? **'શુક્લધ્યાનસે કર્મોંકા ક્ષય કરકે...'** અપને સ્વરૂપકા નિર્મલ -ઉજ્જ્વલ ધ્યાન કરકે. દેખો, કોઈ ક્રિયાકાંડસે કર્મ ક્ષય હોતા નહીં. સમજમેં આયા? ભગવાન આત્મા પૂર્ણ અણિન્દ્રિય અમૃતકા પિંડ આત્મા હૈ. ઉસકી અંતરમેં દૃષ્ટિ ઔર ધ્યાન કરકે શુક્લધ્યાન દ્વારા કર્મકા ક્ષય ભગવાનને કિયા. ઐસા કહકર ઐસા બતાયા કિ પહલે સંસાર અવસ્થામેં આઠ કર્મકા સંબંધ થા, મલિન અવસ્થા થી, વહ શુક્લધ્યાન દ્વારા મલિન અવસ્થા તોડકર કર્મકા નાશ ઉસને કિયા. સમજમેં આયા? એકલી વાત કરે કિ આત્મા શુદ્ધ હૈ અને શુદ્ધ હૈ એમ ન ચલે એમ કહતે હૈ.

અનાદિ પર્યાયમેં અશુદ્ધ થા અને અશુદ્ધ હૈ, યે પહલે નક્કી કિયા બિના અને અશુદ્ધ હૈ તો ઉસમેં કર્મકા નિમિત્ત સંબંધ ભી હૈ. તો પરકે સંબંધમેં લક્ષસે જો વિકારી ભાવ અને મમત્વભાવ ઉત્પન્ન થા એ અપના સ્વભાવકે આશ્રયસે શુક્લધ્યાન દ્વારા વહ વિકારકા નાશ કર દિયા. ઔર આઠોં કર્મોંકા નાશ ભગવાન સિદ્ધને કર દિયા. દેખો, આઠ કર્મકા પર્યાયમેં પહલે સંબંધ થા, અશુદ્ધતા થી, ધ્યાનકી પર્યાય અશુદ્ધતામેં હઠકર સ્વભાવ સન્મુખ હો, શુક્લધ્યાન દ્વારા (સિદ્ધ હુએ). શુક્લધ્યાન પર્યાય હૈ, શુક્લધ્યાન દ્રવ્ય-ગુણ નહીં. સમજમેં આયા? દ્રવ્ય-ગુણ હૈ શુદ્ધ ત્રિકાલ. ઉસમેં શુક્લધ્યાન દ્વારા નિર્મલ ધ્યાનકી ધારા દ્વારા કર્મકા નાશ કિયા. કિતના સિદ્ધ કિયા ઉસમેં?

મુમુક્ષુ :- સાતોં તત્ત્વ.

ઉત્તર :- બસ, સાતોં તત્ત્વ સિદ્ધ હુએ. કોઈ એકીલા આત્મા-આત્મા બાત કરે તો વહ સમજતા નહીં. પણ ઈતના તો કહે કિ નહીં? કિ ભાઈ તુમ વિચાર કરો, વિચાર કરો તુમ શુદ્ધ હૈ. તો ખલાસ હો ગયા. સાતોં તત્ત્વ આ ગયે. તત્ત્વકી ખબર નહીં, એકલી બાત કરે કિ તુમ શુદ્ધકા ધ્યાન કરો. તો ઉસકા અર્થમેં ક્યા આયા? કિ તેરી પર્યાયમેં અશુદ્ધકા ધ્યાન હૈ. અશુદ્ધતા પડી હૈ, મલિનકા ધ્યાન તુઝે વર્તમાન હૈ. હૈ તો આસ્રવ અને બંધ તત્ત્વ સિદ્ધ હો ગયા. અને આસ્રવ અને બંધ તત્ત્વકા લક્ષ પર ઉપર હોતા હૈ તો અજીવતત્ત્વ સિદ્ધ હો ગયા. જીવસે વિલક્ષણ અજીવ. ઔર આસ્રવ બંધ તત્ત્વસે હટકર અપના સ્વરૂપકી અંતર દૃષ્ટિ દેનેસે આત્મા જ્ઞાયક હૈ વહ સિદ્ધ હો ગયા અને અંતર દૃષ્ટિ દેનેસે સંવર અને નિર્જરા સિદ્ધ હો ગયા. સમજમેં આયા?

જૈનદર્શનમેં વસ્તુદર્શન યહ હૈ. યહ કોઈ કલ્પનાસે ઉઠાયા હૈ ઐસી બાત નહીં હૈ. બીજા તો વાત અદ્ધરસે કરે કિ લ્યો, ઐસા ધ્યાન કરો ભાઈ ઐસા ધ્યાન કરો. ક્યા ધ્યાન કરે? વસ્તુકા સાત તત્ત્વ ક્યા હૈ ઉસકી તો ખબર નહીં. વહ તો કહતે હૈ નહીં ઔર ધ્યાન કરો. પણ ધ્યાન કરો ઉસમેં હી સાત તત્ત્વ આ ગયે. સમજમેં આયા? કિ ધ્યાન કિસમેં કરના? કિ આત્મવસ્તુમેં. તો આત્મવસ્તુ પરિપૂર્ણ શક્તિવાન હૈ યહ સિદ્ધ હો ગયા. ઉસમેં ધ્યાન કરના તો પર્યાય હુઈ. અશુદ્ધ તરફકા લક્ષ થા વહ ઈસ બાજુ આ ગયા. તો અશુદ્ધકા આસ્રવ-બંધ હૈ કિ નહીં? આસ્રવ-બંધ જો સમજે નહીં કિ આસ્રવ બંધ હૈ નહીં, તો ભ્રમ થા... ભ્રમ થા... ભ્રમ થા. મૂઢ હૈ, ઉસકો કોઈ તત્ત્વકી ખબર નહીં. સમજમેં આયા?

આચાર્યોંને 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' કહા હૈ ઉસમેં મહા ગર્ભ રહસ્ય ભરા હૈ. ઉસમેં રહસ્ય રહા હૈ. ઐસી બાત નહીં હૈ. સાત તત્ત્વકી શ્રદ્ધા, સાત તત્ત્વકી શ્રદ્ધા. એ વસ્તુકી મર્યાદા ઐસી હૈ કિ ભગવાન આત્મા વસ્તુપણે પૂર્ણાનંદ (હૈ). જોકે જ્યારે ધ્યાન કરનેસે શક્તિકી

પૂર્ણ વ્યક્તિ હોતી હૈ તો પૂર્ણ વ્યક્તિ પ્રગટ કહાંસે આયી? પૂર્ણ કેવલજ્ઞાન, પૂર્ણ કેવલદર્શન, મુક્તદશા પૂર્ણ (પ્રગટ હુઈ) તો પૂર્ણ અંદરમેં હૈ. પૂર્ણ આખા જ્ઞાન-દર્શન-આનંદકા પૂર્ણ પિંડ વહી આત્મા. સમજમેં આયા? ઔર ..

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- કોને પણ આવા વિચાર કરવા છે? બરાબર શું છે? વિચાર કરવા નવરા નથી. એય..! ક્યાં ગયા ઈન્દ્રસેનજી? આ બધી બાત બિના ધ્યાન-ધ્યાન કરો ઐસા ન ચલે એમ કહતે હૈ. ઈન્દ્રસેન રાતકો કહતે થે ન.

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર, સર્વજ્ઞ પરમેશ્વરને છ દ્રવ્ય ઔર નવ તત્ત્વ દેખે હૈં. ઐસી બાત સિદ્ધ કિયે બિના તેરા આત્માકા ઐસા ધ્યાન કરો. ક્યા ધ્યાન કરે? ધ્યાનકા અર્થ ક્યા? વિકલ્પ છોડ દો... વિકલ્પ છોડ દો. તો વિકલ્પકા અર્થ ક્યા? વિકલ્પ ક્યા હૈ ચીજ? કિતના કાલકા, કિતને કાલ રહતા હૈ, કિસમેં ઉત્પન્ન હોતા હૈ? વહ મલિન હૈ કિ નિર્મલ હૈ? ઉસકી સ્થિતિ કિતની હૈ? અને કિસકે લક્ષસે ઉત્પન્ન હોતા હૈ? અમરચંદભાઈ! ઐસી બાત અત્યારે તો બહુત ચલતી હૈ. ગપેગપ ઉડાતે હૈ. કાંઈ ભાન ન મળે. ઓહો..હો..! વીતરાગમાર્ગ જૈસી બાત કરતે હૈ ઓહો..! શોભાલાલભાઈ! એ બધા શેઠિયાને ખબર ન મળે, શું કરે પહેલા? એ તો કલ કહતે થે ન, હવે નહીં.

યહાં તો સત્ય વસ્તુ, જગતકી સત્ય વસ્તુ હૈ ઉસકા પ્રતિપાદન ભગવાન સર્વજ્ઞદેવને કહા હૈ. તો કહતે હૈં કિ ભાઈ, તુમ ધ્યાન કરો. લાવો ભાઈ ધ્યાન કરનેમેં ક્યા તત્ત્વ હૈ? કિસમેં કરના? ચીજ ક્યા હૈ? શૂન્ય હો જાઓ. પણ ક્યા શૂન્ય? કિસમેં દૃષ્ટિ દેનેસે શૂન્ય હો જાઓ? કિસસે શૂન્ય હો જાઓ અને કિસમેં દૃષ્ટિ દેનેસે શૂન્ય હો જાઓ? આત્મા એક સમયમેં અનંત જ્ઞાન, દર્શન, આનંદકા પિંડ હૈ ઐસી દૃષ્ટિ ન હો તો ઉસકા લક્ષ કરકે શૂન્ય હો જાના એ અસ્તિમેં નાસ્તિ હોતી હૈ, પણ અસ્તિકી ખબર નહીં, વિકલ્પકા નાશ કરના વહ કભી હો સકતા નહીં. ગધેકા સીંગ જૈસા શૂન્ય હો જાયેગા. સમજમેં આયા? એય..! રતિભાઈ! સમજાય આ? પણ વાત ક્યાં... જ્યાં જન્મે એમાં એના એ પડ્યા વાડામાં. જય ભગવાન! વહી કરે .. જાઓ. સચ્ચી બાત, સચ્ચી બાત, ત્વમેવ સત્યં જાઓ. પણ ક્યા કહતે હૈ ઉસકી ખબર નહીં.

ધ્યાન કરો અથવા શુદ્ધ થાઓ, શુદ્ધ થાઓ, અશુદ્ધતા છોડ. બસ અશુદ્ધતા છોડો ઈતના કહનેમેં ઉસકી દશામેં અશુદ્ધતા હૈ. એ અશુદ્ધતાકી સ્થિતિ કિતની હૈ? અશુદ્ધતા કિસકે લક્ષસે ઉત્પન્ન હોતી હૈ? અશુદ્ધતા પર્યાય હૈ, ગુણ હૈ કિ દ્રવ્ય હૈ? જો પર્યાય ન હો તો પલટ સકે નહીં. ગુણ હો તો કાયમ રહ સકે. તો વહ પર્યાય હૈ અશુદ્ધતા. કહો, સમજમેં આયા? આ પર્યાય-ફર્યાયના નામ નહીં, ગુણ-ગુણના નામ નહીં અને કરો ધ્યાન. કિસકા કરે? અમરચંદભાઈ!

કહતે હૈ.. એક શબ્દ રખકર મહાન સિદ્ધાંત રખ દિયા હૈ. **'શુક્લધ્યાનસે કર્મોંકા ક્ષય કરકે...'** બસ, અપની પર્યાયમેં સ્વભાવ સન્મુખ નિર્મલતા પ્રગટ કરકે કર્મકા ક્ષય કિયા. તો કર્મકા સંબંધ થા ઉસકા અભાવ હો ગયા. અશુદ્ધતા થી વહ વ્યય હો ગઈ. ઔર શુદ્ધતા ઉત્પન્ન હુઈ અને પરિપૂર્ણ શુદ્ધતાસે ભરા હુઆ આત્મા તો ત્રિકાલ ઐસા ને ઐસા હૈ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, ઉતનેમેં સબ તત્ત્વ સિદ્ધ હો ગયા. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. સાતોં તત્ત્વ સિદ્ધ હો ગયે. સાતોં તત્ત્વકો સિદ્ધ કિયે બિના શ્રદ્ધા કરો. કિસકી શ્રદ્ધા? સમજમેં આયા?

કહતે હૈ, **'मुक्तः भवति' 'જો મુક્ત હોતા હૈ, ઔર અવિનાશી હૈ,...'** ક્યા કહતે હૈ? જો ભગવાન આત્મા અપના ધ્યાન શુક્લ... ઉત્કૃષ્ટ બાત લેની હૈ ન? શુક્લધ્યાનસે, પહલે સમ્યગ્દર્શન તો કિયા થા, આત્મા શુદ્ધ ચૈતન્ય સંપદા હૈ ઐસી પ્રથમ દૃષ્ટિ તો કી થી. પીછે ચારિત્ર ભી સ્વરૂપમેં રમણ ક્રિયા પીછે શુક્લધ્યાન કિયા. તો પર્યાયમેં શુદ્ધિકા અંશ ભી બહુત હોતા હૈ. ઐસી સિદ્ધિ બિના પહલી શુદ્ધિ, પીછે શુદ્ધિકા અંશ સિદ્ધ નહીં હોતા. આત્માકી શ્રદ્ધા-સમ્યગ્દર્શનમેં શુદ્ધિ હોતી હૈ, પીછે ચારિત્રમેં વિશેષ શુદ્ધિ હોતી હૈ, શુક્લધ્યાનમેં વિશેષ શુદ્ધિ હોતી હૈ, કેવલજ્ઞાનમેં પૂર્ણ શુદ્ધિ હોતી હૈ. તો પર્યાયમેં શુદ્ધિકા પ્રકાર જો ન સમજે તો વહ તત્ત્વકી ભૂલ કરતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમેં હોતી હૈ તો પર્યાય પર્યાય કરો-કરો. ક્યા કરે પણ? સમજમેં આયા?

મુમુક્ષુ :- ઉંડા ઉતરે.

ઉત્તર :- પહલે તત્ત્વ હૈ ઉસકો સમજ લો. સમજ્યા પછી ઉંડા જાય અંદરમાં અહીંથી ખસીને. સમજ્યા વિના ક્યાં ઉંડો જાય? જાવ ઉંડા ઉતરી જાવ. ક્યા ઉંડા ગુફામેં જાના હૈ? સમજમેં આયા?

એક સમયમેં ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ (હૈ). વસ્તુ હો વહ અપૂર્ણ હો સકે? વસ્તુ હોય એ સદોષ હો સકે? વસ્તુ? તો સદોષતા તો હૈ પર્યાયમેં અને પર્યાયકા લક્ષ પર ઉપર જાતે હૈ સદોષતા. સ્વકે લક્ષસે સદોષતા ઉત્પન્ન હોતી હૈ? બિલકુલ ન ઉત્પન્ન હો. તો આત્મા સિવાય દૂસરા તત્ત્વ ભી સિદ્ધ હો ગયા અજીવ આદિ અને આત્મા સિવાય વર્તમાન પર્યાય અશુદ્ધ ભી સિદ્ધ હો ગયી. કિ ઉસમેંસે નિકલકર અંદરમેં જાના હૈ. તો જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાતોં તત્ત્વ સિદ્ધ હોતા હૈં. સમજમેં આયા?

પહલે આત્મા ભગવાન શુદ્ધ પ્રભુ (હૈ) ઐસી દૃષ્ટિ કરનેસે સંવર-નિર્જરાકી શુદ્ધ પર્યાય

પ્રગટ હુઈ થોડી. થોડી શુદ્ધતા હુઈ. અશુદ્ધતા થોડી નાશ હુઈ. પીછે વિશેષ સ્થિરતા હોનેસે શુદ્ધિ બઢી, અશુદ્ધતા બહુત ઘટ ગઈ. પીછે ખુબ શુદ્ધિ બઢનેસે અશુદ્ધતા સર્વથા નાશ હો ગયી. સર્વથા અશુદ્ધતાકા નાશ અને સર્વથા શુદ્ધતાકી પ્રાપ્તિ ઉસકા નામ મુક્તિ કહતે હૈ. સમજમેં આયા? આ ઓઘે-ઓઘે બધા કૂટ્યા છે. આ તે ક્યા કૂટતે હૈ? ફોતરા કૂટતે હૈ કિ.. ફોતરા ક્યા કહતે હૈ? છિલકા. છિલકા કહતે હૈ ન? છિલકા કૂટતે હૈ કિ ચાવલ? ખબર નહીં.

મુમુક્ષુ :- ફોતરામાં પાંચ શેરી.

ઉત્તર :- ફોતરામાં પાંચ શેરી આવ્યું છેને દાખલો આપ્યો છે એમાં. આપણે આપ્યો છે આમાં. ટોડરમલે આપ્યો છે. એક બાઈ હતીને મોટી? તુસ ખાંડતી થી. તો અંદર ચાવલ થા. ગૃહસ્થ બાઈ થી. ચાવલ વહ ખાંડણા હોય ને ખાંડીયા. ક્યા કહતે હૈ ખાંડતે હૈ? તો ઉસમેં ખાંડતે-ખાંડતે ઉપર છિલકા રહ ગયા અને ચોખા અંદરમેં રહા. વહાંસે એક ગરીબ બાઈને દેખા ઓહો..હો..! આ છિલકા ખાંડે છે, લાવને મૈં ભી છિલકા ખાડું. પણ છિલકાની અંદર ચોખા અંદર ઉતરા હૈ. તોલદાર ચીજ અંદર ઉતર ગયી અને ફોતરા-ફોતરા છિલકા ઉપર રહ ગયા હૈ. ઉસકા તો ભાન નહીં. આ લાખોપતી હૈ વહ છિલકા ખાંડતી હૈ. લાવ મેં ખાંડુ. ઉસમેંસે ચોખા નિકલેગા. સમજમેં આયા? ઐસે અજ્ઞાની દેખાદેખી (કરતે હૈં) એમ કહતે હૈ. આ વ્રત પાલતે હૈ અને આ કરતે હૈ. લાવ હમ ભી પાલે. પણ અંદર વસ્તુ દૂસરી હૈ ઉસકા ભાન બિના?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, શુદ્ધ ચિદાનંદ મૂર્તિ હૈ ઉસકી ઉપર દૃષ્ટિ રખકર ધ્યાનકા કૂટના કરતે હૈ તો ફોતરા નિકલ જાતે હૈ. અશુદ્ધતાકા છિલકા છૂટ જાતે હૈ અને કર્મકા નિમિત્ત છૂટ જાતે હૈ. આહા..હા..! ખબર નહીં... ખબર નહીં... સાત તત્ત્વ ક્યા હૈ ઉસકી ખબર નહીં. એક-એક આત્મા, એક-એક આત્મા. ક્યા આત્મા-આત્મા?

કહતે હૈ, વહ અવિનાશી... જુઓ, પૂર્ણ શુદ્ધિ પ્રગટ હુઈ તો ઐસી ને ઐસી રહતી હૈ એમ બતાતે હૈ. સિદ્ધ ભગવાનકો પૂર્ણ શુદ્ધિ પ્રગટ હુઈ તો પીછે અવતાર (નહીં લેના પડતા). કોઈ કહે કે ભાઈ, યહાં અવતાર લેતે હૈ જગતના ઉદ્ધાર માટે અને રાક્ષસના સંહાર માટે. તો ઐસી બાત હૈ હી નહીં. '**હે જીવ, ઉસે હી જિનવરદેવને...**' દેખો, જિનવરદેવને '**સબસે મહાન સિદ્ધ ભગવાન કહા હૈ.**' સર્વજ્ઞ પરમાત્માને ઉસકો સિદ્ધ ભગવાન કહા હૈ. સબસે મહાન સિદ્ધ ભગવાન હૈ. અરિહંતસે ભી સિદ્ધ ભગવાન મહાન હૈ. અરિહંતકો ચાર કર્મ બાકી હૈ અને સિદ્ધકો આઠોં કર્મકા અભાવ હૈ. ચાર બાકી અને આઠકા અભાવ, વહ કહાં હૈ વીતરાગ સિવાય કહીં?

'**ભાવાર્થ :- અરહંતપરમેષ્ઠી સકલ સિદ્ધોંકે પ્રકાશક હૈં,...**' એ ભૂલ કરી છે ભાઈ સિદ્ધાંતોકા. સિદ્ધોંકા જોઈએ. '**અરહંતપરમેષ્ઠી સકલ સિદ્ધોંકા પ્રકાશક હૈં,...**' એ ક્યોં કહા? સિદ્ધ સિદ્ધકો પ્રકાશતે નહીં, વહ તો અરૂપી હો ગયા. સમજમેં આયા? અર્હંત પરમેષ્ઠી '**सिद्ध सिद्धः**' એમ શબ્દ પડા હૈ અંદર. જુઓ, ક્યા સિદ્ધ કરતે હૈ? એક તો સિદ્ધ ભગવાન પૂર્ણ નિર્મલ દશા આત્માકી હુઈ વહ પૂર્ણ આનંદ, વહ મુક્તિ, પણ ઉસકે પાસ વાણી તો હૈ નહીં. તો સિદ્ધકો પ્રકાશા કિસને? અરિહંતદેવને. જો અંદર જીવનમુક્ત હો ગયા અને જીવનમુક્ત નામ આયુષ્ય હોતે છતે કેવલજ્ઞાન હો ગયા, ઉસકી વાણીમેં આયા કિ અનંત સિદ્ધોં હૈ. સિદ્ધકો શરીર નહીં, સિદ્ધકો વાણી નહીં. તો વહ કહતે હૈ આચાર્ય કિ '**અરહંતપરમેષ્ઠી સકલ સિદ્ધોંકા પ્રકાશક હૈં,...**' સમજમેં આયા? અરિહંત હોતે, સર્વજ્ઞ દશા પૂર્ણ શુદ્ધ હોતે, કોઈ એમ કહે કે પૂર્ણ શુદ્ધ હુઆ તો દેહ છૂટ જાયેગા. ઐસા નહીં હૈ. તો પછી પૂર્ણ શુદ્ધ પ્રગટ હુઈ ઉસકી વાણીમેં ક્યા આયા? વાણીકા પ્રસંગ બિના વાણીમેં ક્યા આયા? દૂસરેકો ક્યા સમજના? તો સર્વજ્ઞ હોતે છતે વાણીકા યોગ રહતા હૈ ઈતના સિદ્ધ કિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, યોગ રહતા હૈ. વાણીકા યોગ રહતા હૈ, કંપન્ન અંદર હૈ. આહા..હા..! શુક્લધ્યાન દ્વારા ચાર કર્મોંકા નાશ કિયા. સિદ્ધને તો આઠકા નાશ કિયા. પણ યહાં હજી ચાર કર્મકા નાશ (હોના બાકી હૈ). અર્હંત પરમેષ્ઠી... સમજે? જિનવરદેવે. '**जिनवरदेवेन**' જોયું! '**कोडसौ भणितः। सिद्ध सिद्धः।**' અનંત સિદ્ધ હૈ, પૂર્ણાનંદકી પ્રાપ્તિકો પ્રાપ્ત પરમાત્મા વહી તેરા આત્માકા સ્વભાવ હૈ. ઐસા અરિહંતને સિદ્ધકો પ્રકાશા હૈ. સમજમેં આયા? અને પહલા અરિહંતકો નમસ્કાર કિયા વહ ઉસ કારણસે હૈ. ઉપકાર પહલે અરિહંતકા હૈ. અરિહંત સિદ્ધકો પ્રકાશતે હૈ. સમજમેં આયા? નહીંતર અરિહંત કરતા સિદ્ધમેં વિશેષ નિર્મલતા હૈ. અરિહંતકો તો અભી ચાર અઘાતિકર્મ બાકી હૈ અને સિદ્ધકો આઠોં કર્મોંકા અભાવ હૈ. છતાં ણમો અરિહંતાણં પહલે ક્યોં લિયા? કિ અરિહંત સિદ્ધોંકો પ્રકાશતે હૈં. આહા..હા..! સમજમેં આયા? વીતરાગકી વાણી, સંતોકી એક-એક વાણીમેં બહુત રહસ્ય ભરા હૈ. ઐસા શબ્દ ખાલી સાધારણ હૈ નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- સહેતુક હૈ.

ઉત્તર :- હા, સહેતુક.

અરિહંત સિદ્ધોંકો પ્રકાશતે હૈ. આહા..હા..! ક્યા કહતે હૈ! કિ આત્મામેં ધ્યાન કરનેસે કેવલજ્ઞાન હુઆ છતાં વાણીકા યોગ કેવલીકો હૈ. વહ વાણી છૂટતી હૈ અરિહંતપદમેં. કોઈ એમ કહે કિ બસ, અનુભૂતિ પૂર્ણ હો ગયી પીછે વાણી-ફાણી ક્યા? સમજમેં આયા? વહ વાણીકા યોગ જિતની યોગ્યતા હૈ જીવમેં કંપન્ન આદિકી (ઉસે) જાનતે નહીં. આત્માકા ક્યા તત્ત્વ હૈ ઉસકો

સમજે હી નહીં. સમજમેં આયા?

કોઈ ઐસા કહે કે ભાઈ આત્મા અનુભવ કરે. બસ ખલાસ. પીછે વળી મૈં અનુભવ કરનેવાલા અને અનુભવ કરતા હૂં-દો ક્યા? દોકા વિકલ્પ નહીં. પણ અનુભવ પર્યાય હૈ, અનુભવ દ્રવ્યમેં હોતા હૈ દ્રવ્યકા. તો દો વસ્તુ હૈ. ઔર પૂર્ણ અનુભવ હો ગયા તોપણ વાણીકા યોગ રહતા હૈ અરિહંતકો. વાણીકા યોગ ન હો તો ઉસને ક્યા જાના વહ દુનિયાકો સમજમેં કૈસે આવે? સમજમેં આયા? આહા..હા..! ઈચ્છા નહીં. ઈચ્છા નહીં પણ વાણીકા યોગ હૈ. તો '**અરહંત પરમેષ્ઠી સકલ સિદ્ધોંકે પ્રકાશક હૈં,...**' અનંત-અનંત સિદ્ધ હો ગયે ઉસકો અરિહંત ભગવાન હી પ્રકાશતે હૈ.

'**વે સિદ્ધ...**' સમજે? '**પરમાત્માકો સિદ્ધપરમેષ્ઠી કહતે હૈં,...**' વે સિદ્ધ પરમાત્માકો સિદ્ધ પરમેષ્ઠી કહતે હૈં. એ સિદ્ધ ભગવાનકો સિદ્ધ પરમેષ્ઠી કહનેમેં આતા હૈ. આ અરિહંત પરમેષ્ઠી હૈ. તેરવે ગુણસ્થાને જો સિદ્ધોંકા પ્રકાશ કરતે હૈં વે અરિહંત પરમેષ્ઠી હૈ. મહાવિદેહમેં બિરાજમાન સીમંધર ભગવાન અરિહંત પરમેષ્ઠી હૈ. મહાવીર ભગવાન આદિ જો હો ગયે અત્યારે વે સિદ્ધ પરમેષ્ઠીમેં હૈ. જો આ ચોવીસી હો ગયા વે અભી સિદ્ધ પરમેષ્ઠીમેં હૈ. અભી અરિહંત પરમેષ્ઠીમેં નહીં હૈ. સીમંધર તીર્થંકર ભગવાન બિરાજતે હૈ વહ અરિહંત પરમેષ્ઠીમેં હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**જિસે સબ સંત પુરુષ આરાધતે હૈં.**' દેખો, '**જિસે...**' એટલે ઐસે સિદ્ધકો '**સબ સંત પુરુષ આરાધતે હૈં.**' સેવતે હૈ. ઓહો..! સિદ્ધ જૈસા મેરા સ્વરૂપ હૈ. સિદ્ધમેંસે જો નિકલ ગયા વહ મેરેમેં નિકલ જાનેકી યોગ્યતા હૈ. રખનેકી યોગ્યતા નહીં. રાગ-દ્વેષ, કર્મ સંબંધ શરીર સબ નહીં સિદ્ધકો. તો ધર્મી પહલે દૃષ્ટિ કરતે હૈ (કિ) મેરેમેં ભી રાગ, શરીર, કર્મ નહીં. મૈં તો આત્મા શુદ્ધ ચિદાનંદ હૂં. ઐસી ચીજ સદૃશ અપની દૃષ્ટિ કરના (કિ) ઉસમેં હૈ (ઐસી) મેરી પરિપૂર્ણ ચીજ મેરેમેં હૈ. ઉસમેં હૈ અનંત જ્ઞાનાદિ, મેરેમેં ભી અનંત જ્ઞાનાદિ. ઉસમેં નહીં હૈ રાગ-દ્વેષ. જે ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી સિદ્ધમેં નહીં હૈ, તો મેરેમેં ભી વહ નહીં. સમજમેં આયા? સમજે બિના ઐસે ને ઐસે માને તો... ઉપર જો પાની હૈ ન પાની તાલાબકા? વહ કાંઠે પાની અલ્પ ઉંડા થોડા હૈ. ઉંડા કહતે હૈ ન ઉંડા? ગહરા. બીચમેં બહુત હૈ. ઉપર સરખી સપાટી લગતી હૈ. ઉપર સપાટી સરખી લગતી હૈ. અંદરમેં ગહરાઈ બહુત ફેર હૈ. ઐસે કથન-કથન પદ્ધતિમેં ઉપર તો સપાટી જૈસા લગે, પણ અંદરમેં ગહરાઈ જો તપાસે તો ઉગમણા-આથમણા ફેર હૈ. સમજમેં આયા?

સર્વજ્ઞ પરમેશ્વરકી વાણી, જિનેશ્વરકી વાણી ઔર અન્યકી અજ્ઞાનીયોંકી કલ્પિત પદાર્થકી વાણી, સારા આકાશ-પાતાલ જિતના ફેર હૈ. સમજમેં આયા? પણ ગહરાઈમેં દેખે તો ન?

ઉપર સપાટી દેખે તો (કહે કિ) હાં, વહ ભી ઐસા કહતે હૈ... વહ ભી ઐસા કહતે હૈ... વહ ભી ઐસા કહતે હૈ. ન્યાલચંદભાઈ! શ્રીમદ્ે એ દાખલો આપ્યો છે, શ્રીમદ્ે હોં પોતે. પાઠમાં આપ્યો છે. તાલાબ હોતા હૈ ન તાલાબ. યહાં કાંઠે અને મધ્યમેં ઉપર દેખો તો સપાટી સરખી હૈ. હૈ? અંદર આગે-આગે જાયે તો ઉંડા-ઉંડા ઉંડી ગહરાઈ બહુત હૈ. એમ તત્ત્વ અજ્ઞાનીયોંને કહા અને સર્વજ્ઞ પરમેશ્વરે કહા, ઉપરસે વહ ભી કહતે હૈ શુદ્ધતાકી બાત, વહ ભી ધ્યાનકી બાત કહતે હૈ, વહ ભી મોક્ષકી બાત કહતે હૈ. અચ્છા-અચ્છા. ઉપર સપાટી સરખી લગતી હૈ, પણ ગહરાઈ દેખે તો ઉસમેં આકાશ-પાતાલ જિતના ફેર હૈ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ચૌદ રાજુલ જેટલું એટલે અનંત રાજુ જેટલું. અનંત-અનંત ફેર હૈ. એક તત્ત્વ કહનેવાલા, અનંત તત્ત્વ કહનેવાલા, એક તત્ત્વમેં અનંતગુણ કહનેવાલા, એક તત્ત્વમેં એક હી ગુણ અને શુદ્ધિ હૈ કહનેવાલા (દોનોં કે બીચ) આકાશ-પાતાલ જિતના ફેર હૈ. સમજમેં આયા? આહા..હા..! જૈનમેં રહે છતેં જૈન પરમેશ્વર ક્યા કહતે હૈ ઉસકી ખબર નહીં તો સમ્યગ્દર્શન કહાંસે હોગા? આહા..હા..! સમજમેં આયા? ભૂસા કૂટતે હૈ ભૂસા.

**'જિસે સબ સંત પુરુષ આરાધતે હૈં.'** ઓહો..! જિસને અપની નિર્મલ પર્યાય દ્વારા-અવસ્થા દ્વારા પૂર્ણ નિર્મલ પર્યાય પ્રગટ કિયા અને પૂર્ણ નિર્મલ પર્યાયકા પિંડ તો વસ્તુ થા, શક્તિકો વ્યક્ત કિયા, કર્મકા અભાવ કિયા, વહી સિદ્ધપદ મુઝે આરાધને યોગ્ય હૈ. વહ પહલા પદમેં કહા ન ભાઈ! **'वंदित्तु सव्व सिद्धे'** નહીં? પહલે હી પદમેં કહા. સમયસારકી પહલી ગાથા. કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ સબ સિદ્ધોંકો હમ હમારે જ્ઞાનમેં સ્થાપતે હૈ. શ્રોતાકે જ્ઞાનમેં સબ સિદ્ધોંકો સ્થાપતે હૈં. આહા..હા..! પહલી ગાથા શુરૂ કી. સમજમેં આયા? **'वंदित्तु सव्व सिद्धे'** ઈતના એક શબ્દ. સમયસારકી પહલી ગાથાકા એક શબ્દ. ઉસમેં તો બહુત ભરા હૈ.

મૈં આદર કરતા હૂં સર્વ સિદ્ધોંકો. **'वंदित्तु सव्व सिद्धे'** હૈ ન? **'सव्व सिद्धे'** હૈ ન? એક-બે સિદ્ધ નહીં. સિદ્ધ અનંત હૈ ઐસા સિદ્ધ કિયા. કોઈ પરમેશ્વર એક હી હોતા હૈ (ઐસા) કહનેવાલા જૂઠા હૈ એમ કહતે હૈ. સમજમેં આયા? ઔર સિદ્ધ હોતે છતેં સબ એક હો જાતે હૈ પીછે. સંસારમેં ભિન્ન-ભિન્ન રહતે હૈ. મુક્ત હોનેપર સબ એક હો જાતા હૈ-વહ કહનેવાલા મૂઢ જીવ હૈ. એમ કહકર **'वंदित्तु सव्व सिद्धे'** શબ્દ લિયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો સત્તા નાશ હો ગયી. સત્યાનાશ હો ગયા ઉસકા. સત્તાકા નાશ હો ગયા. પંડિતજીને કહા થા ન ભાઈ! જો આત્માકી પૂર્ણ પ્રગટ દશા હો તબ સિદ્ધ એકમેં દૂસરા મિલ જાયે તો યહાં તો સત્તાકા નાશ હુઆ, સત્યાનાશ હુઆ. સત્યાનાશ હુઆ કિ સત્કા વિકાસ

હુઆ? સમજમેં આયા? સિદ્ધપદ પ્રાપ્તમેં સત્તાકા નિર્મલ વિકાસ હુઆ. સત્તાકા નાશ હોં? એકમેં દૂસરા મિલ જાયે? એક સિદ્ધમેં દૂસરા જ્યોતિમેં જ્યોત મિલાયી. ક્યા મિલાયી? જૂઠ બાત હૈ સબ. એક જ્યોતમેં દૂસરી જ્યોત. મોતીરામજી! ઐસા કહતે થે કિ નહીં? ભાન ન મળે કાંઈ. ઐસે કહતે થે. ખબર નહીંને ક્યા ચીજ હૈ. બસ! સિદ્ધ હો તો જ્યોતમેં જ્યોત મિલા દિયા. તો નાશ હો ગયા સત્તાકા? ભિન્ન સત્તા થી અનાદિ સંસારસે. વહ મુક્ત હુઆ તો નાશ હો ગયા? એટલે મુક્ત હુઆ કે અભાવ હુઆ? સમજમેં આયા? ઉસ કારણે ભગવાન કુંદકુંદાચાર્યને પહલા શબ્દમાં 'वंदित्तु सव्व सिद्धे' 'वंदित्तु' નામ વંદન કરતા હૂં. વંદન કરતા હૂં નામ આદર કરતા હૂં, આદર કરતા હૂં નામ મૈં રાગકા, સંયોગકા આદર ન કરકે મેરી જ્ઞાનકી પર્યાયમેં સર્વ સિદ્ધોંકો સમાવેશ કરકે આદર કરતા હૂં. સમજમેં આયા? ઔર શ્રોતાકો કહતે હૈં કિ હે શ્રોતાઓ! તમારા જ્ઞાનકી વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોતે છતે હમ અનંત સિદ્ધોંકો તુમ્હારી પર્યાયમેં સ્થાપન કરતે હૈં. ઐસા પાઠ હૈ ટીકા સંસ્કૃતમેં અમૃતચંદ્રાચાર્યને સ્પષ્ટ કર દિયા હૈ. સમજમેં આયા? ઉસમેં તો બહુત ગંભીરતા રહસ્ય હૈ.

એક તો અનંત સિદ્ધ સાબિત કર દિયા. અનંત આત્મા વહ ભિન્ન. મેરેસે અનંત આત્મા ભિન્ન સિદ્ધ હો ગયા હૈ. મૈં ભી સિદ્ધ હોનેવાલા હૂં, પણ ઉસસે ભિન્ન હોગા, ભિન્ન રહેગા, એકમેક હોગા નહીં. સમજમેં આયા? ઔર કહતે હૈ કિ ભૈયા! મેરી પર્યાયમેં મૈંને સર્વ સિદ્ધોંકો સ્થાપન કિયા હૈ. અર્થાત્ મેરા લક્ષ હી સિદ્ધ સ્વભાવ ઉપર હૈ ઔર મેરી પર્યાયમેં શુદ્ધતાકા હી આદર હૈ. રાગકા, વિકલ્પકા, નિમિત્તકા, મેરી પર્યાયમેં આદર નહીં. તો મૈં મેરા સ્વભાવ સન્મુખમેં કાર્ય કરતા હૂં. યે કાર્યસે સર્વ સિદ્ધકી પંક્તિમેં ચલા જાઉંગા. તુમ્હારી પર્યાયમેં ભી સર્વ સિદ્ધોંકો મૈં સ્થાપતા હૂં. તુમ ન સ્થાપો તો મૈં વક્તા હૂં તો કહતે હૈ કિ મૈં સ્થાપતા હૂં. આહા..હા..! પાઠ હૈ હોં. ટીકામેં પાઠ હૈ. અમૃતચંદ્રાચાર્યને ઐસા અર્થ કિયા. 'वंदित्तु सव्व सिद्धे' કા સત્કાર કિયા. પ્રભુ! બિરાજો મેરી જ્ઞાનપર્યાયમેં. શ્રોતાકી જ્ઞાનપર્યાયમેં બિરાજો. ઉસે મોક્ષ લેના હૈ. આપકા સાથ, આપકા સાથ સાક્ષી ચાહિયે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે કાળના નહીં, ભૂતકાળના. સમજમેં આયા?

યહાં તો 'वंदित्तु सव्व सिद्धे' જે વર્તમાન થઈ ગયા, અભી તક સર્વ સિદ્ધકો મૈં નમસ્કાર કરતા હૂં. સામાન્ય નવકારમાં બધું આવે. સમજમેં આયા?

અહીં કહતે હૈ. આહા..હા..! શ્રોતાઓ હજી તો પહલે સુનનેકો આતે હૈ ન. હમારા શ્રોતા ઉસકો હમ કહતે હૈ કિ જિસકી પર્યાયમેં અનંત સિદ્ધોંકો હમ સ્થાપન કરે અને નિષેધ ન કરે. નહીં... નહીં.. નહીં... ઐસા નહીં... ઐસા નહીં... ઐસા નહીં... મહારાજ! હમેં ઐસી ક્યા?

હમારી ઐસી તાકાત નહીં. નહીં. તુમ શ્રોતાકે લાયક નહીં. સમજમેં આયા? હમારેમેં અને પરમેં સ્થાપન કરતા હૂં ઐસા પાઠ હૈ. સ્થાપનાકા અર્થ ક્યા? સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... તેરી પર્યાયમેં અનંતા સિદ્ધ બિરાજમાન કરતા હૂં. હવે તુમ સંસારી કૈસે રહ સકા? કૈસે સંસારી રહ સકેગા? આહા..હા..! હવે સુન હમારા સમયસાર. તેરા લક્ષ ત્યાં રહેગા, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ઐસા રહેગા. ઐસે સુનકર કરતે... કરતે... કરતે... કરતે... રાગ ઘટ જાયેગા અને વીતરાગ હો જાયેગા. સમજમેં આયા? એય..! રતિભાઈ! ક્યાં નવરાશ છે વાંચવાની? આખો દિ' મજૂરી.

મુમુક્ષુ :- સાંભળવા પણ નવરા નથી.

ઉત્તર :- સાંભળવા પણ નવરા નથી. ઈ ઠીક કહે છે. વાત સાચી. વાંચવાનો વખત નથી, પણ સાંભળવા પણ નવરા નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! આવો કાળ અનંત કાળે માંડ મળ્યો છે, ભાઈ! એ કાંઈ દુનિયાને રળવા માટે, ભોગ માટે આ ભવ નથી. આ ભવ તો ભવના અભાવ કરવા માટે ભવ છે. અરે! ભવની વૃદ્ધિ માટે ભવ (ગાળે) એ તે કાંઈ ભવ કહેવાય? સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ધૂળ મળી છે? ત્યાં પડી, અહીં શું છે? આ શરીર મોટું સુંદર મળ્યું, આ લાકડા મોટા આ તે શું છે? એમાં પડ્યું, માટીમાં પડ્યું. આત્મામાં ક્યાં ગરી ગયું હતું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને મળે પણ? કે સુંદર શરીર મળ્યું ઐસા ને ઐસા-ફૈસા તો હવે ક્યા કરના? ક્યા કરના, ધૂળ માટી હૈ. કરના ક્યા? છોડ ઉસસે લક્ષ. ભગવાન આત્મા ચિદાનંદ બિરાજતે હૈ. સુંદર સિદ્ધ સ્વરૂપ હૈ તેરા. સુંદર સિદ્ધ સ્વરૂપ હૈ તેરા. આ સુંદર-કુંદર શરીર તો માટી-જડકા હૈ. સમજમેં આયા? આહા..હા..!

આ તો યહ સિદ્ધ કરકે ઐસા બતાતે હૈ હોં કિ સિદ્ધકી પિછાન કર કિ ઐસા સિદ્ધ હોતા હૈ. અરિહંતને સિદ્ધકો પ્રકાશ કિયા હૈ. અરિહંત સિદ્ધ હોનેવાલા હૈ પણ હજી વાણીકા યોગ હૈ. વાણીકા યોગ બિના શાસ્ત્ર કહે કૌન? વાણીકા યોગ બિના યહ સિદ્ધ ઐસા હૈ, પૂર્ણ મહંત હૈં, મેરેસે ભી પૂર્ણ ગુણવાલા હૈ, ઐસા કહે કૌન? સમજમેં આયા? ઐસા અરિહંતપદકો સાબિત કરતા હૈ ઔર સિદ્ધપદકો ભી સાબિત કરતા હૈ. ભગવાન કુંદકુંદાચાર્યને પણ પહલા વહ સિદ્ધ કિયા.

અલ્પજ્ઞપના ભી આદર કરનેલાયક નહીં. સિદ્ધકો આદર કરનેવાલા અલ્પ(પને)કા આદર કૈસે કરે? સિદ્ધકા આદર કરનેવાલા વ્યવહારરત્નત્રયકો વિકલ્પકા આદર કૈસે કરે? ઐસી પહલી ગાથામેં

બહુત સમા દિયા હૈ. '**वंदित्तु सव्व सिद्धे**' मैं સિદ્ધોંકો આદર કરતા હૂં. આહા..હા..! ક્યોં? કિ જિસકી નિર્મલ પૂર્ણ પર્યાય હૈ વહી મુઝે આદરણીય હૈ. એ સિવાય અપૂર્ણ રાગાદિ નિમિત્ત મુઝે આદરણીય નહીં. તો ઉસકા અર્થ યહ હુઆ કિ આદરણીય કરનેવાલાકી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાતી હૈ. દ્રવ્ય ઉપર દૃષ્ટિસે જો સુને, વાંચે, સમજે યે લક્ષપૂર્વક (તો) ક્રમે-ક્રમે સ્થિરતા હોકર રાગ ઘટકે સિદ્ધ હી હો જાયેગા. વહ સિદ્ધકિ પંક્તિમેં મિલ જાયેગા. એ સર્વ સિદ્ધોં '**वंदित्तु सव्व सिद्धे**' કહે છે ઉસમેં વહ આ જાયેગા. સમજમેં આયા? આહા..હા..! શાસ્ત્રકી ભાષા. એક તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં કહકર તો ગજબ કિયા હૈ! સાત. બે દ્રવ્ય, પાંચ પર્યાય. એ પર્યાય અશુદ્ધ પલટતી હૈ, નાશ હોતા હૈ, શુદ્ધ વૃદ્ધિ હોતી હૈ, સંવર-નિર્જરા શુદ્ધિ હૈ, ઉસસે શુદ્ધિ કરકે પૂર્ણ શુદ્ધિ હોતી હૈ. યહ સબ પર્યાયકા ભંગ હૈ. દ્રવ્ય-ગુણ સામાન્ય રહતે હૈ.

અરે! ઐસે તત્ત્વાર્થ-તત્ત્વાર્થ કરે. વાહ તત્ત્વાર્થ.. હર વખતે દસલક્ષણી પર્વમેં એક જ અધ્યાય વાંચી જાય ગડીયા. ગડીયા ક્યા કહતે હૈ? પછી એ તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર સમકિત ઐસા અર્થ કરે. અરે! એ વ્યવહાર સમકિત નહીં, એ નિશ્ચય સમકિતકી બાત હૈ. તત્ત્વાર્થ શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શનકા સ્વરૂપ હૈ વહ. સમજમેં આયા? મોક્ષકા માર્ગ, મતિજ્ઞાનાદિ, ચારિત્ર આદિ પીછે હોતા હૈ ઉસકે ભાવમેં. વ્યવહાર સમકિતમેં ચારિત્ર આદિ હોતા હૈ? નેમિચંદજી! આ બધા શેઠિયાએ તમે એવા ગપ્પા ચલાવ્યા છે અત્યાર સુધી બધા.

કહતે હૈ '**જિસે સબ સંત પુરુષ આરાધતે હૈં.**' આહા..હા..! જિસકી ઐસી પૂર્ણ પર્યાય હુઈ ઐસી મોક્ષદશાકી પ્રતીત કરતા હૈ. ઔર મોક્ષ પર્યાયકા પ્રગટ કરાનેવાલા મેરા દ્રવ્ય હૈ. વહ દ્રવ્યકી શ્રદ્ધા, જ્ઞાન કરકે રમતા હૈ. વહી સિદ્ધકા આરાધન કરતા હૈ ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..! આચાર્યોની વાણી, દિગંબર સંતોની વાણી આભને થોભ જૈસી ધર્મધુરંધર. કેવળીકા પેટ ખોલકર બાત કિયા હૈ સબ. આહા..હા..! સમજમેં આયા? કેવલજ્ઞાનીકા પેટ ખોલકરકે કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, નેમિચંદ્રસિદ્ધાંત ચક્રવર્તી, આ યોગીન્દ્રદેવ. કોઈપણ લો આચાર્ય દિગંબર ઉસને તો સારા સિદ્ધાંત સત્ય વીતરાગકા ખોલકર લોક પાસે છોડ દિયા હૈ. વાંચતે નહીં, વિચાર કરતે નહીં. વક્ત ભી મિલતા નહીં. હજી તો આજે વાંચવાનો વખત, સાંભળવાનો વખત મિલતા નહીં. રળવાનો મળે પાપ માટે. કેમ રતિભાઈ!

મુમુક્ષુ :- સાંભળવાનો વખત મળે તો ધ્યાનપૂર્વક સાંભળે નહિ.

ઉત્તર :- ધ્યાનપૂર્વક પાછો સાંભળે નહિ એમ કહે છે. અહીં તો સાંભળે ધ્યાનપૂર્વક. પાછો તોય વચ્ચે વિચાર આવી જતો હશે, શું હશે કનુનું? કેમ હશે ફલાણું? કહો, સમજાય છે કાંઈ? મારી નાખ્યા જગતની મમતાએ.

અરે! ભગવાન! તારો સ્વભાવ તપાસ તો ખરો બાપુ! તલાશ તો કર. એ તલાશ તો

કર, તલાશ તો કર. તલાશ કહતે હૈ ન ક્યા કહતે હૈ? શોધના. ખોજ તો કર. 'ખોજી જીવે, વાદી મરે.' સત્‌નું શોધન તો કર, તુઝે પતા લગ જાયેગા. સમજમેં આયા? 'ખોજ પિંડ બ્રહ્માંડકા પતા તો લગ જાયે' એ આવે છે હોં ભાઈ! એ શ્રીમદ્‌માં આવે છે. 'ખોજ પિંડ બ્રહ્માંડકા પતા તો લગ જાયે.' અંદર પિંડ શોધ ક્યા ચીજ હૈ યહ? આ તે ચીજ દ્રવ્ય ક્યા? ઉસકી શક્તિયાં ક્યા? આ પર્યાય ક્યા? પલટન કૈસે હૈ? ધ્રુવ ક્યા હૈ? નિમિત્ત ક્યા હૈ? વિકાર ક્યા હૈ? 'ખોજ પિંડ બ્રહ્માંડકા તો પતા લગ જાયે.' તબ યહાં શોધના હૈ. લોકોમેં શોધના નહીં હૈ, ચૌદ બ્રહ્માંડમેં શોધના હૈ ઐસા નહીં હૈ. સમજમેં આયા? આહા..હા..!

**'જિસે સબ સંત પુરુષ આરાધતે હૈં.'** સબ સંત હોં! યે ક્યા કહા? ઉસ સંતકો સંત કહતે હૈ કિ જો અનંત સિદ્ધ હુઆ, શુક્લધ્યાનકા ભાવસે કર્મકા નાશ કરકે ઐસી વિધિ જિસકો ખ્યાલમેં હૈ ઐસા જ્ઞાની સંત ઉસકા આરાધન કર સકતે હૈ. આ દૂસરા ણમો લોએ સવ્વ સાહુણં, બધા સંત ઉસમેં આ જાતે હૈં ઐસા નહીં. કોઈ કહતે હૈ દેખો ભૈયા! ઉસમેં નમો લોએ સવ્વ સાહુણં કહા હૈ. કોઈ કહે, ત્યાં જૈનના સાધુ કહાં કહા હૈ? પણ સાધુ હી વહી હોતા હૈ, દૂસરા સાધુ હોતા હી નહીં તીન કાલમેં. સુન તો સહી. ગપેગપ મારાનારા એવા અત્યારે નીકળ્યા છે. એવા અર્થ કર્યા છે એક ઠેકાણે. ણમો લોએ સવ્વ સાહુણં. ઉસમેં કહાં આયા હૈ કિ જૈનકા હી સાધુ..? પણ જૈનકા સાધુ હી સાધુ હૈ. દૂસરા કોઈ સાધુ તીન કાલમેં નહીં. આત્મા પરિપૂર્ણ અનંતગુણકા પિંડ રાગસે હટકર અંદર સાધે વહ તો કેવલજ્ઞાનીને દેખા એવા સાત તત્ત્વકી શ્રદ્ધા (હો ગઈ). સાત તત્ત્વ સિદ્ધ હો ગયા. ઐસા સિદ્ધ કર જો આત્માકો સાધે ઉસકા નામ સંત કહતે હૈ. એ સંત જૈન પરમેશ્વરકી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ બિના ઐસા સંત હો સકતે નહીં. સમજમેં આયા?

**'સબ સંત પુરુષ આરાધતે હૈં.'** સબ સંત પુરુષ. સિદ્ધ ભગવાનકી પર્યાય નિર્મલ હુઈ, ઐસા હી મેરા નિર્મલ હોનેકી લાયકાત હૈ. ઐસા અપને સ્વરૂપકા આરાધન કરતે હૈ વહી સિદ્ધકા આરાધન કરતે હૈ ઐસા કહનેમેં આતા હૈ. **'કેવલજ્ઞાનાદિ મહાન અનંતગુણોંકે સાધન કરનેસે વહ મહાન અર્થાત્ સબમેં બડે હૈં.'** દેખો, મહાન શબ્દ પડા હૈ ન? મહંતો છેલ્લો શબ્દ હૈ. મહંત બડા હૈ. અરિહંતસે ભી બડા હૈ. અરિહંતકો તો હજી ચાર કર્મ બાકી હૈ. થોડી મલિનતા હૈ, ઉદયભાવ હૈ, અસિદ્ધભાવ હૈ. ક્યા? અરિહંતકો અસિદ્ધભાવ હૈ. આતા હૈ ન એક બોલ ઉદયકા? કેટલા? ૨૧. ૨૧ બોલ આતે હૈં ઉસમેં અરિહંતકો અસિદ્ધભાવ હૈ. ચૌદમા ગુણસ્થાન તક અસિદ્ધભાવ હૈ. સિદ્ધ હો ગયા, અસિદ્ધભાવ છૂટ ગયા, સિદ્ધભાવ રહ ગયા. સમજમેં આયા? આહા..હા..!

અહીં તો ઓલો કહે કે અનુભવ હો ગયા, સબ મુક્તિ હો ગયી. સુન તો સહી. અનુભવ

હુઆ તો આત્માકા ભાન હુઆ, પ્રતીત હુઈ કિ આ આત્મા શુદ્ધ આનંદકંદ ઉસમેં સ્થિર હોનેસે મેરે શાંતિ હોગા અને કેવલજ્ઞાન હોગા. પણ અનુભૂતિ હુઈ વહાં સંસારકા અભાવ હો ગયા દૃષ્ટિમેંસે, પણ પર્યાયમેં વિકાર હૈ, ઉસમેં સ્થિર હોનેસે વિકારકા નાશ હોગા. ચારિત્ર બિના વિકારાક નાશ હોગા નહીં. આહા..હા..! સમજમેં આયા? પોપટભાઈ! એક બોલ સિદ્ધ કરવામાં તો, બહુ બોલ આવ્યા આમાં તો ઘણા.

આ તો '**સબ સંત પુરુષ આરાધતે હૈં.**' તો સંત પુરુષ આ. એક જણા કહતી થી વ્યક્તિ. ભજન કરે ને ભજન સભામેં. તો ઉસમેં ભી સંત હૈ, ઉસમેં ભી સંત હૈ ઐસા કહા. અરે ભાઈ! એમ ન હોય કીધું. ક્યા કહતે હૈ? નામ નહીં લેતે હૈ. સમજમેં આયા? એક વ્યક્તિને ગાયન ગાયા. ગાયન ગાવાનો બહુ શોખ. એવી મલાવે. ગવરાવે પાછા. ખૂબ ગવરાવે લોકો. પછી કહે સંત દૂસરામેં (નહીં) અને અપનેમેં હી હૈ ઐસા નહીં. કીધું અત્યારે આને ન કહેવાય. પછી ખાનગી ભોજન કરતે થે (તબ કહા).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૂઠ હૈ. અનુભવ ન હોય તો ધર્મ ભી નહીં. આવા ગપેગપ ચલતા હૈ. આ તો દૂસરી બાત અત્યારે કહતા હૂં. વહ ઐસા કહતે થે કિ સંત તો સબમેં હુઆ હૈ. તીન કાલમેં હોવે નહીં. સર્વજ્ઞ પરમાત્માએ સાત તત્ત્વ અને છ દ્રવ્ય, નવ પદાર્થ ઐસા અંતરમેં ભાન હુએ બિના કભી કોઈ સમ્યગ્દૃષ્ટિ હોતા નહીં, તો સંત તો કહાંસે હોવે? સમજમેં આયા? ભારે ગડબડ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, આ ભાષા છે ... ણમો લોએ સવ્વ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોટા નહીં હોતા હૈ, બડા હોતા હૈ. ણમો લોએ સવ્વ સાહુણં. સર્વ આત્માકા સાધન કરનેવાલા, અનુભૂતિ કરનેવાલા લોકમેં વહ સબ .. અનુભૂતિ વહ સર્વજ્ઞકે સિવા હોતી નહીં. અજ્ઞાનીકો હોતી નહીં.

મુમુક્ષુ :- સાધના..

ઉત્તર :- એ સાધના પણ યહાં હોતી હૈ. ભગવાનને કહા ઐસા યહીં હોતા હૈ. દૂસરેમેં હોતા હી નહીં. વહ માર્ગ ઐસા હૈ ન. તીન કાલમેં હોવે નહીં. સર્વજ્ઞને કહા વહી માર્ગ હૈ. અજ્ઞાની અપને માર્ગસે કલ્પના કરકે સાધતે હૈ વહ સાધુ હૈ હી નહીં. વહ તો મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, પાખંડ હૈ. ધ્યાનમેં પડા હો, જંગલમેં રહા હો નગ્ન દિગંબર, પણ અંદરમેં આત્મા એક હી હૈ ઐસા ધ્યાન કરતા હૈ તો મૂઢ હૈ, પાખંડ હૈ, અનંત જન્મ-મરણ કરકે નિગોદમેં

જાયેગા.

મુમુક્ષુ :- મર્યાદિત થઈ જાય.

ઉત્તર :- મર્યાદિત નહીં. વહ તો અમર્યાદિત હૈ. સ્વરૂપકા સાધન કરનેવાલા હો તો આત્મા આના ચાહિયે કિ નહીં? સ્વરૂપ સાધન કિયે બિના આ ગયે? વહ તો સબ ઐસા શબ્દ લિયા હૈ શાસ્ત્રમેં તો. ણમો લોએ સવ્વ અરિહંતાણં. લ્યો! ઐસા લિયા હૈ શાસ્ત્રમેં. અમરચંદજી! ક્યા સમજમેં આયા? ધવલમેં. ણમો લોએ સવ્વ અરિહંતાણં. ઉસકા અર્થ ક્યા? દૂસરેમેં અરિહંત હૈ નહીં. પણ કોઈ ઉપરમેં બિરાજતે હો, કોઈ નીચે હો, કોઈ નીચે જમીનમેં હો, કોઈ સમુદ્ઘાતમેં હો એ અરિહંત. ણમો લોએ સવ્વ અરિહંતાણં. ચાર કર્મ ઘાતિ નાશ કરકે કેવલજ્ઞાનમેં બિરાજતે હૈ. શુક્લધ્યાનસે .. ણમો લોએ સવ્વ અરિહંતાણં.

ણમો લોએ સવ્વ સિદ્ધાણં. લ્યો! તો ણમો લોએ સવ્વ સિદ્ધાણં કહા હૈ. તો સિદ્ધ ક્યા દૂસરેમેં હૈ? પણ કોઈ સિદ્ધ યહાં હુઆ, યહાં હોતે હૈ, કોઈ રાસ્તેમેં અભી હૈ. રાસ્તેમેં હૈ, જાતે હૈ. તો વહ ભી ણમો લોએ સવ્વ સાહુણંમેં આ જાતા હૈ. ણમો લોએ સવ્વ આઈરિયાણં ઐસા પાંચ શબ્દ હૈ હોં સબમેં. ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં અને ણમો લોએ સવ્વ સાહુણં. એ સર્વજ્ઞ પરમાત્મા જૈન પરમેશ્વરને જે વસ્તુકા સ્વરૂપ દેખા હૈ ઐસા કહા, ઉસકા અનુભવ કરકે આરાધતે હૈ વહી પાંચ પદમેં આતે હૈં, દૂસરા આતે નહીં. સમજમેં આયા? એય..! શોભાલાલભાઈ! ભાઈ! આ શેઠિયોઓંકો વિચાર કરના પડેગા. માથે બડા જવાબદારી હૈ. નહીં?

મુમુક્ષુ :- નહીં ચલેગા.

ઉત્તર :- નહીં ચલેગા. ગડબડ નહીં ચલે ઈસમેં.

**'મહાન અર્થાત્ સબમેં બડે હૈં.'** આહા..હા..! કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલઆનંદ, પૂર્ણ સ્વચ્છતાકી પ્રાપ્તિ સિદ્ધ ભગવાનકો (હુઈ હૈ). અરિહંત પરમેશ્વર કહતે હૈં કિ હમારેસે ભી બડે હૈં. પદ પહલે અરિહંતકા લિયા હૈ. ક્યોંકિ ઉપકાર હૈ ઉસકે કથનમેં. સિદ્ધકો વાણી હૈ નહીં. ઉસ અપેક્ષાસે અરિહંત કહતે હૈ. તેથી પાછા યહ લિયા હૈ દેખો ન. **'जिणवरदेवइँ पभणिउ सो जि जिय सिद्ध'** સિદ્ધકા કથન અરિહંતને કિયા હૈ. આહા..હા..! સમજમેં આયા? બહુત બોલ આ ગયે યે તો. થોડા-થોડામેં ... આ તો વસ્તુકી સ્થિતિ હૈ. ઐસી વસ્તુકી સ્થિતિ બિના એક પણ અંશ કમ, અધિક કે વિપરીત માને તો મૂઢ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ હૈ. વહ આતા હૈ ન? પંડિતજી! રત્નકરંડશ્રાવકાચારમેં. સમંતભદ્રાચાર્યને કિયા હૈ. ન્યૂન, અધિક, વિપરીત શબ્દ નહીં આતા હૈ? જ્ઞાન ઐસા હોના ચાહિયે કિ ન્યુન ભી નહીં-કમ ભી નહીં, અધિક ભી નહીં અને વિપરીત ભી નહીં. સમજમેં આયા? ઉસકા નામ સમ્યગ્જ્ઞાન ભગવાન સમંતભદ્રાચાર્ય રત્નકરંડ શ્રાવકાચારમેં કહતે હૈં. સમ્યગ્જ્ઞાન હુએ પીછે વ્રતાદિ ચારિત્ર હોતા હૈ. તો પહલે વહ લિયા

હૈ. સમજમેં આયા? આહા..હા..! આ તો આ પણ સચ્ચા... આ પણ સચ્ચા... આ પણ સચ્ચા. અફીણ ભી મીઠું અને સાકર ભી મીઠું. મીઠા સમજે? ક્યા કહતે હૈ મીઠા? ગળ્યા. ઐસા હૈ હી નહીં. મૂર્ખ હૈ.

શ્રીમદ્ ભી કહતે હૈં. આવે છેને? અપૂર્વ વાણી પરમ શ્રુત. સમભાવ આવે છે શબ્દ. સમદર્શિતા એ. એ સમદર્શિતાની વ્યાખ્યા કરી છે. સમદર્શિતાની એવી વ્યાખ્યા નથી કે બધાને સમભાવે સરખા દેખવા. સમભાવે એનો અર્થ એ કે કુગુરુને કુગુરુ જાણે, સુગુરુને સુગુરુ જાણે. સુદેવને સુદેવ જાણે, કુદેવને કુદેવ જાણે. કુતત્ત્વને કુતત્ત્વ જાણે, સુતત્ત્વને સુતત્ત્વ જાણે. ઉસકા નામ સમભાવ હૈ. બધા સરખા માનના વહ સમભાવ નહીં. ખુલાસા કિયા હૈ. ઉસે ઉસ વક્ત મિલા થા ન? સમજ્યાને? શું શબ્દ?

'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ.' વિચરે ઉદય પ્રયોગ. ઓલા સમદર્શિતાની વ્યાખ્યા કરી આ. વળી કોઈ એમ મૂઢ ઘણા શ્રીમદ્‌ના માનનારા એમ માને છે. એક જણો મળ્યો હતો, કીધું, આ દર્શનમોહ વ્યતીત થયો એનો અર્થ શું? કે કોઈપણ દર્શનને માનવા અને બધા દર્શન સરખા માને એમ દર્શનમોહ વ્યતીત થઈ જાય. આવા ને આવા પાક્યા. એ રામજીભાઈના ગામમાં જ મળ્યા હતા ગોંડલમાં. સમજાણું કાંઈ? 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' એલા! પણ આ શું? કે કોઈપણ દર્શન જગતમાં છે એનો મોહ ન રહેવો જોઈએ. બધા સરખા. એ 'દર્શનમોહ વ્યતીત થયો ઉપજ્યો બોધ' એનું નામ બોધ. ઠીક! આવા ને આવા, કાંઈ ખબર ન મળે. કહતે હૈ, એ સિદ્ધ સબમેં બલવાન હૈ. સિદ્ધ ભગવાનમેં ક્યા નાશ હુઆ અને ક્યા ઉત્પત્તિ હુઈ? વહ બાત કહતે હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૦૯-૦૯-૧૯૬૫**
**ગાથા-૨૦૧-૨૦૨, પ્રવચન-૨૧૦**

... અંતર આનંદકી રુચિ હોકર, વિકારકી રુચિ છૂટકર આત્માકા આનંદકી જિસકો પ્રીતિ અને પ્રેમ લગા હૈ ઉસકો આત્માકે સ્વભાવમેં ઉગ્ર પુરુષાર્થસે અતીન્દ્રિય આનંદકા બહુત ઉગ્રપણે પુરુષાર્થ કરકે અનુભવ કરના ઉસકા નામ બ્રહ્મચર્ય કહનેમેં આતા હૈ. ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. આનંદમેં ચરના ઉસકા નામ બ્રહ્મચર્ય. સમજમેં આયા? અતીન્દ્રિય આત્માકા આનંદ વહ બ્રહ્મ ઉસમેં ચરના, વિચરના, રમના, લીન હોના ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. વહ બ્રહ્મચર્ય ચારિત્રકા એક ભાગ-પ્રકાર હૈ. દસલક્ષણી પર્વમેં દસવાં હૈ દેખો.

यत्संगाधारमेतत् चलति लघु च यत्, तीक्ष्णदुः खौघधारं;
मृत्पिण्डीभूतं, कृतबहुविकृति,-भ्रान्तिसंसारचक्रम्।
ता नित्यं यन्मुमुक्षुः, यतिरमलमतिः, शान्तमोहः प्रपश्येत्;
जामीः पुत्रीः सवित्रीरिव हरिणदृशः, तत्परं ब्रह्मचर्यम्।।१०४।।

દૃષ્ટાંત દેતે હૈ આચાર્ય. '**જિસપ્રકાર કુંભકારકા ચાક, જમીનકે આધારસે ચલતા હૈ...**' ચાકડો. ચાક. '**ઉસ ચાકકી તીક્ષ્ણ ધારા રહતી હૈ...**' ઉસ ચાકમેં એક તીક્ષ્ણ ધારા હોતી હૈ ઔર '**ઉસકે ઉપર મિટ્ટીકા પિંડ ભી રહતા હૈ. વહ ચાક, નાના પ્રકારકે કુસૂલ, સ્થાસ આદિ...**' ઘટ બનાવવાના પ્રકાર. '**ઘટકે વિકારોંકો કરતા હૈ...**' એટલે ઘટકી પર્યાયકો કરતા હૈ. '**ઉસ પ્રકાર સંસારરૂપી ચાકકી આધાર સ્ત્રી હૈ...**' સ્ત્રીકી મમતા. સમજમેં આયા? અપના સ્વરૂપ આનંદકી જિસકો ભાવના નહીં ઉસકો સ્ત્રીકે ભોગકી મમતાકી પ્રધાનતા હૈ. તો સબમેં સ્ત્રી સંસારચક્રમેં ઉસકો પ્રધાન ગિનનેમેં આયી હૈ. '**યહ સ્ત્રી ન હોતી તો યહ જીવ, કદાપિ સંસારમેં ભટકતા ન ફિરતા.**' એ મમતા-મમતા. આનંદકી રુચિ છોડકર પરમેં રુચિ વહ. સ્ત્રીકા વિષયમેં રુચિ, અપના આનંદકી રુચિકા અભાવ ઉસમેં વહ સ્ત્રી નિમિત્ત પડતી હૈ તો ઉસ કારણસે ઉસકો પરિભ્રમણકે કારણમેં ગિનનેમેં આયા હૈ.

'**ઈસ સંસારરૂપી ચાકમેં અત્યંત તીક્ષ્ણ દુઃખોંકા સમૂહ હી ધાર હૈ અર્થાત્ સંસારમેં નાના પ્રકારકે નરકાદિ દુઃખોંકા સામના કરના પડતા હૈ. ઈસ સંસારરૂપી ચાકકે ઉપર નાના પ્રકારકે જીવ  હી પિંડ હૈ. યહ સંસારરૂપી ચાક, દેવ-મનુષ્યાદિ નાના પ્રકારકે**

**વિકાર ધારણ કરા કર, જીવોંકો ભ્રમણ કરાનેવાલા હૈ, અતઃ સ્ત્રી હી સંસાર-ચક્રકી કારણ હૈ.'** બહિર્મુખ વૃત્તિમેં વહ નિમિત્ત મુખ્ય હૈ ઈસલિયે ગિનનેમેં આયા હૈ. અંતર્મુખ દૃષ્ટિમેં ભગવાન આત્મા મુખ્ય હૈ. સમજમેં આયા? આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસકી જિસકો અંદર લક્ષ અને રુચિ સમ્યગ્દૃષ્ટિકો હો ગયી ઉસકો સ્ત્રીકા વિષયમેં રુચિ રહતી નહીં. પરકે ભોગકી રુચિ અંતરમેં નહીં અને સ્વકી રુચિ નહીં ઉસકો પરકે ભોગકી રુચિ હૈ. એ રુચિમેં સ્ત્રીકો પ્રધાન ગિનનેમેં આયા હૈ. **'ઈસલિયે મોક્ષકા અભિલાષી મનુષ્ય, ઉન સ્ત્રીયોંકો માતા-બહિન-પુત્રીકે સમાન માનતા હૈ, ઉસીકે ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યધર્મકા ભલીભાંતિ પાલન હોતા હૈ. અતઃ બ્રહ્મચારી મનુષ્યોંકો ચાહિયે કિ વે કદાપિ સ્ત્રીઓંકે સાથ સંબંધ...'** સંગ, સંબંધ, પરિચય **'ન રખે'**. અપના સ્વભાવ શુદ્ધતાકા પરિચય રખે તો ઉસકા બ્રહ્મચર્ય પલે ઔર ઉસકો મોક્ષકા માર્ગ મિલે.

अविरतमिह तावत्, पुण्यभाजो मनुष्याः;
हृदिविरचितरागाः, कामिनीनां वसन्ति।
कथमपि न पुनस्ता, जातु येषां तदंघ्री;
प्रतिदिनमतिनम्राः, तेपि नित्यं स्तुवन्तिः।।१०५।।

**'જો પુરુષ...'** પુણ્યવંત ઉસકો કહતે હૈ પુણ્યવંત પ્રાણી કિ સ્ત્રીકે હૃદયમેં ઉસકા પ્રેમ ઉપજાકર સ્ત્રીકે હૃદયમેં વસતા હૈ. પુણ્યવંત પ્રાણી ઐસા હૈ કિ જે સ્ત્રીકે હૃદયમેં વહ પુરુષ પ્રત્યે રાગ હોકર સ્ત્રીકે હૃદયમેં વહ પુણ્યવંત પ્રાણી બસતા હૈ. એ પ્રાણી પુણ્યવંત ભી, જિસકે હૃદયમેં સ્ત્રી નહીં વસતી હૈ, રાગાદિ નહીં રહતા હૈ ઉસકો વહ પુરુષ ભી નમસ્કાર કરતા હૈ. સમજમેં આયા? માથે કહતે હૈ. ધનની અહીં વાત નથી. અહીં તો જો કોઈ પુણ્યવંત પ્રાણી પુરુષ હૈ એ સ્ત્રીયોંકે હૃદયમેં રાગ ઉત્પન્ન કરકે, હૃદયમેં સ્ત્રી વસતી હૈ, પુરુષ સ્ત્રીકે હૃદયમેં વસતા હૈ. વહ પુરુષ પણ જિસકા હૃદયમેં સ્ત્રી નહીં અને બ્રહ્મચર્ય અને આનંદ વસતા હૈ ઐસા પુરુષકો વહ પુરુષ પુણ્યવંત ભાજન પ્રાણી નમસ્કાર કરતે હૈં. સમજમેં આયા? કૌન બડા હુઆ? નમસ્કાર જિસકો કરે વહ બડા હુઆ. પુણ્યવંત પ્રાણી સ્ત્રીકે હૃદયમેં રાગ ઉત્પન્ન કરાકર ઉસમેં વસે. પણ આ તો એ પુણ્યવંત પ્રાણી બ્રહ્મચારી ધર્માત્માકે હૃદયમેં સ્ત્રીકા વાસ નહીં, આત્માકા આનંદકા જિસમેં વાસ હૈ ઐસા આત્માકો વહ પુરુષ ઉસકો નમન કરતા હૈ. સમજમેં આયા?

वैराग्यत्यागदारु,-कृतरुचिरचना, चारुनिःश्रेणिका यैः;
पादस्थानैरुदारैः, दशभिरनुगता, निश्चलैर्ज्ञानदृष्टेः।
योग्या स्यादारुरुक्षोः, शिवपदसदनं, गन्तुमित्येषु केषां;
नो धर्मेषु त्रिलोकी-पतिभिरपि सदा, स्तूयमानेषु हृष्टिः।।१०६।।

'**આચાર્ય કહતે હૈં જિસકે ઈધર ઉધર વૈરાગ્ય તથા ત્યાગરૂપી મનોહર કાષ્ઠ લગે હુએ હૈં...**' શ્રેણી બતાવવાની શ્રેણી, નિસરણી. નિસરણીકો ક્યા કહતે હૈ? નિસરણી. સીઢી-સીઢી. જિસમેં વૈરાગ્ય અને ત્યાગરૂપી મનોહર કાષ્ટ લગા હૈ ઔર '**જિસમેં બડે-બડે મજબૂત દસ ધર્મરૂપી પાદ-સ્થાન** (ડણ્ડે) **મૌજૂદ હૈં...**' પાદ-પાદ સ્થાન મૂકનેકા. '**ઐસી સીઢી મોક્ષરૂપી મહલ પર ચઢનેકી ઈચ્છા કરનેવાલે મનુષ્યકો ચઢનેકે લિયે યોગ્ય હૈ...**' અપના સ્વરૂપકી દૃષ્ટિ હુઈ હૈ ઔર દસ પ્રકારકા ધર્મકા પાટીયા પક્કા પગથિયા, પગથિયા સમજે? રખા હૈ ઉસ પર ચઢકરકે મોક્ષ મહલમેં ચલે જાતે હૈ. સમજમેં આયા? '**ક્યોંકિ જો તીનલોક કે પતિ ઈન્દ્રાદિકોંસે વંદનીક હૈં....**' ઉસકા હૃદયમેં બ્રહ્મચર્ય નામ આનંદ બસા હૈ અને એ આનંદમેં દસ પ્રકારકા ધર્મકા સોપાનમેં ચઢતે-ચઢતે પૂર્ણ મોક્ષરૂપી મહલમેં ચલે જાતે હૈ ઉસકો ત્રણ લોકના પતિ ઈન્દ્ર ભી વંદન કરતે હૈ. '**ઐસે ઉન દશ ધર્મોંકે ધારણ કરનેમેં કિસકો હર્ષ નહીં હોતા?**' ઐસા દસ પ્રકારકા ધર્મ ઉસકો ધારણ કરનેમેં કિસકો હરખ-આનંદ નહીં હોતા? '**અર્થાત્ સમસ્ત મોક્ષાભિલાષી ઉનકો હર્ષકે સાથ પાલતે હૈં.**' લ્યો! બ્રહ્મચર્ય અધિકાર છેલ્લા આખિરકા બ્રહ્મચર્ય હૈ. ૧૮ લાખ શિલાંગ ધારા આતે હૈ ન? ૧૮ હજાર શિલાંગ.. એ સબ પૂર્ણ-પૂર્ણ બ્રહ્મચર્ય ત્યાં ચૌદવે ગુણસ્થાનમેં હોતા હૈ. એ બ્રહ્મચર્યકા આજકે દિનકે લિયે કહા.

આપણે યહાં ૨૦૧ ગાથા. પરમાત્મપ્રકાશ. સિદ્ધ ભગવાનકી વ્યાખ્યા હૈ. સમજમેં આયા? '**કેવલજ્ઞાનાદિ મહાન અનંતગુણોંકે ધારણ કરનેસે વહ મહાન અર્થાત્ સબમેં બડે હૈં.**' ઈસ જગતમેં સિદ્ધ ભગવાન સબ અરિહંતસે ભી બડે હૈં. અરિહંતકો હજી ચાર કર્મ બાકી રહા ઈતના ઉદયભાવકા દોષ હૈ. કહો, કેવલીકો ભી ઈતના દોષ! ઓહો..હો..! સમજમેં આયા? અસિદ્ધભાવકા જરી ઉદય હૈ. કર્તા, કર્મ, કરણ, ષટ્કારકકી પરિણતિમેં ભી અશુદ્ધતા હૈ, વિભાવિક પરિણમન ઉદયકા થોડા હૈ, યોગ કંપન્નકા ભી દોષ હૈ. ઓહો..હો..! પર્યાયકી શુદ્ધિકી વૃદ્ધિ બઢતી-બઢતી કહાં તક (જાતી હૈ). જો પર્યાય માને નહીં ઉસકો ઐસી બાત સમજમેં આતી નહીં. સમજમેં આયા? કહતે હૈં કિ ઐસા સિદ્ધ ભગવાન કેવલજ્ઞાની પરમાત્મા અરિહંતસે ભી બડા હૈ. પૂર્ણ પરમ પારિણામિકભાવકી પર્યાયકી શુદ્ધતા પ્રગટ હો ગયી. પૂર્ણાનંદ પૂર્ણ હો ગયા.

'**જો સિદ્ધભગવાન જ્ઞાનાવરણાદિ આઠોં હી કર્મોંસે રહિત હૈં, ઔર સમ્યક્ત્વાદિ આઠ ગુણ સહિત હૈં.**' ઐસા યહ આત્મા હૈ એમ બતાના હૈ. સમજમેં આયા? યહ આત્મા ભી આઠ કર્મસે રહિત હી હૈ અભી. અને આઠ ગુણોંસે સહિત હૈ શુદ્ધ દ્રવ્યાર્થિક નયસે. આહા..હા..! આવે છેને ભાઈ! શુદ્ધભાવ અધિકારમેં નહીં? '**जारिसिया सिद्धपा**' (ગાથા-૪૭) જૈસા સિદ્ધ

ભગવાનકા આત્મા હૈ ઐસા હી યહ આત્મા હૈ. નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ અધિકાર નિયમસારમેં ચલા હૈ ... જૈસા સિદ્ધકા આત્મા હૈ ઐસા સંસાર મલીના... સંસારમેં લીન દિખતે હૈ વહ જીવ દ્રવ્યસે ઐસા હી હૈ. જૈસે સિદ્ધકો આઠ ગુણ હૈ, સંસારીકો ભી શક્તિરૂપ આઠ ગુણ હૈ. આહા..હા..! સમજમેં આયા?

દેખો, ક્ષાયિકસમકિત. સિદ્ધ ભગવાનકો ક્ષાયિક સમકિત પ્રગટ હુઆ. જબસે ચોથે, પાંચવે, છઠ્ઠેસે ક્ષાયિક સમકિત હુઆ તો સાદિઅનંત (રહતા હૈ). સિદ્ધમેં ભી વહ ક્ષાયિક સમકિત રહતા હૈ. મોક્ષમાર્ગ તરીકે ભી હૈ અને મોક્ષમેં ભી ક્ષાયિક સમકિત રહતા હૈ. માર્ગમેં ભી હૈ અને માર્ગકે ફલમેં ભી ક્ષાયિકસમકિત રહતા હૈ. ઈસ જીવમેં ભી ક્ષાયિક સમકિતકી શક્તિ ત્રિકાલ પડી હૈ. સમજમેં આયા? અંતર શક્તિ ન હો તો પ્રગટરૂપ પર્યાય કહાંસે હોગી? ક્ષાયિક સમ્યક્ શક્તિરૂપે પડા હૈ. જૈસા આઠ ગુણ ભગવાનકા હૈ ઐસા અંદરમેં હૈ. દ્રવ્યદૃષ્ટિ કરનેસે, પર્યાયદૃષ્ટિ છોડનેસે ત્રિકાલ જ્ઞાયકભાવ સ્વભાવ ઉસકી દૃષ્ટિ કરનેસે ક્ષાયિક સમકિત ઈસકો હૈ ઐસા મેરેમેં ભી ક્ષાયિક સમકિત હૈ. '**કેવલજ્ઞાન,...**' ભગવાનકો પ્રગટ કેવલજ્ઞાન હૈ, ઈસ આત્મામેં ભી શક્તિરૂપ કેવલજ્ઞાન હૈ. '**કેવલદર્શન,...**' ભગવાનકો પ્રગટ પર્યાયમેં કેવલદર્શન હૈ. યહ આત્મા ભી કેવલદર્શન શક્તિરૂપ હૈ. આહા..હા..! સમજમેં આયા?

રાત્રિકો કહા થા એક કિ આત્મામેં જો જ્ઞાનગુણ હૈ જ્ઞાનગુણ, ઉસકી અસ્તિત્વકી હદ કિતની? સમજમેં આયા? આકાશ હૈ ઉસકે અસ્તિત્વકી મર્યાદા કિતની? કહાં અસ્તિત્વ નહીં હૈ આકાશકા? ચલે જાઓ તો અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ.... અસ્તિ... અસ્તિ... કહીં નાસ્તિ તો આયેગી નહીં. આકાશ ચારે બાજુ દેખો હૈ... હૈ... હૈ... હૈ... હૈ... હૈમેં નહીં હૈ કભી નહીં આયેગા. શેઠી! ક્યા? આકાશમેં કભી નહીં હૈ ઐસા આયેગા? ક્ષેત્રમેં નહીં હૈ કહીં નહીં. હૈ... હૈ... હૈ... હૈ કા અપાર. હૈ કા અપાર, અસ્તિકા અપાર. હૈ હી બસ અસ્તિ હૈ. અસ્તિમેં કહીં નાસ્તિ હૈ નહીં. તો ક્ષેત્રકા ભી અસ્તિમેં ક્યાંય નાસ્તિ નહીં. તો આ એક-એક ગુણમેં હૈ... હૈ... હૈ... કિતના? સામર્થ્ય ક્ષેત્રસે છોટા ઐસા ન લેના. પણ ભાવમેં અસ્તિ કિતના સામર્થ્ય? કિ હૈ... હૈ... હૈ... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.... ક્યા કહા?

મુમુક્ષુ :- પ્રદેશ ભી હૈ?

ઉત્તર :- પ્રદેશકી બાત નહીં. યહાં ભાવકી બાત લેતે હૈં. જેમ પ્રદેશકા અસ્તિપણા (હૈ ઉસમેં) કહીં અસ્તિસે નાસ્તિ નહીં આતા ચારે બાજુ. અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... તો ક્ષેત્રકા ભી અસ્તિ... અસ્તિ.... અસ્તિ... અસ્તિ... અસ્તિમેં કહીં માપ નહીં. તો યહ જ્ઞાનગુણકા અસ્તિકા સ્વભાવકા માપ નહીં. સમજમેં આયા? વસ્તુ હૈ ઉસકા ક્ષેત્ર ઈતના છોટા હૈ ઐસા

નહીં. ઉસકા ભાવ. જૈસે ઉસકા ક્ષેત્રમેં ક્યાંય અસ્તિ સિવાય નહીં હૈ ઐસા નહીં આતા. એમ આમાં સામર્થ્ય કિતના? કિ હૈ... હૈ... હૈ... અનંત... અનંત... અનંત... અનંત સામર્થ્ય. કિતના અનંત? કિ ઈતના અનંત હૈ.. હૈ.. અનંત હૈ. હિંમતભાઈ! શું કહ્યું સમજાણું?

એક-એક ભગવાન આત્માકા એક-એક ગુણ. એક-એક કહતે હૈ ન? પ્રત્યેક. એક-એક ગુણ..... આ એક ક્ષેત્રકા ગુણ વ્યાપકરૂપે, વ્યાપકરૂપે તો ક્યાંય અંત નહીં, અસ્તિસે નાસ્તિ નહીં. તો આત્મા ઉસકા એક-એક ગુણકા, ભાવકા અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... એટલે? સામર્થ્ય... સામર્થ્ય... સામર્થ્ય... સામર્થ્ય... સામર્થ્ય... સામર્થ્ય... એમાં સામર્થ્યની અસ્તિની ક્યાંય નાસ્તિ આતી હી નહીં હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- અનંત સામર્થ્ય.

ઉત્તર :- અનંતા અનંતા અનંતગુના સામર્થ્ય હૈ. સમજમેં આયા? ઉસ સામર્થ્યમેં સબ કેવલજ્ઞાનાદિ પડા હૈ. એ જ્ઞાનગુણમેં કેવલજ્ઞાન કિતના? સામર્થ્ય અનંત... અનંત... અનંત... અનંત... ક્ષેત્રસે વહ તો ક્ષેત્રકી બાત કિયા. અહીંયા ભાવ. ભાવમેં અનંત... અનંત... અનંત... સામર્થ્ય. એ અનંતનો અંત ન આવે ઈતના સામર્થ્ય હૈ અંદર. જૈસા ક્ષેત્રકા અંત ન આવે ઈતના સામર્થ્ય હૈ. અસ્તિમેં નાસ્તિ ન આવે. સમજમેં આતા હૈ? આહા..હા..! ઐસા એક-એક ગુણ આત્મામેં હૈ. ગુણ એક ઉસકા સામર્થ્ય કિતના અનંત? કિતના અનંત? કિતના અનંત? સામર્થ્ય અનંત... અનંત... અનંત... સમજમેં આયા? ઐસે દરેક ગુણ. આહા..હા..! એ તો શાસ્ત્રમેં ટૂંકી ભાષામેં કહા કિ એક ગુણમેં અનંત સામર્થ્ય હૈ. અનંત શક્તિ ઐસા કહા હૈ. સમજમેં આયા? એક ગુણમેં અનંત શક્તિ ઐસા કહા હૈ. ગુણ એક, શક્તિ અનંત. અનંત-અનંત શક્તિ અનંત-અનંત અમાપ. જૈસા ક્ષેત્રકા માપ નહીં, તો ઉસકા જાનનેવાલા જ્ઞાનકા માપ નહીં. ઈતના સ્વભાવકા સામર્થ્ય અનંત-બેહદ-અપરિમિત હૈ. સમજમેં આયા? ઐસી દૃષ્ટિ છોડકર અલ્પજ્ઞમેં અને રાગમેં અપના માનના વહ મિથ્યાદૃષ્ટિપના હૈ. સમજમેં આયા?

એક-એક ગુણકા અમાપ સામર્થ્ય. માપ નહીં, અનંતતાકા અંત નહીં. ઈતની તાકાતકા કેવલજ્ઞાન અંતર હોં. ઈતની તાકાતકા કેવલદર્શન, ઈતની તાકાતકા વીર્ય, ઈતની તાકાતકા આનંદ. સમજમેં આયા? અનંત-અનંત આનંદ પ્રગટ હો, પ્રગટ હો તો ભી, સાદિઅનંત અનંત પ્રગટ હો તો ભી ત્યાં તો આનંદ પરિપૂર્ણ હૈ... હૈ... અને હૈ હી પરિપૂર્ણ. ચંદુભાઈ! યે અનંત આનંદ સર્વજ્ઞકો પ્રગટ હો ગયા તો હવે ગુણમેં આનંદ નહીં રહા, સબ આ ગયા પર્યાયમેં (ઐસા નહીં હૈ). અમરચંદભાઈ! આહા..હા..! ઉસકી ચૈતન્ય મહિમા કિતની હૈ ઉસકો ખ્યાલમેં આઈ નહીં, કભી વિચાર કિયા નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નજર કરે ત્યારે હવા આવે કે પાણીમાં હવા આવે ઠંડી પણ નજીક જાય તો આવે કે દૂર દૂર આવે? દેરિયાજી પૂછતે હૈ કિ ઈતની-ઈતની તાકાતકી કુછ હવા નહીં? પાની તો બડા ઠંડા પડા હૈ તાલાબમેં. પાંચ ગાઉ-દસ ગાઉ છેટે ઈતના પાની ભરા હૈ ફિર ભી હવા ભી નહીં. પણ નજીક જાય તો હવા આવે કે દૂરસે હવા આવે?

ઐસે ભગવાન આત્મા દેહ, વાણી, મનસે ભિન્ન, પુણ્ય-પાપકે વિકલ્પસે ભિન્ન, કર્મસે ભિન્ન, પણ અપના સ્વભાવસે અભિન્ન અને સ્વભાવ અનંત-અનંત સામર્થ્ય. આહા..હા..! મીઠાલાલજી! આહા..હા..! એક વિચાર તો કરે કે આ તે ક્યા હૈ? સમજમેં આયા? આમ ક્ષેત્ર દેખો તો ક્યાંય નાસ્તિ નહીં. ક્યા હૈ આ વાત? બાત ક્યા હૈ આ? ઉસકા વિચાર કરનેવાલા (ઉસકી કહીં નાસ્તિ નહીં). વહ (ક્ષેત્ર) તો જડ હૈ, જડકા સ્વભાવમેં અસ્તિ-અસ્તિ કહાં તક લેના? અસ્તિ... અસ્તિ... અસ્તિ... કહાં તક લેના ચારે બાજુ? કહાં તક ક્યા? પાર નહીં. આ તે ક્ષેત્રસ્વભાવ અમાપ, અચિંત્ય, માપકા માપ, ઉસમેં નહીં હૈ માપ, જ્ઞાનમેં આ જાયે. તો એ જ્ઞાનકી એક સમયકી પર્યાયમેં ભી જહાં ઈસકા માપ આયા, ઐસી અનંતી-અનંતી પર્યાય પ્રગટ જિસમેં હો તો ભી વહ જ્ઞાનકા સ્વભાવ અનંત-અનંત બેહદ હી રહતે હૈ. આહા..હા..! એને એક દુનિયાકી એક સાધારણ ચીજ મિલે ત્યાં આમ રાજી રાજી હો જાતા હૈ કિ આહા..હા..! નવીન આયા. પણ યે તેરે પદાર્થમેં ક્યા સ્વભાવ હૈ (ઉસે દેખતા નહીં). લાલચંદભાઈ! આહા..હા..! ભગવાન! સારી ચીજ હોય તો દેખનેકા મન હોતા હૈ. સારી ચીજ આવે. પચાસ હજાર, લાખનો એક હાર આવે. ચગદા મૂક્યા હોય હીરા, માણેકના, ધૂળના. આમ આહા..હા..! હવે ધૂલકા હૈ, ક્યા હૈ ઉસમેં? સબ દેખતે હૈ ઓહો..હો..! આપણે એક પચાસ હજારનો (દાગીનો ઘરમાં આવ્યો).

મુમુક્ષુ :- ધૂળ કઈ જાતની?

ઉત્તર :- ધૂળ હોય એક જાતની. સબ દેખનેકો આવે ઉસકી ચમક. પણ આ હીરાકી એક-એક ગુણકી ચમક ક્યા હૈ? આહા..હા..! સમજમેં આયા? વહ ધૂલકી ચમક દેખનેમેં આતી હૈ. અને સબ એકઠા હો. આ ભગવાન આત્મા અરે! તેરી નજરું તો નાખ અંદર. એ અમાપ... અમાપ... અમાપ... અમાપ... અમાપ... જિસકા ગુણકા સ્વભાવકી શક્તિકા માપ નહીં ઈતના ગુણ હૈ એક-એક. ઐસા અનંતગુણકી સંખ્યા, એ સંખ્યા તો વળી આકાશ કરતા અનંતગુણી. આ તો એક એક ગુણકી આટલી-આટલી સામર્થ્ય હૈ. સમજમેં આયા?

અનંત કેવલજ્ઞાન ઈસ ભગવાન આત્મામેં બિરાજમાન હૈ. પણ જિસકા સ્વભાવ કહો, સ્વભાવ કહો, સ્વશક્તિ કહો, સ્વસત્ત્વ કહો, સ્વપના કહો તો આત્મા સ્વપણારૂપ, જ્ઞાનપણારૂપ, દર્શનપણારૂપ, આનંદપણારૂપ. પણારૂપે આતા હૈ ન આનંદપણારૂપ. તો એક-એક ગુણકા

આનંદપણારૂપ જિસકા સ્વભાવ ઉસકી મર્યાદા ક્યા? એ તો વસ્તુ જ કોઈ અલૌકિક બાત હૈ. સમજમેં આયા? પરમાણુમેં ભી ઐસા હૈ હોં સ્વભાવ. સ્વભાવિક વસ્તુ ઐસી કોઈ અચિંત્ય હૈ. સ્વભાવ આહા..હા..! તત્ત્વ. સત્‌કા સત્ત્વ, સત્ વસ્તુ ઉસકા સત્ત્વ. સત્ત્વ નામ ભાવપણા, ભાવપણા ઉસમેં હોનાપણારૂપ શક્તિ એક-એકકી અનંત હૈ. એક-એક શક્તિકી અનંત શક્તિ એમ. ઐસી-ઐસી અનંત શક્તિ આત્મામેં એક સમયમેં પડી હૈ. કભી ઉસકો સુના નહીં. ઉસકા પ્રત્યે મોહ કિયા નહીં. ક્યા હૈ પણ આ? શેઠી! દેખનેકા દિલ ન કિયા, એ નજરું નાખનેકી ચીજમેં નજર કભી કિયા નહીં. પ્રતીતમેં યે ચીજી કભી અનંતકાલમેં લાયા નહીં. બાકી સબ કિયા. ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! એનાથી રહિત અને અનંતા ગુણના સ્વભાવ સામર્થ્ય સહિત. દયા, દાન વહ તો એક વિકલ્પ વિપરીત ભાવ હૈ. યહ તો સારા અવિપરીત ભાવ હૈ. ઓહો..હો..! સમજમેં આતા હૈ?

**'કેવલજ્ઞાન, કેવલદર્શન,...'** ઓહો..! સમકિતમેં ભી ક્ષાયિકસમકિત પર્યાયમેં પ્રગટ હુઆ ભગવાનકો. આત્મામેં શ્રદ્ધા નામકી શક્તિમેં અમાપ શક્તિ પડી હૈ. ક્ષાયિક સમકિત પ્રગટ હુઆ, દૂસરે સમયે દૂસરી પર્યાય. પર્યાય તો પલટતી હૈ કિ નહીં ક્ષાયિક સમકિતકી? સાદિઅનંત પર્યાય હોતી હૈ તો વહ સબ સમકિત નામકે શ્રદ્ધાગુણમેંસે આતી હૈ. ઈતની ઈતની હો તો શ્રદ્ધાગુણ તો ઐસા અમાપ-અમાપ. શ્રદ્ધાગુણકા સ્વભાવ અમાપ અને અચિંત્ય કોઈ સ્વભાવ હૈ. સમજમેં આયા? જુઓ, વળી આજે અનંતચતુર્દશીમેં અનંત આયા. આહા..હા..! ક્યાંય લેવા ગોત્યું નહોતું. પણ કલ રાત્રીકો થોડી બાત ચલી થી. વળી આ આઠ ગુણ આવ્યા સિદ્ધના. સિદ્ધ ગુણ આત્મામેં હૈ. **'जा रिसिया सिद्धप्पा.. तारिसा संसारी जीवा'** સમજમેં આયા? આહા..હા..! પૈસા થોડા કાંઈક મળે, શરીર કાંઈક ઠીક થાય, બહુત અચ્છા હૈ અમારે હમણા, અમારે હમણા બાદશાહી છે.

મુમુક્ષુ :- .. સુખી થઈ જાય.

ઉત્તર :- દુઃખ મળે એમાં સુખી થઈ જાય. એ દુઃખ મળે છે. ધૂળ ક્યાં સુખ હતો ધૂળમાં? એય..! મનસુખભાઈ! શું હશે આ? પાંચ કલાકની પેદાશમાં સુખના કેટલા ઢગલા હશે? નહીં? લે! ભાઈ, હવે મોટા-મોટા શું કહેવાય? હશે કાંઈક. પાંચ-પાંચ લાખની પેદાશ. ફાટી જાઈ કે નહિ પ્યાલા? શેના પ્યાલા ફાટે પણ? પ્યાલો તો અંદરમાં (છે). સમજમેં આયા? નિર્વિકલ્પ ચૈતન્યના સ્વભાવો એક-એક, એની અચિંત્યતા એના પ્યાલા પીવે (તો) અમૃતના ઓડકાર અંદરથી આવે. એ અમૃતના ઓડકાર આવે વહ પ્યાલા આત્માકા હૈ. ધૂલમેં રાગ ને

પુણ્ય, દયા, દાનના પરિણામમેં કહાં આત્મા થા? સમજમેં આયા? વહ તો આસ્રવ તત્ત્વ હૈ.

કહતે હૈ સમકિત આદિ, અનંત દર્શન આદિ, 'અનંતવીર્ય,...' ઓહો..હો..! અનંતદર્શન. ભગવાનકો અનંતદર્શન પ્રગટ હુઆ સિદ્ધકો કહાંસે આયા? ગુણમેંસે. ગુણકી કિતની સામર્થ્યતા? બેહદ સામર્થ્યતા. કભી વહ પર્યાય જો પ્રગટ અનંત દર્શન હુઈ વહ કભી પૂરી હોગી? કભી પૂરી હોગી કિ હવે તો અનંતદર્શનકી પર્યાય નહીં આયેગી. ઉસકી ખાનમેંસે અનંત દર્શન-ગુણમેંસે અનંત દર્શન જો પર્યાયમેં બહતા હૈ એક, દો, તીન, ચાર, સાદિ-અનંત. સાદિ-અનંત એટલે ક્યાં ઉસકા અંત હૈ હવે? દ્રવ્યકા અંત હોગા? દ્રવ્ય કહાં પૂરા હોગા? તો ઉસકી પર્યાય કહાં પૂરી હોગી? ક્યા કહા? શેઠ! આ વાત તો વસ્તુસ્થિતિ છે પણ ઉસકો સુનનેમેં આયી નહીં કિ ક્યા ચીજ હૈ ઉસકા માહાત્મ્ય નહીં આતા. આ તો યે કરો. પણ ક્યા કરે? વહ ચીજ કૈસી હૈ? સમજમેં આયા? જિસકી નિધાન ખાનમેં એક-એક ગુણમેં અનંત માહાત્મ્ય પડા હૈ તો કહતે હૈં કિ અનંત... અનંત... અનંત... અનંત... દર્શનપર્યાય પ્રગટ હોતે... હોતે... હોતે... હોતે... હોતે... કભી યહ પર્યાય છૂટેગી? કિ હવે પર્યાય નહીં આયેગી. વહાં ખાન પૂરી હો ગયી. અખૂટ ખજાના. સમજાણું?

બિચારા શેઠાણી કહેતા હતા. આજ ગયાને શેઠાણી, લાલચંદભાઈના. અરે! હમ તો સુનતે થા કિ રાજા, રાણી અને મોટા-મોટા હીરા ને માણેકની મોટી ખાણું હશે. પણ અમે તો આ આત્માની હીરા-માણેકની ખાણ અહીં જોઈ. એ લાલચંદ શેઠની દીકરી. સર હુકમીચંદની દીકરી આ લાલચંદ શેઠને ત્યાં.. છેલ્લા. હમને તો સુના થા કિ રાજા-મહારાજા મોટા કેવા હશે. એની પાસે હીરા-માણેકની ખાણું, મોટી ખાણું આવી-આવી ઐસા સુના થા. પણ અહીંયાં આત્માકી બાત હીરા-માણેકકી નિકલતી હૈ આત્માકી એક-એક બાત ખજાના ખૂટતા નહીં ઐસી બાત હૈ. એ બિચારા... ઈતના તો સમજે ન કિ યહ કાંઈક વાત ઐસી હૈ. સમજમેં આયા?

આત્મા હૈ કિ નહીં? ભગવાન સાક્ષાત્ હૈ. શક્તિરૂપ ભગવાન પરમેશ્વર ઉસકા હી એન્લાર્જ કરકે પર્યાયમેં પ્રગટ હોતા હૈ. સમજમેં આયા? અંદર શક્તિમેં પડા હૈ ઉસકી પર્યાય પ્રગટ હોતી હૈ. બાહરસે કહાંસે આતી હૈ? આહા..હા..! એ આત્મા ક્યા ઉસકી પ્રતીતકા ઠિકાના નહીં અને હમારે ધર્મ કરના. ઐસા આત્માકી પ્રતીતમેં કિતની તાકાત હૈ? ઐસા એક-એક ગુણ અનંત શક્તિવાલા, ઐસા અનંતગુણ ઐસા એકરૂપ ઉસકી પ્રતીત. ઉસ પ્રતીતમેં કિતના સામર્થ્ય હૈ? સમજમેં આયા? ઉસ પ્રતીતમેં કિતના સામર્થ્ય હૈ? અને એ પ્રતીતિ કિયા ઐસી સાદિઅનંત પર્યાય પ્રગટ હોતી હૈ. ઐસી જિસમેંસે નિકલતી હૈ ઉસ પ્રતીતમેં કિતની તાકાત હૈ! સમજમેં આયા? આહા..હા..!

એની અંતર સ્વભાવની દૃષ્ટિ થતાં પુણ્યના પરિણામ તીર્થંકરગોત્ર જે બાંધે એ પણ ઉડીને

ફૂ થઈ જાય. એની પણ જ્યાં કિંમત નથી. કિંમત નથી, દૃષ્ટિવંતને એની કિંમત નથી. સમજમેં આયા? તો કિસ ચીજકી કિંમત ઉસે ટાંકની હૈ? ભગવાન આત્મા અનંત દર્શન, અનંત વીર્ય. ઓહો..હો..! સર્વજ્ઞ ભગવાન સિદ્ધ ભગવાનકો અનંત વીર્ય પ્રગટ હુઆ. પ્રગટ હુઆ કહાંસે? અંતરમેંસે. તો પ્રગટ હુઆ વહ સાદિઅનંત વીર્ય રહેગા. ભગવાનકો અનંતવીર્ય સાદિઅનંત રહેગા. અનંત નામ? એ વીર્ય કભી અંતરમેંસે નહીં આયેગા? દ્રવ્યકા કભી અભાવ હોગા? તો પર્યાયકા કભી અભાવ હોગા? દ્રવ્ય સદા હૈ તો પર્યાય ભી સદા ઉસમેંસે બહતી હૈ. આહા..હા..! સમજમેં આયા?

ઐસા એક સમયમેં ભગવાન આત્મામેં વીર્યરૂપી સામર્થ્ય. વહ સામર્થ્યકા ભાવ, ઉસ ભાવકા માપ નહીં ઇતના. જ્ઞાનમેં ભલે આ જાઓ. જેમ ક્ષેત્ર જ્ઞાનમેં આતે હૈ કિ નહીં? ભાઈ! ક્ષેત્ર જ્ઞાનમેં આવે એટલે ત્યાં હદ આ ગયી? એમ કે અનંત-અનંત હૈ ઐસા જ્ઞાનમેં આ ગયા ત્યાં અંત આ ગયા? એમ જ્ઞાનમેં ઉસકા સબ ભાવકા અનંત સામર્થ્ય જ્ઞાનમેં આ જાયે. સમજમેં આયા? જેમ ક્ષેત્રકા સામર્થ્યકી અસ્તિકી કહીં નાસ્તિ હોતી નહીં, ઐસે અનંતકા ભી જ્ઞાનમેં ખ્યાલ આ ગયા. એમ આ એક-એક ભાવકા અનંત-અનંત સામર્થ્ય જ્ઞાનમેં આ જાયે. છતાં ભાવ તો અનંત અને અમાપ હૈ. સમજમેં આયા? શોભાલાલભાઈ! આ દૂસરી જાતકી બાત આજ હૈ. આ તો અનંત ચતુર્દશીકા દિન હૈ ન? અનંતકી બાત હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં સુના? કિતની ઉંચી! અમુલખ ક્યા? જેના મૂલ નહીં ઐસી ચીજ હૈ. કિંમત ક્યા કરના ઉસકી? કિંમત કરનેવાલા ઉસકી કિંમત કરા દેતે હૈ કિ હમ મૂઢ હૈ. આહા..હા..! ઐસી કિંમત અંતરમેં જિસકો લગી, ખલાસ હો ગયા. જન્મ-મરણ અને સંસાર ઉસકો હૈ નહીં. સમજમેં આયા?

'**સૂક્ષ્મ,...**' સૂક્ષ્મ ગુણ હૈ ન? સિદ્ધમેં પ્રગટ હૈ. આત્મામેં શક્તિરૂપ ત્રિકાલ પડા હૈ. સમજમેં આયા? અનંત. વહ ભી અનંત ગુણ હૈ ન? વીર્યકી વ્યાખ્યા ક્યા કિયા? સમજમેં આયા? વહ જૈનસિદ્ધાંત પ્રવેશિકામેં. ગુણ કિસકો કહતે હૈ? દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ અવસ્થામાં રહનેવાલેકો ગુણ કહતે હૈ. એય..! હૈ કિ નહીં છોકરાઓ? ક્યાં ગયો? સૂર્યકાંત! ક્યા હૈ? ગુણની વ્યાખ્યા આવી છે કે નહિ? કોને કહેવો ગુણ? દ્રવ્ય નામ પદાર્થને વિષે, પૂરા ભાગ નામ સારા ક્ષેત્રમાં અને બધી અવસ્થા નામ દરેક હાલતમાં રહે તેને ગુણ કહનેમેં આતા હૈ. આહા..હા..! પ્રત્યેક દ્રવ્યકા ગુણ ઉસકો કહતે હૈં કિ વહ ગુણ સારા દ્રવ્યકે ક્ષેત્રમેં વ્યાપક હૈ ઔર સારી અવસ્થામેં વ્યાપક હૈ. સમજમેં આયા? ક્ષેત્ર અને કાળ, ભાવ તો પોતે હૈ, દ્રવ્ય તો આ ગયા. ચારોં બોલ આ ગયે ઉસમેં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ. સમજમેં આયા?

એક આત્માકા અનંત વીર્ય નામકા ગુણ લો તો એ ગુણ આત્મામેં સારા ક્ષેત્રમેં વ્યાપક, અસંખ્ય પ્રદેશમેં વ્યાપક હૈ. ઔર વહ ગુણ સારી અવસ્થામેં વ્યાપક હૈ, પ્રત્યેક અવસ્થા હોતી હૈ વો સર્વમેં વ્યાપક હૈ. તબ ગુણકી શક્તિ કહનેમેં આતા હૈ. એ પાર નહીં ઈતની શક્તિ હૈ. આહા..હા..! એવી વાત.. વસ્તુ. વળી કેટલાક કહે, ભવિષ્યમેં આખિરકી પર્યાય મેરી ક્યા હોગી? કિ તેરા દ્રવ્યકા નાશ હો ગયા હૈ? ક્યા કહતે હો તુમ? આખિરકી પર્યાય ભગવાનને કઈ દેખી હોગી? જો ભગવાનને તીન કાલ દેખા હોગા તો હમારી આખિરકી પર્યાય ક્યા દેખી હૈ? એટલે ભગવાનને એમ દેખા કિ તેરા દ્રવ્ય નહીં હૈ પીછે? એમ દેખા હૈ ભગવાનને? પર્યાય નહીં તો દ્રવ્ય ભી નહીં. કેવલજ્ઞાનમેં ઈતની શંકા ઉઠાતે હૈં. અગર જો કેવલજ્ઞાન નક્કી હો જાયે તો સોનગઢકા ક્રમબદ્ધ નક્કી હો જાયે. એ જાણે સોનગઢનું. સોનગઢનું નથી, ભગવાનકે ઘરકા હૈ. સમજમેં આયા? આહા..હા..!

'**સૂક્ષ્મ, અવગાહન,...**' અપનેમેં અવગાહન ગુણ હૈ ન? આયુષ્યના અભાવમાં લિયા હૈ. આયુષ્યના અભાવમાં અપનેમેં અવગાહન કરતે હૈ ઐસા લિયા હૈ. વહ ભી અમાપ હૈ. '**અગુરુલઘુ,...**' ગુણ. ગોત્રકર્મનો અભાવ. '**અવ્યાબાધ...**' ગુણ. વેદનયીનો અભાવ. એ ચાર અઘાતિકા અને ચાર ઘાતિ. '**ઈન આઠ ગુણોંસે મંડિત હૈં, ઔર જિસકા અંત નહીં હૈ ઐસા નિરંજનદેવ...**' હવે દ્રવ્યકી બાત કરતે હૈ. '**જિસકા અંત નહીં ઐસા નિરંજનદેવ...**' આત્મદ્રવ્ય. '**વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવ જો આત્મદ્રવ્ય...**' યહ દ્રવ્યકી વ્યાખ્યા. વહ આઠ તો પર્યાય લી હોં, સિદ્ધકી પર્યાય હૈ વહ. ગુણ કહા પણ, આ તો પ્રગટ હૈ અને પર્યાય હૈ. ઐસી શક્તિ દરેક દ્રવ્યમેં પડી હૈ. અભવિમેં ભી પડી હૈ. ઓહો..હો..!

'**જિસકા અંત નહીં ઐસા નિરંજનદેવ...**' સિદ્ધ પરમાત્મા '**વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવ જો આત્મદ્રવ્ય...**' દેખો, યહ દ્રવ્ય .. સાધારણ-મુખ્ય બે ગુણ લેકર વ્યાખ્યા કિયા. '**વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવ...**' ત્રિકાલ. '**ઉસસે વિપરીત જો આર્ત રૌદ્ર ખોટે ધ્યાન...**' એ આત્મદ્રવ્યથી વિપરીત ખોટા ધ્યાન. '**ઉનસે ઉત્પન્ન હુએ જો શુભ-અશુભ કર્મ...**' ક્યા કહા? આ આત્મદ્રવ્ય કૈસા હૈ? કિ વિશુદ્ધજ્ઞાન-દર્શન સ્વભાવ. એક બાત. વો આત્મદ્રવ્ય વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવ ઉસસે વિપરીત આર્તધ્યાન, રૌદ્રધ્યાન. ઉસસે વિપરીત આર્તધ્યાન, રૌદ્રધ્યાન ઉસસે ઉત્પન્ન હુઆ શુભાશુભ કર્મ. સમજમેં આયા?

'**ઉનકા સ્વસંવેદનજ્ઞાનરૂપ શુક્લધ્યાનસે ક્ષય કરકે અક્ષય પદ પા લિયા હૈ.**' લ્યો! સમજમેં આયા? '**झाणेँ कम्मक्खउ**' એ એનો અર્થ કર્યો લ્યો! ધ્યાન દ્વારા ભગવાનને કર્મકા ક્ષય કિયા. તો ભગવાનકા આત્મા કૈસા થા? દ્રવ્ય હોં દ્રવ્ય. વિશુદ્ધ દર્શન જ્ઞાન સ્વભાવ. એક. ઉસસે ઉલટા આર્ત અને રૌદ્રધ્યાન ઉલટા ભાવ હૈ દ્રવ્યસ્વભાવસે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન.

સમજમેં આયા? ઈષ્ટના વિયોગે, અનિષ્ટના સંયોગે જો વિકલ્પ ઉઠતે હૈ આર્તધ્યાન વગેરે-વગેરે. અને રૌદ્રધ્યાન. હિંસાનંદી, મૃષાનંદી, ચોરી, વિષયાનંદ અને પરિગ્રહાનંદી. એક પછી એક પરિગ્રહમેં આનંદના ભાવ એ બધા રૌદ્રધ્યાન. સમજમેં આયા? ભગવાન વિશુદ્ધ દર્શન જ્ઞાન સ્વભાવ આત્મદ્રવ્ય વસ્તુ ઉસસે ઉલટા આર્તધ્યાન, રૌદ્રધ્યાન વિકારી પર્યાય ઉસસે બંધા શુભાશુભ કર્મ વહ ભગવાનને કૈસે ખપાયા? કિ '**સ્વસંવેદનજ્ઞાનરૂપ શુક્લધ્યાનસે...**' સમજમેં આયા? કોઈ વ્રતાદિકા વિકલ્પસે એ કર્મ ખપતે નહીં. સ્વસંવેદન એટલે જે વિશુદ્ધ દર્શન જ્ઞાનસ્વભાવ દ્રવ્ય, વિશુદ્ધ જ્ઞાન, દર્શન સ્વભાવ દ્રવ્ય ઉસકા સ્વસંવેદન. સ્વસંવેદન (અર્થાત્) ઉસકા સ્વકા અપના સં પ્રત્યક્ષ વેદન. જ્ઞાનકા પ્રત્યક્ષ વેદન કરકે આઠ કર્મકો ભગવાનને ખપાયા હૈ. સમજમેં આયા? પાછા ઉસકા મોક્ષકા ઉપાય યહ હૈ વહ બતાયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં. અવ્રતીકો નહીં હોતા. સ્થિરતા ચારિત્રકી હોતી હૈ પીછે હોતા હૈ. વ્રતીકો ભી નહીં હોતા હૈ. વ્રત વહ વિકલ્પ હૈ. સ્વરૂપકી સ્થિરતા જબ હોગી, ચારિત્રધારીકો આગે બઢકર શુક્લધ્યાન હોતા હૈ. એકલા સમ્યગ્દર્શનમેં હોતા નહીં. પણ ચારિત્ર કિસકો કહતે હૈ? સમ્યગ્દર્શન અનુભવ પ્રતીત અને સ્વરૂપમેં આનંદની લીનતા, ઉસકો દર્શન-જ્ઞાન-ચારિત્ર કહતે હૈ. એ ચારિત્ર આગે બઢતે-બઢતે શુક્લધ્યાન હોતા હૈ. સમજમેં આયા? પુણ્યાદિકે વિકલ્પસે આગે શુક્લધ્યાન હોતા નહીં. વહ તો અટકાનેકી ચીજ હૈ, રાગ હૈ, બંધકા કારણ હૈ. પંચ મહાવ્રત આદિ પરિણામ આસ્રવતત્ત્વ બંધકા કારણ હૈ. એ અબંધ પરિણામમેં બિલકુલ મદદ કરતે નહીં. આહા..હા..! અબંધસ્વભાવી ભગવાન ઉસકો મદદ કરતા હૈ. નિર્મલ પર્યાય, અબંધ પરિણામ, મોક્ષકા કારણ, મોક્ષ જો અબંધ હૈ, સર્વથા ઉસકા અબંધ પરિણામ ઉસકા કારણ દ્રવ્ય સ્વભાવ હૈ. સમજમેં આયા?

'**સ્વસંવેદનજ્ઞાનરૂપ શુક્લધ્યાનસે ક્ષય કરકે અક્ષય પદ પા લિયા હૈ.**' આ તો ઉત્કૃષ્ટ સ્વસંવેદન કહા. ચૌથે ગુણસ્થાનમેં ભી સ્વસંવેદનજ્ઞાન દ્વારા દર્શનમોહકા નાશ હોતા હૈ અને પીછે સ્વસંવેદન સ્થિરતા દ્વારા અવ્રતકા નાશ હોતા હૈ. પીછે ઉગ્ર સ્વસંવેદન દ્વારા શુક્લધ્યાન હોકર ચાર કર્મકા નાશ હોતા હૈ. સ્વસંવેદનજ્ઞાન ચૌથેસે લેકર.. ચૌથે ગુણસ્થાનમેં પ્રથમ... પ્રથમ... પ્રથમ... પૂર્ણાનંદ જ્ઞાનમૂર્તિ ઉસકા સ્વકા સંવેદન-પ્રત્યક્ષ વેદન, રાગકી અપેક્ષા બિના જ્ઞાનકા-જ્ઞાનકા, આનંદકા પ્રત્યક્ષ વેદન. વહાંસે સ્વસંવેદનસે મિથ્યાત્વકા નાશ હુઆ, ઉગ્ર સ્વસંવેદનસે અવ્રતકા નાશ હુઆ, પૂર્ણ સ્વસંવેદનસે ચાર ઘાતિ કર્મકા નાશ હુઆ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહી ચીજ હૈ. સ્વસ્વભાવ અપના વેદન કરના વહી મુખ્ય. કર્મ તો જડ હૈ,

દૂસરી ચીજ તો (જડ હૈ), રાગ પંચમહાવ્રતકા પરિણામ વહ ખરેખર તો અચેતન જડ હૈ. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈ, ઐસા '**શુક્લધ્યાનકા ક્ષય કરકે અક્ષય પદ પા લિયા હૈ. કૈસા હૈ શુક્લધ્યાન? રાગાદિ સમસ્ત વિકલ્પોંસે રહિત...**' લ્યો! એ સ્વસંવેદનજ્ઞાન ઉત્કૃષ્ટ બતાયા. નીચે પણ જિતના આત્માકા સ્વસંવેદન સમ્યગ્દર્શનપૂર્વક હોતા હૈ વહ સબ રાગરહિત, વિકલ્પરહિત હૈ. વહ પહલે આ ગયા હૈ યહાં. ચૌથેસે બારહ તકકા પહલે આ ગયા હૈ. આ પુસ્તકમાં હોં. છેને? કેટલામું પાનું છે? દેખા હૈ કિ નહીં? ૧૨મી ગાથા આગળ હશે. બરાબર. ૨૧ પાને હૈ દેખો. જુઓ યહાં હૈ. '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવે ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ,...**' દેખો, બીચમેં. હૈ? '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવે ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ,...**' સમજમેં આયા? ૧૨વી ગાથાકે અર્થમેં લિયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસે નહીં. ઐસી શ્રદ્ધા ક્યા શ્રદ્ધા કરે? અપના સ્વરૂપ સ્વસંવેદનજ્ઞાનમેં વેદન આતા હૈ ઉસસે પ્રતીત કરના ઉસકા નામ સ્વસંવેદનજ્ઞાન હૈ. અમરચંદભાઈ! આહા..હા..! શ્રદ્ધા રખો, ક્યા શ્રદ્ધા કરે? સમજે બિના? જ્ઞાનમેં તો વસ્તુ આયી નહીં ને શ્રદ્ધા કરો. કેરી તો દેખી નહીં અને શ્રદ્ધા કરો કેરી ઐસી હોતી હૈ. ક્યા પણ દેખે બિના? સમજમેં આયા?

કહ્યું નહોતું એક ફેરી? અમારે દાખલો ત્યાં મચ્છરનો અને હાથીનો. કુવાડવામાં ગયા હતા. કુવાડવા ગામ હૈ. રાજકોટસે પાંચ ગાઉ. નિશાળમેં ઉતરે થે. તો એક મચ્છરકા ચિત્ર થા. મચ્છર-મચ્છર હોતા હૈ ન? તો માસ્તરને વિદ્યાર્થીકો સિખાનેકો મચ્છરકા ટાંગા લાંબા કિયા થા. પગ ઈતના લંબા-લંબા. આમ જરી દેહ અને જરી મોઢું (બનાવેલું). તો ગામમેં આયા હાથી. માસ્તર સાહેબ! આપને સિખાયા થા વહ મચ્છર આયા. યહ હુઆ હૈ હોં! કુવાડવા હૈ રાજકોટસે પાંચ ગાઉ. બહુત છોટા હૈ મચ્છર તો જરી પગ લાંબા કિયા. ઉસકો બતાના થા ન? કિ યહ પગ આખિરમેં ઈતના હૈ, બીચમેં ઈતની ઝીણી-ઝીણી રૂંવાટી હોતી હૈ. ઐસા બતાનેકો ચાર પગ લંબા કિયા. ઔર પીછે ઈતના થોડા શરીર બનાકર, મુંહ બનાકર ઉસકો મચ્છરકા ખયાલ દિયા કિ મચ્છર ઐસા હૈ. ખયાલ આ જાયે. હમને દેખા થા વહાં મચ્છર ઈતના. ત્યાં એકદમ હાથી આયા. ઓલો કહે, માસ્તર સાહેબ! જો સિખાયા વહ મચ્છર આયા. આ મચ્છર નહીં ભાઈ! તુઝે છોટે મચ્છરકા બડા ચિત્ર કરકે બતાયા થા. હાથી મચ્છર હો ગયા? ભાન નહીં ઉસકો હાથી મચ્છર હૈ. સમજમેં આયા? ભાન બિના કિસકી પ્રતીત કરના? ઐસે આત્મા ક્યા ચીજ પૂર્ણાનંદ જ્ઞાયક હૈ જ્ઞાનમેં અંતરમેં આયે બિના, અંતરમેં જ્ઞાનમેં આ જ્ઞેય

હૈ ઐસા ભાન હુએ બિના ખરગોશકે સિંગકી શ્રદ્ધા કરો. ક્યા કરે? સિંગ હૈ હી નહીં. દેખી નહીં ચીજ, આયી નહીં જ્ઞાનમેં ચીજ, ક્યા પ્રતીત કરના? સમજમેં આયા?

ઐસે ભગવાન આત્મા આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સૂર્ય અંતર દૃષ્ટિમેં, જ્ઞાનમેં આતે, વેદન હોતા હૈ ચૌથે, પાંચવે ગુણસ્થાનમેં. લિખા હૈ? સરાગ દિખનેમેં આતા હૈ, ત્યાં થોડા રાગ હૈ. તો '**રાગસહિત અવસ્થાકે નિષેધકે લિયે વીતરાગ સ્વસંવેદન જ્ઞાન ઐસા કહા હૈ.**' ઉપરકે ગુણસ્થાનમેં તદ્દન વીતરાગ સ્વસંવેદન હોતા હૈ તો કેવલજ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? '**ઈસ કારણ જબતક મિથ્યાદૃષ્ટિકે અનંતાનુબંધીકષાય હૈ, તબતક તો બહિરાત્મા હૈ, ઉસકે તો સ્વસંવેદન જ્ઞાન અર્થાત્ સમ્યક્જ્ઞાન સર્વથા હી નહીં હૈ,...**' સ્વસંવેદનજ્ઞાન કહો યા સમ્યગ્જ્ઞાન કહો. ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ જ્ઞાનસે જ્ઞાનમેં ખયાલ આયે બિના, રાગસે ખયાલ આતા હૈ વહ આત્માકા જ્ઞાન નહીં. સમજમેં આયા? એકીલા વસ્તુ જ્ઞાનસ્વરૂપ રાગસે ભિન્ન ઐસા સ્વસંવેદનજ્ઞાન આતા હૈ ઉસકા નામ રાગરહિત જ્ઞાન કહનેમેં આતા હૈ.

'**ઔર ચતુર્થ ગુણસ્થાનમેં સમ્યગ્દૃષ્ટિકે મિથ્યાત્વ તથા અનંતાનબંધીકા અભાવ હોનેસે સમ્યગ્જ્ઞાન તો હો ગયા, પરંતુ કષાયકી તીન ચૌકડી બાકી રહનેસે દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં હોતા, ઔર શ્રાવકકે પાંચવે ગુણસ્થાનમેં દો ચૌકડીકા અભાવ હૈ, ઈસલિયે રાગભાવ કુછ કમ હુઆ, વીતરાગભાવ બઢ ગયા,...**' પાંચવે ગુણસ્થાને વીતરાગભાવ બઢ જાતા હૈ. ઐસી પડીમા-બડીમાકા વિકલ્પ આયા તો પંચમ ગુણસ્થાન આ ગયા ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- વીતરાગભાવ

ઉત્તર :- વીતરાગભાવ વિના પડીમા કૈસી? એય..! મોતીરામજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દો પ્રકાર કહાં આયા? એક અજ્ઞાનીકા અને એક જ્ઞાનીકા-દો પ્રકાર હૈ. સમજે?

'**સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' દેખો, વીતરાગભાવ પંચમ ગુણસ્થાનમેં બઢ ગયા, '**ઈસ કારણ સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' મુનિકો ... કહ દિયા. ચૌથેસે બારવે તક લિયા હૈ. પહલે જ્ઞાનકા અંતર વેદન સમ્યક્ ચિદાનંદ જ્ઞાનકા જ્ઞાન કિયે બિના કહાંસે ચલેગા વહ? ક્યા ચીજ હૈ અને કિસમેં ઠરના? આ ચીજ ધ્રુવ હૈ કાયમકી ઉસમેં ઠરના વહ ચારિત્ર હૈ. ઐસી ઠહરનેકી ચીજકી સત્તા અસ્તિત્વ તો જ્ઞાનમેં આયા નહીં. પુરુષાર્થ કહાં કરેગા વહ? ક્યા રાગમેં ઠરના વહ ચારિત્ર હૈ? સમજમેં આયા? એકાગ્રતા રાગ ... આકુલતા હૈ, દુઃખ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંધેકી ક્રિયા હૈ અંધેકી.

દેખો, 'કૈસા હૈ **શુક્લધ્યાન?' 'પરમનિરાકુલતારૂપ હૈ. યહી ધ્યાન મોક્ષકા મૂલ હૈ, ઈસીસે અનંત સિદ્ધ હુએ ઔર હોંગે.'** લ્યો! આ રીતે અનંત હુઆ અને અનંત સિદ્ધ હોંગે. તુમ ભી ઐસી ક્રિયા, ઐસા લક્ષસે સિદ્ધ હોગા, દૂસરા કોઈ ઉપાય હૈ નહીં. કહો, સમજમેં આયા?

હવે જરી મહિમા કહતે હૈ સિદ્ધકી. '**આગે ફિર ભી સિદ્ધોંકી મહિમા કહતે હૈં—**
–'

**૩૩૩) अण्णु वि बंधु वि तिहुयणहँ सासय-सुक्ख-सहाउ।**
**तित्थु जि सयलु वि कालु जिय णिवसइ लद्ध-सहाउ।।२०२।।**

'**ફિર વે સિદ્ધભગવાન તીન લોકકે પ્રાણિયોંકે હિત કરનેવાલે બંધુ હૈં,...**' એ સિદ્ધ ભગવાન બંધુ હૈ. આહા..હા..! સમજમેં આયા? અરીસામેં દેખો તુમ્હારા મુંહ દેખના હો તો. ઐસે સિદ્ધમેં દેખો કિ મૈં કૈસા હૂં? સિદ્ધમેં હૈ ઐસા મૈં હૂં. સિદ્ધમેં નહીં હૈ ઐસા મેરેમેં ભી નહીં હૈ. બંધુ કહા દેખો, બંધુ. પરમાત્મપ્રકાશ. સિદ્ધ બંધુ હૈ. ભાઈ હૈ ભાઈ જોડે, દૂસરા બંધુ. આહા..હા..! ક્યોંકિ? '**त्रिभुवनस्य बन्धु**' ઓહો..હો..! તીન લોકના પ્રાણીના બંધુ. સમજમેં આયા? એકેન્દ્રિયકો ભી બંધુ, બે ઈન્દ્રિય સબ? ભાઈ! જિસકો હિત કરના હૈ ઉસકા બંધુ હૈ. તો સબ લોકકા હિતબંધુ કહનેમેં આયા હૈ. જૂઠ ભાષા નહીં હૈ. જિસકો અપના હિત કરના હૈ તો જૈસા સિદ્ધ હૈ ઐસા મૈં હૂં. મેરી પર્યાયમેં ભી નિર્મલતા વહી મૈં. જિતની મલિનતા વહ મૈં નહીં. શરીર સંયોગ ભી નહીં. સિદ્ધ આદર્શ હૈ. અરીસામેં દેખે આદર્શ. ઐસા ઉસમેં દેખે. ઉસમેં નહીં હૈ વહ તેરેમેં નહીં હૈ, ઉસમેં હૈ વહ તેરેમેં હૈ. ઐસા મિલાન કરકે તેરે સ્વભાવકી એકાગ્રતા હોતી હૈ તો સિદ્ધ ઉસમેં બંધુ તરીકે કહનેમેં આયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલા જ કરે છે. બંધુ કીધાને. હમ સુખ ભોગતે હૈ ઐસા તુમ ભોગ. હમારી જાતકા તુમ સિદ્ધ હૈ, આત્મા હૈ. હમારી નાત અને જાતકા તુમ આત્મા ઐસા આદર્શ તરીકે બતાતે હૈ. હમારી જાતકા તુમ હૈ. ફેરફાર કિંચિત્ નહીં. અને કિંચિત્ ફેર માના તો મિથ્યાદૃષ્ટિ સંસારી હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. દેતે હૈ ન? પણ લેનેકી તાકાત હો વહ લે કે કોણ લે? પાંગળો ક્યાંથી લે? .. હાથ ન મળે. કપાઈ ગયા હાથ, ક્યાંથી લે? સમજમેં આયા?

દેખો, પાઠ ક્યા લિયા હૈ? એ સિદ્ધ ભગવાન '**त्रिभुवनस्य बंधुरपि शाश्वतसुखस्वभावः**' '**જિનકા સ્વભાવ અવિનાશી સુખ હૈ,...**' ઓહો..! પરમાત્મા આનંદ... આનંદ... આનંદ...

અતીન્દ્રિય આનંદ. ઐસા સ્વભાવ હુઆ વહ આત્માકા બંધુ હુઆ. ઉસકા લક્ષ કરકે મેરેમેં ભી અનંત આનંદ અંદર શક્તિરૂપ હૈ ઉસકા મૈં અનુભવ કરું તો મૈં ભી સિદ્ધ હોઉં. સમજમેં આયા? ઐસા દિખાનેમેં ભગવાન સિદ્ધ પરમાત્મા ત્રણ લોકના બંધુ હૈ. આહા..હા..!

'**જિનકા સ્વભાવ અવિનાશી સુખ હૈ, ઔર ઉસી શુદ્ધ ક્ષેત્રમેં નિજસ્વભાવકો પાકર...**' દેખો, અપના શુદ્ધ ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ. બાહરમેં સિદ્ધ ક્ષેત્ર, અંદર સ્વભાવ શુદ્ધ ક્ષેત્રમેં ભગવાન બિરાજતે હૈં. અસંખ્ય પ્રદેશ શુદ્ધ હો ગયા ઉસમેં ભગવાન બિરાજતે હૈ. બાહરમેં લો તો સિદ્ધ ક્ષેત્ર વહાં હૈ, વહ ભી શુદ્ધ ક્ષેત્રકી અપેક્ષાસે કહનેમેં આયા હૈ. '**નિજસ્વભાવકો પાકર હે જીવ, સદા કાલ નિવાસ કરતે હૈં, ફિર ચતુર્ગતિમેં નહીં આવેંગે.**'

'**ભાવાર્થ :- સિદ્ધપરમેષ્ઠી તીનલોકકે નાથ હૈં,...**' ઓહો..! '**ઔર જિનકા ભવ્યજીવ ધ્યાન કરકે ભવસાગરસે પાર હોતે હૈં,...**' વહ પહલી ગાથામેં કહા '**वंदित्तु सव्व सिद्धे**'. સિદ્ધકા ધ્યાન કરકે, ઉસકા આદર્શ, ધ્યેય સિદ્ધપના હૈ. ઉસકા ધ્યાન કરકે આત્મા સિદ્ધ હોતા હૈ. સિદ્ધ જૈસા હી મૈં હૂં, પરિપૂર્ણ શુદ્ધ હૂં, આનંદમય હૂં, શાંતમય હૂં. ઐસા અપના આનંદ શાંતકા ધ્યાન કરનેસે આનંદ, શાંતિ પ્રાપ્ત હોતી હૈ. સમજમેં આયા? '**સિદ્ધપરમેષ્ઠી તીનલોકકે નાથ હૈં, ઔર જિનકા ભવ્યજીવ...**' ભવ્યજીવ. અભવ્ય જીવ ક્યા કરે? લાયક નહીં વહ ક્યા કર સકતા હૈ? સમજમેં આયા? '**જિનકા ભવ્યજીવ ધ્યાન કરકે ભવસાગરસે પાર હોતે હૈં, ઈસલિયે ભવ્યોંકે બંધુ હૈં,...**' બંધુ પાઠ લિયા હૈ હોં! આહા..હા..!

ઉસમેં આતા હૈ ન? બંધુ કહતે હૈ. રામચંદ્રજી જબ આતે હૈ. લક્ષ્મણકો શક્તિ લગી હૈ ન શક્તિ? લક્ષ્મણકો શક્તિ લગી હૈ ન રાવણકી? સીતાજીકો લેને આયે થે. સીતાજી વહાં રહ ગયે લંકામેં રાવણકે ઘરમેં. યહાં લક્ષ્મણ.. લોકો કહતે હૈ કિ આ શક્તિ સવાર પડે (પહેલા ન ઉતરે તો) ખલાસ હો ગયા. સવાર પહલે જો સારી શક્તિ ઉતરી નહીં તો મર જાયેગા. આહા..હા..! 'ભાઈ મરે ભવ હારીએ અને બહેની મરે .. જાય.' રામચંદ્રજી કહે છે. 'નાનપણામાં જેની મા મરે એને ચારે દિશાના વા વાય. બંધવ જાગ રે તું જીવ, બંધવ બોલી દે એકવાર.' એકવાર બંધુ હા પાડ. રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષ આમ કકળાટ કરે છે. અંદરમાં ખાતરી છે કે એ વાસુદેવ છે, મરે નહીં. પણ એકવાર ચારિત્રના દોષને લઈને (કહે છે), બંધવ! એકવાર જવાબ દે ભાઈ! જવાબ દે બાપા! એક ભાઈ ગયે ભવ હારીએ, ભવ હારી ગયો. તારો આધાર મને તું વાસુદેવ પુરુષ. મહા પુણ્યને લઈને તું આવ્યો છો. અમે તો અર્ધ વાસુદેવ છીએ. રામચંદ્રજી કહે છે. સમજાય છે? પોકાર-પોકાર મંડપમાં. સારા મંડપની અંદર. કોઈ લાવો, કોઈ આ શક્તિને ઉતારનાર લાવો. પોકાર કરતે થે. હનુમાન અરે! આ ... કોઈ શક્તિને લાવો ઉતારનાર. મારો બંધુ જાય છે. આહા..હા..! ભવ હારી જઈશ હું, એમ બોલે છે. બહુ કકળાટ

કરે છે. શાસ્ત્રમાં તો આવે ભાષા.

એમાં વળી ઓલી બાઈ આવે છેને વિશલ્યા. પૂર્વે બહુ તપ કર્યા હતા કે એવું શરીર એનું કે એને નવરાવે અને પાણી છાંટે તો શક્તિ ઉતરી જાય. રોગીના રોગ ઉતરી જાય. એને ઉતરવાની લાયકાત હોય માટે. સમજમેં આયા? ... એ બાઈકો કોણ લાવે અબ? જાવ ભરત પાસે. ઉસકે તાબેમેં હૈ ઉસકા પિતાજી. ભરત પાસે ગયે. રામચંદ્રજી ઐસા ફરમાતે હૈ. શું કીધું? વિશલ્યાકો લાવો. પણ તમારા રાજમેં રહતે હૈ વહ રાજા. ઉસકી કન્યા હૈ. જાઓ લે જાઓ. જાઓ રામચંદ્રજી પાસે. બાઈ જ્યાં ગઈને તો સારા મંડપ ખીચોખીચ કરોડો માણસસે ભરા. કરોડો-કરોડો માણસસે. આમ .. જ્યાં બાઈ અંદર આવી ત્યાં રોગીઓના રોગ ઘટવા માંડ્યા. જ્યાં અંદર આવીને અને જ્યાં નાહીને પાણી છાંટ્યું, આળસ મરડીને ઉભો થયો. ભાઈ! રામચંદ્રજી બંધુ! ભાઈ! બે મળ્યા. સમજે?

એમ આ સિદ્ધ ભગવાન આત્માના બંધવ છે. જાગ રે જાગ બંધવ જાગ, તારી હોડમાં ભગવાન ઉભા છે. સમજમેં આયા? સિદ્ધ ભગવાનકા લક્ષ ધ્યેય તેરા આત્મા હૈ ઐસા હી હૈ અને વહ હૈ ઐસા તુમ હૈ. ઈસલિયે ભગવાન કહતે હૈં, **'ભવ્યોંકે બંધુ હૈં,...'** સિદ્ધ ભગવાન તો ભવ્યોના બંધુ **'હિતકારી હૈં.'** એ તો હિતકારી તું લક્ષ કર તો હિતકારી બને. એ વિના કોણ બનાવે એમ છે? ઐસા સિદ્ધ ભગવાન બંધુ હૈ. ઐસા આત્મા અપના સ્વભાવકા ધ્યાન કરે સિદ્ધ જૈસા તો મુક્તિ હુએ બિના રહે નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૧૧-૦૯-૧૯૬૫**
**ગાથા- ૨૦૨ થી ૨૦૪, પ્રવચન-૨૧૧**

પરમાત્મપ્રકાશ, ૨૦૨ ગાથા. યહાં આયા ન? ભાવાર્થ-ભાવાર્થ લો. આખિરકી ગાથા હૈ તો સિદ્ધ પરમેષ્ઠીકા સ્વરૂપ કહતે હૈ. સિદ્ધ પરમેષ્ઠી.

**'ભાવાર્થ :- સિદ્ધપરમેષ્ઠી તીનલોકકે નાથ હૈં,...'** સિદ્ધ ભગવાન અશરીરી હૈ વે ત્રણ લોકકે નાથ (હૈ). ક્યોંકિ ત્રણ લોકકો જાનનેવાલે હૈ. એક. અને ત્રણ લોકના નાથ નામ

ઉસકા જો લક્ષ કરતા હૈ ઉસકી વર્તમાન જો ધર્મ દૃષ્ટિ આદિ પ્રગટ હુઈ હૈ ઉસકા નામ યોગ અને નયી અવસ્થા પ્રગટ હોનેમેં વે સિદ્ધ નિમિત્ત હૈ, યોગક્ષેમના કરનાર હૈ માટે ત્રણ લોકના નાથ કહનેમેં આતા હૈ. જો સ્વભાવ શુદ્ધ સિદ્ધકા હૈ ઐસી જિસકો દૃષ્ટિ હુઈ તો ઉસકો સિદ્ધકા નિમિત્ત હુઆ ઐસા કહનેમેં આતા હૈ. તો વહ મુનિકી જિતની નિર્મલ પર્યાય હુઈ ઉસકી રક્ષા કરતે હૈ ભગવાન, ન મિલી હુઈકો મિલાનેમેં નિમિત્ત હૈ તો મિલા દેતે હૈ ઐસા કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા ફરમાયા? લ્યો, આત્મા સાધ્ય હૈ, આત્મા સાધ્ય હૈ. સાધ્યકે સ્થાનમેં સિદ્ધ હૈ. સમજમેં આયા? આત્મા સ્વરૂપકા સાધનમેં સાધ્ય હૈ. સાધન કરનેમેં સાધ્ય સ્વભાવ શુદ્ધ. એ સાધ્યકે સ્થાનમેં-પ્રતિસ્થાનમેં સિદ્ધ હૈ. પરછંડા-પરછંડા બોલતે હૈ કિ નહીં? તુમ સિદ્ધ. એસે કહો તો ત્યાંથી અવાજ આવે 'તુમ સિદ્ધ.' પરછંડા પડતે હૈ કિ નહીં ઐસા?

મુમુક્ષુ :- મંદિરમેં પડતે હૈ.

ઉત્તષર :- વહ મંદિરમેં પડતે હૈ, યહાં આત્મામેં પડતે હૈ એમ કહતે હૈ યહાં. પાટણીજી! આતા હૈ ન પહલી ગાથામાં આપણે? '**वंदित्तु सव्व सिद्धे**'મેં આતા હૈ. આત્મા સાધ્ય, સિદ્ધ ઉસ સાધ્યકે સ્થાનમેં હોનેસે સિદ્ધકા ધ્યાન કરનેવાલા જીવ અપના સ્વરૂપ સિદ્ધ સમાન જાનકર, એકાગ્ર હોકર સિદ્ધપદકો પ્રાપ્ત હોતા હૈ. કહો, સમજમેં આયા? જહાં-તહાં ઉસકા આદર્શ લક્ષમેં લેકર જો સિદ્ધ હૈ ઐસા હી મૈં હૂં, ઉસમેંસે નિકલ ગયા વહ મેરેમેં નહીં, ઉસમેં રહા વહ મેરેમેં હૈ. ઐસા ધર્મી સિદ્ધકા આત્માકા સાધ્યમેં ધ્યાન કર અપના સ્વરૂપકા મનન કર સિદ્ધપદકો પ્રાપ્ત હોતા હૈ. વો માટે તીન લોકકા નાથ કહા. સમજમેં આયા?

સંસારમેં ભી નાથ કહતે હૈં ન પતિકો. તો ઉસકા ક્યા અર્થ હૈ? કિ ઉસકે પાસ જો સામગ્રી હૈ ઉસકી રક્ષા કરતા હૈ ઔર ન સામગ્રી હૈ ઉસકો મિલા દેતા હૈ. નયા-નયા દાગીના વસ્રાદિ દેતા હૈ, લો. હૈ ઉસકી રક્ષા (કરે) અને ન હો વહ મિલા દે. ઉસકા નામ લૌકિકમેં નાથ કહનેમેં આતા હૈ. યે લોકોત્તર નાથ હૈ. સિદ્ધ સમાન અપની દૃષ્ટિ કરકે અપના સાધન કરતા હૈ ઇતની પર્યાય તો ઉસમેં મૌજૂદ રહતી હૈ ઔર વિશેષ સાધન કરતે-કરતે પૂર્ણ હો જાયે ઉસકા નામ ક્ષેમ કિયા. સિદ્ધ ભગવાન અપની વૃદ્ધિ, સિદ્ધપનેકી અપની વૃદ્ધિમેં નિમિત્ત હુએ તો ઉનકો નાથ કહનેમેં આતા હૈ.

'**ઔર જિનકા ભવ્યજીવ ધ્યાન કરકે...**' દેખો, જિનકા. જિનકા એટલે એનું. '**ભવ્યજીવ ધ્યાન કરકે...**' અંતરમેં સિદ્ધ સમાનકા લક્ષ કરકે '**ભવસાગરસે પાર હોતે હૈં,...**' ચોર્યાશી લાખકા અવતારરૂપી ઉદયભાવ, ઉસ ઉદયભાવસે સંસાર પ્રાપ્ત હોતા હૈ. એ ઉદયકે (પારકો) પ્રાપ્ત હોતા હૈ, ઉદયકો પાર હોતા હૈ. ઉદયકો પાર હોકર અપના પૂર્ણ પારિણામિકભાવકો પ્રાપ્ત

કરતા હૈ. સમજમેં આયા? **'ઈસલિયે ભવ્યોંકે બંધુ હૈં,...'** દેખો, હૈ? ઈસ કારણ ભવ્ય જીવકે ભાઈ-બંધુ હૈ. ઉસને સાથ દિયા કિ હમ જૈસા હૈ ઐસા તુમ કરો નક્કી અંદર. નિશ્ચય કરના ઔર ઉસમેં સ્થિર હોના ઉસમેં સિદ્ધ ભગવાન બંધુ આદર્શ પડતે હૈ. દેખો અરીસામેં, તુમ્હારા જૈસા હૂં. ઐસા સિદ્ધ ઉપર દેખ લો. જૈસા સિદ્ધ હૈ વૈસા હી તુમ્હારા સ્વભાવ હૈ. સમજમેં આયા? **'ઈસલિયે ભવ્યોંકે બંધુ હૈં,...'** ભવ્યોંકે બંધુ હૈં, અભવ્યોંકે નહીં. જિસકી લાયકાત નહીં (હૈ) અપના સ્વરૂપકા વેદન કરનેકી, અપના સ્વભાવ સ્વસંવેદન શુદ્ધ ચિદાનંદ ઉસકા અંતર ઘરમેં પ્રવેશ કરનેકી જિસકી તાકાત નહીં ઉસકા વહ બંધુ નહીં. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- વીતરાગી...

ઉત્તર :- માટે જ કહા ન. વીતરાગ હોનેકી લાયકાત હૈ ઉસકો બંધુ કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- વીતરાગી બંધુ કે સરાગી બંધુ?

ઉત્તર :- વીતરાગી બંધુ. સરાગી બંધુ કહાં આતા હૈ યહાં? જિસકો વીતરાગ હોનેકી લાયકાત હૈ ઉસકો વીતરાગદેવ બંધુ કહનેમેં આતા હૈ.

**'હિતકારી હૈં.'** સિદ્ધ ભગવાન હિતકારી હૈ. વગર વાણીએ ઉસકા લક્ષ કરનેસે ઓહો..! મૈં ભી પૂર્ણ આનંદ અને જ્ઞાન હૂં, મેરા સ્વભાવ દ્રવ્ય-ગુણસે તો પરિપૂર્ણ હૈ પણ પર્યાયમેં સિદ્ધપણા નહીં હૈ તો પર્યાયમેં સિદ્ધપણા પ્રાપ્ત કરનેમેં, સિદ્ધને પર્યાય અપને દ્રવ્યકે અવલંબનસે પ્રગટ કિયા તો મૈં ભી પર્યાય સિદ્ધકી અપના દ્રવ્યકા અવલંબનસે પ્રગટ કરું. ઐસા સિદ્ધ હોનેમેં સિદ્ધ ભગવાન હિતકારી બંધુ કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? આખિરકી ગાથા હૈ ન.

**'જિનકા રાગાદિ રહિત અવ્યાબાધ અવિનાશી સુખ સ્વભાવ હૈ.'** વહાં ક્યા હુઆ હૈ સિદ્ધમેં? રાગાદિ રહિત. બિલકુલ રાગાદિ નહીં. ઐસા આત્મામેં વિઘ્ન વિના, ઉપદ્રવ વિનાના આત્મામેં જો આનંદ હૈ ઐસા અતીન્દ્રિય આનંદ પર્યાયમેં જિસકો પ્રગટ હુઆ હૈ. **'અવ્યાબાધ અવિનાશી...'** જે આત્માકી શુદ્ધ પર્યાય હવે નાશ હોતી નહીં. ઐસી ને ઐસી પર્યાય સુખકી, આનંદકી અનંતકાલ રહેગી. ઐસા અવિનાશી સુખ સ્વભાવ સિદ્ધ ભગવાનકા હૈ. સમજમેં આયા? ઐસા આત્માકા હી અવિનાશી સુખ સ્વભાવ હૈ અંદર. ઉસકા દૃષ્ટિ, જ્ઞાન કરનેસે પર્યાયમેં અવિનાશી સુખકી પ્રાપ્તિ હોતી હૈ. દૂસરા કોઈ ઉસકા ઉપાય નહીં. સમજમેં આયા? છોટાભાઈ નથી? છોટાલાલ રાયચંદ. નહિ આવ્યા હોય. કહો, સમજમેં આયા?

**'જિનકા રાગાદિ રહિત અવ્યાબાધ અવિનાશી સુખ સ્વભાવ હૈ. ઐસે અનંતગુણરૂપ વે ભગવાન...'** ઐસે અનંતગુણરૂપ જો ભગવાન **'ઉસ મોક્ષ પદમેં સદા કાલ વિરાજતે હૈં.'** મોક્ષપદ, મોક્ષ ક્ષેત્રમેં અને મોક્ષપદમેં સદાકાલ બિરાજતે હૈં. અપના અસંખ્યપ્રદેશી સ્વરૂપ

ક્ષેત્રમેં બિરાજતે હૈ. બાહરસે લોકકા સિદ્ધક્ષેત્ર હૈ વહાં બિરાજતે હૈ. **'જિન્હોંને શુદ્ધ આત્મસ્વભાવ પા લિયા હૈ.'** જિસને આત્માનો શુદ્ધ સ્વભાવ જૈસા પૂર્ણ થા ઐસી વર્તમાન પર્યાયમેં પા લિયા, પ્રગટ કિયા હૈ. **'અનંતકાલ બીત ગયે,...'** ઐસા અનંત સ્વભાવ પા લિયા. અનંતકાલ બીત ગયે સિદ્ધકો. કિતને સિદ્ધકો તો અનંતકાલ બીત ગયા અવિનાશી સુખકા આનંદ ભોગનેમેં. સમજમેં આયા? હમણા સંભાર્યા હતા ત્યાં આવ્યા. કીધું ક્યાં છોટાભાઈ ગયા? કહે ઠીક નથી. સમજમેં આયા?

**'જિન્હોંને...'** અનંતકાલ બીત ગયે. અનંત સિદ્ધને-અનંત સિદ્ધોંકો તો આત્માકા આનંદ કરતે-કરતે અનંતકાલ બીત ગયા, અનંતકાલ બીત ગયા. **'અનંતકાલ આવેંગે,...'** ભવિષ્યમેં અનંતકાલ પણ ઐસા ને ઐસા અનંત આનંદમેં બિરાજમાન રહેંગેં. કહો, સમજમેં આયા? **'પરંતુ વે પ્રભુ સદાકાલ સિદ્ધક્ષેત્રમેં બસ રહે હૈં.'** એ સિદ્ધક્ષેત્રમાં ત્યાં વસે છે. **'સમસ્તકાલ રહતે હૈં,...'** સમસ્તકાલ સિદ્ધપદમેં રહતે હૈં. **'ઈસકે કહનેકા પ્રયોજન યહ હૈ, કિ જો કોઈ ઐસા કહતે હૈં, કિ મુક્ત-જીવોંકા ભી સંસારમેં પતન હોતા હૈ, સો ઉનકા કહના ખંડિત કિયા ગયા.'** પૂર્ણાનંદકી પ્રાપ્તિ હુઈ, વાપસ ક્યોં આવે? અપના સ્વરૂપકી શ્રદ્ધા-જ્ઞાન શાંતિ પ્રગટ હો વહ ભી પીછે પડનેકા ભાવ નહીં, વૃદ્ધિ કરનેકા ભાવ હૈ તો સિદ્ધકો તો પૂર્ણ હો ગયા. પૂર્ણ હો ગયા પીછે હટે ઐસા કભી હોતા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- અવ્યાબાધ સુખ શું?

ઉત્તર :- આ દુઃખ છે એનાથી અભાવવાળું. દુઃખની કલ્પના કરી છેને? આ શરીરમાં રોગ છે તે દુઃખ છે એવી જે કલ્પના કરી છેને એ કલ્પના વિનાનું અંતર રહેલું તે અવિનાશી સુખ. ન સમજાય તો એને સમજવું. આત્મામેં આકુલતા હૈ કિ નહીં? પુણ્ય-પાપકી, રાગ-દ્વેષકી આકુલતા? યે આકુલતા દુઃખ હૈ. ઉસ દુઃખકા અભાવ હોકર જો શાંતિ અને આનંદ પ્રગટ હુઆ ઉસકા નામ અતીન્દ્રિય આનંદકા સ્વભાવકા સ્વાદ હૈ. ઉસમેં કોઈ પરપદાર્થકા આશ્રય-અવલંબન હૈ નહીં. ઐસા અવિનાશી સુખ હૈ. યે રખડતે હૈ ન દુઃખમેં? વહ દુઃખકી પર્યાયરહિત હો તો અંતર આનંદ (પ્રગટ હોતા હૈ). દુઃખ હૈ વહ અતીન્દ્રિય આનંદ સુખકી ઉલટી અવસ્થા હૈ. શરીરકે કારણસે દુઃખ નહીં, નિર્ધનતાકે કારણસે દુઃખ નહીં. અતીન્દ્રિય આનંદકી ઉલટી અવસ્થા કરતે હૈ તો દુઃખ હૈ. એ સુલટી કરકે જો અનંત આનંદ જો પ્રગટ હુઆ ઉસકા નામ અવિનાશી આનંદ કહનેમેં આતા હૈ. પણ દરકાર ક્યાં દરકાર? જરી એક રાત્રે ઉંઘ ન આવે તો હાય.. હાય... હવે અહીંથી મરી જવું એમ થઈ જાય.

એક માણસને મુક્તિ જોઈતી હતી. ભાઈ મુક્તિ આપો મને. મુઝે મુક્તિ ચાહિયે. ભાઈ ચલો. ચલો પાનીમેં. પાનીમેં લે ગયા. પાનીમેં લેકર ઉસકે ઉપર દો આદમી ઉભા રહા. લ્યો

મુક્તિ. .. છૂટેગા. ના... ના... ના... ઐસી મુક્તિ મુઝે ચાહિયે નહીં. આ તો છૂટેગા હમણા શરીર છૂટસે, વાણી છૂટશે, બધું છૂટ જાયેગા યહાંસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કાશી કરવત નહીં, આ તો એક દૃષ્ટાંત છે. .. વાત નથી. વહાં તો ક્યા હૈ? ધૂલ હૈ. એ તો અજ્ઞાની હૈ. યહાં તો કહતે હૈ કિ તુઝે મુક્ત હોના હૈ કિ નહીં? તો શરીરસે મુક્ત હોના પહલે બતાતે હૈ, લાવ. મોહનભાઈ! ઐસે નહીં... ઐસે નહીં... મુક્ત હોના હૈ. મુક્ત નામ પરસે અભાવ હોના, પરસે છૂટકારા હોના. તો પરસે છૂટતા હૈ. ના, ના, ઐસા નહીં. સમજમેં આયા? એ મુક્તકા નામ કહતે હૈ. મુક્ત હોના હો તો ઉસકો રાગ અને પરસે પૃથક્ હોના ચાહિયે. એ ૨૦૨ ગાથા હુઈ.

**'આગે ફિર ભી સિદ્ધોંકા હી વર્ણન કરતે હૈં —'**

**૩૩૪) जम्मण-मरण-विवज्जियउ चउ-गइ-दुक्ख विमुक्कु।**
**केवल-दंसण-णाणमउ णंदइ तित्थु जि मुक्कु।।२०३।।**

'**વે ભગવાન સિદ્ધપરમેષ્ઠી જન્મ ઔર મરણકર રહિત હૈં,...**' ઓહો..! ઐસા આત્માકા સ્વભાવ ભી જન્મ-મરણ રહિત હૈ. '**ચારોં ગતિયોંકે દુઃખોંસે રહિત હૈં,...**' સિદ્ધ ભગવાન.. ચારોં ગતિયોંકા દુઃખ જો હૈ ચારોં ગતિયોંકા દુઃખ હોં. સ્વર્ગકા ભી દુઃખ એમ લિયા હૈ. સર્વાર્થસિદ્ધમેં રહના ભી દુઃખ હૈ, ગતિ પાના વહી પરતંત્રતા હૈ. ગતિ મિલના વહી દુઃખ હૈ. ચાર ગતિ. સમજમેં આયા? બડા ચક્રવર્તી પદ મિલા કે ઈન્દ્રપદ હુઆ કે અહમેન્દ્રપદ હુઆ તો કહતે હૈ કિ દુઃખ હૈ. સમજમેં આયા? અહીં પદવી થોડી મિલતી હૈ વહાં નહીં કહતે હૈ કિ ઓહો..! પદવી મિલી... પદવી મિલી. કિસકી? ધૂલકી ... મિલી. ક્યા કહા સમજમેં આયા? લ્યો! પદવી મિલી શાસ્ત્રીજીકો. કિસકી? દુઃખકી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ દુઃખ. મોટું દુઃખ ઉભું કર્યુંને એમાં? આ કરો ને આ કરો ને આ કરો. દુઃખ ઉભું કર્યું એમાં. પદવી ક્યાં છે? પેલા કહે, મહારાજને વહ પુસ્તક દિયા તો પદવી મિલી. પણ દુઃખની પદવી? ક્યા પદવી? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનતે હૈ. હૈ ક્યાં પણ? આ હુકમ કરના. દેખો, મારો... મારો... પ્રહાર કરો. ટૂકડા કરો. મચ્છીકો મારો, અનાજ બચાવો. ક્યા પદવી? કૈસી પદવી હૈ? લોકો કહે ઓહો..! પુસ્તક દિયા ન શાસ્ત્રીજીને તો આઠ-દસ દિનમેં પદવી મિલી. એક તો ઉસકો પુણ્યકા ઐસા થા તો મિલી. પણ એ પદવી છે કેવી? આકુલતા... આકુલતા... આકુલતા... ચોવીસ કલાકમાં

સખ ન મળે. અને પદવી નભાવવી. પહલે જવાહરલાલ હુઆ એ પ્રમાણમાં મારે પણ... એ ચિંતા, એ નભાવવું. લોકો સમજતે નહીં ક્યા પદવીકા સુખ હૈ ઉસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ઠાઠ નથી. આ તો કહતે હૈ કિ નહીં? કલ્પના એને કહે કે અરે! આ નભવું. ... કૈસે હોગા? નહિતર વળી દૂસરા કોઈ આ જાયેગા. ચિંતા... ચિંતા... ચિંતા... આકુલતામાં સળગી જાય છે હોળી. લોકોને ક્યાં ખબર છે ક્યાં સુખ છે અને ક્યાં દુઃખ છે.

ભગવાન કેવલજ્ઞાનીકો ચાર ગતિકા દુઃખ નહીં. એમ આત્માકા સ્વભાવ ચારોં ગતિકે દુઃખસે રહિત હૈ. જો સ્વભાવ ચાર ગતિકે દુઃખસે રહિત હૈ તો દુઃખસે રહિત હો સકતા હૈ. સ્વભાવ હી ઐસા હૈ. દુઃખસે રહિત હૈ, સ્વભાવ ઐસા હૈ તો દુઃખસે રહિત સ્વભાવ પ્રગટ હોતા હૈ. ચાર ગતિમેં કહીં સુખ નહીં. ઐસા લોગ કહતે હૈ ન કિ ભાઈ મનુષ્ય ગતિ હો તો ઉસમેં અચ્છા હૈ ન. મનુષ્યગતિ મિલી તો ઉસસે મોક્ષ હુઆ ન. અહીં તો ના પાડતે હૈ. મનુષ્ય ગતિ દુઃખરૂપ હૈ એમ કહતે હૈ. દુઃખરૂપ કાંઈ સુખકા સાધન હોતા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા આતા હૈ? એ તો નિમિત્ત બતાતે હૈ, મનુષ્યપણા એ વખતે થા. કેવલજ્ઞાન પાયા ત્યારે મનુષ્યગતિ થા, ઈતના. પણ યહાં તો ચાર ગતિકો દુઃખ કહતે હૈ. મનુષ્ય દુઃખ હૈ, દુઃખકે કારણમેંસે કેવલજ્ઞાન મિલતા હૈ?

મુમુક્ષુ :- બહુત દુઃખ ભોગેગા તો સુખ મિલેગા.

ઉત્તર :- બહુત દુઃખ ભોગવે એટલે સુખ હોતા હૈ? કહાંસે આયા ઐસા?

**'ચારોં ગતિયોંકે દુઃખોંસે રહિત હૈં, ઔર કેવલદર્શન કેવલજ્ઞાનમયી હૈં,...'** ભગવાન સર્વજ્ઞ સિદ્ધ પરમાત્મા કેવલદર્શન, કેવલજ્ઞાનમયી. ઈતના અસ્તિ અસ્તિ તો માને. ઓહો..હો..! અનંત સિદ્ધો અનંત-અનંત જ્ઞાન, દર્શન અને અવ્યાબાધ સુખસે બિરાજમાન હૈ. ઐસા અનંતા સિદ્ધ લોકાગ્રે બિરાજમાન હૈ. અપને સ્વરૂપક્ષેત્રમેં બિરાજમાન હૈ. ઐસે અનંત પરમાત્માકી પ્રતીતિ તો લાવે. તો પ્રતીતિમેં કિતના વીર્ય ચાહિએ? સમજમેં આયા? અપને ક્ષેત્રમેં દિખતે નહીં, અપને ભાવમેં પૂર્ણ પર્યાય દિખતી નહીં, ભાવમેં. ઔર વહ સિદ્ધ કહાં દૂર ક્ષેત્રે અનંત હૈ ઉસકો અપની પર્યાયમેં બિરાજમાન કરકે પ્રતીત કરના. અનંત... અનંત... અનંત... અનંત...સિદ્ધો મહા અવિનાશી સુખપ્રાપ્ત હૈં. મૈં સંસારકી પર્યાયમેં પડા, વો સંસારપર્યાય મેરા સ્વરૂપ હી નહીં. ઉસકો ભી સંસારપર્યાય થી ઉસકા અભાવ કરકે મોક્ષપર્યાય પ્રગટ કિયા. તો મેરા સ્વભાવ ભી સંસારપર્યાય, ચાર ગતિકા ઉદય મેરી પર્યાય હી નહીં. ઐસા વિચાર ધ્યાન કરકે સ્વરૂપકી સિદ્ધિ કરનેકો સ્વભાવ સાધન કરે તો સિદ્ધપદ પ્રાપ્ત હુએ બિના રહે નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા કહા? ... એ જ્ઞાન ઔર આનંદ. દેખો, ભગવાનકા જ્ઞાન ઔર આનંદ પરિપૂર્ણ. ઐસા અનંત સિદ્ધોંકી અપની પર્યાયમેં પ્રતીત કરે તો કહાં પ્રતીત... અનંત સિદ્ધોં ઐસી પ્રતીત પર્યાયમેં કરે. રાગાદિકા જ્ઞાન હો જાયે. રાગ અપનેમેં હૈ ઐસા ન રહે. ઔર વહ સ્વભાવ સન્મુખ હોકર અપની શક્તિમેં ઐસા હી અવિનાશી સુખ અને જ્ઞાન હૈ ઉસકા સાધન કરનેસે પૂર્ણાનંદકી પ્રાપ્તિ હોતી હૈ. દૂસરા કોઈ બીચમેં વિકલ્પ આતે હૈ વ્યવહાર-ફ્યવહાર વહ સાધન-ફાધન નહીં. એમ સિદ્ધકો યહી બતાતે હૈ. સમજમેં આયા?

'**ઐસે કર્મ રહિત હુએ...**' ભગવાન કર્મ રહિત (હુએ). જુઓ, કર્મ તો થા પહલે. કર્મ રહિત હુએ. પહલે કર્મ થા, પીછે કર્મ રહિત હુએ. '**અનંતકાલ તક ઉસી સિદ્ધક્ષેત્રમેં...**' લ્યો 'नंदति'. '**અપને સ્વભાવમેં આનંદરૂપ બિરાજતે હૈં.**' ટીકામાં કર્યું છે '**नन्दति वृद्धिं गच्छति।**' છેને? .. એટલે એવી... એવી... 'नंदति' આનંદ... આનંદ... આનંદ... આનંદ... સદા રહ્યા જ કરે છે. પાઠમાં છેને? '**नन्दति वृद्धिं गच्छति।**' સંસ્કૃતમાં છે છેલ્લો શબ્દ આ બાજુ. ... ૨૦૩ છેને. ૨૦૩માં છેને? ૨૦૩માં 'नंदति' છે ૨૦૩. સંસ્કૃતમાં. છે? '**नन्दति वृद्धिं गच्छति।**' કહો, સમજમેં આયા? '**वृद्धिं गच्छति**'કા અર્થ ક્યા? એ આનંદ-આનંદની જ વૃદ્ધિ છે. વૃદ્ધિ નામ ઐસે ને ઐસે કાલ જાતે હૈં, ગુમાતે હૈ... દૂસરા સમય, તીસરા સમય આનંદ... આનંદ... આનંદ... સમજમેં આયા? એ આનંદકી સજ ચડી હૈ ઉસમેં. ક્યા કહતે હૈ તુમ્હારે? સજ નહીં કહતે હૈ બડા ઢેર? આનંદકા ઢેર ભગવાનકો ભરા હૈ, સજા હૈ. ઐસા ના ઐસા ઢેર અનંત... અનંત... અનંત કાલ.

'**ભાવાર્થ :- સહજ શુદ્ધ પરમાનંદ એક અખંડ સ્વભાવરૂપ જો આત્મસુખ...**' દેખો, સ્વભાવિક શુદ્ધ પરમાનંદ આત્માકા એક અખંડ સ્વભાવ અંતર ઉસ રૂપ '**જો આત્મસુખ...**' સ્વભાવિક, નિર્મલ, પરમ આનંદ, એકરૂપ અને અખંડ ઐસા સ્વભાવરૂપ આત્મસુખ. સમજમેં આયા? '**सहजशुद्धपरमानन्दैकस्वभावं यदात्मसुखं**' સંસ્કૃત હૈ. '**ઉસસે વિપરીત જો ચતુર્ગતિકે દુઃખ ઉનસે રહિત હૈં,...**' સ્વભાવિક સુખ હૈ, સંસારમેં દુઃખ હૈ. શુદ્ધ હૈ તો દુઃખ અશુદ્ધ હૈ, પરમાનંદ હૈ મહાદુઃખ હૈ. એકરૂપ હૈ સુખ, અનેકરૂપ દુઃખકી પર્યાય હૈ. યે અખંડ હૈ, વહ ખંડ-ખંડ હૈ, યે સ્વભાવ હૈ, વહ વિભાવ હૈ. સમજમેં આયા? '**અખંડ સ્વભાવરૂપ જો આત્મસુખ ઉસસે વિપરીત જો ચતુર્ગતિકે દુઃખ ઉનસે રહિત હૈં,...**' ભગવાન. ઐસા હી આત્મા ચાર ગતિકા દુઃખસે રહિત અંદર વસ્તુ હૈ. ઉસકી અંતરમેં અંતર્મુખ સ્વભાવકી પ્રતીત કરના, બહિર્મુખ ભાવકી પ્રતીતિ છોડ દેના. સમજમેં આયા?

'**જન્મ-મરણરૂપરોગોંસે રહિત હૈં,...**' ભગવાન! શરીરકા જન્મના ઔર શરીરકા અંત

લાના વહ રોગ હૈ. વહ રોગ હૈ રોગ. ઐસે રોગસે ભગવાન રહિત હૈ. જન્મ અને મરણ રોગ હૈ. કલંક હૈ, આવે છેને યોગસારમાં? યોગસારમાં નથી આવતું? શરમજનક જન્મ ટળે. શરમજનક જન્મ ટળે. એ શરમ.. શરમ.. શરમ. આત્માનું માંસના લોચા સાથે અવતરવું. આ અમૃતનો કંદ પ્રભુ એ માંસના લોચા સાથે અવતાર, કલંક હૈ, કલંક હૈ આત્માકો. શરમજનક જન્મ ટળે. લ્યો એવું આવે છે યોગસારમાં. હોંશથી જન્મ ધારણ કરે. દેવપદ મળે, રાજપદ મળે, હોંશ કરતે હૈ હોંશ-ઉત્સાહ. મૂઢ હૈ. શરમજનક જન્મ ટળે. અરે! વસ્તુ સ્વભાવ અરૂપી અનાકુળ આનંદકંદ ઉસકો શરીરકા સંયોગ હોના, અરૂપી શુદ્ધ સ્વભાવકે સાથ શરીરકા સંયોગ હોનેસે ઉસકો કહના કિ આત્મા જન્મ્યો, શરમ હૈ. સમજમેં આયા? ઐસા રોગોંસે રહિત ભગવાન હૈ. આત્મા ભી ઐસા હી હૈ. સ્વભાવ તો જન્મ-મરણ રહિત અંદર હૈ.

**'અવિનશ્વરપુરમેં સદા કાલ રહતે હૈં.'** સમજમેં આયા? અવિનાશી પુર હૈ વો. અવિનશ્વર પુર. એ અવિનશ્વર નગરી, અવિનાશી નગરી. નગરી જોઈએને નગરી. ક્યા નગરમાં રહેવું? કે અવિનાશી નગરીમેં રહના. કિસ ગામમેં રહતે હો? કે જયપુર. કિસ ગામમેં? કિ ખંડવા. અહીં કહતે હૈં, કિસ નગરમેં રહતે હો? કિ અવાનાશી પુરમેં રહતે હૈં. જિસસે વિનાશ ન હો, ફિરસે ભવ મિલે નહીં ઐસા અવિનાશી પુર ચૈતન્ય પ્રભુ, ચૈતન્યપૂર પ્રભુ હૈ. આનંદકા પૂર ભગવાન આત્મા આનંદકા પ્રવાહ બહતા હૈ અંદરમેં. સમજમેં આયા? ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસમેં સ્થિર હોનેસે અવિનશ્વરપુર પ્રાપ્ત હોતા હૈ તો સાદિ-અનંત ઉસમેં રહતા હૈ.

**'જિનકા જ્ઞાન સંસારી જીવોંકી તરહ વિચારરૂપ નહીં હૈ,...'** સિદ્ધ ભગવાનકી બાત કરતે હૈ. અરિહંતપદ હુઆ તબ શરીર થા અને કેવલજ્ઞાન હુઆ. તો શરીર છૂટા તો ક્યા હૈ? વહાં કેવલજ્ઞાન હૈ કિ નહીં? **'સંસારી જીવોંકી તરહ વિચારરૂપ નહીં હૈ,...'** વહાં ભગવાનકો વિચાર નહીં હૈ. ક્રમ નહીં હૈ, ઈન્દ્રિયાં નહીં હૈ. આંતરા નહીં હૈ કિ પહલે સમયે હુઆ અને બીજે સમયે પીછે વળી દૂસરા હોગા અથવા ભૂલ ગયા ઐસા અંતરાય નહીં હૈ. ક્રમ-ક્રમ વ્યવધાનરહિત. જગત્રય, કાલત્રયવર્તી પદાર્થ. ઓહો..હો..! કિસીકો પહલે જાને, કિસીકો પીછે જાને ઐસા સિદ્ધમેં હૈ નહીં.

**'ઉનકા કેવલજ્ઞાન ઔર કેવલદર્શન એક હી સમયમેં...'** આહા..હા..! **'સબ દ્રવ્ય,...'** સારા દ્રવ્ય એટલે વસ્તુ. સારા-સબ ક્ષેત્ર લોકાલોક. ત્રણ કાળ-સબ કાળ. ત્રણ કાળકો દેખતે હૈ સિદ્ધ? ત્રણે કાળને જાણે? ત્રણ કાળ લિયા કિ નહીં કાળના? ત્રણ કાળ જાણ્યા એટલે થઈ ગયુંને? એ તો એક ક્ષેત્ર હુઆ. સમજમેં આયા? **'સબ કાલ,...'** જાને. જિતના કાલ હૈ ઈતના જાને. તીન કાલ હૈ ઈતના જાને. જિતના લોકાલોક હૈ ઉતને ક્ષેત્રકો જાને. આહા..હા..! યે જ્ઞાનકી પર્યાયકા સ્વભાવ જિતના સામર્થ્ય હૈ ઈતના હી તેરા સામર્થ્ય હૈ. ઈતના તેરે જ્ઞાનગુણમેં

ત્રણ કાળ ત્રણ લોક જાનનેકી શક્તિ હૈ. અભી હૈ અને શક્તિ હૈ. યે વ્યક્ત હુઆ. સમજમેં આયા? ત્રણ કાળ, ત્રણ લોકકો ઉત્પન્ન કરનેકી શક્તિ નહીં, પણ ત્રણ કાળ, ત્રણ લોકકો જાનનેકી તેરેમેં શક્તિ હૈ. આહા..હા..! કોઈ કાલકો, કોઈ ક્ષેત્રકો, કોઈ દ્રવ્યકો, કોઈ દૂસરેકો ઉત્પન્ન કરનેકી શક્તિ નહીં. પણ ઉત્પન્ન હૈ જગતમેં હૈ, કાલ, ક્ષેત્ર અને દ્રવ્ય અને ઉસકા ભાવ સબકો જાનનેકી શક્તિ આત્મામેં હૈ. વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન શક્તિકો પ્રગટ વર્તમાન કરના ઉસકા નામ મોક્ષ હૈ. સમજમેં આયા? વર્તમાન શક્તિ હૈ અંદરમેં ઉસકો વર્તમાન પર્યાયમેં પ્રગટ કરના વહ મોક્ષ. અને વહ સ્વભાવ વર્તમાન હૈ ઐસી પ્રતીતિ અને સ્થિરતા હોના વહ મોક્ષકા માર્ગ. સમજમેં આયા?

ભગવાન એક સમયમેં... જુઓ, **'એક હી સમયમેં,...'** વજન દિયા હૈ. સબ-સારા દ્રવ્ય, કોઈ બાકી નહીં. પહેલું દ્રવ્ય ક્યું હશે? પહલા દ્રવ્ય કૌનસા હોગા? ... પહલા દ્રવ્ય કૌનસા હોગા? પહલી ગતિ કૌનસી હોગી જીવકી? કહો. પહલી ગતિ ક્યા હોગી અનાદિમેં? પહલી કહાં હૈ? પહલી કહાંસે આયી? નિગોદમેં પહલી નહીં. નિગોદમેં રહતે થે અનાદિસે એમ. નિગોદકી આ પર્યાય પહલી હુઈ અને પીછે યે હુઈ ઐસા હૈ? વો તો ચાર ગતિમેં રુલતે હૈ તો પહલે અનાદિ નિગોદમેં પડા થા વહ બાત હૈ. નિગોદમેં યે પર્યાય પહલી ઐસા હૈ? પહલી કહાં હૈ? અનાદિ-અનંતમેં પહલી કહાંસે લાના? ઓહો..હો..! ઐસેકો જાનના ઉસકા નામ કેવલજ્ઞાન હૈ. બડી કેવલજ્ઞાનમેં ઝંઝટ હુઈ.

**'સબ દ્રવ્ય, સબ ક્ષેત્ર,...'** સબ ક્ષેત્ર જાના ન? લોકકા અંત ભી જાના. છેલ્લા પ્રદેશ દિખે ન છેલ્લા? છેલ્લો પ્રદેશ દેખ્યોને પણ? દેખ્યું છે કે નહીં બધું? તો બધું દેખ્યું એમાં છેલ્લો દેખ્યો કે નહીં? છેલ્લા ક્યા? આખિરકા. છેલ્લા કહાંસે આયા આખિર? આખિરકા આયા કહાંસે? હૈ ને હૈ. આહા..હા..! આ મોટા પંડિતો ગોથા ખાય છે કે દેખો, ભગવાનને દેખા વહાં અંત આ ગયા. ભગવાનને ભી ઐસા દેખા. અરે ભગવાન! તુઝે ખબર નહીં. હજી દ્રવ્યકા, ગુણકી પર્યાયકા સામર્થ્ય કિતના વહ ખબર નહીં. અને એ મોટા પંડિત હોકર ધર્મકા, શાસ્ત્રકા અર્થ કરે. ઉંધા મારે છે બધાય. પહેલું ક્ષેત્ર ક્યું? છેલ્લા-આખિરકા દેખા કે નહીં? આખિરકા ક્યા? આખિર હૈ નહીં તો ક્યા (દેખે)? એય..! ..ભાઈ! આવે છે કે નહીં આવા પ્રશ્ન? આવે છે.

**'સબ કાલ,...'** સબ કાલ દેખા. જ્ઞાનગોળામેં સબ કાલ આ ગયા. બાકી રહા નહીં. છતાં કાલકા અંત નહીં. અંત નહીં તો જ્ઞાન નહીં હુઆ ઐસા નહીં. જ્ઞાન તો હુઆ, પણ અંત નહીં ઐસા જ્ઞાન હુઆ. તીન કાલમેં કહીં અંત નહીં, આદિ-અંત નહીં ઐસા જ્ઞાન હુઆ. **'ઔર સબ ભાવોંકો...'** ઓહો..હો..! એક-એક દ્રવ્યકા, એક ગુણકા માપ નહીં ઇતના સામર્થ્ય.

એક-એક દ્રવ્યકા, એક-એક ગુણકા માપ નહીં ઇતના સામર્થ્ય. માપ નહીંકા અર્થ માપમેં આને લાયક નહીં એમ નહીં. ઇતના સામર્થ્ય.. ઇતના સામર્થ્ય. એની .. અપાર... અપાર... અપાર... કેવલજ્ઞાનમેં સબ પાર. સમજમેં આયા? નિયમથી જાણે, અનિયમથી જાણે ભગવાન તો મર્યાદિત વસ્તુકો ભી જાણે અને અમર્યાદિત વસ્તુકો ભી જાને. દેખ તો ખરા તેરા સ્વભાવ કૈસા હૈ. વહ સ્વભાવ ઉપર દૃષ્ટિ ન કરના અને રાગ અને પુણ્ય કિયા, દેહકી ક્રિયા કી. રખડી મરવાના લક્ષણ છે બધા. સમજમેં આયા?

**'સબ ભાવોંકો જાનતા હૈ.'** ઓહો..હો..! અનંત દ્રવ્ય. પાછા એને અનંતા અનંત તો આકાશના પ્રદેશથી અનંતા અનંત ગુણ. ઔર એક-એક ગુણકા અનંત-અનંત અચિંત્ય સામર્થ્ય. સબકો ભગવાન (જાનતે હૈં). ઐસા હી તેરા જ્ઞાયક સ્વભાવમેં પડા હૈ સ્વભાવ. ત્રણ કાળ, ત્રણ લોકકો જાનના-દેખના યહ તેરા સ્વભાવ હૈ. સમજમેં આયા? ઐસી અંતર દૃષ્ટિ કરનેકે કારણ સિદ્ધ ભગવાનકો આદર્શ કરકે બતાતે હૈં. **'લોકાલોક પ્રકાશી આત્મા,...'** કૈસા હૈ ભગવાન સિદ્ધ? લોકાલોક પ્રકાશી હૈ. એ લોકાલોક પ્રકાશ હો તો વ્યવહાર હો જાયેગા, સબ દ્રવ્ય, ક્ષેત્ર જાનતે હૈ તો વ્યવહાર હો જાયેગા, વળી એમ કહતે હૈ. એ તો તન્મય નથી માટે વ્યવહારથી જાણે છે એમ કહતે હૈં. પણ જાનના ઉસકા નહીં હૈ ઐસા નહીં હૈ. ક્યા કહતે હૈ? સબકા જાનના-જાનના આયા. એ તર્ક કરતે હૈ, અભી પત્રમેં આતા હૈ. તુમ કહતે હો કિ વ્યવહાર અભૂતાર્થ હૈ તો પરકો જાનના ભી અભૂતાર્થ હૈ. વ્યવહારસે જાનતે હૈ, નિશ્ચયસે નહીં. અરે..! સાંભળ તો ખરો. વહ તો ઉસમેં તન્મય હોકર નહીં જાનતે માટે વ્યવહારસે કહા. અપનેમેં તન્મય હોકર જાનતે હૈ. પણ આત્મામેં લોકાલોક સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અપની પર્યાયમેં આ ગયા હૈ. ઉસકે સામર્થ્યકી શક્તિ અપની પર્યાય પ્રગટ હો ગયી હૈ. પર્યાયકો દેખતે હૈ નિશ્ચયસે. પરકો દેખનેમેં તન્મય નહીં માટે વ્યવહાર કહા. નિશ્ચય, તન્મય હોકર દેખતે હૈ તો નિશ્ચય કહા. ઓહો..હો..! ભારે તકરાર. મૂળમેં ભૂલ. ભોઠ જેવા બિચારા માણસો એને જે રીતે ઓલા ચડાવે એમ ચડી જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ બાકી રહે? જગતત્રય, કાળત્રય. બહુ તકરાર કરે છે જ્યારથી આ ક્રમબદ્ધની વાત આવી ત્યારથી તો. એ તો સાધારણ વાત છે. સમજમેં આયા? કેવલજ્ઞાનને દેખા હૈ યે તો વસ્તુસ્થિતિ હૈ. ઉસકે કારણસે ઐસે પરિણમતી હૈ વ્યવસ્થિત. તુઝે ક્યા કરના હૈ, કહ ન? હોતા હૈ ઉસકો કરના હૈ? નહીં હોતા હૈ ઉસકો કરના હૈ? હૈ ઉસકો કરના હૈ? ક્યા કહા? હોતા હૈ ઉસકો કરના હૈ? નહીં હોતા હૈ ઉસકો કરના હૈ? ક્યા કરના હૈ તુઝે? હોતા હૈ ઉસકો કરના ક્યા? ન હોતા હો ઉસકો કરના ક્યા? ઉસકા અર્થ કિ હોતા હૈ ઉસકો જાનના

હૈ, ન હોતા હો ઉસકો જાનના હૈ. અભી યહ ન હુઆ, યહ હુઆ ઉસકો જાનનેવાલા હૈ. સમજમેં આયા? ઉસકા તો જ્ઞાન કરનેકા સ્વભાવ હૈ. રાગ કરનેકા સ્વભાવ નહીં, તો પરમેં ફેરફાર કરનેકા સ્વભાવ તો તીનકાલમેં હૈ નહીં. જૈસા હૈ ઐસા જાનનેકા સ્વભાવ હૈ. ફેરફાર કરનેકા સ્વભાવ આત્મામેં હૈ નહીં. અને દ્રવ્યમેં ફેરફાર હોતા હૈ ઐસા સ્વભાવ ઉસમેં ભી નહીં.

લોકાલોક પ્રકાશે વહ આત્મા. ઓહો..હો..! ક્ષેત્ર નાખ્યું, બધું નાખ્યું. વ્યવહારસે દેખતે હૈ. વહ તો ભગવાનને પહલે કહા. પહલી ગાથામેં કહા કિ લોકાલોકને જાણનાર કેવળજ્ઞાન એવું જે ભેદજ્ઞાન એને ઉત્તમ કરનારી ભેદજ્ઞાનની જ્યોતિ. પહેલી જ ગાથામેં કહા, સમયસાર. સમજમેં આયા? બીજી ગાથામેં લિયા ન. લોકાલોકને જાણનાર કેવલજ્ઞાન. ઉસકો ભેદજ્ઞાન જ્યોતિસે ઉત્પન્ન હોતા હૈ કેવલજ્ઞાન. લોકાલોકકો જાનનેવાલા ઔર વહ જ્ઞાન અપનેમેં પડા હૈ અંદર. વહ રાગ અને પરસે પૃથક્ ભેદજ્ઞાન કરનેસે, ભેદજ્ઞાન કરનેસે કેવલજ્ઞાન જ્યોતિ પ્રગટ હોતી હૈ. સમજમેં આયા? ઐસા કેવલજ્ઞાન સ્વભાવ ઉસકો પકડના ઉસકા અર્થ ક્યા આયા? કિ ઉસકો પહલે રાગ થા, ઉસકે પીછે યે હુઆ (ઐસા) ઉસમેં આયા કહાં? સમજમેં આયા? સર્વથા છેદ કરના ઐસા આયા ન? ૨૯૫ ગાથામેં આયા હૈ મોક્ષ અધિકાર. નિજલક્ષણ જ્ઞાન, પરલક્ષણ રાગ—દોકો સર્વથા છેદના. ઉસકો જો કેવલજ્ઞાનકી શક્તિકી પ્રતીત હો કિ મૈં તો કેવલજ્ઞાનમય હૂં. ઔર રાગ વહ મેરા સ્વભાવ નહીં. તો રાગકા સૂક્ષ્મ વિકલ્પ અને જ્ઞાનકી પરિપૂર્ણતા દોકો એકદમ ભિન્ન કરના, સર્વથા છેદ કરના. ઐસા પાઠ હૈ, મોક્ષ અધિકારમેં વહ ચલા થા ન. બંસીધરજી .. સર્વથા. દેખો, ઈસમેં સર્વથા હૈ. અરે! સુન તો. નિશ્ચયકો તો .. વ્યવહારકા તિરસ્કાર કરતે હૈં. જુઓ, ૨૯૫ હૈ ન?

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।**

**'આત્મા અને બંધને પ્રથમ તો તેમના નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા...'** ભિન્ન કરના સર્વથા. ભગવાન.. ઉસકા અર્થ ક્યા આયા? કિ આત્મા કેવલજ્ઞાનકી જ્યોતિ હૈ ઉસકા જબ જ્ઞાન કરને જાતા હૈ તો રાગકા અવલંબન છૂટ જાતા હૈ, તો રાગકા ભેદ હુઆ તો જ્ઞાનમેં અભેદ હુઆ. સમજમેં આયા? રાગ પહલે થા તો અભેદ હુઆ વહ બાત રહતી નહીં. વ્યવહાર પહલે હો તો નિશ્ચય હો વહ બાત રહતી નહીં. નવરંગભાઈ! બરાબર હશે? વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી નહીં? ઉસકા હેતુ કહા યહાં તો. જ્ઞાયકભાવ હૈ, યહાં રાગ ભાવ હૈ. હવે આ જ્ઞાયકભાવ હૈ ઐસા નિશ્ચય કરના હૈ તો રાગસે પૃથક્ હોકર નિશ્ચય હોગા કિ રાગકો સાથ લેકર હોગા જિસકો છૂટા કરના હૈ ઉસકો સાથમેં લેકર હોગા? કિ ઉસકા

લક્ષ છોડકર યહાં હોગા? ખલાસ હો ગયા. નિશ્ચય હુઆ વહ પહલે હુઆ. પીછે રાગ બાકી રહા ઉસકો વ્યવહાર કહો. જેમ સમજો એમ. યહાં તો પાઠ ઐસા લિયા હૈ દેખો, **'સર્વથા જ...'** વહ એક પ્રશ્ન ચલા થા, ૨૦૦૨કી સાલમેં. ૧૯ વર્ષ હુઆ. ૧૯, સાડી ઓગણીસ. માગશર સુદ દશમે મુહૂર્ત હતુંને પ્રવચન મંડપનું. ૨૦૦૨ સાલ. ૧૯ વર્ષ હુઆ. એમાં વ્યાખ્યાન હુઆ થા ૨૯૫કા. આ વાત આવી. દેખો, સર્વથા છેદવા. એકાંત હૈ, નિયત હૈ એમ બોલ્યા હતા. પણ ક્યા હૈ યહાં?

આત્મા અને રાગ દો ચીજ હૈ કિ નહીં? હવે દો ચીજમેં ભિન્ન કરનેમેં ક્યા આતા હૈ? રાગકો સર્વથા ભિન્ન કરના કિ રાગ થોડા સાથમેં લેકર અંદરમેં એકાકાર હોના? સમજમેં આયા? રાગકી દિશા ઔર જ્ઞાનકી દિશા... બાત કૈસી એટલી ગોટે ચડી ગઈ છેને. ક્યાંક એવું લખાણ આવે કે જુઓ વ્યવહાર પહેલા, નિશ્ચય પીછે. એ પકડે. એ તો વ્યવહાર છઠ્ઠે ગુણસ્થાનકા વિકલ્પ હૈ ઉસકો જ્ઞાન... ગિના હૈ. સમ્યગ્દર્શનમેં વ્યવહાર પહલે, પહલા રાગ વ્યવહાર હૈ, પીછે નિશ્ચય ઐસા હૈ હી નહીં. સમજમેં આયા?

યહાં તો દેખો ન **'આત્મા અને બંધને પ્રથમ તો તેમના નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી...'** એમનું જ્ઞાન કે આ રાગ બંધકા કારણ, આ જ્ઞાન ... **'સર્વથા જ છેદવા...'** સર્વથા છેદનેમેં ક્યા બાકી રહા? કુછ ભી નહીં. થોડા રાગકા સાથ લેના, થોડા જ્ઞાનકા સાથ લેના. યહ ગાથા ચલી થી ૨૦૦૨કે સાલમેં. પ્રવચન હોલના ખાતમુહૂર્તમાં. ગડબડ-ગડબડ ધમાલ. આહા..હા..! વ્યવહારકો ઉડા દેતે હૈ. એકાંત હૈ, એકાંત હૈ. કહો ભગવાનકો. ભગવાન કહતે હૈં કિ રાગ અને સ્વભાવકો સર્વથા ભિન્ન કરના. સર્વથા ભિન્ન કરનેમેં ક્યા આયા? વ્યવહારકા રાગ અને નિશ્ચયકા સ્વભાવ ઉસકો સર્વથા ભિન્ન કરના, તબ નિશ્ચયકી પ્રાપ્તિ હોતી હૈ. ક્યોં પાટણીજી! તમે હતા? થા? શેઠ બોલતે થે, વ્યવહાર તો કરના પડતા હૈ. એમ બોલ્યા હતા, ખબર છે? મૈંને કહા, વો કહાં તુમને કિયા હૈ? વહ તો જડકી પર્યાય હુઈ હૈ. વિકલ્પ આયા તો વહ વિકલ્પકો ભી જુદા કરતે હૈં નિર્વિકલ્પકે સાથ તો વિકલ્પકો વ્યવહાર કહતે હૈ. વિકલ્પકો સાથ લેકર નિશ્ચયકી પ્રાપ્તિ હોતી હૈ? બહુ ગડબડ છે.

**'અનંતજ્ઞાન,...'** દેખો નિજ ભાવ. કૈસા નિજ ભાવ હૈ? **'અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, ઔર અનંતવીર્યમયી હૈ.'** ભગવાન સિદ્ધ. ઐસા આત્મા ભી અનંત ચતુષ્ટમય શક્તિમેં હૈ. યહ આત્મા હી અનંત જ્ઞાનાદિ બેહદ સ્વભાવ(સ્વરૂપ હૈ). સમજમેં આયા? અચિંત્ય સ્વભાવમય હૈ આત્મા. સમજમેં આયા? **'ઐસે અનેક ગુણોંકે સાગર ભગવાન...'** લ્યો! અનંત ગુણોંકે સાગર ભગવાન. **'સિદ્ધપરમેષ્ઠી સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવરૂપ ચતુષ્ટયમેં નિવાસ કરતે હુએ...'** લ્યો ઠીક! લોકના આકાશમાં પણ નહિ. વહ તો વ્યવહાર

હૈ. અનંત ગુણોંકે સાગર ભગવાન સિદ્ધપરમેષ્ઠી સ્વદ્રવ્ય અપના વસ્તુ, અપના ક્ષેત્ર પહોળાઈ- ચૌડાઈ અને અપના કાલ વર્તમાન અવસ્થા, સ્વભાવ ત્રિકાલ. એ **'ચતુષ્ટયમેં નિવાસ કરતે હુએ...'** અપનેમેં નિવાસ કરતે હુએ **'સદા આનંદરૂપ લોકકે શિખર પર વિરાજ રહે હૈં,...'** લોકને શિખરે વ્યવહાર કહ્યો. નિશ્ચયસે અપને ક્ષેત્રમેં રહતે હૈ વહ નિશ્ચય કહા, અપના દ્રવ્ય- ક્ષેત્ર-કાલ-ભાવમેં રહતે હૈ વહ નિશ્ચય કહા. લોક શિખર કહા વહ વ્યવહાર કહા. વ્યવહાર વહાં નહીં હૈ? વહ કહાં પ્રશ્ન હૈ? પરકી અપેક્ષા આયી તો વ્યવહાર ઉસકા નામ હૈ. એમ કે વ્યવહાર તો જૂઠા હૈ.. ત્યાં પરક્ષેત્રમેં નહીં હૈ ન? શિખર નહીંને ઉપર? દૂસરે હોગા. વ્યવહારનો અર્થ અપની અવસ્થા સિવાય પરકો નિમિત્ત કહના વહ વ્યવહાર ઈતની અપેક્ષા. એટલે શિખર ઉપર નહીં, વ્યવહાર એટલે શિખર ઉપર અને નિશ્ચય એટલે શિખર ઉપર નહીં એટલે બીજે એમ નહીં. નિશ્ચય એટલે પોતામાં. નિશ્ચયસે અપનેમેં અને વ્યવહારસે શિખર ઉપર. ઐસી બાત હૈ. સમજમેં આયા? નિશ્ચયમેં અપને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવમેં, વ્યવહારમેં શિખર પર બિરાજ રહે હૈ.

**'જિસકા કભી અંત નહીં, ઉસી સિદ્ધપદમેં સદા કાલ વિરાજતે હૈં, કેવલજ્ઞાન- દર્શન કર ઘટ-ઘટમેં વ્યાપક હૈં.'** કેવલજ્ઞાન, કેવલદર્શનસે સબકો જાનતે હૈ. સબકો જાનતે ઉસ અપેક્ષાસે ઘટમેં વ્યાપક કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? એ અર્થ કર્યો છે. ઠીક છે. જાણે છેને બધાને. **'કેવલજ્ઞાન-દર્શન કર ઘટ-ઘટમેં વ્યાપક હૈં. સકલ કર્મોપાધિ રહિત...'** કોઈ પ્રકારની કર્મ ઉપાધિ છે નહીં. સદા **'મહા નિરૂપાધિ...'** મહા નિરૂપાધિ. વિકલ્પકી ભી ઉપાધિ નહીં. શરીર, વાણી તો કહાં, કર્મ તો કહાં રહ ગયા. **'નિરાબાધપના આદિ...'** નિરાબાધ- કોઈ વિઘ્ન નહીં, અવ્યાબાધ આદિ જે **'અનંતગુણો સહિત મોક્ષમેં આનંદ વિલાસ કરતે હૈ.'** કહો, સિદ્ધ ક્યા કરતે હોંગે? એકીલા ક્યા કરતે હોંગે? બાયડી નહીં, છોકરા નહીં, મકાન નહીં, હવેલી નહીં, બાગ નહીં, બગીચા નહીં. અપને સ્વરૂપમેં આનંદમેં મોજ કરતે હૈં. યહાં અજ્ઞાની ક્યા કરતે હૈ? યહાં અજ્ઞાનમેં રાગ-દ્વેષ કરકે મોજ કરતે હૈં. દૂસરા કરતે હૈં ક્યા? પર ચીજ ખાતે હૈ? પર ચીજ તો પર હૈ.

મુમુક્ષુ :- વ્યવહારે ખાય.

ઉત્તર :- વ્યવહારેય શું ખાય? વ્યવહાર તો નિમિત્ત હૈ તો કહનેમેં આતા હૈ કિ યહ ખાતે હૈ. એટલે કે ખાતે નહીં, પણ રાગ ઉસમેં નિમિત્ત પડા અને રાગમેં વહ નિમિત્ત પડા તો વ્યવહારસે કહનેમેં આયા. ખાય કોણ? પીવે કોણ? રાગકો ખાય અને રાગકો પીવે. દૂસરા ક્યા હૈ? રાગકો ખાતા હૈ. પરમાણુકો કૌન ખાતા હૈ? જડકો કૌન ખાયે? ઓહો..!

**'અનંતગુણોં સહિત મોક્ષમેં આનંદ વિલાસ કરતે હૈં.'** લ્યો! **'नन्दति वृद्धिं गच्छति' 'मोक्षपदे'** આનંદ વિલાસ કરતે હૈં. **'ઈસતરહ ચૌબીસ દોહોંવાલે મહાસ્થલમેં સિદ્ધપરમેષ્ઠીકે**

વ્યાખ્યાનકી મુખ્યતાકર તીન દોહોંમેં ચૌથા અંતરસ્થલ કહા.'

'આગે તીન દોહોંમેં **પરમાત્મપ્રકાશકી ભાવનામેં લીન પુરુષોંકે ફલકો દિખાતે હુએ વ્યાખ્યાન કરતે હૈં—'** પરમાત્મપ્રકાશકી (ભાવનામેં) લીન મુનિઓ-સંત અંદર લીન હૈ વહી પરમાત્મપ્રકાશકા ફલ પ્રાપ્ત કરતા હૈ.

૩૩૫) जे परमप्प-पयासु मुणि भाविं भवहिँ सत्थु।
मोहु जिणेविणु सयलु जिय ते बुज्झहिँ परमत्थु।।२०४।।

'**જો મુનિ ભાવોંસે ઈસ પરમાત્મપ્રકાશનામા શાસ્ત્રકા ચિંતવન** કરતે હૈં,...' જુઓ, ભાવોંસે હોં! એકલા શબ્દસે નહીં. અંદર ભાવના આત્માના લક્ષે પરમાત્મપ્રકાશ નામકા શાસ્ત્ર હૈ... આખિરકી ગાથાઓ હૈ ન હવે? ચૌદ ગાથા હૈ. આજ તીન તો હો ગયી. ૧૧ હૈ બસ. પરમાત્મપ્રકાશ નામકા શાસ્ત્રકા **'भावयंति'-'ચિંતવન કરતે હૈં, સદૈવ ઈસીકા અભ્યાસ કરતે હૈં,...'** ઈસ પરમાત્મ શાસ્ત્રકા અભ્યાસ કરતે હૈં. અંતર પરમાત્મસ્વરૂપ અપના ઉસમેં વારંવાર ધ્યાન લગાતે હૈ. '**હે જીવ, વે સમસ્ત મોહકો જીતકર...'** અપના પરમાત્મ નિજસ્વરૂપ, વહ પરમાત્મપ્રકાશ જો શાસ્ત્રમેં કહા ઐસા અપના નિજસ્વભાવ હૈ ઉસકા વારંવાર ચિંતવન, મનન, ધ્યાન કરનેસે હે જીવ! '**વે સમસ્ત મોહકો જીતકર પરમતત્ત્વકો જાનતે હૈં.'** વહ પરમતત્ત્વકો પાતે હૈં, કેવલજ્ઞાનકો પાતે હૈં. સમજમેં આયા? બહુ ટૂંકું.

એકલો પરમાત્મા નિજ સ્વરૂપ. ગતિ, શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત ઐસા અપના પરમસ્વરૂપ, પરમાત્મા પરમસ્વરૂપ ઐસી દૃષ્ટિકા ચિંતવન વારંવાર જ્ઞાન કરતે હૈ, ઉસમેં લીન હોતે હૈ વે મુનિ પરમતત્ત્વ નામ પરમાત્માકો (ધ્યાકર) પર્યાયમેં પરમાત્મા હો જાતા હૈ. સમજમેં આયા? મોહકો નાશ કર એમ. 'सकलं मोहं' ... પરમેં સાવધાનીકા ભાવ થા તો સ્વભાવકી સાવધાની દ્વારા નાશ કિયા. મોહ નામ પરમેં સાવધાનીકા ભાવ. અપની સાવધાનીસે પરકી સાવધાનીકા ભાવ નાશ કિયા. ઉત્કૃષ્ટ બાત કરતે હૈ ન. યહાં તો પરમાત્મપ્રકાશકી એકદમ ચિંતવના, ભાવના તો મુનિકો વિશેષ ગિનનેમેં આયી હૈ.

'**ભાવાર્થ :- જો કોઈ સબ પરિગ્રહકે ત્યાગી...** ' મુનિ છેને મુનિ. '**સાધુ પરમાત્મસ્વભાવકે પ્રકાશક ઈસ પરમાત્મપ્રકાશનામા ગ્રંથકો સમસ્ત રાગાદિ ખોટે ધ્યાનરહિત જો શુદ્ધભાવ ઉસસે નિરંતર વિચારતે હૈં,...'** જુઓ, શુદ્ધભાવ. ચિંતવનકા અર્થ શુદ્ધભાવ કિયા. '**શુદ્ધભાવ ઉસસે નિરંતર વિચારતે હૈં,...'** શુદ્ધભાવસે નિરંતર વિચારતે હૈ. અપના પરમાત્મા નિજ પૂર્ણ સ્વરૂપ શુદ્ધભાવસે વારંવાર ઉસમેં લીન હોતે હૈ, ધ્યાન કરતે હૈ, વિચારતે હૈં '**વે નિર્મોહ પરમાત્મતત્ત્વસે વિપરીત...'** પરમાત્મા કૈસા હૈ અપના? કિ મોહરહિત હૈ વહ તો. ઉસસે વિપરીત, ઉસસે રહિત. તીન બાત કરતે હૈ ન? અપના સ્વરૂપ

હૈ મોહ રહિત, ઐસે પરમાત્માસે વિપરીત.

**'જો મોહનામા કર્મ ઉસકી સમસ્ત પ્રકૃતિયોંકો મૂલસે ઉખાડ દેતે હૈં,...'** સબ મોહકા નાશ કર દેતે હૈ. સ્વરૂપકી સાવધાનીસે સબ મોહકા નાશ હોતા હૈ. એક હી બાત હૈ. મોહ શબ્દે પરમેં એકાગ્રતા. સ્વમેં એકાગ્રતા દ્વારા ઉસ એકાગ્રતાકા નાશ હોતા હૈ. સમજમેં આયા? **'મિથ્યાત્વ રાગાદિકોંકો જીતકર...'** એ ધર્માત્મા.. જુઓ, ક્યા કહતે હૈ? અપના પરમાત્મા નિજ સ્વરૂપકી દૃષ્ટિસે મિથ્યાત્વ જિતા જાતા હૈ અને સ્વરૂપકી સ્થિરતા દ્વારા રાગ જિતા જાતા હૈ. **'જીતકર નિર્મોહ નિરાકુલ ચિદાનંદ સ્વભાવ...'** ભાવનાકા ગ્રંથ હૈ ન તો વારંવાર (ભાવના ભાતે હૈં). મોહરહિત નિરાકુલ જ્ઞાનાનંદ અપના સ્વભાવ **'જો પરમાત્મા ઉસકો અચ્છી તરહ જાનતે હૈં.'** જાનતે હૈ અને પ્રાપ્ત કરતે હૈ. અપને સ્વરૂપકો જાનકર, સ્થિર હોકર અપને સ્વરૂપકો પર્યાયમેં પ્રાપ્ત કરતા હૈ, વહ પરમાત્માકે ફલકો પ્રાપ્ત કરતા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૨, રવિવાર, તા. ૧૨-૦૯-૧૯૬૫**
**ગાથા- ૨૦૫ થી ૨૦૭, પ્રવચન-૨૧૨**

**'આગે ફિર ભી પરમાત્મપ્રકાશકે અભ્યાસકા ફલ કહતે હૈં—'** યે પરમાત્મપ્રકાશ શાસ્ત્ર હૈ. વ્યવહારસે ઉસકા અભ્યાસ ઔર નિશ્ચયસે અપના પરમાત્મસ્વરૂપ ઉસકા અભ્યાસ. સમજમેં આયા? વહ કહતે હૈં દેખો.

૩૩૬) अण्णु वि भत्तिए जे मुणहिँ इहु परमप्प-पयासु।
लोयालोय-पयासयरु पावहिँ ते वि पयासु।।२०५।।

જો કોઈ આત્મા, જો કોઈ ભવ્યજીવ ભક્તિસે, ભક્તિ નામ પ્રેમસે, રુચિથી-રુચિસે, અપના સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ અંતરમેં પરમાત્મા અપના સ્વરૂપ હૈ ઉસકી રુચિસે અભ્યાસ અંતરમેં કરતા હૈ, વ્યવહારસે શાસ્ત્રકી રુચિસે ભક્તિસે અભ્યાસ કરતા હૈ. વ્યવહારસે શાસ્ત્રકે અભ્યાસમેં વિકલ્પ હૈ. નિશ્ચયસે અપના સ્વભાવકી ભક્તિમેં નિર્વિકલ્પતા હૈ. ઇતના ફેર હૈ. સમજમેં આયા? યે

આત્મા આનંદકંદ સાગર હી નિવાસ કરને યોગ્ય હૈ. અંતર આત્મા અનંતગુણસ્વરૂપ નિવાસ કરને યોગ્ય, સ્નાન કરનેયોગ્ય, સ્થિતિ કરનેયોગ્ય અંતર સ્વરૂપ પરમાત્મા અપના નિજસ્વરૂપ. ઉસકી ભક્તિસે એટલે નિશ્ચય અંતર દૃષ્ટિસે અને વ્યવહારસે શાસ્ત્રકા અભ્યાસ. ક્યા ફલ હૈ?

'**ઈસ પરમાત્મપ્રકાશ શાસ્ત્રકો પઢૈં,...**' શાસ્ત્ર પઢે '**સુનેં, ઈસકા અર્થ જાનેં,...**' અર્થ નામ આત્મા જો પરમાત્મા શાસ્ત્રમેં કહનેમેં આયા. આત્મા સચ્ચિદાનંદ પૂર્ણ શુદ્ધ સ્વરૂપ તેરા હૈ વહ અર્થ ઉસકા અંતર એકાગ્ર હોકર અભ્યાસ કરે '**વે ભી લોકાલોકકો પ્રકાશનેવાલે...**' ઐસા અભ્યાસ કરનેવાલા, લોકાલોક પ્રકાશ કરનેવાલા ઐસા '**કેવલજ્ઞાન તથા ઉસકે આધારભૂત પરમાત્મતત્ત્વકો શીઘ્ર હી પા સકેંગે.**' ક્યા કહા? યે સબ ભણતર-બણતર ન કરના પડે એમ કહતે હૈ. પઢના, સીખના લૌકિક હૈ ન? યે આત્મા પઢે અંતરમેં. એક સમયમેં શુદ્ધ ચૈતન્ય વસ્તુ ઉસકા અંતર્મુખ અભ્યાસ કરે તો ક્રમે-ક્રમે કેવલજ્ઞાન પાવે ઔર પરમાત્મતત્ત્વકા દ્રવ્યકો ભી પૂર્ણ પ્રાપ્ત કરતે હૈ. કહો, સમજમેં આયા?

'**કેવલજ્ઞાન...**' યે આત્મા વસ્તુ હી અંદર કેવલજ્ઞાનકા પિંડ હૈ. ખબર નહીં, મહિમા નહીં. ચૈતન્ય લોકાલોકકો જાનનેવાલા હી સ્વભાવ ઉસકા હૈ. ત્રિકાલ સ્વભાવ લોકાલોકકો જાનનેવાલા ઉસકા સ્વભાવ. ઐસા પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકી અંતર દૃષ્ટિ કરકે, ભક્તિ કરકે... ભક્તિ આયી ન? ભક્તિ નામ અંતર દૃષ્ટિ કરકે નિશ્ચય અંતરમેં અભ્યાસ કરતે હૈ વહ કેવલજ્ઞાનકો પાતે હૈ. પ્રકાશરૂપ કેવલજ્ઞાનકો... પ્રકાશ શબ્દ હૈ ન? કેવલજ્ઞાનકો પ્રકાશરૂપ પાતે હૈ અથવા કેવલજ્ઞાનકા આધારભૂત પરમાત્મા અપના નિજસ્વરૂપ પૂર્ણ દ્રવ્યકો પાતે હૈ. સમજમેં આયા?

'**પરમાત્મપ્રકાશ નામ પરમાત્મતત્ત્વકા ભી હૈ,...**' પરમાત્મપ્રકાશ નામ પરમાત્મતત્ત્વકા ભી હૈ '**ઔર ઈસ ગ્રંથકા ભી હૈ,...**' વાચક-વાચ્ય. વાચકમાં શબ્દો, વાચ્યમાં આ આત્મા અંદર પરમાત્મસ્વરૂપ. કહો, સમજમેં આયા? '**સો પરમાત્મપ્રકાશ ગ્રંથકે પઢનેવાલે દોનોં હી કો પાવેંગે.**' શાસ્ત્રકે જ્ઞાનકો પાવેંગે અથવા કેવલજ્ઞાન પ્રકાશકો પાવેંગે ઔર આત્મદ્રવ્યકો ભી પાવેંગે. '**પ્રકાશ ઐસા કેવલજ્ઞાનકા નામ હૈ,...**' એકલા ચૈતન્યપ્રકાશ કાયમકા. ઉસ કાયમકા ચૈતન્યપ્રકાશકા માહાત્મ્ય આયે બિના ઉસ તરફકી દૃષ્ટિ, ભક્તિ હોતી નહીં. ઐસે કહકર ક્યા કહા? કે નિમિત્ત અને પુણ્ય-પાપકા રાગ ઉસકી રુચિ છોડ દે. પુણ્ય-પાપકા ભાવ ઔર સંયોગી ચીજ હૈ, પણ ઉસકી ભક્તિ છોડ દે. ભક્તિ નામ ભજન. ઉસકો ભજના-ભજન, ભજન કરના છોડ દે તો પરમાત્મસ્વરૂપકા ભજન કરનેમેં તુઝે અવકાશ મિલેગા. સમજમેં આયા? યે તો છેલ્લા આખિરકી ગાથા હૈ ન બહુ ટૂંકી સાર કહે છે.

'**ઉસકા આધાર જો શુદ્ધ પરમાત્મા...**' કૈસા હૈ? '**અનંત ગુણ પર્યાય સહિત...**' ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણસહિત હૈ ઔર '**તીનકાલકા જાનનેવાલા**

**લોકાલોકકા પ્રકાશક...'** ઐસે અનંત ગુણ પર્યાય સહિત તીનકાલકા જાનનેવાલા લોકાલોકકા પ્રકાશક. **'ઐસા આત્મદ્રવ્ય ઉસે તુરંત હી પાવેંગે.'** કહો, સમજમેં આયા? પંચમ આરામેં? ઐસા શબ્દ ક્યોં કહા? આ તો પંચમ આરા હૈ. કેવલજ્ઞાન તો હૈ નહીં. પરમાત્મદ્રવ્ય લાના હૈ ઐસા હૈ નહીંને? સુન તો સહી. અપના પરમાત્મ અંતર સ્વરૂપકી દૃષ્ટિકા સાધન ભક્તિ ચલી તો અલ્પકાલમેં કેવલજ્ઞાન હી મિલેગા અને પરમાત્મતત્ત્વ વહી પ્રાપ્ત હોગા. એકાદ ભવ બીચમેં કરના પડે ઉસકી ગિનતી નહીં. સમજમેં આયા?

ઐસે આત્મદ્રવ્ય અનંત ગુણ પર્યાયસહિત ભગવાન આત્મા કેવલજ્ઞાનકા પ્રકાશ ઔર જ્ઞાન આદિ અનંતગુણકા આધાર, પર્યાય આધાર ઐસે આત્મદ્રવ્યકો અંતર સ્વરૂપમેં આરાધન કરકે, અંતર સ્વભાવમેં એકાગ્ર હોકર, એકાગ્રતાકા અભ્યાસ કરકે પરમાત્મા હો જાયેગા. જૈસા શક્તિરૂપ પરમાત્મા હૈ વહ વ્યક્તરૂપ પરમાત્મા હોગા. દેખો, ઉસમેં તો ઐસા કહા કિ વ્યવહારસે, નિમિત્તસે પરમાત્મા નહીં હોગા. આયા કિ નહીં ઉસમેં? બીચમેં દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામ આતા હૈ, પણ ઉસસે પરમાત્મતત્ત્વ નહીં પાયેગા, ઉસસે કેવલજ્ઞાન નહીં હોગા. કેવલજ્ઞાન અને પરમાત્મા અંતર સ્વરૂપમેં પૂર્ણાનંદ અનંત ગુણકા પિંડ પ્રભુ, અનંત ગુણ પર્યાય સહિત ઐસા આત્મા, સર્વજ્ઞને દેખા ઐસા આત્મા. લોકો કલ્પીને કહે આત્મા-આત્મા ઐસા નહીં. ઐસા આત્માકા જો અભ્યાસ કરે (તો) જરૂર પ્રકાશસહિત આત્મદ્રવ્ય તુરંત પાવેંગે. લ્યો! યે પરમાત્મપ્રકાશકા ફલ કહા. ૨૦૫ હુઈ. ૨૦૬.

**૩૩૭) जे परमप्प-पयासयहं अणुदिणु णाउ लयंति।**
**तुट्टइ मोहु तडत्ति तहँ तिहुयण-णाह हवंति।।२०६।।**

**'જો કોઈ ભવ્યજીવ...'** ભવ્યજીવની વ્યાખ્યા કરી છે અંદર **'विवेकिनः'** **'लयंति गृह्णन्ति जे ये विवेकिनः'** સંસ્કૃત ટીકા. **'विवेकिनः'** જિસકો, આત્મા શરીર, વાણી, મન અને પુણ્ય-પાપકા રાગસે ભિન્ન હૈ ઐસા વિવેક પ્રગટ હુઆ હૈ ઐસે વિવેકીકો યહાં ભવ્ય કહનેમેં આયા હૈ. સમજમેં આયા? **'विवेकिनः'** એટલે કોઈપણ વિવેકી. **'વ્યવહારનયસે પરમાત્માકે પ્રકાશ કરનેવાલે ઈસ ગ્રંથકા...'** અભ્યાસ કરતા હૈ, પણ વિવેકી હોં! જિસકા લક્ષ વ્યવહાર પુણ્ય-પાપ વિકલ્પસે ભિન્ન અપના પૂર્ણ આનંદ ઉપર લક્ષ-મીટ માંડકર અપના સ્વભાવકી ભક્તિ કરનેવાલા હૈ ઉસકો વિવેકી કહનેમેં આતા હૈ.

જિસકો પુણ્ય-પાપકા પ્રેમ હૈ અને પુણ્ય-પાપકે ફલકા પ્રેમ હૈ ઉસકો અવિવેકી-અજ્ઞાની કહનેમેં આતા હૈ. સમજમેં આયા? જિસકો વર્તમાન પર્યાયમેં શુભ-અશુભભાવ હો ઉસકા પ્રેમ હૈ અને ઉસકા ફલ પુણ્ય-પાપકા બંધન અને ઉસકા ફલ અનુકૂલ-પ્રતિકૂલ સામગ્રી-સંયોગ ઉસકા જિસકો પ્રેમ હૈ વહ અવિવેકી હૈ, વહ અજ્ઞાની હૈ, વહ મૂઢ હૈ. ઉસકો પરમાત્મપ્રકાશ શાસ્ત્રકા ભી અભ્યાસ

કરનેકી ઉસમેં યોગ્યતા નહીં. સમજમેં આયા? કારણ કે પરમાત્મપ્રકાશકમેં કહનેમેં તો વહ આયા હૈ.

આત્મા.. પુણ્ય-પાપકા વિકલ્પ સંયોગ હૈ. હૈ ખરી ચીજ. ઉસસે (ભિન્ન) આત્મા પરમ આનંદમૂર્તિ પૂર્ણ સ્વરૂપ હૂં ઐસા ઉસકા અભ્યાસ કર. ઐસા યહાં શાસ્ત્રમેં કહનેમેં આયા કિ વહ પુણ્ય-પાપકી રુચિ ને પ્રેમ છોડકર અપને સ્વભાવકા પ્રેમસે અભ્યાસ કરેગા ઉસકો યહાં વિવેકી કહનેમેં આયા હૈ. સમજમેં આયા? મૂઢ જીવ શાસ્ત્રકા અભ્યાસ કરે પરમાત્મપ્રકાશ કે સમયસાર, અંતરમેં ભાન નહીં કિ યે દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામ હૈ વહ પુણ્ય હૈ, દેહાદિ ક્રિયા પર સ્વતંત્ર જડ હૈ, ઉસસે મેરે આત્મામેં કુછ લાભ હૈ નહીં ઐસા જિસકો અંતર વિવેક નહીં, તો ઉસને કહા ઐસા વાચ્યકો વહ પકડ સકતા નહીં. સમજમેં આયા?

અભ્યાસ કરે તો ક્યા કરે એકલા અભ્યાસ? પરમાત્મપ્રકાશ વાંચ લે. નહોતો કહેતો એક જણો? નવ તત્ત્વ હૈ ન ઉસમેં સમયસારમેં? પંદર દિનમેં સારા સમયસાર પઢ લિયા. બહુ સારી વાત ભાઈ! પંદર દિનમેં. ભાઈ! ઉસકી એક ગાથા સમજમેં મહિનાકા મહિના ચલે જાયેગા તુઝે. ધીરો તો થા. આ તો પરમાત્મપ્રકાશના ભેટણા હૈ. આ કાંઈ ભિખારી પાસે જાના નહીં હૈ. બડા રાજા પાસે જાના હો તો કિતની તૈયારી કરકે જાતે હૈ? રાજકી સભામેં આમ કરીને નહીં બૈઠે પહલે. ભાઈ! એમ હતુંને? શું કહેવાય આ? એમ ન બાંધીને બેસાય. એમ ન બેસાય રાજની સભામાં.

ઐસા હુઆ થા. ઘેલાશા હુઆ ન બરવાળામેં. બરવાળામેં ઘેલાશા હૈ. પાનાચંદભાઈના દાદા. દાદા જ કહેવાયને, વડીલ. એ ત્યાં ગયા હતા. મોટો કડક માણસ હતો. વાણિયો પણ કડક ભારે. છેવટે તો આંખમાં મરચા ભરીને કેદમાં નાખ્યો રાજાએ. સભામાં બેઠા આમ પલોઠી વાળીને. મુછો આમ આમ કરે ઓલા દરબારની સામે. કહેવડાવ્યું માણસ પાસે. ફરીવાર કરે એ તો. હતો વાણિયો, પણ સત્તાપ્રિય રાજાની પ્રકૃતિવાળો દશાશ્રીમાળી વાણિયો. આ બરવાળા. ન બેસાય. પલોઠી-બલોઠી વિનયસહિત બેસાય. આમ મૂછો ફડફડાય નહીં ત્યાં રાજની સભામાં. કરે છેને આમ આમ માણસ નથી કરતા? શું દે? એના મૂછોંનો ભાગ વાળીને આમ કરે. રાજસભામાં ન થાય. રાજના સેવક પ્રજા છે. પ્રજાની રીતે બેસી શકાય, બીજી રીતે નહીં. તો રાજસભામેં પણ ઈતના વિનય સભ્યતા હોતી હૈ. તીન બાર ... દો-તીન બાર... રાજાકે હુકમસે નિકાલ દિયા. ક્યા કરે?

એમ યહાં કહતે હૈં કિ પરમાત્મપ્રકાશકી સભામેં જિસકો આના હૈ ઔર પરમાત્મા અપના પૂર્ણાનંદ અખંડાનંદ ઉસકા જિસકો અભ્યાસ કરના હૈ ઉસકો રાગ, સંયોગ, નિમિત્તકી રુચિ (છોડની પડેગી). અપના સ્વભાવ અંતરમેં જાના હૈ તો રાગસે વિવેક કિયે બિના પરમાત્મપ્રકાશકા શાસ્ત્રકા અને અંતરકા અભ્યાસ નહીં કર સકેગા. સમજમેં આયા? ગાથા-ગાથા દીઠ યહ આયેગા

કિ રાગ પુણ્ય હૈ, હેય હૈ. તેરા દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામ હેય, ઝેર હૈ. તેરા સ્વભાવ નહીં, તેરા સાધન નહીં. તો જિસકી રુચિ ઉસમેં હૈ વહ નહીં કર સકેગા. સમજમેં આયા? વહ તો અપેક્ષાસે કહા હૈ, અપેક્ષાસે કહા હૈ ઐસા કરકે ઉડા દેગા. પણ ક્યા અપેક્ષાસે? ભગવાન આત્મા પુણ્ય-પાપકા રાગરહિત ઐસી રુચિ કરકે, ઐસી શ્રદ્ધા કરકે, વિવેક કરકે શાસ્ત્ર પઢે તો શાસ્ત્રકા ફલ અપના પરમાત્મ તરફકા અભ્યાસ કરકે કેવલજ્ઞાન ઉસે મિલેગા. ઉસકો પ્રકાશકી પ્રાપ્તિ હોગી ઔર અંધકારકા નાશ હોગા. જુઓ, સમજમેં આયા ન? અંદર છેને? **'लयंति गृह्णन्ति जे ये विवेकिनः'** સાધારણ અર્થ કરી નાખ્યો છે. .. ભવ્યજીવ. .. એ શબ્દ જોઈએ. સમજમેં આયા?

**'વ્યવહારનયસે પરમાત્મકે પ્રકાશ કરનેવાલે ઈસ ગ્રંથકા તથા નિશ્ચયનયસે કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત...'** આ આત્મા કેવલજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો આત્મા. પરમાત્મપદાર્થ ઐસા ભગવાન આત્મા **'अनुदिनं'** દિન-દિન પ્રત્યે. ઐસા **'સદૈવ...'** દેખો, જિસકી રુચિમેં આત્મા હી જમ ગયા હૈ. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ. રાગ વિકલ્પ આદિ નહીં. શરીરકી ક્રિયા તો મૈં તીન કાલમેં કર સકતા નહીં. માનતા હૈ (કિ) અજીવ હૈ, આસ્રવ હૈ, ઉસસે મેરી ચીજ ભિન્ન હૈ. ઐસા વિવેકી **'अनुदिनं' 'अनुदिनं'**-દિન-દિન પ્રત્યે. **'नामं गृह्णन्ति' 'નામ લેતે હૈં,...'** પણ યે વિવેકી નામ લેતે હૈ હોં. નામ લેતેકા અર્થ ઉસકા સ્મરણ કરતે હૈ. દેખો, નામકા અર્થ ઉસકા સ્મરણ કરતે હૈં. ... સમજમેં આયા?

પરમાત્મા-પરમાત્મા. આત્મા હી પરમાત્મસ્વરૂપ હૈ. શુદ્ધ ચિદાનંદ ઉસકા સ્મરણ કરતા હૈ વિવેકી જીવ ઉસકો ક્યા મિલતા હૈ? **'સદા ઉસીકા સ્મરણ કરતે હૈં,...'** સદા. ચોવીસ કલાક રટણ. ખાતે-પીતે પણ વહ .. છૂટે નહીં. મૈં જ્ઞાયકસ્વરૂપ હૂં ચિદાનંદ. રાગસે, સંયોગસે હૈ ચીજ, ઉસસે પૃથક્ મેરી ચીજ હૈ. ઐસા વિવેકી કાયમ ઉસકા સ્મરણ કરતા હૈ. ઉનકા... કૈસે? કિ **'નિર્મોહ આત્મદ્રવ્યસે વિલક્ષણ...'** નામ તો કૈસા કહના હૈ કિ મોહ નામકા કર્મ શીઘ્ર છૂટ જાતા હૈ. મોહકર્મ કૈસા હૈ? નિર્મોહ ભગવાન આત્મા આત્મદ્રવ્ય, મોહકર્મ અને મોહભાવસે રહિત આત્મદ્રવ્ય. નિર્મોહ ભગવાન આત્મા ઉસસે વિલક્ષણ, ઉસસે વિપરીત લક્ષણવાળા મોહ નામનું કર્મ. સમજમેં આયા? જડકર્મ અને ભાવકર્મ મોહ વહ આત્મદ્રવ્યસે વિલક્ષણ હૈ. ક્યા કહા સમજમેં આયા? યે તો પરમાત્મપ્રકાશકી આખિરકી ગાથાકા સાર હૈ ન. બહુત ટૂંકામેં લિયા હૈ.

મોહ નામકા ભાવકર્મ અને દ્રવ્યકર્મ. ભગવાન આત્મા દ્રવ્યમોહ અને ભાવમોહસે રહિત આત્મદ્રવ્ય. ઐસા વિલક્ષણ ભાવકર્મ અને દ્રવ્યકર્મ. વિપરીત લક્ષણવાલા ભાવકર્મ વિકલ્પ દયા, દાન અને જડકર્મ **'શીઘ્ર હી ટૂટ જાતા હૈ,...' 'झटिति त्रुट्यति' 'શીઘ્ર હી ટૂટ જાતા**

હૈ,...' ભાવકર્મ અને દ્રવ્યકર્મ ટૂટ જાતા હૈ અને આત્મા એકીલા પરમાત્મરૂપ રહ જાતા હૈ. આહા..હા..! સમજમેં આયા? લડકેકા લગન હો. સારા દિન ... શોભાલાલભાઈ! કેવી ધૂન? અને પાછા મારવાડમાં લગન. લાખ-લાખ રૂપિયા ખરચેને. આ લાખ ને આ લાખ. હવે સારી આબરૂવાળાને બબ્બે લાખ. પાગલ-પાગલ દેખો બે દિ', ત્રણ દિ'. આપણે જોયા નથી, સાંભળ્યું છે બધાનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... નહીં. બે-ત્રણ દિ' સુધીમાં પણ એ તો આમ ધૂન પડે. ઐસા કરના... ઐસા દેના... ઐસા દેના... લડકીના બાપને લાખ, બે લાખ ખરચવા હોય. પૈસાના પ્રમાણમાં હોય, આ લાખ, બે લાખ ખરચે. એક જણો કહેતો હતો. હમારે લાખ હુઆ, લકડીકે બાપકો લાખ હુઆ. આટલો બધો ખરચ? લાખ-લાખ ત્યારે તો અમારે મારવાડમાં કન્યા જાય નહિતર કન્યા લે નહીં. એમ નહોતા કહેતા?

મુમુક્ષુ :- નાત આખી જિંદગી સંભારેને.

ઉત્તર :- નાત આખી જિંદગી સંભારે. એથી એને સખનો સડકો આવતો હશે? એ બધા સવારથી વિચાર કરે એનો બાપ હોં. વેવાઈ વળી સત્તાપ્રિય હોય અને વળી કાંઈક કરોડ, બે કરોડનો આસામી હોય. .. લગન કરનેકો આતે હૈ. ઐસે ધામધુમ કરના. માણસ હજાર, બે હજાર લાના, દો તીન બાજા લાના, એક પછી એક હજાર માણસ પછી .. ફુલવાડી કાચની. ફુલવાડી નહીં હોતી કાચની? કાચમાં નાખેને ફુલવાડી. ઐસી ૨૫-૫૦ ફુલવાડી અને ચાંદીના ઓલા અત્તર. કહો, સમજમેં આયા? થોડું ઘણું તો અમે કર્યું છેને. અમારા ખુશાલભાઈના લગનમાં આવું બધું કર્યું છે. થોડું ઘણું. ફુલવાડી કાચની, બેંડવાજા, બધા અત્તરની ઓલી શું કહેવાય? બધું કર્યું હતું. ઓહો..! ઓલું મોટું ઘર હતું. ધૂન ચડે તો એકાકાર સવારથી સાંજ. સમજાણું કાંઈ? એ કેટલો વિચાર કરતા હશે આવા પાગલ? એમ અહીંયાં પાગલ થઈ જવું જોઈએ, એમ કહેવું છે અહીંયાં.

આત્મસ્વભાવમેં પાગલ હોના, દૂસરી ચિંતા છોડ દેના. સમજમેં આયા? '**अनुदिनं**' શબ્દ પડ્યો છેને એટલે જરી આવ્યું. '**अनुदिनं**' સદૈવ. ત્રણ-ચાર દિ' જાય એ તો. બાયુંને ઘોંઘાટા ઓલા થઈ જાય. બોલતા બોલતા શું કહેવાય? સાદ બેસી જાય તોપણ બોલે મલાવા લેવા. પણ હવે બહેન ઓછું બોલોને. પણ કહે ભાઈ આ માંડ બે-ત્રણ દિ' છેને. હવે પછી ક્યાં છે? એ બોલવામાં પણ લહાવા. ઘોંઘાટા બેસી ગયા હોય. દાળ ખાધી હોય, શાક ખાધા હોય, ભજીયા-ભજીયા. શું કહેવાય? અવાજ એવો તોતડો થઈ ગયો હોય, ઘોઘરો થઈ ગયો હોય તોપણ બોલવાનો લહાવો. એટલી ધૂન. અરે! વહ ધૂન ભગવાનમેં તો લગા દે. તેરે લગનમેં

તો લગા દે. આ તો લગન ફોગટના ખોટા છે. ઉસમેં કુછ નહીં. એ લગન કર્યા અને આઠ દિ'એ દસ દિ'એ જમાઈકો કુછ હુઆ તો મરી જાય. જાવ ત્યાં ને ત્યાં... જે ઠેકાણે માંડવા એ ઠેકાણે ઠાઠડી. ઐસા બના હૈ ન. અભી બહુત બના હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! કોક.. અમરચંદભાઈ! એ જ ઉભું કરેને શું .. કરે? બાંધતે હૈ ન લગનકા, શું કહેવાય? મંડપ. વહી મંડપમેં લગન કિયા અને વહી મંડપમેં મર ગયા. ઐસા હુઆ હૈ. હોતા હૈ ક્યા, હુઆ હૈ. આપણે આર્જિકા નહિ? આ ..બા આર્જિકા આવે છેને ભાઈ દામનગરથી. એના લગન થયા અને બોટાદ જાન ગઈ પણ ... ત્યાં પ્લેગ થઈ ગયો. થોડા દિ'એ અહીં આવ્યા. અહીં મરી ગયો. હજી તો માંડવો હતો એમ ને એમ. ત્યાં નીચે બેસાડ્યા. મરી ગયા. જ્યાં લગન... શોભાલાલભાઈ! એક આપણે આર્જિકા નથી આવતા? દામનગરથી ચોમાસું કરવા. કામદાર. એ થોડા દિ' તરત જ હોં. અહીં લગન કર્યા, ત્યાં ગયા ત્યાં પ્લેગ કે કાંઈક હતું. ૬૬ની સાલ. એને કામદારને ખબર છે. ૬૬ની સાલ વાત છે. એ મને ખબર છે. અમે વીંછીયા હતા. એ આવ્યા હતા બધા તમારા ભાઈ... ગુજરી ગયા. આ મણિભાઈના... અમારા ભાઈના લગન થયા. આ નાનાલાલભાઈના ભાઈ હોં મોહનભાઈ... લગન થયા અને ત્યાં ને ત્યાં અમુક દિ' રહ્યા. મંદવાડ હતો. ત્યાંથી શરૂ થયેલો લગનમાં, ત્યાં ને ત્યાં ખલાસ. કન્યાને છોડી દેવી પડી. આ હોંશું તે ખોટા લગનમાં લગની. સમજમેં આયા? ક્યા કહા? ખોટા લગનમેં લગની. આ સાચા લગનમેં લગની લગાના એમ કહતે હૈ. આહા..હા..!

કૈસે? **'સદૈવ...'** આહા..હા..! જાપ ચાલે જાપ અંદર. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... આહા..હા..! મૈં ચિદાનંદ જ્ઞાયક, રાગાદિ નહીં. જ્ઞાન જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક... ઐસા વિવેકસહિત જો યહ શાસ્ત્ર પઢે ઔર અંતર સ્વભાવમેં વિવેક કરે તો ઉસકા મોહ શીઘ્ર ટૂટ જાતા હૈ, અલ્પ કાલમેં મિટ જાતા હૈ. તો ક્રમબદ્ધમેં વળી શીઘ્ર કહાંસે આયા? સમજમેં આયા? વો તો કહતે હૈં કિ ઐસા કરે ઉસકો અલ્પ કાલમેં કેવલજ્ઞાન હોનેકા હી ક્રમ હૈ. એમ કહતે હૈ. સમજમેં આયા? સ્વભાવ સન્મુખકી એકાગ્રતા કરે ઉસકો તો અલ્પ કાલમેં કેવલજ્ઞાન આનેકા હી ક્રમ હૈ. ઐસા બતાતે હૈ. ઉસકો લંબા કાલ હોતા નહીં.

ઈતના તો ઠીક ઔર **'ત્રિભુવનનાથા ભવંતિ'** **'શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાકે ફલસે...'** લ્યો આ મોટી પદવી જોવે છેને જગતને. આ તો કહે છે, સહજ ત્રિભુવનનો નાથ થાય છે. સમજમેં આયા? **'શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાકે ફલસે...'** ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ.. શુદ્ધ... ઉસકી અંતર દૃષ્ટિ અને ભાવના—એકાગ્રતા કરનેસે ક્યા હોતા હૈ? **'પૂર્વ દેવેન્દ્ર ચક્રવર્ત્યાદિ...'** પદ મિલે. જુઓ! મૂક્યું પહેલા. ખબર હૈ કિ હમારે મોક્ષ નહીં. સમજમેં આયા?

દેખો, આખિર ગાથામેં અગલે ભવકા નિષેધ કરકે જાતે હૈ યહાંસે. ધર્માત્મા મુનિ હૈ યોગીન્દ્રદેવ સંત, દિગંબર સંત મુનિ મહા. કહતે હૈ કિ ઐસા સ્મરણ કરકે, ભગવાન આત્માકા સ્મરણ કરતે-કરતે પુણ્ય તો રહ જાયેગા. ઈસ ભવમેં કેવલ તો હૈ નહીં. અને ભવિષ્યમેં કોઈ ઐસા આત્માકો ઉસ દેહમેં પૂર્ણ હોનેકી લાયકાત ન હો તો દેવેન્દ્ર—દેવના ઈન્દ્ર હોગા. સાધારણ નહીં હોગા વહ. આત્માકા આરાધન કરનેવાલા દેવમેં ભી ઈન્દ્ર હી હોગા. ઈન્દ્ર નામ બડી ઋદ્ધિવાલા. સાધારણ ચાકર-બાકર એવા ન થાય. ભગવાનકી ચાકરી કિયા હૈ ન. પરાત્મા નિજાનંદ સ્વરૂપકી ભાવનાકી ચાકરી કિયા વહ ચાકર કૈસે બને? સમજમેં આયા? ઓહો..હો..! ઉસકો પુણ્ય હી ઐસા બંધ જાયે.

અનાજ પકે સો ખાંડી તો સો ગાડા ઘાસ તો ઉસમેં હોતા હી હૈ. સો ખાંડી અનાજ પાકે. સમજે? ખાંડી કહતે હૈ ન? સો ખાંડી અનાજ પકે તો ઉસમેં ઘાસપુસ તો હોતા હૈ કિ નહીં? કિ ઘાસ બિના અનાજ પકતા હૈ? હો, સાથમેં પંચમ આરા હૈ. આગે બઢનેકી તાકાત નહીં હૈ, તો કહતે હૈં કિ પુણ્ય બંધ જાયેગા. આત્માકી ભાવના કરતે... કરતે... કરતે... વિકલ્પ રહા હૈ (ઉસકે ફલમેં) દેવેન્દ્ર હોગા. ઓહો..હો..! યહાંસે નિકલકર ચક્રવર્તી હોગા. આદિ શબ્દ છેને? ચક્રવર્તી કાં તીર્થંકર કાં બલદેવ એવા ઉત્તમ પુરુષ. આત્માકી શુદ્ધ ચૈતન્યકી આરાધના કરનેવાલા, બાકી રહ જાયે થોડા ભાવ, સ્વર્ગમેં જાયેગા. સમજમેં આયા? ઔર વહાંસે નિકલકર ચક્રવર્તી, તીર્થંકર, બલદેવ ઐસી '**મહાન વિભૂતિ પાકર...**' સમજમેં આયા? અપની વિભૂતિકા બહુમાન કિયા અને વિકલ્પ ઉસકા રહા, બાહરકી વિભૂતિકે સાથમેં ઐસા તૃણ—છિલકા હોતા હી હૈ. વહ તો છિલકા હૈ. ભાવના નહીં હૈ હોં! ઉસકી ભાવના નહીં તો ઉસકો મિલતી હૈ. જિસકો ચક્રવર્તીપદકી ભાવના હૈ ઉસકો વહ પદ મિલતા હી નહીં. ભાવના નહીં હૈ ઉસકો મિલ જાતી હૈ એમ કહતે હૈ. સમજમેં આયા?

'**દેવેન્દ્ર ચક્રવર્ત્યાદિકી મહાન...**' વૈમાનિક દેવમેં પણ બડી ઋદ્ધિવાલા દેવ હોતા હૈ. વહાંસે નિકલકર બલદેવ, ચક્રવર્તી, તીર્થંકર હોતા હૈ. ઔર '**ચક્રવર્તીપદકો છોડકર જિનદીક્ષા ગ્રહણ કરકે...**' ક્યોંકિ ધૂન લગી હૈ વહ. આયુષ્ય પૂરા હો ગયા. પુણ્ય બંધ ગયા, સ્વર્ગમેં ગયે. વહાંસે નિકલકર ચક્રવર્તી આદિ પદકો છોડકર જિનદીક્ષા ગ્રહણ કરકે, એમ. પાછું એ પદકો છોડકર છેને? ..મિલા હૈ તો છોડું એમ. તીર્થંકર તો છોડતે હી હૈ. તીર્થંકર જો હોતા હૈ વહ તો નિયમસે છોડતે હૈ, પણ ચક્રવર્તી ઐસા આરાધક હો વહ ભી નિયમસે છોડકર. એ ચક્રવર્તી નરકમેં જાયે ઐસા બને નહીં. એમ કહતે હૈ. સમજમેં આયા? તીર્થંકર જો હોતા હૈ વહ તો છોડતા હૈ... છોડતા હૈ... છોડતા હૈ. પણ ચક્રવર્તી હોતા હૈ કોઈ ઐસા નિયાણા કરકે હુઆ તો વહ ન છોડ સકતા. યે તો આત્માકા નિદાન કરકે હેતુ બાંધકર સ્વભાવમેં એકાગ્ર હોકર

હુઆ હૈ. સમજમેં આયા?

'**જિનદીક્ષા ગ્રહણ કરકે...**' જિનદીક્ષા ક્યોં કહા? સમજમેં આયા? 'જિનદીક્ષા' હૈ પાઠ દેખો. જુઓ જિનદીક્ષા. દૂસરી કોઈ દીક્ષા વહ દીક્ષા હી નહીં. જૈન પરમેશ્વરકે માર્ગમેં જન્મ હુઆ, જિનદીક્ષા નગ્ન મુનિ હોકર, વીતરાગી દીક્ષા લેકર ઐસે. દૂસરે દીક્ષા લેતે હૈ બાવા-ફકીર હોતા હૈ, જૈનમેં નામ ધરાકર સાધુ હોતા હૈ વહ સબ સાધુ હૈ નહીં. વહ દ્રવ્યલિંગી ભી હૈ નહીં. સમજમેં આયા? મિથ્યાદષ્ટિ પુણ્યસે ધર્મ માનનેવાલા, ક્રિયાકાંડકો કરનેવાલા વહ તો સબ મિથ્યાદષ્ટિ, મૂઢ અજ્ઞાની હૈ. વહ જિનદીક્ષા હૈ હી નહીં. સાચી વાત હશે? અમરચંદભાઈ! આહા..હા..!

જિનદીક્ષા તો ઉસકો કહતે હૈ કિ જિસમેં આત્મા વીતરાગી વિજ્ઞાનઘન અંતર દષ્ટિમેં અનુભવ હુઆ. અનુભવ કરતે-કરતે રાગ બાકી રહા, સ્વર્ગમેં ગયે, વહાં ભી સમકિત લેકર નિકલે સ્વર્ગમેંસે. ઔર રાગ આયા તો નિષેધ કરતે-કરતે અંતરમેં રહતે હૈ. વે જબ અવસર આયા તો જિનદીક્ષા (લેતે હૈં). અલખ લગા દો. વીતરાગ વિજ્ઞાનઘનમેં સ્થિરતા કરનેકો વિવેક ગ્રહણ કરતે હૈ. સમજમેં આયા? વહ અન્યમતિકા બાવા ઔર વાડાવાળા સાધુ નહીં હોતા એમ કહતે હૈ. વહ સાધુ-બાધુ હૈ નહીં. ઓહો..હો..!

'**જિનદીક્ષા ગ્રહણ કરકે...**' એક-એક શબ્દ પડા હૈ. વીતરાગી ભગવાનકે શાસનમેં ઉસકા જન્મ હોતા હૈ. ઐસા સંપ્રદાયમેં જન્મ અને મહા ચક્રવર્તી આદિ વિભુતિકા સંયોગ છોડકર વીતરાગ... વીતરાગ... આત્મા હોં. ઐસી વીતરાગી દીક્ષા ઉસકો દીક્ષા કહતે હૈ. આ તો બધી દખ્યા છે દખ્યા. દખ્યા. દુઃખીયા-દુઃખીયા. દખ્યા બોલે છેને? દીક્ષા લીધી, દીક્ષા લીધી. દખ્યા થયા. આ તો કહતે હૈ, એ વીતરાગી દીક્ષા. આહા..હા..! ચૈતન્યમેં રમણતા... રમણતા... રમણતા... રમણતા... .. દિન રમણતા કરતે-કરતે '**કેવલજ્ઞાનકો ઉત્પન્ન કરાકે...**' કેવલજ્ઞાન ઉત્પન્ન કરતે હૈ. સમજમેં આયા?

'**તીન ભુવનકે નાથ હોતે હૈં,...**' ત્રણ લોકના જાણનાર-દેખનેવાલા નાથ હોતા હૈ. જાનને-દેખનેવાલા નાથ હોતા હૈ. સમજમેં આયા? આહા..હા..! જ્ઞાનકી રુચિ, અંતર સ્વભાવકી દષ્ટિ, રુચિ, સર્વ વિરોધ દષ્ટિસે નિકાલકર અંતર્મુખ હુઆ ઔર ઐસી ધુન લેકર ગયે, સ્વર્ગમેં ગયે. વહાં ભી ભગવાનકી ભક્તિ આદિ સ્મરણ આદિ કરતે-કરતે કાલ (વ્યતીત કરતે) હૈં. વહાંસે નિકલકર ચક્રવર્તી આદિ હો, (ઉસે) છોડકર. છ ખંડકા રાજ, છન્નું હજાર સ્ત્રી બળખા જેમ છોડે એમ છોડ દેતે હૈં. હમારા આનંદકા સ્વાદ ... ઓહો..! અમૃતકા સ્વાદ લેનેકો હમ વનમેં જાતે હૈં. જહાં જન પગરવ નહીં. જનકા પગરવ નહીં કહતે હૈ? આના-જાના નહીં. ઐસે જંગલમેં આત્મ આનંદમેં મગ્ન ઐસી દીક્ષાકો દીક્ષા કહતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- સુખ...

ઉત્તર :- ધૂળમાંય સુખ નહોતું. આ સુખ મિલા એય..! આ ચક્રવર્તીનું સુખ મળ્યું. પથરા મળ્યા. શું મળ્યા? ધૂળ મળી. રાણી મળી એટલે? શું મળ્યું? માંસના લોચા. આહા..હા..! ભગવાન શરીરના લોચામાં-જેલમાં પડ્યો. માંસના લોચામાં-જેલમેં ભગવાન પડા. એ દિવ્યશક્તિને નિકાલ... નિકાલ... નિકાલ. ઈસે ભી નિકાલ દે તો વળી એ બાયડી ને એ ક્યાં રહી ગયા? એ તો માંસ અને હાડકાના પૂતળા. જરી રોગ થાય તો ખબર પડે એ સારા શરીર દેખાય ત્યાં. કાલે કેવું થઈ ગયું હતું તમારા શેઠને? એં...એં... થઈ ગયું, થોડુંક આમ થાય.. આમ થાય.. એ શરીર છે. ક્યાંય મજા ન પડે. આમ થાય, શ્વાસ ... રાજા નહીં ભાવનગર દરબાર? અસુખ હૈ. ચેન પડ્યું નહીં. શયનઘરમાં ગયો, ચેન ન પડ્યું. હજી તો બેઠા હતા, સાંભળતા હતા. મને અસુખ છે. બસ, ખલાસ થઈ ગયો. ખલાસ થઈ ગયો. ડોક્ટર-ડોક્ટર આવ્યા પહેલા ખલાસ. શોભાલાલભાઈ! આ કૃષ્ણકુમાર ભાવનગર દરબાર હોં મોટા.

મુમુક્ષુ :- ક્યારે હમણા?

ઉત્તર :- હમણા જ તે. પાંચ-છ મહિના પહેલા. કહો, સમજમેં આયા? કોણ કરે ભગવાન! અરે..! જ્યાં નાથ બિરાજે છે એની તો તને રક્ષાની ખબર નથી. અસંખ્ય પ્રદેશમાં અખંડાનંદ પ્રભુ બિરાજે છે. ઐસા પરમાત્મા અપના નિજસ્વરૂપકી તો પ્રીતિ નહીં. પ્રીતિ, ભક્તિ, રુચિ, લીનતા નહીં અને પછી શાંતિ મિલાના ચાહે. ક્યાં શાંતિ? ધૂલમેં હૈ? ચક્રવર્તીના સુખ છોડી દીધુંને એમ કહે છે.

આવ્યું નહીં એ? સમકિતી. 'ઈન્દ્ર સરીખા ભોગ... ચક્રવર્તીકા સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ..' 'ચક્રવર્તીકી સંપદા, કાગ વીટ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' કાગની વિષ્ટા હૈ એમ માનતે હૈ. એય..! દેવાનુપ્રિયા! કાગની વિષ્ટા છોડી કે સુખ છોડ્યું? ક્યા છોડા? 'ઈન્દ્ર સરીખા ભોગ... ચક્રવર્તીકી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' સમ્યગ્દૃષ્ટિ કાગની વિષ્ટા (માને છે). હલકીમાં હલકી કાગની. સમજમેં આયા? કૌઆકા માંસ ભી બહુ ન ખાય માણસ. એની વિષ્ટા પાછી. ચક્રવર્તીના ભોગ, રાજ અને ઈન્દ્રપદ. આતા હૈ? મંત્રીજી! વહ સ્તવનમેં આતા હૈ. 'ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાલા રાજ વૈભવમેં પડા હોતે વિષ્ટા સમાન માનતે હૈ.

કહા નહીં? ઉસમેં કહા થા ન. સમ્યક્દૃષ્ટિકી બાત કહી થી. વિષ્ટાનું આવ્યું છેને ક્યાંક એ નહીં? કેટલામે પાને છે? વીટ સો વખત. ૨૩૫. દેખો, માણસને હજી સમ્યગ્દર્શનમેં ક્યા પ્રીતિ હૈ ઉસકી ખબર નહીં અને ક્યા ચીજ હૈ. દેખો, ૨૩૫ દેખો. સમ્યગ્દૃષ્ટિ પુરુષ ઉસકા ઐસા

સ્વભાવ હૈ, 'કીટ સો સુજસ જાને.' યે આબરૂ તેરી વધી ગઈ. કે નાકનો મેલ. સમ્યગ્દૃષ્ટિકા આબરૂ સમ્યગ્દૃષ્ટિ માનતે હૈ કિ નાકકા મેલ હૈ. આહા..હા..! નાકકા મેલ અંદર ગલેમેં ઉતાર દેતા હોગા? 'કીટ સો સુજસ જાને, વીટ સો વખત માને.' કોઈ કહે કે અહો..! તુમ્હારા તો અભી સમય હૈ. લડકા ઐસા, લડકી ઐસી ઔર તુમ્હારે પુત્રકી કન્યા આવે વહ ભી મહાન અબજોપતિમેંસે. તમારા શરીર સુંદર, તમારા પુત્ર ઇન્દ્રના અવતાર જૈસા. બંગલા ઐસા ૫૦-૫૦ લાખ-લાખકા બંગલા. તુમ્હારા તો અભી ભાગ્ય હૈ, ભાગ્ય હૈ. આ કહે કે 'વીટ સો વખત માને.' સમ્યગ્દૃષ્ટિ વિષ્ટા સમાન વખત માનતે હૈ. આહા..હા..! એ વિષ્ટા વખતમેં છોડ દેતે હૈ એમ કહે છે. ..મેં નહીં. આયા કિ નહીં વિષ્ટા? આ તો પુણ્યને વિષ્ટા કહે તો, હાય..હાય.. આ પુણ્યના ફળને વિષ્ટા કીધી છે. મળ ... શું છે? પણ ઝેર કીધું છે. હવે તારી વિષ્ટાથી તો .. છે. પુણ્યભાવ-શુભભાવ ઝેર હૈ. અને ઉસસે બંધ પડા જિતના વહ સબ ઝેરકા વૃક્ષ હૈ. વિષવૃક્ષ ઐસા પાઠ હૈ. ક્યા કરના હૈ તુઝે? વિષ્ટા તો ભૂંડ ભી ખાતા હૈ. ઝેર ખાયે તો મર જાયે. વિષ્ટાસે તો પુષ્ટિ મિલતી હૈ ભૂંડકો. સમજમેં આયા? ઇન્દ્રસેનજી! ક્યા હૈ દેખો! રાડ નાખતે હૈ અરરર! સુન તો સહી. ધૂલ હૈ વિષ્ટા તેરા પુણ્ય ક્યા?

'વીટ સો વખત...' જુઓ, કહે છેને. 'સુયશકો નાકકે મેલકે સમાન, ભાગ્યોદયકો વિષ્ટા સમાન જાનતે હૈ. સમ્યગ્દૃષ્ટિ ઐસે માનતે હૈ.' આહા..હા..! જુઓ, બનારસીદાસે 'કીટ સો કનક જાકે, નીચ સો નરેસ પદ.' 'જુઓ, કીટ સો કનક.' સોનું એ કાદવ-કાદવ છે. સોના તો કાદવ હૈ-કીચડ હૈ. 'નીચ સો નરેશ પદ.' નરેશ હુઆ રાજા. રાજપદકો .. તુચ્છ... તુચ્છ... તુચ્છ માનતે હૈ. સમજમેં આયા? 'મીતસી મીતાઈ.' સમજે? લોગોંકી મિત્રતા તો મૃત્યુ (સમાન હૈ). .. આવે અને વાતચીત કરના પડેગા, ત્યાં રુકના પડેગા, રાગ હોગા. આહા..હા..!

'ગરવાઈ જાકી ગારસી.' પ્રશંસાકો ગાલીકે સમાન (જાનતે હૈં). ધર્મીકો પ્રશંસા કિસકી પ્રશંસા? ભગવાન આત્માકી પ્રશંસા કિ બાહરકી આબરૂકી? ગાલી દેતે હૈં, ભૈયા! તુમ બડા પુણ્યશાલી હો ઔર તુમ્હારા તો હુકમ ચલતા હૈ. ગાલી દેતે હો તુમ. વચન હમારા નહીં, પ્રશંસા કિસકી કરતે હો તુમ? આહા..હા..! સમજમેં આયા? 'જહરકી જોગ જાતિ.' ક્યા? યોગક્રિયાકો ઝેર સમાન. સમજમેં આયા? યોગની ક્રિયા ઐસા કરતે હૈ, વૈસા કરતે હૈ. ઝેર હૈ. 'મંત્રાદિ કરામતકો દુઃખકે સમાન.' મંત્રાદિ. હર્ષ એ હોંશ. હોંશ ક્યા હૈ? 'લૌકિક ઉન્નતિ કો અનર્થકે સમાન.' લોકકી ઉન્નતિ હુઈ. તુમ્હારે કુટુંબમેં બહુત ઉન્નતિ હુઈ. તુમ્હારે બાદ બહુત ઉન્નતિ હુઈ. એ અનર્થકે સમાન. 'શરીરકી કાંતિકો રાખકે સમાન. પુદ્ગલ ..' લ્યો! રાખના ઢગલા જેવું છે આ શરીર. રાખમાં તો હજી પગ નાખે, આ તો ભારે! આહા..હા..! આ ન નીકળે ત્યારે એને ક્યાં જાઉં... ક્યાં જાઉં...

એક માણસને .. ધ્રાંગધ્રામાં. ૭૩માં. જેઠાલાલ સંઘવી હતા સંઘવી. પણ મરવા ટાણે નીચે તળાઈ. સૂઈ શકે નહિ. આમ... આમ... મને બોલાવ્યા. .. જોડે હતા તે શું હશે આ? પણ અંદર એવું બહુ કાંઈક થતું હશે. નીચે પડી જાય, ઊંચે વયા જાય, આમ પડી જાય. એવી પીડા આખિરકી. આમ સાધ્ય. ઓહો..હો..! ૭૩કી સાલની બાત હૈ. આ દશા તારા શરીરમાં હોંશ શેની કરવી? રાખ હૈ યે તો. શોભાલાલભાઈ! દેખા કે નહીં તમે કાલે રાત્રીકો? આહા..હા..! ધૂલમેં ભી સખ નહીં હૈ. ક્યાંક સંચો ઓલો થયો અંદર. સાઈકલમાંથી પવન નીકળી જાય તો ફૂ.. એમ અહીંથી કાંઈક નીકળી જાય. અહીં નીકળી ગયું કે અહીં નીકળી ગયું. ડોક્ટર કહે. યહાંસે કુછ છૂટ ગયા હૈ, યહાંસે ટૂટ ગયા હૈ, યહાંસે છૂટ ગયા હૈ. આવા સંચા આવા. અને અંદરમાં આમ હાલક-ડોલક... હાલક-ડોલક... એ શરીરમાં કાંતિ રાખ (સમાન છે). સંસારની માયાના જંજાળકે સમાન. સંસારી માયાને જંજાળ સમાન. 'ઘરકે નિવાસકો બાણકી નોકકે સમાન.' ઘરમેં રહના હૈ એ બાણની નોક આમ અંદર અણી ઉપર રહના, તલવારની ધાર ઉપર. સમજમેં આયા? આહા..હા..! 'કાલસો કુટુંબ કાજ.' સમજે? કુટુંબકા કાર્યકો કાલકે સમાન. અરે! આ લડકી.. આ મોટી થઈ છે બળદ જેવડી. આ કોઈ સામું જોતા નથી. ઘરમાં ઉંઘ કેમ તમને આવે છે? એમ એવા ચડાવે. પછી બાયડી અંદરથી... ઓલાને ઉંઘ ન આવે બિચારાને. આ ત્રણ-ત્રણ છોડીયું બબ્બે વર્ષને આંતરે. બળદ જેવી મોટી થઈ છે. સામું જોતા નથી. કોઈ લગન-બગન કરના હૈ... એમ કરેને? જાધવજીભાઈ! પરણનેકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ક્યાં વાત છે? પણ અહીં તો આવી પડેલા કાર્યને કાળ સમાન, આ આવી પડ્યા એવા કાર્યને કાળ સમાન માનતે હૈ લ્યો. સમજમેં આયા? 'વીટ સો વખત માને. વીટ સો વખત માને.' ભાગ્યોદય તુમ્હારા હૈ અભી તો. તુમ્હારા વચન .. જહાં દેખો તો દિવસમેં પાંચ-પાંચ લાખની પેદાશ. ઐસા તુમ્હારા બડા ભાગ્યોદય હૈ. સમકિતી માનતે હૈ કિ વિષ્ટા સમાન હૈ. મોતીરામજી! હવે એને દસ-દસ લડકા, એટલી મોટી જમીન, નવ-નવ વહુરુ, વળી એના છોકરા. કેટલી ઉપાધિના પાર ન મળે. પરિવાર તો અપના અપનેમેં હૈ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ સમાધિ અપના પરિવાર હૈ. ધૂલકા પરિવાર કહાંસે આયા તેરા?

યહાં તો કહતે હૈ. ઓહો..હો..! **'જિનદીક્ષા ગ્રહણ કરકે...'** છોડ. આહા..હા..! છ ખંડકા રાજ રુચિમેં તો પહલેસે છૂટ ગયા હૈ, સ્થિરતા હોકર રાગ છૂટ ગયા, છોડ દિયા. **'કેવલજ્ઞાનકો ઉત્પન્ન કરાકે તીન ભુવનકે નાથ હોતે હૈં,...'** લ્યો, યે પરમાત્માકા અભ્યાસ કરે શાસ્ત્રકા અને આત્માકા. શાસ્ત્રકા કરે ઉસમેં વિકલ્પ રહતે હૈં પણ કહનેકા ભાવ આ હૈ વહ આત્મા હૈ. ઉસકા ઘુંટન કરકે પરમાત્મપદકો પ્રાપ્ત હોતા હૈ. **'યહ સારાંશ હૈં.'** **'ઈસપ્રકાર ચૌબીસ**

દોહોંકે **મહાસ્થલમેં પરમાત્મપ્રકાશકી ભાવનાકે ફલકે કથનકી મુખ્યતાસે તીન દોહોંમેં પાંચવાં અંતરસ્થલ કહા.'**

**'આગે પરમાત્મપ્રકાશ શબ્દસે કહા ગયા જો પ્રકાશરૂપ શુદ્ધ પરમાત્મા ઉસકી આરાધનાકે કરનેવાલે મહાપુરુષોંકે લક્ષણ જાનનેકે લિયે તીન દોહોંમેં વ્યાખ્યાન કરતે હૈં—'** લક્ષણ કહતે હૈ લક્ષણ. ઐસા પરમાત્મપ્રકાશકા કૌન સાધન કરે?

૩૩૮) जे भव-दुक्खहँ बीहिया पउ इच्छहिँ णिव्वाणु।
इह परमप्प-पयासयहँ ते पर जोग्ग वियाणु।।२०७।।

**'વે હી મહાપુરુષ ઈસ પરમાત્મપ્રકાશક ગ્રંથકે અભ્યાસ કરનેકે યોગ્ય જાનો, જો ચતુર્ગતિરૂપ સંસારકે દુઃખોંસે ડર ગયે હૈં,...'** આહા..હા..! કાળો નાગ જેમ દેખે. કાળા નાગ. નાગ કહતે હૈ ન? ભય પામે. ઐસે ચાર ગતિકા દુઃખકા જિસકો અંતરમેં ડર હૈ. સ્વર્ગમેં જાના વહ દુઃખ હૈ, નરકમેં જાના વહ દુઃખ હૈ, આકુળતા જહાં-તહાં ચાર ગતિમેં આકુલતા. શાસ્ત્ર કહતા હૈ કિ સમકિતી ભી સ્વર્ગમેં જાતે હૈં (તો) અંગારા જૈસા જલના હોતા હૈ ભોગમેં. સમકિતીકો. .. રહ ગયા, સ્વર્ગમેં ગયે, દુઃખ .. અંગારાસે શેકાયમાન હોતે હૈ. અથવા ઉના ઘી, જલા હુઆ ઘી છાંટતે હૈ અને દુઃખે, ઐસા સમકિતીકો ભોગકા વહાં દુઃખ હોતા હૈ. આકુલતા... આકુલતા... આકુલતા... આહા..હા..! સમજમેં આયા? ચાર ગતિકે દુઃખસે ડરા હૈ. વહ તો યોગસારમેં આતા હૈ પહલે. 'ચાર ગતિ દુઃખથી ડરી...' એ શૈલી લીધી. જેને ભવ જોતા હોય, ભવ લેના હો, ભવકા ફલ લેના હો ઉસે તો પરમાત્મા આત્માકે સ્વભાવકી રુચિકા અભાવ હૈ. વહ ઈસ શાસ્ત્રકા અભ્યાસ કરનેકે લાયક હૈ નહીં. ઓહો..હો..!

**'ચતુર્ગતિરૂપ સંસારકે દુઃખોંસે ડર ગયે હૈં,...'** એક વાત. ત્યાંથી ભય. **'મોક્ષપદકો ચાહતે હૈં.'** એકલો આત્માનો મોક્ષદશા ભાવ. મેરા બંધનસે છૂટકારા કૈસે હો? બંધન હો વહ ભાવ નહીં. કોઈભી પ્રકારકા બંધન હો વહ ભાવ નહીં. બંધનસે છૂટકારા કૈસે હો? આહા..હા..! ક્યોંકિ પરમાત્મપ્રકાશમેં તો બાત વહ કહી હૈ, મુક્તિ નામ બંધનસે છૂટનેકી અથવા અબંધ સ્વભાવ ભગવાનકી અને અબંધ પરિણામરૂપ પરમાત્મા પ્રગટતાકી. શક્તિરૂપે અબંધ સ્વભાવ ભગવાન મોક્ષસ્વરૂપ હૈ. પૂર્ણ પર્યાયમેં પ્રગટ હુઆ તો વ્યક્તરૂપ પરમાત્મા હૈ, મોક્ષસ્વરૂપ હૈ. જિસકો મોક્ષસ્વરૂપ આત્મા અથવા મોક્ષસ્વરૂપ પર્યાય પૂર્ણ ઉસકી ચાહના હૈ તો વહ ભવસે ડર ગયા હૈ, ભાગ ગયા હૈ. આહા..હા..! સમજમેં આયા? હજી તો સ્વર્ગકા સુખ લેના હૈ, સ્વર્ગમેં જાના હૈ, પીછે વહાં. ઐસા કરના, પછી ઐસા. પહેલે સુખ તો ભોગે સ્વર્ગકા. એમ દાખલો આપે છે. આવે છે ખરુંને. પૂજ્યપાદસ્વામીમાં.. અવ્રતનો ત્યાગ કરી વ્રત લે, ત્યાંથી સ્વર્ગમાં જાયે, સુખ ભોગવે, પછી ત્યાંથી મુનિ (થઈને મોક્ષમાં જાય). પણ સુખ હૈ કહાં? **'भवदुःखेभ्यः'**

એમ પાઠ છે દેખો, ભવના દુઃખથી. દેખો, અહીં તો એટલી જ વાત છે.

નિર્વાણપદ ચાહતા હૈ વહ પરમાત્મપ્રકાશ પઢનેકો લાયક-યોગ્ય હૈ. જિસકા હૃદયમેં ભવ અને ભવકા ભાવ ઉસકી પ્રેમ-રુચિ હૈ તો યહ તો મોક્ષકી ચાહનાવાલા ગ્રંથ હૈ. મોક્ષકો ચાહનેવાલા ગ્રંથ(કા પાત્ર તો), ભવકી રુચિ છૂટ ગયી હૈ, ભવકા ડર લગા હૈ, જિસકો મોક્ષકી ઈચ્છા હો વહ પાત્ર હૈ. સમજમેં આયા?

'**ભાવાર્થ :- વ્યવહારનયકર પરમાત્મપ્રકાશનામા ગ્રંથકી ઔર નિશ્ચનયકર નિર્દોષ પરમાત્મતત્ત્વકી...**' બે. પરમાત્મપ્રકાશમેં નિર્દોષ પરમાત્માકા હી વર્ણન હૈ. ઉસમેં ભી એકીલા પરમાત્મા-પરમાત્મા નિર્દોષ, રાગરહિત, પુણ્યરહિત, નિમિત્તરહિત, કર્મરહિત ઐસા અબંધ સ્વભાવી ભગવાનકા હી ઉસમેં વર્ણન હૈ. અને નિર્દોષ નિશ્ચયથી પરમાત્મતત્ત્વ અપના ભાવ. જો વાચકમેં હૈ ઐસા યહાં વાચ્ય. '**પરમાત્મતત્ત્વકી ભાવનાકે યોગ્ય વે હી હૈં, જો...**' સમજમેં આયા? '**રાગાદિ વિકલ્પ રહિત પરમ આનંદરૂપ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન હુએ...**' દુઃખ લેતે હૈ ચાર ગતિકા. ચાર ગતિકા દુઃખ કૈસા હૈ? કે પુણ્ય-પાપ આદિ વિકલ્પ ઉસસે રહિત, પરમ આનંદરૂપ શુદ્ધાત્મતત્ત્વ—અપના શુદ્ધતત્ત્વ ઉસકી એકાગ્રતાસે ઉત્પન્ન હુએ '**અતીન્દ્રિય અવિનશ્વર સુખસે...**' ઈતની તો વ્યાખ્યા અતીન્દ્રિય સુખકી કરી. પુણ્ય-પાપકે વિકલ્પસે-રાગસે રહિત અપના પરમ આનંદ ઐસા શુદ્ધાત્મતત્ત્વકી ભાવનામય એકાગ્રતાસે-શુદ્ધાત્મતત્ત્વમેં એકાગ્રતાસે ઉત્પન્ન હુએ '**અતીન્દ્રિય અવિનશ્વર સુખસે...**' ઉસસે વિપરીત ચાર ગતિ. સમજમેં આયા?

'**સુખસે વિપરીત જો નરકાદિ સંસારકે દુઃખ...**' નરકાદિ સંસારના દુઃખ. દેખો, રાગાદિ વિકલ્પરહિત પરમ આનંદ શુદ્ધાત્મતત્ત્વની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો આત્મામાંથી અતીન્દ્રિય આનંદ, એનાથી ચાર ગતિ વિપરીત છે. એ ઈન્દ્રના પદમાં એનાથી વિપરીત દુઃખ છે. આહા..હા..! '**જો નરકાદિ...**' સ્વર્ગાદિ એમાં લઈ લેવું. '**સંસારકે દુઃખ ઉનસે ડર ગયે હૈં,...**' ભડના દીકરા ડર્યા નથી, લખ્યું છેને એમાં-મોક્ષમાર્ગપ્રકાશકમાં. જે ભવથી તીર્થંકર ડર્યા એ ભવથી ડરતા નથી, મહાસુભટ છે નરકમાં જવા માટે. છેકે નહીં એ? આયા હૈ પહલે અધ્યાયમેં. આહા..હા..!

साहीणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाइ।
ते धिट्ठदुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा।।

'**સ્વાધીન ઉપદેશદાતા ગુરુ કા યોગ મિલને પર ભી જો જીવ ધર્મવચનોં કો નહીં સુનતે વે ધીઠ હૈં ઔર ઉનકા દુષ્ટ ચિત હૈ. અથવા જિસ સંસાર ભય સે તીર્થંકરાદિ ડરે...**' તીર્થંકર, ચક્રવર્તી ભાગ્યા સંસારથી. જેમ સિહંથી ભાગે ગલુડીયા, આ કુતરાના બચ્ચા. ભાગે આમ ભાગે એમ સંસારથી ભાગ્યા. '**ઉસ સંસારભયસે સે રહિત હૈં વે બડે સુભટ હૈં.**' વહ સુભટ હૈ ભાઈ! સંસારથી દુઃખથી ડરીને ભગવાને દીક્ષા લીધી. આત્માકે

આનંદકી દીક્ષા હોં અંતર સ્વરૂપકા રમણ. એ સંસારથી નથી ડરતા એ સુભટ છે. ચાર ગતિમાં ભડના દીકરા રખડવાવાળા છે એમ કહતે હૈ. **'જિનકો ચતુર્ગતિકે ભ્રમણકા ડર હૈ, ઔર જો સિદ્ધપરમેષ્ઠીકે નિવાસ મોક્ષપદકો ચાહતે હૈં.'** વહ યે શાસ્ત્રકા અભ્યાસ અને આત્માકા અભ્યાસ કરનેકે લાયક હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૩, સોમવાર, તા. ૧૩-૦૯-૧૯૬૫**
**ગાથા- ૨૦૮-૨૦૯, પ્રવચન-૨૧૩**

ગાથા-૨૦૮. પરમાત્મપ્રકાશ. **'આગે ફિર ભી ઉન્હીં પુરુષોંકી મહિમા કહતે હૈં—'** કિસકી? યહ પરમાત્મપ્રકાશ ઐસા જો આત્મા ઉસકી ભક્તિપૂર્વક આરાધન કરનેવાલા કૈસા હોતા હૈ? યે આત્મા હૈ ન આત્મા, વહી પરમાત્મા હૈ. ઉસકા સ્વરૂપ હી પરમાત્મા હૈ. વિકાર અને સંયોગ, કર્મ ઉસસે રહિત દેખો તો આત્મા એકીલા પરમસ્વરૂપ, પરમસ્વરૂપ—પરમાત્મા હૈ. .. એવા સન્મુખતા, ભક્તિ એટલે સ્વરૂપકી રુચિમેં તત્પર ઐસા આત્મા કૈસા હોતા હૈ ઉસકી વ્યાખ્યા કરતે હૈં.

૩૩૯) जे परमप्पहँ भत्तियर विसय ण जे वि रमंति।
तेपरमप्प-पयासयहँ मुणिवर जोग्ग हवंति।।२०८।।

**'જો પરમાત્માકી ભક્તિમેં...'** તત્પર હૈ એમ લેના. તત્પરકા નીચે અર્થ આયેગા. **'भक्तिपराः'** છેને? ક્યા કહતે હૈં? ઈસ ગ્રંથકે લાયક અથવા આત્માકે સ્વભાવકે લાયક. યે ગ્રંથ હૈ વહ વાચક શબ્દ હૈ ઔર આત્મા ઉસકા વાચ્ય હૈ. જેમ સાકર શબ્દ હૈ. તો સાકર શબ્દમેં કાંઈ સાકર પદાર્થ નહીં. સાકર પદાર્થમેં સાકર શબ્દ નહીં. ઐસે આ પરમાત્મપ્રકાશ શાસ્ત્રમેં કાંઈ પરમાત્મા આત્મા નહીં અને પરમાત્મા આત્મામેં યહ શાસ્ત્ર હૈ નહીં. વહ શાસ્ત્રકા અભ્યાસ અથવા પરમાત્માકા અભ્યાસ કરનેવાલા કૈસા હોતા હૈ? કિ **'परमात्मनः भक्तिपराः'** પહલા શબ્દ યહ લિયા. જો અપના નિજસ્વરૂપ આનંદકી રુચિમેં તત્પર હુઆ હૈ. સમજમેં આયા? શુભ-અશુભભાવમેં આનંદ નહીં, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવારમેં આનંદ નહીં. આનંદ અપને આત્મામેં સ્વરૂપ હી નિત્યાનંદ

પ્રભુ હૈ. અતીન્દ્રિયકી આનંદકી સ્વરૂપ મૂર્તિ હૈ. ઐસે અતીન્દ્રિય આત્માકી 'भक्तिपराः' ઉસકી રુચિપૂર્વક આત્મામેં જો તત્પર હોનેકે લાયક હૈ વહી યે પરમાત્માકા અભ્યાસ કરને અથવા પરમાત્મસ્વરૂપકા સેવન કરનેકે લાયક હૈ. ક્યા કહા સમજમેં આયા? ગૃહસ્થાશ્રમમેં હો, યહાં મુનિકી પ્રધાનતાસે કથન હૈ. ગૃહસ્થાશ્રમમેં હો છતે વહ ગૃહસ્થાશ્રમ હૈ વહ ઉસમેં મૈં નહીં. મૈં તો પરમાત્મ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ઉસમેં મૈં હૂં. ઐસી રુચિ દૃષ્ટિમેં તત્પર હૈ વહ ઈસ પરમાત્માકા સેવન ઔર આરાધન કરનેલાયક હૈ. સમજમેં આયા?

ઔર **'જો મુનિ...'** અથવા આત્મા, ધર્માત્મા **'વિષયકષાયોંમેં નહીં રમતે હૈં,...'** અર્થાત્ પર તરફની રુચિમાં રમતમાં રતિ નથી. સમજમેં આયા? સ્વવિષય ઐસા પૂર્ણાનંદ આત્મા. સ્વવિષય એટલે ધ્યેય. ઐસી અંતર સ્વભાવકી રુચિ અને દૃષ્ટિમેં તત્પર હૈ ઔર પરવિષયમેં જો તત્પર નહીં હૈ, ઐસા લેના. **'भक्तिपराः'** અને **'विषयान् न अपि रमंते'** એટલે પરમેં તત્પર નહીં હૈ. સમજમેં આયા? વિષયકષાયકા ભાવ ઔર પરલક્ષમેં તત્પર નહીં, ઉસ તરફકી રુચિ નહીં, ઉસ તરફકી સાવધાની નિશ્ચયમેં નહીં. સમજમેં આયા? જિસકો આત્માકા આનંદ રુચતા હૈ ઉસકો વિષયકષાયકા પરિણામ રુચતા નહીં.

મુમુક્ષુ :- આનંદની બે જાત થઈને?

ઉત્તર :- આનંદની બે જાત કે દિ' અહીં થઈ? ધૂળમાં? વિષયોંમેં **'रमंते'** એ **'न रमंते'**. વિષયમેં આનંદ માનતે થે મૂર્ખ-મૂઢ. અપના આનંદકા સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મા નિજસ્વરૂપ શક્તિસે પરમાત્મદ્રવ્ય ઉસકી જિસકો રુચિ નહીં, વહ વિષયોંકે શુભાશુભ પરિણામમાં, વિષય શબ્દે અશુભભાવ અને શુભ દોનોં પરકે વિષયકી રુચિમેં રમતે થે. સ્વભાવકી રુચિવાલા પરમેં રમતે નહીં. સમજમેં આયા? આહા..હા..! **'परमात्मनः भक्तिपराः'** ઓહો..! પરમાત્મ મહાનસ્વરૂપ આનંદકી નિધિ, અપના નિજસ્વરૂપમેં આનંદકી ખાન, અતીન્દ્રિય આનંદકી ખાન ઉસકી ભક્તિ નામ રુચિ, પ્રતીતિ, અનુભવમેં તત્પર હૈ. પાંચ ઈન્દ્રિયોંકે વિષયોમેં દુઃખ હૈ તો વહ ઉસમેં તત્પર નહીં હૈ. સમજમેં આયા?

**'विषयान् न अपि रमंते' 'વિષયોંમેં નહીં રમતે હૈં,...' 'न अपि'** વિશેષે રમંતિ. એમ કર્યું. .. એમ. રમતા નથી, ઉસમેં રમતે નહીં. **'વે હી મુનિશ્વર...' 'परमात्मप्रकाशस्य योग्याः'** અપના પરમાત્મસ્વરૂપ ઉસકા અભ્યાસ કરનેકે લાયક હૈ ઔર ઈસ શાસ્ત્રમેં ભી વહી કહા હૈ. તો વહી શાસ્ત્રકા અભ્યાસ કરનેમેં ખરેખર લાયક હૈ. આહા..હા..! જિસકો વિષયમેં રુચિ હૈ, પાંચ ઈન્દ્રિયોંકે વિષયોમેં શુભાશુભ પરિણામમેં રુચિ હૈ તો ઉસકો વિષયરહિત આત્મા હૈ તો ઐસા પરમાનંદકે વિષયકી ઉસકો રુચિ નહીં. બહુ ટૂંકી બાત કિયા હૈ. સમજમેં આયા? ઔર જિસકો પાંચ ઈન્દ્રિયકા વિષય આ દેહ, શુભાશુભ પરિણામ ઉસમેં જિસકો અંતર્મુખ રુચિ હૈ.

અંતર્મુખ એટલે? એ બહિર્ વૃત્તિઓમાં જેને અંતરમાં પ્રેમ છે, પ્રેમ હૈ ઉસકો અંતર્મુખ ચિદાનંદમેં પ્રેમ નહીં. કહો, એક મ્યાનમેં દો તલવાર નહીં રહતી, એક રહતી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, દો નહીં રહતી હૈ. યહાં રાસ્તા પ્રેમકા. ચિદાનંદસ્વરૂપ ઉસકા પ્રેમ કહો, રુચિ કહો, દૃષ્ટિ કહો, ભક્તિ કહો. સબ એકાર્થમેં હૈ. પ્રેમ ઐસા નહીં કિ સબકો એક માનના. ઐસા યહાં નહીં હૈ. વિશ્વપ્રેમ એમ નહીં.

મુમુક્ષુ :- વિશ્વ... આવી ગયુંને?

ઉત્તર :- ના, ના. વિશ્વ કુટુંબ-કુટુંબ કાંઈ નથી. આ કુટુંબ યહાં હૈ. બાહરકે સાથ ક્યા સંબંધ હૈ? સબ સાથે પ્રેમ કરના વહ નહીં. વહ પ્રેમ કરના વહ તો એકત્વબુદ્ધિ હૈ. યહાં તો અપના અનંતગુણ શુદ્ધ આનંદ આદિ હૈ, આનંદ આદિ અનંત સમાજ .. ઉસકી રુચિ અને ભક્તિ નામ પ્રેમ, પ્રેમ શબ્દે ઉસમેં એકાગ્રતા, ઉસકા નામ ભગવાન આત્મા પ્રત્યે પ્રેમ હૈ. વિષયાદિ શુભાશુભ પ્રત્યે પ્રેમ નહીં. અસ્થિરતા કોઈ હો જાયે, પણ રુચિ અને પ્રેમ નહીં. યહાં તો વિશેષ બાત મુનિકી કહી હૈ ન. સમજમેં આયા?

'**વે હી મુનિશ્વર પરમાત્મપ્રકાશકે અભ્યાસકે યોગ્ય હૈં.**' છ દ્રવ્ય હૈ, નવ તત્ત્વ હૈ, સબ હૈ. ઉસમેંસે અપના આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ અંદર હૈ... પણ ખબર નહીં, વિચાર નહીં, કોઈ દિ' સુના નહીં કિ ક્યા ચીજ હૈ. ધર્મ કૈસે હોતા હૈ? કિ યહ બાહરસે કરો. દયા પાલો, હિંસા છોડો, આ કરો ને ધૂળ કરો. આત્મા એક સમયમેં અતીન્દ્રિય આનંદકી મૂર્તિ, ઉસકી અંદર રુચિ, રુચિ-સ્વભાવકી રુચિ, ઉસ રુચિમેં અપના પ્રેમ સ્વભાવમેં લગા તો વિષયોંમેં પ્રેમ ઉડ જાતા હૈ. વિષયોંમેં પ્રેમ રહતા નહીં. કહો, સમજમેં આયા?

'**ભાવાર્થ :- વ્યવહારનયકર પરમાત્મપ્રકાશ નામકા ગ્રંથ...**' ઉસકા ભી અભ્યાસ કરનેલાયક હૈ. કારણ કે ઉસમેં વહ કહના હૈ. વહ નહીં રુચે તો અભ્યાસ કરનેમેં ઉસકો.. અભ્યાસ કરતે હૈ એમ નહીં કહનેમેં આતા હૈ. ઉસમેં જો કહના હૈ કિ રાગ અને વિકલ્પસે રહિત તેરી ચીજ ઉસકા તુમ દૃષ્ટિ કરકે અંદર રમો, કહના હૈ વહ. અને વાંચતે હૈ ઉસકો રાગકી રુચિ હો અને પુણ્યકી રુચિ હો, વિષયકી રુચિ હો તો વહ નહીં રુચેગા ઉસકો. તો ઉસકા અભ્યાસ નહીં હોગા. યે તો રાગકી રુચિ હૈ ઉસકા અભ્યાસ હોગા. ઉસમેંસે ઐસા નિકાલેગા. સમજમેં આયા?

જિસકો પર વેપારકી રુચિ નહીં શુભાશુભ પરિણામકી, ઉસકો આત્માકે સ્વભાવકે વેપારકી રુચિ હૈ. અને આત્માકા સ્વભાવ શુદ્ધ આનંદ અનાકુલ મૂર્તિ વસ્તુ, જિસકા આશ્રય અને લક્ષ કરનેસે આનંદ હોતા હૈ ઐસી ચીજકા જિસકો પ્રેમ હૈ ઉસકો વિષયમેં પ્રેમ નહીં હૈ. સમજમેં

આયા? ઉપરસે કદાચ વિષયમેં દિખતા હો (લેકિન) પ્રેમ હૈ નહીં. સમજમેં આયા? દેખો, આ ટૂંકામેં કહતે હૈ. હવે આખિરકી ગાથા હૈ ન છેલ્લી.

પ્રેમ, અપને સ્વરૂપકા પ્રેમ હોં. પ્રેમ શબ્દે ભક્તિ, ભક્તિ શબ્દે રુચિ, રુચિ શબ્દે સમ્યગ્દર્શન. પાછા પ્રેમકો તો અત્યારે લગાતે હૈ. સમજમેં આયા? સબકે સાથ પ્રેમ કરો, સબકે સાથ પ્રેમ કરો. કોની સાથે પ્રેમ કરે? ભિન્ન-ભિન્ન ચીજ હૈ કિસકે સાથ પ્રેમ કરે? ચીજ ભી ભિન્ન-ભિન્ન હૈ. અનંત આત્મા (હૈ). વહ સબ ઉસે લગાતે હૈ નહીં? સંતબાળ વિશ્વપ્રેમ. દૂસરા ભી નામ ઐસા નહીં લેતે. પણ પ્રેમ બસ, પ્રેમ હી હમ દેખતે હૈં. પ્રેમ શબ્દે સબમેં એકત્વ કરના વહ કહતે હૈ. ઐસા હૈ નહીં. એય..! શશીભાઈ! વિશ્વપ્રેમ. એ વિશ્વપ્રેમ નહીં. આ વિશ્વ નામ અનંતગુણકા સમાજરૂપ ભગવાન પિંડ ઉસકી રુચિ નામ દૃષ્ટિ, ઉસકી રુચિ નામ દૃષ્ટિ ઉસકો યહાં પ્રેમ કહતે હૈ. સમજમેં આયા? પીછે સબકો પવિત્ર દેખે વહ દૂસરી બાત હૈ. સબ આત્મા પવિત્ર હૈ સ્વભાવસે, વિકાર ક્ષણિક હૈ વહ ગૌણ કર દે. અપના વિકાર ભી ગૌણ કરતે હૈ અને સ્વભાવકી રુચિ હૈ તો સબ આત્માકા વિકાર ગૌણ કરકે ઉસકો પરમાત્મા દેખના વહ દૂસરી બાત હૈ. પણ હમ સબ એક હી હૈ ઐસા દેખના વહ પ્રેમ નહીં હૈ, વહ તો મિથ્યાત્વ હૈ. આહા..હા..! સમજમેં આયા?

કહતે હૈ '**વ્યવહારનયકર પરમાત્મપ્રકાશ નામકા ગ્રંથ...**' ગ્રંથકા અભ્યાસ વહ ભી વહી કર સકતે હૈ જિસકો આત્માકા સુખ... ક્યોંકિ ઉસમેં વહી કહનેમેં આયા હૈ ગાથાદીઠ. સારા શાસ્ત્રમેં અને ગાથાદીઠ. છહ દ્રવ્યમેં (એક) તેરા નિજ આત્મા પરમાત્મા હૈ. છહ દ્રવ્ય ઉસમેં (અપનેમેં) રહા. તેરેમેં નહીં આતા હૈ, વહ તો પરમેં રહા. સમજમેં આયા? નિજ આત્મા હી તેરા પરમાત્મા ઉસમેં તુમ લગની લગાઓ, અંદર રુચિ લગાઓ, ભક્તિ લગાઓ, પ્રેમ લગાઓ, લીનતા લગાઓ. તો જિસકો વહ (બાત) રુચતી નહીં, વહ શાસ્ત્રકા અભ્યાસ કર સકતા નહીં. સુને તો વહ યહ બાત નહીં સુનેગા. ઉસમેં કહાં આયા? રાગસે લાભ આતા હૈ કિ નહીં? રાગસે લાભ કાંઈ આતા હૈ કિ નહીં? નિમિત્ત મિલતા હૈ ઐસા લાભ હોતા હૈ ઐસા કુછ આતા હૈ કિ નહીં? તો ઉસકા અભ્યાસમેં ભી વહી દૃષ્ટિ રહેગી. તો ઉસ દૃષ્ટિમેં આત્માકા અભ્યાસ હુઆ નહીં તો યહ શાસ્ત્રકા કહનેકા અભ્યાસ ભી રહા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજી ચીજ લક્ષમાં રહે છે. એમ નથી. સમજમેં આયા? રુચિ છેને આપણે નહીં? આપણે નિર્જરામાં શું છે? ૨૦૬. દેખો, જુઓ,

एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।

જુઓ, આચાર્ય પોતે કહતે હૈં, '(હે **ભવ્ય પ્રાણી!**) **ઉસમેં** (**-જ્ઞાનમેં**) **નિત્ય રત...**' રતિવાળો થા, રત-રત. '**અર્થાત્ પ્રીતિવાલા હો,...**' એ પ્રીતિકા અર્થ યહ હૈ. નિર્જરા અધિકાર ૨૦૬ ગાથા. સમજમેં આયા? અમદાવાદમાં એ વાંચી હતી પહેલી ૨૦૧૩કી સાલમેં. અને ૨૦૦૬ સાલમેં પાલિતાણા. આ નહીં... આ નહીં.... આ નહીં... ઓલો કહે અરે! આ નહીં. ભગવાન પણ વાણીકો ગ્રહણ કરતે હૈ અને વાણી છોડતે હૈ. ભગવાન પણ ઐસા કરતે હૈ. ક્યા આત્મા શરીરસે તદ્દન જુદા હૈ? '**एदम्हि रदो**' છેને? '**ઇતના હી સત્ય આત્મા હૈ જિતના યહ જ્ઞાન હૈ—ઐસા નિશ્ચય કરકે જ્ઞાનમાત્રમેં સદા હી રતિ (પ્રીતિ, રુચિ) પ્રાપ્ત કર;...**' તીન શબ્દ પડા હૈં. રતિ, રુચિ, પ્રેમ. પ્રેમ શબ્દ પડા હૈ. સમજમેં આયા? પ્રીતિ અને રુચિ પડા હૈ. તો પ્રીતિ કહો કે પ્રેમ કહો. સમજમેં આયા? પ્રેમ શબ્દે પરકી બાત યહાં નહીં હૈ. પરકે અનુસાર તો વિકલ્પ ઉઠતે હૈ. સાક્ષાત્ તીર્થંકર હો ઉસકા અનુસરણ કરના, લક્ષ કરના વહ ભી વિકલ્પ ઉઠતા હૈ, રાગ ઉઠતા હૈ. ઉસમેં પ્રેમ કરના હૈ નહીં નિશ્ચયસે. વ્યવહારસે જરી શુભ આતા હૈ વહ બાત દૂસરી. સમજમેં આયા?

કહતે હૈં કિ પરમાત્માકી ભક્તિ કરનેવાલા વ્યવહારનયકર ઇસ ગ્રંથકા અભ્યાસ કરનેવાલા હૈ. '**નિશ્ચયનયકર નિજશુદ્ધાત્મસ્વરૂપ...**' જુઓ, ક્યા કહતે હૈ? નિજશુદ્ધાત્મસ્વરૂપ. પર અનંત સ્વરૂપ હૈ શુદ્ધ. ઇસ આત્મા સિવાય અનંતા આત્મા નિજશુદ્ધસ્વરૂપે હૈં. પર્યાયમેં વિકાર હૈ. યહાં ભી પર્યાયમેં વિકાર અને શુદ્ધસ્વરૂપ ભિન્ન. તો '**નિશ્ચયનયકર નિજશુદ્ધાત્મસ્વરૂપ...**' નિજ શબ્દ ક્યોં વાપરા હૈ? સમજમેં આયા? અપના નિજસ્વરૂપ, એમ. '**शुद्धात्मस्वभावस्य**' બસ, એટલું જુદું કર્યું. એ પોતે લખાણમાં છે. કહો, સમજમેં આયા? '**નિજશુદ્ધાત્મસ્વરૂપ...**' પાઠમાં તો એટલું છે. '**परमात्मप्रकाशशब्दवाच्यस्य शुद्धात्मस्वभावस्य**' અપના શુદ્ધસ્વભાવ.

મુમુક્ષુ :- પરમાત્મ...

ઉત્તર :- હા, એ પોતાનું. નિજની વાત છેને એ પરમાત્માની. કહો, સમજમેં આયા?

'**નિજશુદ્ધાત્મસ્વરૂપ પરમાત્મા ઉસકી ભક્તિમેં જો તત્પર હૈં,...**' દેખો, '**भक्तिपराः**' શબ્દ પડ્યો છે. ...

મુમુક્ષુ :- નિજશુદ્ધઆત્માની ભક્તિ થાય કેવી રીતે?

ઉત્તર :- વહ કહા ન કિ નિજશુદ્ધાત્મા ઉપર અંતર્મુખ રુચિ, ભક્તિકર પ્રેમ કરના વહ ભક્તિ, વહ પ્રેમ. પુણ્ય-પાપકી રુચિ છોડના, પુણ્ય-પાપકે ફલકી રુચિ છોડના. ભગવાન જ્ઞાયકમૂર્તિમેં અંતર દૃષ્ટિ કરના, અંતર સન્મુખ હોકર રુચિ કરના વહી ભગવાનકા પ્રેમ કરનેકા ઉપાય. કહો, સમજમેં આયા? ભક્તિમેં તત્પર હૈ. પાઠ ઐસા હૈ. '**भक्तिपराः**' છેને? જુઓ!

'**વે વિષય રહિત જો પરમાત્મતત્ત્વકી...**' હવે દૂસરી બાત કહતે હૈ થોડી. એ રમતે

નહીં પણ એ રીતે... યે આત્મા કૈસા હૈ? કિ વિષયરહિત હૈ. પાંચ ઇન્દ્રિયોના વિષયોંના વિકલ્પોથી ભગવાન આત્મા રહિત છે. '**પરમાત્મતત્ત્વકી અનુભૂતિ...**' ઐસા જો પરમસ્વરૂપ ભગવાન ઉસકી અનુભૂતિ-અનુભવ, પરમાનંદ મૂર્તિ ભગવાન ઉસકા અતીન્દ્રિય આનંદકા અનુભવ '**ઉસસે ઉપાર્જન કિયા...**' ઉસસે ઉત્પન્ન હુઆ '**જો અતીન્દ્રિય પરમાનંદસુખ ઉસકે રસકે આસ્વાદસે...**' આનંદકે રસકે આસ્વાદસે '**તૃપ્ત હુએ વિષયોંમેં નહીં રમતે હૈં.**' લો આ રહા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ નીકળ્યું. એ તો આચાર્ય એક જ વાત કરે છે ચારે બાજુથી. અને સમયસારમેં તો સારા સબ શાસ્ત્રકા બીજડા પડા હૈ. સમયસાર એક શાસ્ત્ર અત્યારે આ ભરતક્ષેત્રમેં સારા કેવલજ્ઞાની પરમાત્માકો ઉતારા હૈ સમયસારમેં. એક-એક ગાથા ઊંચી અને ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય. સબ બીજડા હૈ દેખો યહાં. કહા કિ નહીં? '**रसास्वादतृप्ताः सन्तः**' દેખો, તૃપ્તિ કરે. એમાં એમ આવ્યું. ભગવાન આત્મા પાંચ ઇન્દ્રિયના વિષયો અને વિષયો તરફનો ઝુકાવ ભાગ ઉસસે યે આત્મા રહિત હૈ. ઐસા અપના પરમાત્મતત્ત્વ ઉસકી અનુભૂતિ. ઉસકા અનુભવ, ઉસકે અનુસાર હોના, આનંદકા અનુભવ કરના, ઉસસે પ્રગટ હુઆ, ઉપાર્જન નામ ઉસસે પ્રગટ હુઆ, અતીન્દ્રિય પરમાનંદ સુખ. અતીન્દ્રિય પરમાનંદ, અતીન્દ્રિય આનંદકા સ્વાદ '**ઉસકે રસકે આસ્વાદસે...**' એ અતીન્દ્રિય આનંદના રસના આસ્વાદથી '**તૃપ્ત હુએ વિષયોંમેં નહીં રમતે હૈં.**' કહો, શેઠી! ક્યા હૈ આ? હીરા-માણેકમેં રમતે હૈ કિ આત્મામેં રમતે હૈ? ક્યા કરના હમારે? આહા..હા..! સમજાણું કે નહીં આમાં?

ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાતે હૈં કિ તેરી એક રુચિ જો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ આત્મા ઉસકી રુચિસે, અનુભૂતિસે પરમ આનંદ તેરી પર્યાયમેં પ્રગટ હો તો તેરી વિષયમેં રુચિ હટ જાયેગી. વિષયમેં રમના તેરા (બંદ હો જાયેગા). ઉસકે સિવાય નહીં હટેગા. વિષય છોડ દું... છોડ દું... ઐસે નહીં છૂટે. વિષયકા રસકા પ્રેમ, આનંદકા રસકા એકાકારમેં હોતે હી વિષયકા પ્રેમ છૂટેગા, નહીંતર નહીં છૂટેગા એમ કહતે હૈ. ક્યા કહા સમજમેં આયા? વિષયકા પ્રેમ, ઇન્દ્રાણી હો, રાણી ચક્રવર્તીની હો કે રાજા આદિ હો, ઉસકા પ્રેમ કબ છૂટેગા? કિ અપના અતીન્દ્રિય આત્મા પરમાનંદ મૂર્તિ ઉસકા અનુભવના આનંદના રસકી પ્રીતિમેં સ્વાદસે તૃપ્ત હુઆ, સ્વાદસે તૃપ્ત હુઆ વિષયકા પ્રેમ છૂટ જાયેગા. ઉસકે સિવાય પ્રેમ (નહીં છૂટેગા). સ્ત્રી છોડ દિયા, વહ વિષય છોડા હી નહીં. સમજમેં આયા? અભિપ્રાયમેં અંદર અભિલાષ વિષયકી હૈ. ક્યોંકિ પુણ્ય પરિણામકી અભિલાષ હૈ ઉસકો પુણ્યકે ફલકી અભિલાષ હૈ તો ઉંડે-ઉંડે ભવકી અભિલાષ હૈ. સ્વભાવકે ભવકી અભિલાષ હૈ નહીં.

મુમુક્ષુ :- અભિપ્રાયમેં બૈઠી હૈ.

ઉત્તર :- અભિપ્રાયમેં બૈઠી હૈ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજમેં આયા?

વિષયમેં અભિલાષ મુખ્ય હૈ. આતા હૈ કિ નહીં વહ? કષાયમેં પ્રમાદ મુખ્ય હૈ. યહાં અભિલાષ નામ સ્વસ્વરૂપ ચિદાનંદ પરમાત્મા નિજસ્વરૂપમેં અંતર્મુખમેં, અંતર્મુખમેં અંતર્મુખ થતાં, જો પરમાનંદ અંદરમેં હૈ એમાં અંતર્મુખ દૃષ્ટિ કરતા જો પરમાનંદકી પર્યાયમેં આસ્વાદ આયા ઉસકા આસ્વાદકા તૃપ્તપનાસે વિષયકા પ્રેમ રહતા નહીં. એ વિના વિષય કોઈ છોડે એ છૂટે નહીં. અનંતબાર ઐસા તો સ્ત્રી, કુટુંબ છોડકર ત્યાગી હુઆ, મુનિ હુઆ, પણ અંદરમેં વિષય છૂટા નહીં. ક્યોંકિ વહ વિષય છોડે તો યે વિષય આના ચાહિયે. વિષય નામ ધ્યેય. યે ધ્યેય આયા હો તો વહ ધ્યેય છૂટે. વહ ધ્યેય રહે તો યે ધ્યેય આયા નહીં. ક્યા કહા?

ફિરસે. વિષય શબ્દે ધ્યેય. જો અપના શુદ્ધ આનંદમૂર્તિકા ધ્યેય હુઆ, વિષય હુઆ, લક્ષ હુઆ, તો પંચેન્દ્રિયકે વિષયકા ધ્યેય છૂટ ગયા. ઉસમેં પ્રેમ હૈ, આનંદ હૈ વહ છૂટ ગયા. આહા..હા..! સમજમેં આયા? અને જબતક વિષયમેં પુણ્ય પરિણામમેં પ્રેમ હૈ, બહિર્મુખ વૃત્તિમેં પ્રેમ હૈ, બહિર્મુખ રાગમેં પ્રેમ હૈ, અતીન્દ્રિય આનંદકા પ્રેમરહિત રાગમેં પ્રેમ આયા તો વિષયકા પ્રેમ હુઆ ઉસકો. વહ રાગમેં રમતા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યેય એક આમ હોય તો એકને આમ હોય. દો ધ્યેય કહાંસે લાયા? સ્વવિષય કરનેમેં આત્મા નિજસ્વરૂપ ધ્યેયમેં અને વહ ધ્યેય છૂટ જાયે, દૃષ્ટિમેં ન લે તો રાગકા ધ્યેય હૈ હી અનાદિકા. રાગ ભી વિષય હૈ ખરેખર તો. સમજમેં આયા? પરવિષયમેં પરકો ભોગ સકતા નહીં. પદાર્થ પરકો આત્મા ભોગ સકતા નહીં. ઉસકે હુઆ રાગ ભોગતે હૈ તો રાગ હી ઉસકે વિષયકા ભોગ હુઆ. રાગકા ભોગકા રુચિવાલા રાગરહિત આત્માકે આનંદકી રુચિ ઉસકો હો સકતી નહીં. અને આનંદકી અતીન્દ્રિયકી પ્રેમ અને રુચિ હુઈ તો રાગકી રુચિ રહતી નહીં, પ્રેમ રહતા નહીં. વહ રાગમેં રમતા નહીં, વહ સ્વભાવમેં રમતા હૈ. ભારે વાતું ભાઈ! .. વસ્તુ અંતરની ખબર ન મળે. સમજમેં આયા?

**'અતીન્દ્રિય પરમાનંદસુખ ઉસકે રસકે આસ્વાદસે તૃપ્ત હુએ...'** દેખો, **'एदम्हि रदो'** આ ગયી ન ૨૦૬. એમાં રત થતા સુખી થઈશ. પરમેં રત હોનેમેં સુખી હોના હૈ નહીં. એકીલા દુઃખ હી હૈ. ચક્રવર્તીકા ભોગ કે ઈન્દ્રાણીકા ભોગમેં રાગ એકાંત દુઃખ હૈ. એકલા દુઃખ અને ઝેર હૈ. ઝેરકા પ્રેમ હૈ ઉસકો અમૃતકા પ્રેમ નહીં અને અમૃતકા પ્રેમ હૈ ઉસકો ઝેરકા પ્રેમ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ધર્મ આ આત્માનો. ધર્મ ક્યા કરના? ધર્મ કરશે ઈ સુખી થાશે. આ મરે ત્યારે લખે છેને કાગળમાં? લિખતે હૈ. હિન્દીમેં લિખતે હૈ? આ જ્યારે મરી જાયને પછી કાગળ લિખતે હૈં. મેલા-મેલા કાગળ લિખતે હૈ. પંચમ આરા દુઃખકારી હૈ ઐસા લિખતે હૈ. પંચમ આરા દુઃખકારી હૈ, ધર્મ કરશે ઈ સુખી થશે. અમારે કાંઈ લેવા-દેવા ન મળે એમ. ઈશ્વરની મરજીસે દેહ છૂટ ગયા. એવું લખે છે કાગળમાં આ બાજુ કાઠિયાવાડમાં. તુમ્હારે નહીં હૈ કાગળમેં લિખતે હૈ. ભાષા સબ એક હી હૈ. ભાષા દૂસરી હોગી. મર જાયેને પીછે કાગળ લખે. સંવેદનાકા કાગળ. ઉસમેં લિખે. હમારે તો ઐસા લિખતે હૈ કિ ઈશ્વરની મરજી આગળ આપણું શું ચાલે? ઈશ્વરકી મરજીકે આગળ આપણે ક્યા કરે? કિ યે મર ગયા, નહીંતર ઉસકો મરને દેતે નહીં. એમ. એટલે પંચમ આરા દુઃખ હી હૈ. ધર્મ કરશે ઈ સુખી થશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરણું-બરણું એમાં ન લખે એવું. ધર્મ કરશે એ સુખી થશે. પરબારુ-બારોબાર. જે ધર્મ કરશે ઈ સુખી થશે. અમારે કાંઈ લેવા-દેવા નહીં. આ તો વ્યવહાર લખી નાખ્યો કે આ અમારે ઘરે એક મૃત્યુ હુઆ હૈ. યહાં કહતે હૈ ઐસા નહીં.

ઓહો..હો..! '**જિનકો મનોહર વિષય આકર પ્રાપ્ત હુએ હૈં,...**' દેખો, પાઠ ઐસા હૈ. '**सुलभान्मनोहरानपि विषयान्न**' એમ કહતે હૈં. સંસ્કૃત છે છેલ્લો શબ્દ. ૨૦૮. ક્યા કહતે હૈ? '**सुलभान्मनोहरानपि विषयान्न रमन्त**' ભગવાન આત્મા, જિસકો શ્રદ્ધા-જ્ઞાનમેં આત્મા આયા ઉસકો '**सुलभान्मनोहरा**' સુલભ મનોહર વિષય મિલતે છતે રમતે નહીં. '**सुलभान्मनोहरान**' મનોહર વિષય. ચક્રવર્તી જૈસા રાજ મિલે, ઈન્દ્ર જૈસા ઈન્દ્રકા ઈન્દ્રાસન મિલે. '**सुलभान**' વળી મળે આમ. એમ કહ્યું છેને? '**આકર પ્રાપ્ત હુએ હૈં,...**' આકર પ્રાપ્ત હુએ નામ સુલભથી મળ્યા. ખેંચીને લેવા જાય આમ પરાણે. પરાણે ક્યા કહતે હૈ? જબરજસ્તી. સુલભ ભી પાંચ ઈન્દ્રિયકા વિષય મિલા તો ભી આત્માકે આનંદકી તૃપ્તિ, રુચિ, સમ્યગ્દર્શનકે આગે ઉસમેં રમતે નહીં. પરવસ્તુ હૈ. પરવસ્તુમેં રાગ હોના વહ તો દુઃખરૂપ હૈ. ઓહો..હો..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખ હૈ. કુછ નહીં હૈ, દુઃખ હૈ. કુછ નહીં હૈ એમ નહીં, હૈ ખરું. દુઃખ હૈ. દુઃખમેં ક્યોં રમે? આનંદમેં રમનેવાલા. દેખો, શબ્દ ઐસા હૈ ન '**જિનકો મનોહર વિષય આકર...**' આકર એટલે '**सुलभान**' થઈ ગયુંને? એમ સુલભ થઈ ગયું. આવ્યા છે, સામે આવ્યા છે. જો કોઈ પ્રાણી કો અનીતિસે એક રૂપિયા ભી પૈદા કરનેકી અભિલાષ હૈ ઉસે નીતિસે અબજો જો આતા હૈ તો વહ પચા સકતા હૈ, લે સકતા હૈ, ઈતની મમતા હૈ ઉસકી. ક્યા કહા? અનીતિસે એક રૂપિયા ભી લેનેકી ભાવના હૈ ઉસકો જો પુણ્યકે કારણસે અબજો

અને રાજ સારા મિલ જાયે, લેતા હૈ. અનીતિસે ઈતના કરે તો સહજે મિલ જાયે તો ક્યોં ન લે? સમજમેં આયા? ઐસે જિસકી વિષયકી વાસના... હૈ નહીં સાધન તો ભી મિલાનેમેં ઝંખના-ઝાંવા નાખતે હૈ. સાધન હૈ નહીં, સુલભ હૈ નહીં, મનોહર હૈ નહીં તો ભી ઝાંવા નાખતે હૈ, ઉસકી તો તીવ્ર અભિલાષા મિથ્યાત્વકી વિષયકી વાસનામેં હૈ. યહાં તો કહતે હૈ, આમ મળ્યા છે, સુલભ છે, અનુકૂળ છે. સાધન છે અને મનોહર છે—બે. મળ્યા છે અને મનોહર છે. મિલા હૈ અને મનોહર હૈ. સમજમેં આયા? ઢોરકા અવતાર મિલા હૈ. ઢોર, સ્ત્રી આદિ એ તો બધા અમનોહર હૈ. આ તો મનુષ્ય, દેવ, સુલભ ઈન્દ્રાણીઓ આદિના જોગ, ચક્રવર્તીને છન્નું હજાર રાણી પદ્મણી જેવીના જોગ મનોહર અને સુલભ. નહીં... નહીં... નહીં. સમજમેં આયા?

**'જિનકો મનોહર વિષય આકર પ્રાપ્ત હુએ હૈં, તો ભી વે ઉનમેં નહીં રમતે.'** તોપણ ઉસમેં રુચિ નહીં. ઝેરકા ઢિગ આ ગયા તો ક્યા રુચિ હોતી હૈ ઉસકો? આત્માકા અમૃતકે આગે વહ પરકે વિષયકી સુલભતા ઔર મનોહરતા ઉસકો લલચા સકતી નહીં. લલચા નહીં સકતી. આહા..હા..! વહ ૨૦૮ (હુઈ).

૨૦૯. **'આગે ફિર ભી યહી કથન કરતે હૈં—'**

**३४०) णाण-वियक्खणु सुद्ध-मणु जो जणु एहउ कोइ।**
**सो परमप्प-पयासयहँ जोग्गु भणंति जि जोइ।।२०९।।**

જો કોઈ આત્મા 'ज्ञानविचक्षणः' દેખો, જ્ઞાન વિચિક્ષણ. 'ज्ञानविचक्षण' કિસકો કહતે હૈં? વિચક્ષણ કે વિચિક્ષણ? વિચક્ષણ છે અહીંયાં. ચ છે. વિચિક્ષણ નથી. જ્ઞાનવિચક્ષણ કિસકો કહતે હૈ? અપને સ્વસંવેદનજ્ઞાનમેં રુચિવંત હૈ ઉસકો જ્ઞાન વિચક્ષણ કહતે હૈ. દુનિયાકે ડાહ્યાકો જ્ઞાન વિચક્ષણ નહીં કહતે.

મુમુક્ષુ :- દુનિયાના ડાહ્યા એટલે કોણ?

ઉત્તર :- આ હીરા-માણેક પરખી શકે, આમ હાથમાં આવે ત્યાં. આ લાખનો છે કે કરોડનો છે કે આ છે. લડુ પરખી શકે કે આ ગોળનો છે કે ખાંડનો છે કે શક્કરકા હૈ. આમ જીભ અડાડે ત્યાં કહે સાકરનો છે આ. હોય ભલે ધોળો. લડુ ચુરમાકા શક્કરકા હૈ. ઝીણી-ઝીણી અંદર કતરી કોઈ લગતી હૈ માટે શક્કર હૈ, ખાંડ નહીં. ખાંડ, શક્કરમેં ભી વિવેક પાડે ઐસા હુશિયાર. મૂઢ હૈ કહતે હૈ. શેઠી! આમ સોનાની પરીક્ષા કસોટી પર. તેરવલા હૈ, ચૌદવલા હૈ, ઐસા વલા હૈ, ફલાણા હૈ, ઢીકણા હૈ. આવે છેને એ મોટી-મોટી ચીજોની પરીક્ષા નથી આવતી? મોટી ઉંચી ચીજ હોય, આ ધાતુ નીકળે છે બહુ ઉંચી, (ઉસકી) પરીક્ષા કરતે હૈ. યહાં કહતે હૈ, વહ વિચક્ષણ નહીં. વહ તો મૂઢ હૈ.

**'ज्ञानविचक्षणः' 'સ્વસંવેદનજ્ઞાનકર વિચક્ષણ (બુદ્ધિમાન) હૈં,...'** ભગવાન આત્મા... જિસકે જ્ઞાનમેં વિષય હોકર, ધ્યેય હોકર, સ્વસંવેદન જ્ઞાનકા વેદન, જ્ઞાનમેં જ્ઞાનકા વેદન પ્રગટ હુઆ વહ વિચક્ષણ. સ્વસંવેદનજ્ઞાન એ વિચક્ષણ. કહો, અમરચંદભાઈ! અગિયાર અંગ પઢા હો, નવ પૂર્વ પઢા હો વહ જ્ઞાનવિચક્ષણ નહીં. આ તમારે એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે, એમ.એ.ના એય..! તમારે શું છે? ડોક્ટર એમ.એમ.બી.એસ. ફલાણા, ઢીંકણા મોટા પૂંછડા વળગાડે. ધણી એવો હોય અને બાયડી એવી હોય, બેય ભણેલા સરખા. ક્યાં ગયા પ્રવિણભાઈ છે કે નહિ? વયા ગયા? બેય જણા ડોક્ટર છે એ તો. નહીં? બેય ડોક્ટર છેને? એ ન જાય તો એ જા અને એ ન જાય તો એ જાય. બેય હુશિયાર માણસ કહે છે. બેય ગ્રેજ્યુએટ થયેલા, બેય આવા. એય..! આહા..હા..! કોઈ વખતે તો વળી ધણી કરતા બાયડી વધી ગઈ હોય ભણતરમાં. પુણ્ય હોય અને અક્કલમાં વિશેષ હોય. વધી ગઈ ડોક્ટરમાં. આને પાંચ હજારનો પગાર મળતો હોય અને ઓલાને પંદરસોનો મળતો હોય, એમાં શું છે? ધણીને પંદરસો (મળતા હોય). માસ્તરમાં એમ થાય છે. જોયું છેને મેં નિશાળમાં. હેડ માસ્તરી હોય બાઈ. પછી એના ધણીને રાખે પણ એને ઓછો પગાર હોય. રાખે ઓલામાં છોકરાઓંમાં ક્યાંક રાખે. અમારે હતું ઉમરાળામાં. બધું જોયેલું છેને, બધું જોયેલું છે. એક હેડમાસ્તરી હતી, હેડમાસ્તરી નિશાળની. માસ્તરી ન કહેવાય. મીસ્તરી કહેવાય ભાઈ. મોટી હુશિયાર એની બાયુંમાં. તો એનો ધણી નોકર ઓલા નિશાળમાં છોકરામાં. એનો પગાર થોડો અને આનો પગાર ઝાઝો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી સાધારણ વાત છે. પણ આ તો અમે જોયું છે. એટલે એની સાથે, કાંઈ બહારની સાથે સંબંધ નથી. એ કાંઈ મોટી થઈ ગઈ અને ઓલો નાનો રહી ગયો ઐસા હૈ નહીં. વહ બડા હો ગયા ઔર યે છોટા હો ગયા ઐસા હૈ નહીં. ઉસકી દીકરાકી વહુ હોય અને જો સમ્યગ્જ્ઞાન પાયા, સ્વસંવેદન તો જ્ઞાન વિચક્ષણ હૈ. પાંચ ચોપડી પઢી ન હોય. દેખો. પાંચ ચોપડી ભી પઢી ન હોય કિ જિસકો લેખન અને વાંચન આ સકે. હો, આત્મા આ ગયા. જ્ઞાનવિચક્ષણ (હૈ).

**'સ્વસંવેદનજ્ઞાનકર વિચક્ષણ (બુદ્ધિમાન) હૈં,...'** ઐસા લિખા હૈ દેખો, સમજમેં આયા? જે આત્મા અપના જ્ઞાન નિજસ્વરૂપ ભગવાન ઉસકે જ્ઞાનમેં પ્રવિણ હો ગયા કિ યહ શુદ્ધ આત્મા હૈ વહી વિચક્ષણ કહનેમેં આતા હૈ. ઓહો..હો..! આ બધા પાંચ-પાંચ હજારના પગારદાર, દશ-દશ હજારના પગારદાર કેવા વિચક્ષણ નહીં કહેવાતા હોય? આ સુમનભાઈને શું કહેવાતું હશે? દશ હજાર પગાર બસ, લ્યો દશ હજાર પગાર. કોક કહેતું હતું કે ત્યાં ગયા છે તો મોટો પગાર થઈ ગયો. વળી કોક એમ કહેતું હતું. અહીં છ હજાર, ત્યાં દશ હજાર થયો હશે,

એ વિના જાય નહીં. ડબલ પગાર થાય. એટલે ઓલા લઈ જાય. કોક કહેતું હતું બે દિ' પહેલા. વળી કોણ કહેતું હતું નહીં? કોક કહેતું હતું. એ કહેતા હતા. આપણે તો એ કહે તો સાંભળીએ. આપણને બહુ ખબર ન હોય. સમજાણું કાંઈ? એ વિચક્ષણ છે? યહાં તો આત્માકા જ્ઞાન કરનેવાલા હી વિચક્ષણ હૈ. કહો, સમજમેં આયા? દૂસરેકો વિચક્ષણ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમેં વિચક્ષણ કહતે નહીં. આ મતિ અને શ્રુતજ્ઞાન સ્વભાવકા હુઆ, પાસ થઈ ગયો કેવળજ્ઞાનમાં જાવ હવે. ઉસે કેવળજ્ઞાન મિલેગા, જાવ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુનિયામાં એમ કહેવાય. દુનિયા ગાંડી છેને. પૈસાવાળાના છોકરા મૂર્ખ હોય તોપણ ડાહ્યા કહેવાય અને ગરીબના છોકરા હુશિયાર હોય તોપણ (મૂર્ખ કહેવાય). કાંઈક બોલતા આવડે છે? ફલાણું આવડે છે? એમ કહીને તરછોડી નાખે. એ બધું જોયું, બધું જાણ્યું, ખબર છે અમને. કાંઈ ઠેકાણા ન મળે માલ વિનાના. બે-પાંચ-દશ લાખ રૂપિયા હોયને. છોકરા હોય માલ વિનાના, પણ હવે એ કહેવાય ડાહ્યા. કારણ કે જ્યાં હોય ત્યાં પૈસા ફલાણું માણસ... પુણ્યને લઈને અને ગરીબ માણસ હોય બિચારો માંડ પચ્ચીસ રૂપિયા હોય અને આજીવિકા ચલાવતા હોય. બરાબર નીતિસર સજ્જનતા આદિ હોય. બોલતા હોય બરાબર. બોલતા ક્યાં આવડે છે કાંઈ? ઓહો..! પુણ્ય ન મળેને એટલે બોલતા ક્યાં આવડે છે એમ. આહા..હા..!

અહીં તો કહે છે, એક તો ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ. રાગ, પુણ્યકી બાત છોડ દે કહે છે. પરકે જ્ઞાનકી બાત નહીં. યહાં તો આત્માકા જ્ઞાન કરના વહ વિચક્ષણ હૈ. આહા..હા..! લ્યો, આ તમારે એલ.એલ.બી.ના બધા પૂંછડા-બૂંછડામાં નથી આવતા. ઉપાધિ કહેવાય. નથી આવતી? ઉપાધિ લખાય છે, ઉપાધિ લખાય છે. એલ.એલ.બી.ની ઉપાધિ. આપણે આવે છેને આ પરમાત્મપ્રકાશમાં. આમાં જ આવે છે નહીં? ઓલામાં નહીં ફલાણામાં નથી? એમાં લખ્યું છે. ઉપાધિ એવું કાંઈક આવે છે ખરું હિન્દી. ક્યાં છે? ડિગ્રી. ડિગ્રીનો અર્થ જ ઉપાધિ છે. બસ, બસ વહ. એ આમાં કાંઈક આવ્યું હતું ખરું હોં. એ પાનામાં હોય. પહેલું પાનું છેને જ્યાં. એમાં ક્યાંક હતું ખરું. આમાં ન આવ્યું. ઉપાધિ. એનું પહેલું પાનું નથી? ડોક્ટર ફલાણા એમ નથી આવતું? અંગ્રેજી છે બધું. બધું અંગ્રેજી છે. અંગ્રેજી હૈ ન? બીજે પાને? હા બીજે પાને છે. અંગ્રેજી પછી? હા.. હા.. એ અંગ્રેજી પછી. દેખો. એમાં નહીં હોય. એમાં ઉપાધિ શબ્દ નથી. ઓલામાં ઉપાધિ આવે છે એક ઠેકાણે. આમાં નથી.

મુમુક્ષુ :- ડિગ્રી...

ઉત્તર :- હા, એ ડિગ્રી કહો કે ઉપાધિ કહો. એમાં ક્યા હૈ?

મુમુક્ષુ :- ઉપાધિસે ખુશી હોતા હૈ.

ઉત્તર :- ઉપાધિ ખુશી હોતા હૈ, દેખા હૈ.

'ઔર...' 'शुद्धमनाः' ક્યા કહતે હૈ દેખો, **'જિસકા મન પરમાત્માકી અનુભૂતિસે વિપરીત જો રાગ દ્વેષ મોહરૂપ સમસ્ત વિકલ્પ-જાલ ઉનકે ત્યાગસે શુદ્ધ હૈ,...'** યે 'शुद्धमनाः'કી વ્યાખ્યા કી. જ્ઞાનમેં વિચક્ષણ હૈ અપના સ્વરૂપમેં કિ પૂર્ણાનંદ અખંડ પરમાત્મા મૈં હૂં ઐસા જ્ઞાનમેં વિચક્ષણ હુઆ ઔર મન શુદ્ધ હુઆ. મન શુદ્ધકી વ્યાખ્યા **'સમસ્ત વિકલ્પ-જાલ...'** પુણ્ય-પાપકી જાલસે રહિત પરિણતિ શુદ્ધ હુઈ ઉસકા નામ 'शुद्धमनाः' કહનેમેં આયા હૈ. ઈ આ વ્યાખ્યા. પાઠ હૈ ન દેખો. 'शुद्धमनाः' પાઠ યહ હૈ. પાઠમેં દેખો. **'सुद्धमणुपरमात्मानुभूति-विलक्षणरागद्वेषमोहस्वरुपसमस्तविकल्पजालपरिहारेण शुद्धात्मा'** એ શુદ્ધાત્મા એ 'शुद्धमनाः'. એ અભિપ્રાય એમાં કહ્યો છે.

મુમુક્ષુ :- વીતરાગભાવમાં શુદ્ધ મન.

ઉત્તર :- એ જ શુદ્ધ મન છે. મન બીજું ક્યાં? મન એટલે મનન, જ્ઞાન કરવું તે વીતરાગ. શુદ્ધમન, અંતર સ્વભાવમેં રુચિ કરકે લીન હોનેકા ભાવ હુઆ વહી શુદ્ધમન. સમજમેં આયા? ઐસા કોઈ ભી સત્પુરુષ હો. લો. યહાં તો કહતે હૈ, ઐસા કોઈપણ પુરુષ હો. ગરીબ બાહરમેં હો, રોગી હો, નિર્ધન હો, કાલા હો, વાંઢા હો, વાંઝિયા હો, છોટા-વામન સંસ્થાન હો, લંબા હો, સ્થૂલ હો, પતલા હો, નાક જરી કટ ગયા હો, કાન ભી ઐસા-ઐસા ટૂટ ગયા હો, કોઈ ભી હો, પણ ઈસ જ્ઞાનકા વિચક્ષણ અને અંતર દૃષ્ટિમેં લીન હૈ ઔર શુદ્ધ મન ઉસકો સત્પુરુષોં **'જો યોગીશ્વર હૈં, વે પરમાત્મપ્રકાશકે આરાધને યોગ્ય કહતે હૈં.'** આહા..હા..! નારકીનો જીવ પણ નિશ્ચયથી પરમાત્માને આરાધે છે સમ્યગ્દૃષ્ટિ લ્યો. સમજમેં આયા? વિશેષ મુનિ આરાધતે હૈ, પણ સમ્યગ્દૃષ્ટિ અપને આત્માકો હી આરાધતે હૈં. રાગકો આરાધતે નહીં, રાગકો આરાધતે નહીં. આહા..હા..! સમજમેં આયા? ભારે વાતું ઝીણીને એટલે માણસને અંદર પકડવામાં મગજ ન હોય અને વિવેકશક્તિ ન હોય તો એને આ બધું એવું લાગે કે શું હશે આ? યે માર્ગ કૈસા હૈ? બાપુ! માર્ગ તો ઐસા હૈ. પરવસ્તુ હૈ, અનંત હૈ. ઉસસે પૃથક્ ચીજ તેરી નિજાત્મ ભગવાન જિસમેં એકલા આનંદદલ પડા હૈ, આનંદદલ. ચૈતન્યકા પૂર ભગવાન એમ આનંદકા પૂર આત્મા હૈ. ઓહો..! એકલા અતીન્દ્રિય આનંદકા સાગર આત્મા હૈ. આ પણ આત્મા આટલામાં ક્યાં રહી ગયો હશે? ઓહો..હો..!

ઓલું વાયલ નથી થાતું? વાયલ કપડું નહીં? પતલા કપડા નહીં હોતા? ઉસમેં ઐસી ઝલક પડતી હૈ, દિખતી હૈ. હૈ તો એક તાણાવાર ઈતના હી હૈ. કપડા કોઈ દૂસરા નહીં હૈ. લહેર દેખાય અંદર આમ. ઐસા કપડા હોતા હૈ ન. વાયલ-વાયલ. કપડા વાયલ નહીં હોતા? નહીં દેખા હૈ? પહનતે હૈ. આ ડોસાએ દેખ્યા છે કે નહીં? જૂના માણસ છેને. એ પહેરે બચ્ચાઓ

પહેરે. આમ એવી ઝલક પડે. એ દલ નહીં હૈ આમ જાડા. હૈ તો ઇતનામેં. ઐસે આ અસંખ્ય ક્ષેત્રમેં, અસંખ્યપ્રદેશ ક્ષેત્રમેં આનંદકા દલ પડા હૈ, અંદર સાગર પડા હૈ. સમજમેં આયા? ઓહો..હો..!

'ज्ञानविचक्षणः शुद्धमनाः' ઐસા જીવ '**કોઈ ભી સત્પુરુષ હોં, ઉસે જો યોગીશ્વર હોં,...**' યોગી નામ .. એ યોગી કહેવાય સમકિતી પણ. '**વે પરમાત્મપ્રકાશકે આરાધને યોગ્ય કહતે હૈં.**' અથવા યોગીઓ આને આરાધવાયોગ્ય કહે છે, એમ.

'**ભાવાર્થ :- વ્યવહારનયકર યહ પરમાત્મપ્રકાશનામા દ્રવ્યસૂત્ર...**' આ દ્રવ્યસૂત્ર. શબ્દો. '**નિશ્ચયનયકર શુદ્ધાત્મભાવસૂત્રકે...**' એ સૂત્ર શબ્દ નહીં લેવો. '**નિશ્ચયનયકર શુદ્ધાત્મસ્વભાવકે આરાધનેકો વે હી પુરુષ યોગ્ય હૈં,...**' સમજમેં આયા? એ સૂત્ર શબ્દ વધારે પડી ગયો છે. આ શાસ્ત્રની... દેખો તો ખરા. સમયસાર કે પરમાત્મપ્રકાશકી રુચિ કિસકો હૈ? કિ જિસકો અપને સ્વરૂપકી રુચિ (હૈ). માટે પહલી ગાથામેં કહા ન? સિદ્ધકો હમ સ્થાપતે હૈં તુમ્હારે જ્ઞાનમેં. સમયસાર. સિદ્ધકો સ્થાપતે હૈં તુમ્હારે જ્ઞાનમેં. સંસારપદ તુમ્હારી પર્યાયમેં હૈ વહ ખબર હૈ હમકો. પણ સિદ્ધકી પર્યાય અનંત સિદ્ધોંકો સ્થાપતે હૈં તુમ્હારે જ્ઞાનમેં. હમારે જ્ઞાનમેં ભી અનંત સિદ્ધકો હમ સ્થાપતે હૈ, તુમ્હારેમેં ભી હમ સ્થાપતે હૈ. અનંતા વીતરાગ પર્યાયકો સ્થાપ્યા પહલે. સમજમેં આયા? વહી આત્મા રાગ અને સ્વભાવકી ભિન્નતા કા વિવેકવાલા જીવ યે સમયસાર સુનકે લાયક હૈ એમ કહા. ઉસમેં ભી ઐસા કહા.

સમયસાર કહુંગા. ઓહો..હો..! પહેલી શૈલીએ. અનંત સિદ્ધ તેરી પર્યાયમેં (સ્થાપિત કિયા). અલ્પજ્ઞ અને સંસાર ઉદયભાવ છોડ દે લક્ષ, છોડ દે લક્ષ. અનંત... અનંત... અનંત... સિદ્ધ તેરી પર્યાયમેં હૈ. તો ઇતનેમેં તેરા લક્ષ અલ્પજ્ઞ અને રાગ ઉપર નહીં રહેગા. અનંત સિદ્ધ પર્યાયમેં હૈં તો તેરા લક્ષ દ્રવ્ય ઉપર જાયેગા. ઐસા દ્રવ્ય ઉપર લક્ષ કરકે ઉસકો હમ સમયસાર સુનાતે હૈ. ઉસકો સમયસાર જચેગા, રુચેગા. દૂસરાકો જચેગા નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ લાયકાત, સ્વભાવ તરફની રુચિ હૈ ઉસકો લાયકાત હૈ. સ્વભાવકી વીતરાગતાકો સુનનેકી અને પ્રગટ કરનેકી. પણ (જો) રાગમેં રચા-પચા હૈ એકીલા, એકીલા વિષયભોગમેં જિસકી પ્રેમકી રુચિ તન્મય હો ગયી હૈ, વહ સમયસાર-વિષયસે રહિત પરમાત્મતત્ત્વકો સુનનેકે લાયક નહીં. આહા..હા..! ઇતની કથની કરનેમેં કિતના સમા દેતે હૈ! સમજમેં આયા?

'**આરાધનેકો વે હી પુરુષ યોગ્ય હૈં,...**' દોનોં લિયા. પરમાત્મપ્રકાશ શાસ્ત્ર. શાસ્ત્ર ભી યહ લિયા. કૌન? કિ '**જો કિ આત્મજ્ઞાનકે પ્રભાવસે મહા પ્રવીણ હૈં,...**' આ વિચક્ષણની વ્યાખ્યા કરી. સમજમેં આયા? સ્વસંવેદનજ્ઞાન વિચક્ષણ, એમ. ઉસકા અર્થ કિયા. સ્વ-અપના

જ્ઞાન સ્વભાવસે મહા પ્રવીણ હૈં. આત્માકા જ્ઞાન કરનેમેં મહા પ્રવીણ હૈં. કૈસે અંતરમેં સન્મુખ હો સકતે હૈ, વિમુખ હો સકતે હૈ પરસે, ઉસમેં પ્રવીણ હૈ. આહા..હા..! દેખા હૈ જિસને માર્ગ. ભગવાન આત્મામેં ઐસા અંતરમેં ઉતર સકતા હૈ. અંતરમેં ઐસે ઉતર સકતા હૈ. ઐસે વિચક્ષણ અને આત્મજ્ઞાનમેં પ્રવીણ હૈ. ગજબ વાતું છે. દિગંબર મુનિઓનો એક-એક શ્લોક ભારે દોહન કરીને... વહ લાયક હૈ.

**'આત્મજ્ઞાનકે પ્રભાવસે...'** જુઓ, પરકે જ્ઞાનકે પ્રભાવસે નહીં, શાસ્ત્રજ્ઞાનકે પ્રભાવસે નહીં, અગિયાર અંગ પઢા હૈ કિ નવ અંગ પઢા હૈ (ઉસસે) નહીં. **'મહા પ્રવીણ હૈં,...'** દેખો! વિચક્ષણની વ્યાખ્યા કરી. **'ઔર જિનકે મિથ્યાત્વ રાગ દ્વેષાદિ મલકર રહિત શુદ્ધ ભાવ હૈં,...'** વહ **'શુદ્ધમનાઃ'**. જિસકી ભ્રાંતિ, રાગમેં મૈં હૂં વહ ટલ ગયી હૈ અને મૈં સ્વભાવ શુદ્ધ હૂં ઐસી રુચિ હૈ ઔર **'રાગ દ્વેષાદિ મલકર રહિત શુદ્ધ ભાવ હૈં, ઐસે પુરુષોંકે સિવાય દૂસરા કોઈ ભી પરમાત્મપ્રકાશકે આરાધને યોગ્ય નહીં હૈ.'** ત્યારે કોઈ કહે, ઐસા ન હો તો સમયસારકે લાયક નહીં હૈ ન? પરમાત્મકે લાયક નહીં હૈ ન? સાધારણ જનતા લાયક નહીં હૈ ન? પણ સાધારણ જનતાકી વ્યાખ્યા ક્યા? જિસકો રાગકા રુચિ અંતરમેં હૈ વહી સાધારણ જનતા. ઉસકો સમયસાર યોગ્ય નહીં. કારણકે સમયસાર યોગ્ય નહીં. રાગકી રુચિવાલા હૈ સાધારણજન વહ સમયસારકે યોગ્ય નહીં હૈ. ક્યોંકિ સમયસારમેં વીતરાગતા બતાની હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તષર :- ચાહે બસ. વીતરાગતા ચાહે અને ભાવના હો, રાગકી ભાવના ન હો, વહ સમયસારકે લાયક હૈ. ઉસકા અર્થ ઐસા નહીં કિ રાગકી રુચિવાલા હૈ તો વહ બાદમેં દૂસરેકે લાયક હૈ-ધર્મકે લાયક હૈ વહ. ઐસી બાત હૈ નહીં. ધર્મકે લાયક હૈ નહીં પીછે વળી સુનનેકે લાયક નહીં, સમયસાર સુનનેકે લાયક નહીં. વહ તો અજ્ઞાનમેં હૈ. અજ્ઞાનકથા ઉસકો રુચતી હૈ. જહાં-જહાં કોઈ પુણ્યકી બાત આવે, વ્યવહારસે લાભ હોતા હૈ ઐસી બાત આયે (તો) રાજી-રાજી હો. વહ તો વિકથા સુનનેવાલા હૈ, રાગકી કથા સુનનેવાલા હૈ. સમજમેં આયા? આહા..હા..!

જિસકી રુચિ,... પહલી ઈતની તો શરત હોતી હૈ ન કિ જિસકો મોક્ષકી અભિલાષા હૈ ઉસકો બંધનભાવસે છૂટનેકી અભિલાષા હૈ. કહો, પહલે ઈતની તો જિજ્ઞાસા હૈ ન? જિસકો મોક્ષકી અભિલાષા હૈ ઉસકો બંધનસે છૂટનેકી અભિલાષા હૈ. ઉસકા અર્થ કિ જિસકો વિકાર રહિત (આત્માકી) અભિલાષા હૈ ઉસકો વિકાર રહિત હોનેકી અભિલાષા હૈ. વિકાર સહિત રહનેકી અભિલાષા નહીં હૈ. બસ.

દૂસરી રીતસે કહે તો, સુનનેકો આવે કિ હમેં સુનના હૈ. ભૈયા! તુમ્હારે ક્યા સુનના હૈ? કિ હમારે નિર્દોષપના પ્રગટ કરના હૈ, ધર્મ પ્રગટ કરના હૈ, નિર્દોષપના પ્રગટ (કરના હૈ), હમારે નિર્દોષતા ચાહિયે. તો ઉસકા અર્થ ક્યા હુઆ? કિ સદોષતા ઉસકો જચતી નહીં અને નિર્દોષતા જચતી હૈ તો સુનને લાયક હૈ. અને જિસકો સદોષતા જચતી હૈ વહ સુનને લાયક નહીં, પછી ધર્મકે લાયક ભી નહીં. પછી ઉસકો દૂસરા બતાના વહ બાત હી કહાં રહી? સમજે? એમ કહતે હૈ ન કિ ઉસકો દૂસરા બતાના. કોઈપણ પ્રાણી સુનને આતા હૈ તો ઉસકા મૂલ અભિપ્રાય કૈસા હોના ચાહિયે? કિ સદોષતા ન ચાહિયે. તો સદોષતાકા અર્થ આયા કિ વિકાર. પુણ્ય અને પાપકે ભાવકી સદોષતા વિકાર. નિર્દોષતા ચાહિયે ઉસકા અર્થ હૈ કિ વિકાર રહિત નિર્વિકારી આત્મા ઉસકી પર્યાય પ્રગટ કરના ચાહિયે. ઐસી જિસકી જિજ્ઞાસા હૈ, રુચિવંત હૈ, વહી સમયસાર ઐસા વીતરાગકા શાસ્ત્ર સુનેગા ઔર ઉસકો વીતરાગ જચેગા. સમજમેં આયા? ઓહો..હો..!

મોક્ષાર્થી, આવ્યું નહીં? ૧૭મી-૧૮મી ગાથા સમયસારમાં. મોક્ષાર્થીકા અર્થ. શ્રીમદ્ પણ એકવાર કહ્યું હતું. બંધાર્થી. બંધના અર્થીને તું યે બાત નહીં કહના, કરીશ નહીં. એ બંધનો કામી છે. બંધકા કામી હૈ. રાગ મુઝે હો, પુણ્ય મુઝે હો વહ બંધકા કામી હૈ. ઉસકો મોક્ષમાર્ગ નહીં જચેગા, છૂટનેકા માર્ગ નહીં જચેગા. એ તો કોઈ રીતે બંધાઉં... બંધાઉં... પુણ્ય હો, રાગ હો, બંધ હો,.. ફલ હો... હો... અનુકૂલ મિલે. તો વહ તો બંધકા રુચિવાલા હૈ. સમજમેં આયા? વહ શબ્દ કહીં પડા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, દિનબંધુ જે બંધાવાના કામીને છોડાવવો નહીં. બંધાવાનો કામી છે એ શી રીતે છૂટશે? એમ કહે છે. એ શબ્દ અમારે પંડિતજીને બહુ યાદ રહે છે હોં. થોડીવાર વાંચ્યું હોય તોપણ એને (યાદ રહી જાય). દિનબંધુને-એવી દૃષ્ટિએ બંધાવાના કામીને છોડવો નહીં. એટલે બંધાવાનો કામી શી રીતે છૂટશે? ન્યાલભાઈ! આહા..હા..! પહલે શ્રોતાકી ભૂમિકા બાંધી કિ બંધન હોનેકા કામી હૈ ઉસકો છૂડાનેકી બાત ક્યોં રુચે? સમજમેં આયા? પુણ્ય તો બંધેગા ન હમેં? પુણ્ય તો બંધેગા ન? કુછ લાભ તો હોગા ન? ઐસા કહતે હૈ ન? બંધનેકા કામી મિથ્યાદૃષ્ટિ હૈ. બંધકી ભાવનાવાલા તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકો છુડાનેકી બાત, મુક્તિકી બાત, મોક્ષમાર્ગકી બાત નહીં જચેગી. ઓહો..હો..! ઉલટા. આહા..હા..! સમજમેં આયા?

'**યોગ્ય નહીં હૈં.**' '**ઐસે પુરુષોંકે સિવાય દૂસરા કોઈ ભી પરમાત્મપ્રકાશકે આરાધને યોગ્ય નહીં હૈં.**' અથવા જિસકો અંતરમેં વીતરાગતા રુચતી નહીં અને રાગ હી રુચતા હૈ, વહ યે શાસ્ત્ર સુનનેકે લાયક ભી ન હુઆ. કારણકે શાસ્ત્રમેં તો વીતરાગતાકા વર્ણન હૈ, શાસ્ત્રમેં

તો વીતરાગતાકા વર્ણન હૈ, પરકી ઉપેક્ષા અને સ્વકી અપેક્ષા કરાનેકા વર્ણન હૈ. પરકી ઉપેક્ષા જિસકો ન જચે ઉસકો યે આત્મા નહીં જચેગા. પરમાત્મપ્રકાશ નહીં જચેગા. યહાં તો ઉપેક્ષા હી કરાયેગા. દયા, દાન, વ્યવહાર વ્રતકી ભી ઉપેક્ષા કરાયેગા શાસ્ત્ર. તો ઉસકા જિસકો પ્રેમ હૈ વહ (ઈસકે) લાયક નહીં હૈ. આત્મા માટે લાયક નહીં અને સુનને માટે લાયક નહીં. લ્યો!

**'ઈસપ્રકાર ચૌબીસ દોહોંકે મહાસ્થલમેં આરાધક પુરુષકે લક્ષણ તીન દોહોંમેં કહકે છઠ્ઠા અંતરસ્થલ સમાપ્ત હુઆ.'** લો. દૂસરી બાત કહેંગે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૪, મંગળવાર, તા. ૧૪-૦૯-૧૯૬૫**
**ગાથા- ૨૧૦-૨૧૧, પ્રવચન-૨૧૪**

૨૧૦ ગાથા. ૨૦૯ હો ગઈ. **'આગે શાસ્ત્રકે ફલકે કથનકી મુખ્યતાકર એક દોહા ઔર ઉદ્ધતપનેકે ત્યાગકી મુખ્યતાકર દો દોહે, ઈસ તરહ તીન દોહોંમેં વ્યાખ્યાન કરતે હૈં—'**

૩૪૧) लक्खण-छंद-विवज्जियउ एहु परमप्प-पयासु।
कुणइ सुहावहँ भावियउ चउ-गइ-दुक्ख-विणासु।।२१०।।

**'યહ પરમાત્મપ્રકાશ...'** અર્થાત્ આત્મા પરમજ્ઞાન, આનંદ આદિ સુખકા ભંડાર અનંત ચતુષ્ટય સંપન્ન. અનંત ચતુષ્ટય એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય ઐસા આત્મા વહ પરમાત્મસ્વરૂપ હૈ. **'શુદ્ધ ભાવોંકર ભાયા હુઆ...'** અંતર્મુખ શુદ્ધભાવસે એકાગ્ર હોકર ભાયા હુઆ, ભાવના કરકે, ભાવના શબ્દે શુદ્ધભાવકી એકાગ્રતા. સમજમેં આયા? ભગવાન આત્મા પૂર્ણ આનંદ જ્ઞાનસ્વરૂપ (હૈ) ઉસકે સન્મુખકે શુદ્ધ ભાવસે ભાયા હુઆ નામ ઉસકા એકાગ્રતાસે ભાવના કરતે હુએ. વહ પર્યાય હૈ. પહલે પરમાત્મપ્રકાશ તો દ્રવ્ય હૈ. ઔર **'શુદ્ધ ભાવોંકર ભાયા હુઆ...'** વહ પર્યાય હૈ. અપને સ્વરૂપમેં અંતર્મુખકી ભાવના કરતે ભાવનાકી એકાગ્રતા ભજતા હૈ, **'चतुर्गतिदुःखविनाशम्' 'ચારોં ગતિકે દુખોંકા વિનાશ કરતા હૈ.'** ઐસા પરમાત્મા હૈ. અપના પરમાત્મા હોં. નિજ સ્વરૂપ અપના ઐસા હૈ ત્રિકાલી કાયમી કિ

જિસકી ભાવના નામ અંતર્મુખ એકાગ્ર હોકર શુદ્ધ ભાવનાસે ભાયા હુઆ ચાર ગતિકા દુઃખકા વ્યય કરતા હૈ ઔર અપની શક્તિમેંસે પરમાત્મપર્યાયકી વ્યક્તિ કરતા હૈ—પ્રગટ કરતા હૈ અને ધ્રુવપણે પરમાત્મદ્રવ્ય કાયમ રહતા હૈ. સમજમેં આયા? કોઈ દૂસરા દુઃખનાશકા ઉપાય બાહરમેં હૈ નહીં.

'**જો પરમાત્મપ્રકાશક...**' '**लक्षणछंदोविवर्जितः**' ક્યોંકિ યહ શાસ્ત્રકા પાના હૈ ન ઉસમેં તો '**વ્યવહારનયકર પ્રાકૃતરૂપ દોહા, છંદોકર સહિત હૈ,...**' આ શબ્દો. શબ્દોમાં તો પ્રાકૃતરૂપ દોહા અને છંદસહિત '**ઔર અનેક લક્ષણોંકર સહિત હૈં,...**' વ્યાકરણ આદિ લક્ષણો શાસ્ત્ર શબ્દમેં હોતે હૈ. '**તો ભી નિશ્ચયનયકર પરમાત્મપ્રકાશક જો શુદ્ધાત્મસ્વરૂપ...**' અપના શુદ્ધ પરમાનંદસ્વરૂપ '**વહ લક્ષણ ઔર છંદોકર રહિત હૈ.**' ઉસમેં શુભાદિ લક્ષણ કે છંદ આદિ ગાયન કિ કુછ હૈ નહીં. કહો, સમજમેં આયા?

'**ભાવાર્થ :- શુભ લક્ષણ ઔર પ્રબંધ યે દોનોં પરમાત્મામેં નહીં હૈં.**' એ તો શાસ્ત્રની ભાષામાં લક્ષણ શુભાદિ બરાબર યથાર્થ જ્યાં જોઈએ ત્યાં (હોવા જોઈએ). શું કહેવાય? શું કહેવાય તમારું ? પીંગળ નથી કહેતા કાંઈક? એ શાસ્ત્રની ભાષામેં એ બધું આવે, કવિત્વની રચના ને... પરમાત્મપ્રકાશ નિજસ્વરૂપમાં એ કંઈ છે નહીં. સમજમેં આયા? '**પરમાત્મા શુભાશુભ લક્ષણોંકર રહિત હૈ,...**' ભગવાન આત્મા, શાસ્ત્રોંમેં કવિ રચના આદિ શાસ્ત્રો ગાયન, વસંતતિલકા, શાર્દૂલ ઐસી કવિતકી રચના યે કોઈ આત્મામેં હૈ નહીં. '**શુભાશુભ લક્ષણોંકર રહિત હૈ, ઔર જિસકે કોઈ પ્રબંધ નહીં,...**' રચના નહીં. યે શબ્દોકી રચના કરની પડતી હૈ (વહ) ઉસમેં હૈ કહીં ઐસી? વહ તો સ્વભાવકી રચના ત્રિકાલ આનંદકંદ જ્ઞાયકમૂર્તિ હૈ.

મુમુક્ષુ :- પ્રબંધ માને?

ઉત્તર :- રચના. શાસ્ત્રોંકી રચના પ્રબંધ કરતે હૈ ન? યહાં અંદર કાંઈ રચના કરની પડતી નહીં, વહ તો હૈ હી અનાદિસે.

'**અનંતરૂપ હૈ,...**' જિસકા. જ્ઞાનકી અનંતતા, દર્શનકી અનંતતા, અતીન્દ્રિય આનંદકી અચિંત્ય અનંતતા ઐસા અનંતરૂપ ભગવાન આત્મા હૈ. ઔર '**ઉપયોગલક્ષણમય પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ,...**' આ લક્ષણ છે, એમ. આ લક્ષણ શાસ્ત્રના, ભાષાના જે લક્ષણોનો પ્રબંધ યહ ઉસમેં નહીં હૈ. પણ અનંતરૂપ હૈ. અનંત-અનંત ઓહો..હો..! જિસકી ખાનમેં અનંત રૂપ પડા હૈ. આનંદ આદિ અનંત શક્તિયોં ઔર ઉપયોગલક્ષણમય... જાનના-દેખના ઉપયોગ લક્ષણમય પૂરા લક્ષ્ય વસ્તુ પરિપૂર્ણ હૈ. '**પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ,...**' દેખો, આનંદ અને ઉપયોગલક્ષણમય અને પરમાનંદ લક્ષણસ્વરૂપ. પાછું પરમાનંદને લક્ષણ કહા. સમજમેં આયા? પરમાનંદ એક લક્ષણ સુખ છેને અંદર? પાઠમેં હૈ ટીકામેં. '**परमानन्दैकलक्षणसुखविपरीतानां चतुर्गतिदुःखानां**' આનંદ

પરમાનંદ આત્માકા લક્ષણ હૈ. જૈસા જ્ઞાનલક્ષણ હૈ, જ્ઞાનલક્ષણસે લક્ષિત હોતા હૈ, દર્શનલક્ષણસે લક્ષિત હોતા હૈ, શાંતિ—ચારિત્ર લક્ષણસે ભી લક્ષિત એટલે જ્ઞાનમેં આતા હૈ, ઐસે આનંદલક્ષણસે આત્મા લક્ષિત હોતા હૈ. સમજમેં આયા? પુણ્ય-પાપ અને વિકલ્પ લક્ષણ ઉસકા નહીં. એ તો જ્ઞાન, જાનન... જાનન... જાનન... અંતર્મુખ ઉપયોગમેં જાનન શક્તિ જો હૈ ભાવ—પર્યાય વહી અંતરમેં લક્ષ કરતા હૈ આત્માકા, વહી લક્ષણ હૈ. આનંદ અતીન્દ્રિય જો પ્રગટ હુઆ વહી લક્ષણસે યહ આત્મા ઐસા લક્ષિત હોતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારિત્ર શાંતિ સ્થિરતારૂપ હૈ. આ સુખના, આનંદના લાભ છે. ચારિત્રગુણ દૂસરા હૈ, આનંદગુણ દૂસરા હૈ. ચારિત્રમેં અકષાય શાંતિ હૈ.

ક્યા કહતે હૈં? આત્મા જો પરમાત્મસ્વરૂપ અંતરમેં વસ્તુ હૈ વહ જ્ઞાનસે લક્ષિત હો સકતી હૈ. લક્ષિત નામ જ્ઞાનલક્ષણ દ્વારા ઉસકા ધ્યાન હો સકતા હૈ. એમ આનંદલક્ષણ સહિત હૈ. જુઓ! યહાં તો પહલે આ ગયા થા દો-તીન લક્ષણ—જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ. એકીલા જ્ઞાનલક્ષણ ઐસા નહીં. સમજમેં આયા? પ્રથમ પ્રગટ જ્ઞાનકા અંશ હૈ તો ઉસ અપેક્ષાસે ઉસકો જ્ઞાન લક્ષણે કહા. પણ જ્ઞાનલક્ષણસે લક્ષિત હોકર, ભાન હોકર જબ અતીન્દ્રિય આનંદ પર્યાયમેં આયા તો ઉસ લક્ષણસે ભી યે સારા આત્મા આનંદમય હૈ ઉસ અપેક્ષાસે આનંદકો ભી લક્ષણ કહનેમેં આયા હૈ. સમજમેં આયા? ઓહો..હો..! નહિતર ખરેખર જ્ઞાનલક્ષણ ક્યોં કહા? વહ પ્રગટ અવસ્થામેં વ્યક્ત હૈ જાનપના. જાનપના પ્રગટ હૈ તો ઉસ લક્ષણસે અંતરમેં જાકર યે જ્ઞાયકભાવ ઐસે પકડનેમેં આતા હૈ ઉસ અપેક્ષાસે જ્ઞાનકો મુખ્યપણે લક્ષણ કહનેમેં આયા. પુણ્ય, પાપ, વિકલ્પ દયા, દાન, વ્યવહારરત્નત્રયસે આત્મા જાનનેમેં આતા હૈ ઐસા નહીં. ક્યોંકિ વ્યવહારરત્નત્રય ઉસકા લક્ષણ હી નહીં હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુણ્યશાળી-પુણ્યશાળી લક્ષણ નથી. આ શેઠ બધા પુણ્યશાળી લક્ષણ હૈ કિ નહીં? એમ કહતે હૈ. ધૂલમેં ભી લક્ષણ નહીં. આત્માકા લક્ષણ હૈ? ધૂળને ઓળખાવાના લક્ષણ છે.

મુમુક્ષુ :- નિસરણીકા કામ કરતા હૈ?

ઉત્તર :- ના. ના. નિસરણીકા કામ નહીં કરતા. ઠીક પૂછતે હૈ. પૈસા.. એમ કે થોડા દાન કરે પછી નિસરણી કરતે-કરતે આગળ જવાય એમ કહતે હૈ. યે હૈ હી નહીં. આત્માકા સીધા લક્ષણ અને લક્ષ્યમેં પહુંચનેવાલા જ્ઞાન હૈ બસ. જો પ્રગટ જ્ઞાન અંશ હૈ ન-પ્રગટ ચૈતન્યકી વ્યક્તિ જાનના-દેખના વહ વ્યક્તિ પ્રગટ હૈ. ઉસસે વહ લક્ષમેં આતા હૈ. વહ મુખ્ય લક્ષણ કહા. યહાં તો લક્ષણસે-જ્ઞાનસે જો જાનનેમેં આયા, વહી સમય આનંદ ભી પ્રગટ હુઆ પર્યાયમેં.

પ્રગટ આનંદ નહીં થા. પ્રગટ તો જ્ઞાનકી વ્યક્તિ-ચૈતન્યકી શક્તિકા અંશ પ્રગટરૂપ ક્ષયોપશમભાવ હૈ. ચૈતન્ય જાનના-જાનના જાનતે... જાનતે... વહી લક્ષણસે અંદરમેં, ઉસ લક્ષણકી દોરીસે અંદરમેં જાના. જિસસે પકડનેમેં આવે ઉસકા નામ લક્ષણ. ધ્યેય જિસસે પકડનેમેં આવે ઉસકા નામ લક્ષણ. લક્ષ્ય જિસસે પકડનેમેં આવે ઉસકા નામ લક્ષણ. તો લક્ષ્ય તો આત્મા હૈ. વહ તો જ્ઞાનલક્ષણસે જાનનેમેં આતા હૈ. આહા..હા..! સમજમેં આયા? કહો, યે પૈસા-બૈસાસે હોતા નહીં. આ દેરિયા પૂછતે હૈં, આ પૈસા-બૈસા દાન કરે, મંદિર બનાવે, આ કરે. શું કીધું તમારે મલ્હારગઢનું શું કહેવાય? નસિયાજી. નસિયાજી કહેવાયને? સ્મારક. ઐસા બનાયા લાખ રૂપિયા ખર્ચા તો વહ કોઈ નિસરણી હૈ કી નહીં? પગથિયા-બગથિયા હૈ કિ નહીં કોઈ? સેઠી! ક્યા કહના હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. બિલકુલ નહીં. આત્મામેં અંદર જાનેમેં બિલકુલ વહ લક્ષણ કાર્ય કરતા નહીં. બાધક હૈ. રાગકી મંદતાકા ભાવ અંતરમેં જાનેમેં બાધક હૈ. જો વહાં લક્ષ રહેગા તો જ્ઞાનલક્ષણસે અંતરમેં જાયેગા નહીં. આહા..હા..! સમજમેં આયા?

અહો..! અહીં તો બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માકા સ્વરૂપ હી સબ વર્ણન કિયા ન? પહલે સે આગે કહેંગે. ૧૧માં છે જુઓ. ૧૧મી ગાથામેં કહેંગે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માકા હમને વારંવાર (વર્ણન) કિયા હૈ. તો બહિરાત્મા, રાગાદિકો આત્મા માનના વહ બહિરાત્મા હૈ. અંતરાત્મા, જ્ઞાનલક્ષણસે આત્માકા ભાન કરના વહ અંતરાત્મા હૈ. ઔર અંતરાત્માકી એકાગ્રતા દ્વારા પ્રગટ હોના પર્યાયકા વહ પરમાત્મા હૈ. પૂર્ણ દશાકા પ્રગટ હોના વહ પરમાત્મા હૈ. વસ્તુ તરીકે તો પરમાત્મા હૈ હી, દ્રવ્ય-વસ્તુ તરીકે, પણ ઉસકો જ્ઞાનલક્ષણે લક્ષિત કરકે અંતરમેં એકાકાર હોના, અંતર આત્માકા જૈસા સ્વરૂપ હૈ ઐસા પ્રતીતમેં આયા તો ઉસકો અંતરાત્મા કહતે હૈ. હજી શક્તિકી વ્યક્તતા પૂર્ણ પ્રગટ હુઈ નહીં ઔર અંતરમેં એકાગ્ર હોતે... હોતે... હોતે... જબ શક્તિમેં પરિપૂર્ણતા હૈ ઐસી પર્યાયમેં વ્યક્ત પરિપૂર્ણતા હો જાયે તો વર્તમાન વ્યક્ત પ્રગટ પરમાત્મા કહતે હૈ. ગુપ્ત પરમાત્મા(થા) વો વ્યક્ત પરમાત્મા હો ગયા. સમજમેં આયા? આહા..હા..! બાહરમેં કોઈ સાધનકી તુઝે જરૂર નહીં ઐસી ચીજ હૈ. આહા..હા..!

ક્યા કહા દેખો, '**ઉપયોગલક્ષણમય પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ,...**' સમજમેં આયા? '**સો ભાવોંસે ઉસકો આરાધો,...**' યે દેવી, દેવકી આરાધન નહીં કરતે? દેવી, દેવલાના. આરાધન (યાનિ) ઉસકો પ્રસન્ન કરના. એ તો ઠીક ધૂળ બધા દેવ-દેવલા ચાર ગતિમેં રખડનેવાલા હૈ. યે દેવ પરમાનંદ મૂર્તિ પરમાત્મસ્વભાવ નિજસ્વરૂપ પરિપૂર્ણ અંદર ઉસકો જ્ઞાનલક્ષણસે આરાધો, પીછે આનંદ પ્રગટ હુઆ ઉસ આનંદકે અંશસે આરાધો. સો કોઈપણ ભાવોંસે ઉસકો આરાધો.

કોઈપણ એટલે જ્ઞાન, દર્શન, આનંદ આદિ, એમ. રાગાદિ વિકલ્પ એમ નહીં.

**'વહી ચતુર્ગતિકે દુઃખોંકા નાશ કરનેવાલા હૈ.'** ચાર ગતિકા દુઃખકા નાશ કરનેવાલા ભગવાન અપના નિજ સ્વરૂપ વહી નાશ કરનેવાલા હૈ. દૂસરા કોઈ ચાર ગતિકે દુઃખકા નાશ કરનેવાલા હૈ નહીં. અરિહંત પરમાત્મા ભી યહાં કુછ સહાય દેતે નહીં. સિદ્ધ પરમાત્મા બિરાજતે હૈ વહાં નિગોદ ભી બિરાજતે હૈ. લો, નિગોદ ભી હૈ. હૈ? જહાં સિદ્ધ ભગવાન બિરાજતે હૈં માથે, વહાં અનંત જીવોં નિગોદ ભી પડા હૈ. ક્યા કરે?

મુમુક્ષુ :- વહ આનંદમેં રહતે હૈ ઔર...

ઉત્તર :- વહ આનંદમેં રહતે હૈ ઔર યે દુઃખમેં રહતે હૈ. નિગોદ દુઃખમેં રહતે હૈ.

મુમુક્ષુ :- વહીં?

ઉત્તર :- વહીં. ક્ષેત્ર ક્યા કરે? કહો, સમજમેં આયા? વહ રાજા પાસે એક ચોર ગયા થા. ચોરને કહા, તુમ્હે રાજાકા ભેટા હુઆ? કહે હા. કબ? કિ મેરા કેસ ચલતા થા તબ હમને... શું કહેવાય એ? પીંજરામાં. પીંજરામેં મૈં થા તબ રાજાકો દેખા થા. યે તો વહ ભી દેખા નહીં હૈ. સિદ્ધ ભગવાન જહાં બિરાજતે હૈં અનંત સિદ્ધ આનંદમૂર્તિ, વહાં અનંતા નિગોદ પડા હૈ. મહા અનંતા દુઃખી હૈ. એક ક્ષેત્રમેં અને એક જ પ્રદેશમેં હોં. આકાશકા જહાં પ્રદેશ હૈ વહાં સિદ્ધ ભગવાન અને વહી અનંત પ્રદેશમેં અનંતા નિગોદ હૈ. ક્યા કરે?

મુમુક્ષુ :- અહીં તો સારો પાડોશી હોય તો...

ઉત્તર :- સારા પાડોશી-બાડોશીમાં કાંઈ નથી. પાડોશી સમજે? નજીકકા પડોસી હોતા હૈ. પડોસી ક્યા કરે? સમજમેં આયા? એ શૂળ ચડે અને એ વખતે એલા શેઠને હોતા હૈ. ત્યાં પડોસીકો બુલાઓ. આ ભાઈ ઉભા હતાને જોડે. પડોસી કહાં ગયે? સાથમેં થે સબ. ચેન ન પડે. ક્યા ચેન પડે? ચેન પડવાનું તો અંદર હૈ. ભગવાન આત્મા દૃષ્ટિ બાહરસે હટાકર અંદરમેં લે જાના વહ ચૈન પડનેકા સ્થાન હૈ, દૂસરા કોઈ સ્થાન હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા? ખબર નહીં, ક્યાં પ્રભુ પોતે બિરાજતા હૈ, ક્યા પૂર્ણ અપના સ્વરૂપ હૈ ઉસકી ભી ખબર નહીં. મેરી પૂર્ણતા ક્યા હૈ? કહાં હૈ? કિ તેરે સ્વભાવમેં હૈ. આહા..હા..!

દેખો! **'સો...'** એટલે ઐસા આત્મા. **'ભાવોંસે ઉસકો આરાધો,...'** ભાવસે આરાધો. અંદર શુદ્ધભાવસે અંતરમેં એકાકાર હોકર. **'सुहावइँ'** શબ્દ હતોને? **'सुहावइँ'** શબ્દ હતોને ભાઈ! **'सुहावइँ'** હતોને? એનો શુદ્ધભાવ કર્યો છે. **'सुहावइँ'** જુઓ, **'कुणइ सुहावइँ भावियउ'** **'सुहावइँ'** એટલે **'सुभावेन'**. **'सुभावेन'**. સ્વભાવેન-ભલા ભાવેન-શુદ્ધભાવેન, એમ. યે તો આખિરકી ગાથા હૈ ન હવે તો. ૨૧૪મેં પૂરા હોગા. એટલે બહુત ટૂંકામાં કહા હૈ. ભગવાન આત્મા અંતર્મુખ... (જ્ઞાનલક્ષણસે) અંતર્મુખમેં જાઓ કિ આનંદલક્ષણસે અંતર્મુખમેં જાના. કોઈપણ

લક્ષણસે જાઓ આરાધો તો ચાર ગતિકા દુઃખકા નાશ કરનેવાલા યહ ભગવાન અપના નિજસ્વરૂપ હૈ. દૂસરા કોઈ ચાર ગતિકા દુઃખકા નાશ કરનેવાલા જગતમેં હૈ નહીં. યે સંયોગ મિલા, સંયોગકો હઠાના, હઠાના. હઠા દો, હઠા દો. તો દુઃખ મિટતા હૈ ઉસસે? પ્રતિકૂલસે અનુકૂલ સંયોગ મિલાઓ. ક્યા તેરે અધિકારકી બાત હૈ? મિલાના અને છોડના વહ વિકલ્પ હી દુઃખ હૈ. આહા..હા..! વહી દુઃખ હૈ. મિલાઓ. આ લાઓ... આ લાઓ... આ લાઓ... આ છોડો... આ મૂકો.. યે વિકલ્પ ઉઠે વહી દુઃખ હૈ, રાગ હૈ, આકુલતા હૈ. ઉસસે છૂટના હો તો અંતર્મુખ આનંદકંદ ભગવાન બિરાજતા હૈ તેરા નિજસ્વરૂપ પરિપૂર્ણ ઉસમેં ઉપયોગ લગાઓ, ચાર ગતિકા દુઃખકા નાશ કરનેવાલા ભગવાન તુમ હી હૈ. ભગવાન તુમ હી હૈ, દૂસરા કોઈ હૈ નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- વર્તમાન તો ગતિ એક હૈ અને ચાર ગતિ આપ કહતે હો?

ઉત્તર :- પણ ચાર ગતિ દુઃખ હૈ કિ નહીં પરિભ્રમણમેં?

મુમુક્ષુ :- એક ગતિનું દુઃખ મટેને. ચારનું કેમ મટે?

ઉત્તર :- ચારનું એક સાથે મટે એક સાથે. ચાર ગતિ. મિથ્યાત્વભાવ હૈ વહાં ચાર ગતિમેં રુલનેકી શક્તિ પડી હૈ. મનુષ્યમેંસે પશુ અને પશુમેંસે સ્વર્ગ, સ્વર્ગમેંસે નરક ને સ્વર્ગમેંસે પશુ અને પશુમેંસે નરક. સબ પડા હૈ. બીજડા પડા હૈ કિ નહીં? એકલા મનુષ્યગતિ કહાં? બીજડા સબ પડા હૈ. અને નામકર્મમેં તો ચારોં ગતિ અંદર બંધમેં પડી હૈ. નામકર્મ પડા હૈ અભી હોં. ચારોં ગતિ અંદર પડી હૈ. બંધમેં નામકર્મકી ૯૩ પ્રકૃતિ હૈ. ઉસમેં ચાર ગતિકી પ્રકૃતિ તો અભી બંધમેં સબકે પાસ પડી હૈ. યે ગતિ નહીં, યે ગતિકા ઉદય હૈ. મનુષ્યગતિકા ઉદય હૈ, પણ દૂસરી તીન ગતિ અંદર પડી હૈ બંધનરૂપ પ્રકૃતિમેં અભી વર્તમાનમેં. આહા..હા..! જબ આયુષ્ય બાંધે તબ વહ ગતિકા ઉદય આકર ગતિમેં ચલા જાયે. સમજમેં આયા? નામકર્મ હૈ એક આઠ કર્મમેં. અભ્યાસ કરે ત્યારેને. અત્યાર સુધી રખડ્યા રખડ કર્યું અને અભ્યાસ કર્યો નથી. એ તો આ માંદા પડ્યા એટલે અહીં સલવાણા પછી. સહી બાત હૈ કે નહીં? ત્યારે હું કહેતો હતો કે જુઓ આ મોહનભાઈને ઠીક છે ત્રણ મહિના.. અને આને રોગ થયો તો રહ્યા તો છે અહીં, કીધું, રોગને લઈને. નહીંતર રખડત ત્યાં.

મુમુક્ષુ :- એ રોગને લઈને રહ્યા છે?

ઉત્તર :- પણ શું છે નહિતર ત્યાં? આ રહે સખે? મુંબઈ જાયને ધડામાર કરે. જેચંદભાઈ! એ તો નિમિત્ત થયું. હવે સવળું લે કે ભાઈ! ઠીક થયું આ. મેરે વિચારમેં અને નિવૃત્તિમેં વખત મળ્યો. એમ લેના હૈ કિ નહીં? હોતા હૈ તો વહ હોતા હૈ, હોતા હૈ ઉસમેં ક્યા આયા?

મુમુક્ષુ :- રોગ કાલલબ્ધિ બન ગયા.

ઉત્તર :- કાલલબ્ધિ તો કરે તોને. ન કરે તો ક્યા કરે?

યહાં તો કહતે હૈ **'શુદ્ધ પરમાત્મા તો વ્યવહાર લક્ષણ ઔર શ્રુતરૂપ છંદોસે રહિત હૈ,...'** દેખો, ભગવાન આત્મા, આ વ્યવહાર શાસ્ત્રના લક્ષણો અને શ્રુત છંદો આ ગાયન બનાયા ન? આ કવિત હૈ ન કવિ. આ કડી. કવિત ઐસા કવિત-ફવિત આત્મામેં હૈ નહીં. યહ તો શબ્દોમેં હૈ. **'ઈનસે ભિન્ન નિજ લક્ષણમયી હૈ,...'** ભગવાન આત્મા તો અપના લક્ષણમય હૈ. **'ઔર યહ પરમાત્મપ્રકાશનામા અધ્યાત્મ-ગ્રંથ યદ્યપિ દોહેકે છંદરૂપ હૈ,...'** દોહારૂપ છેને આ છંદરૂપ. વ્યાકરણ લક્ષણરૂપ હૈ પ્રાકૃતભાષા. **'પરંતુ ઉસમેં સ્વસંવેદનજ્ઞાનકી મુખ્યતા હૈ,...'** આ લક્ષણમેં આ કહ્યું ભલે, છતાં પણ ઉસમેં કહનેમેં ભી **'સ્વસંવેદનજ્ઞાનકી મુખ્યતા હૈ, છંદ અલંકારાદિકી મુખ્યતા નહીં હૈ.'** શાસ્ત્રમેં ભી વહ કહતે હૈ ભાઈ! શબ્દ ભલે લક્ષણ આદિ હોય શાસ્ત્રમાં. પણ ઉસમેં ભી કહા હૈ, સ્વસંવેદનજ્ઞાનકી મુખ્યતા કહી હૈ. સ્વસંવેદન કરો ઐસા પરમાત્મશાસ્ત્રમેં કહા. ભલે લક્ષણ છંદસે રચા હુઆ હૈ, પણ ઉસમેં કહા હૈ યહ. વહ પાંચવી ગાથામેં કહા ન, સમયસાર.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

મૈં તો અનુભૂતિકી બાત કરૂંગા. શાસ્ત્રમેં ભી અનુભવકી બાત કરૂંગા. દૂસરા છંદ અને દૂસરે વિભક્તિ આદિ લક્ષણમેં તુઝે (દોષ ખયાલમેં) આ જાયે ક્ષયોપશમ હો તો, પણ વહાં અટક ન જાના. સ્વરૂપમેં ક્યા કહતે હૈં ઉસ ઉપર તેરી દૃષ્ટિ દેના. સમજમેં આયા?

**'છંદ અલંકારાદિકી મુખ્યતા નહીં હૈ.'** કિસમેં? ઈસ ગ્રંથમેં. ઈસ ગ્રંથમેં ભી હોં. આત્મામેં તો હૈ હી નહીં, પણ ઈસ ગ્રંથમેં ભી છંદ, લક્ષણકી મુખ્યતા નહીં. સ્વસંવેદનજ્ઞાન કરો ઉસકી યહાં મુખ્યતા કહનેમેં આયા હૈ. ભારે વાત પણ ભાઈ આ. એમાં અકસ્માત મરતો હોય ત્યારે આહા..! ચાલ્યા. એક બોમ્બ વાગ્યો અને ઉપડ્યા. આયુષ્યનો બોમ્બ. પૂરું થયું આયુષ્ય. આહા..હા..! ત્યાં ફૂ... મકાનના મકાન, છોકરા-લડકાના લડકા, દાગીના, કપડા એને ઘરે. એને ઘરે જ હતા અમથાય તે.

મુમુક્ષુ :- પાછો એ આવતો હશે કે નહિ?

ઉત્તર :- ભૂતડું થઈને આવે તો કોણ જાણે પાછો વળી? મમતા કરનેકો આવે. શું ધૂળ આવે? ભૂત-વ્યંતર હોકર આવે મરકર કોઈ. તો રહેવા ન દે એ. નહીં અહીંયાં. કોણ આવ્યું ભૂતડું. અરરર! પણ હું તારો બાપ છું. ના ભાઈસાહેબ. તેરા બાપ હૂં મૈં. મૈં ભૂત હુઆ હૂં. મેરી મમતા રહ ગયી અને થોડા જરી ભાવ ભી શુભ હોતા હૈ સાથમેં. નહીં ભાઈસાહેબ, આવીશ નહીં હોં અમારા છોકરા બીશે. અરે! પણ ઘર મેં કરાવ્યું છેને આ પાંચ લાખનું. ભાઈસાહેબ! ફરીને આવીશ નહીં હોં. તું કહે એ કરી આપું. નિવેદ કરી દઉં, લે. શેઠ! શેઠી!

કહ્યું નહોતું? ઓલું દૃષ્ટાંત નહોતું દીધું? અમદાવાદમાં પતિ-પત્ની-દો થે. ઉસકા એક લડકા થા. ડોક્ટર થા. તો લડકા ગુજર ગયા. બાઈ તો એવી રોવે-ઐસા રોવે. નનામી બાંધને ન દે. ઠાઠડી. ઠાઠડી કહતે હૈ ન? બાંધવા ન દે. નહીં... નહીં... નહીં. મારા દીકરાને નહીં. બહુ રોવે. પછી એનો ધણી કે કોક કહે. સાંભળ! આપણે પેટી કરાવશું નવી અને આમાં રાખશું? એ ના પાડે. પેટી-પેટી એક લકડેકી કરકે. પેટી ક્યા કહતે હૈ? ઉસકી સ્ત્રી થી—ઉસકી મા લડકેકી. બહુત રોવે તો નનામી બાંધને નહીં દેતે થે, મર ગયા તો. તો ઉસકા પિતાજી કહે ઉસકી સ્ત્રી કો. વહ લડકેકા પિતા. કહે, આપણે આ છોકરાને રાખવો છે. આપણે સુતાર પાસે લાકડાકી પેટી બનાવીએ અને એમાં રાખીએ મડદાને. કહે ના. ત્યારે હવે એમાં રાખવો નથી, બાળવા દેવો નથી. શું કરવું છે તારે? અને ત્રીજું કે જો આ છોકરો આવ્યો હોય મરીને. સાંભળીને આમાં જરી પરિણામ એના ઠીક રહ્યા અને ભૂતડું થઈને એ આવે, કહે લ્યો હું તમારા દીકરો. તમે જેને માટે રોવો છો. મૈં ૨૫ વર્ષ, ૩૦ વર્ષમેં ઈસ શરીરમેં રહકર કામ કરુંગા. ના, ભાઈસાહેબ હવે નહીં. કેમ? કોઈ રીતે હખ નથી તને? મડદાકો જલાને દેના નહીં ઔર મડદાકો રાખના નહીં અને (મરા) જીવ આકર કહે મૈં ૨૫-૩૦ વર્ષ રહું. ક્યોં રોતે હોં. હમ વ્યંતર હુઆ હૈ ભૂત. તો (ઈસ) શરીરમેં હમ આયેગા. યહ મેરા શરીર હૈ. ૨૫-૩૦ વર્ષ તુમ્હારી સેવા-ચાકરી કરુંગા. ના, ભાઈસાહેબ હવે નહિ. પણ આત્મા આવે તો નહીં, શરીર રાખું તો નહીં, અને શરીર બાળવું તો નહીં. હવે કરના ક્યા હૈ તુઝે? શેઠી! દુનિયા ઐસી હૈ. જેચંદભાઈ! સાચી વાત છે?

વહ લડકા કહે, ભાઈ! મૈં આયા હૂં હોં! મેરા પરિણામ ઐસા રહા થા થોડા કિ મૈં ભૂત હો ગયા વ્યંતર. મૈં આયા હૂં. તો તુમ્હારી સેવા કરું. તુમ બહુત રોતે હોં તો મુઝે અનુકંપા આ ગયી. તો ઉસ શરીરમેં ૨૫, ૩૦, ૪૦ વર્ષ રહુંગા. તુમ્હારી ઉંમર કિતની હૈ. ૪૦-૫૦ વર્ષ હો ગયા તો ૮૦ વર્ષ તક હમ રહુંગા. તુમ્હારી સેવા કરુંગા. ના, ભાઈસાહેબ હવે નહી, ભૂત નહીં. પણ આત્મા આવે તો નહીં, આ મડદું રાખના નહીં, ઈસે જલાના નહીં તો કરના ક્યા હૈ તુઝે અબ? બાંધો કહે. લડકેકો બાંધકર લે ગયા. ક્યા કરે? કિતના રોના હૈ તુઝે? કોઈ રીતે તને સખ નહીં. શેઠી! ભૂતડા મફત છે. આ તો મારા વળગ્યા છે મારો-મારો કરીને. આત્મા આવે તો કહે નહીં, શરીર રહે તો કહે નહીં, શરીરને બાળના તો નહીં. ક્યા કરના હૈ તુઝે? ...ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાય... હાય... ભૂત થઈને આ શું કરશે? ક્યારે કરશે? એ તો ભૂત છે એમ કહે. ઓલાએ કહ્યું કે ભાઈ! હું થયો છું ભૂત, મૈં હુઆ હૂં વ્યંતર, વ્યંતર હુઆ હૂં. કહો તો

मैं यहां आउं. मेरा आयुष्य लाख वर्षका है वहां. तो यहां पांच, पच्चीस वर्ष रहुंगा तो मुझे हरकत नहीं. ના, ભાઈસાહેબ હવે નહીં. પણ હવે નહીં (તો) ક્યા કરના હૈ તુઝે? એય..! અજ્ઞાની મૂઢ મમતામેં કહીં ઉસકો સુખ હૈ નહીં. અપના આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ હૈ ઉસમેં દૃષ્ટિ કરનેસે શાંતિ હૈ, દૂસરે કહીં શાંતિ હૈ નહીં. આહા..હા..! ૨૧૦ હો ગઈ.

**'આગે યોગીન્દ્રદેવ ઉદ્ધતપનેકા ત્યાગ દિખલાતે હૈં—'**

**३४२) इत्थु ण लेवउ पंडियहिँ गुण-दोसु वि पुणरुत्तु।**
**भट्ट-पभायर-कारणइँ मइँ पुणु पुणु वि पउत्तु।।२११।।**

યોગીન્દ્રદેવ મહામુનિ સંત દિગંબર સંત જંગલમેં વસનેવાલે મહા વીતરાગી મુનિ હૈં. એક વિકલ્પ-થોડા સંજ્વલન કષાય હૈ ચાર પ્રકારકા, ઉસમેં થોડા કષાય વિકલ્પ ઉઠતે હૈ. બાકી બહુત તીન કષાયકા અભાવ (હૈ ઐસે) વીતરાગી મુનિ દિગંબર વહ કહતે હૈં. **'અહો ભવ્યજીવો, ઈસ ગ્રંથમેં પુનરુક્તિકા દોષ ભી આપ પંડિતજન ગ્રહણ નહીં કરેં,...'** વારંવાર આત્માકી બાત આયી હૈ તો પુનરુક્ત-વારંવાર ક્યોં કહા? ઐસા દોષ નહીં ગ્રહણ કરના. **'विवेकिभिः'** એમ લખ્યુંને? પંડિત એટલે? **'विवेकिभिः'** ઐસે લિખા હૈ ટીકામેં. વિવેકીને, પંડિત એટલે વિવેકીને—જિસકો રાગસે પૃથક્ કરના હૈ ઐસે વિવેકી જીવને... મૈંને ભી વારંવાર વહી બાત પરમાત્મપ્રકાશમેં વારંવાર કહા હૈ. જગતમેં ભી જિસકી પ્રીતિ હૈ વહ બાત વારંવાર સુનતે હૈ કિ નહીં? વારંવાર સુને, વારંવાર સુને. લક્ષ્મીકી, જો વેપાર હો જિસકા. સવાર-સાંજ યહી બાત કરે, યહી બાત કરે. ઐસા લાના... ઐસા લાના... ઐસા લાના... ઐસે દિયા, ઐસા લિયા, ઐસા કરના. તો કહતે હૈં, પરમાત્મા અપના નિજસ્વરૂપ વારંવાર મૈંને કહા તો પુનરુક્ત-નામ ફરી ફરીને કહા. પુનરુક્ત પુનઃ-ફરી ફરીને કહા ઉસકા દોષ વિવેકી ગ્રહણ નહીં કરે.

**'ઔર કવિ-કલાકા ગુણ ભી ન લેં,...'** ક્યા કહતે હૈં જરી? શબ્દોમેં કવિ-કલા બડી અચ્છી હૈ યહ તુમ્હારે નહીં ગ્રહણ કરના. શબ્દો ભારે, દેશી ભારે, ભારે વહ નહીં કરના. ઉસમેં હમેં આત્મા સંબંધી રાગ, વિકારસે ભિન્ન કરકે અંતરમેં લે જાના હૈ, આત્મજ્ઞાન કરાના હૈ વહ અંતરમેંસે લેના. દૂસરી બાત લેના નહીં. વહાં નહીં અટકના. ગાથા ભારે ભાઈ કંઠની હોં! અથવા દેશી ઓહો..હો..! હલક-હલક. હલક કહતે હૈ ન? હલક. હલક-બલક લક્ષમેં નહીં લેના. હમારે હલકમેં કહના હૈ વહ હલક આત્મા. અલખ આત્મા કહના હૈ. શુદ્ધ ચિદાનંદ ભગવાન ઉસ પર તેરા લક્ષ જાના ચાહિયે. હલક અને કવિ રચના આદિમેં તેરા લક્ષ જાના નહીં ચાહિયે. સમજમેં આયા?

**'મૈંને પ્રભાકરભટ્ટકે સંબોધનકે લિયે...'** પ્રભાકરભટ્ટ શિષ્ય થા ઉસે સમજાનેકે લિયે. 'पुनः पुनरपि प्रोक्तम्' **'વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મતત્ત્વકા કથન બાર-બાર કિયા**

હૈ.' બહુત ગાથામેં વહી લિયા ન? પરમાત્મપ્રકાશ નામ હૈ ન. '**વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મતત્ત્વ...**' દેખો, કૈસા હૈ ભગવાન આત્મા? રાગ નામ પુણ્ય-પાપકે દોષ રહિત પ્રભુ અંદર બિરાજમાન, ઐસા પરમાનંદરૂપ. દેખો, પરમાત્મતત્ત્વ અપના ઉસકા કથન વારંવાર કિયા હૈ. સમજમેં આયા? પહલે આ ગયા થા ન. ફિરસે ક્યોં લિયા? હવે સુનને, વહ ફિર વારંવાર ભાવના કરનેકો લિયા હૈ. સમજમેં આયા? હંમેશા રોટી ખાતે હૈ કિ નહીં? હંમેશા રોટી, દાલ, ભાત. દાલ, ભાત, રોટી ને દાલ-ભાત. કોક દિ' તો ધૂળ ને કાંકરા નાખીને ખાય.

મુમુક્ષુ :- લાડવા ખાય.

ઉત્તર :- લાડવા પણ કોક દિ' ખાય. સદા ન ખાઈ શકે. એ વળી કોકને ટેવ પડી ગઈ હોય એ જુદી વાત છે. સમજમેં આયા? હંમેશા એના એ ઘઉંના આટા, ઉસકા ભૂકા, ઉસકા લોટ ઐસી રોટી, ઘી, દાલ, શાક, ઓસામણ. બસ, હંમેશા. જાણે કે શરીરકા નભાવ ઉસસે હોગા. શરીરકા નભાવ ઉસસે હોગા ઐસા ધારા તો વહી ચીજ વારંવાર (લેતા હૈ). એમ આત્માકા નભાવ. વિકારરહિત મેરી ચીજ વારંવાર કહનેમેં હી ઉસકા નભાવ હોતા હૈ માટે વારંવાર કહનેમેં આયા હૈ. આહા..હા..! સમજમેં આયા?

એક જણા કહેતા હતા, ૨૦૧૦ની સાલમાં. દશ મહિના રહ્યાને ૯૫ની સાલમાં? આ દશ મહિના સુધી આત્મા-આત્મા જ કૂટ્યો. રાજકોટ ચોમાસા થા ન. ૯૫. ૨૬ વર્ષ હુઆ. દશ મહિના અને દશ દિન રહા થા. સમયસાર ચલા થા. પછી કોઈ કહે કે આ તો પણ છ મહિના તો આત્મા-આત્મા જ કૂટ્યો. ત્યારે હવે ક્યા કરના હૈ તુઝે આત્મા સિવાય? યે કૂટતા તો હૈ વિકાર. વિકારકો કૂટતે હૈ અને બાહરકો માનતે હૈ મૈં યહ સબ કિયા, વેપાર કિયા, ધંધા કિયા. ચોવીસ કલાક કરતે હૈ. હવે ક્યા કરના હૈ તુઝે? એને કંઈક આ ક્રિયા ને આ પુણ્ય ને કોઈ દયા ને વ્રત ને એવી કોઈ વાત ન કરી, એમ. અપવાસ કરે તો આ થાય, પાંચ અપવાસ કરે તો ઐસા હોતા હૈ, દાન કરે તો ઐસા હોતા હૈ, દયા કરે ઐસા હોતા હૈ- એ તો વાત નહીં. આ તો આત્મા... આત્મા... આત્મા... લ્યો.

અહીં કહે કે ભાઈ! આત્મા હી પરમાત્મા નિજસ્વરૂપ હૈ વહી બાત વારંવાર યાદ કરનેકી હૈ. વારંવાર વહી યાદ કરનેકી, સ્મરણ કરનેકી, ભાવના કરનેકી અને પ્રભાવના અંદરમેં કરનેકી વહ ચીજ હૈ તેરે. આહા..હા..! વારંવાર નજરુંમાં, નજરુંમેં નારાયણ વારંવાર લેને લાયક હૈ આત્મા. આહા..હા..! તેરી નજર મેં રાગ ને દ્વેષ ને સંયોગ વારંવાર તરતા હૈ વહ તો સંસાર હૈ. તેરી નજર મેં વારંવાર ભગવાન તરના ચાહિયે. આહા..હા..! શુદ્ધ પરમાત્મા, શુદ્ધ પરમાત્મા, શુદ્ધ નિજસ્વરૂપ, શુદ્ધ આત્મસ્વરૂપ, શુદ્ધ આનંદસ્વરૂપ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હંમેશા જોવે. આમ સવારમાં વાંદરાની જેમ જોવે. સમજમેં આયા? સવારમાં આમ જોવે.

મુમુક્ષુ :- ... જોયા કરે.

ઉત્તર :- સવારમાં દેખને. સવારમાં વહ અરીસામેં દેખતે હૈ કિ નહીં દરરોજ? મોઢું તો એનું એ છે, ખબર નહીં હૈ? એ કાંઈ સોનાના નહીં હો જાતા હૈ અને કોલસાનું નહીં હો જાયે. હવે અત્યારે તો પાછા ક્યાં જુઓને છોકરા જુવાનને દેખીએ છીએ તો દાંતીયો તો સાથે ને સાથે. વહ દાંતીયા હોતા હૈ ન. કાલે એક અહીં ઉભો હતો છોકરો, બહારથી હું જોતો હતો. ઈ આમ આમ કરતો હતો. ભારે આ લપ. ઓલી ટોપી હતી તો આમ દબાઈ રહે માથે વાળ. અને આ ટોપી ન હોય તો વાળ આમ ઉંચા થાય, આમ ઉંચા થાય. સરખા કરે. કેટલી ઉપાધિ પણ આ! ટોપી નીકળી ગઈ તો ઉપાધિ વધી ગઈ સમુળગી વધારે. ઓલી ટોપી હોય તો ટોપી વાળને દાબીને રાખે એટલે ઉંચું-નીચું ન થાય. આ હેઠલું ઉંચું-નીચું થાય પછી વાંધો નહિ. આમ નહિ. આ તો ખુલ્લું એટલે આમ બરાબર ચોંટી ન જાય એટલે એક આમ થઈ જાય અને એક આમ શિંગડા જેવું થાય એટલે એને દાંતીયો કાઢીને સરખું કરે છૂટકો આમ. ભારે ઉપાધિ ભાઈ! વહ વારંવાર કરતે હૈ કિ નહીં? દિવસમેં હોં! કાલ બપોરે મેં જોયું હતું. અંદર હું હતો ત્યારે એક છોકરો હાથમાં દાંતીયો પાધરો જુવાન. કીધું આ તો ચોકમાં. સવારે તો કર્યું હશે, અત્યારે પણ કરે છે હજી.

તો વહ વારંવાર ક્યોં કરતે હૈ? કિ જિસમેં પ્રેમ હૈ. બાત વહ કિ જિસમેં પ્રેમ હૈ. ફલમેં તો દુઃખ હૈ. વર્તમાન ભી દુઃખ હૈ અને ફલમેં ભી દુઃખ હૈ. તો ભી વારંવાર કરતે હૈ. યે તો આત્મા વર્તમાનમેં દૃષ્ટિ કરનેસે આનંદ અને ઉસકા ફલ ભી આનંદ. આહા..હા..! સમજમેં આયા? તો વારંવાર રટના આત્મા... આત્મા... આત્મા... અંતર દૃષ્ટિ લગાના ઔર વારંવાર બાહરસે હટકર અંદરમેં જાના. વહી બાત પરમાત્મપ્રકાશમેં કહનેમેં આયી હૈ. જુઓ, '**વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મતત્ત્વ...**' પરમાત્મતત્ત્વ ઉસકા '**કથન બાર-બાર કિયા હૈ.**'

'**ભાવાર્થ :- ઈસ શુદ્ધાત્મ-ભાવનાકે ગ્રંથમેં પુનરુક્તકા દોષ નહીં** લગતા.' વારંવાર કહનેકા દોષ યહાં હૈ નહીં. સમજમેં આયા? વો એક કહતે હૈ પંડિત કિ આ અધ્યાત્મી લોકો વારંવાર આત્મા-આત્મા કરે છે અને અમે પ્રમેયની વાત કરીએ, પ્રમેયકમળ માર્તંડ, અષ્ટસહસ્રી, તો એક વાતમાં કેટલા જ્ઞેયો બતાવીએ. જ્ઞેય એટલે પ્રમેય. અને આ અધ્યાત્મવાળા એક વાતને વારંવાર લઢ્યા કરે એક કલાક. પણ વારંવાર લઢવા જેવી જ એ વાત છે. શેઠી! અભી એક પંડિત ઐસા કહતે હૈ. લ્યો! આત્મા આવો... આત્મા આવો... આત્મા આવો... વારંવાર એ પણ. અમે તો પ્રમેયકમળ માર્તંડમાં આમ સંસ્કૃતમાંથી કાઢીએ. તો એક કલાકમાં કેટલા પ્રમેયો

એટલે જ્ઞાનના જ્ઞેયો બતાવી દઈએ. પણ ક્યા કામ હવે જ્ઞાનના પ્રમેય (જાણીને)? આ જ્ઞાનને પ્રમેય બનાવને. આ જ્ઞાનના પર પ્રમેય બતાવે એ કરતાં જ્ઞાનને સ્વપ્રમેય બતાવને. અહીં કરને અંદર. આહા..હા..! સમજમેં આયા? એટલે કેટલાક અધ્યાત્મને બહાને આમાં અરુચિ કરે છે. આ વળી ક્યાં આવ્યું? અમારું અષ્ટસહસ્રી બધી હતી એને ઠેકાણે હવે સમયસારનો લાભ લે છે. ભાઈ! એમ લખ્યું હતું હોં. પત્રમેં આયા થા. એણે સ્થાન લઈ લીધું. અષ્ટસહસ્રીનું સ્થાન હતું, અષ્ટસહસ્રી પંડિત પઢતે થે, બહુત વિદ્વાન અને બહુત મહાન થા. હવે ઉસકા સ્થાન સમયસારને લે લિયા. સબ બાત બહુત આતી હૈ પત્રમેં. હવે તો સમયસારકા જાણકાર અને વાંચનાર એ હુશિયાર કહેવાય. હુશિયાર કહતે હૈ ન? સમજમેં આયા? બાપુ! સમયસાર એટલે આત્મા. સમયસાર એટલે પુસ્તક તો શબ્દ હૈ. યે તો યહાં કહા. યે તો ગ્રંથ હૈ. પરમાત્મા અંતરઆત્મા અનંતગુણકી ગાંઠડી વહ પરમાત્મા. એમ સમયસાર શબ્દ હૈ, પણ આત્મા અંદર વહ સમયસાર હૈ. સમજમેં આયા? આહા..હા..!

'**શુદ્ધાત્મ-ભાવનાકે ગ્રંથમેં પુનરુક્તકા દોષ નહીં** લગતા.' વારંવાર કહનેકા દોષ ઉસમેં લગતા નહીં. '**સમાધિતંત્ર ગ્રંથકી** તરહ...' લ્યો દૃષ્ટાંત આયા. સમાધિતંત્ર હૈ ન પૂજ્યપાદસ્વામીકા? વારંવાર વહી શ્લોક. હૈ તો થોડા ૧૦૮ શ્લોક. પણ વારંવાર વહ (કહતે હૈં). વસ્ત્ર જાડું ઐસા શરીર જાડા. જાડા ક્યા કહતે હૈ? મોટા. વસ્ત્ર મોટાસે શરીર મોટા નહીં હો જાતા, એમ શરીર મોટાસે આત્મા મોટા નહીં હો જાતા. વસ્ત્ર જીર્ણસે શરીર જીર્ણ નહીં હો જાતા અને શરીર જીર્ણસે આત્મા જીર્ણ નહીં હોતા. ઐસી બહુત ગાથા લી હૈ. સમજમેં આયા? સમાધિશતક, પૂજ્યપાદસ્વામી. બહુત લિયા હૈ વારંવાર. તારણસ્વામીમેં ભી વારંવાર બાત યહી આતી હૈ અપ્પા પરમઅપ્પા. આત્મા પરમાત્મા... આત્મા પરમાત્મા... વારંવાર આતી હૈ વહ. કારણ કે મમલપાહુડ છે એમાં તો બહુ વાત વારંવાર એક જ ઘૂંટણ. રગડા જેમ કરે અફીણકા. અફીણકા રગડા કરતે હૈ, ઐસે આત્મા-આત્મા. જિન... જિન... જિન... જિન... જિન... હજારોં વાર આવે. સમજે? જિન કહતે હૈં... જિન કહતે હૈં... જિન કહતે હૈં... જિન કહતે હૈં... હજારોં વાર. અહીં તો કોઈને બોલનેકા નહીં. જિન ભગવાન કહતે હૈં એ નામ રહેવા દો. પક્ષ હો જાયેગા. અરે! જિન ભગવાન તો જે વાસ્તવિક તત્ત્વ હૈ વહ કહતે હૈં. વહી પદાર્થ હૈ અને વહી સ્વરૂપ હૈ. જિન... જિન... જિન... જિન... ધવલમેં આતા હૈ.

ભરતેશ વૈભવમાં ભાઈ! ભરતેશ વૈભવ હૈ ન? રત્નાકરવર્ણી. વારંવાર જિન બોલું... જિન બોલું... જિન બોલું... એમાં એ આવે. લ્યો! જિન... જિન... જિન... જિન... જિન... જિન એટલે વીતરાગી જિન અને આ આત્મા જિન. વીતરાગતા. ઉસમેં કિતના આયા? કિ પહલે રાગ થા, રાગમેં નિમિત્ત કર્મકી અસ્તિ હૈ, વહ પર્યાય બદલતી હૈ, કાયમ વીતરાગ સ્વભાવ

રહતા હૈ, વીતરાગ સ્વભાવમેંસે રાગ અભાવ હોકર વીતરાગ સ્વભાવ પર્યાયમેં પ્રગટ હોતા હૈ. યહી વસ્તુકા સ્વરૂપ હૈ. સમજમેં આયા? જિનને કહા વહ કોઈ કલ્પનાસે નહીં કહા. ઐસા હી સ્વરૂપ હૈ. ઐસા જાના અને ઐસા આયા વાણીમેં અને ઐસા સાધા. આહા..હા..! હવે તો જિન શબ્દમેં ભી કિસીકો પક્ષપાત લગતા હૈ. એ પક્ષ હો ગયા... એ પક્ષ હો ગયા... સંપ્રદાય હો ગયા.

મુમુક્ષુ :- રુચિ ફેર હૈ.

ઉત્તર :- રુચિ ફેર હૈ. ભાઈ! વસ્તુ ઐસી હૈ. યહ ક્યા કહતે હૈ?

શુદ્ધાત્મ વસ્તુ કહો કિ જિન સ્વરૂપ કહો. આત્મા વીતરાગ વિજ્ઞાનઘન કહો. પુણ્ય-પાપ પરિણામ વહ સદોષ હૈ, તો ઉસસે રહિત ભગવાન નિર્દોષ હૈ. નિર્દોષ નામ પુણ્ય-પાપ રાગ હૈ તો આત્મા વીતરાગ વિજ્ઞાનઘન હૈ. યે તો વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. સમજમેં આયા? 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ. યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' શ્રીમદ્ રાજચંદ્રને કહા હૈ. શ્રીમદ્ રાજચંદ્ર. એણે બહુ ટૂંકા શબ્દમાં કેટલીક વાત કરી છે. પક્ષ નહીં. કેટલાક કહતે હૈ કિ એમણે જિનનું પોષણ કર્યું. ઓલો સંતબાલ ભાઈ એમ કહે છે. શ્રીમદ્ રાજચંદ્રે તો જિનધર્મને પોષણ કર્યું છે. પણ જૈનધર્મ વસ્તુ જ એ છે. સાંભળને. ઓલા વેદાંતનું મળી જાયને વેદાંતનું પોષણ કરે છે બહુ અ સંતબાળ. જિનનું એણે એમ કે આમ કર્યું. પણ 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' સમજમેં આયા?

ભગવાન આત્મા. આહા..હા..! 'જિન સો હી હૈ આત્મા.' પરમાત્મા કહો, આત્મા કહો, સમયસાર કહો, વહ આત્મા. શરીર, વાણી, કર્મ તો નહીં, પણ પુણ્ય-પાપના વિકલ્પકા ભાવ ભી ઉસમેં નહીં. નિર્દોષ પ્રભુ, નિર્દોષ પ્રભુ. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે' એમ કહ્યું છેને શ્રીમદ્દે? 'બહુ પુણ્યકેરા પુંજ'માં ૧૬ વર્ષે કહા, ૧૬ વર્ષે હોં. ૧૬ વર્ષ. ૧૦ અને ૬.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે
પરવસ્તુમાં નહીં મૂંઝવો એની દયા મુજને રહી
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં.

જેના ફળમાં ચાર ગતિના દુઃખ છે. ભગવાન! વર્તમાનમાં સુખ એને કેમ કહેવાય? સમજમેં આયા? જુઓ, ૧૬ વર્ષે પોકારે છે. શોભાલાલભાઈ! ૧૬ વર્ષ એટલે? ૧૬. ૧૦ એને ૬. ૧૦૮ પાઠ બનાયા માળા. મોક્ષમાળા.

'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે, એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી-જેલમેંસે નિકલે.' આ જેલ-જેલ, શરીર જેલ. અંદર વિકારના પડદામાં ભગવાન બિરાજે પડદામાં, એ પડદાની જેલ. સમજમેં આયા? પુણ્ય-પાપકા વિકારની જેલને પડદે ભગવાન બિરાજે. ઐસા પડદા થોડા પતલા, પણ પડદાની અંદર ભગવાન બિરાજે છે. એવી જેલમેંસે ઝટ દિવ્ય શક્તિમાન 'દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' એ દિવ્ય શક્તિમાન ભગવાન જેલમેંસે નિકલે ઐસા ઉપાય કર. મોતીરામજી!

મુમુક્ષુ :- લાખના બંગલામાં પલંગ ઉપર સૂતો હોય.

ઉત્તર :- પલંગ ઉપર સૂતો, જેલમાં પડ્યો છે. પલંગ ઉપર સૂતો તો ક્યાં? રેશમના ગાદલા ત્રણ નાખીને સૂતો. (એ) જેલમાં પડ્યો છે. મહાવિકારની જેલના પડદામાં (પડ્યો છે). આ નીકળે છેને .. નીકળે માથે શું ઓર-ઓર. ઓર શું તમારી ભાષા? .. હોયને માથે બચ્ચા નીકળે માથે. એમ વિકારના પડદાની આડમાં ભગવાન અંદર બિરાજે છે. એ કાઢે પછી ઓર તોડી નાખે તો બચ્ચું બહાર નીકળે. સમજમેં આયા? આહા..હા..! શુભાશુભભાવ વિકલ્પ-રાગ-વિકાર ઉસકા એક ક્ષણકા પડદેમેં સારા ભગવાન ત્રિકાલી પ્રભુ રુક ગયા હૈ. જેલમેં રુકા હૈ જેલમેં. તોડ, દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે. અરે! આ કેદ, આ જેલ. આહા..હા..! આ ટાંગો ન ચાલે ત્યારે જેલ એમ નહીં હોં. આ તો કહે, ત્યારે જેલ કહેવાતી હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો એક જ (વાત). વિકારકી પરિણતિમેં રુચિ કરકે રુક ગયા વહ જેલમેં પડા હૈ. એક મહા સિદ્ધાંત. આહા..હા..! સમજમેં આયા? શરીર-ફરીર નહીં, આ તો માટી હૈ. એ કાંઈ રોગ .. નિકલ જાતા હૈ ફડાક દઈને.

**'સમાધિતંત્ર ગ્રંથકી તરહ ઈસ ગ્રંથમેં ભી બાર બાર શુદ્ધ સ્વરૂપકા હી ચિંતવન કિયા હૈ, બારંબાર ઉસી અર્થકા ચિંતવન હૈ,...'** દેખો, વારંવાર યહ ચિંતવન, જેલમેંસે નિકલ પ્રભુ! અરે! જરી પંખી ઉપર રજ ચોંટતી હૈ પંખી ઉપર, તો ઐસે-ઐસે પાંખ ફફડાતે હૈ. પંખી. ધૂલ ચોંટી હો ન ધુલી-ધુલી ઐસે ખંખરતે હૈ. ઐસે ભગવાન! તેરે સ્વરૂપકે ઉપર વિકારકા રજ પડા હૈ મૈલ. એ ત્રિકાલી ભગવાનકી દૃષ્ટિ કરકે ખંખેરી દે, એ છોડ દે. વહ તુઝે કરના હૈ, દૂસરા કોઈ કરના-ફરના હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- બહુ સહેલી વાત કરી.

ઉત્તર :- સહેલી વાત જ છે. પોતે સમજે. 'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કેલ.' વહ શ્રીમદ્‌મેં આતા હૈ. એક ટૂકડા આતા હૈ. શ્રીમદ્દે બહુ કહ્યું છે, પણ સમજનારા (મળ્યા નહીં) અને વાડા બાંધીને બેસી ગયા. 'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કેલ.

એ મુશ્કેલી કહાં કહું?' સમજમેં આયા? સમજ્યા વિનાના અજ્ઞાનમેં રુકના વહ બિનસમજકો મૈં ક્યા કહૂં? ભગવાન આત્મા સમજમેં... ઓહો..હો..! એકીલા જ્ઞાનકે કિરણસે ભગવાન સૂર્ય બિરાજમાન હૈ. સૂર્યમેંસે કિરણ નિકલતે હૈ ન કિરણ? તો પ્રકાશકા કિરણ હૈ કિ નહીં? તો પ્રકાશકા કિરણ, વહ પ્રકાશકા સમૂહકા કિરણ હૈ. ઐસે ચૈતન્યપ્રકાશકા કિરણ વ્યક્ત હૈ વહ કિરણ સારા ચૈતન્યપુંજકા કિરણ હૈ. સમજમેં આયા?

ઐસી બારંબાર બાત કી હો તો પુનરુક્ત—પુનઃઉક્ત એટલે ફરી ફરીને કહેવું એમ ન દોષ લેવો. ફરી ફરીને હમારે ઉપર કૃપા કરકે વહી બાત વારંવાર નિર્મલ બનાનેકો કહતે હૈ. ઐસે કહતે હૈ જુઓ આચાર્ય. '**બારંબાર ઉસી અર્થકા ચિંતવન હૈ, ઐસા જાનકર ઈસકા રહસ્ય બાર બાર ચિંતવના.**' દેખો. રહસ્ય... રહસ્ય. રહસ્યકા અર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, વિકારકી રુચિ છોડકર ઉસ તરફકી અંતરમેં રુચિ કરના વહી રહસ્ય હૈ સ્વરૂપકા. વહી સારા શાસ્ત્રકા અભિપ્રાય નામ રહસ્ય હૈ. સારા શાસ્ત્રકા વહ અભિપ્રાય હૈ. વીતરાગ શાસ્ત્રકા, અન્ય મેં તો શાસ્ત્ર હૈ કહાં સચ્ચા?

ત્રિલોકનાથ પરમાત્મા ચૈતન્ય સૂર્ય જિનચંદ્ર જિનચંદ્ર. ભગવાન પરમેશ્વર જિનચંદ્ર શીતલતાસે ઉગ્યા પૂર્ણ. વીતરાગ પરમાત્મા ચંદ્રરૂપ શીતલતા સોલ કલાએ ખીલ્યા શાંતિમેં. ઉન પરમાત્માકી વાણીમેં આયા કિ અરે! તુમ જિનચંદ્ર હો ન. આહા..હા..! વીતરાગી શીતલ છાયાકા વીતરાગી શીતલ સ્વરૂપ હી તેરા હૈ ન. સમજમેં આયા? વહ વારંવાર કહા હો તો ઉસકા રહસ્ય લેકર અભિપ્રાય સમજના ઔર વારંવાર ચિંતવન કરના. લોગોંકો ઐસા લગે સાધારણ (લગે). અરે ભગવાન! સાધરણ નહીં હૈ પ્રભુ! તુઝે કરના હો તો યહી કરનેલાયક હૈ કિ અનંતા કર્તૃત્વ મિટ જાયે અને એક હી તેરી બાત રહ જાયે. આહા..હા..! સમજમેં આયા?

'**બાર બાર ચિંતવના. પ્રભાકરભટ્ટકી મુખ્યતાકર સમસ્ત જીવોંકે સુખસે પ્રતિબોધ હોનેકે લિયે ઈસ ગ્રંથમેં બાર-બાર...**' આ ગ્રંથમાં વારંવાર '**બહિરાત્મા...**' દેખો, જહાં તહાં બહિરાત્માકી બાત બહુત કી. શરીર મેરા માને, પુણ્ય મેરા માને, પાપ મેરા માને. સમજે? ઐસી કલ્પના ઉઠે વહ મેરે લાભકા કારણ હૈ ઐસા માનનેવાલા બહિર્આત્મા હૈ. અંતર સ્વરૂપકે બાહર નિકલા ભાવ તો બાહ્યભાવકો અપના માનના વહ બહિર્આત્મા હૈ. સમજમેં આયા? શરીરકો અપના માને તો સ્થૂલ હૈ, પણ રાગકો ભી... કાર્મણ શરીરકા ફદફદાટ હૈ. કાર્મણ શરીરકા હી .. સમજાય છે? એ પરપોટા કાર્મણ શરીરકા હૈ. ભગવાન આત્મામેં વહ વિકાર-ફિકાર હૈ હી નહીં. ઐસી આત્માકી... વારંવાર હમને બહિરાત્મપનેકી બાત કહી થી, '**અંતરાત્મા...**'કી બાત કહી હૈ. વારંવાર ભગવાન... ભગવાન.. ભગવાન... સમજમેં આયા?

'**ઔર પરમાત્માકા કથન કિયા હૈ,...**' દ્રવ્યરૂપ પરમાત્મા અને પ્રગટરૂપ પરમાત્મા, દોનોંકી

બાત હમને વારંવાર કહી હૈ. **'ઐસા જાનના.'** એ ચિંતવન-અંતર પદાર્થકી મહિમા લાકર ચિંતવન કરનેકો વારંવાર વહ બાત કહનેમેં આયી હૈ. ઓહો..હો..! સારી વાત લગે તો ફરી નથી કહેતા? નાટકમાં પણ ઠીક લાગે તો 'વન્સ મોર' એમ કહે ઓલા. પૈસા-બૈસા આપે કોઈ વળી હોં. એક દાગીનો આપી દે. મોટું નાટક હોય અને મોટા..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો ઠીક. સારું નાટક... પણ એમાં પૈસા આપે કેટલાક તો. આ અઢીસોનો દાગીનો આપીએ ફિર બોલાઓ. રાજા-બાજા બેઠો હોય અને એને ઠીક લાગ્યું હોય, હાર કાઢીને નાખે ફટ ઓલા ઉપર. થિએટરના ઓલા ભાંડ ઉપર. વન્સ મોર. ફરીને લાવો આ વાત. તમારે ખર્ચ થોડો થાય તો અમે આપીએ છીએ, એમ કહે. સમજમેં આયા? ખર્ચ થાયને થોડો? મોટા નાટકમાં મોટો. પહેલા તો પંદરસો, બબ્બે હજારનું. પહેલા પચાસ વર્ષ પહેલા. પંદરસો-પંદરસો એક રાતમાં ઉપજતા નાટકવાળાને. પંદરસો-પંદરસો એક રાત. ડાહ્યાભાઈ ધોળસા હતા વાંકાનેરના. અમે બધા નાટક જોયા છેને ત્યાં ભરૂચમાં. ડાહ્યાભાઈ ધોળસાના. મીરાંબાઈ પણ હોં વૈરાગી. એમાં કાંઈ બીજા નહીં. મીરાંબાઈ, ભર્તૃહરી, નરસિંહ મહેતો, અનસુયા. એક અનસુયા સતી થઈ છે. આ નર્મદાબાઈ નહીં? આ નર્મદા નદી નથી? જબલપુર, નર્મદા જબલપુર હૈ ન. વહ ભરૂચ આતી હૈ. મૂલ તો વહ સ્ત્રી થી. બે બહેનો હતી. એ તો પછી નદીને નામ આપ્યું. મોટા વૈરાગી નાટક હોં, બહુ વૈરાગી. નાટકમેં અનેક પ્રકાર બતાવે. સમજમેં આયા? એમ યે ભી નાટક હૈ. આત્માકા સ્વરૂપ બતાનેકો અનેક પડખાસે બતાતે હૈ. હેતુ તો આત્માકા ચિંતવન કરના એક હી હૈ, દૂસરા કોઈ નહીં. સમજમેં આયા? **'ઐસે જાનના.'** લ્યો! એવું જાણવું.

મુમુક્ષુ :- ભાંડ લાવે એ થાય.

ઉત્તર :- ભાંડ લાવે એ થાય. એ વારંવાર કહે. ખબર છેને. એક મોટું નાટક ધ્રુવનું નાટક જોયું હતું તે ઓહો..હો..! ભાવનગર હોં. મીરાંબાઈનું નાટક પણ જોયું હતું. બધા સાધુ ભેગા થઈને આમ એવી લલકારતા હતા પરમાત્માની. સમજ્યાને? ભક્તિ. 'પરણી મારા પીયુજીની સાથ, બીજાના મીંઢોળ નહીં રે બાંધું.' મીંઢોળ સમજતે હો? લગન કરતે (વક્ત) નહીં બાંધતે? કંકણકો મીંઢોળ કહતે હૈ. તો ઉસકો સપનામેં ઐસા આ ગયા કિ ભગવાનકે સાથ મૈંને લગન કિયા. 'પરણી મારા પીયુજીની સાથે, બીજાના મીંઢોળ નહીં બાંધુ.' એનો ધણી હતો રાણો. 'નહીં રે બાંધુ રાણા નહીં રે બાંધું. પરણી મારા પ્રભુજીની સાથ, બીજાના મીંઢોળ નહીં બાંધુ.' એમ પરણી મારા ચૈતન્યની સાથ, એ રાગના કંકણ નહીં રે બાંધુ. એ વાત યહાં કહતે હૈં વારંવાર. પરમાત્મા... પરમાત્મા... પરમાત્મા... અમરચંદભાઈ! મૂળ તો એક ... લૌકિક બાત

છે. આ તો લોકોત્તર વાત. લોકોત્તર વાત. એ તો બધી સમજવા જેવી હતી વાત. ઠીક શુભભાવ હોય ભક્તિ-ભક્તિ. એમાં કાંઈ જન્મ-મરણ નાશકી બાત નહીં. પણ એ વખતે સાંભળતા આમ ધૂન ચડી જતી હોં! નાની ઉંમરમાં દેખ્યું છે.

યહાં બારંબાર કહનેકા આશય તો વહી પદાર્થકા જ્ઞાન હોકર આત્મા તરફકા વલણ વારંવાર ચિંતવન રહે ઉસ કારણસે વારંવાર કહનેમેં આયા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૫, બુધવાર, તા. ૧૫-૦૯-૧૯૬૫**
**ગાથા- ૨૧૨-૨૧૩, પ્રવચન-૨૧૫**

પરમાત્મપ્રકાશ, ૨૧૨ ગાથા હૈ. આખિરકી ગાથા. યોગીન્દ્ર મહારાજ આચાર્ય હૈં, દિગંબર સંત હૈં મુનિ ભાવલિંગી. અપના અનંત અમૃતસ્વરૂપ ભગવાન ઉસકા અનુભવ કરતે-કરતે એક ઉપકાર કે લિયે શાસ્ત્ર રચ ગયા. તો આચાર્ય કહતે હૈં, '**જ્ઞાનીજનોંસે પ્રાર્થના કરતે હૈં, કિ મૈંને જો કિસી જગહ છંદ અલંકારાદિમેં યુક્ત-અયુક્ત કહા હો,...**' છંદ અને અલંકારાદિમેં, કોઈ શબ્દોમેં યુક્ત-અયુક્ત (કહા હો) '**તો ઉસે પંડિતજન પરમાર્થકે જાનનેવાલે મુઝે પર ક્ષમા કરેં-**' ક્યા કહતે હૈં દેખો.

३४३) जं मइँ किं पि विजंपियउ जुत्ताजुत्तु वि इत्थु।
तं वर-णाणि खमंतु महु जे बुज्झहिँ परमत्थु।।२१२।।

'**ઈસ ગ્રંથમેં જો મૈંને કુછ ભી યુક્ત અથવા અયુક્ત શબ્દ કહા હોવે,...**' શબ્દ. ભાવ તો યુક્ત હી હૈ ઉસમેં. કોઈ શબ્દ અલંકાર આદિમેં, શબ્દમેં યુક્ત-અયુક્ત હો ગયા હો. '**તો ઉસે...**' 'ये वरज्ञानिनः' '**જો મહાન જ્ઞાનકે ધારક પરમ અર્થકો જાનતે હૈં,...**' ભગવાન આત્મા પૂર્ણાનંદ નિર્વિકલ્પ શુદ્ધ ઉસકા જિસકો જ્ઞાન અને ભાન વર્તતા હૈ '**વે પંડિતજન મેરે ઉપર ક્ષમા કરેં.**' ઐસા પંડિત હોં જ્ઞાની. એકલા શબ્દ શાસ્ત્રકા જાનનેવાલા નહીં. મેરે શબ્દોંમેં કોઈ યુક્ત-અયુક્ત આ ગયો હો, શબ્દકી શૈલી, રચનામેં. ભાવ તો અનુભૂતિ જો કહતી

હૈ વહ યથાર્થ કહા હૈ, ઉસમેં ફેર હૈ હી નહીં. તો શબ્દમેં યુક્ત-અયુક્ત કુછ હો ગયા હો, ઉસકો સુધારને લાયક ભી જ્ઞાની હૈ. એકલા શબ્દકા જાનનેવાલા ભી સુધારને લાયક નહીં. સમજમેં આયા?

'**ભાવાર્થ :- મેરી છદ્મસ્થકી બુદ્ધિ હૈ,...**' દેખો, નિર્માનતા બતાતે હૈં. '**જો કદાચિત્ મૈંને શબ્દોમેં,...**' શબ્દો-શબ્દોકી રચનામેં. શબ્દોકે કોઈ '**અર્થમેં, તથા છંદ અલંકારમેં,...**' છંદ દેશી અને અલંકાર '**અયુક્ત કહા હો, વહ મેરા દોષ ક્ષમા કરો, સુધાર લો,...**' વહ ભી ક્ષમા કરનેકો કિસકો કહતે હૈં? '**જો વિવેકી પરમ અર્થકો અચ્છી તરહ જાનતે હૈં,...**' ભગવાન આત્મા અમૃતકા પિંડ પ્રભુ પૂર્ણાનંદસે ભરા હુઆ, ઐસા ભગવાન આત્માકા જિસકો અનુભવ હૈ ઔર ઉસકો વિશેષ અનુભૂતિસે વેદતે હૈ આત્માકો, વે જાનતે હૈં. '**વે મુઝ પર કૃપા કરો,...**' સમજમેં આયા? શબ્દકો જાનનેવાલા એકીલા મેરા શબ્દકા દોષ નિકાલકર શબ્દકા સુધાર કરો ઐસા નહીં કહા હૈ. સમજમેં આયા? શબ્દ મૈં કોઈ ભૂલ ગયા હોઉં તો પંડિતજન—જિસકો આત્માકા ભાન હૈ, અખંડ નિર્વિકલ્પ આનંદકી ધારા જિસકો અંતર બહતી હૈ ઐસા અનુભવ કરનેવાલા ધર્માત્મા મુનિ પરમજ્ઞાની વહ મુઝ પર કૃપા કરે. ઐસે મેરા દોષ ન લો ઉતના. '**યહ પ્રાર્થના યોગીન્દ્રાચાર્યને મહામુનિયોંસે કી.**' સમજમેં આયા? અપનેસે જો બડા મુનિ મહા ધ્યાન, જ્ઞાન ઔર શબ્દ શાસ્ત્રકા ભી બરાબર જાનનેવાલા હો, આત્માકા ધ્યાન આનંદપૂર્વક શબ્દ શાસ્ત્રાદિકા ભી જાનનેવાલા હો તો ઐસા મહામુનિ પ્રતિ પ્રાર્થના કી હૈ. સમજમેં આયા?

'**જો મહામુનિ અપને શુદ્ધ સ્વરૂપકો અચ્છી તરહ અપનેમેં જાનતે હૈં.**' દેખો, જો મહામુનિ અપને શુદ્ધ ભગવાન આત્માકો, પરમ નિર્વિકલ્પ પિંડકો અચ્છી તરહ અપનેમેં જાનતે હૈં. 'જાનતે હૈં' જરી જુદું લીધું છે. બાકી ચાર બોલ સાથે છે. ઔર નિજસ્વરૂપ ભગવાન આત્મા '**રાગાદિ દોષ રહિત...**' પુણ્ય-પાપકા વિકલ્પ, શરીરાદિ રહિત અનંત જ્ઞાન... વહ જાનતે હૈં એમાં અનંત જ્ઞાન છે. '**અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યકર સહિત હૈં,...**' આ સ્વરૂપ, અપના સ્વરૂપ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય ઐસા જો નિજસ્વરૂપ અંતરમેં હૈ '**ઐસે અપને સ્વરૂપકો અપનેમેં હી દેખતે હૈં,...**' ઐસા અપના નિજસ્વરૂપ અપનેમેં હી દેખતે હૈં કિ મૈં ઐસા અનંત જ્ઞાન, દર્શન, આનંદ વીર્ય હૂં. ઐસા અપના નિજસ્વરૂપમેં અપનેકો અપનેમેં દેખતે હૈં, '**જાનતે હૈં, ઔર અનુભવતે હૈં, વે ઈસ ગ્રંથકે સુનનેકે યોગ્ય હૈં,...**' આહા..હા..! સમજમેં આયા?

ભગવાન... ક્યોંકિ યહાં પરમાત્મતત્ત્વ કહા હૈ. એકીલા પરમાત્મ દ્રવ્યસ્વરૂપ. વહી શક્તિરૂપ પરમાત્મા મુક્તરૂપ ભગવાન અંતર્મુખકી દૃષ્ટિ અને લીનતા દ્વારા વ્યક્તરૂપ પરમાત્મા હોતા હૈ.

યહ બાત પૂરે પરમાત્મપ્રકાશમેં ઘુંટી ઘુંટીને ઘુંટી હૈ. સમજમેં આયા? **'ઔર સુધારનેકે યોગ્ય હૈં.'** ત્યાં સુધારને શબ્દ જોઈએ. સુધારને પણ વહ યોગ્ય હૈ. દૂસરા સુધારને લાયક નહીં હૈ. શબ્દકા ફેરફાર ભી પરમાત્મપદાર્થ અપના જાનતે હૈ વહી શબ્દકો સુધારનેમેં લાયક વ્યવહારસે કહનેમેં આતા હૈ. સમજમેં આયા? પ્રધાનતા કિસકી દી? અપના નિજસ્વરૂપ અહો..! અનંત આનંદકા ભંડાર. શરીરકા અવયવ ન હો તો દુઃખી હૈ ઐસા નહીં. કલ કહા થા ન અવયવકા? શરીરકા .. ઈતના છેદ દે. વહ તો અવયવ થા, પણ આત્મા તો સારા શરીરરહિત હૈ પીછે અવયવરહિતમેં દુઃખ કહાં? સમજમેં આયા? આહા..હા..! વહ અવયવો ન હો તો વહ દુઃખી હૈ ઐસા નહીં. યહ તો સારા શરીરકા અવયવ અને શરીરસે રહિત સુખી હૈ. આહા..હા..! સમજમેં આયા? સમજાય છે? જેચંદભાઈ! એ હળવે આવ્યું, ભાઈ! યહાં તો કલ દૃષ્ટાંત નહીં દિયા થા? કલકત્તાકા. ... પણ કટા હુઆ હી હૈ. આત્મામેં શરીર હૈ હી નહીં, યહ કહના હૈ યહાં તો. આહા..હા..! આત્મા આત્મામેં હૈ, આત્મા શરીરમેં હૈ હી નહીં. તો શરીરકે અવયવકી કમીસે આત્મા દુઃખી હૈ ઐસા હૈ હી નહીં. શરીરકા અવયવ ક્યા, સારા શરીરરહિત હૈ તો સુખી હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- સહિત હોય તો કાંઈક...

ઉત્તર :- એ અહીં રહિત જ છે. લે! યહાં રહિત હી હૈ એમ કહતે હૈ. યહાં રહિત હી હૈ. ઉસકા સહિત તો સંયોગકી અપેક્ષા હૈ. વસ્તુમેં હૈ હી નહીં. યહાં શરીર રહિત હી હૈ. વહ તો કહના હૈ જરી. સમજમેં આયા? આહા..હા..! આ ગ્રંથ તો... ભગવાન આત્મા શરીરસે તો રહિત હી વર્તમાન હૈ. પુણ્ય-પાપકા વિકારસે ભી વર્તમાન રહિત હૈ વસ્તુ. આહા..હા..! અને વહ વર્તમાન આત્મા શરીરકા અવયવો અને બાહ્યકે સંયોગકે અભાવમેં સુખી હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- એ તો કહતે હૈ. ઉસકો રખનેકા કહે તો મિથ્યાદૃષ્ટિ દુઃખી હૈ. કિસકો રખના હૈ? યહ શરીરકા અવયવ ન હો માટે દુઃખી હૈ ઐસા હૈ હી નહીં. બાહરકા સાધન લક્ષ્મી આદિકા નહીં હૈ તો દુઃખી હૈ, ઐસા હૈ હી નહીં. શરીરમેં... શરીર હી જિસમેં નહીં પછી શરીરકા અવયવો અને શરીરકા નિમિત્ત બાહ્યકે સાધનો, સબસે રહિત ભગવાન અભી અંતરમેં હૈ. વહ સુખરૂપ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- બહુ આકરી વાત...

ઉત્તર :- આકરી વાત, પણ કે દિ' કરી છે કોઈ દિ'? સાંભળી નથી કોઈ દિ', વિચારી નથી. એમ ને એમ મમતા... મમતા... મમતા... મમતા.. ઘુંટી છે. ખરી વાત છે કે નહીં?

જેચંદભાઈ! એ તો કહે છે, ઘુંટી બરાબર કહે છે. આહા..હા..! આ તો કાલ ઓલા અવયવીની વાત કરી હતીને? પણ વહ અવયવરહિત હૈ (ઈસલિયે) દુઃખી હૈ ઐસા નહીં. સારા શરીર હી ઉસમેં નહીં હૈ પછી અવયવ નહીં હૈ ઉસકી બાત કહાં રહી? તો ઉસકા અર્થ યહ હુઆ કિ અવયવ હૈ. હાથ, પગ, અવયવ હૈ તો સુખી હૈ. ઐસી વ્યાખ્યા હો ગયી. તો ઐસા હૈ હી નહીં. આહા..હા..!

ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ અપનેકો દેખના અપનેમેં હૈ, અપનેમેં જાનના ઉસમેં સુખ હૈ. પર તો હૈ નહીં, પણ પરકો જાનના હી સુખ નહીં એમ કહા. એ તો પહેલી વાત આવી ગઈ છે આપણે કળશટીકામાં. સમજમેં આયા? ક્યા કહા? યે ભગવાન આત્મા વર્તમાનમેં અનંત-બેહદ-અપરિમિત અચિંત્ય જ્ઞાન, આનંદ સુખકા ભંડાર (હૈ). વહ વર્તમાનમેં શરીર, વાણી, મનકે અવયવોકે શરીર રહિત હી હૈ. એટલે થોડા અવયવ ટળે તો દુઃખી છે એ વ્યાખ્યા જ સાચી નથી. એ સ્વરૂપ હી ઐસા હૈ નહીં. તો તો સારા શરીરરહિત હો દુઃખી હો જાયે, ઐસા હો જાયે. સમજમેં આયા? આહા..હા..! શરીર અને અવયવો બધા માટીના પિંડ છે. ઉસસે તો રહિત હૈ તો સુખી હૈ. ઉસકે સહિત હૈ તો સુખી હૈ વહ બાત હી મિથ્યા ભ્રમ હૈ અજ્ઞાનીકી. આહા..હા..! સમજમેં આયા? આ આંખ આદિ અવયવ સરખા હો તો સુખ હૈ, વહ સ્વરૂપ હી જૂઠ હૈ. આહા..હા..! સમજમેં આયા? અરે! સત્યને સત્ય તરીકે ન પીછાણે અને જિસમેં વહ નહીં ઉસસે અપનેમેં સુખ માને, કહાંસે સુખ હોગા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કારણે દુઃખ નથી એમ કહતે હૈ. એમ કે ઝાડાની કબજિયાત હોય અને માથુ ભમતું હોય.. તમારી ખુશી માટે દાખલો આપે છે ઈ. ન્યાલચંદભાઈ! આ ન્યાલભાઈને ચાર દિ'એ દિશા ઉતરે છે. એને સંભારે છે. સંભાર્યા ખરા એણે. આહા..હા..!

યહાં તો યહ બાત કહતે હૈ કિ જો આત્મા અપના.. (શરીર) તો હૈ નહીં ઉસમેં. શરીર હૈ નહીં, અવયવ નહીં, રાગ-દ્વેષ હૈ નહીં, યે લક્ષ્મી હૈ નહીં. પણ ઉસકા જ્ઞાન કરનેમેં રુકના વહ ભી આત્માકા સ્વરૂપ નહીં અને આનંદકા દાયક નહીં. વહ ભી દુઃખદાયક હૈ. આહા..હા..! આયા હૈ કિ નહીં? વહ કલશટીકામેં આયા હૈ. કલશટીકામેં આયા હૈ કિ નહીં? દેખો, ક્યા કહતે હૈ? જુઓ, પહેલે શ્લોક-કલશમેં હૈ. '**કારણ કિ અજીવ પદાર્થ-પુદ્ગલ, ધર્મ, અધર્મ,...**' આ અજીવમેં શરીર આયા? શરીર, અવયવો, આંખ, કાન યહ સબ વહ તો ઉસમેં હૈ નહીં, પણ '**સંસારી જીવકે સુખ નહીં, જ્ઞાન ભી નહીં,...**' ઉસકા જ્ઞાન વહ જ્ઞાન હી નહીં. '**ઔર ઉનકા સ્વરૂપ જાનનેપર જાનનહારે જીવકો ભી સુખ નહીં,...**' ઉનકા સ્વરૂપ જાનનેપર જાનનેહારે જીવકો ભી સુખ નહીં ઔર '**જ્ઞાન ભી નહીં,...**' આહા..હા..! ક્યા

કહા?

ભગવાન આત્મા યહાં રાગ-દ્વેષરહિત, શરીર રહિત આદિ કહા તો ઉસકા અર્થ યહ હૈ કિ શરીરાદિ હૈ તો સુખ હૈ ઐસા નહીં અને શરીરરહિત હો જાયે તો દુઃખી હો જાયે ઐસા નહીં. ક્યોંકિ ઐસા હૈ હી નહીં. પણ શરીર અવયવો, આંખ, કાન આ સરખા હૈ-વહ ઠીક હૈ વહ માન્યતા હી મિથ્યાત્વ હૈ. તો તો અવયવો અનુકૂલ હૈ, સામગ્રી અનુકૂલ હૈ તો ઠીક. જડકી સામગ્રી અનુકૂલ હો તો ઠીક. વહ દૃષ્ટિ મિથ્યા ભ્રમ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે તો આ ખુલાસો થાય છે. કાલે જરી ઓલા અવયવોની વાત કરી હતીને. અવયવથી માણસને એમ લાગે કે આહા..હા..! એ તો એક બહારના સંયોગની સ્થિતિને કેવી સ્થિતિ ઊભી થાય છે. એ દુઃખનું કારણ નથી. આહા..હા..!

અહીંયાં તો આચાર્ય ત્યાં સુધી યહાં કહનેમેં આતા હૈ, ઉસકા ટીકાકાર કહતે હૈ કિ અજીવ શરીર અને એના અવયવો-વહ સામગ્રી હૈ તો જીવકો ઠીક હૈ ઐસા નહીં. અને સામગ્રીકા અભાવ હો તો અઠીક હો જાયે ઐસા નહીં. ઐસા તો નહીં, પણ વહ સામગ્રીકા એકલા જ્ઞાન કરનેસે આત્માકા જ્ઞાન નહીં. અને સામગ્રી આ શરીરકા જ્ઞાન કરનેસે આત્મામેં સુખ નહીં. શરીરસહિતકો સુખ શરીરસે નહીં, શરીરકા અવયવસહિતસે તો જીવકો સુખ નહીં, પણ અજીવકા જ્ઞાન કરનેસે-શરીરકા જ્ઞાન કરસે જીવકો સુખ નહીં. આહા..હા..! અમરચંદભાઈ! એય..! મલૂકચંદભાઈ! શું આ માંડી વળી આ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છાતી ક્યાં હતી એની? આ પણ માટીનો પીંડલો છે. છાતીમાં બટકા, કોઈ મરી જાય છે માટે આત્મામેં દુઃખ હૈ ઐસા નહીં. સમજમેં આયા? કાળજા સડે તો આત્મા દુઃખી હૈ ઐસા નહીં. ક્યોંકિ આત્મા કાળજા બિનાકા હૈ. આહા..હા..!

ભગવાન આત્મા સમ્યગ્દર્શનમેં... જુઓ, યહાં તો વહ આયા ન કિ યહ જાનનેવાલા હી જ્ઞાની, અપનેકો જાનનેવાલા જ્ઞાની ઉસકો સુધારો. તો અપને જાનનેવાલા કૈસા હૈ ધર્મી? કિ મેરા આત્મામેં મેરા જ્ઞાન અને મેરા આનંદ મેરેકો જાનનેસે મેરેકો જ્ઞાન હૈ ઔર મેરેમેં ઠરનેસે મેરેમેં આનંદ હૈ. પરકે કારણસે અને પરકે અભાવસે જ્ઞાન-આનંદ હૈ નહીં. આ પરકે કારણસે તો નહીં, પણ પરકા જ્ઞાન કરનેસે મુઝે સુખ નહીં. પરકા જ્ઞાન કરનેસે મુઝે સુખ કહાંસે આયા? ક્યોંકિ ઉસમેં સુખ હૈ નહીં. સુખ તો આત્મામેં હૈ. ઉસકા જ્ઞાન કરનેસે આત્માકા સુખ હૈ. શોભાલાલભાઈ! એવી ચીજ છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આત્મામેં અતીન્દ્રિય આનંદ હૈ તો ઉસકા જ્ઞાન કરનેસે આનંદ આતા હૈ. પરમેં કહાં આનંદ હૈ? પરકો તો જાનનેસે દુઃખ હોતા હૈ એમ કહતે હૈ. આહા..હા..! ના, એ તમે કહો છો ઐસા નહીં. એ તો કહે છે કે આ મને દુઃખરૂપ છે એમ જાણવું. એમ નહીં. આ અનુકૂળ સામગ્રી બધી હોય તોપણ સુખ નહીં અને એને જાણવાથી પણ સુખ નહીં એમ કહતે હૈ. આહા..હા..! ક્યા સમજમેં આયા? ક્યાં ગયા ..ભાઈ નથી આવ્યા? સમજમેં આયા? શું યે ક્યા કહતે હૈં? ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા હી ઐસા હૈ. આગે સરવાળા કહેગા. સર્વ જીવ ભગવાન ઐસા હૈ. સવ્વે જિવાવી... ત્રણ-ત્રણ મન, વચન, કાય, કરણ, કારણ, અનુમોદનસે ભિન્ન એકીલા ભગવાન એકીલા ચૈતન્યમૂર્તિ, સર્વ લોકમેં જીવરાશિ પરમાત્માના ઢગલા ભગવાન આત્મા. પરકી સામગ્રીકે ઘટનેસે દુઃખી હૈ, તો તો ઉસકા ઐસા અર્થ હુઆ કિ પરકી સામગ્રી બઢનેસે સુખી હૈ ઐસા હુઆ. યે પાંચ ઈન્દ્રિયાં હૈ જડકી તો સુખી હૈ ઐસા નહીં ઔર ઈન્દ્રિય નહીં હૈ તો દુઃખી હૈ ઐસા નહીં. ઈન્દ્રિય હૈ નહીં ઐસા અંતર અનુભવ કરના તો સુખ હૈ. ઈતના તો નહીં, પણ ઉસકા ઈન્દ્રિયસે સુખ નહીં, ... (ક્યોંકિ) જ્ઞાન કરનેસે, ઈન્દ્રિયકા જ્ઞાન કરનેસે... ઉસમેં જ્ઞાન અને સુખ નહીં. ઉસકા જ્ઞાન કરનેસે, ઈન્દ્રિયકા જ્ઞાન કરનેસે આત્માકો જ્ઞાન નહીં અને આત્માકો સુખ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, એ જ કહે છેને ભાઈ! એના માટે તો માંડી છે આ. દેરિયાજી પોકાર કરે છે.

કહતે હૈ કિ ભગવાન! તેરા સ્વરૂપમેં ઈન્દ્રિયાં તીન કાલમેં હૈ નહીં. તીન કાલમેં હૈ નહીં. આહા..હા..! વર્તમાન કહાંસે આયી વળી? તીન કાલમેં નહીં હૈ તો વર્તમાન ઉસમેં આયા કિ નહીં? ઈન્દ્રિયા નહીં, શરીર નહીં, કર્મ નહીં, સંયોગ નહીં, અવયવો નહીં, આ અવયવોના ઘટના-ફટના તેરે સ્વરૂપમેં હૈ નહીં. ઓહો..હો..! કહતે હૈં. જુઓ, પહેલા શ્લોકમાં જ નાખ્યું છે ભાઈએ. '**नमः समयसाराय**'માં. ભગવાન આત્મા વર્તમાન અને ત્રિકાલ. વર્તમાન વર્તતો અને ત્રિકાલ. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસે ભરા આત્મા હૈ. યે જ્ઞાન અને આનંદ વહ ઈન્દ્રિયોમેં નહીં, શરીરમેં નહીં, શરીરના કોઈપણ અવયવ અનુકૂલ કે પ્રતિકૂલ મેં યે જ્ઞાન અને આનંદ ઉસમેં નહીં હૈ. તો ઉસકે કારણસે મેરે સુખ હૈ કિ ઉસકે અભાવસે મેરે દુઃખ હૈ ઐસા હૈ હી નહીં. ઔર વહ ઈન્દ્રિયાં આદિ હૈ તો મેરા લક્ષ ઉસકે ઉપર જાનેસે મૈં જ્ઞાન કરતા હૂં ન ઉસકા, માટે સુખ હૈ? કિ નહીં. ક્યોંકિ જો જાનતે હૈ કિ યે જ્ઞાન અને આનંદ ઉસમેં નહીં. યે જ્ઞાન અને આનંદ ઉસમેં નહીં, ઉસકો જાનનેસે યે આનંદ અને જ્ઞાન

નહીં. અમરચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો મોક્ષની જ, એકલી પરમાનંદની જ વાત છે. કહો, ન્યાલભાઈ! ન્યાલ થવાની વાત છે આ. એ માટે તો ન્યાલભાઈ આવ્યા છે અહીંયાં હવે. છેડે તાર નથી કહેતા? છેડે તાર આમ. છેડે તાર નાખે તો નખાઈ ગયું એમાં શું છે? એય..! નેમિદાસભાઈ! આહા..હા..!

યહાં તો વિચાર ક્યા આયા? અપનેમેં દેખતે હૈ, જાનતે હૈ, અનુભવતે હૈ ઉસમેંસે યે વિચાર આયા લો. ક્યોં? કિ ઈસ ગ્રંથકો સુધારનેકે લાયક વહ પ્રાણી હૈ. એકલા શબ્દના જાણવાવાળા કે એકલા.. ભાઈ એમ આવ્યું. શબ્દના, શાસ્ત્રના, .. બહારકા જાનનેવાલા સુધારનેલાયક નહીં. ક્યોંકિ નિશ્ચય જિસકો હો વહ વ્યવહારકા સુધારનેલાયક શબ્દકા હૈ. આહા..હા..! નહીં યે તો સુધારને લાયક વ્યવહાર ઉસકે પાસ નહીં હૈ. જિસકે પાસ નિશ્ચયકા અનુભવ હૈ વહી શબ્દકો સુધારનેકે વ્યવહાર લાયક હૈ. બાકી દૂસરા લાયક નહીં. નિશ્ચય બિના વ્યવહાર કૈસા? એમ સિદ્ધ કરતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુમાં, ક્યા સ્વભાવસે વસ્તુ ખાલી હોતી હૈ? વસ્તુ અને વસ્તુકા સ્વભાવ નહીં? તો વહ વસ્તુ કૈસી? તો ચૈતન્યવસ્તુ ચૈતન્ય સ્વભાવસે ખાલી નહીં. ચૈતન્ય આનંદ, શાંતિસે ભરા પડા વસ્તુ પદાર્થ હૈ. વો ચીજકા જ્ઞાન અને વો ચીજકા આશ્રય કરનેસે જ્ઞાન અને સુખ હોતા હૈ. યે અવયવ ઘટ જાનેસે... જુઓ, યે અવયવ તો, મૃત્યુકાલે સમકિતદષ્ટિકો શરીરકે અવયવ કોઈ નહીં રહતે હૈ. સમજમેં આયા? ક્ષાયિક સમકિત હૈ. દેહ છૂટ જાતા હૈ, ઈન્દ્રિયાં છૂટ જાતી હૈ. ક્ષાયિક સમકિત આત્માકા આનંદ અનુભવમેં આતા હૈ. સમજમેં આયા? શરીર નહીં, ઈન્દ્રિય નહીં. લો, ક્યા હૈ? શરીર, ઈન્દ્રિય થા તો જ્ઞાન થા અંદરકા? અને શરીર, ઈન્દ્રિય થા તો આત્મા થા? અથવા આત્માકા સુખ થા? સમજમેં આયા? આ તો અગમ-નિગમની વાત છે અંતરની. યહ સમજે બિના છૂટકો નથી હોં, મરી જાય ક્યાંય તોપણ. આહા..હા..! કેટલી વાત કરે છે! આચાર્ય છેલ્લી ગાથાઓમાં પણ કેટલું સમાડી દે છે!

ઐસે જીવો સુધારને લાયક હૈ. ગજબ કરને છેને! નિશ્ચય અને વ્યવહાર કેટલી સંધિ કરે છે! એકલા આત્માના ભાન વિનાના તમે શાસ્ત્રના ભણનારા અને વ્યાકરણના ભણનારા હો, સુધારશો નહીં, તુમ્હારા હક નહીં હૈ. જિસકા વાચ્ય સચ્ચા હૈ ઉસકા વાચક શબ્દ સુધારનેકો વહ લાયક હૈ. આહા..હા..! સમજમેં આયા? ઉસકા પરકા જ્ઞાન યથાર્થ હૈ. સ્વકા જ્ઞાન બિના પરકા જ્ઞાન કૈસા? ઓહો..હો..!

**'ઈસપ્રકાર તીન દોહોંમેં સાતવાં અંતરસ્થલ કહા. ઈસ તરહ ચૌબીસ દોહોંકા મહાસ્થલ**

પૂર્ણ હુઆ.' લો.

'**આગે એક સ્રગ્ધરા નામકે છંદમેં ફિર ભી ઈસ ગ્રંથકે પઢનેકા ફલ કહતે હૈં-**
**--**'

૩૪૪) जं तत्तं णाण-रुवं परम-मुणि-गणा णिच्च झायंति चित्ते
जं तत्तं देह-चत्तं णिवसइ भुवणे सव्व-देहीण देहे।
जं तत्तं दिव्व-देहं तिहुविण-गुरुगं सिज्झए संत-जीवे।
जं तत्तं जस्स सुद्धं फुरइ णिये-मणे पावए सो हि सिद्धिं।।२१३।।

'**વહ નિજ આત્મ-તત્ત્વ...**' ભગવાન જ્ઞાનસ્વભાવ અને આનંદસે ભરા ઐસા નિજતત્ત્વ '**જિસકે મનમેં પ્રકાશમાન હો જાતા હૈ,...**' જિસકે જ્ઞાનમેં.. મન શબ્દે જ્ઞાન. ભગવાન આત્મા જિસકે જ્ઞાનમેં પ્રકાશમાન હો જાતા હૈ. દેખો, નિજ આત્મતત્ત્વ જિસકે જ્ઞાનમેં પ્રકાશમાન હો જાતા હૈ. ઓહો..હો..! દૂસરેકી બાત નહીં. સમજમેં આયા? શાસ્ત્ર પઢના, ભણ્યા કે ફલાણું વહ બાત હી યહાં નહીં. નિજ ભગવાન પ્રકાશ ચૈતન્યકા પુંજ. 'દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન.' આતા હૈ ન? અપૂર્વ અવસરમાં. '**નિજ આત્મ-તત્ત્વ...**' '**यस्य निजमनसि**' '**જિસકે...**' જ્ઞાનકી પર્યાયમેં આત્મા બસ રહા હૈ, પ્રકાશમાન સ્ફૂરતા હોતી હૈ. '**વહ હી સાધુ સિદ્ધિકો પાતા હૈ.**' દેખો, વહી મુનિ મુક્તિકો પ્રાપ્ત હોતા હૈ. જિસકે આત્મામેં, ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, આનંદસે ભરા જો વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં પર્યાયવાન પ્રકાશમાન હોતા હૈ વહી સાધુ મુક્તિકો પાતા હૈ. દૂસરા લાખ, વ્રત ને નિયમ ને ક્રિયાકાંડ કરે તો મુક્તિકો પાતા નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

'**જિસકે મનમેં પ્રકાશમાન હો જાતા હૈ, વહ હી સાધુ સિદ્ધિકો પાતા હૈ. કૈસા હૈ, વહ તત્ત્વ?**' હવે તત્ત્વ કેવું છે કે જો જ્ઞાનકે પ્રકાશમેં દેખનેમેં આયા, અનુભવમેં આયા? '**રાગાદિ મલ રહિત હૈ,...**' ભગવાન વહ તો રાગ વિકલ્પ, પુણ્ય-પાપકા શુભાશુભ પરિણામસે તદ્દન ભિન્ન, તદ્દન ભિન્ન નિર્લેપ તત્ત્વ હૈ. ભગવાન વર્તમાનમેં રાગકે લેપ રહિત તત્ત્વ હૈ. સમજમેં આયા? આહા..હા..! '**ઔર જ્ઞાનરૂપ હૈ,...**' વહ રહિત કહા, (યહાં) અસ્તિ કહા. રાગાદિ રહિત એ શુદ્ધ. શુદ્ધ હૈ, પણ હૈ કૈસા? કિ યે તો જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... એ પ્રજ્ઞાનો પુંજ, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો એકલો તારો, જ્ઞાનનો ધ્રુવ તારો, જ્ઞાનસ્વરૂપ તારો, સમજમેં આયા? જ્ઞાનરૂપી સૂર્ય એકલો પ્રકાશનો પુંજ એ આત્મા. રાગાદિથી રહિત નિર્લેપ, જ્ઞાનસહિત પૂર્ણ. સમજમેં આયા? યે વર્તમાન આત્માકી બાત ચલતી હૈ. આહા..હા..!

ઔર '**परममुनिगणाः**' મહા '**પરમમુનિશ્વર સદા અપને ચિત્તમેં ધ્યાતે હૈં,...**' મહા ધર્માત્મા સંતો અપને જ્ઞાનકી પર્યાયમેં ઐસા ભગવાન આત્માકો ધ્યાતે હૈ. ઐસે પૂર્ણાનંદસે ભરા

પ્રભુ, પૂર્ણાનંદસે ભરા ઐસા અપના નિજ પ્રભુ, મહા સંતો, મુનિયોં ઉસકો કહનેમેં આતા હૈ કિ અપની વર્તમાન જ્ઞાનદશામેં ઉસકો ધ્યાતે હૈ. સમજમેં આયા? મુનિશ્વર. એક તો મુનિ ઘણા લીધા. એ મુનિઓ, સંતો સબ જિતના યથાર્થ હૈ. એ પણ **'સદા અપને ચિત્તમેં ધ્યાતે હૈં,...'** સદા. કોઈપણ ક્ષણ રાગાદિકો ધ્યાના કિ રાગમેં એકાગ્ર હોના વહ હૈ નહીં. રાગસે રહિત ભગવાન પૂર્ણ પરમાત્મા પૂરે અનંતગુણકી વખાર ભરી હૈ. વખાર ક્યા કહતે હૈ વળી? ગોદામ-ગોદામ. એ અનંતગુણકા ગોદામ. તમારે તમાકુની ગોદામ હતીને મોટી કેટલી દેખોને? છેને? એક ફેરી કાંઈક બળી ગઈ હતીને ખાનગી? ત્રણ લાખનું તમાકુ. આ મોટો ભગવાન ભર્યો છે ગોદામ. આહા..હા..!

ક્યા કહતે હૈ? **'અપને ચિત્તમેં ધ્યાતે હૈં, જો તત્ત્વ ઈસ લોકમેં...'** **'सर्वदेहिनां देहे'** દેખો, સિદ્ધકી બાત યહાં હૈ નહીં. **'सर्वदेहिनां देहे'** આહા..હા..! **'સબ પ્રાણિયોંકે શરીરમેં...'** **'सर्वदेहिनां'** '**'सर्वदेहिनां'** એટલે દેહમાં રહનેવાલા આત્મા. ઐસા દેહમેં મૌજૂદ હૈ, મૌજૂદ હૈ. નિગોદના બધા જીવોમાં દેહના દેહે **'सर्वदेहिनां देहे'** સર્વ જીવોમાં, એ સર્વ જીવોને દેહમાં રહેલો આત્મા ઐસા હી હૈ. સર્વ જીવ ઐસા હૈ. ઓહો..હો..! આખિરકે શબ્દો લિયા દેખો. અપના સ્વભાવ ભરપૂર જહાં ભાસન હુઆ, પર્યાયદૃષ્ટિ રાગકી એકત્વબુદ્ધિ જહાં છૂટ ગયી ઔર સ્વભાવકી સાથ એકત્વબુદ્ધિ હુઈ તો સ્વભાવ પરિપૂર્ણ હૈ. ઐસા સર્વ જીવ પરિપૂર્ણસે ભરા હૈ. સારા ચૌદ બ્રહ્માંડ. ઓહો..હો..! વહ વિષ્ણુકો કહતે હૈ કિ સર્વવ્યાપક એક હૈ. ઐસે નહીં. વ્યાપક હૈ પણ આ રીતે. એક-એક આત્મા પૂર્ણ આનંદકંદ ચૈતન્યપ્રકાશકા પૂંજ ઐસા અનંત આત્માઓ ચૌદ બ્રહ્માંડમેં ભરા હૈ, સબ જીવ.

**'सर्वदेहिनां देहे'** **'सर्वदेहिनां'**નો અર્થ પ્રાણીઓ કહા. દેહ એટલે શરીરમેં. **'મૌજૂદ હૈ,...'** મૌજૂદ હૈ ઉસકો અમૌજૂદ કરતે હૈ. અને જિસમેં મૌજૂદ નહીં ઉસકો મૌજૂદ માનતે હૈ. શરીર, ઇન્દ્રિય, મન, વચન, રાગ-દ્વેષ આત્મામેં નહીં. નહીં, નહીં ઉસકો હૈ ઐસા માનતે હૈ ઔર મૌજૂદ હૈ ઉસકો નહીં માનતે હૈ. આ ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા. સમજમેં આયા? ક્યા હૈ? **'सर्वदेहिनां देहे'** ઓહો..હો..! **'સબ પ્રાણિયોંકે શરીરમેં મૌજૂદ હૈ,...'** ક્યા કહા? .. છેલ્લે. **'ઔર આપ દેહસે રહિત હૈ,...'** પાછા **'सर्वदेहिनां देहे'** અને **'देहत्यक्तं'** દેહસે રહિત હૈ. દેહમેં એક ક્ષેત્રે હૈ ઐસા કહા, છતાં દેહસે રહિત યહાં હૈ. દેહસે સહિત હૈ હી નહીં. ક્યા જડ સહિત આત્મા હૈ? ક્યા જડ સહિત આત્મા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ દેખાડ્યું તો છે. પછી કિતના દિખાના હૈ?

**'देहत्यक्तं'** **'सर्वदेहिनां देह निवसति देहत्यक्तं'** ભગવાન પરિપૂર્ણ આનંદ રાગરહિત,

કર્મરહિત, શરીરરહિત આત્મતત્ત્વ તો યહાં હી બિરાજતે હૈ. 'तत्तं' શબ્દ પડે હૈં કિતને, દેખો! 'जं तत्तं' 'जं तत्तं' 'जं तत्तं' 'तं तत्तं' ત્રણમાં 'जं तत्तं' ચોથામાં 'तं तत्तं' આહા..હા..! આચાર્યોએ જંગલમાં આત્મા સાથે વાતું કરતા, અનુભવ કરતા આ વિકલ્પ આયા અને શાસ્ત્ર હો ગયા. હમારે .. કાંઈ નહીં. હમને શાસ્ત્ર બનાયા નહીં. એ તો શબ્દસે રચા ગયા હૈ. હમારે ક્યા હૈ? હમમેં વહ શાસ્ત્ર નહીં અને શાસ્ત્રમેં હમ નહીં. સમજમેં આયા? ભાઈ! યે સમજાતે હૈ તો ભાષામેં તો જ્ઞાન આતા હોગા કિ નહીં? ભારે ભ્રમણા. ભાષા તો જડ હૈ, ઉસમેં આત્મા કહાંસે આયા? આત્માકી પર્યાય ઉસમેં આયી? અપના જ્ઞાનસ્વરૂપમેં ભગવાન બિરાજમાન હૈ વહ દેહસે ત્યક્ત હૈ.

'दिव्यदेहं' લ્યો! દેહથી ત્યક્ત જો તત્ત્વ દિવ્ય દેહ હૈ ઉસકો, કેવલજ્ઞાન. **'આનંદરૂપ અનુપમ દેહકો ધારણ કરતા હૈ,...'** દેહ હૈ, પણ અનંતજ્ઞાન આનંદ ઉસકા શરીર નામ સ્વરૂપ હૈ. યહાં દેહ કીધાને? શરીર એટલે સ્વરૂપ. સમજમેં આયા? **'કેવલજ્ઞાન ઔર આનંદરૂપ અનુપમ દેહકો ધારણ કરતા હૈ,...'** દેહ બિના નહીં આત્મા. ઈસ દેહ બિના હૈ, પણ અનંત જ્ઞાન(રૂપી) દેહ-શરીરકે સ્વરૂપ સહિત હૈ. અનંત જ્ઞાનરૂપ શરીર. શરીરનો અર્થ સ્વરૂપ કર્યો છે અંદર જુઓ. **'शरीरमिति कोऽर्थः। स्वरुपम्।'** સમજમેં આયા? સંસ્કૃતમેં હૈ. યે શરીર આત્મામેં અભી નહીં તો હૈ ક્યા? અનંત આનંદ, જ્ઞાન આદિ જિસકા શરીર હૈ. શરીર નામ સ્વરૂપ હૈ, સ્વરૂપ નામ જિસમેં વહી અસ્તિત્વ હૈ. યે શરીરકા અસ્તિત્વ ઉસમેં બિલકુલ છુઆ હી નહીં, આત્મા કભી શરીરકો છુઆ હી નહીં કભી. શરીર ઉસકો છુઆ નહીં અને આત્મા કભી શરીરકો છુઆ હી નહીં તીન કાલમેં. જેચંદભાઈ કહે.. આહા..હા..! છુઆ હી નહીં. અભી છુઆ હી નહીં. પરમાણુ માટીકો ક્યા આત્મા છુતા હૈ? આત્મા તો અરૂપી જ્ઞાનઘન હૈ. ભ્રમણામેં અજ્ઞાની માનતે હૈ કિ અરે! મૈં અડતા હૂં-મૈં છુતા હૂં. ઔર ઉસસે મેરેકો (ઐસા હોતા હૈ). વહ તો કલ્પનાકા ઉત્થાન હૈ, કલ્પનાકા ઉફાન ઉત્પન્ન કરતે હૈ. શરીરકો છુઆ હી નહીં કભી. ઓહો..હો..! સમજમેં આયા? કહાં, કિતના, કિસમેં મૈં હૂં? ખબર નહીં. ઉસકો સુખી કરના હૈ. ઉસકો સુખી કરના હૈ જીવકો. પણ કહાં, કિસમેં, કૈસે વહ ખબર નહીં. કિસકો સુખી કરેગા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ દુઃખી છે. ધરમચંદભાઈ! એ પોતે દુઃખી હૈ અને .. લ્યો! .. ન હોય તોપણ દુઃખ હી હૈ. એકલી આકુલતા ભરી હૈ. ઐસા કરું ને ફૈસા કરું, ઐસા કરું ને ફૈસા કરું. લડકા સરખા માને કે ન માને, વહ સરખા આપે કે ન આપે. અત્યાર સુધી ભલે બડા કિયા. ઉસકી પાસસે વહ ખર્ચ લેના-દેના સબ વિચાર તો હોતા હૈ ન આકુલતા. વહ આકુલતા હી નહીં ચીજમેં એમ કહતે હૈ યહાં તો. એ ઉભી કરે છે ઉઠાવગીર. સ્વરૂપમેં હૈ નહીં. આહા..હા..!

ઉસકા નામ આત્મતત્ત્વ. નવ તત્ત્વમેં, સાત તત્ત્વમેં, નવ પદાર્થમેં ઉસકા નામ નવ તત્ત્વ. છ દ્રવ્યમેં ઉસકા નામ તેરા જીવતત્ત્વ. તેરા હોં. સમજમેં આયા? જો ભગવાન તત્ત્વ હૈ ન? સત્ હૈ ન? સત્ત્વ હૈ. તો કહતે હૈં, વહ તત્ત્વ દેહસે ભિન્ન હૈ, છતાં દિવ્યદેહ હૈ. કેવલજ્ઞાન, આનંદ આદિ ઉસકો દેહ હૈ. કહો, સમજમેં આયા? વહ આનંદ અને જ્ઞાન વહી ઉસકા દેહ અને ઉસકા સ્વરૂપ હૈ. ઓહો..હો..!

મુમુક્ષુ :- એ તો દુનિયા કહે છે.

ઉત્તર :- દુનિયા જુદી નહીં, યહી વસ્તુ હૈ ઐસી. આ દુનિયા પાગલ કુછ માનતી હૈ અને યે કુછ ઓર હૈ, વહ યહાં કહતે હૈ. પાગલ દુનિયા કહાં આત્મા હૈ ઉસકો સમજતે નહીં અને કહતે હૈ, આ શરીર, આ શરીર .. આહા..હા..! છતે શરીરસે ધર્મ હોતા હૈ. ગજબ કરી નાખ્યો. અરે! પ્રશ્નની આદિમાં આ પ્રશ્ન? જિસકે આત્મામેં રાગ નહીં, જિસમેં દેહકા અવયવ આદિ હૈ નહીં, દેહ હૈ નહીં તો વહ દેહસે આત્મામેં ધર્મ (હો)... આહા..હા..! પંચમકાલકી બલિહારી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કાંઈ ભાનેય ન મળે, ક્યા બોલતે હૈ? આહા..હા..! જો ભગવાનમેં શરીરકે અવયવો આદિ કોઈ હૈ નહીં, શરીર હૈ નહીં. જો શરીર હૈ નહીં ઉસસે આત્મામેં હૈપણા કા ધર્મ આયેગા. હૈ નહીં ઉસસે 'હૈ' આયેગા કિ 'હૈ' મેંસે આયેગા? આહા..હા..! સમજમેં આયા? ઓહો..હો..! ભારે કાળ ભાઈ! ઐસે પ્રશ્ન પંડિતોકે મુખમેંસે નિકલે અને ચર્ચામેં મુખ્ય રખે અને ઉસકા જવાબ દેના... આહા..હા..!

કહતે હૈં, ભગવાન આત્મા અંદર રાગ, આસ્રવસે ભિન્ન હૈ તો શરીર તો જડ, માટી, ધૂલ પદાર્થ ભિન્ન હી હૈ. આસ્રવ ઉસકી પર્યાયમેં વિકાર હોતા હૈ ઉસસે ભી ભિન્ન હૈ તો યહ તો પદાર્થ હી ભિન્ન હૈ. વસ્તુ ભિન્ન હૈ, ઉસકા દ્રવ્ય-ગુણ-પર્યાય તદ્દન ભિન્ન (હૈ). સમજમેં આયા? આસ્રવ જો વિકાર હૈ ઉસકા કોઈ દ્રવ્ય-ગુણ દૂસરા નહીં. વહ તો વિકલ્પ-વિકાર જો ઉત્પન્ન હોતા હૈ કૃત્રિમ ઉસસે ભગવાન ત્રિકાલ રહિત હૈ. તો યે શરીરકે તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રિકાલ ભિન્ન હૈ. આહા..હા..! એના દ્રવ્ય નામ વસ્તુ, એની શક્તિ અને એની અવસ્થા ભિન્ન છે. તો એની ભિન્નથી અહીંયાં આત્મતત્ત્વમાં કોઈ શાંતિના અંશનું તત્ત્વ જાગે (એમ કેમ બને)? આહા..હા..! ભગવાન... ભગવાન... પરમાત્માકા વિરહ પડા, લોકોમાં અંતર યોગ્યતાની ખામી, (એમાં) આવા પ્રશ્ન ઉઠે. સમજમેં આયા?

કહતે હૈં, એ ત્રિભુવન ગુરુ હૈ. એટલે ત્રણ લોકનો પૂજ્ય આત્મા છે. ઓહો..હો..! ભગવાન આત્મા શરીરસે રહિત છે. '**सर्वदेहिनां देहे**' બધા ભગવાન આત્મા વસ્તુ તરીકે તો પૂજ્ય હૈ.

આહા..હા..! સમજમેં આયા? **'તીન ભુવનમેં શ્રેષ્ઠ હૈ, જિસકો આરાધકર શાતંપરિણામી સંતપુરુષ સિદ્ધપદ પાતે હૈં.'** દેખો! ઐસા ભગવાન આત્મા રાગસે, શરીરસે, મનસે રહિત. પર.. દો વસ્તુ હૈ ન? તો પરસે રહિત અને સ્વભાવસે સહિત. સમજમેં આયા? પરસે ભી સહિત અને સ્વભાવસે સહિત એમ દો હોગા? અને પરસે રહિત અને સ્વભાવસે રહિત. તો રહા ક્યા ફિર? આહા..હા..! પરસે સહિત નહીં પણ રહિત અને સ્વભાવસે સહિત. સ્વભાવરહિત કભી હૈ હી નહીં આત્મા. જૈસે પરસે રહિત હૈ ઐસા સ્વભાવરહિત કભી તીનોં કાલમેં હૈ નહીં. તીનોં કાળ સ્વભાવસહિત પડા હૈ. જ્ઞાનાનંદ અનંતગુણકા પિંડ સ્વભાવસહિત તીનોં કાલમેં હૈ. તીનોં કાલમેં સ્વભાવસહિત હૈ. સમજમેં આયા?

સ્વભાવવાન સ્વભાવ વિના રહે તો સ્વભાવવાન કિસકા? કિસકા સ્વભાવવાન? સમજમેં આયા? સ્વભાવવાન ઉસકા સ્વભાવ રૂપ હૈ. સ્વભાવરૂપ સ્વભાવવાન હૈ. કિસકા સ્વભાવ? એ તો એ સ્વભાવ અનંત... અનંત... અનંત... અનંત... સ્વભાવ વહી આત્મા હૈ. ઉસસે સહિત તીનોં કાલ સહિત હૈ. આહા..હા..! અને તીનોં કાલ રાગ ઔર શરીરસે રહિત હૈ. આહા..હા..! ઐસા અસ્તિત્વકી મહત્તા દૃષ્ટિમેં લાના અને દૂસરી દૃષ્ટિ ઉડા દેના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ચર્ચા કરવી હોય તો ...

ઉત્તર :- હા, ઝટ થઈ જાય. સાચી વાત છે. પણ એનો અર્થ શું થયો? કિંમતી આ થઈ ગઈ. અપવાસ કરવો સહેલો અને આ કિંમતી થઈ ગઈ તો વસ્તુ આ કિંમતી હો ગયી. ન્યાલભાઈ! એ દલાલ છે. એમ કે બે અપવાસ કરવા હોય તો કરે, પણ આ? કહો, શેઠી! આહા..હા..!

**'શાંતજીવે સિધ્યતિ' 'જિસકો આરાધકર શાંતપરિણામી સંતપુરુષ સિદ્ધપદ પાતે હૈં.'** સ્વભાવકી પૂર્ણતાકી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિસે આરાધતે હૈ વહી સિદ્ધપદ પાતે હૈં, વહી મુક્તિપદકો પાતે હૈં. ભારે પણ પરમાત્મપ્રકાશ હોં!

**'ભાવાર્થ :- ઐસા વહ ચૈતન્યતત્ત્વ જિસકે ચિત્તમેં પ્રગટ હુઆ હૈ,...'** ઐસા ભગવાન આત્મા, અરે! આઠ વર્ષકી બાલિકા કહેવાય શરીરથી, પણ વહ ભી ભગવાન હૈ ન અંદર. ભગવાનકા પતા લિયા વહ પરમેશ્વરકી પ્રાપ્તિમેં ચલી ગઈ બાઈ. વહ પરમેશ્વરકે પાસમેં ચલી જાયેગી, સિદ્ધ હો જાયેગી. આહા..હા..! સમજમેં આયા? નરકકા જીવ.. ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવકો જિસને દૃષ્ટિમેં લિયા, લક્ષમેં લિયા, ઐસા ભગવાનકા જહાં દૃષ્ટિમેં ભેટા હુઆ. વહ નરકકા નારકી ભી પરમાત્મા હો જાયેગા ક્રમે-ક્રમે. વહાંસે નિકલકર મનુષ્ય હોકર અપને સ્વરૂપકી સિદ્ધિ કરકે સિદ્ધ હો જાયેગા. આહા..હા..! સમજમેં આયા? અને અહીંયાં રાજા,

મહારાજા ખમ્મા અન્નદાતા. કરોડો માણસો આમ ઉપરથી ઉતરે ત્યાં, બલુન ઉતરે ત્યાં ખમ્મા. એ તમારી જે ભાષા અંગ્રેજીમાં હોય એ. સલામી ભરે. એ બધા નરકે જવાના હેઠે. આહા..હા..! આ તે ઉંધી વાત જગતથી. જેનું આરાધન વિકારનું છે, જેનું સેવન એકીલા વિકારનું છે, એ વિકારના સેવનમાં બાહ્યમેં દેખાય સંયોગસહિત આમ રાજા, મહારાજ, સુંદર શરીર ઐસા.. ઐસા.. વહ નીચ ગતિકા આરાધન કરતે હૈં. ભગવાનકા આરાધન કરતે હૈ વહ ઉંચગતિ, પરમગતિ, સિદ્ધગતિકી આરાધના કરતે હૈં. સમજમેં આયા?

**'વહી સાધુ સિદ્ધિકો પાતા હૈ. અવ્યાબાધ અનંતસુખ આદિ ગુણોંકર વહ તત્ત્વ તીન લોકકા ગુરુ હૈ,...'** આત્મા તીન લોકકા ગુરુ હૈ હોં. **'અવ્યાબાધ અનંતસુખ આદિ ગુણોંકર વહ તત્ત્વ...'** વહ તત્ત્વ. **'તીન લોકકા ગુરુ હૈ, સંતપુરુષોંકે હી હૃદયમેં વહ તત્ત્વ સિદ્ધ હોતા હૈ.'** હૈ તો ખરા, પણ દૃષ્ટિમેં સિદ્ધ હો ઉસકો સિદ્ધ કહનેમેં આયા હૈ. **'અવ્યાબાધ અનંતસુખ આદિ ગુણોંકર વહ તત્ત્વ તીન લોકકા ગુરુ હૈ,...'** ત્રણ લોક જિસમેં સમા જાતા હૈ જ્ઞાનમેં, ઐસા પૂજ્ય. કિસ બાહ્યકી ચીજસે તેરે બડાઈ લેના હૈ? કિસ બાહ્યકી ચીજસે તેરી પ્રતિષ્ઠા કરના હૈ? વહ આયેગા દેખો અંદર હોં. કિસ બાહ્યકી ચીજસે તુઝે લાભ હુઆ હૈ? સમજમેં આયા?

**'સંતપુરુષોંકે હી હૃદયમેં વહ તત્ત્વ સિદ્ધ હોતા હૈ. કૈસે હૈ સંત? જો અપની બડાઈ,...'** દેખો, બાહરકી બડાઈ,... અંતરકી બડાઈ હોય તો બાહરકી બડાઈ ઉસકો હૈ હી નહીં. ભાઈ હમારા શરીર સુંદર હૈ, હમારી ભાષા બહુત અચ્છી હૈ, શિષ્યો ઈતના હુઆ હૈં, બહુત હમકો વ્યાખ્યાન કરના આતા હૈ. અરે ભગવાન! એ તો પરસામગ્રીકી બડાઈ (હુઈ), તેરેમેં ક્યા આયા ઉસસે? સમજમેં આયા? હજારો-લાખો માણસોમેં ઐસે એક-દો ઘંટા લગાતાર ભાષણ કરનેમેં હમ નિપુણ હૈં, નિપુણ હૈં. ભગવાન! તેરેમેં વિકલ્પ ભી નહીં વહાં ઈસ શરીરકી ભાષા કહાંસે આયી તેરે? કિ હમ ભાષા બોલા અને ઐસા હુઆ. તુમ્હારેમેં ભાષા નહીં તો ભાષા કહાંસે તુમ્હારેમેં આ ગયી કિ તુમને ભાષા દ્વારા લોગોંકો સમજાયા? આહા..હા..! ન્યાલભાઈ! ભારે વાત ભાઈ આ તો.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ... સમજમેં આયા? ઓલ ઈન્ડિયા શું કહે છે? ઓલ ઈન્ડિયા? એમ ઓલ દુનિયા-સારા જગતની અંદર વીતરાગ પરમાત્મા સિવાય યે ચીજ કહીં હૈ હી નહીં. આહા..હા..! સારા દુનિયા લોક, અલોક. અલોકમેં તો કહાં હૈ? આ તત્ત્વ... આ તત્ત્વ... આ તત્ત્વ... વીતરાગે પ્રગટ કિયા અને પ્રગટ કરનેકી રીત યહ હૈ ઔર અંશે પ્રગટ હુઆ ઉસકે પૂર્ણ પ્રગટ ક્યોં હુઆ ઉસકી ભી પ્રતીત ઉસમેં આ જાતી હૈ. ઐસા સત્ત્વ સારી દુનિયામેં સર્વોચ્ચ હૈ. યે સર્વ ગુરુ કહા ન? ગુરુ બડા હૈ. ઓહો..હો..! શરીર બડા હૈ, બોલના

બહુત આતા હૈ, શાસ્ત્ર બહુત પઢા હૈ તો વહ બડાઈ હૈ. વહ બડાઈ તો મિથ્યાત્વકી બડાઈ હૈ. જિસકો બડાઈ હી નહીં અંદરમેં. આહા..હા..! અપને સ્વરૂપમેં વિકલ્પ, મૈં બોલું તો ઉસકો જરી સમાધાન હો તો મુઝે ભી સમાધાન હો. મેરે લિયે વહ બહુત પ્રતિકૂલ માનતે હૈ તો મૈં સમાધાન કર દૂં. ભાઈ ઐસા નહીં હૈ. તો મુઝે સમાધાન હો. ઐસા ચીજમેં હૈ નહીં. સમાધાન કરનેવાલા ભાષા વિના અપનેસે સમાધાન કરતા હૈ. સમજમેં આયા? આહા..હા..!

**'અપની બડાઈ, અપની પ્રતિષ્ઠા...'** બાહરમેં પ્રતિષ્ઠા. બહુત શોભા બઢ ગયી હમારી, આબરૂ બહુત હૈ. આબરૂ તેરી કહાં ગયી? તેરી તો તેરે પાસ આત્મા હૈ. સમજમેં આયા? **'ઔર લાભાદિ...'** લાભ-લાભ. ઓહો..! શિષ્યોંકા લાભ, આબરૂકા લાભ, હમારી સભામેં રાજા આતા હૈ, રાજાકો સમજાયા, રાજા પ્રતિબોધક. કેટલાક આચાર્યને એ પૂંછડા લગાવે છે. ઉપાધિ. કેવા છે સાધુ? ફલાણા દક્ષિણ દેશના રાજાના પ્રતિબોધક ઐસા ગુરુ. અરે ભગવાન! સુન તો સહી, પ્રભુ! આત્મામેં ભાષા હી નહીં તો વળી દૂસરેકો સમજાવે વહ આત્મામેં કહાં હૈ? **'લાભાદિ...'** લાભ હુઆ ન ઈતના. શિષ્યો બહુત હૈ ઔર રાજમેં ઐસા બસ છાપ કર દી તો હુકમ કર દિયા રાજાને. જાઓ. યે મહારાજ જ્યાં જ્યાં જાય ત્યાં ઉસકો મકાન દેના, ઐસા દેના. ઔર હમારે ગાંવમેં જ્યાં જ્યાં (જાએ) પોલિસ એક રખના. ઐસા લાભ મિલતા હૈ કિ નહીં? અરે..! લિખ દિયા. ક્યા કહતે હૈ ત્રાંબાપત્રમેં. શું કહે છે? ત્રાંબાપત્રમેં. શું કહેવાય? લેખ-લેખ. લેખ લિખ દિયા. જાઓ, તુમ્હારા ધર્મ માટે ઐસા. ડુંગરાકા ડુંગર તુમકો મિલા હૈ જાઓ. ઈતના તો લાભ હુઆ કિ નહીં? શેત્રુંજય અને સમ્મેદશિખર આપી દે તોપણ? બાપુ! વહ ચીજ કહાં તેરી હૈ કિ તુઝે દે અને તુઝે ઉસકો લાભ હો? સમજમેં આયા?

**'બડાઈ, અપની પ્રતિષ્ઠા ઔર લાભાદિ સમસ્ત મનોરથોં...'** સબ મનોરથસે પાર ભગવાન હૈ. આહા..હા..! સમજમેં આયા? ક્યા હૈ? લાભ તો તેરે પાસ હૈ, બડાઈ તેરે પાસ હૈ અને પ્રતિષ્ઠા તેરે પાસ હૈ. બાહરકી બડાઈ, પ્રતિષ્ઠાકી કિંમત ક્યા? ઉસકી કિંમત ક્યા? તો તેરી કિંમત તો તુચ્છ હો જાતી હૈ. આહા..હા..! અનંત જ્ઞાનાદિ ભગવાન આત્મા ઉસકી બડાઈ, પ્રતિષ્ઠા, ઉસકે લાભમેં પરકી બડાઈ પ્રતિષ્ઠા, લાભકી ઈચ્છામાત્ર મનોરથમેં હોતી નહીં. ધર્મીકો વહ મનોરથ હોતા હી નહીં. ઉસકા મનમેં રથ ચલાવે ઐસા હૈ નહીં. રથ ચલાવે અંદર વિદ્યારૂઢકા. સમજમેં આયા? આતા હૈ ન આઠવેમેં નહીં? નિર્જરા. **'जिणणाणवहावी'** (ગાથા ૨૩૬) ભાઈ એમ આવે છે એમાં. ... ત્રીજું પદ છે નિર્જરાનું. **'जिणणाणवहावी'** (ગાથા ૨૩૬) વીતરાગી જ્ઞાનના પ્રભાવી. ક્યા કહતે હૈં પ્રભુ? આહા..હા..! ભગવાન આત્મા વીતરાગ સ્વરૂપ હૈ, ઉસકી દૃષ્ટિમેં સારા ભગવાન બિઠાકર વહ જિન નામ વીતરાગી જ્ઞાનકા પ્રભાવી હૈ, વીતરાગી જ્ઞાન વર્તમાન પર્યાયમેં પ્રગટ કરતા હૈ વહ પ્રભાવના કરનેવાલા હૈ. વહ બૈઠા હૈ. બુદ્ધિમેં, દૃષ્ટિમેં

ભગવાનને બેસાડ્યા. વિચારનેકી ધારા એકાકાર કરતે હૈ. '**जिणणाणवहावी**' વીતરાગી જ્ઞાનકા પ્રભાવી વહ નિર્જરા કરનેવાલા હૈ. આહા..હા..! સમજમેં આયા? વીતરાગ માર્ગ અલૌકિક માર્ગ! લોકોને સુનનેમેં ન આવે તો એ વિચારે કબ અને વહ રુચે કબ? ઐસી ચીજ... ઐસી ચીજ...

'**વિકલ્પજાલોંસે રહિત હૈં,...**' '**સમસ્ત મનોરથોં ઔર વિકલ્પજાલોંસે રહિત હૈં, જિન્હોંને અપના સ્વરૂપ પરમશાંતભાવરૂપ પા લિયા હૈ.**' લો. જિન્હોંને અપના ઐસા સ્વરૂપ મનોરથરહિત, વિકલ્પરહિત પરમશાંત... શાંત... શાંત... શાંત... શાંત... ભાવરૂપ પા લિયા હૈ વહી જીવ... સમજમેં આયા? વહી જીવ આરાધન કરનેવાલા અને વહી જીવ સિદ્ધિકો પ્રાપ્ત કરનેવાલા હૈ. દૂસરોંકો સિદ્ધિ મિલતી નહીં. એક શ્લોક રહ ગયા લો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૬, ગુરુવાર, તા. ૧૬-૦૯-૧૯૬૫
## ગાથા-૨૧૪, પ્રવચન-૨૧૬

'**આગે ગ્રંથકે અંતમંગલકે લિયે આશીર્વાદરૂપ નમસ્કાર કરતે હૈં—**' આ છેલ્લી ગાથામાં છેલ્લું અંતનું મંગલ એ માટે આશીર્વાદરૂપે નમસ્કાર કરે છે.

३४५) परम-पय-गयाणं भासओ दिव्व-काओ
मणसि मुणिवराणं मुक्खदो दिव्व-जोओ।
विसय-सुह-रयाणं दुल्लहो जो हु लोए
जयउ सिव-सरुवो केवलो को वि बोहो।।२१४।।

શું કહે છે? '**જિસકા જ્ઞાન આનંદરૂપ શરીર હૈ,...**' જે આત્મા એનું આનંદરૂપ શરીર (છે). જ્ઞાન અને આનંદરૂપ જેનું શરીર છે. કહો, સમજાય છે? આ આત્મા છે, પરમાત્મા પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કેમ થાય અને કેવો આત્મા એ વાત કરે છે. જેનું જ્ઞાન અને આનંદરૂપ શરીર એ જેનું સ્વરૂપ છે. આ શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ કાંઈ નહીં. પુણ્ય-પાપના રાગ નહિ. એ જ્ઞાન અને આનંદ જેનું રૂપ છે, જેનું સ્વરૂપ છે, જેનું શરીર છે, જેની હયાતી

જ્ઞાન અને આનંદને લઈને છે. કહો, સમજાય છે કાંઈ?

'**અથવા અરહંતપદકો પ્રાપ્ત હુએ જીવોંકા પ્રકાશમાન પરમૌદારિકશરીર હૈ,...**' શું કહે છે? જેનું જ્ઞાન અને આનંદ શરીર (અને) વસ્તુ આત્મા અને અરિહંતપદના કાલમાં તો એને પરમ ઔદારિક શરીર છે. પરમ ઔદારિક સ્ફટિક જેવું શરીર. જેવો આત્મા એકલો જ્ઞાન અને આનંદરૂપ, એવું જ એનું શરીર રજકણ પણ સ્ફટિક જેવું છે. '**परमपदगतानां भासकः**' '**અરહંતપદકો પ્રાપ્ત હુએ જીવોંકા પ્રકાશમાન પરમૌદારિકશરીર હૈ,...**' સ્ફટિક જેવું તો જેનું શરીર પરમ પરમાણુ થઈ ગયા છે. સમજાય છે કાંઈ? એમ કહીને ભગવાનનું શરીર, કોઈ એમ કહે કે એને રોગ હોય, એને ક્ષુધા-તૃષા હોય... સમજાય છે? એનો નિષેધ કર્યો. ભગવાનના શરીરને રોગ આદિ હોય નહીં. એનું શરીર તો સ્ફટિક જેવું છે. આ રજકણો ધોળા, સફેદ. ભગવાન જેવો આ જ્ઞાન અને આનંદરૂપ છે એવું એનું શરીર પણ સફેદ સ્ફટિક જેવું થઈ જાય છે.

'**ઐસા પરમાત્મતત્ત્વ સર્વોત્કૃષ્ટપનેસે વૃદ્ધિકો પ્રાપ્ત હોવે.**' છેલ્લું મંગલ, છેલ્લું મંગલ. '**जयतु**' એવો પરમાત્મા જય હો! એ પરમાત્માની વૃદ્ધિ હો! અથવા એ પરમાત્મા એવા ને એવા ટકી રહો!! કહો, સમજાય છે કાંઈ? પોતાને પરમાત્મ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ, સ્થિરતા વિશેષ થઈ છે એથી પૂર્ણ સ્થિરતા થયેલને (કહે છે), એવા સર્વોત્કૃષ્ટ જયવંત રહો. એ પરમાત્મા પરમૌદારિક શરીર (અને) પરમ સર્વોત્કૃષ્ટ જ્ઞાન, આનંદથી ભરેલું તત્ત્વ એવા પરમાત્મા જયવંત રહો! કહો, સમજાય છે કાંઈ?

'**જો પરમૌદારિકશરીર ઐસા હૈ, કિ જિસકા તેજ હજારોં સૂર્યોંસે અધિક હૈ,...**' ભગવાન પરમાત્મા અરિહંતનું શરીર જ હજારો સૂર્યના પ્રકાશથી પણ અનંતગુણો પ્રકાશ છે. કહો, સમજાય છે? બીજી રીતે સકળ પ્રકાશી કહ્યું. જેનું શરીર એટલું નિર્મળ થઈ ગયેલું શરીર હોય એનું કે જેમાં નજર કરનાર બીજો પોતાના સાત ભવ ભાળે. એ શરીરમાં બીજો નજર કરે એને સાત ભવ દેખાય પોતાના, હોય તો. શેઠી! એવું અંતર કેવળજ્ઞાન અને પરમાનંદ એવું સ્વરૂપ પરમાત્માને પ્રગટ થયું એવું આ આત્માનું સ્વરૂપ છે શક્તિ અને દ્રવ્યરૂપે. એ પૂર્ણ પ્રગટ થઈ ગયું. અને જેથી એને શરીર પણ ઉત્કૃષ્ટ પરમ પરમાણુ સ્ફટિક જેવા થઈ ગયા. એવા ભગવાન હજારો સૂર્યોથી પણ અધિક જેનું તેજ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં નજર માંડી શકાય?

ઉત્તર :- માંડી શકાય નજર. હા, એમ કહે છે. હજારો સૂર્યોનું તેજ છે તો નજર માંડી શકાય કે નહીં? કીધુંને, એમાં જોવે તો સાત ભવ ભાળે. હોય એટલા. એ તો પહેલા હોય એટલા કીધું હતુંને. નહિતર ત્રણ ગયા કાળ. ત્રણ ગયા અને વર્તમાન એક, ચાર અને પછી

ભવિષ્યના ત્રણ એમ.

**'સકલ પ્રકાશી હૈ.'** આત્મા તો સકલ પ્રકાશિત થયો. પૂર્ણાનંદ જ્ઞાનમૂર્તિ જેવો સ્વભાવ હતો, પરમાત્મસ્વરૂપ પોતાનું નિજ પૂર્ણ, જ્ઞાન અને આનંદ, પૂર્ણ જ્ઞાન અને આનંદ આત્માનું સ્વરૂપ એવો જ પર્યાયમાં, અવસ્થામાં, દશામાં પૂર્ણ જ્ઞાન આનંદ પ્રગટ થઈ ગયો અને શરીર પણ પરમ ઔદારિક જેને થઈ ગયું. એટલે આત્મા તો સર્વ પ્રકાશિત છે, પણ શરીર પણ સર્વપ્રકાશી થઈ ગયું. એટલે કોઈપણ ચીજ જોડે હોય તો એનો પ્રકાશ કરે, એમાં પ્રતિબિંબ પડે એવું એનું શરીર (હોય). ભગવાનના જ્ઞાનમાં લોકાલોક પ્રતિબિંબ પડે તો આ શરીર એની નજીકમાં જે ચીજ હોય એનું પ્રતિબિંબ પડે. એવું સકલપ્રકાશી શરીર ભગવાનનું.

**'જો પરમપદકો પ્રાપ્ત હુએ કેવલી હૈં,...'** એ તો પરમપદ જે સર્વજ્ઞપદ એને પ્રાપ્ત થઈ ગયા, પૂર્ણાનંદની દશા. **'ઉનકો તો સાક્ષાત્ દિવ્યકાય પુરુષાકાર ભાસતા હૈ,...'** ઉનકો તો વહ સાક્ષાત્ દિવ્યકાય આત્મા પુરુષાકાર ભાસે અંદર. પુરુષના આકારે, પૂર્ણ જ્ઞાન કે આનંદ આદિ પુરુષાકારે પ્રત્યક્ષ ભાસે. કેવળજ્ઞાનીને તો આત્મા પુરુષને આકારે શરીરથી ભિન્ન પ્રત્યક્ષ જ્ઞાન અને આનંદની મૂર્તિ પુરુષાકારે છે એ પ્રત્યક્ષ દેખવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

**'मुनिवराणां'** મુનિવરોને શું થાય છે? **'જો મહામુનિ હૈં, ઉનકે મનમેં દ્વિતીય શુક્લધ્યાનરૂપ વીતરાગ નિર્વિકલ્પસમાધિરૂપ ભાસ રહા હૈ,...'** લ્યો! મહામુનિઓને નિર્વિકલ્પ શુક્લધ્યાન વડે દેખાઈ રહ્યો છે. દેખાય છે ભગવાન આત્મા. અરિહંતનો આત્મા એને પ્રત્યક્ષ આમ પુરુષાકારે અરૂપી પણ આખો શરીર પ્રમાણે ભિન્ન પુરુષાકાર ભગવાનના જ્ઞાનમાં ભાસે છે. મુનિવરોંના હૃદયમાં—જ્ઞાનમાં એ દ્વીતિય શુક્લધ્યાન વીતરાગ. બારમા ગુણસ્થાનની વાત (કરે છે). એના **'નિર્વિકલ્પસમાધિરૂપ ભાસ રહા હૈ,...'** એમાં ભાસે છે આત્મા આવો છે એમ. મુનિવરોના મનમાં બીજા શુક્લધ્યાનના પાયામાં, ભાગમાં પૂર્ણાનંદ પૂર્ણ છે એમ ભાસે છે. **'મોક્ષકા દેનેવાલા હૈ.'** એ ભગવાન આત્મા તો પૂર્ણાનંદની પ્રાપ્તિનો દેવાવાળો છે. પોતાને પૂર્ણ આનંદની પ્રાપ્તિ આપે એવો એ આત્મા છે. મોક્ષનો દેવાવાળો છે. એ પુણ્યનો દેવાવાળો, સ્વર્ગનો દેવાવાળો, ચાર ગતિને આપવવાળો, બીજાને પૈસા દેવાવાળો એ નથી. કહો, સમજાણું કાંઈ? પોતાનો આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપ, સ્વરૂપ ધ્રુવ છે. એ પર્યાયમાં પૂર્ણ આનંદનો મોક્ષનો દેવાવાળો એ આત્મા છે. આહા..હા..!

**'केवलः कोऽपि बोधः'** **'જિસકા કેવલજ્ઞાન સ્વભાવ હૈ,...'** જેનું કેવળજ્ઞાન-એકલું જ્ઞાન એ બોધસ્વરૂપ આત્મા હૈ. **'ઐસી અપૂર્વ જ્ઞાનજ્યોતિ સદા કલ્યાણરૂપ હૈ.'** સદા કલ્યાણરૂપ રહે. એમ કહતે હૈ. પરમાત્મપ્રકાશ પૂરા કરતે આશીર્વાદ (દેતે હૈં). ઓહો..! ભગવાન

પૂર્ણાનંદ પ્રાપ્ત પર્યાય એવા અને પરમ ઔદારિક શરીર.. સમજે? કે જેથી વાણી નીકળે એ સદાય બિરાજમાન રહો. '**લોકમેં શિવસ્વરૂપ અનંત પરમાત્માકી ભાવનાસે ઉત્પન્ન જો પરમાનંદ અતીન્દ્રિય સુખ ઉસસે વિપરીત જો પાંચ ઇન્દ્રિયોંકે વિષય ઉનમેં જો આસક્ત હૈં, ઉનકો જો પરમાત્મતત્ત્વ મહા દુર્લભ હૈ.**' શું કહે છે? જે જીવો શિવસ્વરૂપ એવો પોતાનો સ્વભાવ અનંત પરમાત્માકી ભાવના સ્વરૂપની એનાથી ઉત્પન્ન પરમાનંદ-અંતરમાં પરમ અતીન્દ્રિય આનંદ એવો એક અતીન્દ્રિય સુખસ્વરૂપ. એક અતીન્દ્રિય સુખ. ઉસસે વિપરીત પાંચ ઇન્દ્રિયના વિષયો. પાંચ ઇન્દ્રિયોંના વિષયોનો જેને પ્રેમ છે એને આ પરમાત્મા પામવો દુર્લભ છે. કહો, સમજાય છે કાંઈ? જેને પરના વિષયનો, ધ્યેયનો પ્રેમ છે એને સ્વસ્વરૂપનું પામવું મહાદુર્લભ છે. એટલે પામી શકતો નથી. સમજાય છે કાંઈ?

કેમ? કે વિષયસુખથી તો રહિત એનું સ્વરૂપ છે. અનંત શિવસ્વરૂપ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન અંતર એકાગ્ર આનંદ એનાથી ઉલટા પાંચ ઇન્દ્રિયના વિષયો, શુભ-અશુભ પરિણામ અને એના વિષયો બધા દુઃખરૂપ છે. એનો જેને પ્રેમ, એમાં જેની આસક્તિ એને આ પરમાત્મતત્ત્વ મહાદુર્લભ છે. એક મ્યાનમાં બે તલવાર રહે નહીં. જેને આત્મા પરમાનંદનો પ્રેમ, એને વિષયનો પ્રેમ નહીં. વિષયનો પ્રેમ તેને આત્માનો પ્રેમ નહીં. કહો, સમજાય છે કાંઈ? ભાષા ગમે તેવી થાય, પણ ભાવ તો જે હશે એટલા રહેશેને એવા? ભાવ બીજા, અધ્યાત્મની ભાષા ભાવ હળવા ક્યાંથી થાય? ભાવ તો જે છે ઈ છે. વસ્તુ જે સમજમાં ન આવે એને,... વસ્તુ આત્મા પરમાનંદની મૂર્તિ અનંત-અનંત જેના જ્ઞાનના તેજ અને આનંદની જેની અચિંત્ય મહિમા એવો અંતર આત્મસ્વભાવથી ભરેલો એ વિષયના સુખને માટે લોલુપીઓને આ પામવો દુર્લભ છે. આત્માની પ્રાપ્તિ હોય તેને વિષયસુખની લોલુપતા હોતી નથી. કહો, સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- ઇસ લોકમેં વિષયી જીવ જિસકો નહીં...**' આ છેલ્લો સરવાળો આ ગાથાનો, આખા પરમાત્મપ્રકાશનો. વાત તો એમ કરે છે કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું જેને વિષય અને ધ્યેય છે એને પાંચ ઇન્દ્રિયના શુભાશુભ પરિણામ કે એના વિષયો ઉપર એનું ધ્યેય હોતું નથી. અને પાંચ ઇન્દ્રિયના શુભાશુભ પરિણામ અને પાંચ વિષયો એની જેને રુચિ છે એને આત્માનો પ્રેમ હોઈ શકે નહિ. આ છેલ્લી ગાથા આમ કહી. જેનો સ્વ વિષય આત્મા અંતર્મુખ વિષય, અંતર્મુખ વિષય એટલે વસ્તુ. અંતર્મુખનો વિષય.. બહિર્મુખ વિષયના પ્રેમીને અંતર્મુખનો વિષય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભગવાન! 'અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર' આવે છે કે નહિ? શ્રીમદ્‌માં આવે છે. છેલ્લા શબ્દો એ જ આવે છે શ્રીમદ્‌માં.

ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.

એ છેલ્લા શબ્દો છે એમના પણ. સમજાય છે? ૫૭ની સાલ. ચૈત્ર સુદ નોમ. ચૈત્ર વદ પાંચમે દેહ છૂટ્યો. એ ચૈત્ર સુદ નોમના છેલ્લા શબ્દો છે આ. 'ઉપજે મોહ વિકલ્પથી...' પર તરફના લક્ષના વિષયે, ધ્યેયે આત્મામાં અનેક પ્રકારના વિકલ્પો શુભ અને અશુભ રાગ ઉત્પન્ન થાય છે. 'અંતર્મુખ અવલોકતા...' પણ અંતર્મુખ વસ્તુ અખંડાનંદ અંતર્મુખ જોતા વિલય થઈ જાય છે. પરના વિષયો અને વિકલ્પો ત્યાં રહેતા નથી. કહો, સમજાણું કાંઈ?

આ લોકમાં જેને ભગવાન... જુઓ, બે વસ્તુ સિદ્ધ કરી. એક તો આત્મા વસ્તુ અને એ સિવાય બીજા આત્માઓ અને બીજા પરમાણુઓ-બીજા પુદ્ગલો, બધા પદાર્થ. જેને પોતાના વિષય સિવાય બીજા પદાર્થના વિષયનો પ્રેમ એટલે લક્ષનો પ્રેમ છે એને આ પામવું દુર્લભ છે. અને જેણે વિષય ભગવાન આત્માને વિષય કર્યો, ધ્યેય કર્યો, અંતર્મુખ લક્ષમાં લીધો એને વિષયનો પ્રેમ અને રુચિ હોતી નથી. કહો, સમજાય છે કાંઈ? એ ૨૧૪ ગાથા પૂરી થઈ લ્યો. **'ઐસા વહ પરમાત્મતત્ત્વ જયવંત હોવે.'** આવું પરમાત્મસ્વરૂપ જગતમાં જયવંત રહે. પછી તો થોડોક હવે સાર કહે છે સાર. **'ટીકાકારકા અંતિમ કથન.'** આ આપણે લખી દીધું હતું ઈ. કોને? કુંવરજીભાઈને. છેલ્લું લખી દીધુંને. પછી બચી ગયા વળી ત્યારે.

**'ઈસ ગ્રંથમેં** બહુધા...' બહુધા-ઘણા પ્રકારના પદોની સંધિ નથી કરી. સંસ્કૃતમાં એક-બીજા પદની મેળ સંધિ કરી નથી. **'ઔર વચન ભી જુદે-જુદે સુખસે સમજનેકે લિયે રખે ગયે હૈં,...'** આ ગ્રંથમાં શબ્દો પણ જુદાં-જુદાં સહેલાઈથી સમજી શકાય, સહેલાઈથી સમજી શકાય એવા શબ્દો એમાં મૂકાયેલા છે. એમ કહે છે હવે. સુખે શબ્દ પડ્યો છે. **'સમજનેકે લિયે કઠિન સંસ્કૃત નહીં રખી,...'** સમજાવવા માટે સંસ્કૃતના કઠણ શબ્દોને એમાં મૂક્યા નથી. **'ઈસલિયે યહાં લિંગ,...'** એ બધા સંસ્કૃતના લિંગો બધા છે. **'વચન, ક્રિયા, કારક, સંધિ, સમાસ, વિશેષ્ય, વિશેષણકે દોષ ન લેના.'** આવું એમાંથી ન નીકાળવું તમારે. આત્માના અમે તો અનુભવની વાત કરીએ છીએ તે તમારે વિચારવો. એ કહે છે, એ ન કાઢવું, એ ઉપર લક્ષ ન દેવું વધારે, એમ કહે છે.

**'જો પંડિતજન વિશેષજ્ઞ હૈં,...'** જે કોઈ વિવેકી જીવ વિશેષજ્ઞ—વિશેષના જાણનારા છે. **'વે ઐસા સમજે, કિ યહ ગ્રંથ બાલબુદ્ધિયોંકે સમજાનેકે લિયે સુગમ કિયા હૈ.'** એ એટલો શબ્દ પોતે નાખ્યો છે અદ્ધરથી. કહો, સમજાય છે કાંઈ? એમાં નથી. જે કોઈ ધર્માત્મા અથવા સાચી સમજણવાળા છે, વિશેષજ્ઞ છે એ એમ સમજે કે આ ગ્રંથ તો સાધારણ જીવોને સમજાવવા માટે સુગમ કર્યો છે. દેખો, સાધારણ જીવને માટે છે. કહો, જમુભાઈ! એવી ભાષા, આમ જેમ લાડવા તૈયાર કરીને મૂકેને એમ તૈયાર કરીને મૂક્યા છે એમાં. સમયસારમાં તો હજી અધ્યાત્મ બહુ ગૂઢ ઘણું ઝીણું, શ્લોક દીઠ ઝીણું, શ્લોક દીઠ, ટીકા દીઠ. નવા-નવા અર્થ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અહીં તો તૈયાર આમ લસલસતા લાડવા. ન્યાલભાઈ! આ બધા વૃદ્ધોને તમને બોલાવે, જ્યારે ઓલા નાત જમાડે ત્યારે લાડવા વાળવા. બધાને ભેગા કરે. જુઓ આ. થોડો ચાખે. થોડો ચાખજો ભાઈ! સારો થયો છેને? નાત જમાડેને બસ્સો-પાંચસો ઘર. વળી કોઈ પાછા એમ ન કહે. મોઢા આગળ અગ્રેસરને બોલાવ્યા હતા. હવે કોઈ સારું-નરસું ન કહે, એ હેતુ છે પાછો. પાછળથી એમ ન કહે ભાઈ તમે તો બેઠા હતા. તમને ચખાડ્યો હતો. તમે તો વાળ્યા છે લાડવા. એય..! નેમિદાસભાઈ! ગામના એ અગ્રેસર છે તો એને બધી ખબર હોયને. બોલાવે મોઢા આગળ. રાજકોટમાં તો ઘણા ઘરને. મુખ્ય મુખ્ય માણસને બોલાવે બધાને. ભાઈ! ઓલા લાડવા વાળતા-વાળતા કાળ કરી ગયા. ઓલા પારેખ નહોતા એક? ગીરધર પારેખ. ગીરધર પારેખ નહીં ચોકમાં? એ ભજન બોલતા હતા, કાંઈક નાત હતી. ખલાસ થઈ ગયું શરીર. સ્થિતિ પૂરી થઈ ગઈ. અમારે રિવાજ છે. તમારે ગમે તે રિવાજ હોય. નાત મોટી હોયને. હજાર, પાંચસો ઘર જમતા હોય. પાંચ હજાર, દશ હજાર. તો અગ્રેસર મુખ્ય-મુખ્ય માણસો હોય એ લાડવા વાળવા આવે. એટલે શું કે અગ્રેસરો પાસ કરે કે આ વાત બરાબર છે. એટલે પાછળથી કોઈ આ હલવો આવો થયો ને ઘી થોડું થયું ને ઢીંકણું થયું કોઈ વાંક ન કાઢે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એના ઉપર આવી જાય. એટલે કોઈ બોલી શકે નહિ, એમ. એટલે અહીં કહે છે કે અમે સાધારણ સમજનાર માટે આ વાત અમે મૂકી, હવે એમાં કોઈ દોષ કાઢશો નહિ.

'**ઇસ પરમાત્મપ્રકાશકકી ટીકાકા વ્યાખ્યાન જાનકર...**' હવે આવ્યું. માલ-માલ આવ્યો હવે. '**ભવ્યજીવોંકો ઐસા વિચાર કરના ચાહિયે,...**' આખા પરમાત્મપ્રકાશના સારને આ થોડા શબ્દોમાં મૂકી દે છે. એ ભવ્ય નામ પાત્ર જીવોએ એવો વિચાર કરવો જોઈએ. જુઓ, વિચાર કરવો જોઈએ એટલે પર્યાય થઈ એક. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયમાં વિચાર એવો કરવો. સમજાય છે? '**કિ મૈં સહજ શુદ્ધ...**' મૈં સહજ શુદ્ધ-સ્વભાવિક શુદ્ધ. બનાવેલું શુદ્ધ એમ નહિ. જેમ સાકરને દૂધ નાખીને ચોખ્ખી કરે છે એમ નહિ. આ તો સહજ શુદ્ધ જ આત્મા અનાદિથી છે. આહા..હા..! સહજ સ્વભાવિક શુદ્ધ વસ્તુ પદાર્થ. '**જ્ઞાનાનંદ સ્વભાવ...**' જેનો જ્ઞાનાનંદ સ્વભાવ. જ્ઞાન અને આનંદ, જ્ઞાનનો આનંદ, જ્ઞાનનો આનંદ અને જ્ઞાનાનંદ એવો જેનો ભગવાન આત્માનો સ્વભાવ છે. અત્યારે અને ત્રિકાળ. સમજાય છે કાંઈ? આ સાંભળીને ભવ્ય જીવોએ તેનો એમ વિચાર કરવો કે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૈં આત્મા. જુઓ મૈં એટલે. મૈં એટલે આ. આ વસ્તુ સહજ સ્વભાવિક શુદ્ધ નિર્મળ, જ્ઞાનાનંદ જ્ઞાનનો આનંદ એવો મારો સ્વભાવ (છે). '**નિર્વિકલ્પ હૂં,...**' અભેદ છું. '**મૈં...**' એટલે આત્મા આ. '**સહજ...**' સ્વભાવિક. સ્વભાવે. વિભાવ પર્યાયમાં છે અને પર્યાય વિભાવરહિત થાય એ અહીં વાત નથી. આ તો વસ્તુ જ સ્વભાવે શુદ્ધ છે. ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભાવ વસ્તુસ્વભાવ દ્રવ્ય-પદાર્થ સ્વભાવે શુદ્ધ જ્ઞાનાનંદ એવો જેનો મારો સ્વભાવ. એવો નિર્વિકલ્પોહં. હું અભેદ છું. એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો છું. '**નિર્વિકલ્પ હૂં,...**' અભેદ. જુઓ, આ ભાવના આત્માની આમ કરવી આ આખા પરમાત્મપ્રકાશ સમજીને.

'**ઉદાસીન હૂં,...**' આમ અસ્તિ કર્યું. જ્ઞાનસ્વભાવથી આનંદરૂપ સ્વભાવ નિર્વિકલ્પ છું, ઉદાસીન છું. સારી દુનિયાથી ઉદાસીન છું. બધી દુનિયાથી હું ભિન્ન છું. મારું આસન રાગ-દ્વેષ, શરીરથી ભિન્ન પડેલું છે, ઉદાસીન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવ છું અને ઉદાસીન છું. બધી ચીજો પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને ત્રણ લોકના નાથ તીર્થંકરો પણ મારે માટે તો એના તરફથી ઉદાસીનતા છે. સમજાણું કાંઈ? ઉદાસીન... ઉદાસીન. સ્વથી નિર્વિકલ્પ, પરથી ઉદાસીન. આમ ભવ્ય જીવોએ વારંવાર અંતર વિચારની ધારામાં ઘોલન અને વિચાર કરવો. આહા..હા..! લ્યો, આ માખણ-માખણ છે. માખણ કાઢે છેને અંદરમાં? છાશમાં છેલ્લો .. હોય પછી કાઢેને. તમારી બાએ બહુ કર્યું હશે એવું. ધંધો જ એવા કર્યા છેને એણે. રાગના હોં!

'**નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ...**' કેવો છે આત્મા? મારો નિજાનંદ-નિજ આનંદ, નિજ આનંદ, સ્વ આનંદ, સ્વરૂપે આનંદ. નિરંજન-અંજન નથી જેમાં, મેલ નથી જેમાં. કોઈ જાતનો દ્રવ્યકર્મ અને ભાવકર્મનો મેલ જેમાં નથી. '**શુદ્ધાત્મ...**' એવો જે શુદ્ધ પદાર્થ હું પવિત્ર. એનું '**સમ્યગ્દર્શન,...**' દેખો, એવા આત્માની શ્રદ્ધા. બીજી વાત અહીંયાં લીધી નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ કાંઈ વસ્તુ નથી. વ્યવહારરત્નત્રય એ કાંઈ વસ્તુ નથી માટે એ વાતને અહીંયા લીધી નથી. '**નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ સમ્યગ્દર્શન,...**' એવા સ્વરૂપની અંતર પ્રતીતિ, '**સમ્યગ્જ્ઞાન,...**' નિજાનંદ નિરંજન શુદ્ધાત્માનું સમ્યગ્જ્ઞાન એ આત્માનું સમ્યગ્જ્ઞાન. આહા..હા..! ભગવાન નિજાનંદ નિરંજન શુદ્ધાત્માનું '**સમ્યક્ ચારિત્ર...**' એ નિજાનંદ નિજસ્વરૂપ એમાં રમણ-રમણતા, લીનતા એ નિશ્ચય સાચું ચારિત્ર. નિશ્ચય સાચું-સત્ય ચારિત્ર.

એવો '**નિશ્ચયરત્નત્રયમયી...**' અહીં શું કહે છે? એવા રત્નત્રયથી હું સ્વસંવેદનજ્ઞાનથી ગમ્ય છું. દૂસરા કોઈ વિકલ્પ ને દયા, દાન, વ્રત ને શરીર ને ભગવાનના આશ્રયથી હું ગમ્ય નથી. ગમ્ય નામ આ મારા અનુભવગમ્ય છું. દૂસરા કા ગમ્ય હૈ નહીં. બીજાને ગમ્ય હું છું નહિ.

'**નિશ્ચયરત્નત્રયમયી...**' દેખો! '**નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ...**' એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા. એવું જે નિશ્ચયરત્નત્રયમયી. એવું જે નિશ્ચયરત્નત્રય સ્વરૂપ, નિશ્ચય-સાચા રત્નત્રયસ્વરૂપ '**નિર્વિકલ્પસમાધિસે ઉત્પન્ન...**' એવી રાગરહિત નિર્વિકલ્પ શાંતિસે ઉત્પન્ન '**વીતરાગ સહજાનંદરૂપ...**' રાગ વિના વીતરાગી સ્વભાવિક આનંદરૂપ '**આનંદાનુભૂતિમાત્ર...**' સંસ્કૃતમાં '**सुखानुभूतिमात्र**' લખ્યું છે. '**આનંદાનુભૂતિમાત્ર...**' હું તો એક સુખનો અનુભવમાત્ર આત્મા. સુખના અનુભવમાત્ર આત્મા એનાથી હું ગમ્ય છું, એનાથી જણાવાલાયક છું, બાકી કોઈથી જણાવાલાયક નથી. ઓહો..હો..! '**આનંદાનુભૂતિમાત્ર...**' જેનું સ્વરૂપ છે.

'**વીતરાગ સહજાનંદરૂપ આનંદાનુભૂતિ...**' આનંદનો જે અનુભવ એ જેનું સ્વરૂપ છે, એ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન. એવું જે સ્વ-આત્માનું સંવેદનજ્ઞાન. '**ઉસસે ગમ્ય હૂં,...**' એનાથી હું જ્ઞાનમાં ગમ્ય છું. બીજા કોઈ કારણે આત્મા સમજાય એવો છે નહિ. લ્યો હવે ક્યાંથી લાવવું આવું? ગુજરાતી ભાષા, પણ ભાવ તો આ આવશે કે નહિ? કોઈ દિ' સાંભળ્યું ન હોય. ત્યાં ક્યાંથી સાંભળ્યું હોય? ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વિરિયા... કહો, સમજાય છે કાંઈ?

શું કહ્યું? સ્વસંવેદનજ્ઞાનના લક્ષણોનું સ્વરૂપ શું વર્ણવ્યું? કે નિજાનંદ નિરંજન શુદ્ધાત્મસ્વરૂપ ભગવાન અપના નિજ પોતાનું સ્વરૂપ એની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવું નિશ્ચયરત્નત્રયમય નિર્વિકલ્પ શાંતિ, સમાધિ, સુખ એ ઉત્પન્ન વીતરાગ સહજાનંદની આનંદાનુભૂતિ, સુખાનુભૂતિ. સુખાનુભૂતિમાત્ર સ્વરૂપ જે સ્વસંવેદનજ્ઞાન '**ઉસસે ગમ્ય હૂં,...**' આહા..હા..! સમજાય છે કાંઈ? '**આનંદાનુભૂતિમાત્ર...**' શબ્દ પડ્યો છેને? '**सुखानुभूतिमात्र**' એમ પડ્યો છેને શબ્દ? એનો અર્થ શું? કે હું તો અંતરમાં નિર્વિકલ્પ આનંદના અનુભૂતિથી, સ્વસંવેદનથી જ માત્ર જણાય એવો છું. બીજો કોઈ વિકલ્પ અને વ્યવહારરત્નત્રય આવે એનાથી જણાવાયોગ્ય છું એમ છે નહિ. એ નાસ્તિની વાત અહીં કરી નથી, અસ્તિની કરી છે એકલી. નિશ્ચયરત્નત્રયથી જ જણાવ એવો છું. સ્વસંવેદન ભાનથી જણાય એવો છું. બીજી કોઈ રીતે આત્મા જણાય એવો હું નથી. એમ ભવ્ય જીવોએ અંતર વિચારની ધારામાં આ રીતે રટણ કરવું. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. અમેરિકામાં આ ...

ઉત્તર :- ત્યાં ક્યાં હતો ધૂળમાં અમેરિકામાં? આહા..હા..! સમજાય છે કાંઈ? શું કીધું મુંબઈ અને અમેરિકા...?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમેરિકામાં શું, આ શરીર અને રાગમાં નથી પછી. એ ભગવાનની ભક્તિનો

રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને પંચ મહાવ્રતના પરિણામનો રાગ એમાં આ જણાય એવો એમાંથી આ નથી. અમેરિકા ને ક્યાં ગયું? સમજાણું કાંઈ? એનો એણે નિર્ણય કરીને સ્વભાવનો પક્ષ તો કરે, નિર્ણય કરીને સ્વભાવનો પક્ષ કરે તો તેનું લક્ષ થઈને તેનું જ્ઞાન થાય. સમજાય છે કાંઈ? અહીં તો હજી પક્ષના ઠેકાણા ન મળે. આનાથી થાશે... આનાથી થાશે... આનાથી થાશે... વળી કોઈ કહે, ભગવાનના દર્શનથી કર્મનો નાશ શું કીધું? નિદ્ધત-નિકાચિત કર્મનો નાશ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું.

ઉત્તર :- શાસ્ત્રમાં લખ્યું પણ કઈ અપેક્ષાએ લખ્યું? તો પછી આ શું છે અહીંયાં? આ શાસ્ત્રમાં નથી લખ્યું?

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- અનેકાંત એટલે શું પણ? આમેય થાય અને આમેય થાય. કહો. ત્યાં સામું જોઈને થાય અને અહીં સામું જોઈને થાય. બેયનો મેળ ક્યાં આવ્યો? એય..! શેઠી!

મુમુક્ષુ :- અનેકાંત ..

ઉત્તર :- કોઈને નહિ. એક જ પ્રકારે થાય. વળી કોઈને શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારનયસે કહા હૈ. વ્યવહારકા અર્થ? કે જિનદર્શન કરતે હૈ ઉસમેં વિકલ્પ આયા, ઉસમેં વિચારકર અંતર્મુખમેં જો ઉતર જાયે તો ઉસકો આત્માકા જ્ઞાન હોતા હૈ. તો નિદ્ધત અને નિકાચિત કર્મકા નાશ હોતા હૈ. પણ એકલા ભગવાનકો દેખકર હોતા હૈ ઐસા હૈ નહીં. પણ પાઠ ઐસા લિખા હૈ તો લોકો વહી કહતે હૈ. એવું કહે છે. સમજાય છે? ધવલમાં એવો લેખ છે એક. ભગવાન જિનદર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો (નાશ થાય છે). પણ એ જિનદર્શન આ. એ જિનદર્શન તો વ્યવહાર થયો. સમજાય છે કાંઈ? પાઠ એવો એટલે પંડિતો એવા તોફાન કરે છે. આહા..હા..! અજ્ઞાનમાં તોફાન કરે છે બીજું શું છે? અજ્ઞાનમાં ખદબદાટ કરે છે.

પણ અહીં તો એકલો નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન આનંદ અનુભૂતિથી એકલો ગમ્ય છું. એમાં વળી બીજો રાગ કે વિકલ્પથી ગમ્ય કે ભગવાનના દર્શનથી અહીં ગમ્ય છું એમ છે જ નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? એ એકાંત થઈ જાય છે એને લ્યો. ઓલું અનેકાંત થાય. આમેય કોકને થાય અને કોકને આમેય થાય. ઓલા કહેતા હતા નહિ આવ્યા હતા એક? સમ્મેદશિખરના દર્શનથી ૪૯ ભવે (મોક્ષમાં જાય). જો દર્શન કરે તો. કીધું એ વાત વીતરાગના શાસ્ત્રની નથી. કીધું, સર્વજ્ઞના શાસ્ત્રમાં એમ હોય નહિ કે પરદ્રવ્યના આશ્રયે અને

દર્શને ભવ ઘટે એ સર્વજ્ઞના શાસ્ત્ર નહિ. સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં આવે છે ઓલા હાથીના ભવમાં. મેઘકુમારનો જીવ હતોને એમ કહે છે. હાથીના ભવમાં સસલાની દયા પાળી તો પરિતસંસાર કર્યો. સસલું-સસલું સમજે? ખરગોશ. ખરગોશની હાથીએ દયા પાળી. સંસાર (પરિત કર્યો). જૂઠ વાત છે, એવી વાત કદી હોઈ શકે નહિ. એય..! આ તમારી વાતું બધી ખોટી પડે છે. શેઠિયા માણસને કહેવાયને. એને કહેવાયને, કોને કહેવાય? અપાસરાના આગેવાન એ પાટના પડખા સેવનાર. પાટના પાયા પાસે બેસનાર. બાયું રોવે ત્યારે એવું રોવે હોં! ન્યાલભાઈ! પાટના પાયાના બેસનાર, અરે..! તમે ક્યાં સ્મશાનમાં સંથારા કર્યા. એમ રોવે બાયું. અમારે કાઠિયાવાડમાં એવું છે. તમારે હશે ખરું. રાખ જ હોયને બધે, શું હોય?

અહીં કહે છે. આહા..હા..! એક ભગવાન ત્રણ કાળ, ત્રણ લોકમાં પોતાનું શુદ્ધ સહજાનંદ સ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એવો નિશ્ચયરત્નત્રયરૂપ એનાથી ઉત્પન્ન થયેલો આનંદ, એ આનંદની અનુભૂતિથી સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો છે. એક જ વાત ત્રણ કાળમાં. બીજી રીતે નહીં એનું નામ અનેકાંત છે. અમરચંદભાઈ! એ ધવલમાં આવે છે, પહેલા ધવલમાં. જુઓ સમજાય છે? ભગવાનના દર્શન કરવાથી... દર્શન હોં આમ જિનમંદિર, નિદ્ધત અને નિકાચિતના ટૂકડા કરી નાખે છે. જેમ કુંજર-હાથીને સિંહ આમ મારે પંજો અને ટૂકડા કરી નાખે, એમ ભગવાનના દર્શનથી નિદ્ધત, નિકાચિત કર્મના ટૂકડા કરી નાખે છે. પણ એનો અર્થ શો? સમજાણું? એના દર્શન એટલે એ તો નિમિત્ત છે. એમાંથી આવા વીતરાગ હોય એવો જ હું છું એમ અંતર્મુખમાં દૃષ્ટિ સ્વસંવેદનજ્ઞાન દ્વારા કરે તો તેને નિદ્ધત અને નિકાચિત એવા કર્મ છૂટ્યા વિના રહે નહિ. એમ એનો અર્થ છે. પણ શું થાય હવે? ઓલા શબ્દોને પકડે કે આ શબ્દો રહ્યા લ્યો. સમજાય છે? એ ક્યાં છે? અધ્યાય પહેલામાં છે? સમજાણું? એય..! શેઠી!

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરવા ન જાય?

ઉત્તર :- ભગવાનના દર્શન કરવા જાય તો શુભભાવ છે. એની કોણે ના પાડી? ના કોણે પાડી? ભગવાનનું સ્મરણ કરે, ભક્તિ કરે, માળા કરે કે દર્શન કરે, શુભભાવ છે. એમાં બીજો આઘો જઈને આત્મા પમાય (એમ) એમાં છે નહિ. શોભાલાલભાઈ! માર્ગ તો આ છે. ઘરે બેસીને ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં (કરે) તો એ શુભભાવ છે. ભગવાનની ભક્તિ કરે તોપણ શુભભાવ છે, પૂજા કરે તો શુભભાવ અને સ્તુતિ કરે તોપણ શુભભાવ છે. પરલક્ષે જેટલો ભાવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના તરફનો એ બધો શુભભાવ છે. એ શુભભાવથી આત્મા ગમ્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી સમ્યગ્દર્શન થતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં... નહીં... નહીં... કહા હી નહીં. આ સમ્યગ્દર્શન કહા. ભાઈ! માર્ગ એવો છે.

મુમુક્ષુ :- યે તો વહી વ્યાખ્યા હો જાયેગી.

ઉત્તર :- એ વ્યાખ્યા હો જાયેગી.

જુઓ, આ પાઠ છે હોં. 'જિનબિંબકા દર્શન પ્રસંગ સમકિતકી ઉત્પત્તિકા કારણ કિસ પ્રકાર હોતા હૈ?' પ્રશ્ન કર્યો. 'જિનબિંબ...' આ તો પરંપરા ચાલી આવે છે હોં. શાસ્ત્ર ઠેઠ બાર અંગમાંથી. કે 'જિનબિંબ દર્શનસે...' જિનબિંબ શબ્દ પડ્યા છે. જિનબિંબ એટલે મૂર્તિ ન લેવી. જિનબિંબ એટલે વીતરાગદેવની મૂર્તિ, એમ. કોઈ આડીઅવળી મૂર્તિ કરી નાખે એમ નહિ. વસ્ત્ર ને પાત્ર ને દાગીના નહિ. જિનબિંબ. વીતરાગ જેવા હતાને એવું સામે બિંબ હોય, વીતરાગ જેવી મૂર્તિ. એટલે જિનબિંબ શબ્દ વાપર્યો છે. આ પરંપરા બાર અંગથી ચાલી આવેલી વાત છે. ભગવાનના મુખમાંથી બાર અંગ નીકળ્યા હતા એમાંથી આવેલી આ વાણી છે એની સાથે સંધિ કરેલી. એટલે અહીં કહ્યું.

અહીંયાં પાઠમાં તો એ આવ્યું હતું કે 'પંચેન્દ્રિય તિર્યંચ તીન કારણોંસે સમકિત કો ઉત્પન્ન કરતે હૈ. તિર્યંચ જાતિસ્મરણથી, કિતના ધર્મ ઉપદેશ સુનકરકે, જિનબિંબોંકે દર્શન કરકે.' એ પાઠ હૈ મૂલ પાઠ હૈ. ત્યારે પ્રશ્ન કર્યો? કે એમ કેમ કારણ થયું? કે ભગવાનના દર્શન જિનબિંબ 'દર્શનસે નિદ્ધત-નિકાચિતરૂપી મિથ્યાત્વ આદિ કર્મકલાપકા ક્ષય દેખા જાતા હૈ. જિસસે જિનબિંબકા દર્શન પ્રથમ સમકિતકા કારણ ઉત્પન્ન હોતા હૈ.' વળી કહ્યું છે. 'જિનેન્દ્રોંકે દર્શનસે પાપ સંઘાત કુંજરકે સો ટૂકડે હો જાતે હૈં.' સમજાણું? 'પાપરૂપ સંઘાત...' પાપના સમૂહરૂપી હાથી. 'સો ટૂકડે હો જાતે હૈં. જિસપ્રકાર વજ્રકે આઘાતસે પર્વતકે સો ટૂકડે હો જાતે હૈ.' અમરચંદભાઈ! જુઓ, આ પાઠ છે. કહો, પહેલો ભાગ છેને? છઠ્ઠો ભાગ છે લ્યો છઠ્ઠો ભાગ. ધવલનો છઠ્ઠો ભાગ. પાઠ મૂળ. .. જુઓ, ભગવાનની વાણીમાં આમ આવ્યું છે એમ કહે છે એ લોકો. તીર્થંકરદેવની વાણીમાં બાર અંગમાં દિવ્યધ્વનિમાં આવ્યું છે કે જિનબિંબના દર્શનથી પહેલું સમકિત પામે. એવું જોર આ શાસ્ત્રને આધારે આપે છે. મંત્રીજી! આહા..હા..!

ભાઈ! અહીં તો હજી અપૂર્વકરણે સમકિત ન પામે. છેલ્લો અનિવૃત્તિ પરિણામ થાય, અંતર્મુખ થાય. આમ જોયે સમકિત પામતા હશે? સમજાય છે કાંઈ? પાઠ જિનબિંબ છે. બાર અંગની વાણી ઠેઠથી ભગવાનની ચાલી આવી છે. તીર્થંકરોની વાણી જે સાંભળી ધરસેનાચાર્યને કંઠસ્થ હતી, ગિરનારમાં એ જ વાણી પુષ્પદંત, ભૂતબલીએ રચી છે. પાઠ બરાબર છે, પણ એનો અર્થ સમજવો જોઈએ. અમરચંદભાઈ! જિનબિંબ એટલે આ જિનબિંબ નિશ્ચયથી તો. સમજાય છે? વ્યવહારે જિનબિંબના દર્શનથી શુભભાવ થાય, પુણ્ય પરિણામ થાય, પણ એના વડે સમકિત

પમાય (એમ) ત્રણ કાળમાં નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરે પણ? બીજે ઠેકાણે કહ્યું નથી? કે આત્મામાં અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણથી સમકિત થાય. હવે એનો અર્થ શું ત્યારે? એ તો સદા ત્રિકાળ નિયમ છે. ત્રિકાળ નિયમ છે એ તો ગોમ્મટસારમાં. અનિવૃત્તિપરિણામથી થાય. આમ સામું જોઈને થતા હશે? એવા તો જિનબિંબના અનંત વાર દર્શન કર્યા મનુષ્યપણે, સ્વર્ગપણે. સ્વર્ગમાં ગયો તો અનંત વાર. શાશ્વત બિંબ છે. આ શું કહેવાય? નંદીશ્વરદ્વીપ, બાવન જિનાલય, ૧૦૮ રત્નની પ્રતિમાઓ છે. બાવન જિનાલય છે. શાશ્વત છે. ઈન્દ્રો જઈને ત્યાં પૂજા કાયમ કરે છે. શુભભાવ છે, ભક્તિ છે, પુણ્ય છે, પણ એના વડે સમકિત પામી જાય અને જન્મ-મરણનો અંત આવી જાય એ વ્યવહારથી કહ્યું છે, વસ્તુ એમ છે નહિ. એકે જાણે ઉડાડી દીધું છે, એકે એમાં ધર્મ સ્થાપ્યો. શેઠી! એકે ઉડાવી દીધું કે છે જ નહિ, જિનપ્રતિમા જ છે નહિ શાસ્ત્રમાં. જાઓ. એ પણ મહાવિરાધક થયા. ભગવાનના માર્ગના મહાવિરાધક. ત્યારે બીજાએ કહ્યું કે એનાથી ધર્મ થઈને સમકિત પામે. એ પણ વિરાધક છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે પોતે જુઓ, '**સ્વસંવેદનજ્ઞાનસે ગમ્ય હૂં, અન્ય ઉપાયોંસે ગમ્ય નહીં હૂં.**' દેખો, અહીંયાં લખ્યું. સમજાણું કાંઈ? એમાંથી નકાર કાઢ્યો છે પોતે. '**નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ,...**' દેખો, એ '**स्वसंवेद्यो गम्यः प्राप्या**' એમ. બે શબ્દો પડ્યા છેને અંદર? એવા '**નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ,...**' એમ. પહેલું ગમ્ય કીધું હતુંને એને જ પ્રાપ્ય કહ્યું. '**સહજાનંદરૂપ આનંદાનુભૂતિમાત્ર જો સ્વસંવેદનજ્ઞાન ઉસસે ગમ્ય હૂં,...**' અને '**નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ,...**' મારી પ્રાપ્તિ તો અતીન્દ્રિય આનંદના અનુભવથી જ મારી આત્માની પ્રાપ્તિ છે, બીજી રીતે આત્માની પ્રાપ્તિ નથી. આહા..હા..! સાર નાખ્યો છે આખો.

'**भरितावस्थोडहं**' હું પૂરો ભરેલો છું, પૂર્ણ છું પૂર્ણ. વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુથી પૂર્ણ છું. વસ્તુથી કાંઈ અપૂર્ણ હોય? પર્યાયમાં અપૂર્ણતા અને પર્યાયમાં વિકાર, એ પર્યાય એક સમયની છે. વસ્તુ પૂર્ણ છે. એક સમયનો પૂર્ણ ભગવાન આખો. શુદ્ધ દ્રવ્યસ્વભાવથી હું ભરિત અવસ્થા, ભરિત અવસ્થ, અવસ્થાથી પૂર્ણ-પૂર્ણ છું. '**રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચોં ઈન્દ્રિયોંકે વિષય વ્યાપાર,...**' એનાથી હું રહિત છું. સમજાય છે? એ રાગથી રહિત, દ્વેષથી રહિત, મોહથી રહિત, ક્રોધ, માન, માયા લોભ પાંચેય ઈન્દ્રિયોના વિષય વ્યાપારથી રહિત છું. આ '**મન, વચન, કાય,...**'ના વેપારથી રહિત છું. મન, વચન અને કાયાથી રહિત છું. આહા..હા..!

'**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ,...**' થી રહિત છું. જડકર્મ દ્રવ્યકર્મ, પુણ્ય-પાપના ભાવ ભાવકર્મ, શરીર, વાણી (નોકર્મથી) રહિત છું. '**ખ્યાતિ પૂજા લાભ, દેખે, સુને ઔર અનુભવે ભોગોંકી વાંછારૂપ નિદાનબંધ,...**'થી રહિત છું. દુનિયામાં પ્રસિદ્ધિ, દુનિયામાં પૂજા, જગતના પદાર્થનો લાભ એ ચીજથી હું રહિત છું. દેખેલી, સાંભલેલી અને અનુભવેલી '**ભોગોંકી વાંછારૂપ નિદાનબંધ,...**' એનાથી રહિત છું. '**માયા મિથ્યા યે તીન શલ્યેં...**' રહિત છું. ત્રણ થયાને? નિદાનબંધ, માયા, મિથ્યાત્વ. ત્રણ શલ્ય. ત્રણ શલ્યથી હું રહિત છું. આહા..હા..! '**ઈત્યાદિ વિભાવ પરિણામોંસે રહિત સબ પ્રપંચોંસે રહિત મૈં હૂં.**' સબ પ્રપંચસે રહિત મૈં હૂં. એમ ભવ્ય જીવોએ સારા પરમાત્મપ્રકાશનું વાંચન, શ્રવણ, મનન કરીને આ વિચાર મનનમાં, ધ્યાનમાં લેવું જોઈએ.

'**તીન લોક, તીન કાલમેં,...**' આ ત્રણ લોક અને ત્રણ કાળ '**મન વચન કાયકર, કૃત કારિત અનુમોદનાકર, શુદ્ધ નિશ્ચયસે મૈં આત્મારામ ઐસા હૂં.**' લ્યો! સમજમેં આયા? ત્રણ લોક અને ત્રણ કાળમાં આમ છું, એમ પાછું. એમ નહિ કે અત્યારે મનુષ્યપણે છું. ત્રણ કાળ, ત્રણ લોકમાં. સમજે? '**મન વચન કાયકર,...**' મારું મન પણ વિચારે તો ત્રણ કાળ, ત્રણ લોકમાં એક હું એકાકાર શુદ્ધ અખંડાનંદ અનુભૂતિમાત્ર છું. વચન નીકળે તો એવો, એમ કહે છે. ઓહો..હો..! એ પ્રરૂપણા અને વાણી નીકળે તો એવી કે હું અખંડાનંદ શુદ્ધ છું. જ્ઞાનાનંદ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પોતાના નિર્વિકલ્પ સમાધિથી ગમ્ય છું. એવી વાણી નીકળવી જોઈએ કહે છે લ્યો. જુઓ, ઉપદેશ હોય તો આવો ઉપદેશ જોઈએ એમ કહે છે. અમરચંદભાઈ! નહિતર ઉપદેશ જૂઠો અને ખોટો ઉપદેશ છે એમ કહે છે. વાણીમાં એ આવવું જોઈએ કે હું ત્રિકાળ શુદ્ધ અને મારા અનુભૂતિના આનંદથી ગમ્ય, આનંદથી ગમ્ય છું. સમજાણું કાંઈ?

'**મન વચન કાયકર,...**' આ કરવું એ કે હું શુદ્ધ આનંદાનુભૂતિથી પ્રગટ થઈ શકું એવો છું એ કરવાનું. કરાવવાનું એ. બીજાને કરાવાનું ઈ. પુણ્ય કરાવવાનો, વ્યવહાર કરાવવાનો એ અહીં વાત નથી. કહો, સમજાય છે? પૂર્ણાનંદથી ભરેલો ભગવાન, એ મારા નિર્વિકલ્પ શાંતિ અને નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી જ હું જણાય એવો છું એમ બીજાને કરાવવું. કરવું તો એ, કરાવવું તો એ અને કરતા હોય તો, આવું કરતા હોય તો સંમત થાવું. આહા..હા..! કોઈ પુણ્ય કરતા હોય, વ્યવહાર કરતા હોય તો સંમત થાવું એમ નહિ. એમ એનો અર્થ થયો. શેઠી! ક્યા કરના? આ બધો વ્યવહાર લોપ થઈ જાય છે.

મુમુક્ષુ :- એની પ્રભાવના...

ઉત્તર :- એ પ્રભાવના... નિશ્ચય પ્રભાવના આત્માના સ્વભાવની શુદ્ધતા અંતરમાં એકાગ્ર થઈને પ્રગટ કરવી તે પ્રભાવના. બહારની પ્રભાવના શુભરાગ હો, પણ એનાથી હું ગમ્ય છું

અને એનાથી મારો સ્પર્શ થઈ શકે કે એનાથી મારા આત્માને શાંતિની પ્રાપ્તિ થાય અને વૃદ્ધિ થાય એમ નથી. આહા..હા..! જુઓ આ યોગીન્દ્રદેવ. ટીકાકારની પ્રશસ્તિ નહીં? ટીકાકાર બ્રહ્મદેવની પ્રશસ્તિ છે લ્યો! ટીકાકારનું આ લખાણ છે.

'**શુદ્ધ નિશ્ચયસે મૈં આત્મારામ ઐસા હૂં.**' આ અમારા કુંવરજીભાઈ માંદા પડ્યા હતા પાંચ-સાત વર્ષ પહેલા. કહે, હું હવે મરી જવાનો છું માટે મને મોકલજો. પછી આ લખીને મોકલ્યું હતું. પછી જીવતા રહી ગયા. પછી આ ફેરે હમણા મરી ગયા ઓણ. પોષ સુદ તેરશ. પણ એને ક્યાં આ વાંચવાનો વખત? મગજ જ ક્યાં? માલ માનીને વિકલ્પની જાળુંથી મમતામાં ગુંચાઈ ગયેલો હોય એને આ શું કહે છે એ સમજાય નહિ હજી તો. શું કહે છે પણ આ? આ શું મોટી-મોટી વાતું કરે છે એવું લાગે. ભાઈ! એ તારો પદાર્થ બાપા! એ ભગવાન બિરાજમાન છે. આ બધા ધૂળ અને ધમાલ પર છે. તારી સાથે એને કાંઈ સંબંધ નથી. આહા..હા..! આ પુણ્ય-પાપના વિકલ્પના રાગ ઉઠે એ તારી સાથે કાંઈ જરીએ સંબંધ નથી. જરીએ સંબંધ નથી, હવે મૂકને પડતી. આહા..હા..!

ધર્માત્મા ભવ્યજીવ, જુઓ ભવ્યજીવ લીધું હતુંને? '**ભવ્યજીવોંકો ઐસા વિચાર કરના ચાહિયે,...**' સમજાણું કાંઈ? '**ज्ञात्वा किं कर्तव्यं भव्यजनैः।**' એમ હતુંને એમાં? સંસ્કૃત શબ્દમાં જ છે હોં. '**किं कर्तव्यं भव्यजनैः।**' ભવ્ય નામ લાયક જીવોએ શું કરવું? એમ પાઠ હતો અંદર પહેલી લીટીમાં. ભવ્ય નામ લાયક જીવોએ આ કરવાનું છે. લાખ વાતની વાત, આ નિશ્ચય એક ઉર આણો. છ ઢાળામેં આતા હૈ ન? છ ઢાળામાં આવે છે. નિશ્ચય ઉર આણો.

મુમુક્ષુ :- છોડી જગત દ્વંદ ફંદ...

ઉત્તર :- આ આત્મા આ કહ્યો એ સારા બાર અંગ, ચૌદ પૂર્વ ભગવાનની દિવ્યધ્વનિનો સાર આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તું મન પણ નહિ, વાણી નહિ, દેહ નહિ. મનથી કરવું, કરાવવાના વિકલ્પો નહિ. હોય તો મનથી એ વિચારમાં લાવવું કે આવો આત્મા તે મારે કરવા જેવો, બીજા પાસે કરાવવા અને કરતાને સંમત થવા જેવો છે. વાણીથી એ અને કાયાની ચેષ્ટાથી પણ એ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિર્વિકલ્પ નામ રાગરહિત સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ એનું જ ધ્યાન કરીને, વિચાર કરીને, મનન કરીને એને ગમ્ય આત્માને કરવો, એ જ કોઈ કરતા હોય તો એને સંમત થયું. બહુ સારું કર્યું ભાઈ! એ જ કરાવવાનું છે ઉપદેશ દઈને અને એ જ કરવાનું છે પોતાને. કહો, સમજાય છે કાંઈ? આ તો સમજાય એવું છે, કાંઈ બહુ એવી ભાષા નથી. ગુજરાતી થોડું ધ્યાન રાખે તો સમજાય એવું છે. ત્રણ લોક, ત્રણ કાળ. '**મન વચન કાયકર, કૃત**

**કારિત અનુમોદનાકર,...'** આ એક જ ચીજ છે. '**શુદ્ધ નિશ્ચયસે મૈં આત્મારામ ઐસા હૂં.**' એ શુદ્ધ અંતરદષ્ટિના વિષયથી જોઈએ તો '**મૈં આત્મારામ ઐસા હૂં.**' ઐસા હૂં ત્રણે કાળ હૂં, ત્રણ લોકમાં હૂં, ત્રણે કાળે આ ચીજ મૈં હૂં. કહો, સમજાય છે કાંઈ? '**તથા સભી જીવ ઐસે હૈં.**' લ્યો, બધા અનંત જીવો એવા છે. પાછો એક જીવ કોઈ માનતો હોય તો એમ નહિ એમ. એક જીવ નથી, અનંત જીવ છે. અનંત બધા જીવો ત્રણ કાળ, ત્રણ લોકમાં શુદ્ધ સંવેદનજ્ઞાનથી પ્રાપ્ત થવા યોગ્ય એવો આત્મા છે. એવા બધા આત્માઓ છે. બધા આત્માઓ-નિગોદનો આત્મા હો, અભવિનો આત્મા હો કે બધા ભવિના આત્મા હો. બધાય આ રીતે પૂર્ણાનંદ શુદ્ધ સહજાનંદ નિજાનંદ પરમાત્મા પોતાનું સ્વરૂપ એ અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી આનંદાનુભૂતિથી ગમ્ય છે. ભલે અભવિ ન કરે, પણ ગમ્ય તો આ રીતે હોય તો થાય, નહિતર થાય નહિ. સમજાણું કાંઈ? '**ઐસી સદૈવ ભાવના કરની ચાહિયે.**' જુઓ, એક તો એ લીધું કે હું આવો. પછી સભી જીવ એવા. બે વાત. આ '**સદૈવ ભાવના કરની ચાહિયે.**' પાછો બધોય કાળ. સમજાણું કાંઈ?

'**અબ ટીકાકારકે અંતકે શ્લોકકા અર્થ કહતે હૈં—**' ટીકાકારનો (શ્લોક). '**યુધિષ્ઠિર રાજાકો આદિ લેકર પાંચ ભાઈ પાંડવ ઔર રામચંદ્ર તથા અન્ય ભી વિવેકી રાજા હૈં, ઉનસે અત્યંત ભક્તિકર યહ જિનશાસન પૂજનીક હૈ,...**' શું કહે છે? આ જૈનશાસન કોઈ સાધારણ રાંકા ભિખારી માને એવું નથી. જૈનશાસન. ભગવાન આત્મા વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ એનું આરાધન કરવું એ શાસન. એવું જૈનશાસન યુધિષ્ઠિર આદિ પાંચ પાંડવોથી પૂજનીક છે. મોટા યોદ્ધા. લાખો-કરોડો માણસને આમ હલાવી નાખે પોકારથી. સમજાય છે? એવા રાજા, મહારાજાથી પણ પૂજનીક જૈનશાસન છે. આત્માનો સ્વભાવ અને તેની દષ્ટિ અને જ્ઞાન, સ્થિરતા એ જૈનશાસન. એવું જૈનશાસન વસ્તુ સ્વરૂપ. માણસ એમ કહે છે કે આપણે જિન... જિન... જિન... બીજા... એમ નહિ, આ તો વસ્તુ જ એવી છે. વળી જૈન અને અન્ય બીજું છે જ નહિ. જૈન એટલે આ વસ્તુનું સ્વરૂપ. જેવું સ્વરૂપ છે તેનું આરાધન એનું નામ જૈનશાસન. જૈનશાસન ક્યાંય બહાર રહેતું નથી. સમજાય છે કાંઈ? અરે! તમારે તો વિશાળતા ન રહી, વળી એમ કેટલાક કહે. પણ વિશાળતા તો વસ્તુ હોય એમ રહે કે વસ્તુ ન હોય એમ રહે? આહા..હા..!

'**યુધિષ્ઠિર રાજાકો આદિ લેકર પાંચ ભાઈ પાંડવ ઔર રામચંદ્ર તથા અન્ય ભી વિવેકી રાજા હૈં,...**' મહારાજા. ભરત ચક્રવર્તી આદિ મોટા-મોટા રાજાઓ. સમજાણું? '**ઉનસે અત્યંત ભક્તિકર...**' પાછી હોં! અત્યંત ભક્તિકર. ઈન્દ્રો, મહારાજા, રાજાઓ, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો, એ મહામુનિના વીતરાગભાવને મહાપૂજનીક જાણે છે. જૈનશાસન એ

વીતરાગની પર્યાય આત્મામાં રહે છે. એને એ પૂજનીક માને છે. '**पस्सदि जिणसासणं सव्वं**'. ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, સામાન્ય—વિશેષરહિત એકરૂપ નિશ્ચય (દેખે) એણે જૈનશાસનને દેખ્યું. એ જૈનશાસનને મહારાજા પાંડવો જેવાઓ, રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષો પણ જે દુનિયામાં પ્રસિદ્ધ છે, વિવેકી ભરત ચક્રવર્તી આદિ રાજાઓ '**અન્ય ભી વિવેકી રાજા હૈં, ઉનસે અત્યંત ભક્તિકર યહ જિનશાસન પૂજનીક હૈ,...**' આ કોઈ વાડો નથી, સંપ્રદાય નથી, વસ્તુ ઐસી હૈ, વસ્તુ એવી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેટલાક કહે, નહિ. જિન નહિ, જિન નહિ. તો જિન નહિ એટલે વીતરાગભાવ નહિ. વીતરાગભાવ એટલે આત્મા અને પર્યાય વીતરાગભાવ એ ધર્મ મોક્ષમાર્ગ. એ તો વસ્તુનું સ્વરૂપ છે.

'**જિસકો સુર નાગ ભી પૂજતે હૈં,...**' દેવ અને નીચે અસુર આદિ. '**ઐસા શ્રીજિનભાષિત શાસન સૈંકડોં સુખોંકે વૃદ્ધિકો પ્રાપ્ત હોવે.**' ઓહો..હો..! લ્યો આ આશીર્વાદ. આવું જે જૈનશાસન સૈંકડો સુખો આનંદની વૃદ્ધિ આનંદ... આનંદ... આનંદ... '**વૃદ્ધિકો પ્રાપ્ત હોવે. યહ પરમાત્મપ્રકાશ ગ્રંથકા વ્યાખ્યાન પ્રભાકરભટ્ટકે સંબોધનકે લિયે શ્રીયોગીન્દ્રદેવને કિયા, ઉપર શ્રીબ્રહ્મદેવને સંસ્કૃત ટીકા કી. શ્રી યોગીન્દ્રદેવને પ્રભાકરભટ્ટકો સમજાનેકે લિયે તીનસૌ પૈંતાલીસ દોહે રચે,...**' લ્યો. સમજે? '**ઉસપર બ્રહ્મદેવને સંસ્કૃતટીકા પાંચ હજાર ચાર ૫૦૦૪ પ્રમાણ કી. ઔર ઉસ પર દૌલતરામને ભાષાવચનિકાકે શ્લોક અડસઠિસૌ નબ્બૈ ૬૮૯૦ સંખ્યાપ્રમાણ બનાયે.**' એ ભાષા કરી.

'**ઈસ પ્રકાર શ્રી યોગીન્દ્રાચાર્યવિરચિત પરમાત્મપ્રકાશકી પં. દૌલતરામકૃત ભાષાટીકા સમાપ્ત હુઈ.**' લ્યો! જુઓ, આ સાર કેટલો સાર મૂક્યો છે! ઓહો..હો..! વારંવાર-વારંવાર આ માળા ગણવી એમ કહે છે. સમજાય છે કાંઈ? પૂર્ણાનંદ... પૂર્ણાનંદ... સ્વસંવેદનથી ગમ્ય બસ. દૂસરી કોઈ ચીજ હૈ નહીં. દૂસરી કોઈ મેરેમેં હૈ નહીં, પરસે મૈં ઉદાસ, સ્વસે મૈં પૂર્ણ પ્રતીતમેં આને લાયક ગમ્ય હૂં. એવી વારંવાર ભવ્ય જીવોએ ભાવના કરવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com